Smt. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No 7 AE
74
J6-5
G-24748

શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીનવાલો ઈનામનો રેસાલો.

LIBRARY
THE M. S. UNIVERSITY OF BA

# જ્ઞાનચક્ર

યાને

# ગુજરાતી સાઈકલોપીડિયા.

## પુસ્તક, ૫-મું

ધા—ચ—છ—જ અને ઝ.

રચનાર

**રેતનજી ફરામજી શેઠના**

(સંજ્ઞા દર્શક કોશ; કાચકામ; ફોટોગ્રાફી; એશિયાની સદગુણી બાનુઓ; ચાઇનીજ ટેલ્સ; હકદારનો હક; જમારાપી; સુંદર હેલન; ગુલ ખુશરો; ખુશરો શિરીન; લૉનટેનિસ; બિઝીક; રંગમાં ભંગ વગેરેનો કર્તા.)

આ પાંચમાં ગ્રંથ સંબંધી સર્વે હક રચનારે સ્વાધિન રાખ્યાં છે.

મુંબઈ:
ધી જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઑરફનેજ
કૅપતન પ્રિંટીંગ વર્કસ,
લાલબાગ-પરેલ.

કિંમત રૂ. ૩—૦—૦
(પોસ્ટેજ ૪ આના.)

7AE
74
J61-5

# નીચલા ગ્રંથો તૈયાર છે.

(જાણીતા પુસ્તક પ્રગટ કરનાર તથા વેચનાર પાસથી યા-રચનાર પાસથી મળશે. )

CMug.
PURCHASED
Date 3-8-71
Initial

(રતનજી ફરામજી શેઠના.)—ઠેકાણું મુંબઇ બહારકોટ અબદુલરહિમાન સ્ત્રીત નંબર ૩૪૫)

G. 24748.
Rs 30.200.

| | રૂ. આ. |
|---|---|
| ચાઇનીજ ટેલ્સ—રસીલી વાર્તાનું પુસ્તક. એમાં ૩૩ વાર્તાઓ અરેબિયન નાઇટસની ઢબ ઉપર છે... | ૧—૪ |
| આમાસપી—આ પુરાણ પુસ્તક ચિત્રો, ફાલ નામુ તથા તાવીજો સાથે (આવૃતિ ત્રીજી.) ... | ૧—૯ |
| હકદારનો હક—ચિત્રયૂક્ત વાર્તા ... ... | ૧—૦ |
| એશિઆની સદગુણી બાનુઓ—જાણીતી બાનુઓનાં સચિત્ર વૃત્તાંતો ... | ૧—૮ |
| સંજ્ઞા દર્શક કોશ ... ... ... ... ... | ૧—૦ |
| સુંદર હેલન—મહાન કવિ હોમરની ઇલીયડ આધારે રચેલું પુસ્તક ... ... ... ... | ૦—૬ |
| ગુલ ખુશરો નાટક ... ... ... ... ... | ૦—૪ |
| મેસમેરીઝમ ... ... ... ... ... ... | ૦—૬ |
| ફોટોગ્રાફી—હાલની નવી સુધારેલી રૂઢીએ છબી પાડવાના હૂન્નરનો સ્વતંત્ર ગ્રંથ ... ... | ૦-૧૨ |
| કાચ બનાવવાનો હૂન્નર ઉદ્યોગ—હાલની રૂઢીએ કાચ બનાવવાનો સ્વતંત્ર ગ્રંથ. ઇતિહાસ સાથે ... ... ... ... ... ... | ૦-૧૨ |
| જ્ઞાનચક્રનાં પાંચ દફતરો ... ... ... ... | ૧૫-૦ |
| જુમલે રૂ... | ૨૩-૧૨. |

(દરેક ગ્રંથનું પોસ્ટેજ જુદું.)

MR. HAJEE SULLAIMAN SHAHMAHOMED.



શેઠ હાજી સુલેમાન શાહમહમદ.

CHITROTTEJUCK.P. BOMBAY.

## અર્પણ પત્રિકા.

શેઠ હાજીસુલેમાન શાહમહમદ લોધીયા,

જ્ઞાનપ્રસારક મંડળીના એક લાઇફ મેમ્બર.

દુનિયાંનાં દૂરદરાજ ભાગોમાં મુસાફરીઓ કરવા માટે મશહૂર થયલા એક અડંગ મુસાફર, "મોહમેદન" સ્ત્રી કેળવણીનાં એક કિમતી મદદગાર, ગુજરાતી સાહિત્યના સાચ્ચા કદરદાન, આદિ ઉત્તમ ખુબીઓની કદરશનાશી પ્રત્યે, આ વિદ્યાજ્ઞાનનો ગ્રંથ તમોને સન્માનપૂર્વક અર્પણ કરવાની રજા લઉંછું.

લા૦ સેવક,

રતનજી ફરામજી શેઠના.

# આ ગ્રંથ વિષે "જ્ઞાન પ્રસારક મંડળી" તરફનો ખુલાસો.

"જ્ઞાન પ્રસારક મંડળી" હસ્તક શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીને આ ૪ થા ભાગ માટે રૂ ૪૦૦ નાં ઇનામનો રેસાલો લખાવવા માટે નીચલો પત્ર લખી માગણી કીધી હતી.

બજારગેટ સ્ટ્રીટ, મુંબઇ, તા૦ ૨૯—૯—૧૯૦૧.

**શેઠ નશરવાનજી હીરજીભાઈ પટેલ.**

જ્ઞાન પ્રસારક મંડળીના ઑનરરી સૅક્રેટરી જોગ.

**સાહેબ :—**

જ્ઞાનચક્રના પુસ્તક ૪ થા માટે ચ, છ, જ, અને ઝ નાં મુળાક્ષરો ઉપર ઇનામની હરીફાઇ માટે ધારા મુજબની આગલી શરતો પ્રમાણે મારે નામે જાહેરખબર છપાવશોજી.

લા૦ સેવક,

**બેજનજી અરદેસર કામદીન.**

ઉપલી માગણી મંડળીએ ઉપકાર સાથે સ્વીકારી નીચલી જાહેરખબર ગુજરાતી વર્તમાનપત્રોમાં છપાવી હતી :—

## જ્ઞાન પ્રસારક મંડળી.

**શેઠ બેજનજી અરદેસર દસ્તુર કામદીન તરફનો રૂ ૪૦૦ નાં ઈનામનો રેસાલો.**

**જ્ઞાનચક્ર ભાગ ૪ થો**

નીચલી શરતે લખી માગવામાં આવેછે:—

૧—બારાખડીના ચાર વ્યંજન ચ, છ, જ અને ઝ વાળા શબ્દો અનુક્રમે ઇંગ્રેજી સાઈકલોપીડિયાને ધોરણે ઉતારી લઇ તે વિષેનું જ્ઞાન આપવું, પણ જરતોસ્તી ધર્મ અને ઇતિહાસ તથા દેશી હુન્નરવાળા વિષયો ઉપર વિશેષ ધ્યાન આપવું.

૨—બનતાં સુધી બાબતોની ઘણી લંબાણ વિગત આપવા કરતાં તેની વધુ સંખ્યા પર ધ્યાન આપવું.

૩—એ ૪ થો ભાગ તા૦ ૩૦ મી જુન ૧૯૦૨ સુધીમાં નીચે સહી કરનાર ઉપર મોકલવો. લખનારે પોતાનું નામ એક પરબિડામાં બંધ કરી તે ઉપર પોતાનો તખલ્લુસ (Motto) લખવો, અને જે તખલ્લુસવાળો રેસાલો તપાસનારને લાયક જણાશે તેનેજ લગતું પરબિંડુ ઉખેડીને ઇનામ આપવામાં આવશે.

૪—ઇનામ મેલવનાર ધણીએ પોતાને હિસાબે તથા ખર્ચે એ ભાગ છપાવી બાહેર પાડવો.

મુંબઈ, તા૦ ૧૦ મી અકટોબર ૧૯૦૧.

**નશરવાનજી હીરજીભાઈ પટેલ.**

ઑનરરી સૅક્રેટરી.

( છોટાની બિલ્ડિંગ્સ, ગ્રાંટ રોડ. )

ઉપલી ઠરાવેલી મુદત સુધીમાં કારોબાર મંડળીને મ્હોટા કદનાં એક દફતરમાં રેસાલો મળયો હતો. એ રેસાલો તપાસી તે સંબંધી રિપૉર્ટ કરવાનું કામ ધી ઑનરેબલ ખાનબહાદુર દારાશાહ રતનજી ચીચગર, ખાનબહાદુર બહમનજી બેહેરામજી પટેલ, એર્વદ શેહરિયારજી દાદાભાઈ ભરૂચા અને શેઠ રૂસ્તમ પેસ્તનજી મસાની, એમ. એ. ને સોંપવામાં આવ્યું હતું. તે મુજબ એ ચારે કાબેલ ગ્રહસ્થોએ રેસાલો તપાસી, તે વિષે નીચે પ્રમાણે પોતાનો રિપૉર્ટ લખી મોકલ્યો હતો.



મુંબાઇ, તા૦ ૧૪ મી ઑગસ્ટ ૧૯૦૩.

**શેઠજી સાહેબ,**

**શેઠ નશરવાનજી હીરજીભાઈ પટેલ તે**

જ્ઞાન પ્રસારક મંડળીના ઑનરરી સૅક્રેટરી જોગ.

**સાહેબ,**

ગુજરાતી સાઇકલોપીડિયા ભાગ ચોથા માટે "સત્ય મેહેનત પામે જશ.—ખંત ધરે તો અંતે યશ." વાળા તખલ્લુસ સાથે લખાઇ આવેલો જે રેસાલો જ્ઞાન પ્રસારક મંડળીની કારોબાર મંડળીએ અમો ઉપર તપાસી રિપૉર્ટ કરવા મોકલી આપ્યોછે તેના સંબંધમાં જણાવવાની રજા લિયે છિયે કે એ રસાલો આગલા ભાગો જેટલોજ ફત્તેહમંદ રીતે લખવામાં આવ્યોછે અને તેને ઇનામને લાયક ઠરાવવામાં અમો સઘળા પરીક્ષકો એકમત છિયે. રેસાલાના દફતર તેમજ કદ ઉપરથી અમને લાગેછે કે તે આગલાજ ફત્તેહમંદ લેખક તરફથી લખવામાં આવ્યોછે. માટે તેઓને અમારી મુલાકાતે મોકલશો તો કેટલીક બાબદના સંબંધમાં જે કાંઇ સુચનાઓ કરવાની છે તે જણાવીશું.

જોકે અમો એ રેસાલાને ઈનામને લાયક ઠરાવ્યે છિયે તોપણ અમોએ એવા રેસાલાઓ વિષે અમારા તા૦ ૧૮ મી માર્ચ ૧૯૦૦ ના એક આગલા રિપૉર્ટમાં ઉમેર્યું હતું એમ એકવાર ફરીથી જણાવ્યા વિના ચાલતું નથી કે "એ કિસમની કેતાબો કોઈપણ એકજ મગજથી અને એકલે હાથે લખાવવી એ અશક્ય જેવું છે, અને એવાં પુસ્તકમાં સમાવવામાં આવતી છૂટી છૂટી બાબદોને તેમના ખાસ અભ્યાસીઓથી જેવો ઈનસાફ મળે તેવો એક માણસથી આપી શકાય નહિ." છતાં જ્યારે એકજ હાથે એ પુસ્તકના ભાગો લખાવવાનું કામ કરાવવામાં આવ્યુંછે ત્યારે તે એક સારી ન્હાની શરૂઆત કરેલી લેખાશે, કારણ અમોએ ઉપર વર્ણવેલા નિયમે ગુજરાતી સાઇકલોપીડિયા લખવાનાં કામમાં હાલમાં લખાતા રેસાલાઓ ઠીક મદદગાર થઇ પડશે એમાં સંદેહ નથી.

વળી અમને એકવાર ફરીથી જણાવવાની ફરજ પડેછે કે અમારી કમિટિનાં મત મુજબ, આ જ્ઞાનચક્રનાં પુસ્તકમાં હયાત શખસોની જીંદગીનાં વૃતાંત આપવાનું કામ અવલથીજ હાથ ધરવામાં નહિ આવ્યું હતે તો ઘણું બેહેતર થતે; પણ તેમ થયું નથી, અને પેહેલા ભાગમાં એવાં જન્મચરિત્રો દાખલ કરવામાં આવ્યાં તેથી બીજામાં અને પેહેલા બે ભાગમાં આવ્યાં, તેથી ત્રીજામાં એવાં જન્મચરિત્રો રહેવા દેવામાં આવ્યાંછે. તોપણ આ ચોથો ભાગ તપાસતી વખતે વળી અમો સનમુખ આ જુનો સવાલ ખડો ઉભો છે. અમારો છેલ્લો તા૦ ૧૫ મી માર્ચ ૧૯૦૨ નો રિપૉર્ટ કરતી વખતે અમને લાગ્યું હતું, કે એકવાર ભૂલભરેલું ધોરણ દાખલ થવા પામ્યું એટલે પાછલા ભાગમાં બીજાં ધોરણે કામ લેવું કદાપી વાસ્તવીક થઇ ન પડે માટે ઘટતી સંભાળ સાથે હયાત આસામીઓનાં જન્મચરિત્રો રેહેવા દેવાં, પણ જેમ કામ આગળ વધતું જાયછે તેમ મજકુર ધોરણને લીધે ઉભી થતી મુશકેલી વધતી જાયછે અને અમને લાગેછે કે એકવાર એક ભૂલ થઇ તેને વળગી રહેવાને બદલે હજીબી જન્મચરિત્રો દાખલ કરવાનું ધોરણ બદલવું જોઇયે એટલામાટે અમારૂં આધીન મત એ છે કે આ ચોથા તથા હવે પછીના ભાગોમાં હયાત શખસોના જન્મચરિત્રો આપવાં નહિ, મગર આગળ ઓછી જરૂરના જન્મચરિત્રો આવી

ગયાં અને હવે વધુ અગંત્યનાં જન્મચરિત્રો આવી શકશે નહિ, તેથી કદાપી ઇન્સાફ ગેરઈન્સાફના સવાલો ઉભા થશે, જેનો ફેસલો કરવાનું અમો તમારી કારોબાર મંડળીની મુનસફી ઉપર સોંપ્યે છિયે.

પરીક્ષકો તરીકે અમો રિપૉર્ટ કરિયે છિયે ત્યારે અમારે જણાવવું જોઇયે કે જે જાતનું પુસ્તક અમને તપાસવાને સોંપવામાં આવ્યુંછે તે બારીકીથી તપાસવાનું મહાલ છે. દરેક બાબતમાં દર્શાવેલી વિગતો સત્તાવાર પુસ્તકો પાસે રાખીને તપાસી જોવી અને સર્વ નામો તથા તારીખે તારીખ વગેરે બરાબર છે કે નહિ તે સિદ્ધ કરતા જવાનું કામ એટલું બિકટ થઇ પડે કે અમોએ તો અમારી તપાસ માત્ર ઉપર ટપકેની રાખીછે. અને પુસ્તકના સામાન્ય ધોરણ, બાબતોની ચુંટણી અને ઘણી ઉપયોગી બાબતોની તકરારને લગતા નાજુક વિષયોની વિગતવાર તપાસ ઉપરજ ખાસ ધ્યાન આપ્યુંછે. એટલામાટે અમને લાગેછે કે જન્મચરિત્રો દાખલ કરવા બાબેતું ધોરણ નક્કી કર્યા બાદ, બીજા ભાગો માટેના રેસાલાઓ જો હાલનાજ લેખક તરફથી અને હાલનાજ ધોરણે લખાઇ આવે તો તે પરીક્ષકો ઉપર મોકલી આપ્યાવિના પસાર કરવામાં ખોટું થશે નહિ.

લા૦ સેવકો,

**દારાશાહ રતનજી ચીચગર,**

**શેહેરીઆરજી દાદાભાઈ ભરૂચા,**

**બહુમનજી બેહરામજી પટેલ,**

**રૂસ્તમ પેસ્તનજી મસાની.**

ઉપલા રિપૉર્ટ પ્રમાણે "સત્ય મેહેનત પામે જશ,—ખંત ધરે તો અંતે યશ" એ તખલ્લુસનાં પરબિડાં સાથનો રેસાલો ઇનામને તથા છપાવવાને લાયકનો હોાથી કારોબાર મંડળીએ તા૦ ૫ મી અકટોબર ૧૯૦૩ ને દિને મળેલી પોતાની સભામાં આ રેસાલા સાથે આવેલું ઉપલા તખલ્લુસવાળું પડબિડું ઉખેડવાથી તેના લખનાર તરીકે મી૦ રતનજી ફરામજી શેઠનાનું નામ જાહેર થયું હતું.

વળી, ઉપલા રિપૉર્ટ મધે, પરીક્ષકોએ જે બાબતનો ફેંસલો કરવાનું "કારોબાર મંડળી"ની મુનસફી ઉપર સોંપ્યું હતું તેના સંબંધમાં કારોબાર મંડળીએ પોતાની બે સભામાં વિચાર ચલાવ્યા બાદ છેવટે એવો ઠરાવ કીધો કે હયાત ધણીનાં જન્મચરિત્રની બાબત પ્રગટ કરવા પેહેલાં મંડળીના સરનશીન તથા મુનશીને દેખાડવી અને તેમની સૂચના મુજબ અમલ કરવો.

ઉપલી વિગતો ઉપરથી જોવામાં આવશે કે આ મંડળીના એક લાઇફ-મેમ્બર શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીનની ઉદારતાથી ગુજરાતી ભાષામાં વિદ્યાજ્ઞાનનો આ ઉપયોગી ગ્રંથ રચાઇ શકાયોછે. અને તે છપાવી બાહેર પાડવામાં આ મંડળીના એક બીજા લાઇફ-મેમ્બર શેઠ હાજી સુલેમાન શાહમહમદની કિમતી મદદ મળીછે, જે માટે એ બન્ને ગ્રહસ્થોનો મંડળી આ પ્રસંગે ઉપકાર માનેછે.

મરહુમ શેઠ અરદેશર સોહરાબજી દસ્તુર કામદીન ગુજરાતી સાહિત્ય ખીલવવા માટે જેમ પોતાનો સખી દિલગુરદો વાપરતા હતા, તેમ પોતાના ભલા પિતાને શુભ પગલે ચાલી શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીન પણ વિદ્યાજ્ઞાનના કામોમાં પોતાનો હિસ્સો આપતા રહેછે અને તેમ કરીને એવણ પોતાના બેહેસ્તનશીન પિતાજીનાં ફરોહરને યાદ કરી તેમનાં શુભ કામની નકલ ચાલુ રાખી, તેમનાં ફરોહરને ખુશહાલ કરેછે એ એમને ઘણું શોભાભર્યું છે.

આ ગ્રંથની છપામણીમાં મદદ તરીકે રૂ ૪૦૦) ઇનામ જીતનારને મંડળી મારફતે આપવાની માગણી કરનારો નીચલો પત્ર જાણીતા મુસાફર શેઠ હાજી સુલેમાન શાહમહમદ તરફથી મળ્યો હતો.



From—"મેમણ હાજી સુલેમાન શાહમહમદ
કેપટૉનવાલા,
c/o અનજુમને ઇસલામ હાઇસ્કુલ બોરીબંદર."
મુંબઇ, તા૦ ૧૪ મે, ૧૯૦૩ ગુરૂવાર.

**મેહેરબાન શેઠ નશરવાનજી હીરજીભાઈ પટેલ,**
ઑનરરી સેક્રેટરી "જ્ઞાન પ્રસારક મંડળી"—મુંબઈ.

મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધિયા કેપટૉનવાલાની સલાંમ સાથે વિન્નતી કે—

તમારી મંડળીની તપાસતળે પ્રગટ થતાં "**જ્ઞાનચક્ર**" યાને ગુજરાતી "સાઇકલોપીડિયા" ની ગ્રંથમાળાની યોગ્યતા અને આવા એક "વિદ્યાજ્ઞાન" ના ગ્રંથને કાંઇપણ મારી તરફથી યોગ્ય મદદ થઇ શકે એવા ઇરાદાથી તમારી મંડળીની તપાસ તળે હાલમાં આ ગ્રંથમાળાનો ભાગ ૪ થો (પુસ્તક પાંચમું) જેમાં "ચ, છ, જ, ઝ," મૂળાક્ષર ઉપરના વિષયો છે તે ગ્રંથને પ્રગટ કરવા માટે ઇનામ જીતનારને "તમારી મંડળીના આગલા નીયમ મુજબ" મદદ તરીકે રૂ ૪૦૦ સોંપુંછું તે સ્વિકારશોજી. કૃપાકરી મારી અરજ રચનારને જણાવશો કે, આ ગ્રંથમાં **ઇસલામી વિષયો** એટલે મોહમેદન તવારીખ, સંસાર અને રીતી રેવાજો સંબંધી બાબતો વધારે દાખલ કરવાની મેહેરબાની કરે, એજ અરજ.

લા૦ દુવાગીર સેવક તમારો

**હાજી સુલેમાન શાહમહમદ**

ઉપલો પત્ર તથા તે પછીના પત્રો તેમના જવાબો સહિત મુનશીએ કારોબાર મંડળીની તા૦ ૫ મી અકટોબર ૧૯૦૩ ને દિને મળેલી સભામાં રજુ કર્યા હતા અને તે સંબંધી જે ઠરાવ એ સભામાં થયો હતો તે નીચે મુજબ લખી જણાવ્યામાં આવ્યો હતો:—

**"જ્ઞાન પ્રસારક મંડળી"**
(છોટાની બિલ્ડિંગસ—ગ્રાંટ રોડ)
મુંબઇ, તા૦ ૬ ઠી અકટોબર ૧૯૦૩.

**શેઠ હાજી સુલેમાન શાહમહમદ.**

પ્યારા સાહેબ,

તા૦ ૧૪ મી મે ૧૯૦૩ નો તમારો પત્ર જે સાથે રૂપીયા ચારસો તમે મોકલી આપ્યા હતા, તે તેમજ ત્યાર પછીના તમારા બીજા પત્રો તેમના જવાબો સહિત ગઇ કાલે મળેલી "કારોબાર મંડળી" ની સભામાં રજુ કરવામાં આવ્યા હતા, અને તમે મોકલેલા રૂપિયા ચારસો **જ્ઞાનચક્ર—ભાગ ૪ થો** એ બાબતમાં શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીનવાળું રૂપિયા ચારસોનું ઇનામ જીતનારને ઇનામનો રેસાલો છપાવવાના ખર્ચમાં મદદ તરીકે આપવાની તમે કીધેલી માગણી "કારોબાર મંડળી"એ ઉપકારસહિત સ્વીકારીછે.

લા૦ સેવક,

**નશરવાનજી હીરજીભાઈ પટેલ.**

**ઑનરરી સેક્રેટરી.**

શેઠ બેજનજી કામદીને આપવા કબુલેલા ઇનામના રૂપિયા ચારસો તેમજ શેઠ હાજી સુલેમાન શાહમહમદે છપાવવાની મદદમાં આપેલા રૂ. ૪૦૦) ઇનામ જીતનારને આપવામાં આવશે.

મુંબઇ, તા૦ ૧૬ મી મે ૧૯૦૬ }.

**સરનશીન.**

**બ૦ રૂ૦ કામા.**

# પ્રસ્તાવના.

"જ્ઞાનચક્ર" ની ગ્રંથમાળાનાં એક પછી એક કરી ચાર પુસ્તકો નિયમિત પ્રગટ કર્યા પછી હાલમાં આ પાંચમું પુસ્તક અભ્યાસી વાંચક-વર્ગ સનમુખ ધરતાં મને એટલીજ ખુશહાલી ઉપજેછે કે આ ગ્રંથમાળા લગભગ અડધી અડધ પુરી કરવામાં હું ચોક્કસ દરજ્જે ફત્તેહમંદ થયોછું.

આ ગ્રંથમાળા ઇનામની હરીફાઇથી લખાવવાની પેહેલ શેઠ અરદેશર સોહરાબજી કસ્તુર કામદીનજીએ કાઢી, તે કામ તેમના બેટા શેઠ બેજનજી અરદેશર કામદીનજીએ ચાલુ રખાવી, જે ઉદારતાથી આ વિદ્યાજ્ઞાનની ગ્રંથમાળાને પ્રગટ કરાવવામાં મુખ્ય મદદ આપીછે, તે એમને ગુજરાતી સાહિત્યની એક ઉમદા ગ્રંથમાળાના મુરબ્બી તરીકે લાંબો કાળ સુધી કીર્તિવંત બનાવશે. આવી એક દલદાર ગ્રંથમાળા આપણાં ગુજરાતી સાહિત્યની હાલની ગરીબ હાલત મુજબ પ્રજા-આશ્રયથી પ્રગટ થવી આજના જમાનામાં તો મુશકેલ છે અને તેથી એવા સમયમાં શેઠ બેજનજીની ઉદાર મદદ આ ગ્રંથમાળાને નિયામત લખાવવા માટે એક અમૂલ્ય નવાજસ ગણાય.

આ ગ્રંથમાળા લખાવ્યા પછી તેને વધુ આશ્રયથી નવાજવાની ગોઠવણ બેહેસ્તનશીન શેઠ અરદેશરજીએ કરી, પ્રથમ મરહુમ શેઠ નશરવાનજી નવરોજી વાહાડીયા સી. આઇ. ઇ. ને એના એક મદદગાર તરીકે ખડા કર્યા હતા, અને તે સાહેબની મદદથી આ ગ્રંથમાળાનાં બે ગ્રંથ પ્રગટ કર્યા પછી, ત્રીજા તથા ચોથા પુસ્તકને શેઠ મનચેરશાહ નશરવાનજી રૂસ્તમ-ફરામનાએ પણ આગલેજ ધોરણે મદદ કરી હતી.

* ઉપલા સાહેબોએ જ્ઞાનચક્રનાં આગલાં દફતરોને ખાસ છપામણી માટેની મદદ તરીકે આશ્રય આપ્યા પછી, હાલમાં આ પાંચમાં પુસ્તકને દુનિયાંના દૂરદરાજ ભાગોમાં મુસાફરી કરી પોતાના અંગત અનુભવથી "પૃથ્વીની પ્રદક્ષિણા" નામે મુસાફરીનો ગ્રંથ રચી જાણીતા થયલા મુસાફર શેઠ હાજી સુલેમાન શાહમહમદ લોધીયાએ આ ગ્રંથનું ઉપયોગીપણું સ્વીકારી, ગુજરાતી સાહિત્ય તરફની પોતાની ફીદાગીરીને અનુસરીને, ઉદાર મદદ, હમેશનાં ચાલુ નિયમ મુજબ કરવાથી, આ પ્રસંગે હું એમનો પણ આભાર માનુંછું. શેઠ હાજી સુલેમાન શાહમહમદે આ ગ્રંથમાળાના આગલા ધોરણેજ બનતાં સુધી મોહમેદન તવારીખ, સંસાર અને રીતિ રિવાજ સંબંધી બાબતો દાખલ કરવાની ખાએસ બતાવ્યાથી તેમની ઇચ્છાને અનુસરી, મારી અદના કોશીસથી, આ ગ્રંથમાળાનાં જે ધોરણથી જૂદી જૂદી પ્રજા તથા જૂદા જૂદા ધર્મો સંબંધી વિષયો જોડે ઇસલામી વિષયો પણ તેમાં અપક્ષપાતપણે દાખલ કરવાની સંભાળ લેવામાં આવેછે, તેજ ધોરણ મુજબ, મેં મારી ચાલુ રૂઢીથીજ, આ ગ્રંથ પણ રચવાની સંભાળ લીધી છે.

ર. ફ. શેઠના.

રતનજી ફરામજી શેઠના કૃત.

# જ્ઞાનચક્ર

યાને

# ગુજરાતી સાઈક્લોપીડિયા.

## પુસ્તક ૫ મું.

## ઘાસ.

**સ ચીનાઇ**—એના ઝાડની છાલમાંથી તંતુઓ કાઢી તેનું સૂતર કાંતી કપડાં બનાવવામાં આવેછે. આસામ, પૂર્વ અને ઉત્તર બંગાલ, શાહરણપૂર તથા કલકત્તાનાં બગીચાઓમાં એની ખેતી થાયછે. મુંબઈ ઇલાકામાં એ ઉગી શકશે કે નહિ તેનાં અખ્તરા કરવા ખાનદેશ અને કોકણમાંના દાપોલી ગામમાં એની ખેતી કરી જોવામાં આવી હતી, પણ ત્યાંની હવા તેને માફક સર જણાઇ નહિ. નેટલ, મૉરિશીઅસ, આલજીર્યા, કૉરસીકાનાં ટાપુ, દક્ષિણ ફ્રાન્સ, ચાનલનાં ટાપુ અને ગ્રેટન વગેરે ઠેકાણે એની ખેતી કરવામાં આવેછે.

એના ઝાડ ઘણાં કઠણ હોયછે અને તે કોઇપણ જાતની જમીનમાં ઉગી શકેછે, તોય સારા રસાળ અને જયાં છાયા ભરપૂર હોયછે ત્યાં આ ઝાડ ઘણું જલદી ઉગેછે. આ ઝડનાં મૂળીયાં ૧૨ થી ૧૪ ઇંચ ઉંડાણમાં જતાં હોવાથી નીચેની મટોડી નરમ હોવી જોઇએ.

ઝાડ જલ્દી વધી મજબુતીથી કાપી શકાય તથા ઘણા તંતૂઓ નિકળે એવી હવામાં આ વનસ્પતિની રોપણી કરવી પડેછે. જે ઠેકાણે ઘણો વર્સાદ પડેછે અને વાતાવરણ જાડું રહેછે તેવે ઠેકાણે એ જલ્દી ઉગેછે.

**ખેતી** માટે ખેતર જમીન રસાળ હોય તો તેમાં ખાતર નાખી તૈઆર કરેછે, અને પછી તેને સાફ કરી ત્રણ ફીટની અંતરે કિત્તાઓ પાડી વર્સાદની આખેરીમાં તેના મૂળીયાં અથવા કલમો લાવી રોપવામાં આવેછે. એના પાક માટે ચુનો, મીઠું અને 'નાઇટ્રૅટ ઑવ સોડા'નું ખાતર ઘણું મજબૂત ગણાયછે.

એના ઝાડ ઉગાડવા માટે કાંઇ પણ મેહેનત કરવી પડતી નથી. મૂળીયાં, ડાંખળીના કટકા અથવા બીયાંથી આ ઝાડ ઉગી શકેછે. મૂળીયાં વડે નવી રોપણી કરવી હોય તો મુખ્ય ઝાડની બાજુમાં ઉગેલા ફણગા મૂળીયાં સાથે કાપી કાઢી આગમજથી તઇઆર કરી રાખેલા ખેતરમાં ત્રણ ઇંચ ખોદી દાટેછે. હવા ગરમ હોય તો થોડું પાણી સીપવું જોઇએ.

એનાં ઝાડ ૪ થી ૫ ફીટ સુધી ઘણું જલ્દી વધેછે. આ ઝાડ ઘણાં કાળ સુધી ટકી

રેહેતું હોવાથી એનાં મૂળીયાં દિનપરદિન વધુ મજબૂત થતા જાયછે. જો સારી સ્થિતિમાં હોય તો બે માસમાં પાક તૈઆર થાયછે.

એના ઝાડ ઘણાં વર્ષો સુધી ટકી રેહેતાં હોવાથી એની ખેતી દર વર્ષે કરવી પડતી નથી. એનાં મૂળીયાં ઉંડાણમાં જતા હોવાથી ગરમીમાં ગમે તેવો ફેરફાર થયા છતાં ઝાડને કાંઇ પણ હરકત થતી નથી. દર વર્ષે મૂળીયાં વધારે ફેલાતા રહી ઘણાં મજબૂત થતા જાયછે, અને તેને નવા ફણગા ફુટી નવા ઝાડ ઉત્પન્ન થાયછે. આ ઝાડને કોઇ પણ જાતની કીડ લાગુ પડતી નથી. એક વખત ખેતી કીધા પછી ૩ થી ૪ વખત એની કાપણી કરી શકાય છે, પણ આ પાકે કરી એક મોટું નુકસાન થાયછે તે એ કે, આ ઝાડ તેથી જમીનમાંનાં સત્વને ચૂસી લેછે. તેથી કદાચ એની ખેતી કાઢી નાખીયા પછી તે જમીનને દિવસો સુધી પડત નાખવી પડેછે.

આ ઝાડની કાપણી કરવાનો અનુકૂળ સમય કયો તે જણાવવા ઘણા અનુભવનું કામ છે. સાધારણ નિયમ એ છે કે ઝાડની છાલ કઠણ થવાનો જે વખત તેજ કાપણીનો યોગ્ય સમય ગણાયછે. આ વેળા થડ ઉપરની છાલ લીલી હોયછે ને તે તપકીરીયા રંગ પકડવા માંડેછે. એના ઝાડ ૩½ થી ૪ ફીટ ઉંચા થયા એટલે કાપવા લાયકનાં ગણાયછે. ડાંખળીઓની લંબાઈ બે ફીટથી વધુ નથી હોતી ત્યારે તેના તંતૂ ઘણા બારીક નિકળેછે ખરા, પણ ઘણાં તંતૂઓ ફોકટ જવાનો સંભવ હોયછે; ટુંકી ડાંખળીઓમાંથી જેટલા મજબૂત તંતૂઓ નિકળેછે તેવા લાંબી ડાંખળીઓમાંથી નિકળતા નથી. ૨૪ કલાકમાં જેટલા તંતૂઓ કાઢવાનો સંભવ હોય તેટલીજ ડાંખળીઓ કાપવી સારી, પેહેલી કાપણી કરતાં બીજી કાપણીથી ઘણા સારા તંતૂઓ નિકળેછે. ઝાડપર ફુલ આવવા પેહેલાં કાપણી કરવી પડેછે.

એકજ ખેતરમાંના પાકની દર વર્ષે પાંચ વખત કાપણી કરી શકાયછે. જૂન મહિનાથી આગસ્ટ મહિના સુધી કરેલી કાપણી ઘણી સારી હોયછે; ફેબ્રુઆરી મહિનાના પાક વખતના તંતૂઓ ઘણાં મજબુત હોય આસામ પ્રાંતમાં જમીનમાં ખાતર નાખી સારી માવજત કરી પાક ઉતાર્યો એટલે ૧¼ એકર જંગલમાં ૧૦થી ૧૨ મણ ઘાસ ઉત્પન્ન થાયછે. એક એકર જમીનમાં ૪૪ શેર તંતૂ એક કાપણીમાં નિકળેછે. એક વર્ષમાં ૪ કાપણીઓ થાયછે, તેથી એક એકર ખેતરમાંથી ૧૭૬ શેર તંતૂ નિકળી શકેછે.

આલજીયર્સમાં એક એકર જમીનમાંથી ૪૦ ટન માલ નિકળેછે. એક એકરમાંથી દર કાપણીએ ૨૫૦ પૌંડ માલ ઉત્પન્ન થાયછે એમ ધારીએ તો ચાર કાપણી થાય તો ૧૦૦૦ રતલ માલ મળી શકે.

ચીન દેશમાં એનાં ઝાડ ૧ ફીટ ઉંચા વધ્યા કે તેની કાપણી શરૂ કરેછે. દરેક વર્ષનાં દસમાં મહિનામાં ફણગા કાપી કાઢવા પેહેલાં ઘોડાની લીદનું અથવા છાનનું જાડું ખાતર નાખેછે. પછી આગલા મહિનામાં આ ખાતર કાઢી નાખી નવા ફણગા ફુટવા માટે તેને જગા આપેછે. બીજે વર્ષે વળી પાછા કાપી કાઢેછે અને ત્રીજા વર્ષની સેવટમાં મૂળીયાં ઘણા મજબુત થાયછે, અને તેથી ઘણા ફણગા ફુટેછે. પછી વર્ષમાં ત્રણ વખત એ પ્રમાણે કાપણી શરૂ કરેછે. મૂળીયાંથી ફુટેલા ફણગા ½ ઈંચ ઉપર આવે એટલે ડાંખળીઓ કાપી કાઢેછે. પેહેલી કાપણી પાંચમાં મહિનાની શરૂઆતમાં, બીજી ૬ઠા મહિનાનાં બે અઠવાડીયાં પછી અને ૩જી ૮મા મહિનાના પેહેલા પખવાડીયામાં અથવા ૯માના આરંભમાં કરેછે. બીજા પાકની કલમો ઘણી જલ્દી વધેછે, અને તેમાંથી ઘણા ઉત્તમ તંતૂઓ નિકળેછે. કાપણી પછી બાકી રેહલા સાંઠાપર ખાતરનું પડ આપી ઉપર પાણી સીપેછે. સંભાળથી કરેલી ખેતી ૮૦ થી ૧૦૦ વર્ષ ટકેછે.

તંતૂઓ જૂદા પાડવાની રીત—આ કૃતિ હાથવતી અથવા યંત્રવતી કરેછે. ડાંખલીઓ



લીલી હોઇ કાપીઆ પછી એક કલાકમાં તેને છોલી નાખવી જોઇએ. લંડન મધે ૧૮૮૨માં 'સોસાયટી ઑવ આર્ટસ' ની સભા મેજર જનરલ હાઇડના સરનશીનપણા હેઠળ મળી હતી, તે વખતે ડોકતર ફારબસે ચીનાઇ ઘાસ ઉપર ભાષણ આપ્યું હતું. ભાષણપર તકરાર ચાલતાં મી૦ ગ્રીકોએ થોડાક પ્રયોગો કરી કહ્યું કે "મેં તંતૂ છાંયડામાં રાખી સોમવારની સહવાર સુધી તેમજ રેહવા દીધા પણ સહવારે જોઉંછ તો આ ટેબલ જેવડો ઢગલો એકમેક સાથે ચોંટી ગએલો હતો ને તેથી તે ઉપયોગ વગરનો થવાથી નાખી દેવો પડયો. આ ઉપરથી ડાંખળીઓ કાપીયા પછી તેને તરત છોલવી જોઈએ, અને તેમાંનો ગુંદર જેવો ચીકણો પદાર્થ નિકળી જવા માટે તેને તેવાજ વેહેતા પાણીમાં મુકવું જોઈએ, એ જાણીતી બીના છે. આ ચીકણો પદાર્થ કાઢી નાખવા થોડો વખત લાગે તો તંતુનો રંગ કાળો થાયછે."

ચીનાઇ ઘાસ યાને ચીનદેશમાંજ ખેતી કરી કાઢેલા ઘાસની કિંમત લંડનમાં દર ટને ૪૯૦ થી ૫૦૦ રૂપ્યાની ઉપજેછે. મેસર્સ ડેથ અને એલઉડે શોધી કાઢેલા યંત્રથી તૈઆર થએલા માલની કિંમત દર ટને ૭૦ થી ૯૦ રૂપ્યાની ઉપજેછે.

આ ઘાસના **ઈતિહાસ** ઉપરથી જણાયછે કે 'હિંદુઓના રામાયણમાં* 'ખાજકુયલીનાં વસ્ત્રો વિષેનું વર્ણન આપી તેની સફાઈ અને સુંદરતાની ઘણી તારીફ કરેલીછે. આ ઉપરથી ખાજકુયલીનું સૂતર (ચીનાઇ ઘાસ) કેટલીક સદીઓ પેહેલાં હિંદુસ્તાનમાં જાણીતું હોવું જોઈએ, એમ માલમ પડેછે. રાણી ઈલીઝાબેથનાં રાજ્યમાં 'લોબેલ'

* આ ખાજ કુયલનું વસ્ત્ર સંસ્કૃત ગ્રંથોમાં સૌમવસ્ત્ર તરીકે જણાવેલું છે. ચીની ભાષામાં એને 'સ્કુ' અથવા 'સ્કો' નામે ઓળખેછે, અને તેમાંથી કાઢેલા સુતરનું ક્ષૌમ નામ છે. આ મળતા નામ ચીનાઈ લોકોના 'સ્કોમ' તેજ હિંદુઓનું "સૌમ વસ્ત્ર" હોવું જોઈએ.

નામનો વનસ્પતિ શાસ્ત્રી હતો, તેણે લખેલું છે કે કલકત્તામાં 'ખાજકુયલ' નામના એક ઝાડમાંથી સૂતર કાઢી તેના અતી સુંદર અને નરમ કપડાં વણવામાં આવેછે. પછી કેટલોક કાળ વિતા બાદ એના બનેલા સુંદર કપડાં યૂરપખંડમાં જવા લાગા, ઘણું કરી જાવા ટાપુમાંથી નેધરલેંડમાં એનાં વસ્ત્રો જતાં. અત્રે આ વસ્ત્ર નેટલ ડૉકને નામે જાણીતું છે.

આસામમાં અને બંગાલના કેટલાક ભાગમાં આ વનસ્પતિ ઉગેછે, અને ત્યાં એની ખેતી પણ કરવામાં આવેછે. ડૉકતર ફારબસે ૧૮૦૩ માં સૂમાત્રાના ટાપુમાંથી 'કાલોઇ'નાં ૪ ઝાડ લાવી કલકત્તાના બગીચામાં રોપી જોયાં. આ ૪ ઝાડમાંથી બીજા હજારો ઝાડ ઉત્પન્ન થયાં. રંગપૂર અને દીનાપૂરમાં ઉગતી "કોંકુરા" વનસ્પતિ અને ડૉ૦ ફાર્બસે લાવી ઉગાડેલી વનસ્પતિ એકજ જાતની છે, એમ ડૉ૦ બી. હેમીલ્ટને શોધી કાઢયું હતું. ઈ. સ. ૧૮૧૦ માં ડૉ૦ ફાર્બસે ઉગાડેલી વનસ્પતિમાંથી કાઢેલા સૂતરની ત્રણ ગાંસડીઓ ડૉ૦ હેમીલ્ટને ઈંગલંડ મોકલી તેનાં દોરડાં વણાવી જોયાં તો તે બીજી જાતનાં દોરડાં કરતાં ઘણાંજ મજબુત જણાયા હતાં, ત્યાર પછી બીજી ગાંસડી કોર્ટસ ઑવ ડીરેકટર ઉપર મોકલી તે વેળા મેસર્સ હિલ અને બંડીએ એના માટે બનાવેલા યંત્રોને ૧૮૧૬માં કોર્ટ ઑવ ડીરેકટરે હિંદુસ્થાન મોકલાવ્યા, ૧૮૧૬ થી ૧૮૪૦ સુધી એનો ધંધો મંદીપર હતો. ૧૮૪૦ માં મી૦ જેકિન્સે શોધ કરી જાહેર કર્યું કે આ વનસ્પતિ આસામનાં જંગલમાં મળી આવેછે, ત્યારથી એના ઉપર લોકોનું પાછું ધ્યાન ખેંચાયું હતું. આસામની આ જંગલી વનસ્પતિના થોડાક નમુનાઓ કલકત્તાના "બાગબારીની મંડળી" ઉપર મોકલાવ્યા. આ નમુના કેટલીક સોસાયટીએ પોતાનાં બગીચામાં રોપીયા હતા. ત્યારથી ઉત્તર હિંદુસ્તાનમાંની આ વનસ્તામાંની ખેતી અને તેમાંથી સૂતર

કાઢવાની રીત એ ઉપર વેપારીઓએ પત્રદ્વારાએ સોસાયટી ઉપર નવી નવી સુચનાઓ મોકલી. ડૉ૦ ફાલકોનર અને તેના પછી સર વિલીયમ ફ્રકરે ચીનાઇઘાસ અને આ હિંદી સૂતરથી વણાતા વસ્ત્ર વચ્ચેનું મલતાપણું બતલાવી આપ્યું. ઇ૦ સ૦ ૧૮૫૧માં ક્રમે કરી તૈયાર કરેલા ચીનાઇ ઘાસના સૂતરના નમુના લંડનના પ્રદર્શનમાં મોકલવામાં આવ્યા હતા. જે ઉપર વેપારીઓનું અત્યંત ધ્યાન ખેંચાયું હતું, અને તે માટે ત્રણ ચાંદ ઇનામમાં મલ્યા હતા. ૧૮૫૨માં હિંદુસ્તાનની સરકારે આસામમાંથી કોર્ટ ઑાવ ડીરેક્ટર ઉપર આ માલ મોકલ્યો ત્યારે ડૉક્તર ફાર્બસે પ્રયોગ કરી રશિયન ગાંજાનું સૂતર અને એના સૂતરની મજબૂતાઇનું પ્રમાણ ૧૬૦ ને ૨૮૦ છે એમ પ્રસિદ્ધ કર્યું હતું.

૧૮૫૪માં કોર્ટ ઑાવ ડીરેક્ટરે હિંદુસ્તાન સરકાર પાસે ૧૦ ટન (૨૮૦ મણ) ચીનાઇ ઘાસનાં તંતૂ મંગાવ્યા પણ તે વેળા એની ખેતી નાના પાયાપર થતી હોવાથી તેઓએ ૧/૩ માલ લંડન મોકલ્યો. તે પછી બંગાલ સરકાર દર વર્ષે ૧૦ ટન માલ લંડન મોકલતી અને તેથી પ્રજાને પણ એનો વેપાર કરવાનો ઉજ્જમ આવતાં સરકારે આ વેપાર પોતાના હાથમાંથી જતો મેલ્યો હતો. ૧૮૭૨ માં એના સૂતરનો વેપાર એકદમ વધી ગયો હતો. ચીનથી લંડન ૨૦૦ થી ૩૦૦ ટન માલ જવા લાગો ને તે માલ દર ટને ૮૦૦ થી ૯૦૦ રૂપ્યે વેચાતો પણ એજ વર્ષે ઘરાકી ઘટવાથી ચીનાઇ માલ ૩૦ થી ૪૦ પૌંડે એક ટનને ભાવે વેચાવા લાગો, ત્યારે હિંદુસ્થાનનો માલ દર ટને ૧૯ થી ૩૦ પૌંડને ભાવે વેચાયો. ૧૮૮૦માં એનો વેપાર કરવા દીનાપૂરના રાજાએ ૧૦૦ એકર જગાપર એની ખેતી કરવાની શરૂ કરી હતી. ૧૮૮૧ માં બંગાલના શાહાબાદમાં મેસર્સ બૅરોજ અને ટામસન તથા મીલને એની ખેતી કરવા માંડી. એનું સૂતર લંડન તથા ફ્રાન્સ દેશમાં ૧૮૮૨ માં મોકલ્યું હતું.

યૂરપખંડમાં આ વનસ્પતિ પ્રસિદ્ધતા પામી છે. ઇટલીમાં એના મોટા મોટા ખેતરો છે. પોર્તુગલ દેશે એના દસ લાખ મૂળીયાં રોપ્યાંછે. સ્પેન દેશે પણ એની ખેતી કરવા માંડી છે; પણ ફ્રાન્સે સર્વમાં આગેવાની ભરી જગ્યા લઇ એની ખેતી મોટા વિસ્તારપર કરવા માંડીછે. આલ્જીયર્સ અને ઇજીપ્તમાં એની ઉત્તમ ખેતી થાયછે.

**ઘાસગંજી**—આ ઘાસને કેટલેક ઠેકાણે 'ઉસધાન' કહેછે. વાયવ્ય તરફનાં પ્રાંતો તથા પંજાબ ઇલાકાનાં ડુંગરો તથા જંગલોમાં એ ઉત્પન્ન થાયછે. સીલોન તથા સિંગાપૂરમાં ઘાસગંજીનું તેલ કાઢવામાં આવેછે, તેથી તે તરફ એની ખેતી કરવામાં આવેછે. ત્રાવણકોરની આસપાસ આ ઘાસ ઘણું પાકેછે. તામીલ ભાષામાં આ ઘાસને કામાક્ષી-પુલ્લૂ, મંડ-પુલ્લૂ, કવંટ-પુલ્લૂ અને શુનારીપ-પુલ્લૂ એવા નામે ઓળખેછે. સિલોનમાં આ ઘાસ ૭ થી ૮ ફીટ ઉચું વધેછે. આ ઘાસનો રંગ લાલાસ ઉપર હોઈ એના પાંદડાની પાંખળી લાંબી હોયછે. આ ઘાસનાં પાંદડાનું તેલ કાઢવામાં આવેછે. ૫૬ રતલ ઘાસમાંથી ૮ તોલા તેલ નિકળેછે. એનું સ્વચ્છ તેલ પાતળું અને રંગહિન હોયછે.

કોલંબોથી દર વર્ષે ૪૦,૦૦૦ રતલ તેલ પરદેશ જાયછે. આ તેલની કિંમત ૪૦૦૦ રૂપ્યા થાયછે. 'હનીસોપ' બનાવવા માટે એનું તેલ સુગંધી તરીકે મિશ્ર કરવામાં આવેછે; સિલોનમાં ઘાસ ગંજીની ખેતી 'ઇંગલીશ ગીનીગ્રાસ' મુજબ કરવામાં આવેછે. એક વર્ષમાં બેથી ત્રણ વખત એની કાપણી કરવામાં આવેછે. કાપ્યા પછી તેને ભઠ્ઠીમાં નાખવામાં આવેછે. એક એકર ખેતરમાં થતા ઘાસ ગંજીમાંથી ૩૬ બાટલી તેલ નિકળે છે. સિલોનમાં એજ ઘાસનાં છાપરાં ખેડુતો બનાવેછે.

**ઘાસ પિત્તપાપડો**—એનાં છોડ જમીન ઉપર ફેલાયછે. એના ઝીણાં પાંદડાં પાસે દિંડવા જેવા તોરા આવેછે, એનું શાક બનેછે. પિત્ત



જ્વર ઉપર એનો કાહવો કરી પાવાથી તાપ નરમ પડેછે. તેમજ ઉલટી ઉપર એનો કાહવો મધ સાથે ભેળીને પાવામાં આવેછે.

**ઘી લાન**—ઇરાનને તાબેનો એક પ્રાંત. એનો પશ્ચિમ સાંકડો ભાગ અલબુર્ઝનાં પર્વતો અને કાસપિયન સમુદ્રની વચમાં છે, આ દેશ રશિઅન કૉકેસસથી ઉત્તર પશ્ચિમમાં અસતારા નદીથી જૂદો પડેછે. એનું ક્ષેત્રફળ ૪૨૫૧ ચોરસ મૈલ છે. આ દેશમાં મેપલ, ઓક, આપ, વગેરેનાં ગિચ્છ જંગલો છે. આ દેશમાં ફળફળાદીની મોટી ઉત્પંતિ થાયછે. મુખ્ય પેદાશ અને વેપાર રેસમનો છે, આ દેશની ભૂમિમાં બાજરી, ઘઉં, ફળફળાદી અને ચોખાની મોટી પેદાશ થાયછે. ઢોરો આ દેશમાં ઘણાં ઉછેરવામાં આવેછે, દેશની વસ્તી ૧,૫૦,૦૦૦ થી ૨,૫૦,૦૦૦ ની ધારવામાં આવેછે. અત્રેની આબો હવા તંદરોસ્તી બગાડનારી છે.

**ઘુંઘરૂ**—નૃત્યકળામાં અગત્ય ધરાવનારૂં વાજીંત્ર રૂપી ભૂષણ. એ પગમાં બાંધવામાં આવેછે. એને બંગાલમાં તાલી કહેછે.

**ઘેંડસ**—હિંદમાં મુખ્ય કરી ગુજરાત અને દક્ષિણ હિંદુસ્તાનમાં વર્ષ દરમિયાન એક વખત એનો પાક થાયછે. એનો રંગ શુધ્ધ સફેદ હોઇ તેનો આકાર પપેનસ જેવો હોયછે. એ વજનમાં એકથી સવા તોલો હોયછે.

**ઘેવડો**—એના વેલા પાંચથી સાત વર્ષ જીવેછે. એનીપર ત્રિદળ પાંદડાં ઉગેછે. ઘેવડાની શીંગ તેમજ તે માહેલા દાણાનું શાક અતી સ્વાદિષ્ટ થાયછે. ઘેવડામાં ચોધારી, બોટ, ગર્વો, ધોળો અને કાળો એવી અનેક જાતો છે. કાળા શિંગવાલા ઘેવડાની શિંગો ૩ થી ૪ ઈંચ લાંબી હોયછે. બોટ ઘેવડાની શિંગો ૮-૯ ઇંચ લાંબી હોયછે. બીજી જાતનાં ઘેવડાની શિંગો ૩થી ૪ ઇંચ લાંબી હોયછે. બોટ ઘેવડાની શિંગો અંગુઠા જેવડી હોઇ લીલારંગની હોયછે, ચોધારી ઘેવડાની શિંગો ને ૪ ધાર હોય છે અને તે ૧૦ ઇંચ લાંબી હોઇ વરસાદની મોસમમાં ઘેવડા ના ૧½ ફીટ અંતર ઉપર વાવીયાથી ઉગે છે. ઘેવડાની એક મોટી દાણાદાર જાતને વાલપાપડી કહેછે. ઘેવડાના પાંદડાનો રસ ચોપડવાથી વિષ ઉતરેછે,

**ઘેલાસોમનાથ**—કાઠીઆવાડ ઈલાકામાં જસદણની પૂર્વે ૧૧ મૈલપર ઘેલા નદીને કાંઠેનું ગામ; આ ગામમાં સોમનાથ મહાદેવનું ધામ છે. અત્રે શ્રાવણ મહિનામાં જન્માષ્ટમીને રોજે મેળો ભરાયછે. આ માહાદેવ માટે દંતકથા એવી છે કે ગુજરાતનાં બાદશાહ મુજફરશાહ (પેહેલા)ની બેગમનો સોરઠી સોમનાથને અમુક વખત દર્શન કરવાનો નિયમ હતો, પણ તે દૂર પડવાને લીધે બેગમે મહાદેવને પોતાને ત્યાં લઇ જવા સારૂં આરાધનાં કરવા માંડી. એક દિવસ મહાદેવ તેના ઉપર પ્રસન્ન થયા અને વર આપવા કહ્યું. તે ઉપરથી બેગમે પોતાના શેહેરમાં આવવા વચન માગ્યું, તે મહાદેવે કબુલ્યું, પણ તેમાં એવી શરત કરીકે લીંગને ઉપાડયા પછી જ્યાં જમીન ઉપર મૂકશો ત્યાંજ તે રહેશે. બેગમે ધામધુમથી તે લીંગને ઉપાડી હાલ જ્યાં સોમનાથ છે ત્યાં મુકામ કર્યો. આ જગાએ ભૂલથી લીંગને જમીન ઉપર મૂક્યું, કે તે ત્યાંથી ઉપડ્યું નહિ, આથી બાદશાહે ગુસ્સે થઇ તેની ઉપર તલવારનો ઘાવ કર્યો, તે ઘાવની નિશાની આજે પણ લીંગ ઉપર જણાયછે. બાદશાહનાં આવા કૃત્યથી બેગમે દુઃખી થઇ કટારીથી આપઘાત કર્યો. આજે પણ આ દેવળની સામે કબર છે, તે બેગમની કબરને નામે ઓળખાયછે. આ જગા લાઠીના રેલ્વે સ્ટેશનથી ઉત્તરમાં ૨૨ મૈલપર છે. લોક વસ્તી ૨૦૦ ની છે.

**ઘોગરા**—''સરયુ' અથવા 'દેવ નદી.' આ નદી તીબેટમાંથી નિકળી ફૈજાબાદ અને અયોધ્યા પ્રાંતમાંથી નિકળી છપરા શેહેરની ઉપર ગંગાને ઉત્તર તરફથી મળેછે. એની લંબાઇ સુમારે ૬૦૦ મૈલની છે. આ નદીને પહાડી પ્રદેશમાં કાળી અને સરયૂ નદી મળેછે. એ

ત્રણેનો સંગમ થતાં બ્રહ્મ દેવ તરફ પહાડી પ્રદેશમાંથી નિકળી મેદાનમાં વહેછે, ત્યાં ઘોગરા, સરયૂ અને દેવ નદી એ ત્રણ નામે ઓળખાયછે.

**ઘોટી**—હિંદમાં એનાં ઝાડ બોરડીનાં ઝાડ જેવાં થાયછે, અને તેપર ઝીણાં ફળો આવે છે.

**ઘોટીવેલ**--એનાં વેલા ચોમાસામાં ઉત્પન્ન થાયછે, એ ઝાડ અથવા વાડ ઉપર મોટા વિસ્તારપર પસરેછે, એનાં પાંદડાં જાડા ખરબચડાં મોટાં અને જાડા રેષાવાલાં હોયછે, એનીપર ચણા જેવાં ઝીણાં ફળોના ગુચ્છા આવે છે.

**ઘોડા કાતરી**—એને સંસ્કૃતમાં 'અશ્વ કાતરી' કહે છે. આ વનસ્પતિ કેટલાક ઝાડનાં મૂળીંયાપર પોતાની મેળે ઉગે છે. ડૉ૰ ડીમકનાં જણાવ્યા મુજબ, આ વનસ્પતિનાં મૂળીઆં ગોવામાં કરીયાણાં વેચનારને ત્યાં મળે છે. તાપ ઉપર આ ચીજ ઐાષધિ તરીકે વપરાય છે.

**ઘોડા માખી**—આ માખી યૂરપનાં દરેક ભાગમાં મળી આવે છે, પણ સ્કૉટલંડમાં ક્વચિત જણાય છે. આ માખી લંબાઇમાં $\frac{1}{2}$ ઇચ હોઇ રંગે કાળી પણ પેટ ઉપર પિળી છાંટદાર હોય છે. એની મોટી આંખો લીલા રંગની પણ ઉપરથી સુનેરી ચળકાટવાળી હોય છે. આજ માખીમાં તપકિર્યા રંગની ઘોડા માખી ત્રાસદાયક હોય છે, પણ તેની આંખો કાળી માખ કરતાં વધારે સુંદર હોય છે.

**ઘોડા વછ**--આ ઐાષધિમાં વપરાતો રોપો યૂરપ અને એશિઆ ખંડના જૂદા જૂદા દેશોમા જોવામાં આવે છે. એની દવા પુષ્ટીકારક બને છે. મલબારકોસ્ટાથી એ મુંબઇમાં લાવવામાં આવે છે.

**ઘોડાસર**--ગુજરાત મહિકાંઠા ઇલાકાના છેક દક્ષિણ ભાગમાં, વાત્રક કાંઠા એ નામના જીલ્લામાં વાત્રક નદીના કિનારા ઉપરનું ગામ. એનાં તાબામાં ૩૬ ચૌરસ મૈલ જમીન, ૧૫ ગામો ને ૮૪૦૦ ની લોક વસ્તી છે. વાર્ષિક ઉપજ સુમારે રૂ. ૨૫,૦૦૦ની છે, તેમાંથી ૩૫૦૧ ગાયકવાડને તથા બ્રિટીશ ને ૪૮૮॥ ભરવા પડે છે. હાલમાં એના તાલુકાને તાબે ૧૫ ગામો છે. દેશની ભૂમિ સપાટ હોઇ રસાળ છે, તેમાં ચોખા, કપાસ, અને કઠોળ વગેરે પાકે છે. મુખ્ય વસ્તી કોળી, રજપૂત, બ્રાહ્મણ, વાણીયા, ચારણ, પાટીદાર, વગેરેની છે. મુખ્ય શેહેર ઘોડાસર વાત્રક નદીને કાંઠે છે, તેમાં ઠાકોરની દરબારછે. ઘોડાસરના ઠાકોરનાં પૂર્વજ વેગડજી ૧૨ મી સદીમાં બુંદેલખંડથી ગુજરાતમાં આવી અણુહીલવાડ પાટણના સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહની નોકરીમાં રહ્યો. સિદ્ધરાજે તેને તેની ઇમાનદારીમાં ૮૪ ગામો ને ડાંગરવા તાલુકો જાગીર તરીકે આપ્યો. તે પછીનાં આઠમાં વંશજ માયાજીએ આગળા ખોએલા ધામો ફરી અહમદશાહની કૃપાથી મેળવી ભરકુંડામાં ગાદી સ્થાપી પણ ૧૮મી સદીની શરૂઆતમાં મોગલાઇ તથા મરાઠાની પડતી વેળા કેટલાક ગામો ખોતાં ઘોડાસરમાં ગાદી સ્થાપી. હાલમાં તેમના વંશજ સત્તા ચલાવેછે.

**ઘોડો**--દુનિયાની શરૂઆતમાં ઘોડાઓને પાંખો હતી એમ દંતકથા ઉપરથી જણાયછે. તે સમયે ઘોડાઓને પાંખો હોવાથી તેઓ મનુષ્યની તાબેદારી નહિ ગણકારતાં સામાં મનુષ્યોને હેરાન કરતા અને તેમની ખેતીવાડીનો નાશ કરતા હતા. જ્યારે સાલોમનનું અદલ રાજ્ય શરૂ થયું ત્યારે પ્રજાએ આ જુલમની ખબર પાદશાહને કરી, તેથી પાદશાહે દેવોને હોકમ કીધો કે ઘોડાઓને કેદ કરી કતલ કરવા. પણ દેવો તેમના જોર પાસે અશકત હોવાથી તેમનું કશું ફાવ્યું નહિ, ત્યારે જે નેહેરમાં તેઓ પાણી પીતા હતા તે નેહેરનું પાણી કેફી બનાવ્યું, અને જ્યારે તેઓએ તે પાણી પીધું કે છાકટા બની ઉડવા અશકત થઇ જમીનપર પડયા, કે તુરત દેવોએ એક હજાર ઘોડાઓને કેદ કરી ૯૦૦ ને કાપી નાખ્યા. તેટલાં જબરાઇલ ફરેસ્તાએ આવી



સુલેમાનને ફરમાવ્યું કે મનુષ્ય જાતને આ પ્રાણી ભવિષમાં ઘણું ઉપયોગી થઈ પડનાર હોવાથી એમને કતલ ના કર. તેથી સુલેમાને ફરેસ્તાઇ અરજ કબુલી ઘોડાઓની પાંખો નાબુદ કરવાને અરજ કરી. ત્યારથી ઘોડઓ વગર પાંખના બની મનુષ્યની તાબેદારી કરવા શિખ્યા. આ ઘોડાઓની ઓલાદથી અરબસ્તાનનાં ઘોડાઓની પેદાશ થએલી જણાવવામાં આવેછે.

જેમ ઘોડો પોતાની હસ્તી માટે પ્રાચીન તવારીખ ધરાવેછે તેમ તેના શ્રેષ્ટ ગુણ અને ફાયદા માટે પણ ઘણું જાણવા જોગછે. કહેછે, કે ઘોડાની પાસે શેહેતાન કદી આવી શકતો નથી, પણ તે ૪૦ કદમ દૂર નહાસતો રહેછે, તેમજ માઠા બનાવની ૪૦ દિવસ આગમજથી ઘોડાને ખબર (આગાહી) થાયછે. જે ઘેરમાં ઘોડા હોયછે ત્યાંથી બલા તથા દુઃખ દર્દો દફે થઇ ઘોડો રાખનાર ધણી આબાદી ભોગવેછે.

મુખ્ય કરી ઘોડા ચાર રંગના ગણાયછે, અને બાકીના રંગો તેની શાખા ગણાયછે. સફેદ, કાળો, લાલ અને પીળો, એ તેના ૪ મુખ્ય રંગોછે. સફેદ સારી ખાશિઅત તેના ધણીને સારૂં કરનાર ગણાય છે. લાલ રંગના ઘોડાને "યુજ" ને નામે આરબો ઓળખેછે. તેની લાલી, કેસર, દાડમનું ફુલ, લાખનો રંગ એ ઉપર હોય તો ઉત્તમ જાતવાન ઘોડો ગણાયછે. પિળા રંગનો ઘોડો સુનેરી યા રોશનીના રંગનો હોયછે. જે ઘોડા ઉપર સફેદ ધાબાં હોયછે તે ઉત્તમ જાતવાન ગણાયછે.

પ્રાચીન મીસરમાં ઘોડો ઘણો માનીતો ગણાતો હતો. ખ્રિસ્તીઓનાં પ્રાચીન 'જેનીસીસ' ગ્રંથમાં ઘોડાની વૃદ્ધિ રાજાઓએ કરવાની મનાઇ કીધી પણ સાલોમનના પાદશાહી તબેલામાં ૨૪,૦૦૦ ઘોડાઓ હતા. ઘણા પ્રાચીન કાળમાં મીસરમાં બાંધેલા બાંધકામ ઉપર ઘોડાની મૂર્તિ કોતરેલી જણાયછે.

જરથોસ્તીઓના બુનદેહેશ નામના ધર્મ સાહિત્યને લગતા ગ્રંથમાં ઘોડાને 'ખરી' ફાટેલા વર્ગમાં મેળી તેને જૂદી જૂદી જાતના વર્ગમાં વેંહેંચી નાખવામાં આવે છે. આરબી ઘોડા સૌથી ચઢતા ગણેલા છે, બીજી જાતમાં ઇરાની ઘોડાને ગણેલાછે, ત્રીજી જાતના ખચ્ચરને દર્શાવેલાછે, ને ચોથી જાત ગધેડાની છે. પાંચમી જંગલી ઘોડાની ને ૬ ઠી પાણીમાં રેહેનાર જળ ઘોડાની જાત છે. બુનદેહશના ૧૩માં પ્રકરણમાં જણાવ્યા મુજબ અવસ્તા જમાનાનો એક ચંચળ ઘોડો દિવસના ૧૨૫ મૈલની મુસાફરી કરી શકવા શકિતવાન હતો. અષિષન યષ્તના ૧૨ માં ફકરામાં ઘોડાની લઢાઇ દરમ્યાનની ચંચળાઇનું વર્ણન નીચે મુજબ દર્શાવેલુંછે, " જેઓને અય પવિત્ર અષિ! તું મદદ કરેછે તેમના ઘોડાઓ (દુશ્મનોમાં) દેહેશત ફેલાવેછે. ઝડપ ચાલનાં હોયછે, ફીણ ફેંકે છે, પ્રકાશિત રથ ખેંચેછે, રથમાં જોડાઇને (સ્વારની) મરજી પડે ત્યાં કુચ કરેછે. ઇશ્વરી કિર્તન ગાતાં, સેતાબ ઘોડાવાલા, મજબુત રથવાલા, તિક્ષણ ભાલાવાલા, લાંબી લાકડીવાલા, ઝડપથી જતા તીરોવાલા, દૂર સુધી પોંહચનાર, દુશ્મનોનો દુંબાલો પકડનારા અને દુશમનને તેના મોહડા આગળથી મારનાર પેહેલવાનોને (પોતાની પીઠ ઉપર અથવા રથમાં બેસાડી ) તેઓ લઇ જાયછે."

" પ્રાચીન કાળની ઇજીપશિયન, ગ્રીક વગેરે પ્રજાના કોતરકામો ઉપરથી તેમજ ખ્રિસ્તી ધર્મગ્રંથ બાઇબલ ઉપરથી જણાયછે કે ઘોડાને રથ ખેંચવાના તેમજ સવારીનાં કામમાં ઉપયોગમાં લેવામાં આવતા હતા.

પ્રાચીન ઇરાની પાદશાહ પેહેલવાનો જ્યારે કોઇ લઢાઇમાં જતો યા પોતાની નેક મુરાદે પોંહચતા હતા ત્યારે અર્દવિસૂર ફરેસ્તાની નઇયતે ઘોડા, ગોદ્ધા, તથા બીજાં ગોસપંદો ગરીબોને વેંહેચી આપતા. તેમજ મિથ્ર, સરોશ, અર્દવિસૂર અને અશિષવંઘ ઇજદોનાં રથને સફેદ ઘોડા ખેંચતા અવસ્તામાં ચીતારેલાંછે.

પ્રાચીન આર્યનો 'અશ્વમેધ' નામની અતી મહત્વની ક્રિયામાં ઘોડાનો ભોગ આપતા (જુઓ અશ્વમેધ) હતા; અને જે ૧૦૦૦ અશ્વમેધ કરતો તેને ઇંદ્રાસન મળતું.

'સાઇધ્યન' પ્રજા લઢાઇમાં જીત મેળવ્યા પછી પોતાનાં દેવતાઓને કેદ કરેલા દુશમનો સાથે તેમનાં ઘોડાઓને પણ બળી આપતા હતા; અને જ્યારે તેમનાં દેશનો રાજા મરણ પામતો ત્યારે તેને એક ઉત્તમ બિછાના-પર હથિયારોથી સજાવી સુવાડતા અને તેના માનીતા ઘોડાને પણ ગુંગળાવી મારી ત્યાંજ દાટતા હતા. ચીંકો સફેદ ઘોડાને પવિત્ર માની તેઓ સૂર્યનો રથ ખેંચેછે એમ માનતા. આગલી જર્મન પ્રજા સફેદ ઘોડાને દેવતા માટે ભોગ આપવા લાયક ગણી તેને હલકા કામમા નહિ વાપરતાં પાદશાહની સવારી માટેજ વાપરતા.

**ઘોડાનાં જાતી વર્ગ** ચાર માનેલાં છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈષ્ય અને શૂદ્ર. આ જાતી તેનાં રંગ તથા ગુણ ઉપરથી માનેલીછે.

બ્રાહ્મણજાતી–ઘોડાના શરીરનો ફુલ અથવા દુધ પ્રમાણે વાસ આવેછે. આ ઘોડો ગરીબ, દયાલુ હોયછે અને તે પાણી પીતી વેળા પાણીમાં મોહું ડુબાડી પીયેછે. આ જાતનો ઘોડો લઢાઇ દરમ્યાન નહાસતો ફરેછે તેથી તેને ઘેરમાંજ રાખવામાં આવેછે, આવી જાતનો ઘોડો ઘેરમાં રાખ્યાથી ત્યાં ધનની વૃદ્ધી થાયછે.

ક્ષત્રિયજાતી–ઘોડાના શરીરનો વાસ બકરા જેવો યા અગરૂ જેવો આવેછે. એ ચંચળ અને બળવાન હોયછે. તે પાણી પીતીવેળા હોઠ બીડી ખરી ઠોકયા કરેછે. આ જાતના ઘોડા લઢાઇ માટે પસંદ કરવામાં આવેછે.

વૈષ્યજાતી–ઘોડાના શરીરનો વાસ ઘી જેવો આવેછે. તેના અંગે દુષ્ટ ભાવ હોયછે, અને તે પાણી પીતી વેળા નાકને પણ પાણીમાં ડુબાડેછે.

શૂદ્રજાતી–ઘોડાના શરીરનો વાસ માછલી જેવો આવેછે, અને પાણી પીતી વેળા તે પાણીને નાક અડાડતો નથી, અને પાણીમાંથી મોહ બહાર ખેંચી લેતાં મોહમાંથી પાણી ગળેછે. આ ઘોડો સ્વભાવે ગુસ્સાબાજ હોયછે. એ બોજો લાવ લઇજાવના ઉપયોગનોછે.

ઘોડો જન્મ પામતાં તે દાંત વિનાનો હોયછે પણ એક માસ પુરો થતાં તેને ૪ દાંતો ઉગેછે. તેમાંના બે ઉપરનાં ને બે નીચેનાં જડબામાં હોયછે. પાંચ માસનો થતાં તેને એકંદર આઠ દાંત ઉગે છે, તે ઉપલા દાંતોની આસપાસ બે નીચે ને બે ઉપર હોયછે. તે પછી ૮ માંસનો થતાં ૮માં બીજા ૪ ઉમેરાયછે. આ દાંતો એક વર્ષ વેર સફેદ દુધ જેવા સ્વચ્છ હોયછે, પણ બીજા વર્ષની શરૂઆત થતાંજ તે સફેદ રંગ બદલાતો જઇ મેલો રંગ બનેછે; અને બે વર્ષની ઉમરનો થતાં તેના દાંત રંગહીન બનેછે. અઢી વર્ષનો થતાં પ્રથમ ઉગેલા ચાર દાંત પડવા માંડેછે, પણ એક વર્ષ પછી તે પાછા ફુટી નિકળેછે. તેટલાં બીજી વેળા ઉગેલા ચાર દાંત પડેછે ને ૬ માસમાં તે પાછા ઉગી નિકળેછે. સાડાચાર વર્ષની વયે છેલ્લા ઉગેલા ચાર દાંત પડી પાંચ વર્ષની વયે સર્વે દાંત એકસરખાં બની જાયછે. આ પ્રમાણે ઘોડાની બચપણની ઉમરની પરિક્ષા આ ૧૨ દાંત ઉપરથી થઇ શકેછે.

ઘોડાને ઉપલા દાંતો ઉપરાંત બીજા ૩૦ દાંત પાછળથી ઉગેછે, એટલે તે ૪૨ દાંતિયે બનેછે. જ્યારે ઘોડો ૬ વર્ષની વયે પુગેછે ત્યારથી તે ૮ વર્ષનો થાય ત્યાંવેર તેના ઉપર જણાવેલા ૧૨ દાંતની આસપાસ કાળા રંગની લીટીઓ માલમ પડેછે. એ પછી ૯ મે વર્ષથી ૧૨ વર્ષની ઉમર વેરમ તેનો રંગ સરશિઓ બનેછે. પછી ૧૨થી૧૪ માં વર્ષ વેરમાં પિળો રંગ બદલાઇ દાંત દુધીયા રંગના બનેછે; પણ ૧૫થી ૧૭ વર્ષની વયે સફેદ દાંત ઉપર પિળી છાંટ પડેછે. પણ ૧૮થી૨૦ વર્ષની વયે પિળી છાંટ કાળી બનેછે; પણ ૨૦ થી ૨૩ મેં વર્ષે ફરી દાંત સફેદી પકડેછે; પછી ૨૪ થી ૨૬ મે વર્ષે



સફેદી જતી રહી દાંતો વાંકા વળેછે. તે પછી ૨૭ થી ૩૦ વર્ષની ઉમર જૈરીની ગણાયછે. અનુભવિઓ ઘોડાની ઉમરની આખેરી એ મુજબ ૩૨ વર્ષ વેરની જણાવેછે.

લશકરી ઘોડાઓ ૧૦૦ આંગળ ઉંચા હોયછે. તેમજ ઘોડાની લંબાઇ તેના માથાંથી પુછડી વેર ૧૬૦ આંગળની હોયછે; અને તેના પેટ તથા પીઠનો ઘેરાવો ૧૦૦ આંગળનો હોયછે. અનુભવિઓ બીજા વર્ગના ઘોડાને ૯૦ આંગળ ઉંચા, ૧૪૦ આંગળ લાંબા ને પીઠ, પેટનો ઘેરાવો ૯૦ આંગળનો જણાવે છે.

ઘોડા ખરીદતી વેળા તેનાં ગુણદોશ, તેના રંગરૂપ ઉપરથી પારખવામાં આવેછે.

" ખજુરનો જેવો રંગવાલો ઘોડો ખડતળ મેહેનત કરનાર હોઈ લઢાઇના મેદાનમાં મેહેનત કરવા શક્તિવાન હોયછે.

'અબલકી' ઘોડો તેના માલેકની તરફ વફાદાર હોયછે. તેનો રંગ સફેદ શિહા મિશ્ર હોયછે, તેનું માથું પગ વગેરે સફેદ હોઇ બાકીનું અંગ કાળું હોયછે. આથી આ ઘોડો પાદશાહ તથા અમીરો ઘણો પસંદ કરેછે.

જે ઘોડાનો આગલો અર્ધો ભાગ લાલ હોય ને પાછલો અર્ધો હડતાલનાં જેવા રંગનો પિળો હોય તે ઘોડો સારો રાખવા લાયક હોયછે."

" જે ઘોડાનું માથું, કાન. ચારે પગ લાલ અને છાતી સફેદ હોયછે તે ઘોડો ગુણવંતો ગણાયછે. તેમજ તેવા ઘોડા પર સ્વારી કરનાર હમેશાં ફત્હે મેળવેછે.

' અસ્પે જરદા' યાને જેનાં ચારે પગો સફેદ, આંખો સફેદ હોય તે ઘોડો પણ સારી તોખમનો ગુણવંતો ગણાયછે."

" જે ઘોડાનો જમણો કાન લાલ અથવા કાલો હોય તે ઘોડાનો માલેક તવંગર બની અનેક ઘોડાનો ધણી થાયછે.

"અસ્પેજરદા" યાને જેની આંખો હરણની આંખો પ્રમાણે કાળી હોય, પીઠ ટુંકી હોય, પેટ પરનાં બાલ નરમ ને ચળકતા હોય, તે ઘોડો ચંચળ ને પુશકળ દોડનાર ગણાયછે.

" ખાકી યા જંગલી ઉંદર યા કોહલાના જેવા રંગવાળો નેહેસ્ત ગણાયછે. "

" જે ઘોડો કાલી હરણના રંગનો હોઇ તેનું પેટ અથવા ત્રણ પગ સફેદ હોય અને જેની પેશાની સફેદ નહિ હોય તે ઘોડો પાલવા લાયકનો ગણાતો નથી."

"જે ઘોડો તમામ કાલા રંગનો હોઇ તેની પુછડી સફેદ હોય તે પણ નેહેસ્ત ગણાયછે. જે ઘોડાની પેશાની ઉપર સફેદ ધાબું, નિલુફરના ફુલનાં આકારનું અથવા પુનમના ચંદ્રના જેવું, અથવા તો છત્રના જેવા આકારનું હોય, તે ઘોડો સારો ગણાયછે, યા તે જગે સાકળનાં જેવું પેચદાર ધાબું હોય તો તે નેહેસ્ત ગણાયછે. અગરજો કોઈ ઘોડો સફેદીને અનુસરતો હોય પણ તેનું તાલવું, આંખો, દુમ વગેરે કાળું હોય તે નેહેસ્ત ગણાયછે.

"સફેદ રંગના ઘોડાપર લાલ અથવા પિળા રંગના ફુલા હોયછે, તે ઘોડો નેક ગણાયછે. તેમજ કોઇબી રંગના ઘોડા ઉપર કાળાં ધાબાં હોય તો તે પણ મુબારક ગણાયછે.

### સગનવંતા ઘોડાઓ.

**દેવમંદ**––આ ઘોડાની છાતી ઉપર નવાઇ ભરી રીતનો ડાઘ હોય છે.

**પંચકલ્યાણ**––આ ઘોડાના ચારે પગ અને માથાં ઉપર સફેદ તીલાની નીશાની હોયછે. પંચકલ્યાણનો અરથ પાંચે જાતનું સુખ થાયછે.

**બેહેરાંચહુરવ**—ઘોડાના વાળનાં ગુચછડાંમાં નાનાં ગુચછડાંની અંદર મોટા ગુચછડાં સમાઇ જાય છે.

### અપસગન ભરયા ઘોડા.

**ગોમ**—આ ઘોડાનો પટો બાંધવાના પેટવાલા ભાગ ઉપર એક નીશાની હોયછે.

**વાંકરસુતરો**—આ ઘોડો હમેશા વાંકી ચાલે ખુદરતી રીતે ચાલે છે.

**ઘાંકણચો**—એક એકની ઉપર વાળના ગુચછા હોય છે.

**એહરાફ઼ોડ**—આ ઘોડાનાં વાળનાં ગુછ-ડામાં મોટાં ગુચછડાંની અંદર નાનાં ગુછડાં સમાયછે.

**ગલકાતુ**—આ ઘોડાને જે ગળાંની નજ-દીક વાળનો ગુછડો હોય છે તે પોતાના શેઠનું નખોદ વાળી નાંખે છે.

**આંસુઘોર**—આંખની નજદીક આ ઘોડાને ડાઘ હોય છે. તે પોતાના શેઠને સદા દલગીરીમાં રાખે છે.

ઘોડાપર ૮ પ્રકારનાં **ચક્રો** હોયછે. તે જૂદા જૂદા ભાગોપર કરચળી વળેલાં કાલાં ધાભાનાં હોયછે.

૧ લું **ચક્ર** પાણીમાં થતા કમળ જેવું, ૨-જુ શીપ જેવું, ૩-જુ કળી જેવું, ૪-થું ગાયના જીભ જેવું, ૫-મું હરણની દુટી જેવું, ૬-ઠું કાનકચુરા જેવું, ૭-મું પગમાંના ખડાવ જેવું, ૮-મું અર્ધ ખડાઉ જેવું

આ આંઠ તહોના ચક્ર ઘોડાના શરીરનાં ૧૦ ભાગ ઉપર ઉઠેછે. તેમાંનો ૧ ઘોડાના નીચલા હોઠ ઉપર, બે ઘોડાની ખાનગી જગ્યા ઉપર, બે છાતી ઉપર, બે માથાં ઉપર, બે દુટી પાસે ને એક કપાળની ઉપર, આ મુજબ તેની નેમેલી જગાપર ચક્રો હોય તે ઘોડો સારો ગણાયછે, તેમાં "દેવમન" નામનો ગળા ઉપર ચક્ર હોય તો તેને ભાગ્યશાલી ઘોડો કહેછે.

જે ઘોડાનો અવાજ ગર્જનાં જેવો હોય તે જાતવાન ગણાય છે. પણ જે વાઘ, કોહલાં, યા ગધેડાને મળતો અવાજ ધરા-વેછે તે નેહેસ્ત ગણાયછે.

જે ઘોડાનો પસીનો દુરગંધી ભર્યો વાસ મારતો હોય તે ઘોડો નેહેસ્ત ગણાયછે.

**રંગ ઉપરથી નામ અથવા જાતો**—ઘોડાના રંગ અનેક છે, પણ મુખ્ય રંગ ૭ છે, તેનું પરસપર મિશ્રણ થઇ ૯૬ રંગ બનેલાં છે. તેના રંગ ઉપરથી તેને જૂદાં જૂદાં નામો મળેલાંછે. જેમકે-ચક્ર વાક, મલ્લી નઉલખા, અષ્ટ મંગળ, મુખી, પંચકલ્ યાણુ, શામવર્ણી, શિસ્તરૂ, જય મંગળ વગેરે.

**અનેક દેશની ઉત્પંતિ મુજબનાં જાતી ભેદ-નામો**—જે દેશમાં જે ઘોડો ઉત્પન્ન થાયછે તે દેશનું નામ અને ગુણ તેને મળેછે. જેમકે સિંદી, કાઠીયાવાડી, અરબી, કાબુલી, ભિવરથડી અથવા દક્ષણી, પહાડી, પેગુ, મારવાડી, કચ્છી, માળવી, આસ્ટ્રેલીયન વગેરે.

૧—સિંધી ઘોડાનું નાક બકરા જેવું ઉંચુ હોઇ તે દેશ રેતીનો હોવાથી તેની ચાલ પણ રેતીમાં ચાલવા જેવીજ હોયછે. આ જાત કાઠીઆવાડી ઘોડાથી ઉત્પન્ન થએલી છે; તેથી જેટલી જાતો કાઠીઆવાડમાં છે તેટલી સિંધમાં પણ છે.

૨—કાઠીઆવાડી ઘોડા તીખા, શરીરે પતળા અને દેખાવવાં હોયછે. તેમાં જૂદી જૂદી સંખ્યાબંધ જાતો છે, જેનાં નામો—ફુલ માળીયા-માણકયો, બોરિયા, તાજણીયા, કેશર્યા, મુતાડયો, રેડીયો, માલિયા, બોદલિયા, લખીયા, કશિયા, શિંગાળીયો, બાદરીયો, ચવરઢાળ, જખાદિયા, હરણીયા, મારૂચા, ડોલર, રેશમિયા, લખમિયા, વાગળીયા, બે-ગડિયા. ચટપંખ્યા, નાગફ્ણ્યા, બહેરિયા, સારટીયા, રીમિયા, બોજળિયો, ચિંતામણી, અગરિયો, પરવાળિયો, મોરધ્વજ, પારખમણી, પટૈયા, પોપટ, છલબલ, તોખારિયા, સાંકળીયો કાબર, ધુમટી, કાલડી, વછનાગ, કાગડિયો, પંખાળિયો, હસળિયો, મણીયા, આખાડિયો, રામપહા, પારએયુ, કાળીભાર, શિનયા, ચાંગ્યો પુતગીયો, તેજો, પિછપીયો, ખેંખારિયો, સળીયો, દાવલીયો, કોહાલ, વડિયુયા, લાલપા, રૂપાળિયો મળિયા, ગલિઓ, હરડીયો, મોરા-લિયો, ઢીળાલીયો, માકડો, બાજળીયો, છપ-રિયો, ચોટીલા, હિરાળો, બલીયુયા, માછલીયો એટલી જાતનાં ઘોડા હાલમાં હિંદુસ્તાનમાં ઉત્પન્ન થાયછે.

આ પ્રાણી જેમ જીવતાં જીવત મનુષ્યને અતી ઉપયોગી થઇ પડેછે, તેમ મુવા પછી



પણ તેની લાસ મનુષ્યનાં ઉપયોગની અનેક ચીજો બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. યૂરપમાં તેનાં પગનાં હાડકાં જે ઘણાં કઠણ અને સફેદ હોયછે તેના છરીકાંટાના હાથા બનાવવામાં આવેછે. પુછડી તથા યાળના બાલનું કપડું વણવામાં આવેછે. પાંસળી અને ગરદનને બાળીને તેના હાડકાનો કોલસો બનાવવામાં આવેછે; જે વેળા નિકળતા ધુમાડામાંથી એમોનિયા બનાવવામાં આવેછે, તે ઉપરાંત ચામડામાંના નાના ટુંકા બાલ, ગાદીઓ બનાવવાના કામમાં આવેછે, અને ચામડું ચોકસ ઉંચા પ્રકારના શેકારી વગેરે બુટ બનાવવાના કામમાં આવેછે, વળી તેની ખરી સાફ કરી તેમાંથી તેલ કાઢી લેવામાં આવ્યા પછી, બાકી રહેલી કઠણ ચીજનાં નિખ્યા અને દાંતકોતરણી બનાવવાના કારખાનાવાલાઓને વેચવામાં આવેછે.

ઘોડાની ખરીપર નાલ મારવાનો રેવાજ પ્રથમ કયારે નિકળયો તે ચોકસ નથી. અસલનાં વખતના ઈરાની યોધ્ધાઓ પોતાના ઘોડાની ખરી ફાટી ન જાય તે માટે તેપર ધાતુનું પડ (સુન્ના, ચાંદી વગેરેનું) કરતા હતા. હિંદુ વિરરસ કાવ્યો ઉપરથી જણાયછે કે રજપૂત યોદ્ધાઓ પોતાના ઘોડાની ખરીપર ઉંચી ધાતુનું પડ કરતા હતા. હોમરના વીર-રસ કાવ્ય ઉપરથી એક દાખલો એવો મળેછે કે તે વખતે પિત્તળની ખરીવાલા ઘોડાઓ લઢાઈમાં જતા હતા, યાને તેમની ખરીપર પિતળના પતરાના બુટો જડતા હતા એ સ્પષ્ટ જણાયછે.

એરીસતોતલ અને પલિનીના જમાનામાં તવંગર લોકો ઘોડાની ખરી ચીરાઈ નહિ જાય તે માટે તેમને ચામડાનાં બુટ પેહેરાવતા હતા, ને કોઇતો બુટનાં તળીયામાં ધાતુનાં પતરા જડતા. રોમના જાણીતા નીરોએ પોતાના ઘોડાની ખરીપર રૂપાનાં પતરાં જડા-વેલાં હતા.

હાલમાં જે નાળ જડવામાં આવેછે તેવી પેહેલવેહેલી નાળની શોધ કયારે થઈ એ શેહેનશાહ લીઓના લખાણ ઉપરથી મળેછે, કે પેહેલવેહેલો આ બનાવ ૧૬૮૮ માં બન્યો હતો.

**ઘોતકી**—સિંધમાં શિકારપૂર જીલ્લાનો એક તાલુકો. ૧૮૮૧ માં લોક વસ્તી ૪૨,૪૫૩ ની હતી. તેમાં ૫૬૦૦ હિંદુ, ૩૫૨૫૩ મોહ-મેદન, ૭૫૩ શીખ ને ૮૪૭ બીજી કોમની વસ્તી હતી. તાલુકાનું ક્ષેત્રફળ ૩૮૪ ચોરસ મૈલ છે. તેમાં બે શેહેરો ને ૯૮ ગામો છે.

**ઘોતકી**—ઉપલા તાલુકાનું મુખ્ય શેહેર. લોક વસ્તી ૩૨૪૦ ની છે. તેમા મુખ્ય વસ્તી પઠાન, મલેક, સૈઅદ, મોચી ને લોહાર ટોળાના મોહમેદનોની છે. હિંદુ વસ્તી વાણી-આઓની છે. ગામ નજદીકથી સિંધ પંજાબ અને દિલ્લી રેલ્વે પસાર થાયછે. અત્રે પીર-મૂસાશાહની એક મોટી દરગાહ છે જે ૧૧૩ ફીટ લાંબી ને ૬૫ ફીટ પોહળી છે. મુખ્ય વેપાર ગુળી, ઉન અને શેરડીનો ચાલેછે. અત્રેનાં લોહાર તરફથી બનતું ધાતુકામ ને લાકડાંપરનું નકસી કામ ઘણું વખણાયછે.

**ઘોર**--પશ્ચિમ અફ્ગાનીસ્તાનનો એક પહાડી પ્રદેશ, હીરાતની દક્ષિણ પૂર્વે અને કંદહારની ઉત્તર પશ્ચિમે છે. આ જગામાં હજારા અને ઇમકસ ટોળાઓ વસેછે. ૧૮૪૫થી આ દેશ હિરાતને તાબે ગણાય છે.

**ઘોરકલ્પ**--હાલમાં ચાલુ જે બ્રહ્મમાસ તેનો એ ૨૫ મો દિવસ, અથવા કલ્પ થઇ ગયો. આ કલ્પની રાત સમાપ્ત થવાના વખતે મત્સ્ય અવતાર થયો હતો અને પછી દિવસ અથવા કલ્પ જે શરૂ થયો તેજ આ વારાહ કલ્પ કે જે હાલમાં ચાલુછે.

**ઘોરીનસ**--આ મોંસના ત્રણ પડોની નેસ-માંથી શરીર માંહે લાલ લોહી વહેછે. એને જીવન તથા ધમની પણ કહેછે. આ નેસમાં લોહી અતી વેગથી ફરહર કરેછે, અને તેથી તેની ધમનીપર સ્પર્શ કરવાથી તેને જાણી શકાયછે. હાથની પોંહચીના અંગુઠા તરફના ભાગ ઉપર આંગળી મેળીયાથી જે ઉડતી નસ જણાયછે તે ધમની છે. દિલના ડાબા

ઓરડાની ઉપલી બાજુમાંથી એક મોટી નળી જે પ્રથમ ચપટી બનેલી હોઇ કમાન આકારે જમણી તથા ડાબી ગમ વાંક લેછે અને છાતીમાં થઇ પેટના નીચલા ભાગ વેર હેઠે ઉતરેછે તે મોટી ધોરી નસ કહેવાયછે. આ મોટી ધોરી નેસના ઉપલા વાંકદાર ભાગમાંથી ૩ ધમની નિકળે છે અને તેમાંથી નિકળેલી શાખાઓ બેઉ હાથ, ગરદન, માથું વગેરે ભાગમાં રાતું લોહી પોંહચાડેછે.

મોટી ધમનીની છાતીમાં આવેલા ભાગમાંથી નાહની શાખાઓ છાતી તથા પીઠના માસમાં વધેછે. પેટમાં આ મોટી ધમનીમાંથી હોજરી આતરડાં, કાળજુ, તલ્લી ગુરદાનાં તથા પેટમાંના દરેક ભાગ તથા અવયવમાં એક ધોરી નસ વધેછે, પછી પેટમાં નીચલા ભાગમાં મોટી ધમનીના બે ભાગ થાયછે. અને તેમાંનો અકેક ભાગ દરેક જાંગ અને પગનાં સર્વે ભાગોમાં લોહી પોંહચાડેછે. આ રીતે ધોરી નેસની શાખાઓ તમામ શરીર માહેલા દરેક હાડકાં, માસનાં લોચા, પેટ તથા છાતીનાં અવયવ તથા ભેજાનાં તેના કદ મુજબની ધોરી નેસ વધી સંબંધ ધરાવેછે. આ ધમનીની નાહનામાં નાહની ને ઝીણી શાખા તંતૂ કરતાં બારીક હોયછે.

**ધોરાબારી**—-સિંધમાં આ કરાંચીને તાબેનો તાલુકો. લોક વસ્તી ૩૪,૩૬૦ની છે. તેમાં ૩૪૧૭ હિંદુ, ૩૦૨૦૨ મોહમેદન, ૬૯૭ શીખ અને ૪૪, ૫૨ કોમની વસ્તી હતી. ક્ષેત્રફળ ૫૬૬ ચોરસ મૈલ છે. તેમાં ૧ શેહેરને ૯૭ ગામડાં છે. વાર્ષિક ઉપજ ૮૧૪૦ પૌંડની ઉપજેછે. અત્રેની ૨૬૩૬૦ એકર જમીન ખેતીવાડી માટે રોકાયલીછે.

**ધોલીકા**--એના વૃક્ષ હિંદમાં ઘણા વિશાળ ઉગેછે. એની ગોળાકાર પાંદડી રતાસ ઉપર હોયછે. એનીપર ઉગતા દીંડવામાં કાળા રંગના બિજ હોયછે. ધોલીકાની બે જાતો છે. એના ફળ બેથી અઢી આંગળ મોટાં હોયછે, તેનું શાક બનેછે.

**ધોષા**--આ વિદ્વાન સ્ત્રી કાક્ષિવાન રાજાની પુત્રી હતી. એને બચપણમાં રક્તપીત્તનો રોગ લાગુ પડયો હતો, પણ અશ્વિધયે તે રોગ સારો કર્યાથી એના લગ્ન થયાં હતાઃ ધોષાએ ઋગવેદ સંહિતાનાં ૧૦ મંડળનાં ૩૯ અને ૪૦ સૂક્તો રચ્યાં હતા.

**ધોળ**--આ બારે માસ ઉગતું ઉદ્‌ભિજ બધે આપોઆપ ઉગેછે. વાડીમાં થતી ધોળનાં પાંદડાં નાજુક ને લાંબાં હોયછે, જેની ભાજી બનેછે. પોતાની મેળે થતી ધોળનાં પાંદડાં ઝીણાં, રાતાં ને રૂચીહીન હોયછે. ધોળનાં બીયાં બંદુકની દારૂ જેવાં હોયછે. બીયાં આવ્યા પછી એ ભાજીનું શાક ખવાતું નથી. આ ઉદ્‌ભિજની યોજના ઔષધિમાં કરેલીછે.

---

# ચ.

**ચ**—મુળાક્ષરનો ૧૭ મો અક્ષર.

**ચએચસ્તે સરોવર**—ઇરાનનાં પ્રાચીન ભૂગોળ મુજબ આજરબિજાનમાં આ સરોવર હતો કે જે હાલ ઉરૂમિયાને નામે જાણીતો છે. (જુઓ ઉરૂમિયા) આજ સરોવર આસપાસ પાદશાહ કયખશરૂએ ચઢાઇ કરી ત્યાંની મૂર્તિપૂજક પ્રજાને વશ કરી ત્યાં પવિત્ર દીન ફેલાવી હતી, તથા ત્યાં આદરગુશસ્પ નામે આતશકદેહ બંધાવ્યું હતું. એને હુસ્રૂ નામના સરોવરથી ૫૦ ફરસંગ દુર જણાવેલો છે.*

**ચકનાસ**—સિયામ તથા બરમાનાં જંગલોમાં આ ઉંદરને મળતું પ્રાણી જણાયછે. એના પંજા તિણા નખવાલાં હોયછે. તે તરફનાં જંગલોમાં ચકનાસ ઘાસ તળે ભરાઇ ખોરાક શોધેછે. જયારે હાથીઓ એમનાં રહેઠાણનું ઘાસ ખાવા જાયછે ત્યારે તેમની સુંઢપર ચકનાસ ચોંહટી બેસી તે કદાવર પ્રાણીને પોતાનાં તીણાં પંજાથી પજવી તેનું મરણ નીપજાવેછે.

**ચકમક**— આ ખનીજ મુખ્યકરી ચૅાકવાલી જમીનનાં ઉપલા પડમાં મળેછે, પણ કોઇવાર ચૅાકનાં પડની વચ્ચે પણ તેનાં પાતળા ચપટાં પડો જડેછે. ચકમકનાં રંગની અનેક જાતો છે—તે કાબરચીત્રી હોયછે અને સેહેજ કાબરચીત્રા કાળા, પિળા અથવા રતાસદાર કાળા રંગની થતી જાયછે, તેનો ઝળકાટ ઝાંખો હોયછે અને તે કોર આગળથી તદ્દન પારદર્શક હોયછે. તે સેહેજમાં ભાંજી શકાયછે. જે તેના બે કટકાને અંધારામાં ધરયા હોય તો તેમાંથી ઝાંખું અજવાળું તથા ચોકસજાતનો વાસ નિકળેછે. તે પિગળી શકતી નથી, પણ ગરમ કીધાથી તેનો ગુણ સેહેજ બદલાયછે. તે વેળા તે વધારે ભાગે તેવી બનેછે, (મુખ્ય કરી તેને જયારે લાલચોળ કરી પાણીમાં બોળેછે ત્યારે ભાગેછે.) તથા પારદર્શક અને સફેદ થાયછે.

**ઉપયોગ**—ચકમક સખત હોવાથી દિવાસળીની શોધ થઇ તે આગમજ બળતું કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવતો હતો. પાણીનાં વાસણ બનાવવામાં માટીમાં ભેળેલી ચકમક બહુ ખપેછે. જયારે ચકમક મ્હોટા કદની મળેછે ત્યારે તેનો ઉપયોગ બાંધકામમાં પણ કરેછે. તે રસ્તા બાંધવાનાં કામમાં પણ આવેછે. પણ તે ભાગી ભૂકો થાય તેવી હોવાથી તથા તે સખત અને અણીદાર હોવાથી ઘોડાની નાળ, પૈડાં તથા જોડા જલ્દી પતળાં બનાવેછે. તેનો હવે રસ્તા બાંધવામાં ઉપયોગ કરતાં નથી. આગલા જમાનામાં ચકમકને વારેઘડીએ છરી, તીર, તથા ભાલાનાં માથાં અને બીજાં હથીયારો બનાવવામાં વાપરતા હતા.

**ચકમાં**—ચિતાગોંગ જીલ્લામાં વસ્તી એક પ્રજા. આ પ્રજા 'તોતીયા જોમ મહાલ' તરફ ૨૮૦૦૦ ની સંખ્યામાં વસેછે. આ પ્રજામાં મનુષ્ય બળી આપવાનો ચાલ છે, પણ ૧૮૫૨ માં આવી રીતે મનુષ્યબળી આપવા માટે બ્રિટીશ સરકારે કેટલાક ચકમાસોને ખૂનનાં આરોપસર પકડી શિક્ષા કરી હતી. આ મનુષ્યવધની જગ્યા જંગલમાં ૬ ફીટ ઉંચા બાંબુની વાડવાલી ઘેરેલી જગ્યામાં કરેલીછે. હાલમાં તેઓમાંથી મનુષ્ય બળી આપવાની ચાલ નિકળી ગઇછે, છતાં ચોરી છુપીથી તેઓ કોઇ કોઇ વેળા આ ઘોર ધર્મી કર્મ બજાવેછે.

**ચક્ર**—વર્ષનું ચક્ર. જેમકે રાશિચક્ર, નક્ષત્રચક્ર એ જયોતિષ શાસ્ત્રનું મુખ્ય અંગ ગણાયછે.

---

* "હુસ્રૂને આતશની નિયાએશમાં "વરોઈશ હયોસ્રવંધ (-જેને કેટલાકો કયખશરૂનો સરોવર એમ અર્થ કરેછે તેની— )સાથે સરખાવવામાં આવેછે, અને જે હાલનો વાન સરોવર અથવા સેવન સરોવર ધારવામાં આવેછે.' અ૦ વિ૦ ફરહંગ પૃષ્ઠ ૭૭'

**ચક્રધર**—આ નાહની તેકડી કાશમિરની પૂર્વેથી વહેતીજતી 'વિતસ્તા' નદીને કાંઠેછે. 'ચક્ર' નુંજ 'ચાક, એ રૂપાંતર બની હાલમાં એને 'ચાકધર' કહેછે. આ તેકડીપર હાલમાં જેજે ખંડિયરો જણાયછે તે ઉપરથી માલમ પડેછે કે આગળ તે એક મ્હોટું શેહેર તથા ત્યાં કિલ્લો હશે. તેમજ હાલમાં પણ ત્યાં દર વર્ષે કાશમિરી, કાબુલી અને સીથિયન દેશનાં નાણું જડેછે. તેમાં કેટલાક સુન્નાં રૂપાનાં પણ જડયાંછે. અત્રેની જમીન ખોદતાં કેટલીક નવી શોધો થઇ શકશે એમ ડૉ૰ બુલ્હરનું કહેવું છે.

**ચક્રતિર્થ**— (જુઓ કુરૂક્ષેત્ર.)

**ચક્રપદ છંદ**—પીંગળ શાસ્ત્ર મુજબ ૧ ભગણ, ૩ નગણ, ૧ લઘુ, ને ૧ ગુરૂનો ચક્રપદ છંદ થાયછે, તેમાં ૭ અક્ષરે વિસામો આવેછે.

**ચક્રપ્ય**—આ જાણિતો કવિ બ્રાહ્મણ નેલૂર પ્રાંતમાંના ટેકુ નામે ગામમાં જનમ્યો હતો. એ શ્રી રામચંદ્રનો ભકત હોવાથી એનામાં કવિતાઈ જ્ઞાન સારૂં હતું. એ ૧૬ વર્ષની ઉમરથી કવિતા રચવા લાગો. એ યમક બાંધવામાં કુશળ હતો. જે કાંઇ સંભાષણમાં બોલવું પડતું તે એ શ્લોકબદ્ધ બોલતો. એની કીર્તિ સાંભળી યાચમનીડુએ એને પોતાના આશ્રયમાં લઇ એની પાસે શ્રી રામચંદ્રપ્રીત્યર્થે ૧૦૦ સ્તોત્ર કરવા વિષે કહ્યું. આ કામ એણે બજાવ્યાથી એને એની મેહેનતના બદલામાં જમીનો મળી હતી. એ ૬૦ વર્ષની વૃદ્ધ વયે મરણ પામ્યો હતો.

**ચક્રવતિ**—મ્હોટા રાજ્યોપર સર્વોપરી સત્તા ધરાવનાર મહાન રાજાને ચક્રવતિ નામ આગલા જમાનામાં આપતા હતા. આવા ચક્રવતિ રાજા હિંદમાં ગણુત્રીનાં થઇ ગયા છે. હાલમાં બંગાલ તરફ બ્રાહ્મણ કુટુંબમાં "ચક્રબતિ' નામ વાપરવામાં આવેછે. ૭ મો એડવર્ડ હિંદમાં ચક્રવતિ મહારાજા ગણાયછે.

**ચક્રશસ્ત્ર**—શ્રીકૃષ્ણનું એક લઢાઇનું હથિયાર. આ ચક્ર દાંતાવાળું હોઇ તેને વચલી આંગળીમાં પેહેરી લઢાઇ દરમ્યાન લશકરનાં સમુદાયમાં ફેરવીને ફેંકવામાં આવતું: દેવતાઇ લઢાઈઓમાં દેવતાઓ બળતા ચક્રને લશકર ઉપર ફેંકી મ્હોટી આગ લગાડી શકતા હતા.

**ચક્રવર્મા**—નિર્જીતવર્મા નામે કાશમિરના રાજાના મરણ પછી ઈ. સ. ૯૨૧માં એ બાળવયે રાજ્યગાદીનો માલેક. કહેવાયો. પણ એના દુરાચરણને લીધે એને મંત્રીઓએ પદભ્રષ્ટ કરી શૂરવર્મા નામે એક બેશીને રાજ્યપદ આપ્યું, પણ તેને ૧ વર્ષ પછી પદભ્રષ્ટ કરી પાર્થવર્માને બીજીવાર રાજ્યમંત્રીઓએ બેસાડયો. પણ ચક્રવર્માએ મંત્રીઓને દ્રવ્યની લાલચ આપવાથી ઇ. સ. ૯૨૪ માં ફરી ગાદીએ બેસાડયો. એણે પ્રપંચી 'મેરૂવર્ધન' નાં પુત્રોને રાજ્ય કારોબાર સોંપ્યો હતો. શંકર વર્ધનને ન્યાયાધિશનું કામ સોંપ્યું તથા શંભૂવર્ધનને ગૃહ કૃત્યો ઉપર નેમ્યો પણ એજ વર્ષનાં પોષ માસમાં ચક્ર વર્મા પાસે મંત્રીઓનો પગાર આપવાનું ધન નહિ હોવાથી એને ગાદી છોડી નહાશી જવું પડયું, એ નહાશીને મંડળ જઈ રહ્યો. એક દિવસ શ્રી ઢક્કવાસી 'સંગ્રામ' નામના લઢાયક ડામર સાથે ચક્રવર્માની મુલાકાત થતાં તેને મ્હોટી દોલત અને ઓધાની લાલચ આપતાં તેણે લઢાઈમાં મદદ કરવાનું વચન આપી લઢાઈની તૈયારી કરી. પેહેલી લાઢઈ પદ્મપુર પાસે થઇ તેમાં ચક્રવર્માએ શંકરવર્ધનનો નાશ કરી દુશમનની સેનાને નહસાડી. આ લઢાઈમાં દુશમનનાં ૫૦૦૦, માનસોનો નાશ થયો, આથી શંભૂવર્માએ ફરી સૈન્ય ભેગું કર્યું, પણ તેટલાં ચક્રવર્મા મ્હોટા સૈન્યદળ સાથે રાજધાનીમાં દાખલ થયો અને શંભૂવર્મા નામે પ્રપંચી રાજાને મારી નાખી નચીંતે રાજ્ય કરવા લાગો; તે પછી ચક્રવર્મા રંગ રાગમાં ઘણો કાળ ગુમાવવા લાગો. એક સમયે 'ડોમ્બ' ગવૈયો પોતાની 'હંસી' અને 'નાગલતા' નામે બે પુત્રીઓ સાથે દરબારમાં આવી નૃત્ય તથા ગાયણથી રાજાનું મન મોહિત કર્યું. તેમાં હંસી કંચનીએ રાજાનું



મન વશકરી રાણીપદ પામી. હંસી રાણી થવાથી તેની નીચ જાતવાલાઓનું રાજ્યમાં બળ વધ્યું. આથી ચક્રવર્મા દુરાચરણમાં પડી ઈ. સ. ૬૩૫ માં માર્યો ગયો હતો.

**ચક્રવક**--(જુઓ જલૌક.)

**ચક્રવાલ**—એજ નામના તેહેસીલદારીનું ગામ. જેહેલમ શેહેરની દક્ષિણ પૂર્વે ૫૪ મૈલપર છે. જમુનાં મેહેર રજપૂતોએ આ ગામ સ્થાપન કર્યું હતું. જેના વંશજો હાલમાં પણ જમીનદારોછે. ૧૮૮૧માં લોકવસ્તી ૫૭૧.૭ની હતી; તેમાં ૩૨૭૯ મુસલમાનો અને ૨૦૪૫ હિંદુઓ અને શિખ ૩૯૩ હતા.

**ચક્રીકા**—આ એક અતી સુંદર ફુલઝાડનાં મૂળીઆં ગાંઠવાલાં હોયછે. એનાં પાંદડાં ત્રીદળ અથવા ચતુર્દળ હોયછે. એનાં પાંદડાં રાત્રે બિડાઇ જઇ ઝુલતા રહેછે. એપર ફૂલો અનેક પ્રકાર તથા રંગનાં આવેછે. ચક્રિકાનો છોડ કુંડામાં સારાં ઉછરેછે, એના હિંગામ ઉપર બે દિવસ આંતરે પાણી પાવું, પણ ફુલો ખીલી રહેતાં પાણી સીપવાનું બંધ કરવું. એ છોડ સુકાતાં તેની ગાંઠોને છાંયડાવાલી જગ્યાની રેતીમાં બે માસ સુધી જાળવી રાખેછે, અને તેની મોસમ આવતાં તે મૂળીયાં ફરી ઉપયોગમાં લેવાયછે.

**ચકૂણ**—આ વિદ્વાન રસાયન શાસ્ત્રી ઇ૰ સ૰ ૬૯૭ માં ભૂખાર દેશથી લલિતાદીત્યે કાશમિરમાં તેડાવી પોતાની દરબારમાં રાખ્યો હતો. એ રસાયન પ્રયોગથી સોનું બનાવી શકતો અને તેથી રાજાના ખજાનામાં પુશકળ સોનું બનાવી એકઠું કર્યું હતું. એની પાસે બે મણી હતા—જેમાંનો એક પાણીમાં નાખતાં પાણીના બે ભાગ થતાં, ને બીજો નાખતાં તે પેહેલાં મણીને ખેંચી લાવતો. આ મણી રાજા લલિતાદીત્યે માગતાં ચકુણે તે આપીઆથી તેના બદલામાં રાજાએ મગધ દેશમાંથી આણેલી બુદ્ધની મૂર્તિ ભેટ આપી હતી. જે મૂર્તિને ચકૂણે પોતાનાં વિહારમાં સ્થાપન કરી હતી.

**ચકોર**—ફાર્સીમાં એને "આતશખોર" કહે છે. આ પક્ષી ટીબેટ તથા ઇંડસ કાંઠેના પ્રદેશમાં પુશકળ મળી આવેછે. થંડીની ઋતૂમાં જ્યારે પર્વતોપર બરફ છવાયછે ત્યારે ચકોર નદી કાંઠેના પ્રદેશમાં પુશકળ ઉભાઇ જાયછે, અને ત્યાંના ખડકોમાં ભરાઇ રહેછે. ડૉ૰ થૅામસને એક સમે પોતાની શેકારી ટોળીની મદદથી મ્હોટા વિસ્તારવાલો ભાગ રોકી ચકોરનાં ટોલાને પકડવાની ભારે મેહેનત કરી હતી, પણ તે ટોળી માત્ર ૬ થી ૮ ચકોરને પકડી શકી હતી. આ પક્ષી મનુષ્ય સાથે કદી હળીમળી જતું નથી.

**ચપ્ર**—ક્ષત્રોઇહાને ઇરાન મુજબ આ શેહેરને અહૂરમજદે ઉત્પન્ન કર્યું હતું. આ શેહેર ખોરાસાનમાં જણાવવામાં આવેછે. ફીરદોસી એને 'ચેહેરમ' તરીકે જણાવી ગયોછે. એને ફાર્સીમાં 'ચકર' ને નામે ઓળખાવ્યું છે, ને સંસ્કૃતમાં 'ચક્ર' કહેછે.

**ચંગ**—આ ચીનાઇ માપ ૧૦ ઈંચ લંબાઇનું હોયછે.

**ચંગ**—નેપાલ અને સકીમની વચમાની સરહદપર વસ્તી પ્રજા. આ પ્રજા ચપળ, મહેનતુ અને ખડતળ બાંધાનીછે. તેઓ ખેતીવાડીનો ધંધો કરી તેપર ગુજરાન કરેછે, અને ગાય, ડુક્કર, તથા મરઘાં બતકાં પાળવાનો ભારે શોખ ધરાવેછે, તેઓ બાંબુની બનાવેલી ઝુપડીમાં વસેછે. આ પ્રજા દારૂના વ્યસનમાં ભારે ડુબેલી જણાઇ છે.

**ચંગચૌ**—ચીનનું એક જાણીતું શેહેર. એમોયની પશ્ચિમથી દક્ષિણે ૨૪ મૈલપર છે. લોક વસ્તી૧૦,૦૦,૦૦૦ ની છે.

(૨) ચીનમાં ક્યાંગસૂ પ્રાંતમાંનુ ગામ, નાનકીંગની પૂર્વથી દક્ષિણે ૫૦ મૈલપર છે. લોક વસ્તી ૩,૬૦૮૦૦, નીછે.

**ચંગભાગર**—બંગાલમાંનું એક દેશી રાજ્ય. ક્ષેત્રફળ ૯૦૬ ચોરસ મૈલ છે. લોક વસ્તી ૧૩,૪૧૬ની છે. એની ઉત્તર પૂર્વેથી દક્ષિણમાં ૩૦૦૦ ફીટ ઉંચા પર્વતની હાર લંબાયલીછે, અને આ દેશનો ઘણોખરો ભાગ પહાડી છે.

આ રાજ્યે મરાઠા તથા પિંડારાનાં દોરથી ઘણું ખમ્યુંછે. અત્રે બનાસ તથા ન્યૂર માત્ર એ નાહની નદીઓ વહેછે. અત્રેનાં વડા અધિપતિને ભાયા નામે ઓળખેછે. તે 'જન-કપૂર' ગામમાં વસેછે. આ રાજ્યને વાર્ષિક મેહેસૂલ ૩૪૦ પૌંડની ઉપજેછે, જેમાંથી ચોથાઇનાં ૩૮ પૌંડ ભરવા પડેછે. મુખ્ય વસ્તી હિંદુઓની છે.

**ચંગલો**—આ તીબેટમાં વસ્તી પ્રજા ભૂતા-નમાંની 'લ્હોપા' જાતની એક શાખા ગણાયછે; એઓ દક્ષિણ હિમાલયાનાં ભાગમાં ખેતીવાડીનો ધંધો કરેછે. એઓ રંગે કાળા અને મજબૂત ખડતળ બાંધાનાં છે.

**ચંગશા**—ચીનમાં આ શેહેર હંગકવાંગ નદી-પર હુનાન પ્રાંતનું મુખ્ય શેહેર છે. લોક વસ્તી ૩,૦૦,૦૦૦ની છે.

**ચંગસીલ**—પંજાબમાં બાશહરનાં રાજ્યમાંના પર્વતની એક હાર. આ પર્વત હિમાલયની દક્ષિણ પશ્ચિમ હારમાંથી નિકળી કુનાવારની દક્ષિણ હદ બાંધેછે. એની ઉંચાઇ સમુદ્ર સપાટીથી ૧૩૦૦૦ થી ૧૪૦૦૦ ફીટની છે.

**ચંગાર**—પંજાબમાં આ ભટકતી પ્રજા છે. આ પ્રજા તર્કીશ ચીગાનેહ, ઇટાલીયન ઝીંગારો, સ્પેનીશ જીટાનો અને ઇંગલીશ જીપસીને મળતીછે. દિલ્લિ તરફ આ પ્રજાને 'કંજૂર' કહેછે કે, જેનો અર્થ 'નાચનારી બાળા' ને મળતો થાયછે.

**ચંગાલ**—અફ્રીયાબ તરફ આ નામના ઝાડની ઉત્પંતિ થાયછે. એના લાકડામાંથી હોડી બનાવી શકાયછે.

**ચંગીઝખાન**—એને ઝંગીજ અથવા જંગી-જને નામે પણ ઓળખવામાં આવેછે. એની અટક 'તામુજીન' હતી. એનો પિતા 'યૂસુફ' મોંગોલ' ટોળાનો ઉપરી હતો. ચંગીઝનો જન્મ ઇ. સ. ૧૧૫૪ માં હિજરી. સ. ૫૪૯ માં થયો હતો. ૧૩ વર્ષની ઉમરે એના પિતાના મ્હોત પછી વડપણ પામ્યો, પણ એને નહાશી 'અવન્તખાન'નાં આશ્રયમાં જઇ રહેવું પડ્યું; જ્યાં એ તેની બેટી સાથે પરણ્યો, પણ પાછળથી સસરા જમાઇ વચ્ચે અનબનાવ થતાં એણે મ્હોટું લશકર મેળવી જગેજગ ફત્તેહો મેળવવા માંડી. ૪૯ વર્ષની વયે ચંગીઝખાન અંજીક કહેવાયો; અને તાર-તરી ખાતે એને 'ખાકાનનો' ઇલકાબ ઇ. સ. ૧૨૦૬-હિ. સ. ૬૦૨ માં આપ્યો. તે પછી એણે પોતાને તારતરીનાં શેહેનશાહ તરીકે જાહેર કીધો. એણે પોતાનું પાયતખત 'કારાકોરમ' બનાવ્યું હતું. તે પછી એણે ૨૨ વર્ષ દરમ્યાન કોરિયા, સિથીયા, ચીનનો કેટલોક ભાગ અને એશિઆનાં પ્રસિદ્ધ ભાગો-પર પોતાની રાજ્યસત્તા સ્થાપી. એનું મરણ ઇ. સ. ૧૨૨૭ માં ૨૯ આગસ્ટે નિપજ્યું. (હિ. સ. ૬૨૪ રમજાન). એણે પોતાનું રાજ્ય ૨૭૦૦ મૈલ લાંબુ અને ૧૫૦૦ મૈલ પોહળું બનાવ્યું હતું. એણે આ બોહોળું રાજ્ય ૪ પુત્રોને વેંહેંચી આપ્યું હતું. જુજી, ઓકતય, ચઘતાય અને તૂલીઆન.

| એના વંશજોનો રાજ્ય અમલ— | ઇ૦ સન૦ |
|---|---|
| ચંગીજખાન ... ... ... ... ... ... | ૧૨૦૬ |
| તુલીખાન ( ચંગીગનો બેટો ) ... ... ... ... | ૧૨૨૭ |
| ઓકતય. ( " " " ) ... ... ... ... ... | ૧૨૪૧ |
| તૂર્કીનાં 'ખાતૂન' ( ઓકતયની બાનુ ) ... ... ... | ૧૨૪૫ |
| કાયૂક ખાન ( ઓકતયનો બેટો ) ... ... ... ... | ૧૨૪૬ |
| ઓગુલગન ( કાયૂકની બાઇડી ) ... ... ... ... | ૧૨૪૮ |
| મંગુખાન ( તુલીખાનનો બેટો ) ... | ૧૨૫૧ (૧૨૫૯માં મરણ નીપજ્યું. |



મંગુના મરણ પછી મોંગોલ રાજ્ય જૂદા જૂદા હીસ્સેદારોમાં વેંહેંચાઇ ગયું હતુ. તેમાં ચીન, ઇરાન વગેરેમાં તેઓ સ્વતંત્ર પાદશાહ થયા.

કબલાયખાન ( મંગુનો ભાઇ ) ચીનનો પાદશાહ, એણે યૂનવંશની—સ્થાપના કરી ...૧૨૬૦ માં

ચઘતાઇખાન (એ ચંગીઝનો બેટો) ત્રાન્સકોકેસ્યામાં રાજ્ય સ્થાપી પોતાના વંશની સ્થા-પના કરી—૧૨૪૦. જુજી ( ચંગીગનો બેટો ) એણે કાપચીક વંશ સ્થાપ્યો—૧૨૨૬ ( જુઓ હલાકુખાન. )

**ચઘતીખાન**—ચંગીઝખાનનો એકમાર્ગી અને પરહેજગાર બેટો. એના પિતાની મર્જીને લીધે એને ત્રાન્સકોકૅસ્યા, બલખ અને કાશગરનાં રાજ્યકર્તા તરીકેનો ઓધો ઇ૦ સ૦ ૧૨૨૭ માં લેવો પડયો હતો. એનું મરણ ઇ૦ સ૦ ૧૨૪૧નાં જુન—હીજરી સન ૬૩૮ માં નીપજયું હતું. એના વંશમાંથી હીંદના મોગલ શેહેનશાહાતનાં પાદશાહો થયા હતા.

**ચઘતાઈ**—આજ તૂર્ક ટોળામાં શેહેનશાહ બાબ-રનો જન્મ થયો હતો; દિલ્લીની રાજદરબારમાં ચઘતાઇ ટોળાવાલાઓની છેલ્લેવેર સત્તા ચાલુ હતી. એઓમાં બે પંથ, બે ભાષા અને બે જાતી છે. તેમાં તેહેરાન, ઇરાન અને તૂર્કસ્તા-નનાં ચઘતાઇ ગણાયછે. ઇરાની ચઘતાઇઓ-શીયા પંથ પાળેછે અને તૂર્કસ્તાનનાં સૂની પંથનાં છે, અને તેઓ તૂર્ક ભાષા બોલેછે. ઇ૦ સ૦ ૧૩૩૦ માં આ ટોળાની રાજ્ય સત્તા ઘણી બળવંત ગણાતી હતી. એઓ ખોજંદ, તાશખંદ, ઓત્રાર, સાયરોપોલીસ અને અલેકઝાન્ડ્રીયાની ઉત્તર તરફ સત્તા ભોગવતા હતા.

**ચંચરીછંદ**—પીંગળશાસ્ત્ર મુજબ ૧ ને છેલ્લો રગણ, બીજો સગણ, ત્રીજો ને ચોથો જગણ ને પાંચમો ભગણ હોય તો એ છંદ બને. તેમાં દસ તથા છ અક્ષરે વિસામો આવેછે.

**ચંચળાછંદ**—પિંગળશાસ્ત્ર મુજબ ૮ ગુરૂ લઘુનો અથવા રગણ, જગણ, રગણ, જગણ, રગણ ને ૧ લઘુનો ચંચળાછંદ બનેછે. તેમાં ૮મે અક્ષરે વિસામો આવેછે.

**ચંચારૂ**—ડૉ૦ વિલસનનાં જણાવવા મુજબ દક્ષિણ હિંદમાં વસતી એક જંગલી પ્રજા. તેઓ મુખ્ય કરી ચીનસૂરાના વતની હોવાથી એ નામે ઓળખાયછે.

**ચટાઈ**—આ પદાર્થ નેતર તથા ચોકસ પ્રકા-રનાં ઘાસમાંથી બનાવવામાં આવેછે. મલ-બારનાં કિનારાપર નેતરની ઝાડીઓ છે—તેમજ તે તરફ ચટાઇ વણવા લાયકનું જાડું ઘાસ ઉગેછે. બંગાલમાં 'મદુરા તથા સીતળપટી' ગામમાં ઘાસની ચટાઇઓ બને છે. આજ ચટાઇને અત્રે ચીનાઈ સાદરી કહેછે, પણ તે મુખ્ય કરી બંગાલમાંના 'મિદનાપૂર'માં બને છે.

મદ્રાસ ઇલાકામાં પાલઘાટ તથા તિના-વેલ્લીમાં અતી ઉત્તમ ચટાઇ બનેછે. આ ચટાઇઓ બનાવવામાં નદીમાંની શેવાળોનો ઉપયોગ કરેછે. આ ચટાઇઓ એટલી તો નરમ હોયછે કે એક મનુષ્ય તેપર સુઇ શકે તેવી ચટાઇની હાથમાંની લાકડી જેવડી ઝીણી ઘડી કરી શકાયછે. પાલઘાટની ચટા-ઇપર ચાર ખૂણા, આંઠ ખુણા રોકી ભૂમિતિની સીધી રેષા બનાવેલી હોયછે. આ ચટાઇઓ શાલ ઉપર વણેછે. એના 'માગ' ઉપરના તાણા સુતરના હોયછે અને આડા દોરા શેવાળનાં હોયછે. આ શેવાળને રંગી તેની ચટાઇ વણવાથી તે ઘણીજ સુંદર દીસેછે.

બંગાલમાં 'કદેળી'ના છાલની ચટાઈ વણેછે. તેને "સીતળપાટી" કહેછે. આ ચટાઇ એટલી તો લીસી અને સફાઇદાર બના-વેલી હોયછે કે ભોંયપર બિછાવેલી ચટાઇ ઉપરથી સાંપ વટીક ચાલી શકતો નથી. આ ચટાઇ અતિશય ઠંડક ધરાવતી હોવાથી ગર્મીમાં બંગાલનાં શ્રીમંતો તેને બિછાના ઉપર બિછાવી તેપર સૂવેછે. ઉત્તમ કારીગ-

રીની સીતળપાટી, ફ્રીદપૂર, બાકરગંજ અને ચિતાગોંગ જીલ્લામાં બનેછે. આ ચટાઈ સ્ત્રીઓ વણેછે. જે કુમારીકા ઉત્તમ પ્રકારની સીતળપાટી વણી જાણેછે તેના પિતાને જમાઇ તરફથી સામાં રીતમાં નાણું મળેછે. અકેક સીતળપાટી રૂ. ૫ થી રૂ૧૦૦ સુધી વેચાયછે.

લૉર્ડ ક્યાનેમૅાર નામે મદ્રાસના આગલા એક ગવરનર માટે મલબારમાં એક ચટાઇ રૂ૧૦૦૦ ખર્ચી બનાવવામાં આવી હતી.

બરમામાં હાથીદાંતની ચીપથી વણેલી ચટાઇઓ 'શીળહર' ગામમાં બનેછે.

કોચીનમાં તહેંવાર ક્રીસમ અને રંગની ચટાઇઓ બનેછે. મુખ્ય ચટાઇ ૪ રંગની બનેછે. તે રંગે સફેદ, લાલ, કાલી અને પિળી હોયછે. સફેદ રંગ ખુદ્રતી છે જ્યારે બીજા રંગો મેળવણીથી ચઢાવવામાં આવેછે. આ ચટાઇ ૦)– આનાથી ૦)॥= સુધી સાધારણ મળેછે. પણ ખુમાસદાર, હલકી અને ઉંચી ક્રીસમની ખાસ કારીગરીથી વણેલી ચટાઇ રૂ૧૫ થી રૂ૨૫ સુધી મળેછે, આ સાદડી માટેનું ઘાસ ભિનાસવાલી જગ્યા અને નદીઓને કીનારે ઉગેછે. જેની ઉંચાઈ આસરે ૬ ફીટ જેટલી હોયછે, અને તે ઘાસનો આકાર ત્રિકોણના જેવો હોયછે. સાદડીઓ વણવાની અગાઉ આ ઘાસને કુશળતાથી ચીરી નાખી તેના ભાગો કરેછે. જેવા કુમાસ કે ક્રીસમની ચટાઇ બનાવવી હોય તે પ્રમાણે તે ઘાસનાં ૪—૮ કે કોઈ વેળા ૧૨ ભાગ કરવા પડેછે. આ મુજબ ઘાસમાંથી ઉતારેલી ચીપોને ઘણીજ સંભાળથી સુકવવામાં આવેછે. સાદડી વણવા માટેની 'શાલ' સાદી હોયછે.

જેપાની ચટાઈ દુનિયામાં હરીફાઈ વિનાની ગણાયછે. તે દેશમાં આ ચટાઇ માટેનું ઘાસ ઉગાડવા તેના બિયાં ડીસેંબરમાં રોપી જુન તથા જુલેમાં તેનો પાક ઉતારવામાં આવેછે. આ નવા ઘાસમાંથી ચટાઇ બનાવવાનું કામ આગષ્ટ માસથી શરૂ કરી ડીસેંબરમાં પુરૂં કરેછે. ઉત્તમ જાતની સાદડી વણવા માટે સુતરનો ઉપયોગ કરેછે, તેથી માલ સારો બનેછે. ત્યાં આ ચટાઇ બનાવવાનાં સાંચા ગુચવણભર્યા બનાવવામાં આવેછે, અને તેના યંત્રો પગે ચલાવી શકેછે, તથા દરેક ચટાઇ વણવા સંચા ઉપર ૨ થી ૩ માનસો કામે લાગેછે. તેઓ ચટાઇ રંગવા માટે જે રંગ વાપરેછે તે ઘણીજ ઉંચી કુશળતાથી બનાવેછે, આ ચટાઇઓ એટલી તો જાત અને પ્રકારની બનાવેછે કે કોઈ વેળા તે ૩૦૦૦ થી ૪૦૦૦ જાતની જોવામ આવેછે. ૪૦ વાર લાંબી અને ૧ વાર પોહળી ચટાઇની કિંમત તેની જાત તથા કુમાસ મુજબ ૩ થી ૧૫ ડોલર જેટલી થવા જાયછે. પણ ૬ થી ૧૦ ડૉલરની સાદડીનો ખપ ભારે થાયછે, આ સાદડીનાં બંડલનું વજન ૧ મણથી ૧ હંડરવેટ સુધીનું હોયછે. ૧૮૮૬ માં જેપાન દેશથી પેહેલવેહલી ચટાઈનો નિકાશ વેપાર માત્ર ૮૯ પૌંડનો થયો હતો, ત્યારે ૧૯૦૦ પછીથી તે વધતાં વધતાં હાલમાં ૧ થી સવ્વા લાખ પૌંડની ચટાઇ દર વર્ષે પરદેશ રવાનાં થાયછે.

**ચંડવૃષ્ટી છંદ**—પિંગળશાસ્ત્ર મુજબ આ છંદ બે નગણ અને ૭ રગણનો બનેછે.

**ચણા**—દ્વિદળ ધાન્યમાં ચણા મુખ્ય છે. આ ધાન્ય હિંદુસ્તાનમાં રબ્બી ખેતરમાં પાકેછે. ચણાં અતી પ્રાચીનકાળમાં ગ્રીક અને રોમન લોકો જાણતા હતા, અને તેથી તે પ્રાચીન આર્ય પ્રજાને પણ જાણીતાં હશે એ સંભવિત છે. ચણાનો મુખ્ય પાક ગુજરાત, દક્ષિણ હિંદુસ્તાન, સિંધ, કાબુલ, અરબસ્તાન વગેરે દેશોમાં થાયછે. ચણા દક્ષિણ કોકણમાં મુદ્દલ થતાં નથી; તેનું કારણ ત્યાંની સારી જમીન નહિ હોવાનું છે.

ચણાનાં છોડની ઉંચાઇ એકથી દોહોડ વેંહેંત જેવડી હોયછે, તેને આશ્વિન મહિનામાં વાવેછે ને તે માહા અથવા ફાગણમાં તૈયાર થાયછે. એના છોડને પાણીની ગરજ હોતી નથી પણ તેને સરદ જમીનની જરૂર છે, એના છોડ સર્દી તથા ઝાકળનાં તુષારથી



વધેછે, એનીપર નાહની શીંગમાં એકથી બે દાણાં હોયછે. પ્રથમ એની શીંગ લીલી, ને સુકાતાં પિળી બનેછે. તે બરાબર પાકતાં તેનાં છોડ ઉખેડી કાઢી તેને તડકામાં સૂકવી એકઠાં કરી રાખેછે, પછી તેને ખળમાં નાખી, ઝુંડી તેમાંથી દાણા કહાડી લઇ બે ત્રણ દિવસ તાપમાં એળે છે, સૌથી ઉંચી જાતના ચણા જંબૂસરી, તેથી ઉતરતા જામનગરી અને સહૂથી હલકા ઘાટીચણા કહેવાયછે.

ચણાની દાળનાં તહેંવાર પકવાનો બનાવવામાં આવેછે. તેનો લોટ પણ ઉપયોગી છે.

ચણાની આંબ કાઢવા માટે જ્યારે તેના છોડ ઉપર ફુલ આવેછે ત્યારે મળસકામાં તેના ખેતરપર ઝીણી ચાદર પાંથરેછે, એટલે તે ઝાકળથી ભિંજાઇ જાયછે; તે પાણી નીચવી લઇ ઉપયોગમાં લીયેછે. એ અતિશય ખાટી હોવાથી તેને ચણાની ખાટી કહેછે. અને તે ઔષધિમાં ઘણી ઉપયોગી હોયછે.

મુંબઇ ઇલાકામાં ચણાની ખેતી માટે ૭,૦૦,૦૦૦ એકર જમીન રોકાયલીછે. એની સાથે ઘઉં અથવા કરડાઇ પણ વાવેછે, જેથી એક નહિ તો બીજું ધાન્ય પાકેછે. દક્ષિણ તરફના દેશોમાં આ એક અતિ સ્વાદિષ્ટ ધાન્ય ગણાયછે. મુંબઇ ઇલાકામાં એનો પાક દર એકરે ૮ મણ ઉતરેછે.

વાયવ્ય પ્રાંતમાં એની વાવણીનો હિંગામા સપટેંબર, અકટોંબર અને પાક માર્ચ તથા એપ્રેલમાં ઉતરેછે. દર વર્ષે એક એકરે ૧૦૦ રતલ બિયાં લાગેછે. પાક જોરથી થવા માટે રોપા નાહના હોય ત્યારે તેનાં છેડા કાપવાની તે તરફ ચાલેછે. ત્યાં દર એકરે ૯ થી ૧૦ મણ ચણાનો પાક ઉતરેછે; પણ ભિનાસવાલા ખેતરમાં ૧૨થી ૧૫ મણનો પાક ઉતરેછે.

મધ્યપ્રાંતમાં ઘણે ઠેકાણે તેને રબ્બી ખેતરોમાં વાવેછે, પણ પંજાબમાં ઘઉંની કાપણી થયા પછી તરતજ એની રોપણી કરેછે.

ચણાનો નિકાશ બરમા તરફ કરવામાં આવેછે. બરમામાં આ માલની હિંદુસ્તાન તરફથી આયાત ૧,૪૦,૦૦૦ રૂપ્યાની કિંમતનો દર વર્ષે થાયછે. ચણા ઘોડાની ચંદી માટે પુષ્કળ ખપેછે.

ચણાની દાળ ઘઉં કરતાં પૌષ્ટિક છે. તેનાં લાડુ વગેરે પદાર્થ બનાવેછે. માથાના દુખારાપર દેશીવૈદો ચણાના આટાને રાઇની ભૂકીમાં મેળવી ચોપડેછે. તેમજ સરકમ ઉપર ભૂજેલા ચણા ખાવા આપેછે. પથ્થરીનાં મરજપર ચણાનો ખાર સિંધાલુણ અને વાંગડખાર એ એકત્ર કરી પાયછે; અથવા સેકેલી હીંગ, સુંઠ, મરી, પીપર, કોગીંજન, જવખાર, સિંધાલુણ એનું ૩ માસા ચૂર્ણ ચણાનાં બે તોલા ખારમાં પાયછે.

**ચણોઠી**—એના વેલા ઉગેછે તે વેલાનાં પાંદડાં બારિક પણ લાંબાં હોયછે. ચણોઠી ૪ જાતની હોયછે. રાતી, ધોળી, કાળી અને પિળી. રાતી ચણોઠીનાં ઝાડ બહુ સાધારણ હોયછે; તેનાં મૂળીયાં જેઠીમધના જેવાં હોય છે અને તેને ઠેકાણે ગાંધીઓ ચણોઠીનાં મૂળીયાં પણ આપે છે. જેઠીમધની માફક તે પણ થોડાં ગળીયાં હોયછે. મૂળીયાં તેમજ ચણોઠીનાં પાંદડાંનો કલ્ક જેઠીમધના શીરા જેવો થાયછે. સફેદ ચણોઠી પૌષ્ટીક છે, ને પાકમાં વપરાય છે. મૂળીયાં તથા પાંદડાં ખાંસી તથા તણખીયા માટે વપરાયછે, મોઢું આવ્યું હોય તો પાંદડાં મોઢામાં રખાયછે. ચણોઠીનું તેલ નિકળેછે તે વાયુ ઉપર ચોપડાયછે.

ચણોઠી સોનાનું તોલ કરવાનાં ઉપયોગમાં આવેછે. એક તોલાની ૯૬ ચણોઠી ચઢે છે. ચણોઠીની ગણનાં ઉપવિષમાં છે. એનાં બીજ વાંતિકારક, શૂળનાશક છે. પાંદડાં વિષનાશક છે. સફેદ ચણોઠી ઘણુંકરી વશિકરણનાં ઉપયોગમાં લીયે છે.

ચણોઠી વધારે ખાધાથી ઉલટી થાયછે. તેને દેશી વૈદકશાસ્ત્રમાં ૭ મ્હોટાં ઝેર માહેલું એક ઝેર ગણવામાં આવ્યુંછે, પણ તેટલી

બધી ચણોઠી ઝેરી નથી. ઉત્તર હીંદુસ્તાન અને પંજાબ તરફ ચામડા માટે ચમાર લોકો ઢોરોને મારી નાખવા ચણોઠીનો ઉપયોગ કરેછે. જોકે પેટમાં લીધાથી ઉલટી ઉપરાંત તેનું બીજું ઝેર જણાતું નથી, પણ જો ચામડીમાં દાખલ કરવામાં આવે તો તેના ઝેરથી મરણ નિપજેછે. ચમાર લોકો ચણોઠીનાં ફોતરાં કાઢી તેના બિયાંનો આટો બનાવી તેમાં પાણી રેડી સોયના આકારની અણીદાર આર બનાવી તેને તેમાં સૂકવેછે અને પછી તે આર જાનવરને ભોકેછે, એટલે રતવાના જેવો ત્વચાનો તિક્ષણ વરમ થઇ ઢોર મરણ પામેછે.

**ચતરંગ**—સંગીત શાસ્ત્ર મુજબ જેમાં ચાર અંગ આવતાં હોય તે ચતરંગ. એટલે પ્રથમ કાવ્ય રચવામાં અમુક વાકયો; ૨—સરગમ, જે રાગમાં જે સ્વર આવતો હોય તેની; ૩—તિરાનાનાં બોલ; ૪—મૃદંગના બોલ—તકધીધી તિરકટ ધી ઇત્યાદી. એવા ચાર અંગથી બાંધેલી જે ચીજ હોય તે ચતરંગ.

ચતરંગ.

દેખ નામદાર કર હોશ જરા, જબ જુલ્મ જોર સર આન પડા,  
મોહ્‌તુ વકતકા દેખે કયસે દાદખ્વાહ ! આઠ પહર ધ્યાન દાદમેલગા-દેખ,  
અકસર તૂં હોકર રખ ધરકો બેદર, તાકે દાયમ આલમ બેગમ આયે,  
જાયે મતલબ પાએ, હરદમ કામયાબ આમકો મુદામ આરજૂસે,  
કયદ દરપર હોગર બેકસ, કયૂં કરલે દાદ બેદાદ-દેખ.  
—નિગાહે ગફલત.

**ચતુરઉપાધ્યા**—બંગાલનાં બ્રાહ્મણોનું નામ. તેઓ ચતુરજીયા અથવા ચતુરજીને નામે પણ ઓળખાયછે.

**ચતુરંગ**—(જુઓ સેતરંજ) (૨) સોમવંશીય અનુકુલોત્પન્ન ચિત્રરથ અને સોમપાદ રાજાનો પુત્ર; એનો પુત્ર પૃથુલાક્ષ હતો.

**ચતુરદશી**—ચૈત્ર માસમાં ૧૩ યા ૧૪ ને દિવસે આ તેહેવાર આવેછે. આ તેહેવાર 'કામ' ના માનાર્થે છે. આ તેહેવાર ઉદેપૂરનાં રજપૂતો મ્હોટી ધામધૂમથી પાળેછે.

**ચતુરભૂજ**—દુર્ગાદેવીનું બીજું નામ, એ પદ્માસનપર બેસેછે.

**ચંથઉવરસ્પ**—બુનદેહેશમાં વોઉરજરસ્તના વડા ધર્મગુરૂ તરીકે આ શખસને જણાવેલાછે.

**ચંદછંદ**—છંદ શાસ્ત્ર મુજબ વીષમમાં બે નગણ, એક જગણ, ૧ રગણ, એક લઘુ, એક ગુરૂ અને સમમાં એક નગણ, બે સગણ, એક જગણ, ને બે ગુરૂ હોયતો ચંદ છંદ બનેછે.

**ચંદનગઢ**—*આ પહાડી કિલ્લો માહારાષ્ટ દેશમાં કોરેગામમાં આવેલોછે. એનો દરવાજો નૈઋત્ય દિશા તરફ હોઇ ત્યાં જવાનો માર્ગ પહાડી અને બીકટ છે. દરવાજામાંથી માહેદાખલ થવા માટે થોડીક સીઢી ચઢવી પડેછે, અને પછી ઉપર સપાટ મેદાન આવેછે. તેમાં એક મહાદેવનુ મંદીર તથા વડવૃક્ષ છે. ત્યાંથી બીજી સીઢીઓ ચઢી ઉપર જતાં કિલ્લાની ઉપર જવાયછે, જયાં બે ઉપર બબે અતી ઉંચા પથ્થરનાં મ્હોટા સ્થંભો છે. આ સ્થંભ માત્ર ચાર ચાર પથ્થરથીજ બાંધેલાંછે. તેના વિષે એમ કહેછે કે વીજાપૂરના ૬ઠા પાદશાહ બીજા ઇબ્રાહીમ અદીલશાહે (ઈ૦ સ૦ ૧૫૮૦થી ૧૬૨૬) ઇ. સ. ૧૬૦૦માં આ કિલ્લો બંધાવ્યો હતો. તે વેળા આ અતી અજાયબ સ્થંભો ઉભા કરવા માટે તેણે પ્રથમ એક પથ્થર

* ગ્રાંડ ડફે ઇ. સ. ૧૧૯૦ નાં સુમારમાં પન્હાળનાં રાજાએ બાંધેલા ૧૫ કિલ્લાઓનાં જે નામો દર્શાવ્યાં છે, તેમાં ચંદનગઢનું પણ નામ આપેલું છે.



દટાવ્યા પછી તેની આસપાસ મરોડીથી ટેકડો કરી તેની ઉપર પથ્થર ચઢાવ્યો, અને એ મુજબ ચાર પથ્થરા ચઢાવી આસપાસની મરોડી કાઢી નખાવી હતી. આ કિલ્લામાં આ બે સ્થંભો શિવાય બીજું કશું જોવા લાયક નથી. આ કિલ્લામાં એક તળાવ છે પણ તે બિસમાર હાલતમાં હોવાથી તેમાં પાણી રહેતું નથી. આગળ આ કિલ્લામાં એક સુબેદાર રહેતો હતો. એની પાસેજ અર્ધા મૈલ પર વંદન નામનો એક કિલ્લો છે; અને એ બેઉ કિલ્લાઓએ ઇતિહાસમાં સાથેજ અગત્યતા જાળવી છે.

ઇ. સ. ૧૬૭૩ માં શિવાજીએ મુસલમાનો પાસેથી આ કિલ્લા જીતી લીધા હતા; તે પછી ઇ. સ. ૧૭૦૧ માં ઔરંગજેબે મરાઠાઓ પાસેથી ફરી જીતી લીધો, પણ શાહુ કેદથી છુટી દક્ષિણમાં આવ્યો ત્યારે તારાબાઇએ ગાદી માટે તંટો કર્યો, તે વેળા ૧૭૦૮ માં શાહુ મહારાજે પોતાના સૈન્યની છાવણી ચંદન-વંદનના કિલ્લામાં નાખી હતી. ૧૭૯૦ નાં સુમારમાં આ કિલ્લો વિજાપૂર સરકારનાં પ્રગણામાંનું એક મુખ્ય મથક ગણાતું હતું, અને તેનું વાર્ષિક ઉત્પન્ન ૨૧,૬૪૪ રૂપ્યાનું હતું. ઇ. સ. ૧૮૧૮ માં પેશવાઇની આખેરી સાથે આ કિલ્લો બ્રિટીશ સરકારના તાબામાં આવ્યો ને બિસમાર હાલતમાં પડયો.

**ચંદન બટવો**—એના વૃક્ષ બે હાથ ઉંચા વધેછે. એના પાંદડા નાજુક હોઇ નીચેની બાજુએ કાંઇક રાતા અથવા ગુલાબી રંગના હોયછે. એની ભાજી બારે માસ મળતી નથી, કારણ તે જલ્દીથી સુકાઇ જાયછે. શિયાળામાં એ રોપવામાં આવેછે. ગુજરાત તથા ઉત્તર હિંદુસ્તાન અને બીજા ભાગોમાં એની ઉત્પંતિ ઘણી થાયછે. એની યોજના ઔષધિમાં યોજેલી છે.

**ચંદનાવતી**—વડોદરા શેહેરનું પ્રાચીન નામ.

**ચંદપૂર**—ઉત્તર પશ્ચિમ પ્રાંતમાંના બીજનોર જીલ્લામાંનું એક તેહેસીલ, ક્ષેત્રફળ ૩૦૭ ચોરસ મૈલ છે. તેમાંનો ૨૧૩ એકર ભાગ ખેડાયલો છે. લોક વસ્તી ૧,૨૩,૬૭૯ ની છે. જમીનનું મેહેસૂલ તથા સરકારી મેહેસૂલ જુમલે ૪૨૮૬૦ પૌંડનું ઉપજેછે.

**ચંદપુર**—ઉપલા તેહેસીલનું મુખ્ય ગામ, બીજનોરની દક્ષિણે ૧૯ મૈલપર છે, ગામ ૧૬૫ એકર જમીન ઉપર છે. ૧૮૮૧માં લોક વસ્તી ૧૧,૧૮૨ ની હતી, તેમાં ૭,૬૧૮ મોહમેદન તથા ૩,૫૫૭ હિંદુઓ છે.

**ચંદબારોટ**—પૃથુરાજરાસો નામે હિંદમાં પ્રસિદ્ધતા પામેલા ગ્રંથનો કર્તા. આ મહાકવિ સંવંત ૧૨૨૦ થી સંવંત ૧૨૪૯ સુધી દિલ્લીમાં પૃથુરાજ ચૌહાણની દરબારમાં રાજકવિ અને મંત્રિ તરીકેના ઓદ્ધાપર હતો. એની જન્મ ભૂમિ 'સંભલ' અજમેરમાં હતી. એ રંણથંભોરવાલા વિશલદેવ ચૌહાણનો પ્રાચીન કવિ વંશનો હતો. તે જાતે ચારણ હતો પણ પૃથુરાજ અને ભિમદેવની લઢાઇમાં તેને ભિમે ભાટ તરીકે જણાવ્યો છે. એની સ્ત્રીનું નામ પ્રભાવતિ હતું. ચંદબારોટ વિદ્વાન મંત્રિ ઉપરાંત પૃથુરાજના સૈન્યમાં સેનાધિપતિનું પદ પણ પામ્યો હતો. એ લઢાઇ સમયે લશકરને ઉશકેરવા તહેંવાર કાવ્યો રચી તેઓ વચ્ચે ગાઈ તેમને ઉશકેરતો હતો. એણેજ ભિમદેવ રાજાની દરબારમાં એલચી તરીકે જઇ તેની સાથે યૂદ્ધ કરવાની માગણી ઘણાજ શૌર્યથી કરી પોતે લઢાઈમાં આગેવાન ભાગ લઇ જય મેળવ્યો હતો.

ઇ. સ. ૧૧૯૩ માં શાહાબુદ્દિન ઘોરીએ હિંદમાં દાખલ થઇ દિલ્લી પર હલ્લો કરવાની બાજી રચી તે વેળા ચંદ બારોટ પોતાના જન્મવતન અજમેરથી દિલ્લી આવતાં યવનોની છાવણીમાં ચર્ચા જોવા ગુપ્ત વેશે ગયો, પણ ત્યાં પકડાઇ જતાં કુન્હેથી લાંબે વખતે છુટકો પામ્યો. તે વેળા પૃથુરાજ હાર પામી યવનોને હાથ કેદ થયો હતો. આથી ચંદબારોટ ફરી શાહબુદ્દીનની દરબારમાં જઇ પૃથુરાજ સાથે મેલાપ કીધો. ત્યાં શાહબુદ્દીનને ચંદ બારોટે પૃથુરાજની બાણવિધામાં કુશળતા

જણાવી, તેની અપંગ આંખો છતાં 'શબ્દ વેધી બાણ' મારવાનાં ખેલો કરી બતાવવાની આગણી કરી. દરબારમાં લોહાનાં ૭ ગંજાવર તવા લટકાવ્યા હતા, તેપર કાંકરી મારતાં અવાજપર કાનધરી પૃથુરાજ તે તવા વિંધતો હતો, તેટલાં આગમજથી કરી રાખેલા સંકેત મુજબ, ચંદ બારોટે નીચલો દોહરો બોલતાંજ, પૃથુરાજે નિશાન મુજબ શાહબુદ્દિનને બાણથી વિંધી નાખ્યો.--

ચારબંશ, ચોવીસ ગજ, અંગુલ અષ્ટ પ્રમાણ
એ તે પર સુલતાનહૈ, મત ચુકે ચવ્હાણ.

પાદશાહ મરણ પામતાંજ પૃથુરાજ તથા ચંદ બારોટે અપસમાં એકમેકને તોટે વળગી તલવાર વડે પોતાનો પ્રાણ ત્યાગ કર્યો. ચંદ બારોટે રચેલો પૃથુરાજરાસો નામે ગ્રંથમાં એક લાખ શ્લોકો છે. તેમાં હીંદુઓની પુરાણી ભાષા છે. આ ગ્રંથ હીંદમાં અતી લોકપ્રીય છે.

**ચંદ્ર**—આ ગ્રહ સૂર્યમાળામાંનો છે. જેમ પૃથ્વી સૂર્ય આસપાસ ફરેછે તેમ ચંદ્ર આપણી પૃથ્વી આસપાસ ફરેછે; અને સૂર્ય આસપાસ પૃથ્વી ફરેછે ત્યારે તેની આસપાસ ચંદ્ર પણ ફરેછે. આથી પૃથ્વી સાથે ચંદ્રની પણ પ્રદક્ષિણા સૂર્ય આસપાસ થાયછે.

આપણને અંતરિક્ષામાંના સર્વ જડપદાર્થ કરતાં ચંદ્ર અતી નજદીકમાં દેખાયછે. તેમજ એ પણ ખરૂં છે કે કોઇવેળા ચંદ્ર કરતાં પણ એખાદ ધૂમકેતૂ આપણી નજદીક આવી જાયછે, પણ આવા કોઇક ધૂમકેતૂ શિવાય ચંદ્ર કરતા બાકીનાં સર્વે અંતરિક્ષસ્થ જડ પદાર્થ આપણાથી હજારો, લાખો, કરોડો કોસ દૂર છે. ચંદ્ર આપણને સૂર્ય જેવડો મ્હોટો દિસેછે, પણ ખરૂં જોતાં તે સૂર્ય કરતાં ઘણોજ નાહનો છે. તે આકારે એટલો તો નાહનો છે કે ૬,૦૦,૦૦,૦૦૦ ચંદ્રને એકઠાં કરીયે ત્યારે એક સૂર્ય બનશે. ચંદ્ર આવડો નાહનો છતાં આપણને જે મ્હોટો જણાયછે તેનું કારણ તે સૂર્ય કરતાં ૪૦૦ ઘણો આપણી પૃથ્વી નજદીક છે; પણ સૂર્ય આપણાથી ૯,૨૭,૦૦,૦૦૦ મૈલ અંતરપર છે, ને ચંદ્ર પૃથ્વીથી ૨,૪૦,૦૦૦ મૈલ છેટછે.

પૃથ્વી અને ચંદ્રનું આકારમાન ઉપરથી જોતાં પૃથ્વીનો વ્યાસ જ્યારે ૮૦૦૦ મૈલ થશે ત્યારે ચંદ્રનો વ્યાસ ૨૧૬૦ મૈલ થશે: ત્યારે ચંદ્રના વ્યાસ કરતાં પૃથ્વીનો વ્યાસ ચાર ઘણો છે. ચંદ્રના આકારથી ૫૦ ઘણી પૃથ્વી મ્હોટી છે, એટલે જ્યારે ૫૦ ચંદ્રમાંને એકઠા કરીશું ત્યારે એક પૃથ્વી જેવડો ગોળાર્ધ બનશે.

ચંદ્ર પોતે નિસ્તેજ છે. તેના પોતામાં પ્રકાશ નથી, તે માત્ર સૂર્ય પ્રકાશથીજ પ્રકાશે છે. ચંદ્રની રોશની સૂર્યના પ્રકાશ પાસે એટલી તો ઓછી છે કે સૂર્ય જેવડો પ્રકાશ પાડવા ૬,૦૦,૦૦૦ સંપૂર્ણ ચંદ્રમાં આકાશમાં પ્રકાશવા જોઇએ.

ચંદ્ર પૃથ્વી આસપાસ ફરેછે એ બીના ચંદ્ર તારા મધેથી જતાં દેખાય છે તે ઉપરથી જણાઇછે. આજે જે તારા પાસે ચંદ્ર છે તે તારા પાસે ફરી તેને આવતાં સુમારે ૨૭ ૧/૩ દિવસ લાગેછે, એટલા કાળમાં પૃથ્વી પોતાની કક્ષામાં આગલ વધેલી હોયછે. તેટલો માર્ગ ક્રમણ કરવા ચંદ્રને બીજા બે દિવસ લાગેછે. આથી પૃથ્વી આસપાસ ચંદ્રને એક ફેરો ખાતાં સુમારે ૨૯ ૧/૨ દિવસ જોઇએ. ચંદ્રને પોતાના આંસ ઉપર ફરવા પણ એટલાજ દિવસ લાગેછે. આથી ચંદ્રની એકજ બાજુ પૃથ્વી તરફ સદા ફરેલી રહેછે અને તેટલીજ બાજુ આપણને જણાયછે. ચંદ્રની બીજી બાજુ આપણને કદીપણ દેખાતી નથી, અને દેખાશે પણ નહિ. ૨૯ ૧/૨ દિવસમાં ચંદ્ર પોતાના આંસપર ફરેછે, આથી ચંદ્રમા ઉપરનો દિવસ આપણા એક પખવાડીયાં જેટલો હોયછે અને રાત પણ તેવડીજ લાંબી હોયછે.

ચંદ્રને પોતાનો પ્રકાશ નહિ હોવાથી સૂર્યના પ્રકાશથી પ્રકાશિત ચંદ્રની બાજુમાંનો જેટલો ભાગ પૃથ્વી તરફ વળેલો હોયછે, તેટલોજ ચંદ્રનો ભાગ આપણને દેખાયછે, જો પ્રકા-



શીત સર્વ બાજુ પૃથ્વી તરફ વળેલી હોય તો આપણને પૂર્ણ ચંદ્ર દેખાયછે અને તેને આપણે પૌર્ણીમાંનો ચંદ્ર કહીયે છિયે. અર્ધી બાજુ વળેલી હશે તો તે વખતે અષ્ટમી થઇ એમ આપણે કહિયે છિયે. અને જો ચંદ્રની પ્રકાશિત બાજુ આપણા તરફ તદનજ વળેલી નહિ હોય તો તે દિવસે ચંદ્ર બિલકુલ દેખાશે નહી, અને એ દિવસને આપણ અમાવાસ્યા કહિયે છિયે. આ મુજબ ચંદ્રને કલા હોયછે.

ચંદ્ર પોતે નિસ્તેજ પદાર્થ હોવાથી તે પૃથ્વી આસપાસ ભ્રમણ કરતાં જ્યારે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવે છે ત્યારે સૂર્ય અદર્શ થાયછે, અને તેથી પૃથ્વીપર અંધારૂં છવાયછે; તેને આપણે સૂર્ય ગ્રહણ કહિયે છિયે. જો સૂર્યનો કાંઇક ભાગ અદૃષ્ય થયો તો તેને સૂર્યનું અપૂર્ણ ગ્રહણ કહીયે છિયે. કોઈ વેળા ગ્રહણ સમયે ચંદ્રના યોગે સૂર્ય બિંબનો વચલો ભાગ ઢંકાઇ જઇ સૂર્ય આસપાસનો ભાગ પ્રકાશતો દેખાયછે, એને કંકણ ગ્રહણ કહિયે છિયે. સૂર્ય તથા પૃથ્વી વચ્ચે ચંદ્ર આવતાં સૂર્ય ગ્રહણ થાયછે, અને સૂર્ય તથા ચંદ્ર એમની વચ્ચે પૃથ્વી આવતાં ચંદ્ર ગ્રહણ થાયછે. કારણ કે પૃથ્વી પણ આં ઃ પ્રમાણેજ નિસ્તેજ છે, અને તેની છાયા અંતરિક્ષામાં અતિ લાંબા છેટા (મૈલો) સુધી પોંહચેછે. ચંદ્ર પૃથ્વી આસપાસ ફરતો હોય ત્યારે પૃથ્વીની છાયામાં આવતાં, તે પૃથ્વી વચ્ચે હોવાથી સૂર્યનો પ્રકાશ તેનીપર પડતો નથી. આ વેળા ચંદ્ર ગ્રહણ થાયછે. સૂર્ય ગ્રહણ પ્રમાણેજ આ ગ્રહણ પણ અંશ ગ્રહણ તથા ખગ્રાસ હોયછે. સૂર્ય અને પૃથ્વી એમની વચ્ચે ચંદ્ર આવવાનો સંભવ ફકત અમાવાસ્યાને દિવસેજ રહેછે અને સૂર્ય તથા ચંદ્ર એમની વચ્ચે પૃથ્વી આવવાનો સંભવ ફકત પૌર્ણિમાએ રહેછે. એને લીધે સૂર્ય ગ્રહણ થાય તો તે અમાવાસ્યાએજ થાયછે અને ચંદ્ર ગ્રહણ માત્ર પૌર્ણિમાએ થાયછે. હવે દર અમાવાસ્યાએ સૂર્ય ગ્રહણ અને દર પૌર્ણિમાએ ચંદ્ર ગ્રહણ થવું જોઇએ એમ દિસેછે, પણ તેમ થતું નથી. કારણ ચંદ્ર જે માર્ગથી ફરેછે તે માર્ગની એટલે ચંદ્રની લીટી અને પૃથ્વી જે કક્ષામાં રહેછે તે કક્ષાની લીટી, આ બેઉ લીટી એક સપાટીમાં હોતી નથી, તેઓ એક મેકથી જરા ઉપસેલી રહેછે. આથી અમાવાસ્યાના અને પૌર્ણિમાને દિને ચંદ્ર પૃથ્વીની કક્ષાની લીટીથી જરાક ઉપર અથવા નીચે રહેછે. આથી દર માસે અથવા પૌર્ણિમાએ ચંદ્ર ગ્રહણ થતું નથી. જે અમાસે કે પુનમે ચંદ્ર અને પૃથ્વી બરાબર એક લીટીમાં આવે તે વખતે માત્ર ગ્રહણ થઈ શકેછે. ગ્રહણ સંબંધી એક વિશેશ ધ્યાનમાં રાખવા લાયક બીના એ છે કે "થોડે થોડે વર્ષે તેને તેજ ગ્રહણ ફરી ફરી આવેછે. ચાલુ વર્ષનાં ગ્રહણો ગયાં વર્ષનાં અથવા આવતા સાલના ગ્રહણ મુજબ આવતાં નથી એ ખરૂં, પણ ઘણાં વર્ષોમાં થતાં ગ્રહણોનો સમય જોતાં તો એમ જણાયછે કે ઘણાખરાં તેજ ગ્રહણો ફરી ફરી આવેછે. એક ગ્રહણ થયા પછી ૬૫૮૫ ૧/૩ દિવસે તેવાજ ગ્રહણો ફરીફરી થાયછે. સને ૧૮૮૧ ની ૫મી ડીસેંબરે એક ચંદ્ર ગ્રહણ થયું. આ તારીખની ૬૫૮૫ દિવસ પૂર્વે ૧૮ વર્ષ અને ૧૧ દિવસ પેહેલાં ૧૮૬૩ની ૨૪ મી નવેંબરે આ બનાવ બન્યો હતો.

ખુલ્લી આંખે જોતાં ચંદ્રનો પૃષ્ટ ભાગ તદન સપાટ નહિ હોય એવો જણાયછે. દુર્બિનમાંથી ચંદ્ર ભણી જોતાં ત્યાં મ્હોટા મ્હોટા પર્વતો અને ગુફા તથા ખીણો દેખાય છે. પૌર્ણિમાંનો ચંદ્ર અને સપ્તમિનો ચંદ્ર દુર્બિનમાંથી ઠીક દેખાયછે. ચંદ્ર પર જે કાળાં ધાબાં દેખાયછે તે પાણીના સાગરનાં હશે એમ પ્રાચીન કાળના વિદ્વાનો ખુલ્લી આંખે જોઈ કહેતા. હાલમાં પણ તે સમુદ્ર પાણી રહિત માત્ર મ્હોટી ખીણ આકારે જણાયછે. ચંદ્રમા પર જે ચળકતાં ઉપસેલા ભાગો જણાયછે તે પર્વતોની હારનાં છે. તેમજ ચંદ્રમા ઉપર કરાઢા જેવા ઉપસેલા અનેક

ભાગો જણાય છે, એ પદાર્થ ચંદ્રમા ઉપરના થંડા પડેલા જ્વાલામુખી પર્વતનાં મુખોછે. આ મોહડાં સેંકડો મૈલ પોહળા છે અને તેની પાસેનાં પર્વતો હજારો ફીટ ઉંચા છે. લાખો વર્ષ પેહેલાં ચંદ્રમા પર મ્હોટા મ્હોટા જ્વાલામુખીઓ હતા, એમ કહેવામાં હરકત નથી. પૃથ્વી ઉપરનાં જ્વાલામુખી પર્વત પ્રમાણે ચંદ્ર ઉપરનાં જ્વાલામુખી પર્વતમાંથી લાવા બહાર નિકળતો નથી. હાલમાં એજ લાવાનાં મુખ બુજાઇ ગયાંછે. એને બુજાઇ જતાં લાખો વર્ષ થયાં હશે.

ચંદ્ર ઉપરનાં જે જ્વાલામુખી પર્વતો આજે શાંત થએલા જણાયછે તેનું કારણ જાણવાજોગ છે. સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર એ ત્રણ ગોળાર્ધ, ને મનમાં રાખો. એ ત્રણમાં સૂર્ય એ અતી મ્હોટોછે, ચંદ્ર અતિશય નાહનો છે, સૂર્ય પર અતિયંત ઉષ્ણુતા છે, તે આપણે જાણીયે છિયે. પૃથ્વીના પૃષ્ટ ભાગ ઉપર પર્વત, સમુદ્ર વગેરે હોઇ, આ પૃષ્ટ ભાગ થંડો છે તોય પૃથ્વી માહેલો ભાગ ઉષ્ણ છે. આ ઉપરથી ખુલ્લું જણાય-છે કે જેટલો પદાર્થ મ્હોટો, તેટલો તેને થંડો પડવા વખત પણ વધારે જોઇએ. સૂર્યમાલામાંના પદાર્થ પ્રથમ શાથી અને કેમ ઉષ્ણ રહેછે તે ઇશ્વર જાણે. એટલું ખરૂં કે તે સર્વ પદાર્થો કેટલાક યૂગો થયાં થંડા પડતા ચાલ્યાછે. સૂર્ય એવડો મ્હોટો છે કે તેને બુજાતાં હજી અસંખ્ય જમાના જોઈએ. પૃથ્વી નાહની હોવાથી તેનો પૃષ્ટ ભાગ થંડો બની પ્રાણીઓને રહેવા લાયકનો થંડો પ્રદેશ બન્યોછે. અને ચંદ્ર સર્વમાં નાહનો છે તેથી ચંદ્રમાં એકદમ થંડો પડયો છે. કેટલાં વર્ષો પૂર્વે જ્વાલા મુખી પર્વત ચંદ્ર પર બળતા હતા એ કહેવાઇ શકાય તેમ નથી, તે માટે માત્ર અનુમાનજ કરી શકાય. જે વેળા જ્વાલામુખી પર્વત ચંદ્રપર બળતા હતા તે વેળા પૃથ્વી પર પ્રાણીની વસ્તી નહોતી. સારાંશ ચંદ્રને થંડો થતાં કરોડો વર્ષો વિતી ગયાં હશે.

હવે ચંદ્ર પરનો અતી ઉજડ ચિત્ર વિચીત્ર દેખાવ કાં દેખાયછે તે જોઇએ. દુર્બિનમાંથી જોતાં ચંદ્ર પર ખાઇ, ખીણો, ડુંગર અને પર્વતો નજરે પડેછે, પણ પૃથ્વી પર જેમ ગિચ્છ અરણ્યો જણાયછે તેવા ચંદ્ર પર હોય એમ બીલકુલ દેખાતું નથી. ત્યાં જંગલ જેવું કશું નથી, અને તેથી પ્રાણીની વસ્તી પણ નથી. એમ કાં હશે? પૃથ્વી પ્રમાણેજ ચંદ્રને પ્રકાશ અને ઉષ્ણુતા એ સૂર્ય તરફથી મળેછે. ચંદ્ર ઉપરનાં દિવસ અને રાત આપણા પખવાડીયાં જેટલાં મ્હોટા છે, તોય ત્યાં પણ દિવસ રાત્રનું કાલમાન છે. હવે એ ખરૂં કે ચંદ્રમાપર વનસ્પતિ અથવા પ્રાણી છે કે નહિ એ મ્હોટી દુર્બિનવડે પણ જોઇ શકાતું નથી. ઝાડ જંગલ કે પ્રાણી ચંદ્ર પર છે એ હજી મ્હોટી શકિતની દુર્બિનવડે પણ દેખાયું નથી. આથી ચંદ્રના એકંદર પૃષ્ટ ભાગ ઉપરની સર્વ બિનાનો સૂક્ષમ વિચાર કરી ત્યાં વનસ્પતિ અને પ્રાણી જીવન માટે પાણી જરૂરનું છે એ આપણે અનુભવિયે છિયે. પણ પાણી ચંદ્રમાં પર મુદ્દલ જણાતું નથી. ચંદ્રમાં પર જો પાણી હતે તો પાણીનાં ઢગ અને ઢગોનાં જૂદા જૂદા રૂપાંતરો આપણી નજરે જરૂર દેખાઇ આવતે, મંગળ ઉપરનાં સમુદ્ર જેમ દુર્બિનવડે દેખાય-છે તેમ ચંદ્ર ઉપરના સાગર દેખાઇ આવતે, પણ પૃથ્વી ઉપરનાં સ્વચ્છ વાતાવરણમાંથી જોતાં ચંદ્રમાંપર માહાસાગર, સમુદ્ર, સરોવર કે નદીઓ બીલકુલ જણાતાં નથી. વાદળ અથવા ધુમસ વટીક દેખાતું નથી; આ ઉપરથી ચંદ્રમાં કેવળ નિર્જળ ભયાનક પ્રદેશ છે એમ ખગોળવેત્તાઓ કહેછે.

વનસ્પતિ અને પ્રાણીના જીવન માટે જળ પ્રમાણે હવા એ પણ અવશ્યની છે. પૃથ્વી આસપાસ જેમ કેટલાક મતે ૧૦૦ થી ૧૨૫ મૈલ ઉંચે સુધી વાતાવરણ પસરેલું છે તેમજ ચંદ્રમાપર પણ વાતાવરણ પસરેલું હશે એમ દેખાતું નથી, તારાઓની પાસે ચંદ્ર આવતાં તારો એકદમ દેખાતો નથી



અને પછી થોડેવારે તે એકદમ દેખાયછે. ચંદ્ર ઉપર સૂર્યનો પ્રકાશ એકદમ પડેછે અને તે એકદમ નહિ સરખો પણ થાયછે, ચંદ્રમાં પર જો વાતાવરણ હતે તો એમ નહિ થતે. સૂર્યનો પ્રકાશ પડતાં પડતાં પડતે, અને જતાં જતાં વખત લાગતે. આ ઉપરથી ચંદ્રમાપર વાતાવરણ પણ નથી એ વાત સિદ્ધ થાયછે. પાણી અને વાતાવરણ એ જો નહિ હોય તો પછી ત્યાં જીવન શકિત તે કેમ હોય?

ચંદ્રના યોગે આપણી પૃથ્વીપર એક વિશેષ મહત્વની વાત બનેછે. જો કોઇ કારણથી આકાશમાંથી ચંદ્રમા જો અનદીઠ થાય તો સમુદ્ર કિનારાનાં શેહેરો પડી ભાગશે અને ભરતી યા ઓટ થશેજ નહિ ને તેથી વેપાર વેહવારમાં મ્હોટી ખલલ પોંહચશે.

ભરતી તથા ઓટ મુખ્ય કરી ચંદ્ર યોગે થાયછે. સર્વ પદાર્થ એકમેકને પોત પોતાના સામર્થ્યથી (આકારનાં માનથી) ખેંચેછે. પૃથ્વી ચંદ્રને પોતા તરફ ખેંચેછે, અને ચંદ્ર પૃથ્વીને પોતા તરફ ખેંચેછે. સૂર્ય સર્વ ગ્રહોને પોતા તરફ ખેંચેછે અને સર્વ ગ્રહ સૂર્યને પોતા તરફ ખેંચેછે. આ મુજબ દરેક પદાર્થને પોતા તરફ ખેંચેછે. પૃથ્વી પોતાના આંસ ઉપર ફરેછે ત્યારે તેની ઉપરનાં સર્વ પ્રદેશ ચંદ્ર સામે આવેછે. તે ચંદ્રના આકર્ષણથી ચંદ્ર તરફ વિશેષ ખેંચાયછે. તેમાં પાણી એ પ્રવાહી અને હલકું હોવાથી જમીન કરતાં વધારે ખેંચાયછે; આથી સમુદ્ર ચંદ્રમાં સામે આવતાં પાણી ઉપર મ્હોટા વેગથી ઉછળેછે. આ રીતે સમુદ્રનાં પાણી વધવા માંડતાં ભરતી થાયછે. સુમારે ૬ કલાક પાણી વધેછે, પછી ભરતી પુરી થઇ સુમારે ૧૨ મિનિટ પાણી તેવુંજ સ્થીર રહેછે તેને 'સગા' કહેછે. પાણી સુમારે ૬ કલાકમાં ઓસરી જાયછે અને સર્વ પાણી ઓસરી જતાં ૧૨ મિનિટવેર તેમજ રહેછે. ત્યારે તેને 'નિખાર' કહેછે. પણ ફરી ભરતી શરૂ થાયછે. આ રીતે ૨૪ કલાક અને ૫૦ મિનિટમાં બે ભરતી થાયછે; પણ સૂર્ય અતિશય દુર હોવાથી તેના પ્રમાણમાં ભરતી થતી જણાતી નથી. તોય અમાસને દિવસે સૂર્ય અને ચંદ્ર એકજ દિશાએ હોયછે તેથી તેમનું તે દિવસે આકર્ષણ એક બની ભરતી રોજ કરતાં વિશેષ થાયછે. પૌર્ણીમાંને દિને સૂર્ય અને ચંદ્ર એકમેક સામે આવતાં તેમના આકર્ષણ સામસામાં આવતાં તે દિને પણ ભરતી રોજ કરતાં વધુ થાયછે.

**હિંદુ જ્યોતિશ શાસ્ત્ર મુજબ ચંદ્રમાં** ગ્રહ, બ્રાહ્મણ, યજ્ઞ અને વ્રતનો રાજા છે. એના અંગ ઉપર સસલા જેવી નિશાનો છે, તેથી તેને 'શંશાક' કહેછે. એનામાં અમૃત છે તે તેના કિરણ યોગે ભૂમિપર પડેછે, તે ઉપરથી એને સુધાશુ, સુધાધાર, એવાં નામો આપેલાંછે. એ અત્રીનો પુત્ર, એને શિવે પોતાના મસ્તક પર ધારણ કર્યોછે. એની સ્ત્રીનું નામ રોહિણી છે. એના રથને ૧૦ સફેદ ઘોડા જોડેલાછે. એ ઔષધીનો રાજા પણ ગણાય છે. એનો વાર સોમવાર છેઅને તેના દિવસને તિથી કહેછે. સોમવારે પ્રવાસે જવા માટે સુમુહૂર્ત માનવામાં આવેછે; પણ તે દિવસે પૂર્વ ભણી પ્રવાસ કરવાની મનાઈછે. તેમજ નવો ઘોડો હાથી અને રથ એની પર બેસવા માટે એ શૂભ દિવસ માનેલો છે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ ચંદ્ર અનેક સમયે આકાશ ભૂમિ અને જળમાં રહેછે. તે ઉભો રહેછે, તે જાગતો યા નિંદ્રાવશ પણ રહેછે. તેનો રંગ રાશિ, સ્થાન મુજબ બદલાયછે; એટલે મિથૂન, કન્યા, મીન, ધન આ રાશિમાં તે પિળો; તૂળા, વૃશ્ચિક, કર્કમાં શુભ્ર; મકર, કુંભ રાશિમાં કાળો હોયછે. જોષિને ચંદ્ર કેવો રંગનો છે એમ પુછતાં જો જણાવવામાં આવે કે તે રંગે લાલ છે તો યૂદ્ધ થવાની નિશાની, પિળો હોય તો સુખની નિશાની, અને કાળો હોય તો મૃત્યુની નિશાની.

**ચંદ્રની અસર વિશેનાં વેહેમો** પ્રાચીન કાળથી મનુષ્યમાં જડ ઘાલી બેઠાછે. પ્રજામાં એવો પણ એક વેહેમ છે કે ચંદ્રના તેજથી

ઝાડપાલામાં રસ ફરી વળેછે, તેનીજ અસરથી ધાન્યનો પાક સારો નરસો ઉપજેછે, તેમજ વાવણી અને પાક ઉતારેછે. ઇમારતી લાકડાં મ્હોટાં ઉગેછે, મેવામાં મીઠાસ અથવા ખટાસ પેદા થાયછે, તે ચંદ્રની અસરથી થાયછે.

ફ્રેન્ચ લોકોમાં એવો વેહેમ કે એપ્રેલ તથા મે માસમાં ગગનમાં જે ચંદ્રમાં ઉગેછે તેની અસર ભાજીપાલા તથા ફુલ પર અને વનસ્પતી પર થાયછે. આ માસમાંના ચંદ્રમાંને રાતો ચંદ્ર કહેછે. જ્યારે આકાશ ખુલ્લું હોય છે ત્યારે ચંદ્ર પોતાની રોશનીથી ઝાડપાનનો નાશ કરેછે. તેઓ એવું ધારેછે કે જેમ સૂર્યમાં ગર્મી આપવાની શક્તિ છે, તે મુજબ આ રાતા ચંદ્રમાં ઠંડીનો ગુણ ભેલાયલોછે, જે પોતાનાં થંડા કિરણ મારફતે ઉપલાનો નાશ કરેછે, અને જો સારા ભાયગે આકાશ વાદળથી ભરાઇ ગયું હોય તો તેમ નાશ થતો નથી. પણ આ તુમનો વેહેમ તદન બેહુદો હોવા છતાં તેને ઘણાક ખેડુતો માનેછે.

યૂરપમાં બીજો એવો વેહેમ ચાલેછે કે ઇમારતી લાકડાં કાપવાં હોય તો ચાંદરાત, પુનમ યા ચંદ્ર ઉગવાના પેહેલા દાહાડા ઉપર કાપવાં નહિ. કારણકે પેહેલા દિવસોપર ઝાડના રસ ઉપર ચંદ્રની અસર વધારે હોવાથી રસ વધારે રહેછે અને તેથી તે વખતે કાપેલાં ઝાડના લાકડામાં વધુ રસ રહેતો હોવાથી તેમાં જલ્દી કીડા પડેછે, પણ તે પછીનાં દિવસપર કાપેલાં ઝાડ રસ રહીત હોવાથી ટકાઉ નિકળેછે.

વળી પ્રજામાં એવો પણ વેહેમ છે કે પુનમ તથા ચાંદરાત કરતાં આડે દિવસે બાળકો ઘણાં જન્મેછે.

**ચંદ્રકાંત**—હીંદુ ધર્મ કથા મુજબ યાજ્ઞવલ્કય ઋષિપુત્ર. એ માહામેઘ અને વિજય એવા એ ભાઇઓ અને ૧૪૦૦૦ શિષ્યો સાથે માહાદેવનો શ્રાપ પામી રાક્ષસયોની પામ્યો હતો, અને તે જન્મમાં ખર, દુષણ અને ત્રિશિરા એ નામે પ્રસિદ્ધ હતો.

(૨) ચંદ્રકેતૂ રાજાનું પ્રાચીન નગર. આગળ એ કામરૂપ દેશની ઉત્તરે હતું.

(૩) એક પ્રકારનો કિમતી પથ્થર. તે ચંદ્રની વધઘટ મુજબ પોતાનો પ્રકાશ પાડેછે.

**ચંદ્રગઢ**—આ પહાડી કિલ્લો માહારાષ્ટ્ર દેશમાં પહાડની અગ્નિય દિશાએ નવ મૈલ ઉપર 'આરથર સીટ' નામે મહાબલેશ્વર ઉપર મથક છે, જેની ઇશાન્યે બે મૈલ ઉપર ઘાવલી નામના ગામડાંમાં એક જૂદી તેકડી ઉપર બાંધેલો છે. આ કિલ્લાની ઉંચાઇ સમુદ્ર સપાટીથી ૨૨૬૮ ફીટની છે. એનો ઇતિહાસ કોયે વર્ણેલો જડતો નથી.

**ચંદ્રગીરિ**—મદ્રાસ ઇલાકામાં ઉત્તર આર્કાટનો એક તાલુકો. ક્ષેત્રફળ ૫૪૮ ચૌરસ મૈલછે. તેમાં બે શેહેરો તથા ૧૩૫ ગામડાં છે. ઘરોની સંખ્યા ૧૭૬૫૦ ની છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૯૩૧૫૭ ની હતી, તેમાં ૪,૭૦૯૦ પુરૂષો ને ૪૬૦૬૧ સ્ત્રીઓ હતી. આ તાલુકાનો સર્વ ભાગ સપાટ હોઇ ખેતીવાડીથી અતિ ફળદ્રુપછે. અત્રેના તેલંગી ખેડુતો ઉત્તમ ખેતી કરનાર મેહેનતુ અને ચંચળ બુદ્ધિમાન ગણાયછે. આ તાલુકામાંનો ૩૦૦ ચૌરસ મૈલ જંગલનો ભાગ સરકારે પોતાની દેખરેખ તળે લઇ તેને એક સારૂં ઉત્પંતિનું સાધન બનાવ્યુંછે. ૧૮૮૨-૮૩ માં ૮૧૬૬ પૌડનું ઉત્પન્ન આ જંગલથી વસૂલ થયું હતું.

**ચંદ્રગીરિ**—ઉપલા તાલુકાનું મુખ્ય શેહેર, સૂવર્ણમુખી નદીને કાંઠે, ત્રીપતી રેલ્વે સ્ટેશનની દક્ષિણે ૧૬ મૈલ પર છે. લોક વસ્તી ૪૧૯૩ ની છે. તેમાં ૩૮૧૧ હિંદુ અને ૩૮૨ મોહમેદનો છે. આ તાલુકાનું મુખ્ય શેહેર હોવાથી અત્રે સરકારી કચેરી, જેલ, પોસ્ટ ઑફીસ વગેરે છે. આગળ આ શેહેરમાં 'વિજયાનગર'નાં રાજાનું મુખ્ય રહેવાનું સ્થાન હતું અને ૧૫૬૪માં તાલીકોટની જીત પછી વધુ સુધર્યું હતું. અત્રેનો કિલ્લો ૧૫૧૦



માં બાંધવામાં આવ્યો હતો, અને ગોલકોંડાના રાજ્ય અમલ વેળા ૧૬૪૬ માં નાશ પામ્યો હતો; પણ આર્કાટના નવાબનાં અમલ વેળા (૧૨૫-વર્ષ ઉપર) તદન પડી ભાગો. ૧૭૫૮ માં અત્રે નવાબ વાહેબખાને ત્રીપતિમાં આશ્રય લીધો હતો. ૧૭૮૨ માં હૈદરઅલીએ આ કિલ્લો તાબે કર્યો હતો. આ કિલ્લો એક ગ્રેનાઇટનાં ખડક ઉપર તળેટીથી ૬૦૦ ફીટ ઉંચોછે. 'ફોર્ટ સેંટ જ્યોર્જ' નો કિલ્લો બાંધવા માટેની સનદ ઇ. સ. ૧૬૪૦ માં ઇસ્ત ઈંડીયા કુંપનીને જે મળી તેની પર અત્રેજ સહી સાખ થઈ હતી. હાલનું ચંદ્રગીરિ નાહનું પણ સુંદર રીતે બંધાયલું અને કિલ્લો પૂર્વમાં છે. આ શેહેર આસપાસનો દેશ અતી ફળદ્રુપ હોઇ તેની કુદ્રતી મનોહરતા નજરને છક્ક કરેછે.'

**ચંદ્રગુપ્ત**—યયાતી રાજાના પુત્ર 'પુરૂ' નાં વંશમાં રાજસંઘ' નામે પરાક્રમી રાજા થઇ ગયો, તેના વંશમાં મૌર્ય નામે રાજા થયો, આ રાજા ઘણી સ્ત્રીઓને પરણેલો હોવાથી એને ત્યાં ૧૦૦ પુત્રની વૃદ્ધી થઇ હતી. મૌર્યનાં મરણ પછી તેના ભાઇ 'નંદો' એ પોતાનાં ૧૦૦ ભત્રીજાઓને ભોયરામાં પુરી તેઓપર ભૂખમરો પાડયો પણ તેમાં માત્ર ચંદ્રગુપ્ત હાડપીંજર અવતારે છેલ્લે જીવતો જણાતાં તે ક્રૂર કાકાઓએ તેને નબળો બનેલ જોઇ છોડી મેલ્યો.

ચંદ્રગુપ્ત બંદ મૂક્ત થતાં ભટકતો ભટકતો પંચનદ પ્રદેશમાં ગયો, જ્યાં તક્ષશિલાનો રહેવાશી ચાણક્ય નામે પંડીત સાથે ઓળખાન પડતાં તેને પોતાની સર્વ બીના જણાવી, તેમની મદદ મેળવી. ગ્રીક ઇતિહાસ કર્તા મુજબ ઇ૦ સ૦ પૂર્વે ૩૨૭માં સીકંદર જ્યારે પંજાબમાં ચઢાઇ લઇ આવ્યો તે વેળા ચંદ્રગુપ્ત કુસૂમપૂર (પાટલી પુત્ર) ન્હાશી ગયો.

સીકંદર પોતાને દેશ પાછો ફર્યો પછી ચંદ્રગુપ્તે ચાણક્યની ચતૂરાઇ અને પર્વતેશ રાજાની મદદથી મગ્ધ દેશની ગાદી નંદો પાસેથી જીતી લઈ મૌર્ય વંશની સ્થાપના કરી હતી.

નંદો નિર્બળ થતાં તેના કુશળ મંત્રિ રાક્ષસે ચંદ્રગુપ્તને ઘેરીને હરાવવાનો નિશ્ચય કરી પર્વતેશ રાજાને પોતાના પક્ષમાં લીધો, પણ તે ચંદ્રગુપ્ત તથા ચાણક્યની ચતૂરાઇથી માર્યો ગયો; આથી 'રાક્ષસ પ્રધાને' પંજાબના રાજા મલયેકેતૂ, કુલૂતનાં રાજા ચિત્રવર્મા, મલય દેશનાં રાજા સિંહનાદ, કાશમિરનો પુષ્કરાક્ષ અને સિંધૂદેશનાં ભૂમાળ રાજાની સાહ્યતા મેળવી મગ્ધદેશને ઘેરવાની બાજી રચી, પણ ચંદ્રગુપ્ત અને ચાણકયે પોતાના અસાધારણ કુશળતાથી આ સર્વ રાજાઓ વચ્ચે વેર પડાવી જૂદા પાડયા; અને ભદ્રભટ્ટ તથા પુરૂષદત્ત નામે સરદારને પાછળથી હુમલો કરવા મોકલ્યા; આથી રાક્ષસ પ્રધાન પોતાની નેમમાં નિશફળ નિવડી ભટકતી સ્થીતિમાં કુસૂમપૂરમાં જઇ ભરાયો. ત્યાં ચાણકયે તેની મુલાકાત લઇ રાક્ષસને ચંદ્રગુપ્તના મંત્રિનું પદ અપાવ્યું. ઇ૦ સ૦ પૂર્વે ૩૦૨ માં સેલ્યૂકસ નામે ગ્રીક સરદારે મગ્ય દેશપર ચઢાઈ કરી, તેને ચંદ્રગુપ્તે હરાવી સુલ્હે કરી, પાછો વાળયો હતો. ચંદ્રગુપ્તનું લશકર ૪,૦૦,૦૦૦ સીપાહોનું હતું; અને તેની પાસે દર્યાઇ લશકરનો પણ એક કાફલો હતો. એનું રાજયધાની પાટલી પુત્રની આસપાસ જે મોટો કોટ હતો તેને ૫૭૦ બુરજો અને ૬૪ દરવાજા હતા. એના સમયમાં ભરતખંડમાં ૧૦૮ સ્વતંત્ર રાજાઓ હતા. એ સર્વેનો અર્ધો ભાગ ચંદ્રગુપ્તનાં આશ્રય તળે આવ્યો હતો.

**ચંદ્રગુપ્તનો કાળ** આજથી ૨૨૧૦ વર્ષને સુમારે થયો એમ કેટલાકો જણાવેછે. પણ જૈન ગ્રંથોમાં જણાવ્યા મુજબ યૂધિષ્ટર શકનાં ૧૬૯૩ માં વર્ષે પ્રસાથી નામે સંવત્સર ચૈત્ર શુદ ૧ રવિવારે ચંદ્રગુપ્તને રાજભિષેક થયો હતો. તેણે ૨૨ વર્ષ રાજય કર્યું. અને યુદ્ધિષ્ટીર શક ૧૭૧૫ 'પ્લૌ' નામનાં સંવંતસરમાં મરણ પામ્યો હતો. આ રીતે જોતાં ચંદ્ર-

ગુપ્તને થઇ જવાને ૩૨૦૦ વર્ષ થાયછે. યૂરપીયન તવારીખ નવેશોએ સેકંદરના સમયકાળના સાંદ્રૂકોટસને ચંદ્રગુપ્ત તરીકે જણાવી તેના સમયનો જે કાળ બતાવ્યોછે તેમાં નામ ફેરને લીધે ભૂલ રહેલી જણાવવામાં આવેછે.

**ચંદ્રગુપ્ત**—પ્રાચીન ગુજરાતમાં ગુપ્ત રાજાઓનો અમલ હતો, તેમાં ચંદ્રગુપ્ત ૩ જો રાજા થયો. એણે ઇ૦ સ૦ ૩૪૯ થી ૩૬૯ સુધી અમલ ભોગવ્યો. આ રાજા તિર્હૂટના કુમારદેવી સાથે પરણ્યો હતો. એને ત્યાં સમુદ્રગુપ્ત નામે મહા પરાક્રમી પુત્ર અવતર્યો હતો. ચંદ્રગુપ્તે ગુપ્તવંશમાં મ્હોટી નામના મેળવી માહારાજા ધીરાજનો એલકાબ મેળવ્યો હતો.

**ચંદ્રગુપ્ત બીજો**—એ ઉપલા ચંદ્રગુપ્તનો પૌત્ર અને સમુદ્રગુપ્તનો પુત્ર૦ ઇ૦ સ૦ ૩૯૬ થી ૪૧૫ સુધી અમલ ભોગવ્યો. એ પણ પોતાના પિતા જેવો મહા પરાક્રમિ નિવડયો. એણેજ સુન્નાનાં સીક્કાનું ચલણ રાજ્યમાં ચાલુ કર્યું હતું. એણે માલવા તથા ગુજરાત તાબે કરી ગુપ્ત પ્રદેશ સાથે તેને જોડી નાખ્યું હતું. ગુજરાતનાં પ્રાચીન ઇતિહાસ મુજબ "એણે માળવા અને ગુજરાત ક્ષત્રપ વંશ પાસેથી લીધો હશે એમ લાગેછે. કારણ કે રૂપાનાં સિક્કા પડાવનાર પેહેલો ગુપ્ત રાજા એજ હતો; અને એના રૂપ્પાનાં સિક્કા ક્ષત્રપ રાજાઓના સિક્કાઓને મળતા આવેછે. માળવા દેશ જીતી લેવાને ચંદ્રગુપ્ત અલાહબાદથી બુંદેલખંડ તથા બિલાસાને માર્ગે માળવામાં આવ્યો હશે. બિલ્સા પાસે વિદિશા (હાલનું બેસનગર) માં ઉદ્દાગીરિની ગુફાઓ છે, તેમાં 'કોત્સ ગોત્રનાં અને બીરસેન' ના કુળના 'શાબ' નામના કોઇએ કોતરાવેલો સાલ વગેરેનો લેખછે. એ લેખમાં જણાવ્યું છે કે 'શાબ' પાટલીપુત્રનો વતની તથા કવિ હતો અને ચંદ્રગુપ્તનાં રાજ્યમાં લઢાઇ અને સલેહા કરનાર પ્રધાનના હોદ્દાપર હતો. આ રાજાએ પૃથ્વી જીતી લેવાનો નિશ્ચય કર્યો હતો, તેથી રાજાની સાથે તે એ જગોએ આવ્યો હતો. તેની પાસેની ગુફામાં ચંદ્રગુપ્તને ખંડણી આપનાર 'રનકાનિકના' રાજાએ કોતરાવેલો લેખ છે."

"ત્રીજો લેખ સાંચી સ્તૂપના કઠારાપર છે. તેનો સને ૪૧૨નો છે. ચંદ્રગુપ્તે પોતાનો અમલ પશ્ચિમ માલવાની રાજધાની ઉજ્જન સુધી ફેલાવ્યો હતો. ઉજ્જનથી રાથ જીલ્લાનાં બાઘ અને તાડને માર્ગે દક્ષિણ ગુજરાતમાં આવ્યો અને ભરૂચ કિનારથી કાઠીયાવાડમાં ગયો હતો. કાઠીયાવાડમાં એના ક્ષત્રીય રાજ્યકર્તા હતા. ચંદ્રગુપ્તે ગુપ્ત સનેની શરૂઆત કરી છતાં તેની ગણુત્રી પોતાના મૂળ પુરૂષથી ગણુત્રીમાં લીધી હતી. એના પછી એનો બેટો કુમારગુપ્ત ગાદીનશીન થયો હતો. (જુઓ કુમારગુપ્ત).

**ચંદ્રગોપાલ**—અથવા ગોપાલભારને નામે આ ગવઇઓ હિંદમાં વિખ્યાતી પામ્યોછે. એ કૃષ્ણાની રાજ્ય દરબારમાં પ્રસિધ્ધતા પામી ગયોછે. એ જાતે કુંભાર હતો, ત્યારે કેટલાકો એને હજામ જાતનો જણાવેછે. એનું વતન 'નડીયા' હતું. એને બચપણથી ગાયનનો શોખ હોવાથી તેનો એણે અભ્યાસ પૂખ્ત કર્યો હતો. એ ધ્રુપદ તથા ખ્યાલ ગાવામાં કુશળ હતો. અને એણે રાગ શાસ્ત્રમાં મ્હોટો સુધારો વધારો કર્યો હતો. ગવૈયા ઉપરાંત એ એક અચ્છો કારીગર હતો. બનારસ (કાશી) માં એણે પોતાની અચ્છી હુન્નરમંદીથી માર્ગો તથા મંદીરો જાત્રાળુઓની સગવડ અર્થે બાંધ્યા હતાં.

**ચંદ્રનગર**—(ચંદનનું શેહેર) બંગાલમાં હુગલી જીલ્લામાંનુ આ ફ્રેન્ચ મથક, હુગલી નદીના જમણા કાંઠાપર કલકત્તાથી ૨૨ મૈલપર ચીનસૂરા પાસેછે. ગામ ૩$\frac{1}{2}$ ચૌરસ મૈલ પર વસાયલું હોઇ લોક વસ્તી ૨૫,૩૯૫ની છે.

૧૬૭૩ માં આ શેહેર ફ્રેન્ચોને હસ્તક થયું, અને ડુપ્લીના અમલમાં ૧૬૮૮ માં એ ચડતીકળાએ પુગ્યું હતું. ૧૭૩૧–૪૧ માં અત્રે ૨૦૦૦ ઈટોના મકાનો હતા.



૧૭૫૭માં એડમીરલ વોટસને એનીપર ગરભછાંટનો મારો ચલાવી ભારે નુકસાની પછી કબજે કર્યું હતું, પણ કોલકરારથી ૧૭૬૩ માં આ શેહેર ફ્રેન્ચોને મળ્યું હતું, ફરી ૧૭૯૦માં દુશમનઇ થતાં એનીપર ઈંગ્રેજોએ હલ્લો કરી કબજે કર્યું, પણ ૧૮૦૨ ના કોલકરાર પછી ફ્રેન્ચોને મળયું, પણ તેજ વર્ષમાં ફરી ઇંગ્રેજોએ જીતી લઇ ૧૮૧૫ ની સુલેહે પછી પાછું ફ્રેન્ચોને આપ્યું હતું. અત્રે ફ્રેન્ચ હાકેમ થોડા ફ્રન્ચ સરદારો સાથે અમલ ચલાવેછે. અત્રે ઇસ્ત-ઈંડીયા રેલ્વેનું સ્ટેશનછે. પોંડેચરીના ગવરનર જનરલનો નેમેલો ગવરનર અત્રે સત્તા ચલાવે છે.

**ચંદ્રપૂર**—(પદમા પૂર સાથે) મધ્ય પ્રાંતમાં સંભલપૂર જીલ્લામાંની એક જમીનદારી છે. પદમાપૂર સંભલપૂરની ઉત્તર પશ્ચિમે ૪૦ મૈલપર અને ચંદ્રપુરની પશ્ચિમે ૨૦ મૈલપરછે, આ બે જાગીરીનું ક્ષેત્રફલ ૩૦૦ ચૌરસ મૈલ છે, તેમાં ૨૪૮ ગામડાં છે. લોક વસ્તી ૬૬૫૮૫ ની છે, તેમાં ૩૩૦૭૧ પુરૂષો તથા ૩૩૫૨૮ સ્ત્રીઓ છે. દર ચૌરસ મૈલે ૨૨૨ની લોક વસ્તીનું પ્રમાણ આવેછે. પદમાપૂરની જમીન ફળદ્રુપ હોઈ તેમાં ચોખા, રૂ, અને શેરડી તથા કપાસ પાકેછે; પણ ચંદ્રપુરમાં પાણી પુશકળ છતાં ત્યાંની જમીન કાળી તથા રેતાલ હોવાથી સારો પાક ઉતરતો નથી. આ જાગીરનું વાર્ષિક ઉત્પન્ન ૧૨૨૫ પૌંડનું છે.

**ચંદ્ર પુષ્પા**—હિંદી ભાષામાં એને છોટા ચાંદ કહેછે. એના મૂળીયાં ઔષધિ ઉપચારમાં યોજેલાંછે. કોકણ તરફ સ્ત્રીને પ્રસૂતવેદના થતાં વિણ આવવા માટે ચંદ્ર પુષ્પાનો રસ આપેછે. એનો ઉપયોગ તાપપર થાયછે. એના મૂળીયાં ૫ થી ૬ ઈંચ લાંબા ને આંગળાં જેવડાં જાડા ને છાલ ગેરૂના રંગની હોયછે. એ સ્વાદે કડવું હોયછે. એનો કાહવો (૧$\frac{1}{2}$ તોલા મૂળીયાંમાં પા શેર પાણી) પાવામાં આવેછે.

**ચંદ્ર સુન્દા**—હિંદના સુંદરબનમાં વસ્તી એક પ્રજા. એઓ નીમક પકવવાનો ધંધો કરેછે.

**ચંદ્રભાગ**—(જુઓ ચિનાબ.)

**ચંદ્ર રેખા**—પિંગળ શાસ્ત્ર મુજબ પાંચ રગણનો ચંદ્ર રેખાછંદ બનેછે. તેમાં ૭મે અક્ષરે વિસામો આવેછે.

**ચંદ્રવર્ત્મ**—પિંગળ શાસ્ત્ર મુજબ રગણ, નગણ, ભગણ અને સગણનો આ છંદ બનેછે. એમાં ૪ અક્ષેર વિસામો આવેછે.

**ચંદ્રસેની કાયસ્ત**—પુના તથા મુંબઇ તરફ વસ્તી એક હિંદુ પ્રજા. એઓ દેવધર્મ સંબંધી ક્રિયા કામ કરી શકે છે. એઓમાં બે તડ છે. એક 'પાતાને પરભૂ અને બીજા દેવાની પરભૂ' ને નામે ઓળખાયછે, પાતાને પરભૂ મુંબઇ તથા આસપાસનાં ગામોમાં ને બીજા ગોવા તરફજ વસે છે.

**ચંદ્રલેખા**—પિંગળ શાસ્ત્ર મુજબ ત્રીજો મગણ, બીજો રગણ, ને ચોથો તથા પાંચમો યગણ હોય તો તે ચંદ્રલેખા છંદ કહેવો. તેમાં મુની એટલે ૭ અક્ષરે વિસામો આવેછે.

**ચંદ્રાધૂટી**—માયસોરના રાજ્યમાં શીમોગ જીલ્લામાં પશ્ચિમ ઘાટમાંનુ એક શિખર. એ સમૂદ્ર સપાટીથી ૨૮૩૬ ફીટ ઉંચોછે. આગળ આ શિખર પર કિલ્લેબંદી કરેલી હતી. આ શિખર ઉપર પરશરામની માતા રેણુકાનું મંદીરછે. તળેટીમાં એજ નામનું ગામડુંછે, જેમાં ૮૦૯ ની વસ્તીછે.

**ચંદ્રાપિડ**—આ કાશમિરનો માહારાજા ઇ૦ સ૦ ૬૮૪ માં દુર્લભના મરણ પછી ગાદીએ બેઠો. આ રાજા ઇન્સાફી અને ધર્મશિળ હતો. એના ઈન્સાફીપણાની અનેક કથાછે. તેમાં એક કથા એ છે કે એણે એક મેહેલ બાંધવા યોજ્યો, જે જગા પાસે કોઇ મોચીનું ઘર હતું. તે મોચીએ પોતાનું ઘર ત્યાંથી ભાંજવા ના પાડયાથી રાજાએ તેનો હક્ક કબુલ્યો, પણ મોચીએ રાજાને પોતાને ઘરે આવી તેની કિંમત આપી ઘર કબજે લેવા કહેતાં, રાજા પંડે તેના ઘરે જઇ સાટું નક્કિ કરી આવ્યો હતો. તે જગાપર ચંદ્રપિડે

ત્રિભૂવનસ્વામિતું મંદીર બંધાવ્યું અને સ્ત્રીએ પ્રકાશિકા નામનો વિહાર બંધાવ્યો હતો. પણ એક સમે એક બ્રાહ્મણના ખૂનનો યોગ્ય ઇન્સાફ કરતાં ખૂની બ્રાહ્મણને શિક્ષા કીધી, આથી એના ભાઇ તારાપિડે તે જાદુગર બ્રાહ્મણ પાસે અભિચાર મંત્ર વડે ચંદ્રાપિડને ઇ૦ સ૦ ૬૯૩ માં મારી નખાવ્યો. ચંદ્રપિડ એટલો તો ભલો હતો કે મરતી વેળા પોતાને મારનાર બ્રાહ્મણને તેનો ગુન્હા માફ કરી છોડી મેલ્યો હતો.

**ચંદ્રાવતી**—આબુની દક્ષિણે ૧૨ મૈલપર અને અંબાભવાનીના તથા તારીંગાના મંદીરથી ૧૨ મૈલ ઉપરનું ગામ ઉજડ જગા ઉપરછે. આગળા વખતમાં એ અતી મ્હોટું શેહેર હતું; અને ત્યાંથી ગુજરાતનો વેપારી માલ 'ઉત્તર હિંદુસ્તાનમાં' જતો હતો; અને તે વેળા એ પવિત્ર સ્થળ ગણાતું હતું. આગળ અત્રે બંધાયલા મંદીરોની હૂન્નરમંદી જોવાજોગ છે. આ શેહેર ૭ મી સદી વેર જાહોજલાલીમાં હતું. ૭ મી સદીમાં પરમારોનાં હસ્તક હતું, જેમની પાસથી શિરોહિના ચોહાંણોએ તે લીધું ને તે પછી અનહિલવાડના સોલંકીનું ખંડીયું થયું. કુતબુદ્દીન ઐબાક ગુજરાત પર આવ્યો ત્યારે તેને આબુ આગળ અત્રેના રાજા ધારાવર્ષે ૧૧૯૭ માં ઘેર્યો હતો; પણ તેણે ચંદ્રાવતી જાતીને લુટયું હતું. ૧૨૭૦ માં નાદોલના ચેહાણોએ તાબે કીધું. પણ તેમને ઇ૦ સ૦ ૧૩૦૦ માં દેવોરાનાં ચોહાણોએ ખસેડયાં. ૧૩૦૪ માં મુસલમાનોનાં હાથમાં ગયું. પછી ૧૫ મી સદીમાં સુલતાન અહમદે અત્રેનાં મકાનો તોડી પાડી અમદાવાદને સણગાર્યું; અને અત્રેના બાહોશ કારીગરોને ત્યાં વસાવ્યા, ત્યારથી તે તદન ભાગી પડયું છે.

**ચંદા**—અથવા મહાલકા, હૈદ્રાબાદના નવાબની બેગમ. એ એક કાબેલ શાએર તરીકે વખણાઇછે. એના રચેલા દીવાનને શેર મોહમદખાને ફરી સુધારી રચ્યું હતું. ચંદાની રચેલી ગજલોની એક નકલ કેપટન માલ્કમને ઇ૦ સ૦ ૧૭૯૯ નાં અકટોંબરમાં ભેટ આપી હતી, કે જે નકલ અને દીવાન હાલમાં ઇસ્ત ઈંડીયા લાયબ્રેરીમાં જાળવી રાખેલાં છે.

**ચંદા**—મધ્ય પ્રાંતમાં નાગપૂરનો એક જીલ્લો. એનું ક્ષેત્રફળ ૧૦૭૮૫ ચોરસ મૈલ છે. એની ઉત્તરે વર્ધા અને ભંડારા. પૂર્વે વર્હાડ, દક્ષિણે વર્હાડ; પશ્ચિમે વર્ધા નદી, બસ્તાર તથા રાયપૂર. ૧૮૭૨ માં લોક વસ્તી ૫,૫૮,૮૫૬ ની હતી. તેમાં ૩,૨૬૮૨૪ પુરૂષો અને ૩૨૨૩૨૨ સ્ત્રીઓ હતી. તેને તાબે ૨૯૫૮ ગામડાં તથા શેહેરો છે. મુખ્ય પ્રજા હિંદુ સંખ્યા ૪,૯૯૩૨૭; કબીર પંથી ૧૦૬૪, ૧૭૩ સત્તનામી, ૧૦૯૮૭ મોહમેદન અને ૨૮૯ ખ્રિસ્તી તથા ૭૩૭ જૈનધર્મીઓ વસેછે. બોલાતી ભાષા મરાઠી તથા તેલંગુ છે.

પ્રદેશ પહાડી હોઇ તેમાં વાઇનગંગા, પ્રાણહિતા, બાગા અને ઇરાવતી નદીઓ વહેછે. જંગલમાં સાગન ાં વૃક્ષો પુશકળ છે. 'વરોરા' માં કોલસો ઘણો મળેછે. 'વેરાડ'માં હીરા તથા 'લાલ' જડેછે. લોખંડ, સોનું આ જીલ્લામાં ઘણું મળેછે.

મુખ્ય પાક—ચોખા, શેરડી, કપાસ, જુવાર, ઘઉં, ચણા વગેરેનો થાયછે. આ જીલ્લામાં બિડીનાં પાતરાં ઘણાં ઉગેછે. નેહેરનું પાણી ૩૦૦ ચોરસ મૈલ ફેલાયલુંછે.

આ દેશનો ૧૦૭૮૫ ચોરસ મૈલ જમીનનો માત્ર ૯૧૪૮ ચોરસ મૈલ ભાગ ખેતીવાડી ખાતે રોકાયલોછે. તેમાં ૫૮૪૦ ચોરસ મૈલ ખેતી લાયકનો છે અને ૩૭૯૭ ચો. મૈ. નાપીકછે.

ઈંગ્રેજ સરકારને તાબે આ જીલ્લો આવ્યા પછી મુંબઇ, હૈદ્રાબાદ, દખણ વગેરે દેશો સાથે એનો વેપાર બોહોળો વધ્યોછે. આગલા વખતથી અત્રેનું સુતરાઉ કાપડ વખણાયછે, અને તે અરબસ્તાન તથા પશ્ચિમ હિંદુસ્થાનમાં સારે ભાવે વેચાયછે. અત્રે રેસમ કેળવેલું ચામડું, સુતરાઉ રેસમી કાપડ વગેરેનાં



કારખાનાં છે. સરકારને વાર્ષિક મેહેસુલ ૪૪૩૯૫ પૌંડની ઉપજેછે.

ચંદા જીલ્લાનો વેપાર વર્ધા, નાગપૂર, ભંડારા, રાયપૂર, બસ્તાર, નિજામનો મુલક અને વર્હાડ સાથે ચાલેછે. ભંડારા અને ચંદાની જાત્રામાં માલ ઘણો ખપેછે. અત્રેનું ઝીણું કાપડ પશ્ચિમ હિંદુસ્તાનમાં જાય છે, નિકાશ માલ રેશમી કાપડ, કોલસો, લોખંડ છે. મુખ્ય ગામો ચંદા, વરોરાછે.

**ંદા**—એજ નામના જીલ્લાનું મુખ્ય શેહેર. ૧૮૮૧માં લોક વસ્તી ૧૬૧૩૭ની હતી. અત્રેના વેપારી તથા કારીગરો મરાઠા તથા તેલંગી બ્રાહ્મણો છે. તેમાં ૧૪૩૪૦ હિંદુઓછે, ને ૧૩૦૮ મોહમેદનો છે. એના મુખ્ય જીલ્લામાં ઉપજતા પદાર્થોનો અત્રે સારો પાક થાય છે. અત્રે દર એપ્રેલ માસમાં ત્રણ અઠવાડીયાં વેર મ્હોટો મેળો ભરાયછે. આ શેહેરની આસપાસ ૫½ મૈલ ઘેરાવાવાલો કોટછે, આ કોટને જગેજગ બુરજો હોઇ પાંચ દરવાજા છે. એની ઉત્તર પૂર્વે ગિચ્ચ જંગલની ઝાડી ને ખેતીની જમીનો છે, દક્ષિણ તરફ માનેકદુર્ગ પર્વતની હાર લંબાયલીછે, પશ્ચિમ તરફનો ભાગ ખેતીવાડીના મેદાનોથી ભરપૂરછે. ગોંડના રાજાઓની કબરો અમલેશ્વર મહાકાળી અને મૂર્લિધરના મંદીરો વગેરે જોવાજોગ બાંધકામો છે.

**ચંદા**—ઔદમાં સુલતાનપૂર જીલ્લાનું એક પ્રગણું, એની દક્ષિણે પ્રતાપગર જીલ્લો ને ઉત્તરે અલદીમ્યુ છે. ક્ષેત્રફળ ૧૩૦ ચોરસ મૈલ છે, તેમાં ૨૦ ગામડાં છે. તેમાંના ૧૪૬ ગામડાં તાલુકદારીમાં અને ૧૪૪ જમીનદારીમાં છે. લોક વસ્તી ૭૬૭૯૦ ની છે, તેમાં ૭૧૪૦૮ હિંદુ તથા ૫૩૮૨ મોહમેદન છે.

**ચંદાના**—પિંગળ શાસ્ત્ર મુજબ કામ મોહિનીછંદને મળતો (જુઓ કામમોહિની.)

**ચંદાસાહેબ**—એનું મૂળનામ હૂસેન દોસ્તખાન હતું. એ આરકાટના નબાબ દોસ્ત અલી ખાનનો જમાઇ હતો, એણે ત્રિચન્નાપલ્લીની રાણીને પ્રપંચથી ભોલવી ઇ. સ. ૧૭૩૬ માં રાજ્યગાદી મેળવી હતી, પણ ૧૭૪૧ માં ૨૬ મી માર્ચે મરાઠાઓએ એને કેદ કરી સતારાના કિલ્લામાં કેદ કર્યો હતો, પણ ત્યાંથી મોન્સની સાહ્યતાથી નાહાશી ગયો હતો, ૧૭૪૮માં ડુપલીએ એને કર્નાટકનો નવાબ બનાવ્યો હતો, પણ ૧૭૫૨ માં મરાઠાઓએ એને કેદ કરી એનુ માથું કાપી એના સસરાપર વેરના ઐવજમાં ભેટ તરીકે મોકલી આપ્યું હતું.

**ચંદ્રીકા**—(જુઓ લક્ષ્મી) (૨) પિંગળ શાસ્ત્ર મુજબ ૨ નગણ, ૧ તગણ, ૧ રગણ અને ૧ ગુરૂનો ચંદ્રિકા છંદ બનેછે, તેમાં ૪ અક્ષરે વિસામાં આવેછે.

**ચંદુર**—બિરારમાં અમીરકોલ જીલ્લાનો મુખ્ય તાલુકો. ક્ષેત્રફળ ૮૫૫ ચોરસ મૈલ છે, તેમાં બે શેહેરો તથા ૨૯૬ ગામડાં છે, લોક વસ્તી ૧૭૧૬૧૧ ની છે. તેમાં ૮૮૮૧૩ પુરૂષો અને ૮૨૭૯૮ સ્ત્રીઓ છે, દર ચોરસ મૈલે ૨૦૦·૭૧ ની રાસ આવેછે, ૬૬૬ ચોરસ મૈલ જમીન ખેતીવાડી ખાતે રોકાયલી છે; ૧૧૧ ચોરસ મૈલ ખેડી શકાય તેવી છે, અને ૧૫ ચોરસ મૈલ ખેડવા લાયક છે, વાર્ષિક ઉત્પન્ન ૪૦૫૪૭ પૌંડનું ઉપજેછે.

ઉપલાનું મુખ્ય શેહેર ચંદુર મુંબઇથી ૪૩૦ મૈલ ઉપર જી. આઇ. પી. રેલ્વેના સ્ટેશનવાલું ગામ છે.

**ચંદ્રુસ**—એના ઝાડ દક્ષિણ હિંદુસ્તાનમાં ઉગેછે. એ લોબાનની જાતનું વૃક્ષ છે. એનો મ્હોટો ભાગ આફ્રિકા ખંડમાં તથા જીનોવાના ટાપુમાં ઉગેછે. એના વૃક્ષમાંથી જે રસ નિકળેછે તેને ચંદ્રુસ કહેછે, તે રંગે કિંચીત લીલો પિળો હોયછે. ચંદ્રુસમાંથી વાર્નિશ બનાવવામાં આવેછે. તેમજ તેનો મલમ તૈયાર કરવા માટે પણ ઉપયોગ થાયછે. દક્ષિણ હિંદુસ્તાનમાં એને સફેદ ડામર કહેછે. એનો રસ ઔષધિ ઉપયોગમાં યોજેલોછે.

**ચંદેરી**—ગવાલીયરના રાજ્યમાંનો જીલ્લો. એને તાબે ૩૮૦ ગામો છે. ૧૮૬૦ માં કોલ-

કરાર પછી અત્રે બ્રિટીશોની સત્તા સ્થાપન થઇછે.

મુખ્ય શેહેર ચંદેરી કિલ્લાવાળું છે, અને તે ગવાલીયરની દક્ષિણે ૧૦૫ મૈલપર ને આગ્રાની દક્ષિણે ૧૭૦ તથા દિલ્લીની દક્ષિણે ૨૮૦ મૈલ પર છે. આઇને અકબરીમાં લખ્યા મુજબ આગળ અત્રે ૧૪૦૦૦ પથ્થરની બાંધણીનાં ઘરો હતાં, તેમજ ૩૮૪ બજાર અને ૩૬૦ ધર્મશાળાઓ તથા ૧૦૦૦ મસજીદો હતી. અત્રેના કિલ્લાની આસપાસ રસ્તા હોઇ તે ઉંચી જગ્યાપર છે.

**ચંદેરીગઢ**--આ કિલ્લો પનવેલ તાલુકામાં પનવેલની નૈઋત્યે ૧૦ મૈલ ઉપર 'તામસઇ' નામના ગામડામાં છે. આ કિલ્લો મલંગગઢ અને 'પેબ' કિલ્લાની વચલી એક તેકડી ઉપર બાંધેલો છે. હાલમાં કિલ્લાની કિલ્લેબંદી બીલકુલ નથી. ઉપર માત્ર બે ટાંકી અને પડી ભાંગેલાં ઘરોની નિશાનો છે. આ કિલ્લા વિષે કશી તવારીખમાં નોંધ મળતી નથી.

**ચંદેલ વંશ**—*"આ રાજવંશનો મુલક જેજુ હુતી અથવા જેજાભૂક્તિ છે, અને તેનીરાજ્યધાની 'મ્હોબ' અથવા 'મહોત્સવ'ના નામે જાણીતી છે. એની ઉત્તરે જમના નદી, દક્ષિણમાં કિયાન અથવા કેન નદી, પશ્ચિમે ધસાન નદી અને પૂર્વે વિંધ્યા પર્વત છે' કેન નદી ઉત્તરથી દક્ષિણમાં વહેછે તેથી આ પ્રદેશનાં પૂર્વ અને પશ્ચિમ એવા બે વિભાગ બનેલાંછે. પશ્ચિમ વિભાંગમાં રાજધાની, નગરો; મહોબ અને ખજુરાહો આવી જાયછે તેમજ પૂર્વ વિભાગમાં કલિંજર અને અજયગઢ નામના મ્હોટા કિલ્લાઓ છે. આ પ્રદેશનું ક્ષેત્રફળ ૧૨૦૦૦ મૈલ કરતાં વધુ હતું. ખજુરાહોમાં હજી પણ ભવ્ય દેવાલયોનાં સમૂહ આવી રહેલાંછે. તે ઉપરથી તેની ધનાઢ્યતા જણાયછે'.

'મહોબખંડ ઉપરથી જણાયછે કે આ ખંડના રાજા ચંદ્રવંશી છે, અને બનાસ રાજગુરૂ હેમરાજની પુત્રી હેમાવતીનાથી તેઓની ઉત્પતિ છે,—એવી દંતકથા છે. પણ શિલા લેખોમાં તેમને ચન્દ્રાત્રેય (ચંદ્રક આત્રેય) વંશના ગણેછે; અને એ લેખોથી ઉપરની બીનાને કશો ટેકો મળતો નથી. આ રાજવંશની તવારીખ તેમના વખતનાં સુના, ચાંદી, ત્રાંબાના સિક્કા મળ્યા ઉપરથી જણાઇછે. એ રાજ્યના જડેલા સુનાના સિક્કાનું વજન ૬૨ ગ્રેન છે, ને ત્રાંબાના પણ તેવાજ મ્હોટા છે.

આ ચંદેલ રાજાઓના વંશજોએ નીચે મુજબ રાજ્ય કર્યું હતું.

ઇ૦ સન. ૮૦૦ નન્નૂકદેવ.<br>
" ૮૨૫ વાક્પતિ<br>
" ૮૫૦ વિજય<br>
" ૮૭૫ રાહિલ.<br>
" ૯૦૦ હર્ષદેવ.<br>
" ૯૨૫ યશોવર્મદેવ.<br>
" ૯૫૩ ધંગદેવ.<br>
" ૯૯૯ ગંડદેવ.<br>
" ૧૦૨૫ વિદ્યાધરદેવ.<br>
" ૧૦૪૦ વિજ્યપાલદેવ.<br>
" ૧૦૫૦ દેવવર્મદેવ.<br>
" ૧૦૬૩ કીર્તિવર્મદેવ.<br>
" ૧૦૯૭ હલ્લકશ નવર્મદેવ.<br>
" ૧૧૧૦ જયવર્મદેવ.<br>
" ૧૧૨૦ હલ્લકશ નવર્મદેવ-૨જો,<br>
" ૧૧૨૨ પૃથ્વી વર્મદેવ.<br>
" ૧૧૨૯ મદન વર્મદેવ.<br>
" ૧૧૬૫ વરમદદેવ.<br>
" ૧૨૦૩ ત્રેલોક્ય વર્મદેવ.<br>
" ૧૨૪૦ વીર વર્મ પેહેલો.<br>
" ૧૨૮૨ ભોજ વર્મ.<br>
" ૧૩૫૦ વીર વર્મ બીજો.<br>
" ૧૫૨૦ કીર્તિ સિંહ.

**ચંદેલી**—ચંદેરીમાં બટવા નદીને કાંઠે આ અતી ઉત્તમ પ્રકારનો રૂ ઉગેછે, અને તે ઉમરાવતીને નામે ઓળખાયછે. આ રૂ રંગે રૂપેરી હોઇ અતી શ્રૂક્ષ્મ હોયછે. એ એટલોતો મોઘો વેચાયછે કેતેને રાજવંશીઓજ ઉપયોગમાં

* રણછોડભાઇ ઉદયરામ કૃત રાસમાળા.



લીયેછે. વણકરો એનું સૂતરનું કાપડ ભોયરામાં ચંડકવાલી જગ્યામાં બેસી બનાવેછે. તેઓ અંધારામાં વણેછે, કેમકે તેનીપર બહારની ધૂળની રજકણો પડે નહિ તેની સંભાળ લેવી પડેછે.

**ચંદોર**--એજ નામના જીલ્લાનું મુખ્ય શેહેર, નાશીકની ઉત્તર પૂર્વે ૪૦ મૈલપર તેકડીની તળેટીમાં છે. લોક વસ્તી ૪૮૯૨ની છે, તેમાં ૩૫૫૧ હિંદુ ને ૧૦૬૧ મોહમેદનો છે. રેલ્વે લાઇન નાખવા આગમજ અત્રે ત્રાંબા પિત્તળનાં તથા લોઢાનાં નાહનાં કારખાનાં હતા. અત્રે દર અઠવાડીયે બજાર ભરાયછે. આ ગામ ૧૭૫૩માં હોલકરે વસાવી અત્રે પોતાની ખાનગી મીલકત ૧૮૧૮ સુધી રાખી હતી. અત્રેનો કિલ્લો ૩૯૯૮ ફીટ ઉંચો હેવાથી તે ગામમાં ભવ્ય દેખાયછે. એના પ્રગણાનું ક્ષેત્રફળ ૫૩૮ ચોરસ મૈલ ને તેમાં વસ્તી ૫૦૮૯૯ની છે.

**ચનામીયા**--આ ચંદ્રબન્સી રજપૂતની જાત, જોનપૂર તથા ગોરખપૂરમાં વસેછે.

**ચંપકછંદ**—પિંગળશાસ્ત્ર મુજબ ૮ તથા ૬ માત્રાની ૨ યતિયો, તેમાં ૨ ગુરૂ અંતે હોય તો ચંપકછંદ બનેછે.

**ચંપ્યુતી**--એક જાતનાં નાહના છોડનું ફળ. પાલી તરફથી અજમેરમાં આણવામાં આવે છે. આ ફળ, દવા તથા સુગંધી બનાવવાના ઉપયોગમાં આવેછે. એ તે તરફ ૧ રૂપીયે સેર વેચાયછે.

**ચપા**—આફ્રિકાનાં લેગોસવાલ મથક તરફ 'પોમો' નામની પ્રજામાં વસતા યૂરપીયન તથા દેશીઓને આ વિચિત્ર રોગ લાગુ પડે છે. આ દર્દનો હુમલો થતાં દર્દીનાં હાથ પગનાં સાંધાઓ, ગોટલાં તથા હાથ પગના સાંધાઓમાં દુખારો થાય છે. તે દુખારો ધીમે ધીમે વધવા માંડે છે, અને પછી તે ભાગપર સોજો ચઢે છે. વળી તે સોજાવાલા ભાગપર કબુતરનાં ઇંડા જેવો ફોલ્લીઓ ઉઠે છે. આ ફોલ્લીઆમાંથી અતિ ખરાબ પ્રકારની ગંધ મારતી રસી અને પરૂ વહે છે. આ રસી વહેતાં રોગ વધવા માંડે છે, તથા દર્દીનો હાડકાંને કોહવાટ લાગુ પડે છે, જેથી થોડા વખતમાં તેનાં હાથ પગ બેડોળ બને છે.

**ચંપા**—હિંદમાં મોંગીરથી ૫૦ મૈલ પર આગળ ચંપા નગર હતું. હાલમાં જેને ભાગલપૂર કહેછે તેનું ચંપા એ પ્રાચીન નામ છે. એની રાજધાની ૭ મી સદીમાં ભાગીરથી કાંઠે એકનદીમાંના ટાપુની પચીસ મૈલ પશ્ચિમમાં હતી એમ હ્યૂએન જણાવેછે આ ઉપરથી તે તેકડી પથ્થરઘાટની સામેના ખડકવાલા ટાપુવાલી હશે. પથ્થરઘાટની પશ્ચિમે ૨૪ મૈલ પર હાલનું ભાવલપૂર છે. ભાવલપૂરની પશ્ચિમે અને પાસેજ ચંપાનગર અને ચપાપુરી એવા બે ગામડાં છે. આ ઉપરથી ત્યાંજ પ્રાચીનકાળના અંગદેશનું ચંપાનગર હશે એમ સિદ્ધ થાયછે.

" એના રાજ્યની મર્યાદા તે વેળા ૬૬૭ મૈલ હતી." આ ઉપરથી એની સીમા ઉત્તરે ભાગીરથી, પશ્ચિમે હિરણ્ય પર્વતનું રાજ્ય, દક્ષિણે દામુદા નદી, અને પૂર્વે ગંગાની શાખા હશે. આટલા દેશનો ઘેરાવો નકાશામાં ૪૨૦ મૈલનો જણાયછે.

મોંગીરનું રાજ્ય એક રાજાએ લીધું હતું એવું વર્ણન જડેછે, તે રાજા ચંપાનો હશે, અને એમ માની આ રાજયમાં મોંગીર અને પૂર્વનું 'કાંકજોલ' એ પકડીયે તો ઘેરાવો બરાબર મળેછે.

અંગદેશ અને તેની રાજ્યધાની * ચંપા એનું વર્ણન રામાયણ તથા માહાભારતમાં અનેક ઠેકાણે આપેલું મળેછે. આ ચંપા નગરી ગંગાને કાંઠે હતી.

અંગદેશનું નામ પડવાનું કારણ રામાયણમાં કથા દ્વારાએ વર્ણેલું છે. તે ઉપરથી

* અંગદેશની રાજ્યધાની * ચંપા નગરી હતી તે વિશેનું વર્ણન રામાયણ બાળકાંડ સર્ગ ૮, શ્લોક ૧૧; અને સર્ગ ૧૭ શ્લોક ૩૫ જુઓ. તેમજ ભારત વનપર્વ, અધ્યાય ૧૧૩, શ્લોક ૧૫ જુઓ. દશ કુમાર ચરિત્રમાં પણ અંગદેશની રાજધાની ચંપા નગરીને જણાવીછે.

સરયૂ ગંગાના સંગમની ઉપર અંગદેશ નહિ માનીયે તોય ત્યાંથી તે પસરેલો હતો એમ જણાયુંછે. આ સંગમથી ભાવલપૂર સુધી ૧૬૦ મૈલનું અંતર છે. પાંડવો તિર્થયાત્રા કરતા અંગદેશમાં પુગા ત્યારે તેમની કથામાં દશરથનો મિત્ર ' લોમપાદ ' એની કથા બની (વનપર્વ અધ્યાય ૧૧૦ થી ૧૧૪ સુધી) તે જોતાં કૌશિકી નદી એ પણ અંગદેશમાંજ અથવા અંગદેશની તદન પાસે હતી એમ સ્પષ્ટ જણાયછે. કૌશિકીનો ગંગા સાથે સંબંધ ભાવલપુરની નીચે સુમારે ૨૦થી ૨૫ મૈલ-પર થયો હતો, ત્યારે ભાવલપુર પાસે ચંપા-નગરી હતી એમ જે ઉપર જણાવ્યુંછે તે હિંદુ ધર્મ કથાઓ ઉપરથી પણ સિદ્ધ થાયછે * હવે હ્યુએનના સમયમાં અંગદેશ સરયૂના સંગમ સુધી નહોતો, પણ પુર્વે કોઇ આગલા વખતમાં તે સરયૂ અને કૌશિકી એમના સંગમ વચ્ચે ગંગા ઉપર હતો એમ સ્પષ્ટ જણાયછે, ઉપર મોદાગીરી અથવા હાલનું મોંગીર એમ જણાવ્યું અને ભીમ ગિરિવ્રજથી નિકળી અંગ-દેશમાં પ્રથમ જઇ પછી મોંગીરમાં ગયો એમ વર્ણન મળેછે, અને તે પૂર્વે જતો હતો ત્યારે અંગદેશની પૂર્વમાં મોંગીર હતું એમ ખ્યાલમાં આવેછે. અને મોંગીર તો ભાવલપૂરની પશ્ચિમે છે. પણ આ શંકાનું સમાધાન કરી શકાશે. ઉપલા અધ્યાયમાં જે દેશો છે તે કદાચ આગળ પાછળ લખ્યા હશે. તેમજે ન હોય તોય ગીરિવ્રજથી મોંગીર કરતાં ભાવલપુર ઘણું લાંબે છે એમ નથીજ, અને અંગદેશના રાજા દક્ષિણમાં ઘણા પસરેલા હશે તેને લીધે મગ્ધ દેશમાંથી નિકળયા પછી મોંગીરનું રાજ્ય પ્રથમ નહિ મળતાં અંગદેશ પ્રથમ મલ્યો હશે, આથી ભિમ પ્રથમ ત્યાં ગયો અને પછી પાછો વળી મોંગીર ગયો હશે એ સંભવિત છે. આ સર્વ અનુમાનો ભૂલ ભર્યા ગણીયે તો મોંગીર અને ચંપા એમનાં સ્થાનોનો નિર્ણય કર્યો છે; તેમાંનુ એક અનુમાન ખોટું હશે.

ચંપાનગરી ભાવલ પુર પાસે હાલની ચંપા નગરી પાસે હતું એ વાતને ભારતાદિ ગ્રંથોથી પુષ્ટી મળેછે. ત્યારે મોંગીર એ મોદા-ગીરિ કરતાં ભાવલપુર પાસે ચંપાનગરી હતી એ ધ્યાનમાં ઉતરે તેવું છે.

શ્રી રામચંદ્રજીના સમયમાં અંગદેશ સર્યૂ સુધી હતો, પણ પાંડવોના સમયમાં .ની પશ્ચિમ સિમા તેની નીચે હતી એમ જણાય છે, કારણ 'વિદેહ દેશ' જીતી ભિમ ભાગી-રથીની દક્ષિણે આવ્યો ત્યારે તેને પ્રથમ અંગદેશ નહિ મળતા તે પ્રથમ મગ્ધમાં ગયો. સાતમી સદીમાં પણ તેની એવીજ સ્થિતિ હતી એ પ્રથમ જોયુંછે.

**ચંપા**—અથવા ચંપાવતી યા ચંબા. રાવી નદીના ઉગમ પ્રદેશ અને ચિનાબ નદીના ઉપરના ભાગના દરમ્યાનનો જે ટાપુ તે, એનું ચંપા નામ પ્રાચીન કાળથી ચાલુ પ્રચારમાં છે, તે આગમજ એની રાજધાની બુદીલ નદીપર 'વર્મપૂર' અથવા 'વર્માવર' એ હતું, વર્મપુરી જગ્યાપર હજી કેટલાક એક સુંદર મંદીરો અને એક ગંજાવર પિત્તળનો નંદી છે, દેવળમાંના લેખ ઉપરથી તે ૯ અથવા ૧૦મી સદીનાં હશે એમ જણાયછે. પ્રાચીન ચંપાવતી શેહેર એજ ઠેકાણે હતું એમ ત્યાંના વતનીઓ કહેછે,

* કુંતીને કુમારી અવસ્તામાં કર્ણ નામે પુત્ર થયો. તે તેણે પેટીમાં મુકી નદીમાં છોડયો. આ પુત્ર રાધાને મળ્યો અને પછી તે અંગદેશનો રાજા થયો. આ કથા જાણીતી છે (જુઓ કર્ણ.) તે વેળા કુંતી પોતાના પિતા કુંતી ભોજને ઘેર હતી. તેના શેહર પાસેની 'અશ્વવતી' નદીમાં તેણીએ પેટી તરતી મેલી હતી. તે પેટી કેમ કેમ આગળ વધી તેની કથા હિંદુ ધર્મ કથા ગ્રંથોમાં વર્ણેલીછે. આ કથા ઉપરથી જણાયછે કે કુંતી ભોજની રાજધાની 'ચર્મણવતી' ને મળનારી આશ્વવતી નદીપર હતી. 'ચર્મણવતી' યમુનાને મળે છે, અને તે ગંગા સાથે જોડાયછે. ગંગાને કાંઠે અંગદેશ અને ચંપા નગરી હતી. આટલી વાતો આ વર્ણન ઉપરથી સ્પષ્ટ જણાયછે. વન પર્વ અધ્યાય ૮૪-૧૬૩ અને ૮૫-૧૪ ઉપરથી પણ ચંપા ગંગાને કાંઠે હતું એમ સ્પષ્ટ જણાયછે.



આ ચંપાવતી શેહેર ચંપાના 'શાલ' રાજાના કુંવરે ચંપાદેવીના માનાર્થે વસાવ્યું, આથી તેને ચંપાવતી એ નામ પડ્યું.

રાજ તરંગીણીમાં આ સંસ્થાનનો 'ચંપા નામથી અનેક ઠેકાણે ઉલ્લેખ કર્યો છે, અને તે દરેકનો ચંપાની વંશાવળી સાથે મેળ કર્યોછે.

ઇ. સ. ૧૦૨૮ માં કાશમિરના અનંત રાજાએ ચંપા પ્રાંતપર સ્વારી કરી ત્યાંના શાલ રાજાને મારી નાખ્યો. પણ પછી કેટલીક મુદત પછી કાશમિરના રાજાએ ચંપાવતીના રાજાથી શરીર સંબંધ ક્રિયાથી બેઉ ઘરાણા વચ્ચે સુલ્હે થઈ હતી, પણ બીજા તવારીખ નવેશો શાલ રાજા ઉપલી લડાઇમાં માર્યો ગયો હતો એમ જણાવી તેના પુત્રે ચંપાપુરને નવી રાજ-ધાની બનાવી દેવીના નામ ઉપરથી ચંપા નગરી નામ રાખ્યું હતું. પણ હાલમાં તે ત્યાં ચંબાને નામે પ્રસિદ્ધછે. તે પછી કાશ-મિરના રાજાએ ચંબાના રાજ્યકર્તા સાથે વિવાહ સંબંધ જોડી ( રાજતરંગીણિ ૭.૨૧૮.૫૮૯,૧૫૨૦ ) સુલ્હે કરી હતી, તે પછી મુસલમાનોની સ્વારીઓથી તે સ્વતંત્ર થયું. પણ ૧૯ મી સદીમાં ગુલાબસીંગે તે જીતી લીધું ત્યાંવેર સ્વતંત્રજ હતું.

**ચંપા**—મધ્ય હિંદમાં બિલાસપૂર જીલ્લાની એક જમીનદારી. ક્ષેત્રફળ ૧૨૦ ચોરસ મૈલ છે. તેમાં ૬૫ ગામડાં અને તેમાં ૬૩૭૭ મકાનો છે. ૧૮૮૧ માં વસ્તી ૨૩૮૧૯ ની હતી. જેમાં ૧૧૭૧૬ પુરષો અને ૧૨૧૦૩ સ્ત્રીઓ હતી. મુખ્ય શેહેર ચંપાછે જ્યાં શાલના વણકરોનો ધંધો સારો સાલેછે.

**ચંપા**—કૅાંબોડીયામાં આ એક પ્રાંત કોચીન ચાઇનાની સત્તા તળે છે. ૧૫ મી સદીમાં મલાઇ અને જાવાની સત્તા તળે હતું, અને એજ સદીની અધવચમાં જાવાની એક શાહાજાદી રાણી તરીકે સત્તાવાન થઇ હતી. અનામી ભાષામાં અત્રેની પ્રજાને 'લૅાય' કહેછે, અને તેઓ બુદ્ધ તથા જૈન ધર્મ પંથ પાળેછે. પુરાણા જમાનામાં ચંપાની સત્તા પેગુ તથા ચીનની સરહદ ઉપર બળ-વાન ગણાઇ હતી.

**ચંપાછટ**—હિંદુઓનું આ વ્રત માગસર શુદ ૧ થી શુદ ૬ સુધી, કેટલાક ' વ્રત ગ્રંથોમાં ' માગસર શુદ્ધ ૬ ની પેઠે, ભાદરવા શુદ ૬ ને પણ ચંપાછઠમાં ગણીછે, અને તે બન્ને દિવસોપર કરવાની વિધિ એક સરખીછે. ચંપાછટનું મહાત્મ મલ્હારી મહાત્મમાં વર્ણેલું છે. બ્રહ્માંડ પુરાણમાં એવું લખેલું છે કે " શંકરે મયાસૂર નામે ત્રણ શેહેરો બાળી નાખ્યાં, અને તેમાં સુ-માલ નામનો અસૂર બળી મુવો. તે રાક્ષસને મલ્લ અને મણી નામના બે પુત્રો હતા, જેઓએ પોતાના બાપનાં અકાળ મરણથી દુઃખી થઇ ૫૦૦૦ વર્ષ સુધી અંગુઠા ઉપર ઉભા રહી તપ કર્યું. બ્રહ્માએ પ્રસન્ન થઇ તે બન્ને ભાઇઓને વર્દાન આપ્યા પછી તેઓએ દેવ તથા સપ્તઋષિ વગેરેને પિડવા માંડ્યા. તે ઉપરથી દેવો શંકરને શરણે ગયા, અને તેમણે માર્તંડ અવતાર ધારણ કરી તે બન્ને રાક્ષસોને મારી નાખ્યા.

પશ્ચિમ હિંદુસ્તાનમાં આ તેહેવાર મ્હોટી ધામધુમથી પાળેછે. મુખ્ય કરી જેજુરીમાં ખંડોબાનું મંદીર છે ત્યાં આ તિર્થપર મ્હોટી જાત્રા ભરાયછે.

**ચપાતી**—આ ખાવાની રોટલી ઘઉંનાં આટા-માંથી બનાવવામાં આવેછે. ઇ. સ. ૧૮૫૭ ના બળવાની ચીંગારી મુકવા માટે ગામેગામ ચપાતીઓ નહિ જણાયલા શખસોએ બળ-વાની એક નિશાની તરીકે વેંહેંચી એકી વેળા ચોકસ દિવસે બંડ ઉઠાવ્યું હતું. આ ચપાતી વિશેનો ખાનગી ભેદ કદી જાહેરમાં ખુલાસા સાથે આવ્યો નથી.

**ચંપારણ**—બંગાલ ઇલાકામાંનો જીલ્લો. ઉત્તરે નેપાળ, પૂર્વે મુઝફ્ફરપૂર, દક્ષિણે મુઝફ્ફરપૂર અને સારણ, પશ્ચિમે ગોરખપૂર. ક્ષેત્રફળ ૩૫૩૧ ચોરસ મૈલ છે. ૧૮૭૨ માં વસ્તી ૧૪૪૦૮૧૫ ની હતી. તેમાં ૪૯,૭,૪૫૧

હિંદુઓ તથા ૧૯૯૨૩૭ મોહમેદનો હતા; અને પરજાતની વસ્તી ૨૧૪૫૦ ની હતી. ૧૮૮૧ માં વસ્તી ૧૮,૫૯,૪૬૫ ની હતી. ગામો ૫૧૧૭ છે. ભાષા હિંદી અને હિંદુસ્તાની બોલાયછે.

પ્રદેશ સપાટ, ત્રિકોણાકૃતિછે. દેવઘાટ, સૂભેશ્વર, કાપન હરલોહદી એ ઘાટો છે. બાઘમતિ અને ગંડક એ નદીઓ છે. મુખ્ય ખેતી–ચોખા; જવ, ઘઉં, બાજરી, મકાઇ, ગુળી, અફીણ, તંબાકુ અને શેરડીની થાયછે.

દેશમાં ૪૩૮ મૈલ પાકો રસ્તો છે. નિકાશ વેપાર જળમાર્ગે ચાલેછે. આયાત વેપાર તીરહૂટ રેલ્વેથી છે. નિકાશ માલ ગુળી, ઇમારતી લાકડું, સાકર, સૂતરાઉ માલ, નીમક, કાપડ અને ધાન્યનો છે.

બેટિયા, ગોવિંદગંજ, બાગાહા, બહારવા, પાકરી અને માનપૂર એ નદી કાંઠેના મુખ્ય શેહેરો છે.

**ચંપારાન**—પટનાનો આ એક જીલ્લો બિહારનો ઉત્તર પશ્ચિમખુણ રોકેછે. એનું ક્ષેત્રફળ ૩૫૧૧ ચોરસ મૈલ છે. વસ્તી ૧૮૮૧ માં ૧૭,૨૧,૬૦૮ની હતી, મુખ્ય શેહેર મોતીહારીછે. એની ઉત્તરે નેપાળનું સ્વતંત્ર રાજ્ય છે, દક્ષિણે મુઝફ્ફરપુર અને સેરાન, પશ્ચિમે ગોરખપુર જીલ્લો, પશ્ચિમે ભાગમતિ નદી મુઝફ્ફરપુર સુધી ૩૫ મૈલ હદ બાંધેછે. આ જીલ્લામાં ૧૮૬૯માં લોક વસ્તી ૯૩૨૩૫૨ની હતી. ૧૮૭૨માં ૧૪૪૦૮૧૫ ની હતી. આ જીલ્લામાં ૭૭૬૬ ગાંમડાં ને તેમાં ૨૯૩૭૦૯ મકાનોછે. લોક વસ્તી દર મૈલે ૪૮૭૦૫૭ ને પ્રમાણે વસેછે, ગામડાં દર મૈલે ૬૦૯ની રાસે આવેછે. આ જીલ્લામાં ૧૪,૭૬૯૮૫ હિંદુ ૨૪૨૬૮૭ મોહમેદન અને ૧૯૩૬ ખ્રિસ્તીઓ છે. આ જીલ્લાનો નિકાશ વેપાર ૫૪૩૦૦૦ પૌંડની ગુલી, ૨૪૫૦૦૦ પૌંડ બીયાં, ૧૨૦૦૦૦ પૌંડનાં ઇમારતી લાકડા, ૩૮૦૦ પૌંડની સાકર, ૧૭૦૦૦નું કાપડ કામનો ૧૮૭૬–૭૭માં થયો હતો, એજ વર્ષમાં આયાત માલઃ—મુખ્ય ૧૩૯૦૦૦ પૌંડનું નીમક, ૩૯૦૦૦ પૌંડનો પરચુરણ સામાન અને ૧૩૦૪૦ પૌંડની ખોરાકીનો હતો.

**ચંપાવતી**—(જુઓ ચૌલ રેવદંડા)

**ચંપુગ**—મણીપુરમાં વસ્તી એક જંગલી પ્રજા. એઓનો મુખ્ય વસવાટ ઇરાવતી નદી પાસેછે.

**ચંબલા**—મધ્ય હિંદુસ્તાનમાંની આ નદી માળવામાં મહૂની છાવણીથી દક્ષિણ પશ્ચિમમાં ૮થી ૯ મૈલપર નિકળેછે. એ સમુદ્ર સપાટીથી ૨૦૧૯ ફીટ ઉપરથી વહેછે. એ વિંધા પર્વતની હારમાંથી ઉત્તરે વધી ૮૦ મૈલપર ચંબલાને મળી તેજ પર્વતની હારમાં વધેછે. 'ટાલ' શેહેરનીર૫ મૈલના નીચાણમાં આ નદી ઉત્તર પશ્ચિમ વહેતી નગતવારાના કિલ્લા પાસથી સીપરી નદીને મળી (સીપરી પણ વિંધામાંથી વહે છે) મુકુંદ્રા પર્વતમાં વધી હરાવતીને મળેછે. તે પછી ગુજરાત ઘાટમાંથી નીમચ થઇ મુકુંદ્રા પાસમાં મોટા ઉછાળા સાથે વહેછે. કોટાની પાસે આ નદી સર્વ મોસમ ઉંડી વહેછે. વસાદમાં એ ૩૦૦ વારે પોહળી અને સુકકી મોસમમાં માત્ર ૬૦ વાર પોહળી વહેછે, તોપણ તેનો પ્રવાહ એટલો તો જોશવાલો રહેછે કે હાથી વગેરે તેમાં તરી શકતા નથી.

કાલીસીંદ, પારબતી, અને બનાસના ફાંટા એને મળતાં એ મ્હોટી નદીનું રૂપ પકડી ઉત્તર પૂર્વ તરફ વેહતી ૪૪ મૈલ આગળ; નસરાબાદ તથા ગવાલેર પાસે વધેછે. તે પછી ૫૫ મૈલ વહી તે ધોલપૂર થઇ આગળ વધતી સિંધ્યા સ્ટેટ રેલ્વે અને આગ્રાથી ગવાલેર પસાર કરેછે, તે પછી ઇટવાના બ્રિટીશ પ્રદેશમાં દાખલ થઇ તે ઉંડી વહેછે, ને ઇટવાથી ૪૦ મૈલ નીચે જમનાને મળેછે. એની જુમલે લંબાઈ ૬૫૦ મૈલની છે. તેમાં મહુથી જમનાના સંગમ સુધી સીધી લીટીમાં ૩૩૦ મૈલ વહેછે.

**ચંબા**—પંજાબના સરકારના અમલ તળેનું દેશી રાજ્ય, વિસ્તાર ૩૧૨૬ ચૌરસ મૈલ છે. એ કાંગ્રાની ઉત્તરે અને ગુરૂદાસપૂર પાસેછે. એની આસપાસ ઘણીખરી ઉંચી ટેકડીઓ



છે. એની ઉત્તર પશ્ચિમે કાશમિરનું રાજ્ય, પૂર્વે અને ઉત્તર પૂર્વે લદાકા અને દક્ષિણ અને દક્ષિણ પૂર્વે કાંગ્રા તથા ગુરૂદાસપુર છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૧,૧૫૭૭૩ની હતી. અત્રેની પ્રજા ખેતીવાડી તથા ભરવાડનો ધંધો કરેછે. અત્રેની લોક વસ્તીમાં ૧,૦૮,૩૭૭ હિંદુ, ૬૮૫૯ મોહમેદન, ૩૮૫ બુધ્ધિસ્ત અને ૭૨ શિખ તથા ૮૦ ખ્રિસ્તીઓ છે. પહાડોપર ઘણોખરો બરફ વરસેછે. આ રાજ્યમાંથી રાવી અને ચીનાબ નદીઓ જંગલમાંથી વહેતી હોવાથી ત્યાં ઈમારતી લાકડાં મ્હોટા જથ્થામાં મળેછે. બ્રિટીશ સરકારને અત્રેના જંગલમાંના ઇમારતી લાકડાંથી દર વર્ષે ૧૦,૦૦૦ પૌંડથી ૨૦,૦૦૦ પૌંડની ઉપજ થાયછે.

૧૮૯૧ માં લોક વસ્તી ૧૨૪૦૩૨ની હતી. વાર્ષિક પેદાસ રૂપ્યા ૩,૫૦,૦૦૦ ની ઉપજેછે, તેમાંથી બ્રિટીશ સરકારને રૂ૫૦૦૦ ખંડણીના ભરવા પડેછે. અત્રેની જમીનના રસાળપણાને લીધે તેમાં ચાહ, ઘઉં, બાજરી, કઠોળ, મકાઈ વગેરે પાકેછે. તેમજ ખનીજ પદાર્થોમાં ત્રાંબુ, લોઢું ને સ્લેટનાં પથ્થર પુશકળ જડેછે. રાજ્યના લશકરમાં પેદલ ૧૬૦ ને ૪ તોપો છે.

ચંબાની આબોહવા ચાહની ખેતી લાયકની છે. અત્રેના જંગલમા શેકારો પુશકળ મળેછે; ત્યાં મૃગ હરણ પણ જડેછે, છતાં તેનો શેકાર કરવાની સખત મનાઇ છે. ચંબા તથા લાહુલની તળેટીમાં તીબેટના બળદો ઘણુ જડેછે.

હાલનો ચંબાનો રાજા શ્યામસિંહ ૧૮૬૬ માં જનમ્યો હતો. ૧૮૮૧માં રાજ્યની ઉપજ ૨૪,૦૦૦ પૌંડની હતી. પંજાબના સરદારોમાં અત્રેના રાજાની પદ્વિ ૧૫ મીછે. તેમને બ્રિટીશ હદમાં ૧૫ તોપોનું માન આપવામાં આવેછે. આ રાજ્ય બ્રિટીશ આશ્રય તળે ૧૮૪૬ માં આવ્યું. આગળ એ કાશમીરને તાબેનું રાજ્ય હતું. પણ ૧૮૪૭ના કોલકરાર પછી બ્રિટીશોએ આશ્રયમાં લીધું.

ઉપલાંનું મુખ્ય શેહેર ચંબામાં લોકવસ્તી ૫૨૧૮ની છે, તેમાં ૭૪૮૮ હિંદુ, ૩૦૪૩ શિખ, અને ૫૫ પરકોમના હતા. શેહેરમાં કાપડ, લોઢુંકામ, તેલ, ચામડાં, તેજાના વગેરેનો મુખ્ય વેપાર ચાલેછે.

**ચંબા--ગુદ્દે**—કાંગ્રાના પ્રદેશમાં વસ્તી પ્રજા. ચંબા પર્વતની તળેટીમાં વસેછે. તેઓ પોતાને રજપૂત તરીકે ઓળખાવેછે. આ કોમ યૂરપિયનો જેવી આંખવેર તાણેલી ટોપી પેહેરેછે. તેઓ ઠીંગણા, બળીયા અને રાઠોડી બાંધાના છે. આગળ તેઓમાં જાતીભેદપણું નહોતું પણ હિંદુઓ સાથના સંબંધથી તેઓમાં હવે જાતી ભેદ વધ્યોછે.

**ચંબેલી**—એનો વેલો અતિ મ્હોટો થાયછે. કેટલાંક વૃક્ષપર ચંબેલીના વિશાળ વેલા ફરી વળેલા હોયછે. એનાં પાંદડાં ધોળાં પણ નાજુક ને સુગંધી હોયછે, એનાં પાંદડાંનો રસ વ્રણશોધક છે. દાદર તથા ચાંદી ઉપર એના મૂળ ઘશી ચોપડવાથી આરામ થાયછે. જખમ ઉપર એનાં પાંદડાની થેપલી બાંધવાથી રૂજ આવેછે.

**ચંબોગમ**—મલબારના સમુદ્ર કાંઠાપર આ અતી સુંદર વૃક્ષ ૨૦ થી ૨૫ ફીટ વધેછે એનું લાકડું ૧૮ ઈંચ ઘેરાવામાં હોયછે. આ વૃક્ષપર ઉગતાં ગોલ ફળો તે તરફની પ્રજા ઔષધિ ઉપયોગમાં લીયેછે.

**ચમક**—( જુઓ ધનૂરવા.)

**ચમબ્રમબકાર**—મદ્રાસથી ૧૪ મૈલપરનો એક ગંજાવર તલાવ. આ તલાવ કોઈએક આગલા રાજાએ બંધાવ્યો હતો. એનું ક્ષેત્રફળ ૪૬૪૮ એકર અથવા ૭૨૬ ચૌરસ મૈલ છે. હાલમાં એમાં ૫૭૨૯ એકરના વિસ્તારમાં પાણી રહે છે. આ તલાવને ૧૯ મી સદીમાં બ્રીટીશોએ સમારી સુધાર્યો હતો.

**ચમરી**—ચવરી. આ વસ્તુ ઘણુંકરી પીછાંની, ચંદનના લાકડાંની, ઘોડાના બાલની, અથવા ઘાસની બનાવેછે. મુખ્ય કરી દેવતાઓ માટે બનાવવામાં આવતી ચમરી

તીએટ તરફના ગોધાના બાલની બનાવેછે. આગળ લઢાયક ઘોડાઓના કપાળ ઉપર નાહની ચમરી લટકાવી સણગારવામાં આવતા હતા. તેમજ લઢાઇના વાવટાપર પણ ચમરીનો સણગાર કરવામાં આવતો હતો.

**ચમરૂ**—( જુઓ અમરૂ ને ચમરૂ.)

**ચમહેરાકલ**—બુદ્ધિસ્તોનો એક ધર્મ સંબંધી નાચ. પેકીનમાં ધર્મ સંબંધી સરઘસ દરમ્યાન ભાવિકો આ નાચ કરેછે, અને તે બે દિવસવેર ચાલુ રહેછે. ચીનમાં એને ‘ટીએટો’ કહેછે.

**ચમાર**—મોચી. હિંદમાં આ અતી નીચવર્ણ ગણાયછે. ઉત્તર હિંદુસ્તાનમાં વસતી ચમાર જાતની ૭ શાખા બનેલીછે. જાતુઆ, કાએન, કોરીલ, જયસવારા, ઝોશિઆ, અઝીમગુરહા, અને કોરચમાર. જાતુઆ ચમારની શાખા દિલ્લી, ઉત્તર પશ્ચિમમાં, રોહિલખંડમાં મધ્ય દુઆબનાં ઉપલા ભાગમાં વસેછે. કાએન ચમારની જાત બુંદેલખંડ તથા સાગરમાં, કોહિલ ચમાર નીચલા દુઆબમાં, જય સ્વારી અલાહબાદથી જોનપૂર, મીરઝાપૂર અને બનારસથી તે સૈયદપુર સુધી વસેછે, ઝોશિઆ ચમાર ગાઝીપૂરમાં અને બીહારમાં, અઝીમ ગુરહા ગોરખપૂર તથા અઝીમઘરમાં અને કોચી ચમાર ઔદમાં વસેછે. આ જાતવાળા અપસમાં ભોજન તથા લગ્ન વ્યવહાર રાખતાં નથી. છેલ્લી શાખા વણકરનો ધંધો કરેછે.

હિંદુસ્તાનમાં આ કોમ બીજી કોમને અડકી શકતી નથી, અને તેથી તેઓ નીચ વર્ણનાં ગણાયછે. એઓ વિશે કહેવત છે કે

> કાલા બ્રાહ્મણ ગોરા ચમાર
> ઈનકે સાથ ન ઉતરે પાર.

યાને કાળા બ્રાહ્મણ તથા ગોરા ચમાર સાથે નાવમાં બેસી પાર ઉતરી શકશે નહિ. આટલું તેમના વિષે હલકું મત જણાવવામાં આવેછે.

મધ્ય હિંદુસ્તાનમાં હાલમાં ચમારો સત્તનામી પંથમાં દાખલ થયાછે.

દક્ષિણ હિંદુસ્તાનમાં ચમારોનો પેશો ચામડાં સાફ કરવાનો તથા બુટ સીવવાનો છે. તેમનાં મથક ઘણું કરી ગામની બહાર હોયછે અને તેઓનો રહેવાસ ઘણો અસ્વચ્છ હોયછે. આ કોમનો બીજો ધંધો સીંગડાં, હાડકાં તથા જલ્લાદનો પણ છે. તેઓ રંગે કાળા, ઠીંગણા, કોઇ ઘઉંવર્ણી, ને ચપળ હોયછે. તેમના કેટલાક જૂદા પંથીઓ મુએલા ઢોરોનું મોસ ખાયછે ત્યારે ઉંચી વર્ણના ખાતા નથી. તેઓ મોસહારી હિંદુ હોવા છતાં ગોમાસ ખાતા નથી પણ નીચ વર્ણના ચમાર ગોમોસ ખાયછે.

મદુરા તરફના ચમારો ટોપલી, ચટાઇ વગેરે કાપડ વણવાનું કામ કરેછે. ઉત્તર હિંદુસ્તાન અને બંગાલમાં ચામડાં કેળવવાનો ધંધો કરેછે. તેમજ તેઓ હારનેસ અને બુટ ઉત્તમ તહોના બનાવી જાણેછે.

બુંદેલા ચમાર બીડી બનાવવાનો ધંધો કરેછે. મરાઠા ચમાર જોડા વગેરે સીવવાનો ઉદ્યોગ કરેછે. માંગ ચમાર ચંપલ બનાવેછે. મુસલમાન ચમાર પુસ્તકો બાંધવાનું કામ કરેછે. કચ્છી ચમાર જોડા સીવવાનો ઉદ્યોગ કરેછે.

ઔરંગાબાદ તરફના ચમાર સીતળા તથા મરીઆઇનાં ભક્ત ગણાયછે, તેઓ મુવાબાદ શબને અગ્નિદાહ આપેછે. છતિસગઢ તરફ વસતા ચમારો ખેતીવાડીનો પેશો કરેછે, અને તેઓ સતનામી પંથ પાળેછે.

ગુજરાતનાં ચમાર બ્રાહ્મણની સાધારણ ક્રિયા પાળે છે. તેઓ કાળરિયા બ્રાહ્મણ કે ગરૂડાને પુછી છોકરાંનું નામ પાડેછે, ચાંલો કરી વેસવાળ કરેછે, ૧૨;૧૬ લગીમાં છોકરાંને પરણાવેછે, ને બીજી બ્રાહ્મણોને મળતી ક્રિયાકામ કરેછે.

**ચમિહા**—ઉત્તર અને પૂર્વ ચિતાગોંગમાં વસ્તી પ્રજા. એઓ કુકીના નીચલા પ્રદેશમાં પહાડની તળેટીવાલા મેદાનમાં વસેછે. એમનાં નાક પોહળાં, નાહની આંખો, પોહળાં મોહડાં અને ‘નાગા’ પ્રજાથી દેખાવમાં તદન જૂદા હોયછે.



**ચમેલી**--એનું ઝાડ વેલા પ્રમાણે પસરેછે. એને જાઇનાં ફુલ જેવી સુગંધી આવેછે એના નાહના ફુલો આગસ્ટ માસમાં ઉગેછે. એનાં પાંદડાં જુઇ જેવાં સફેદ અને નાહનાં હોયછે. એના વેલાને વર્સાદની શરૂઆતમાં છાટવાં પડેછે. નવું ઝાડ કલમના કટકા રોપ્યાથી થાયછે. એ સાધારણ જાતની જમીનમાં પણ ઉગેછે. એનીપર ૮ દિવસ આંતેર પાણી સીંચવું પડેછે. એના ફુલનું તેલ બનેછે.

**ચયતપત**—દક્ષિણઆર્કાટમાંનું આ કિલ્લાવાલું ગામ છે. ૧૭૫૦ સુધી અત્રેનો કિલ્લો મરાઠાઓ હસ્તક હતો; તે પછી દિલ્લી પતીને હસ્તક થયો હતો. ૧૭૫૦માં શાહ નવાઝખાને એમાં આશ્રય લીધો હતો, પણ તે પછી ફ્રેન્ચોને હસ્તક થયો હતો. તે પછી ફરી મરાઠાઓને હાથ ગયો ને ૧૭૫૭માં ફરી ફ્રેન્ચોએ જીતી લીધો. પણ તે પછી ૩ વર્ષે વાંદિવાસની લઢાઇથી બ્રિટીશોને તાબે થયો; ૧૭૮૨માં હેદરઅલીએ બ્રિટીશો સાથે લઢાઇ કરી, તે પછી મરાઠાઓ સાથનાં કરારથી આ કિલ્લો તેમને આપી બાલાઘાટમાંનો કમભમનો કિલ્લો બ્રિટીશોએ લીધો હતો. આ કિલ્લો ૫૪૦ યાર્ડ લાંબો ને ૪૩૦ યાર્ડ પોહળો છે. તેની આસપાસ ૧૪ બુરજો છે.

**ચયબાર**--જેરૂસલેમના નાશ પછી નહાશીને જે ઘણા જ્યૂ ટોળા અરબસ્તાન જઇ વસ્યા તે પાછળથી પર ધર્મમાં દાખલ થયા તેમનું નામ. અરબસ્તાનમાં આ ટોળાથી વસાયલું એક ગામ છે. આ ગામ ઇ. સ. ૬૨૭માં મોહમદે જીતી લીધું હતું. આ ચયબાર ગામ મદીના પાસેછે. અત્રે વસ્તા ચયબારોને ઓમરે સિરીયા તરફ હાંકી મેળયા હતા. હિરામાં પણ આગળ ખ્રિસ્તી રાજ્યસત્તા ૬૦૦ વર્ષપર કાયમ હતી.

**ચ્યવન**—હિંદુ ધર્મકથા મુજબ વારૂણિ ભૃગુના ૭ પુત્રમાંનો એક, એનું ચ્યવન નામ પડવાનું કારણ એ કે ભૃગુની પત્નિ પુલોમાં ગર્ભીણી હતી ત્યારે તેને એક રાક્ષસ ઉઠાવી લઈ નહાસતો હતો, તેટલાં તે માર્ગમાં પ્રસૂત થતાં (ગર્ભની ચ્યુતિ થવાથી) તેનું નામ (ચ્યવન) પડયું, ને તે પછી પુલોમાં પોતાને ઘરે ગઇ.

એ માહાજ્ઞાની હોવાથી એને એવી તો તપશ્ચર્યા આરંભિ કે વર્સાદના વેહવાથી એની ઉપર રેતીનાં પડો બંધાઈ ગયાં અને એ માહે દટાઈ ગયો. એક સમે તે જગે શર્યાતી રાજા પોતાની ૪૦૦૦ સ્ત્રીઓ તથા લશકર સાથે આવી ઉતર્યો; ત્યારે તેની પુત્રી ‘સૂકન્યા’એ રમતાં રમતાં ચ્યવનનાં શરીર ઉપર થએલા ઢગલાપર રમવા લાગી, તેટલાં એક ઠેકાણેનાં છિદ્રમાંથી સમાધિસ્ત થએલા ચ્યવનનાં નેત્ર જણાતાં તે શું ચીજ છે તે જોવાની ઉલટથી લાંબા સળીયા તેમાં ભોકયા. જેથી તેમાંથી લોહી નિકળ્યું. આથી સૂકન્યા ઘભરાઇને છાવણીમાં ગઈ. પણ તે તરફ ચ્યવનની આંખો અપંગ થવાથી રાજાનાં સૈન્યમાં મર્કી ફાટી. આવો મામલો જોઇ સૂકન્યાએ સર્વ બીના પિતાને જણાવતાં તેણે પેલો ઢગલો ખણાવી ચ્યવનને બહાર કાઢી તેની પ્રાર્થના કરી કોપ સમાવવા કહ્યું. ચ્યવને સૂકન્યાને લગ્નમાં લઇ સર્વ ઉપરથી દુખ ટાળયું. સર્યાતી રાજા સૂકન્યાને ચ્યવન પાસે મેલી પોતે પોતાને દેશ ગયો.

સૂકન્યાએ પતિને પોતાનીજ અટકચાળી ચાલથી પિડા થવાને લીધે તેની અત્યંત માવજત કરવા લાગી. તેટલાં અશ્વનીકુમારે આવી સૂકન્યાનું પતિવ્રતપણું અજમાવવા તર્હેવાર રીતે તેને મોહપાશમાં લેવા માંડી પણ તેણીએ તેને તૂચ્છકારવાથી, અશ્વની કુમાર ચ્યવનને સાથે લઈ સરોવરમાં નાહવા ગયો, જ્યાં ચ્યવન પૂર્વરૂપ નેત્રપામી જુવાન બન્યો. ચ્યવનથી સૂકન્યાને પ્રમતિ નામે પુત્ર થયો હતો.

( ૨ ) પુરૂકુલોત્પન્ન અજમીઢ રાજા, તેના સુધનૂ નામે રાજાનો પૌત્ર અને સૂહોત્ર રાજાનો પુત્ર.

**ચ્યૂલાન**--ચીનમાં આ એક પ્રકારના નાહના ફુલ ઝાડ ઉપરના ઝીણા ફુલનું નામ. આ

ફુલને ચોકસ જાતની ચાહે સાથે ભેળવામાં આવે છે. એ વેપારમાં અગત્યની ચીજ ગણાયછે. એના ભેળથી ચાહમાં સ્વાદ વધેછે પણ તે મોંઘી પડેછે.

**ચ્યૂસૅન**--ચ્યુસેન આર્ચિપેલેગોને લગતો પ્રાંત, ચીનાઇ સમુદ્ર કાંઠે નીંગપો પાસે છે. ક્ષેત્રફળ ૨૩૦ ચોરસ મૈલ છે. વસ્તી ૨,૦૦,૦૦૦ થી ૨,૫૦,૦૦૦ની છે. આ પ્રાંત જો કે પહાડી છે, તે છતાં ફદ્રુળપ છે. એનું રાજધાની શેહેર 'હીંગહાર'માં વસ્તી ૪૦,૦૦૦ની છે, અને તે બંદરવાલું શેહેર છે. અત્રેના ટાપુ પર બુધ્ધના મુર્તીવાલાં અનેક મંદીરોછે.

**ચ્યૂક્ષડી ફ્રૅાન્ડસ**--આ સ્વિડીશ શેહેર ન્યૂચેટલની ઉત્તર પશ્ચિમે ૧૮ મૈલ ઉપર છે. એ સમુદ્ર સપાટીથી ૩૨૫૪ ફીટ ઉપર છે. ૨૦૦ વર્ષ થયાં આ ગામ ઘડિયાલના કારખાના માટે જાણીતું છે. ૧૮૩૪ માં વસ્તી ૬૫૦૦ ની અને ૧૮૮૮ માં વસ્તી ૨૫૬૦૩ ની હતી.

**ચર**—પંજાબમાં રહેતી ધોબી જાતની પ્રજા. આ પ્રજાનો મ્હોટો ભાગ નાનકનો પંથ પાળેછે. એમને રંગરેથશિખ અથવા મઝહબી શીખ કહેછે.

**ચરખારી**—બ્રિટીશ હિંદુસ્તાનને તાબેનું આ દેશી રાજ્યનું ક્ષેત્રફળ ૮૬૧ ચોરસ મૈલ છે, તેની ઉત્તરે સૂરેલા સંસ્થાન, નૈઋત્યે અલીપુરા, અગ્નિ ખૂણે પટરી દેશ અને દક્ષિણે ગુરીહર સંસ્થાન છે. ૧૮૮૧ માં લોકવસ્તી ૧,૪૩,૦૧૫ ની હતી. તેમાં ૧૩૫૬૩૫ હિંદુ, ૬૨૭૩ મોહમેદનો તથા ૧૦૦ જૈનો છે. એમાં ૨૮૭ ગામો છે; જે ગામોમાં ૨૪૨૫૯ ઘરો છે. લોક વસ્તી દર ચોરસ મૈલે ૧૮૧ ની છે. રાજ્યની વાર્ષિક ઉપજ ૫૦૦૦૦૦ ની ઉપજેછે. દેશનો મુખ્ય ભાગ સપાટ હોવાથી ફળદ્રુપ છે, અને જંગલ રહિત છે. મુખ્ય ઉપજ ગઉં, જુવાર, બાજરી, તલ, અળશી, શેરડી, તંબાકુ, ગળી અને તમામ જાતના કઠોળની છે. મુખ્ય વસ્તી બુંદેલા રજપૂત, ગુજજર અને આહિરની છે. તેઓની ભાષા બુંદેલી છે.

રાજ્યને તાબે ૨૨૦ સ્વાર ને ૨૦૯૦ પ્યાદળ, ૩૧ તોપો અને ૧૩૧ ગોલંદાજો છે. અત્રેનો રાજ્યકર્તા સૂર્યવંશી બુંદેલા મતના રજપૂત હોઇ તે માહારાજાના એલકાબથી ઓળખાયછે. હાલના રાજા જયસિંહદેવ છત્રસાલનાં વંશજ છે. રાજાને ૧૧ તોપનું માન બ્રિટીશ છાવણીમાં મળેછે.

ઉપલા રાજ્યનું રાજ્યધાની શેહેર ચરખારી ગવાલીયરથી બંદાની વચ્ચે બંદાની ૪૨ મૈલ પર છે. આ ગામ ઉંચા ટેકડા રોકી જગ્યા ઉપર કિલ્લા સાથે છે. આ કિલ્લા પર હાથી ઉપર બેસી ટેકડીવાળા ભાગપરથો ચઢી શકાય તેવી સીડીઓનો માર્ગ બનાવેલોછે.

**ચરગાખાર**--લીમડીમાં ઇ.સ ૧૭૭૮માં આ 'ખાર' એક પ્રકારની મટોડીમાંથી બનાવવામાં આવતો હતો. એની માટી લીંબડીથી ૪ મૈલ દુરથી ખોદી વાહાણોમાં લાવી તે માટીને ત્રાંબાની કથરોટમાં ભરી, તેની ઉપર ચુનાની ફાક ભભરાવી કથરોટને એક ચોખંડ બળતી તવેણી ઉપર મેળતા, કથરોટની તળે એક કાણું રાખી ત્યાં આગળ એક ત્રાંબાની નળીનો એક છેડો વળગાવતા. નળીનો બીજો છેડો ડેગમાં પડતો, કથરોટમાંની મટોડી જેમ જેમ ગરમ થતી તેમ તેમ તેમાંથી ખાર પિગળીને નળામાંથી પેલા ડેગમાં પડતો, અને ત્યાં તે બંધાતો. આ ખાર સૂરત ભરૂચ અને ફીનારાના ભાગથી દૂર આવેલા મુલકોમાં મોકલતા હતા. ખુદ લીમડીમાં આ એક મણ ખારનો ભાવ રૂ. ૬ ઉપજતો હતો.

**ચર્ચરી**—અથવા ચંચરી છંદ. ૧ લો ને છેલ્લો રગણ, ૨ જો સગણ, ૩ જો ને ૪ થો જગણ, ૫ મો ભગણ હોય તે ચર્ચરી છંદ. એમાં ૧૦ તથા ૬ અક્ષરે વિસામો આવેછે.

**ચર્દ**--ઔદમાંનુ એક પ્રગણું. એની ઉત્તરે નેપાલનું રાજ્ય, પૂર્વે ભીંગા પ્રગણું અને દક્ષીણ પશ્ચિમે નાનપારા છે. એનું ક્ષેત્રફળ ૨૦૬ ચોરસ મૈલ છે, તેમાં ૧૪૨ ચોરસ મલ જમીન ખેતીવાડીથી રોકાયલી છે. તેનું વાર્ષીક મેહેસૂલ ૧૩૨૫૩ પોંડનું ઉપજેછે. લોક વસ્તી ૭૬૦૧૮ ની છે, તેમાં ૩૯૩૧૫ પુરૂષો અને ૩૬૭૦૩ સ્ત્રીઓ છે. પ્રગણામાં ૭૭ ગામો છે.



**ચરનદાસ**—આ ચરનદાસી પંથના સ્થાપનો જન્મ ઇ૦ સ૦ ૧૭૦૩ માં અલવાર પાસે 'દેહરા' માં થયો હતો. બાળવયમાં એ દિલ્હી જઇ રહ્યો હતો. એ એક ઉત્તમ ગવૈયો હતો. મરણ ઇ૦ સ૦ ૧૭૮૨ માં નીપજ્યું હતું. એ બીજા આલમગીરના સમયમાં હતો. એની પેહેલી ચેલી એનીજ બેહેન શાહાજીબાઇ હતી. આ પંથમાં કૃષ્ણ તથા રાધાને પૂજ્ય ગણવામાં આવ્યાંછે. દિલ્હીમાં ચરનદાસની સમાધી છે, જ્યાં તેના ભાવિકો ચાલુ દર્શને જાયછે.

**ચરબી**—આ પદાર્થ શરીરનાં ઘણા ભાગમાં હોયછે. તે ઘણું કરીને સંયોજકની સાથે જોવામાં આવેછે. સંયોજકમાં પિળા રંગના લોચ્યા ચરબીના હોયછે. ચરબી કાર્બોન અને હાઇડ્રોજનની બનેછે. શરીરને બરાબર કસરત નહિ હોય તો ચરબી વધેછે.

જંગલના જાનવરનાં ગોસ્તમાં, પાળેલાં જાનવરોનાં ગોશ કરતાં, ઓછી ચરબી હોય છે. જાનવરમાં ચરબીનો ભાગ વધારે હોયછે, તે જાનવરોને ખાનારાઓ પસંદ કરેછે. બીફ અને મટન જે બજારમાંથી મળેછે તેમાં તેના વજનનો ચોથો ભાગ ચરબી હોયછે. ૧૦૦ રતલ ગોશમાં 'મરકયૂલીન' તથા ચર્બી વગેરે નીચલા કોઠામાં જણાવ્યા મુજબ હોયછે.

| વસ્તૂ. | રતલ. |
|---|---|
| મરકયૂલીન ... ... ... ... | ૬૩ |
| ચરબી... ... ... ... ... | ૩૦ |
| જૂદી જૂદી જાતનાં નીમક તથા લોહી | ૭ |
| | ૧૦૦ |

કેટલેક દરજ્જે ગોસ્તમાંનો ચરબીનો ભાગ મળરૂપ ખોરાકમાંના સ્ટાર્ચની જગો પુરી પાડેછે. મરઘીમાં 'મટન' કરતાં પણ ચરબી ઓછી હોયછે.

ગોશ માત્રમાં મરકયૂલીન હોયછે, પણ ચરબી જૂદા જૂદા પ્રમાણમાં હોયછે. જે ગોશમાં ચરબીનો ભાગ ઓછો હોયછે તેમાં પકાવતી વેળા ચર્બી જેવાં પદાર્થો ભેળવા પડેછે; જે તેમાં રહેલી ચરબીની ખોટ પુરી પાડેછે; કોઇ જાતની માછલીમાં ચરબી ઓછી હોય ત્યારે તેને ઘી અથવા તેલમાં પકાવવી પડેછે; પણ 'હેરિંગ, સાલમન અને ઇલમો' ચરબી વધારે હોવાથી તે પોતાનીજ ચરબીમાં તળી શકાયછે.

**ચર્મણવતી**—ભારત વર્ષમાંની એક નદી. એ કુંતિરાષ્ટ્રની દક્ષિણે છે. રવિદેવ રાજાના યજ્ઞમાં જે પશૂ માર્યા ગયા તેમનાં ચર્મમાંથી જે રક્ત પ્રવાહ નિકળ્યો તેમાંથી આ નદી ઉત્પન્ન થઇ હતી; તેથી તેનું નામ ચર્મણ્વતિ પડ્યું. હાલમાં આ નદી જળ રૂપછે. (ભારત આદિપર્વ અ. ૨૯.)

**ચ્લોરેન્થસ ઑાવ સેનાલિસ**--જાવામાં આ ઝાડ ૧૫૦૦ ફીટની ઉંચાઇવાળા ભાગમાં ૩થી ૪ ફીટ ઝાડી આકારે ઉગેછે. એનાં મૂળીયાં જલ્દી સુકાઇ જાયછે અને તે ઔષધિ ઉપચારમાં ઉપયોગી છે. સહિયડ ઉપર તે ઘણાં અકસીર ગણાય છે. આ મૂળીયું તાપ ઉપર અકસીર હોઇ તે તીક્ષણ અને ઉત્તેજક છે.

**ચવેણી**—એના ઝાડ સહ્યાદ્રી અને બીજા દેશોમાં વર્સાદની મોસમમાં આપોઆપ ઉગી થંડીમાં મરી જાયછે. એનાં ઝાડને બગીચામાં રોપ્યાથી તે અતી શોભા આપેછે. તેને દરરોજ પાણીનો મ્હોટો જથ્થો પાવો પડેછે. એનાં ફળ ખાવા લાયક હોતાં નથી. એને જંગલી કેળાં પણ કહેછે અને તેમાં કપાસીયા જેવાં બીજ હોયછે.

મનીલા જાતનાં કેળાં ચવેણી જેવાં હોય છે એના થડના તંતૂ અતી મજબૂત હોવાથી તેનું સૂતર બનેછે. બાગમાં બીજી જાતનાં કેળાંના ઝાડ હોય ત્યારે ચવેણી રોપવાં નહિ, કારણ કે તેમ રોપ્યાથી એના પૂંકેસરનો

સંબંધ બીજી કેળનાં સ્ત્રી કેસરથી થતાં તે કેળ બીગડેછે.

**ચસકા**—એમાં વા અને શૂળ એવાં શબ્દોનાં અર્થો ભેળસેળ થાયછે. તેમજ કેટલાકો એને સલક, ગોદો, ધોકો, હુક અને બીજે નામે પણ ઓળખેછે. વૈધકશાસ્ત્રમાં દર્શાવ્યા મુજબ ચસકા આ શબ્દમાં કેટલે જગે જ્ઞાનતંતુના દર્દને લીધે જે પીડા અથવા વેદના થાયછે તેને લાગુ પાડી આ ઠેકાણે વીવેચન કર્યું છે. આ ચસકો શરીરનાં જૂદા જૂદા ભાગનાં માસમાં અને સાંધાઓના બંધારણમાં મારેછે.

"મોઢાની આસપાસ, ગાલપર, દાંતમાં તથા છેક માથા ઉપર ચસકા નિકળેછે; તેને દંતશૂળ કહેછે. કમર અથવા કુલામાંથી ચસકો મારેછે તે ઠેઠ જાંગ પછવાડેના ભાગમાં ઘૂંટણ સુધી અગર પગની એડી સુધી પોંહચેછે તેને 'રાંઝણ' કહેછે. અર્ધું મસ્તક દુખેછે તેને આધાશીશ કહેછે. કખવાની બળતરા અથવા ચસકો એક પખામાં થાયછે"

"સર્વ પ્રકારનાં ચસકામાં ચેહેરાની આસપાસનો ચસકો અતી સાધારણછે. એમાં એક ચસકો આંખની ઉપર ભ્રમરમાંથી કપાળમાં નિકળેછે; બીજો એક ગાલ અને તેજ બાજુનું નાક, નીચલી પાપણ અને ઉપરનો હોઠ તેટલા ભાગમાંથી ઉત્પન્ન થાયછે; અને ત્રીજો દાંત તથા જડબામાં ઉત્પન્ન થાયછે. આ ચસકા નબળાઇ, જડબાનાં હાડકાનાં દરદને લીધે, કાંઇ મગજની બ્યાધીને લીધે, તંતૂ ઉપર કાંઇ ગાંઠના દબાણથી અગર હિસ્તીર્યાથી ઉત્પન્ન થાયછે. પણ તેનું મુખ્ય કારણ તો દાંત છે. દાંત સડી જવાથી, ભાંગી જવાથી અગર પડી જવાથી મૂળમાં દુખારો થઇ ચસકા મારેછે, અથવા પારા પાડવાથી ચસકા મારેછે. આથી કેટલીકવાર તપાસ કરી ચસકાનું કારણ આપતાં દાંત પકડવામાં આવેછે. કોઇવાર અજીરણ, સરદી અથવા પવનથી ચસકા મારેછે.

બીજી જાતનાં ચસકાને રાંઝણ કહેછે. તેમાં 'નીતંબના' ભાગમાંથી જાંગના પાછલા ભાગમાં ચસકા આવેછે. તેમાં પગના તે ભાગમાં જે જ્ઞાનતંતૂ આવેછે તેપર દબાણ થતાં, ઝાડો કબજ થતાં, થાકથી, સર્દી અથવા થંડીથી યા તે તંતૂ સુઝી આવતાં તથા વાયૂથી ચસકો ઉપડેછે. ઘણું કરી રાંઝણ એકજ પગમાં થાયછે અને તે લાંબો વખત રહેછે.

ત્રીજી જાતનાં ચસકાને આધાશીશ કહેછે (જુઓ આધાશીસ)

દુખવામાં છાતીની એક બાજુ અથવા પીઠની એક બાજુપર નાહના મોતી જેવી ફોલ્લી થઇ પીડા આપેછે. આ ફોલ્લીથી અગન ઉઠી ચસકા મારેછે અને તે કોઇ વેળા પોતાની મેળે બેસી પાછી ઉપડેછે.

આ દર્દોનો ઇલાજ ભણેલા તબીબોની યોગ્ય સલ્હાથી કરેલો ફાયદાકારક છે.

**ચસમા**—કાચની પ્રથમ શોધ થયા પછી ચસમાની શોધ ઘણા લાંબા વખત પછી થઇ હતી. ઘણાકોનું એવું મત છે કે ૧૩ મી સદીમાં 'અલેકઝાન્ડર ડી ઇસ્પાઇ' નામના ઇટાલ્યને પ્રથમ ચસમા બનાવ્યા હતા, અને બીજાઓના મત મુજબ 'રોજર' નામના ઈંગ્રેજી ફીલસુફે પ્રથમ ચસ્મા બનાવ્યા હતા પણ ચસમાનો જાહેરમાં ઉપયોગ કરવાનું ઉત્તેજન આપવાનું તથા એની શોધને ખીલવવાનું માન ઈંગલંડના રાજા ચાર્લસ બીજાને ઘટેછે. જ્યારે રાજા ચાર્લસ બીજો ઇંગલંડથી નહાશી ફ્રાન્સ જઇ ભરાયો ત્યારે ત્યાંના રાજા ૧૪માં લુઈએ તેને બેહું પેનશન આપતું કર્યું. એક દિવસે તે ફરતો ફરતો કોલોં શેહેરના કાચ કામના એક અનુભવી કારીગર સાથે તેની મુલાકાત થતાં તેના કારખાનામાં ફરતાં અકસમાતિક રીતે એક કાચમાંથી જોતાં તેને જણાયું કે તે કાચમાંથી સારૂં જણાયછે. આથી ચાર્લસની જીજ્ઞાસા ઉશકેરાતાં તેણે વધુ તપાસ કરી, જેથી તેને માલમ પડયું કે ચોકસ કાચમાંથી તેને જ્યારે ઘણું સારૂં જણાતું હતું ત્યારે બીજા કાચોમાંથી તેની આંખ કરતાં પણ



ઓછા છેટાનું જણાતું હતું. તેણે તે ઉપરથી પેલા સઘળા કાચો ખરીદ કર્યાં અને પેલા કારીગરને પોતાની નોકરીમાં દાખલ કર્યો.

જ્યારે ચાર્લસ બીજો ઇંગલંડ પાછો ફર્યો ત્યારે તે ફ્રેન્ચ કારીગરને પોતાની સાથે લેતો ગયો. ત્યાં તેણે તે કારીગરને પોતાની નબળી આંખને અનુસરતો એક કાચ બનાવવાનો હુકમ કર્યો, પણ તે વેળા કાચ બનાવવાનો હુન્નર હાલનાં જેટલો જાણીતો નહિ હોવાથી ૬૦૦૦ કાચો બીગડયા પછી રાજા ચાર્લસને પોતાની આંખને અનૂસરતો કાચ મલ્યો. તે કાચનો તેણે ઝવેરી પાસે ચસમો બનાવ્યો; જે આખી દુનીયામાં પેહેલો ને કિમતી ચસમો હતો, આ ચસમો ૧,૦૦,૦૦૦ પૌંડની કીંમતનો થયો હતો તે માહેલો કાચ આજે પણ બ્રીટીશ મ્યૂઝીયમમાં જાળવી રાખવામાં આવ્યાછે.

**ચક્ષુઃશ્રવા**—સર્પને ગીત=સંગીત બહુ પ્રિય હોયછે, પણ તેને કાન હોતાં નથી, માત્ર નેત્ર હોયછે. આ નેત્ર વડે તેઓ સાંભળેછે, તે ઉપરથી તેમનું નામ અક્ષુઃશ્રવા પડયું છે, થંડીમાં સર્પોનાં નેત્રો સંકોચાઈ જાયછે ને ગ્રીષ્મઋતૂમાં પ્રફુલ્લિત થાયછે.

**ચાઇના રૂટ**—એક જાતનો ચીનાઇ રોપો. એનું ઉત્પંતિસ્થાન ચીન, કોચીન અને જેપાન દેશ છે. આગળ એ યૂરપમાં વનઔષધિ તરીકે જાણીતું હતું. પણ હાલમાં તેનું મહત્વ કશું રહ્યું નથી. પણ તેના અંગે માત્ર સંધીવા તથા ચાંદીના દર્દ સારાં કરવાનો ગુણછે,

**ચાઇલ્ડસર જોશિયા**—આ વેપારી, સાહિત્યના લેખકનો જન્મ ૧૬૩૦માં થયો હતો. એ પોર્ટસમાૈથ ખાતે દુબાસ તથા ઇસ્ત ઈંડીયા કુંપનીના ડીરેકટર તરીકેનું કામ બજાવતો હતો, જ્યાં તેણે દુબાસનાજ કામમાંથી ૨,૦૦,૦૦૦, પૌંડની દોલત મેળવી હતી. ૧૬૭૮માં એ બેરોનાઇટનો ખેતાબ પામ્યો હતો. ૧૬૯૯ માં ૨૨ જુને મરણ પામ્યો. ઇ. સ. ૧૬૬૮ થી ૧૬૭૦ સુધીમાં એણે વેપાર સંબંધી અનેક ગ્રંથો રચી પ્રગટ કર્યાં હતાં.

**ચાઇલ્ડ ફ્રાન્સીસ જેમ્સ**—આ જાણીતો ગીત, ગરબાનો સંગ્રહ કરનાર લેખકનો જન્મ ઇ.સ. ૧૮૨૫માં ૧લી ફેબ્રુવારીએ થયો. ૧૮૪૬માં એ હાર્વર્ડ ખાતે ગ્રેજ્યૂએટ થયો હતો. પ્રથમ એ ત્યાં ગણિત શાસ્ત્રનો શિક્ષક નેમાયો હતો. બે વર્ષ યૂરપમાં ગુજારી એ હારવર્ડ ખાતે ૧૮૫૧માં અલંકાર ભાષ્ય શાસ્ત્રી તરીકે નેમાયો હતો. જે પછી એ ૧૮૭૬ માં એંગલો સેકસન અને ઇંગલીશ સાહિત્ય તરફ વલાણધરી. ૧૮૪૮માં એણે Four Old Plays નામે ગ્રંથ રચ્યો. Spenser ૧૮૫૫ માં પાંચ દફતરમાં પ્રગટ કર્યો, અને ઈગ્રેજી તથા સ્કોટિશ ગાયન સંગ્રહ ૧૮૫૭ માં બોસ્ટન ખાતે ૮ દફતરમાં પ્રગટ કર્યું હતું, તે શિવાય એણે અનેક ગ્રંથો 'એડીટ' કરી પ્રગટ કર્યા હતાં. મરણ ૧૮૯૬ માં ૧૧ સપટેંબરે નિપજ્યું.

**ચાઇવ**—આ વર્ષાયુ છોડ ½ થી ૧ ફીટ ઉંચો, કંદવાળું, એની પર નળીદાર પાંદડાં ને રતાસદાર રંગના ફુલો આવેછે. આ છોડ નદી કાંઠે ઉગેછે. એને માટે ભીની જગ્યા હોયછે. યૂરપ તથા એશિયામાં એ પાહાડી ભાગમાં તથા ઉત્તર અમેરિકામાં ભિનાસદાર મેદાનોમાં ઉગેછે, એ બ્રિટનમાં ક્વચિત જણાયછે, માત્ર કૉર્નવાલ અને નૉર્થમબરલેંડ તરફ આ છોડ જણાયછે, યૂરપનાં કેટલાક પાહાડી પ્રદેશમાં એની તર્હેવાર જાતો જણાઇછે, આ છોડ બગીચામાં ઉગાડયાં હોય તો તે ઉત્તમ પ્રકારનો ખીલેછે, અને તે સૂપ, ભાજી તથા સાલીડને જગે ઉપયોગમાં લેવાયછે, એના કંદ મ્હોટા થતાં તે ઉપયોગમાં લેવાયછે, પણ નાહનાં બીજી મોસમ માટે રોપવા રાખી રહેવા દેછે.

**ચાંએ**—આ કંદવાલા વેલા હિંદુસ્તાનના કેટલાક ભાગમાં ઉગેછે, એના કંદ ગરીબોને નિર્વાહ અર્થે ઉપયોગી છે. એ સકરકંદ જેવા

સ્વાદિષ્ટ હોયછે. દુકાળ સમયે આ કંદ દુકાળીયાઓ હોંશે ખાઇ નિર્વાહ કરેછે.

**ચાએમૂળ**—એ સિંકોનાના ઝાડીને મળતું ઝાડ, કારોમાંડલના કિનારા તથા જાવામાં ઉગેછે. આ ઝાડમાંથી નારંગીયા રંગ બનેછે અને છાલને રંગારીઓ લાલ રંગ આપવાના ઉપયોગમાં લીયેછે.

**ચાકણનો કિલ્લો**—આ કિલ્લો પુનાથી નાશક જવાના માર્ગમાં ખેડાની દક્ષિણે ૬ મૈલ ઉપર છે, અને પુનાની ઉત્તરે ૧૮ મૈલ ઉત્તરે છે. ઈ. સ. ૧૮૫૮ માં ઈંગ્રેજોએ તેને જમીન દોસ્ત કર્યો હતો. ગ્રાંડડફે ઇ. સ. ૧૮૩૬ માં તેનું એવું વર્ણન કરેલું છે કે "આ કિલ્લો ચતુષ્કોણ છે. તેની આગલી બાજુએ અસંખ્ય બુરજો અને દરેક ખુણે ઉંચા બુરજો છે. કિલ્લાનો કોટ અતી ઉંચો હોઇ તેની આસપાસ ખાઇ છે. આ ખાઈમાં ઉત્તર તરફજ માત્ર પાણી છે. બીજે ઠેકાણે તે સુકી, ૩૦ ફીટ ઉંડી અને ૧૫ ફીટ લાંબી છે. કિલ્લામાં જવાનો દરવાજો પૂર્વ તરફ હોઈ અંદર જવાને પાંચથી ૭ દરવાજા છે. કોટની બીજી તરફનો કેટલોક ભાગ પડી ગયોછે. આ ભાગ, ઇ. સ. ૧૨૯૫માં એક હબશી સરદારે કિલ્લાનાં બહારથી બીજો એક કોટ બાંધ્યો હતો તેનો અવશેષ ભાગ છે એમ કહેછે. અલાઉદીન બ્રાહ્મણી ( ઇ. સ. ૧૪૩૫–૧૪૫૭ ) એ પોતાના સરદાર માલિક ઉલ તુજારને કોકણનાં કિલ્લા લેવાથકી મોકલ્યો હતો, ત્યારે તેણે પોતાનું થાણું ચાકણમાં કર્યું હતું. (ઇ. સ. ૧૪૪૩) તેણે ત્યાંથી કોકણપર જે સ્વારીઓ કરી તેમાંની છેલ્લી સ્વારીદરમ્યાન માર્ગમાં તેને ભયંકર અરણ્ય લાગતાં તેના દક્ષિણી અને હબશી શિપાઇઓ આગળ જવા માટે સાફ ના પાડી બેઠા; પણ માલિક ઉલતુજાર આગળ વધવા હટ લઇ બેઠા, આથી તેઓએ બંડ ઉઠાવી માલિકતુજારથી તથા તેના ૫૦૦ મોગલોને ત્યાંને ત્યાંજ રેંહેંસી નાખ્યા. આથી બાકી બચેલા મોગલો ચાકણના કિલ્લામાં આવી ભરાઇ બેઠા. દક્ષિણમાંના સરદારોનાં મનમાં મોગલો કોકણમાંથી પાછા જાય એમ હતું તેથી તેઓએ પાદશાહને એવું ખોટું સમજાવ્યું કે માલિક ઉલતુજારના અવિચારી પગલાંથી મોગલોએ ઉધ્ધતાઇ અને નીચપણે વર્તન કરવાથી આ બનાવ બન્યો, અને તે લોકોએ મ્હોટું બંડ કર્યુંછે. આથી બાદશાહે તે સરદારોપર કેહેણ મોકલ્યું કે તમારે "એકદમ મોગલોને ઠાર કરી નાખવા." આથી મતલબી સરદારોએ તૂરતજ ચાકણપર ઘેરો નાખ્યો. પણ મોગલોએ બે માસ વેર તેમને દાદ આપી નહિ. છેલ્લે તે દક્ષણી સરદારોએ એવી યૂક્તિ યોજી કે બાદશાહની બનાવટી સહી મોહોરનું એક પત્ર બનાવી તેમાં "તમોએ કિલ્લો છોડી એકદમ નિકળી આવવુ" એવો લેખ લખ્યો અને તે મોગલોપર મોકલ્યો. આથી મોગલોની બે ટોળીઓ બહાર જઈ પડાવ કરી પડી. પછી એક દિવસે જે મોગલો બાકી રહયા હતા તેમને સરદારોએ પોતાને ત્યાં મેજબાની માટે બોલાવી યૂક્તીથી ઠાર કરી નાખ્યા, અને લાગલા પેલી બે ટુકડીપર હલ્લા કરી તેમાંના દરેક સિપાહને રેંહેંસી નાખ્યા. બાકી બચેલી એક ડુકડીએ બાદશાહ તરફ નહાશી જઇ સર્વ બીના જાહેર કરી; આથી અલાઉદીને આ દગલબાજ સરદારોને સખ્ત શિક્ષા કરી; ત્યારથી ચાકણમાં મુસલમાનોનું જાથુક થાણું બેસાડયું.

ઇ. સ. ૧૪૮૬ માં ચાકણનો અધિકારી ઝાજૂદીને બંડ કર્યું, ત્યારે મલીક અહમદ એ કિલ્લો લેવા માટે ચાકણમાં આવ્યો. ત્યારે જૈનુદ્દીને વિજાપુરના અધિકારી યૂસફ-અદિલખાન પાસે મદદ માંગી. પછી તેજ વર્ષની આખેરીમાં મહમદે બીજા અહમદ-શાહ બાહમણી (ઇ. સ. ૧૪૮૨–૧૫૧૮) નું સ્વામિત્વ કબુલ કર્યું નહિ અને તે સ્વતંત્રપણે વર્તવા લાગો. ત્યારે તે બાદશાહે યૂસુફ અને જૈનુદ્દીનને તેઓપર ચઢાઇ કરવા મોકલ્યો. અહમદે જૈનુદ્દીનને પોતા તરફ ખેંચવાની ઘણી યૂક્તિ કરી પણ તેમાં તે ફાવ્યો નહિ. બાહમણી સૈન્ય પોતાપર ચઢાઇ લાવે છે એમ



જણાતાંજ પોતાના સર્વ કુટુંબને શિવનેરી કિલ્લામાં મોકલી પોતે લઢવા ગયો. એક દિવસે મધરાત્રે તે પોતાના ચુનન્દા સિપાહો લઇ એકદમ ચાકણ તરફ ગયો અને અતી શૌર્યતાથી કિલ્લાની દીવાલ પર સિઢીઓ લગાવી પોતાના ૨૭ માનસો સાથે માહે તુટી પડયો. તે વેળા જૈનદ્દીન સાથે ઘણા સિપાહો હતા, તેથી તેઓ વચ્ચે સખત ઝપાઝપી થઇ, પણ અહમદના માણસો થોડા હોવાથી તેમનું કશું વળયું નહિ : પણ જ્યારે જીવપરજ લંઢાઇ ચાલી ત્યારે અહમદે જૈનુદ્દીનને ઠાર કર્યો કે તેના સિપાહો ડરીને શરણે આવ્યા. આવી રીતે ચાકણનો કિલ્લો તાબે કરી બાદશાહના સૈન્યપર ચઢાઇ કરી તેનો પરાજય કર્યો. ઇ. સ. ૧૫૯૫ માં અહમદ નગરના ૧૦ મા પાદશાહે (ઇ. સ. ૧૫૯૫–૯૯) ચાકણનો કિલ્લો શિવાજીના બપાવા 'માલોજી ભોંસલા'ને આપ્યો. ઇ. સ. ૧૬૩૬ માં અહમદનગરનું રાજ્ય પડી ભાગ્યું ત્યારે ચાકણનો કિલ્લો શિવાજીના પિતા શાહાજી ભોંસલેના તાબામાં આવ્યો. તેણે ફીરંગોજી નરસાવને દારોગો નેમ્યો. પછી ઇ. સ. ૧૬૪૭ માં શિવાજીએ કિલ્લેદારને વશ કરી પોતે લીધો. ઇ. સ. ૧૬૬૨ માં મોગલ સરદાર શાહિસ્તેખાન શિવાજીનું બંડ તોડવા દક્ષિણમા આવ્યો અને પ્રથમ 'સુપા' ગામ લઈ ચાકણપર ગયો. પણ હુમલો કરી કિલ્લો લેવો બીકટ જોઇ દેવાલને સુરંગ લગાડી ઉડારવાનો નિશ્ચય કર્યો. બે માસવેર કાંઇ વળયું નહિ. સેવટે એક બુરજ ઉરાડી મેલ્યો. આથી સંખ્યા બંધ મરાઠા સિપાઇઓનો ઘાણ નિકળયો, અને મોગલ લોકો માહે પેઠા, પણ મરાઠાઓએ આગમજથી બુરૂજની અંદર મટોડીનો બીજો બુરજ બનાવ્યો હતો. લઢાઇ આખો દિવસ ચાલી, તેમાં મોટો ઘાણ નિકળયો અને છેલ્લે મરાઠાઓના ૯૦૦ સિપાહો માર્યા ગયા; બાદ મોગલો જીત્યા. ફીરંગોજી પોતાના કુટુંબ સાથે બાલેજી કિલ્લામાં જઈ રહ્યો. પછી તેનાં સાથીઓ અન્નપાણી વિના મરવા પડતાં મોગલોને શરણે ગયા. શાહિસ્તખાને ફીરંગોજી સાથે સારી રીતે વર્તિ તેને શિવાજી ઉપર પાછો મોકલ્યો. શિવાજીએ તેના શુરાતમની તારીફ કરી તેને મ્હોટું ઇનામ આપ્યું. શાહિસ્તેખાને ૧૬૬૩માં કિલ્લાને સમાર્યો અને ત્યાં ઉસએગખાન નામે સરદારને રાખ્યો. ફરી તેજ વર્ષમાં શિવાજીએ શાહિસ્તેખાનપર પુનામાં હુમલો કરી તેને નહસાડયો ત્યારે ઔરંગજેબને શાહિસ્તેખાનપર ગુસ્સો છુટવાથી તેને બંગાલના સુબેદારની જગાપર મોકલ્યો. પછી પોતાના બેટા મોઅજીમને દક્ષિણના સુબેદાર તરીકે નેમ્યો, અને ચાકણ તથા શિવનેરી કિલ્લામાં સિપાહો રાખી બાકીનાં સિપાહોને હિંદુસ્તાનમાં પાછા બોલાવ્યા.

એક વેળા તુકારામ બાવાના કિર્તનમાં શિવાજી બેઠો હતો તે વેળા ચાકણના મોગલ સૈન્યે એકાએક તેઓપર હુમલો કર્યો, પણ તેમાંથી શિવાજી બચી છટકી ગયો. પછી ૧૬૬૪ માં ઔરંગજેબે શિવાજીને રાજાનો ખેતાબ અને પુના, સુપા તથા ચાકણ જાગીર તરીકે બક્ષેસ આપ્યાં. ઇ૦સ૦ ૧૬૭૧ માં મોગલસરદાર દીલાવરખાને મરાઠાઓ પાસેથી ચાકણ જીતી લીધો. પણ ૧૬૮૫ માં ઓરંગજેબના બંડખોર શાહાજાદા અકબરને મોગલોએ તેજ જગા પર હાર ખવાડી. ઇ૦ સ૦ ૧૭૯૬ માં સિંધાના દિવાન બાળોબાતાત્યા કુંજરે પેશવાના ખાનગી સેનાપતિ બાબુરાવ ફડકેને કેદ કરી ચાકણના કિલ્લામા રાખ્યો. ઇ૦ સ૦ ૧૮૧૮માં મરાઠા સાથે ઈંગ્રેજોની જે છેલ્લી લઢાઇ થઇ તે વખતે લેફટનન્ટ કર્નલ ડીકને મ્હોટા સૈન્ય સમૂહ સાથે લઇ ૧૮૧૮માં ૨૫ મી ફેબ્રવારીએ કિલ્લાપર હલ્લો કરી લઢાઇ કરી જીતી લીધો. ઇ૦સ૦ ૧૮૨૭ માં કૅપટન ફ્લૂન્સ ચાકણના કિલ્લા માટે લખે છે કે "અત્રે બજાર માટે મ્હોટી જગા છે, અને ગામ તથા કિલ્લો મળી ૩૦૦ ઘરો છે, તથા ગાંધીની ૭ દુકાનો છે. હાલમાં આ કિલ્લો જમીનદોસ્ત કરી નાખ્યો છે.

**ચાકવત**—એનાં ઝાડ સર્વ ઠેકાણે હાથ ભર ઉંચાં વધે છે. એ શિયાળા તથા ઉન્હાળામાં

ઉગેછે. એના પાંદડા ઘણાં મ્હોટાં હોતાં નથી; તે નાજુક હોયછે. એની ભાજી વર્ષમાં પાંચથી ૬ માસ મળેછે. એનું ઝાડ જોવામાં શોભાયમાન રહેછે. આ ભાજી પૌષ્ટીક છે. એની ભાજી કુમળીજ ખવાયછે તેને "માજર" આવી એટલે તેનો સ્વાદ કડવો થાયછે; એ શિતળ અને શરીરે હિતાવછે.

**ચાંગદેવ**—મરાઠી ભાષામાં પેહેલી કવિતાઓ રચનાર, આ કવિ દેવતાની ઉપમાથી ઓળખાયોછે. ભક્તિ વિજય મુજબ ચાંગદેવ ગોરક્ષ નાથના સમયમાં હતો એટલે એ ૨૦૦૦ વર્ષપર થઈ ગયો હતો. ચાંગદેવની ઉત્પત્તિ માટે ભરતખંડના અર્વાચીન ઐતિહાસિક કોશમાં જણાવેછે કે " સ્વર્ગમાં મરૂદ્ગણ નામે દેવતાઓ હતા. એક સમે ઈંદ્ર રાજાએ તેમને કોઇ કારણથી એવો શ્રાપ આપ્યો કે તમો મૃત્યૂ લોકમાં જન્મ લેશો, ત્યારે તેઓએ ઉપાપ માટે પ્રાર્થના કરતાં ઈંદ્રે કહ્યું "સદીઓ પછી પૃથ્વીપર જ્ઞાનેશ્વર પ્રભૂતી દેવાંશ પ્રગટ થશે, ત્યારે તેનું દર્શન થતાં અને અનુગ્રહ થતાં તમો સ્વર્ગે પાછા ફરશો." આ ઉપરથી મરૂણ પૃથ્વી ઉપર આવ્યા.

મરૂણ પૃથ્વીપર આવતાં તેઓએ મનુષ્ય રૂપ ધારણ કર્યું, અને તાપી તથા પયોષ્ણી નદીના સંગમ ઉપર 'કર્દળી' ના વનમાં રહ્યા. તે સમયે જેમને જેમને ચાંગદેવ દેખાયો તેઓ ઘણા અજબ થયા, અને તેઓએ તેને દેવનો અંશ માન્યો. એની રમણીય તથા દિવ્ય કાંતિ ઉપરથી ( चांगला देव ) એનું સંક્ષેપ ચાંગલા દેવ સર્વત્ર પ્રસિદ્ધ થયું.

છેલ્લા સૈકામાં જ્યારે જ્ઞાનેશ્વરે પાડાને મોહડે વેદ બોલાવ્યા, ત્યારે આ વાત સાંભળીને ચાંગદેવ પોતાના ૧૪૦૦ શિષ્યો સાથે વાઘ ઉપર બેશી હાથમાં સાંપનો ચાબકો લઇ જ્ઞાનેશ્વરને મળવા ગયા. આ વેળા જ્ઞાનેશ્વર પોતાના ભાઇ સાથે તડકામાં એક ભીંત ઉપર બેઠો હતો, તેણે ચાંગદેવને આવતાં જોઇ ભીંતને યોગબળે ચલાવી ચાંગદેવ સામે ગયો, આથી ચાંગદેવ શર્મિંદો થયો અને વાઘ ઉપરથી હેઠે ઉતરી અધ્યાત્મક જ્ઞાનનો ઉપદેશ જ્ઞાનેશ્વરથી સાંભળ્યો હતો. જ્ઞાનેશ્વરે ચલાવેલી ભીંત હાલમાં "અળંદીસ" ગામની બાહેર કાયમ છે. ચાંગદેવનું ચાંગવટેશ્વર પણ બીજું નામ છે, એની અલૌકીક શકિતનાં ચમત્કારો ભકિત વિજયમાં છે.

**ચાચ**—ઈંડસના પૂર્વ તરફના ભાગનું નામ. આ ભાગ ઓહિંદની પાસેછે, સિંધના બ્રાહ્મણી રાજ વંશનો સ્થાપક ચાચ ઈ. સ. ૬૪૧માં થઇ ગયો, આજ ચાચ પછીના વંશજો ચચીતો અથવા જઝોટી રજપુત તરીકે ઓળખાયછે; ઈંડસના કાંઠેના અનેક ગામો ચાચના નામ ઉપરથી ઓળખાય છે; જેમકે ચાચપૂર, ચાચાર, ચારગોત, ચાચી વગેરે. સિંધના રાય વંશનો સ્થાપક ચાચ બ્રાહ્મણ જ્ઞાતીનો હતો. તેમજ એણે સેત્રંજની રમતની શોધ કરી હતી એવું દંતકથાઓમાં જણાવેલું છે. રાયના વંશજોએ કાશમિર અને કનોજથી તે મકરાન અને દાબાલના બંદરવેર અને સુરતથી કંદહાર તથા સુલેમાનના પરવતો વેર રાજ્યસત્તા ચલાવી હતી. આ રાજવંશે ૧૩૭ વરષ રાજ્યઅમલ ભોગવ્યો હતો.

**ચાચનામે**—એને તારીખે હિંદ વ સિંધ પણ કહે છે. આ ગ્રંથ અરેબીકમાં ઇ.સ. ૭૫૩ આગમજ રચાયો હતો ; જેનો તરજુમો મોહમદ નામે શખસે ૧૨૬૫ માં કરયો હતો. સિંધમાં આરબી રાજ્યની સ્થાપનાનો આ ગ્રંથમાં ઇતિહાસ આપેલો છે.

**ચાટા**—એજ નામના તેહેસીલનું મુખ્ય શેહેર જમનાની પશ્ચિમે ૯ મૈલઉપર છે અને સુત્રા શેહેરથી ઉત્તર પશ્ચિમે એની ઉત્તર ભણીનો ભાગ ૨૧ મૈલ પર છે. આ શેહેરની વસવાટનું ક્ષેત્રફળ ૯૪ એકર છે. લોક વસ્તી ૬૦૧૪ ની છે. તેમાં ૪૯૫૮ હિંદુ તથા ૧૦૫૯ મોહમેદનો છે. અત્રેનો



કિલ્લો શિરશાહના સમયનો ૬ એકર જગા રોકેછે.

**ચાડ**—અથવા તસાદ. આ સરોવર ઉત્તર આફ્રિકાના સુદાનમાં છે. એનું જુમલે ક્ષેત્રફળ ૧૦,૦૦૦ ચોરસ મૈલ સુકી મોસમમાં હોયછે, પણ વસાદની મોસમમાં તે ચારથી પાંચ ઘણો વધુ વિસ્તારમાં ફેલાયછે, પશ્ચિમ તરફનો અર્ધો ભાગ સંપૂર્ણ સરોવર છે, પણ પૂર્વ તરફનો ભાગ ટાપુવાલો હોઇ તેમાં સરોવરની નેહેરો ફરી વળેલી છે, અને ત્યાં હબશીઓની વસ્તી છે. દક્ષિણ પૂર્વ તરફથી જે મ્હોટો રોહ 'શેરી' નામે વહેછે તે શિવાય સર્વે નાહના ઝરા છે. આ સરોવરનું પાણી અતી સ્વચ્છ અને તાજું રહેછે, કોઇ વેળા આ સરોવર ઉભાતાં તે ઉત્તર પૂર્વ તરફ ૩૦૦ મૈલવેર વહેછે, આ સરોવરની પ્રથમ મુલાકાત લેનાર યૂરપ્યન મુસાફર ડનહેમ, કૅલપરટન અને ઓદની હતા. ૧૮૭૦ માં આ 'સરોવર ઘણો ઉભાયો હતો, આ સરોવરની આસપાસ બોર્નુ, હેનમ, વાદાય અને બાગીર્મીનાં રાજ્યો છે.

**ચાડચાત**—ગુજરાતમાં પાલનપૂરને તાબેની નાહની ઠકરાત, એને સુલતાનપૂરને નામે પણ ઓળખવામાં આવેછે. તેને તાબે ૧૧ ગામડાં છે (ક્ષેત્રફળ ૪૪૦ ચોરસ મૈલ) લોક વસ્તી ૫૩૩૦ ની છે, તેમાં ૨૮૦૩ પુરૂષો ૨૫૨૭ સ્ત્રીઓ છે. મુખ્ય વસ્તી હિંદુ મુસલમાનોની છે, રાજ્યકર્તા જાડેજા રજપુત કચ્છનાં રાજ્ય કુટુંબી છે, અધિપતિ ઠાકોરના એલકાબથી ઓળખાયછે, વારષિક ઉપજ ૩૩૬૦ પૌંડ ઉપજેછે, આ ઠકરાતમાં મીઠું પુશકળ પાકેછે, આ રાજ્યમાં નદી નાળાં નથી પણ તલાવો અનેક છે, પણ માર્ચમાં પાણી સુકાઈ જાયછે ત્યારે કુવાનાં પાણી વાપરવાં પડેછે, ૫ થી ૨૦ ફીટ જમીન ખોદતાં પાણી જડેછે.

**ચાણકય**—ગાંધાર દેશની (કંદહાર) રાજધાની તક્ષશિલાનો આ વિદવાન બ્રાહ્મણ રેહવાશી હતો. એણે ઋગવેદનું અધ્યન કરયું હતું. જન્મતાં એનાં મોહમાં દાંત જણાતાં એના પિતાએ ગુરૂની આજ્ઞાથી તે તોડી પડાવ્યા હતા. પશ્ચિમ તરફના પંડીતોના જણાવ્યા મુજબ એનો જન્મ ઇ. સ. પૂર્વે ૩૩૦ ની આગમજ થયો હતો (જુઓ ચંદ્રગુપ્ત). એનો પિતા એના જન્મ પછી મરણ પામતાં એની માતાએ એનું પાલન કરયું હતું. એને પ્રથમ નંદ રાજાઓ સાથે સારી મિત્રાચારી હતી પણ એક સમયે દરબારમાં એનું માન રાજાએ નહિ જાળવ્યાથી એણે ચંદ્રગુપ્તનો પક્ષ પકડી તેને રાજ્ય અપાવી નંદને હરાવ્યો હતો. એણે ચાણક્ય નીતિ નામે ૧,૦૦,૦૦૦ શ્લોકનાં સંગ્રહનો એક નીતિ ગ્રંથ રચ્યો હતો જે આર્ય પ્રજામાં ઘણો પ્રસિધ્ધ છે.

**ચાંદ**—લશકરી તથા દર્યાઇ માણસોને બાહાદુરીના કામોના બદલામાં ચાંદનું ઈનામ આપવાની રીત અસલી લોકોમાં નહોતી. ઈંગલંડમાં ક્રોમવેલના વખતથી ચાંદ ઇનામમાં આપવા લાગ્યા. પેહેલવેહેલા ચાંદ બ્લેક, મન્ક, પેન અને લોસન નામના અમલદારોને મળ્યા હતા. હાલના વખતમાં લશકરી બહાદુરીને માટેજ નહિ પણ વિદ્યા હુન્નરમાં કાબેલ્યત પામેલા શોધક વિદ્વાનો તથા જાહેર અમલદારો. યા સખાવતે બહાદુરોને આપવામાં આવેછે.

**ચાંદ્રમાસ તથા વર્ષ**—આકાશમાં સૂર્ય ચંદ્રના યોગ (પૂર્વપર અંતરનો અભાવ જે વખતે થાય તે વખતથી આરંભીને ફરી તેવો યોગ જેટલા વખતમાં થાય તેને એક ચાંદ્ર માસ કહેછે; વ્યવહારમાં માસની ગણત્રી આ માસ ઉપરથી ચાલેલીછે. એક માસના ત્રીસમાં ભાગને તિથી કહેછે. ચાંદ્ર માસ ૩૦ દિવસનો ગણાયછે. એનું વર્ષ ૩૫૪ દિવસ અને કાંઈક ઘડીનું હોયછે. તેની ગણત્રી ચૈત્ર શુદ ૧થી ફાગણ વદ ૩૦ સુધીના દિવસો ઉપરથી થાયછે. જે વર્ષમાં અધિક માસ હોય તે વર્ષમાં તેના દિવસ ૩૮૪ થઇ તે ઉપર કંઈક ઘડી આવેછે. મુસલમાનો પણ ચાંદ્ર માસથી

વર્ષ ગણેકે પણ તેઓમાં અધિક માસ જેવી કાંઈક ગણત્રી નહિ હોવાથી તેમના વર્ષ દિવસ ચાલૂ ભૂલથી ભરપૂર રહેછે.

**ચાંદબીબી**—આ શૂરવીર બેગમ નગરના હાકેમ હસના નિજામની બેટી હતી, એને સોલાપૂર શેહેર રીતમાં આપી ઈ. સ. ૧૫૬૪માં બીજાપુરવાલા ' અલીઅબદલા " સાથે પરણાવી હતી, પણ કમનસીબે તેણીનો ભર્તાર મરણ પામીઆથી બચપણમાંજ વિધવા થઇ અહમદનગર પાછી જઈ રહી, જ્યાં ચાંદબીબીએ પોતાના ભત્રીજા બાહદર નીજામશાહની વતી આહમદનગર જાળવવા માટે અનેક પરાક્રમો કરી બતાવ્યાં હતાં. અહમદનગરનો નવાબ બહારાન ૧૫૯૫માં મરણ પામ્યો, તે સમે તેના દાવાદાર ચાર જૂદા દુશમન ઉત્પન્ન થયા. જેઓના હાથમાં નગર હતું તેઓએ દિલ્લીથી મોગલોને મદદે બોલાવ્યા. આ શાહાજાદો મુરાદ ગુજરાત તથા માળવા થઈ અહમદનગર આવી ચઢયો, તે આગમજ ચાંદબીબીએ તે નગર પચાવી બેસનારાઓને શેહેર છોડી જવાની ફરજ પાડી અને રાજ્યનો સર્વ એખત્યાર પોતાને હાથ લીધો.

બીજાપુરના રાજા તથા બીજા હરીફોને આ બેગમે ખોલ્લી રીતે સમજાવ્યું કે માહો માહેના કજ્યા પડતાં મેલી સઘળાંએ એક સંપ થઈ પરાયા દુશમન સામેજ લઢવામાં તેઓનો લાભ સમાયલોછે. આ મુજબ સમજાવતાં ચાંદબીબીને ઘણા યત્નો કરવાં પડયાં. મોગલ લશ્કર શેહેરની નાકાબંદી કરવામાં રોકાયું હતું તેટલાં ' નેહંગ ' નામનો હબશી સરદાર પોતાની ફોજ સાથે તે શેહેરમાં દાખલ થયો કે ચાંદબીબીના બીજા હરીફો પણ બીજાપોરવાલાના લશકર સાથે મળી મોગલોની સામે થયા, જ્યારે મોગલોએ પોતાનીજ સામે આવું બળ એખટું થતું જોયું ત્યારે સુરંગ વડે કોટ ભાંજવા પ્રયત્ન કર્યો ને તેમાં ફાવ્યા, પણ ચાંદબીબીની સરદારી તળેનાં લશકરે મોગલ સૈન્યને કિલ્લામાં દાખલ થવા દીધું નહિ. તે પછી તુરતજ સુલ્લે કરવામાં આવીતેમાં અહમદનગરવાલા પાસેથી દિલ્લીના પાદશાહે થોડું આગમજ જીતી લીધેલાં બીહારનાં પ્રાંતપર તે પાદશાહી દાવો નહિ કરવાની કબુલાત આપી.

પણ આ સુલ્હે પછી નેહંગ નામનો હબશી સરદાર ચાંદબીબીને નિમકહરામ નીવડી મોગલોને મળી જઈ તેમની મદદ મેળવી. પણ આ વેળાની લઢાઇઓમાં શાહાજાદા મોરાદને નાસીપાસ થઇ દિલ્લી જવું પડ્યું. તે વખતના મોગલ રાજ્યની ચઢતીને આ એક સ્ત્રી જાત તરફથી મચક નહિ મળતું જોઇ મહાન અકબરે પોતાના બીજા બેટા દાનીઅલ તથા મીરજાખાનને અહમદનગરપર ચઢાઈ કરવા મોકલ્યા, પણ આ વેળા ચાંદબીબીએ ડાહપણથી સુલ્હે કરવાનો વિચાર કર્યો તેટલાં ૧૬૦૦ માં કોઇ દુશમને તેણીનું અચાનક ખુન કર્યું. ખુનીઓ કે જેઓએ દગાથી આ દેશહિતકારી શુરી રાણીને મારી હતી તેઓને જલ્દીથીજ માલમ પડયું કે ચાંદબીબીની તેમને કેટલી અગત હતી. મોગલોનું લશકર લઢીયા વીના શેહેરમાં દાખલ થયું ને મ્હોટી લુટ ચલાવી. આ હિમ્મતવાન રાણી પોતાની બાહોશી અને હિમ્મત માટે હિંદુસ્તાનમાં વખણાઇ ગએલી ઓરતોમાં શ્રેષ્ટ દરજ્જો ભોગવેછે.

**ચાંદલો**—હિંદુ સ્ત્રીઓ કપાળ ઉપર રૂપેરી યા સોનેરી બનાવટનાં ચાંદલા ચોઢેછે. ત્યારે કેટલાક દેશમાં તે ઠેકાણે કંકુ લગાડે છે. નીચ વર્ણની સ્ત્રીઓ ચાંદલાને ઠેકાણે છુંદણા પાડેછે. કુમારીકા યા પરણેલી સ્ત્રીને ચાંદલો કરવાનો અધિકાર હોયછે, વિધવાઓ ચાંદલો કરતી નથી પણ હિંદુઓમાં હલકી વર્ણની સ્ત્રીઓમાંથી વિધવા સ્થિતિમાં પણ ચાંદલો કરેછે, આ રેવાજ હિંદુ સ્ત્રીઓમાંથી પારસી સ્ત્રીઓમાં દાખલ થયોછે. અને તે રેવાજ જાદીરાણાનાં સમયમાં ફરજીયાત કોલકરારની રૂહે પારસીઓને લગ્ન યા શુભ પ્રસંગે



ચાંદલો કરવાની ફરજ નાખ્યાથી જમાના થયા તે ચાલતો આવ્યો છે.

**ચાંદી**—અથવા રૂપું. સંસકૃતમાં ' રૌપ્ય, ' લૅટીનમાં આર્ગેંટમ, ઇંગ્લીંશમાં સિલ્હર.

**ઉપજ**—આ અતી સુંદર અને ઉપયોગી ધાતુ પુરાણા કાળથી લોકોને જાણીતીછે, પણ પ્રાચીન કાળમાં ભરતખંડમાં અને બીજે ઠેકાણે ખનિજ અવસ્તામાથી એને કેવી રીતે જૂદી પાડતા હતા તે જણાયું નથી, તેમજ ભરતખંડમાં એ કયાં જડતી હતી અને કયા દેશથી આવતી હતી એ જણાયું નથી. કેટલીક ધાતુની અશોધીત ધાતુમાં મુખ્ય કરી ત્રાંબુ અને શિસૂં એના પથ્થરમાં જડેછે. આ ધાતુ સાથે અથવા સોનુ, પારો અને એન્ટીમની એમની સાથે મિશ્ર થએલી સ્થિતિમાં મળેછે. પણ એ ઘણું કરી સલ્ફાઇડમાં અથવા કવચિત કલોરાઇડની સ્થિતિમાં મળેછે. આ સ્થિતિમાં તેની અશોધિત ધાતુમાં શિસૂં, એન્ટીમની ત્રાંબુ અને લોઢું એમના સલ્ફાઇડની ભેળ હોયછે.

અમેરિકા ખંડમાં મેકસિકો તથા પીરૂ દેશમાંની રૂપાની ખાણોમાં ચાંદી પુશકળ મળેછે. આ ઠેકાણે સલ્ફાઇડને રૂપે ચાંદી જડેછે. યૂનાઇટેડ સ્ટેટમાં રૂપાની અનેક ખાણો છે. તેમજ આ ખંડમાં કોલંબો તથા ચિલ્લીમાં ચાંદી પારા સાથે મિશ્ર થએલી જડેછે. ચિલ્લીમાં અને પીરૂમાં કલોરાઇડને રૂપે ચાંદી ઘણી જડેછે, યૂરપખંડમાં નૉર્વે, સેકસની, હંગેરી અને બોહિમીયા દેશોમાં ચાંદાની સારી ખાણો છે. ત્યાં સલ્ફાઇડ રૂપે ચાંદી જડેછે. નાર્વેમાં, કોગઝબર્ગમાં, સેકસનીમાં, સ્નીબર્ગ અને હેમ્બર્ગમાં ચાંદીની ગંજાવર ખાણો છે. ઈંગલંડમાં કાર્નવાલમાં શિસાનાં સલ્ફાઇડમાં ચાંદી જડેછે, ચીન દેશમાં ચાંદીની ખાણો છે, હિંદુસ્તાનમાં—મદ્રાસ ઈલાકામાં, મ્હેસુર અને કડાપા પ્રાંતમાં મુંબઈ ઇલાકામાં, ધારવાડા જીલ્લામાં, રાજપુતાનામાં, અજમીર પ્રાંતમાં, અને બરમામાં ચાંદીના પથ્થરા જડેછે.

૧૮૬૧ માં યુનાઇટેડ સ્ટેટમાંથી ૪૦૦૦૦૦ પૌંડની ચાંદી મળી હતી.

૧૮૭૧ માં ૪૬,૦૦,૦૦૦ પૌંડની; ૧૮૮૧ માં ૮૬,૦૦૦૦૦ પૌંડની અને ૧૮૮૯ થી દરવર્ષે ૧,૨૯,૨૯,૦૦૦ પૌંડની નિકળેછે. હાલમાં કલોરેડો તથા મોન્ટેના ચાંદીના ખાણોનાં મુખ્ય ઠેકાણાં છે, યૂનાઇટેડ સ્ટેટની ટંકશાળના ડીરેકટરના રિપોર્ટ મુજબ ૧૮૮૯ માં નીચે મુજબ ચાંદી જૂદા જૂદા દેશોમાંથી મળી હતી, ૧,૧૧,૦૩,૪૦૦ પૌંડની મેકસિકોમાંથી; ચીલ્લી, બોલિવિહયા અને પીરૂમાંથી એકંદર ૪૦૮૫૦૦૦ પૌંડની. યૂરપ્યન સંસ્થાનોમાંથી ૨૧,૩૬,૦૦૦ પૌંડની. આ વર્ષમાં દુનિયામાં ચાંદીની એકંદર ઉપજ ૩,૨૫,૮૩,૦૦૦ પૌંડની થઈ હતી. ૧૮૯૮ માં તમામ દુનિયામાં ચાંદીની ઉપજ ૧૮૩,૦૦૦૦૦૦ ઔંસ; મેકસિકોમાંથી ૫૮૦૦૦૦૦૦ ઔંસ; આસ્ટ્રેલ્યા અને બોલિવિયામાંથી ૧૭૦૦૦૦૦૦ ઔંસ. પીરૂમાંથી ૧૦૦૦૦૦૦૦ ઔંસ અને બીજી કેનેડા, સ્પેન તથા ચીલ્લીની પણ તેમાંજ હતી.

**બનાવટ**—ચાંદીની અશોધિત ધાતુમાં ચાંદીનો અંશ ઘણો થોડો રહેછે, પણ તેના કિમતીપણાને લીધે અને તેની સાથે બીજી પણ ધાતુઓ મળતી હોવાથી સૂક્ષ્મ અંશ રહેલા રૂપાના પથ્થરમાંથી પણ ચાંદી કાઢેછે, અને તેમાં ફાયદો રહેછે, ચાંદી અને બાજી કેટલીક ધાતુ પ્રવાહિ મારામાં પિગળી તેનાથી સંયોગ પામેછે, આથી ચાંદી ઘણું કરી પારાને યોગે પથ્થરમાંથી જૂદી કાઢેછે, જ્યારે ચાંદી અસંયૂકત સ્થિતિમાં ચાંદીના પથ્થરમાં હોયછે ત્યારે તેનો ભૂકો કરી તે ભૂકાને મ્હોટા પીપમાં નાખી તેમાં પારો રેડેછે; અને પછી ખુબ ડોહવેછે. આથી પારો ચાંદી સાથે સંયોગ પામી તેનો લોચાદાર મિશ્ર પદાર્થ જેને ઇગ્રેજીમાં 'લિકિવડ ઍમાલ્ગમ' કહેછે એ ઉત્પન્ન થાયછે. તેને કપડામાં રેડી તેમાંના

પારાનો વધુ ભાગ કાઢી નાખેછે; પણ તે ઘન 'ઍમાલ્ગમ'ને ભઠ્ઠીમાં નાખી ગરમ કરેછે. એટલે તેમાંનો પારો ઉડી જઇ તળે ચાંદી ઠરેછે. ચાંદીનો મ્હોટો ભાગ સલ્ફાઇડ સ્થિતિમાં મળેછે, આ અવસ્તામાં તેમાં ત્રાંબુ, લોઢું, શિસું અને બીજી અનેક ધાતુના સલ્ફાઇડનો ભેળ હોયછે, આ પથ્થરમાંથી ચાંદી કાઢવાનાં કારખાનાં અમેરિકા તથા યુરપમાં અનેક છે.

**ચાંદી કાઢવાની રીત**—ચાંદીના પથ્થરા એકત્ર કરી તેમાંથી ઘણી ચાંદીના ભેળવાલા પથ્થરા જૂદા કાઢવામાં આવેછે, કારણ તે જાતના પથ્થરમાંથી ચાંદી કાઢેલી મોંઘી પડે છે. તેમાંથી આગળ જણાવ્યા મુજબની રીતથી શીસું કાઢી ચાંદી જૂદી કરેછે. ચાંદીના સલ્ફાઇડનાં પથ્થરા કાળાસપર હોયછે, આ પથ્થર અતી ઘનવર્ધનીય અને નરમ હોયછે, તે એટલોતો નરમ હોયછે કે તેને છરી વડે કાપી શકાયછે; અને તેના અંગે જલ્દી રસ થવાનો ગુણ છે. આ પથ્થર સાધારણ બળતણથી પિગળવા માંડેછે. પથ્થરમાં સારી ચાંદીના સલ્ફાઇડનો ઘણોખરો ૮૭ ભાગ ચાંદી અને ૧૩ ભાગ ગંધક હોયછે, બીજી ધાતુનાં ભેળથી તેને જૂદાજૂદા રંગ આવેછે. આ અને બીજા લક્ષણો ઉપરથી ચાંદીના સલ્ફાઇડનાં પથ્થર ચૂંટી કાઢે છે, પછી તેની ઝીણી ભુકી કરી તેમાં દશાંશ વજન જેટલું નીમક મેળવી તેને એક રસ કરી ચાળી નાખેછે, પછી તે મિશ્રણને રેવ્હર 'બરેતરી ફર્નેસ'માં ધીમી આંચથી ભૂંજેછે. આ વખતે મિશ્રણ પિગળી નહિ જાય અને તેનાં ગોળા નહિ બને તે માટે સાવચેત રહી તેને ડોહવિયા કરેછે. આ કૃતિનાં મિશ્રણમાં આર્સેનિક અને એંટીમની હોય તો તે હવાનાં ઓકસિજનથી સંયોગ પામી ઑકસાઇડ રૂપે ઉડી જાયછે; તેની સાથે કેટલીક ગંધકની વરાળ પણ ઑકસાઇડ રૂપે ઉડી ચાંદી, ત્રાંબુ અને લોઢું એના સલ્ફાઇડ ઓકસિજનથી સંયોગ પાંમી તેનું સલ્ફેટ બનેછે. પછી તેની ગર્મી વધારે છે. તેથી સલ્ફેડ અને નીમક (સોડિયમ કલોરાઇડ) પૃથગ્ભૂત બની, નીમકમાંના કલોરિનથી ચાંદી, ત્રાંબુ અને લોઢું સંયોગ પામી તેના કલોરાઇડ્સ બનેછે, અને સોડીયમ ધાતુ ગંધક અને ઑકસિજનથી સંયોગ પામી સોડીયમ સલફેટ બનેછે.

પછી તે ભૂંજેલા પથ્થરનો ઝીણો ભૂકો કરી તેને ચોળેછે. તે ભૂકાને મ્હોટા ઉંચા પીપમાં રેડી તેમાં પાણી અને ખાસ બનાવેલા લોખંડના કટકા નાખી પીપને તેના આંસ આસપાસ દર મિનિટે ૨૦ વખત ફેરવેછે અને એ મુજબ ઘણોક વખત પીપ ફેરવ્યા પછી ચાંદી અને ત્રાંબાના કલોરાઇડમાંના કલોરિનથી લોઢું સંયોગ પામી રૂપું અને ત્રાંબુ એ બેઉ ધાતુ સુક્ષમ રજો રૂપે જુદાં પડેછે. તેમજ લોઢાનાં કલોરાઇડથી લોઢું સંયોગ પામી લોઢાનો સનકલોરાઇડ બનેછે, લોઢું નાખી પાણી ડોહવવાનું કારણ એ છે કે તેનાં પછી જે પારો નાખવાનો તે કલોરિનથી મળી પારાનો સબ કલોરાઇડ (રસ કપૂર) બને નહિ; કારણ તે આગળ પૃથગભૂત થતો નથી અને તે એટલો પારો ફોકટ જાયછે.

પછી પીપમાં પારો નાખી પીપને ચક્રવત સુમારે વીસ કલાક ફેરવેછે, જૂદું પડેલું રૂપું અને ત્રાંબુ આ ધાતુ પારાથી સંયોગ પામી ચાંદી તથા ત્રાંબાનું ઍમાલ્ગમ બનેછે. પારો ઘણો નાખેલો હોવાથી તે ઍમાલગમ પારામાં પિગળી પ્રવાહિ એમાલ્ગમ બનેછે, તે બીજા પદાર્થથી સ્વચ્છ કરવા માટે પીપમાં બીજું પાણી રેડી પીપોને બે કલાક વેર ફેરવેછે, પછી પીપના તળીયામાંના છિદ્ર ખુલ્લાં કરી તે પ્રવાહિ ઍમાલ્ગમ નામી લેછે. પછી તેને કેનવાસના કપડાંમાં નાખી ગાળેછે, અને તેમાંનો વધારે પારો કાઢી નાખેછે. એટલે ઠરી રહેલો ઘન ઍમાલ્ગમ લોઢાના રિટાર્ટમાં નામી લાકડાના કોલસાના અગ્નિપર ગરમ કરેછે; આથી તેમાંનો પારો ઉડી જઇ ચાંદી તથા ત્રાંબાનું મિશ્રણ પાછળ રહેછે. આ મિશ્ર ધાતુના લોચામાં



ત્રણ યા ચાર ઘણા વજનભાર શિસું મેળવી તેને ગરમ કરેછે. આથી ચાંદી શિસાં સાથે મિશ્ર થઇ જલ્દી રસ બનનારી ધાતુ બનેછે, તેનો રસ બની તે ગોળાઓમાંથી વહેછે, અને પાછળ ત્રાંબુ રહેછે, આ કૃતિને 'લિકવેશન' કહેછે.

તે પછી શિસામાંથી ચાંદી 'કયુપેલેશન' નામે રીતથી જૂદી કાઢેછે. આ બનાવટની રીત એ છે કે, શીસાને હવાના પ્રવાહમાં અતી ગરમ કર્યાથી હવામાંનુ ઑક્સિજન તે જલ્દી શોસી લઈ વિદ્રાવ્ય શિસાનો ઑક-સાઇડ બનેછે, અને ચાંદી ધાતુની સ્થિતિમાં પાછળ રહેછે. જે શિસાનો ઑકસાઇડ બને છે તેનો રસ ઘણોક વહી જાયછે અને કેટલોક જે 'કયુપેલ' નામે સચ્છિદ્ર પ્યાલામાં શિસૂં ગરમ કરવામાં આવેછે તેના છિદ્રમાં શોસાઇ જાયછે.

**ચાંદી ગાળવાની અમેરિકન રીત**—યુરપ પ્રમાણે મેકસિકો અને ચિલ્લી દેશમાં બળતણ સસ્તૂં અને સારૂં મળતું નથી, આથી ત્યાં ચાંદીના પથ્થરને નહિ ભૂંજતા પાણી, ઘોડા અને ખચ્ચરની મદદથી તેને છુંદી છેલ્લે પારાથી ચાંદી જૂદી કાઢેછે. પ્રથમ પથ્થર એખટા કરી તેને ઢાંગવડે છુંદેછે, આ ઢાંગ પાણીના બળથી ચાલેછે, તેના ભૂકાને મ્હોટા પથ્થરપર પાણી નામી ઝીણો કરેછે; પછી તેમાં સેંકડે ૧ થી પાંચ ભાગ નીમક મેળવેછે, અને પછી ઘોડા તથા ખચ્ચરોના પગ દબાવી મિશ્ર કરેછે, આ મુજબ નીમક સાથે ચાંદીના પથ્થરનો ભૂકો મિશ્ર થતાં તેને કેટલાક દિવસ સુધી તેવીજ સ્થિતિમાં રાખેછે, પછી તેમાં 'કૉપર પાયરીટીજ' ત્રાંબાના ગંધક યુકત અશોધિત ધાતૂ એને ભૂંજી તેનો પાઉડર ચાંદીના પથ્થરના ૧/૫૦ થી ૧/૧૦૦ વજન ઉપર ઉપલા મિશ્રણમાં મેળવેછે, અને ફરી પાંચ છ ઘોડાઓ પાસે પાંચથી છ કલાકવેર છુંદાવી તેનું મિશ્રણ કરેછે. 'કૉપર પાયરીટીજ' ભૂંજી બનાવેલી જે પૌડર તેને ઇગ્રેજીમાં ખાણ ખોદનારા 'મેજીટ્રેલ' કહેછે, તેમાં ૧/૧૦ ભાગ મોરથુથુ (ત્રાંબાનો સલ્ફેટ) હોયછે, આ સલ્ફેટ અને નીમક એકમેકનું પુથુ:કરણ કરી ત્રાંબાનો કલોરાઇડ તથા સોડીયમનો સલ્ફેટ બનેછે, આ મુજબ મિશ્રણ તૈઆર થતાં પથ્થરમાં જેટલી ચાંદી હોય તેના પ્રમાણ મુજબ તેનાથી બમણો પારો તેમાં મેળવેછે. પારો સારી રીતે મિશ્ર કરવા માટે પ્રથમ મુજબ ઘોડા પાસે છુંદાવેછે. તેને તે પછી ૧૬ થી ૨૦ દિવસ તેવીજ સ્થિતિમાં રહેવા દેછે, ત્રાંબાના કલોરાઇડનું હવા અને પાણીના યોગે ચાંદીના પથ્થરમાંની ચાંદીનો સલ્ફાઇડ ઉપર ક્રિયા થઇ સલ્ફાઇડ પૃથુભૂત થાયછે, ગંધક ઉડી જાયછે, ચાંદી ત્રાંબાના કલોરાઇડમાંના અર્ધા કલોરિનથી સંયોગ પામી ચાંદીનો કલોરાઇડ બનેછે અને હવામાંનુ ઑકસિજન જે કલો-રીનની જગા લઇ ત્રાંબાનો ઑક્સિજન કલોરાઇડ બનેછે. પછી પેહેલા જેટલો ફરી પારો ઉમેરે છે. તેથી ફરી ચાંદીનો કલોરાઇડ પૃથગભૂત બની કેટલોક પારો કલોરિનથી સંયોગ પામી પારાનો કલોરાઇડ (રસકપૂર) બનેછે, અને ભૂકી થએલી ચાંદી પારાથી સંયોગ પામી ચાંદીનો અમાલગમ બનેછે, તે બધું મિશ્રણ તેવીજ રીતે વળી ૧૫–૨૦ દિવસ સુધી રહેવા દેછે. આથી ફરી ચાંદી પારા સાથે સાથે સંયોગ પામી એમાલગમ બનેછે, અને વળી પારાનો કલોરાઇડ (રસ-કપૂર) બનેછે, પછી પ્રથમ જેટલો બીજો પારો તેમાં ઉમેરી આગલ મુજબ ઘોડા પાસે છુંદાવેછે અને ૨૦ થી ૨૫ દિવસ સુધી તેને તેમજ પડવા દેછે. પછી ચાંદીનો જે ઍમાલગમ બનેછે તેને પિગળાવવા માટે વળી આગળથી અર્ધો પારો તેમાં મેળવેછે અને ફરી છુંદાવેછે, આ વેળા ઍમાલગમ પારામાં પિગળી પ્રવાહી ઍમાલગમ બનેછે, પછી તેને ખૂબ ધોઇને તે પ્રવાહિ ઍમાલગમ જૂદો પાડેછે.

આ બનાવટમાં પારો ઘણો લાગેછે, અને પારાનો રસ કપૂર બનવાથી તેનો ઘણો નાશ

થાયછે, આ કૃતીમાં ચાંદીના ક્લોરાઇડમાંનુ ક્લોરીન જૂદું કાઢી નાખવા અને ચાંદી પિગળાવવા પારાનો ઉપયોગ કરેછે, પણ આગળ જણાવેલી યૂરપ્યન કૃતીમાં ક્લોરીન લોઢાથી જૂદું પાડી જૂદી પડેલી ચાંદીમાં પિગળાવવા પારાનો ઉપયોગ કરેછે.

**ચાંદીની મીશ્ર ધાતુ**—ચાંદીની અનેક મીશ્ર ધાતુઓ બનેછે, પણ તેમાં માત્ર ત્રાંબુ તથા ચાંદી મળીને બનેલી મીશ્ર ધાતુ ઝાઝી ઉપયોગમાં આવેછે. નાણાં પાડવા, વાસણો બનાવવા માટે શુદ્ધ ચાંદી ઘણી નરમ હોવાથી તે ઘણી ઘસાય છે, તેથી તેને કઠણતા આપવા તેમાં ત્રાંબુ ઉમેરવામાં આવે છે. રૂપ્યામાં જૂદા જૂદા પ્રમાણથી ત્રાંબાની ભેળ કરવામાં આવેછે. ઇંગલંડના ચલણમાં સેંકડે ૭.૫ ભાગ ત્રાંબુ હોયછે. ફ્રાન્સનાં નાણામાં ૧૦ ભાગ, પૃશિયન નાણામાં સેંકડે ૨૫ ટકા અને હિંદુસ્તાનના નાણામાં સેંકડે ૧૨ ટકા ત્રાંબુ હોયછે. સેંકડે ૧૦ ટકાથી વધારે ત્રાંબુ ચાંદીમાં મિશ્ર કરવાથી હવામાં તેનાપર કાટ ચઢેછે. ૪ ભાગ ચાંદીમાં ૧ ભાગ ત્રાંબુ ઉમેર્યાથી તે ધાતુ કઠણ બનેછે. ઈંગ્રેજી નાણાનું વિપિષ્ટ ગુરૂત્વ ૧૦.૩ હોયછે, હિંદુસ્તાનનાં રૂપા નાણાનું વિપિષ્ટ ગુરૂત્વ ૧૦.૪ છે. આ ઉપરથી કલ્લઇ નાંખી બનાવેલા રૂપ્યા તૂરતજ તેના વિ૦ ગુરૂત્વની પરિક્ષાથી ઓળખાઇ આવે છે

બીજી કેટલીક ધાતુ ચાંદીમાં મેળવ્યાથી ચાંદી કસહિન બની નાણા પાડવા લાયકની રહેતી નથી. જો ચાંદીમાં કલ્લઇ, જસત, એંટીમની, બિસ્મીથ, શિસૂં અને આર્સેનિક આ ધાતુ મેળવી હોય તો રૂપ્યો કાચો બનેછે. ચાંદી શુદ્ધ કરતી વખતે ઉપલી ધાતુઓને તેમાંથી તદન નિર્મૂળ કરવી પડેછે. ચાંદીને સાંધવા માટે ૬ ભાગ પિત્તળ, પાંચ ભાગ ચાંદી અને બે ભાગ જસતના મિશ્રણનો ઉપયોગ કરવામાં આવેછે.

**ચાંદી શુદ્ધ કરવાની રીત**—તદન ચોખી ચાંદી જૂદી કાઢવાના અનેક રીતો છે, તેમાંની એક અત્રે દર્શાવીછે. ચાંદીને નાઇત્રિક ઍસિડમાં ગરમી આપી પિગળાવવું, જો તેમાં ત્રાંબુ હશે તો ચાંદીના નાઇત્રેટ સાથે ત્રાંબાનો નાઇત્રેટ ઉત્પન્ન થશે, અને રસપર ગળીના રંગની ઝાંખ આવશે. ચાંદીમાં સુન્નાનું મિશ્રણ હશે તો તેની કાળી ભૂકી નહિ પિગળતાં તે નીચે પડશે. રસમાં પાણી મેળવી રસ ગાળી લઇ અવિદ્રાવ્ય સુન્નાના રસમાંથી તેને જૂદું કાઢવું, પછી તેમાં નીમક (સોડીયમ ક્લોરાઇડ) નો રસ મેળવવો. એટલે ચાંદીના ક્લોરાઇડનો સફેદ દહી જેવો અવિદ્રાવ્ય સાકા બનેછે. તેને ખૂબ ધોઇ સુકવવું. તેમાં તેના બમણા વજનનો પાપડખાર (સોડિઅમ કાર્બોનેટ) મેળવવો અને મિશ્ર મટોડીની મૂસમાં નાખી તેનો રસ બનાવવો. ત્યાં એકમેકપર ક્રિયા થઇ શુદ્ધ ચાંદી બનેછે. અથવા ક્લોરાઇડમાં ધીમો સલ્ફ્યૂરિક ઍસિડ મેળવી તે દ્રવમાં જસતની સળીઓ નાખવી એટલે જસત ચાંદીની જગા લઇ જસતનો ક્લોરાઇડ બનેછે. તે રસમાં વિદ્રુત થાયછે. અને રૂપું જસતની સળીપર એકઠું થાયછે. આ મુજબ ચાંદીના ક્લોરાઇડના પ્રમાણ મુજબ ૧ કલાક યા એકથી બે દિવસ સુધી તેને નહિ ડોહવતાં રસને તેમજ રાખ્યાથી સર્વ ચંદી એકઠી થાયછે. જે જસત ઉપર ચાંદીની ભૂકી એકઠી થાયછે તેને ઓખવી લઇ ફરી જળમિશ્રીત સલ્ફ્યૂરિક ઍસીડમાં બે દિવસ ભીનવવા મેળેછે, એટલે તેમાં જસતનાં ક્ષારનો બાકી રહેલો અંશ નિકળી જશે, પછી તે ભૂકાને ખૂબ ધોઇને સુકવવી અને તે 'પાઉડરને' ગાળી તેની લગડી બનાવવી.

**ચાંદીની પરીક્ષા અથવા કસોટી**—ચાંદીને સખત બનાવવા તેમાં જે ધાતુનો ઉપયોગ કરેછે, તે કરતાં રૂપીયાની વધુ કિંમત હોવાથી કોઇપણ હલકી ચાંદીમાં શુદ્ધ ચાંદીનું પ્રમાણ કેટલું છે તે બરાબર સેહેજ કાઢી શકાય એ એક મ્હોટી અગત્યની કસોટી છે. જવાહેરો માટે અન બીજા નક્ષીનાં ઘરેણાં



હલકી ચાંદીનાં બનાવે છે, તેમાં ચોક્સ શુદ્ધ ચાંદી હોવી જોઇએ એવો ઈંગ્લંડમાં કાયદો છે, અને પ્રથમ પ્રત્યેક લગડી અને વાસણની પરિક્ષા કરી તેનીપર સરકારી છાપ મારી પછી તેને વેચવા મેળે છે. તેવો કાયદો આપણા દેશમાં નહિ હોવાથી ઘરેણાં બનાવનાર ચાંદીમાં ગમે તે પ્રમાણે ત્રાંબુ ઉમેરેછે, અને કસોટીના પથ્થરપર ચાંદીને ઘશી તેની પરિક્ષા કરેછે. પણ તેમ રૂપું વધુ યા ઓછું છે તે ચોક્સ કહેવાઇ શકાતું નથી. પણ આ ખરી કસોટી કરવાની રીતો ટંકસાળમાં ચાલુ છે. હાલમાં ટંકસાલોમાં 'ગેલ્યૂઝાક' રીત ચાલુ છે. આ રીતની પરિક્ષા એટલીતો સૂક્ષ્મતાથી કરવામાં આવેછે કે ૧૦૦૦ ભાગમાં ઘણીતો ૧/૨ ભાગની ભૂલ પડેછે. પણ આ પરિક્ષાનું કામ ઘણી કડાકુટ તથા અક્કલનું હોયછે.

**ચાંદીની ગીલીટ**—ત્રાંબુ, પિત્તલ વગેરે ધાતુનાં વાસણપર ચાંદીની ગીલીટ કરી તેનો પૃષ્ટ ભાગ ચળકતો અને કાયમનો બનાવેછે. ચાંદીનો થર જાડો હોયછે તો તેને 'પ્લેટિંગ' કહેછે, અને થર પાતળો હોયછે તો તેને સિલ્વહરિંગ કહેછે. ગીલીટ કેટલાક યંત્રવડે યા વિજળીથી ચઢાવેછે. ત્રાંબાના પત્રાપર યાંત્રિક રીતે ચાંદીની ઝલેહ ચઢાવવી હોય તો તેના પૃષ્ટ ભાગપર કલઈ કરી તેનીપર પતળી ચાંદીનું પતરૂં ચઢાવેછે. તેની જાડાઇ ત્રાંબાના પતરાંના આકારની જાડાઇના પ્રમાણ ઉપરથી લેછે. આ સંયૂક્ત વાસણને ચાંદી પિગળી નહિ જાય તેટળી ધીમી આંચે ગર્મિ આપેછે, પછી તેને તે ગરમ સ્થિતિમાં ટીપી અથવા બે લોઢાના રોલર વચ્ચે દાબીને ખેંચી બેઉના એક જીવ કરેછે. એટલે ત્રાંબાપર ચાંદીની ઝલેહ સર્વ બાજુએ એકસરખી ચઢેછે. એમાં કોઈ પણ પ્રકારનો ડાઘ લગાડતા નથી. માત્ર ચાંદીના પત્રાના કાંઠા આસપાસ ત્રાંબાપર કાટ નહિ ચઢે તે માટે ટંકણખારનો પાઉડર ચોપડેછે. પછી તે પતરાને રોલર વચ્ચે દાબી ગમે તેવા પતળાં પત્રાં બનાવેછે.

બીજી રીત એ છે કે ત્રાંબાની લગડીનો પૃષ્ટ ભાગ ચાંદીના નાઇત્રેટના રસથી ધોઇ નાખેછે. આથી રસમાંનો ચાંદીને જગે ત્રાંબુ જઇ ચાંદીનો પાતળો થરો ત્રાંબાપર ચઢેછે, અને ત્રાંબાપર ચાંદીનું પત્રું સારી રીતે ચોંહટી બેસેછે. પછી લગડીપર ચાંદીનું પાતળું પત્રું ઢાકી તેને એકદમ રોલર વચ્ચે દાબી ચાંદી ચઢાવેલુ પત્રું બનાવેછે.

પોલાદ ઉપર ચાંદીની ઝલેહ કાંઈ જૂદી રીતે ચઢાવેછે. પ્રથમ પોલાદ પર કલઈ ચઢાવી તેનીપર ડાકથી ચાંદીનું પાતળું પત્રું જડેછે અને ગીલીટ કરેછે.

પણ હાલમાં ઉપલી રીતે 'પ્લેટીંગ' નહિ કરતાં વિજળીથી ચાંદી ચઢાવેછે. પોટાસ્યમ સાઈનાઇડના દ્રવમાં ચાંદીનો સાયનાઇડ પિગળાવી ગીલીટ કરવાનો રસ બનાવેછે, આ દ્રવમાં પોટાસ્યમ સાઇનાઇડ પ્રથમ વધારે ઉમેરેછે. આથી દ્રવમાંનુ જેટલું રૂપું જૂદું પડી ચીજપર ચઢેછે તેટલુંજ ફરી નવું પિગળેછે, પછી વિજળીક તારના જસતને વાસણ જોડી ઉપલા દ્રવમાં બોળેછે અને ઇલેક્ટ્રો પોઝેટિવને ચાંદીનું પત્રું જોડી તેને બોળેછે. પ્રવાહથી ચાંદીનો સાઇનાઇડ પૃથગભૂત બની તેમાંનું રૂપું 'ઇલેક્ટ્રો નેગેટિવ' ને જોડેલા પદાર્થ પર ચઢેછે, અને જૂદો પડેલો સાયનોજન ગ્યાસ ઇલેક્ટ્રો પોઝેટિવને જોડેલી ચાંદી સાથે સંયોગ પામી ચાંદીનો સાઈનાઇડ બને છે અને દ્રવમાં પિગળી દ્રવ કમજોર થતો નથી.

પારાની મદદથી ચાંદી ચઢાવવાની શુષ્ક અને આદ્ર એવી બે રીતો છે. આદ્ર રીતે ત્રાંબુ, પિત્તળ, કાચ ઇત્યાદી ઉપર ચાંદી ચઢાવી શકાય છે, ત્રાંબુ અથવા પિત્તળના વાસણ ઉપર નાઇત્રિક ઍસિડમાં થોડો વખત દુબાડી તેના પૃષ્ટભાગ ઉપરનો કાટ વગેરે કાઢી નાખેછે. અને પછી તેને પાણી વડે સ્વચ્છ રીતે ધોઇ તેના ઉપર ૧૦૦ ભાગ પોટાસ્યમ બાયટ્રાટ્રટ, ૧૦ ભાગ ચાંદીનો ક્લોરાઇડ, અને ૧ ભાગ ચાંદીનો ઉચ્ચેદ

ક્લોરાઇડ (રસ પુષ્પ) આ ત્રણેનું મિશ્રણ મસળેછે, ત્રાંબુ ચાંદી, અને પારાના ક્લોરાઈડમાંના ક્લોરિનથી સંયોગ પામી પારા અને ચાંદી આ જૂદા પડેછે, તેમાંથી માત્ર ચાંદીને ત્રાંબાપર બેસાડવા પારાના ડાંક મુજબ ઉપયોગ થાયછે, આ મુજબ કર્યા પછી વાસણુપર કલ્લઇ કરેછે.

શુષ્ક રીતે ચાંદી ચઢાવવા પારામાં કાંઇ ચાંદી મેળવી ચાંદીનો ઍમાલગમ તૈઆર કરેછે, અને વાસણોને નાઇટ્રિક ઍસિડમાં બોળીને ધોઇ તેનીપર આ ઍમાલગમ ચોપડે છે, પછી વાસણને ગર્મી આપી તેપરનો પારો ઉડાવી નાંખેછે. એટલે ચાંદીનો પાતળો થરો વાસણુપર ચઢેછે. પછી વાસણને પૉલીશ કરેછે.

**ચાંદીના ધર્મ**—શુદ્ધ ચાંદી સ્વચ્છ, સફેદ અને અત્યંત તેજસ્વી હોયછે, રજોરૂપ સ્થિતિમાં ચાંદી કાળી જણાયછે, કઠણ સ્થિતિમાં ચાંદી, ત્રાંબુ અને સુના વચ્ચે છે. એના અંગે ચીવટપણું પુશકળ છે. એ ધનવર્ધનિય અને પ્રસરણુશીલ હોઈ તેના પાતળા વરખ બનાવી શકાયછે, એનું વિશિષ્ટ ગુરૂત્વ '૧૦°૫' છે. ઘડી ઘડી ચાંદીને ગર્મી આપ્યાથી તે સ્ફટિક રૂપ અને બરડ બને છે, ચાંદીનો રસ ૧૬૮૧° ફેરન ઉષ્ણુ માનપર બનેછે. આ રસને થંડો પાડતાં તે ઘનસ્થિતિમાં આવતાં અતી ત્વરીત પ્રસરણ પામેછે. અતી ઉંચ ઉષ્ણુમાન ઉપર ચાંદી ઉડી જાયછે. ઉષ્ણુતા અને વિધૂલતાને રૂપે ઉત્તમ વાહક છે. ભિનાસવાલી યા સુકી હવામાં તેપર કાટ ચઢતો નથી, અને કોઈપણ ઉષ્ણુ માન ઉપર ઑકસિડાઈજ થતો નથી. પણ શુદ્ધ ચાંદીનો રસ બનાવ્યો હોય તો તે રસ પોતાના આકારથી '૨૨' ઘણું ઑકસિજન શોષિ લીયેછે, પણુ તે ઘન થતાં સર્વ ઑકસિજન નિકળી જાયછે, જો ચાંદીના રસને એકાએક થંડો કીધો હોય તો પ્રથમ તેના બહારનું અંગ ઘન બની માહે રસ રહી જાયછે, ઉપર જણાવ્યું તેમ રૂપું ઘન થતાં ઘણી ત્વરાથી ફુલેછે. તે માટે જ્યારે માહેલો રસ ઘન બનેછે ત્યારે માહેલું ઑકસિજન બહાર પડવાથી અને ઘનીભવન કાળે તે ફુલેછે, તેથી ઉપલું કવચ ફુટી ચાંદીના રસના ગોળ મણુકા અને સળી બહાર પડેછે. જો ચાંદીમાં સેંકડે ૧ અથવા ૨ ભાગ ત્રાંબુ હોયછે તો આ પ્રકાર બનતો નથી, એટલે ઑસિજન શોષાઇ જતો નથી. ઘણુંકરી જે ચાંદી સુનાનો રસ બનાવવાના ઉપયોગમાં લીયેછે તેમાં ત્રાંબુ હોયછે, આથીજ આ પ્રકાર ઘણાકોનાં જોવામાં આવતો નથી. ક્લોરિન, બ્રોમિત અને આયોડીન આ તત્વોથી ચાંદી ધિરેથી સંયોગ પામેછે. ફાસફોરસ સાથે ચાંદી ગરમ કર્યાથી બેઉનો રસ બની સંયોગ થાયછે, ચાંદીને ગંધકથી અતી મજબુત રસાયનાકર્ષણ છે.

ચાંદી ઘણા દિવસ હવામાં રહેતાં કાળી પડે છે. તે ગંધકથી સંયોગ પામતાં એમ થાયછે, કારણ હવામાં ઘણું કરી નાહના મ્હોટા શેહેરોમાં સલ્ફ્યુરેટેડ હૈદ્રોજન આ દુર્ગંધી ગ્યાસ ઘણાખરાં નાળાં ગટર, વગેરે પ્રાણીજ દ્રવ્યના કોહવાટથી ઉત્પન્ત થાયછે, આ વાયૂ રૂપે પૃથ્થઃકરણુ થઈ તેમાંના ગંધકથી સંયોગ પામી ચાંદીપર કાળો થરો ચઢેછે. તેને સાયનાઈડ ઑવ પોટાસ્યમના દ્રવથી સેહેજમાં ધોઇ નાખી શકાયછે, પણ સાઈનાઈડ ઑવ પોટાસ્યમ ભયંકર ઝેર હોવાથી તેનો ઉપયોગ અતી સંભાળ લઇનેજ કરવો ઘટેછે. ઍમોનિયાના દ્રવ્યથી ચોળીયાથી પણ કાળો થર જતો રહેછે. નાઇટ્રીક ઍસિડમાં ચાંદી જલ્દી પિગળેછે. પાણી અને નાઇટ્રિક ઍસિડને સમાકાર એકત્ર કરી મિશ્રણ કીધાથી તેની ક્રિયા ચાંદીપર ઘણીજોરથી થાયછે. નાઇટ્રિક એસિડની ગ્યાસ ઉડી જઇ ચાંદીનો નાઇટ્રેટ બનેછે. શુધ્ધ હાઇડ્રોક્લોરિક ઍસીડની ચાંદીપર ઘણી ક્રિયા થઇ શકતી નથી. નાઈટ્રોહાઇડ્રોક્લોરિક ઍસિડમાં ચાંદી જલ્દી વિદ્રુત થાયછે ખખળતા સલ્ફ્યુરિક ઍસિડમાં ચાંદી તુરત પિગળેછે અને ચાંદીનો સલ્ફેટ બનેછે. આલ્કેલીનું હાઇડ્રેટ અને નાઇટ્રેટનું માત્ર ચાંદીપર ક્રિયા થતી નથી.



**ઉપયોગ**—નાણા પાડવાં, વાસણુ બનાવવાં અને ઘરેણા મટે ચાંદીનો ભારે ઉપયોગ થાયછે; વિજળી યોગે હલકી ધાતુપર ચાંદી ચઢાવી શકાયછે. એના ક્ષારનો ઉપયોગ છબી પાડવામાં ઘણો થાયછે.

હિંદી સરકાર ચાંદીનો હરેક રૂપ્યાનો સિક્કો પડવા પાછળ પાંચ પેન્સ જેટલો નફો લેછે અને આથી સરકારને આવી રીતે ભારે વટાવ મળેછે. હાલમાં દર વર્ષે હિંદી ટંકશાળોમાં ૮ થી ૯ કરોડનાં ચાંદીના સીક્કા પાડવામાં આવેછે.

હિંદુસ્તાન સાથે બીજા ખંડોને ચાંદીનો બોહોળો વેપાર ચાલેછે. ૧૯૦૦-૧૯૦૧માં હિંદમાં આયાત થએલી ચાંદી ૪, ૫૯, ૨૨ ૨૫૩ રૂપ્યાની ને ૧૯૦૨માં ૧૧,૩૫,૦૭,૫૯૧ રૂપ્યાની થઇ હતી. તેમજ હિંદથી ચાંદી કામનો નિકાશ વેપાર ૧૯૦૦ માં ૩,૧૬,૮૫,૭૦૦ ને ૧૯૦૨ માં ૫૦,૯૫,૦૮,૭૭૨ રૂપ્યાનો થયો હતો.

**ચાંદી અથવા ટાંકીનું દર્દ**—આ દર્દ હદ બહાર રંડીબાજીથી ઉત્પન્ન થાયછે. આ રોગ પુરૂષ તથા સ્ત્રીને સરખી રીતે લાગુ પડેછે. ચાંદીનો રોગ ચેપીના વર્ગનો છે. એટલે ચાંદીનું પરૂ થાય તેનો કોઇને ચેપ લગાડીયે તો તેમાંથી તેને ચાંદી થાયછે. ચાંદી અને પરમો એ તદન વેગળા દરદોછે. ચાંદીમાંથી ચાંદીજ ઉત્પન્ન થાયછે. ચાંદી નરમ પ્રકારની હોયછે ત્યારે તે અસલ ભાગમાંજ જણાયછે, પણુ બીજા પ્રકારની ચાંદી કઠણુ હોયછે જેની અસર તમામ શરીરપર થાયછે. આ ચાંદીનો ચેપ લઇ દર્દીના બીજા ભાગપર લગાડતાં કશી અસર થતી નથી પણુ પેહેલા પ્રકારની નરમ ચાંદીનો ચેપ લાગુ પડેછે. નરમ ચાંદી સાથે બદ થતાં તે ઘણું કરી પાકી ફુટેછે, પણુ કઠણુ ચાંદી સાથે બદ થતાં તે પાકતી નથી પણુ ઘણા કાળ સુધી કઠણુ ને સુજેલી રહેછે. "આ દર્દ ઘણુંકરી સ્ત્રી સયોગની અંદર ઇંદ્રીનો ભાગ છોલાવાથી તથા તેને ચેપ લાગવાથી થાયછે. તે ઘણું કરી બીજે દિવસે જણાયછે અથવા પાંચ સાત દિવસમાં તેનો ઉદ્દભવ થાયછે. તે ફુલ ઉપર તેની પાછળના ખાડામાં અગર ચામડી ઉપર હોયછે. આસપાસ ચેપ લાગતાં એકમાંથી બે ચાર ચાંદા પણુ પડી જાયછે. ચાંદુ ગોળાકાર ને ઉંડું હોયછે. તેની નીચેનો અને કોરનો ભાગ નરમ હોયછે, તેની સપાટીપર સફેદ મૃત મૌસ હોયછે તથા તેમાંથી પુષ્કળ પરૂ નિકળેછે. કોઇવાર પાણીની અંદર મૂત્ર માર્ગમાંથી ચાંદી પડે છે. જ્યારે ચાંદી જોશમાં હોય છે ત્યારે તેની આસપાસનો ભાગ ખવાતો જાય છે, તથા ફેલાય છે. તેની બદ થતાં તે પાકી ફુટી ખાડો પાડેછે. જે જલ્દી રૂઝાતો નથી. કોઇ વાર તેનું એટલું તો જોર હોય છે કે તે સડી ખરી પડે છે. આવા બીકટ દર્દને લીધે એનો ઇલાજ ભણેલા તબીબો પાસે કરાવવો સારો, નહિ તો તેથી દર્દી બેહદ હેરાન થાય છે.

**ચાંદુ**—ચામડી ઉપર વરમ, ઇજા, ફુલ્લો અગર બીજા કારણુથી જખમ થઇ ચામડીનો કોઇ ભાગ પાકીને તેમાંથી પરૂ નિકળયા કરેછે તેને ચાંદુ કહેછે. કેટલીક વેળા શરીરના રોગને લીધે ચાંદા પડેછે, જેમકે સ્કોફ્યુલા-સ્કર્વિ, ગર્મી, અર્બુદ વગેરે. જેનું લોહી અને શરીર સારાં હોય તેને સેહેજ સાજ ચાંદું થતું નથી ને થયું હોય તો તે જલ્દી રૂઝાઇ જાયછે. પણુ નબળા શરીરપર જરાક કારણુથી ચાંદુ થાયછે. ચાંદા ૭ પ્રકારના હોયછે. તંદરોસ્ત ચાંદુ, નબળું ચાંદું, સડેલું ચાંદું, દુખતું ચાદું, દાહક ચાંદું, કઠણુ દીર્ઘ ચાંદું, ને દુખાતું ચાંદુ.

તંદરૂસ્ત ચાંદું જલ્દી રૂઝાઇ જાયછે. આ ચાંદુ ઘણું ખરૂં ગોળ અને વચમાંથી જરા ખાડાવાલું હોયછે, તેની કોર પાતળી અને તેની ભોંય લાલ હોયછે, અને તે સુમારી હોતી નથી, પણુ નાહના દાણુાથી ઢંકાયલી એટલે દાનાદાર હોયછે. તેના માહેથી ધારૂંપરૂં નિકળેછે જે જલ્દીથી રૂઝાઇ જાયછે.

નબળું ચાદું જોઇએ તે કરતાં વધારે પોટીસ બાંધવાથી તે વધારે નબળું બનેછે, તેની બોંય લાલ હોયછે ખરી પણ તે ઉપરનાં દાણા ઘણા મ્હોટા ઉપસેલા, ફુલી આવેલા અને પોચા હોયછે.

સડતા ચાંદામાંથી નઠારી ગંધાતી રસી નિકળેછે અને તેની સપાટી ઉપર ફુલ્લીને ઠેકાણે સડેલો ભાગ સફેદ અગર કાળા રંગનો હોયછે. જે કેટલીક વાર ફેલાતો જાયછે. આવા દર્દથી દર્દીની તંદરોસ્તી ઘણી બિગડેછે.

પીડતું ચાંદું નાહનું હોયછે અને તેનું મુખ્ય લક્ષણ એ હોયછે કે તેમાં અતીશય વેદના થાયછે, તેની સપાટી જરા ઉંડી અને રસી પાતળી હોયછે.

કઠણ ચાંદુ લાંબા કાળનું ગણાયછે. ; તેની કોર કઠણ તથા ઉંચી હોયછે, સપાટી નીચી હોયછે. લાલ ફુલ્લી સારી હોતી નથી અને પાતળી રસી રકત મિશ્રીત નિકળેછે.

દુઝતા ચાંદામાંથી લોહી ઝરેછે. આ ચાંદુ પગ ઉપરજ થાયછે. પગ ઉપર ફુલેલી ફ્સ હોયછે તેને લીધે ચાંદુ પડેછે અને તેમાંથી લોહી નિકળેછે.

આ સર્વ પ્રકારના ચાંદા ઉપર આયોડોફૉર્મ અક્સીર ગણાયછે. આયોડોફાર્મ ચાંદા ઉપર ભભરાવવો અને તે ઉપર રૂ અગર બોરાસિક' ઓઇન્ટમેન્ટ' મુકી પાટો બાંધવો, અથવા આયોડો ફાર્મનો એક દ્રામ ચાર દ્રામ્સ સાદા મલમમાં મેળવીને લગાડવો. તે શિવાય દરેક જાતના ચાંદાના જૂદા જૂદા ઉપાયો યોજેલાં હોયછે, તે રીતે માવજત કીધાથી તે જલદી રૂઝાઇ જાયછે.

**ચાન્તીબન**—સિયામનું આ એક અતી અગત્યનું બંદર શેહેર એજ નામની નદીના મુખ ઉપર સિયામી આખાત પાસેછે. ૧૮૯૩ ના કોલકરાર પુરા કરવાની જામીનગીરીમાં આ બંદર ફ્રેન્ચોને તાબેછે. વસ્તી ૩૦ ૦૦૦ નીછે.

**ચાન્સેલ**—યજ્ઞવેદીકુંડ-હોમ આપવાની જગ્યાનો દેવળનો ભાગ તથા ખ્રિસ્તી દેવભોજનનો બાજઠ-થાળ-સામગ્રી.

**ચાન્સેલર**—ન્યાય કોર્ટનો મુખ્ય ન્યાયાધીશ. કૉલેજનો વહિવટ કરનાર મંડળીનો અધ્યક્ષ. ઇંગ્રેજ સરકારનો સર્વથી ઉપરી મેહેસુલી અમલદાર. આગલા રોમન શેહેનશાહના મુખ્ય લ્હૈયાને ચાન્સેલર કહેતા હતા. ચેન્સેલર ડી ફ્રાન્સ, ફ્રાન્સમાં પુરાણા વખતથી ચેન્સેલરની પદ્વિ અતિ મહત્વની ગણાતી. કોઇ રાજ્યમાં તે સર્વ અધિકારીઓને ઉપર ગણાતો હતો, અને તેની સત્તા તળે ઘણી ખરી અદાલતો તથા સરકારી ખાતાંઓ રહેતાં પણ રાજ્ય ક્રાંતી પછી આ ઓધો ફ્રાન્સમાંથી સદાનો નિકળી ગયોછે. યૂરપનાં ઘણાખરા દેશોમાં આજ નામને મળતી પદ્વિ અનેક હોઇ તેઓ જૂદા જૂદા ખાતાનાં અધિકારી ગણાયછે.

જર્મનીમાં મધ્ય કાળમાં આર્ચબિશપ તથા મેઝેના ઇલેક્ટર, પવિત્ર રોમન રાજ્યના આર્ચ ચેનસેલર ગણાતા હતા અને તેઓ વાઇસ-અને ચેનસેલર પણ મુકરર કરતા.

આસ્ટ્રીયામાં મુખ્ય રાજ્યધિકારી અમલદાર ચાન્સેલરને નામે ઓળખાયછે. જર્મન શેહેનશાહતની ફરી નવા ધોરણે સ્થાપના થયા પછી પ્રિન્સ બિસમાર્ક શેહેનશાહતના ચેન્સેલરની પદ્વિ પામ્યો હતો (Reichshanzer.)

રશિયામાં પરદેશી ઓફીસના વડા પ્રધાનને વાઇસ ચેન્સેલર કહેછે. રોમન ચર્ચમાં હજી બીશપ ચેન્સેલર નેમેછે.

**ચેન્સેરિ**—ઈંગ્લંડમાં પેહેલાંની પાર્લામેંટથી ઉત્તરથી સદર અદાલત; પણ હાલમાં તેને 'હાઇકોર્ટના' પેટામાં દાખલ કરીછે.

**ચાનસામા**—વડોદરાના રાજ્યમાનું આ એક ગામ ગુજરાત પ્રાંતમાં છે. લોક વસ્તી ૭૪૫૨ ની છે, તેમાં ૩૯૬૩ પુરૂષો અને ૩૪૮૯ સ્રીઓછે. અત્રે સરકારી કચેરી, પોસ્ટ ઑફીસ, સ્કુલો અને જૈન મંદીરો છે. અત્રેનું પારસનાથનું મંદીર જાહેર ઉઘરાણાથી બાંધવામાં આવ્યું છે, જેની પાછળ ૭૦,૦૦૦ પૈંડનો ખર્ચ થયો હતો. આ અતિ રોનકદાર મંદીર દુરથી ફ્રેન્ચ કિલ્લા જેવો દિસેછે, અને તે સર્વ બાંધકામ કોતરેલા માર્બલના પથ્થરથી બાંધવામાં આવ્યુંછે, આ મંદીરમાં ૨૪ તિર્થંકરો ઉપરાંત બીજી અતિ સુંદર મૂર્તિઓ છે.



**ચાપરા**—બંગાલમાં સારન જીલ્લાનો મુખ્ય વિભાગ. ક્ષેત્રફળ ૯૫૨ ચોરસ મૈલ છે. તેમાં ૧૬૪૩ ગામડાં ને ૧૩૯૯૪૧ મકાનો છે. લોક વસ્તી ૯૮૫૮૩૪ ની છે. તેમાં ૪૫૫૬૫૪ પુરૂષો અને ૫૩૦૧૮૦ સ્રીઓ છે. હિંદુ વસ્તી ૮૯૪૬૮૨ની તથા મોહમેદનોની ૯૧૦૦૪ની છે. દર ચોરસ મૈલે વસ્તીનું પ્રમાણ ૯૮૮ નું આવેછે.

(૨) ઉપલાનું મુખ્ય ગામ ગોગરા નદી કાંઠે ૪ મૈલ લાંબુ અને ½ મૈલ પોહળું છે. ૧૮૮૧માં લોક વસ્તી ૫૧૬૭૦ ની હતી; તેમાં ૩૯,૬૫૧ હિંદુ, ૧૧,૯૧૨ મોહમેદન તથા ૧૦૭ ખ્રીસ્તીઓ છે. અત્રે સરકારી કચેરી, જેલ પોસ્ટ ઑફીસ, પોલીસ સ્ટેશન, ધર્મશાળા ઈંગ્રેજીશાળા ને દવાખાનું મુખ્ય સરકારી ખાતાં છે. અત્રે ગંગામાં આવતી ભરતીથી કેટલીક વેળા રેલ ચઢે છે. આગળ અત્રે ફ્રેન્ચ, ડચ અને પોર્ટુગીજોની કોઠીઓ હતી. વાર્ષિક ઉપજ ૨૪૫૪ પૈંડની છે.

**ચાંપાનેર**—ગુજરાતમાં આ પુરાણું શેહેર પાવાગઢની ઇશાન્યે ૧ મૈલ અને વડોદરાની પૂર્વે ૨૫ મૈલપર તથા ગોધરાની દક્ષિણે ૪૨ મૈલપર છે. આગળ આ શેહેર મ્હોટી પ્રસિદ્ધતાએ પુગું હતું, પણ હાલમાં ત્યાં ૯ ભીલ તથા નાયડાઓનીજ વસ્તી છે.

આ શેહેર વનરાજ ચાવડાના સમયમાં (૭૪૬ થી ૮૦૬ માં) ચાંપા નામના એક ખેડુતે વસાવ્યું હતું. ૧૧ મી સદીમાં રામગોડ તુવાર પાવા અધિપતિ હતો, પણ એ અણહિલવાડનો મંડળેશ્વર હશે કેમકે ૧૨૯૭ માં અલાઉદીને રાજ્યની આખેરી આણી ત્યાં સુધી ચાંપાનેર અણહિલવાડના રાજ્યના પૂર્વ તરફના ભાગમાં મ્હોટો કિલ્લો ગણાતો હતો. તે પછી ચોહાણ રજપૂત ચાંપાનેર આવી વસ્યા, જેઓએ ૧૪૮૪ માં આ શેહેર ખોયું, મહમદ બેગડાના સમયે ચાંપાનેર આવતાં તેના છેલ્લા રાજ્ય કર્તા મુસલમીન નહિ થવાથી તેને મારી નાખ્યો પણ તેનો કુંવર વટલવાથી તેને નિજામ ઉલમુલ્કનો ખેતાબ આપ્યો તે પછી મહમદે શેહેરનું નામ મેહમુદાબાદ રાખ્યું અને તે પોતે અમદાવાદમાં રેહતો હતો, છતાં સુંદર ચાંપાનેરનેજ પાયતખતની ઉપમાં આપતો હતો. તે વેળા ચાંપાનેરમાં ચંદનનાં વૃક્ષો એટલાંતે ઉભાઇ ગયાં હતાં કે તેનું લાકડું ઈમારત બાંધવાના કામમાં વટીક વપરાવા લાગ્યું, તે વેળા ત્યાં કારીગીરી વધતાં ચાંપાનેર એક ગુલજાર નગરી બની. મેહેમુદ બેગડાએ ચાંપાનેરમાં એક કિલ્લો, મસજીદ તથા મેહેલો બંધાવી અમીર ઉમરાવોને ત્યાં વસાવ્યાં હતાં.

મેહમુદ પછી બહાદુરશાહ ૧૫૩૬ માં મુવો ત્યાં સુધી ચાંપાનેર ગુજરાતનું મુખ્ય રાજધાની હતું, બાહાદુરશાહ પછી અમદાવાદ રાજધાની થતાં ચાંપાનેર ભાગવા લાગ્યું ને ૧૫૫૪ માં તો ત્યાંનો વેપાર ભાગી પડયો, અકબરનાં સમયમાં પણ ચાંપાનેરપર કોઇએ લક્ષ આપ્યું નહિ ને તે વધુ પડી ભાગ્યું; ને સત્તરમી સદીમાં આ ગામ જંગલી હાથીઓના શેકાર કરવાનું મથક બન્યું.

ઇ. સ. ૧૮૦૩ માં બ્રિટીશોને તાબે આવ્યું ત્યારે ત્યાં માત્ર ૫૦૦ ની લોક વસ્તી હતી, તે પછી પણ ત્યાંની રોગીષ્ટ હવાથી વસ્તી જેવું કશું રહ્યું નહિ, ગોધરાથી ચાંપાનેર જતાં સિકંદરશાહની સુંદર કબર (૧૫૩૬) છે, જેને મુસલમાનો માનેછે, તેની ઉત્તર પૂર્વે ૧૦૦ વાર ઉપર એક મીનારાની મસજીદ છે તેની દક્ષિણે ½ મૈલપર બીજી પાંચ મહુડાની મસીદ છે, પશ્ચિમ દરવાજેથી એક મૈલ માર્ગ વટાવતાં એક ખુલ્લી જગા આવેછે

ત્યાં આગળ ચાંપાનેરના મકાનો હતાં, ઉત્તર તરફ કોટની ભીંત ટેકરીને મથાળે સુધી જઇ ત્યાંથી પાછી ફરેછે, ને રસ્તાની પાસે સમાંતરે આવી દેખાયછે, તે ભીંત ઇટ ચુનાની હતી પણ તે પછી વગર ઘડેલા પથ્થની બનાવી હતી, આ કોટને મહમદ બેગડાએ 'જેહાંપનાહ' નામ આપ્યું હતું ને આ ચાંપાનેરના કિલ્લા આસપાસ ફરી વળેલીછે. તેની પશ્ચિમથી ૧૦૦ યાર્ડપર દક્ષિણ દરવાજો છે. કિલ્લામાં દરવાજાની પશ્ચિમે એક દેખાવડી મસજીદ છે. પૂર્વ દરવાજાની પૂર્વે ૫૦ યાર્ડપર જુમ્મા મસજીદ અતિ સુંદર હુન્નરમંદી સાથે કાયમ છે, કિલ્લાની ઉત્તરે ¼ મૈલપર નગીના મસજીદ સફેદ પથ્થરની બાંધેલીછે. એ શિવાય ઇસલામી ચાંપાનેર તેની આગલી ઇમારતો તથા મસજીદોનાં ખંડીયરો સાથે કાયમ છે.

**ચાંપો**—ચાંપાનાં વૃક્ષ જૂદા જૂદા પ્રકારનાં આવેછે. જેમકે ખૈર ચાંપો, સફેદ ચાંપો, નાગ ચાંપો, સુલતાન ચાંપો અને સોન ચાંપો અથવા રાય ચાંપો. ખૈર ચાંપાનું વૃક્ષ ઘણું મ્હોટું થતું નથી. તેપર જ્યારે ઘણી કળી આવેછે ત્યારે તેપર ઝાઝાં ફુલો હોતાં નથી. અને જ્યારે પાંદડાં હોયછે ત્યારે ફુલો હોતાં નથી. એનીપર વર્સાદમાં પાંદડાં આવેછે તેના લાંબા પાંદડા કાળાસદાર લીલા રંગના હોયછે, અને ફુલો ગર્મીમાં આવેછે. એના ફુલ સફેદ રંગના હોયછે અને તેની વચમાં પીળા રંગની ઝાંખ હોયછે. આ ઝાડની છાલ, ચીક અને સિંગની ઔષધિમાં યોજનાં કરેલીછે.

**સફેદ ચાંપો**—એના વૃક્ષ ખૈર ચાંપાના ઝાડને મળતું છે. પણ આ જાતનાં ઝાડ ઝાઝાં જણાતાં નથી. એ અતિ નાહનું ઉગેછે. એના પાંદડા ખેરના પાંદડાં કરતાં નાહના હોયછે અને તે પણ ખૈરના પાંદડા મુજબ દર વર્ષે ખરી પડેછે. એના ફુલો તદન સફેદ હોયછે. નવાં ઝાડ ડાખળી રોપ્યાથી ઉગેછે.

**નાગ ચાંપો**—એનું વૃક્ષ નાહનું હોયછે, પણ દેખાવમાં ઘણુ ચમત્કારિક હોયછે. એનો આકાર 'પિરેમીડ' જેવો હોયછે. એનું થડ સિધ્ધું, પાંદડા ભાલારોકા નરમ હોયછે. એની ઉપલી બાજુ ચળકતી અને નીચેની બાજુ કાંઇક સફેદ હોયછે. માર્ચ માસમાં જ્યારે એનીપર નવાં પાંદડા આવેછે ત્યારે તે ચળકતા લાલાસપર હોયછે, તેથી જ્યારે સવાર સહાંજ તેપર સૂર્યના કિર્ણો પડેછે ત્યારે દુરથી તેની શોભા મનોહરતા ભરી જણાય છે, એના ફુલનો આકાર નાગ જેવો હોવાથી તેને નાગચાંપો કહેછે. ફુલની સુગંધી ઉત્તમ હોઇ તે દેખાવમાં સુંદર હોયછે. ફુલો એપ્રેલમાં જ્યારે આવેછે ત્યારે પવનની લહેકીથી તેની સુગંધી દુરવેર ફેલાયછે. એના ફુલો હથેલી જેવડાં મ્હોટાં ને તેની મધ્ય ભાગ પિળો રહેછે, અને ગુલાબના પાંખળી જેવી પાંચ સફેદ પાંખળીઓ તેની આસપાસ હોયછે. નાગ ચાંપો મુખ્ય કરી કોકણ, કર્નાટક અને આસામ પ્રાંતમાં આવેછે એના ઝાડને ઉત્તમ પ્રકારની લાલ જમીન જોઇએ. બીયાં કઠણ હોવાથી તેને પ્રથમ ૧૦ થા ૧૨ દિવસ પાણીમાં ભીજવી રાખવાં પડેછે. પ્રથમ રોપાઓને 'નરસરીમાં'માં તૈઆર કરી પછી બે વર્ષનાં થતાં તેને કાયમની જગ્યાપર લઇ જઇ રોપેછે. આ ઝાડ અતીસ્ય નાજુક હોવાથી કોઇ વેળા એકથી બીજે જગે રોપવા જતાં તે કરમાઇ જાયછે. એને છાંયડાવાલી જગામાં ઉછેરવો પડેછે. ઝાડ ૫ થી ૬ ફીટ ઉંચા થતાં સુધી તેને ૩ દિવસ આંતરે પાણી સીપવું જોઇએ, પછી પાંચ ૭ દિવસ આંતરે. એ ૧૦ થી ૧૨ વર્ષનું થયા પછી તેનીપર ફુલો આવેછે.

**સુલતાન ચાંપો**—એનું વૃક્ષ નાગ ચાંપાના વર્ગનુંજ છે. આ ઝાડ કોકણ તથા મલબાર પ્રાંતમાં પુશકળ ઉગેછે. એના જાડાં પાંદડા લીલા કાળાસદાર પણ ચળકતાં હોયછે. એનાં ફુલો પિળા રંગના હોયછે, કોકણમાં આ ઝાડ ૭ થી ૮ વર્ષનું થતાં તેનીપર ફુલો આવેછે.



એનીપર જે ફળો આવેછે તે સોપારી જેવાં હોયછે અને તેપરનું કોટલું કઠણ હોયછે. તેમાં જે ગર હોયછે તેનું તેલ નિકળેછે. એ સ્વાદે કડવું હોવાથી તેનો ઉપયોગ બાળવામાં થાયછે. એનો ખોળ ખાતર તરીકે વપરાયછે.

**સોનચાંપો**—એના વૃક્ષ વિશાળ ઉગેછે. એના પાંદડાં આંબાનાં પાંદડાં જેવાં લાંબા હોયછે અને તેનો રંગ ફીકકો લીલો હોયછે. એનું લાકડું કઠણ અને મજબૂત હોયછે. તેની ૩ જાતો છે. એક જાતનાં ઝાડપર પિળા રંગના ફુલો આવેછે, બીજી જાતનાં ઝાડપર ફિક્કા પિળા રંગના આવેછે અને ત્રીજી જાતપર સફેદ રંગના આવેછે. એની પાંખળીઓ લાંબી હોયછે, આ ઝાડપર વર્ષમાં બે વખત ફુલોનો બહાર આવેછે, એક વર્સાદમાં અને બીજો ગર્મીની મોસમમાં. એની છાલ ઔષધિ ઉપયોગમાં આવેછે, નવાં ઝાડ બિયાં-માંથી ઉત્પન્ન થાયછે, ઝાડ મ્હોટું થાય ત્યાં સુધી તેને ચાર દિવસે પાણી પાવું અને તેને સખત તડકો લાગે નહિ તેની સંભાળ રાખવી.

**ચાબ**—અથવા કાબ, મોસેપોટેમિયાના નીચલા ભાગમાં વસતો એક આરબ ટોળો. આ ટોળાની પ્રજા સખત મેહેનત કરનારા હોવાથી દેખાવે ચંચળ, ને ખીલેલા બાંધાના હોયછે, આ પ્રજા યૂરપ્યન પ્રજાની જાણમાં ૧૮ મી સદી પછી આવી હતી.

**ચાંભા**—આ દર્દમાં ચામડી લાલ થઇ શરીર ઉપર જગેજગ નાહના મ્હોટા રાતા ડાઘા પડેછે અને ચામડી ગરમ થઇ ચેળ આવેછે. આ ચાંભાપર આંગળી દાબતાં રતાસ દફે થાયછે, ચાંભા મટતાં તે ફેકાણાની પતલી ચામડી ઉતરી જાયછે. ધવડવાથી, મધ માખીના ડંખથી, ગર્મીથી, સાંધાપરની તથા ડોકની ચામડી ઘસાવાથી ચામડી લાલ બને છે, બચ્ચાંને તથા મ્હોટા આદમીને કોઇવાર લોહિવિકાર થઇ રાતા ચાંભા પડેછે. એના ઉપાય તરીકે ઝિંકઓઇન્ટમેન્ટ ચોપડેછે, ગલિસરાઇન તથા ગુલાબજળ સમ ભાગે એકત્ર કરી તે અથવા ચુનાની તેલ પણ તેપર ચોપડેછે, તે પછી હલકો જોલાબ આપવાથી દર્દ મટેછે.

**ચામડી**—અથવા ત્વચા. પ્રાણીના શરીરનું રક્ષણ કરનાર, સ્પર્શજ્ઞાનની ઇંદ્રી છે, એનાં બે પડ હોયછે. એનું ઉપલું પડ દેખઇતું પતળું લાગેછે, તેની તળીયે કાળા રંગની નાહની કણો હોયછે જેથી ચામડીનો રંગ અપાયલો છે, ચામડીનાં આ પતળા પડ તળીયે સખત અને જાડું પડ છે. જેની ઉપર નાહની અણીઓ અથવા ટોંચો હોય છે, જેમાં જ્ઞાન તંતૂની જાળ પંથરાયલી હોયછે, અને તેથી તેમાં સ્પર્શજ્ઞાન રહેછે, ખરી ત્વચામાં પરસેવાના છિદ્ર, બાલનાં મૂળ, સ્નિગ્ધપિંડ અને સ્પર્શાકૂંર રહેછે. આ પરસેવાના મનુષ્યના આખા શરીરમાં ૭૦,૦૦,૦૦૦ હોયછે, બહારની ત્વચામાં છિદ્રો તે તેના મુખોછે. તે શિવાય રોમાંચ, મજ્જાતંતૂનાં મૂળ નાહની નાહની ઉંચી કણોમાં બેસાડેલાં હોઇ તેની આસપાસ રક્તવાહિનીઓ દેખાયછે, એ એટલાં તો સૂક્ષ્મ હોયછે કે એક ઇંચ જગામાં સુમારે ૩૦૦૦ તંતૂઓ સમાયલાં હોયછે, આ દરેક ત્વગવયનાં જૂદા જૂદા ધર્મ છે, બહારની ચામડીનો આટો બની તે નહિ જેવી થઇ તુરત તેની જગે બીજી ચામડી આવતીજ રહેછે. વળી ચામડીમાં રહેલા તેલમય પદાર્થોથી ત્વચાને મુલાયમપણું આવેછે, અને કાર્બો-નિક ઍસિડ, યૂરિઆ ઇત્યાદી તત્વોથી શરીરમાહેલા વિષકારક પદાર્થ પસીના સાથે બાહેર પડી લોહી શુદ્ધ થાયછે; અને શરીર-માંની ઉષ્ણતાનું માન તેથી એક સરખું રહેછે. એ પસીનો જો શરીરમાં રહે તો તેથી મ્હોટી હાની થાય.

મનુષ્યની ઉપરની ચામડીમાં ચપટ એપી-થિલ્યમના કેટલાક થર હોયછે. તેના અંદ-રના થર માહેલા રજકણમાં રંગ રહેછે. જેપર જૂદી જૂદી ત્વચાના રંગનો આધાર રહેછે. નીચેથી ઉત્પન્ન થઇ જેમ એપીથિલ્યમના

થર ઉપર આવતા જાયછે તેમ વધારે સખત અને ચપટા બનતા જાયછે. ખરી ચામડીમાં રેષામય પદાર્થ રહેછે. અને તે સ્થિતિસ્થાપક બરડછે. તેથી ચામડીને ખેંચી શકાયછે, અને તે લાંબી ટુંકી થાયછે. તેની હેઠળ ચરબીનો થર હોયછે જ્યાં તેની સપાટીમાં સર્વે સ્થળે સ્પર્શજ્ઞાન હોયછે. તેનીપર સૂક્ષ્મ સ્પર્શાંકૂર પંથરાયલા હોયછે. તેમાં કેશવાહિની અને જ્ઞાન તંતૂના તાંતણા હોયછે. અંકૂરનો છેડો એક હોયછે અથવા તેની શાખાઓ થાયછે."

ચામડી અથવા અંગ તંદરોસ્ત હાલતમાં થંડુ યા ગરમ લાગતું નથી પણ દુખ થતાં ગર્મી સંબંધી હાલત તથા રંગમાં ફેર પડેછે. ચામડીને હાથ લગાડતાં ગરમ લાગેછે, તેથી તાવ કેટલોછે તે જણાઈ આવેછે. સર્વે જાતની બિમારીમાં, શીતળા, ગોવરૂ અને ચેપી, ભેજા ઉપર લોહી ચઢી તાવ આવતાં, કાળજાનાં, ફેફસાના અને પેટનાં ઘણા રોગોમાં ચામડી ગરમ થાયછે.

જ્યારે બિમારના બદનમાંની ગર્મી ઘટી જાયછે ત્યારે ચામડી થંડી થાયછે. તાવ ઉતરી જતાં, નબળાઈમાં, કૉલેરામાં અને ઘણા જુના રોગમાં ચામડી થંડી પડેછે. સખત બિમારીમાં ચામડી થંડી પડે તો ખરાબ નિશાનીછે.

તાપ લાગુ પડતાં તે ગર્મી વધતાં ઘણી વેળા ચામડી તદન સુક્કી પડેછે.

જ્યારે પરસેવો એકદમ નિકળેછે ત્યારે ચામડી ભિની લાગેછે. કૉલેરામાં તો એકદમ પરસેવો નિકળી ચામડી સરદ મારેછે. સંધીવામાં ચામડી ગરમ રહેછે, પણ પરસેવાથી ભિની પડેછે. રાત્રે પરસેવો વધુ પડે અને ચામડી ભિની રહે તથા નબળાઇ વધતી જણાય તો તે ખઇની નિશાની સમજવી.

**ચામડીનાં રંગ બદલાતાં** પણ કેટલાંક દર્દો પરખાયછે. ગોવરૂ અને એવીજ જાતની તાવમાં ચામડી લાલ બનેછે, ને તેપર લાલ દાણા ફુટેછે. કોઇ સાંધા લાલ થતાં તે સંધીવા યા નજલાની નિશાની બતલાવેછે. કૉલેરાનો હુમલો તથા ચામડી તથા નખનો રંગ બલુ, આસમાની અથવા કાળો મારેછે. ત્રાંબાના રંગપર ચામડી આવતાં ગુરદાના એક જાતના દર્દની નિશાની સમજાયછે. લોહીમાં બગાડ થતાં ચામડીપર કાળા ચાઠાં પડેછે. પિળી ચામડી કમળાનો યા પિત્તાનો હુમલો બતલાવેછે. સરવે જાતની નબળાઇમાં ચામડી ફીક્કી મારેછે.

## ચાંમડાનો ઈતિહાસ, બનાવટ, વેપાર તેને કેળવવાના કારખાનાનું વર્ણન.

**ચામડાં**—આપણા શરીરનું થંડી તથા પવન અને સર્દીથી રક્ષણ કરવા માટે તદન જંગલી સ્થિતિમાં પણ જે વસ્ત્ર તરીકેની શોધ કરવામાં આવી તે પ્રથમ ચાંમડાનાં વસ્ત્ર પેહેરવાનો રેવાજ ગણાયછે. ઇરાનીઓના મુળ પુરૂપ તરીકે જાણીતા થએલા મેહાબાદી વંશના અમલમાં તથા ગયોમરદના જમાનામાં ચામડાંનાજ વસ્ત્ર પેહેરતા હતા. હિંદુઓના પુજ્ય દેવતા શંકરના બદનપર હાથીનું ચામડું તથા વાઘના ચામડાંના વસ્ત્ર હતાં, અને આગલા હિંદુ રૂપીઓ હરણનું ચામડું પાંથરી તેપર બેસતા તથા ઉંઘાતા હતા.

ઇરાનીઓનો અતી પ્રાચીન કાળમાં જે પેહેલો પાદશાહી ઝુંડો બનાવવામાં આવ્યો તે પણ ચામડાનો હતો (કાવિયાની ઝુંડો જુઓ.) અને તે હજારો વરસો સુધી કાયમ હતો. (ઇ. સ. પુરવે ૩૪૦૦થી ઇ. સ. ૬૫૦ સુધી.)

ગ્રીક લોકોનો 'પયાન' અથવા સેટાયર નામે વનચર દેવતા પણ વાઘનું ચામડું પેહેરતો હતો. હિંદુઓના રૂગવેદમાં ચામડાની મસકનું વરણન મળેછે. પ્રાચીન કાળથી તે હમણા સુધી ઘીનાં ડબરા ચામડાંના બનાવતા હતા.

ઇરાનમાં પ્રથમ જરથોસ્તી ધર્મ ફેલાતાં તેમનાં અવરતાનાં પવિત્ર કલામો ૧૨,૦૦૦ કેળવેલા ગોચર્મપર સોનેરી હરફે લખવામાં આવ્યા હતા. (જુઓ કેતાબ ખાનું.) અને તે જમાનાઓ સુધી ઉપયોગમાં આવ્યાં હતા.

હોમરે પોતાની ઇલીયડ પણ ચર્મપત્ર ઉપરજ લખી હતી (કોઇ કહેછે કે તે સાંપના ચામડાપર લખી હતી). જ્યારે આર્ય પ્રજાના અઇરનવએજોમાં અપસમાં બે તડાં પડયા ને એક આર્ય ટોળો હોમ નામના પેગંબરના વખતમાં સિંધુ નદી તરફ ધસડાઇ આવ્યો, તેઓએ તે પછી ધીરે ધીરે ઉષ્ણ પ્રદેશમાં વસાહત કરી અને ગાયના દુધાપર તથા કંદમૂળપર નિર્વાહ કરવા માંડતાં માસ ખાવાથી પરહેજ રહેવા લાગ્યા. તે સમયે રૂ માંથી બનાવેલું કાપડ પેહરવાનો રેવાજ નિકળતાં ચર્મ પેહેરવું નૂકસાનકારક જણાવી આગલા ચામડાનાં પોશાખને પડતાં મેલ્યા હતા.

તે પછી બૌદ્ધ ધર્મની સ્થાપના થતાં "અહિંસા પરમો ધર્મ" આ વાકય મુજબનો ધર્મ ચાલુ થયો. કેટલાક કાળ પછી બૌધ્ધ હિંદમાં પડી ભાગ્યા છતાં બૌદ્ધ ધર્મ મતનો જે છાપ પ્રજાપર પડયો હતો તેથી હિંસા કરવું મહા પાતક છે એમ જે સિધ્ધાંત હતું તે ચાલુ થયો, તે હજી કાયમછે. કેટલાક બંગાલી બ્રાહ્મણોએ અહિંસા પરમો ધર્મને તોડી પડવા માટે માસ ખાવાનો ચાલ શરૂ કર્યો હતો અને આથી બે ધર્મ વચ્ચે જે વઢવાઢ જાગી તેથી તેમના શાસ્ત્રમાં પણ એકથી એક વિરૂધ નિયમો દાખલ થયાંછે. સાંખ્ય અને લલિત એઓએ લખેલા શાસ્ત્રમાં જણાવ્યા મુજબ ચામડાંના વાસણમાં પાણી પીવું શુદ્ધ છે, તેમજ ઘી તથા તેલ ભરવાના ચામડાના કુપામાં પણ કશો દોપ નથી.

**હિંદુસ્તાનમાં ચામડાની બનાવટો**—હાલમાં હિંદુસ્તાનમાં ચામડાનાં બુટ, જોડા, કુપ્પા, તાસા, ઢોલ, મૃદંગ, મોટ, પખાલ, ઘોડાનો સામાન, હજામની ધોપટી, કોથળા, તકીયા, ચોપડાનાં પુઠા, પાણી પીવાની ઝારી વગેરે બનાવવમાં આવેછે.

પુના, મીરજ, મુંબઇ વેગેરે ઠેકાણે ઉત્તમ જોડા બનેછે. અહમદનગર, વિજાપૂરમાં બનતા ચાંચના જોડા ઘણા જાણીતા છે. રત્નાગીરિ જીલ્લામાં 'લાંજે' ગામમાં ચંપલ ઉત્તમ તર્હાદાર બનેછે. મુંબઇ, મહાબળેશ્વર, પુના, સોલાપુર, કલકતા વગેરે શેહેરોમાં તર્હેવાર વેલાતી બુટ તથા પેટીઓ સારી બનેછે. અમદાવાદમાં બનતા ચોપડાના ચર્મ પુઠા જમાનાઓ થયાં વખણાયછે. તે શિવાય અમદાવાદનું ચર્મ તથા બકરાના ચામડાંને કેળવી તેને તર્હેવાર ઉપયોગમાં લેવામાં આવેછે.

પંજાબમાં દિલ્લીના તર્હેવાર જરીદાર જોડા જૂદી જૂદી જાતનાં બનાવેછે. તેમજ મોતીની બનાવેલી સપાટ તથા તેની પર ટીલી કસબનું ભરતકામ, સોનેરી રૂપેરી જરીનુ ભરત, લાલ, કાળું, પિરોજારંગનું ચામડું વગેરે હુન્નરમંદીની રેલછેલથી બનાવવામાં આવેછે. ૧૮૬૪ માં ફક્ત દિલ્લીથી પરદેશ ખાતે મોકલેલા જોડાની કિંમત રૂ૪,૦૦,૦૦૦ ની ઉપજી હતી, પણ તે પછી દિનપરદિન આ તર્હે જાતના જોડા બનાવવાનો ઉદ્યોગ વધતાં હાલમાં ૬થી ૮ લાખના જોડા પરદેશ રવાના થાયછે. દિલ્લી જેવાજ જોડા આગ્રા તથા જયપૂરમાં પણ બનેછે. મધ્ય પ્રાંતના ચંદા ગામમાં જરીદાર જોડા બનેછે. તેમજ નિજામશાહીમાં રાયપૂર શેહેર એવા જોડા બનાવવા માટે જાણીતું છે.

ઉજ્જની તથા ઇંદોરમાં દિલ્લી જેવાજ જોડા બનાવવાનો ઉદ્યોગ ચાલુ છે; અને તે કામ મુસલમાનોજ બજાવેછે.

અત્તરના ડબરા રાજપુતાનામાં બનેછે. વાયવ્ય પ્રાંતમાં ગોરખપૂર ગામમાં સાંબરના ચામડાની તર્હેવાર ચીજો બનાવી તેપર કશિદો કાઢવામાં આવેછે, અને તેની બનાવેલી ચીજોને યૂરપ્યનો સારૂં ઉત્તેજન આપેછે. હિમાલય પર્વત ઉપરના વિલાસપૂર ગામમાં ચીરૂટની દાબડી, ચોપડીના પુઠાં વગેરે ચીજો ચામડાની બનાવી તેનીપર સુંદર પક્ષીઓનાં

પિત્તાં ચોંટાડી ઘણીજ શોભાઇતી ચીજો બનાવેછે. પંજાબમાં પિત્તળના હુક્કા ઉપર ચામડાનું ઉત્તમ નક્ષિકામ કરેછે. તેમાં લીલા રંગનું ચામડું તથા ચાંદીનો વરખ વધારે ખપાવેછે.

ગામડી હૉરનેસ, બંદુસ, સકલાત, ગજની, કિનખાબ વગેરે પણ એનાજ બનાવેછે. મધ્ય પ્રાંતના નંદા ગામમાં ઘોડાનાં હૉરનેસ ઉત્તમ પ્રકારના બનેછે. જયપુરમાંના 'ખેત્રી' ગામમાં ઉંટ ઉપરનો સામાન ચામડાનો બનાવેછે. બિકાનેરમાં ઉંટનો સામાન, રેકાબનાં પટ્ટા, દોસ્દાન, ચોપડાનાં પુઠાં વગેરે ચામડાની ચીજો ઉત્તમ બનેછે. કાનપુરમાં હાલમાં ચામડાં કેળવવાનો ઉદ્યોગ ઘણી હદ સુધી વધ્યોછે. અને ત્યાં તેના યાકદાન, મસક, હૉરનેસ, પોર્ટમેન્ટો વગેરે સારાં બનેછે.

ચામડાની ઢાલ બનાવવાનો ઉદ્યોગ હિંદમાં જમાનાઓથયાં જાણીતોછે. બાબુ ત્રિલોકય-નાથના જણાવવા મુજબ ઉત્તર હિંદુસ્તાનમાં ઢાલપર નક્ષી કાઢવાનો હુન્નર પ્રથમ શરૂ થયો હતો. મુંબઇ ઇલાકામાં નક્ષીની ઢાલો મરાઠા રાજ્ય અમલ વેળાજ બનવા માંડી. કચ્છ સંસ્થાનમાં ભૂજ ગામમાં રોગાન ચઢાવેલી નક્ષીદાર ઢાલો બનેછે. તેમજ વડોદરા અને અમદાવાદમાં હુન્નરમંદીથી ભરપૂર ઢાલો બનેછે.

કાંગ્રા તથા હુશિયાર પુરમાં 'તુંગા' નામના ઝાડનાં પાંદડા છુંદી તેને ચામડાને ચોપડી ચામડું કેલવેછે, અને તેનાં ઇજાર ડગલા હાથ મોજાં, પગના મોજાં, કોથળા તથા અનેક વસ્ત્રો બનાવેછે. વળી તેઓ ચામડાપર કશિદો પણ કાઢેછે.

પેશાવર, બાનુ અને કોહટ ખાતે પગને લપેટવાના પટ્ટા બનેછે. ડેરાગાઝીખાનમાં તલવારની મ્યાનો ચામડાની બનાવેછે. ત્રિચનાપલ્લી, મલબાર, કૃષ્ણા, ગોદાવરી, વિજગાપટ્ટણ, પેરિયા કુલન વગેરે ગામમાં બકરાનાં ચામડાંને બાલ સાથે કેલવેછે. ચામડાનાં રમવાનાં પાંનાં મદ્રાસમાં બનેછે. તેમજ જયપુરમાંબનતા રંગબેરંગી નક્ષીકામનાં ચામડાનાં રમવાના કાર્ડ બનેછે. કેટલેક ઠેકાણે નક્ષીદાર ટેબલક્લોથ ચામડાંના બનેછે.

## ચામડાનો વેપાર વેહવાર.

કાચ્ચાં ચામડાને કેળવ્યા પછી ઉપયોગમાં આવેછે. આ ચામડાં ગાય, ભેંસ, બકરાં, મેંઢા, બકરી, ઘોડા વગેરે પ્રાણીને હલાલ કરી તેના બદનપરથી ઉતારી લીયેછે. મુવેલા ઢોરનું ઉતારેલું ચામડું હલકી જાતનું ગણાયછે. પણ તરતનાં કાપેલા ઢોરનું ચામડું કેલવવા લાયકનું ગણાયછે. ચામડાની ગંધ દુર કરવા તેને ચુનાના મિશ્રણ સાથે આમેજ કરેછે. આ ચામડાંનો સ્થાનિક ઉપયોગ સર્વત્ર સરખો છે.

હિંદુસ્તાન, આસ્ટ્રેલ્યા, અમેરિકા, સંયુક્ત-સંસ્થાનો અને દક્ષિણ અમેરિકાના કેટલાક દેશોમાંથી ચામડાના કાચા માલનો મ્હોટો નિકાશ વેપાર ચાલેછે. હિંદુસ્તાન શિવાય બાકીનાં બીજા દેશો ચામડાં નહિ મોકલતાં પાક્કાં રંગાવેલા ચામડાં મોકલેછે. હિંદુસ્તા-નમાંથી બંગાલ અને માદ્રસથી કાચ્ચા ચામડાં ઘણા નિકાશ થાયછે.

હિંદુસ્તાનમાં સારો પાક ઉપજેછે ત્યારે ચામડાનો નિકાશ વેપાર સાધારણ હોયછે; પણ જ્યારે દુકાલ પડેછે ત્યારે ઢોરો સસ્તા થતાં તેને મ્હોટો નિકાશ વેપાર ચાલતો હતો. ૧૯૦૦ના મ્હોટા દુકાળ સમયે ઘાસ ચારા વિના ઢોરો હવળતા થવાથી ગુજરાત તથા કાઠીયાવાડ પ્રાંતમાં લાખો ઢોરો પાણીને મૂલે વેચવામાં આવ્યા હતા; તે તથા કેટલાક નિરધણીયાતાને કાપી તેમનાં ચામડાનો મ્હોટો નિકાશ વેપાર ચલાવ્યો હતો.

હિંદુસ્તાનમાંથી કાચ્ચાં ચામડાં યુનાઇટેડ કીંગડમ (ઇંગલંડ વગેરે) જાયછે, અને તેને કેળવવાની ચીજો પણ તેજ દેશથી આવેછે. આ દ્રવ્યયોગે કાચ્ચાં ચામડાં પાક્કાં બને છે. કાનપૂર તથા મદ્રાસમાં બે સરકારી કાર-ખાનાં ચામડાં રંગવાના તથા તેની ચીજો બનાવવાનાં ચાલુછે. વળી બંગાલમાં વિદ્વાન



બ્રાહ્મણોએ આ ઉદ્યોગ ચલાવવાનાં કારખાનાં સ્થાપન કર્યાં છે. મુંબઇમાં પણ એક મ્હોટું કારખાનું સીમમાં મી૦ આદમજી પીરભાઇની માલેકીતળે ચાલેછે, ને બીજા નાહના કારખાનાં તે તરફ અનેક છે.

ઇંગલંડમાં નાર્થમટન અને બ્રિસ્ટલમાં બુટ ઉત્તમ અને સારાં બનેછે, જેનો ફેલાવો તમામ દુનિયામાં થયો છે. ફ્રાન્સમાં મોજ મારેની તહેંવાર સુંદર ચીજો ચામડાનીજ બનાવવામાં આવે છે. જર્મનીમાં ચામડાં અનેક પ્રકારનાં બને છે. ઉંદર તથા કાંગારૂના ચામડાં આસ્ટ્રેલ્યાથી ફ્રાન્સમાં પુશકળ નિકાશ થાયછે, જેના સારાં હાથમોજાં બને છે. હૉલંડ તથા બેલજ્યમમાં ચામડાના અનેક કારખાનાં છે.

હિંદુસ્તાનમાંથી આયાત નિકાશ વેપાર ચામડાંનો કેવો છે તે નીચલા કોઠા ઉપરથી જણાશે.

આયાત

| માલ | ૧૮૯૨ | ૧૮૯૪ |
|---|---|---|
| | રૂપ્યા | રૂપ્યા |
| બુટ વગેરે બ-નાવટી માલ | ૧૩,૮૬,૦૦૦ | ૧૪,૨૭૦૦૦ |
| કેળવેલા ચા-મડાં | ઇ. સ. ૧૮૭૬માં ૫,૩૬,૦૦૦ | ૨૦૦૭૦૦૦ |

નિકાશ

| માલ | ૧૮૭૬ | ૧૮૯૪ |
|---|---|---|
| | રૂપ્યા | રૂપ્યા |
| કાચા ચામડાં | ૨,૯૪,૩૯,૦૦૦ | ૩૫૬૭૪૦૦ |
| રંગેલા ચામડાં | ૧,૧૯,૦૦૦૦ | ૩,૨૩૩૮,૦૦૦ |

હિંદુસ્તાનમાં વળી ચામડાંનોજ ખાસ ધંધો કરનાર મ્હોટો એક વર્ગ છે કે જે ચમાર યા મોચીને નામે જાણીતો છે. આ પ્રજા અભણ અને દાલીદ્ર સ્થિતિમાં હોવાથી તેઓ ચામડાના ઉદ્યોગને ખીલવી શક્યા નથી અને તેથીજ આ ઉદ્યોગ હિંદમાં હજી પૂર્ણ કળાએ પુગો નથી; પણ હવે હિંદની પ્રજાના ઉંચા વર્ગમાંથી નીચ ઉંચ ધંધાની છીટ દૂર થતી હોવાથી બીજી વર્ણની ઉંચ કોમને હાથ હવે આ ઉદ્યોગ જવા માંડયા પછી તેને ખીલવવાની સારી કોશેસ કરવામાં આવેછે, અને દિનપર દિન તેને સરકારી લશ્કર ખાતાં તરફથી સારો આશ્રય મળતો રહેછે.

## * ચામડાં કેળવવાનો ઉદ્યોગ હુન્નર.

“હિંદુસ્તાનમાં કાનપૂર, આગ્રા, મદ્રાસ, નવસારી મુંબઇ ખાતે મ્હોટી ટેનેરીઓ યાને યંત્ર વડે ચામડાં કેળવવાનાં કારખાનાઓની મદદથી મ્હોટા પાયાપર આ ઉદ્યોગ ચાલેછે, અને સરકારનાં કેમેસરિયટ વગેરે ખાતાં તરફથી કેળવેલા ચામડાંની બનાવટોને ઉત્તેજન આપવામાં આવે છે. આથી આ ઉદ્યોગમાં દિનપર દિન વધારો થતો ચાલ્યોછે, હિંદમાં સર્વેથી મ્હોટી ટેનેરી કાનપૂર ખાતેની મેસર્સ કુપર એલનની કુંપની છે, કે જ્યાં સરા-સરી ૨૫૦૦ કામદારો કામે લાગેછે. મુંબઈ પાસે ધારાવીમાં લગભગ ૪૦ ટેનેરીઓ છે જેમાંની થોડીક યૂરપ્યન પેઢીઓ હસ્તકથી અને બીજી પાર્સી, મુસલમાન વગેરે ખાનગી માલેકી તળે ચાલેછે, તેમાં આદમજી પીર-ભાઇવાલી ટેનેરીમાં ૧૦૦૦ કામદારો કામે લાગેલા રહેછે.

મ્હોટી ટેનેરીઓમાં મોરોકો, રોન, રોક્ષર સ્કીન, રશિયન લેધર વગેરે ગ્રેનવાળા તથા ગ્રેનવિનાના ચામડાં બનાવવામાં આવેછે અને નાહની ટેનેરીઓમાં માત્ર ચાકડાંઓ સાફ

* હિંદી સોદાગર દફતર બીજામાંથી.

કરવા તથા કેળવવાનું (અસલી રીત મુજબ) કામ બજાવવામાં આવેછે.

'ચામડાં બનાવવાની ક્રિયાને શરૂઆતમાં બે મ્હોટા વિભાગોમાં વેહેંચી શકાય. એક ટેનિંગ કે જેની મદદથી કાચાં સખ્ત ચામડાં અને લગાર નરમ અને વાળી શકાય એવું બનાવવામાં આવેછે, અને બીજો બર્યુંકરીઈંગ ( Currying ) કે જેની મદદથી તે નરમ પાડેલું ચામડું ચર્બીદાર પદાર્થો વગેરેની મદદથી વધારે નરમ, સારા દેખાવનું અને 'વૉટરપ્રૂફ' બનેછે, કાંઇ સઘળાંજ ચામડાંઓ આ બે મુખ્ય ક્રિયાઓમાંથી પસાર થતાં નથી. કેટલાંક ચામડાંઓ જેવાં કે–ગ્લવ, કીડને મુદલ ટેંન કરવામાં આવતાં નથી; પણ ફક્ત ફટકી અને ખારથી સાફ કરી તેને "કરી" કરવામાં આવેછે, અને વળી કેટલાક ચામડાઓને ક્રિઈંગની ક્રિયા જોઇતી નથી. જોકે સેવટની 'ફીનિશ' આપતી વખતે વધતાં ઓછા તેલનો ઉપયોગ કરવામાં આવેછે.

'જાડાં ચામડાં' જે બલદ વગેરે મ્હોટા ચોપગાંઓના શરીરનાં ખાલમાંના બનેછે તેનાં બે પડ હોયછે, એક ઉપલું અને પાતળું જેને ઈંગ્રેજીમાં એપિડર્મીસ (Epidermis) કહેછે, અને બીજું 'કોરિયમ' (Corium) યાને માહેલું; જે ચામડાં બનાવવામાં ખરેખર કામમાં આવેછે, અને જેની ઉપર પેલા 'એપિડર્મીસ'નું પડ થએલું હોયછે. એ ઉપલી ચામડી ચામડાંને 'ટેન' કર્યા પેહેલાં સદાબરી ઉખેડી કાઢવામાં આવેછે. એ જાડા તથા પાતળાં બે પડોની વચ્ચે ચર્બી અને બીજા ચીકણા પદાર્થો, બાલ, નસ શાખા ઇત્યાદી અવ્યવો અને પદાર્થોની જગ્યા હોયછે. પુખ્ત રીતે સુકવેલાં ગાય કે બળદનાં ચામડામાં સાધારણ રીતે સેંકડે ૯૫ ટકા 'જીલૅટિન' યા સરસીનાં જેવું ગરમ પાણીમાં પિગળી જાય તેવું તત્વ, ૧ ટકાને સુમારે ચર્બી, ૦॥ ટકો ખનીજ પદાર્થોનું તત્વ અને ૩ ઉપર ટકા છિદ્રોદાર શાખાઓ હોયછે. કે જે શાખાઓ ગરમ પાણીમાં ચાલુ ઉકાળયા છતાંબી પિગળતાં નથી. પણ છુછાંની માફક એમના એમ રહી જાયછે. જેમ મનુષ્ય જાતનાં સંબંધમાં બનેછે તેમ જે જનાવરો થંડા મુલકોમાં રહેનારા અને સખ્ત મહેનત કરનારાં હોયછે, તેમનાં ચામડાં જાડાં અને ભરેલાં હોયછે, જ્યારે લાડથી પાળેલાં અને બેસાડીને ચારો ખવાડેલા જાનવરો અંગે માતેલાં હોય તાબી તેમના ચામડાં પાતળાં રહેછે.'

'કાચાં ચામડાં લાવ્યા પછી 'ટૅનર' તેમને પ્રથમ સોજા પાણીમાં બોળી કાઢેછે. જેથી તેમને વળગેલું લોહી, કચરો વગેરે નિકળી જાયછે. જો ચાંમડાંને મીઠું દીધેલું હોયછે તો તેમને વધારે સખ્ત અને ફરી ફરીને સોજા પાણીમાં નાખીને ધોવામાં આવેછે, જ્યારે સુકાં પડી ગયલાં ચામડાંને તેમની અસલી નરમ સ્થિતિમાં પાછાં લાવવા માટે તેથીબી વધારે વખત પાણીમાં બોળી રાખવાં પડેછે! આ મુજબ લાંબો વખત પાણીમાં બોળી રાખ્યાથી ચાંમડાં કોહી નહિ જાય તેની સાહુચેતીનાં ઉપાય તરીકે પાણીમાં નીમક, ટંકનખાર, સલ્ફાઇડઑવ સોડિયમ યા તો કાર્બોલિક ઍસિડ કેટલીકવાર ઉમેરવામાં આવેછે. ગરમ ઋતૂવાળા દેશોનાં કારખાનાઓમાં એ રીતે ચામડાને નરમ પાડવા માટે ૩૦થી ૬૫ ડીગ્રી સુધીનું 'બાર્કોમીટર'નું સોલ્યૂશન વાપરવું પડેછે. પાણીમાં નાખીને ચામડાંને નરમ બનાવવા ઉપરાંત તે માટે યંત્રોની મદદ લેવામાં આવેછે. આ કામ માટે હાલમાં The American Double-Shover નામનું યંત્ર વપરાયછે; આ યંત્રોમાં ભિણવેલા ચાંમડાઓ ભારી હથોડા યા દસ્તાઓથી કુટાયછે યા ગુંદાયછે, અને તેથી નરમ બને છે. આ યંત્રો સાધારણ રીતે 'સ્ટોક્ષ' ને નામે ઓળખાયછે. ચામડાં સેહેલથી વળી શકે અને વાળતાં ભાગી કે ચીરાઇ નહિ જાય એટેલા નરમ બનાવ્યા પછી તેમને આ યંત્રોમાં નાખવામાં આવેછે, જ્યાં તેમને



જેમ જરૂર દીસે તેમ ૧૦ મિનિટથી ૦॥ કલાક સુધી કુટવા પછી બહાર કાઢીને પાછાં થંડાં પાણીમાં બોળવામાં આવેછે.

"આ રીત મુજબ ચામડાંને નરમ બનાવ્યા પછી તેની ઉપરનાં બાલ ઉખેડી કાઢવાની ક્રિયા શરૂ થાયછે, જેને 'સ્વેટિંગ' ની (Sweating) ક્રિયા કહેછે. આ ક્રિયા માટે સાધારણ રીતે ચુનો વાપરવામાં આવે છે. આ સાધનને ઘણા ખરા કારખાનાવાલાઓ સંપૂર્ણ ગણેછે; તથા તેથી ચામડાં માહેલો ગર નિગવાઇ જતો અને તેને લીધે તેનું વજન ઓછું થતું ગણી તેને બીનફાદાકારક લેખેછે. પણ એટલું તો ચોકસ છે કે ચામડાંનો ચુનાનાં પાણીમાં સદાબરો નાશ થતો નથી. વળી ચુનો ચોકસ જથ્થામાંજ પાણીમાં પિગળી શકતો હોવાથી બગાડ થવાનો સંભવ ઓછો રેહેવાના સબબથી, તેમજ આ ક્રિયા માટે ચુનોજ જમાનાઓથી વપરાતો આવેલો અને તેની ખુબી ખામીઓ કારીગરોને પુરતી જાણીતી થઇ ગએલી હોવાથી, તથા તેના જેવું બીજું કોઇ સસ્તું સાધન શોધી કાઢવામાં આવેલું નહિ હોવાથી ઇંગલંડના કારખાનાવાલાઓ પણ ચુનોજ વાપરેછે.'

'ચામડાંની ઉપલી બાજુએ ચુનો લગાડયાથી તેની ઉપરનાં બાલ જડ મુળમાંથી એવા ઢીલા પડી જાયછે, કે ઓખવી કાઢતાં ઝટ નિકળી આવેછે. આ ક્રિયા માટે મ્હોટા ખાડાઓમાં ચુનાતું પાણી ભરી તેમાં ચામડાંને સપાટ પાંથરી દેવામાં આવેછે, અને દરરોજ અથવા દિવસમાં બે વાર તેમને બહાર કાઢી નીચે બાઝી રહેલા ચુનાને દોહવીને પાણીમાં આમેજ કરવામાં આવેછે, તથા ચામડાંને પાછા તેમાં પાંથરી દેવામાં આવેછે.

"આ પાણીમાં ચામડાંને કેટલા દિવસ રાખવાં તે માટે ચુનો કેટલો લેવો તથા કેમ કામ લેવું તે બાબે ઈંગલંડ તથા અમેરિકાના કારખાનાવાલાઓમાં મતફેર જોવામાં આવેછે. એક અમેરિકન અનુભવી જણાવેછે કે દર ૬૦ થી ૭૦ ચામડાં દીઠ ૫૬ રતલ તાજો ચુનો પુરતો છે.

એટલા ચુનામાં ૩ થી ૪ દિવસ ચામડાપરનાં બાલ નિકળી આવશે અને ચામડું પોખાશે." ત્યારે બીજા હાથ ઉપર ઇંગલંડના ટેનિંગના એક મ્હોટા કારખાનાનાનો વડો પોતાના અનુભવ ઉપરથી એવું જણાવવા માંગેછે કે "આ ક્રિયા માટે એકવાર વપરાઇ ચુકેલો ચુનાનાં પાણીમાં ચામડાંને ૬ થી ૧૦ દિવસ સુધી રાખ્યા પછી દર કલાકે એક ચામડાં દીઠ ૩ થી ૧૨ રતલ તાજો ચુનો લઇને બનાવેલા નવા પાણીમાં તેમને પાછા નાખવાં." આ રીતે બેઉ અનુભવિઓ એકથી ઉલટી હદપર જતા જોવામાં આવેછે. ત્યારે તે બેની વચ્ચે એક મધ્યમ માર્ગ જે સૂચવવામાં આવેછે કે દર ચામડાં દીઠ ૨ થી ૪ રતલ ચુનો લઇ બનાવેલાં પાણીમાં ચામડાંને ૮ થી ૧૦ દિવસ રાખ્યું હોયતો બસ. તેટલા વખતમાં તે પોખાશે, તથા તેના બાલ ઢીલા પડશે.

એકવાર વાપરેલા ચુનાના પાણીમાં ચામડાં મધેનાં જનાવરી પદાર્થ ઓગળી નિકળેલા હોવાથી તેમજ તેમાં એમોનિયાનું તત્વ દાખલ થતું હોવાથી ચોકસ હદ સુધી આ વપરાયલું ચુનાનું પાણી તાજાં બનાવેલાં પાણી કરતાં બાલ ઢીલા પાડવા માટે વધારે અસરકારક ગણાયછે, અને એક અનુભવી ટૅનરનું તો એવું મત છે કે વપરાયલું ચુનાનું પાણી વાપર્યાથી ચામડાનું વજન પણ ખીલેછે; જોકે તેથી ચામડાં લગાર પાતળાં બનેછે. તોપણ જો વપરાયલાં પાણીનો ઉપયોગ જોઇએ તે કરતાં ઝાઝેવાર કરવો જારી રાખ્યો તો ચામડાંને જોઇએ એટલાં પોખવાનો ગુણ તે ખોઇ દેછે.

અમેરિકન ટૅનરો આ ક્રિયા માટે અકસર કરી બુટનાં સોલનાં ચામડાં બનાવવા માટે જે રીત વાપરેછે તેબી આ ક્રિયાના સંબંધમાં જાણવાજોગછે. આ રીતને તેઓ "બફેલો મેથડ" કહેછે. તે એ છે કે ચામડાંને

રાખેતા મુજબ તૈઆર કરીને ચુનાના જલ્લદ પાણીમાં તેઓ ૮ થી ૧૦ કલાક નાખી રાખેછે. પછી તેને એ પાણીમાંથી બહાર કાઢી ૪૩ ડીગ્રી જેટલી ગર્મીએ ઉકાળેલાં પાણીમાં નાખવામાં આવેછે; જ્યાં તે બીજા ૨૪ થી ૪૮ કલાક સુધી રહેછે. અને ગરમ પાણી ચામડાંના બાલને ભીજવીને નરમ બનાવેછે. તથા તેની જડનાં છિદ્રોને ફુલાવી મેળેછે. આથી ચામડાંના માહેલા શાખાઓમાં ચુનોબી એટલો થોડો પેવશ થવા પામેછે કે સેહેજ સાજ બચકારીને તેમને લાગલાં થંડા પાણીમાં હોમાવી શકાયછે. જે ચામડાંના શાખા બહુ મજબુત બનાવવાં હોય, જેવું કે બુટનાં સોલનું ચામડું, તે માહે આ ક્રિયા અજમાવવાની ભલામણ કરી શકાય.

"ચામડાં ઉપરના બાલ ઉખેડી કાઢવા માટે યૂરપ તથા અમેરિકામાં બીજી કેટલીક રીતીઓ અને સાધનો પણ વધતી ઓછી ફતેહેઓ સાથે વપરાયછે. કહેછે કે 'સલ્ફાઇડ' ઑવ સોડિયમ તથા 'સલ્ફાઇડ' ઑવ આર્સેનિક (રસ્મા) પણ ચામડાં ઉપરનાં બાલ અચ્છા રીતે ઢીલા કરી આપવાની શકિત ધરાવેછે, અને વળી તેઓ ઉપલી રીતીઓ ઉપર ફાયદો એ ધરાવેછે કે ચુનાથી તથા કોહવાટ ઉત્પન્ન કરવાથી જ્યારે બાલની જડમાં છિદ્રો નરમ બની નબળાં પડી જાયછે ત્યારે 'સલફાઇડ' ની અસર બાલ ઉપરજ પરભારી થાયછે. આ ક્રિયા ચાલે માટે ચુના ભેગો સલ્ફાઇડ ઑવ આર્સેનિકનો ઉપ્યોગ લાંબા વખતથી થતો આવેલો સમજવામાં આવેછે, પણ આજના વખતના કેટલાક ટૅનરો તેને બદલે 'સલ્ફાઇડ' ઑવ 'સોડિયમ' વધારે પસંદ કરેછે, અને ચુનાના ભેળ સાથે યા તે વગર પણ બાલ ઢીલા કરનારી તે ઉપયોગી (ડેપીલેટરી) માલમ પડીછે. સોલનાં ચામડાં માટે ડૉ૦ વિલ્યમ ઇંટનર નામે એક આસ્ત્રિયન શાસ્ત્રીએ, દરેક ગ્યાલન પાણીદીઠ ૪ થી ૫ રતલ આ સલ્ફાઇડ ખુદરતી ધારેછે, અને કેટલાક ટૅનરોથી એ પ્રમાણે પુરતું જણાવેછે. તેઓ આ સલ્ફાઇડના પાણીમાં ચુનો કે પાઇપ કલે નાખીને તેને કાંજી જેવું જાડું બનાવેછે અને તે ચામડાની બાલવાળી બાજુપર છુટથી લગાડેછે. એક માણસ ચામડાં ઉપર આ મેલવણી રેડતો જાયછે અને બીજો તેને એક પીછી યા ઝાડુ વડે ચામડાં ઉપર રગડીને પચાવતો જાયછે. કહેછે કે એ પછી ૧૨ થી ૧૫ કલાકમાં ચામડાં મધેનાં બાલ ઢીલા પડી જઇ ઓખવી કાઢવાને લાયકનાં થઇ પડેછે. જ્યારે એક અનુભવી તો એ માટે ૨ થી ૩ કલાક પુરતા ધારેછે, અને વળી કહેછે કે જો એ કરતાં વધુ વખત ચામડાંને 'સલ્ફાઇડ'નાં જલ્લદ સોલ્યુશનમાં નાખી મેળવવામાં આવે, તો ચામડાં ઉપર બલુ જેવાં ધાભાં પડશે, અને ચામડાંને બીજી રીતે નુકસાન થશે. આ સોલ્યુશનમાંથી ચામડાંને કાઢયા પછી તે ઉપરનાં બાલ ઓખવવા. પેહેલાં તેમને પાણીમાં ડુબાડી કાઢવામાં આવેછે, એમ કર્યાથી ચામડું પોખાયછે, તેમજ તેની ઉપર વળગી રહેલી સલ્ફાઇડ ધોવાઇ જાયછે, જેમ જો નહિ થાય તો કામદારોનાં હાથનાં આંગળાની ચામડી અને નખ ઇજા પામે, કેમકે સલ્ફાઇડમાં બાળી નાખવાની (Caustic) ખાશિયત છે. બાલ ઢીલા કરવા માટે વળી બીજો એક ઉપાય લાકડાંના બળેલા કોલસાંના ઉપયોગનો હતો, અને કેટલાક વર્ષોની વાત પર એક જણે તે માટે પેટંટ મેળવ્યું હતું. 'કાસ્ટીક પોટાશ' તેમજ સોડાખાર પણ આ ક્રિયા માટે ઠીક ઉપયોગી થઇ પડતાં જણાય છે, પણ ચુના ઉપર તેઓ કોઇ જાણવાજોગ લાભ યા સરસાઇ ધરાવતાં નથી. ઉપરાંત તેનો ઉપયોગ ખર્ચાળુ અને કેટલીક વેળા ચામડાનાં શાખાને નુકસાન કરનારો સમજવામાં આવેછે.

'ઉપર જણાવેલી ગમે તેવી રીતે કે મેલવણીથી ચામડાં મધેનાં બાલને ઢિલા પાડવા પછી આ બાલને ઓખવી કાઢવાનું કામ કાઢેછે. સાધારણ રીતે આ કામ માટે



ચામડાંને લોખંડના કે કોઇ ધાતુનાં એક ઢીમડાં ઉપર આડું નાખીને બેઉ બાજુથી હાથવાળી એક બુઠ્ઠી છરી બાલ ઉપર જોરને હાથે ફેરવવામાં આવેછે, તો બાલ સેહેજમાં ખેંચાઇ નિકળે છે. પણ ઘણી વેળા જુના લાંબા બાલજ એ રીતે ઉપડી આવેછે, જ્યારે નવા અને નાહના બાલ છુટા પડતાં નથી. (તિક્ષણ ધારવાલી છરીઓથી પણ છુટા) પડતાં નથી. આ ક્રિયા માટે કેટલાક યુરપીયન તથા અમેરિકન કારખાનાવાલાઓએ ખાસ યંત્રો બનાવેલાં છે; જેમાં બાલ ઘશી કાઢવા માટેનું એક ખાસ બનાવટનું ચક્ર હોયછે. એવા કેટલાક યંત્રો એક દિવસમાં ૮૦૦ ચામડાં ઉપરનાં બાલ ઉતારી આપી શકેછે. પણ આ યંત્રોનાં ઉપયોગીપણા બાબે ઈંગ્લંડના ટૅનરોમાં બે મત છે.'

'બાલ છુટા પાડયા પછી ચામડાંની પેલી બાજુએ વળગેલું માસ, ચર્બિ ઇત્યાદી એક ધારદાર છરીવડે ઓખવી કાઢવામાં આવેછે. ફકત બહારની સપાટીપર વળગેલી ચર્બિજ નહિ પણ ચામડાંના છિદ્રોમાં અનદીઠ રીતે ભરાઇ રહેલી ચર્બિ પણ દાબી કે ખેંચી કાઢવાની સંભાળ લેવાંમાં આવેછે, કેમકે નહિતો પાછળથી 'ટૅનિંગ'ની અગત્યની ક્રિયા વેળા મુશકેલી નડે, એટલુંજ નહિ પણ આ છુપાઇ રહેલી ચર્બિ આખા ચામડામાં પસરવા પામીને તે ઉપર મ્હોટાં અને કદરૂપાં ધાભાં પાડે. આ કામ માટે પણ મેશર્સ ગેરીક અને ટર્સન વગેરેની શોધ મુજબના અને મેસર્સ જોસફ હૉલ ઍન્ડ સન્સની બનાવટનાં યંત્રો વપરાય છે.

"ચામડાં બનાવવાના ઉધોગને લગતાં સઘળાંજ યંત્રો કાંઇ હાથની મેહેનત જેટલું સારૂં કામ કરી શકતાં કે મહેનતનો ઝાઝો બચાવ કરતાં સમજવામાં આવતાં નથી. જ્યારે વળી તેઓમાંના કેટલાક નાહના જાનવરોના ચામડાં માટે ઠીક કામ લાગેછે. પણ ગાય ભેંસ ઘોડા ઇત્યાદી મ્હોટા ચોપગાંઓના ચામડાં નિરઉપયોગી થઈ પડેછે. કેમકે આખા ચામડાઓને તેઓ સફાઈથી પોંહચી વળી શકતાં નથી. આ ઉપલી રીતે બાલ છુટા પાડી તેની પીછની બાજુ બરાબર ઘશી કાઢયા બાદ, ચામડાં જો 'સોલ' ના ચામડાને લાયકના અને મ્હોટા જનાવરનાં હોયછે તો પીઠનાં, પેટ આગળના, તથા ગરદન તરફના એમ જૂદા જૂદા જાડા પતળા ભાગો કાપી કાઢવામાં આવેછે. પીઠ આગળનું ચામડું જે હમેશાં વધારે જાડું રહેછે તેને 'બટ' Butts કહેછે અને તેની પાછળ 'ટૅનિંગની' ક્રિયા સંગીનપણે થાયછે, જ્યારે જે ચામડાં વધારે પાતળાં હોયછે તેને Offals કહેવામાં આવેછે અને તેને માટે સસ્તું ટૅનિંગ બસ થાયછે. બાદ ચાંમડાનાં એ કાપી કાઢેલાં કકડાઓને મીઠાં પાણીમાં યાતો ચુનાના નીતારી કાઢેલાં પાણીની મેળવણી વાલા પાણીમાં હોમાવીને ૧૨ થી ૨૪ કલાક સુધી રાખી મેળવામાં આવેછે કે જેથી તેમની ઉપર બાઝી રહેલો ચુનો ઇત્યાદી ધોવાઈ જાયછે, કેમકે 'ટૅનિંગની' ક્રિયા માટે ચામડાંને ટૅનહાઉસમાં લઈ જવા પેહેલાં તેઓ ઉપરનો ચુનો મટાડું ચોકસ સાફ કરી કાઢવાની ઘણી જરૂર હોયછે. આ ચુનો વગેરે જો બરાબર ધોઇ નહિ કાઢયો હોય તો નુકસાન એ થાયછે કે પાછળથી ટૅનિંગની ક્રિયા વેળા પ્રવાહી ટૅનિંગ સાથે આમેજ થઇને ચામડાનો રંગ બિગાડી નાખેછે. વળી ચુનો ચોકમાં ફેરવાઇ જઇને પણ ચામડાંની સપાટીને બરાબર ટૅન થવા દેતો નથી. આજ સબબને માટે ચુનો લગાડેલાં ચામડાંને ખુલ્લી હવામાં નાખી મેળવાનુંબી ફાયદાકારક સમજવામાં આવતું નથી. કેટલાક ટૅનરો ઉપર જણાવ્યા મુજબ ચામડાંને ધોવા ઉપરાંત બુઠી છરીઓ વડે તેઓ ઉપરનો ચુનો ઓખવી પણ કાઢેછે. 'ટૅનિંગ' માટે મુખ્ય કરી ઓકના ઝાડની છાલ, ડીવીડીવી, હરડાં આસ્ત્રેલીયન પાઇન, બાવળની છાલ, અને સ્પેનીશ ચેસ્ટનટ જેવાં' ઝાડની છાલ, કાથો, હરડાં બેહડાં, ઇંદ્રવર્ણિ

વગેરે વાપરવામાં આવેછે. ઉપલા સર્વ પદાર્થો પોતાની ખાશીયતમાં જૂદાં જૂદાં હોય છે. કોઇ ચામડાને ઘેરો યા ખુલ્લો રંગ આપે છે, કોઈ ચામડાંને નરમ, તો કોઇ સખ્ત બનાવી મેલે છે. કોઇથી ચામડાં ટેન થયા પછી ધાભાં પડે છે, ઈત્યાદી. પણ એ સર્વ પદાર્થોમાં ઓકની છાલ ઘણા લાંબા વખતથી અને ઈંગલંડના કારખાનાવાલાઓની ચાલુ પસંદગી વચ્ચે વપરાતી રહીછે. જોકે 'સોલ'નાં ચામડાં માટે તે એખલી વાપરવી પરવડતી નથી અને બીજા પદાર્થો ભેગીજ તેનો ઉપયોગ કરવો પડેછે. એવાં સોલના ચામડા માટે યુનાનનાં ઓકના ઝાડનાં ફળમાંથી મેળવવામાં આવતું ટૅનિંગ ત્યાં વધારે પસંદ કરવામાં આવે છે, તેથી ચામડાં ઠીક પોખાતા અને તેની શાખા ચીવટ બનતાં તથા તેના વજનમાં વધારો થતો કહેયાય છે. 'મિરા બોલમ' યાને હરડાં બેહરાં જેમની હિંદમાંથી હજારો મણુની પરદેશખાતે નિકાશ થાય છે તેમને પણ આ કામ માટે વાપરવામાં આવે છે, અને તેમનું ટૅનિંગ ચામડાંને અચ્છો રંગ તથા દેખાવ આવતું હોવાથી, ઈંગલંડના ટૅનરો તેમને ટૅનિંગની ક્રિયા માટે પસંદ કરેછે, પણ જાડાં ચામડાં જેમને સારાં સખત બનાવ્યાં હોય તે માટે હરડા બેહરાંનું ટૅનિંગ પસંદ કરવામાં આવતું નથી, કેમકે તેથી ચામડાં નરમ અને પોળાં બની જતાં કહેવાય છે.

"ઉપર જણાવેલી ગમે તેવી ચીજ ટૅનિંગના વપરાસમાં આવે, પણ તેમાંથી ટૅનિંગ ખેંચી કાઢવા પેહેલાં તેમને મ્હોટી ઘંટીઓમાં યા યંત્રોનાં રોલરો વચ્ચે છુંદીને અને પીસીને પેહેલાં તેમનો બારીક ભુકો કરવામાં આવેછે કે જેથી તેઓમાંનું ટૅનિંગ પાણીમાં સઘળું પુરેપુરૂં ખેંચાઇ નિકળે. હરડાં અને બીજી કેટલીક છાલોનો એ રીતે ભાંગીને ભૂકો કરવા માટે ખાસ મ્હોટાં યંત્રો બનાવવામાં આવ્યાંછે, જેમને ડીસઇન્ટીથેંટર કહેછે. ચામડાંને "ટૅન' કરવા માટેની ટૅનેરીઓ બાંધવા માટે સુધરેલી રીતે તેમને ઈંટની બાંધીને ઉપરથી 'પોર્ટલેન્ડ સીમેન્ટ' નું 'પલાસ્ટર' કરી લેવામાં આવેછે. આ બાંધકામ માટે ચુનો વાપરી શકાતો નથી, કેમકે ચુનો ઓગળી નીકળવાથી ટૅનિંગની પ્રવાહી તેમજ ચામડાં બગડી જવાનો સંભવ રહેછે.

'સોલનાં ચામડાંને ટૅન કરવા માટે તેમની ઉપરનાં બાલ ઓખવી કાઢયા પછી સોજના પાણીમાં ધોઇ નાખી યા તો 'હાઇડ્રોકલોરિક' કે બીજામાં યોગ્ય ઍસિડના સેહેજ અંશવાલા પાણીમાં બોળી કાઢીને તેમને ઉપલી ટૅનેરીના ખાડામાં લાકડીઓ ઉપર લટકતાં ઉભાં નાખવામાં આવેછે, ત્યાં તેઓને પેહેલાં તો થોડાંક ટૅનિનવાળાં પાણીમાં પોખાવા દેવામાં આવેછે. તેઓમાં એક સરખી પ્રવાહી પચેછે, એટલે તેમને બીજા ખાડાઓમાં લઇ જવામાં આવેછે, જયાં તેમને ઉભાં નહિ પણ આડાં નાખવામાં આવેછે. આ ખાડામાં પ્રથમ કરતાં ટૅનિનને વધારે જલ્લદ પ્રવાહી દાખલ કરેલી હોયછે. સાધારણ રીતે ૨૫થી ૩૦ ડીગ્રી જેટલી જલ્લદ મેલવણી બસ થાયછે. આ મેલવણીમાં ચામડાં ૧થી ૨ માસ સુધી નાખી મુકવામાં આવેછે. આ મુદત પછી તેમને ત્રીજીવાર એક બીજા ખાડામાં લઈ જવામાં આવેછે, જયાં ૪૦થી ૬૦ અને ૭૦ ડીગ્રી જેટલી જલ્લદ પ્રવાહી હોયછે. ત્યાં ચામડાંઓને થોડા થોડા દિવસોને આંતરે ફેરવ ફેરવ કરીને દર વેળા ઝાટકી કાઢવામાં આવેછે, તથા ચામડાંને નુકસાન પુગાડવા વગર સલામતી સાથ જેટલી જલ્લદ મેલવણી પાઇ શકાય એટલી પાત્રામાં આવેછે, પણ એ મેલવણીનું જોર ધીમે ધીમે નિયમીત વખતે વધારવામાં આવેછે. શરૂઆતનાં તબક્કા વેળા આ માટે ઘણીજ સંભાળ લેવી પડેછે; કેમકે આ વેળા સુક્કા ચામડાં ટૅનિન ઝડપથી શોસી લીયેછે. જેમજેમ આ ક્રિયા આગળ વધતી જાયછે તેમતેમ ચામડાના બહારની સપાટિમાં ટૅનિન વધારે પચી રહેછે, અને તે પછી તેના માહેલા ભાગમાં ધીમે ધીમે દાખલ થવા માંડેછે.



આથી શરૂઆતના તબક્કામાં ' ચામડાંને વારંવાર ફેરવવાની તથા તેમને જોઇએ એટલું જલ્લદ ટૅનિન મેળવેછે કે કેમ, તેની સંભાળ રાખવાની જરૂર પડેછે. શરૂઆતના તબક્કામાંથી પસાર થવા પછી ચામડાંને વધારે જલ્લદ પ્રવાહિમાં અને વધારે લાંબો વખત નાખી મેલી શકાયછે.

ઉપર જણાવ્યા મુજબની રીતે ચામડાંને 'ટૅન' કરતાં ઘણી લાંબી મુદત નિકળી જાયછે, પણ એ રીતે ચામડું અછી રીતે 'ટૅન' થતું તથા તેમ ચીવટપણાની ખાશિઅત આવતી સમજવામાં આવેછે. અમેરિકન ટૅનરો એનાં કરતાં વધારે ઝડપી ક્રિયા એખત્યાર કરેછે, અને તેથી તેઓ પાંચથી દસ અઠવાડીયાના અરસામાં ચામડાંને ટૅન કરી આપેછે. તેઓ એ માટે ગરમ ટૅનલીકર' વાપરેછે, તથા ટૅનિનનાં એક્ષટ્રેકટનો ઉપયોગ કરેછે. વખતનો બચાવ થવા સાથ આ ઝડપી ક્રિયાથી ચામડું વધારે કઠણુ બનેછે, પણ ચીવટપણાની ખાશિઅતમાં તે કોતાહ રહેછે, અને તેને ઝડપથી મરડતાં તેમાં ચીરા પડેછે. એટલું છતાં ટૅનિનનાં એક્ષટ્રેકટ યાને અરકનો જો યોગ્ય રીતે ઉપયોગ કર્યો હોય તો તેથી ઘણું સરસ ચામડું બનાવી શકાયછે.

ચાંમડાને ટૅન કરવાના સંબંધમાં, બલકે તે માટે વાપરવાની મેળવણીના સંબંધમાં બીજી એક વાત એ યાદ રાખવાની છે કે ચામડાને જે રંગ આપવો હોય તે આપવા માટે, પૈસાની વાણુ નહિ કરતાં, અનૂસરતા યોગ્ય પદાર્થજ વાપરવાં, કેમકે ઉપર જણાવ્યું તેમ શરૂઆતના તબક્કામાં ચામડું 'ટૅનિન' ઘણી ઝડપથી ખેંચી લેછે, જેથી તે તેની રગોમાં બરાબર બેસી જાયછે. અનુભવી ટૅનરોનું મત એવું છે કે પૈસાની કરકસર કરવી હોય તો તે શરૂઆતના તબક્કા વેળા નહિ પણ વચલા તબક્કા વેળા કીધી હોય તો પરવડે, કે જેટલા વખતમાં અનુસરતી ટૅનિન ચામડામાં પેવશ થઇ ચુકેલી હોયછે.

'ટૅનરીમાંથી બહાર કાઢયા પછી ચામડાંઓને બામ્બુ ઉપર ઉભાં સુકાતાં નાખવામાં આવેછે. અર્ધાક સુકાવા પછી તેમને જમીન ઉપર અકેકની ઉપર ઢગલાઓ કરી ઢાંકી મુકવામાં આવેછે; એવી રીતે કે તેઓમાં ગર્મી આવી લગાર પાણી છુટે. આમ કીધાથી એ પછીની ક્રિયા વધુ સવળ થઇ પડેછે. પછી એક આડા ઉભા ઢીમડાં યાને ઘોડા ઉપર ચામડાઓને નાખી તેમની સપાટી એક ત્રીકોણુ આકારની લગાર ધારદાર છરી વડે એવી રીતે ઓળવવામાં આવેછે કે તેમની ઉપરના 'ગ્રેન' ખેંચાઇને સાફ સપાટ બનેછે; તેમજ ટૅનિંગની ક્રિયા વેળા ચામડાની સપાટી ઉપર 'બ્લુમ' (Bloom) યાને સફેદ છારી બાઝેછે તે ઓળવાઈ નિકળેછે. આ ક્રિયાને સ્ત્રાઇકીંગ આઉટ (Striking Out) કહેછે. આ ક્રિયા માટે યંત્રો બનાવવામાં આવ્યાછે.

ઉપલી ક્રિયા પછી પેલા ચામડાંને થોડુંક તેલ લગાડીને પાછું, લગાર સુકાવાદેવા બાદ લાકડાંની કે જસતની સપાટ બેઠક ઉપર નાખવામાં આવેછે, અને ભારી વજન સાથનાં પિત્તળનાં રોલરો તેમની ઉપર ફેરવવામાં આવેછે. બાદ તેમના 'ગ્રેનની' ઉપર વારા ફરતી ચોકસ રંગ લગાડવામાં આવેછે, જેથી ટૅનીંગની તથા તે પછીની ક્રિયા વેળા જે બી ધાભાંધુબી પડયાં હોય તે નિકળી જઇ આખાં ચાંમડાંનો રંગ એક સરખો બનેછે. પછી એ રંગ સુકાવામાં આવેછે કે તેમને ઉપલીજ રીતે બીજીવાર રોલ કરવામાં આવેછે, તથા સ્ટીમની સ્હેજ ગર્મી આપેલા એક ઓરડામાં તે પછી તેમને સંપૂર્ણ રીતે સુકવવામાં આવેછે. કેટલાક ટૅનરો ચાંમડાને ટૅનરીમાંથી કાઢયા પછી ઝાઝાં સુકાવા દેતા નથી, પણ તેઓ લગાર ભિણાને ભિણાજ સ્ત્રાઇક આઉટ કરેછે, તથા તેઓ ઉપર બાઝેલું બ્લુમ સઘળું ઓખવી કાઢેછે. ઉપર જણાવેલા સ્ટીમની ગર્મીવાલા ઓરડામાં સુકાયા પછી બીજી

વાર 'સ્ત્રાઇકિઆઉટ' કરવામાં આવેછે. ઉપલી રીત મેહેનતનીછે અને તેથી ચામડાનાં વજનમાં પણ ચોકસ ઘટાડો થાયછે, છતાં ઇંગલંડમાં ટૅનરો તે પસંદ એટલામાટે કરેછે કે એવી ક્રિયાથી કેલત્રેલાં ચામડાં વધારે સારી કિંમત ઉપજાવી આપેછે. કેમકે તેથી ચામડાંનો રંગ તથા દેખાવ સામો ખીલી નિકળેછે. ટૅન કરેલાં ચામડાંને અંધારી જગ્યામાં અને ધીમે ધીમે પોતાની મેળેજ સુકાવા દેવાનું ફાયદાકારક સમજવામાં આવેછે.

વળી જૂદા જૂદા પ્રકારના ચામડાં, જેમકે બુટ શુઝના પંજા લાયકના, સૅડલરી બનાવવા લાયકનાં, ગાડીનાં તકીયા લાયકનાં ચાંમડાં કે' ડ્રેસિંગ હાઇડ તથા કૉમન હાઇડને નામે ઓલખાય છે તેમને બનાવવાની રીતો જૂદા જૂદા પ્રકારનીછે. તેમજ ચામડાં કેળવી તેને સાફ કરી નક્ષી પાડવી, દાનાદાર તહૅા પાડવી, વૉરનીશ ચોપડવું વગેરે માટે જૂદી જૂદી ક્રિયા કરવી પડેછે. જેનું જૂદું જૂદું વર્ણન આ ગ્રંથમાં કરવા જેટલી જગા નહિ હોવાથી માત્ર ઉપલા વર્ણન ઉપર સંતોષ પકડવો પડેછે.

રશિયન લેધર રશિયાનું ઘણુ વખાણાયછે. ત્યાં ચામડાંને કેળવતી વખતે તેને 'બર્ચ' જાતના ઝાડની છાલનાં તેલમાં બોળી રાખે છે, તેથી તેમાંથી મનપસંદ વાસ નીકળી સુવાળું બનેછે. આ વાસને લીધે રશિયન લેધરને ઉધાઇ લાગતી નથી, તેમજ તેપર ફુગ ચઢતી નથી. આ ચામડું મુખ્ય કરી ચોપડી બાંધવા, પોર્ટ ફોલીયા વગેરે બનાવવાનાં ઉપ્યોગમાં આવે છે,

**ચાંમડા રંગવાની પણ જૂદી જૂદા રીતોછે**; તેમાં સફેદ અથવા ભૂરા રંગના ચામડાંને નીચે જણાવ્યા મુજબની મેલવણીથી જાત જાતનાં રંગ આપી શકાયછે. લાલ રંગ =કીરમજને સનનાં કપડાની કોથળીમાં બાંધી સુમારે બે ટકા એમોનિયાના મિશ્રણવાળા પાણીમાં ઉકાળયાથી મનપસંદ લાલ રંગ મળે છે. એલીઝરીનને મળતા યાને ચામડીનાં જેવો લાલરંગ સોડાના સોલ્યુશનમાં એલીઝરિનને મેળવીને એક બ્રશ વડે આ મેળવણી ચામડાં ઉપર લગાડવાથી, તથા પાછળથી સાબુનાં પાણીથી ધોઇ નાખ્યાથી ઉપજેછે, રાતો રંગ—આપવા માટે એક ભાગ ટાર્ટર અને ૬૦ ભાગ પાણીમાં " ઝેફ્ર એક્ષટ્રેકટ'ની મેલવણી ઉપયોગી થઇ પડેછે. લીલો પણ ખુલ્લો રંગ—ફ્સ્ટીક આરકીલ તથા પાણીના મેલવણીથી બનેછે. તે કરતાં વધારે ઘેરો લીલો રંગ—પાણીમાં પિક્રીટ ઍસિડ મેળવ્યાથી બનેછે. ઘણો ઘેરો લીલો રંગ—બનાવવા માટે એક ભાગ લૉગઉડ અને ૪ ભાગ 'ક્વેરસાઇન્ત્રન'ની મેળવણી, પેહેલાં 'વીત્રિયાલ'ની જલદ મેલવણી ચામડાં ઉપર લગાડયા પછી ચોપડયાથી ઉપજાવી શકાયછે.

વૉટરપ્રૂફ ચામડું બનાવવા માટે 'બૅન્ઝોઍસિડની' પ્રવાહિ સાથે પેરેફીનનું મીન આમેજ કરવાથી બનાવી શકાયછે. એક સીસીમાં ઉપલી પ્રવાહી નામી તેમાં જેટલું પિગળે તેટલું મીન પિગળાવવું, આ મેલવણી ચામડાં ઉપર ઝડપથી ચોપડવી. તેમાંની ઉપલી ઍસિડ હવામાં ઉડી જઇ મીણ ચામડાનાં છિદ્રમાં પેવશ થઇ તેને વૉટરપ્રુફ તેમજ નરમ બનાવશે. પેટંટ લેધર માટે આ મેલવણી ઉપયોગી ગણાઇછે.

**ચામર છંદ**—પિંગળ શાસ્ત્ર મુજબ રગણ, જગણ ને મગણનો ચામર છંદ બનેછે, તેમાં ૮ અક્ષરે વિસામો આવેછે.

**ચામરાજ**—મ્હૈસૂરના રાજ્યનો મૂળ સ્થાપક. ૧૫૦૭માં ચામરાજનાં હાથમાં મ્હૈસૂરનું રાજ્ય હતું. એ ૭ આંગળીયો હતો, એ પ્રથમ એક જમીનદાર હતો પણ તેના વારેસ બેટા ચામરાજે ઇ. સ. ૧૫૨૪ માં પોતાના ત્રણ પુત્રો વચ્ચે જાગીરો વેંહેંચી આપી હતી. તેમાં સર્વથી નાહના બેટાને પુરાગઢનો કિલ્લો અને તેની પાસેના ગામો આપ્યાં હતાં, તેજ વર્ષમાં તેણે કિલ્લો સુધારી બંધાવ્યો તેનું નામ બહિષાસૂર પાડયું અને તે ગામ ઉપરથીજ મ્હૈસુર નામ પડયું.



**ચામરાજ નગર**—એજ નામના તાલુકાનું મુખ્ય શેહેર મ્હૈંસૂરની દક્ષિણ પૂર્વે ૩૬ મૈલપર છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૪૧૨૩ ની હતી. એનુ પુરાણું નામ 'અકોતાર' હતું પણ ૧૮૧૨ માં મહારાજા ચામરાજ ઉદયારનો અત્રે જન્મ થત્રાથી એનું નામ ચામરાજ નગર પડયું. ૧૮૨૫માં મહારાજાએ અત્રે 'ચામરાજેશ્વરનું' મ્હોટું મંદીર બંધાવ્યું હતું, તેમજ અત્રે એક રાજ મેહેલછે કે જે પુશકળ શેહેરના ખંડીયરની પૂર્વે બે મૈલપર છે. તેને મણીપુરને નામે ઓળખેછે.

**ચામુંડ**—ચાવડા વંશનો એ પાંચમો રાજા, ઇ. સ. ૮૮૦ માં ક્ષેમરાજ પછી ગાદીએ બેઠો. એણે ૯૦૮ સુધી રાજ્ય અમલ ભોગવ્યો હતો. તે દરમ્યાન એણે અણહિલવાડ પાટણમાં ભૂયડેશ્વરતું મંદીર બંધાવ્યું હતું. એના પછી એનો પુત્ર ઘાઘડ ગાદીએ બેઠો.

**ચામુંડ**—સોલંકી વંશનો આ બીજો રાજા. એણે ઇ. સ. ૯૯૭થી ૧૦૦૦ સુધી રાજ્ય અમલ ભોગવ્યો. એ મહાપરાક્રમિ મૂળરાજનો યૂવરાજ હતો. એને વલ્લભરાજ, દુરલભરાજ અને નાગરાજ એવા ત્રણ પુત્રો હતા. આ રાજા ઘણો વ્યભિચારી હોવાથી તેની બેહેન વાવિણીદેવીએ તેને પદભ્રષ્ટ કર્યો હતો. એ પોતાનાં બુરાં કર્તૃકોનો પશ્ચાતાપ કરવા કાશી જતો હતો, તેવામાં માળવાના રાજાએ તેને લુટી લીધો, તેથી તે પાછો ફરી પોતાના પુત્ર વલ્લભરાજને માળવાપર ચઢાઇ કરવા ઉશકેર્યો, તે ચઢાઇ દરમ્યાન શિતળાથી મરણ પામ્યો. આથી ચામુડે બીજા પુત્ર દુલભરાયને ગાદીએ બેસાડી પોતે નરમદાપર શૂકલ તિરથ પર જઇ રહ્યો.

**ચામુંડા**—(જુઓ કાલીકા દેવી.)

**ચામુંડી બેતા**—માયસોરની આ એક ઉંચી ટેકરી માયસોરમા કિલ્લાની દક્ષિણ પૂર્વે બે મૈલ ઉપર સમુદ્ર સપાટીથી ૩૪૮૯ ફીટ ઉપર છે. અત્રેથી ગાડી ઘોડે જવાનો માર્ગ પ૱ મૈલ લાંબો છે, કે જ્યાં હાલના માહારાજાના દાદાએ બંધાવેલું ચામુડદેવીનું મંદીરછે. હૈદરઅલીના અમલ સુધી અત્રે મનુષ્યં બળી આપવામાં આવતા હતા. અત્રે એક નક્કર પથ્થરમાંથી ૧૬ ફીટ ઉંચો નંદી કોતરી કાઢવામાં આવ્યોછે, આ નંદી ઇ. સ. ૧૬૫૯માં માયસોરના રાજા દોડાદેવરાજે કોતરાવ્યો હતો.

**ચારકોલ**—અથવા લાકડાનો કોલસો. લાકડામાંથી હવા કહાડી નાખ્યા પછી તેને સખ્ત ગર્મી આપવાથી ચારકોલ બનેછે. ચારકોલ ઘણી જાતનાં થાયછે, જે વાપરવામાં આવેલા લાકડાની જાત ઉપર આધાર રાખેછે. જ્યાં ધુમાડા વિના સખ્ત ગર્મીની જરૂર હોયછે ત્યાં ચારકોલ વપરાય છે. લોખંડમાંથી પોલાદ બનાવવાની ક્રિયા વખતે ચારકોલ બળતણ તરીકે વપરાયછે. કારણ કે એવાં કામ માટે જોઇતું કારબોનનું તત્વ એમાંથી મળી શકેછે. જ્યારે એને દળીને એનો બારીક ભૂકો કરવામાં આવેછે ત્યારે લેમ્પ બ્લેક અથવા કાજળ માટે વપરાતા પદાર્થો માહેલો એક પદાર્થ બનેછે. છાપવાના કામમાં વપરાતી સાહિ બનાવવાના કામમાં પણ એ વપરાયછે.

**ચારજાૂઇ**—મધ્ય એશિયામાંનું આ એક રશિયન ગામ. એ આમુ દર્યા ઉપર ડાબી ગમ ૬ મૈલ ઉપર છે. અત્રે ૪૫૦૦ ની વસ્તી છે. ૧૮૮૮ માં અત્રેથી ત્રાન્સાકોકેસ્યાની ગંજાવર રેલ્વે, નદી ઉપર બાંધેલા પૂલ મારફતે પસાર થાયછે.

**ચારન**—પશ્ચિમ હિંદુસ્તાનમાંની આ પ્રજા વતની છે. એઓ ભાટ અને બરડને મળતા છે. ભાટ વિષે એવી દંતકથા છે કે-પાર્વતીએ શિવનાં અશ્રૂમાંથી પોતાની મોજ થકી ભાટ ઉત્પન્ન કર્યાં; પણ તેઓએ શિવની સ્તુતિ કરી તેને રીજવવા માંડયો. આથી પાર્વતીએ તેમનીપર ક્રોધે ભરાઇ સ્વર્ગમાંથી હાંકી મેલી પાતાળમાં મોકલી રખડતી કોમ તરીકે ભટકવાના શ્રાપ આપ્યા, તથા તેઓએ પૃથ્વી પરના યોદ્ધાઓની કીર્તિ ગાઇ તથા દેવતા-

ઓની સ્તુતિ ગાઇ જીંદગી ગુજારવાનું તેમને નસીબે સરજ્યું હતું.

બીજી કથા મુજબ માહાદેવનો એક નંદી અને સિંહ એવા બે વાહન હતા; પણ નંદીને સિંહ રોજ મારી જતો હોવાથી માહાદેવ રોજબરોજ નંદીને ફરીફરી સજીવન કરતાં કંટાળીને તેની રખેવાળી થકી ચારણ જાતની ઉત્પંત્તિ કરી.

ઇંડસ તથા ગુજરાત અને માળવામાં ચારનને બીજી પ્રજા તરફથી ઘણું આદર માન મળેછે, આગલા વખતમાં જો કોઇ વનજાર ચારનની સરદારી તળે જંગલમાંથી મુસાફરી કરતો હોય તો આ શિવના પુંજારીની ટોળીને લુટારા લુટવાથી ડરતા, તથા તેમના તરફ માન ધરાવી તેમને પોતાના સાથી સાથે વગર હરકતે જવા દેતા. પણ જો કોઇ લુટવા આવતા તો તેઓ પોતાનું ખૂન પોતાને હાથે રેડી તેનું પાપ ચોરોને માથે નાખતા. પણ જો ચોરો સર્વેને લુટતા તો તેઓ પોતાને હાથે પોતાનો પ્રાણ ઇજ્જત ખાતર ગુમાવતા. ચારન પ્રજા લખી વાંચી જાણનારી કેળવાયલી પ્રજા છે. આ પ્રજાનો મુખ્ય વસ્તીવાલો ભાગ કચ્છ, ભૂજ અને ચિતોર તરફ છે. જ્યારે ઇ. સ. ૧૪૦૦ માં કાઠીઓ દુકાળથી પીડાઇ કચ્છમાંથી કાઠીયાવાડ ગયા ત્યારે તેમની સાથે ચારણની એક ટોળી ગઇ હતી. તેઓ ભટકતી જીંદગી ગાળેછે. ચારણ સ્ત્રીઓ પતિવ્રતપણુ જાળવવા માટે ઘણી પ્રસિદ્ધતા પામીછે, અને તેથી તેઓ ઘણી વખણાય છે. તેઓનાં કેટલાક ધંધાદારીઓ તથા ખેડુતો છે. ચારણ સ્ત્રી પુરૂષો દેખાવડાં, ઉંચા અને ઘઉં વર્ણી છે, તેઓ હિંદુ રિવાજ પાળેછે તેમજ સ્ત્રીઓ નાતરૂં કરેછે, તેમની પૂજ્યદેવી ભવાની છે, તે શિવાય ખોડીઅર અને આશાપુરી માતાને માનેછે.

**ચારતાર**—એક પ્રકારનું દેશી વાજીંત્ર. આ વાધમાં ૩ તાર પિત્તળનાં અને એક તાર પોલાદનો હોયછે.

**ચારત્રીસ**—'યુરિટી લૅાયર'નાં ફ્રેન્ચ વિભાગનું મુખ્ય શેહેર, પેરિસની દક્ષિણ પશ્ચિમે ૫૫ મૈલ પરછે. આ શેહેર ઉપલું અને નીચલું એમ બે શેહેરમાં વેંહેંચાયલુંછે. આ શેહેર ૧૧૯૨ અને ૧૨૬૦ વચ્ચે બંધાયું હતું. તેમાં દક્ષિણ પશ્ચિમ તરફનો ૩૪૨$\frac{1}{2}$ ફીટ ઉપર તથા ઉત્તર પશ્ચિમતું શેહેર ૩૭૧ ફીટ નીચુંછે. જે ઈ. સન ૧૫૦૬-૧૪માં બંધાયું હતું. અત્રે દર અઠવાડીયે ધાન્યનું બજાર ભરાયછે. અત્રે ઉન, મોજાં કાચકામ વગેરેનાં કારખાનાં છે. ૧૮૭૨માં વસ્તી ૧૯૩૨૨ની ને ૧૮૯૧માં ૨૨૭૬૨ની હતી.

**ચારબાગ**—જમના નદીને કાંઠે બાબર શાહે એક ગંજાવર બગીચો બનાવ્યો હતો, જેને હસ્ત બેહસ્ત કહેતા હતા. તેમાં તર્હેવાર જાતની ફળફળાદી અને મેવો ઉગેલો હતો. હાલમાં આ બગીચાની હસ્તીનાં ખંડીયર મળતાં નથી.

**ચાર્લ્ટનબર્ગ**—આ પૃશિયન શેહેર સ્પ્રિ નદીપર બર્લિનની પશ્ચિમે ૩ મૈલપર છે. અત્રેનો પાદશાહી મેહેલ ૧લા ફ્રેડરિકની બીજી રાણી સોફીચાર્લોટે ૧૬૯૬માં બંધાવ્યો હતો. અત્રે કાચકામ રંગવાની એક પાદશાહી પાઠસાળા તથા એનજીનિયરીંગ સ્કુલ, યંત્રોના કારખાનાં, પોર્સેલીનના કારખાનાં, કાચ, કાગળ, ચામડાં, રસાયન પદાર્થો અને બીર બનાવવાનાં કારખાનાં છે. લોક વસ્તી ૧૮૭૧માં ૧૯૫૧૮ની, ૧૮૮૦માં ૩૦૪૮૩ની તથા ૧૮૯૧ માં ૭૬૮૫૯ ની હતી.

**ચાર્લ્સ ધી ગ્રેટ**—(જુઓ શાર્લમન)

**ચાર્લ્સ ૧ લો**—આ ઈંગલંડના રાજાનો જન્મ ડનફરલીનમાં ૧૯ નવેંબર ૧૬૦૦ માં થયો. એ બાળવયમાં એટલો તો નબળો અને અશક્ત હતો કે પાંચ વર્ષનો થયો ત્યાં સુધી બોલવાનું વટીક શિખ્યો નહોતો અને ૭ વર્ષ સુધી તો ફસડીયાં મારી ચાલતો હતો. એને બેપતિઝમ આપ્યું તેજ વેળા ડયૂક ઑવ યૉર્કનો ખેતાબ આપ્યો; પણ પ્રિન્સ



હેન્રિના મરણથી ૧૬૧૬માં એને પ્રિન્સ ઑવ વેલ્સનો ખેતાબ આપ્યો. અને ૧૬ મી નવેંબરે ચાર્લ્સ ફ્રાન્સની શાહજાદી હેન્રિએટા સાથે પરણ્યો.

૧૬૨૫ માં ૨૭ મી માર્ચે રાજ્યગાદીએ બેઠો. ૧૭ મી જુને એ પોતાની પ્રિય રાણીને લેવા ડોવ્હર ગયો હતો. એ ધર્મપર ખરી નિષ્ટા રાખનારો હતો, અને એ ગંભીર તો એટલો હતો કે સદા ઉદાસ દેખાતો. વ્યભિચારાદિક ઈંદ્રિયોની મોજ શોખને એ ધિક્કારતો હતો, આથી એનો અમ્મલ બેસતાં દરબારમાંથી દુરાચારનો નાશ થયો, ને દેશમાં સૂનિતીનો વધારો થયો. પણ એનામાં એક એ ખોડ હતી કે તે પોતે રાજા તરીકે તદન સ્વતંત્ર સમજતો. એ દૃઢ મનનો ને પ્રમાણીક નહોતો, તથા તેની રાણી દુરાગ્રહી તથા કેથોલિક પંથની હતી. તેમજ બકિંગહામ એના પિતાનો માનીતો હતો તેની કુલ સતા એનાપર જારી હતી. એણે બકિંગહામની સલ્હાથી સ્પેન સાથે લઢાઇ કરી, જે ૪ વર્ષ જારી રહી. તે દરમ્યાન રાજાએ કોમન્સ તથા લોર્ડની સભા સાથે અનબનાવ કરી પોતાની સ્વતંત્રતા જણાવી. બકિંગામના બંચાવ અરથે લોર્ડો સાથે અનબનાવ કરી ૧૬૨૬ માં ૧૫મી જુને સભા બરખાસ્ત કરી. પણ પૈસાની તંગી વધવાથી ચાર્લ્સે પ્રજાપર જુલ્મી કર નાખી એકઠા કરવા માંડયા. જેઓ કર નહિ આપતા તેઓને કેદમાં પુરતો. તેમાં હેમ્પડન અને તવંગર પુરૂષોને પણ કેદ કરયા. આથી પ્રજાએ તેમનો ઇન્સાફ ખુલ્લી અદાલતમાં કરવા માંડયો, પણ જડજોએ રાજાના અધિકાર સામે થવા ના પાડયાથી પ્રજા ઉશકેરાઇ. તેટલાં ફ્રાન્સપર ચઢાઇ મોકલી તેમાં હાર મળવાથી ચાર્લ્સે ફરી પાર્લમેંટ ૧૬૨૮માં બોલાવી અને કેદીઓને છોડી મેળયા. કૉમનસે માગેલી શર્તો ચાર્લ્સે કબુલ કરવાથી પારલામેંટે ૩૫૦૦૦ પૌંડનો કર ઉઘરાવવાનો રાજાને અધિકાર આપ્યો. તેટલાં બકિંગહામને ફેલ્ટન નામેં શખસે ૧૬૨૮ ના જુલઇમાં મારી નાખ્યો. તે પછી પણ રાજાએ જકાત લેવામાં સખ્તી વાપરી; તેમાં ચેમ્બર્સ, વાસાલ અને રૅાલ્ફ જેવા દેશહિતકારીઓ લડવામાં પાયમાલ થયા. ૧૬૨૯મા ચોથી પાર્લામેંટ મળી તે વેળા ચાર્લ્સ ઘણી સ્વતંત્રતાથી વર્તી પોતેજ પાર્લામેંટ બરખાસ્ત કરી જાહેર કર્યું કે પોતે હવે પછી સ્વતંત્ર પણે રાજ્ય ચલાવશે.

ઉપર જણાવ્યા મુજબ ચાર્લ્સે ૧૬૨૯ થી ૧૬૪૦ સુધી પાર્લામેંટ વિના રાજ્ય કર્યું. આ મુદત દરમ્યાન જકાત તથા વેરા નહિ આપનારને તથા ધર્મ સંબંધી 'લાડ' ના મતને મળતા નહિ આવનાર વગેરેને દંડ, કેદ, ફટકા, પીલરી, નાકકાન ચીરવાની, કાન કાપવાની વગેરે નિર્દય શિક્ષા કરી. આ શિક્ષા કરવા માટે 'સ્ટાર ચેમ્બર અને હાઇ મિશનની કોર્ટો પુર જોશથી ચાલુ હતી. એક વેળા હેમ્પડન પાસેથી રૂ ૧૦ નો નજીવો કર ઉઘરાવવા ચાંપતો તકાજો કરવાથી તે વીર પુરૂષે જબરી બાથ ભિડી. આ માત્ર ૧૦ રૂપ્યા માટે ૬ માસ લડત ચાલી તેમાં હેમ્પડન સાથે ૭ ન્યાયાધીશો અને તર્ફેણમાં બેનાં મત પડયાં, પણ હેમ્પડન ડરયો નહિ, તેણે લોકોને ઉશકેરી મેળયા. આથી લોક પણ કર આપવા સામે થયા. આ વેળા રાજાએ ભારે જુલમ કરવાથી ઘણાકો અમેરિકા તરફ ગયા, પણ રાજા ચાર્લ્સે તેમાંના ઘણાકને અટકાવ્યા; તેમાં એનું રાજ્ય ઉંધું વાળનાર ક્રૉમવેલને પણ જતો અટકાવ્યો (૧૬૩૭). આવી રીતે વર્તણુક ચલાવવાથી પ્રજા ભારે ઉશકેરાઇ ગઇ. તેઓએ કિલ્લા અને થાણા કબજે કર્યા. ફ્રાન્સના રાજા તથા નારાજ થએલા ઈંગ્રેજોની મદદ મેળવી. ૧૮૩૮ માં ૨૧ નવેંબરે ગ્લાસગોમાં સભા મળી, તેણે હાઇ કમિશન કોર્ટ કાઢી નાખી અને ધર્મ સંબંધી સર્વ ધારા રદ કર્યા. પાંચમી પાર્લામેંટ ૧૮૪૦ ના એપ્રીલમાં મળી આ સભામાં ચાર્લ્સથી સજા પામેલા

અને સંકટથી કાયર થએલા સર્વે આવ્યા. પણ કૉમન્સે હેમ્પડનના કામનો જે જડજોએ ફેસલો કર્યો તે ખોટોછે તથા જડજોને સજા કરાવી એવું જણાવ્યાથી ચાર્લસે ફરી પાર્લામેંટ બરખાસ્ત કરી. ૧૬૪૦ માં ૨૫૦૦૦ સ્કોટ સિપાઇઓ ઉત્તર તરફના પ્રગણાપર ચઢી આવ્યા. આથી ઇંગ્રેજ પ્રજા ઘણી ખુશી થઇ. રાજાએ યૉર્કમાં સભા ભરવાનું ઠેરવ્યું. તેટલાં ૧૬૪૦ માં ૩ જી નવેંબરે રાજાને ફરજીયાત પાર્લામેંટ બોલાવવી પડી. આ વેલા પ્રજારક્ષિઓ જીવપર ઉદાર થઇ આવ્યા. આ પાર્લામેંટને લાંબી પાર્લામેંટ કહેછે. જે ૧૬૬૦ સુધી વિસરજન થઇ નહોતી.

આ પાર્લામેંટ મલ્યા પછી રાજાનો અમલ પડી ભાગો. ઇંગલંડનાં રાજ પ્રકરણમાં ‘ટોરી’ અને ‘વિગ’ એવા બે મ્હોટા પક્ષ હજી ચાલુ છે તેનું બીજ આ પાર્લામેંટે રોપ્યું. આ પાર્લામેંટ પ્રજાપર જુલમ ગુજારનારા અમીર ઉમરાવો તથા અધિકારીઓને સખત સજા કરી, જેની સામે ચાર્લસ થઇ શકયો નહિ.

ઉપલા બનાવ પછી બે વર્ષ સુધી ખટપટો ઉઠી. ૧૬૪૨ ના આગસ્તમાં નૉટિંગહામમાં રાજા સામે પાર્લામેંટનું લશકર લઢવા ગયું. આ વેળા લંડન શેહેરે ૪૦૦૦ સીપાઇઓ અને બેહદ દ્રવ્યથી પાર્લામેંટને મદદ કરી. શરૂઆતમાં ચાર્લસની ચઢતી થઇ. નૉર્થમટનમાં ૧૫૦૦૦ સીપાઈઓનો સરદાર થઇ ‘ચેકેસ’ ગયો, ચાર્લસ ૧૦૦૦૦ સીપાઇ સાથે શ્રૂસબરી ગયો ત્યાં અનેક કાપાકાપી થઇ. છેલ્લે ૨૯ નવેંબર ૧૬૪૨ માં શિયાળો શરૂ થતાં લઢાઇ બંધ પડી. ૧૬૪૩ માં રિડીંગ’ કરઓ એસેકસે જીતી લીધો. બ્રિસ્ટલ તે પછી શાહજાદા રૂપર્ટને હાથ ગયું, પણ પાર્લામેંટે ‘લાર્ડ’ ને મારી નાખ્યો. સ્કૉટીશોને પાર્લામેંટે ૧૮૪૪ માં એક લાખ પૌંડ આપવાથી તેઓ ઇંગ્લાંડમાં પાર્લામેંટ તરફથી લઢવા આવ્યા, તેટલાં લૉર્ડ આર્મોન્ડે આયરલંડથી ૫૦૦૦૦ નું લશકર રાજાની કુમકે મોકલ્યું, પણ તે ફોજનો નાશ ફેરફેકસે વેલ્સ નજદીક ૨૫ જાનેવારીએ કર્યો. પછી એ ફોજે સ્કોટ. સૈન્ય સાથે જોડાઇ યૉર્ક શેહેરને ઘેર્યું. રૂપર્ટ ૨૦૦૦૦ ના સૈન્ય જોડે છુટકો કરવા આવ્યો પણ ક્રૉમવેલની ચતુરાઇ અને ફેરફેકસની મદદથી શાહાજાદો હાર્યો, ને ન્યુકેસ્ટલ સ્કૉટ લશ્કરે લીધું. આથી પાર્લામેંટ મજબુતાઇ પામી (૧૬૪૪ અકટોંબર)

૧૬૪૫માં એકસબ્રીન કસબામાં રાની તથા પાર્લામેંટ સાથે સુલ્હે કરવાની ઘણાકોએ ગોઠવણ કરી પણ રાજાએ માન્યું નહિ. તે પછી ચાર્લએ લઢાઇ ઉઠાવી, અનેક ઝપાઝપીઓ થયા પછી ૨૪ મી જુને ચાર્લસ નહાશી વેલ્સ ગયો. ત્યાં સ્કોટ સેના તેની પાછળ ગઇ. રૂપર્ટે બ્રિસ્ટલ શેહેર આપી દીધું કે રાજા ૨૫ નવેંબરે ઑકસફર્ડ જઈ ભરાયો, પણ સ્કૉટ લોકોએ પાર્લમેંટ પાસેથી ૪૦૦૦૦ પૌંડ લઇ રાજાને ક્રોમવેલને સ્વાધીન કર્યો. ૧૬૪૭માં ૧૧મી નવેંબરે રાજા ચાર્લસ હેમ્પડન કોર્ટમાંથી નહાશી જતાં માર્ગમાં પકડાયો. ૧૬૪૮માં ૧૩ જાનેવારીએ પાર્લામેંટે રાજાને પદભ્રષ્ટ કર્યો. આથી પ્રજાનો કેટલોક ભાગ સામો થયો, પણ ક્રૉમવેલના બળસામે કોઇનું કાંઇ વળયું નહિ. રાજાએ છુટકા માટે ઘણા પ્રયત્ન કરવા માંડતા તેને ન્યૂપોર્ટથી બીજા કિલ્લામાં પુર્યો. રાજાનો વધ કરવાની ક્રૉમવેલે બાજી રચી પણ સભાસદો એકમત થયા નહિ, આથી ૧૮૪૮ ની ૬ ઠી ડીસેંમ્બરે ક્રૉમવેલે સભામંડળનું મકાન ઘેરી ઘણાકને તાબે કર્યા. ૧૬૪૯ માં રાજાને વ્હાઇટ હૉલમાં આણી રાખ્યો. વેસ્ટમિન્સટર હૉલમાં નવી કોર્ટ મળી ત્યાં ૩ દિવસ વેર રાજાનો ઇન્સાફ કરી શિરચ્છેદની ટેપ આપી. આ ઇન્સાફ મુજબ ૩૦ જાનેવારીએ ચાર્લસને વ્હાઇટ હૉલ નજદીક કતલ કરવામાં આવ્યો.

**ચાર્લ્સ ૨ જો**—આ ઇંગલંડના રાજાનો જન્મ ૧૬૩૦૭૨૯ મે માં થયો. ૧૬૪૨માં એ



એડગી હીલ ખાતે રહેતો હતો અને ૧૬૪૬ માં પશ્ચિમ ભાગમાં હતો, અને તે પછી ફ્રાન્સ તરફ સીસલી અને જર્મની માર્ગે નહાશી ગયો. એ બે વર્ષ સુધી પારિસમાં રહ્યો જ્યાંથી તે હૉલંડ ગયો. ૧૬૪૮ માં એણે લશકરી કાફલા સાથે જોડાઇ થેમ્સ માર્ગે ઇંગલંડ પર ચઢાઇ કરી પણ તે પછી ચાર્લસની ટેપ વિશે જાણતાં ‘કોરે કાગળે મતૂ’ કરીને પિતાનો પ્રાણ બંચાવવા પાર્લામેંટને અરજ કરી, પણ કશું વળ્યું નહિ, તેથી તે પરદેશ ગયો. પણ તે પછી ૧૬૫૧ માં સિઓન ખાતે એ રાજા તરીકે ગાદીએ બેઠો, અને તેજ વર્ષના આગસ્ટમાં ૧૦૦૦૦ ના સૈન્ય સાથે ઇંગલંડપર ચઢાઇ લઇ ગયો પણ ૩ જી સપટેંબરે ક્રોમવેલે તેનો તદ્દન પરાજય કર્યો. તે પછી ચાર્લસે ફ્રાન્સ, કોલોગન વગેરે ઠેકાણે ભટકવામાં વખત કાઢયો. પણ તેટલાં ક્રોમવેલ મરણ પામતાં તેના બેટાએ ખુશીથી રાજ્ય લગામ છોડી દેવાનું જણાવવાથી પાર્લામેંટે ચાર્લસને ચોકસ શર્તોએ ફરી રાજ્યગાદી આપવા જણાવ્યું, તે તેણે કબુલ કરી ૧૬૬૦ માં ૨૭ મે એ ડોવરમાં પગ મેલ્યો. અને ૨૯મીએ લંડનમાં દાખલ થઇ રાજ્યસનપર બેસી દુશમનોને માફ કર્યા.

પાર્લામેંટે ચાર્લસને ૧૨૦૦૦૦૦ પૌંડની પેદાશ કરી આપી હતી. પાર્લામેંટે ફ્યૂડલ ધારા બંધ કરી જમીનદારોને મુકત કરી દારૂપર જકાત નાખી, ને પછી ક્રૉમવેલ, આયર્ટન તથા બ્રાડશાનાં મુર્દાને ખણી કઢાવી ફાંસીએ લટકાવ્યાં, ને તેમનાં માથાં કાપી વેસ્ટમિન્સટરમાં લટકાવ્યાં (જુઓ આલીવર ક્રૉમવેલ). તે પછી ૪૦૦૦ પ્યાદળ અને ૧૦૦૦ સ્વાર રાખી બાકીની ફોજને રજા આપવામાં આવી. ઈંગલંડમાં જાથુક અને પગારદાર લશકર રાખવાનો ચાલ એના અમલમાં નિકળયો. ૧૬૬૧માં સ્કોટલંડમાં પાર્લામેંટ મળી ને ત્યાં ચાર્લસની સત્તા સ્થાપન થઇ. ચાર્લસ પ્રોટેસ્ટંટ તથા કેથોલીક વચ્ચેનો ધર્માંધપણું દુર થએલું જોવા ઇચ્છતો હતો, પણ પાર્લામેંટનાં એક તર્ફી ધર્માંધપણાને લીધે તે કાંઇ કરી શકયો નહિ.

આ વેળા ફ્રાન્સમાં ૧૪ મો લુઇ રાજયાસને હતો. તે વેળા પોર્ટુગલ તથા સ્પેન વચ્ચે કલ્હ જાગ્યો, તેમાં લુઇએ ઈંગલંડ જોડે પોર્ટુગલને મદદ કરી, તેમજ ચાર્લસે પોતાની બેહેનનાં લગન લુઇ જોડે કીધાં. અને પોતે ૧૬૬૨માં પોર્ટુગલના રાજાને કુંવરીને વર્યો. આ વેળા રાજાને ૫,૦૦,૦૦૦ પૌંડ રોકડ તથા મુંબઇ ટાપુ અને આફ્રિકાનો તાનજીર્સ નામે કિલ્લો પેહેરામણીમાં મલ્યો. પણ ચાર્લસ કુછંદી હોવાથી આ રાણીને સુખ આપ્યું નહિ; પણ એણે સર્વ દોલત બદરાહે ઉડાવી, તથા ડંકર્કબંદર અને તેનો મજબુત કિલ્લો ફ્રાન્સને વેચ્યો.

ચાર્લસના ભાઇ જેમ્સના મુરબ્બીપણા હેઠળ આફ્રિકન કંપની ઉભી થઇ. તેના માનસોએ ગીનિને કાંઠેથી સોનું આણ્યું, તેના સિક્કા પાડયા જે ઉપરથી તે સિક્કા ગીનિને નામે ઓળખાયછે.

એના રાજ્ય અમલ વેળા ઈંગલંડપર બે આફતો વર્સી. ૧૬૬૫માં લંડનમાં કાળા રોગ નામે મર્કી ફાટી. જુલાઇ માસમાં દર હફતે એટલે સતવારીઆમાં ૧૧૦૦ માણુસ મુવા, ને સપટેંબરમાં ૧૦,૦૦૦ મુવા, પણ ૧ વર્ષમાં જુમલે ૧,૦૦,૦૦૦ માનસો મરણ પામ્યા હતા. આ વેળા પાર્લામેંટને ઓકસફર્ડ લઇ ગયા. બીજી આફત ૧૬૬૬માં વરસી. સપટેંબરના રવિવારે સંધ્યાકાળે ભયંકર આગ લાગી; આ આગ ૧૦ દિવસ લંબાઇ તેથી તમામ શેહેર નાશવંત હાલતમાં આયું. આ આગથી ૪૦૦ મોહલા જેમાં ૧૩૦૦૦ ઘરો હતાં તે સર્વ બળી ગયાં અને ૮ માનસો બળી મુવા હતા.

૧૬૬૮ માં ચાર્લસે હૉલંડ તથા સ્વિડન જોડે કરાર કર્યા, આથી ફ્રાન્સ નરમ પડયું. પણ ૧૬૭૦ નાં મે માસમાં ચાર્લસે ડોવ્હર ખાતે ફ્રાન્સ જોડે ગુપ્ત કોલકરાર કરી પોતે રોમન કેથોલિક ધર્મ ખુલ્લે પણે પાલવા

નક્કી કર્યું. તથા હૉલંડ અને સ્પેન જોડે યૂદ્ધ થાય તેમાં ફ્રાન્સને મદદ આપવાનું કબુલ્યું. તેના બદલામાં લુઇએ એને ૧૨૦૦૦૦ પૌંડનું પેનશન આપવાનું કબુલ્યું તથા તેટલાં ઈંગલંડમાં બંડ થાયતો ચાર્લ્સને ૬૦૦૦ ના લશકરથી લુઇએ મદદ કરવી એવું ઠર્યું. તેમજ એણે ૧૩૦૦૦૦૦ પૌંડ પાર્લામેંટના લડાઇ માટેનાં ઉચાપત કર્યા.

૧૬૭૩ માં પાર્લામેંટ મળી, તેણે બળતવારીથી સામે થઇ રોમન કેથોલિક પંથનું બળ તોડયું. તે વેળા જે પણ કેથોલિક હોય તેથી રાજદ્દુવારી હક યા સત્તા ભોગવાય નહિ એવા કસમ લેવા પડતા. જે કાયદો ૪ થા જ્યોર્જના સમય સુધી કાયમ હતો. ૧૬૭૪ માં ચાર્લ્સે વલંદાઓ પાસથી ૩૦૦૦૦૦ પૌંડ દંડ લઇ સલહા કરી. ૧૬૮૦ માં મલેલી પાર્લામેંટ વેળા કૉમન્સે જેમ્સ કેથોલિક હતો તેથી તેનો દાવો તખ્તપરથી રદ કર્યો પણ ચાર્લ્સે પોતેજ હાજર થઇ મત લેતાં તે બીલ ઉડી ગયું. આથી કોમન્સોએ લાર્ડ સ્ટાફર્ડ નામે કાથોલિકના વડા ઉમરાવને રાજદ્રોહના તોહમત માટે ઇન્સાફની અદાલતમાં ખેંચી તેનો શિરછેદ કરાવી ગુસ્સો ખાલી કર્યો. ૧૬૮૦ ના માર્ચમાં ચાર્લ્સે ઑક્સફાર્ડમાં પાર્લામેંટ બોલાવી. ૧૬૮૩ માં રાજા ચાર્લ્સને મારી નાખવા રાઇહાઉસ નામે જગામાં પ્રપંચ રચાયો, પણ ચાર્લ્સ બચી ગયો ને પ્રપંચી સજા પામ્યા. આ વેલા લાર્ડ રસલ નામે ઉમરાવને રાજદ્રોહમાં સંડોવી તેને શિક્ષા કરી. તે પછી ચાર્લ્સ માંદો પડી ૧૬૮૫ માં ૨ જી ફેબ્રુવારીએ મરણ પામ્યો. મરતી વેળા તેણે કેથોલિક પંથ સ્વિકાર્યો હતો.

**ચાર્લ્સ ૪ થો**—આ જર્મનીના પાદશાહને ઇ. સ. ૧૩૪૭ માં ઇલેકટરોએ ચુંટી કાઢયો ને શેહેનશાહ નેમ્યો. પ્રથમ એ બોહિમીયાનો રાજા હતો પણ ઇલેકટરોની ચુંટણીથી ચુંટાઈ રાજા થતાં ૧૩૫૬ માં એણે એક સૂવર્ણ પત્રીકા એવી કાઢી કે કયા કયા રાજાઓને ચુટણીનો હક છે તે તેમાં લખેલું હતું, અને તેપર સુન્નાની મોહોર કરેલી હતી. આ પત્રીકામાં નીચે મુજબ નામો હતાં—મેન્ઝ, કલોન અને ટ્રીવ્જનનાં આર્ચબિશપ તથા બોહિમીયા, બ્રાડેનબર્ગ, સેકસની, અને રહાઇન પાલેટીનેટનાં સંસ્થાનિક મળી સાત. પાલેટાઇન મુખ્ય કારભારી, સેકસનીનો ડ્યૂક પાયગાનો ઉપરી, બ્રાડેનબર્ગનો માર્ગેવ ખાનગી કારભારી, એવા ઇલેકટ્રરોને મુખ્ય નામનાં ઓદ્ધા આપ્યા હતા. ફ્રાંકફોર્ટમાં ઇલેકટરોની સભા મેળવી બાદશાહની ચુંટણી કરવા, અને એક્ષમાં રાજ્યભિષેક કરવો એવો ઠરાવ થયો. જાહેર મ્યૂઝીયમમાં જે જુના નાણાં મળેછે તેમાં વર્તુળમાં વચ્ચોવચ રાજા અને તેની આસપાસ ઇલેકટરોની તસવીરો કોતરેલી હોયછે. આ મુજબ ચિત્ર કાઢવાનું કારણ એ હતું કે સપ્ત ગ્રહોનો સ્વામિ જેમ સૂર્ય વચ્ચે વસેછે તેમ પૃથ્વી ઉપરનાં ઇલેકટર રૂપી ૭ ગ્રહોનો સ્વામિ પાદશાહ પણ વચ્ચે હોવો જોઇએ.

ચાર્લ્સ પોતે બોહિમીયાનો રાજા તો હતો પણ તેની નજર બ્રાડેનબર્ગના સંસ્થાનપર હતી, અને પેલેટાઇનનું સંસ્થાન સગાઇથી મલશે એવી ધારણા હતી. એણે પ્રજા સાથે ઘણી સારી મિત્રાચારી રાખી તેની મેહેરબાની મેળવી ગમે તેમ વર્તવા લાગો અને પોતાનું કુટુંબ બળવંત કર્યું. એણે ઇલેકટરોને લાંચ રૂસવતથી પોતા તરફ કરી પોતાના વડા પુત્રનેજ મરણબાદ ગાદી આપવાનુ વચન લીધું. વળી એણે પોતાના બીજા બેટા સિજીસ્મંડનું લગ્ન હંગેરી તથા પોલાંડ આ બે દેશના રાજાની રાજ્ય કન્યા સાથે કરી તે રાજ્યો વારસામાં મેળવવાની ગોઠવણ કરી હતી, તે પછી ચાર્લ્સ જલદીજ મરણ પામ્યો.

**ચાર્લ્સ પાંચમો**—આ જર્મનીના પાદશાહનો જન્મ ઇ૦ સ૦ ૧૫૦૦ માં ૨૪ મી ફેબ્રુવારીએ ઘન્ટ ખાતે થયો. એ મેકસિમીલીયન પાદશાહના મરણ પેહેલાં તેનો પુત્ર ફિલીપ



મરણ પામતાં ફીલિપનો પુત્ર ચાર્લ્સ એ સ્પેનની ગાદીપર બેઠો. મેકસિમીલ્યનનાં મરણ પછી પાદશાહ કોણને નેમવો આ સવાલ ઉઠયો. એ પેહેલાંજ સ્પેનનો રાજા હોવાથી તે બીજાઓના હકને ધોકો પોંહચાડશે એવી દેહેશતથી જર્મનીના ઇલેકટરોએ તે પાદશાહીનું વડપણ આપવા હિમ્મત કરી શકયા નહિ. ફ્રાન્સનો રાજા પેહેલો ફ્રાન્સીસ એ એક જોકે શૂરવીર હતો તોય તે ફ્રેન્ચ રાજા હોવાથી આ દેશને કશા ખપનો નહોતો. સેકસનીના ઇલેકટર ફ્રેડરિક ધી વાઇઝે આ મ્હોટપણ લેવાનું ના પાડયું ત્યારે માત્ર જર્મનીના ઈલેકટરોએ ચાર્લ્સને ચુંટી કાઢયો. તે વેળા ચાર્લ્સે કબુલાત આપી કે પરદેશીઓ સાથે કોલકરાર કરવા અથવા દેશમાં એખાદ સંસ્થાનિકને રાજ્યમાં રક્ષણ બહાર ઠેરવવું, એવી વાતો સંસ્થાનીકોની સંમતિ-વિના કરીશ નહિ. દરબારમાં જર્મન અથવા ફ્રેન્ચ ભાષા ચાલુ રાખીશ અને જર્મનીમાંના ઓદ્ધાની જગ્યા જર્મન લોકો શિવાય બીજાને આપીશ નહિ. ઉપલી કબુલાત આપ્યાથી એને ૧૫૨૦ માં એલાશાપેલ ખાતે રાજ્યભિષેક કર્યો. આ સર્વ કબુલાતો છેલ્લે સુધી ચાર્લ્સે જોકે પાળી નહોતી, પરંતુ તે કબુલાતો તોડવાનો તેનો ઇરાદો હતો એમ પણ નહીં. પણ એની કારકીર્દીમાં કાંઇ એવા તો વિલક્ષણ બનાવો બન્યા કે તે સમય મુજબ એને વર્તવું ભાગ પડયું હતું.

આ મુજબ પશ્ચિમ તરફ ફ્રાન્સ, દક્ષિણે પોપ અને પૂર્વે તુર્ક પ્રજા જેવા બળવંત દુશમનો ઉભા થયા છતાં ચાર્લ્સે જર્મનીનું નામ યુરપમાં વધાર્યું (જુઓ જર્મનીનો ઇતિહાસ). એની કારકીર્દી પછી જર્મનીમાં કલહ ઉત્પન કરવાને ફ્રાન્સનાં પ્રપંચો શરૂ થયાં. તૂર્ક લોકોને જર્મનીપર સ્વારી કરવા મુખ્યકારણ પણ ફ્રાન્સનીજ ઉશકેરણી હતી, પણ ચાર્લ્સે ફ્રાન્સીસ રાજાનો અનેક વેળા પરાજય કરી તેને કેદ કર્યો હતો, મુહલબર્ગની લઢાઈમાં (૧૫૪૭) પ્રોટેસ્ટેટ યુનિયનનો પરાજય કર્યો, પછી એની પડતી શરૂ થઇ. પણ ૧૫૫૫માં એણે શાહાજાદા ફીલીપને નેધરલેંડ, નેપલ્સ, સ્પેન અને અમેરિકામાંના મથક આપ્યાં, તથા પોતાના ભાઇ પેહેલા ફર્ડીનાંન્ડને આસ્ટ્રીયા અને જર્મની દેશમાંનો પોતાનો સર્વ પ્રદેશ આપ્યો હતો, અને તે પછી સ્પેનમાનાં સેંટજસ્ટનાં મઠમાં જઇ રહ્યો; જ્યાં ૧૫૫૮ માં ૨૧ મી નવેમબરે મરણ પામ્યો, એના મરણ વિશે વિચીત્ર વાત પ્રસિદ્ધ છે, (જુઓ જર્મનીનો ઇતિહાસ.)

**ચાર્લ્સ ૭ મો**—ફ્રાન્સનાં ૬ ઠા ચાર્લ્સનો એ ૩ જો શાહજાદો. જન્મ ઇ. સ. ૧૪૦૩ માં ૨૨ ફેબ્રવારીએ થયો. ૧૪૨૨ માં ૬ઠા ચાર્લ્સના મરણથી એણે દક્ષિણ પ્રાંતનો કબજો પોતાનાં લશકરનાં બળે લીધો હતો. પારિસ તથા ઉત્તર ભાગ ૬ઠા હેન્રિના તાબામાં હોઇ ફ્રાન્સનો તે થોડા વખત સુધી રાજા કહેવાયો અને ડયુક ઑાવ બેડફોર્ડ રીજંટ તરીકે કામ બજાવતો હતો, થોડી મુદત સુધી લઢાઇમાં ચાર્લ્સનાં હકનો કશો નિવેડો આવ્યો નહિ, અને તેને મેન તથા ચેમ્પેગની તજવાં પડયાં, ૧૪૨૬ માં કોન્ટ ડુનોસે મૉન્ટાર્ગીસ ખાતે ઈંગ્રેજોએ જીતી લીધું, એજ સમયે જોનઑાવ આર્ક નામે અદભૂત શક્તિ ધરાવનારી બાનુએ જાહેરમાં આવી ફ્રેન્ચોની હારને જૂદુંજ રૂપ આપી બ્રિટીશોને નહસાડયા. ૧૪૨૯ ના મે માસમાં ઑારલિઅન્સને તેણે જીતી આપ્યું, આથી બ્રિટીશો નિરાશ થઇ ત્યાંથી પાછા વળયા અને તે પછી ફ્રાન્સમાંથી બ્રિટીશોની ફતેહો હારમાં બદલાઇ ગઇ. છેલ્લે ૧૪૩૫ માં ફ્રેન્ચ સરકાર અને ડયુક ઑાવ બરગન્ડી સાથે કોલકરાર થયાં, તે પછી ૧૪૫૧ થી દક્ષિણમાં ફ્રેન્ચોની જીત થઇ અને ૧૪૫૩ માં કેસ્ટીલોન પાસે 'ટાલબોટ'નાં માર્યા જવાથી ફ્રેન્ચોની પુર્ણ ચઢતી થઇ, ને એ રીતે ૧૦૦ વર્ષની ચાલુ લઢાઇનો અંત એના અમલમાં આવ્યો. ૧૪૫૬ માં ચાર્લ્સ પારિસમાં દાખલ

થયો, એના બેટાની ચાલથી ચાર્લ્સને ઘડપણમાં ઘણું દુખી થવું પડયું હતું, એનું મરણ મિલ્નેનખાતે ૧૪૬૧ માં ૨૨ જુને નિપજ્યું.

**ચાર્લ્સ ૯ મો**—ફ્રાન્સનો રાજા બીજા હેન્રિનો બીજો બેટો, જન્મ ૧૫૫૦ મા થયો. એનો ભાઇ ફ્રાન્સીસ ૧૫૬૦ માં મરણ પામતાં એ ગાદીનશીન થયો. એણે વિદ્યાભ્યાસ વગેરેનો સારો શોખ હોવાથી એ તબીબ વિદ્યાપર વિશેષ લક્ષ આપતો—પણ એ ડામાડોળ વિચારનો તથા નરમ તબેહનો હોવાથી એની માતાના હાથમાં એ પુતળા જેવો હતો, આથી એના અમલમાં ત્રાસદાયક બનાવો જે જે બનીયાં તે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે, તેમાં ઇ. સ. ૧૫૭૨ માં સેંટ-બાર્થોલોમિયાનો દિવસ ૨૪ આગસ્ટે પડેછે તે દિવસે એણે ભારે ઘાતકી કતલ ચલાવી હતી. એ કેથોલિક પંથનો પુજારી હતો, એનું મરણ ૧૫૭૪ માં ૩૦ મી મે એ ભારે દુઃખદાયક ગમીમાં નિપજ્યું હતું.

**ચાર્લ્સ ૧૦ મો**—ફ્રાન્સનો રાજા ૧૮૨૪ થી ૩૦. ડુફીન લુઈનો ૩ જો બેટો અને ૧૫ માં લુઇનો પૌત્ર. જન્મ વર્સેલ્સ ખાતે ૧૭૫૭ માં ૯ મી અકટોબરે થયો. એનાં લગ્ન ૧૭૭૩ માં સૅવોયની મેરીયા થેરિસા સાથે થયાં હતા, ૧૭૯૨ માં ચાર્લ્સે લડાઈમાં થોડો ભાગ લંઇ એ સેંટપિટર્સબર્ગ ગયો અને પછી ૧૭૯૩ ના મે માસમાં ઇગ્લાંડ ગયો, તે પછી એણે પોતાનું રાજ્ય મેળવવાની કોશેસ કરી પણ તેમાં ફાવ્યો નહિ; આથી ૧૮૧૪ સુધી એણે હોલીરોડ તથા હાર્ટવેલ ખાતે થોડી મુદત રહી વખત ગુજાર્યો તે પછી ફ્રાન્સમાં અનેક ફેરફાર થતાં લુંઇસ ૧૮૨૪ માં ૧૬ મી સપટેંબરે મરણ પામતાં એ ફ્રાન્સનો ગાદીપતિ થયો, એણે પ્રજા તથા દરબારીનાં મન જીતી લીધાં હતા, પણ પછી સ્વતંત્ર પણે રાજ્ય ચલાવવા જતાં એ અણગમામાં આવી પડયો, તે પછી રાજસભા બેદિલ થતાં એને ૧૮૩૦નાં આગસ્ટમાં પોતાનો હક્ક તજી પોતાનાં પૌત્રને હક્ક આપવો પડયો. પણ બલવો જાગેલો હોવાથી તેઓએ પોતાના રાજા તરીકે લુઇસ ફીલીપ, ડયુક ઑફ ઓરલિઅન્સને રાજા બનાવ્યો આથી ચાર્લ્સ ફ્રાન્સ છોડી ચેરબોર્ગ ગયો અને ત્યાંથી ઈંગલાંડ જવા એક અમેરિકન વહાણમા બેઠો. પછી એ હોલીરોડ તથા પેરેગૂ ખાતે થોડી થોડી મુદત રહ્યો પણ ૧૮૩૬ માં ૬ ઠી નવેંબરે ગોર્ઝ ખાતે કૉલેરાથી મરણ પામ્યો.

**ચાર્લ્સ ધી બોલ્ડ**—ડયૂક આવ બર્ગંડી (૧૪૬૭–૭૭) એ ફીલીપ ધી ગુડ ઑાવ બર્ગંડી અને ઇસાબેલા ઑાવ પોર્ટુગલનો પુત્ર હતો. જન્મ ડીજૉનમાં ૧૪૩૩નાં ૧૦ નવેંબરે થયો. જુવાન વયથીજ એણે ફ્રાન્સના ૧૧માં લુઈ સામે દુશમની જાહેર કરી. એ બર્ગંડીન નામનો વડો જમીનદાર હતો, પણ ડયૂક ઑાવ બ્રિટની તથા ફ્રાન્સના જાણીતા ઉમરાવો સાથે સગપણ ધરાવતો હતો. આથી એણે પોતાનો હક્ક વધારવા તાજ સામે હિલચાલ કરી, પોતાનાં પક્ષમાં અનેક ઉમરાવોનાં લશકર લઇ પારિસમાં ખળભળાટ મચાવી મોન્થલ્હેરીમાં રાજાને હાર આપી મનગમતી શર્તો કરાવી લીધી. ૧૪૬૭માં ચાર્લ્સ પોતાના પિતાના મરણથી ડયૂક ઑાવ બર્ગંડી તરીકે જાહેર થયો. પણ એનો વિચાર અસલ રીત મુજબ પોતાની જાહાગીરમાં રાજ્ય કરવાનો હોવાથી એણે લડાઇની તૈઆરી કરવા માંડી. તેટલાં એને લુઇસે 'કાનફ્રરન્સ' માં બેસવા તેડયો. ત્યાં જઇ એણે નવો ફેસાદ ઉઠાવી ૧૪૭૫માં લડાઇ કરી. એજ વર્ષમાં ચાર્લ્સે વધુ પગભર થઇ પિતાને લૉરેન્સનો ધણી બનાવ્યો. બીજે વર્ષે એ સ્વિતઝરલેંડ ગયો, ગેરેન્સપર ગરભછાંટ કરી ત્યાંનું લશકર હાંકી મેળયું, પણ તુરતજ સ્વિસને હાથે હાર પામી પોતાનો ભારે ખજાનો તથા લશકરી અસબાબ ખોયો. ત્રણ માસ પછી એ ફરી સ્વિતઝરલેંડમાં નવા લશકર સાથે દાખલ થયો, ને મોરે



જીતી લીધો; પણ ૧૪૭૬માં ૨૨ જુને સખ્ત હાર પામ્યો. એણે તે પછી નેન્સી તાબે કરવા ચાહ્યું પણ એની ફોજ નાહની હોવા છતાં એ ભારે બળતવારીથી લઢી ઈ. સ. ૧૪૭૭ માં ૫ મી જાનેવારીએ લઢતાં મુવો. એની બેટીનાં લગન શેહેનશાહ મેકસીમિલ્યન જોડે થયાં હતાં.

**ચાર્લ્સ કાર્લ—લુડવીગ જોહાન**—આર્ચે ડયૂક ઑાવ આસ્ત્રીયા અને ડયૂક ઑાવ થેસની. બીજા લીયોપોલ્ડ શેહેનશાહનો એ ત્રીજો બેટો હતો. જન્મ ફ્લોરેન્સમાં ૫ સપટેંબર ૧૭૭૧માં થયો. એણે પોતાની જુવાની બહાદુર સીપાઇ તરીકે ગુજારી હતી. ૧૭૯૬ માં એ રાહિનના આસ્ટ્રીયન લશકરનો વડો સરદાર હતો. એ મ્હોટી બહાદુરી સાથે મોરેયૂ સાથે રેસ્ટેડટ ખાતે લઢયો અને જોરડનને અનેક લડાઇમાં હરાવી ફ્રેન્ચોને રાહિનને બીજે પાર હાંકી મેલયા, અને 'ખેલ' ને થંડીની ઋતૂમાં જીતી લઇ પોતાની જીત સંપૂર્ણ બનાવી. ૧૭૯૯માં એ રાહિન તરફનાં લશકરનો વડો સરદાર નેમાયો અને ત્યાં અનેક વખતે 'જોર્ડન' ઉપર જીત મેળવી તથા 'મેસેના' ઉપર પણ જીત મેળવી. ૧૮૦૦ માં એની તબીયતને લીધે એને જોખમ ભર્યા ઓધાપરથી દુર થવું પડયું પણ એણે બોહેમિયાના ગવરનર જનરલના ઓહ્દા શિવાય તરત બીજું લશકર જમાવવામાં ભાગ લીધો. હોહેનલેન્ડની લડાઇ પછી એને ફરી મ્હોટા લશકરી વડા સરદારનો ઓહ્દો આપવામાં આવ્યો અને તે વેળા એણે ભારે નામના મેળવી.

૧૮૦૫માં એણે ઇટલીમાં મેસેના સામેના લશકરની સરદારી લીધી અને કેલ્ડીયેરની યાદગાર લઢાઇ લઢી, પણ જર્મનીના કહેવાથી એને એડજને કાંઠે 'ક્રૉટીયા' માં જવું પડયું. ૧૮૦૯માં એણે 'આસપર્ન' ની લડાઇમાં જીત મેળવી, કે જે લડાઇથી યૂરપની ખાતરી થઇ કે નેપોલ્યન કાંઇ અજીંક નથી, પણ આથી નેપોલ્યને ફરી પોતાની ચઢતી કરવા 'વેગમાર' તરફ નસીબ અજમાવ્યું. પણ આ વેળા ચાર્લ્સને દુર રહેવું પડવા છતાં ૧૨ મી જુલૈએ લઢાઈ ચોક્સ મુદત બંધ રાખવાનાં કરાર થયા. ૧૮૧૩–૧૪ ની લઢાઇ દરમ્યાન ચાર્લ્સે ભાગ લીધો નહતો પણ એ પોતાના બાકીનાં દિવસો એકાંતમાં ગુજારવા પડયો હતો. મરણ ૧૮૪૭ માં ૩૦ એપ્રેલે નિપજ્યું.

**ચાર્લ્સ થૅામસ ડી. ડી. એલ. એલ. ડી.**—જન્મ ઇ. સ. ૧૭૮૦માં ૧૭ મી માર્ચે ફાઇફમાં થયો. એણે ૧૭૯૧ થી સેંટ એનડ્યુની યૂનિવર્સિટીમાં અભ્યાસ કર્યો, અને ૧૯ વર્ષની વયે એ ગોસપલ તરીકે નેમાયો. ૧૮૦૩માં કિલ્મેનીના એક પરામાં નેમાયો. આ વેળાથી એનું લક્ષ ગણિતશાસ્ત્રપર લાગ્યું. એણે સેંટ એન્ડ્રયુમાં ગણિત શાસ્ત્ર રસાયનશાસ્ત્ર શિખવવાનાં વર્ગો સ્થાપી ૧૮૦૩ થી ૧૮૦૪માં સારી પ્રસિદ્ધતા મેળવી. ૧૮૦૮માં એણે એક ગ્રંથ પ્રગટ કીધો. એના તે વેળાના ધર્મ સુધારણા સંબંધી લખાણોએ પણ ઘણું લક્ષ ખેંચ્યું હતું. તથા ૧૮૧૫ના જુલૈમાં ગલાસગો વગેરે ઠેકાણે ચર્ચા ઉપજાવી. ૧૮૧૭માં રચી પ્રસીદ્ધ કરેલાં ગ્રંથો Astronomical Discourses અને Commercial Discourses (૧૮૨૦માં) થી પ્રજામાં ભારે વખાણ પામ્યો. ૧૮૧૯ માં એ સેંટ જૉન્સ પેરીસમાં મંત્રિ તરીકે નેમાયો. ત્યાં ૨૦૦૦ કુટુંબમાંના ૮૦૦ તો એવા કામદારો હતા કે જેઓને કોઇપણ ખ્રિસ્તી દેવળ સાથે સંબંધ નહોતો, આથી એણે પોતાનાં પરાંને ૨૫ ભાગમાં વેહેંચી ત્યાં જૂદી જૂદી શાળા સ્થાપી, તેમજ ૪૦ થી ૫૦ શાબાથ શાળા સ્થાપી કે જ્યાં રોજ ૧૦૦૦ ઉપર બાળકો શિક્ષણ લેવા જતા. ગલાસગોમાં આ વેળા એણે પ્રજા ઉપર ઘણો સારો છાપ મારી તેમની ધર્મનીતિ સુધારવા માંડી. ત્યાં એણે ૪ વર્ષ સુધી કારોબાર ચલાવ્યો તેમાં દર વર્ષે ૧૪૦૦ પૌંડ ઉપરથી ૨૮૦ પૌંડ સુધીનો વાર્ષિક ખર્ચ ઓછો કર્યો હતો.

એડવર્ડ એરવીંગ બે વર્ષ સુધી એનો મદદનીશ હતો. ૧૮૨૭ માં એ એડીનબર્ગમાં 'ચર્ચ ઑવ ધી થીયોલોજી' માં બદલી થવાથી ગયો, તે ૧૮૩૨માં એણે રાજદ્વારી બાબતોપર ગ્રંથો રચ્યા, ૧૮૩૪માં એને રૉયલ સોસાયટી ઑવ એડીનબર્ગમાં ૧ લા ફેલો તથા પછી 'વાઇસ પ્રેસિડંટ' તરીકે ચુંટી કાઢવામાં આવ્યો. ૧૮૩૫ માં એને ઓકસફર્ડ યૂનિવર્સિટીએ ડી. સી. એલ. ની ડીગરી બક્ષી. ૧૮૩૪માં એને ચર્ચના વધારો કરનાર મંડળીનો પ્રમુખ નેમ્યો, તે વેળા એણે લાગટ ધાર્મિક દાઝ હૈડે ધરી ૭ વર્ષ લાગટ મહેનત પછી જાહેર કીધું કે તેણે ૩૦૦,૦૦૦ પૌંડ પ્રજા પાસથી એકઠા કર્યા હતા. એનું મરણ ૧૮૪૩માં ૩૦ મી મેએ મોર્નીંગ સાઇડ એડીનબર્ગમાં નિપજ્યું હતું.

**સર ચાર્લ્સ મેટકાફ**—આ મહાન રાજદ્વારી નરનો જન્મ ઇ. સ. ૧૮૭૬માં ઇંગલંડમાંના ફર્નહિલ ખાતે થયો. તે ૧૫ વર્ષની વયે કંપનીની નોકરીમાં રહી હિંદુસ્તાન આવ્યો. તે ચંચળ ઉદ્યોગી અને બાહોશ હોવાથી ૧૮૦૭માં લોર્ડ મિંટોએ તેને વકીલ તરીકે રણજીતસિંગની દરબારમાં લાહોર મોકલ્યો હતો, આ વેળા એને સોંપેલું કામ ઘણું મુશકેલ તથા બીકટ હોવા છતાં તે એણે મ્હોટી ચતુરાઇ સાથે બજાવ્યું, આથી એની કીર્તી વધી. તે પછી આવાજ મ્હોટા અનેક કામો બજાવી ૧૮૩૫નાં મે માસમાં ગવરનર જનરલનો મહાન ઓધ્ધો પામ્યો. આ ઓદ્ધાપર ૧૮૩૬ વેર હતો. આ મુદત દરમ્યાન એણે હિંદ માટે કેટલાંક સારાં કામ કર્યાં. તે કામોમાં એક કામ છાપાની સ્વતંત્રતા છિનવી લીધી હતી તે રદ કરી છાપાને પૂર્ણ છુટાપણું આપ્યું. એનું મરણ ૧૮૪૬ માં ૬૧ વર્ષની વયે નિપજ્યું હતું.

**ચાર્લ્સ બ્રાડલો**—આ વિદ્વાન રાજદ્વારી નરનો જન્મ ઈ. સ. ૧૮૩૩માં થયો હતો. માત પિતા ગરીબ સ્થિતિમાં હોવાથી ચાર્લ્સ બ્રાડલોને ૧૧ વર્ષની વય સુધી સાધારણ કેળવણી લઈ એક વકીલને ત્યાં સીપાઇ તરીકેની નોકરીપર રહેવું પડયું હતું. પણ ચાર્લ્સ બ્રાડલોની બુદ્ધિ અતિ તિવ્ર અને અંગે ખુદ્રતી ચંચળતા હોવાથી દિનપરદિન ચાલાકી બતલાવી સારી જગ્યા મેળવી. આ સુમારે ઇંગ્લંડમાં ગરીબોના સંકટ ટાળવાની ચર્ચા ચાલી હતી. તેમાં પ્રજા આગેવાનોનો એજ હેતૂ હતો કે શ્રીમંતોએ ગરીબોપર જુલમ કરવો નહિ અને ગેરઇન્સાફીમાંથી ગરીબોને બચાવવા; આ ચર્ચા જાગતાં જગેજગ મ્હોટી સભાઓ ભરાવા માંડી. તે સભાઓમાં ચાર્લ્સ બ્રાડલોની ચાલુ હાજરી હોવાથી એણે અભ્યાસ વધારી પ્રજા કલ્યાણનાં કામો કરવાનો નિશ્ચય કરી તેનો આરંભ કર્યો. ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરતાં તેમાં કેટલાક ફતવા નહિ સમજ પડવાથી મી૦ બ્રાડલોએ ધર્મ ગુરૂઓથી તેનો ખુલાસો માંગ્યો પણ તેથી પોતાની શંકા નિવારણ નહિ થવાથી એણે ખુલ્લે પણે પોતાને નાસ્તિક તરીકે જાહેર કીધો. એનો ધર્મ પરોપકાર એજ પૂન્ય અને કોઇને પિડા આપવી એ અન્યાય એજ ધર્મ હતો.

૧૮૬૦માં બ્રાડલો અને તેના હમશરીકોએ 'નેશનલ રિફૉર્મર' નામનું અઠવાડિક વર્તમાનપત્ર કાઢવા માંડયું, તેમાં નાસ્તિક મતની વૃદ્ધિ, ખ્રિસ્તી ધર્મનું ખંડન અને રાજ્ય કારોબાર ઉપર ચર્ચાનાં સ્વતંત્ર લેખ આવતાં હતા.

પ્રથમ તો આ પત્રપર કોઇએ લક્ષ આપ્યું નહિ, પણ રફતે રફતે પ્રજામાં આ પત્ર બોહોળો ફેલાવો પામતાં સરકારનું તેનીપર ધ્યાન ખેંચાયું, અને સરકારે ૧૮૬૮માં તેનીપર કામ ચલાવ્યું. ૧૮૬૯માં આવા પ્રકારના લેખો દાબી નાખવા એક કાયદો બાંધ્યો હતો તેનો ઉપયોગ સરકારે કરી બ્રાડલોપર ફર્યાદી માંડી, ૪૦૦ પૌંડનાં હાથ મચકડા લખાવી દંડ કર્યો પણ એણે કાયદા શાસ્ત્રથી લઢી જય મેળવ્યો.



તે પછી સ્પેન અને અમેરિકામાં અનેક ભાષણો આપવા માંડયા. ૧૮૮૦માં નૉર્થેમટન શેહેર તરફથી પાર્લામેંટમાં બિરાજ્યો, પણ પોતે નાસ્તીક પંથી હોવાથી કાયદા મુજબની કસમ લેવાઇ નહિ, અને પાર્લામેંટના સભાસદો એના મત વિરૂદ્ધ હોવાથી એને અમથા કસમ આપવા ના પાડી, આથી બ્રાડલોને આ કાયદા સામે લઢતાં મ્હોટો ખર્ચ થયો; પણ પાછળથી ખાલી પ્રતિજ્ઞા લેવાની છુટ મેલાઇ હતી, આથી બીજી ચુટણીમાં ફતેહમંદી મેળવી પાર્લામેંટમાં બીરાજી હિંદુસ્તાનની વાજબી સેવા માટે અનેક લઢતો લઢી નામના મેળવી હતી. મરણ ૧૮૯૧માં ૩૦ મી જાનેવારીએ નીપજ્યું હતું.

**ચાર્લ્સ ડાર્વિન**—આ વિદ્વાન શાસ્ત્રીનો જન્મ ઇ.સ. ૧૮૦૯ના ફેબ્રુવારીમાં શ્રુસબરીમાં થયો હતો. પ્રથમ ટુંક કેલવણી પોતાના વતનમાં લઇ ૧૮૨૫માં વૈદકશાસ્ત્ર શિખવા એડિનબરો ગયો. પણ ત્યાં તેનો જેવો જોઇએ તેવો અભ્યાસ થયો નહિ, તે છતાં ત્યાંની સભા સનમુખ તેણે જે નિબંધો વાંચી બતલાવ્યા તે ઉપરથી સ્પષ્ટ જણાયછે કે અનેક પ્રકારના પ્રાણીના શરીરની રચના અને તેમનો જાતી સંબંધ ઉપર એનું લક્ષ બેહદ ચોંટયું હતું. એડીનબરોમાં ૧ વર્ષ રહી તે કેમબ્રિજ ગયો, ત્યાં તેણે સારો વિદ્યાઅભ્યાસ કરી ૧૮૩૧ માં બી૦ એ. ની પદ્વિ મેંળવી, પછી ૬ વર્ષ રહી એમ. એ. થયો. તે પછી એની વિદ્વત્તાની જાણ પ્રજામાં થતાં બ્રિટીશ સરકારે અમેરિકાની દક્ષિણ ભણીના નહિ જણાયલા પ્રદેશમા શોધખોળ કરવા મોકલેલા કાફલમાં એને સ્થાવર જંગલ પદાર્થ શાસ્ત્રવેત્તાની જગાપર નેમ્યો હતો. આ કામમાં એણે ૫ થી ૬ વર્ષ ગુજાર્યા, તે મુદતમાં તેને ઘણાં વિટંબણામાંથી પસાર થવું પડયું; પણ તેણે ઘણીક શોધખોળ કરીને કીડી, મકોડા, માખ, મધમાખ, માછલીં, વગેરે વિશે ચમત્કારિક બીનાઓ પોતાના પ્રવાસ વર્ણનના ગ્રંથમાં દાખલ કરી.

પૃથ્વીપર પ્રાણીની જે સર્વે જૂદી જૂદી જાતોછે, તે સર્વે જૂદી જૂદી નથી, પણ એક જાતમાંથી બીજી ઉત્પન્ન થએલી હશે, બીજીમાંથી ત્રીજી એવી કેટલીક જાતો એકમેકમાંથી નિકળેલી હશે, એવું ચાર્લ્સ ડાર્વિનને અનેક પ્રાણી ઉપરથી જણાયું; અને તે મત તેણે ઘણીજ વિદ્વત્તાથી સિધ્ધ કર્યું. તે હાલમાં તદન સ્વતંત્ર શાસ્ત્ર બન્યુંછે, અને તેનીપર ચાર્લ્સ ડાર્વિનનો જે અતિ ઉત્તમ ગ્રંથ પ્રગટ થયોછે તે સર્વે વિદ્વાનોએ માન સાથે સ્વિકર્યોછે. આ ગ્રંથનું નામ "પ્રાણી જાતિ ભેદ નિદાન' છે. આ ગ્રંથમાં મુખ્ય સિધ્ધાંત નિચે મુજબછે.

૧—પ્રાણીની ઉપજીવિકા પ્રાણીપરજ થાયછે. દાખલા તરીકે કીડાને ઘળોડી ખાશે, ઘળોડીને ઘુસ ખાશે, ઘુસને સર્પ ખાશે. બીજો દાખલો જંગલી કીડાને સસલાં ખાયછે, સસલાંને કોહલાં તથા વાઘ ખાયછે. આ મુજબ અશકત મનુષ્યોપર શકિતવાન મનુષ્યો અમલ ચલાવી સુખ ભોગવેછે.

૨—જીવનયત્ન એટલે પ્રત્યેક પ્રાણીને પોતાના ઉપજીવનાર્થે અને રક્ષણાર્થે ઉદ્યોગ કરવો પડેછે. તે જેને પુરતો કરતાં આવડતો નથી તે નાશ પામેછે. જે કેટલાક પ્રાણીનાં હાડકાં ભુમિમાંથી જડે છે, તે પ્રાણી હાલમાં પૃથ્વીપર જણાતાં નથી એજ એક તેનું મ્હોટું પ્રમાણ છે.

૩—પ્રાણીને અંગે કાળ વિતતાં અથવા બ્રહ્મસ્થિત્યનુસાર વર્તવાનું સામર્થ્ય સાધન એ ઉત્પન્ન થાયછે. એ જે પ્રાણીમાં પ્રબળ થાયછે તે પ્રાણીનો વંશ લાંબો વખત ટકેછે, અને જે ઓછાં હોયછે તેનો લપ થાયછે.

આ સિદ્ધાંત માટે ડાર્વીને અનેક સિદ્ધાંતો દર્શાવ્યાં છે; અને આ સિદ્ધાંત ઉપર સ્થાપેલું તેનું મત એ છે કે "મનુષ્ય જાતની ઉત્પંતિ એક અતિ નીચ જાતના પ્રાણીમાંથી કાલગતીએ, સ્થિત્યંતરથી, દરજ્જે બદરજ્જે થઇછે. એટલે તેનાં મતનો સારાંશ એ છે

કે ઘેડો, વાંદરો, અને મનુષ્ય આ પ્રાણી એકજ પ્રાણી વંશમાંથી ઉત્પન્ન થએલાં હોવાં જોઇએ, અને તેમની સ્થિતિ વચ્ચે, કાલ વર્તમાન માહાત્મથી ફેરફાર થતાં મ્હોટું અંતર પડવું જોઇએ. એટલે વાંદરો એ મનુષ્યનો પૂર્વજ છે એમ કહેવું ચાલશે; પણ ઉત્તમ જાતીનાં વાંદરા અને તદન જંગલી મનુષ્ય એમની વચ્ચમાંનાં વંશજો કેયે જણાતાં નથી. તેજ મુજબ ઉદ્‌ભિજ્જ જન્ય કોટીમાં પણ બનેલું છે.—એટલે ઘાસ, બરૂ અને શેરડી આ પદાર્થ એકજ વંશમાંનાં છે, અને ઘાસની સ્થિતિમાં સુધારો થઈ તેમાંથી બરૂ બન્યા અને બરૂની સ્થિતિમાં સુધારા થઇ તેની શેરડી બની.

આ મતો ડાર્વિને પ્રથમ પ્રગટ કરતાં તેને લોકો તહેંવાર નિંદવા લાગ્યા, અને તેનીપર અધર્મિ તથા નાસ્તિકપણાનું આળ ચોંટાડ્યું. પણ હાલમાં તેનું તે મત વિદ્વાનોએ માન્ય યુંછે.

ચાર્લસ ડાર્વિને "પ્રાણીઓની મુખચર્યા" વિષય ઉપર એક મ્હોટો ગ્રંથ રચ્યો છે. તેમાં એણે વિસ્તારીને સમજણ આપીછે. એનું મરણ ઇ. સ. ૧૮૮૨ ના એપ્રેલ માસમાં નિપજ્યું.

**ચાર્લસટન**—એજ નામના દેશનું મુખ્ય શેહેર, 'કેરોલીન'નું જાણીતું શેહેર છે. આ શેહેર સેન્હેનાની ઉત્તર પૂર્વે ૧૧૮ મૈલ પર બાલ્ટીમોરની દક્ષિણ પશ્ચિમે ૫૮૦ મૈલપર અને વાશિંગટનની દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં ૫૪૦ મૈલપર છે. આ બંદર શેહેરના બંચાવ માટેનાં બાંધકામો સારાં બાંધેલાં છે.

એના બંદરમાં દાખલ થવાના માર્ગમાંની દીવાદાંડી ૧૨૫ ફીટ ઉંચી બાંધેલી છે. આ શેહેર ૩ મૈલ લાંબુ ને ૧½ મૈલ પોહળું છે. અત્રે પ્રજાને પાણી પુરૂં પાડવા માટે ૧૯૭૦ ફીટ ઉંડા આરટિસ્યન કુવાઓ ખોદી તેમાંથી પાણી પુરૂં પાડવામાં આવેછે. જાહેર ખાતાઓમાં કસ્ટમ હૌસ, સિટીહૉલ, હાઇકોર્ટ, કિલ્લો, જ્ઞાનશાળા, પાઠશાળા, નાટકગૃહો, ઍક્સ્ચેન્જ અને પોલીસ બરાખો છે. ૧૮૩૭માં અત્રે બાંધેલી કૉલેજમાં ખુદરતિ શાસ્ત્રનું મ્હોટું સંગ્રહસ્થાન છે. તેમજ ત્યાં મ્હોટી મેડીકલ કૉલેજેછે. ચાર્લસ્ટનમાં રોમનકેથોલિક બીશપ તથા પાદ્રીઓને લગતાં મુખ્ય મથકોછે. દક્ષિણ કેરોલિનાનું આ શેહેર વેપારનું મુખ્ય મથક છે. અત્રેનો નિકાશ વેપાર દર વર્ષે ૮૫,૦૦,૦૦૦ સ્ટરલીંગ માલનો થાયછે. રૂ, ચોખા, તેલ, ટર્પેનટાઈન, તાર, ઇમારતી લાકડાં કાપડ વગેરેનો મુખ્ય વેપાર ચાલેછે. આયાત નિમક, લોઢું, બ્રિમસ્ટોન વગેરેનો મુખ્ય છે. અને વેસ્ટઈંડીજથી ફ્રૂટ આવેછે. આ શેહેરની સ્થાપના ૧૭૮૦માં થઈ હતી, અને થોડા વખત પછી ફ્રેન્ચ કંપનીએ મથક કીધું હતું. ૧૭૭૦માં ચાર્લસ્ટનમાંથી બ્રિટીશ લશકરને હટવું પડ્યું હતું. ૧૭૮૦માં સર હેન્રિકલિનટોને જીતી લીધું હતું.

૧૮૬૧માં ૧૨ મી એપ્રેલે સ્વદેશી લઢાઇ જાગી અને સમ્ટરના કિલ્લાપરથી ગરબછાંટ કરતાં બીજે દિને બંદર કબજે થયું હતું. આ વેળા શેહેરનો અર્ધો ભાગ નાશ પામ્યો હતો, પણ ૧૮૭૫માં થોડોક ભાગ ફરી બંધાયો હતો. તેમજ ૧૮૬૫માં ૩૧મી આગસ્ટના ધર્તિકંપે શેહેરનો કેટલોક ભાગ નાશ થયો હતો, અને તેમાં ૭૦૦૦ માનસો જખમી થયાં હતા. ઇ. સ. ૧૮૦૦માં વસ્તી ૧૮૭૧૧ની, ૧૮૪૦માં ૨૯૨૬૧ની ૧૮૮૦માં ૪૯૯૮૪ની અને ૧૮૯૧માં ૫૪૯૫૫ની હતી.

**ચાર્લોટ**—ઉત્તર કેરોલિનામાં મેકલીનબર્ગનું મુખ્ય શેહેર, એટલાંટિકની પુર્વે ઉત્તર પૂર્વમાં ૨૬૫ મૈલપર છે, અત્રે ગાડી, રૂ, તંબાકુ વગેરેના કારખાના છે, તેમજ અત્રે ૧૮૬૭ માં સ્થાપન થએલી પ્રેસબેટેરીયનની પાઠશાળા છે, ૧૮૮૨ માં વસ્તી ૭૦૯૪ ની તે ૧૮૯૦ મા ૧૧૫૫૭ ની હતી.

**ચાર્વાક**—એક રાક્ષસ. એણે અતી તિવ્ર તપ કરી બ્રહ્મદેવને એવું વરદાન આપ્યું કે જ્યાં સુધી તારાથી બ્રાહ્મણોનું અપમાન થશે



નહિ ત્યાં સુધી તું અમર રહેશે.'' આ મુજબ એ લાંબા કાળ સુધી રહ્યો. જ્યારે કૌરવો માર્યા ગયા અને યુધિષ્ટીરને રાજ્યભિષેક કરવા સભા મળી ત્યારે અભિષેક વિધીમાં એ પણ ઋષિ વેષે દાખલ થઇ, જ્યારે યુધિષ્ટીર રાજ્યાસનપર બેસવા ગયો ત્યારે એ બોલ્યો' યૂધિષ્ટીર તેં જે રાજ્ય જ્ઞાતી વધે મેળવ્યું છે તે સંપાદન કર્યા પછી નર્ક લોકે જશે.'' આ વિલક્ષણ વાક્ય સાંભળી યુધિષ્ટીર આસન હેઠે ઉતરી; ઋષિ જો મગનમાં એવો શ્રાપ આપેછે તો તેથી તપશ્ચર્યા ભલી એવું દર્શાવી રાજ્યપદ ધારણ કરવા ના પાડ્યું. આથી બીજા ઋષિઓએ એનું કપટપણું જાહેર કરી એનીપર ફીટકાર નાખતાં ચાર્વાક બળીને મુંવો હતો.

**ચાર્વાક**—કલિયુગ શરૂ થતાં યુધિષ્ટર શકમાં જે ૬ નાસ્તિકો થયા તેમાંનો આ પેહેલો હોવાથી એને "નાસ્તિક શિરોમણી" એ નામે 'સાયણ માધવે' 'સર્વ દર્શનમાં' જણાવેલો છે, ક્ષપર્ણિક પણ એનોજ સમકાલીન હતો.

એનો જન્મ અવંતી દેશમાં ક્ષિપ્રા નદી અને ચંબલા નદીના સંગમ પાસે શંખોદ્ધાર ક્ષેત્રમાં કલિયુગ અથવા યૂધિષ્ટર શકના ૬૬૧ માં પ્રભવ સંવત્સરના ઉત્તરાયણમાં વૈશાખ શુદ પૌર્ણીમાં રવિવારે મધ્યાન્હ સમયે થયો. એના પિતાનું નામ ઇંદુકાંત અને માતાનું નામ સુવિણી હતું. મરણ પુષ્કરતીર્થમાં યજ્ઞ નામે ગીરી પાસે ભાદ્રપદશુદ્ધ દ્વાદશી સોમવારે શ્રીમુખ સંવત્સરમાં યુધિષ્ટર શકનાં ૭૨૬ વર્ષ ગયા પછી ૭૨૭ મે મે વર્ષે દક્ષિણાયનમાં નીપજ્યું હતું.

ચાર્વાક વેદનાં કર્મકાંડ, જ્ઞાનકાંડ અને પુનર્જન્મકાંડ માનતો નહોતો, એના મત વિશે સર્વદર્શન નામે ગ્રંથમાં વર્ણન આપ્યું છે તેમાં જણાવ્યા મુજબ—''વેદ ધૂર્ત રાક્ષસોએ કર્યા છે. તે માહેલાં કર્મ પણ તેવાંજ છે; વૈદીકત અગ્નિહોત્રી, યજ્ઞ, યાગ ઇત્યાદી કર્મ, દ્રવ્ય હરણ અને કષ્ટ સાધ્યછે. એ બુદ્ધિહિન તથા પરાક્રમ વગરના લોકોની આજીવિકા માટેજ ઉભાં કર્યાંછે, યજ્ઞમાં પશુને માર્યાથી પશુ સ્વર્ગમાં જતો હોય તો યજમાન પોતાના બાપનેજ કેમ મારતો નથી? કે તે તૂરત સ્વર્ગમાં જાય. શ્રાદ્ધમાં પિંડદાન કર્યાથી જો પિતૃ સંતોષ પામતાં હોય તો પ્રવાસે જનારે ભાથું શામાટે સાથે રાખવું જોઇએ? છોકરાં ઘરે શ્રાદ્ધ કરી પિંડ મુકશે એટલે તેને પોંહચશે. અહીં અન્ન વગેરે દાન કર્યાથી સ્વર્ગમાં પિતૃઓને મળેછે, તો ઘરની નીચલી ભોંયે કરેલા દાન ઉપલી ભોંયવાળાને કેમ ન પોંહચે? અને તેવું કેમ થતું નથી માટે શ્રાદ્ધ, દાન કરવા વૃથા છે. દેહથી જુદો આત્મા પરલોકમાં જાયછે તો ફરી બંધુ વગેરેના સ્નેહને માટે કેમ આવી મળતો નથી? માટે પરલોક નથી, દેહથી જુદો આત્મા નથી, કે એ પરલોકમાં જતો નથી, દેહ એજ આત્મા છે.

"દેહને સુખ આપવું, આ જગતમાં રહી ખાઇ, પી, સ્ત્રીઓ ભોગવી આનંદમાં રહેવું એજ પરમ સુખછે; એજ સ્વર્ગ છે; આ શિવાય બીજા સ્વર્ગ નથી. મહા કષ્ટ ભોગવી દુઃખી થવું એજ નર્કછે, માટે જીવીયે ત્યાં સુધી સુખી રહેવું. કરજ કરીને પણ ખાવું પીવું, કેમકે કરજ કીધા પછી તે કોઇ બીજે જનમે ફેડવું પડતું નથી, કેમકે પૂનર જન્મ નથી. લોક પ્રિય રાજ એજ ઇશ્વર, તેમની આજ્ઞા પાલવી એજ ધર્મ છે, અને મરણ એજ મોક્ષછે; કેમકે પછી આ જગતમાં પાછું આવવું નથી.''

વગેરે તેહેંવાર મતોથી એણે પોતાના મતનો પ્રસાર કર્યો હતો. પણ તેમાં નીતિનું ધોરણ નહિ હોવાથી ચાર્વાકપંથ જલ્દીજ લય પામ્યો.

**ચાર વિલાયત**—અફઘાનિસ્તાનમાં આ ચાર રાજ્યો એકત્ર જોડાયલાંછે. તેમાં 'મૈમાના' ચંન્દ્રકુય, સિબારગમ અને સીરપૂલ' સમાયલાંછે. લોક વસ્તી ૨,૫૦,૦૦૦ની છે.

**ચાર યારી**—ચાર=૪, અને યાર-મિત્ર, સુન્ની મુસલમાનો અબુબક્કર, ઓમર, ઉસમાન અને અલીને હકદાર ખલીફા તરીકે માનેછે.

**ચારૂ**—આ ૪૦ ફીટની ઉંચાઈ ધરાવનારૂં વૃક્ષ મલાયા દેશમાં ઉગેછે. એ ઘેરાવામાં બે ફીટ હોયછે. આ ઝાડના પાટીયાંના વાહાણો સારાં બંધાયછે.

**ચારોળી**—એના મ્હોટા વૃક્ષો કોકણ, નાગપૂર, મલબાર પ્રાંત, પંજાબ, મ્હેસુર, કારોમાંડળનો કિનારો, અને રાજપિંપળાના જંગલમાં ઉગેછે. એનાં પાંદડાં લાંબાં હોઇ તે મહુડાનાં પાંદડા જેવાં હોયછે, તેનાં પત્રાળાં કરેછે. એની છાયા ઘણી થંડી હોયછે. એનું લાકડું ઇમારત લાયકનું ગણાતું નથી, પણ તે કંતારી લોકોને બહુ ઉપયોગી હોયછે. એના ઝાડપર જે ફળો આવેછે તેમાં તુવેર જેવડા રાતા રંગના દાણા હોયછે; તેને ચારોળી કહેછે. ચારોળીના પાકા ફળનો રંગ જાંબુડો હોયછે ને તે ફળો સ્વાદે મિઠાં રહેછે.

ચારોળીના ઝાડની છાલમાંથી કાળા રંગનું તેલ મેલગામમાં બનાવેછે. તેનું અતી ઉત્તમ પ્રકારનું વારનિશ બનેછે. એનીછાલમાંથી એક પ્રકારનો ગુંદર પણ નિકળેછે. ચારોળી પૈષ્ટિક છે. એના ઝાડનાં મૂળ તુરાં અને રકતરોગ, કફ, પિત્ત એનો નાશ કરેછે, રકતાતિસાર ઉપર ચારોળીના ઝાડની છાલ દુધમાં વાટી મધ સાથે ખવાડેછે.

**ચાલ્સીસ**—યૂબોઆનાં ગ્રીક ટાપુનું મુખ્ય શેહેર. આ ગામ યૂરિપસ નદી કાંઢેછે અને તે નદી ગામ નજદીક ૧૨૦ ફીટ પોહળી છે. આ ટાપુ પ્રથમ અથેનીયનોને તાબે હતો પણ તે પછી મેસિડોનિયન, રોમન અને વેનિશીયનોને તાબે હતું, અને ૧૪૭૦ વેર અત્રે તુર્ક રાજ્ય સત્તા ચાલુ હતી. લોક વસ્તી ૬૮૭૭ નીછે.

**ચાલીશ ગામ**—ખાનદેશ જીલ્લામાંનો એક ભાગ. એનું ક્ષેત્રફળ ૫૦૪ ચૌરસ મૈલછે. તેમાં ૧૩૨ ગામડાં છે, લોક વસ્તી ૫૯૦૩૧ ની છે. તેમાં ૩૦૮૦૮ પુરૂષો ને ૨૮૨૨૩ સ્ત્રી ઓછે, હિંદુસંખ્યા ૫૦૩૬૯ ને મોહમેદન ૪૫૭૧ તથા પરકોમ ૪૦૯૧ની વસ્તી છે.

આ ભાગમાં ગીરનાર નદી પશ્ચિમથી પૂર્વ ને ઉત્તરે વહેતી બીજી શાખાઓને મળી દેશને ફળદ્રુપ બનાવેછે. દક્ષિણે, દક્ષિણપશ્ચિમ અને ઉત્તર ભાગ ખડકવાલો છે. કાળી મરોડીની જમીન ગીરનારની ખીણવાલી છે. એની ખેતીવાડી માટેની જમીન ૧,૭૪૨૯૫ એકર રોકાયલી છે, જેમાં ૮૩૨૦૨ એકરમાં ધાન્ય, તેલના બિયાં ૧૭૨૦૯ એકરમાં, અને કપાસ ૩૦૬૪૦ એકરમાં; તથા બાકીની જમીનમાં શેરડી, તંબાકુ તથા ભોયસીંગની ખેતી થાયછે.

**ચાલીસ ગામ**—ઉપલાનું મુખ્ય શેહેર. અત્રે ગ્રેટ ઈંડીયન પેનિનસુલા રેલ્વેનું સ્ટેશન છે. ધુલીયાથી એ ૩૦ મૈલપર છે. લોક વસ્તી ૩૬૪૧ ની છે.

ચીખલઠાણા, બહાળ, મેહુણબાર, વાઘળી આ તાલુકાને તાબેછે; ચીખલઠાણામાં પીરનું સ્થાનક છે. આ ગામ જીલ્લાની મર્યાદાપર હોઇ એની પાસે ઔરંગાબાદ છે, મેહુણબાર ગામ ચાલીસગામથી ૮ મૈલપર ગીરણી નદી કાંઠેછે.

આ તાલુકામાં પાટણો અને દેહરે પાસે બે પહાડી કિલ્લા છે. પાટણ તરફ ડુંગરપર દેવીનું એક મંદીર છે, જ્યાં દરવરસે ચૈત્ર માસની પૌર્ણીમામાં જાત્રા ભરાયછે.

**ચાલુકય**—(વધુ માટે જુઓ ચૌલુકય) અગ્નિ કુળની ૪ શાખાઓમાંની એક. બીજી ત્રણ શાખા ચોહાન, પરમાર અને રિહાર ને નામે જાણીતી છે. ચાલુકય પોતાને માટે જણાવે છે કે તેઓ ગંગા કાંઠેના પ્રદેશનાં રાજ્યકર્તા હતા. આ વંશ ૧૬ શાખાઓમાં વેંહેંચાયલો છે.

વાગેલા—બાઘલખંડના રાજા (બંદુધરની રાજધાની.)

બીરપૂરા—લુનાવારનાં રાવ.

બેહિલા—મારવારના કલીયાનપૂરનાં રાવ, પણ સુલંધ્યાના સરદાર.



ભૂતા અને કાલાચા—જેસલમીરનાં બાર, ટકરા અને આહિર.

લંગાહા—મુલતાનના મુસલામીઓ.

તોથૂ—પંજાબના મુસલમાન.

બિકૂ—પંજાબનાં મુસલમાન.

સુરકી—દખણનાં વતની.

સરઉરાહ—સૌરાષ્ટ્રના ગિરનારમાં.

કાનીકા—મેવારના દેસોરીમાં.

ખાકરા—માલવામાંના અલોટ અને જાવરામાં

તાન્તીયા—ચંદપૂર અને શકુનબારીમાં.

અલમિયા—(ચોક્કસ નથી.)

કુલામોર—ગુજરાતમાં.

આગળ ચાલુકય વંશનું રાજ્ય ગુજરાત, ખાનદેશ, કલીયાણી અને વારૂંગળમાં હતું. દક્ષિણ હિંદુસ્તાનમાં આ એક પુરાણી રાજ્યકર્તા કોમ થઇ ગઇ, જેના વિશે સર ડબલ્યુ એલીયટે અનેક લેખો તથા બાબતોની શોધો કરી તેમનાં ટોળાએ હિંદના મુખ્ય ભાગોપર રાજ્ય સત્તા ભોગવી હતી એવું જણાવે છે.

કલીયાણમાં ચાલુકય વંશના પેહેલા પુરૂષ જયસિંહ વિજયાદીત્ય પછી ત્રીલોચને ઇ૦ સ૦ ૪૮૯ માં રાજ્ય વૈભવ ભોગવ્યો હતો. આ વંશે ઇ. સ. ૧૧૮૩ સુધી રાજ્ય અમલ કર્યો હતો, તેમજ રાજમહેંદ્રીમાં ચાલુકય વંશે ઇ. સ. ૬૦૫થી૧૦૭૯ સુધી રાજ્ય અમલ ભોગવ્યો હતો.

ગુજરાતમાં આ વંશે ઇ. સ. ૬૩૪ થી ૭૪૦ સુધી અમલ ભોગવ્યો. આ વંશની બે શાખાએ ગુજરાત તથા દક્ષિણમાં રાજ્ય કર્યું હતું. નીચે મુજબ તેમનો રાજ્ય અમલ લંબાયો હતો.

પુલકેશી વલ્લભ સત્યાશ્રય
હર્ષ વર્ધનનો જીતનાર (ઇ. સ. ૬૧૦–૬૪૦

- દક્ષિણમાં રાજ્યકર્તા શાખા.
  - વિક્રમાદિત્ય સત્યાશ્રય (ઇ. સ. ૬૬૯–૬૮૦).
    - વિનયાદિત્ય.
      - (નવસારી) શિલાદિત્યશ્રાશ્રય. યુવરાજ (ઇ. સ. ૬૬૯–૬૯૧)
      - (નવસારી) મંગળરાજ. (ઇ. સ. ૭૩૧).
- ગુજરાતમાં રાજ્યકર્તા શાખા;
  - જયસિંહ વર્મા ધારાશ્રય (ઇ. સ. ૬૬૯–૬૯૧).
    - (ખેડા) બુદ્ધવર્મા.
      - વિજયરાજ (ઈ. સ. ૭૩૮-૩૯) (ગુપ્ત ૩૯૪ ઇ. સ. ૭૧૩).
    - (નવસારી) પુલકેશીજનાશ્રય.

**ચાવડનો કિલ્લો**—માહારાષ્ટ્ર દેશમાં જુન્નરની ઈશાન્યે ૧૦૦ મૈલપર અને નાણેઘાટની નૈઋત્યે ૧૦ મૈલપરછે. હાલમાં આ કિલ્લો ખંડીયર સ્થિતિમાં આવતો જાયછે. જુન્નરથી આ કિલ્લાપર જવાનો માર્ગ પાહાડી ખાણમાંથીછે. તેમાંના એક પાહાડપર હડસરનો કિલ્લોછે, અને બીજાપુર ચાવડ તથા જીવધન એ કિલ્લાઓછે. આ ત્રણે કિલ્લા અને શિવનેરી કિલ્લાની વચમાં નાણેઘાટછે. આ કિલ્લાનો મજબુત કોટ ૧૮૨૦માં ઈંગ્રેજ સરકારે પાડી નખાવ્યો હતો. માત્ર હાલમાં આ ટેકરીપર પાહાડી લોકોજ ચડી શકેછે.

શિખરની ઉપર એક અતિ ઉંચો કરાડોછે. તેનીપર દોરડાને લટકી ચઢવું પડેછે. નીચે તળેટીમાં ચાવડાબાઇનું મંદીરછે. તે જગે પાણી પુશકળ મળેછે. આ કિલ્લો ૧૪૮૭માં અહમદનગરના નિઝામશાહિ સ્થાપન કરનાર માલીકઅહમદને પુના પ્રાંતમાંના જે કિલ્લા બાંધ્યા તેમાં ચાવડા પણ એક હતો. બીજો બુર્હાન નિઝામ (૧૫૯૦–૯૪)નો નાદાન પુત્ર બહાદુરશાહ ઇ. સ. ૧૫-૯૪માં આ કિલ્લામાં કેદ હતો, ત્યાં તે એક વર્ષ રહ્યો હતો. તે પછી તેને અહમદનગરની ગાદી મળી. ઇ. સ. ૧૬૩૭ માં આ કિલ્લો શાહજી ભોંસલેએ મોગલોને આપ્યો. ઇ. સ. ૧૮૧૮માં આ કિલ્લો જીતી લેવા માટે એક ઇંગ્રેજ તુકડી આવી, તેણે ૧ લી મેએ કિલ્લાપર તોપોનો મારો ચલાવી કિલ્લો હાથ કીધો. તે વેળા કિલ્લામાં ૧૫૦ મરાઠા સીપાઇઓ હતા. આ સીપાઇઓનાં હથીયારો છિનવી લઇ તેમને છોડી મેલ્યા હતાં.

**ચાવડા વંશ**—આ રાજવંશે ગુજરાતમાં ઇ. સ. ૭૨૦થી ૯૬૧ સુધી રાજ્ય અમલ ભોગવ્યો હતો. ચાવડા વંશનો સ્થાપક ૧લા વનરાજનો જન્મ ઇ. સ. ૭૨૦માં થયો હતો. **વંશાવળી:—**

વનરાજ (૭૬૫–૭૮૦)
|
(૨૬ વર્ષનો બાળો)
|
યોગરાજ (ઇ. સ. ૮૦૬–૮૪૧)
|
રત્નાદિત્ય (૮૪૨–૮૪૫) (વૈરસિંહ ૮૪૫–૮૫૬) ક્ષેમરાજ (ઇ. સ. ૮૫૬–૮૮૦).
|
ચામુડ અથવા ભુવડ (ઇ. સ. ૮૮૦)
|
ઘાઘડ અથવા રાહડ (૯૦૮–૯૩૭)
|
ભૂભટ્ટ (ઇ. સ. ૯૩૭–૯૬૧)

**ચાવરછંદ**—પિંગળશાસ્ત્ર મુજબ ૧૬ ને ૧૦ માત્રાની બે યતિયો તેમાં અંતે લઘુ આવેછે.

**ચાસ**—અથવા નીલકંઠ. આ પક્ષી ઘણા દેશોનાં જંગલોમાં વસેછે, બ્રિટીશ સંસ્થાનોમાં તથા નેપલ્સ અને ઇંગલંડમાં આ પક્ષી જાણીતું છે, તેમજ આ પક્ષી દક્ષિણ પૂર્વ આયરલંડ તથા ઉત્તર સ્કૉટલંડમાં પણ પુશકળ જણાયછે. આ પક્ષીના પિછાંપર બલુ અને કાળા પટા હોયછે. એ પક્ષી ૬ ઈંડા મેળેછે, અને તે લીલાં ઝાંખદાર હોયછે, ત્યારે કેટલાકપર સુંદર કાળી લીટીઓ હોયછે. આ પક્ષી ૧૪ ઇંચ લાંબુ હોયછે, એનો જાણીતો રંગ ચળકતો ભૂરો હોયછે, પણ પુછડીનાં પિછાં કાળાં હોયછે, છતાં તેપર બલુરંગની ઝાંખ હોયછે, બલુ ચાસ પક્ષી ૧૧½ ઇંચ લાંબુ હોયછે, જે ઘણું કરી કેનેડા તથા દક્ષિણ પૂર્વ રાજ્યમાં સાધારણ છે, એના નાહનાં બચ્ચાંને લઇ પાળીયાથી તે ઘણા હળી મળી જાય બોલવા શીખેછે. એ ફળફળાદી, ઈંડા, મકાઇ ઉપર નિર્વાહ કરેછે.



**ચાહની તવારીખ, વેપાર, ખેતી, ગુણ દોશ અને બનાવટનું વર્ણન.**

**ચાહ**—અથવા ચ્હાય; ચા, ચ્હા, ચાહાય એ નામે આ પદાર્થ જાણીતો છે.

**તવારીખ**—ચીનમાં પ્રથમ ચાહ 'શીન' વંશના અમલ દરમ્યાન જાણીતી થઇ હતી, અને તે વેળા ચીનાઓ તેને દારૂ પ્રમાણે પિતા હતા. ૪ થી સદીમાં 'વાંગમંગ' નામનો એક પ્રધાન હતો તેને ચાહનો એટલો તો શોખ હતો કે આવતા જતા પરાણા યા મુલાકાત લેનારાઓને તે ચાહ પાતો હતો. 'શાઇ' વંશનો 'વાસ્ટી' નામનો શેહેનશાહ માથાના દુખારાથી બેમાર પડયો ત્યારે તેને એક હકીમે ચાહનો કાવો કરી પાયાથી તેનું માથું દુખતું બંધ થયું હતું

જેપાનીસોનાં જણાવ્યા મુજબ ઇ. સ. ૫૦૦ માં 'ડારમા' નામે એક અતી પરહેજગાર હિંદુ શાહજાદો હિંદુસ્તાનથી ચીન આવી ત્યાં લોકોને ધર્મ બોધ કરવા લાગો અને પોતાની પવિત્રાઈ બતાવવા તે પોતાના બદનને ઘણી સખતી આપવા લાગો; તે રાત દિવસ ખુલ્લી હવામાં કષ્ટી થઇ પડી રહેતો ને બંદગી કરતો, પણ એક રાત્રે ઘણી થાકને લીધે તેનીપર ઉંઘે ગલબો કર્યાથી તે ઉંઘાઇ ગયો, આથી બીજે દિને પશ્ચાતાપ કરી, હવે પછી ઉંઘ નહિ આવે તે થકી પોતાની પાપણો કાપી તેને દાટી આવ્યો. બીજે દિવસે જ્યાં પાપણ દાટયાં હતાં ત્યાં એક અંજાણ્યો રોપો ઉગેલો જોવામાં આવ્યો; આથી ડારમાએ તેના પાતરાં ચાખી જોયાં જેથી તેની તનદરોસ્તી ઘણી સુધરી. તે પછી તેણે પોતાના ચેલાઓને તે પાતરાં ચાખવા આપ્યાં. એ રીતે ચીનમાં ચાહ પ્રથમ દાખલ થઇ.

ઇ. સ. ૭૮૦ ના સાલમાં 'તાંગ વંશ*'ના અમલમાં પહાડી પ્રદેશમાં ચાહ ઉગતી હતી, અને ત્યાંથી ચીનમાં લાવતા, તેની ઉપર સેંકડે ૧૦ ટકા જકાત આપવી પડતી હતી. ઇ. સ. ૮૨૪ માં મુરશાંગના અમલમાં રાજ કર્જદારીમાં આવતાં ચાહે ઉપરનો કર વધારી સેંકડે ૫૦ ટકાનો કીધો. તાટશુ ના અમલમાં પણ રાજ્ય તંગદસ્તિમાં આવતાં ચાહેપર જકાત વધારવાની શાહાનશાહને ભલામણ થતાં તે સખી જીગરના શાહાનશાહે જણાવ્યું કે. "ચાહે ઘણીજ ઉત્તમ પુષ્ટી આપનારી ચીજ છે. જો; તેની કિંમતમાં વધારો કરવામાં આવશે તો ગરીબો તે વાપરી નહિ શકવાથી તેઓ દુઃખ વેઠશે, માટે તેપર કર વધારવો નહિ."

જીનસીંગશાહે ઇ. સ. ૧૦૨૩થી ૧૦૬૩ સુધી રાજ્ય અમલ ભોગવ્યો. તેના અમલ દરમ્યાન ચાહેના મ્હોટા મ્હોટા બગીચા અને કારખાના સ્થાપવામાં આવ્યા હતાં. તે વેળા 'પીનચા' અને 'શાનચા' નામે બે પ્રકારની ચાહ બનતી હતી. 'પીનચા' ચાહે, પાતરાં આતશથીસુકવી બનાવવામાં આવતી તેને કહેતા અને 'શાનચા' તડકાથી સુકવી તેનો ભૂકો કરતા તેને કહેતા. 'શિનશાંગ'ના અમલમાં એક શખસને જૂદે જૂદે દેશથી ચાહે આણવા મોકલવામાં આવ્યો, ત્યારે તેણે ઘોડાઓ આપી ચાહેની ખરીદી કરી હતી. તેમજ મીંગ વંશના સમયમાં મોંગલો ચાહે માટે ઘોડા આપતા હતા.

**યુરપમાં** ૧૬ મી સદીની આખેરી સુધી ચાહેની હસ્તી કોઇ જાણતું નહોતું. ૧૭ મી સદીમાં પેહેલ વેહેલી થોડીક ચાહે ઇંગ્લંડમાં લાવવામાં આવી હતી. ઇ. સ. ૧૬૧૦માં હિંદુસ્તાનથી ઇંગ્લંડમાં ચાહે દાખલ થઈ. ઇ. સ. ૧૬૫૭ માં 'ગેરવે' નામનાં શખસે એક્સચેંજએલીમાં ચાહ બનાવી પાવાની દુકાન પ્રથમ ખુલ્લી મેલી હતી. તે વેળા દર રતલે ૧૦ થી ૫ પૌંડની કિંમત આપવી પડતી. ૧૬૬૬માં લાર્ડ ચાર્લિંગટને હૉલંડમાંથી ઇંગ્લંડમાં ચાહેનો મ્હોટો જથ્થો આણી તે ઉંચ વર્ગમાં દાખલ કરી અને તે ૩૫ રૂપ્યે રતલે

* આ વંશે ઈ. સ. ૬૧૯ થી ૯૦૭ સુધી રાજ્ય કર્યું હતું. આ વંશનો પેહેલો શેહેનશાહ લીઇન બહાદુર અને કુનહેગાર હતો, અને છેલ્લો ચાઓાસીઇએન્તી નામે નબલો બાદશાહ હતો. તેને યુવાન નામે લુટારાએ પદભ્રષ્ટ કર્યો હતો.

વેચી હતી. ઇ. સ. ૧૬૭૩માં ઇસ્તઈંડીયા કુંપનીએ પ્રથમ ૪૭૧૩ રતલ ચાહે ઈંગ્લંડમાં મોકલી હતી. ૧૭૨૫માં ૩,૭૦૩૨૩ રતલ મોકલી હતી. ૧૯૪૦માં ચાહેની દર રતલે કિંમત ૭થી ૨૪ શિલીંગની પડતી હતી. ૧૭૭૫માં ચાહેનો ખપ ૫૬,૪૮,૦૦૦ પૌંડનો દર વર્ષે થતો હતો. ૧૮૦૧ માં ૨,૩૭,૩૦,૧૫૦' રતલનો થયો હતો. ૧૮૪૦માં યૂનાઇટેડ કીંગડમમાં ૩,૨૦,૦૦૦૦૦ રતલનો. ૧૮૫૦માં ૫,૧૦,૦૦,૦૦૦ નો. ૧૮૬૦મા ૭,૭૦,૦૦,૦૦૦; ૧૮૭૦માં ૧૧,૦૬,૬૬,૩૯૦' રતલનો; ૧૮૮૦માં ૧૫,૮૫,-૭૧,૦૦૦ રતલનો; ૧૮૯૦માં ૧૯,૪૦,૦૮,૦૦૦ રતલનો ને ૧૯૦૦માં ૨૪,૦૦,૦૦,૦૦૦ રતલનો થયો હતો.

**જકાત**—૧૮૪૦માં દર રતલે ડયૂટી ૨ શિલીંગ ૨½ પેન્સની લેવામાં આવતી હતી. ૧૮૪૫માં ૧ શિલીંગ, ૫ પેન્સની; ૧૮૬૫માં ૬ પેન્સ અને ૧૮૯૦માં દર રતલે ૪ પેન્સનો કર લેવાનો કાયદો બંધાયો હતો.

**હિંદમાં ખેતી અને વેપાર.** ૧૮૨૦ માં આસામ ખાતે ચાહેનો જંગલી રોપો મળી આવ્યો હતો, અને ફરી ૧૮૨૩ માં તેપર લક્ષ ગયું હતું. ઇસ્ત ઈંડીયા કંપનીનું તે પછી ધ્યાન, ચાહેનો વેપાર હિંદમાં વધારવાપર દોડતાં તેઓએ ૧૮૩૪ માં એક કમિશન ચીન મોકલ્યું હતું. તે પછી ડૉ૦ ગ્રીફ્ત્સ અને ડૉ૦ વૉલેસે ચાહેની ખેતી ઉપલા આસામમાં બ્રહ્મપુત્રનાં ઉપલા ભાગમાં 'નાગા' તથા મીશમી પર્વતની વચ્ચે થઈ શકે એમ જણાવી ત્યાં ખેતી શરૂ કરી. તેજ વર્ષમાં કંપનીએ ચીનથી મંગાવેલા રોપાઓ કયૂમોન મોકલી તેની ખેતી કરવા માંડી. ૧૮૩૫ માં આસામ મધે પેહેલો ચાહેનો બગીચો 'લખમીપુરમાં' બનાવ્યો હતો, જ્યાંથી ઉત્પન્ન થતી ચાહેનો નાહનો જથ્થો ઇંગલંડ મોકલવામાં આવતો હતો. ૧૮૪૦ માં આસામ ટી કુંપનીની સ્થાપના થઇ; ૧૮૪૩ માં હિંદી ચાહે લંડનમાં બે શિલીંગ ૬ પેન્સથી ત્રણ શિલીંગે રતલને ભાવે વેચાવા લાગી. ૧૮૪૦ માં આસામ કુંપનીએ હિંદી ચાહનાજ રોપાની પેહેલાં ખેતી કરવાની શરૂઆત કરી, તે પછી ચાહેની કિંમત સારી ઉપજવા માંડતાં ૧૮૪૮ ને ૧૮૫૧ માં ચીનથી ચાહેના રોપા તથા બિયાની અત્રે મ્હોટી આયાત કરવામાં આવતી હતી.

૧૮૮૫ માં હિંદી ચાહની ખેતી માટે ૨,૮૪,૦૦૦ એકર જમીન રોકાયલી હતી. ૧૮૯૦ માં ૩૧,૨૦,૦૦૦ એકર જમીન રોકાયલી હતી, તેમાં મુખ્ય મથકો આસામ, દાર્જેલીંગ, સીલહટ, ડુરાસ (દાર્જેલીંગ ટેકડીની તળીએ), કેચાર, દેહરાદુન, કયૂમોન, અને કાંગ્રા, છોટા નાગપૂર, ચીતાગોંગ, નીલગીરીની તેકડીઓ મને ત્રાવણકોરની જમીનનો ભાગ હતો. ૧૮૯૭ માં હિંદુસ્તાનમાં ૪,૯૩,૭૧૦ એકર જમીન રોકી હતી. જેમાંનો ⅔ ભાગ બ્રહ્મપુત્રા અને સૂરમાંની ખીણમાનો હતો, બંગાલ ખાતે ૧,૨૮,૦૬૭ એકર જમીન રોકાઇ હતી, વાયવ્ય પ્રાંતમાં ૭૯૬૫ એકર, પંજાબમાં ૯૯૭૦ એકર, મદ્રાસમાં ૬૩૩૫ એકર અને ત્રાવણકોર તથા કોચીન ચાયનામાં ૩૦,૦૭૬ એકર અને ઉત્તર બરમામાં ૭૪૭ એકર જમીન રોકાઈ હતી. બરમામાં ચાહ ઉકાળી પીતા નથી પણ તેના પાત્રાં ત્યાંની પ્રજા ખાવાના ઉપયોગમાં લીયેછે.

હિંદી ચાહેની નિકાશ ૩૧ મી માર્ચે પુરા થતા ચાહેના હિસાબનું વર્ષ ૧૮૮૬ માં ૬૯,૬૬૬૧૧૬ રતલ, ૧૮૮૭ માં ૮,૦૫,-૫૭,૩૨૯ રતલ, ૧૮૮૮ માં ૮,૮૯૮૨૩૪૬' રતલ; ૧૮૮૯ માં ૯,૯૩,૩૯,૮૬૮ રતલ; ૧૮૯૦ માં ૧૦,૫૬,૦૯,૫૩૩; ૧૮૯૧ માં ૧૦,૧૯,૦૩૬૫૫ રતલ નિકાશ થયો હતો. અને ૧૯૦૦ માં ચાહનો નિકાશ વેપાર ૯,૫૫,૦૯૩૦૧ રૂપ્યાનો ને ૧૯૦૨ માં ૮,૧૪-૯૪૮૯૩ રૂપ્યાનો થયો હતો.

હિંદુસ્તાનમાં ચાહેની ખેતીનો ધંધો યૂરપિયનોને હાથ છે, અને તેમાં તેઓએ



૩૨,૦૦,૦૦,૦૦૦ રૂપ્યા રોકેલાછે, અને તેમાં ૯,૦૦,૦૦,૦૦૦ રૂપ્યા યૂરપિયન નહિ એવા અથવા નહિ નોંધાયલી કંપનીઓએ રોકેલાંછે. નીચે મુજબ હિંદી ચાહેનો નિકાશ વેપાર ચાલુછે.

૧૮૭૬ માં રૂ. ૨,૧૬,૬૪,૦૦૦.
૧૮૮૨ માં રૂ. ૩,૬૦,૯૧,૦૦૦.
૧૮૯૨ માં રૂ. ૫,૯૬,૮૧,૦૦૦.
૧૮૯૪ માં રૂ. ૬,૫૮,૫૮,૦૦૦.

**સીલોનમાં** ચાહે પ્રથમ ૧૮૩૯ માં જાણીતી થઇ. ૧૮૬૭ માં જેમ્સ ટેલરે એની ખેતી કરવા માંડી પણ ૧૮૭૪–૭૫ વેર ત્યાં ચાહેની ખેતીપર બરાબર લક્ષ આપવામાં આવ્યું નહોતું. ૧૮૮૧ માં કાફીના પાંદડાને રોગ લાગુ પડવાથી મ્હોટી નૂકશાની થતાં ત્યાંની પ્રજાનું પ્રથમ લક્ષ ચાહેની ખેતી તરફ એકદમ ગયું. ૧૮૭૦ માં માત્ર ચાહેની ખેતી માટે ૧૦ એકર જગા રોકવામાં આવી હતી, તે વધીને ૧૮૭૭ માં ૨૭૨૦ એકર; ૧૮૮૭ માં ૧,૭૦,૦૦૦ એકર; ૧૮૯૧ માં ૨,૨૩,૦૦૦ એકર રોકાઇ હતી,—૧૮૭૩ માં ચાહેની નિકાશ ૨૩ રતલની હતી. તે વધીને ૧૮૭૭ માં ૨૧૦૫ રતલ, ૧૮૮૦ માં ૧,૭૨,૫૭૫ રતલ; ૧૮૮૪ માં ૨૩,૯૨,૮૭૩ રતલ; ૧૮૮૮ માં ૨,૩૮,૨૦-૭૨૩ રતલ; ૧૮૮૯ માં ૩,૪૩,૪૬,૪૩૨ રતલ; ૧૮૯૦ માં ૪,૫૩,૯૦,૦૮૬ રતલ; ૧૮૯૧માં ૬,૮૨,૭૪,૪૨૦ રતલ નિકાશ થઇ હતી.

નેટલમાં ચાહેની ઉત્પત્તિ ૩,૦૦,૦૦૦ રતલ થાયછે, અને તે ધીરે ધીરે કૉલની, ફ્રીસ્ટેટ તથા ત્રાન્સવાલમાં પસરીછે.

**ચીનાઇ ચાહેનો વેપાર,** જ્યારથી હિંદી અને સીલોનની ચાહે ફત્તેહમંદ થતાં પડી ભાગોછે. ૧૮૮૫ માં ચીનના સર્વ ભાગમાંથી ચાહેનો થએલો જુમલે નિકાશ ૨૮,૩૮,૩૩,-૧૬ રતલ હતો; પણ ૧૮૯૦ માં તે ૨૦,૪૨૮૮,૫૦૦ રતલનો નિકાશ થયો હતો, એ રીતે જોતાં ૧૨ વર્ષમાં આંઠ કરોડનો ઓછો માલ જવા માંડયો હતો. ઉપલા માલમાંથી યૂનાઇટેડ કીંગડમ ખાતે ૩,૦૦,૨૯૬૬૬ રતલ; રશિયા ખાતે ૧૦,૮૪,-૮૫,૮૬૬ રતલ; યૂનાઇટેડ સ્ટેટ ખાતે ૧,૫૯,૫૨,૦૧૬ રતલ; હૉંગકૉંગ ખાતે ૪૪,૩૩,૬૦૦ રતલ, એ શિવાય આસ્ટ્રેલ્યા વગેરે દેશોમાં નિકાશ થયો હતો.

**હિંદુસ્તાનમાં**—૧૮૯૭ના સાલમાં ખેતી માટેની રોકાયલી જમીન ૪,૨૩,૯૨૩ એકર હતી અને ત્યાંથી યૂનાઇટેડ કિંગડમ ખાતે નિકાશ થએલા માલની કિંમત ૫૪,-૫૦,૫૪૧ પૌંડની ઉપજી હતી. ૧૮૭૮ માં સીલોની ચાહેની ખેતીની ઉપજ માત્ર ૧૫૦ પૌંડની ઉપજી હતી ત્યારે ૧૮૯૭ માં ૪,-૦૪,૫૭૪ એકર જમીન ચાહેની ખેતી ખાતે રોકાયલી હોઇ, તેની નિકાસ યૂનાઈટેડ કીંગડમ ખાતે—૩૭,૨૮,૧૬૬ પૌંડની થઇ હતી.

૧૮૬૪ માં યુનાઇડેડ કીંગડમમાં ચાહેની આયાત ૮,૫૭,૯૯૨૫૩ રતલની હતી, માત્ર તેમાં ૨૮,૦૦,૦૦૦ રતલ ચીનની હતી. ઇ. સ. ૧૮૮૦ સુધી હિંદુસ્તાન તથા ચીનની ચાહે યુરપમાં જાણીતી નહોતી; પણ ૧૮૯૭ માં એકંદર ચાહેની આયાત ૨૩,૧૩,૯૯૭૭૮ રતલની હતી; તેમાં માત્ર ચીન ખાતેની આવેલી ૧,૭૨,૪૨,૨૭૪ રતલ હતી, તેમાં બાકીની જે ચાહ હતી તેમાંની ૧૨,૪૫,૩૪,૧૯૪ રતલ હિંદની અને ૮,૫૪,૯૩,૫૩૪ રતલ સીલોનની હતી.

હાલમાં દિન પર દિન હિંદી અને સીલોનની ચાહેનું બજાર આસ્ટ્રેલ્યા; રશિયા, ઉત્તર અમેરિકા, અને બીજા દેશોમાં તેજીપર આવતું જાયછે, તેમાં વધારે મ્હોટો જથો ખરીદનાર તરીકેનાં દેશો ગ્રેટબ્રિટન, યુનાઇટેડ સ્ટેટ, રશિયા, આસ્ટ્રેલ્યન કૉલનીજ, કેનેડા અને હૉલંડ, જર્મની, ફ્રાન્સ, આસ્ટ્રેલિયા હંગેરી અને ડેનમાર્ક છે.

હાલમાં જૂદા જૂદા દેશની પ્રજામાં દર માસે એક માણસ દીઠ નીચે મુજબ ચાહેનો ખપ થાયછે.

| | |
|---|---|
| આસ્ટ્રેલ્યા ... ... ... | ૮ રતલ |
| ઈંગલંડ ... ... ... | ૫ ,, |
| કેનેડા (અમેરિકા)... ... | ૪ ,, |
| અમેરિકા સંસ્થાન... ... | ૨ ,, |
| હૉલંડ ... ... ... | ૧ ,, |
| રશિયા ... ... ... | ૧/૨ ,, |
| હિંદુસ્તાન ... ... ... | ૧/૨૫ (સેંકડે ૧/૨૫ રતલભાર કરતાં ઓછો) |

**ચીનમાં ચાહેની ખેતીવાડી તથા ઉદ્યમ.**—ખેતી કેમ થાયછે તેનો અત્રે ખ્યાલ આપી છેલ્લે હિંદી ચાહની ખેતીનું વર્ણન કરીશું.

ચીનમાં એના ઝાડ ૨ થી ૭ ફીટ ઉંચા વધેછે, અને તે મેદીનાં ઝાડ જેવાં ઉગેછે, એનીપર ઝીણા સફેદ ફુલો આવેછે જેનાં ફલો નાહનાં હોયછે પણ તેમાં ચીકાસ ભરેલો રહેછે. ચીનમાં ચાહે વિશેનું જે પુસ્તક પ્રગટ થયું છે તેમાં ઓછામાં ઓછી ૨૦૦ જૂદી જૂદી જાતનું વર્ણન આપેલું છે.

ચીનમાં ચાહેના ઝાડ ડુંગરો ઉપરની ઉજડ જગ્યામાં ૨૫ અને ૩૦ અંશની વચ્ચે ફોકીએન, ચીકીઆંગ અને કયાંગસ સંસ્થાનોમાં ઉગેછે, તે શિવાય ચીનની તમામ શેહેનશાહાતમાં પણ ઉત્પન્ન થાયછે.

ચીનમાં ચાહાનાં બીજ કયારાઓમાં નાખી અથવા કલમ કરીને વાવેછે; અને તેઓ પહાડની દક્ષિણ દિશા તરફની કઠણ અથવા શિખરપરનાં મેદાનપર કાંકરીની જમીન પર સારી રીતે ઉગેછે. ચાહેનાં બીજ જમીનમાં નાખ્યા પછી જલ્દીથી સડી જાયછે, તેથી ૬ થી તે ૧૦, એક બીજા ખાડામાં નાખેછે અને તે ખાડાઓને હારનીહાર કરીને ૫ થી ૬ ફીટ એક બીજાથી જૂદા જૂદા રાખેછે, પછી તેને ફણગા ફુટેછે, ત્યારે તેપર ઝાઝી મેહેનત લેવી પડતી નથી; માત્ર ઘાસ ઉગી નિકળતાં તેને સાફ કરવું પડેછે, જ્યારે તે એકથી બે વર્ષનાં મ્હોટાં થાયછે ત્યારે તેમને કાઢી બીજી જગ્યાએ રોપેછે, અને તે પછી ૧ વર્ષે રહી પાતરાં તોડવા માંડેછે, તે છેક ૭ થી ૮ વર્ષના થાય ત્યાં વેર તોડી પછી તેને થડમાંથી કાપી નાખેછે, એટલે ફરી નવાં ઝાડ ફુટેછે.

આ ઝાડનાં પાતરાંનો સારો નરસો ગુણ જમીન ઉપર આધાર રાખેછે, કુમળાં પાતરાં જે વસંત ઋતુમાં તોડેછે તેની લેહેજત મ્હોટા થએલા પાતરાં કરતાં વધારે હોયછે, તે ઝાડપર ઘણા પાતરાં આવવા માટે તેઓની રીત મુજબ ચોકસાઇથી છાટેછે.

ઝાડપરથી પાતરાં તોડી કાઢવાની ત્રણ મોસમો છે, વસંતઋતૂ બેસતાં, બીજી વસંતઋતૂની આખેરીમાં, અને ત્રીજી ગર્મીની ઋતૂ બેસતાં. પેહેલી ઋતૂનાં પાંદડાની ચાહે શાહનશાહી બનેછે.

નવી ચાંહ ઘણું કરી વપરાતી નથી, કારણ કે તેમાં કેફ હોયછે. પણ તે પરદેશ ખાતે મોકલવામાં આવતી હોવાથી એક વર્ષ પછી તેની કેફ ઓછી થઇ તેનો ભાવ સારો ઉપજેછે.

પરદેશ ખાતે ચીનની વુઇઓઇ અથવા કાળી ચાહે તથા સંગલો યાને ગ્રીન ચાહે વખણાય છે. 'વુઇ'નો પર્વત જે ફોકીએનમાં છે તે ઉપરથી કાળી ચાહેનું નામ 'વુઇ' પડયું. તેમાં જે જૂદી જૂદી જાતની ચાહે આવેછે તેના નામો—કીઇનેપૈ (કૉંપાંઇ), કુંગફૂ (કાંગો); પીહહાઓ (પીકો), પાઓચુંગ (પૌ ચાંગ) તાચા (બોહિઆ), સ્વાંગચી ચાહે (સૈચી) જાણીતી છે.

સંગલો અથવા લીલી ચાહનું નામ કયાંગનાનના એક પહાડ ઉપરથી પડયું છે. અને ત્યાં જૂદી જૂદી જાતની નીચે મુજબ ચાહ બનેછે. સંગલો (કૉમન), હીચુન (હૈસન), પીચા (હૈસન ઇ સ્કીન), તુનકી (તવાનકો), ચુચા (ગન પાઉદર ચાહ), ઇકુસીન (ઇઆંગહૈસન) વગેરે ઉત્પન્ન થાયછે.

ચાહેને લેહેજતદાર બનાવવા ચીનમાં ચાહે અંદર ચાહેના ઝાડનાં મ્હોર, અને બીજાં ખુશબોદાર ફુલો ભેળેછે. 'લુગાન અને પુહઉનહ' નામની બે જાતની ચાહે ઘણી સરસ ગણાયછે, જે ઇઉનાનમાં થાયછે તેને પરદેશ ખાતે મોકલતા નહોતાં.



તાતાર તથા ચીનાઓ મ્હોટા પાતરાંઓની ચાહેને કુટીને તેના ચોસલા બનાવીને પણ વેચેછે. કઇચા અથવા ઈતરડીની ચાહ ઘણું કરી ઇઉનાનની ચાહનો કસ કાઢી તેની ટાંકળીઓ બનાવેછે અને તેજ મુજબ બીજી જાતની ચાહેમાંથી કસ કાઢી ટાંકળી બનાવેછે.

**હિંદમાં ખેતી ને ઉદ્યમ.** હિંદમાં ચાહેને ખેતી લાયકની જગ્યા ઉષ્ણકટીબંધના પ્રદેશમાં કે જ્યાં વર્સાદ ૬૦ ઈંચથી વધુ પડતો હોય ત્યાં થઇ શકેછે. સીલોનમાં ચાહેની ખેતી સમુદ્ર સપાટીથી ૭૦૦૦ ફીટની ઉંચાઇવાલા પ્રદેશમાં થાયછે, પણ ઓછી ઉંચાઇવાલા પ્રદેશમાં જોકે ચાહેની ખેતી સારી થઇ શકેછે. એના છોડને પાંદડાં પુશકળ આવેછે છતાં તે ચાહેમાં જોઇએ તેવાં ગુણો હોતાં નથી. દાર્જલીંગ ખાતે ચાહેની ખેતી સમુદ્ર સપાટીથી ૭૦૦૦ ફીટ ઉપર થાયછે. જાપાન તથા ચીનમાં ૪૦° ડીગ્રી ઉષ્ણતા ધરાવનાર પ્રદેશમાં ઉગેછે. સીલોનમાં દરરોજ અકેક મજુરને ૮ પેન્સ, છોકરાઓને ૪ થી ૬ પેન્સ મજુરી આપવામાં આવેછે, અને સ્ત્રીઓને પણ છોકરાંઓ જેટલીજ મજુરી મળેછે. ચીન, જાવા, હિંદુસ્તાન, સીલોન, આ દેશમાં મજુરી એટલી તો સસ્તી છે કે તેમની સાથે બીજો કોઇ પણ દેશ હરીફાઇ કરી શકતો નથી. ચાહેનાં કારખાના ૨૦૦ પૌંડથી હજારો પૌંડની રકમ ખર્ચી સ્થાપી શકાયછે, અને તે કારખાનામાં જ્યારે મોસમપર ધમાલ ચાલેછે ત્યારે રાત દિવસ વિજળિક બત્તીથી મજુરો ત્યાં કામ કરેછે.

**ચાહની ખેતી તથા બનાવટ**—એના છોડ બીયામાંથી તૈઆર થાયછે, અને તેને માર્ચ માસમાં રોપેછે. એક વર્ષનાં છોડવા થતાં તેની મ્હોટી મ્હોડી ફુટેલી ડાંખળીઓ કાપી નાખેછે, તે ૩ ફીટ ઉંચાઇમાં રહેવા દેછે અને તેની ઘટા ફેલાવા દિયેછે. આ ઉપરથી પાતરાં ઉતારવાનું કામ, છોડ ૪ થી ૫ વર્ષનો થયા પછી ચાલેછે. અને તે છોડ ૧૦ થી ૧૨ વર્ષનો થાય ત્યાં સુધી તેની ઉપરથી પાતરાં ઉતારવાનું કામ ચાલેછે. તે મુદ્દત પછી છોડવા ઉખેડી નાખેછે, ને નવા છોડ રોપેછે. પાતરાં ઉતારવાની ઉત્તમ મોસમ મે અથવા જુનમાં હોયછે. કુમળાં પાતરાંની ચાહ સારી બનેછે.

જ્યારે પાતરાં તોડી એકઠાં કરેછે ત્યારે તેમા ખુશબો ને સ્વાદ મળેછે, તે લીલીમાં હોતો નથી. ખુશબો પાતરાં સુકવ્યા પછી ઉત્પન્ન થાયછે. જે લેહેજત ચાહ પિવામાં મળેછે તે સ્વાદ અને ખુશબો પાતરાંને ગર્મીથી સુકવતાં ઉતપન્ન થાયછે. એકજ જાતનાં પાતરાંને તેમાંથી જૂદી જૂદી ક્રિયાથી તહેવાર ચાહ બનેછે. લીલી અને કાળી ચાહ એક જાતનાં પાતરાંમાંથી બનેછે. તેમને એકજ મોસમમાં તોડેછે, તે છતાં તેમાં તફાવત રહેછે. કાળી અને લીલી ચાહ એકજ જાતના પાતરામાંથી જૂદી જૂદી ક્રિયાથી બનેછે.

**ગ્રીન ચાહ**—* ઝાડ ઉપરથી પાતરાં તોડતાંજ તેને વાંસની સુપડીમાં પાંથરી તેનો ભિનાસ સુકવી કાઢેછે. કોઇવેળા તેને એકથી બે કલાક સુકાવા દેછે, પછી આ પાતરાંઓને ધીમી આંચ ઉપર મુકેલી કઢાઇમાં નાખી તેને ઝડપથી ઉઠલાવી ફેરવેછે. આ ક્રિયા ચારથી પાંચ મિનિટ કરી તેને ટેબલ ઉપર પાંથરેછે, ને હાથ વડે મસળેછે. મસળીયા પછી પાતરાંને ફરી કઢાઇમાં નાખેછે. ને ફરી ટેબલ ઉપર પાંથરી મસળેછે. આ મુજબ કલાકથી દોઢ કલાકમાં પાતરાં સારી રીતે સુકાઈ રંગ પકડેછે, પછી તે કાળાં થતાં નથી. તે વેળા તેનો રંગ ઝાંખ મારતો લીલો હોયછે. પણ થોડા વખત પછી તે વધારે લીલાસ પકડેછે. આ મુજબ કર્યા પછી તેને જૂદી જૂદી ચાલણીમાં ચાળેછે એટલે તેમાંનો કચરો દૂર થાયછે.

* આ વર્ણન ચીનમાં ચાહ જે રીતે બનાવેછે તેપરથી આપ્યું છે.

કાળી ચાહ—પાતરાં તોડી લાવ્યા પછી સુપડામાં ઘણો વાર પાંથરી રાખી (૧૨ થી ૧૪ કલાક) પછી હાથમાં લઇ ઉછાળી એકઠાં કરેછે. આ ઢગલાને એક કલાક સુધી તેવીજ સ્થિતિમાં રહેવા દેછે, કે તે પાતરાંનો રંગ બદલાયલો જણાયછે. આ વેળા પાતરાં નરમ અને ખુશબોદાર બનેછે. પછી તેને ટેબલ ઉપર પાંથરી હાથ વડે મસળે છે ને પછી ગોળા બનાવેછે. તે પછી પાતરાંને લોઢાની કઢાઇમાં નાખેછે તેને લીલી ચાહ મુજબ ભુંજી ફરી તેના ગોળા બનાવેછે, તે પછી તેને ચારણી વડે ચાળી છુટી કરેછે, તે પછી ખુલ્લી હવામાં સુકવેછે. ૩ કલાક સુધી સુકાતાં તે છુટાં પડેછે ને ભિનાસ નિર્મૂળ થાયછે કે તેને ફરી કઢાઇમાં નાખી તેના ગોળા કરી ફરી ફરીથી તેને ગર્મી આપેછે કે તે કાળો રંગ પકડેછે. જે વેળા પાતરાંઓને સુકવેછે ને ભુંજેછે તે વેળા પાતરાંમાં રસાયન ક્રિયાના ફેરફાર થઇ ચાહના સ્વાદ તથા ખુશબોમાં વધારો થાયછે. પાતરાંનાં રસ ઉપર હવામાંથી ઑકસીજનની અસર થાયછે, અને તેથી કરીને ચાહનો રંગ કાળો બનેછે.

૩ રતલ પાતરાંમાંથી એક રતલ ચાહ બનેછે, પણ પરદેશ મોકલવાની ચાહે વધારે સુકવવામાં આવતી હોવાથી તે ઓછી ઉતરેછે.

જુદા જુદા પ્રગણામાંની જમીન હવા અને છોડવા ઉછેરવાની માવજત પ્રમાણે જુદા જુદા સ્વાદની ચાહ બનેછે. ચીનમાં સરસમાં સરસ ચાહ 'પીલીગ' નામનો ડુંગર જે ૨૭ થી ૩૦ ઉત્તર અક્ષાંસ ઉપરછે ત્યાં ઉગેછે. કાળી ચાહને જુદા જુદા નામ આપી તેની જુદી જુદી જાતો ગણેલીછે. બોહિયા, કાંગ, કેમપોઈ, સુચોંગ, કેપર અને પીકો એ કાળી ચાહની જાતીઓ છે. બોહિયા જાતની કાળી ચાહ ફોકીન પ્રગણામાં બનેછે. પીકો જાતની ચાહ ચીનમાં ઉત્તમ ગણાયછે ને તે ત્યાંના અમીર ઉમરાવોજ વાપરેછે.

લીલી ચાહની જાતી 'વાંકે' અને 'હિસન' છે. હિસન ચાહ 'સાગો'નાં પ્રગણામાં ઉગેછે.

### ચાહનાં ગુણ-દોશ, તત્વ અને બનાવટ:—

ચીનાઓના જણાવવા મુજબ ચાહનો ગુણ થંડો છે ને તે વારંવાર પિધાથી બદનને નબળું બનાવેછે. ચીનમાં કેટલાક લોકો ચાહ પીધાથી તેમાં સર્દીની અસર નહિ જણાય તેટલા માટે તેમાં પીતી વેળા સુંઠ અને નિમક ભેળેછે. ચાહથી અંગમાં હુશિયારી આવેછે. ચીનાઓ પ્યાલામાં ચાહ નાખી તેનીપર ગરમ પાણી રેડેછે અને તેમાં સેહેજ મિઠાસ વાપરેછે. હિંદમાં ચાહમાં ખાંડ તથા દુધ મેળવી પીયેછે, જેથી તેનો સ્વાદ વધી દુધથી પુષ્ટી મળેછે. રશિયામાં ચાહ માહે લીંબુ નિચોવી પીયેછે; જર્મનીમાં કુમળી ચાહ બનાવી તેમાં રમ અથવા તજ નાખી પીયેછે.

ચાહ પિધાથી હોશિયારી આવેછે, અને કાંઇક ખુશનુમા કેફ ચઢે છે. ચાહે લોહિના જોસ્સાને અને લોહીથી ઉત્પન્ન થતા રોગોને દબાવી દેવાનો ગુણ ધરાવેછે, માટે માથું દુખતું હોય ત્યારે ચાહ પીધાથી તે નરમ પડેછે. લીલી ચાહ જો ઘણી ઉકાલેલી પીધી હોય તો જ્ઞાનતંતુમાં ફેલાઇ બેચેની ઉપજેછે, ગ્રીન ચાહથી કોઈ વેળા કેફ ચઢેછે, જે નીચા દરજ્જાનાં પ્રાણીને પાવાથી તેમનીપર લકવાની અસર થાયછે.

ચાહમાં ગુણકારી તત્વ ૧ થી ૬ ભાગ છે ને તેમાં પૌષ્ટીક તત્વ ૧૪ થી ૧૫ ભાગ હોયછે. તેમજ તેમાં કબજીયાત કરનારો ભાગ ઘણોજ થોડો હોયછે, કાળી અને લીલી ચાહા એકજ ઝાડમાંથી બનેછે, પણ ચાહનાં તાજા પાતરાંને ગરમ કઢાઇમાં અથવા પાણીના બાફથી સુકવી ગરમ કર્યાથી તે કાળી અથવા ગ્રીન થાયછે, પણ લીલી ચાહને રંગ આપવા માટે મોરથુથુ અથવા પ્રશિયન બ્લૂ નામની ઝેરી વસ્તુ કોઇ વેળા વાપરવામાં આવેછે.



ઘણા થોડા વજનમાં લીધાથી ચ્હા અંગમાં સુસ્તી ઉત્પન્ન કરેછે, અને સ્હેજ ઉંઘ લાવેછે, પણ વધારે વજનમાં પિતાં અંગમાં ગર્મી તથા હોશિયારી લાવેછે. અભ્યાસીઓ રાત્રે ચાહનો વધુ ઉપયોગ કરેછે પણ તેથી ભેજાને નૂકસાન પોહચેછે. કાળી કરતાં ગ્રીન ચાહે વધારે હોશિયારી લાવેછે પણ ઉંઘ ઘણી કમ થાયછે. કાળી ચાહે એકલી પીધાથી સુસ્તી લાવી શરીર શાંત બનાવેછે. ઘણી ચાહે પીધાથી ભેજાને તથા ભેજાના તંતૂઓને થાક ચઢેછે, અને તેઓ નબળાં પડેછે. ચાહે જરા કબજીયાત છે તેથી ઘણા જોલાબ આવ્યા પછી મીઠાસ ભેળી પીધાથી પેટ બંધ થાયછે. ચાહા દુધ તથા માખણ ભેળી પીવાથી તે ફાયદો કરેછે. દિવસના મુખ્ય ભોજન પછી તુરત ચાહે પિધાથી હજમીયતને અડચણ કરેછે.

**ચાહનું રસાયણ પૃથૂકરણ કરી** તેમાંથી ૩ પદાર્થો શોધી કાઢવામાં આવ્યાછે ને તે પદાર્થો ઉપર, ચાહના ઉપર જણાવેલા ગુણો રાખેછે; તે શિવાય સેંકડે ૧૦૮ થીન, ૨°૬ આલબ્યૂમેન, ૯°૭ ડેકસટ્રીન, ૨૨ તંતૂ; ૧૫ ટેનીન અને તેલ; મીણ તથા ગુંદર પણ તેમાં હોયછે.

૧—ચાહમાં એક પ્રકારનું તેલ હોયછે. આ તેલ ચાહને પાણીમાં મેળવી તેને ગર્મી આપી તેની વરાળ બીજા વાસણમાં એકઠી કર્યાથી જે ઠરેછે ત્યારે તેમાં જે ચાહનાં ટીપાં જણાયછે તેને ચાહનું તેલ કહેછે. ૧૦૦ રતલ પાતરાંમાંથી માત્ર ૧ રતલ આવું તેલ નીકળે છે. ચાહમાં જે કેફી ગુણો છે તે આ તેલને લીધેજછે. ચાહની પરીક્ષા કરનાર તથા તેનો ધંધો કરનાર ઉપર કેટલીક વેળા આ તેલના તત્વને લીધે માઠી અસર થાયછે. આથી ચીનમાં જુની ચાહને વધારે પસંદ કરી, નવી ચાહમાં જે તેલનો વધુ જોશ હોયછે તેને નરમ પાડેછે. જેવું આ તેલ બનેછે તે તત્વ ચાહના લીલા પાતરામાં હોતો નથી, પણ તેને સુકવી ભૂંજેછે ત્યારે તે ઉત્પન્ન થાયછે.

૨—થીન નામનો એક પદાર્થ લીલી ચાહના ૬૦૦ રતલમાં માત્ર ૬ રતલ જેવડો મળેછે. આ પદાર્થ મેળવવા ચાહના ઘડીયાળના કાચમાં થોડી ચાહનાં સુકાં પાતરાં મુકીને તેપર એક કાગળની ટોપલી ઢાંકી, પછી તે કાચને એક તપેલા પતરાં ઉપર મેળી તે કાચમાંથી જે સફેદ વરાળ નિકળેછે, તે કાગળની ઢાંકેલી ટોપલીની આસપાસ રજકણ રૂપે એકઠી થાયછે. આ રજકણો તે થીન છે. આ પદાર્થ સાધારણ ચાહમાં સેંકડે બે ભાગ હોયછે. આ પદાર્થ ગંધ રહિત પણ કડવો છે. આ પદાર્થને ચાહ સાથે ઘણો સંબંધ નથી. એમાં સમાયલા ૩ ગુણોને લીધે એ અતિ ઉપયોગી છે.

થીનમાં ઘણો ભાગ નાઇટ્રોજનનો છે. જે હવા આપણે દમમાં લઇએ છિયે તેનો $\frac{4}{5}$ ભાગ નાઇટ્રોજનનો છે. આ તત્વ થીનમાં હોયછે ને તે પદાર્થ નીચલાં તત્વોથી બનેલાં હોયછે.

| | | |
|---|---|---|
| કારબન— | ૪૯૦·૮૦ | આ ભાગ થીનમાં* રહેછે, અને એટલો-બધો નાઇટ્રોજનનો ભાગ 'બુન' શિવાય બીજા કોઇ પદાર્થમાં રહેતો નથી. |
| હાઇડ્રોજન— | ૫·૦૮ | |
| નાઇટ્રોજન— | ૨૮·૮૩ | |
| ઑક્સિજન— | ૧૬·૨૯ | |

* ( Physiology, Part I, page 152. ) દરરોજ શરીરના ભાગમાં ઘસારો થાયછે ને તેને ઠેકાણે નવો પદાર્થ ઉત્પન્ન થાયછે. મેહેનતથી શરીરના ભાગોમા ઘસારો થાયછે પણ પેટમાં ખોરાકી લીધાથી તે દુર થાયછે. જે ઘસારો શરીરમાં થાયછે તે ફેફસા, મૂત્રપિંડ ને એ શિવાય દ્વારો મારફતે શરીરમાંથી નિકળી જાયછે. યૂરિયા, અને ફાસફોરિક ઍસિડ જે પિશાબમાં હોયછે તે શરીરના ઘસારાથી પેદા થાયછે. જો કોઇ મનુષ્યના પેટમાં થીન પદાર્થ એક દિવસમાં ૩ થી ૪ ગ્રેન દાખલ કર્યો હોય તો તેથી પિશાબમાં જે ઘસારો માલમ પડેછે તે ઓછો થાયછે. આ બીના ઉપરથી જણાયછે કે શરીરમાં થતો ઘસારો પેટમાં થીન પદાર્થ ચાહમાં હોયછે. આ ઉપરથી જણાયછે કે શરીરમાંના મ્હોટા ઘસારાને ઘટાડેછે, અને તેથી ચાહ પિધાથી ઝાઝો ખોરાક લેવો ગમતો નથી જ્યારે શરીરમાં

૩જો—પદાર્થ 'ટૅનિક ઍસિડ' ચાહમાં હોય છે. જે ચાહ આપણે કીટલીમાં ઉકાળીયે છિયે તે ચાહનું પાણી લોઢા સાથે મળતાં કાળું થાયછે, આ અને બીજી અજમાએસ ઉપરથી ચાહમાં ટૅનિક ઍસિડ છે એ સિદ્ધ થાયછે. કોઈ કુવાના પાણીમાં લોઢાનો ભાગ હોયછે ને તે પાણીમાં ચાહ કીધી હોય તો તે કાળી બનેછે, એ પણ પાણીમાં લોઢાનો ભાગ શોધી કાઢવાની રીત છે. આ ટૅનિક ઍસિડ ચાહમાં હોવાથી તે પેટ કબજ કરેછે. ચાહનાં સુકા પાતરાં લઇને તેને ગરમ પાણીમાં ઘણીવાર પલાળી રાખ્યા હોય તો તેમાંથી ૧૩ થી ૧૮ ભાગ ટૅનિક ઍસિડ નિકળેછે. આ ઍસિડ ઘણીવાર હવામાં રાખ્યાથી કાળો રંગ પકડેછે, ચાહમાં જે ટેનીન† પદાર્થ છે તેમાં કેફ લાવવાનો ને ખુશ કરવાનો ગુણછે.

૪—થો પદાર્થ ગલ્યુટન પણ ચાહમાં રહે છે, જે શરીરને પોષણ આપેછે. ઘઉંમાં ગલ્યુટેનનો સેંકડે ૬ ભાગ હોયછે તેથી તે વધુ પૌષ્ટીક ગણાયછે; પણ ચાહમાં તેના વજનનો ૪ થો ભાગ હોય છે, તેથી ચાહ પણ પૌષ્ટીક ગણાય છે. નીચલા કોઠા ઉપરથી ચાહમાં કયાં કયાં તત્વો સમાયલાં છે તે જણાશે.

| તત્વો. | ચાહમાં સેંકડે ભાગ. |
|---|---|
| પાણી | ૫ |
| સ્ટાર્ચ અને ગુંદર | ૨૭ |
| ચર્બિનો ભાગ | ૩ |
| ગલ્યુટન | ૨૦–૨૫ |
| ટૅનિક ઍસિડ | ૧૫ |
| છાલ | ૨૦ |
| આશ | ૫ |
| જુમલે... | ૧૦૦ |

આપણે જે ચાહ બનાવી પીજીયે છિયે, તેમાં ગલ્યુટનનો થોડો ભાગ હોયછે. કારણ કે તેમાંનો મ્હોટો ભાગ ફેંકી દેવામાં આવેછે. ચાહના પાણીમાં જરા સોડા નાખવાથી તેમાં ગલ્યુટનનો ભાગ ઘણો ઉતરેછે. આ ગલ્યુટન સાથે દુધ આવેછે. તેથી તેમાં પોષણ કરવાનાં ગુણ વધારેછે. ચાહને વધારે ઉકાળયાથી વધારે ગલ્યુટેન મળેછે, ને તેમજ તેમાંથી થીનનો વધારે ભાગ મળેછે. તેથી ચાહ બનાવવાની જૂદા જૂદા દેશમાં જૂદી જૂદી રીતો છે.

મોંગોલ અને તારતર લોકો ચાહનો ભૂકો કરી તેને ઉકાળી તેમાં નીમક અને ચર્બી નાખેછે. ઘણીવાર ઉકાળયા પછી તેને ગાળી નાખી તે કાવામાં દુધ તથા માખણ મેળવી તેઓ દિવસમાં ૨૦ થી ૪૦ વખત તેને પીયેછે, ને તેટલાજ ખોરાકથી પોતાનો નિર્વાહ કેટલાંક અઠવાડીયાં સુધી કરી શકેછે.

દક્ષિણ અમેરિકાનાં લોકો આપણે જેમ ચાહા બનાવીયે છીયે તેમ બનાવી પીધા પછી તેના પાતરાં વડીક ખાયછે.

વધારે ઘસારો થાય ત્યારે ખોરાક વધારે જોઇએ પણ જો ચાહ શરીરમાં ઘસારો થતો ઘટાડેછે તો તે વિના જેવી શરીરને વધારે ખોરાકની જરૂર રહેછે તેવી તે રહેવા દેતી નથી. ચાહ ખોરાકનો બંચાવ કરેછે ને તે ખોરાકની જગા પુરેછે. ચાહ નબળા અને ગરીબ માનસોને ઘણી ઉપયોગી છે, અને જેને નક્કર ખોરાક નહિ પચતો હોય તેને સારી લાભકારક થઈ પડેછે.

દર ½ ઔંસ ચાંહમા ૩ અથવા ૪ ગ્રેન થીન હોયછે. એક દિવસામાં ૪ ગ્રેન થીન કરતાં વધારે લીધાથી નાડી ઉતાવળે ચાલેછે, અંતઃકરણ ઘણા જોરથી ધપકેછેઃ અંગ ધ્રુજેછે ને પિશાબની હાજત ઘડી ઘડી થાયછે, તેમજ અનેક વિચારો આવેછે.

† સોપારીમાં ટેનીન પદાર્થ હોયછે. સોપારી ખાનારાઓને તેમાં કાંઇ લ્હેજત લાગેછે, ને તેથી કાંઈ આંખમાં ખુમારી પણ આવેછે, આ ટેનીનના પ્રતાપે બનેછે. જો ટેનીનનો ગુણ સોપારી ખાધાથી આવો માલમ પડેછે તો ચાહમાં ટેનીન પણ તેવોજ ગુણધરાવતી હોય એમ કદાચ કહી શકાય (ઇંદ્રીય ગુણ બિ)



ચાહમાં ઉપલા તત્વો શિવાય સ્ટાર્ચ, ગુંદર, લોહડું અને મેંગેનિજ એ ધાતુઓ પણ છે. એ આપણાં શરીરને ઘણાં અગત્યનાં છે.

ચાહમાં ચીન ખાતે કેટલીક મેળવણી કરેછે, તે તેને જૂદા જૂદા રંગ આપેછે. તેમાં લીલો, પીળો, સફેદ તથા ભૂરા રંગ હોયછે.

ચાહને રંગ આપનારાઓ 'ભુરો રંગ "પૃશ્યન બ્લુ" અને સલફેટ ઑવ લાઇમ મેળવીને તેને રંગ આપેછે. પ્રથમ પૃશ્યન ભૂકો કરી પછી તેની સાથે સલ્ફેટ ઑવ લાઇમને ચુહલામાં નાખી પાછો કાઢી લઇ તેની સાથે મેળવેછે. આ ભૂકો તૈઆર થતાં રંગ બનેછે. જ્યારે ચ્હાને કઢાઇમાં ભૂજે છે, ને ભૂજ્યા પછી ચુહલા ઉપરથી ઉતારવાના વખતમાં પાંચથી ચાર મિનિટ બાકી હોયછે ત્યારે પેલો રંગ માટે બનાવેલો ભૂકો તેમાં નાખી હાથથી ફેરવેછે, ને પછી નીચે ઉતારેછે. ૧૪ રતલ ચાહમાં આ ભૂકો ૧ ઔંસ મેળવેછે.

ચાહ વેચાતી લેતાં જે ઘણી ભૂકા જેવી હોય તે નહિ લેવી. તેમજ માહે કચરો ઘણો હોય તે સારી નહિ. માહેલાં પાંદડાં સર્વેજ મ્હોટાં ,જૂનાટ અને જાડા તથા કાળા નહિ હોવાં જોઇએ; પણ તેમાં કાંઇ નહાનાં ને કુમળાં પાંદડાં હોવાં જોઇએ. ઉત્તમ જાતની ચાહમાં હમેશાં તેનાં ફુલો અને મૂળ હોયછે. જુની ચાહનો વાસ સારો આવતો નથી. ચાહ બનાવ્યા પછી તેને ઉત્તમ સુગંધી આવવી જોઇએ, સ્વાદમાં મધુર અને કડવાસ નહિ હોવો જોઇએ. ચાહના પાંદડામાં ભેળ ઘણી હોયછે, આથી તેની પરિક્ષા નીચલી રીતે કરી શકાય. ચાહ બનાવ્યા પછી તેમાંનાં પાંદડાં લઈ તેમાનાં કેટલાક પાંદડા ઉકાળી એક સ્વચ્છ કાચના કટકાપર પાંથરી તેનીપર બીજી પાતળી કાચ બેસાડી તેમાંથી ઉજરડામાં જોવું. ખરી ચાહના પાંદડાનાં કાંઠા મૂળના બેઉ તરફથી થોડો થોડો ભાગ છોડી બાકીનો સર્વ ભાગ કાતરેલા જેવો દેખાયછે, માહેલી શાખા મધ્ય શાખાથી નિકળી કાંઠા સુધી જઇ તેને નહિ મળતાં જરાક માહેલી બાજુએ વળેલી હોયછે, અને તેના તથા પાંદડાના કાંઠા વચ્ચે જરાક જગ્યા રહેછે. પાંદડાં નાહનાં મ્હોટાપર કાંઇજ પ્રમાણ નથી, પણ ઉપર જણાવેલા પાંદડામાંનાં તંતું રચનાપર મુખ્ય. આધાર છે. વેપારીઓ કોઇ કોઇ વેળા એક વખત, પકાવેલી ચાહનાં પાંદડાં ફરી સુકાવી સારી ચાહા સાથે ભેળ કરી વેચેછે.

**કેટલીક ચાહેના નામ પડવાનાં કારણો:**—"પીકો" ને નામે ઓળખાતી ચાહે ઘણી જાણીતી છે. તેમાં 'પીકો' શબ્દનો અર્થ "સફેદ બાલ" એવો થાયછે, અને એ જાતની ચાહા માટે રોપાના બહુ કુમળા અથવા નાહનાં પાતરાં લેવામાં આવેછે, જે એટલાં તો નાહનાં હોયછે કે તે ઉપરથી તેને "સફેદ બાલ" અથવા પીકોને નામે ચીનાઓ ઓળખેછે. આ ચાહ ઘણી ઉંચા પ્રકારની હોયછે. પાછળથી પીકો શબ્દમાં ઇંગ્રેજોએ ઑરેન્જ પીકો, ફ્લાવર પીકો, રોઝ પીકો વગેરે શબ્દો બનાવ્યાછે. એજ મુજબ 'કાંગો' ને નામે ઓળખાતી ચાહનું નામ 'કાંગો' એટલે 'મજુરી' ઉપરથી પડયુંછે. કારણ કે આ જાતની ચાહા તઇઆર કરવામાં ભારે મેહેનત અને મજુરી પડેછે.

'બોહીયા' નામની ચાહા ચીનના ફોકીયન પ્રાંત મધેની 'બોહીયા' નામની ટેકડી ઉપર થાયછે અને તેથી તે ચાહ તે ટેકરીના નામ ઉપરથી ઓળખાયછે.

'સુચાંગ નામની ચાહ હિંદમાં ઘણી જાણીતી છે. આ નામનો અર્થ તે ચાહાને તદન બંધ બેસતોછે, કારણકે 'સુચાંગ'નો અર્થ 'નહાની જાતની, એવો થાયછે, અને તે ચાહ પણ નાહની જાતનીજ છે.

'હાઇસન નામની ચાહ એટલે 'ખીલતી વસંત રૂતુ' એવું નામ ધરાવેછે, જે નામ તેની રૂતુ ઉપરથી આપવામાં આવેલું છે.

**ચાહ-લીલી**—અથવા ઘાસના વર્ગની ચાહ. એને બંગાલીમાં 'બંધ બેન'; હિંદુસ્તાનીમાં 'ગંધ તૃણુ; સંસ્કૃતમાં 'જીરતૃણુ' કહેછે. આ હિંદમાં ઉગતું એક પ્રકારનું ઘાસ છે: એ લીલું છમ હોયછે. પૂર્વ તરફનાં આર્ચિપેલેગોનાં અનેક ટાપુમાં, સિલોનમાં અને હિંદુસ્તાનમાં લીલી ચાહ બાગમાં અવશ્ય વાવેછે. એનીપર કોઈ કદાચજ ફુલ પણુ આવેછે. સિંગાપુર અને સિલોનમાં સુગંધી તેલ કાઢવા એની ખેતી કરેછે. ડોકતર ડીમકના જણાવવા મુજબ "તેણે લીલી ચાહ-ઘાસનાં ઝાડ ઉપર અનેક વેળાં ફુલો દીઠાં હતા. આ લીલી ચાહનો મુખ્ય ઉપયોગ તેનું તેલ કાઢવાનોછે. યુરપમાં 'વ્હાર્બિના' વનસ્પતીનું અત્તર કાઢેછે તેમાં આજ તેલ ભેળેછે. સાબુને સુગંધીત બનાવવા માટે લીલી ચાહનુંજ તેલ વાપરેછે. સિલોનમાં દર વર્ષે આ ચાહનું તેલ ૧૫૦૦ પૌંડ કાઢેછે. આ તેલ ૪થી ૫ આને તોલાને હિસાબે વેચાયછે. કોલનવોટર બનાવવામાં પણુ આજ તેલનો ઉપયોગ કરેછે. સિલોન તથા સિંગાપૂરમાં જે તેલ બનેછે તેનો અર્ધો ભાગ અમેરિકામાં જાયછે.

રોજીંદી પિવા માટે લેવાતી ચાહને સુગંધી બનાવવા આપણે આ ચાહનાં પાતરાં ચાહના પાણીમાં નાખીયે છિયે.

**ચાહનું તેલ ઔષધિક્રિયામાં**—ઘણું ઉપયોગી છે. એનું શુદ્ધ તેલ પીળું પારદર્શક અને અતિ તિખાસદાર હોયછે; અને તેનો લીંબુ જેવો સુગંધ આવેછે. મરકીમાં ઉલટી બંધ કરવા આજ તેલ અકસીર ગણાયછે. તેમજ સંધિવા ઉપર ચોપડવામાં ઉપયોગીછે. દક્ષિણુ હિંદુસ્તાનમાં, ઇંડો-બ્રિટન લોકો આ તેલ કોલેરાપર અકસીર ઇલાજ તરીકે ગણેછે, એમ ડૉ૰ વારિંગ જણાવેછે. તાપમાં પસીનો છુટવા માટે લીલી ચાહનો કાવો પાવામાં આવેછે. તેમજ સર્દી દુર કરવા એનો બફારો લીયેછે. સ્ત્રીને ઋતુસ્ત્રાવ બરાબર નહિ થતો હોય તો એના મૂળીયાં અથવા પાંદડા અને કાળી મરીને ઉકાળી પાયછે; એના પાંદડાંનો રસ દરાજપર અકસીર ગણુાયછે. એડિનબરોની રોયલ ઇન્ફરમરીમાં આયોડોફૉર્મની ગંધ દુર કરવા એના તેલનો ઉપયોગ કરેછે.

**ચાહિરા**—હિસારનો આ રજપૂત ટોળો હાલમાં મુસલમાની ધર્મ પાળેછે. આ ટોળાના વંશજો બિકાનેર તથા હિસાર જીલ્લામાં વસેછે.

**ચાહે મૂર્તજાઅલી**—ઇરાનમાં શિરાજ પાસે 'ગહવારે'ની ટેકડી આગળના કોતરેલા ગુફા- માંની જીઆરતગાહ. આ ગારમાં ઉતરવાને સીડીઓ પથ્થરની કોતરેલીછે. માહે ૩ ઓરડા છે અને તેને ઇસલમીઓ પોતાના પેહેલા ઇમામ હજરત અલીની કદમગાહ જાણી પુંજેછે. આ જીઆરતગાહ તરફ મુસલમાનો ઉપરાંત પરકોમ પણુ માન ધરાવેછે.

**ચાહોંગ**—અકિયાબ તરફ ઉત્પન્ન થતું એક જાતનું ઝાડ. આ કદે સાધારણુ કદનો ઉગેછે. એના વંનો રામરી તરફ પુશકળ છે. એનું લાકડું ઇમારત બાંધવાના કામમાં વપરાય છે.

**ચિકાર**—એક પંજાબી વાદ્ય. આ વાદ્યનાં તાર ઘોડાના બાલનાં હોયછે.

**ચિકાકોલી**—એજ નામના તાલુકાનુ મુખ્ય શેહેર, મદ્રાસની ઉત્તર પૂર્વે ૫૬૮ મૈલ ઉપર છે. લોક વસ્તી ૧૬,૩૫૫ ની છે, તેમાં ૧૫૦૮૭ હિંદુ અને ૧૨૮૪ મોહમેદનો છે. લોકવસ્તીનો ૨૦ ટકા ભાગ વેપારી, ૮ ટકા ભાગ વણુકર અને બાકીનો ભાડુત તથા મજુર વર્ગ છે. ૧૮૧૫ માં અત્રે આ જીલ્લામાં લશકરની મુખ્ય છાવણી હતી; અને ૧૮૬૫ સુધી અત્રે સેશન જડજનું મથક હતું. અત્રે સરકારી કચેરી, જેલ, ઇસ્પીતાલ, વગેરે સરકારી જાહેર ઇમારતો છે. ૧૭૯૧ માં ચિકાકોલાની વસ્તીનો મ્હોટો ભાગ દુકાળના ભૂખમરાથી નાશ પામ્યો હતો. ૧૮૬૬ માં ફરી તેવાજ દુકાળથી ગામ ઉજડ થયું હતું અને ૧૮૭૬માં મ્હોટી રેલ આવી હતી.

**ચિકુ**—આ અતી શોભાયમાન વૃક્ષ સાધારણુ કદનું વધેછે. એ ઘણાખરા બગીચામાં તેની



સુંદર ઘટાને લીધે રોપવામાં આવેછે. એનાં ફળો નાહનાં લીંબુ જેવડાં હોઇ ઉપર પિળા રંગની ખરબચડી છાલ હોયછે. છાલની અંદર નાહનું બદામરોકું કાળું બીજ અને ગર હોયછે. આ મેવો અતિ સ્વાદિષ્ટ હોયછે. ચિકુથી થંડો રૂચીકારક મેવો કદાચજ બીજા કોઇ હશે. ચિકુનાં ઝાડપર ફળોનો બહાર વર્ષમાં બે વખત આવેછે. એક આગસ્ટ અને બીજો માર્ચ મહિનામાં. પેહેલા બહારનાં ફળો હલકી જાતનાં ત્યારે બીજી વખતનાં ઉંચી પ્રકારનાં હોયછે. એક જાતનાં ચીકુ તદન ગોળાકાર હોયછે, અને બીજા ઝાડપર ઇંડાકૃતી ફળો આવેછે. નવાં ઝાડ બીજ અથવા કલમથી ઉગાડી શકાયછે. બીજથી ઉગેલા ઝાડપર ફળો આવતાં વિલંબ લાગેછે, પણુ કલમથી ઉગાડેલા ઝાડપર ફળો જલદી આવેછે. એના ઝાડ સમુદ્ર કાંઠેની લાલ જમીનમાં સારાં ઉગેછે. ગોવામાં એના અસંખ્ય ઝાડ હોવાથી ત્યાંથી તે દેશે દેશ વેચાવા જાય છે.

**ચિકોરી**—આ બારેમાસ ઉગતું ઝાડ, દુધ જેવા રસવાળું યૂરપ તથા પશ્ચિમ એશિયાનું વતની છે. સાધારણુ ચિકોરી યૂરપમાં જાણીતું છે. એનો મુખ્ય ભાગ ખેતરની વાડપર ઉગેછે- એના ભૂરા પિળા રંગના યા મેલા રંગના ઝાડ હોયછે. એના ઝાડ ૧ થી ૩ ફીટ ઉંચા, ફુલ $\frac{૧}{૨}$ મ્હોટા બહુ અને સફેદ રંગના હોયછે. ચિકોરીની ખેતી ઇંગલંડ તથા યૂરપનાં સંસ્થાનોમાં કેલિફોર્નિયામાં પણુ ચાલુ છે. એના મૂળીયાં અને છોડ ઢોરોને માટે પુષ્ટીકારક ખોરાક ગણાયછે.

**ચિંગવાંગ**—આ ચીનનો પેહેલો શેહેનશાહી એલકાબ ધરાવનાર રાજયકર્તા ઇ૰ સ૰ પૂર્વે ૨૪૬માં ગાદીએ બેઠો. એ બહાદુર તથા સખત હૈડાંનો રાજયકર્તા હતો. એનો 'લીતજી' નામે વજીર પણુ એના જેવીજ ખાશિયત ધરાવતો હતો. એણે પોતાનો ખજાનો જોર જુલમથી ભરપૂર કર્યો હતો, તેમજ એણે અનેક સંસ્થાનોને એક છત્ર તળે લાવી પોતે રાજાનો એલકાબ હલકો ગણી શેહેનશાહી એલકાબ 'ચાચી હવાંગતી' નામે ધારણુ કીધો. એણે પોતાનો મત સ્થાપવા થકી કાનફુશિઅસના મતના ગ્રંથો બાળી નાખી વિદ્વાનોને ઘણા પજવ્યા હતા. એણે દક્ષિણુ ભાગપર ચઢાઇઓ કરી ઘણી ફત્તેહો મેળવી હતી. એણેજ તાતારોને હુમલા કરી અટકાવવા થકી ચીનની ગંજાવર દેવાલનું અધુરૂં કામ પુરૂં કરાવ્યું હતું. એણે ચીનની પાદશાહી દરબાર ઘણીજ રોનકદાર બનાવી જુલ્મી હકુમત ચલાવી એશઅશરતમાં પડયો હતો, પણુ છેલ્લે તેથી રંજીદા થઇ મરણુ પામ્યો હતો.

**ચિતા-મિના**—આ એક મિના નામની રજપૂત શાખા. એઓ રજપૂતાના અને મારવાડમાં વસેછે. એઓ દિલ્લીપતી પેહેલા ચોહાણુ રાજાનાં વંશજ કહેવાયછે. ઉનિલ અને અનૂપ લાખાનાં કુંવર અને ચોહાન રાજાના ભત્રિજા હતા. ઉનિલે મિના સરદારની કુંવરીને વરવાથી ચિત્તાનો વંશ સ્થાપન થયો હતો. ઉનિલના પુત્ર ચિત્તાએ અજમેરની ઉત્તર સરહદપર સત્તા સ્થાપી. જેઓ ૧૫મી સદીમાં મુસલમાન થયા.

**ચિતારકોટ અથવા ચિત્રકુટ.**—બંદા જીલ્લામાંનો આ એક પર્વત અને યાત્રા સ્થાન. અલાહબાદથી ૭૧ મૈલ ઉપર અને બંદાથી ૪૨ મૈલ ઉપર છે. આ ટેકરી તળે 'પયોષ્ણી' નદી વહેતી ૩ મૈલ ફરી વળેછે. ત્રેતા યૂગમાં શ્રી રામચંદ્રજી વનવાસ દરમ્યાન અત્રે પધાર્યાહતા. નદી કાંઠે રામચંદ્રજીના ૩૩ દેવાલયો ફરી વળેલાંછે. આ દેવલો માટેના ખર્ચથકી ૩૯ ગામોની ઉપજ બ્રીટીશ સરકાર તથા દેશી રાજ્યો તરફથી અપાયછે. અત્રે રામનવમી તથા દિવાળી ઉપર મ્હોટી જાત્રા ભરાયછે. જ્યાં ૩૦૦૦૦થી ૪૫૦૦૦ જાત્રાળુઓ ભેગા થાયછે. નદી કાંઠે ૩૦ નાહનાં ઘાટોછે, વળી અત્રેજ રામાયણુના કર્તા વાલ્મીકનું આશ્રમ સ્થાન હતું. આ પર્વત ઉપર વાંદરાનાં ટોલેટોળાં વસેછે.

**ચતૂર**—મદ્રાસ ઇલાકામાં ઉત્તર આર્કાટ જીલ્લાનો એ તાલુકો'. ક્ષેત્રફળ ૬૭૧ ચોરસ મૈલ. ૧૮૮૧માં વસ્તી ૧,૭૧૯૦૭ની તેમાં ૮૬૭૭૯ પુરૂષો અને ૮૫૧૨૮ સ્ત્રીઓ હતી. આ જીલ્લામાં જગેજગ ગ્રેનાઇટ પથ્થરનાં ખડકો ઉભાઇ ગએલાંછે. આ જીલ્લામાં ૪ ઝરાઓથી પાણી ફરી વળેલું છે, રેલનો ભાગ સારો ફળદ્રુપ છે અને જમીન લાલ મટોડીનાં ભેળવાલી છે. આ તરફનાં ખેડુતો તેલંગુ જાતનાં છે, મુખ્ય પાક ચોખા, ઘઉં અને શેરડીનો થાયછે. ૧૮૮૨- ૮૩માં જમીનનું મેહેસુલ ૧૯૩૭૭ પૌંડનું ઉપજયું હતું.

**ચિતૂર**—ઉપલા જીલ્લાનું મુખ્ય શેહેર. લોક વસ્તી ૫૨૦૯ની તેમાં ૪૭૨૦ હિંદુ, ૧૦૨૬ મોહમેદનો અને ૬૩ ખ્રીસ્તીઓ છે. વેલોરનાં રેલ્વે સ્ટેશનથી ૧૮ મૈલ ઉત્તરે ચિતૂરગામ છે, અને મદ્રાસથી ૧૦૦ મૈલ ઉપર છે. અત્રે કલેકટર તથા વડા જડજની કોર્ટ છે. ૧૮૭૪ સુધી આ ગામમાં લશકરની છાવણી હતી.

**ચિતૂર**—મદ્રાસ ઈલાકામાં કોચીનના રાજ્યમાંનું ગામ. વસ્તી ૧૮૭૫માં ૧૧૧૦૩ ની હતી. પ્રજાનો મુખ્ય ભાગ નાયર, વાલાવાલા અને વણકરોનો છે. તાલુકાનું આ મુખ્ય ગામ હોવાથી અત્રે રાજાનો રાજ મેહેલ છે, તથા સરકારી કચેરીની ઇમારતો છે.

**ચિતોરગઢ તથા કિલ્લો.**—ઉદેપૂરનાં દેશી રાજ્યમાંનુ ગામ. ૧૮૮૧ માં લોકવસ્તી ૬૯૩૧ ની હતી, તેમાં ૫૭૩૬ હિંદુ તથા ૧૩૯૫ મોહમેદનો હતા. આગામ નીમચ અને નસીરાબાદના માર્ગમાં છે. નીમચથી ૩૦ મૈલપર અને નસીરાબાદથી ૧૧૪ મૈલપર છે. આ ગામ પર્વતના પશ્ચિમ ઢોળાવ ઉપર આવેલ ચિતોરગઢની પાસે છે. શેહેર આસપાસની દેવાલ કિલ્લાની ભયંકર દેવાલ સાથે જોડાયલી હોવાથી ગામ બચાવદાર હાલતમાં છે. કિલ્લા પાસે વહેતી નદી ૬૮૦ યાર્ડ પોહોળી હોઇ તેનીપર ૯ મેહેરાબવાલો એક પૂલ છે.

ચિતોર પર્વતની હાર ઉદેપૂર શેહેરની નૈરૂત્યેથી અરવલીમાંથી નિકળેછે, અને તે હારની સમાંતરમાં ચંબલા નદીથી પશ્ચિમ કિનારા ઉપરથી વધી આગ્રા શેહેરની દક્ષિણે બાણુગંગા નદી સુધી વધેછે. આ હાર મેવાડ, જયપૂર અને ધવલપૂરની પૂર્વ તરફની સિમા બાંધેછે. અરવલી અને ચીતુર આ બેઉ હારની વચ્ચે નાહના નાહના પર્વતોની અનેક હારો છે, જે જયપૂર પ્રાંતમાંથી આરપાર નિકળેછે.

ચિતોરનો ગઢ અજમેરની દક્ષિણે ૧૧૫ મૈલપર વિંધાદ્રિપર્વતનાં એક ભાગ ઉપર તળેટીથી ૫૦૦ ફીટ ઉંચો છે.

ચિતોરગઢનું ક્ષેત્રફળ ૬૯૩ એકર છે. તેની લંબાઇ ૫૭૩૭ યાર્ડ અને પોહોળાઈ ૮૩૬ યાર્ડની છે. એકંદર માર્ગની લંબાઇ '૧૨૧૧૩' યાર્ડનીછે. ચિતોરગામ સમુદ્ર સપાટીથી ૧૩૦૦ ફીટ ઉપર છે. કિલ્લાનો ઉત્તર ભાગ ૧૭૬૧ ફીટ અને દક્ષિણ ભાગ ૧૮૧૯ ફીટ ઉપર છે. કિલ્લાની એકંદર ઉંચાઇ સમુદ્ર સપાટીથી ૧૯૯૫ ફીટની અને તળેટીથી ૪૫૦ ફીટની છે. ઉતર તરફનો દરવાજો 'લાકોલા' નામે છે. ત્રીજો દરવાજો 'સુરજપોળ' ૭૫૦ યાર્ડની લંબાઇપર છે. ત્યાં પાણીની તંગી ટાળવા ૮૪ કુવા તળાવો બાંધેલાંછે. ઉતર તરફના કિલ્લા અંદરનો ભાગ ફળદ્રુપ હોઇ ત્યાં 'જુવાર'નો પાક થાયછે. પણ દક્ષિણ ભાગ તદન ખેતીવાડી વિનાનો છે. તેમજ જગેજગ ઘાસચારાનાં મેદાનો પણ બનાવેલાંછે.

આ કિલ્લો તથા ગામ આ તરફના મુખ્ય રાજધાની શેહેર તથા બચાવનું મથક તરીકે ઇ. સ. ૭૨૮ થી જાણીતું છે. આ કિલ્લા ઉપર એક પુરાણો લેખવાલો સ્થંભ ૭૫½ ફીટ ઉંચો ને ૩૦ ફીટ ઘેરાવાવાલો છે—જે ઉપર ઇ. સ. ૮૯૬ નો જૈન લેખ મળેછે. તે શિવાય આ કિલ્લામાં ઇ. સ. ૭૫૫ પછીનાં અનેક લેખો મળી આવેછે.



આ કિલ્લાનાં એકંદર ૭ દરવાજા છે. અને તે ઝનાં આકારજેવા વલાંણમાં બાંધેલા છે, જે જૂદે જૂદે નામે જાણીતાં છે. તેમાં રામપોળ દરવાજો જમીનની ૩૫૦ ફીટ ઉંચાઇ પર છે. છેલ્લા દરવાજા પછી આ કિલ્લો અતી મજબુત બાંધેલોછે. આ કિલ્લો જોવા જવા માટે હાલમાં રજા કઢાવવી પડેછે. ઉપલા કિલ્લામાં હવેલીઓ, દેરાં વગેરે ઘણીક પુરાતમ ઇમારતો છે. મેહેલો જુની બાંધણીનાં છેઃ રાણા કતાજયમલનો પણ ત્યાં મેહેલ છે, જે વચમાંથી તુટી પડેલોછે.

દરવાજામાં દાખલ થતાં મ્હોટો ચોક આવેછે. માહે માહાદેવ તથા માતાઓનાં મંદીરો, મેહેલો અને તલાવ તથા બગીચા છે. રાણી પદમણીનો મેહેલ તલાવની વચમાં છે, જેને હાલ દરસ્ત કરાવેલો છે. તલાવની સામેનાં મેદાનમાં દર દસેરાએ એક પાડાનો વધ કરેછે. ચિતોરગઢનો છેડાવાલો ભાગ કમાનરૂપી છે. આ કિલ્લા ઉપર એક નવગજા પીરની કબર છે જે ૯ ગજ લાંબી છે. ત્યાં મુસલમાનોની પણ ૧૦૦ કબરો છે. પીરની કબરને હિંદુ મુસલમાનો પુજેછે.

ચિતોરગઢમાંનો ગોમુખીકુંડ આગલા વખતથી પવિત્ર ગણાયછે. તેની પાસે રાણી કુંભાનો નવખંડી કીર્તિસ્થંભ છે, તે તેણે ૧૪૪૦ માં ગુજરાતના અને મારવાડના મુસલમાન પાદશાહોને શિકસ્ત આપી તેની યાદગારીમાં તે બંધાવ્યો હતો. માહે દરેક ખણુ યાને મજલાના પથ્થરો ઉપર રજપૂતો તથા રજપૂતાણીનાં નાહના મ્હોટાં પુતળાં કોતરેલાંછે. ૧૦૬ પગથીએથી ઉપર જવાયછે.

લખમશી રાણાના સમયમાં ઇ. સ. ૧૩૦૩ માં અલાઉદીન ખીલજીએ આ કિલ્લાપર હલ્લો કરી તેને ભારે નુકસાની પોંહેચાડી હતી. આ લઢાઇ અલાઉદીને પદમણીનું હરણ કરવા થકી કરી તે વેળા રજપૂત સ્ત્રીઓ અગ્નિમાં પ્રવેશ કરી રજપૂતોએ શરિયા કર્યા હતા.

ઇ. સ. ૧૫૬૭ માં અકબરે ચિતોરગઢ પર ઘેરો ઘાલી તેને જીતી લીધો હતો; તે વેળા પણ રજપૂતોએ અસાધારણ પરાક્રમ બતાવ્યું હતું.

**ચિત્રક**—એનું ઝાડ નાહનું થાયછે અને તે બીજા ઝાડનાં આશ્રયમાં ઉગેછે. એના પાંદડાં જાડાશ પડતાં દળવાલાં હોયછે. એ બે જાતનાં સફેદ તથા લાલ ચિત્રક હોયછે, તે પ્રમાણે તેમનાં ફુલનો રંગ હોયછે. ઔષધિમાં એના મૂળીયાં વપરાયછે. જો ઝાડને કંદ ફુટેછે તેમાં પેર હોયછે. ચિત્રકની લીલી છાલ ઘસીને યા મૂળ ઘશીને ચોપડીયાથી તે બાલિસ્ટર માફક ઉઠેછે; ને ઘણો કવાથ તથા ચુરણમાં વપરાયછે. ચિત્રક સર્પદંશ, તાવ, મંદાગ્નિ, અજીરણ વગેરે દર્દોપર અકસીરછે.

**ચિત્ર કૂટ**—(જુઓ ચિતારકોટ)

**ચિત્ર કેતુ**—હિંદુ ધર્મ કથા મુજબ એ શૂરસેન દેશનો રાજા હતો. એની ૧૦૦,૦૦૦૦૦, સ્ત્રીઓ હતી, તે છતાં તેને ત્યાં પુત્ર સંતાન નહિ હોવાથી તે માહાદુઃખી હતો. આથી અંગીરા ઋષિએ એને એક ફળ આપ્યું તે એની પટરાણીને ખવાડતાં તેણે એક પુત્ર પ્રસવ્યો, પણ બીજી સ્ત્રીઓએ તે બાળકની અદેખાઇ કરી તેને વિષ આપી મારી નાખતાં રાજા ભારે શોક પામ્યો. આથી અંગિરા અને નારદ ઋષિએ આવી તેને બોધ આપવાથી એણે રાજ્યપાટ ત્યાગ કરી યમૂના તીરે અનુષ્ટાન કરવા લાગો, આથી તે બીજે જન્મે વિદ્યાધર થયો, અને વિદ્યાધર યોની પામતાં ભારે માન પામ્યો. પણ એક સમે માહદેવ પાર્વતીને સાથે જોઇ હાસ્ય કીધાથી પાર્વતીએ એને શ્રાપ આપ્યો કે તૂં હવે પછી અસુરયોનીમાં જશે. આથી તે બીજે જન્મે વૃત્રાસૂર રાક્ષસ થયો હતો.

**ચિત્ર ગુપ્ત**—ચિત્ર લખનાર અને ગુપ્ત છુપું. યમદેવનો લ્હેંયો. એ મરણ પામેલા

આનસોનો પાપ પુન્યનો હિસાબ રાખેછે. જ્યારે યમદેવ આત્માનો ઇન્સાફ કરેછે ત્યારે ચિત્રગુપ્ત તેના પાપ પુન્યનો હિસાબ કાઢેછે. હાલમાં બંગાલ તરફ વસ્તી ચિત્રગુપ્ત પ્રજા આ યમ વાશી ચિત્રગુપ્તને પોતાનો વડવો લેખી પોતાને તેના વંશજો તરીકે જણાવેછે.

**ચિત્ર રેખન કળા**—ઇતિહાસ.–હિંદુસ્તાનમાંની પુરાતમ પ્રજા ચિત્ર રેખન વિધા જાણુતી હતી, એટલુંજ નહિ પણ તે વખતે દુન્યાના બીજા રાષ્ટોમાં વધારે ઉત્તમ ચિતારો દોરનાર દેશ ગણાતો હતો. "યક્ષ અને નાગ ચિતારાનું કામ કરતા હતા અને ઉખાની સખી ચિત્ર રેખાએ ત્રિલોકમાંના જાણીતા ખુબસૂરત પુરૂષોનાં ચિત્ર દોરી બતલાવ્યાં હતાં," આવી આવી વાતો હિંદુ પુરાણોમાંથી મળેછે.

૨૦૦૦ વર્ષ આગમજ હિંદુનું ચિત્ર રેખન અતી ઉતમ પ્રતિનું હતું. એમ આજે સિધ્ધ કરી શકાશે. આવા નમુનાના દાખલા નિજામના રાજ્યમાંના અદજુનટાના ગુફામાંના ચિત્ર વિચિત્ર રંગેલા ચિત્રો એક નવાઇ ગણાય. સ્વદેશી અને પશ્ચિમ તરફના વિદવાનોના મત મુજબ અદજુનટાના ગુફાનું રંગીન કામ ઇ૦ સ૦ પૂર્વે ૨૦૦ વર્ષ ઉપરનું હશે અને તે ઇ. સ. ૮૦૦ વેર ચાલુ રહેલું હોવું જોઇએ. આ ગુફામાં જે ચિત્રોછે તે બુદ્ધનાંછે, અને આ ધર્મનો પ્રસાર હિંદમાં ૨૦૦૦ વર્ષ પૂર્વ થયો હતો, આથી ઉપલી તર્કને મજબુતી મળેછે (જુઓ અદજુનટા). ઇટલી દેશમાં ૪થી સદીનાં ચિતારાઓએ પોતાના દેશમાં જે ચિત્રો દોર્યાછે તેમની ચતૂરાઈ અને અદજૂન્ટાના ગુફામાંના ચિત્રો ફેરી તેને રંગ આપવાની ચાતૂરી એ બેઉ એક સરખી મળેછે. એટલે ચિત્ર રેખન જે શાસ્ત્રછે તેની તરફ દુર્લક્ષ, પુશકળ ચિત્રોને એકજ જગે એકઠા કરવાની રીત, અંતઃરિક્ષા યથાદર્શનશાસ્ત્રનો અભાવ (અરિયલ પરર્પેકટિવ્હનો) અને કોઇ પણ બાબતનું સુંદર ચિત્ર કાઢવા તરફ બે દરકાર નહિ રહેતાં ખરેખરૂં ચિત્ર દોરવા તરફ વધારે લક્ષ આપવામાં બેઉ દેશો એક સરખા ઉતર્યા હતા.

પલેટોના જણાવવા મુજબ આ હૂન્નર ઘણો અસલી વખતથી ઇજીપ્ત દેશમાં માલમ હતો, જ્યાંથી ઇ૦ સ૦ પૂર્વે ૨૯૧ને સુમારે રોમ શેહેરમાં દાખલ થયો; પણ આગસ્ટસ પાદહશાહના મરણ પછી કેટલીક સદી સુધી આ હૂન્નર પડતી હાલતમાં આવી પડયો હતો; કેનવાસ ઉપર ચિતારવાનો હૂન્નર ઇ૦ સ૦ ૬૬ માં રોમ શેહેરમાં જાણીતો હતો.

'ઑઇલ પેન્ટીંગ' એટલે કે રંગ અને તેલની મેલવણીથી ચિતારવાનો હૂન્નર ઇ૦ સ૦ ૧૪૧૫માં શોધી કાઢયો હતો.

'પર્સપેકટિવ્હ' યાને આબેહુબ ચિતારવાનો હૂન્નર ૧૬ મી સદીમાં ઈંગલંડમાં દાખલ થયો હતો. સૈથી નામીચા ચિતારાઓ 'ટિસીઅન, માઇકલ, એનજલો, રાફાએલ, વેનડાઇક, સરજોસ્યુયા, રેન્લ્ડસ, હોગાર્થ, વગેરે થઇ ગયાછે.

હિંદુસ્તાનમાં ચિત્રકળા યા ચિત્રરેખન વિદ્યા હાલ જોકે પડી ભાગવાની સ્થિતિમાં છે; પણ આ કળા ગયા જમાનાઓ આગમજની નાશ પામી હતી, પણ મુસલમાન વિજેતાઓએ પોતાના શોખ માટે (જોકે ધર્મમાં ચિત્ર દોરવાની મનાઇ છતાં) પોતાના અમ્મલમાં ચિતારાઓને ખાસ ઉત્તેજન આપી ઉત્તમ ચિતારો ચિતરાવ્યાં હતા. શેહેનશાહ અકબરે તો આ બાબતમાં હિંદુસ્તાનપર ઘણાજ ઉપકાર કર્યાંછે. અકબરની દરબારમાં ૧૬ ચિતારાઓ રાખવામાં આવ્યા હતા, તેઓએ માહાભારતનું ફાર્સિ ભાષામાં કરેલા ભાષાંતરમાંના ચિતારો દોર્યા હતા. આ ભાષાન્તરને '**રજમનામા**' કહેછે. આ રજમનામું અથવા તો તેની આબેહૂબ નકલ હાલમાં પણ વિજાપુરની દરબારમાં કાયમછે. તેમાં '૧૬૯' પાનાં તો ચિત્રોથી ભરેલાંછે. આ ગ્રંથની કિંમત રૂ



૪૦૦૦૦૦ નીછે, એમ જણાવવામાં આવેછે. આ ચિત્રો એટલાતો ઉત્તમ ચિતારેલાંછે કે આગળ હિંદમાં કેવા ચિતારો દોરવામાં આવતા હતા તેનો ખરો ખ્યાલ આવી શકશે.

મુસલમાન ચિતારાઓએ દોરેલા ઇતિહાસ પ્રસિદ્ધ પુરૂષોની તસવીરો હાલમાં કેથે કેથે મળી આવેછે. મુંબઇની ચિત્રશાળામાં એવા ૧૦ ચિત્રોછે, જેમાં ફરૂખશિયર, બીજો શાહ આલમ પાદશાહ અને મોહબતખાન, જહાંગીર એમની તસવીરોછે.

આગળ હિંદમાં કાગળ અથવા તાડપત્ર ઉપર ઉત્તમ પ્રકારનાં ચિતારો પાડવામાં આવતા હતા. આવા ચિત્રોમાં હાલમાં કાયમ રહેલાં નીચલાં ચિત્રોછે.

૧—જયપૂરની દરબારમાં રજમનામા માહેલા ચિતારો.

૨—અલવરના માહારાજા વેણીસિંગને શેખસાદીના ગુલેસ્તાનને તહેંવાર રંગીન વેલબુટ્ટીથી સણુગારી લખાવવા પાછળ રૂ ૫૦,૦૦૦નો ખર્ચ બેઠો હતો.

૩—શેહેનશાહ એડવર્ડનાં વિંડસર મેહેલમાં 'શાહાજહાનનામા' નામે એક ગ્રંથ છે. તે રૂ ૧૨,૦૦૦ ની કિંમત આપી અયોધ્યામાંથી ખરીદવામાં આવ્યો હતો.

૪—પેરિસમાં મોસ્યો ફરમીન ડિડાટના પુસ્તકખાનામાં એવા અનેક ગ્રંથોછે. તેણે ૧૮૭૮ના પ્રદર્શનમાં એ જાતના કેટલાક ગ્રંથો જાહેરમાં મેળયાં હતા.

શેહેનશાહ અકબરની દરબારના પુસ્તકખાનામાં આવા ચિત્રરેખનથી સણુગારેલાં ૨૪,૦૦૦ ગ્રંથો હતા. ૧૮૮૮ ના કલકતાના મ્યુઝીયમ માટે બાબુ ત્રિલોકનાથ મુકરજીએ એક પાલી ભાષાનો ગ્રંથ ૧૨૦ રૂપ્યે ખરીદ કર્યો હતો.

લખનઉ, રામપુર, આગ્રા, ગ્વાલેર વગેરે શેહેરોમાં હાલમાં અનેક મુસલમાન સરદારો પાસે આગલા વખતના ચિત્ર યૂકત કુરાનની પ્રતોછે, જે રૂ ૧૦૦ ની કિંમતે વેચાતી મળેછે.

કલકત્તામાં ૧૮૮૩ મા ભરાયલા પ્રદક્ષણમાં નીચલા ગ્રંથો હતાં. ઇરાનવાસી મીર ઇમદાદે ૨૭૭ વર્ષ ઉપર લખેલો એક ગ્રંથ.

(૨) ૧૬૮૧ માં ઔરંગજેબ પાદશાહે એખટા કરેલા ફાર્સિ ચિત્રયૂક્ત અક્ષરનાં ઉત્તમ નમુના, તેમાં 'મુરક્કા' નામનું ઉત્તમ પુસ્તક હતું.

(૩) શહાજહાનના સમયમાં લખાયલા અક્ષરોવાલો ગ્રંથ 'સુલતાનઅલ્લીમૂત્સદીનાં" હાથનાં 'કતાતઇબુ ઇમાન' નામનો કીવિતાઇ ગ્રંથ હતો.

(૪) મુરશિદાબાદના નવાબે ઉત્તમ અક્ષરોનાં નમુનાં બતલાવવા બનાવેલો 'મુરક્કા' નામનો બીજો ગ્રંથ છે.

(૫) ટોંકની દરબારમાંથી મોકલેલો ગ્રંથ અબદુલ રહિમાન જામીનો રચેલો ગ્રંથ હિ૦ સન ૯૫૫ (સુમારે ૩૫૦ વર્ષપર મહમદ તાહિરખાન બહાદુરના હુકમથી મહમદ ઝેદ એણે નક્કલ કરી. 'ફતુહઇ હરામિન' નામ આપેલો ગ્રંથ એક શખસે રૂ ૫૦૦૦ ની મ્હોટી કિંમતે ખરીદી તે રૂ ૧૧૦૦ માં વેચ્યો હતો. પણ ટોંકની સરકારે તે રૂ ૧૭૦૦૦ માં ખરીદ કર્યો હતો.

હાથી દાંતની ચીપોપર રંગદાર ચિત્ર પાડવાનું કામ દિલ્લીમાં મુખ્ય કરીને બનેછે. આ ચિત્રો રજમનામામાં જે ઉંચી કારીગરીથી ચિત્રો દોરેલાંછે તેવી હુન્નરમંદીથી તે બનાવવામાં આવેછે. આગલા તથા હાલનાં પાદશાહ, પ્રસિદ્ધ સરદાર, જુમ્મામસજીદ વગેરે ઇમારતનાં ચિતારો ઉત્તમ કારિગરીથી ચિતારવામાં આવેછે. હાલમાં આ ચિત્રો 'ફોટોગ્રાફ ઉપરથી દોરી તહેંવાર રંગથી તેને દેખાવળા બનાવેછે. શાસ્ત્ર શુદ્ધ ચિત્રરેખન, ઉત્તમરંગ અને નૈસર્ગિક દેખાવ આ વાત લક્ષમાં નહિ રાખતાં તેઓ હજી ઝીણી કલમથી ચિતાર પાડવા ઉપરજ લક્ષ આપેછે. તેમની કલમ માત્ર એકજ બાલની બનાવેલી હોયછે. હાથવડે ભિંત ઉપર ચિત્ર દોરવામાં પુના, વિજાપૂર, દિલ્લી, અજમીર, અને બીજા હિંદના

મ્હોટાં શેહેરોમાં ચાલ ચાલુછે. તેમાં વેલબુટ્ટી શિવાયનું બીજું ચિતારકામ હલકી કારીગરીનું પરિણામ જણાયછે. તેમાં માત્ર, વાઘ, હાથી, લશકર, સીપાઇ, દેવતા વગેરેનાં ચિતાર ગમે તેમ દોરેલાં હોયછે. ઉત્તર હિંદુસ્તાનમાં સિધીરેખા આકૃતિની તહેંવાર મુસલમાની કાઢેલાં ચિત્રો દેખાવમાં ઘણાંજ સુંદર હોયછે. મુંબઇ, મદ્રાસ અને બંગાલ એ ત્રણે પ્રાંતનાં મંદીરોમાં ચિત્રો દોરવાનો ચાલછે. આગળ આ ચિત્રો હિંદી હલકા રંગથી ચિતારતા હતા પણ હાલમાં જર્મનીથી આવવા માંડેલા ઉત્તમ રંગથી ચિતારવામાં આવેછે.

ઑઇલ પેંટીંગના ચિત્રો દોરવામાં હિંદના કારીગરો તદન પછાતછે, અને આ હુન્નરમંદી ઇંગ્રેજોએ હિંદમાં દાખલ કર્યા પછી દિનપર દિન તેમાં હિંદી કારીગરો ઘણાં આગળ વધતા જાયછે.

સાદાં લાખનાં ચિત્રો હિંદમાં પ્રાચીન કાળથી જાણીતાંછે. કાગળપર, કાપડપર, કાચપર અથવા લાકડાંપર રંગરંગના ચિત્રો દોરવાં અને તેપર લાખનો રસ લગાડી તેને ગર્મી આપી તેપર ચિત્રો દોરેછે.

સાંગલી, જગન્નાથ, મદ્રાસ વગેરે ઠેકાણે એવાં ચિત્રો બનાવેછે; સાવંત વાડીનાં લાખનાં કરંડીઆ, રોવળનાં સુપડાં તથા સિંધમાં બનતું લાકડાપર લાખની ઝલેહ આપેલી ચીજો ઉત્તમ ચિત્ર યૂક્ત હોયછે.

જગન્નાથમાં એવી ચાલછે કે એક કાપડનો કટકો લઇ તેને છાણ મટોડીથી લિપી, પછી તેનીપર પુરાણ પ્રસિદ્ધ ચિત્રો દોરી તેનીપર લાખનો રસ ચોપડેછે. આવી જાતનાં ચિતારો લઈ ભીખ માંગનારા હિંદમાં ઘણા ભટકેછે.

કચ્છ ભૂજ પ્રાંતમાં ત્યાંના રાવની સ્વારીનો ચિતાર એક લાંબા કાગળ ઉપર ઉત્તમ કારીગરીથી ચિતારેલો વેચાયછે, પણ તેની પર લાખનું રોગાન ચઢાવેલું હોતું નથી.

કાગળપર દોરેલાં ઇતિહાસ પ્રસિધ્ધ પુરૂષોનાં ચેહેરા-પુના, ડાક્કા, દિલ્લી, વડોદરા અને સાહારાણપુરમાં મળેછે. રજમનામામાંના કેટલાક ચિત્રો હાલમાં છાપી પ્રગટ કર્યાછે, અને તેની પ્રતો જયપુરના સર્વ સંગ્રાહલયમાં મળેછે.

પુરાણ પ્રસિદ્ધ દેવતા અને ઈતિહાસ પ્રસિદ્ધ પુરૂષોનાં ચિત્રો દોરનારાં હાલમાં જયપુરમાં ઘણાએક જાણીતાંછે. આવાં ચિતારો રૂ ૧ થી રૂ ૧૦૦ સુધી મળેછે. પંજાબમાં જાલંધર પ્રાંત, જંગ અને નવાશેહેર નામે ગામમાં તેમજ કાંગ્રા, કપરથળા, ખટમાંડુ અને મદ્રાસ ઇલાકામાં હમ્પા, સાગરા, અનંતપૂરમાં પણ તે બનેછે. મુંબઇ પુના વગેરે ઠેકાણે કાચ ઉપર પણ ચિતારો દોરવાનાં કારખાનાંછે.

બરમામાં રંગૂન, મોલમીન, બેસીન વગેરે શેહેરમાં આ હુન્નર ખીલેલોછે.

અબ્રક ઉપર ઘણું કરી ચિત્ર દોરવાનો હુન્નર ત્રિચન્નાપલ્લીમાં ચાલુછે. તેઓ આ ચિત્રો જૂદા જૂદા ધંધાદારીઓના પાડેછે. આવી જાતના ૧૨ ચિત્રોની કિંમત રૂ ૪ પડેછે. કાશીમાં આવાં ચિત્રો ૬થી ૭ રૂપ્યે ડજનને ભાવે મળેછે.

**ચિત્રાલ**—કાશ્મિર તરફની કાશગર ઘાટમાંના એજ નામના રાજ્યનું રાજધાની શેહેર. મસ્તુજની દક્ષિણ પશ્ચિમે ૪૮ મૈલપર કાશગર નદીન કાંઠેછે. આ દેશમાં યૂરપમાં મળતી તહેંવાર ફળ ફળાદી તથા ધાન્યનો સારો પાક થાયછે. દંતકથા મુજબ અફ્રાશિઆબના સમયમાં અત્રે દારૂ બનાવવાનાં કારખાનાંઓ હતા. આ તરફની પ્રજા ખડતળ, દેખાવડી અને ચંચળછે. તેમની સ્ત્રીઓ પણ ખુબસૂરત હોયછે. ચિત્રાલનો ખાન આગળ ગુલામી ધંધો છડેછોક ચલાવતો હતો. દક્ષિણ તરફ પેશાવર, પંજકોરા, સ્વાત અને જલાલાબાદ તથા ઉત્તરે બ્રદખશાન, બલખ, તુર્કસ્તાન, કાબુલ અને યારકંદ સાથે ચિત્રાલનો વેપાર ચાલેછે.

**ઇતિહાસ** મુજબ બાબરના વખતમાં આ મુલક કાતૂરને નામે ઓળખાતો હતો. આ મુલક ઉપર ચીનાઇ રાજ્ય અમલ



ચાલતો હતો. કેટલીક સદીઓપર ચીનાઓએ આ દેશ પોતાને તાબે લઈ ત્યાંની પ્રજાપર ભારે જુલમ ગુજાર્યો હતો. ૧૭મી સદીની શરૂઆતનાં કાશમિરમાં એક મોહમેદને ચિત્રાલ જીતી લીધું હતું. તેના પછી ચિત્રાલની ગાદીપર આવેલા તેના બેટા 'બાબાઅયૂબે' 'મેહેતરનો' એલકાબ ધારણ કર્યો હતો, ત્યારથી ચિત્રાલનાં રાજ્યકર્તાઓ એજ એલકાબથી ઓળખાયછે. જે કાશમિરી મોહમેદને ચિત્રાલના રાજ વંશનો પાયો નાખ્યો તે ઇરાની અથવા ખોરાસાની ઓલાદનો હતો. આ વંશમાં 'મહમદ બેગ' નામે મેહેતર શૂરવીર થઇ ગયો, તેની પાછળ તેના બે જોડીયા બેટાઓ 'ખુશવખ્ત અને ખુશઅહમદ' ગાદી નશીન થયા. તેઓએ ચિત્રાલના બે ભાગ પાડીને વેંહેંચી લીધું.'

'ખૂશવક્ત' 'મસ્તૂજ' તથા 'યાસીનમાં' રાજ્ય કરવા લાગો, અને ખુશઅહમદને ભાગે ચિત્રાલ આવ્યું. તેનામાં આ ખટપટયા મુલકના રજકર્તાનેબરનાં લદ્દાયક ગુણો નહિ હોવાથી પ્રજાએ તેને બદલે તેના બેટા 'કાતૂર' ને ચિત્રાલનો મેહેતર નેમ્યો. ભાગ છુટા પડયા પછી, ખુશવકત યાને તેના વારસોએ એકવાર ચિત્રાલ સાથે કેટલીક વખત ગીલગીત સાથે અને એક બે વખત ચીન સાથે છેડતી શોધી લઢાઇ ચલાવી.

આ સમયથી ચિત્રાલીઓમાં તેમનાં રાજ્યકર્તાઓનાં નામ ઉપરથી 'કાતુરી' અને ખુશબખ્તી એવા બે ટોળા ઉભા થયા. આ ટોળાવાલા અસલ એકજ ઓલાદનાં હતાં, છતાં માહોમાહે લડવા માંડયાથી અને તેના કુસંપથી તેઓ નબલા પડી જવાથી કાશમિરના માહા રાજાએ સેહેલાઈથી આ બન્ને રાજ્યોને જીતી લઇ તેઓ પાસે પોતાનું વડપણ કબુલાવ્યું.

અઢારમી સદીની અધવચથી ચિત્રાલ કાશમિરને તાબે ગણવામાં આવ્યું. તે વખતે યાસીનનો પ્રાંત ચિત્રાલની સત્તાથી છુટો પડયો હતો, પણ કાશમિર દરબારની સત્તા તળે તે ગણાતો હતો. ૧૮૭૦ માં યાસીનના હાકમ 'મીરવલી' એ ઇંગ્રેજ અમલદાર હેવડ્ડનું પ્રપંચથી ખુન કરવાથી તેને કાશમિર દરબારે દેશનિકાલ કાઢયો. તેના પછી 'પેહેલવાન બહાદુર' યાસીનનો હાકમ થયો. ૧૮૮૦ સુધી સારી રીતે વરત્યો, પણ એજ વર્ષમાં તેણે લોભ કરીને ગીલગીત તરફ આવેલા 'વેન્યાલનો' કબજો લેવાની તજવીજ કરવાથી ચિત્રાલનાં મેહેતર 'અમાન ઉલ મુલ્કે, તેની સામે મ્હોટી ફોજ મોકલી તેને હરાવ્યો; અને ૧૮૮૨ માં યાસીન ચિત્રાલના કબજા તળે આવ્યું. પેહેલવાન ખુશબખ્તી ટોળાનો છેલ્લો રાજ્ય કરતા હતો, જેની પડતી સાથ ટોળાની પડતી થઇ.

અમાન ઉલ મુલ્કને તેના બેટા અફઝુલે ઝેર દઇ મારી નાખ્યા પછી અફઝુલે તેનાજ એક ખેશી શેર અફઝુલને તેને ઠાર કર્યો. શેર અફઝુલને તે પછી નિઝામ ઉલમુલ્કે પદભ્રષ્ટ કરી કાબુલ નહસાડયો. નિઝામ ઉલમુલ્કનું ખુન અમીલ ઉલમુલ્કે ૧૮૯૫ ના જાનેવારીમાં કર્યાથી ચિત્રાલ સાથે બ્રિટીશોને ઝગડામાં ઉતરવું પડયું હતું, અને આથી સૂજા ઉલમુલ્ક નામે એક રાજવંશને બ્રિટીશોએ રાજ્યગાદી અપાવી યાસીનના મુલ્કને ચિત્રાલથી છુટો કર્યો ને તે બ્રિટીશ સત્તા તળે આણ્યો; જે હજી સુધી કાયમ છે.

**ચિત્રો**—એના વેલા થાયછે. તે વેલા ઉપર ફળો આવેછે, તેનો પ્રથમ લીલો રંગ હોયછે. પછી તે પાકે એટલે તેનો સુશોભિત રાતો રંગ થાયછે. એનાં ફળો ઘણાં કડવાં હોયછે. શોભા માટે દેવમંદીરમાં એ ફળો ટાંગેછે. ચિત્રાનાં ગુણ ઈંદ્રવર્ણી જેવાંછે.

**ચિમડ**—ગુજરાતમાં ચિમડ પ્રસિદ્ધછે. એનાં ઝાડ કાસુંદરા જેવાં હોયછે. એના બિ કાળાં હોઇ ચપટાં હોયછે. એ પૌષ્ટીકછે. એનાં બીજ ફોડતાં ઉપરની કાળી ફોતરી જતાં અંદરથી પીળો મગજ નિકળેછે તેને ઝીણા વાટી આંખમાં આંજવામાં આવેછે. તેની

સાથે જરા મિઠું નહિ તો ક્ષાર મેળવેછે. આંખ દુખતી હોય તો ચીમડનાં ચોપડવાથી જલ્દી આરામ થાયછે.

**ચિમ્પાન્ઝી**—"આ વાંદરા આફ્રિકા ખંડના રહેવાશી છે, અને તે પહાડી પ્રદેશમાં વસેછે: તેઓ ફળદ્રુપ ભુમિવાલા જંગલમાં પોતાનો વાસ કરેછે. એઓની ચામડી સફેદ તથા જરા પિળાસપર હોયછે. આગળથી થોડા લાંબા બાલ હોયછે, પણ પછવાડે પુશકળ હોયછે. માથાના બાલ પાતળા, કપાળ ઉપર ઘણાજ જાડા અને ગાલ ઉપર પુશકળ થેભિયા હોયછે. વળી ભવાં ઉપર થોડા કઠણ, પાપણ ઉપર સેહેજ કઠણ, અને હોઠ ઉપર થોડા છુટા સફેદ બાલ હોયછે. ચેહેરાનાં બાકીનાં ભાગ ઉપર બાલ હોતાં નથી, પણ સેહેજ કરચળીદાર ચામડી હોવછે. તેમની પીઠ બાલથી ભરાયલી હોયછે, અને હાથનાં કોપરિયાં આગળનાં બાલ સહુથી લાંબા હોયછે. આંગળા તથા ચારે હયેળી ઉપર બાલ હોતાં નથી. કપાળ ચપટું અને ભવાં આગળ ઉંચી કિનારી હોયછે. કાન પાંતળા મ્હોટાં ને વગર બાલના હોઇ નાક તદન ચપટું અને નસકોરાં ઉપર ઉપસેલાં હોયછે. તેમનાં બન્ને જડબાં બહાર નિકળી આવેલાં હોયછે. મોઢું પોહોળું અને હોઠ પાતળા હોયછે. ચેહેરો કાળો ભૂરા રંગનો રહેછે અને તે માનસને બીલકુલ મળતો આવતો નથી. એના બદનની હેઠળનો ભાગ પાંસળી આગળથી પેડુ લગી એકદમ પાતળો રહેછે. અંગુઠો એકદમ ટુંકો રહેછે, પગો હાથને મળતા આવેછે, અને તેનો અંગુઠો લાંબો ને જોરાવર હોયછે.

ચિમ્પાન્ઝી ૪ થી ૫ ફીટ ઉંચા હોયછે, અને તે ૯થી ૧૦મે વર્ષે જવાન ગણાયછે. ચિમ્પાન્ઝી ટોળાબંધ ફરવા નિકળેછે અને જંગલમાં ઝુંપડી બાંધી તેમાં બચ્ચાં સાથે વસેછે. એ પોતાના કદ મુજબ અતી મજબૂત છે. આ પ્રાણી ગરમ મુલકમાં ઘણી સારી હાલતમાં રહી શકેછે, પણ થંડીવાલા દેશ તેને માફક નહિ આવતો હોવાથી તે ત્યાં જલ્દી મરણ પામેછે. તેમને કેળવિયા હોય તો તે મનુષ્યની દરેક સુધરેલી નકલ કરેછે. એઓ શેકારીને જોતાં બુમો પાડી બીજાઓને એકઠા કરેછે અને જો કોઇ ગોળી મારી તેમનામાંના એકાદને મારી નાખેછે તો તેઓની પાછળ ટોળાબંધ લાગેછે પણ તેમનીપર બંદુક ફેંકી દેતાં તેનીપર તેઓ વેર લેવા તુટી પડતાં તેના કટકા કરી નાખેછે.

**ચેમિરા**—આ એક વિચીત્ર માછલી મુખ્ય કરી યૂરપને કાંઠે જેપાન તથા ઉતર એટલાંટિકને કાંઠે, તથા કેપ ઑવ ગુડહોપનાં સમુદ્રમાં મળે છે. યુનાઇટેડ સ્ટેટના સમુદ્રમાં વસ્તી આ જાતની માછલીને 'સમુદ્ર બિલાડી' કહેછે. એ દેખાવે કદરૂપી, ૩ ફીટ લાંબી, ચાંદી જેવા ચળકતા રંગની, પણ ઉપર ભૂરા ચાઠાં હોયછે. એના ઇંડાં એક ચામડીની કોથળીમાં સીવાયલાં હોયછે. આ માછલી કેટલીક રીતે શાર્ક માછલીને મળતી આવેછે.

**ચિયૅાન**—યૂનાઇટેડ સ્ટેટના વેઓમિંગનું મુખ્ય મથક. લારામી પર્વતના પૂર્વ ઢોળાવ ઉપરછે. આ શેહેર સમુદ્ર સપાટીથી ૬૦૦૦ ફીટ ઉપરછે. એના પાસેનાં પ્રદેશમાં કોલસો તથા લોઢું મળી આવેછે. ૧૮૭૦માં લોકવસ્તી ૧૪૫૦ ની ને ૧૮૮૦ માં ૩૪૫૬ ની તથા ૧૮૯૦ માં ૧૧૬૯૦ ની હતી.

**ચિરાટા**—(જુઓ કરીયાતું.)

**ચિરામકોટ**—નિલગીરી જીલ્લાનો એક ભાગ. ક્ષેત્રફળ ૪૧ ચોરસ મૈલ છે. વસ્તી ૪૦૮૦ ની છે, તેમાં ૨૩૮૦ પુરૂષો તથા ૧૯૦૦ સ્ત્રીઓછે. રહેવાનાં મકાનો ૭૩૧છે.

**ચિરાલા**—મદ્રાસ ઇલાકામાં બપાતલા તાલુકાનું મુખ્ય શેહેર. વસ્તી ૯૦૬૧ ની છે, ૮૬૫૨ હિંદુ તથા ૪૦૯ મોહમેદનોછે. અત્રે કપાસનાં પ્રેસોછે.

**ચિરોડ**—અથવા **જીપસમ.** એક જાતનો આ પથ્થર રંગે ચળકતો, નરમ અને ઉપયોગી છે. એના પહાડ હિંદમાં કોલ્હાપુર, કચ્છ



તરફછે. એના પથ્થરને બાળી એનો ચુનો બનાવી શકાયછે. ભઠ્ઠીમાં બાળવાથી તેનો જે ભૂકો બનેછે તે રંગે સફેદ, હલકો અને ચલકાટવાલો હોયછે. પારિસ શેહેર પાસે એની અનેક ખાણોછે, અને તેનો સાગોળ તરીકે પેહેલાં ઉપયોગ પારિસ શેહેરમાંજ થયો, તેથી તેને પલાસ્ટર ઑવ પારિસ એટલે પારિસનો સાગોળ એ નામ આપવામાં આવ્યુંછે. ઈંગ્રેજીમાં એને જીપસમ કહેછે.

એ ગંધકના તેજાબ તથા ચુનાથી બનેછે. આ એક નરમ સફેદ ખનીજછે. એ મોતી જેવા ચળકાટવાલું અને સેહેજ પારદરશકછે. ચિરોડ ઘણુંકરી યૂરપમાં, ઈંગલંડ, યૉર્ક શિઅર સોમરસેટશિઅર, ડરબી શિઅર, નૉટીંગહૅમ શિઅર તથા પેરીસ નજદીકની ખાણોમાં મળેછે. આ ખનીજમાં કુદરતી રીતે પાણીનું ચોકસ પ્રમાણ હોયછે, પણ ગરમ કીધાથી તે પાણી ઉડી જાયછે, અને જે પદાર્થ બાકી રહેછે તે પલાસ્ટર ઑવ પારીસછે.

આ પથ્થરમાં જે વધારે પારદર્શક અને પાસાદાર હોયછે તેને સેલેનાઇટ કહેછે, તેથી ઉતરતા દરજ્જાને અલાબાસ્ટર કહેછે. (જુઓ અલાબાસ્ટર). પણ આ ચિરોડી પથ્થર ઉપલી જાતો કરતાં ઉતરતો હોવાથી પકવીને તેનો જીપ્સમ બનાવેછે. કાચા પથ્થરનાં ભુકા કરતાં ચિરોડ (જીપ્સમ) માં વધારે ચિકાસનો ગુણ આવેછે. રસાયનિક રીતે જોતાં જીપસમ તે ચુનો અને ગંધકનો તેજાબ મળીને થએલું રસાયનિક મિશ્રણ છે, તેથી તેનું રસાયનિક નામ 'કેલશિઅમ સલ્ફેટ' છે. પાણીમાં પલાળીને થોડો વખત રાખવાથી પાણી સોસાઇ જઇને જીપસમનો કઠણ ગોળો બનેછે. પાણી જવાની ગટરો, ચોક, પણીઆરાં અને હૈવળો વગેરેનાં છોળાણમાં સફાઈ આણવા સારૂં દેશી સાગોળ ભેગો આ સાગોળ ભેળવાથી સફાઇ અને ચળકાટ સારો આવેછે. રસાયન શાસ્ત્રનાં પ્રયોગોમાં વાયુ ઉત્પન્ન કરવાની શીશીઓનાં મ્હોપરનાં ડાટામાં થઇને વાયુ ઉડી ન જાય તેટલા માટે તેના ઉપર તે ચોપડવામાં આવેછે. કોલ્હાપુરના પથ્થરોનો ઉપયોગ હાલમાં ચિરોડીના જેવાજ થવા લાગોછે, પણ કચ્છી ચિરોડીનો તેવો હજી ઉપયોગ થવા માંડયો નથી.

**ચિહલી**—ચીનમાં આ સંસ્થાનની ઉતરે માનચુર્યા, દક્ષિણે શાનટંગ અને હુનાન, પૂર્વે માનચુર્યા અને પશ્ચિમે શાનશીછે. એનું ક્ષેત્રફળ ૫૮૯૪૫ ચોરસ મૈલ છે, તેમાં ૨,૮૦,૦૦,૦૦૦ ની વસ્તીછે. આ સંસ્થાન ૧૬ પ્રગણામાં વેહેંચાયલો છે. પશ્ચિમ ભાગ સપાટ ને સમુદ્ર તરફ ઢોળાવદારછે. ત્યારે શાનશી તરફનો દક્ષિણ પહાડ ઉંચો ને પહાડીછે; અત્રેની જમીનમાં ઝાઝો કસ નહિ હોવાથી ઘણી મેહેનતે ધાન્ય પાકેછે, તેમાં મુખ્ય પાક બાજરીનોછે. આ સંસ્થાનમાં પેકીન શેહેનશાહાતનું પાયતખત મજબુત બાંધણીનુંછે. આ શેહેરનો ઘેરાવો ૨૭ મૈલનો ગણાયછે, અને ચોમેર બાંધેલી દેવાલ ૩૦ ફીટ ઉંચી ને ૨૫ ફીટ જાડીછે.

**ચીએ**—આ એક અતી ઘણો ફળદ્રુપ અને સુંદર ટાપુ તૂર્ક રાજ્યને તાબે એશિઆ માઇનરના કિનારાથી ૭ મૈલપર ગલ્ફ ઑાવ સ્મિર્નાનાં માર્ગમાંછે. એ ઉત્તર દક્ષિણ ૩૦ મૈલ લાંબો ને ૮થી ૧૫ મૈલ પોહળોછે. ક્ષેત્રફળ ૩૨૦ ચોરસ મૈલછે. લોક વસ્તી ૫૬૬૦૦ની છે. મુખ્ય વસ્તી ગ્રીકોનીછે. એનો દક્ષિણ કરતાં ઉત્તર તરફનો વિશાળ ભાગ પાહાડીછે. અત્રેની આબો હવા ઘણીજ ખુશનૂમાંછે. ૧૮૮૧ માં અત્રે ધર્તિકંપના લાગેલા આંચકાથી ૩૫૫૮ માનસો માર્યા ગયા હતા, અને ૩થી ૪ લાખ સ્ટરલીંગની મિલકતો નાશ પામી હતી. મુખ્ય પેદાસ વાઇન અને ફ્રૂટ તથા ઑલિવ્હ, એન્ટીમની તથા બકરાની ચામડી મુખ્ય વેપારની ચીજોછે. એનું મુખ્ય શેહેર એજ નામનું હોઇ તે પૂર્વ કિનારાપર મધ્યમાંછે. તેમાં વસ્તી ૧૩૦૦૦ નીછે.

**ચીઓપસ**—ઇજીપ્તના મેમ્ફિસનો આ રાજા, ચોથા વંશાવળીનો ગણાયછે. એણે મ્હોટી પિરામિડ બંધાવી પોતાનું નામ યાદગાર

બનાવ્યું હતું. એ ઈ૦ સ૦ પૂર્વે ૩૦૦૦ માં થઈ ગયો હતો. એના પછી એનો ગાદીવારેસ ભાઇ પાક્રા થયો તેણે પણ બીજી ગંજાવર પિરેમીડ બંધાવી હતી.

**ચીકદેવ**—મ્હેસૂરનો આ રાજયકર્તા ઈ૦ સ૦ ૧૬૭૨ માં ગાદીનશીન થયો. આ રાજાના સમયમાં મરેઠી સત્તા મુસ્તકીમ થઇ હતી. 'ઝીંઝી' અને 'વેલોર' ની ઉપયોગી જગાઓ શિવાજીને હાથ ગઈ હતી, અને વિજાપુર, ગોવલકોંડા, તથા તાંજોરનાં રાજ્યો તેની ધાસ્તિમાં હતા, તોપણ મ્હેસૂરનાં રાજયને તેની ધાસ્તી નહોતી, કારણ કે તે બહુ છેટે હતું, તેમજ ત્યાંનો રાજા તેને બહાનું મળે એવું કાંઈપણ કારણ ન પેદા થવાને સાવચેત રહેતો. આ ચીકદેવે સરહદ ઉપર લાયક સંભાળ રાખી; ન જણાય તેમ રાજ્યની સરહદ વધારવાની તક લઇને પોતાની સર્વ શકિતઓ રાજ્ય અંદરની હાલત કોઈ લાયક ધોરણ ઉપર મૂકવામાં કામે લગાડી. ચીકદેવે સર્વ બાબતની હકીકત જાણવા માટે પોસ્ટઓફીસો કાઢી. પોતાના તાબાનાં માંડળિક તથા દેસાઇઓ રાજાનો ઇલકાબ ધરાવતા હતા તે છોડી દેવાની ફરજ પાડી, અને તેમને શ્રીરંગાપટ્ટણમાં રહેવાની ફરજ પાડી, બળવાખોર રાજાઓને નરમ પાડી સરદાર કરી મેળવ્યા. જમીનની મેહેસુલ વધારવા ચીકદેવે તહેંવાર કરો નાખ્યા. આથી ખેડુતો જુલમથી કંટાળી ખેતરો છોડી નાહાશી ગયા. સેવટે ચીકદેવે જમીનની મેહેસુલ સુધારવા અને સ્વાર્થ સાંધવા એક નીચ યુકિત યોજી. તે સમયે મ્હેસૂરની સર્વ રૈયત જંગમ ધર્મ પાળતી હતી; આથી જંગમ ધર્મના ગુરૂઓને મ્હેસૂરની દક્ષિણે ૧૪ મૈલપર "નંદજગઢ" નું મંદીરછે ત્યાં આવી રાજાને મળવાનું આમંત્રણ કર્યું. તેમને મળવાનું જાહેર કારણ એ બતાવ્યું કે "તમારા સેવકોની હઠીલી વર્તણુકને માટે તમારી સાથે કેટલીક વાતચીત કરવીછે. પણ આગમજથી કોટ વાલી જગ્યામાં એક મ્હોટો ખાડો કરી રાખવામાં આવ્યો હતો, અને તે જગામાં કનાતો બાંધી લઇને ખંડ પાડવામાં આવ્યા હતા, તથા દરેકમાં મુલાકાત લેવાની બેઠક ઉપર છત્રીઓ હતી. ત્યાં આગળ એક પછી એક સર્વેને બોલાવવામાં આવ્યા. આ વેળા ૪૦૦ ગુરૂઓ એકઠા થયા હતા. ત્યાં રાજાની સામે દરેક ગુરૂ આવી નમન કરી જતા અને પાછળ મિશટાનને ઇન્સાફ આપવા જવા કહેવામાં આવતાં તેઓ ચોકમાં જતાંજ ત્યાં તેમની કતલ કરવામાં આવતી. એ મુજબ સર્વ ગુરૂઓને એકજ દિવસે કતલ કરી આગમજથી કરેલી ગોઠવણ મુજબ તેમના ચેલાઓપર લશકરે પાછળથી હુમલો કરી મોટી કતલ કરી. બચેલાઓ પાસેથી સર્વ જમીન રાજ્યનીછે એવું લખાવી લીધું. એના સમયમાં મરેઠાઓએ મ્હેસૂર પર ચઢાઇ કરી હતી પણ તેમાં તેઓ હાર્યા હતા. ચીકદેવે ઔરંગઝેબ પાદશાહની પ્રિતિ સંપાદન કરી રાજાનો ખિતાબ અને હાથીદાંતનું સિંહાસન મેળવ્યું હતું. એનું મરણ ૧૭૦૪ માં નિપજ્યું હતું. એણે પોતાની હૈયાતીમાં રાજયમાં ૧૩ પ્રગણાં ઉમેર્યાં હતા, અને મોંગલો શિવાય સર્વ કરતાં એક સ્વતંત્ર રાજા તરીકે તેને ઔરંગઝેબ તરફથી માન મળતું હતું.

**ચીકરાસી**—આ પહાડી વિશાળ વૃક્ષ મુખ્ય કરી બંગાલ, ચીતાગોંગ, કોઈમ્બતૂર, સીલોન અને મુંબઇ ઇલાકાનાં દક્ષિણ જંગલના પહાડો ઉપર ઉગેછે. એનું લાકડું ઉત્તમ પ્રકારનાં સામન બનાવવામાં ઉપયોગીછે. મદ્રાસમાં આ લાકડું ફરનીચર બનાવવાના ઉપયોગમાં લેવાયછે. એ લીલાસપર ફિક્કા રંગનું હોયછે. એની છાલ પણ ચિવટ હોયછે.

**ચીકયાંગ**—ચીનની શાહાનશાહાતમાંનુ આ એક સંસ્થાન. દક્ષિણે કોકીન, પૂર્વે સમુદ્ર અને પશ્ચિમે કયાંગસી. આ સંસ્થાનનું ક્ષેત્રફળ ૩૯૧૫૦ ચોરસ મૈલછે. અત્રે લોક વસ્તી ૨,૬૨,૫૬૭૮૨ ની છે. એના પશ્ચિમ ભાગમાં અનેક નદીઓછે. તેમાં તાંગકયાંગ સર્વોપરી વહાણો ખેડવા લાયક ગણાયછે. આ નદીના મુખ આગળ ચીકયાંગનું પાય



તખત હાંગચૂછે. એના કોસ્ટા ઉપર અનેક ટાપુઓછે; કે જે યાંગતરજીકયાંગ નદી વેર ફેલાયલાછે. આ સંસ્થાનની પ્રજા ચીનમાં ઉદ્યોગી અને હૂન્નરમંદ ગણાયછે. અત્રે રેસમ બનાવવાના કારખાનાં તથા તેનું કાપડ વણવાનાં અનેક કારખાનાંછે.

આ સંસ્થાનમાંનુ નીંગપો નામે શેહેર કીન તથા ઇઆઓની નેહેરના સંગમ ઉપરછે. આ શેહેર નજદીક નીમક બનાવવાનાં આગરો હોઇ તે દેશના મ્હોટા ભાગને નીમક પુરૂં પાડેછે- શિહપો શેહેર પણ આ સંસ્થાનમાં મુખ્યછે. એ એક ઉત્તમ બંદર શેહેરછે. શાઓ હીંગપુ નામે ગામમાં પુરાતમ શાહાનશાહ હઉંની રૌનકદાર કબરછે. આ સંસ્થાન જોકે નાહનુંછેતોય ત્યાંની ઉદ્યોગી પ્રજાની મેહેનતથી આબાદ હાલતમાંછે.

**ચીકલ્દા**—બિરારમાં એલીચપુર જીલ્લામાંના મલઘાટ તાલુકાનું એક હવાશીર મથક. સમુદ્ર સપાટીથી ૩૬૬૪ ફીટ ઉપરછે. એ ૫ મૈલ લાંબા તથા ૩/૪ મૈલ પોહળા પર્વત ઉપરછે. ગવાલ્યર કિલ્લાથી ૧ ૧/૨ મૈલપર એલીચપૂરથી ૨૦ મૈલપરછે. આ ટેકરીપર ઘોડાપર બેશી ચઢાયછે. ૧૮૩૯ થી બિરારમાં ચીકલ્દા તંદરોસ્તી માટેનું મથક ગણાયછે. અત્રે થંડીમાં ૫૯ તથા ગર્મીમાં ૮૩૦ ડીગ્રી પારો રહેછે. આ ટેકરી આસપાની જમીન ફળદ્રુપ હોઇ ત્યાંની કુદ્રતી મનોહરતા જોવા જોગછે. અત્રે સારા પપેટા ઉત્પન્ન થાયછે; તેમજ ચાહ, કૅાફી વગેરેના બગીચાછે.

**ચીકવિટોઝ**—બોલિવિયા તરફ વસ્તી એક ઇંડીયન પ્રજા. જેઓ પેરેગુઆ તથા મેડિરાની વચમાં વસેછે. એઓ રંગે રાતા, ગોળ માથાના, ટુંકું કપાળ, નાહની ચળકતી આંખોવાલા હોયછે. આ પ્રજા ગાયણની ઘણી શોખીનછે, પણ તેમની રાહ રસમ તથા રીતભાત ઘણી હલકીછે. તેમની વસ્તી ૨૦,૦૦૦નીછે.

**ચીકવિડ**—આ એક પ્રકારનું ઘાસ બગીચામાં જગેજગ ઉગેછે. મુખ્ય કરી યૂરપ અને એશિયાનાં ભાગોમાં જણાયછે. થંડીની રતૂમાં એ હિંદના બગીચામાં પણ જણાયછે. આ ઘાસના બિયાં પક્ષિઓને ખાવામાટે અપાયછે. તેમજ આ ઘાસ પોટીસ કરવાના કામમાં પણ વપરાયછે.

**ચીક્વિન કયૂરા**—કોલંબિયામાંનુ એક જાણીતું શેહેર. ટયૂનજાની પશ્ચિમે ૩૦ મૈલ ઉપરછે. આગળ આ ગામ ઇંડીયનોનાં તિર્થસ્થળ તરીકે જાણીતું હતું તથા પેહેલા સ્પેનિયર્ડોને અત્રે વર્જીન તરફથી મોજેજો જણાયો હતો. તેથી તેના માનમાં બાંધેલા દેવળમાં હાલ દર વર્ષે ૬૦,૦૦૦ જાત્રાળુઓ ત્યાં આવેછે. લોક વસ્તી ૧૮૦૦૦ની છે.

**ચીકાગો**—ઈલીનોઇસના રાજ્યનાં ઉત્તર પૂર્વ ખુણામાં ચીકાગો નદીના મુખપાસે અને મીચીગન સરોવરના પશ્ચિમ કિનારા ઉપરનુ શેહેર. આ શેહેર બાલ્ટીમોરથી ૮૫૦ મૈલપર અને સેનફ્રાન્સીસકોથી ૨૪૧૫ મૈલપરછે. આ શેહેર નદીના ફાંટાથી બે ભાગમાં ઉત્તર દક્ષિણ પશ્ચિમભણી વેંહેંચાયલું હોઈતે ૩૦ પુલો તથા બે ટનલોથી જોડાયલુંછે.

યૂનાઇટેડ સ્ટેટમાં આ શેહેર તદન ગામડાની હાલતપરથી આજે ન્યૂયૉર્કથી સેહેજ ઉતરતું બીજું મ્હોટું શેહેર બન્યુંછે. ઇ. સ. ૧૮૮૭માં એનું ક્ષેત્રફળ ૩૬°૭ ચોરસ મૈલ હતું, પણ ૧૮૯૦માં વધારી ૧૮૦°૨ ચોરસ મૈલ કર્યુંછે. આ શેહેરની લંબાઇ ૨૧ ૨/૬ મૈલ અને પૂર્વ પશ્ચિમ પોહળાઇ ૧૦ ૨/૬ મૈલછે.

દુનિયામાં સર્વથી ગંજાવર ધાન્યનો વેપાર તથા વખારો ધરાવનાર આજ એક મ્હોટું શેહેરછે. અત્રેની મુખ્ય જાહેર ઇમારતો ગ્રેનાઇટ પથ્થરની બાંધેલીછે. અત્રેનો પ્રજા મેહેલ ૬૦,૦૦,૦૦૦, સ્ટરલીંગને ખર્ચે બંધાવ્યો હતો. તેમજ ગુન્હેગારોની છાંડણ કરનારી કોર્ટ, જેલ, યૂનાઇટેડ સ્ટેટનું કસ્ટમ હોસ, અને પોસ્ટ ઑફીસ, વિદ્યા હૂન્નરની ઇન્સટીટિયુટ, વેધશાળા, ૩૦૦ દેવળ, જાહેરશાળા, અસંખ્ય ઇસ્પીતાલો, નાટકશાળા, ગાયનશાળા અને હૅાટલો એ જાહેર જોવા જોગ ઇમારતોછે. ૧૮૯૨માં ચીકાગો યુનિવ્હર

સિટી ૬૦૦ વિદ્યાર્થીઓની શરૂઆત સાથે ખોલ્લી મેલાઈ હતી. તે શિવાય વેપારી શિક્ષણની પાટશાળા, યૂનિવ્હરસિટી વગેરેછે. ૧૮૮૮માં ૧,૩૮,૯૦૦ ગ્રંથોની શરૂઆત સાથે જાહેર લાયબ્રેરી ખુલ્લી મેળી હતી. તથા ન્યૂબેરી ફ્રી લાયબ્રેરી ૩૦,૦૦,૦૦૦ સ્ટર-લીંગના ખર્ચે એજ વર્ષમાં ખુલ્લી મેળી હતી. તે શિવાય ચિકાગોમાં અતી ગંજાવર ઇમારતો ૨૦ થી ૨૫ માળવાલી તમામ સ્ટીલની બાંધવામાં આવેલી છે.

ચીકાગોમાં પ્રજા માટે પાણી પુરૂં પાડ-વાનું બાંધકામ ૧૮૮૮ માં મીચીગન સરોવર ઉપર બાંધવામાં આવ્યું છે; અને તેમાંથી ૬૪૦ મૈલ લાંબા નળોથી પાણી આણવામાં આવે છે, અને તે નળોમાંથી દરરોજ ૧૦,૦૦,૦૦,૦૦૦ ગ્યાલન પાણી શેહેરને પુરૂં પાડવામાં આવેછે. ૧૮૮૮માં લંડનથી આવેલી પેહેલ વેહેલી સ્ટીમર ચીકાગોના બંદરમાં દાખલ થઈ હતી. તેમજ આ શેહેરમાં વિદ્યાહુન્નર તથા ઉદ્યોગનાં અનેક અસંખ્ય ખાતાંઓછે, અને તેમાં બચ્ચાંના રમકડાંથી તે સ્ટીમએન્જીનો સુધીની દરેક નાહની મ્હોટી ચીજો બનાવવામાં આવેછે.

જૉલેટ અને મારક્વેટીએ ૧૬૭૩માં પ્રથમ ચિકાગોની મુલાકાત લીધી હતી. તેમજ આગળ ફ્રેન્ચોએ પણ અત્રે એક નાહનો કિલ્લો બાંધ્યો હતો. હૅરબૉર્નનો કિલ્લો ૧૮૦૪ માં બાંધવામાં આવ્યો હતો. ૧૮૩૭માં આ શેહેરમાં માત્ર ૪૧૭૦ ની વસ્તી હતી, ૧૮૪૫ માં ૧૨૦૮૮ની અને એજ વર્ષ પછી ચીકાગોની ચઢતી દશા બેઠી હતી. ૧૮૬૦માં વસ્તી ૧૦૯૨૦૬ની, ૧૮૮૦માં ૫૦૩૧૮૫ની ૧૮૯૧માં ૧૦૯૯ ૮૫૦ ની હતી.

૧૮૭૧ માં ૭મી અક્ટોંબરે લાગેલી આગથી આ શેહેરનો ૩⅓ ચોરસ મૈલ ભાગ નાશ પામ્યો હતો. તેમાં ૧૭૪૫૦ ઈમારતો તારાજ થઇ હતી, અને ૯૮૫૦૦ નિરાધાર રવડતા થયા હતા, અને ૨૦૦ જાનોની ખુવારી થઇ હતી. આ આગથી એકંદર નૂકસાન ૧૯૦૦૦૦૦૦ સ્ટારલીંગનું થયું હતું. જે ભાગ બળી ગયો હતો ત્યાં ફરીથી બંધાયલી ઇમારતો તમામ ઇંટ, પથ્થર અને ચુનાની હતી, અને તેમાં લાકડાનો ઘણોજ થોડો ભાગ વાપરવામાં આવ્યો હતો. બીજી વેળાની ભયં-કર આગ ૧૮૭૪ માં ૧૪મી જુલૈઇએ લાગી જેથી ૪૦,૦૦,૦૦૦ સ્ટરલીંગની ઇમા-રતોનો નાશ થયો હતો.

૧૮૮૬ માં 'હાઇમાર્કેટમેસેકરમાં' ૮ પોલીસ સિપાઇઓ માર્યા ગયા હતા તથા ૬૦ જણાં એનારકિસ્ટોએ નાખેલા ડિનામાઇટના ગોલાથી માર્યા ગયા હતા. બીજી વેળા એનારકિસ્ટોનું હુલ્લડ ૧૮૮૮ ના જુલૈમાં થયું હતું. ૧૮૯૩ માં ૧ લી મે થી ૩૦મી અકટોંબરવેર જે પ્રદક્ષણ ભરવામાં આવ્યું તે માટે શેહેરની દક્ષિણ પૂર્વનો જેકસનપાર્ક રોકવામાં આવ્યો હતો. આ પ્રદક્ષણ અમેરિકા ખંડ શોધવાને ૪૦૦ વર્ષ પુરા થયાં તેની ખુશહાલીમાં ભરવામાં આવ્યું હતું. આ જગદર્શન માટે ૬૩૩ એકર જમીન રોકવામાં આવી હતી. આ જગદર્શનની મુલાકત લેનારાઓની સંખ્યા ૨૩૫૨૯૪૦૦ની ગણાઈ હતી.

**ચીકાસા**—ઇંડિયન પ્રજાને લગતો એક ટોળો. એઓ ચિરાકોસ ટોળા સાથે સંબંધ ધરા-વેછે. આગળ એમની વસ્તી મેકસિકો તથા મીસિસસિપીના ઉત્તર ભાગમાં હતી, પણ હાલમાં તેઓ ઇંડિયન સંસ્થાનોમાં વસેછે. આ ટોળાની વસ્તી ૬૦૦૦ ની છે.

**ચીકોપી**—હેમ્પડનટોનનું એક શેહેર. સ્પ્રિંગ-ફીલ્ડની ઉત્તરે ૪ મૈલપરછે. અત્રે રૂ, કાસું, કાચકામ અને ટાળાનાં કારખાનાછે. ૧૮૮૫ માં વસ્તી ૧૧૫૨૮ની ને ૧૮૯૧ માં ૧૪૦૫૦ ની હતી.

**ચીખલી**—ખાનદેશજીલ્લામાંનુ આ એક નાહનું ભીલનું રાજ્ય, તાપતી નદી અને સાત-પુડા પર્વત વચ્ચે છે. લોક વસ્તી ૧૪૪૪ ની છે. તેમાં ૭૩૭ પુરૂષો, ને ૭૦૭ સ્ત્રીઓછે. જેઓ તમામ ભીલ જાતનાંછે. તેમની ભાષા ગુજરાતી, મરાઠી અને હિંદીની ભેળ-



વાલી છે. તાપતી કાંઠેની જમીન ફળદ્રુપછે. પણ ત્યાંની આબોહવા સારી નથી. ઉપજ ૫૦૦ પૌંડનીછે. તેમાંથી ૩૦૦ પૌંડ ખંડણીનાં ભરવા પડેછે.

**ચીખલી**—બિરારમાં બુલદાના જીલ્લામાંનો તાલુકો. ક્ષેત્રફળ ૧૦૦૯ ચોરસ મૈલછે. તેમાં ૧ શેહેર ને ૨૭૨ ગામડાંછે. લોકવસ્તી ૧,૪૦,૦૧૧ ની છે. તેમાં ૭૧૫૯૫ પુરૂષો અને ૬૮૪૧૬ સ્ત્રીઓછે. જમીનનો ૪, ૬૫, ૧૯૪ એકર ભાગ ખેતીવાડીથી ભરપૂરછે. મુખ્ય શેહેર ચીખલીમાં વસ્તી ૪૩૯૬ની છે. તાલુકાની વાર્ષિક ઉપજ ૩૪૮૫૮ પૌંડની છે.

**ચીખલી**—સૂરત જીલ્લામાંનુ એક પ્રગણું ક્ષેત્રફળ ૧૬૭ ચોરસ મૈલ છે. તેમાં ૬૨ ગામોછે. લોક વસ્તી ૬૦૧૪૭ ની છે; તેમાં ૩૦૩૪૬ પુરૂષો. અને ૨૯૮૦૧ સ્ત્રીઓછે. હિંદુ ૩૩૨૦૧, મોહમેદન ૫૪૦૯ અને પરજાતનાં ૮૧૫૩૭. છે. અત્રે ધાન્ય, શેરડી અને ફળફળાદી ઉત્પન્ન થાય છે. અંબીકા, કાવેરી, ખારીરા અને ઉરંગાનદીથી દેશ ફળદ્રુપ છે. ૧૮૭૪ માં પ્રગણામાં બે ફોજદારી કચેરીઓ હતી.

**ચીંગલપટ**—મદ્રાસના એજ નામના તાલુ-કાનું મુખ્ય શેહેર, તેમાં ૫૬૧૭ ની વસ્તી છે. ૫૨૮૬ હિંદુ ને ૨૩૫ મોહમેદનો છે. અત્રે સેશન જડજની કોર્ટ, મદદનીશ કલેક-ટરની કચેરી, સિવીલસર્જન અને દીવાની તથા ગુન્હેગારીની કોર્ટો છે.

ચીંગલપટનો હાલમાં પડતી સ્થિતિમાં આવેલો પુરાણો કિલ્લો, વિજયા નગરના રાજાઓએ ૧૬ મી સદીમાં બંધાવ્યો હતો. આગલા રાજા અત્રે તથા ચંદ્રગિરિમાં પોતાની દરબાર ભરતા હતા. આ કિલ્લો બેવડી દેવાલથી બાંધેલોછે. ૧૬૪૪ માં ગોલકોંડાના સરદારોને તાબે હતો. જેમના પાસથી આર્કાટના નવાબે જીતી લીધો હતો, અને તેણે ૧૭૫૧ માં ચંદાસાહેબને ફ્રેન્ચોની મદદને બદલે આપ્યો હતો. ૧૭૫૨માં ફ્રેન્ચો પાસથી બ્રિટીશોએ જીતી લીધો હતો. તે પછી એ ફ્રેન્ચ કેદીઓના જેલ તરીકે વપરાતો હતો, પણ ત્યાર પછી લશ્કરી અસબાબ રાખવાનું મથક બન્યું હતું, પણ તે પછી અત્રે લશ-કરની છાવણી હતી. તે વેળા ત્યાં ઉઠતા બખેડાને અત્રેની તુકડી દાબી દેતી; પણ સમાધાની થતાં ફોર્ટસેંટડેવિડનો કિલ્લો બાંધતાં ત્યાં અત્રેનો અસબાબ તથા લશકર ૧૭૫૮ માં લઇ જવામાં આવ્યો, ત્યારથી એ પડત સ્થિતિમાંછે. તે પછી આ કિલ્લા-પર અનેક વેળા ફ્રેન્ચોએ જીત મેળવી પણ સેવટે બ્રિટીશો અજીત થયા હતા. ૧૭૮૦ માં બ્રિટીશ લશકરે અત્રે સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. મ્હેસૂર સાથની લઢાઇ વેળા, બે પ્રસંગે આ કિલ્લો બ્રિટીશોએ જીતી લીધો હતો.

**ચીગોય**—આ એક પ્રકારનું જીવડું અમેરિકા તરફ ૩૦૦ ડીગ્રીના મુલકમાં તથા 'વેસ્ટઇંડીઝ' માં તથા ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં પુશકળ મળેછે; તથા એ પશ્ચિમ આફ્રિકાના કિનારાંના મુલકમાં પણ મલેછે. એની એક જાત રેતીમાં વસેછે. આ જીવડું ગળાથી પુછડી સુધી ભમરડા આકારનું હોય, તેને ૬ ઝીણાં પગ હોયછે. એ પોતાના ઇંડા ૭ દિવસ સેવી તેમાંથી બચ્ચાં પેદા કરેછે.

**ચીચ્યૂચે**—મેકસિકોમાંનુ એક મ્હોટું રાજ્ય. એની ઉત્તરે અને ઉત્તર પૂર્વે ન્યૂમેકસિકો અને ટેક્ષસ. ક્ષેત્રફળ ૮૭૮૦૨ ચોરસ મૈલછે. ૧૮૯૦માં વસ્તી ૨૨૫૬૫૨ની હતી. એનું મુખ્ય શેહેર એજ નામનું 'પાસો'થી રેલ માર્ગે દક્ષિણ ભણી ૨૨૫ મૈલપરછે. તેમાં લોક-વસ્તી ૧૨૧૧૬ ની છે.

**ચીતલદ્રુગ**—મ્હૈસૂરના રાજ્યના નગર ભાગ-માંનો જીલ્લો. એનું ક્ષેત્રફળ ૪૮૭૨ ચોરસ મૈલછે. લોક વસ્તી ૧૮૫૩ માં ૨,૮૯૪૯૫ ની, ને ૧૮૭૧ માં ચોકસ ગણત્રી મુજબ ૫૩૧૩૬૦ ને ૧૮૮૦ માં ૩૭૬૩૧૦ની હતી. ૧૮૭૧–૮૦ ના ૯ વર્ષમાં ૧,૫૫૦૫૦

ના ઘટાડાનું કારણ ૧૮૭૬-૭૮ના ભયંકર દુકાળનું હતું.

ચીતલદુગના ૪૮૭૧ ચોરસ મૈલના વિસ્તારમાં દર ચોરસ મૈલે ૭૭ માનસોની રાસ આવેછે. લોક વસ્તીમાં ૩૬૨૫૦૨ હિંદુ (પ્રમાણ માં ૯૭ ટકા), મુસલમાન ૧૩૬૬૫ (પ્રમાણ ૩ ટકાનું), ખ્રિસ્તી ૧૪૩છે. જીલ્લામાં ૧૪૨૦ શેહેર તથા ગામડાંછે. તેમાં ૭૦૭૫૦ વસવાના મકાનો તથા ૧૫૪૭૧ ખાલી મકાનોછે.

આ જીલ્લામાં મુખ્ય ઉત્પંતિ રાજી, જુઆર, ચણા, વગેરે ધાન્ય પાકેછે. રૂ પણ આ ભાગમાં સારો પાકેછે. તેમાં દક્ષિણ ભાગમાં નાળીયરી મોટે ભાગે ઉગેછે. આ જીલ્લામાં એકંદર ૧૭૯૫ તલાવોછે. જેમાંના ઘણાખરા થોડા વર્સાદને લીધે ખેતીવાડી માટે ઉપયોગીછે. આ દેશમાં વર્સાદ તથા પાણીની તાણ હોવાથી પાકને ખીલવવા માટે તલાવો બાંધવાની ખાસ યોજના હાથ ધરી ખેતીવાડીને ફળદ્રુપ બનાવવાની યોજના ઘડી તે અમલમાં આણેલીછે. ૧૮૮૧માં બાંધેલો દોડારી તલાવનો પાટ ૩૧૧૮ પૌંડને ખર્ચે બંધાવ્યો હતો. ચાલુક તલાવ ૧૮૭૮ માં ૧૭૦૧ પૌંડને ખર્ચે બંધાવ્યો હતો.

અત્રે ઉનની કામળી બનાવવાનાં અનેક કારખાનાંછે. આ કામળી ૧૮ ફીટ લાંબી ને ૯ ફીટ પોહળી બનાવવામાં આવેછે, અને તે ૨૦થી ૬૦ રૂપ્યા વેરમાં વેચાયછે. કેટલીક ઉનની કામળી એવીતો ઝીણી ખુમાસદાર બનાવવામાં આવેછે કે તેનો વિટો કરી બાંધુમાં સાંતી શકાયછે. આવી ઉંચા પ્રકારની કામળી રૂ ૩૦૦થી ૪૫૦ની કિંમતે મળેછે. મધ્ય ભાગ તરફના પર્વતવાલી ભૂમિમાંથી લોઢું મળેછે; તે શિવાય કાચ કામનાં તથા જાડાં કાગળ બનાવવાના પણ કારખાનાંછે. જીલ્લાનું વાર્ષિક ઉત્પન્ન ૭૯૭૬૭ પૌંડનુંછે. આ જીલ્લામાં દરસાલ વર્સાદ ઘણો ઓછો પડેછે. ત્યાં પડતા વર્સાદની સરેરાસ દરવર્ષની ૨૫.૬૨ ઈંચનીછે. તેમાંનો અર્ધો વર્સાદ તો માત્ર અકટોંબરના એકજ માસમાં વર્સે છે, અને આજ જીલ્લાનાં કેટલાક ભાગમાં સરદ ઋતુમાં માત્ર ૧૦ ઈંચ વર્સેછે.

**ચીતલદ્રુગ**—ઉપલા જીલ્લાનું મુખ્ય ગામ. બેંગલોરની ઉત્તર પશ્ચિમે ૧૨૬ મૈલપરછે. આ શેહેર કિલ્લેબંદીવાલું પર્વતની ઉત્તર પૂર્વે ઢોળાવદાર ભાગ ઉપરછે. ઇતિહાસમાં આ શેહેર ૧૫મી સદીથી જાણીતુંછે; અને પાલગર વંશના અત્રે રાજ્યકર્તા આગળ થયા હતા. ૧૭૭૯માં હૈદરઅલીએ અત્રેના સરદારોનું બળ નરમ કર્યું હતું. છેલ્લા 'નાયક' ને શ્રીરંગાપટનમાં હેદરઅલીએ કેદ કર્યો હતો. આગલા પાલઘર વંશનો કિલ્લો તથા મેહેલો હાલમાં પણ નજરે પડેછે. હૈદરઅલીએ અત્રે બંધાવેલા પથ્થરના કિલ્લામાં ટીપુસુલતાને એક મેહેલ બંધાવ્યો હતો; જ્યાં હાલમાં બ્રિટીશ કચેરી ભરાયછે. કિલ્લેબંદી અંદર ૧૪ મંદીરોછે. આગળ ચિતલદ્રુગનાં વણકરો ઘણા પ્રસિદ્ધતા પામ્યા હતા પણ હાલમાં યંત્ર વડે કાપડ વણવાનું આગળ વધેલું હોવાથી અત્રે માત્ર કામળી, જાડું સુતરાઉ કાપડ બનેછે.

**ચીતાગોંગ**—બંગાલના કમીશનરના તાબાનો ભાગ. એની ઉત્તરે ટીપરાનું રાજ્ય, પૂર્વે જંગલી પાહાડી પ્રજાનો મુલક, દક્ષિણે અકિયાબ અને બરમા તથા પશ્ચિમે બંગાલનો ઉપસાગરછે. ક્ષેત્રફળ ૧૨૧૧૮ ચોરસ મૈલછે. તેમાં ૧૧૧૧૩ ગામો તથા શેહેરો છે. ૧૮૮૧ માં વસ્તી ૩૫,૭૪૦૪૮ ની તેમાં ૧૭,૭૪૩૩૬ પુરૂષો અને ૧૭૯૯૭૧૨ સ્ત્રીઓ છે. દર ચોરસ મૈલે ૨૯૫ મનુષ્યની વસવાટની રાસ આવે છે. ગામડાં દર ચોરસ મૈલ ૯૨; અને દર ગામમાં ૪૨.૧૦ માનસની રાસ આવે છે. વસ્તીમાં મુસલમાનોની સંખ્યા ૨૪૨૫૬૧૦, હિંદુઓ ૧૦૧૭૯૬૩, બુધિસ્ત ૧૨૮૫૬૨, ખ્રિસ્તી ૧૮૯૧. શીખ ૫, બ્રહ્મસમાજીક ૮. વાર્ષિક જમીનનું મેહેસૂલ ૨૯૦૭૫૪ પૌંડનું ઉપજેછે.



**ચીતાગોંગ**—એજ નામના જીલ્લાનું મુખ્ય શેહેર તથા બંગાલમાંનું એક બીજું બંદર શેહેર. ક્ષેત્રફળ ૯ ચોરસ મૈલછે. વસ્તી ૨૦૯૬૯ ની; તેમાં ૧૪૪૭૮ મુસલમાનો ને ૫૬૬૦ હિંદુઓ વસેછે. જુમલે વસ્તીમાં ૧૨૧૮૦ પુરૂષો તથા ૮૭૮૯ સ્ત્રીઓ છે. આ ગણત્રીમાં પુરૂષો વધારે પ્રમાણમાં એટલામાટે છે કે પરદેશથી આવતા વેપારી તથા મજુરો પોતાની સ્ત્રી તથા કુટુંબને પરદેશ રાખી આ જીલ્લામાં કામ ધંધા અર્થે છડા આવે છે.

પુરાણા વખતથી ચીતાગોંગ વેપારનું મથક ગણાય છે. તેમાં પોર્ટુગીજ વેપારીઓએ આ શેહેરને, વડુ બંદર એવું નામ આપ્યું છે. ચીતાગોંગ બંદર શેહેર હોવાથી અત્રે તર્હેવાર વેપારની જનસોનો વેપાર પરદેશ સાથે ચાલે છે.

૧૬૬૫ માં ઉમયદખાન નામે મોંગલ સરદારે આ શેહેર જીતી એને ઇસલામાબાદ નામ આપ્યું હતું. ૧૮૫૭ માં ૧૮ મી નવેંબરે રાત્રે બળવાખોરોએ અત્રે મુકામ કરી જેલમાંના કેદીઓને છોડી મેળી અત્રેની તીજોરીમાંથી ૨૭૮૦૦ પૌંડની લુટ મેળવી હતી. પણ તેમાંના ૫૦૦૦ પૌંડ પાછા વસૂલ કરવામાં આવ્યા હતા. આ બળવા સમયે અત્રે કશી ખૂનરેજી ચલાવવામાં આવી નહોતી, પણ જેલમાંના ફોજદારને માત્ર મારી નાખવામાં આવ્યો હતો.

**ચીતાગોંગનો પહાડી પ્રદેશ**—એનું ક્ષેત્રફળ ૫૪૧૯ ચોરસ મૈલ છે. તેમાં વસ્તી ૧૦૧૫૦૭ ની છે. એની ઉત્તરે ટીપરાનું રાજ્ય, પશ્ચિમે ચીતાગોંગ જીલ્લો; દક્ષિણે બરમા અને અકીયાબ અને પૂર્વે ટીપરાનો પર્વતવાલો ભાગ. આ ભાગ જંગલથી ભરપૂર છે, છતાં તેમાં તર્હેવાર ધાન્યનાં ખેતરોછે. મુખ્ય પાક ચોખા, રૂ, તંબાકુ, ચાહ અને પપેટાનો થાયછે; પણ આ તરફનો ભાગ ડુક્કર, હરણ અને વાંદરા તથા પક્ષીઓથી ભરપૂર હોવાથી પાકને નૂકસાન પોંહચાડે છે. આ તરફની આબોહવા થંડી છે. સપટેંબરમાં અત્રેની હવા ઘણીજ ખૂશકારક રહે છે.

## ચીનનો ભૂગોળ-પ્રજાલક્ષણ-ધર્મ-રેવાજ વેપાર-હૂન્નર-ઈતિહાસ અને કેલવણી.

**ચીન**—દુનિયામાં પ્રસિદ્ધતા પામેલી મ્હોટામાં મ્હોટી શેહેનશાહાતમાં ચીનની શેહેનશાહાત પ્રાચીન કાળથી પોતાની જાહોજલાલી, હૂન્નરમંદી, અને મ્હોટાઇ માટે હાલનાં જમાના સુધી સીલસીલાબંધ જમાનાનાં જમાનાં વટાવી આજે પણ મ્હોટાઇમાં દરીઠામ રહેલી છે.

ચીનની શેહેનશાહાતમાં માહાચીન અને માનચુરિયા તથા માંગોલીયા, લીલી અને ટિબેટ એ સાથે સમાય છે. ચીનનું સ્વદેશી નામ "ચંગકવો" યાને 'મધ્યરાજ' અને 'ટીનચાયોન' યાને આકાશી શાહાનશાહાત છે.

અસલના ઉત્તર અને દક્ષિણ ભાગને ઇ૦સ૦ ૧૨૩૪થી ૧૨૭૯ સુધી લોકો 'કેથે' અને 'મેગની' ના નામથી ઓળખતા હતા. તે પછી ધીરે ધીરે આખા દેશને 'કેથે' નાં નામથીજ ઓળખવા લાગા. પણ હાલમાં કેથે 'મેગની' અને માહાચીન જેવાં નામો વિસરાઇ જઇ સર્વ દેશ ચીનનાજ નામથી ઓળખાય છે.

ચીનની શાહાનશાહાતનું ક્ષેત્રફળ ૧,૩૦,-૦૦,૦૦૦ ચોરસ મૈલછે. એની લંબાઇ પેકીનની ઉત્તરે 'ગ્રેટવેલી' થી તે કેપ સેન્સીની દક્ષિણ સુધી ૧૬૦૦ મૈલ અને પોહળાઇ ૯૦૦ થી ૧૩૦૦ મૈલની છે. એનો સમુદ્ર કાંઠો ૨૫૦૦૦ મૈલનો છે. આ દેશની જમીનનો ૧૪,૧૬,૨૨,-૮૫૭ એકર જેટલો ખેડવા લાયક ભાગ ઉપર મનુષ્યની વસ્તી છે.

ચીનની વસ્તી જૂદા જૂદા જમાના અને દાહેકામાં નીચે મુજબ હતી; પણ તેમાં ગણત્રીની અચોકસતા જણાઇ આવે છે.

ઇ૦ સ૦ ૧૫૭૦ માં—૩૦૭૪,૬૭,૦૦૦.
(કીનલુંગ યાનના અમલમાં.)
,, ૧૭૪૩ માં—૨૦,૦૦,૦૦,૦૦૦.
,, ૧૮૧૩ માં—૩૬,૦૦,૦૦,૦૦૦.

,, ૧૮૧૫ માં—૩૭,૪૬,૦૦,૦૦૦.
,, ૧૮૩૯ માં—૪૧,૫૦,૦૦,૦૦૦. (મી० સ્આરોફ. રશિયન એલચી મુજબ.)
,, ૧૮૫૨ માં—૩૯,૦૦,૦૦,૦૦૦.
,, ૧૮૫૯ માં—૪૦,૦૦,૦૦,૦૦૦.
,, ૧૮૮૦ માં—૪૦,૦૦,૦૦,૦૦૦.

આ દેશને ૧૮ સંસ્થાનોમાં વેંહેંચી નાખેલો છે. અને તેનું ક્ષેત્રફળ નીચે મુજબ છે.

| સંસ્થાનનું નામ. | ક્ષેત્રફળ, ચોરસ મૈલ. |
|---|---|
| ચિહલી | ૫૮૯૪૯ |
| શાંગટંગ | ૬૫૧૦૪ |
| શાનસી | ૫૫૨૬૮ |
| ફોકીએન | ૫૩૪૮૦ |
| ચીકયાંગ | ૩૯૧૫૦ |
| હુપીહ ને હુનાન | ૧૪૪૭૭૦ |
| શેનશી<br>કાનશુહ | ૧૫૪૦૦૮ |
| કાંયગશૂ<br>ગાનહવાઇ | ૪૨૯૬૧ |
| કયાંગસી | ૨૭૧૭૬ |
| કવાંગટંગ | ૭૯૪૫૬ |
| કવાંગસી | ૭૮૨૫૦ |
| સુજીચુએન | ૧૬૬૮૦૦ |
| હુનાન | ૬૫૧૦૪ |
| યૂનનાન | ૧૦૭૯૬૯ |
| કવૈયૂ | ૬૪૫૫૪ |

હાલમાં પણ આ દેશ પોતાની મ્હોટી વસ્તી અને મ્હોટાઇ માટે જાણીતું છે. હાલમાં ચીનમાં પરદેશી રાજ્યો માટે ૨૧ વેપારના બંદરો ખુલ્લાં છે, તેમાંના પાંચની વસ્તી ૫૦૦૦૦ થી ઓછી છે.

**(પશુ પક્ષી અને બીજાં પ્રાણી.)** આ દેશમાં પાલવાલાયક જાનવરો ઝાઝાં નથી. ત્યાંના લોકોનો મુખ્ય ખોરાક ભાજીપાલો હોવાથી અને દુધ માખણનો ખોરાક ઝાઝો પ્રચારમાં નહિ હોવાથી, તેઓ ઢોરો પાલતાં નથી, તેમજ ઉત્તર તથા પશ્ચિમ ચીન તરફનાં ભાગ શિવાય બીજા ભાગમાં મૌસનો ખોરાક ઝાઝો પ્રચારમાં નથી. ચીનાઇ ઘોડા કરતાં માનચુરિયન ઘોડા ઝડપુ અને ઉત્તમ જાતવાન હોય છે. તેમજ તારતરી ઘોડા અરબી ઘોડાથી સેહેજ ઉતરતા હોય છે. ઉંટની વસ્તી તારતરી તથા ઉત્તર સંસ્થાનોમાં ઝાઝી છે. તે શિવાય બળદ, ભેંસ અને ડુક્કર પણ તેઓ પાળે છે. તેમાં બળદ પાસે ખેતીવાડીનું કામ કરાવે છે. ત્યારે મેંઢા બકરામાં માનચુરીયન અને તારતરી બકરાં મજબુત આવે છે. તીબેટ તરફ કાળા સફેદ અને આસમાની રંગના સીંગડાવાલા બકરાનાં રૂવાંની તે તરફ શાલો વણે છે. તીબેટ તરફ 'બરાસ' નામનું હરણને મળતું જાનવર તેના ઉનમાટે વખણાય છે. હિંસક પશુમાં વાઘ સાધારણ છે, અને રીંછનું તો તેઓ મૌંસ ખાવામાં મઝા લીયે છે. રશિયન સરહદ ઉપર જંગલી ગધેડાં, સાંબર વગેરે પશુ ઘણાં મળે છે. કસ્તુરિયો મૃગ તીબેટ તથા તાતાર તરફના સંસ્થાનોમાં મળે છે. (જુઓ કસ્તૂરીયો મૃગ) તેમજ વાંદરા અને કુતરાં ઝાઝાં જણાતાં નથી.

ચીનાઓ મરઘા બતકાં કરતાં હંસ પાળવાના ઘણા શોકીન હોય છે. તેમજ તેઓ હંસને કેળવી શકે છે. પહાડી પ્રદેશમાં ઓકાબ પક્ષી તેમજ 'હાઇટસીન' નામના બાજ ચીકયાંગના હાંગચુફુમાં મળે છે. ચીનમાં કબુતર ઘણાં સુંદર જડે છે. તેમજ રંગબેરંગી મરઘાની અનેક જાતો છે. આ દેશમાં સોનેરી રૂપેરી રંગની ચળકતી માછલીની પેદાયશ મ્હોટી છે. યાંગત્સજીકયાંગ નદીમાં રૂપેરી ઉપરાંત રંગબેરંગી સ્વાદિષ્ટ માછલીઓ મળે છે. માનચુરિયાની નદીમાં મોતીનાં કાલુની મ્હોટી ઉત્પતિ થાય છે, જેપર શેહનશાહનો હક્ક હોય છે. ચીનમાં ઝેરી સર્પ, વિંછુજેવા જીવલેણ પ્રાણી નથી પણ તીડની મ્હોટી વસ્તી ઉભાતાં ત્યાં ખેતરોનો ભારે નાશ થાય છે.



**ઝાડપાન** માટે ચીનદેશ ઘણો જાણીતો છે. તેમાં ઓષધિ વનસ્પતિની ભારે ઉત્પતિ થાય છે. કે જેનું વર્ણન ટુંકમાં કદી કરી શકાય નહિ. ચીનમાં ઇમારતી લાકડાનાં વૃક્ષો ઝાઝાં જણાતાં નથી. લોહલકડ નામનું લાકડું કે જે વહાણના લંગરને ઉપયોગી હોય છે તેના પુશકળ ઝાડ ઉગે છે. 'લીપી હલાશ્રૂ' નામે મીણ ઉત્પન્ન કરનારૂં ઝાડ એક ચીનની અજાયબી છે; તેની પર મ્હોર આવતાં મધમાખ જેવાં જંતૂ મ્હોરનો મિઠાસ ચુસવા બેસતાં મીણને મનુષ્યોએ બાંધી મેળેલા માળામાં એકઠું કરી મેળે છે. આ મીણ પાદશાહી મતા ગણાય છે. તેમજ ચરબીનું ઝાડ જે ઉકયૂમુહને નામે પ્રસિદ્ધ છે તે પણ ચીનમાં ઉગે છે. (જુઓ ઉકયૂમૂહ.) તે શિવાય લીતૂનશ્રૂ, લીતુનઇઉ અને લીઆઇઉ નામના વૃક્ષના ફળમાંથી ઉત્તમ તેલ નિકળે છે. શાનસી તથા સજીચૂએન પ્રાંતોમાં રોગનનાં ઝાડ ઉગે છે. આ ઝાડનાં થડમાં કાપા પાડી રાત્રે તેલ જે ઝરે છે તે તરપેનટાઇન તરીકે ઉપયોગમાં લે છે. કુશૂ અથવા કાગળનું ઝાડપણ ચીનની અજાયબી છે (જુઓ). કપૂરનાં ઝાડ ચીનનું એક મુખ્ય ઉપજનું સાધન છે (જુઓ કપૂર.) ચીનમાં ઉગતા બાંબુનો ચીનાઓ તર્હેવાર રીતે ઇચ્ચે ઇચ ઉપયોગ કરે છે.

**ખેતીવાડી.** ચીન જમાનાઓ થયાં ચાહની ઉત્પતિ માટે બીજા દેશો પર સરસાઇ ભોગવતું આવ્યું છે. (જુઓ ચાહ.) ઇઉનનાનના સંસ્થાનમાં તજના ઝાડની ઉત્પતિ મ્હોટી થાયછે. તજ એ ઝાડની સુકવેલી છાલ છે. ફળફળાદીમાં ઑરેંજ, લાચી, લોગાન, તસીતસી નામના અતી સ્વાદીષ્ટ ફળો માટે ચીન જાણીતુંછે. ઉદભિજ પદાર્થોમાં સલગમ, ગાજર, પપેટા, સકરકંદ, કોબીજ વગેરેની ખાસ ખેતી કરવામાં આવેછે. કપાસ, શેરડી, તંબાકુની ખેતી ઉપર ચીનાઓ દિનપર દિન વધારે લક્ષ આપેછે. તેમાં ફારમોસાની ખાંડ ઘણી વખણાયછે. ચીનમાં ઘઉં બાજરી અને ચોખાનો પાક થાયછે. તેમાં ચોખા ચીનાઇ પ્રજાનો સર્વથી મુખ્ય ખોરાકછે. અને તેપર તેઓ મ્હોટે ભાગે નિર્વાહ કરેછે, ત્યારે ઘઉં પકવાન માટેજ ઉપયોગમાં લીયે છે.

જીનસાંગ, તીવાંગ વગેરે એાૈષધિ વનસ્પતિની ત્યાં ઉપજ માટે ખાસ સંભાળ લેવામાં આવેછે. માનચુરિયામાં વસંતઋતૂ દરમ્યાન 'રેવનચીની' જમીનમાંથી ખણી કાઢેછે. તે શિવાય ચોબચીન, કુલંજન, આદું વગેરેનાં વૃક્ષ તથા છોડ સારાં ઉછેરવામાં આવેછે.

**ખનીજ પદાર્થો.** ખનીજ ધાતૂમાં સોનું, રૂપું, શીસું, વગેરે ધાતૂઓનો ચીનમાં જોકે ભારે ભંડાર ભરેલોછે, તોપણ તેને ખોદી કાઢવાનો સાહાસ તેઓએ હજીવેર બરાબર કરી બતાવ્યો નથી. કવૈચુ, તથા ઇઉનનાનના પર્વતોમાં તર્હેવાર ધાતુઓ ભરેલીછે પણ હજી તેને કોઇએ ખણી કાઢવાની ઝાઝી મેહેનત લીધી નથી.

સજીચુએન પ્રગણામાં યાંગતસજીકયાંગ વગેરે નદીમાં સુન્નાની રજો મળેછે. ચીનમાં લોઢું મળી શકેછે. પણ સ્વચ્છ કરવાનો ઉપયોગ ખીલેલો નહિ હોવાથી યૂરપ ઉપર આ દેશ આધાર રાખેછે. ચીનમાં કોલસાની ખાણો પુશકળછે, અને તેમાંથી કોલસો ઠીક ખણી કાઢવામાં આવેછે. ઇઉનંનાનમા લાલ, યાકુત, નીલમ અને પોખરાજ જડેછે. ચીનના જૂદા જૂદા પ્રગણામાં સંગેમરમર, કાળુમીઠું, ફટકી, સુરોખાર, સોમલ, હરતાળ, વગેરેની, ખાણોછે. જેમાંથી ઉપયોગ જોગું દર વર્ષે ખણી કાઢેછે. ચીનમાં વાજીંત્રના ઉપયોગમાં આવતો એક જાતનો કિમતી પથ્થર મળેછે. કે જેને ઠોકતાં તેમાંથી તર્હેવાર અવાજો નિકળેછે.

**ધર્મ રેવાજ.** ચીનાઓનો ધર્મ મૂર્તિપૂજકછે, પણ તેઓ ત્રણ પંથમાં વેંહેંચાયલાછે. એક કાનકુશિઅસનો પંથ પાળેછે, બીજા લાઓતસઝીન અથવા

તાઓ ધર્મ અને ત્રીજા બૌદ્ધ ધર્મિછે. યાને કાનકુશિઅસના—પંથમાં તો શેહેનશાહ અને અમીર ઉમરાવોછે. ચીનાઓ જીન, દેવતા, ભૂત, ડાકણ વગેરેને ઘણું માન આપી પૂંજેછે. દેવતાઓની મૂર્તિપૂજા ઉપરાંત તેઓ પોતાના વડવાની પૂંજા ઘણા માન અને આસ્તાથી કરેછે. પેકીનમાં ચીનાઓના અસંખ્ય મંદીરોછે. દેવળનાં મધ્યમાં એક ટેબલપર મૂર્તિ મેલેલી હોયછે.; અને ત્યાં ચોતરાપર કુરબાનીની ખાસ જગા હોયછે, ત્યાં અનેક ક્રિયાઓ કરી બળદ, વાછરડા, મેંઢા અને ડુક્કરનાં ભોગ આપેછે. દરેક પૂજા માટે ખાસ લેબાસ ઠેરવેલા હોયછે. જેમકે સ્વર્ગની પૂજા વેળા આસમાની પોશાખ, ધર્તિની પૂજા વેળા પિળો, સૂરજની પૂજા વેળા લાલ, ચંદ્રની પૂજા વેળા સફેદ વગેરે પોશાખ પેહેરેછે. તેઓમાં વાર્ષિક અને માસીક તેહેવારો ઠેરવેલા હોયછે, તે વેળા દેવતાઓની ખાસ પૂજા ધામધૂમથી કરવામાં આવેછે.

તાઓ પંથવાલા દુન્યાદારી ત્યાગ કરી ઇશ્વર ભજનમાં વખત ગાળેછે. તેઓ જીન પર્યાં સાથે સંબંધ ધરાવતા હોવાથી તેઓને અસાધારણ માન આપવામાં આવેછે. ચીનમાં બૌધ ધર્મનો ફેલાવો મીંગટીનના સમયમાં થયો હતો, આ પાદશાહને બૌદ્ધની મ્હોટાઇ અને પરહેજગારીનો સ્વપનો આવવાથી તે પાદશાહે ૩૦૦ ઉપાધ્યાઓને હિંદ મોકલી બુદ્ધને પોતાના રાયજમાં તેડાવી તેના ધર્મનો ફેલાવો કર્યો હતો. આ ધર્મનાં ગ્રંથો 'પાલી' અને 'ફાન' ભાષામાં લખાયલાં છે. ચીનમાં બૌદ્ધની ગંજાવર મૂર્તિઓ મંદીરમાં બેસાડેલી હોયછે. અને તેને મ્હોટા ભક્તિ ભાવથી પૂંજવામાં આવેછે.

**ચીનાઈ હૂન્નરમંદી** **વિદ્યા હુન્નર.** જમાનાઓ થયાં વખણાયછે. કનતાનમાં હાથીદાંત, શીપ અને કચકરાનાં નક્ષીદાર રમડાં ઉત્તમ પ્રકારનાં બનાવેછે, તે શિવાય ચીનાઓ રેશમી કાપડ, કોડીકામ અને લાકડવેરની હૂન્નરમંદીમાં પ્રસિદ્ધતા પામેલાછે. રેશમી કાપડ બનાવવા મ્હોટા મ્હોટા કારખાનાં કયાંગશ્રૂ અને ચીકયાંગના સંસ્થાનમાં છે. તેઓ તર્હેવાર કીસમનું રેશમી કાપડ હાથની કારીગરીથી બનાવવાનો હૂન્નર જાણેછે. ચીનાઓ લાકડાપર તર્હેવાર વારનીશ લગાડી ઘણાં શોભઇતાં ઘરસણગારનાં સામાન બનાવી જાણેછે. બાંબુની તર્હેવાર બનાવટો ચીનમાં ઉત્તમ પ્રકારની બનાવવામાં આવેછે; તેમજ ખોટા બનાવટી ફુલો માથાના તથા ઘેર સણગાર માટે તર્હેવાબનાવી જાણેછે. ચીનાઓએજ કાગળ બનાવવાનો હૂન્નર પ્રથમ શોધી કાઢયો હતો. તેઓ બાંબુના ગરમાંથી પણ કાગળ બનાવવાનો હૂન્નર જાણેછે. ચીનાઓની છાપા કળાની રીત જોકે કંટાલાભરીછે તોપણ તેથી ઉતાવળે તથા સસ્તી કિંમતમાં કામ બનેછે. જે કાંઇ છાપવાનું હોય તેની સારી શુદ્ધ નક્કલ કરેછે અને તેને પેરના અથવા બીજા મજબુત લાકડાની બનાવેલી સફાઈદાર પાટીપર સરસે ચોંહટાડેછે. પછી તેપર હરફો કોતરી તેનીપર સહી ચોપડી છાપેછે.

**લઢાયક બળ.** ચીનાઇ સરકાર પાસે ૮,૦૦,૦૦૦નું લશકર છે. તેમાં ૬૮૦૦૦ મન્ચુ જાતના; ૮૦૦૦૦ મોંગોલ;અને ૬,૨૫૦૦૦ ચીનાઓ છે. ચીના સીપાહોનાં બે ભાગછે. એક ૫૦,૦૦૦ની સંખ્યાવાલા જેમને દર માસે ૨૭ શિલીંગનો પગાર મળેછે અને તેઓ લીલા વાવટાવાલા કહેવાયછે; બીજા વર્ગના સીપાહોને નોકરીને બદલે જમીન મળેછે અને તેમને વર્ષમાં ૧ માસ કવાયતપર જવું પડેછે.

**ચીનાઇ પ્રજાનું વર્ણન.** ચીનાઓનાં માથાં ચપટાં, નાક પોહળું, આંખો ઝીણી અને ચામડી સફેદ છતાં પિળાસપર હોયછે. તેઓ માથે ચોટલી રાખેછે, અને તેને લાંબી કરવા તેની સાથે ખોટા બાલ ગુંથી લીયેછે. ચીનાઓ સુલહેના વખતમાં ઘણા મીલનસાર, વડીલો તરફ બેહદ તાબેદારી ધરાવનારા, પણ પરદેશીઓ સાથે



અદેખા રહેનારાછે. તેઓ બાળવયે લગન કરતા હોવાથી તેમનામાં સંતતિની સારી વૃદ્ધિ થાય છે. એમનામાં ચાર વર્ગછે. ૧લો વિદવાનોનો, બીજો ખેડુતોનો, ૩જો કારીગરોનો અને ૪થો વેપારીનો. રાજવંશીઓ રાજદ્વારી કારોબારમાં ભાગ લેતા નથી. તેઓ પોતાના ખાનદાનીયતની નિશાની તરીકે કમરે પિળો રેસમી પટો બાંધેછે, અને તેમનાં સગાં વાહલાંઓ લાલ ઝબો પેહેરેછે તેથી તેમની પદ્ધિ ઓળખાયછે.

ચીનાઇ ઓરતો દેખાવે ખુબસૂરત ને મરોડદાર લાંબી ગરદનવાલી હોયછે.

**ટુંકા પગનો રેવાજ.** જેમ ઓરતની આંખ નાહની, હોઠ લાંબા પરવાળાં, બાલ કાળા, પગ નાહના તેમ તે ઘણી ખુબસૂરત ગણાયછે. પણ સર્વમાં વધુ ખુબસૂરતી તથા મ્હોટાઇ તેમના નાહના પગમાં હોયછે. આવા નાહના પગવાલી સ્ત્રીઓ બહાર ફરહર કરી શકતી નથી પણ મંચીલમાં બેશી બગીચામાં ફરી શકેછે. તેઓ પરદેનશીન રહેછે. સ્ત્રીઓ પોતાના વરની ગોલામડી જેવી ગણાયછે, અને તેથી તેઓને ભર્તારની સખત તાબેદારી પાળવી પડેછે.

ચીનાઇ સ્ત્રીઓનાં ટુંકા પગો કરવાનો રેવાજ ઇ. સ. પૂર્વે ૫૦૧માં નીકળયો હતો. કહેછે કે 'તસી' વંશના શેહેનશાહની રાખેલી સ્ત્રી અતી ખુબસૂરત હતી અને તેણીએ પોતાના પગને યંત્રોથી સીકડીને અતી નાજુક બનાવ્યાં હતા. જેણીને જોઈ આ 'ફેશન' પ્રજામાં દાખલ થઇ હતી. બીજા તવારીખ નવેશો મુજબ 'કીએંગ' શેહેનશાહની એક રાખેલી નામે 'યાંપોહીયાંગે' પોતાના પગને જકડી સીકડીને બીજના ચંદ્ર જેવો આકાર આપ્યો હતો. જેને જોઇ આ ફેશીન પ્રજામાં દાખલ થઇ. હાલમાં શેહેનશાહી મેહેલમાં ટુંકા પગવાલી સ્ત્રીને દાખલ થવા દેવામાં આવતી નથી, અને આથી આ રેવાજ હવે દિનપરદિન નિંકળી જવા માંડયો છે.

ચીનાઓ કેલવણીને અતી અગત્ય આપે છે. **છાપાકળા.** દરેક સરકારી ઓધો ચોકસ કેળવણી અને પરિક્ષા આપ્યા વિના મળી શકતા નથી. દરેક ગામમાં જગે જગ નિશાળોછે. તેપર મામલતદાર દેખરેખ રાખે છે અને તે વર્ષમાં બેવાર છોકરાઓની પરિક્ષા લીયેછે. યૂરપમાં છાપાકળા દાખલ થવા આગમજ ચીનમાં છાપાંકળા જાણીતી હતી અને લગભગ ૧૦૦૦ વર્ષ થયાં ત્યાં **વર્તમાનપત્ર (પેકીન ગેઝેટ)** તથા ચોપડીઓ છપાયછે. ચીનમાં ઇ. સ. ૯૧૧માં પ્રગટ થવા માંડેલું પેકીન ગેઝેટ આજવેર નીયમીત રીતે પ્રગટ થતું આવ્યું છે. હાલમાં તેની ૧૦,૦૦૦ નકલો પ્રગટ થાયછે. અને દરરોજ તેની ૩ આવૃતિઓ બહાર પડેછે. આ પત્રમાં સરકારને લગતી ખબરો, ચીનાઇ શેહેનશાહનાં ફરમાનો વગેરે છપાયછે. તેની પેહેલી આવૃતિમાં અર્ધ સત્તાવાર ખબરો આપવામાં આવેછે, અને પછી બે ત્રણ દિવસ બાદ તેજ ખબરો ઘટતા ફેરફાર સાથ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવેછે. આ પત્રનાં ૬ અધિપતિઓછે. જેથી સરકારી કારણોસર જો કોઇ અધિપતિ નિકળી જાયછે તો તુરત વેળા કાંઇ પણ અગવડ પડતી નથી. આ સાહુચેતીની કેટલી જરૂરછે, તે એ બીના ઉપરથી માલમ પડશે કે, આ પત્ર હસ્તીમાં આવ્યા પછી તેના ૧૭અધિપતિઓને ગરદન મારવામાં આવ્યાછે. ૧૦૦૦ વર્ષપર આ પત્ર જે આકારનું હતું તેજ આકારમાં હાલમાં પણ તે છપાયછે. તે ૪ ઇચ પોહળું અને ૧૦ ઇચં લાંબુ છે. એ નરમ પાતળાં ૧૮ પાનાંનું બનેલુંછે.

ચીનમાં માત્ર ૨૪ વર્તમાન પત્ર પ્રગટ થાયછે, તેમાં ૧૦ રોજીંદાછે. તેમાંના માત્ર ૧૦ ચીનાઈ ભાષામાં, એક ફ્રેન્ચ અને બાકીનાં ઈંગ્રેજીમાં છપાય છે.

ચીનાઓ અંગબળની કસરતમાં ઘણા પ્રસિદ્ધછે. ચીનાઓની વસ્તી અત્યંત હોવાથી દેશ ફળદ્રુપછે. ત્યાંની ખાવાની

પેદાયશ તેમને પુરી પડતી નહિ હોવાથી તેઓ જૂદી જૂદી જાતનાં ઢોરો ઉપરાંત ઉંદર, કીડા વગેરેને પણ ખાવામાં લીયેછે.

## ચીનાઓનાં વર્ષ માહ ને જમાનાની ગણત્રી, રીતિ રેવાજો, તેહેવારો તથા ચલણ વિશે.

એઓમાં વખતની વેંહેંચણી હિંદુઓના ધોરણ પ્રમાણે કરેલીછે. તેજ મુજબ ચીનાઓ પણ વર્ષને ૩૫૪ દિવસમાં પુરો કરેછે અને સૂર્યની ચાલ સાથે વર્ષને સરખું બનાવવા અધિક માસ લઈને દર બીજે અને ત્રીજે વર્ષે ૧૩ મહિના (૩૮૪ દિવસ)નું વર્ષ ગણેછે. **સને**ની બાબતમાં તેઓ ચોકસ નહિ હોવાથી ઇસવી સનની પૂર્વે ૨૬૯૭ વર્ષે ઉપર 'હુઉટાઇ કાઇ' વંશના ૩જા શેહેનશાહ ક્વાંગટાઇના રાજ્યનાં ૬૧માં વર્ષની શરૂઆતમાં (હિંદમાં ચાલતા શાલિવાહન મુજબ જૂદા જૂદા નામો આપીને) દર ૬૦ વર્ષનો ૧ દોર, જેને ઇંગ્રેજીમાં 'સાઈકલ' કહેછે તેનું બંધારણ કરેલુંછે. અને એ ૬૦ વર્ષ પુરાં થઈને ૬૧માં વર્ષની શરૂઆતથી પાછું બીજા દોરનું પેહેલું વર્ષ ગણેછે.

હાલમાં ચીનાઓના ૭૬મો દોર યાને જમાનો ચાલેછે, અને તેમનો ૭૫ મો જમાનો ગઇ સદીની તા૦ ૮ મી ફેબ્રુઆરી ૧૮૬૪ ને દિને પુરો થઈ ૭૬ મો દોર ચાલુ થયોછે. એ હિસાબે હાલમાં ચાલતું તેમનું વર્ષ (૧૯૦૪માં) ૪૫૪૦મું છે. આ સને ઘણું કરીને તવારીખ તથા જ્યોતિષ શાસ્ત્ર શિવાય વેપાર વણજમાં વપરાતો નથી. આ ચીનાઈ પ્રજા પોતાનો વેહવાર સને પાદશાહ તખ્તનશીન થાય તે દિવસથી ગણેછે અને તે સને પાદશાહના મ્હોત સુધી ચાલુ રહેછે; ને નવો શહેનશાહ થતાં તે દિવસથી ફરી પેહેલો સને શરૂ થાયછે.

ચીનાઓનું નવું વર્ષ ઘણું કરી હિંદુઓના માહા શુદી પડવાને દિવસે (કોઇ વેળા તિથીનાં ફેરફારથી પોશ વદ ૦) એથી

આવેછે.) બદલાયછે. પણ જે વર્ષમાં અધિક માસ આવેછે તે વર્ષે ફાગણ શુદી પડવે અથવા માહા વદ બીજે જાયછે, અને તે ઈંગ્રેજી માહ જાનેવારી યા ફેબ્રુવારીની વચ્ચે આવ્યા કરેછે. એવું બંધન છતાં કોઈ વર્ષે બેઉના અધિક માસ સાથે આવી જાયછે, તો તેની નોબત ઉપર જણાવેલે મહિને આવેછે. હિંદુઓમાં તિથી તથા મહિનાઓના નામોછે તેમ એઓમાં નામો આપેલાં નથી; પણ ૧૨ માસને ૧લાથી ૧૨માં ચાંદ, અને તારીખને ૧લીથી ૨૯ મી અથવા ૩૦ મી સુધી ગણેછે. એટલે 'ફલાણા શેહેનશાહના ફલાણા વર્ષનાં એટલા ચાંદનો દિવસ જે હોય તે." અઠવાડીયાનાં પણ ચોકસ નામો નથી, પણ માત્ર રવિવારને તેમની ભાષામાં 'લાહેપાએ' કરીને કહેવામાં આવેછે અને બાકીનાં બીજા વારોને તેની સાથે જોડીને એકથી ૬ સુધી નીચે પ્રમાણે ગોઠવેલાં છે.

આદિત=લાહેપાએ.
સોમ=ઇઅત-લાહેપાએ.
મંગળ=દહિ-લાહેપાએ.
બુધ=શામ-લાહેપાએ.
બ્રેસપત=શી-લાહેપાએ.
શક્ર=ઉંઅ-લાહેપાએ.
શની=લોક-લાહેપાએ.

### ચીનાઇ તેહેવારનાં દિવસો—

**નવું વર્ષ**—ઇઉટીનટાન (જુઓ પુસ્તક બીજું પાનું ૧૩૦મું). આ તેહેવાર ૧લા ચાંદની પેહેલી તારીખે પડેછે.

૧ લા ચાંદની બીજી તારીખે–ફાનસનો તેહેવાર આવેછે; તેમાં કંતાનમાંના હુંગસીંગના મંદીર પાસે 'ટફહિંગ' પાસેના પૂલ નજદીકના બગીચા 'હાકાનપૂ'માં તહેંવાર કાગળનાં ફુલ તથા ફાનસો મળેછે તે વેચાતાં લાવી ઘેરના દેવતા પાસે મેળી ધનદોલતની વૃદ્ધિ થશે એમ માનેછે.

૧લા ચાંદની તા૦ ૧૫ મીએ—સાંગ-



લુણ અથવા સોટાંગના તેહેવાર ઉપર પણ ફાનસો સલગાવી મોજ મેળવેછે.

૨ જા ચાંદની તા૦ ૨ જી—'શુટી' નામના દેવતાઓ જેઓ ધર્તિપર મવક્કલછે તેઓનો વાર્ષિક મ્હોત્સવ એ દિવસે કરેછે. અને એ દેવતા દરેક મકાનમાં ત્યાંની મેજ તળે વસેછે, એમ માની જમીનપર સર નમાવી તેને સેજદો કરી બળીદાન આપી ફટાકડા ફોડી સોનેરી રૂપેરી કાગળો બાળેછે.

૨ જા ચાંદની તા૦ ૨૯ મીએ—જ્યાં ચીનાઓનાં વડીલો મરણ પામ્યા હોય ત્યાં તેમની કબરોને સેજદો કરવા જાયછે. કેટલીક વેળા દુરદરાજ મુલકોમાં પણ તેમને જવું પડેછે.

૩જા ચાંદની તા૦૫મી—'પુકતાઇ'નામના દેવતાની વર્ષગાંઠનો દિવસ હોયછે. માટે તેના રૂહને માન આપવાના હેતૂથી તે દેવતાની મૂર્તિ સરઘસ આકારે ફેરવેછે.

પાંચમાં ચાંદની તા૦ ૫મી એ તુન ઇઓગ-ચીનનો તેહેવાર આવેછે, જે પ્રસંગે નદીમાં બોટો સણગારી સેહેલ કરવા ચીનાઓ નિકળેછે. તે પ્રસંગે નદીમાંની માછળીને ખોરાક આપેછે. આ તેહેવાર એવી રીતે નીકળયોછે કે 'છાહુ' નામના શેહેનશાહનો 'ઉઆટઈઉ' નામે વજીર હતો જેની શિખામણ મુજબ શેહેનશાહ નહિ ચાલવાથી તેણે નદીમાં પડી આપઘાત કીધો. પણ તેનું શબ મળી નહિ આયું. આથી તેના શબને માછલીઓ નહિ ખાઇ જાય તે માટે ચીનાઓ માછલીઓને પકાવેલું ગોસ્ત વગેરે એ દિવસે ખોરાક આપેછે.

૭માં ચાંદની ૭મીએ—રોશનીના ફાનસોનો તેહેવાર. 'ટાંકવંશના' ૧૦ માં પાદશાહ સનત્સૂંગનું રાજ્ય ઇ૦સ૦ ૮૦૫ માં શરૂ થયું, ત્યારથી આ તેહેવાર પાળવામાં આવેછે. આ તેહેવારની ૪ રાતો સુધી નદીમાંના દરેક વહાણો ફાનસોથી સણગારેછે

૭માં ચાંદની તા૦ ૧૩ મીએ—મરણ પામેલા નેયાગાનોનો 'ઉકેલાણ' નામે તેહેવાર આવેછે.

૮ માં ચાંદની ૧૫ મીએ—'ચુગછાયો' નામે તેહેવાર ઉપર તમામ મોહલાઓ ૪ રાત સુધી સણગારી દેદિપ્યમાન કરી નાકે નાકે વાજીંત્રો સાથે દર્યાઇ દેવતાની ભક્તિ કરેછે.

૧૨ માં ચાંદની તા૦ ૧૦ મીએ—શાવાતકુ નામનો મેળો ૮ દિવસ સુધી ભરાયછે. આ મેળો લેણદેણની પતાવટનો ગણાયછે. ૧૨ મા માસની છેલ્લી તારીખે તમામ વર્ષનું લેણદેણ ચુકતે કરી નવો હિસાબ ખોલેછે. આ દિવસે ગમે તેવો વેપારી પણ કદી હિસાબ ચુકતે કીધો વિના રહેતો નથી. જો કોઇથી ન બન્યું તો તેને દીવાળીયો ગણેછે.

**ચલણ.** **ચલણ**—ચીનમાં આગળ ત્રાંબાના "સપાકા" નામના સિક્કા શિવાય બીજું કશું ચલણ નહોતું. આગળ તેઓમાં ચાંદીના લાઠા યા કટકાઓ લેણદેણમાં વપરાતા, જે ચાલ હજી કોઇ કોઇ માહેલા દેશોમાં ચાલુ છે. પરદેશી વેપારીઓ સાથે તેઓ સ્પેનિશ સિક્કાઓ વડે લેણદેણ કરતા; પણ આ સિક્કાની અછતને લીધે ૧૭૫૪ માં 'મેકજીકનાં સિક્કા' જે પ્રથમ ૧૦ યા ૧૨ ટકાના વટાવથી ત્યાં ચાલતા હતા તે સ્પાનિશ સિક્કા સાથે ચાલુ કરી ચલણ વધાર્યું હતું. પણ ૧૮૬૩ માં હૉંગકૉંગમાં બ્રિટીશ સરકારે જૂદી ટંકશાળ ઉઘાડી મેકજીકનાં સિક્કા પાડી તેનું ચલણ સર્વ દેશમાં દાખલ કર્યું હતું.

**તોલજોખ.** તોલજોખ માટે ચીનમાં ટેલ, પીકલ અને ક્યાટી નાંમના જોખ વપરાયછે. જેમાં દર ટેલ ૧૬=ની 'કેટી' ૧; અને ૧૦૦ કેટી=નો પીકલ ૧ ઠેરવેલો છે. જે ૧ પીકલનાં ઈંગ્રેજી રતલ ૧૩૩⅓ ભાર અથવા મુંબઇનાં મણ ૪ાા થાયછે. એક રતલની ક્યાટી ાાા૦, અને ૧ ક્યાટીનાં 'પર' તોલાનો મુકાબલો એક બીજા સાથે મળે છે.

ચીનમાં કાપડનું માપ લેવા થકી '૧૦' પુનનો ૧ પાળ, જે મુકરર કરેલો છે તેનું

પ્રમાણુ આપણા દેશના ૦॥ ગજ ને ૧ તસૂ જેટલો અથવા અર્ધા વારમાં ૩॥ ઈંચ ઓછું ભરત થાયછે.

ચીન દેશને દુન્યાના સર્વ દેશો સાથે વેપાર વેહેવાર જમાનાઓ થયાં ચાલુ છે. તેમાં હિંદ સાથે આ દેશ હજારો વર્ષ થયાં નિકટ સંબંધ ધરાવેછે.

ગંજાવર દેવાલ.

દુનિયાની ૭ અજાયબિઓમાં સર્વોપરી અજાયબી ચીનની ગંજાવર દેવાલછે. આ ગંજાવર વિસ્તાર વાલો કોટ, પીચીલનાં ઉપસાગરથી ત્રણ મ્હોટા સંસ્થાનો પીચીલી, શાનસી, શેનસી એઓનાં ઉત્તર તરફનાં સાંકોંઓ આગળ થઇને પહાડો, નદી અને મેદાનોમાં થઇને લંબાય છે. આ દેવાલનો કુલે ઘેરાવો ૧૨૪૦ મૈલનો છે, અને તે સર્વે ઠેકાણે એક સરખી જાડી ને ઉંચીછે.

ઇસવી સનની સેંકડો વર્ષ ઉપર ચીનાઓએ ઉપરની નાકાબંદી કરવા થકી કોટો બાંધ્યા હતા, પણ 'તાચીહવાંગતી' શાહાનશાહે પોતાના દેશને તાતારના મુલકથી બચાવવા સારૂં મોંગોલ, તાતાર લોકોના દેશની સરહદ આંગળથી તે ભારે મ્હોટો કોટ બાંધવા માટે ઇ૦ સ૦ પૂર્વે ૨૨૦ થી ૨૧૫ ની વચમાં શરૂ કર્યો. પણ આ ગંજાવર કામ તેની હયાતીમાં પુરૂં થયું નહિ. તે પછીનાં અનેક શેહેનશાહોએ દુશમનોથી બચાવ ભર્યો દેશ બનાવવા આ કામ ચાલુ રાખી પુરૂં કર્યું હતું. આ દેવાલનો જે ભાગ પીચીલ આગળથી ચાલેલોછે અને ચીન તથા સીઆઔટંગની વચ્ચેની કટેશાની એ બીજી દેવાલ સાથે જોડાયલોછે. એના પાયા ૭ ચોરસ ફીટ પથ્થરનાંછે. એ ૧૮ થી ૨૦ફીટ ઉંચો અને તેના બુરજો ૪૦ ફીટ ઉંચાછે.

**ચીન દેશ તથા રાજ્યની તવારીખ**—બીજાં દેશો કરતાં ચીનનો ઇતિહાસ અતી પ્રાચીનકાળથી તે આજ સુધી પોતાની સંપૂર્ણ તવારીખ ધરાવે છે. ઈ૦ સ૦ પૂર્વે હજારો વર્ષોપર જે ચીનનું રાજ્ય સ્થાપન થયું તે જમાનાનાં અસંખ્ય ફેરફારો વચ્ચે પણ આજે પોતાની જાહોજલાલી એક ધર્મ સાથે જાળવી શક્યું છે. દુનિયાપર અનેક રાજ્યો અને અનેક ધર્મ જમાનાઓ થયાં જાહેર થઇ કાયમ રહ્યાં છે પણ, પોતાના પૂરદોર અને રાજ્ય સત્તા સાથે જો કોઇ ધર્મરાજ્ય પુરાતમ પણા સાથે કાયમ હોય તો તે ચીનાઈ પ્રજાનું રાજ અને ધર્મછે. ચીનની તવારીખ એટલી તો મ્હોટી અને લાંબીછે કે તેના દફતરો લખાયલાં છે, પણ અતી ટુંકમાં તે નીચે મુજબછે:—

ઈ૦સ૦ પૂ૦ ૨૯૫૨.

ચીનાઈ તવારીખની શરૂઆત ઈ૦ સન૦ પૂર્વે ૨૬૩૭ થી શરૂ થાયછે. વિદ્વાન 'ગીબન' જણાવેછે કે ચીનાઇ ગણત્રી જૂદી જૂદી રીતે ઇ૦સ૦ પૂર્વે ૨૯૫૨ થી તે ઇ૦સ૦ પૂ૦ ૨૧૩૨ લગી ગણાયછે, અને તે યુનાની ઓલિંપિયડથી નીચે ગણાતી નથી. ચીનદેશની તવારીખને ૪ જમાનાંમાં વેંહેંચી નાખવામાં આવીછે. જેમાંનો પેહેલો જમાનો દુનિયાની ઉત્પતિ સાથે શરૂ થાયછે. આ જમાનામાં પેહેલો શેહેનશાહ 'કુવાકુ' નામે હતો, જેના માટે ચીનાઇ ધર્મ શાસ્ત્રમાં જણાવેલુંછે કે અસલ પૃથ્વી અને આકાશ સાથે મળેલાં હતા, પણ તે પછી તેઓ જૂદા પડયાં હતા. તેજ વેળા આ શાહાનશાહ પેદા થયો હતો. અને પછીનાં બીજા પાંચ રાજયકર્તાઓએ અગાઉ જે રૈયત વિખરાઇ ગઇ હતી તેઓને એકત્ર કરવાના કામમાં ગુંતાયા હતા. તેમની અડચણો દૂર કરવા પ્રથમ ઝુપડાં બાંધી આપવાનું, ઝાડની છાલ અને જાનવરોનાં ચર્મનાં પોશાખ બનાવવાનું, લાકડાનાં ઘસારાથી અગ્નિ ઉત્પન્ન કરવાનું અને બીજી કેટલીક પ્રકારની મનુષ્ય સગવડ માટે નવી નવી શોધો કરવાનું માન, ચીનાઓ ઉપર જણાવેલા શાહાનશાહને આપેછે.

તે જમાનાની બીજી ઓલાદ 'કોહિ'થી શરૂ થાયછે. આ શખસે ચીનાઇ સાહાનશાહતનો પાયો નાખ્યો હતો. યાને પ્રજાનો તે વખતે



એવો તો વધારો થયો કે નિયમિત રાજ્ય સ્થાપવાની જરૂર જણાઇ. આ જમાના સુધી મરદ અને સ્ત્રી વચ્ચે વગર કાયદે વેહેવાર સંબંધ જોડાતો હતો; પણ 'ફોટી' શાહાનશાહે દરેક જોડાંને લગનના પવિત્ર ગાંઠથીં જોડી આપવાની પેહેલ કાઢી. તેમજ જાળ ગુંથવા, પ્રાણીઓને પાલવા, તથા પવિત્ર અક્ષરો (Hieroglyphic signs) થી તેઓનાં વિચારો જણાવતા. અને વખતને જૂદો પાડી તેની ઋતૂઓ મુકરર કરી તે ઓળખતા શિખવ્યા. તેના પછી 'શિનંગ' શાહાનશાહ થયો, તેણે જમીનની ખેડણી કરવાનું શિખવ્યું, અને ઔષધિ વિદ્યાનો પ્રસાર કર્યો. એના વખતમાં પહેલી લઢાઇ ઉઠી, અને તે લઢાઇમાં એનોજ એક કુટુંબી 'હવાંગટી' ફાવીને રાજયાસનપર આવ્યો. આ શાહા ઘણો બળવંત નિવડયો. તેણે લખવાનો હૂન્નર પોતાના રાજયમાં દાખલ કર્યો. ઝુપડાંને બદલે મેહેલો બાંધવાની કારીગરીને ઉત્તેજન આપ્યું, તથા ગામો વસાવી, હથિયાર, વાહાણ, ગાડી અને પાદશાહી રથોની પ્રથમ શોધ કરી તેનો પ્રજામાં પ્રસાર કર્યો. તેના પછી 'ટેકુહ' નામે રાજયકર્તાએ કેલવણીનાં ફેલાવા થકી નિશાળો સ્થાપી. તથા એક મરદ અનેક સ્ત્રીઓ પરણી શકે એવો રૌજ એના રાજયમાં પ્રથમ ચાલુ થયો. તેના પછી 'યૂઅ' અને 'શન' એ બે સાથે રાજયકર્તા થયા. તેઓએ દાનાઇથી રાજ્યબંધારણમાં સુધારો કર્યો, અને નીતિ તથા ધર્મનો ફેલાવો કર્યો. એનાજ સમયમાં જગરેલ આવી હતી, પણ તેથી ચીન કાંઇ ગરક થયું નહોતું. આ શાહાનશાહે પોતાના એક 'કોન' નામના અમલદારને જે ભાગ ઉપર રેલ અવી હતી ત્યાં તેનો બંચાવ કરવા મોકલ્યો, પણ તે નિશફળ થતાં તેની જગાપર તેના બેટા યૂગને મોકલ્યો. તે પછી શને રેલથી તારાજ થએલા ભાગને આબાદ કરવાપર લક્ષ આપી એકઠા થએલા કચરાને બાળીનાખી જમીનને ફળદ્રુપ બનાવી. 'શન' ઇ. સ. પૂર્વે ૨૨૦૮ માં મરણ પામ્યો.

ઇ. સ. પૂર્વે ૨૨૦૫

ઉપર ચાર જમાનાં જણાવ્યા તેમાં ઉપલો ૧ લો જમાંનો પુરો થતાં 'યૂ' ના રાજ્યથી યાને ઇ. સ. પૂર્વે ૨૨૦૫થી બીજો જમાનો શરૂ થયો. 'હિયા' નામનો વંશ પણ આજ વખતથી ચાલુ થયો; જેણે ૪૩૮ વર્ષ રાજ્ય ભોગવ્યું. આ વંશની ઉત્પતિ માટે બીજાઓનાં મતો જૂદાંછે. ડું-હેલ્ડી' કહેછે કે તે ઇ. સ. પૂર્વે ૨૨૧૭ થી શરૂ થાયછે. અને 'શીઆડંડી વીરીશીયરસ્લેસ ડેટસ' નામના ગ્રંથમાં 'હિયા' વંશની શરૂઆત ઇ. સ. પૂર્વે ૨૧૯૮થી થતી વર્ણવીછે. આ શાખામાં 'યૂ'માત્ર મ્હોટો રાજા થયો. તેણે દેશનાં ૯ ભાગ કરીને જૂદા જુદા હાકેમોના તાબામાં સોપ્યાં હતા. પણ આ શાહાનશાહે માત્ર ૭ વર્ષ અમલ ભોગવી મરણ પામતાં તેનો બેટો 'તીકી' ગાદીનશીન થયો. ભાઇ કાંગના અમલમાં એક હાકેમે શાહાનશાહને તખ્તપરથી ઉઠાડી મેલી તેના ભાઇને પાદશાહી આપી. ચુગકાંગ' શાહાનશાહના સમયમાં કેટલાક નજુમીઓ જેઓ બળવંત હાકેમ જેવા હતા તેઓએ બંડ કરી દેશને હાની પોંહચાડી હતી. તેના પછી ૯ શાહાનશાહોએ પાદશાહી કરી, તેમાં છેલ્લે શેહેનશાહ 'કીઇ-કવી'-ઘણોજ દુષ્ટ નિવડયો. એના જુલ્મી અમલથી ૬૪૪ વર્ષનો 'યુ' વંશનો અંત ઇ. સ. પૂર્વે ૧૭૬૫માં આવ્યો.

ઇ૦ સ૦ પૂ૦ ૧૭૬૬.

તે પછી ઈ. સ. પૂર્વે ૧૭૬૬ માં શેંગના ૧લા શાહાજાદા 'ચીંગહેંગે' કઇ કવિને હરાવી રાજ્યાસનપર આવ્યો. એણે પ્રજાપરનાં કરો ઘટાડી દેશને આબાદ કર્યું. એના રાજ્યમાં એક સમે મ્હોટો દુકાળ પડયો, ત્યારે એણે ભરી રાખેલો સરકારી અનાજ પ્રજાને મુફત વેંહેંચી દુઃખ ટાળ્યું. તે પછીનાં પાદશાહોની ઝાઝી તવારીખ જણાઇ નથી. ચીંગહંગ પછીનો ૭ મો પાદશાહ 'ટાયેગુ પ્રતાપી રાજયકર્તા થઇ ગયો. તેણે માંદરી

નોને પ્રજાપર જુલમ કરતાં અટકાવ્યા. બેમારો માટે 'ઇસ્પીતાલો' સ્તાપન કરી, અને ૐફો માટે વિશ્રાંતિગૃહો બંધાવ્યાં. વચમાંના કેટલાક પાદશાહો ઘણા નબળા હતા, અને તે પછીનાં ૮ એવા તો જુલ્મી નિવડયા કે ચીનાઇ તવારીખનવેશોએ તેમની નોંધ વટીક લીધી નથી.

તેઓમાં ચીંગટીંગ નામે પાદશાહ હતો
તેના વખતમાં (ઇ. સ. પૂર્વે
ઇ. સ. પૂર્વે० ૧૫૬૨થી ૧૫૪૮) તાતાર લોકોએ
૧૫૬૨ રાજ્યપર ચઢાઇ કરી પણ તેમાં
તેઓ ફાવ્યા નહિ. આ વેળા માંદરીનોનો વધેલો દોર 'પવાંકાંગે' નરમ પાડી પ્રજાને આબાદાનીમાં આણી. તે પછી વુટીંગ રાજા થયો, તેમાં ઝાઝું પાણી નહોતું, પણ તેના ચાલાક વજીરે દ્રવ્યનો સારો સંગ્રહ કરી રાજ્યને આબાદ બનાવ્યું. તે પછી ચીનમાં અપસમાં ઉઠેલા બખેડાથી પ્રજાએ જેપાન તરફ નહાશી જઇ વસાહત કરી. આ છેલ્લો પાદશાહ 'ચાઉસીન' એવો તો જુલ્મી હતો કે હમેલદાર સ્રીના પેટમાં બાળક કેમ રહેછે તે જોવાની ખાહેશને લીધે એક જીવતી હમેલદાર સ્રીનું પેટ ચીરાવ્યું હતું. તેમજ પોતાના વજીરની છુપી વાત જાણવા તેનું જીગર ચીર્યું હતું. આ શાહનશાહની આવી અનેક બુરી ચાલને લીધે એનીપર અમીરોએ રૂઠી સામા થવાથી ગભરાઇને પોતાના જાન માલને આગમાં બાળી તારાજ કર્યું.

ચાઉસીનનાં મરણ પછી અમીરોના વડા
ઉવાંગે ઈ. સ. પૂર્વે ૧૨૨૨ માં
ઇ. સ. પૂર્વે० (બીજા મત મુજબ ઇ. સ.
૧૧૨૨ ૧૧૧૦) 'ચૌ' વશંની સ્થાપના
કરી. જે વંશ ૮૬૭ વર્ષ ચાલ્યું. વુવાંગ જાતે હિમ્મતવાન હોવાથી રાજ્યને બળતવારીથી ચલાવેલું હોવાથી અમીર ઉમરાવોને જાગીરો આપી વશ કર્યા, પણ તેઓ બળવાન થતાં સામા થયા હતા, પણ તેનો બેટો ચીંગવાંગ કળાબાજ હોવાથી તેણે તેમને વશ કર્યો. તેના પછીના વારેસોમાં કાંઇ ઝાઝું પાણી હતું નહિ. મુહવાંગના રાજ્યમાં (ઇ. સ. પૂર્વે ૧૦૦૧ થી ૯૪૭)
ચીન ઉપર તારતરોએ પેહેલા
ઇ. સ. પૂર્વે હુમલા કર્યા. તે પછીનાં અનેક
૯૪૭ પાદશાહો માઠી સ્થિતિમાં રાજ્ય
અમલ ભોગવી ગયા. સીએન વંશના સમયમાં ઇ. સ. પૂર્વે ૮૨૭માં તાતારોએ હાર ખાધી, તે એટલા સુધી કે સર્વે તાતારોને પોતાનાં જંગલી રહેઠાણોમાં જઇ ભરાવું પડ્યું. પણ તે પછીનાં હુમલા દરમ્યાન સીએન લઢાઇમાં માર્યો ગયો. અને તે પછી તાતારોનું જોર દિનપર દિન વધતું ગયું.

તીંગવાંગ શાહાનશાહના સમયમાં ઇ૦સ૦
પૂર્વે ૭૭૦ થી ચીનાઇ ઇતિહાસ
ઈ૦ સ૦ પૂ૦ ચોકસ મળેછે. તેના સમયમાં
૭૭૦. ૨૧ હાકમો સ્વતંત્ર રાજ્ય સ્થા-
પન કરી બેઠા હતા. લીંગવાંગ શાહાનશાહના અમલમાં ઇ૦સ૦ પૂર્વે ૫૫૧ માં કાનફુશિઅસનો જન્મ થયો હતો (જુઓ કાનફુશિઅસ.) આ ચીનાઇ ફીલસુફનું ચીનાઇ નામ 'કંગ ફ્રુ' હતું. તે સમયે ચીનનાં અનેક સ્વતંત્ર હાકમો અપસમાં લઢી બેદાદી ભરી રાજ્યનીતિ ચલાવતા હતા. આ માઠા વખતનું વર્ણન 'માંગતજી' નામે કાનફુશિઅસનાં એક વિદવાન ચેલાએ લખ્યોછે. તેનો જન્મ લીવાંગના રાજ્યમાં ઇ૦ સ૦ પૂર્વે ૩૭૫ માં થયો હતો. તે વખતે શેહેનશાહતના નકાશ પિત્તળના પતરાંપર કોતરેલાં હતા. તે પોતાનો દાવો પુરવાર કરવા ઘણાં ઉપયોગી હોવાથી 'હિઇનવાંગ' શેહેનશાહે તેમને તલાવમાં દાટયા હતા. તસીનના મુલકના રાજ્યકર્તાઓનો અમલ ને બળ વધતાં ચીનાઇ શાહાનશાહાનો દોર પડી ભાગો. તસીનના રાજા ચાઔસીંગે પોતાનો અમલ સર્વોપરી કરી નાનવાંગ શેહેનશાહને ખંડીયો રાજા બનાવ્યો અને તે પરદેશમાં મરણ પામ્યો. તેના સગા 'ચાઉફીઉન' ને પોતાનાં



વડવાનું રાજ્ય મેળવવા પ્રજાએ મદદ કરી છતાં તે નબળો હોવાથી તેણે ઇ૦સ૦ પૂર્વે ૨૪૮ માં તખ્તપરથી પોતનો હક્ક તજી સુલ્હે કરી.

સીનવંશની સ્થાપના થતાં 'ચૌ'ની તોખમની કારકીર્દિ ખતમ થઇ. ચૌસીઆંગે ચીનના પેહેલા શેહેનશાહનો એલકાબ ધારણ કરતાં તેની સામે ઉમરાવો બળતવારીથી થયાં, અને તે તકરાર છેક ચૌસીયાંગનો પૌત્ર ગાદીએ આવ્યો ત્યાં સુધી ચાલી. શાહાનશાહનો એલકાબ અમલમાં લાવનાર આ સ્વાંગ સિયોંગવાંગ ઇ૦સ૦ પૂર્વે ૨૪૯ માં તખ્તનશીન થયો. આ વંશે ૪૩ વર્ષ રાજ્યપદ ભોગવ્યું હતું. તે પછી ચીનમાં એક એવો તો બળવાન પાદશાહ થયો કે તે વખત સુધી તેવો કોઇ બીજો થયો નહોતો. તેનું નામ 'ચીહવાંગટી' હતું. તેણે પોતાનાં હથિયારોનાં બળથી જાગીરદારો અને ઉમરાવો જે સ્વતંત્ર હતા તેમને જીતી લીધાં. ચીનની ઉત્તરે જે 'હના' નામનાં એક તારતરી લોકો વારંવાર કંટાળો આપતા તેઓપર તેણે ફત્હે મેળવી. અને સરહદપરની ગંજાવર દેવાલ ઇ૦સ૦ પૂર્વે ૨૧૧ માં બંધાવી. પણ તે પછી તેણે ગ્રંથોનો નાશ કરવા માંડયાથી વિદવાનોએ તેને ધિક્કાર્યો છે. એના મોતથી આ વંશની સમાપ્તિ થઇ.

ઇ. સ. પૂર્વે ૨૦૬માં લ્યૂયાંગ અથવા કૈટસુ
નામના એક ચોરોના સરદારે હેન-
ઇ. સ. પૂર્વે વંશની સ્થાપના કરી, જે રાજ્ય
૨૦૬ ૪૨૨ વર્ષ સુધી ચાલ્યું. ચિહવાંગ-
ટીએ જે ગ્રંથોનો નાશ કીધો તેવો નાશ ફરીથી ન થાય એવી ધારણાથી આ રાજ્યકર્તાએ ઇ. સ. પૂર્વે ૨૦૨ માં બિબાંથી છાપવાનો હુન્નર પ્રથમ શરૂ કર્યો. તેના પછી ચીનમાં પેહેલવેહેલી ઓરત રાજ્ય ચલાવનારી થઇ; જેનું નામ 'લ્યુ હાઉ' હતું. આ ઓરતે પોતાની ક્રૂરતાથી ઘણો ત્રાસ વર્તાવ્યો હતો. તેના પછી ઇ. સ. પૂર્વે ૧૮૦ માં 'વાનની' નામે શેહેનશાહ થયો તેણે બધે સુલ્હે પાંથરી આબાદી ફેલાવી હતી. એણે પેહેલવેહેલો પોતાના રાજ્યને જૂદો લકબ આપ્યો હતો. તેના પછી વિદવાન પાદશાહોએ રાજ્ય કરી વિદ્વાનોને ઠીક આશ્રય આપ્યો હતો. ઉતી નામે શાહાનશાહે ઇ. સ. પૂર્વે ૧૪૦ થી ૮૮ વેર રાજ્ય કર્યું. તેણે તાતારો સાથે ચાલુ લઢાઇ કરી તેમને જેર કર્યા હતા. એના અમલમાં 'લાઔતજી' અથવા 'લાઓફીઉન' કે જે કાનફુશિઅસના સમયમાં એક ફીલસુફ થઇ ગયો તેનો બીકટ ધર્મ પેહેલ વેહેલો પ્રસાર પામ્યો. પણ કાનફુશિઅસના મતવાલા તેઓની સામે થતા હતા. એના અમલમાં 'જીમાતસીઇન' નામે મ્હોટો તવારીખનવેશ થયો; એણે કાસ્પીયનનાં કાંઠા સુધી રાજ્યસત્તા ફેલાવી હતી. તે પછી ચીનમાં ફરી જૂદી જૂદી જાતના સરદારો વચ્ચે બખેડો ઉઠયો. જેનું પરિણામ એ નિપજ્યું કે તારતરોએ પાછું પોતાનું સ્વતંત્રપણું જાહેર કીધું. તેમાં ગાઇતી શાહાનશાહ સારી રીતે રાજ્ય ચલાવી ગયો. તેનો વારેસ પીગતી ગાદીએ આવતાં 'વાંગમાંગ' નામે લોભી અને જુલ્મી અમીરે તેને પદભ્રષ્ટ કર્યો. પણ હાલની ઓલાદ તરફથી બીજા અમીરો ઉઠવાથી બખેડો જાગ્યો, જેનો સેવટ વાંગ-
માંગના મરણથી આવ્યું. પણ
ઇ. સન ૨૫. તેટલાં 'ક્વાંગવુટ' નામે એક
નવો શેહેનશાહ થયો (ઇ. સન. ૨૫-૨૭) તે હિમ્મતવાન હોવાથી સર્વે બખેડા નરમ પડયા, એટલુંજ નહિ પણ પોતાનો પુરો કાબુ બેસાડયો. 'મીંગટી' ના અમલમાં (ઈ. સન ૫૮–૭૫) મૅડીરનોનું એક એલચીખાતું હિંદુસ્તાન આવ્યું. જ્યારે તેઓ ચીન પાછા ફર્યા ત્યારે ત્યાં પ્રથમ બૌદ્ધ ધર્મનો ફેલાવો કર્યો. આ અને એ પછીના વખતમાં તાતારોએ ફરી હુમલા કરવા માંડયા, પણ એક જબરી કતલથી તેમને હટવું પડયું. ચીનમાં પેહેલવેહેલી વિદવાન સ્રી લેખક તરીકે 'પેનહવુઇ' (ઇ.સ. ૭૬–૮૮) માં થઇ ગઇ.

ચાંગતીના મરણ પછી રાજ્યની હકુમત મેહેલોમાંની ચંચળ ઓરતો તથા ખોજાઓનાં હાથમાં આવી. જેથી લડાઈઓ શરૂ થતાં 'હાનના' ઓલાદનું સેવટ આવવા લાગું. તોપણ શાહાનશાહો પોતાનો મરતબો લશકરનાં બળથી સંભાળી શકતા. પણ કેટલીક વેળા સરદારો સામા થતાં શાહાનશાહ નાએલાજ થઇ મેહેલમાં ભરાઇ બેસતા. આ ઉપર 'હીઇનતી' એ શાહાનશાહી મોહોર ઈ. સ. ૨૨૦ માં તસાઓપીગને

ઈ.સન ૨૨૦;

સ્વાધીન કરી, કે જે તે સમયનો એક નામચીન સરદાર હતો. 'હુન'ની ઓલાદનો તે પછી એક 'ચાઓલી' નામે શખસે પોતાને શેહેનશાહ તરીકે જાહેર કીધો અને આથી શાહાનશાહી ઓલાદ 'હાઉહાન'નાં એલકાબથી ઓળખાવા લાગી. કે જે ઈ. સ. ૨૨૧ થી ૨૩૬ સુધી ચાલુ રહ્યું. તે પછી 'ઉ' દેશનો રાજા શાહાનશાહી દાવો કરી નિકળયો. આ રીતે તે વેળા 'વીવુ,' અને શહ' એમ ત્રણ રાજ્યકર્તા લઢીને તખ્તનો દાવો કરવા લાગા. આથી તે વખતને 'ફવુ' એટલે "ત્રણ સલતનત" કહેછે.

આ ત્રણે હાકેમોના સરદારોએ લઢાઇમાં બહાદુરી ભર્યાં અનેક કામો કર્યાં. આ વેળાની અંધાધૂંધીનો અહેવાલ 'સાનક્વોચી' નામના ગ્રંથમાં વર્ણુલોછે. હાઉતી જે ખરો શાહનશાહ હતો તેણે ફત્તેહ પામવામાં નિરાશ થતાં પોતાનું તખત 'વી'નાં પાદશાહને આપી દીધું, આથી 'હાઉતીના' બેટાએ પિતા ઉપર નારાજ થઇ પોતાના તમામ કુટુંબની કતલ કીધી.

તે વેળા ચીનનું મથક ચીનના વાયવ્ય પ્રાતમાં 'શેનસ્ત' નામે પ્રાંત હતો. જેની સાથે ધીરે ધીરે ઉપરનાં પ્રાંતો જોડાતા ગયા અને તે સમયે 'દક્ષિણ' તરફના ભાગો લાંબા કાળથી જંગલી લોકોથી વસાયલાં હતા. આ સર્વ ભાગોને 'હાન' વંશે એકત્ર કર્યા અને તે વેળા શાહાનશાહતને જે રૂપ આપ્યું તે આજવેર કાયમછે.

**ચીનનો ત્રીજો જમાનો** ઇ. સ. ૨૬૪ થી તસીન વંશની શરૂઆત સાથે શરૂ થાયછે. આ વંશે ઈ. સ. ૪૨૦ વેર અમલ ભોગવ્યો. એમાં 'વુ' અને શનની હાલત ચાલુ લઢાઈઓથી નબળી બની હતી. 'વિ' જે હજી વેર જેવોને તેવોજ રહ્યો હતો તેને 'ઝેમૈના' નામે શાહાજાદાએ પકડયો, જે શાહાજાદો ચીનના શાહાનશાહી તખ્ત ઉપર 'વુટ' (બીજો)ના નામથી ઉતર્યો હતો. આ વુટ અને તેની પછીનો કોઇ પણ શખ્સ તે વખતને અનુસરતું રાજ્ય ચલાવી શકયો નથી. જે રાજ ઘણું કંટાલા ભર્યું થઇ પડયું હતું. ઇ. સ. ૩૧૭માં બીજા સીન વંશની એક જૂદી શાખા ફુટી નિકળી હતી જેમાં 'યૂન્ટી' ગાદીએ બેઠો. પણ આ રાજ્યથી તેની આગમજ જે રાજ્યો થઈ ગયાં તેથી કાંઇ વધારે સરસ નિવડયું નહિ; કારણ એ વખતે પણ ખૂનરેજી ભરી લઢાઇઓ ચાલુ હતી. યાને 'ઐા'ના મુલકના લોકોએ રાજ્ય સામે બલવો ઉઠાવતા હતા, તેમાં વળી તેમને તારતરો મદદ કરતા હતા. વળી આ સર્વ બંડ નરમ પડયું નહિ, તેટલાં 'યુ' એ હથિયાર ભીડી નવું ફીતૂર ઉભું કીધું. જે સેવટવેર ચાલુ રહ્યું. એટલે ઇ. સ. ૪૨૦ માં 'ટીગક'એ રાજ્યપાટ તજી દીધું, અને તે વંશ બદલાયું.

તે પછી 'શુંગ' વંશની સ્થાપના થતાં તેનો પેહેલો રાજ્યકર્તા 'લ્યુયુ' એ 'કૈબુસ' યાને ટલંદ પદ્વિએ ચઢેલો શાહાનશાહ એવું નામ ધારણ કીધું. આ પાદશાહ બહાદુર હતો પણ એણે છેલ્લે પાદશાહી કુટુંબની કતલ કરી નામને ડાઘ લગાડયો હતો. એના અમલમાં ઉત્તર ભાગના રાજ્યકર્તાઓ તાતારોની મદદથી એની સામે થયા હતા, કે જેઓએ એના તથા એના પછીના વંશજોના અમલને તુચ્છકારી સામા થયા હતા. ઇ. સ. ૪૨૦ માં 'નાનકીન' શેહેરને શેહેનશાહાતનું પાયતખત બનાવવામાં આવ્યું હતું.



વાન્ટીના અમલમાં (ઇ. સ. ૪૨૪થી ૪૫૩) ઘણીક નિશાળો તથા પાઠશાળા

ઇ. સ. ૪૨૫.

સ્થાપન થઇ હતી. એનો બેટો પણ ક્રૂર પાદશાહ નિવડયો. તે પછીના રાજ્યકર્તા ક્રૂરતા માટે જાણીતા થયા હતા, અને તેઓ સર્વે કમોહતે મરણ પામ્યા હતા. માત્ર 'ભીંગટી' ખુદ્રતી મ્હોતે મરણ પામ્યો હતો. તસાંગવાંગ પોતાના મેહેલમાં ખોજાઓના હાથ ઉપર માર્યો ગયો. ત્યારથી 'સીઆમોતા ઔચીંગ' નામે એ જાણીતો સરદાર જે બલવાખોરોમાં શામેલ હતો તે બળવાન થઇ પડયો. તેણે 'તસ્તરનેનો' દેશ ઇ. સ. ૪૭૭ માં હાથ કર્યો, અને શ્રૂંગ વંશના એક છેલ્લા શાહાનશાહને તખ્તે બેસાડી પાછો ઉઠાડી મેલી પોતે રાજ્ય કરવા લાગો. આ કુટુંબમાં ૮ શાહાનશાહ થયા, પણ તેમાં માત્ર બેજ સારૂં નામ પાછળ મુકી ગયા હતા.

શ્રંગ વંશની સમાપ્તિ પછી 'તસી' વંશની સ્થાપના થઇ જેના પેહેલા શેહેન-

ઇ. સ. ૫૫૦.

શાહ 'સીયાઉટાઉચીંગે' સારી કીર્તિ મેળવી. 'લીયાગ' તોખમનો 'લ્યુંગફટ' પણ એક બહાદુર લડવૈયો હતો, એટલુંજ નહિ પણ વિધા તથા જ્ઞાનનો તેણે ઘણો વધારો કર્યો. પણ તે નબળો હોવાથી રાજ્યમાં અંધાધુંધી ચાલી. લીઆંગના વંશે ઇ. સ. ૫૦૨ થી ૫૫૭ વેર અમલ ભોગવ્યો. તે પછી 'ચીન' વંશે ૫૫૭ થી ૫૮૯ વેર અમલ ભોગવ્યો. આ વંશના વડા 'કૈટસૂ'નું રાજ્ય લોહીથી રંગીન બન્યું. તે પછી ઇ. સ. ૫૯૦ માં યાંગકીન ગાદીએ આવતાં 'શ્રૂઇ' વંશની સ્થાપના થઇ. આ વંશે ૬૧૮ વેર અમલ ભોગવ્યો હતો. યાંગકીને રાજ્યમાં આબાદી કરવાનાં ઉપાયોં લીધા. એણે કોરિઆનાં રાજ્યને નબળું બનાવ્યું, અને ૬૦૪ માં તે મરણ પામતા તેનો વારેસ 'ઇઆંગતી' ગાદીએ બેઠો. એણે આગલા ગ્રંથોની નકલો કરાવી વિદ્યાઅભ્યાસનો વધારો કરી રાજ્ય ચલાવવા માંડયું. તેટલાં તાગરો સાથની લઢાઇમાં માર્યો ગયો. તે વખતે 'લીઇઉન' જે એક પ્રસિદ્ધ સરદાર હતો, તેણે 'કંગતીતુંગ'ને તખતે બેસાડયો, પણ તેની થોડુંક પછી તેણે શાહાનશાહને ઝેર આપી મારી નાખી પોતે તખતે બેઠો.

તે પછી ટાંગ વંશનો અમલ ઇ. સ. ૬૧૯ થી ૯૦૭ વેર ટકયો. આ રાજ્ય સ્થાપન થતાં તાતાર લોકો એક બીજી જંગલી પ્રજા સાથે લડાઇમાં ગુંતાયા. આ જંગલી પ્રજા પ્રથમ તાતાર લોકોનાં હાથ તળે 'ઇમાયુસ' પહાડ તળેથી લોખંડ ખણી કાઢવાના કામપર ગોલામ તરીકે હતા. પણ તેમને છુટાપણું મળતાં ચીનની મોજ મઝાથી લોભાઇ ત્યાં વસવાટ કરવા થકી લઢાઇ ઉઠાવી.

ઇ. સ. ૬૩૫ માં ખ્રિસ્તી લોકોએ પ્રથમ ચીનમાં પ્રવેશ કર્યો અને નેસ્ટેરી-

ઇ. સ. ૬૩૫.

અન પાદ્રીઓએ ખ્રિસ્તી ધર્મના ફેલાવા થકી ભાષણો આપવા માંડયાં. ૬૨૭ માં તાઇશ્રૂંગ રાજ્યકર્તા થયો, તેણે બળતવારીથી અમલ સ્થાપી 'તૂરફાન' દેશ ફત્તેહ કરી તિબેટની પ્રજાને તાબે કરી પોતાના રાજ્યની હદ ઇરાન સુધી ફેલાવી. તેના પછીના બે વારસોએ નબળો અમલ ચલાવી જનાનખાનામાં પડી રહી વખત ગુજાર્યો. હીઉનતશ્ર રાજ્યકર્તા વિદ્વાન થતાં પોતાનાજ મેહેલમાં ચાલતા ફીતૂરનો ભોગ થઇ પડયો હતો. તે પછીના શૂહતશ્રૂંગ, તાઇતશ્રૂંગ, તીહતશ્રૂંગ, અને શ્રૂનતશ્રૂંગ એક પછી એક અતી નબળા રાજ્યકર્તા થયા, તેમાં છેલ્લા શ્રૂનતશ્રૂંગે બુદ્ધનું એક મ્હોટું મંદીર બંધાવ્યું. પ્રથમ જે લશકરે રાજ્યને આશ્રય આપ્યો હતો તેને 'મુહતશ્રંગે' કાઢી નાખ્યું, અને પોતે અમરતનું પાણી પી મરણ પામ્યો. તે પછીના બે રાજ્યકર્તાએ તો મેહેલમાંના ગુલામોનાં તાબામાં રહી અંધાધૂંધી ચલાવી તેમાં વૂતશ્રૂંગ શાહનશાહે જરા પણ પોતાનું પાણી બતલાવ્યું હતું. તેના પછીના શાહાનશાહે પણ ખોજાઓનાં જુલમ તોડવાને

ઉપાય લીધા, પણ તેમાં તેઓ ફાવ્યા નહિ. હિતશ્રૂંગે પોતાની બુરી ચાલથી રાજ્યને નબળું બનાવ્યું અને તેના વારેસ ચાઔાત-શ્રૂંગે ખોજાઓનાં જુલમથી બચવા ચોરોના ટોળાંની મદદ લઇ કામ પાર ઉતાર્યું હતું. પણ ઇ. સ. ૯૦૩ માં આ શાહાનશાહને પદભ્રષ્ટ કરવામાં આવ્યો હતો. આ મદદગાર ચોરોનો સરદાર 'યૂવાન' નામે હતો, તેણે શાહાનશાહને મદદ કરી તેના બદલામાં 'લેઆંગ'નો મુલક લીધો હતો; અને તે પછી બળવંત થતાં તાંગ વંશની સમાપ્તિ કરી, લીઆંગ વંશની સ્થાપના કરી. આ વંશે ૯૦૭ થી ૯૨૩ વેર અમલ

ઈ. સ. ૯૦૦ ભોગવ્યો. તે પછી 'હાઉતાંગ'ના વંશે ૯૨૪ થી ૯૩૪ વેર અમલ ભોગવ્યો. તે પછી હાઉતસીન વંશે ૯૩૬ થી ૯૪૬ વેર માત્ર ૧૦ વર્ષ અમલ ભોગવ્યો. હાઉહાન વંશમાં માત્ર બે શાહાનશાહ થયા, પણ તેઓએ માત્ર ૩ વર્ષ અમલ ભોગવ્યા પછી 'હાઉચાઉ' ઓલાદની સ્થાપના ૯૫૧ માં શીતશ્રૂંગ નામે શેહેનશાહે કરી. એ ભલો અને બહાદુર રાજ્યકર્તા થયો હતો. પણ તેનો વારેસ નબળો હોવાથી તેનાજ પ્રધાને 'સંગ' વંશની સ્થાપના ૯૬૦ માં કરી. આ વંશે ૩૧૯ વર્ષ સુધી અમલ ભોગવ્યો હતો. આ વંશના પેહેલા પાદશાહ ચાઉવાંગઇન થયો, જેણે એદીલ રૈયતને તાબે કરી, પણ તાતારો તો સદાના દુશમન થઇ પડયા હતા, કારણ કે તેઓ ફરીથી 'કીનતારતર' નામથી ફરી ચીનપર ચઢાઇ કરી અને 'હ્યા યુટ સંગ' તાબે કીધું, તથા આગળ 'પેચીલ' તથા 'શેનસીના' પ્રાંત ઉપર ચઢાઇ કરી. તેમને નહસાડવા 'નીગતસંગ' રાજ્યકર્તાએ મોગલ તારતરોની મદદ માંગી, જે મદદ તેઓએ આપી હતી. પણ સઘળી જીત પોતાનાં હાથમાં રાખી હતી, જેથી 'યૂન' અને 'વેશ' ની પ્રાપ્તિ થઇ અને 'સંઘ' વંશની સમાપ્તિ થઇ હતી. આ મોગલ વંશની અગત્યની તવારીખ જણાઇ નથી.

પણ ૧૨૩૪માં આરબોએ ચીન ઉપર ચઢાઇ કરેલી નોંધાઇછે.

શ્રૂંગ વંશના ૧૮ પાદશાહોએ ૩૦૦ વર્ષ અમલ ભોગવ્યો, તેમનો

ઈ. સ. ૧૨૦૦ દરજ્જો 'હાન અને તાંગ' ના વંશની બરાબર ગણાતો હતો. આ સમયમાં ચંગીઝખાન નામનો તારતર બળીયો થઇ પડયો; તેણે પોતાનું રાજ્ય એશિયાના મ્હોટા ભાગપર ફેલાવ્યું હતું. બટાઉખાન છેક પોલાંડ, જર્મની સુધી પોંહોચી વળયો હતો. હલાકખાને ઇરાન પેલેસ્તાઇન અને આરમિનીયાના દક્ષિણ ભાગનો નાશ કર્યો હતો. તે પછી કુબલાઇખાને તો મ્હોટી શાહાનશાહતપર કાબુ ધરાવ્યો હતો. જંગીઝખાનના વડવાઓ કીનતારતરોને ચીનથી. હાંકી કહાડી ત્યાં પોતે રહેતા હતા, પણ તેઓ ચીનાઇ શેહેનશાહને હકસાઇ આપતા હતા, તેમજ 'જંગીઝખાન' પણ હકસાઇમાંથી મોકળો થયો નહોતો. આથી તેણે તુસરીમાંથી ચીનાઓ સામે બે મ્હોટી લઢાઇ કરી, જેમાંની પેહેલીમાં તેણે એક શાહાનશાહજાદી અને બીજી ૫૦૦ કુમારીકાઓ પોતાના તાબામાં લીધી હતી, અને બીજી લઢાઇમાં ઉત્તર તરફનાં પ્રાંતો પોતાના રાજ્ય સાથે જોડી નાખ્યા હતા. ૭ વર્ષ પછી આ પ્રાંતો જંગીસની પછી થનાર ઓકતાઇખાને પોતાના તાબામાં લીધા, કારણ કે મરતી વેળા ચંગીઝખાને કહ્યું હતું કે "મારી બાકી રહેલી જીતો મારા વારેસોએ કરવી." થોડાં વર્ષમાં કુબલાઇખાને આખું ચીન હાથ કીધું. જેની દરબારનું વર્ણન માર્કોપોલોએ પોતાનાં ગ્રંથમાં આપેલું છે. આ મોગલ શેહેનશાહે પોતાનું રાજધાની નાનકીનથી ઉઠાવી પેકીન-ને બનાવ્યું. મોગલો આ શેહેરને ખાનબાલીક કહેતા હતા. ઇ. સ. ૧૨૬૦માં કુબલાઇખાન-નું રાજ્ય પોહળાઇમાં પેસીફીક માહાસાગરથી રશિયાની 'નીપર' નદીવેર લંબાયું હતું. અને લંબાઇમાં ઉત્તર પૂર્વના સમુદ્રથી તે મલાક્કાની સામુદ્રધૂનિવેર લંબાયું હતું.



કુબલાઇખાને પોતાના અમલમાં કાગળનું ચલણ (કરન્સી નોટોને મળતું) ચાલુ કર્યું હતું. એણે પોતાના અમલમાં કોઇપણ ધર્મ-ને અલવલ આપી નહોતી, પણ બુઢાપામાં પોતે બુદ્ધ પંથ પાલવા લાગો હતો. એણે જાપાન જીતવા ૪૦૦૦ વાહણોનો કાફલો બનાવી કોરીયાના રાજાને ઉત્તર તરફથી હુમલો કરવા કહ્યું, પણ તે કાફલો વંટોળિયામાં સપડાતાં 'પીસકેદોર'ના ટાપુ આગળ જઇ નાશ પામતાં પાછો વળયો. તે પછી બીજે પ્રસંગે કોશેસ કરી, પણ તેમાં ફાવ્યો નહિ. અંતે ૧૨૯૪માં આ મહાપ્રતાપી શાહાનશાહનો અંત આવ્યો.

કુબલાઇ પછી તેનો પુત્ર

ઈ૦ સ૦ ૧૩૦૦ 'ચીંગતશ્રૂં' ગાદીએ બેઠો. તેના પછી વૂતશ્રૂંગ ગાદીએ આવતાં વેપારને ખીલવ્યો. ચીનતશ્રંગના અમલમાં ઇ૦સ૦ ૧૩૨૧ માં હકુમતમાં મ્હોટો ફેરફાર થયો. એણે આગલા મોંગલ અધિકારીઓને બરતરફ કરી ચીનાઇ વિદ્યાર્થીઓને લાયકાત મુજબ ઓધા આપ્યા હતા. તે પછીનાં રાજ્યકર્તાઓ નબળા નિવડયાથી ઇ૦ સ૦ ૧૩૬૮ માં ઝીંગ વંશની સ્થાપના થઇ. ઝીંગ વંશે ૧૩૬૮ થી ૧૬૪૪ વેર રાજ્ય અમલ ભોગવ્યો હતો. આ વંશનો મૂળ પુરૂષ 'ચુઇઉએન' હતો. તે નાહની પદ્વિ ઉપરથી વધી વડા સરદારની પદ્વિએ પોંહચી મોગલોને દેશમાં હાંકી મેળવાની કમર કસી, તેઓપર ફતેહ મેળવી. એણે 'હુંગહુ' નામ ધારણ કરી મોંગોલોનું નિકંદન કાઢી દેશમાં આબાદી ફેલાવાની કોશેસ કરી હતી. એના વૃદ્ધ-પણામાં એનો વારેસ બેટો તથા સ્ત્રી મરણ પામ્યાથી તેને જૂદા જૂદા શાહાજાદાઓને રાજ્ય વેંહેંચી આપ્યું, પણ ૧૩૯૯ માં એનો પૌત્ર કીનવાન ગાદીએ આવ્યો. તેણે પોતાના કાકાઓપર વેર લેવા

ઇ. સ. ૧૪૦૦ જતા એના એક 'ઇએનના' મુલકનો રાજકર્તા કાકાએ એનીપર પ્રપંચથી ફાવી એને નહાસવાની ફરજ પાડી. તે પછી હુંગહું શાહાનશાહે પોતાના અમલમાં કાયદાનો ગ્રંથ લખાતો હતો તે પુરો કરાવ્યો. તેના પછી બીજો હુંગહી ૧૪૨૫ માં ગાદીનશીન થયો. તેના પછી સીઉએનતીહ ૧૪૨૬ માં ગાદીએ બેઠો, તેણે ૧૪૩૬ વેર અમલ ભોગવ્યો હતો. એણે તાતારોને નબળા બનાવ્યા હતા. એના અમલમાં ચીનનો શાહાનશાહી મેહેલ બળીને ભસમ થયો હતો. તેના પછી ઇંગત શ્રૂંગ ગાદી-એ બેઠો. તેના પછી ૧૪૬૬ માં 'ચીંગ હવા' રાજ્યગાદીએ બેઠો. એણે બુદ્ધ ધર્મનો પોતાની ઓલાદમાં ફેરફાર કર્યો હતો. ૧૪૮૮ માં 'હુંગચી' રાજા થયો, એના

ઈ. સ. ૧૫૦૦ અમલમાં દુકાળ પડવાથી બખેડા જાગ્યા હતા. તે પછી 'ચીંગતીહ' શાહાનશાહ હતો. એના અમલમાં પણ દુકાળથી રાજ્યને હાની પુગી હતી. તે પછી કીઆતસીંગ ૧૫૨૨માં રાજ્ય પદપર આવ્યો. એ વિદવાન છતાં વેહેમી હતો. એના અમલમાં જેપાનીજોએ રાજ્ય પર હુમલા કર્યા. તેનું કારણ તેમને વેપાર કરતાં અટકાવવાનું હતું. તથા તેમના એલચીને ચીનાઓએ અપમાન કરવાનું હતું. એના અમલમાં બીજા બે બનાવ એ બન્યા કે કોચીન ચીનના લોકોએ સ્વતંત્રતા મેળવી. અને બીજા બખેડા જાગતાં આ રાજા અમ-રતનું પાણી પી મુવો. તે પછી લુ કીંગ રાજા થયો. કીઆંગતીંગના અમલમાં પોર્તૂગીજો ચીનમાં દાખલ થયા હતા. જ્યારે વાન લેહ ૧૫૭૩ માં ગાદીએ બેઠો પણ તેટલાં એક માનચુરિયન રાજાએ વિખરાયલી ૭ જ્ઞાતિના લોકોને પોતાના વાવટા એકત્ર કરી ચીનાઓ સામે થયા. તથા એજ સમયે એક ભારે દુકાળ પડયો, તેમાં જેપાનીજોએ કોરિયા જીતી લીધું, તેઓ બધાને શાંત કરવા, અને બીકટ સ્થિતિમાં રાજ્યકારોબાર ચલાવવા પડયા છતાં બળતવારીથી સર્વે સામે

ઇ. સ. ૧૬૦૦ થઇ જીત મેળવી હતી. એના પછી 'તાઇચાંગ' શાહાનશાહ થયો, પણ તે માત્ર એક માસ

હકુમત ભોગવી મરણ પામ્યો, તે પછી ૧૬૨૧ માં " મીન્કી " શાહાનશાહ થયો. તેણે તુંગના તાતારોપર ફરી અવાર નવાર ચઢાઇ કરી, પણ દુકાળથી મીંગ વંશપર ભારે વિપત્તી આવી પડી. ઇ. સ. ૧૬૨૮માં તશ્રુંગ-ચીંગ શાહાનશાહ થયો, પણ તેટલાં ચોરોનાં સરદારોએ એના રાજ્યપર ચઢાઇઓ કરવા માંડી, તથા એનાજ માનસો શીતૂરીઓને મળી ગયાથી એણે પોતાના કુટુંબને પ્રથમ કતલ કરી પોતે આપઘાત કરી મુવો અને એ રીતે મીંગ વંશની સમાપ્તિ થઇ.

મીંગ વંશની સમાપ્તિ સાથે તાતસીંગ વંશનો પાયો ૧૬૩૪થી નખાયો તે આજ વેર કાયમ રહેલો છે. આ વંશનો મૂળપુરૂષ 'તીઇનમીંગ' હતો, તેણે પોતાના દેશીઓને સુધારી. તેમને લેખણુ પદ્ધતિ શિખવી હતી. તેના વારેસ તાઇતશુંગે ચીનાઓને વિદ્યાજ્ઞાન શિખવ્યું. એણે પોતાના સરદારોની મદદથી ઠીક કાબુ મેલવ્યો હતો; પણ તેના મોતથી માનચુરિયન બળવાખોર અમીરો પેકીનમાં દાખલ થઇ, શ્રુંગતીહ'ના ભત્રીજા શ્રીનચીનને ૧૬૪૪ માં ગાદીએ બેસાડયો. તેટલાં નાનકીનના મંદીરનો એ ચીંગતશ્રૂંગના બેટા ચુઇઉશ્રૂંગને શાહાનશાહ કીધો. તે વેળા તાતારો સામે ચીનાઇ ફોજે ચઢાઈ રી. તેને તેઓએ હરાવી નાનકીન શેહેર તાબે કીધું. આથી શાહાનશાહે નદીમાં પડી આપઘાત કીધો; જે પછી મીંગ વંશના એક 'મીગાન' નામે વંશજે હાંગચુ શેહેર લઇ લીધું. તે પછી માનચુરીયન લોકોએ મીંગની ઓલાદમાંથી પોતાના લોકો ઓળખાય તે માટે સર્વ પ્રજાને માથું બોડાવી ચોટલી રાખવાનો હુકમ કર્યો, આથી ઘણા બખેડા ઉઠયા; કે જેમાં ઇયાંગતસી કયાંગના દક્ષિણ કાંઠાપરનું મનચુરીયન લશકર નારાજ થયું હતું; એ પછી તાતારોએ ચીકયાંગ તથા ફોકીન સંસ્થાનો જીતી તાંગના રાજાને કેદ કરી મારી નાખ્યો; આથી તાંગના ભાઇ ઇઉલૈહ કનતાનમાં શાહાનશાહી પદ પામ્યો. પણ થોડી મુદત પછી એખલો પડતાં 'આવાના' રાજાના આશ્રયમાં નહાશી ભરાયો. પણ તે પછી ફરી રાજ્ય મેળવવા જતાં માર્યો ગયો. ઇ. સ. ૧૬૫૧ માં મનચુઓનો સરદાર અમવાંગ રાજ્ય ચલાવતો હતો; તેના પછી શુનચી રાજા થયો. તેના અમલમાં એક જર્મન મિશનરીએ રાજ્યમાં કાબુ મેળવી કારોબાર સુધાર્યો હતો. એ શાહાનશાહ ૧૬૬૨ માં મરણ પામ્યો. આ વેળા એનો બાળક બેટો 'કાંગહી' વજીર મંડળની સાહ્યતાથી રાજ્ય કરવા લાગો (જુઓ કાંગહી); એણે જુવાનીમાં આવતાં બળવાખોર હાકમો તથા મોંગલોને જેર કર્યા. તે પછી કાલમકના સરદાર સાથે લઢાઇમાં ઉતરવું પડ્યું. તેમજ રશિયનો સાથે સુલ્હે કરી કરા-

ઈ. સ. ૧૭૦૦ રબંદી કરી, બધે કાબુ મેળવ્યો હતો. એણે ૬૦ વર્ષ સુધી અતી ફત્તેહમંદી ભર્યો રાજ્ય અમલ ચલાવી વિદ્યા જ્ઞાનનો વધારો કર્યો હતો. એના પછી ઇયૂંગચીંગ ૧૭૨૭ માં રાજ્યગાદીએ બેઠો. (જુઓ ઇયૂંગચીંગ) તે ૧૭૩૭માં મરણ પામ્યો કે તેનો બેટો 'કીઇનલુ' ગાદીએ બેઠો. એણે ઇખુવ પ્રજાના સરદારોને કબ્જામાં લઇ તાબે કરી હિંદપર ચઢાઇ કરવાનો કસદ કરતાં, બરમા નજીક તેનું લશકર તારાજ થયું હતું. તે પછી એણે તિબેટપર સત્તા સ્થાપન કરવાની કોશેસ કરી, તેમાં ફત્તેહ મેળવી હતી. અને એ રીતે તિબેટના લામાઓ ઉપર કાબુ મેળવી જે સત્તા સ્થાપન કરી તે આજ સુધી કાયમ રહીછે. એના અમલમાં પરદેશપર ફત્તેહ મેળવવા લશકર ગયાથી બળવા ઉઠયા હતા, પણ તે આ શાહનશાહની ચંચળાઇ તથા ચતૂરાઇથી દાબી દેવામા આવ્યા. એણે ૬૦ વર્ષનાં લાંબા રાજ્ય અમલમાં મ્હોટી નામદારી અને ફત્તેહો મેળવી. એણે પોતાની હૈયાતીમાં પોતાના બેટા કીઆંકીંગને રાજ્યપદ આપ્યા પછી ઇ. સ. ૧૭૯૬ માં મરણ પામ્યો. કીઆંકીંગે બળવાખોરોને લાંચ



રૂસવત આપી તાબે રાખ્યા હતા. પણ એના સામે એનાજ ભાઇઓ

ઈ. સ. ૧૮૦૦ થી ૧૯૦૦ થવાથી એણે પોતાના કુટુંબની ક્રૂર કતલ ચલાવી હતી. એણે ચાંચીયાઓને નમાવવા લાંચ રૂસવત આપી. એનું રાજ્ય આબાદ, લઢાઇ વિનાનું નિવડ્યું. મરણ ૧૮૨૧ માં નીપજ્યું કે 'તાઔકુઆમ' નામે બહાદુર શાહાજાદો રાજ્યપદ પામ્યો. આ શાહાનશાહે ગાદીએ આવતાં ઉદાર વર્તણુક ચલાવી, પણ એના તુર્ક સરદારોએ બખેડા કરતાં તેમને લાંચ રૂસવતથી નરમ કર્યા. એનું ગાદીએ આવ્યા પછી દુન્યામાં અસંખ્ય ફેરફારો થયા છતાં એનાં રાજ્યમાં કશા ફેરફારો થયાં નહિ.

તાઔકુઆમ પછી હીતકુંગ ગાદીનશીન થયો. પણ આ શેહેનશાહ ૧૮૬૧ માં પેકીનનો રાજ્યમેહેલ ઈંગલીશ તથા ફ્રેન્ચોએ બાળી નાખવાની ખબર સાંભળી મરણ પામ્યો. તે પછી 'તુંગચીંગ' ગાદીએ બેઠો પણ સર્વ કારોબાર 'ઝેશી' રાણીજ ચલાવતી હતી. આ શેહેનશાહ ૧૮૭૫ માં મરણ પામતાં, ઝેશી રાણીએ પોતાના દીયરનાં પુત્ર કવાંગશુને રાજ્યપદ સોપ્યું; પણ આ શેહેનશાહ સુધરેલા વિચારનો ને નબળા મનનો હોવાથી સર્વ સત્તા ઝેશી રાણીનેજ હાથ રહી. (જુઓ **ઝેશી**)

**ચીનકયાંગ**—આ ચીનાઇ બંદર શેહેર યાંગટસીક્યાંગ ઉપર નાનકીંગની પૂર્વેથી ઉત્તર પૂર્વે ૪૦ મૈલપરછે. ૧૮૪૨ થી બ્રિટીશ મનવારે એનીપર તોપોનો મારો ચલાવ્યો હતો અને ૧૮૫૩ માં એનો તદન નાશ કર્યાથી ૧૮૬૦ માં પરદેશી વેપાર માટે આ બંદર ખુલ્લું મેલાયું હતું. લોક વસ્તી ૧,૩૫૦૦૦ નીછે.

**ચીગેરીટ**—પિનાંગમાં ઉત્પન્ન થતું એક વૃક્ષ. એના લાકડામાંથી ઉત્તમ તર્હેનું ફરનીચર બનાવવામાં આવેછે.

**ચીનચીલા**—આ અતી સૂવાળા ભૂરા રૂવાં વાળું પ્રાણી દક્ષિણ અમેરિકાનું વતનીછે. આ પ્રાણી પીરૂ, ચીલી વગેરે દેશોનાં ઉંચા પ્રદેશમાં પુશકળ જણાયછે. આ પ્રાણી ઘણું ચંચળ હોયછે અને તે ખડકોપર નિર્ભય પણે લાંબા છેટા સુધી કુદી શકેછે.

ચીનચીલા મુખ્ય કરી ચીલ્લીના આલપાઇ ખીણોમાં પુશકળ મળેછે, અને તે પોતાની જાડી રૂવાંટીને લીધે આ થંડા મુલકમાં સારી તંનદરોસ્તીમાં રહી શકેછે. એના રૂવાંનો વેપાર મ્હોટો ચાલેછે. આ પ્રાણી ૯ ઈંચ લાંબુ ને પુછડી ૫ ઈંચ લાંબી હોયછે. તે શરીર ઘટાડી શકવાની શક્તિ ધરાવેછે. તેના સાંધા ટુંકા હોયછે, ને પાછલા સાંધા આગલા કરતાં લાંબા હોયછે. એનાં રૂવાં લાંબા, જાડા ને પાસે પાસે હોઇ તે ઉન જેવાં હોયછે. આ પ્રાણી પીઠ ઉપરથી કાબરચિત્રું ને રાખના રંગનું રહેછે, ત્યારે નિચેનો ભાગ શીક્ષા રંગનો હોયછે. એનું માથું સસલાને મળતું હોઇ, આંખો ભરેલી કાળી, કાન પોહળા અને લાલી આગળથી ગોળ હોયછે. એના મ્હોપર થેભીયા જથ્થાબંધ હોયછે. આગલા પગોમાં ૪ ટુંકા આંગળા અને વગર ખીલેલો એક અંગુઠો રહેછે. ને પાછલા પગના આંગલા તેટલાજ છતાં તેમાં ૩ લાંબા ને વચલું સહુથી લાંબુ તથા ચોથું તદન ટુંકું હોયછે, જે પાછળથી મુકાયલું હોયછે. આ બધા આંગળાનાં પંજા ટુંકા ને બાળથી અચ્છાદિત રહેછે. એની પુછડી શરીરની અરધી લંબાઇ જેવડી, સરખી જાડાઇની ને બાલથી ભરેલી રહેછે. પુછડી પીઠપર ઢલતી રહેછે. એનો ખોરાક રોપા તથા મૂળીયાનો છે. એ વર્ષમાં બે વખતે ૫ થી ૬ બચ્ચાં જણેછે. આ પ્રાણી કુદ્રતિ બિહીકણ હોવાથી હાથમાં લેતાં કદી કડતું નથી, તેથી તે પાળી શકાયછે. આ પ્રાણી ઘણું સ્વચ્છ અને ગંધ રહિત હોવાથી એની ચામડી ઘણા ઉપયોગમાં લેવાયછે. એ પોતાની પીઠ ઉપર બેશી પાછલાં બે પગો ઉપર ઉભું રહેછે. તે આગલા હાથના પંજાથી ખોરાક ખાયછે. એ ઘણું ગરમ થાયછે ત્યારેજ કરડવાની કોશેસ કરેછે.

**ચીનચેકોચા**—પીરૂનો આ એક સરોવર. સમુદ્ર સપાટીથી ૧૩૩૩૦ ફીટ ઉપર છે. એની લંબાઇ ૩૬ ને પોહળાઇ ૭ મૈલનીછે.

**ચીનઝેઆય**—બરમામાં આ વૃક્ષને હાથીનાં દાંતને નામે ઓળખેછે, અને તે તરફ એ વેરાન ખડકવાળા પહાડી ભાગમાં ઉગેછે. એ તિનાસરીયમ પ્રાંતમાં ઉગેછે. એનું લાકડું અતી કઠણ જાતનુંછે.

**ચીનબ્રૂમ**—અફીયાબમાં ઇમારતી લાકડાનું આ ગંજાવર વૃક્ષ ઉગેછે. આ જાતનાં ઝાડ રામરી તથા રેતાળ રણમાં પુશકળ ઉગેછે.

**ચીન્વતપૂલ**—જરતોસ્તી ધર્મ એત્તેકાદ મુજબ ખાકી જગતમાંથી મનષ્ય મરણ પામતાં તેનો આત્મા મિનોઇમાં જતાં ત્યાં તેનો ચિન્વત પૂલ પાસે ઈન્સાફ થાયછે. આ પુલ તલવારની ધારથી પણ પાતળો અને ધારદાર હોવાથી તેની ઉપરથી અશો રવાનો સેહેલાઇથી પસાર થઇ જાયછે. આ પુલ ઉપરથી જેઓ પસાર થઇ જાયછે તેઓ બીજે છેડે તૂરત બેહેસ્તનાં દરવાજાપર પોંહચેછે, અને જેઓ પાપી હોયછે તેઓ ધારદાર પૂલપરથી ગબડી દોજખમાં પડેછે.

બુનદેહેશ મુજબ આ પુલ 'ચકાતદાઇતી' નામે જે પર્વત દુનિયાની મધ્યમાં ૧૦૦ માનસપૂર ઉંચોછે તેની ઉપરછે, જ્યાં રવાનોનોં ઇન્સાફ થાયછે.

આ પૂલપર મેહેર ઇજદ તથા રશ્ને રાસ્ત ઇજદ ઇન્સાફ કરનાર તરીકે બીરાજેલા હોયછે. જેમ એક અશો કે બુરા માનસનું રવાન તે ઉપરથી પસાર થવા આવેછે, તેમ તે પુલ પોતાની પોહળી અથવા ધારદાર બાજુ બદલી નાખેછે. અશો માનસ માટે તે ૯ નેજાની લંબાઈ જેટલો પોહોળો થાયછે, પણ પાપી માનસ માટે તે તલવારની ધારજેવો સાંકડો બનેછે. આથી પાપી ડરીને દોજખમાં પડેછે અને બેહેસ્તી ખુશહાલી સાથે ચાલી જાયછે.

આએ ખાકી અને મિનોઇ જગતને જોડનાર ચીનવદ પુલના જરતોસ્તી વિચારોને મળતા વિચારો જૂદા જૂદા ધર્મોમાં જૂદી જૂદી રીતે આપેલાંછે. હીંદુઓમાં યમપુર જવાનું વર્ણન 'યમપુરની જાત્રા'નાં નામતળે ગરૂડ પુરાણમાં આપેલુછે. જે વૈદિક કાળમાંના આત્માની ગતિના વર્ણનથી જોકે જૂદુંછે, તોય મિનોઇ જેહાનમાં સારી જગા મેળવવા માટે પડતા કષ્ટ જરતોસ્તી મતને મળતાજછે. તેમના રવાનને પ્રથમ યમપૂરી જતાં ૮૬૩૦૩ યોજન માર્ગ કાપવો પડેછે અને તે લાંબા પંથ દરમ્યાન પ્રથમ વૈતરણી નદી મળેછે, જેનું અત્યંત ભયંકર વર્ણન હિદું ધર્મ ગ્રથોમાં મળેછે. જ્યારે આ નદી પાર કરવા પુન્યવંતને નાહની હોડી મળેછે; તે પાર કરતાં બીજા કષ્ટો વેઠતાં પ્રેતને યમપુરીમાં દાખલ કરવામાં આવેછે, જ્યાં 'ચિત્રગુપ્ત' તેનાં પાપ પુન્યનો હિસાબ કાઢી યમપાસે ઇન્સાફ કરાવેછે.

ઇસલામી ધર્મ મુજબ આ પુલને 'સીરાત' ના નામથી ઓળખેછે, અને તે પુલ બાલ કરતાં પણ પતલો ધારદાર હોવાનું જણાવવામાં આવેછે. ચીનાઓ એવા પુલને 'ઉવોંગહો' કહેછે. સ્કેન્દીનેવિયન દંતકથા જેને (Edda)એદા' ના નામથી ગીતોમાં એકઠી કરવામાં આવીછે, તે દંત કથા મુજબ તેમનામાં 'જીઓ એલ' નામનો એવો એક પુલછે. એઓનાં દેવતાઓની 'એસગર્દ' નામની જગ્યા ઉપર જવા 'બિફ્રોસ્ત' નામનો પુલ મળેછે.

**ચીનસાન**—યાંગતસીકયાંગ નદીમાંનો આ એક સોનેરી ટાપુ શેહેનશાહની અંગત મીલકતમાંનો ગણાયછે. અત્રે મોજમઝાનાં મથકો હોઇ ધર્મગુરૂઓનાં મઠોછે. ને તેમની ત્યાં વસ્તી મ્હોટીછે.

**ચીનસુર**—હિંદમાં પૂર્વ ઘાટમાં વસ્તી એક અર્ધ જંગલી પ્રજા. એઓ ચીનસુર, ચીન્ચવાર અને ચીન્ચૂકુલામ તરફ વસ્તા હોવાથી ચીનસુરીને નામે ઓળખાયછે. તેઓ ૧૨૦૦ ની સંખ્યામાં હોઇ પિનાર તથા કૃષ્ણા નદીની વચમાંના જંગલમાં ભટકેછે. તેઓ જંગલમાં



ઝુંપડાં બાંધી ગમે ત્યાં વસેછે. તેમના ઝુંપડાંની દેવાલ ૩ ફીટ ઉંચી હોઈ ઉપર ઝાવલીનું છાપરૂં હોયછે. તેઓ કઠોર તેલંગુ ભાષા બોલેછે. તેઓ વણકરનો તથા મજુરીનો ધંધો કરેછે. મુખ્ય ઉદ્યોગ બાંબુની તહેંવાર ચીજો બનાવવાનો કરેછે. તે શિવાય જંગલમાં મળતું મધ, મીણ, બકરાં, ઢોરો વગેરે એકઠાં કરી તે વેચવાનો પણ ધંધો કરેછે. તેઓ બાંબુનાં બિયાં, જંગલી કંદ, માછલી વગેરે સર્વ પદાર્થો ખાવામાં લીયેછે. તેઓ રંગે સાવળા હોયછે. કેટલાકો જંગલમાં વસી પાંદડાનોજ પોશાખ પેહેરેછે. પુરૂષો પણ સ્ત્રી જેવા લાંબા ચોટલા રાખેછે. તેઓ શબને કદી દાટેછે તો કોઈ વેળા બાળેછે.

**ચીન્સૂકારી**—કોઈમ્બતૂરના ભાગમાંની એક ભટકતી પ્રજા. તેઓ ખેતીવાડીપર લક્ષ આપતા નથી, પણ પક્ષીઓનો શેકાર કરી તેને વેચી તેનીપર નિર્વાહ કરેછે. તેઓ સફેદ કીડીને ખોરાક તરીકે ઉપયોગમાં લીયેછે. તેમની ભાષા તામિલની ભેળ વાલીછે; છતાં ચીન્સૂકારીઓની ભાષા તામીલ જાણનાર કદી સમજી શકતો નથી. એઓ ગામની બહાર ઝુપડાં બાંધી વસેછે. જંગલમાં તેઓ ગુફામાં યા ઝાડ તળે અથવા ઝાડના પોકળ થડમાં વસેછે.

**ચીનાઈ તારતર**—ચીનની ઉત્તર પશ્ચિમમાં આ દેશછે, અને એમાં જે જૂદી જૂદી જાતો વસેછે તેને લીધે તેના વિભાગો થએલાછે. તેના પૂર્વ તરફના ભાગમાં માનચૂ, મધ્યમાં મોંગોલ, અને પશ્ચિમમાં કાલમક પ્રજાની વસ્તીછે. આ દેશમાં મુખ્ય ભાગ ઢોરોના ચારાથી ભરપૂરછે, અને તેની વચમાંથી કોબી નામનું મ્હોટું રેતીનું રણ ફેલાયલુંછે. જે પાણી તથા ઝાડપાન વિનાનુંછે. ચીનાઇ તુર્કસ્તાન અથવા નાહનું બુખારા જે કુયેનલુન અને તીનશાન પર્વતની વચ્ચેછે તેમાં કાશગર, ખોત્તેનહામી અને બીજા કેટલાક કિમતી પ્રગણાંછે.

યાંનયાંગ એ મન્ચુ લોકોનું મુખ્ય શેહેરછે, તેમાં કુંચી નામે તેમના પાદશાહની કબરછે. આ પાદશાહની સરદારી તળે અત્રેની પ્રજાએ ૧૬૪૪માં ચીન ફતેહ કર્યું હતું; અત્રે વસતા મોંગોલ લોકો ભટકતી જીંદગી ગુજારેછે. કાલમક પ્રજા શેકાર કરવાનું, ઢોર પાલવાનું, તંબુ બનાવવાનું કામ કરેછે. માનચુ લોકો સ્થાઇ વાસ કરી પડેલાછે; આ દેશના લોકો પોત પોતાના જૂદા જૂદા ખાનો અથવા સરદારો જેઓ એક બીજાથી સ્વતંત્રછે, તેમના અમલ હેઠળ રહેછે, પણ આ સર્વે ખાનો ચીનના શેહેનશાહના તાબેદારછે.

**ચીનાઈ સમુદ્ર**—ચીન અને સિયામના પૂર્વે આવેલા પેસીફિક સમુદ્રના ભાગને ચીનાઇ સમુદ્ર કહેછે. એ પોહળાઇમાં કોરિયાથી બોર્નિયોને અડકેછે. આ મ્હોટા ભાગનું પાણી ત્રણ ભાગમાં વહેંચે. પિળો સમુદ્ર ઉત્તર ચીન અને કોરિયાની મધ્યે; પૂર્વ ચીનાઇ સમુદ્ર દક્ષિણ ચીન સુધીનો ભાગ, અને ફારમોસાથી બોર્નિયો ફીલીપાઇન સાથે પૂર્વ તરફ અને ત્યાં ટાનકવિન તથા સિયામનો આખાત બનાવેછે. આ છેલ્લા ભાગને ઘણા ખરા ભૂગોળ વેત્તાઓ ચીનાઇ સમુદ્ર માનેછે,

**ચીનાઈ ઘાસ**—(જુઓ ઘાસ ચીનાઇ)

**ચીનાપટી**—હિંદુસ્તાનમાં આ શેહેર 'ટાકી' ની પૂર્વે ૮૩ મૈલ ઉપર હતું. હાલમાં એને 'પટી' કહેછે. હ્યૂએન નામના ચીનાઇ મુસાફરે ૭ મી સદીમાં આ શેહેરમાં મુસાફરી કરી હતી. અબુલફજલ એને 'પટી હૈબતપૂર' તરીકે ઓળખાવેછે. હાલમાં એને 'હૈબતપૂર' પટી પણ કહેછે. આ નામ હૈબતખાન નામે સરદાર ઉપરથી પડેલું જણાયછે. આ સરદાર હુમાયૂનનાં સમયમાં થઇ ગયોછે. અત્રે જુના વખતના ખંડીયરોછે. ૭મી સદીમાં એ એક પ્રાંત ગણાતો હતો અને તેનો ઘેરાવો ૩૩૩ મૈલ હતો" એમ હ્યૂએનથસાંગ કહેછે.

**ચીનાબ**—હાલમાં ચીનાબને નામે પંજાબમાં ઓળખાતી પાંચ નદીમાંની એકને પ્રાચીન કાળમાં ચંદ્રભાગાને નામે ઓળખતા હતા.

સેંકદર સાથે આવેલા લોકોએ એને 'સેન્ડેબેગિસ' એ નામ આપ્યું હતું. કેટલાક ઠેકાણે તેને 'એકેસાઇન્સ' ને નામે ગ્રિસ્યન ગ્રંથકારોએ જણાવેલીછે. 'ચંદ્રભાગા (એકેસાઇન્સ) નદી અતી ઉંડી હોઇ તેની પોહળાઇ અતી મ્હોટીછે, તથા તેનો વેગ ભારેછે; તથા આસપાસ મ્હોટા ખડકોછે' એમ 'એરીયન' નામે ગ્રંથકારે તેનું વર્ણન આપેલુ છે.

અલેકઝાન્ડર ધી ગ્રેટને આ નદી પાર કરતાં ઘણી મુશીબત વેઠવી પડી હતી. આ નદી પાસેજ પૌરસ રાજાનો પરાજય કરી તે જગા ઉપર 'નિશિયા' (Nicca) નામે ગામ સેંકદરે વસાવ્યું હતું. તેજ મુજબ 'બુસેફલ્સ' નામનો સેકંદરનો ઘોડો આ લડાઇમાં માર્યો ગયાથી તેની યાદગારીમાં એક 'બુસેફલ' નામે ગામ સેકંદરે વસાવ્યું હતું.

'નિશિયા' તથા બુસેફલ આ બેઉ નામનો પ્રાચીન નકાશામાં પત્તો મળતો નથી. આ ઉપરથી તે બેઉ ગામો સેકંદર પછી તરતજ ઉજડ થયાં હશે. ઇ. સ. ૧૮૦૬ માં થોમસ મોરિસે સેકંદરની સ્વારીનું વર્ણન જે ગ્રંથમાં આપ્યુંછે તેમાં તે જણાવેછે કે 'નીશી અને બુસેફલ આ ગામનું વર્ણન માત્ર ગ્રિશિયન પુસ્તકોમાંજ જડેછે. પણ તે ગામો ક્યાં હતા ને કેમ ઉજડ થયાં તેનું વર્ણન જડતું નથી.

ચંદ્રભાગા એ નામ ભિમા નદીને પણ આપેલું જણાયછે. પણ તે હિમાલયથી નિકળેલી નહિ હોવાથી शतद्रुं श्चंद्रभागाच यमुना शरयू तथा ॥ એ જે વાક્ય મત્સ્ય પુરાણમાં હિમાલયથી નિકળેલી નદીઓના સંબંધમાંછે તે ઉપરથી ગ્રિશિયન લોકોએ વર્ણેલી સિંધુને મળનારી 'સૅંડેબૅગીસ' એજ પ્રાચીન ચંદ્રભાગા હશે. કારણ 'સૅંડેબેગિસ' એ ચંદ્રભાગાનો અપભ્રંશથી થએલું રૂપ ખુલ્લું જણાયછે.

હવે ગ્રિશિયન લોકોએ વર્ણન કરેલી સૅંડેબેગીસ અથવા એકેસાઇન્સ નદીને કેટલાક પશ્ચિમ તરફના વિદ્વાનો 'જીનાબ' એમ કેહેછે. આ ઉપરથી સંસ્કૃત નામ ચંદ્રભાગા, ગ્રિશિયન નામ સૅંડેબેગીસ અને ઈંગ્રેજી ગ્રંથકારોએ આપેલું નામ 'જીનાબ' એ સર્વ હાલની **ચીનાબ** એ શબ્દનુંજ મૂળનાં રૂપોછે.

**ચીનાબનદી**—હિમાલય પર્વતની ઉત્તર બાજુના ઢોલાવ ઉપર લદાખાની દક્ષિણે ઉ૦ અ૦ ૩૨—૩૦ અને પૂ૦ રે૦ ૭૭—૪૦ ના સુમારે ઉત્પન્ન થાય છે. આ ઉગમસ્થાન સમુદ્ર સપાટીથી ૧૩૦૦૦ ફીટ ઉપર છે. ઉગમ પાસે એને ચંદ્રભાગા કહે છે. આ નદી ઉગમથી ૫૦ મૈલ વહે છે, કે તેને ઉત્તરથી સૂર્યભાગા નામે એક નદી મળેછે. તેનો સંગમ થતાં આ નદીની પોહળાઇ ૨૦૦ ફીટ થાયછે. સંગમથી પછી આગળ વાયવ્ય દિશાએ ૧૩૦ મૈલપર ઉ૦ અ૦ ૩૩—૧૫ અને પૂ૦ રે૦ ૭૫—૪૩ આ સુમારપર 'કિસ્તાવાર' નામે ગામ સુધી વધેછે. ત્યાંથી નૈઋત્ય તરફ વધતી ૯૦ મૈલ અંતરપર રિહૂર્સી નામે ગામ સુધી વહેતી પહાડી પ્રાંતમાંથી નિકળી પંજાબના મેદાનમાં વધેછે; ત્યાં આ નદીની પોહળાઇ ૨૦૦ વારની છે. ત્યાં પ્રવાહ ઉંડો ને સ્થંભ પણ વેગવાળોછે. ત્યાંથી આગળ નૈઋત્ય દિશાએ વજીરાબાદ ઉ૦—અ૦ ૩૨—૨૦ અને પૂ૦ રે૦ ૭૪ સુધી વેહ છે. ત્યાં નદીની પોહળાઇ ઘણી વધે છે. ત્યાંથી તે નૈઋત્યે વધની ૨૦ મૈલના અંતરપર રામનગર સુધી વધેછે ત્યાંથી ૧૫૦ મૈલ નૈઋત્યે વહેતી ઉ૦ અ૦ ૩૧—૧૦ અને પૂર્વ રે૦ ઉ૦ ૨—૯ના સુમારે ઝેલમ નદી એને આવી મળેછે. આ બે નદીનો સંગમ થતાં, પ્રવાહ અતી વેગદાર બને છે. ઉગમથી જેહેલમના સંગમ સુધી સુમારે ૫૪૦ મૈલ લાંબી થાય છે. જેહેલમનો સંગમ થતાં તેની નૈઋત્યે ૫૦ મૈલપર વહેતી ઉ૦ અ૦ ૩૦—૩૩ અને પૂ૦ રે૦ ૭૧—૪૬ ના સુમારે રાવી નદી આવી એને મળે છે. રાવી નદીમળતાં એની પોહળાઇ ૧ મૈલ થાય છે, અને ઉંડાઇ ૧૨ ફીટની રહેછે. તેની આગળ નૈઋત્યે અને ૧૧૦ મૈલ



વહેતી ઉ૦ અ૦ ૨૯—૨૧ અને પૂર્વ૦ રે૦ ૭૧—૬ના સુમારપર સતલજ નદી ઉત્તરથી આવી એને મળેછે. મુલ્તાન સામે આ નદીની પોહળાઇ ૧૦૦૦ વારનીછે. ચીનાબ ને સતલજ નદીનો સંગમ શાંતપણે થયો છે. ચીનાબનું પાણી લાલ અને સતલજનું ભૂરા રંગનું છે. પણ સંગમ થતાં કેટલાક મૈલ સુધી આ બેઉ નદીનાં પાણી કિનારાપર રંગબેરંગી જણાય છે. આ નદીની લંબાઇ ઉગમથી સતલજના સંગમ સુધી ૭૫૫ મૈલનીછે. ૬૦ મૈલ ઉપર એનો ઉગમ સિંધુ નદી સાથે પણ થાય છે. સતલજના સંગમથી સિંધુના સંગમ સુધી વચમાંની નદીને પંચનદ એવું નામ મળેલું છે,

**ચીનાય**—ત્રાવણકોરમાં ઉગતું એક વૃક્ષ. એનું લાકડું કાળા રગનું હોયછે. આ લાકડું હોડી બાંધવાનાં કામમાં વપરાય છે.

**ચીનારીથ**—જૉર્ડન નદીથી આ સરોવર બનેલો છે. એમાં પુશકલ માછલીઓ છે. એ મેડીટરેનીયનથી ૩૦૦ ફીટ ઉપર છે. એની પાસેનાં પર્વતો ૩૦૦થી ૧૦૦૦ ફીટ ઉંચાછે. એ ૧૨ મૈલ લાંબો ને ૬ મૈલ પોહળો છે.

**ચીની કામ**—એને કોડીકામનો હુન્નર પણ કહેછે. આ હુન્નર દુનિયાની ઉત્પતિ પછી તુરતજ શરૂ થયો હતો, એમ કેટલાક ઇતિહાસકર્તા જણાવે છે; 'ફાધર એન્ટરે કોલ્સ' નામનો ફ્રેન્ચ મિશનરી જે ૧૫૨ વર્ષ ઉપર ચીનમાં રહેતો હતો તે જણાવે છે કે "મે યૂન શાહાનશાહોના વખતનું ચીની કામ ત્યાં દીઠું હતું. આ શેહેનશાહો લગભગ ૫૦૦૦ વર્ષ ઉપર ચીનમાં રાજ્ય કરી ગએલા જણાવવામાં આવેછે. મોસ્યો જુલીયનની શોધ ઉપરથી જણાય છે કે ચીનાઇ શાહાનશાહો "હોઆંગટી' જે ઇ. સ. પૂ૦ ૨૬૯૮થી ઈ. સ. પૂ૦ ૨૫૯૯ સુધી રાજ્ય અમલ ભોગવી ગયો તેના સમયમાં ચીનીકામ કરનાર કુંભારો ઉપર તકેદારી રાખનારૂં એક ખાસ ખાતું હતું; અને ઇ. સ. પૂર્વે ૧૬૩ માં 'હાન' તબક્કાના અમલમાં ચીનમાં ચીનીકામ સાધારણ હતું. ઇ. સ. ૯૦૩ સુધી ચીનાઇ કોડીકામમાં ઘણો સુધારો થયો હતો; પણ તેની હુન્નર મંદી પૂર્ણ કળાએ 'શાન' તબક્કાના રાજ્યમાં ૯૬૦ થી ૧૨૭૮ સુધી પોંહચી હતી.

ચીનીકામ જે મ્હોટી યોગ્યતાએ પોહોતું છે તે 'પીટંગસી' અને કોલીન' નામની બે ચોકસ મટોડીથી છે. ચીનની ખરી મટોડી કોલીનછે; અને તે ક્યાંગસીનાં સંસ્થાનમાં 'કિંગતેટસચીન' ના નામીચા કારખાનાઓના આસપાસના પ્રગણાઓમાં મળતી હોવાથી ત્યાં એનો ઉદ્યોગ વિશેષ ચાલે છે. આ મટોડીમાં માટી સાથે સીલીકા તથા ફટકી ઉપરાંત મેગૅનિસ્યા, પોટૅાશ અને સોડા નામના ખાર તથા લોહડાનો ભાગ મિશ્ર થએલો હોયછે. આ મટોડીને ચીનાઓ ચીનીકામનો અ ક કહેછે.

મુખ્ય કરી આ મટોડી જૂદી જૂદી જાતનાં પથ્થર પીટુનતજી અને 'કાઓલી'માંથી બને છે. તેમાં પીટુનતજીનો રંગ લીલો ત્યારે બીજાનો રંગ સફેદ હોય છે. આ પથરાનો બારીક ભૂકો કરી તેને લાહી જેવો બનાવી પછી તેને એકરસ કરી વાસણ ઘડવા લાયક ગુંદીને લોચા બનાવી ચરખ પર તેના વાસણ બનાવે છે. અને તેને વિંધણા વડે સાફ કરી, સુકવી ઘાટ ઘડી 'પીહઇઉ' નામે એક પ્રકારનું સફેદ તેલ ચોપડે છે, તેથી તે સફાઈમાં વધેછે, પછી તેનીપર તર્હેવાર રંગ ચઢાવી તેની બનાવટમાં કેટલીક છુપી મેલવણીઓ મેળવી તેને ભઠ્ઠીમાં ભૂંજેછે.

ભઠ્ઠીઓ ઇંટ તથા ચીનીકામનીજ બનાવે છે. તેમાં માહેથી ૪ બકારાં હોયછે. આ ભઠ્ઠીઓ બે વાર ઉંચી અને ચૌદ વાર પોહળી હોય છે. તેના મથાળા ઉપર પણ કેટલાક બકોરાં હોય છે.

ચીનીકામના વાસણ બનાવતાં ઘણીજ ચોકસ કારીગરીથી તેને ભઠ્ઠીમાં પકાવતી વેળા સંભાળ લેવી પડે છે. કારણકે અગ્નિ વધારે લાગતાં તે એકરસ થઈ જાય છે, તેથી તેને માફકસર ગર્મી આપવામાં ચતૂરાઇ વાપરવી પડે છે. એનો મ્હોટો વેપાર ક્યાંગસી સંસ્થાન

ના 'ક્યાંચુપૂ' પ્રગણામાં 'ફીંગટીચીંગ' શેહેરમાં હોવાથી ત્યાં ઉત્તમ તર્હેવાર જાતનું ચીનીકામ બનેછે.

ફીંગટીચીંગ (ફીંગતેટસચી)ના શેહેરમાં ઇ. સ. ૫૮૦માં સંખ્યાબંધ ચીનીકામના કારખાનાઓ હતાં. ૧૮મી સદીમાં ત્યાં ૩૦૦૦ ભઠ્ઠીઓ એ કામ કરતી હતી. પણ 'ટાઇ પીંગના' સમયમાં એ શેહેરના ઉદ્યોગને ઘણી હાની પોંહચી હતી. ચીનાઓને હાથે બનતાં ચીનીકામ ઉપર તર્હેવાર ચિતારો દોરેલાં હોય છે. તેમના ચિત્રોમાં રાક્ષસી સાંપ, સિંહ, ચટાપટાવાલું હરણ, બળદ, સવાર, પક્ષીઓ વગેરે જણાય છે.

**જેપાનમાં** ચીનીકામનો હુન્નર ઇ. સ. પૂર્વે ૨૭માં દાખલ થયો હતો. તેમજ તે દેશમાં ચીનીકામની ખીલવણી માટે એક મ્હોટું ખાતું ઇ. સ. ૭૨૦માં સ્થાપવામાં આવ્યું હતું. ૧૩ મી સદીમાં થોડાક જેપાનીજ કુંભારો આ હુન્નર પૂર્ણપણે હાંસલ કરવા ચીન તરફ ગયા હતા, અને ત્યાંથી શીખી આવી પોતાના દેશમાં આ હુન્નરને હદબહાર ખીલવ્યો હતો. જેપાનમાં 'સેટ સુમાતુ' કારખાનું એજ નામના એક બળવંત શાહાજાદાએ સ્થાપ્યું હતું. તેનું મથક 'કયોટો' માં હતું. તે વેળા પિળા રંગના ચિત્ર વિચિત્ર તર્હાંના ચીનીકામનાં અતી કિમતી નમુના બનાવવામાં આવતા હતા. જેપાનમાં આ હુન્નરને એટલો તો ખીલવ્યો હતો કે ચીનીકામના જેવી જલેહ તે લોકો લાકડાપર તથા બાંબુના ડાબડા ઉપર પણ આપી શકતા. જેપાનમાં 'કાગા' ખાતેના કારખાનામાં બનતું ઝલકાટમંદ ચીનીકામ પણ દુનિયામાં ઘણું જાણીતું છે. જેપાનીજ ચીનીકામ ઉપર ફળફુલ અને સ્ત્રીઓનાં સુંદર ચિત્રો ઝાઝાં જણાય છે. જેપાનીજ કામ માટે જાણીતાં શેહેરો નીચલાં છે—એરિટા, ઇમારી, ઓવારી પ્રાંત, સિટો, કાગા, મિનો, કયોટો વગેરે.

**ઇરાનમાં** ચીનીકામનાં વાસણો પુરાતમ ઇરાની પાદશાહોનો સંબંધ ચીન સાથે જોડાતાં જણાયો હતો, પણ આ હુન્નર બનાવવાનાં કારખાનાં ૧૨ મી સદીમાં દાખલ થયાં હતાં. ઇરાનમાં ચીનીકામ સુંદરતામાં ચીનીકામની આબેહુબ નકલ કરેછે, અને તેઓ કોડીના રંગનાં નળીયાં વટીક બનાવી શકેછે.

ચીન દેશનું કોડીકામ છેક પુરાતમ જમાનાથી બીજા દેશોમાં જતું હતું. તે લાં સુધી કે ઇજીપ્તમાં પણ તેની હસ્તી માલમ પડે છે. રોસેલીની, વિલકિન્સન વગેરેની શોધો ઉપરથી થીબસ ખાતેની અસલી કબરો માહેથી ચીનાઇ બર્નિઓ ઉપર ચીનાઇ ભાષામાં લેખો સુધાં મળી આવ્યાં છે. જે બર્નિઓ ચીનથી હિંદુસ્તાન માર્ગે મીસર ગએલી ધારવામાં આવેછે.

કુંભારના ધંધા વિશે ખ્રિસ્તીઓના બાઇબલ વગેરે ગ્રંથોમાં પુરતી નોંધ મળે છે. હોમર જેવા કવિરાજે કુંભારની સેફતમાં ગાયન જોડયું છે. થીબસ તથા બેનિહસનની ઇજીપશિયન કબરોમાંથી વાસણ બનાવવના પેહેલેથી છેલ્લે સુધીનાં ચીની કામનાં ચિત્રો મળી આવ્યાં છે. જે ચિત્રો લગભગ ૩૮૫૦ વર્ષ ઉપરનાં છે. હિરૉડોટસ પણ આ હુન્નર કામની નોંધ લેતાં "હોમર કવિએ 'ભઠ્ઠી' નામની એક કવિતા જોડેલી જણાવેછે" અને તે કવિતાના બદલામાં સુંદર વૉઝ મેળવ્યું હતું.

પ્રાચીન કાળમાં ઘણા દેશો મધે મુડદાંઓની સાથે કુજા, પિગદાણી, બર્નિ વગેરે સામાન દાટવાનો રેવાજ ચાલુ હતો. 'કેમ્પેનિઆ ખાતે શોધી કહાડેલી એવી કબરોનો અહેવાલ 'આબીમેજોલો' આપેછે, તેમાં ઘણી જાણવા જોગ બીના મળે છે. તે કબરોમાં માનસોનાં કાલબુદ સાથે કોડીકામના વાસણો મલ્યાં હતાં. જર્મની, ઇટલી ફ્રાન્સ વગેરેમાં પુરાણી કબરોમાંથી જ્યારે કસાં મુર્દાં મશ્યાં નથી, ત્યારે તેમની સાથે દાટેલા કુજા કીટલી, પિગદાની વગેરે વાસણો જેવી ને તેવીજ હાલતમાં રહેલાં મળી આવ્યાં છે.



સેકસની ખાતે ડ્રેસડનના સંગ્રહસ્થાનમાં છેક ઇ. સ. ૧૪૦૦ ના સાલનું ચીનીકામ જોવા મળેલું છે. ચીનાઓએ એકથી બે હજાર વર્ષપર જે રંગરૂપનાં કોડીકામ બનાવ્યાં હતાં તેવાંજ તેઓ આજે પણ બનાવે છે.

ઇ. સનની ૧૩મી સદીમાં એક યૂરપીયન મુસાફર 'માર્કોપોલો' ચીનમાં જઇ ચીનીકામના કારખાનાઓની મુલાકાત લેવામાં ફતેહમંદ થયો હતો. ૧૪૭૭ માં ઇજીપ્તના સુલતાને 'લોરેન્ઝોડીમેડીકા' ને એક ચીનાઇ વૉઝ માનની ઇધાણીમાં ભેટ તરીકે આપ્યો હતો, કે જે 'વૉઝ' યૂરપમાં પેહેલવેહલો જણાયલો ગણાય. યૂરપમાં પૂર્વ દેશ તરફથી પ્રથમ ચીનીકામનાં વાસણ લાવનાર પોર્ટુગીજો હતા; અને તે પછી ડચ તથા ઇસ્તઇંડિયા કંપની સ્થાપન થતાં એ જાતનાં વાસણો યૂરપમાં વધારે આવવા માંડયા હતા.

એક તવારીખમાં રહેલી નોંધ ઉપરથી જણાયછે કે **વેનીસમાં**—ઇ૦ સ૦ ૧૪૭૦ માં ચીનીકામ બનાવવાની શરૂઆત થઇ હતી. ટયૂસનીનો ગ્રાંડ ડયૂક બીજો ફ્રાન્સીસ ડી મેડીકાએ ઇ૦ સ૦ ૧૫૮૦ માં આ હુન્નરનું કારખાનું કાઢયું હતું. પણ ૧૫૮૭ માં તેનાં મરણ સાથે કારખાનું બંધ પડયું હતું. તે પછી ૧૬૯૩ માં ફ્રાન્સના સેંટ કલાઉડમાં ચીનાઇ કામનું એક કારખાનું સ્થાપન થયું હતું. ૧૭૫૬ માં સરવિયામાં આ હુન્નર દાખલ થયો અને ૧૭૬૦ થી એ ગમે તે વેપારી બનાવી શકે એવી છુટ મળી. સખત જાતનું ચીનીકામ પ્રથમ ૧૭૬૪ ના સરવિયા ખાતે બનાવવામાં આવ્યું હતું.

**યૂરપમાં** આ હુન્નર લગભગ ૩૦૦ વર્ષ થયાં દાખલ થયો છે. તો જો કે તે આગમજ એક બે સદીવેર જૂદા જૂદા હુન્નરમંદોએ તેની શોધ પાછળ તન મન ધન અર્પણ કરી જે જે વિપત્તિઓ વેઠીછે—તેની તવારીખ જાણવા જોગ છે. યૂરપીયન કારીગરોને આ હુન્નર શોધી કાઢતાં જે અડચણો ભોગવવી પડી છે તે પછી ફતેહ મેળવતાં ચીનીકામમાં ચીનાઓ કરતાં વધુ શ્રેષ્ટતા પામ્યા છે.

મટોડીનાં વાસણ બનાવી તેનીપર રોગાન જેવું ચળકતું પડ કરવાની અથવા કોડી કામ બનાવવાની પેહેલવેહેલી કોશેસ યૂરપમાં સ્પેનના વિજયી મૂર અથવા મુસલમાનોએ કરી હતી. ત્યાંથી ભૂમધ્ય સમુદ્રમાં મેજારકાના ટાપુ ઉપર તેઓએ કુંભારોનું મ્હોટું કારખાનું સ્થાપ્યું હતું, જ્યાં અતી કિમતી તે સુંદર માલ બનતો, તે ઉપરથી તેને 'મેજાલિકાવેર' એવું નામ આપવામાં આવ્યું; અને તમામ યૂરોપમાં આ મટોડીપર ઝલેહ આપેલા કોડીકામની ઘણી નવાઇ ગણાવા માંડી. જ્યારે ટીટલીએ મેજાલીકાપર ચડાઇ કરી મુસલમાનોને હરાવ્યા ત્યારે તેમના બનાવેલા આ વાસણો ઇટલી આણી ત્યાંના દેવળમાં હારેદોર નવાઇ તરીકે લટકાવ્યાં.

**ઇટલીમાં** આ જાતનો હુન્નર ખીલવનાર 'લ્યૂકા રાબિયો' નામે એક કારીગર હતો. રાબિયોનો જન્મ ઇ. સ. ૧૩૮૮ માં થયો, ને મરણ ૧૪૩૦ માં પામ્યો. તે ઇટલીના કુંભારોના સરદાર તરીકેની નામના પામી ગયો છે. તેના મોતબાદ તેના વંશજોએ ૧૫૦ વર્ષ સુધી આ હુન્નર પોતાનાજ કુટુંબમાં જાળવી રાખ્યો હતો. રાબિયોને જોકે 'કાલિન' નામની મટોડીની મેલવણી માલમ નહોતી તોય તે પોતે બનાવેલા વાસણમાં ફટકી અને લોહું વગેરેના મિશ્રણવાલી માટી વાપરતો હતો. તે પુતલાં, ચિતારો, તખતા, મિનારા એવા ઘેરસણગારના રંગબેરંગી ઇનેમલથી સુશોભિત બનાવેલી ચીજો બનાવતો હતો. આ 'મેજાલીકા વેર' ઇ૦ સ૦ ૧૫૪૦ થી ૧૫૬૦ વેર ઘણું વખણાયું; અને તે વેળા મ્હોટા મ્હોટા રાજાઓ ટેબલના સેટ એનાજ ભેટ આપવા લાગ્યા. આ ધંધો અમીર ઉમરાવોનાજ આશ્રયથી પગભર થયો હતો, પણ તેમનો ટેકો બંધ પડયો કે, તુરત આ ધંધો પણ પડી ભાગો. આ ધંધો પડી ભાગો તેજ સુમારમાં ચીનીકામની શોધ યૂરપમાં દાખલ થઇ.

યૂરપમાં ચીનીકામ દાખલ થવા આગમજ ૧૦ વર્ષ ઉપર જાણીતા બર્નાડ પાલીસી'નો જન્મ ફ્રાન્સમાં થયો. તે રંગવાનો ધંધો કરતો હતો. પોતાની ૨૦ વર્ષની વયે એક ભાગેલું કોડીકામનું પ્યાલું જોઇ તેવું પોતે બનાવવાનું તેને ઇચ્છા થઈ, પણ તે કુંભાર-કામથી તદન અંજાણો હોવાથી ચોકસ શોધ ઉતાવળે કરી શક્યો નહિ. તેણે ચીનીકામના ભાગેલા તુટેલા વાસણો મેળવી તે કેમ બની શકશે તેના તર્હેવાર નૂસ્કા લખી કાઢયા, અને તે અજમાવી જોવા ભઠ્ઠી પાસે રાત દિવસ ચાલુ કામ કરવા માંડ્યું, પણ તેમાં પોતાની તમામ પુંજી ખુવાર કરી ચુકો તોય ફતેહ પામ્યો નહિ. સેવટે એટલી તો બતંગ હાલતમાં આવી પડયો કે બાઇડી બચ્ચાંને ખાવા પીવાના તથા પેહેરવાનાં કપડાં વટીક મળવા મુશકેલી પડી. પણ ૬ વર્ષની સખત મેહેનત પછી 'સફેદ ઇનામલ' ની શોધ કરી, તથા ૧૫ વર્ષે પુરી ફતેહ મેળવીને એટલી તો નામના પામ્યો કે પાદશાહો તથા અમીરો તેને આશ્રય આપવા લાગા. પારિસના નામીચા 'ટુલીઅરી'ના મેહેલમાં સણગારવાનું કામ તેને સોંપ્યું. પેલૅસીએ તે વેળા કોડીના છાપ, મોહોર, સિક્કા, ચાન, પ્યાલાંરકાબી, સીસી, બરણી વગેરે તર્હેવાર ચીજો બનાવી હતી. પાલીસી વિદ્વાન અને હૂન્નરમંદ હોવાથી તેણે પોતાના હૂન્નર સંબધી સારાં ગ્રંથો રચ્યાં છે. વળી તે ઘણો ધર્મ ચુસ્ત હતો આથી તે વેળાનાં યૂરપમાં જે 'રેફરમેશન' યાને ધર્મ સંબંધી સુધારાની લઢાઇ શરૂ થઇ તેમાં નવી સુધરેલી પ્રજામાં એ પણ મળેલો હોવાથી ફ્રેન્ચ રાજાએ એને બાસ્ટીલનાં કિલ્લામાં પુરી, જુના મતને વળગી રહેવા સમજાવ્યો છતાં, એ સુધારાનેજ વળગી રહેવાથી બંદીખાનામાંજ દુઃખ વેઠી મરણ પામ્યો હતો.

ઉપલા વખતે ઈંગલંડમાં કુંભાર તથા કોડીકામ ઉપર કશું ધ્યાન આપવામાં આવ્યું નહોતું, પણ ૧૭ મી સદીની અધ-વચ્ચે શેફર્ડશાયર પ્રગણામાંના 'બર્સલમ' નામના ગામમાં ચીકણી મતોડીની શોધ થઈ ને તે ત્યાં મળી આવી.

ફ્રાન્સ, ઇટલી અને જર્મનીમાં રાતી મટોડી વપરાતી હતી, પણ આ વેળા ચીકણી મટોડી મળી આવતાં તેપર અપારદર્શક રોગાન ચઢાવી શકવાની શોધ થઇ. ૧૬૮૦માં બર્સલમના મ્હોટા કુંભારો 'પામર' અને 'બાગનલ'ના બબરચીખાનામાં ખાણું પકાવતાં દર્યાઇ નિમકના બાફથી મટોડીનાં વાસણ ઉપર એક રોગાનનું પડ ચઢ્યું. તે વખતથી કુંભારના કામમાં દર્યાઇ નિમકનો ખપ જાગ્યો અને કોડી કામમાં નવો સુધારો થયો.

જર્મનીથી તે પછી એલર્સ નામના બે કુંભાર ભાઇઓએ બર્સલમમાં જઇ બીજી એક જાતની ઉંચી મટોડી શોધી કહાડી, ત્યાં ભઠ્ઠીઓ બાંધી પોતાના હૂન્નરમાં મદદ કરવા તદન ગમાર ખેડુતો તથા બેવકુફ રખડતાઓને રોકયા; જેથી તેઓનાં કારખાનાનો છુપો ભેદ જાહેર નહિ કરી શકે એવી તેમની જે નેમ હતી તે ફળી. પણ તેમની શોધની ખુબી જાહેરમાં આવતાં 'ટવાઇફર્ડ' નામે એક ચંચળ કારીગર બેવકુફાઇનો ઢોંગ કરી ત્યાં શિખવા માટે રહ્યો, પણ તે ઝાઝું કાંઇ કરી શકયો નહિ; પણ એક ઈંગ્રેજ 'આસ્ટબરી' જન્મથી મુરખ હોય તેવાં ઢોંગ કરી તે કાર-ખાનામાં રહી સર્વે કામ શીખી તેની નોંધ કરી, અને સ્વતંત્ર ધંધો કરવા માંડયો. આથી અલર્સ બિરાદરો નાસીપાસ થઇ લંડન જઈ આજના 'એલ્ચી'નાં ગંજાવર કારખાનાનો પાયો નાખ્યો. ને આસ્ટબરીના વંશજોએ પોતાના ગામમાં આ હૂન્નર વધારે ખીલવ્યો.

**ઈંગલંડમાં** કુંભારોનાં શાહાજાદા તરીકે 'વિડજવુડ' જાણીતો થઈ ગયો છે. તે 'બર્લેમ' નાં કુંભારનો બેટો હતો, અને તે ૧૧ વર્ષની વયથી નિશાળ છોડી કુંભારનો ધંધો કરવા લાગો હતો. તેણે મલાઇના રંગની કોડી બનાવવા માંડી, અને તે દેશમાં ઘણીજ



જાણીતી થઇ કિમતી ગણાઇ. ૩ જા જ્યૉર્જના રાજાની રાણીએ તેને ખાસ આશ્રય આપ-વાથી તેના બરની બનાવેલી ચીજોને 'કુઇ-ન્સવેર' નામ પડ્યું. આ વેડજવુડ એજ ધંધામાં એટલો તો દોલતમંદ થયો કે 'ટ્રેન્ટ' તથા 'મર્સી' પ્રાંત વચ્ચેની એક નેહેર ૧૭ વર્ષે બંધાવી આપી હતી. એ હૂન્નરમંદ વિદ્વાનોનો મુરબ્બી હતો. તેણે જ્યારે કોલ્ડરીજ કવિને ગરીબાઈથી કંટાળી પાદ્રીનો ધંધો સ્વિકારતાં જાણ્યો ત્યારે તેને રૂ. ૧૫૦૦ નું પેનશન આપતું કર્યું. અને કવિતા જોડવાનાજ ધંધામાં રોકયો હતો. તે સમયે વેડજવુડે કોડી કામની સુંદરતામાં વધારો કરી તમામ યૂરપમાં ઇંગલીશ કોડી-કામનો પ્રસાર કર્યો.

ઉપલી અનેક ફતેહો મેળવ્યા છતાં 'કોલીન' નામની મટોડીની કોઇ શોધ કરી શક્યું નહિ. આથી ચીનમાં વસ્તા એક મિશનરી 'એનટ્રાકલ્સે' ચીનાઇ મટોડીના નમુના ચીનથી આણવાની ઘણી કોશેસ કરી, છતાં તેમાં તે ફાવ્યો નહિ. પણ જે કોશેસથી નહિ બન્યું તેની શોધ અકસ્મા-તિક રીતે થઇ. અને ચીની કામ ખરી રીત મુજબ યૂરપમાં બનવા લાગ્યું.

**જર્મનીમાં** ૧૬૮૨માં ફ્રેડરીક 'બૉટજર'નો જન્મ થયો. તેને પોતાના પિતા જેવો કિમીયાનો લખ હતો, અને તેથી તે સોનુ બનાવનાર તરીકે જાણીતો થયો. પણ પૃશિયાના રાજા ૧ લા ફ્રેડરિકની બિહિકથી તે સેક-સની ગયો, પણ ત્યાંના રાજાએ તેને નજર-કેદ રાખી પોતા માટે સોનું બનાવવા કહ્યું; પણ સેવટે રાજાએ તથા એણે કિમીયામાં કશો ફાયદો નહિ જોઇ, ચીનાઇ કોડી કામમાં સુધારો કરવાપર રાજાના એક ખાસ કારીગર 'વાલ્ટર શચેરન્હસ'ની સાથે એને પણ કેદમાં રાખ્યો; જયા બેઉ જણાએ ચીનીકામમાં સુધારો કરવાપર રાજ્યનાં ખર્ચે રાત દિવસ લક્ષ આપવા માંડયું. એક દિવસે અકસમાતથી પાઉડરને જગે વપરાતી 'આઉ' નામના ગામમાં મળતી ચળકતી મટોડી (**કોલીન**) બાટજરના જોવામાં આવી. અને બાટજરે તેપર લક્ષ પોંહચાડી તેને કોડીકામમાં વાપરી જોતાં જાણીતા ચીનીકામની બરાબર તેના બનાવેલા વાસણો બન્યા. આથી યૂરપમાં જબરી હોહા થઇ. આ શોધ આગમજ ૧૧ વર્ષ પર, વાલ્ટર મરણ પામેલો હોવાથી આ સર્વે શોધનું માન બાટજરને મળ્યું, અને તે આથી એટલો તો તવંગર થયો કે લંપટબાજીમાં પડી ૩૫ વર્ષની ટુંક વયે મરણ પામ્યો. તે પછી રાજાએ ડ્રેસડનમાં એક મ્હોટુ કારખાનું સ્થાપી આબેહૂબ ચીનીકામ બનાવવા માંડ્યું. આગળ સેકસનીમાંથી સફેદ મટોડી પરદેશ જતી હતી પણ આ શોધ થતાં રાજાએ તે સખત કાયદાથી બંધ કરી છુપાછુપ તેને પીપમાં ભરી લશકરી પોહરા તળે કારખાનામાં આણી તેવડે ચીનીકામ બનાવતા. આ કારખાનામાં કામ કરતા કારીગરોને સખત સોગંદથી બાંધી લઈ ભેદ જાહેર કરવાની મનાઈ હતી તથા કારખાના આસપાસ પાણીની ચર હોઇ તેપર ઉચકમુક કરવાનો પુલ ઉઠાવી લેતા, આથી કોઈ આવજાવ કરી શકતું નહિ, પણ પાછળથી કારીગરોએ આ સોગંદ સેવટ વેર નહિ પાળતાં પરદેશ નહાશી જઇ સર્વે ભેદ જાહેર કર્યો.

ફ્રાન્સમાં સીવરેનું કારખાનું ૧૬૯૫ માં નિકળ્યું પણ ૧૭૬૮ માં ફ્રેન્ચોએ કોલીનનો ભેદ જાણી ૧૮૦૪ પછી કોલીનનાં ખરાં વાસણો બનાવવા માંડ્યા.

ઈંગલંડમાં કોલીન મુખ્ય કરી કાર્નવાલમાં મળેછે અને ત્યાં પણ આ હૂન્નર ફ્રાન્સમાં શરૂ થવા સાથેજ જાણીતો થયો હતો.

હાલમાં ચીનાઇ કોડીકામનો હુન્નર બેહદ વધવા સાથે ખિલ્યો છે, અને તેના તર્હેવાર વાસનો, મોજ શોખની ચીજો, ફરનીચર અને અનેક ચીજો બનાવવામાં આવે છે.

ફકત ઇંગલંડ દેશમાંજ દર વર્ષે ૫ થી ૬ કરોડનું કોડીકામ બને છે. અને તેપર ઝલેહ આપવાનું સુન્નું ૧૦ થી ૧૨ લાખનું ખપે છે.

કોડીકામમાં કોલીન, ગાર અને ટંકણખાર એ મુખ્ય ભેળ હોય છે. યૂરપમાં બનતી કોડીકામમાં ડેવનશાયરથી કોલીન, કેંટથી ગાર, અને નાર્વેથી તથા સેકસનીથી ટંકણખાર લાવવામાં આવે છે. એનું વાસણ છ જાતની ક્રિયા થયાપછી બને છે. પ્રથમ મટોડીને એક મિશ્ર કરે છે, પછી તેની બનાવટ ઘડી ભૂંજે છે, પછી તેને છાપે છે અને તે પછી તેને પાલીશ કરી તેપર ઢોળ ચઢાવી તૈઆર કરે છે.

હાલની નવી રીત મુજબ ચીની કામના વાસણ સર્વે ભૂંજાઇ રહેતાં તેમના ઉપર રોગાન ચઢાવવાનું કામ બાકી રહે છે. પણ તે આગમજ જે વાસણો ઉપર રંગીન ચિત્રો પાડવાનાં હોય તે કામ હાથમાં લેવામાં આવે છે. આ ચિત્રો પાડવાની રીત નવાઇ સરખી પણ સેહેલી છે. જોઇતા રંગની સાથે બીજી વસ્તૂઓને મિશ્રં કરી તે વડે પાતળાં કાગળ ઉપર ચિત્રો પાડવામાં આવે છે; તે કાગળોને ભૂંજેલા વાસણો ઉપર જોઇતી જગ્યાએ મેળીને વળગાવી દેવામાં આવે છે. એમ કરવાથી ચિત્રો વાસણની સપાટી ઉપર પડે છે અને તે બાદ તેની ઉપરથી કાગળને કહાડી નાખવામાં આવે છે- ચિત્રો બીજી ચીજ ઉપર ઓગળીને તેની ઉપરના કાગળ કોરા આકારમાં પાછા નિકળી આવે એવાં ચિત્રનાં કાગળો અત્રે સાધારણ દુકાનો પર બચ્ચાંઓની રમતની ચીજ તરીકે વેચાય છે; તે જાણીતું છે. નિશાળના છોકરાઓ એવાં ચિત્રો વેચાતાં લઇને પોતાની શીખવાની ચોપડીઓનાં કોરા ભાગ ઉપર તે પાડી લેવામાં રમત સાધારણ રીતે કરે છે; એવીજ રીતે પ્યાલા રકાબી ઉપર ચિત્રો પાડવાનું કામ હાલમાં યૂરપમાં ચાલે છે. આ ચિત્રોનો રંગ એવો તો મજબુત બનાવવામાં આવે છે કે તે રોગાન વગેરેનાં રસથી પિગળતો નથી, તેમજ તાપ લાગવાથી બગડતો નથી.

ચિત્રો આ મુજબ કાઢીયા પછી વાસણો ઉપર રોગાનનો રસ લગાડવામાં આવેછે. એ રોગાન જેને ઈંગ્રેજીમાં 'એનેમલ' કહે છે તે ઘણુંક જાતનાં થાયછે, અને તે ચીનીકામના વાસણો ઉપરાંત લોખંડનાં વાસણો અને જમીન ઉપર અથવા ભિંતોમાં જડવાની રંગીન લાદીઓ, જેને ઈંગ્રેજીમાં 'ટાઇલ્સ' કહેછે તેમનાં ઉપર તથા માટીની બરણીઓ, નળો વગેરે ઉપર પણ ચહડાવવામાં આવેછે. લાકડાં ઉપર મારવાનું રોગાન લાખની જાતના પદાર્થોને 'સ્પીરીટ ઑવ વાઇન' અથવા જલ્લદ દારૂમાં કે તરપેનટાઇનમાં બોળી રાખી પિગળાવીને બનાવવામાં આવેછે પણ ચીનનાં માટીનાં તથા લોખંડનાં વાસનો ઉપર રોગાનની બનાવટ જૂદીજ રીતે કરવામાં આવે છે. તે બનાવવાને ગર્મીથી પિગળી જાય એવા પથ્થર તથા રેતી અને ખારને કામમાં લેવામાં આવે છે. એ મેલવણીઓ કાચ બનાવવાની મેલવણીને મળતી હોય છે. જોઇતી વસ્તુઓની મેલવણી કરીને તે વાસણો વગેરેની ઉપર લગાડવામાં આવે છે અને પછી તેમને મોટા વાસણોમાં મુકીને ફરીથી મ્હોટા તાપવાલી ભઠ્ઠીમાં મેળી ભૂંજે છે. તેમાં તે મિશ્રણો તવાઇને વ સણો ઉપર ચોંહોંટી જાય છે અને તેમને સુધારો તથા ચળકતો આકાર આપે છે. ચીની કોડી કામને વાસ્તે મુખ્ય કરીને સીસાંનો ખાર તથા નીમકની મેલવણી કરીને વાસણો ઉપર લગાડવામાં આવેછે, અને ઉપર જણાવ્યા મુજબ તેમને ભઠ્ઠીમાં ભરીને ભુંજવાથી તેઓ ઉપર રોગાન ચહડે છે.

ચીનમાં ચીની કોડી કામનો ટેબલ સેટ ૨૭૦ જૂદા જૂદા વાસણનો ૧૨ થી ૭૫ ટેલમાં મળે છે. નાસ્તાનો સેટ ૨૦ જૂદા જૂદા વાસણનો ૩ ટેલમાં. ટી સેટ ૧૦૧ જૂદા જૂદા વાસણનો ૧૧ થી ૧૩૧ ટેલમાં. નાહનો ટી સેટ ૪૬ કટકાનો ૫ થી ૬ ટેલમાં.

ઓ-મી-યૂ યાને કાળા રંગનું ચીનાઇ કોડી કામ, ચીનમાં ભારે કિંમતે વેચાય છે. આ કાળા રંગના કોડી કામ ઉપર સોનેરી ગીલીટ ચઢાવેલું હોય છે.



**ચીપમંક**—આ પ્રાણી ઉત્તર અમેરિકાનાં જંગલો તથા ખેતરોમાં વસેછે. એ નોળીયાના આકારનું હોઈ તે જમીનમાં દર કરી વસે છે. આ પ્રાણી કોપરૂં, બીયાં અને કઠણ ધાન્યનું ભારે શોખીન છે. એઓ ઘણી વેળા મકાઇ અથવા ઘઉંના ખેતર પર હરોરો પાડી પાકનો નાશ કરે છે.

**ચીપલુણ**—રતનાગીરિ જીલ્લામાંનો એક ભાગ. ક્ષેત્રફળ ૫૬૭૦ ચોરસ મૈલ છે. તેમાં ૧ શહેર તથા ૨૧૧ ગામડા છે. લોક વસ્તી ૧,૬૮,૯૨૧ ની ૧૮૮૧માં હતી. શાસ્ત્રી નદી આ દેશની દક્ષિણમાં વહે છે. એનું ખેતીવાડી માટે રોકાયલો ભાગ ૨૯૮૫૭૬ એકરના છે. તેમાં ધાન્ય માટે ૨૮૦૨૭૧ એકર જગા રોકાયલી છે. તેમાં કઠોળ માટે ૧૨૬૭૨ એકર, તેલી બીયાં માટે ૨૦૦૦ એકર, રેસા માટે ૫૨૩ એકર અને છોડો માટે ૧૧૦૭ એકર જમીન રોકાયલી છે.

**ચીપવે ઇંડીયન્સ**—અલગોન કવિન પંથના અમેરિકન ઇંડીયનોનો એક ટોળો. આ પ્રજા 'મીનનેસોટા'ની ઉત્તરે તથા કેનેડા તરફ વસે છે.

**ચીપિંગ નૉર્ટન**—ઉત્તર ઑકસફર્ડશાયરનું એક પરૂં. લંડનથી ઉત્તર પશ્ચિમે ૮૫ મૈલ ઉપર છે. ત્યાં ઉન, હાથમોજાં વગેરેનાં કારખાનાં છે. લોક વસ્તી ૪૨૨૨ ની છે.

**ચીફ ચીફ**—આ અતી સુંદર હલકવાલાં પક્ષીઓ દક્ષિણ યૂરપ અને બ્રિટન તરફ વસંતઋતૂમાં આવે છે; પણ સ્કૉટલંડમાં જણાતાં નથી. એ રંગે ભૂરા અને પેટ તરફ ઝાંખા સફેદ રંગનાં હોય છે.

**ચીભડું**—એનાં વેલા સૂરત, ગુજરાત વગેરે દેશોમાં થાય છે. એની ગોળ અને લાંબી એવી બે જાત છે. પાકેલાં ચીભડાં ખાવાના ઉપયોગમાં આવે છે. એ રંગે લીલા પણ ઉપર કાપ હોય છે. ચીભડાં માગસર અને પોષ માસમાં પાકે છે. દખણ તરફનાં લોકો એને 'વાળક' કહે છે. એ કુમળાં હોયછે ત્યારે ગુજરાતમાં તેને 'આરિયાં' કહે છે. આ વાતુલ છે પણ તંબાકુ પીનારને હિતાવ છે.

**ચીમની**—ચુહલા અથવા મુખ્ય કરી કારખાનાનાં એનજીનની ભઠ્ઠી તથા દરેક યંત્રની ભઠ્ઠીમાં સળગતા અગ્નિનો ધુમાડો ગૅસ વગેરે હવામાં કહાડી નાખવા માટે ચીમની રાખવામાં આવે છે. તેમજ જ્યાં કુદ્રતી ડ્રાફ્ટ ઉપર બળતણ બાળવાનો આધાર હોય ત્યાં તે ડ્રાફ્ટ ઉત્પન્ન કરવામાં મદદ કરવા માટે ચીમનીની ચોક્કસ ઉંચાઇ ખાસ રાખવામાં આવે છે. લોકો મોટિ અથવા આગગાડીના પોરટેબલ અથવા લાવલઇજાવ થઇ શકે તેવાં અને બીજા 'નૉનકન ડેન્સીંગ' એન્જીનોમાં 'એકઝોસ્ટ' થએલી 'સ્ટીમ' એક જેટ (Jet) મારફતે ચીમનીની અંદર ખાલી કરવામાં આવેછે, જેથી ડ્રાફ્ટ ઉતપન્ન થાય છે. માટે એવાં એનજીનોનાં બૉઇલરો માટે ઉંચી ચીમની બાંધવાની જરૂર નથી. એવી રીતે સ્ટીમ ઉત્પન્ન કરનારાં મોટા કારખાનાઓ કે જેઓમાં 'ફોરસ્ડ' અથવા ઇન્ડયુસ્ડ ડ્રાફ્ટ વપરાતો હોય ત્યાં પણ ઉચા ચીમનીઓ બાંધવાની જરૂર નથી.

મોટી મીલો અને કારખાનાંઓ કે જેઓમાં એક 'કનડેન્સીંગ એન્જીન' માટે 'સ્તીમ' ઉત્પન્ન કરવા માટે કેટલાક 'બૉઇલરો વપરાતાં હોય ત્યાં ચીમની કેટલાક ફીટ ડાયેમેટરની અને ઘણી ઉંચી બાંધવામાં આવે છે. કેટલાક દાખલાઓમાં તો એ ઉંચાઇ ૨૦૦ ફીટથી પણ વધુ હોય છે, ચીમનીની ઉંચાઇ કેટલેક દરજ્જે સ્થાનિક કાયદાઓ ઉપર આધાર રાખે છે. જે કાયદાઓ આસપાસની હવા ખરાબ થતી અટકાવવા માટે બાંધવામાં આવેલા હોય છે.

**ચીમૂર**—મધ્ય હિંદુસ્તાનમાં ઉત્તર પશ્ચિમ ચંદ્રા જીલ્લામાંનું પ્રગણું. તેમાં ૧૫૮ ગામડાં છે. ક્ષેત્રફળ ૪૧૬ ચોરસ મૈલ છે. દક્ષિણ પૂર્વ ભાગ પર્વતો અને જંગલોથી ભરપૂર છે. મુખ્ય ઉત્પંતિ શેરડી, ચોખા, તેલનાં બિયાં, ઘઉં, રૂ, કઠોળ, જુઆરનો છે. એનું મુખ્ય

ગામ ચીમૂર સુતરાઉ કાપડના વેપાર માટે જાણીતું છે.

**ચીયાપસ**—મેકસિકોમાંનુ એક રાજ્ય. ગવાટેમાલા સાથે જોડાયલું છે. ક્ષેત્રફળ ૨૭૨૨૨ ચૌરસ મૈલ છે. લોક વસ્તી '૨૪૧૪૦૪' ની છે.

**ચીરઐાર**—એનાં ઝાડ હાથ દોઢ હાથ વધે છે. એ મૃગનક્ષત્રનો વસાદ પડતાં જંગલમાં અને પાહાડી જમીનમાં ચારે તરફ ઉગે છે. એ કોકણમાં ઘણા થાય છે. એને નાહનાં ફળો આવે છે, તે ખાટાં મિઠાં હોય છે.

**ચીરૂમર**—મલબાર પ્રાંતમાં વસ્તી એક પ્રજા. તેમની કુલે વસ્તી ૨૫૮૪૦૨ ની છે. આ પ્રજા ૩૯ ન્યાતો અને તડામાં વેંહેંચાયલી છે; આ પ્રજા પુરાણી દ્રવિડીયન ટોળાના વંશમાંથી ઉત્પન્ન થએલી છે. પુરાણા વખતમાં ચઢતી વર્ણના હિંદુઓ તેમને ગુલામ તરીકે પોતાને ત્યાં રાખતા હતા, અને હાલમાં તેઓ ઘણીજ ગરીબ સ્થિતિમાં વસે છે. એઓ શબને જમીનમાં દાટે છે, અને તેની મરણ ક્રિયા ૧૩ દિવસ વેર કરે છે. પેહેલે દહાડે તાડી પી અપવાસ પાળે છે, ને બીજે દિને ભાતની કાંજીથી અપવાસ છોડે છે. તેઓ મરણ પામેલાની કબર પાસે નૈવેધ મેળે છે ને પછી ભોજન લિયે છે.

**ચીલ્કા સરોવર**—ઓરિસાનાં પુરી જીલ્લામાં આ છાલ્કો ભૂમધ્ય સરોવર પુરીની દક્ષિણ પૂર્વે છે. એને 'બે ઑાવ બેંગાલ'થી ૨૦૦ યાર્ડ પોહળાઇનો એક રેતીનો પાટ જૂદો પાડે છે. એની પશ્ચિમે તથા દક્ષિણે ઉંચી ટેકડીઓ છે. આ સરોવર ૪૪ મૈલ લાંબો ને ઉત્તર તરફનો પોહળો ભાગ ૨૦ મૈલ, પણ દક્ષિણ તરફનો વળાનદાર ભાગ ૫ મૈલ પોહળો છે. એનું ક્ષેત્રફળ ૩૪૪ ચોરસ મૈલ છે. વર્સાદમાં એ ૪૫૦ ચોરસ મૈલ બને છે. એની ઉંડાઇ ૩૭૫ થી ૬ ફીટની છે. ડીસેંબરથી જુન સુધી આ સરોવરનું પાણી ખારૂં બની તેમાં મીઠું પાકે છે.

**ચીલનનો કિલ્લો**—સ્વિતઝરલૅંડમાં જીનોઆ સરોવર પાસે આ કિલ્લો છે. આ કિલ્લો સરોવરની બાજુમાંના એક ખડક ઉપર છે. તેની દેવાલો નક્કર ખડકની બનાવેલી છે. જીનોઆ સરોવર તથા કાંઠે ઉંચા ઉભેલા પર્વતની વચ્ચે આ ગંજાવર કિલ્લો ઉડાવેલો છે. તેને ફરતા ઉંચા મિનારા છે, તથા તેનો મજલો સરોવરના પાણીથી ૮ ફીટ ઉંચે છે. કિલ્લામાં ભોંયતળીએ ખડક કોતરી સાંકડા રસ્તામાં ગુફા રોકી ઓરડીઓ કોતરેલી છે. દરેક ઓરડા આરકાંદાર સ્થંભોથી બનેલા છે. અત્રેની એક ઓરડીમાં ફ્રાન્સીસ બોનિવર્ડને કેદ કરી જે સ્થંભ સાથે સાંકળ વડે તેને બાંધ્યો હતો, તે જગા હાલમાં મુસાફરોની નજરે પડે છે. આગળ અત્રે રાજદ્વારી બંધવાઓનેજ કેદ કરવામાં આવતા હતા. આગલા વખતમાં ગુન્હેગારોપર વાપરવામાં આવતી સખતીનાં તહેંવાર ઓજારો સાચવી રાખેલાં છે. આગળ આ કિલ્લો કેદખાનાં તરીકે વપરાતો હતો, પણ હાલમાં તે ચીલનના ગવરનરની કચેરી તરીકે વપરાય છે. આ કિલ્લો જોવા માટે અરધા ડૅાલરનો લવાજમ આપવો પડે છે.

**ચીલમબ્રમ**—દક્ષિણ આર્કાટમાં એજ નામના તાલુકાનું મુખ્ય શેહેર. કેદાલુરની દક્ષિણે છે. તેમાં વસ્તી ૧૯૮૩૭ની છે. તેમાં ૧૮૫૮૩ હિંદુ તથા ૧૧૫૪ મોહમેદન છે. અત્રે દીવાની, ફોજદારી કચેરીઓ તથા પોસ્ટ ઓફીસ અને બીજી સરકારી ઇમારતો છે. વસ્તીનો ૨૫ ટકા ભાગ વણકરનો છે. દર ડીસેંબર માસમાં ભરાતી જાત્રામાં ૫૦,૦૦૦ ૬૦૦૦૦ જાત્રાળુઓ આવે છે. આ શેહેર ૮ મી સદીથી ઇતિહાસ પ્રસિદ્ધ છે અને ૧૦મી તથા ૧૭ મી સદીમાં થઇ ગએલા ચોલ તથા ચેરા રાજાઓએ બાંધેલી ઇમારતો હાલમાં ૩૯ એકર જમીનમાં પુરાણી નિશાનો સાથે જણાય છે.

**ચીલ્લી**—દક્ષિણ અમેરિકામાંનું એક સ્વતંત્ર રાજ્ય. આ રાજ્ય પશ્ચિમ ભણી પીરૂ, બોલિવીયા અને 'અર્જેનટાઇન'ના કિનારા તરફ છે. આ રાજ્યનો લાંબો ભાગ એંડસ



પર્વત અને પેસીફિક ઓશનની વચ્ચે છે. બોલિવીયા તથા પીરૂ વચ્ચેની ૧૮૭૯–૮૧ ની લઢાઈ પછી ચીલ્લીનો કિનારો બદલાયલો છે. ચીલ્લીની જુમલે લંબાઈ ૨૫૦૦૦ ઈંગલીશ મૈલ અને પોહળાઇ ૪૦ થી ૨૦૦ મૈલની છે. એના ઉત્તર ભાગમાં અનેક છાલકા ઝરા વહેછે, પણ દક્ષિણ ભાગમાં નદી નાળાં વહાણ ખેડવા લાયકના છે. તેમજ દક્ષિણ ભાગમાં અનેક ઉંડા સરોવરો પણ છે. ખનીજ પાણીમાં ક્ષાર અને ગંધકના મિશ્રણવાલું પાણી છે. ચીલ્લીની આબો હવા જૂદા જૂદા ભાગમાં તહેંવારછે. ઉત્તર તરફની હવા ગરમ અને વર્સાદ થોડો પડે છે, દક્ષિણમાં ૮ માસ વેર સુકી હવા અને ૪ માસ વેર વર્સાદની મોસમ હોય છે. દક્ષિણ તરફની જમીન કઠણ હોવાથી ત્યાં માત્ર ખેતીવાડીનો ઉધોગ માહ મેહેનતે ચાલે છે. પણ ખીણોવાલી જમીન ઘાસ ચારા માટે અતી ફળદ્રુપ છે. એન્ડસ પર્વત હર હંમેશાં બરફથી ઢંકાયલો રહે છે. એનું સહુથી ઉંચું શિખર ૨૨૮૬૭ ફીટ છે. અને બીજા પહાડોની સરાસરી ઉંચાઇ ૮૦૦૦ ફીટની છે. તેમાં કેટલાક જવાલામૂખી પર્વતો પણ છે. આથી ચીલ્લીમાં અનેક વેળા ધર્તિકંપ થાય છે. ૧૮૩૨ માં ભયંકર ધર્તિકંપ થયા પછી ૧૮૩૫, ૧૮૬૮ અને ૧૮૭૫ માં એક પછી એક અનેક ધર્તિકંપ થયાથી ઘણી ખરાબી થઇ હતી.

૧૮૮૫ની ગણત્રી મુજબ ચીલ્લીની લોક વસ્તી ૨૫,૨૪,૪૭૬ ની હતી. ૧૮૯૩ માં ૨૮૬૭૩૭૫ ની હતી. એનું રાજ્યધાની શેહેર 'સાંટીઆગો'માં વસ્તી ૨,૫૦,૦૦૦ નીછે. ચીલ્લીની પ્રજા સ્પેનીશ અને એરૂકેનિયન ઈંડીયનોનાં મિશ્રણથી ઉત્પન્ન થએલીછે. ચીલ્લીમાં મુખ્ય ઉધોગ ત્રાંબુ, સાકર, ચામડું, દારૂ, સાબુ, મીણબત્તી, બીસકીટ, બુટ, ઉનનું કાપડ, મીણ, નાઇત્રેટનાં કારખાંનાંનો ચાલેછે.

અત્રેની પ્રજાનો મુખ્ય ધર્મ પંથ રોમન કેથોલિક છે. અત્રે કેલવણીપર ઘણું સારૂં લક્ષ પોંહચાડવામાં આવે છે. સેન્ટેગોમાં પેહેલા દરજ્જાની યુનિવ્હરસિટી છે. આ દેશની મુખ્યભાષા સ્પેનીશ છે, તેમાં ઈંડીયન શબ્દોનો ઘણો ભેળ છે.

મુખ્ય નિકાશ પદાર્થ–ઈંડીયન ત્રાંબુ, ચાંદી, સોનુ, મેંગેનીજ, ચામડું, ઉન, ઘઉં અને બાજરી છે. આયાત વેપાર રૂ, ઉન, સણનું કાપડ, લોઢું, હાર્ડ વેઅર, કોલસો, યંત્રો, તંબાકુ, ચોખા, સાકર, સીમીટ, કાગળ, બીર, કાચકામ, કેરોસીન, ચર્બી, મેચીસ, ચાહે અને કાફીનો ચાલે છે. આ દેશમાં ૧૭૫૦ મૈલ રેલ્વે લાઇન નખાયલી છે.

ચીલ્લીનું રાજ્ય સ્વતંત્ર હોઇ ૬ મુખ્ય પ્રધાનના ઉપરીપણા તળેની કૅાન્સીલથી રાજકારોબાર ચાલે છે. પાંચ સભાસદ પ્રેસીડંટ તરફથી અને ૬ કૅાગ્રેસ તરફનાં હોયછે. અને બીજા ૧૦૦ સભાસદો પ્રજા ચુંટણીનાં હોયછે.

**ચીલીંગવર્થ વિલ્યમ**—આ જાણીતો વાદવિવાદ કરનાર કુદ્રતી જ્ઞાનશાસ્ત્રીનો જન્મ ઑાકસફર્ડમાં ૧૬૦૨ માં થયો. એ સેંટ જોન કૅાલેજનો ફેલો હતો. ૧૬૧૮માં ટ્રીનિટી કૅાલેજનો ફેલો થયો. એને ૧૬૨૮ માં એજ કૅાલેજમાં ફેલોશિપ મળી હતી. એ કેથોલિક પંથને વળગી રહેવાના વિચારમાં હતો પણ એના ધર્મપિતા બીશપલ્યુડે એને પ્રોટેસ્ટંટ પંથ પાળવા જણાવતાં એ ઇંગલંડ ૧૬૩૧ માં ગયો. આથી એને રોમન પંથીઓ સાથે ઘણી તકરારોમાં ઉતરવું પડયું. એણે તે થકી ૧૬૩૫ માં એક ઉત્તમ ગ્રંથ પ્રગટ કર્યો. એજ વર્ષમાં એને સાલ્સબરીનો ચેનસેલર અને ૧૬૪૩ માં એગેલોસેસ્ટ તરફ એનજીન્યર તરીકે નેમાયો હતો. એજ વર્ષમાં એને સિવીલ વૉરમાં કેદ કરી અર્નડલ કેસ્ટલ તથા સસેકસમાં રાખ્યો હતો. એનું મ્હોત ૧૭૪૪ માં નિપજ્યું.

**ચીલીવા**—ઉત્તર પશ્ચિમ હિંદુસ્તાનમાં આ રૂપેરી રંગની અતી ચપળ માછલી નદીઓમાં મળી આવે છે. આ માછલી ૫ થી ૮ તોલા

વજનમાં હોય છે. એના ભિંગડાનાં ખોટાં મોતી બનાવી શકાય છે.

**ચીવેન્ડી**—આ ઇમારતી લાકડાનાં વૃક્ષ સિલોનમાં ૨૦ ફીટ ઉંચા ને ૮ ફીટ ઘેરાવાવાલા ઉગે છે. એનું લાકડું ઘર બાંધવાનાજ કામમાં ઉપયોગી છે.

**ચીસ્તી**—અશિશવંધ નામના યજદની એક જોડ શકિતનું નામ. આ શકિત જરતોસ્તી ધર્મે વિદવત્તા ઉપર મવકૂફ છે. જરતોસ્તનાં ગાથામાં જણાવ્યા મુજબ આ શબ્દ ધર્મના જ્ઞાન અથવા અક્કલ જે રવાન માટે છુટકો મેળવે છે તે અર્થે વપરાય છે.

**ચીસ્તી**—બીજાપુર, દખ્ખણ અને મુલતાનના આગલા આરબોનાં વંશજો, ચીસ્તીને નામે ઓળખાય છે. સતલજ નદીને કાંઠે વસ્તી આ પ્રજા ઉદ્યોગી અને સુલ્હે સંપજમાં વસનારી છે. એઓ સ્વઅભિમાની મત ધરાવનાર સ્વભાવનાં હોય છે.

**ચુકા**—એના છોડ એક વ્હેંત ઉંચા હોઇ તેનાં પાદડાં જાડાં હોય છે. દક્ષિણ અને ગુજરાતમાં એની પુશકળ ભાજી પાકે છે. એની મોસમ કાર્તક ને ફાગણની છે. એપર નાહનાં સફેદ ફુલો આવે છે. એ ભાજી બાર માસીના વર્ગની છે. ધતુરાના વિષ ઉપર ચુકાનો રસ ઉતાર તરીકે ઉપયોગી છે. એનો સ્વાદ ખારો હોયછે.

**ચુંકો**—પેટમાં શૂળ મારી બહુ જોરમાં આંકડી આવે તેમ દુખારો થાય તે રોગને ચુંકો કહે છે. પેટમાં અથવા દુટી આસપાસના ભાગમાં વળ આવી માંહે ખેંચાતું હોય તે મુજબ દુખે છે. આંકડી કોઇ વખત હલકી આવેછે તો કોઇ વેળા ઉપરા ઉપરી આવી માઠા વેદના કરે છે. તે વેળા દર્દી પેટમાં તરફાયો યા હાથ દાબી અકડાઇ જાય છે. તે વેળા નાડી ધીમી ચાલીયા કરે છે. વાયૂ છુટતો નથી, પણ કોઇ વેળા ઉલટી થાયછે, પણ ઝાડો થતો નથી. ચુંકો થવાનું કારણ ભારી અને વધારે ખોરાક, કાચો યા ખાટો મેવો ખાધાથી ખોરાક હજમ નહિ થતાં અજીરણની સાથે વાયુ જોર કરી ચુંક ઉપાડેછે. ઝાડો કબજ રહેવાથી પણ ચુંક થઇ આવે છે. તેમજ થંડીથી, બીહિકથી અને બીજાં કારણોથી આંતરડાનાં માસમાં તાણ અથવા આંકડા આવે છે, અને તેથા પેટમાં દુખારો થાયછે. સીસું સફેતો તથા ત્રાંબાનો ધંધો કરનારને તેના ઝેરથી આ શૂળ ઉપ્તન્ન થાય છે. " વળી આ ચુંકો હિસ્ટીરિયા અથવા ગાઉટના દર્દીને પણ થાય છે. "

'પેટની અંદર વાયૂ થવાનાં મૂળ ત્રણ છે, એક તો બહારની હવા પેટમાં અન્નાશય અને આંતરડાંમાં જાય છે. એ ઘણું કરી ઓડકાર આવી પાછી નિકળે છે. બીજું પેટની અંદરના મળમાંથી વાયુ પેદા થાય છે, અને ત્રીજું આંતરડાનાં રસ પડમાંથી પણ વાયુ ઉપ્તન્ન થાય છે.

આ દર્દ ઘણું સાધારણ હોવાથી તેપર અનેક ઉપાયો છાલાપાક્ષાનાં અજમાવવામાં આવે છે. કોઇ સુવા, મેથીનો ફાંકો, હીંગ ઘીની ગોળી, લસણની કળી પેટ ભરેલું હોય તો ઉલટી કરવી, ઝાડો કબજ હોય તો બે ચમચા એરંડિયું લઇ તેમાં ૧૦ ટીપાં લૉડેનમ તથા ૧૦ ટીપાં એસેંસ ઑવ પેપરમીંટ નાખી પીયે છે. પણ આ દર્દ શાથી ઉત્પન્ન થયું તેની યોગ્ય તપાસ કરી ભણેલા તબીબ પાસે ઇલાજ કરાવવો સારો.

**ચુધાન**—તીબેટમાં 'હૉકી' રમતને મળતી રમતનું નામ. આ રમત તે તરફ ઘોડાપર બેસી રમે છે. આ રમત થકી ૩૫ વાર પોહળી ને ૩૫૦ વાર લાંબી જગા રોકવામાં આવે છે. ચુધાનની રમતમાં લાકડીને છેડે પથ્થરનો દડો જોડેલો હોય છે; તેમજ રમતનો બૉલ ક્રિકેટનાં દડા જેવો હોય છે. દડાને તેઓ 'પૂલૂ' કહે છે; જેને અત્રે યૂરપીયનો પોલો કહે છે. બૉલ ઉરાડવાની લાકડી ૪ ફીટ લાંબી હોય છે. આ રમત ચિત્રાલ, લધાકા, યાસીન અને તીબેટની ખીણોમાં રમાય છે.

**ચુડા**—મુંબઇ ઇલાકામાં ગુજરાત પ્રાંતમાંનું એક રાજ્ય. એનું ક્ષેત્રફળ ૭૮ ચોરસ મૈલ છે.



૧૯૦૧ માં લોક વસ્તી ૧૩૧૨૩ ની હતી. વાર્ષિક ઉપજ રૂ ૫૦૦૦૦ની છે.

**ચુડામણી**—આ ટાપુ ગોવાની ઉત્તરે છે. પ્રાચીન કાળમાં અત્રે હિંદુઓની મ્હોટી વસ્તી હતી; પણ હાલમાં ત્યાં ખ્રિસ્તીઓનીજ વસ્તી છે. તેનું પ્રાચીન નામ ચુડામણી હતું એમ સૈહ્યાદ્રિ ખંડમાં આપેલા ૮૧માં અધ્યાયમાંના શ્લોક ઉપરથી જણાય છે.

ચુડામણી નામમાંનો 'ઉ' આ સ્વરનો ગુણ થઇ, આગલો 'આ'કાર, 'ઇ'કાર અને 'મ' કાર એમનો લોપ થવાથી ચુડામણીનું ચોડણ એમ સંકુચિત રૂપ બની આ ટાપુને હાલમાં 'ચોડણ' એ અર્વાચીન નામ ચાલુ પ્રચારમાં છે. ચુડામણી=ચોડામણી=ચોડામણ=ચોડણ. હાલમાં તેની લંબાઇ ૪ મૈલ ને પોહળાઇ ૧ મૈલની છે. હાલમાં માત્ર ત્યાં ૨૭૫ ની વસ્તી છે.

**ચુડાસમા**—આ પ્રજા ૧૦ મી સદીમાં સિંધથી કચ્છનાં જાડેજા સાથે ગુજરાતમાં આવી વસી હતી. તેઓ પોતાને જાદવકુળનાં જણાવે છે. ડૉકતર ભગવાનલાલના મત મુજબ એઓ મૂળમાં આહિર જાતના હતા. ચુડાસામાને લોકો આહિરરાણા કહે છે, તે ઉપરથી પણ તેમની ઉત્પત્તિ આહિરમાંથી થઇ હશે એમ લાગે છે. બીજી સદીમાં સિંધ અને પંજાબમાં આહિર લોકો વસ્યા હતા એમ ટૉલેમિના ગ્રંથ ઉપરથી જણાય છે. ચંદ્રચુડ નામના મુખીની સાથે આભિર લોકો આવેલા તેથી તેઓ ચુડાસમા કહેવાયા. તેમની પ્રથમ રાજધાની વંથળી (વામનસ્થળી) માં અને પછી જુનાગઢમાં હતી. સિંધના નગરઠઠ્ઠામાં 'સમા' રજપૂત રાજ્ય કર્તા હતા, તેની ઓલાદના ચુડાસમા લોક હશે એમ કર્નલ વાટસનનું ધારવું છે. ચુડાસમાએ કચ્છમાં વસી પોતાની સત્તા સ્થાપન કરી હતી. તેઓએ પોતાનું પેહેલું રાજ્ય જુનાગઢમાં સ્થાપન કર્યુ હતું; જેથી જેઠવાઓને જુનાગઢ પાસે આવેલું ભુમલી છોડવું પડ્યું. ભુમલી છોડયા પછી પોરબંદર પાસે શ્રીનગર નામની નવી રાજધાની તેમણે સ્થાપી, અને પોરબંદર ગાદી આણી, ત્યાં સુધી શ્રી નગરમાં રહી રાજ્ય કર્યું. આ વંશનો મહિપાળ નામે ચૂડાસમ રાજો ૧૦ મી સદીમાં (ઇ૦ સ૦ ૯૧૭ માં) કાઠીયાવાડમાં રાજ્ય કરી ગયો છે.

**ચુંદરી**—રેસમ, સુતરમાંથી કચ્છ, કાઠીયાવાડ અને ગુજરાતમાં આ કાપડ બનાવવામાં આવે છે. એનીપર તર્હેવાર તર્હા હોઇ તે રંગીન ને કસબથી પણ ભરપૂર બનાવવામાં આવે છે. આ વસ્ત્ર સ્ત્રીઓ પેહેરે છે.

**ચુનારગઢ**—મિર્ઝાપૂર જીલ્લામાંનું આ એક પુરાતમ ગામ તથા કિલ્લો ગંગા નદીના દક્ષિણ કાંઠા ઉપર, જ્યાં ગંગા બનારસ તરફ મ્હોટી વલાણ લીયે છે ત્યાં આવેલો છે. બનારસની દક્ષિણ પશ્ચિમે ૨૬ મૈલપર અને મિર્ઝાપૂરની પૂર્વે ૨૦ મૈલ ઉપર છે. લોક વસ્તી ૧૮૮૧માં ૯૧૪૮ ની હતી. શેહેર ૨૧૧ એકર જમીન ઉપર છે.

ચુનારગઢ નદીની ઉત્તર બાજુએ વિંધ્યાદ્રી પર્વતની એક ટેકડી ઉપર જમીનની સપાટીથી ૮૦ થી ૧૭૫ ફીટ ઉપર છે. લંબાઇમાં દક્ષિણોત્તર ૮૦૦ યાર્ડ, પોહળાઇમાં ૧૩૩ થી ૩૦૦ યાર્ડ છે. દેવાલની લંબાઇ ૨૪૦૦ યાર્ડની છે. આ કિલ્લાનો કેટલોક ભાગ મુસલમાનોએ સુધારી બંધાવ્યો હતો.

ઉજ્જનીના રાજા ભરથનાથે અત્રે પોતાનું મથક કરી આ ટેકડી પોતાના પર્ણકુટી માટે પસંદ કરી હતી. તેમજ વિક્રમાજીતે પણ અત્રે મથક કર્યું હતું. તે પછી પૃથુરાજે પણ અત્રે મથક કર્યું હતું. પણ તે પછી મોગલોએ જીત મેળવી આ કિલ્લો હાથ કર્યો હતો. આ જમાના પછી મોગલ તથા પઠાણો એના માલેક થયા હતા. અકબરના અમલમાં આ કિલ્લા આસપાસ બંધાયલી ઇમારતો હાલમાં પણ કાયમ છે ૧૭૫૦માં બનારસના રાજા બળવંતસિંગના તાબામાં આવ્યા પછી મેજર મનરોએ ૧૭૬૩ માં ચઢાઈ કરી પણ તે ફાવ્યો નહિ. છેલ્લે બકસારની લઢાઇ પછી બ્રિટીશોને તાબે થયો.

૧૭૮૧માં રાજા ચયતસિંગનાં બંડ પછી વાર્નહેસ્ટીંગે મેજર પૉપહેમની સરદારી તળે અત્રે લશકર એકઠું કરી ચયતસિંગપર ચઢાઇ કરી તેને ગવાલીયરના રાજ્યમાં હાંકી મેલ્યો હતો. હેસ્તીંગને આ કિલ્લો ઘણો પસંદ પડવાથી તેણે અત્રે પોતાનું મથક કરી ત્યાં તે વેળા ઇમારતો બંધાવી હતી જે હાલમાં પણ નજરે પડે છે.

હાલમાં આ કિલ્લાને તુરંગના રૂપમાં ફેરવી ત્યાં નાહાની લશકરી તુકડી રાખે છે. આ કિલ્લાપર ૧૮ તોપો ૩૨ રતલી ગોળાવાલી, તથા વાર્નહેસ્તીંગવાલું મકાન જે લશકરી બરાખ તરીકે વપરાય છે—એટલું કાયમ છે.

**ચુલી**—મલબાર તથા મલાયા અને દક્ષિણ હિંદુસ્તાનમાં વસ્તી એક મોહમેદન પ્રજા. ચુલીયા અને કલિંગ એ બેઉ પ્રજા હિંદુ અને મોહમેદનોની બનેલી હોઈ તેઓ કારોમાંડલથી આવી વસેલા જણાય છે. કલિંગ નામ કલિંગા અથવા તેલંગ ઉપરથી અને ચુલીયા નામ ચોલ રાજ્ય ઘરાણા ઉપરથી પડેલું દિસે છે.

**ચુવિંગ-ગમ**—આ એક પ્રકારની બનાવટ યૂનાઇટેડ સ્ટેટમાં પુષ્કળ વેચાય છે. એ 'ચિકલ' નામે ગુંદરગાંથી બને છે. આ ચિકલ મેકસિકોમાં ઉગતા ઇંડિયા રબરને મળતા ઝાડમાંથી મળેછે. આ ચુવિંગ પ્રથમ ૧૮૬૭ માં ઇંડિયન રબરના કારખાનાવાલાઓએ બનાવ્યું હતું. આ ગુંદર મિઠાસદાર હોઇ પેપરમિંટ, તહેંવાર દારૂ અને બીજા પદાર્થોને લેહેજતદાર બનાવવામાં વાપરવામાં આવે છે. હાલમાં અમેરિકામાં એના ડાબડાઓ સ્ટેશન તથા જાહેર જગાઓપર પુશકળ વેચાય છે.

**ચેક સર જૉન**—ઇંગલંડમાં ગ્રીક વિદ્યા જ્ઞાનનો ઓહોળો ફેલાવો કરનાર આ વિદ્વાનનો જન્મ ઇ૦ સ૦ ૧૫૧૪ માં કેમ્બ્રિજમાં થયો; એણે સેંટ જોન્સ કૉલેજમાં ફેલોશિપ મેળવી. એણે ગ્રીક ભાષા અને સાહિત્યનો અભ્યાસ કરવાપર લક્ષ આપ્યું હતું અને તેમાં કુશળતા મેળવી ૧૫૪૦ માં કેમબ્રીજમાં ગ્રીક ભાષાનો ઉસ્તાદ નેમાયો, એ એડવર્ડ છઠાના પેહેલા શિક્ષક તરીકે નેમાયો હતો. જ્યારે એડવર્ડ ગાદીનશીન થયો ત્યારે એને મ્હોટા દરજ્જા તથા દ્રવ્યથી નવાજ્યો. ૧૫૪૭ માં એ પાર્લામેંટમાં સભાસદ થયો. અને ૧૫૪૮ માં કિંગસ કૉલેજમાં મ્હોટી પદ્વિ પામ્યો. ૧૫૫૨ માં નાઇટનો ખેતાબ પામ્યો. પણ ૧૫૫૭ માં ૧૩ મી સપ્ટેંબરે મરણ નિપજ્યું હતું. એણે લેટીન તથા ઇંગ્રેજી ભાષામાં ૩૦ ઉપર ગ્રંથો રચ્યા હતા.

**ચેગો**—મલબારમાં વસ્તી એક પ્રજા. એઓ મલબારમાં હલકી વર્ણની પ્રજા ગણાય છે, અને તેઓ તાડી વેચવાનો ધંધો કરે છે. પ્રથમ આ પ્રજા સિલોનમાં લઢાયક પ્રજા તરીકે નામના પામી હતી. જેમનાં વંશજો મલબારમાં આવી વસી તાડી છેજવાના ઉદ્યોગમાં પડયા હતા. ૧૮૫૭ નાં બળવા સમયે એઓએ રાજા તરફથી હથિયારો ભિડી લઢાઇમાં ભાગ લીધો હતો.

**ચેચેસ્ટર**—સસેકસનું એક પડું. પોર્ટસમૌથની પૂર્વે ઉત્તર પૂર્વમાં ૧૭ મૈલપર અને બ્રિટનની પશ્ચિમે ૨૮ મૈલપર છે. આ શેહેર આસપાસ પુરાણા વખતની એક દેવાલ ૧½ મૈલ ઘેરાવામાં છે; અત્રે ૧૧૦૮ માં બાંધેલું લાકડાનું દેવળ ૧૧૧૪ માં બળી ગયું હતું જે ૪૧૦ થી ૧૩૧ ફીટ લાંબુ પોહળું હતું, અને ૨૭૭ ફીટ ઉંચાઇમાં હતું. આજ દેવળ ૧૮૬૧ માં પડી જવાથી ફરી ૧૮૬૫–૬૬માં બાંધવામાં આવ્યું હતું. અત્રેનો મુખ્ય વેપાર-ખેતીવાડી તથા ઢોરો વેચવા ઉછેરવાનો છે. ૧ લા એડવર્ડના વખતથી ૧૮૬૭ વેર અત્રેથી ચુંટાયલા બે સભાસદો પાર્લામેંટમાં બીરાજતા હતા, અને ૧૮૮૫ સુધી ૧ જતો હતો. શેહેરની દક્ષિણ પશ્ચિમમાં બે મૈલપર એનું બંદર છે. આ બંદર ૮ ચૌરસ મૈલ છે. ૪૯૧માં દક્ષિણ સેકસનીના વિજેતાઓએ એનો નાશ કર્યો હતો, અને તે પછી 'સિસા' એ ફરી બંધાવ્યું હતું. મ્હોટા બળવા સમયે શેહેરને મારે નુકસાની પોંહચી હતી લોક વસ્તી ૭૮૩૦ની છે.



**ચેઝાર્સ**—આ ફિનીશ ટોળો કાસ્પિયન સમુદ્રના કાંઠાના પ્રદેશોમાં ૭મી સદીમાં વસ્તો હતો. ૯મી સદીમાં તેમનું રાજ્ય રશિયાની દક્ષિણ પૂર્વ ભાગમાંથી તે કાસ્પીયન અને વોલ્ગાથી તે ડનપટર સુધી ફેલાયલું હતું. તેમનું પાયતખત અસ્ત્રાખાન હતું, જેને તેઓ 'બુલંદશેર' કહેતા. તેઓ જૂદા જૂદા ધર્મ પાળતા હતા. તેઓમાં કેટલાક જ્યૂ ખ્રિસ્તી અને મુસલમાનો હતા; પણ પુરાણા કાળમાં તેમનો તમામ દેશ જ્યૂ ધર્મ પાળતો હતો; પણ લીયો શેહેનશાહના સમયમાં તેઓ ઘણાક ખ્રિસ્તી થયા હતા. સાયરિલે ૯ મી સદીમાં મ્હોટા ભાગને ખ્રિસ્તી બનાવ્યા, પણ તેમનું રાજ્ય અને ધર્મ રશિયન શેહેનશાહ 'બાયઝેનશિયન' ના સમયમાં નાશ પામ્યો.

**ચેટ**—આ પક્ષીની ચાંચ મૂળમાંથી લંબાઇ કરતાં જાડી અને વાંકદાર હોય છે. એઓ ઉત્તર તરફના દેશમાં પથ્થરવાળા સૂકકા ભાગમાં માળા બાંધી યા ઝાડના પોલાણમાં વસે છે. એઓ યૂરપ, ઉત્તર આફ્રિકા અને ઉત્તર અમેરિકામાં જણાય છે. તેમજ બ્રિટનમાં ઘણાં ભાગોમાં મળે છે. પિળી છાંટવાળું ચેટ જાણીતું હોઇ તે યૂનાઇટેડસ્ટેટમાં સાધારણ છે.

**ચેટી**—એક ઇટલીનું શેહેર. રેલ માર્ગે પૂર્વ ભણી ૬૯ મૈલપર છે. અને એડ્રીઆટિકથી ૮ મૈલપર છે. વસ્તી ૧૨૨૭૩ની છે.

**ચેટેરર**—એક જાતનું પક્ષી. એની ચાંચ ટુંકી પણ પોહળી, પગ ટુંકા પંજાવાલા અને લાંબા પંખ હોય છે. એની ૯ નાહની જાત જાણીતી છે; અને તે ગરમ પ્રદેશમાં વસે છે. 'બોહિમીયન વેક્ષવિંગ' ઉત્તર યૂરોપમાં વસે છે. તેમજ એને મળતા ચેટેરર એશિયા, અમેરિકામાં વસે છે, પણ દક્ષિણમાં થંડી દરમ્યાન જણાય છે.

**ચેડવીક સર એડવીન**—આ સંસાર સુધારકનો જન્મ ૨૪ મી જાનેવારી ૧૮૦૧ માં મેનચેસ્ટર નજદીક થયો હતો. એણે કાયદાનો અભ્યાસ કરી ૧૮૩૦ માં કોર્ટમાં ધંધો ચલાવવા માંડયો. એણે વિમાં વિશેની એક ઉત્તમ બાબત લખીને જેર્મિબેન્થહેમની જાણમાં આવ્યો. એણે પેહેલાં રાજદુવારી, સંસાર સુધારો વગેરેપર લક્ષ આપવા માંડતા લૉર્ડ જેરીસની સરકારે એને 'ગરીબોનાં કાયદા' તપાસનારી મંડળીના મદદનીશ તરીકે કમીશનર તરીકે નેમ્યો હતો. એણે તે રિપોર્ટ ૧૮૩૩ માં મહત્વની બાબતો સાથે પ્રગટ કર્યો હતો. નવા પુઅર લૉબોર્ડ' ના બંધારણ વેળા એને સેક્રેટરીની જગા મળી. તેમજ એણે કારખાનામાં કામ કરેતા બાળકોની તનદરોસ્તી અને કેલવણી ઉપર લક્ષ આપી તેમાં સુધારો કરાવ્યો હતો. આથી ૧૮૫૪ માં બોર્ડ ઓવ હેલ્થમાં મ્હોટો સુધારો થયો. તે પછી ચેડવિક પેનશનપર રવાના થયો. ૧૮૮૯ માં એને કે. સી બી. નો માનવંતો ખેતાબ મલ્યો અને મરણ ૧૮૯૦ માં ૫ મી જુલૈએ નિપજ્યું.

**ચેદી**—રાસમાળા મુજબ આ વંશનુ રાજધાની શેહેર ત્રિપુર નામે નગર હતું. આ દેશ નવ લાખનો ગણાતો હતો. સોમવંશી યદુનો પુત્ર ક્રોષ્ટા થયો, તેના કુળમાં રોમપાદ થયો, તેના વંશમાં ઉશીક નામે રાજા થયો. તેનો પુત્ર ચેદી નામે રાજા થયો. (જુઓ ઉશીક) તેના તાબામાં જે દેશ તેના વખતમાં આવ્યો, તે દેશ ચેદી કહેવાયો. તેની રાજધાનીનું નામ સુકિતમતી હતું. તે પછી કેટલોક સમય ગયા પછી તેનાં બે વિભાગ પડયા. એક પૂર્વ ચેદી અને બીજો પશ્ચિમ ચેદી. આ પશ્ચિમ ચેદી વંશની રાજધાની જબલપૂરની પશ્ચિમમાં થોડા મૈલપર નર્મદા તીરેછે, જ્યાંના રાજા હૈહય અથવા કલચુરી કહેવાય છે.

**ચેદુબા**—બંગાલના ઉપસાગરના પૂર્વ કિનારા પરનો એક ટાપુ. લોક વસ્તી ૨૩૮૬૭ ની છે. ક્ષેત્રફળ ૨૪૦ ચૌરસ મૈલ છે. એનું મુખ્ય મથક ચેદુબા છે. આ ટાપુ ખેતીવાડી અને ઇમારતી લાકડાનાં વૃક્ષથી ભરપૂર છે. અત્રે ૧૪૦૦ ફીટ ઉંચાઇના અનેક પર્વતો

છે. આ ટાપુમાં પુશકળ જગે કેરોસીનનાં ઝરા જડયા છે. અત્રેથી ચોખા પરદેશ ખાતે મ્હોટા જથામાં મોકલવામાં આવે છે.

અત્રે ઉત્પન્ન થતી તંબાકુ, શ્રેષ્ટ જાતની ગણાય છે, ૧૮૮૧ માં અત્રેનું મેહેસૂલ ૫૨૧૭ પોંડનું ઉપજ્યું હતું. ઇ૦ સ૦ પૂર્વે ૨૦૦૦ વર્ષ ઉપર આરાકાનના રાજા ૧લા સંદારા' તરફથી અત્રે એક હાકેમ નેમાયો હતો. દંતકથા મુજબ અત્રેના એક જુલ્મી રાજાની રાજ્ય નીતિથી પ્રજા કંટાલી આરાકાનના રાજા પાસે દાદ માંગવા ગઈ, ત્યારે રાજાએ તે હાકમને દરબારમાં તેડતાં તે સામો થઇ સ્વતંત્ર થયો. આથી રાજાએ સમુદ્રને હોકમ કરવાથી સમુદ્રે તુફાની બની ચેદુબાનાં ટાપુમાં જે જે બળવાખોર હતા, તેમને પોતાના પેટામાં ઘસડી તેમની લાશો આરાકાનના કિનારાપર આણી. બીજી કથા મુજબ આ ટાપુ આગલા રાજદ્વારી દેશનિકાલ થએલા કેદીઓનું મથક હતું.

**ચેધેમ**—કેન્ટનું આ એક જાણીતું બંદર, પરૂ અને દરિયાઇ લશકરનું મથક લંડનની પૂર્વેથી દક્ષિણ પૂર્વે ૩૦ મૈલ પર છે. અત્રે દરિયાઈ તથા ખુશકી લશકરી ખાતું, બ્રોમટન પાસે હોવાથી જાણીતું છે. અત્રે એક મ્હોટી અદાલત છે. ઇલીઝાબેથના સમયમાં સ્પેનીશ કાફલાની ચઢાઇ વેળા બંધાયલી ડૉક, ૧૬૬૨માં હાલની જગ્યાપર બાંધવામાં આવી હતી. અત્રે લંડનનો બચાવ કરવા લાયકનું મજબુત બાંધકામ કરેલું છે. ચેધેમ પાસે ફોર્ટપીટમાં લશકરી ઓસ્પીટલ છે. મેલવિલ ઑસ્પિટલ દર્યાઇ અને ખૂશકી લશકર માટે છે. તથા ચેધેમમાં પાદશાહી વહાણો બાંધવાની મુખ્ય ગોદી છે. અત્રેની ગોદી બે મૈલ લાંબી હોઇ તેમાં ટ્રૅમ્વે ફરેછે. અત્રેની તરતી ડૉકમાંનું પાણી રહેવાનું ક્ષેત્રફળ ૬૭ એકર છે. ૧૮૫૧ માં અત્રેની વસ્તી ૨૮૪૨૪ ની, ૧૮૭૧ માં ૪૫૭૯૨ ની અને ૧૮૯૧ માં ૫૯૩૮૯ ની હતી.

**ચેધેમના ટાપુઓ**—આ ટાપુઓનો એક નાહનો જથ્થો પેસિફીકમાં ન્યૂઝીલેંડની પૂર્વે ૩૬૦ મૈલ પર છે. એમાં ત્રણ ટાપુઓ છે. તેમાં મ્હોટો ટાપુ ચેધેમનો ૩૮ મૈલ લાંબો છે અને બીજા થોડા ખડકો છે. જુમલે ક્ષેત્રફળ ૩૭૫ ચોરસ મૈલ છે. લોક વસ્તી ૪૫૯ ની છે. ઈ૦ સ૦ ૧૭૯૧ માં લેફટનન્ટ બ્રેગટને આ ટાપુ શોધી કાઢયો હતો. આ ટાપુમાં ૬૦૦૦૦ બકરાં અને ૪૦૦ થી ૭૦૦ ઢોરો વસે છે. આ ઢોરો તથા બકરાંને ત્યાંથી પસાર થતા વહાણવટીઓ ખરીદ કરે છે.

**ચેધેમ વિલ્યમ પીટ—અર્લ ઑવ**—કોઇ વેળા 'પીટ ધી એલડરને નામે પણ આ જાણીતો રાજદ્વારી નર પ્રસિદ્ધતા પામ્યો છે. એ એક સાધારણ કામદાર રૉબર્ટ પીટ નામે શખસને ત્યાં ૧૭૦૮ ના નવેંબરમાં જનમ્યો. એણે ઇટન તથા ઑાકસફર્ડમાં કેળવણી લઇ પોતાના દેશના જૂદા જૂદા ભાગોમાં મુસાફરી કરી. એણે 'બ્લ્યૂસ' ખાતે ઝુંડો પકડનાર તરીકે પ્રથમ નોકરી મેળવી. ૧૭૩૫માં એ પાર્લામેંટમાં દાખલ થયો. એણે ફ્રેડરિક પ્રિન્સ આવ વેલ્સનો પક્ષ પકડી રાજા સામે સખત રીતે થઇ તે વેળાની 'વિધ' ટોળી 'પેટ્રોઇટસ'ને નામે જાણીતી હતી તેમની આગેવાની લઇ 'વેલપૉલા'ની સરકારી ટોળી સામે થયો. તે પછી એની ટોળીનું બળ દિનપરદિન વધવા માંડતાં ૧૭૪૨ માં વેલપોલનું પ્રધાન મંડળ ભાગી પડ્યું, પણ રાજાને પીટ તરફ અણગમો હોવાથી તે એનું બળ વધેલું જોઇ ડગ્યો, અને તેથી એને પેમાસ્તર જનરલનું દ્રવ્ય મળે તેવા ઓધાપર નેમ્યો. ૧૭૫૫ માં હેન્રિ ફોકસ (પાછળથી લૉર્ડ હૉલંડ) સ્ટેટ સેક્રેટરી થયો. ત્યારે પીટે પેમાસ્તરની જગાનું રાજીનામું આપ્યું; પણ એજ વર્ષમાં પ્રજા પોકારને લીધે ફોકસને સેક્રેટરીનો ઓધો રાજાના કહેવાથી છોડવો પડતાં પીટ સેક્રેટરી થયો, પણ એ વજીર જેવો હતો, તે વેળા પોતાનો ફ્રાન્સ સાથનો લઢવાનો વિચાર અમલમાં મેળવા



માંડયો; અને તેણે દર્યાઇ બળમાં વધારો કરવા માંડયો, આથી રાજા અને જર્મન સરકારની પોતાવિરૂધ લાગણી જોઇ એણે ૧૭૫૭ નાં એપ્રેલમાં પોતાનો ઓધો છોડયો, પણ પ્રજાના એના તરફના અવાજથી જુનમાં ફરી એને એખત્યાર લેવો પડયો.

પીટ પ્રધાન પદ પર આવતાં તેણે પોતાની લઢાયક યોજના અમલમાં મેળી ફ્રેન્ચોને હિંદુસ્તાન, આફ્રિકા, કેનેડા, રાહિનમાંથા સત્તા રહિત કરવાની યોજના ઘડી અમલમાં મેળી; આ યોજના અમલમાં આણતાં તેમની કેટલીક મનવારો કેદ કરી, પણ એની આવી ગતિમંદ રાજનીતિથી એને ૧૭૬૧ માં ૩ જો જ્યૉર્જ ગાદીએ આવતાં ઓહ્દો છોડવો પડયો. તે પછી પીટને ૩૦૦૦ પોંડનું વાર્ષિક પેનશન આપતું કરી બેરોનાઇટનો ખેતાબ બખસ્યો.

૧૭૬૬ વેર પીટ રાજદ્વારી કામથી દુર રહ્યો, પણ તે વર્ષમાં રાજા તરફથી એને નવું પ્રધાન મંડળ સ્થાપન કરવાની અરજ થઇ પણ એણે પોતાની કેટલીક ઉક્ષટ તોડવી પડી; કારણકે આ વેળા તે અર્લ ઑવ ચેધેમ થએલો હોવાથી લૉર્ડની સભામાં દાખલ થયો હતો, પણ આ વેળા એની નબળી દેહ ચાલતી હોવાથી એ માત્ર નામનું વડપણ ભોગવતો હતો. અને તેથી જાહેર રાજદ્વારી તકરારોમાં તેનાથી નહિ ભાગ લેવાવાને લીધે ૧૭૬૮ માં એણે પોતાનું રાજીનામુ આપ્યું.

પણ તે પછી એણે અમેરિકાની કોલોનીઓ સાથની બ્રિટીશ રાજનિતી વખોડી તેમની સાથે સમાધાનીથી નીવેડો આણવાનું ચાહ્યું, પણ તેટલાં અમેરિકનોએ ફ્રાન્સ સાથે કોલકરાર કરતાં; ડયૂક ઑવ રિચમંડે એવું જાહેર કર્યું કે હવે નવું પ્રધાન મંડળ સ્થાપી અમેરિકા સાથે કોઈબી શર્તે સુલ્હે કરવી. આ વેળા ચેધેમ બેમાર છતાં હોસ ઑવ લૉર્ડમાં આવી સખત ભાષણ કરી લઢાઈ ઉઠાવવાની ભલામણ કરી, અને તેપર મત લેતાં એની તર્ફેણમાં સર્વ મળયા. પણ આ વેળા ડયૂક ઑવ રિચમંડે જે ભાષણ કીધું તેનો એ જવાબ આપવા ઉઠયો પણ આ વેળા એનું દિલ એટલું નબળું પડયું હતું કે વધુ બોલવા જતાં તે પોતાના મિત્રનાં અંગપર ઢળી પડયો, આથી એનો બીજો બેટો વિલ્યમ એને ઘરે લઇ ગયો, જ્યાં એ ૧૧ મી મે ૧૭૭૮માં મરણ પામ્યો. આ વેળા એનો વડો બેટો વિલ્યમ આમની સભામાં વડો વજીર હતો. પીટના શબને વેસ્ટ મિન્સટર એબીમાં દાટવાનો રાજા તરફથી હુકમ મલ્યો હતો, જ્યાં પ્રજા ઉઘરાણાથી એનું બાવલું મેળાયું હતું. આ વેળા સરકારે તેના કર્જનાં ૨૦,૦૦૦ પોંડ ભરી તેના વંશજોને ૪૦૦૦ પોંડનું સાલીયાનું આપતું કર્યું.

**ચેન**—=સાંકળ=સાંકળપાણી. આ ઇંગ્રેજી શબ્દ જમીન માપણી માટે ચાલુ પ્રચારમાં છે. એ લોઢાની બનાવેલી હોય છે. એક ચેનમાં ૧૦૦ લોઢાની કડી હોઇ તે ૨૨ યાર્ડ લાંબી હોય છે. દર એકર ૪૮૪૦ ચોરસ યાર્ડનો બને છે. ૧૦૦ ચોરસ ચેન (૨૨× ૨૨×૧૦= ૪૮૪૦ ચોરસ યાર્ડ) અથવા ૧૦૦,૦૦૦ ચોરસ કડીનો એક એકર થાય છે.

દર ૩૩ વર્ષે બ્રિટીશ સરકાર હિંદની ખેતીની જમીનની મોજણી કરેછે, તેને સાંકળ પાણી કહે છે. આ મોજણી પ્રસંગે જમીનના કસની વધ ઘટ જોઇ તેપર કર વધારે છે. મુંબઇ ઇલાકાની છેલ્લી સાંકળ પાણીની મોજણી ૧૮૯૬ માં થઇ હતી.

**ચેન્ટ્રી સર ફ્રાન્સીસ લેગેટ**—આ કોતરકામ કળા જાણનારનો જન્મ જોરડેન થ્રોપમાં ઇ. સ. ૧૭૮૧ માં ૭ મી એપ્રેલે થયો હતો. એનો પિતા સુથારનો ધંધો કરતો હતો; એ ૧૨ વર્ષનો થયો ત્યારેજ એનો પિતા મરણ પામવાથી એ પોતાની વિધવા માતા સાથે ગરીબાઇમાં વસવા લાગ્યો. ૧૭૯૭ માં એણે શેફિલ્ડ ખાતે ૭ વર્ષ સુધી શિખાઉ તરીકે રહેવા માટે 'રામસ' સાથે કરાર કર્યો. ત્યાંથી

એણે પોતાના હૂન્નરનો પાયો રચ્યો. એ ચીકણી મટોડીના તર્હેવાર આકાર બનાવી તેના ઉપરથી પેનસીલે તર્હેવાર ચિત્રો પાડતો. આ એની કુશળતા જોઇ જે. જે. સ્મીથ નામે ત્રાંબાપર કોતરકામ કરનાર ગ્રહસ્થે એને ઉલટ આપી. પણ એ પોતાનું લખત પુરૂં થયા શિવાય ૧૮૦૨ સુધી કામ છોડી શક્યો નહિ. પણ લખત પુરૂં થતાં એ લંડન ગયો અને રૉયલ એકેડમીમાં દાખલ થઈ લાકડાપર કોતરકામ કરનાર તરીકેની જગા મેળવી. ૧૮૦૫ માં એણે એક સંગેમરમરનું પુતળું કોતર્યું, અને તે પછી જાણીતા આસામીઓનાં પુતળાં બનાવી ૧૮૦૭ માં પરણ્યો. ૧૮૦૮ માં ગીલ્ડ હૉલ માટે ૩ જા જ્યૉર્જનું પુતળું કોતર્યું. એણે જેમ્સ વૉટ, વર્ડસવર્થ, સર વિલ્યમ સ્કૉટ, (૧૮૨૦ થી ૧૮૨૨) સર જોસફ બેંકસ (૧૮૨૭ માં), સર જ્યૉર્જ માલકમ (૧૮૩૭), વિલ્યમપીટ, ૪ થો જ્યૉર્જ ડયુક ઑવ વેલીંગટન વગેરેનાં સુંદર પુતળાં બનાવ્યાં હતાં. ૧૮૧૮ માં એ રૉયલ એકેડમિનો સભાસદ થયો, ૧૮૩૫ માં ૪ થા વિલ્યમે નાઇટનો ખેતાબ આપ્યો. કવિ એલન કનિંગહેમ ૧૮૧૪ થી તે એના મરણ સુધી એનો સેક્રેટરી હતો. મરણ ૧૮૪૧ માં ૨૫ નવેંબરે નિપજ્યું. એણે પોતાના ધંધામાંથી ૧,૫૦,૦૦૦ પૌંડની દોલત મેળવી હતી.

**ચેનલ આઇસલેંડસ**—ઉત્તર પશ્ચિમ ફ્રાંસમાં આવેલા ટાપુઓનો એક જથ્થો. ૧૦ મી સદીમાં આ ટાપુઓ નૉરમંડીના ડચીનો ભાગ ગણાતો હતો, અને તેની હાલની પ્રજા બ્રિટીશ રાજ્યને તાબે છે. એનો અતિ પાસેનો છેડો ફ્રાન્સના કિનારાથી ૧૨ મૈલ પર છે. એમાં અનેક જૂદા જૂદા ટાપુઓ છે. તે સર્વેનું ક્ષેત્રફળ ૭૫ ચૌરસ મૈલ છે. ૧૮૫૧ માં વસ્તી ૯૦૭૩૯ ની, ને ૧૮૯૧ માં ૯૨૨૩૪ ની હતી. અત્રેની કુદ્રતિ લીલા અતી મનોહર હોઇ ચિત્તઆકર્શક છે, અને ત્યાંની આબોહવા ઘણી માફકસરની છે. વસાદ માત્ર ૩૫ ઇંચ વરસે છે. ગર્મિમાં ઉષ્ણુતા ૫૦°૫૦ થી ૫૦°૮૦ વેર હોય છે. અત્રે બરફ ઘણો પડતો નથી; મુખ્ય ઉદ્યોગ ખેતી વાડીનો ચાલે છે. મુખ્ય ઉત્પંતિ પપેટા, સણ, ઘઉં, સલગમ ની છે. તેમજ આ ટાપુમાં ઢોરો ઉછેરવાનો ઉદ્યોગ ચાલે છે.

**ચેનલ ધી ઇંગલીશ**—આ અતી સાંકડો સમુદ્ર ફ્રાન્સ અને ઇંગલંડ વચ્ચે છે. પૂર્વ તરફથી એ ઉત્તર તરફ ડોવ્હરની સામુદ્રધૂનિ પાસે મળેછે, ત્યાં એ ૨૧ મૈલ પોહળો છે. ત્યાંથી એ દક્ષિણ પશ્ચિમે ૨૮૦ મૈલ વહેતો ચોપ્સ પાસે એટલાંટિક સમુદ્રને મળે છે. સિસિલી આયસલે અને ઉસહત્ન આયસલે પાસે એની પોહળાઇ ૧૦૦ મૈલની છે. ત્યાં એની એકંદર સરાસરી પોહળાઇ ૭૦ મૈલની છે. બ્રિગટનથી હાવર સુધી ૯૦ મૈલ પોહળાઇ છે. પોર્ટલેંડ બીલથી કેપલાહુગ સુધી ૬૦ મૈલ છે. એની સહુથી વધુ પોહળાઇ ૧૪૦ મૈલની; સીડમૌથથી સેંટ માલો સુધી છે. ભૂગોળ પ્રમાણે એનું ક્ષેત્રફળ ૨૩૯૦૦ ચૌરસ મૈલ છે. ડોવ્હર પાસે એ ઘણો છાલકો છે. જ્યાં ૧૨ થી ૩૭ વામની ઉંડાઇએ તે ઇગલંડ અને ફ્રાન્સને જોડેછે. એનીજ પશ્ચિમ તરફની ઉંડાઇની રાસ ૩૯૦ વામની છે ને તે ૪૦ થી ૬૨ વામવેર ઉંડાઇ ધરાવેછે. આ ચેનલનો ઈંગલીશ કિનારો ૩૯૦ મૈલ લાંબો અને ફ્રેન્ચ કિનારો ૫૭૦ મૈલ છે.

**ચેનીર મેરાય એન્ડ્રી**—આ વિદ્વાન ફ્રેન્ચ કવિનો જન્મ કૉન્સટન્ટીનોપલમાં ૧૭૬૨ માં થયો. એ ફ્રેન્ચ કોન્સલ જનરલ લુઇસ ચેનીરનો ત્રીજો બેટો હતો. એની માતા એક અતી ખુબસુરત ચંચળ ગ્રીક બાનુ હતી. બચપણમાંજ એને ફ્રાન્સ મોકલી ૧૩ વર્ષની વયે પારિસ ખાતેની એક કૉલેજમાં ભણવા મેલ્યો. પોતાની માતા તથા શિક્ષકથી એણે ગ્રીક ભાષાનું જ્ઞાન મેળવ્યું. ૨૦ વર્ષની વયે લશકરમાં દાખલ થયો, અને સ્ટારબર્ગમાં સબ-લેફ્ટનન્ટ તરીકે ૬ માસ નોકરી બજાવી પણ તે પછી લશકરી કામનો કંટાળો આવતાં



તે પેરિસ ગયો ને અભ્યાસપર લક્ષ આપ્યું. તે પછી એ સ્વિતઝરલેંડ, ઇટલી અને આર્ચિપેલેગો તરફ મુસાફરીએ ગયો. ૧૭૮૬ માં એ પેરીસ પાછો આયો અને ત્યાં ર્હેવાર કવિતાઓ રચી પસિદ્ધતા પામ્યો. ૧૭૮૭ માં એ ઇંગલંડ તરફ ફ્રેન્ચ એલચીના સેક્રેટરી તરીકે ગયો; ત્યાંથી ૧૭૯૦ માં પેરીસ પાછો વળયો અને ત્યાં એને પણ બળવાનો જુસ્સો થઇ આવ્યો. આથી એને કેદખાને જવું પડ્યું; જ્યાંથી ૬ મહિના પછી ૧૭૯૪માં ૨૫ જુલૈએ છુટો, અને તે પછી તો કવિતાપરજ લક્ષ આપી ૧૮ મી સદીનો એક બાહોશ ફ્રેન્ચ કવિ તરીકે પ્રસિદ્ધતા પામ્યો.

**ચેપલ**—ખ્રિસ્તી ભક્તિ કરવાનું મંદીર, હાલમાં એ ચર્ચથી ઉતરતું અને તેનેજ લગતું પણ તેથી જૂદું નાહના ભક્તિસ્થળને કહેછે. રાજ દરબાર, જેલ કે ઇસ્પીતાલને લગતું નાહનું દેવળ હોય છે તેને પણ ચેપલ કહે છે. ચેપલ પાસે કબરસ્તાન હોતું નથી તથા ત્યાં ઘણું કરી બાપ્તિઝમ પણ આપવામાં આવતું નથી.

**ચેપલેન**—લશકરી વહાણમાં નેમેલો પાદરી. તેમજ લશકર યા રાજકુટુંબ વગેરેમાં ધર્મ ઉપાધ્યાનું કામ બજાવનારનું નામ. લશકરમાં ચેપલેનની પ્રથમ નવા બંધારણથી સ્થાપના ૧૭૯૬ માં થઇ. ચેપલેનના ખાતામાં વડા ચેપલેન જનરલનો ઓહ્દો મેજર જનરલ જેવો ગણાય છે. પેહેલા દરજ્જાનાં લશકરમાં ૧૬ ચેપલેન હોયછે; જેમની પદ્વિ કર્નલ જેવી ગણાય છે. બીજા ૧૦ બીજી પદ્વિનાં હોઇ તેમનો દરજ્જો લેફ્ટનન્ટ કર્નલ જેટલો ગણાય છે. ૧૮ ત્રીજા દરજ્જાનાં હોય છે જેઓ મેજરની પદ્વિ ધરાવે છે. અને પાંતરીસ ૪થા વર્ગનાં હોઇ તેઓ કેપટનની પદ્વિ ધરાવે છે. તેમાં ૧૩ રોમન કેથોલિક અને ૬ પ્રેસબેટોરિયન હોય છે. ૪થા દરજ્જાના ચેપલેનને રોજીંદી ૧૦ શિલીંગ લવાજમ મળેછે, અને તે ૨૨ શિલીંગ, ૬ પેન્સ સુધી દરજ્જેબદરજ્જે વધે છે. ચેપલેન' જનરલને દર વર્ષે ૧૦૦૦ પૌંડ મળે છે. લડાઇ વેળા ચેપલેનને લશકરી સ્વારોની મદદ સાથે, અને શાંત વખતે જૂદા જૂદા મથકોપર મોકલવામાં આવે છે. ચેપલેનનું કામ બરાખમાં જઇ ધર્મ બોધ આપવાનું તથા નિશાળોમાં બોધ આપવાનું, તેમના કુટુંબોને સારા બોધ વચનો કહેવાનું, તથા ઇસ્પીતાલમાં દેખરેખ રાખવાનું, જૂદા જૂદા પ્રકારનાં ધર્મ બોધ આપવાનાં અનેક કામો બજાવવાં પડે છે. જ્યાં નાહની તુકડી હોયછે ત્યાં તે પરાનાં ચેપલનાં પાદ્રીને ચેપલેન તરીકે નેમવામાં આવે છે.

દર્યાઇ ખાતાનાં ચેપલેન ૧૦૦ ઉપર છે. જેમને ૨૧૯થી ૪૦૧ પૌંડનો લવાજમ મળે છે. મનવારના ચેપલેનને વાર્ષિક પગાર ૭૫૯ પૌંડનો મળે છે.

**ચેપાંગ**—એક પ્રજા. એઓ નેપાલના મધ્ય જંગલવાલા ભાગમાં વસે છે. તેઓ જંગલમાં ઝાડતળે યા ગુફા તથા ખુલ્લી જગ્યામાં વસી, ત્યાં કંદ મૂળ અને દુધ ઉપર નિર્વાહ કરે છે. આ પ્રજા મોંગોલ કોમમાંથી ઉત્પન્ન થએલી છે; એમ મી૦ હૉડગસન જણાવે છે. સરહદ ઉપરની વસ્તી રાવત પ્રજામાંનીજ આ એક જૂદી પ્રજા છે. તેઓ ગરમ પણ ફળદ્રુપ ભાગમાં વસવાનું પસંદ કરે છે.

**ચેફીન્ચ**—આ એક બ્રિટન દેશમાં વસ્તું સાધારણ પક્ષી. એને જર્મનીમાં 'ફીન્ક' અને ઈંગલંડમાં હાલમાં 'પીંક' અને 'ટવિંગ' કહે છે. એ લંબાઇમાં ૬ ઇંચ હોય છે તથા એની ચાંચ લંબાઇ અને ઉંચાઇમાં સરખી હોય છે. ગર્મિની રૂતૂ દરમ્યાન નર પક્ષીનું માથું અને ચાંચ બલુ, તપકિર્યા રંગની બને છે. પાંખો ઘણી ખરી કાળી હોય છે, અને પુછડી પણ કાળી હોય છે. એનો નિચલો ભાગ લાલ હોય છે. માદા પક્ષીનો રંગ નર પક્ષી કરતાં ઓછા પેરાસપર હોય છે. એ પક્ષી યૂરપનાં સઘળા ભાગમાં, એશિયાના થોડા ભાગોમાં, ઉત્તર આફ્રિકા અને એઝોર્સના પશ્ચિમે જણાય છે. ઉત્તર ધ્રૂવ તરફ કોઇ વેળા અને દક્ષિણ છેડા તરફ ચાલુ જણાય છે. એ

૪થી ૫ ઇંડાં મેળે છે, તેનો રંગ ઝાંખો જાંબુડો અને તેપર લાલ છાંટ હોય છે. એ ઝિણાં બિયાંપર નિર્વાહ કરે છે. ઈટલીમાં આ પક્ષીનું ગોસ લેહેજતદાર વાણી તરીકે ખવાય છે. જર્મનીમાં આ પક્ષી મધુર સરોદવાલું ગણાય છે.

**ચેફ્રો**—શાનટાંગના દ્વિપકલ્પની ઉત્તર ભણી આવેલા ૩૦ ટાપુઓ ગલ્ફ ઑવ પીચીલ' ના દાખલ થવાના માર્ગમાં ચેફ્રોનું એકજ બંદર છે. કે જે થંડીની મોસમમાં ખુલ્લું મેળવામાં આવે છે. અત્રેના પરદેશીઓના રહેવાના મથકમાં ૧૨૦ યૂરપ્ન તથા અમેરિકનો વસે છે. આ બંદર ઉપરનું શેહેર રેતીના કિનાપર કિલ્લા સાથે બાંધેલું છે, અને ત્યાંના માર્ગો તદ્દન હાલ હવાલ સ્થિતિમાં છે. લોક વસ્તી ૩૨૦૦૦ની છે. પરદેશથી આ બંદરપર, અમેરિકન કાપડ, સાકર, કાગળ, લોઢું, મેચીસ અને અફીણ આવે છે, ને નિકાશ વેપાર રેસમ, પક્ષીનો ચાલે છે.

**ચેબ્રેરા ગેબ્રેરેલો**—આ ઇટાલ્યન લેખકનો જન્મ સેવોનામાં ૧૫૫૨માં ૮ જુને થયો. એ રોમખાતે પોતાના કાકાની તકેદારી તળે કેળવણી પામ્યો હતો. કાકાના મ્હોત બાદ એ કાર્ડિનલ કોર્નરોને ત્યાં નોકરીએ રહ્યો, પણ એક ઉમરાવપર કિનો લેવા જતાં રોમ છોડી નહાસવું પડ્યું. એ ૫૦ વર્ષના વયે પરણ્યો હતો. ૧૬૩૭માં ૧૪ અક્ટોબરે ૮૫ વર્ષની વયે મરણ પામ્યો હતો. એ ગ્રીક ભાષાનો વિદ્યાર્થિ હતો. એણે અનેક કવિતા તથા નાટકો રચ્યાં હતાં. એની કવિતાઓનો સંગ્રહ Rime નાં નામ હેઠળ ૧૭૧૮માં રોમ ખાતે પ્રગટ થયો હતો.

**ચેમ્પલેન**—આ અમેરિકન સરોવર ન્યૂયૉર્ક અને વેરમોન્ટની વચમાં છે. એ સમુદ્ર સપાટીથી ૯૦ ફીટ ઉપર છે. એ ૧૧૦ મેલ લાંબો ને ૧થી ૧૫ મેલ પોહળો છે. ૧૬૦૯માં એને મી૦ ચેમ્પલેને શોધી કાઢ્યો હતો. ૧૮૧૪માં ૧૧મી સપટેંબરે અત્રે બ્રિટીશ સૈન્યે અમેરિકનોને હરાવ્યું હતું.

**ચેમ્પેગની**—ફ્રાન્સના પુરાણા પ્રાંતનો એક જીલ્લો. ૧૮૦ મેલ લાંબો ને ૧૫૦ મેલ પોહળો છે. અત્રે ઉત્તમ પ્રકારનો સફેદ તથા લાલ દારૂ બને છે.

**ચેમ્પેગની**—ઇલિનોઇસમાંનું એક ગામ. ચિકાગોની દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં ૧૨૮ મેલપર છે. અત્રે ઉદ્યોગ હૂન્નરની એક પાઠશાળા તથા અનેક કારખાનાંછે. લોક વસ્તી ૫૮૩૦નીછે.

**ચેમ્ફોર્ટ નીકોલસ**—આ જાણીતા નવલકથા તથા કહેવતો રચનારનો જન્મ, ઇ. સ. ૧૭૪૧માં યૂવ્હરજીન ખાતે થયો હતો. એણે પારિસની કૉલેજમાં વિદ્યાઅભ્યાસ કર્યો હતો. એકેડમીમાં ઇનામની હરિફાઇવાલી પરિક્ષામાં એણે નામના મેળવી હતી, અને તેથી એ પારીસનાં ઉંચા વિદ્વાન વર્ગમાં દાખલ થઇ શક્યો હતો. બળવા સમયે એણે પ્રજા તરફથી આગેવાની ભર્યો ભાગ બજાવ્યો હતો. એનું મરણ ઇ. સ. ૧૭૯૪માં ૧૩મી એપ્રેલે મહાસંકટોમાં નિપજ્યું હતું. એના રચેલાં નાટકો તથા વાર્તા ઘણી જાણીતી છે.

**ચેમ્પેનીહેસ્ટર**—આ બાનુ લેખકનો જન્મ નોર્થંમટન શાયરમાં ૧૭૨૭માં ૨૭ અક્ટોબરે થયો હતો. એ જ્યારે ૧૦ વર્ષની હતી ત્યારથીજ તેને કવિતા રચવાનો શોખ ઉત્પન્ન થયો હતો, પણ તેટલાં તેની માતા મરણ પામતાં બચપણથી ઘેરના સંસારી કામમાં રોકાવું પડ્યું હતું; તે છતાં તેણે ફ્રેન્ચ, ઇટાલ્યન, લેટીન, સંગીત અને ચિત્રકળાનો સારો અભ્યાસ કર્યો હતો. આ બાનુ રેમ્બ્લેલ, એડવેનચરર અને જેંટલમેન્સ મેગેઝીનમાં લખાણો કરવાના શરૂ કરી સાહિત્યના શોખીનોની જાણમાં આવી હતી. એણે લખેલા Letters on the Improvement or the Mind નામનો ગ્રંથ ૧૭૭૨ માં રચી પ્રગટ કર્યો. જેની તે પછી અનેક આવૃત્તિઓ આજ સુધી નિકળી છે. ૧૭૬૦માં એ એક સોલીસીટર સાથે પરણી હતી, પણ તે બીજેજ વર્ષે મરણ પામવાથી એ વિધવા થઇ. જે પછી એનું મરણ ૧૮૦૧ માં ૨૫ ડીસેંબરે હેડલી ખાતે નિપજ્યું હતું.



**ચેમ્બર્સ ઑવ કૉમર્સ**—વેપારીઓને તેમનાં વેપારમાં ઉત્તેજન આપવું, વેપાર સંબંધી સર્વેને એકત્ર કરી ઉત્તમ રીતિ નીતિથી વેપાર ચલાવવો, વેપાર સંબંધી જગેજગની બાતમી મેળવી તેનો ઉપયોગ સર્વેને સરખો કરવા દેવો, કદાચ કોઈ વેપારી સંકટમાં આવે તો તેને કોઇક રીતે મદદ કરવી; એજ આ મંડળીનો ઉદ્દેશ છે.

આવી પેહેલ વેહેલી મંડળી સ્થાપન થવાની નોંધ ૧૪મી સદીની આખેરી અને ૧૫ મીની શરૂઆતમાં મળે છે, કે જે વેળા 'માર્સેલ્સ' ખાતે 'ચેમ્બર ઑવ કૉમર્સ' સ્થાપન થઇ હતી. આ મંડળી મ્યૂનિસીપલ કારોબાર અને વેપારી આલમના ઇન્સાફમાં ભાગ લેતી હતી. આ મંડળી અનેક વેળા સ્થાપન થઇ અને ભાગી પડી હતી, પણ ૧૬૫૦થી તે ચોક્સ બંધારણથી ચાલુ થઇ હતી. ધી ચેમ્બર ઑવ ડનકીક ૧૭૦૦માં સ્થાપન થઇ. એજ વર્ષમાં પારીસ ખાતે એક મંડળી સ્થાપન થઇ, તેમાં ૬ રાજ્ય સભાનાં સભાસદો નેમાયાં હતા, અને બીજા ૧૨ વેપારી 'ડેલીગેટો, જૂદા જૂદા શેહેરો તરફથી ચુંટી કાઢેલા દાખલ થયા હતા; અને તે પછી થોડે વર્ષે તમામ ફ્રાન્સમાં આ પ્રમાણેની મંડળીઓ સ્થાપન થઈ.

ઉપલી મંડળીની સ્થાપના પછી નીચે મુજબ નવાં મંડળો સ્થાપન થએલાં નોંધાયાં છે. ૧૭૦૨માં લાયન્સ ખાતે, ૧૭૦૩ માં રૂએનમાં, ૧૭૦૪ માં સૈંટ પીલરમાં અને ૧૭૦૫ માં ઓરડેક્ષ વગેરેમાં. પણ ૧૭૯૧માં 'નેશનલ એસેંબ્લી' ની સ્થાપનાથી તે ભાગી પડી હતી. પણ ૧૮૦૨માં ફરી તે રાજ આજ્ઞાથી સ્થાપન થઇ હતી. પણ તેના બંધારણમાં ૧૮૩૨, ૧૮૫૧ અને ૧૮૫૨માં ફેરફાર થયા હતા. હાલમાં આ મંડળી માટેના સભાસદો દરેક દેશનાં આગેવાન વેપારી મંડળ તરફથી ચુંટી કાઢવામાં આવેછે. આ સભામાં ૯થી ઓછા નહિ તેમ ૨૧થી વધુ સભાસદો ચુંટી કાઢી શકાતાં નથી. તેઓ ૬ વર્ષ વેર કાયમ રહે છે. પણ તેમાનાં $\frac{1}{3}$ ભાગ દર બે વર્ષે બદલાય છે.

ગ્રેટબ્રિટનમાં આવી મંડળી પ્રથમ ગલાસગોમાં ૧૭૮૩માં ૧ લી જાનેવારીએ સ્થાપન થઇ. આ મંડળને પાદશાહી સનદ મળવાથી તે એડીનબર્ગ ખાતે એજ માસની ૩૧ મી એ 'રેજીસ્ટર' થઇ હતી. એડીનબર્ગમાં ૧૭૮૫માં બીજી સ્થાપન થઈ અને ૧૭૮૬ માં રાજ આજ્ઞા મેળવી.

લંડન ચેમ્બર ઑવ કોમર્સ (૧૮૮૨) યૂનાઇટેડ કીંગડમમાં મ્હોટી આગેવાની ભરી મંડળી ગણાય છે. મેન્ચેસ્ટરની ચેમ્બર ઑવ કોમર્સ જે ૧૮૨૦ થી ચાલુ છે તેમાં ૯૦૦ વેપારી સભાસદો છે, અને તેમનું એક જાહેર દીવાનખાનું ૧૮૩૭માં બાંધવામાં આવ્યું હતું.

લીવરપૂલ, લીડસ, બ્રેડફોર્ડ વગેરે ઠેકાણે ૧૮૫૦ સુધી આવી મંડળી નહોતી; અને તે પછી દક્ષિણ આસ્ટ્રેલ્યામાં એવું મંડળ સ્થાપન થયું. લીવરપૂલનાં મંડળમાં ૫૫૦ સભાસદો છે. મેન્ચેસ્ટર ચેમ્બર ઑવ કોમર્સના સભાસદોથી આ મંડળીનું ૧૪૦૦ પૌંડનું લવાજમ દ્વારે ઉત્પન્ન મળે છે. એમાં દરેક સભાસદ તરફથી ૧ પૌંડ ૧ શિલીંગ અને મ્હોટી પેઢી પાસથી ૧૦ પૌંડ ૧૦ શીલીંગનું લવાજમ લેવામાં આવે છે.

ન્યૂયૉર્કમાં ચેમ્બર ઑવ કોમર્સની સ્થાપના ૧૭૬૮માં થઈ અને તેને ૧૭૭૦માં સરકાર તરફથી સનદ મળી. આ મંડળમાં ૮૦૦ સભાસદો છે.

**મુંબઇની** ચેમ્બર ઑવ કોમર્સની સ્થાપના ૧૮૬૮માં ૨૨મી સપટેંબરે થઇ. આ મંડળ પ્રથમ યૂરપ્યન વેપારી, દલાલ વગેરેએ મળી સ્થાપન કર્યું અને તે કામને તે વખતનાં ગવરનર સર રૉબર્ટ ગ્રાંટે મ્હોટું ઉત્તેજન આપ્યું હતું, તેમજ અમુલ્ય મદદ આપી હતી. આ વેપારી ચેમ્બરનાં ઘણાખરા સભાસદો વેપારી કંપનીનાં મુખ્ય અધિકારી તથા આ દેશનાં વેપારીઓ હોયછે. સભાસદને

દર વર્ષે ૧૫ રૂપ્યા લવાજમ ભરવું પડેછે, તેમજ ચેમ્બર તરફથી પ્રગટ થતા વર્તમાન પત્ર માટે ૧૫ રૂપ્યાનું લવાજમ ભરવું પડેછે. આ ચેમ્બરમાં એક ચેરમેન (પ્રમુખ) એક ડેપ્યૂટી ચેરમેન' (ઉપ પ્રમુખ) એવા બે મુખ્ય અધિકારી અને ૧ સેક્રેટરી (મંત્રિ) હોયછે. સભામાં મંડળી વ્યવસ્થા ચેરમેન, ડેપ્યુટી ચેરમેન, અને બીજા પાંચ સભાસદો મળી ૭ ગ્રહસ્થો રાખે છે. વેપારમાં વધારે ઉત્સાહ બતાવનારા અને પ્રજાના કામે માટે લઢનારા એવા ગ્રસ્થોને ‘ઑનરરી મેમ્બર,’ બનાવવામાં આવેછે. તેમની પાસેથી કાંઇપણ લવાજમ લેવામાં આવતું નથી, તેમની ‘જનરલ મીટીંગ’ ૩ મહિને ભરાય છે; અને વાર્ષીક સભા જાનેવારીની ૧ લી તારીખે ભરવામાં આવેછે. જે વેળા વેપારી બાબતો-પર મહત્વની તકરારો થાયછે.

**ચેમ્બરલેન**—મંડળનો અધિકારી, રાજ્ય ગૃહાધિકારી, કોર્ટનો ઉપરી અધિકારી, સરકારી ખજાનચી અને રાજ્ય ભિષેક વખતે પાદશાહની હજુરમાં રહેનારો.

ગઇ ૧૩મી સદીથી લૉર્ડ ચેમ્બરલેન રાજ્યનો એક મુખ્ય અગત્યનો અધિકારી ગણાય છે. ૧૪૦૬થી પાર્લમેંટે મુકરર કર્યુંછે કે એ એક અધિકારી કૌન્સીલમાં રહેવો જોઇએ. તેમજ આ અધિકારી રાજ્ય ગૃહમાંના ‘બૅડ ચેમ્બર’, ચેપલ રૉયલ, તબીબ ખાતું તથા શાસ્ત્ર વૈધક શિવાયનાં ખાતાંપર મુખ્ય ગણાતો. એ રાજ્ય ઘરાણામાંના વાજીંત્ર શાસ્ત્રી, ખેલ કરનાર, બેંડવાલા, કાસદો વગેરે ઉપર ઉપરી ગણાતો. આગળ શેહેરમાંની તમામ નાટકશાળા, કે જ્યાં રાજ વંશીઓ બીરાજતા તેમને ચેમ્બરલેન તરફથી સનદ મલ્યા વિના નાટક કરી શકાતો નહોતો, પણ હાલમાં એ ધારો ચાલુ નથી. ૧૭૫૧ અને ૧૮૪૩માં પસાર થએલા કાયદા પછી નાટક ગૃહમાંના નાટકો તથા નાટક ગૃહ માટેની લેવી પડતી સનદોનો કાયદો રદ થયોછે. ચેમ્બરલેન તરફથીજ રાજકીય નાચ, મેજબાની અને મેલાવડા-ની ચીઠીઓ નીકળે છે. પુરાણી રીત મુજબ હાલમાં પણ લૉર્ડ ચેમ્બરલેન ‘પ્રિવી-કૌન્સીલનો’ સભાસદ ગણાય છે. તેને વાર્ષિક લવાજમ ૨૦૦૦ પૌંડ મળે છે. પણ હાલમાં એનો અધિકાર રાજકિય ટોળી જેવી હાલતમાં મુકાઇ હોય તેપર હોય છે.

ધી વાઇસ ચેમ્બરલેન, લૉર્ડ ચેમ્બરલેનનો મદદનીશ ગણાય છે, કે જે વડાની ગેરહાજરીમાં તેની દરેક સત્તા ધરાવી શકે છે, બીજા રીચ-ર્ડના સમયથી એ નવો ઓધો ચાલુ થયો હતો, અને તે પણ ‘પ્રિવી-કૌન્સીલ’ નો સભાસદ ગણાઇ ૯૨૪ પૌંડનું સાળીયાનું મેળવે છે.

**ચેમ્બરલેન ધી રાઇટ ઑનરેબલ જોસફ એમ. પી**—મરહુમ જોસફ ચેમ્બરલેનનો વડો બેટો, જન્મ લંડનમાં ૧૮૩૬ની જુલૈમાં થયો. એણે યૂનિવરસિટી કૉલેજ સ્કુલમાં કેલવણી લઇ, પોતાના પિતાની બરમીંગહેમનાં સ્ક્રૂના કારખાનામાં દાખલ થયો, જ્યાંથી એ ૧૮૭૪ માં દુર થયો, અને તે પછી તેણે રાજદ્વારી બાબતપર લક્ષ આપી ‘રેડીકલ ટોળીમાં જોડાઇ પ્રસિદ્ધતા મેળવી. ૧૮૬૮માં એ બરમીંગહેમની ટૌનકૌન્સીલમાં સભાસદ થયો, અને ૧૮૭૩ થી ૧૮૭૬ વેર બરમીંગહેંમમાં મેયર તરીકે નેમાયો. એ બરમીંગહેમ સ્કુલ બોર્ડના પ્રમુખ તરીકે ૧૮૭૪થી ૧૮૭૬ વેર હતો. ૧૮૮૦માં એ ગલેડસ્ટનના પ્રધાન મંડળ વેળા પાર્લામેંટમાં સભાસદ તરીકે દાખલ થઇ ‘બોર્ડ ઑાવ ટ્રેડ’ ના પ્રમુખ તરીકે નેમાયો, ને તે પછી એણે એટલી તો પ્રસિદ્ધતા મેળવી કે રેડીકલ ટોળીનો એ ઉપરી બન્યો. મરહૂમ ગંલેડસઠનના છેલ્લા રાજ અમલમાં એ આઇરીશ ક્રાઇમ્સ બીલની સખત વિરૂદ્ધ હતો. ૧૮૮૬માં ૧લી ફેબ્રૂવારીએ ‘લોકલ ગવર્નમેંટનો પ્રમુખ થયો. પણ ૨૬ મી માર્ચે એ ગલેડસ્ટનના હોમરૂલ બીલની વિરૂધ હોવાથી રાજીનામુ આપ્યું. જ્યારે ડ્યૂક ઑાવ ડેબ્હનશાયર ઉપલી ઉમરાવ ટોળીમાં દાખલ થયો ત્યારે એ લીબરલ યૂનિયનનીસ્ટોનો ઉપરી હનો. લૉર્ડ સાલ્સબરીએ એને વૉશિંગટન ખાતે કેનેડયન માછલી પકડવાના વાંધાના નિવેડા માટે કમીશનર તરીકે મોકલ્યો હતો. ૧૮૯૫માં એને યૂનિયનીસ્ટ કેબીનેટનાં કૌન્સીલ મંત્રિ તરીકે નેમ્યો તેમજ એણે દક્ષિણ આફ્રિકાની લઢાઇ ઉઠવાના સંભવ વેળા આગેવાની ભર્યો ભાગ લઇ પોતાનું ચલણ ચલાવ્યું હતું. ૧૮૯૬માં એને લૉર્ડ રેકટર ઑાવ ગલાસગો યૂનિવરસિટીમાં ચુંટી કાઢવામાં આવ્યો. ૧૯૦૩ માં એણે પોતાના ઓદ્ધાનું રાજીનામું આપ્યું હતું.

**ચેમ્બર્સવિલ્યમ**—આ સાહસિક પુસ્તકો પ્રગટ કરનારનો જન્મ ઇ. સ. ૧૮૦૦માં ૧૬મી એપ્રેલે થયો. એનો પિતા એક રૂ કાંતવાના કારખાનાનો માલેક હતો. પણ તેને કમનસીબે વેપારમાં ખોટ જતાં પડી ભાગો; આથી ૧૩ વર્ષની નાહની વયે જુવાન વિલ્યમને પોતાનો અભ્યાસ છોડવો પડયો. ૧૮૧૩ માં એ પોતાના વતનથી નિર્વાહ અર્થે એડીનબર્ગમાં જઈ એક પુસ્તક વેચનારને ત્યાં નોકરીએ રહ્યો; અને ત્યાં પાંચ વર્ષવેર નોકરી બજાવી ૧૮૧૯માં પોતે જાતે છાપવાનું અને લખવાનું કામ ચલાવવા માંડયું. ૧૮૨૫થી ૧૮૩૦ સુધીમાં એણે Book of Scotland અને પોતાના ભાઇ રૉબર્ટની સાહ્યતાથી ગેઝીટિયર ઑાવ સ્કૉટલંડ લખી પ્રગટ કર્યાં; તે વેળા મળેલા ઉત્તેજનથી એણે વિચાર્યું કે સારાં સારાં ગ્રંથો પ્રગટ કર્યાથી પ્રજા આશ્રય મળી શકશે, તેથી તે કામપર એ બેઉ ભાઈઓ મંડયા, ૧૮૩૨માં ૪થી ફેબ્રુવારીએ Chamber's Edinburgh Journal પ્રગટ કરવા માંડયું અને તે પછી Penny Magazine પ્રગટ કરી પ્રજામાં વાંચનનો શોખ ફેલાવવાનું સસ્તું સાધન પુરૂ પાડતાં તેની ઘણી નામના થઇ. આ ચોપાન્યાનો ૧૪ મો અંક છપાતાં એ પોતાના ભાઈ સાથે જોડાઇ વિલ્યમ એન્ડ રૉબર્ટ ચેમ્બર્સ નામે કંપની સ્થાપી. આ બેઉ બિરાદરો લખાણો કરવા, એડીટ કરવા, છાપવા તથા પ્રગટ કરવાનું કામ પોતે બજાવતા. તે પછી W. & R. Chambers નાં નામ તળે પોતાની ગ્રંથમાળા એક પછી એક પ્રગટ કરવા માંડી—General Information for the people 2 Vols. Educational Course Series; Cyclopaedia of English Literature 2 Vols. Miscellany of useful and Entertaining tracts 20 Vols, Papers for the People 12 Vols. Encyclopaedia 10 Vols. (૧૮૫૯, ૧૮૬૨-૧૮૮૮-૧૮૯૨-૧૮૯૭-૧૯૦૦ માં પ્રગટ કર્યા.)

૧૮૪૯ માં વિલ્યમ ચેમ્બર્સે ગ્લીનો રમ્સ્ટન, પીબલ્સશાયરમાં અનેક જમીનો વેચાતી લઇ ૧૮૫૯માં પોતાના વતનમાં સંસાર વ્યવ્હારી સુધારા સામે થોડીક જમીનો આપી. એડીનબર્ગમાં એ બે પ્રસંગે લૉર્ડ પ્રોવોસ્ટ' તરીકે નેમાયો. એનું મરણ ૧૮૮૩માં ૨૦મી મે. એ નિપજ્યું. ૧૮૭૨માં એને એડીનબર્ગ તરફથી એલ. એલ. ડી. ની પદ્વિ મલી. એડીનબર્ગમાં એના માનાર્થે એક પુતળું ઉભું કરવામાં આવ્યું છે.

**ચેમ્બર્સ રૉબર્ટ**—ઉપલાનો ભાઇ. જન્મ ઇ. સ. ૧૮૦૨માં ૧૦મી જુલૈએ થયો. એણે ૧૬ વર્ષની વયથી એડીનબર્ગમાં પુસ્તક વેચનાર તરીકેનો ધંધો શરૂ કર્યો. ૧૮૨૪ માં એણે “ટ્રેડીશન ઑાવ એડીનબર્ગ” પ્રગટ કર્યો. જે એના લખાણુથી એની ઓળખાન સર વૉલ્ટર સ્કૉટ સાથે થઇ. ૧૮૨૨ થી ૧૮૩૪ સુધીમાં એણે ૨૪ દફતરો વિદ્યા હૂન્નર તથા તવારીખનાં રચી પ્રસિદ્ધ કર્યા હતાં. ૧૮૩૨માં એ પોતાના વડા ભાઈ શાથે જોડાયો; તે વેળાએ એક લેખક તરીકે મ્હોટી નામના પામ્યો હતો. “તે પછી એણે પ્રજાના શોખ મુજબ કવિતા, વિદ્યાહૂન્નર, તવારીખ, વગેરેનાં ગ્રંથો પ્રગટ કર્યા. ૧૮૬૩ માં એને-સેંટ એન્ડ્ર્યૂ તરફથી એલ. એલ. ડી.ની પદ્વિ મળી. મરણ ૧૮૭૧ માં ૧૭ માર્ચે એન્ડ્ર્યૂ



G.24748

ખાતે નિપજ્યું. એણે પણ પોતાના ભાઇ જેવીજ ઉલટ અને મેહેનતથી અનેક ગ્રંથો પ્રગટ કર્યાં હતા.

**ચેમ્બ્રે**—પુરાણા ડચતું મુખ્ય શેહેર અને હાલના સેવૉયના ફ્રેન્ચ સંસ્થાનનું ગામ. પૅરીસની દક્ષિણ પૂર્વે ૩૭૦ મૈલ ઉપર બે પર્વતોની વચ્ચે વસાયલું છે. આ ગામ આસ-પાસ 'લૅસી' નદી વહેછે, અને ત્યાંની કુદ્રતી લીલા અતી મોહક નજરે પડેછે. અત્રે એક નાહનું દેવળ, કાયદાનો મ્હેલ અને સેવોયના ડયૂકનો કિલ્લો છે. અત્રે ઘડીયાળ, રેસમ, સાબુ, ટોપી, કાગળ વગેરેનાં કારખાનાં છે. ૧૮૭૨માં લોક વસ્તી ૧૭૩૩૧ની ને ૧૮૯૧ માં ૧૯૭૫૫ની હતી.

**ચેમ્નિત્ઝ**-આ સેકસન શેહેર લિપઝીકની દક્ષિણે દક્ષિણ પૂર્વમાં ૫૧ મૈલ પર અને ડ્રેસડનની દક્ષિણ પશ્ચિમમાં ૪૩ મૈલ પર છે. આ શેહેર સેકસનીનું એક બીજું મેન્ચેસ્ટર જેવું છે. અત્રે કાપડ, સૂતર, રેસમ, કલીકો, જુટ, સણ, યંત્રો વગેરે બનાવતાં અનેક કારખાનાં છે. ૧૮૦૧ માં લોક વસ્તી ૧૦૮૩૫ ની હતી, ૧૯૯૧ માં ૪૫૫૩૨ ની ને ૧૮૯૦ માં ૧૩૮૯૫૪ ની હતી.

**ચેમ્નિત્ઝ**—આ અતી બાહોશ અને જાણીતો લ્યૂથર્ન ઇશ્વરી જ્ઞાન શાસ્ત્રી તરીકે પ્રસિદ્ધતા પામી ગયો છે. એ બ્રેનડનબર્ગમાંના એક ગામમાં ૧૫૨૨ માં ૯મી નવેમ્બરે જનમ્યો. એનું બચપણ અતિશય દાલિદ્રતામાં ગુજર્યું હતું. પણ કોઇક ગુજરાનનું સાધન મળે તેથકી એણે પ્રથમ ફ્રૅંકફોર્ટ અને પછી વેટન-બર્ગમાં વિધાભ્યાસ કર્યો. સારે નસીબે એને ૧૫૫૦ માં કોનીંગસબર્ગની લાઅબ્રેરીમાં લાયબ્રેરીયનની જગા મળતાં એણે ત્યાં ખુદ્રતી જ્ઞાન શાસ્ત્રનો અભ્યાસ આરંભ્યો. તેપછી એ ઓસેંડરને ભણાવા નોકરીએ રહ્યો, ને ૧૫૫૩ માં વેટીનબર્ગ જવું પડ્યું જ્યાં તેણે Loci-communes પર ભાષણ આપ્યું. એ એના મ્હોત પછી ૧૫૯૧ માં છપાયું હતું. ૧૫૫૪ માં એ બ્રન્સવીક ખાતે ભાષણ કર્તા તરીકે નેમાયો. અને ૧૫૬૭ માં સુપ્રીન્ટેનડન્ટ થયો. એનું મરણ ૧૫૮૬માં ૮ એપ્રિલે નીપજ્યું હતું.

**ચેમીસો એડીલબર્ટ વૉન**—આ જર્મનીમાં અતી પ્રસિદ્ધતા પામેલો કવિશ્વર ઇ. સ. ૧૭૮૧માં ચેમ્પેગનમાં જનમ્યો હતો. ફ્રાન્સના બળવાને લીધે એના માતપિતાને ૧૭૯૦માં પૃશિયામાં જઇ વસવું પડ્યું. ૧૭૯૬માં એને રાણીના હજુરીયા નોકર તરીકે નોકરી રહી, ૧૭૯૮માં પૃશિઅન નોકરીમાં જોડાયો. ૧૮૦૭માં જ્યારે સર્વ બળવો સમાઇ ગયો ત્યારે એ ફ્રાન્સ આવી રહ્યો, અને પોતાના સ્વદેશ સામે કદી નહિ થવું એવી નેપોલ્યને તેની પાસે કબુલાત લઇ એને કુદ્રતિ વિજ્ઞાન શાસ્ત્રનો અભ્યાસ કરવા રોકયો. કે જે અભ્યાસ એણે બર્લીન જઈ વધાર્યો હતો. ૧૮૧૫—૧૮માં એ રશિયન દેશની તપાસ કરવાના ખાતામાં જોડાયો ને જ્ઞાનમાં વધારો કરી બર્લીનના બાગનો વડો અધિકારી થયો. ૧૮૩૫માં સાયન્સની એકેડમી તરફથી એને ચુંટી કાડવામાં આવ્યો. તે પછી એણે સંસારી જીંદગીમાં લાંબો કાલ ગુજારી ૧૮૩૮માં ૩૧મી આગસ્ટે મરણ પામ્યો. એણે કુદ્રતી શાસ્ત્ર પર અનેક ગ્રંથો રચ્યાં હતા, પણ પોતાની શકિતનો મ્હોટો ભાગ કવિતા રચવાપર દોડાવ્યો હતો. એણે રચેલી એક કવિતા કે જેમાં એક મનુષ્ય પોતાનો પડછાયો ખોઇદીયેછે તેનો તર્જુમો યૂરપની એકે એક ભાષામાં થયો છે. એનાં સર્વ લખાણોનો સંગ્રહ ૧૮૭૪ માં ૬ આવૃતિમાં બહાર પડયો છે.

**ચેમેરા**—કવિ હોમરના જણાવ્યા મુજબ આ એક રાક્ષસ હતો. તે પોતાનાં મ્હોમાંથી સદા બળતાં કહાડતો. તેનું માથું સિંહ જેવું, શરીર બકરા જેવું અને પુછડી ઉડતા સાંપ જેવી હતી.

**ચેર**—એનાં ઝાડ મ્હોટાં ઉગે છે. એનાં પાદડાં એરંડનાં પાંદડા જેવાં હોય છે. કોકણ



પ્રાંતમાં એ પુશકળ ઉગે છે. એનું લાકડું સાધારણ ઉપયોગમાં આવે છે.

**ચેર**—એજ નામની નદી ઉપરથી મધ્ય ફ્રાન્સમાં એક વિભાગનું નામ. આ દેશ સમુદ્ર સપાટીથી ૧૬૦૦ ફીટ ઉંચો ને ફળદ્રુપ છે. ક્ષેત્રફળ ૨૭૭૦ ચૌરસ મૈલ છે. લોક વસ્તી ૧૮૭૨માં ૩૩૫,૩૯૨ની ને ૧૮૯૧ માં ૩૫૯૨૭૬ની હતી. એજ નામની વ્હેતી નદી ૨૦૦ મૈલ સુધી ઉત્તર તરફ વહેતી ઉત્તર પશ્ચિમે વહે છે.

**ચેરન્થસચેરી**—ઈંગલંડમાં જુના ખંડીયરમાં આ ફુલઝાડ મુખ્ય કરી પુરાતમ દેવલો ઉપર ઉગેલાં મળે છે. એનો રંગ ખુલ્લો પિળો હોય છે, પણ જો એને બગીચામાં ઉગાડયો હોય તો તેનો કાળો રંગ ભૂરાસપર આવે છે. એનો અતીજર્દ પિળો રંગ પણ હોય છે.

**ચેરબની મેરિયા લ્યુજી કાર્લો ઝેનો-બિયા સેલ્વેટોર.**—આ જાણીતો સંગીત શાસ્ત્રીનો જન્મ ઇ. સ. ૧૭૬૦માં ૧૪ સપટેંબરે ફ્લોરેન્સમાં થયો હતો. એણે સંગીત શાસ્ત્રનો અભ્યાસ ૬ વર્ષની નાહની ઉમરથીજ પિતાનાં શિક્ષણ તળે શરૂ કર્યો. ૯ વર્ષની વયે બાર્ટોલોમિયોફેલીસ્તાની ગાયણશાળામાં દાખલ થયો. ૧૭૭૮માં પેલોગન ગયો અને ત્યાં જાણીતા 'સાર્ટી' ના શિક્ષણ તળે ૪ વર્ષ અભ્યાસ કર્યો તથા ૧૭૭૯મા તેનીજ સાથે મિલાન ગયો, અને ત્યાં પોતાના શિક્ષકને ઘણાંક સંગીત નાટકો લખવામાં મદદ કરી. ૧૭૮૦માં એણે પોતાનો પેહેલો સંગીત ખેલ quinto Fabia અલસેન્ડ્રીયામાં ભજી બતાવ્યો. ૧૭૮૪માં એને લંડન ખાતે તેડવામાં આવ્યો અને ત્યાં રાજાના ગાયણ જોડનાર તરીકે એક વર્ષ સુધી નોકરીએ રાખવામાં આવ્યો. ૧૭૮૫માં એણે પેરિસની મુલાકાત લીધી, અને પછી ચૂરીનમાંજ ૧૭૮૮માં ફરી પેરીસ ગયો, અને ત્યાં ઘર માંડીને રહ્યો. તે વેળા એણે ટુંક મુદતમાં સંગીત નાટકોમાં મ્હોટો ફેરફાર કર્યો. ૧૮૦૫માં એ વેનીસ ગયો. ને ત્યાં 'એ ઓપેરા' ભજી બતાવ્યા પણ તેટલાં આસ્ત્રીયા તથા નેપોલ્યન વચ્ચે લઢાઇ જાગતાં એ પાછો પારીસ ગયો. ૧૮૦૮માં બેલજ્યમની મુલાકાત લીધી. ૧૮૧૪માં ૧૮માં લુઇએ એને લીજીયન ઑાવ ઑાનરનો એલકાબ આપી નાઇટ બનાવ્યો. ૧૮૩૫માં એણે રચેલો ગ્રંથ આજે સત્તાદાર ગ્રંથ ગણાય છે. મરણ ૧૮૪૨માં ૧૫ મી માર્ચે નિપજ્યું હતું.

**ચેરબુર્ગ**—પ્રાચીન ફ્રેન્ચ સંસ્થાનમાંનું બંદર અને દર્યાવર્ધી લશકર ખાતાનું મથક; પેરિસની પશ્ચિમે ઉત્તર પશ્ચિમમાં ૨૩૦ મૈલ ઉપર છે. અત્રેના બંદર ઉપરનાં બચાવનું બાંધકામ પેહેલા નેપોલ્યને શરૂ કરી ૧૮૫૮ માં ૩ જા નેપોલ્યને પુરૂં કરાવ્યું હતું. તેની પાછળ કુલે ખર્ચ ૨૦૦ લાખ ફ્રાંકનો થયો હતો. પણ તે પછી ૧૮૮૩થી ૧૮૯૪ સુધી બીજા ૪૯ લાખ ફ્રાંકનો ખર્ચ કરી તેને સુધારવાનું રાજસભાએ ઠેરવ્યું હતું. આ બંદરનું ક્ષેત્રફળ ૨૦૦૦ ચોરસ મૈલ છે અને તે મજબુતમાં મજબુત કિલ્લે બંદી ધરાવે છે. તેના વેપાર વ્હેવારનું બંદર ૭૮૬ ફીટ લાંબુ ને ૬૫૪ ફીટ પોહળુ છે અને તેના માહેલો ભાગ ૧૩૩૨ ફીટ લાબો ને ૪૧૬ ફીટ પોહળો છે. અત્રેના દર્યાઇ ખાતાનું મ્હોટું બંદર ૧૮૫૮ માં શેહેનશાહ નેપોલ્યને ૧૮૫૮ માં મ્હારાણીને હાથે ખુલ્લું મેળાવ્યું હતું. આ ગામના રસ્તા સાંકડા ને ગલીચ છે. અત્રે લેસ, રસાયન પદાર્થ, ચામડા. સાકર, નીમક આટાની મીલ વગેરેનો વેપાર ઉદ્યોગનાં ખાતાં છે. પણ પ્રજાનો મુખ્ય ભાગ બંદર તથા લશકરી ખાતામાં છે. ૧૭૫૨માં આ ગામ ઈગ્રેજોએ લીધું હતું, અને તેઓએ ત્યાંની જાહેર ઇમારતોનો નાશ કર્યો હતો. ૧૮૭૨માં લોક લસ્તી ૩૪૭૮૫ની ને ૧૮૯૧માં ૩૮૫૪૦ અથવા ૫૪૩૭૧ની હતી.

**ચેરવીલ**—આ યુરપ તરફ ઉગતી ઉદભિજ સંસ્થાનોનાં ભાગોમાં ઉગે છે, જે સૂપ વગેરે પદાર્થો બનાવવાનાં ઉપયોગમાં આવે છે. એના પાંદડાં સ્વાદિષ્ટ અને મિઠાં લાગે છે. એની

મીઠાસદાર જાત દક્ષિણ યૂરપમાં ઉગે છે. આ ઉદ્ભિજ એશિયાના કેટલાક ભાગોમાં પણ જણાય છે. બ્રિટનમાં તેને જગેજગ ઉગાડવામાં આવે છે. ને જર્મનીમાં કવચિત ઉગે છે. સ્કૉટલંડમા તેને enyrrh કહેછે.

**ચેરાટ**—પેશાવર જીલ્લામાંનું એક પહાડી સેનેટરીયમ. સમુદ્ર સપાટીથી ૪૫૦૦ ફીટ ઉપરછે. પેશાવરની દક્ષિણ પૂર્વે ૩૪ મૈલ ઉપરછે. મેજર કૉકે પ્રથમ ૧૮૫૩માં આ મથક શોધી કાઢયું, ૧૮૬૧માં આ જગાની પ્રથમ અજમાયશ લઇ અત્રે લશકરી સેનેટરીયમ બાંધવામાં આવ્યું હતું. અતી ગર્મીની મોસમમાં અત્રે ૮૦ ડીગ્રી પારો રહેછે. સપારી નામે ઝરો ૩ મૈલ ઉપર છે, જ્યાંથી અત્રે પાણી પુરૂં પાડવામાં આવેછે. સ્ટેશન પાસે ગંધકનાં અંશવાલું પાણી નાહવાનાં ઉપયોગમાં લેવાયછે. અત્રે તર્હેવાર ઉદ્ભિજ ઉગે છે.

**ચેરાપંજી**—આસામમાં ચેરા રાજ્યનું આ મુખ્ય ગામ શિલોંગની દક્ષિણે ૩૦ મૈલ ઉપર સમુદ્ર સપાટીથી ૪૫૮૮ ફીટ ઉપર છે. લોક વસ્તી ૨૭,૨૯ ની છે. ૧૮૬૪ પછી અત્રેથી સરકારી કચેરી શિલોંગમાં લઇ જવામાં આવી હતી. આ તરફના જીલ્લામાં મિશનરીઓએ કેલવણી આપી પોતાના ધર્મનો ફેલાવો કરવાની ચાલુ કોશેસ કરે છે, ને તેમનું વડું મથક આજ ગામમાં છે. અત્રે ૩થી ૪ ફીટ નીચાણમાં કોલસો મળી આવેછે. તેમાંથી થોડા વર્ષો પર ૪, ૪૭૦૦૦ ટન કોલસો કાઢવામાં આવ્યો હતો, પણ આ તરફની ખાણોમાંથી મહા મેહેનતે કાઢવામાં આવતો કોલસો મોઘો પડતો હોવાથી, વર્ષો થયાં તે પડત હાલમાં છે. અત્રે દુન્યામાં બધાથી વધારે વર્સાદ પડે છે. અત્રે સરાસરી વર્સાદ ૪૬૨° ૮૫ ઇંચ પડે છે. ૧૮૬૧ માં અત્રે ૮૦૫ ઇંચ વર્સાદ પડયો હતો. તેમાં ૩૬૬ ઇંચ તો માત્ર પેહેલા જુલે માસમાંજ પડી ચુકો હતો.

**ચેરી**—એનાં ઝાડ ૪૦થી ૫૦ ફીટ ઉંચા વધેછે. તેનીપર તુરાં ફળો આવે છે. તેનાં પાદડાં નરમ સુંવાળાં ને ફળ સ્વાદ દાર હોય છે. તેમાં નાહનાં ને મ્હોટાં એવાં બે ઝાડ ઉગે છે, તેપર સફેદ ફુલો આવે છે, અને તે દક્ષિણ યૂરપમાં પુશકળ ઉગેછે. બ્રિટનમાં એનું લાકડું ફરનીચર વાજીંત્ર, નક્ષીકામ વગેરે બનાવવામાં અત્યંત ઉપયોગી હોવાથી તેની સંભાળ બહુ લેવામાં આવેછે. એની ખેતી જૂદી જૂદી રીતે ઝાડનાં ફળ ફુલ પ્રમાણે કરવામાં આવેછે. એનાં રસભરિત ફળો કાચી સ્થિતિમાં ખાઇ શકાયછે. ફ્રાન્સના કઠિયારા તથા કોલસા ખણનારા આ ઝાડના ફલમાંથી સૂપ બનાવે છે, તેમજ તેને જથ્થાબંધ એકઠાં કરી તેમાંથી દારૂ બનાવવામાં આવે છે. તેમાં ચેરી બ્રેંડી જાણીતી છે. જર્મનીમાં રસ્તાની બેઉ હારપર એના ઝાડ રોપવામાં આવેછે. નાર્વે, અને ઇસ્તબોથેનિયામાં ચેરીફળ પકવી ખાય છે. અમેરિકામાં થતું ઑક ચેરી ઔષધિ ઉપચારમાં અત્યંત ઉપયોગી ગણાયછે. દક્ષિણ યૂરપમાં, મહાલબ તરફના ચેરી ઝાડપરનાં ફુલો અત્યંત સુંદર સુગંધી ઉગે છે. મેકસિકો તથા પીરૂમાં ઉગતા ચેરીફુલ અત્યંત સુગંધી હોય છે. ચેરીના ઝાડ, ફળ અને ફુલની અનેક જાતો જૂદા જૂદા દેશમાં જૂદી જૂદી છે.

**ચીરીક્યૂ**—કોલંબિયામાં પનામાંના વિભાગમાંનુ એક સંસ્થાન. ક્ષેત્રફળ ૬૫૦૦ ચોરસ મૈલ છે, ને વસ્તી ૪૩૦૦૦ ની છે.

**ચેરીન્થ**—આ ફ્રેન્ચ સંસ્થાન પ્રાચીન ઍંગ્યૂમોઇસનો એક ભાગ છે. ક્ષેત્રફળ ૨૨૮૫ ચોરસ મૈલછે. લોકવસ્તી ૧૮૬૬માં ૩,૯૮,૨૧૮ ની ને ૧૮૯૧માં ૩૬૦૨૫૯ની હતી.

**ચેરીન્થ ઇનફીરીયર**—આફ્રેન્ચ રાજ્યનો એક ભાગ એની પશ્ચિમ તરફ' બે ઑવ બિસ્કે ફરી વળેલોછે. ક્ષેત્રફળ ૨૭૨૫ ચોરસ મૈલછે. લોકવસ્તી ૧૮૬૬માં ૪૭૯૫૨૯ની ને ૧૮૯૧માં ૪૫૦૨૦૨ની હતી.

**ચેરીમેલી**—જેપાનમાં આ જગેજગ ઉત્પન્ન થતું ફળ. એને સાકરના સિરામાં ઉકાળી બાટલીમાં ભરી ચાહ સાથે ખાવામાં આવે છે. કેટલીક વેળા મિઠામાં આથી કાચો પણ



ખાઇ શકાયછે. પાકો થતાં તે કાચાં ખવાઇ શકાય છે.

**ચેરીમોયા**—આ બ્રાઝીલ અને પીરૂ દેશમાં ઉત્પન્ન થતું ફળ હાલમાં ઇસ્ટઇંડીજ અને બીજા ભાગોમાં પણ કવચિત મળેછે. આ ફળ ખાવામાં અતી સ્વાદિષ્ટ અને વખાણવા જેગછે. એ મેંગોસ્તીનને મળતું છે. એના ફુલો પણ એનાજ જેવાં સુંદર આવે છે. ચેરીમોયા ફળ નાહનામાં નાહનું નારંગી જેવડું ને મ્હોટું ૧૬ રતલ વજનનું આવેછે.

**ચેરૂપુના**—કેનેરાના કોરમ ફુલના જંગલમાં ઉગતા ઝાડ, એનાં ઝાડ ચળકતા રંગના હોય છે. એ ૧૫૦ ફીટ ઉંચા વધે છે. કોચીન તથા ત્રાવણકોરમાં એ કવચિતજ મળી આવે છે. બીજી જાતનાં ચેરૂપુરાના ૧૮ થી ૨૦ ફીટ ઉંચા અને ૧૨ થી ૧૮ ફીટ ઘેરાવામાં હોય છે. ચેરૂપુનાનાં એક ક્યૂબીક કકડાનું વજન ૪૦થી ૪૮ પૌંડનું થાય છે. જ્યારે એ સુકાઇ જાય છે ત્યારે એક ક્યૂબીક ફીટ કટકો ૩૪ પૌંડ ઉતરે છે. એના ઝાડના પાંદડાં બે ઇંચ લાંબા ને એક ઇંચ પોહળાં હોય છે. એનાં ફળ કાશીનાં ખુન જેવાં હોય છે. આ બીમાંથી તર્હેવાર તેલ કાઢવામાં આવે છે.

**ચેરૂસ્કી**—આ એક પુરાણો જર્મન ટોળો પ્રથમ 'સીઝર'નાં જેવામાં આવ્યો હતો. તેઓ 'હર્ઝ' ના જંગલની ઉત્તર ભણી રહેતા હતા. એઓ આરમેનિયનોનાં જાણીતા સરદારોનાં સંબંધી હતા.

**ચેરોકીસ**—અમેરિકન ઇંડીયનો માંનો એક ટોળો. એઓ સુધરેલા ગણાય છે. આગળ તેમને તાબે જંગલનો મ્હોટો ભાગ હતો અને દક્ષિણ ભાગ તેમની વસ્તીથી ભરપૂર હતો. ૧૮૩૮ માં આ ટોળાના મ્હોટા ભાગે જ્યૉર્જીયાથી નિકળી મિસીસિપીના પશ્ચિમ ભાગમાં જવાનો નિશ્ચય કર્યો અને હાલમાં તેઓ ઇંડીયન રાજ્યનો ઉત્તર પૂર્વ ભાગ રોકે છે, એમની લખવાની લિપિમાં ૮૫ મૂળાક્ષરો છે, કે જે જ્યૉર્જ જ્યસે ૧૮૨૬ માં શોધી કાઢયા હતા. તેમની વસ્તી ૧૭૦૦૦ ની છે.

**ચેલ્થનહેમ**—ગ્લોસેસ્ટર શાયરમાંનું આ એક રમણીય શેહેર ચેલ્ટ નદી કાંઠે બ્રિસ્ટલની ઉત્તરે ઉત્તર પૂર્વમાં ૪૪ મૈલપર અને લંડનની પશ્ચિમે ઉતર પશ્ચિમમાં ૧૨૧ મૈલપર છે. આ ગામ અતી મનોહર કુદ્રતી હરીયાળી વચ્ચે આવેલું છે. અત્રેનો ખનીજ ઝરો ૧૭૧૬ માં શોધી કાઢવામાં આવ્યો હતો જે પછી ૧૭૮૮ સુધી આ ગામ ઘણી પ્રસિદ્ધતામાં આવ્યું હતું. આ ગામમાં મોસમ વેળા તર્હેવાર રમત ગમતો થતી હોવાથી પરોણા તથા ત્યાંના વસનારાઓને પણ મોજ મળે છે. તેમજ ત્યાં ક્રિકેટની રમત ગમતો તથા કલ્બ વગેરે મોજશોખનાં ઘણા સાધનો છે, એંગલો ઇંડીયનો એકાદ દિવસ ગુજારવા અત્રેજ આવી વસેછે, અત્રેની કૉલેજમાં ૭૦૦ વિદ્યાર્થીઓ ભણેછે, તેની સ્થાપના ૧૮૪૦ માં થઇ હતી, તે શિવાય નિશાળો, દેવલો, ધાન્યની વખારો અને ફ્રિ લાયબ્રેરીનાં મ્હોટાં મકાનો છે, ૧૮૩૨ થી અત્રેથી પાર્લામેંટમાં સભાસદો જાય છે, ૧૮૦૪ માં લોક વસ્તી ૩૦૭૬ ની, ૧૮૪૧ માં ૩૧૪૧૧ની, ૧૮૯૧ માં ૪૯૭૭૫ની હતી.

**ચેલોન સર સેઓન**—સેઓન ટીલૅારીના ફ્રેન્ચ સંસ્થાનમાંનુ શેહેર, લૅાયનની ઉત્તરે ૮૪½ મૈલપર છે. અત્રે ત્રાંબા, લોઢાંના કારખાનાં છે. અત્રે યંત્રો તથા વહાણો બનાવવાના પણ કારખાનાં છે. તેમજ કાચ, કાગળ, રસાયનનાં પણ કારખાનાં છે. ૧૮૭૨ માં વસ્તી ૨૦,૦૫૫ ની હતી. ૧૮૯૧ માં ૨૪,૨૯૪ ની હતી.

**ચેસ્યુર્સ**—૧૭૪૧ થી ફ્રેન્ચ રાજ્યમાનું ચોક્કસ લશકરી તુકડીઓ ચેસ્યુર્સને નામે ઓલખાય છે. ૧૮૩૧ માં આવી ઘોડેસ્વાર તુકડી આફ્રિકાના થાણાઓપર મોકલી હતી. આ તુકડીમાં આરબી ઘોડાઓજ વપરાય છે. ૧૮૮૮ માં ફ્રાન્સમો ચેસ્યુર્સની ૨૦ પલટણો હતી અને ૪ આફ્રિકા તરફ હતી. તેમનો પોશાખ આસમાની બ્લુ અને લાલ પાટલુનનો બનેલો છે, બ્રિટીશ લશકરમાં આ પદ્ધતિની

પલટણને રાઈફલ કૉર્પસ અને જર્મનીમાં તથા આસ્ટ્રીયામાં હન્સર્સ કૉર્પસ (jagers) કહેછે, ૧૮૩૮ માં આવી પલટણ ખાસ ઉભી કરવામાં આવી હતી, જે બહાદુરીમાં નામના પામી હતી, હાલમાં ફ્રાન્સમાં આવી ૩૦ પલટણો હોઇ તેમનો પોશાખ કાળો બલુ છે; અને લાલને ઠેકાણે કાળા રંગની પાટલુનો પેહેરેછે.

**ચેશાયર**—ઈંગલંડની પશ્ચિમ તરફનો દેશ. એની ઉત્તરે મર્સી નદી વહે છે જે એને લેંકેશાયરથી જૂદો પાડેછે. એની ઉત્તર દક્ષિણ લંબાઇ ૪૮ મૈલની અને પોહળાઇ ૩૨ મૈલની છે. ક્ષેત્રફળ ૧૧૦૨ ચોરસ મૈલ છે. તેમાં ૭૫ ચોરસ મૈલ ખેતીવાડી માટે રોકાયલો ભાગ છે. આ સંસ્થાનમાંથી ખનીજ પદાર્થોમાં ખડકમાંનુ મીઠું, કોલસો મુખ્ય મળે છે. અત્રે નીમકનાં ખડકની શોધ ૧૬૭૦ માં થઇ હતી. અત્રે એક ઝરો જે ૨૦ થી ૪૦ વાર ઉંડોછે તેમાંથી પણ નીમક બનાવવામાં આવેછે. ચેશાયરમાં ૯૦૦૦ ગાયોને ઉછેરી તેમનાં દુધમાંથી ૧૫૦૦૦ ટન પનીર બનાવવાનો બોહોળો ઉદ્યોગ ચાલેછે. ૧૮૦૧ માં લોક વસ્તી ૧૯૪૩૦૫ ની, ૧૮૪૧ માં ૩૯૫૬૬૦ ની ને ૧૮૯૧ માં ૭,૩૦,૦૫૮ ની હતી.

**ચેસ્ટનટ**—એ નામના ઝાડનું ફળ. એનું નામ થિસલીમાં 'ચેસ્ટન્યૂમ' ગામમાં એની પ્રથમ ઉત્પત્તિ થવાથી 'ચેસ્ટનટ' નામ પડ્યું છે. સ્પેનિશ ચેસ્ટનટ જે અતી મીઠાં હોયછે તે ઘણાં જાણીતાં છે. તેને પ્રથમ એશિઆ માઇનરમાંથી લાવવામાં આવેલું જણાવે છે, પણ દિનપરદિન તે દક્ષિણ યૂરપમાં ફેલાઇ ત્યાં એના જંગલો બન્યાં છે, આ એક અતી ફેલાવો પામનારૂં ઉંચું ઝાડ છે. ઈંગલંડમાં કીંગ જોનના સમયમાં ટૉટવર્થના ચેસ્ટનટ ઘણાં વખણાતાં હતાં. ચીનમાં એનાં પુશકળ ઝાડ ઉગેછે ને એના ફળો રસ્તે રસ્તે વેચાતાં મળેછે. હાલમાં એટન પર્વત ઉપર ચેસ્ટનટનું ૨૦ ફીટ ઘેરાવાવાળું એક ગંજાવર ઝાડ છે, જેના થડમાં ગરીબ લોકો પોલાણ કરી વસે છે. આ ઝાડનાં ફલો ઘણાં સ્વાદીષ્ટ કહેવાય છે. એનાં પાદડાં લાંબા ને પોહળાં, તેનાપરની નેસો સ્પષ્ટ જણાય છે, પાંદડાનો રંગ ચળકાટદાર લીલો પણ થંડીની ઋતુમાં તે બદલાઇ પિળોરંગ પકડેછે. એના પાંદડાં કરવત જેવાં ખાંચાદાર હોયછે.

ચેસ્ટનટનાં ઝાડ સુક્કી અને કસદાર જમીનમાં ઉગે છે. સ્પેનીશ 'ચેસ્ટનટનાં ઝાડ લાલ જમીનમાં ઉગે છે, અને તે દર વર્ષે ૩ ફીટ વધતું રહે છે. એના 'નટ' દરેક કોટલાંમાં ૩ હોયછે, દક્ષિણ યૂરપમાં ગરીબ લોકોનો એ એક મુખ્ય ખોરાક ગણાય છે. તેઓ એને બાફી, અથવા રાંધી ખાય છે, તથા કેટલાકો એને ભૂંજી દળી તનો લોટ બનાવી રોટલી કરે છે. એમાં ૧૫ ટકા મીઠાસ હોયછે. જ્યારે એની ખેતી કરવામાં આવે છે ત્યારે એનીપર ઉત્તમ જાતના ફળ લાવવાની ચોકસાઇ રાખે છે. અમેરિકામાં એની ઝાડી ૭ થી ૮ ફીટ ઉંચી વધેછે.

હૉર્સ ચેસ્ટનટ યૂરપમાં ઉગાડવામાં આવે છે જ્યાં તેને બકરાં તથા ઘોડાના ખોરાકમાં ઉપયોગ કરે છે, આ ફળો સ્વાદે તૂરાં હોયછે.

જળ ચેસ્ટનટ નદી, તલાવ વગેરેમાં ઉગેછે, એના ઝાડ યૂરપ તથા એશિઆમાં પણ ઉગેછે. ચીન તથા કેશમીરમાં ખોરાકી તરીકે ભારે ખપ થાયછે.

ચેસ્ટનટનું લાકડું કઠણ અને સુદર હોવાથી તે ફરનીચર બનાવવાના તથા ઘેર બાંધવાના કામમાં વપરાયછે, એની છાલ ચામડાં રંગવાના કામમાં આવેછે અને તે ઓકની છાલથી અર્ધે ભાવે મળી શકે છે. ઈંગલંડમાં એના ઝાડ પુશકળ ઉગાડવામાં આવેછે; અને સ્કૉટલંડમાં તો તેને માત્ર લાકડાં માટે ઉછેરવામાં આવેછે, કે જ્યાં તેનાં ફળ બરાબર પાકતાં વટીક નથી, ડેવ્હનશાયર તથા બીજા ભાગોમાં એને ફળ-ઝાડ તરીકે ઉગાડવામાં આવેછે, એ જર્મનીના ગરમ ભાગમાં પુશકળ ઉગેછે, ત્યારે સરદ ભાગમાં ઝાઝાં ઉગતાં નથી.



**ચેસ્ટર**—આ પુરાણું શેહેર લીવરપૂલની દક્ષિણ પૂર્વે ૧૬ મૈલપર ડી નદીને કાંઠે ચેશાયરનું મુખ્ય શેહેર છે. લંડનની ઉત્તરથી ઉત્તર પશ્ચિમે ૧૭૯ મૈલ પર છે. ઈંગલંડમાં-ના એક અતી સુંદર જગાપર આવેલા શેહેર તરીકે એ જાણીતું હોઇ તે ઉંચી જગા ઉપર છે. તેની આસપાસ બે મૈલ ગોળ અને ૭ ફીટ જાડો કોટ છે. હાલમાં અત્રેનો 'ફીઝ ટાવર' નામે કિલ્લાવાલી જગ્યા બરાખ તથા જાહેર ઈમારતોથી રોકવામાં આવ્યો છે. ડી નદી અત્રેથી પસાર થાય છે, તેનીપર બે પુલો બાંધેલા છે, તેમાંનો જુનો ૭ મેહેરાબ વાલો ઘણો સુંદર છે અને બીજો ૧૮૩૨માં બાંધેલો છે. આ પુલ ૨૦૦ ફીટ લાંબો છતાં તે ફક્ત એકજ મેહેરાબ ઉપર ઉઠાવેલો છે. ૧૬ મી સદીમાં અત્રે બાંધવામાં આવેલા લાકડાના મકાનો હજી કાયમ છે, અને હાલમાં પણ બાંધેલી ઇમારતો ઉપલાજ નમુના પર છે. અત્રે શીસૂં, તેલ, રસાયન, લોખંડ વગેરે-નાં કારખાનાં છે, અત્રેના બુટ બનાવવાના કારખાના ઈંગલંડમાં જાણીતા છે. ૧૮૮૫થી પાર્લામેંટમાં અત્રેથી એક સભાસદ બીરાજે છે. ૧૮૫૧ માં લોક વસ્તી ૨૭૭૫૭ ની ને ૧૮૯૧માં ૩૭૧૦૫ની હતી.

**ચેસવિક**—મીડલ સેકસનું આ પરૂં સેંટ પોલની પશ્ચિમથી દક્ષિણે ૭½ મૈલપર થેમ્સના ઉત્તર કાંઠા પરછે. અત્રે લંડનના બજારને તરતરકારી પુરી પાડવા માટે એ વિશાળ બગીચા બનાવેલા છે. લોક વસ્તી ૧૮૬૧ માં ૬૫૦૫ ની ને ૧૮૯૧ માં ૨૧૯૬૩ ની હતી.

**ચેસલ્સ ફીલારેટ**—બેહદ ગ્રંથ સંગ્રહના લેખક તરીકે જાણીતો થએલો વિદ્વાન. જન્મ ૧૭૯૩ માં થયો. ૧૫ વર્ષની વયે એ જેકોબીયન બુકસેલરને ત્યાં નોકરીએ રહ્યો. બળવા સમયે એના માલેક સાથે એને પણ જેલમાં સબડવું પડ્યું હતું, પાછળથી એક મિત્રની ભલામણથી છુટકો પામી ઇંગ્લંડ જઇ ત્યાં એક પુસ્તક પ્રગટ કરનારની દુકાનમાં ૭ વર્ષ સુધી નોકરી બજાવી. આ મુદત દરમ્યાન એણે ઈંગ્રેજી સાહિત્યનું બોહોળું જ્ઞાન મેલવ્યું. જ્યારે એ ફ્રાન્સ આવ્યો ત્યારે લેખક તરીકે જીંદગી શરૂ કરી. ૧૮૨૪ થી ૧૮૨૮ માં અનેક યાદગાર ગ્રંથો પ્રગટ કર્યા હતાં. ૧૮૪૧ માં એ કૉલેજ ડી ફ્રાન્સમાં ઉત્તર દેશ તરફની ભાષાઓનો પ્રોફેસર નેમાયો. જે જગા એણે પોતાના મરણ સુધી જાળવી હતી. મરણ વેનીસમાં ૧૮૭૩ માં ૧૮ મી જુલૈએ નીપજ્યું. એણે ચોપાન્યાઓમાં લખાણો કરવા ઉપરાંત ૧લા ચાર્લસનું ચરિત્ર, ક્રામવેલ ચરિત્ર, ૧૬ મી સદીનું ફ્રાન્સ, સ્પેનપર વિચાર, જર્મની વિષેની માહિતી, ૧૮ મી સદીનું ઇંગ્લંડ અને ૧૯મી સદીની રીતભાત ઉપર અનેક ગ્રંથો રચ્યાં હતાં. તે શિવાય શેકસપિયર, મેરીસ્ટુઅર્ટ, ચેરી-ટોનનાં ચરિત્રો રચ્યાં હતાં.

**ચેહેરો**—મનુષ્યનો ચેહેરો નીચલાં ૧૪ હાડકાં-નો બનેલો છે.

હાડકાની સંખ્યા—

| | |
|---|---|
| ૨... | ...નાકના———હાડકાં. |
| ૨... | ...ઉપલા જડબાનાં ,, |
| ૨... | ...લક્રીમલ. ,, |
| ૨... | ...ગાલનાં |
| ૨... | ...તાળવાનાં |
| ૨... | ...નીચેના ટરબીનેટેડ |
| ૧... | ...વોમર |
| ૧... | ...નીચેના જડબાનું |

૧૪ જુમલે હાડકાં છે.

મનુષ્યના ચેહેરા ઉપરથી તેની નિરોગી યા રોગી સ્થિતિની પરિક્ષા થઇ શકે છે. નિરોગી ચેહેરો શાંત અને ખુશનુમાં હોયછે. પણ કુદ્રતી રીતે ચેહેરો જૂદી જૂદી બેમારીમાં તરેહવાર રીતે ફેરવાય છે.

ચીંતાતૂર,—આતૂર અથવા દેહેસ્તનાક ચેહેરો ફીકરમંદ જણાય છે. અને બેમાર

પડેલો ઘણું ખમતો હોય એમ તેના ચેહેરા ઉપરથી જણાય છે. સખત અથવા જોખમવાલા દર્દોની શરૂઆતમાં, તાણુ અને આંકરાવાલા દર્દોમાં દમ અથવા હાંફણની બેમારીમાં, કાળજાનાં અને ફેફસાનાં વરમમાં આજારીનો ચેહેરો ચિંતાતૂર જણાય છે. ફીકકો ચેહેરો ઘણું લોહી ગયા પછી, જુના તાવથી, તલ્લીનાં દરદથી અથવા બીજી રીતે ઘણી નબળાઇ થવાથી તથા ઘણી ફીકર અથવા ધાસ્તીથી ચેહેરો ફિકકો દેખાય છે. તેનું કારણ એ છે કે લોહીની અંદરના લાલ દાણા જેટલા જોઇએ તેટલા રેહેતા નથી, અને તેથી લોહીની ખાસીયત બદલાઇ જાય છે. તેથી ચેહેરાનો રંગ ફિકકો મારે છે. ઓરતને દસ્તાન ઘણું જાય અથવા નબળી ઓરતને બચ્ચું ધવાડવું પડે તો તેણીનો ચેહેરો ઘણો ફીકકો મારે છે.

લાલ ચેહેરો—સખત તાપમાં અને ભેજાનાં તથા ભેજાનાં વરમમાં અને લુ લાગવાથી આંખ રાતી થઇ, ગાલ ઉપસી ચેહેરો લાલચોલ બને છે. અને ચાવણીયા આગળ ધોરીનસ 'ધપધપ' જોરથી ચાલેછે. એ લાલ ચેહેરો એવું દેખાડે છે કે લોહિનું જોર માથા તરફ અને ભેજાં ઉપર જોઇએ તે કરતાં વધારે છે.

ફુગાયલો ચેહેરો—ઘણી નબળાઇ અને જલંદરની બેમારીમાં ગાલ ઉપસાયલા અથવા ફુગાયલા રહેછે. આંખના ટોપચાં ચઢી આવેલા હોયછે; ગાલને આંગળાથી દાબીએ તો તેમાં ખાડા પડી આવે છે અને આજારીનો ચેહેરો સુજી ગએલો અને થોથરાવાલો હોય છે.

ઉતરી ગએલો ચેહેરો—'ઘણા ખરા સખત દરદમાં જ્યારે શરીર તવાઇ જાય છે. તેની સાથે ચેહેરો પણ તવાય છે, તેને ઉતરેલો અથવા સોહરાયલો ચેહેરો કહીયે છિયે. બિહીક, ચીંન્તા અને ધાસ્તીથી તથા ખઇ અને બીજા અંગને તાવી નાખનારા રોગમાં એવો ચેહેરો થાય છે. જો ચેહેરો બિમારીમાં ઉતરી જાય તો તે નબળાઇ તથા જોખમ બતલાવે છે.

સોહરાયલો અથવા ચીપટાયલો—કોલારાની બિમારીમાં, બીજી સખત બિમારીમાં, મોહોતની અણી ઉપરની બિમારીની એક ખાસ સીકલ થાય છે. તેની મુખ્ય નિશાની એ છે કે, કપાળ કરચલી વલેલું, આંખના ડોળા અંદર બેસી ગયલા અને આંખમાં ખાડા પડી ગએલા, નખ અણીદાર થએલું, બેહુ કાનપટી આગળ ખાડા પડી ગએલા, ગાલ બેસી ગએલા, હડપચી કરચળી વળેલી અને ચેહેરાનો રંગ બલુ થાય છે. એવા ચેહેરાને ચીપટાયલો યા સોહરાયલો કહે છે.

બિહીકણ ચેહેરો અંગની ધ્રૂજરીના દર્દમાં, ઘેલાપણામાં, ઘણું લોહી ગયા પછી યા શરીરનાં કોઈ ભાગને સખત જખમ થવાથી અથવા ઈજા પોંહચવાથી આજારીનો દેખાવ દેહેશત ભરેલો બને છે. એ શિવાય જૂદા જૂદા દર્દથી ચેહેરો લીલો પિળો, રંગ પકડે છે.

ઉપર જણાવ્યા મુજબ ચેહેરો ૧૪ હાડકાંનો બને છે તેમાં ખુદ્રતી રચના ઘણી અદભૂત છે. નાકના હાડકાં બે છે, તે નાકનાં ઉપલા ભાગમાં આવેલા છે, અને ઉપલા જડબા તથા કપાળના હાડકાં સાથે જોડાયલાં છે. નાકની દાંડી પણ તેનીજ બનેલી છે. અને નાકની નીચેનો ભાગ કાર્ટિલેજનો બનેલો છે, ઉપલા જડબાં બે હાડકાનાં બને છે અને તે એક બીજા સાથે મધ્ય રેખામાં જોડાયા છે. તેની ઉપરનો ભાગ આંખના ઘરના તળીયામાં આવે છે. તે બન્ને વચ્ચે માર્ગ રહે છે, તે નસ્કોરાંનો માર્ગ છે. 'એથમોઇડ વોમર તથા થોડા કાર્ટિલેજનાં સાધનથી બન્ને નસકોરાની વચમાં પડદો થઈ રહે છે. દરેક જડબાની નીચે દાંતને રેહવાનાં ૮ ઘર હોય છે. 'લાકીમલ' એ નાહના પણ નાજુક બે હાડકાં જડબાની નજદીક આંખની અંદર ને ખુણે અકેક છે. આંખનું પાણી સ્વભાવિક નાકમાં વહે છે તે માટે એક નળી આંખની અંદરના ખુણેથી ઉતરેછે. તેમાં આ 'બન્ને અસ્થિ ભાગ લેછે. ગાલના હાડકાં અકેક બાજુએ અકેક છે. આંખની નીચે દરેક ગાલ ઉપર



તે ઉંચું આવેલું માલમ પડે છે. ઉપલા જડબાં તથા લમણાના અસ્થિ સાથે તે સંધાય છે. તાળવાનાં હાડકાં બે છે, ઉપલા જડબામાંથી તાળવાનાં ફાંટા નીકળે છે, તેની પાછળ તાળવાનાં હાડકાં સંધાય છે. કઠણ તાળવામાં આ હાડકાં તથા જડબાનાં ફાંટા આવેછે. નીચેના ટરબીનેટેડ હાડકામાંના દરેક નાકમાં અકેક આવેલું હોયછે, તે શિવાય મધ્ય અને ઉપલું ટરબીનેટેડ અસ્થિ 'એથમોઇડ'ના સંબંધમાં છે. આ સર્વે હાડકાં નાકના પોલમા આવેછે. દરેક નસકોરાંની અંદર તે છાજલીની માફક રહે છે, અને તેથી દરેક નસકોરાનાં ઉપલો, મધ્ય અને નીચેનો એવા ત્રણ ભાગ પડે છે, 'વોમર હાડકું', નાકના પરદામાં આવેલું છે તે ઉપર 'સ્ફેનોઇડ તથા નીચે તાળવાના અસ્થિ સાથે બંધાયલું છે. 'વોમર' અસ્થિના નાકનાં પડદામાં આવેલું છે. તે ઉપર 'સ્ફેનોઈડ તથા નીચે તાળવાના હાડકા સાથે સંધાયલું છે. નીચેના જડબાના હાડકાં નાળરેકાં હોય છે. તેના આગલા ભાગને હડપચી કહે છે. જેમાં ૧૬ દાંતના ઘર હોય છે. પાછલા ભાગમાં તેનો એક ફાંટો ઉપર ચઢે છે અને તે લમણાના હાડકા સાથે બંધાય છે. એનો સાંધો કાનની આગળ હોવાથી જડબું હાલતાં તે ભાગ પણ હાલે છે.

મુખ લક્ષણ શાસ્ત્રમાં જણાવ્યા મુજબ મનુષ્યના ચેહેરાના જૂદા જૂદા ઘટમ ઉપરથી તેમની ખાશીયતની પરિક્ષા કરી શકાયછે. જેમકે ચેહેરો ગોલ અને ઘટમદાર હોય તે વિદ્વાન, ચંચળ અને સખી હોય. ચેહેરો લાંબો હોય તે નીચ ખાશિયતનો હોય. પોહોળો ચેહેરો અને માતેલા દેખાવનું મનુષ્ય વિદ્વાન પણ હૈયામેલો હોય. સુકાયલા ચેહેરા વાલો મનુષ્ય સતવચની હોય. ચેહેરા પર દહાડી મુછનાં કમ બાલ વાલો બોલીદરાજ હોય. બળીયલ ચેહેરાવાલો બખીલ અને નેહેસ્ત હોય. જેના ચેહેરા પર સીતલાના ચાઠાં હોય અને તેપર કાળી ઝાંખ હોય તો તે લુચ્ચો, દગલબાજ અને દુષ્ટ બુધ્ધીવાળો હોય. વાંકા ચેહેરા વાલો કજયાખોર ખાશીયત ધરાવે. બેઠા ચેહેરા વાલો કવિ જેહેન ધરાવનાર હોય. જૂદા જૂદા દેશના મનુષ્યના ચેહેરામાં થોડો યા ઘણો ફેર રહે છે, અને તેવા ફેરને લીધે તેઓ ઝટ કયા દેશના છે તે ઓળખાઇ આવે છે. **ચીના** એ ચપટા ચેહેરાપર ચપટા નાકવાળા દેખાય છે. **જેપાનીજ** ચેહેરો ચપટો ઉઠાવદાર, ઉપસેલાં જડબાં વાલો હોય છે. **અમેરિકન** ઇંડીયન ચેહેરો લાલ, ભવ્ય અને ઝનુની ખવાસ બતાવનારો હોઇ તેમાંના ઘણાખરા બડમુછા ને ભયંકર મ્હોવાલાં હોય છે. **જંગલી આસ્ટ્રેલ્યન** ચેહેરો કાળો ડરામણો અને ઝનુની **હોય** છે. **આલજીરીયન** ચેહેરો ઘટમદાર ને ગઉવર્ણી દેખાવળો હોય છે. તૂર્ક ચેહેરો સોહામણો અર્ધ ગુલાબી અને મોહક દેખાય છે. **ઈરાની** ચેહેરો ગંભીર ઘટમદાર ને ખુશનુમા દેખાય છે. **આફ્રિકન હબશી** ચેહેરો રંગે કાળો ભયંકર, ઉપસેલા હોઠ ને બેઠા નાકવાળો દેખાય છે. **એસકવિમો** ચેહેરો ઝનુની ખુબસુરત પણ ગલીચઇથી બે ઢપ દેખાયછે. **ચીનલેંડનો** બરફમાં વસ્તી પ્રજા ખુશનુમા ચેહેરાદાર હોય છે. મેકસિકન ચેહેરો ભોળો અને ધર્મિ લાગણી બતલાવનારો હોય છે. ટિબેટના વતનીઓનો ચેહેરો ભવ્ય અને કરડો હોય છે. **આરબ** ચેહેરો ગંભીર લંબોચો અને દ્રઢ નિશ્ચયવાલો જણાય છે. **રશિયન** ચેહેરો પ્હોળી પેશાની વાલો, ઝનુની પણ ખુશનૂમા હોય છે. **યૂરપના** ઘણાખરા વતનીઓનો ચેહેરો ગોળ, ઘટમદાર, ને ખુબસુરત હોયછે. **હિંદના** વતનીઓનો ચેહેરો ઘઉંવર્ણી ને ગોળ ઘટનાં હોય છે.

**ચેહેલતન**—કાબુલના માર્ગ ઉપરનો એક પવિત્ર ગુફા. ચર્ધા અને કાબુલ શેહેરના વચલા માર્ગમાં છે.' કથા મુજબ આ ગુફામાં જે પાપી મનુષ્ય દાખલ થાયછે તે કદી બહાર આવી શકતો નથી; પણ પવિત્ર મનુષ્યજ તેમાં જઇ બહાર નિકલી શકેછે. આથી આ ગુફામાં કોઇ દાખલ થતું નથી.

(૨) અફ્ઘાનિસ્તાનમાં આ નામનો એક પર્વત ૧૨૦૦૦ ફીટ ઉંચો છે.

**ચેહેલ દુખતર**—મુરગાબના મેદાનમાંની અતી ખુશનુમાં જગ્યા હિરાતની ઉત્તરે ૬૦ મૈલ ઉપર છે. એની પાસે ખુશક નદી વહેછે અત્રે તૂર્કોએ ૪૦ પવિત્ર કુમારીકાઓની યાદગારીમાં એક મસજીદ બંધાવી છે.

**ચેહેલમિનાર**—ઇરાનમાં પાર્સીપોલીસના મેદાનમાં આ અતી પ્રાચીનકાળની ઈમારતનું ખંડીયર આજે કાયમ હોઇ તે મુસાફરોનું સદા ધ્યાન ખેંચતું રહ્યુંછે. ઇ. સ. ૧૮૭૮ માં મી૦ કા. દી. કયાસના નામે પારસી મુસાફરે ઇરાનની મુસાફરી વેલા એની મુલાકાત લીધી હતી. જે વેલા આ ખંડીયરનાં માત્ર ૧૩ સ્થંભો કાયમ હતાં. મી૦ જે. બી. ફ્રેઝર આ મેહેલની લંબાઈ પૂર્વ પશ્ચિમ ૩૮૦ ફીટ અને પોહેલાઈ દક્ષિણ ઉત્તરે ૩૫૦ ફીટ જણાવેછે. રપોરટર '૨૧૨' ફીટ લંબાઇ જણાવેછે. મી૦ જ્યોર્જ રૉલીન્સન તેના એક ભાગની બાજુની લંબાઇ પોહળાઇ ૩૫૦—૨૬૦ ફીટ જણાવેછે. આ ચેહેલ મિનારનાં એકથી એક વેગળા ઉભા કરેલા ૬૦ ફીટ ઉંચા સ્થંભો જોવાજોગ છે. આ સ્થંભો ૨૭૦ વર્ષ ઉપર કેટલા હતા તેની યાદી મી૦ જે. બી. ફ્રેજર નીચે મુજબ આપેછે.

દીલા વૉલીએ...૧૬૨૧ માં ૨૫ સ્થંભો દીઠા હતા.

હરબર અને એલિરિયસે. ૧૬૨૭—૧૬૩૮ માં ૧૯ સ્થંભો દીઠા હતાં.

કેમફ્ર અને નીબરે...૧૬૯૬ ને ૧૭૬૫ માં ૧૭ સ્થંભો દીઠા હતાં.

ફ્રાંકલીન અને બીજા મુસાફરોથી તે સર કેરપોર્ટરના સમય સુધી...૧૮૨૧ સુધીમાં ૧૫ સ્થંભો દીઠા હતા.

લેફ્ટનન્ટ અલેકઝાન્ડરે ૧૮૨૬ માં, કાવશજી દીનશા કયાસના ૧૮૭૮ માં, હાજી સુલેમાન શાહમહમદે ૧૮૯૪ માં ૧૩ સ્થંભો દીઠા હતાં.

ઉપલા સ્થંભોની કારીગરી યુનાન તથા રૂમ દેશની કારીગરીને મલતી જણાવવામાં આવે છે. આ સ્થંભો અસલ કાળા રંગના બાંધેલા હતા પણ તેપર રંગ ચઢાવેલો હોવાથી તે હાલમાં ફિક્કા પિળા રંગના જણાય છે. આ સ્થંભો એકજ પથ્થરમાંથી કોતરેલાં હોય તેવા જણાય છે પણ તે તેમ નથી. આ ઇમારત અસલ કેવી હતી તેની રચના તેના સ્થંભો ઉપરથી અનુમાનો ઉઠાવી મી૦ કા. દી. કયાસનાના મુસાફરીના ગ્રંથમાં જણાવ્યા મુજબ "આ મજલા વગરની બેઠી બાંધણીની ઇમારત પથ્થરનાં છાપરાની અથવા તો આગાસીવાલી હોવી જોઇએ. જ્યૉર્જ રૉલીન્સના જણાવવા મુજબ 'પારસી પોલીસ'ની ઇમારતોમાં આ ઘણી વખાણાયલી ઇમારત છે. જેના નાશમાં તદન સ્તુનો ૪ જથ્થમાં વેહેંચાયલા છે, તેઓમાંનો સહુથી મ્હોટો જથ્થો સમચોરસ ૩૬ સ્થંભોનો હતો. તે સ્તૂનોને છ છની હારમાં એક બીજાથી સરખે તફાવતે ગોઠવેલા હતા, જેથી કરી તેઓ ૨૦,૦૦૦ સમચોરસ ફીટનો ઘેરાવો રોકતા હતા. આ સમ ચોરસ જથ્થાની પૂર્વ તરફ તથા પશ્ચિમ ભણીની મળી ત્રણે બાજુપર સુંદર ઝરૂખા હતા, જેઓને ૧૨ સ્તુનોથી બે હારમા મધ્યભાગની નજદીકમાં ગોઠવેલાં હતા. એ ઝરૂખા મુખ્ય ઇમારતથી ૭૦ ફીટની વેગળાઇપર આવેલાં, તદન જૂદા જેવાં જણાતા હોય એમ લાગે છે. તેઓ ૧૪૨ ફીટ લાંબા અને ૩૦ ફીટ પોહળા, તથા તેનો કુલે ઘેરાવો ૪૨૬૦ ફીટને આસરે છે. આ અજાયબ ઇમારતોમાં સ્થંભોની ઉંચાઇ શિવાય બીજુ કાંઇ રહેલું નથી.

'આ ચેહેલમિનાર બાંધવાનું માન મતફેરથી સાઇરસ, દરાયસ, અને જર્કસીસને આપવામાં આવે છે. આ હખામની વંશના ૩ બળવંત પાદશાહોમાં મી૦ જે ફરગ્યૂસન તેને બાંધવાનુ માન જર્કસીસને આપે છે,



**ચૈતન્ય સ્વામી**—આ પ્રસિદ્ધ વિદ્વાનનો જન્મ ઇ. સ. ૧૪૦૪ના માર્ચમાં બંગાળ પ્રાંતના 'નવદ્વિપ' નામે ગામમાં થયો હતો. એના પિતાનું નામ જગન્નાથ મિશ્ર તથા માતાનું 'શચી' હતું. ચૈતન્યે પોતાનો વિદ્યા અભ્યાસ પંડીત વાસુદેવ સાર્વભોમ પાસે કરી ન્યાય શાસ્ત્રમાં અતી કુશળતા મેળવી. તે વેળા નવદ્વિપ બંગાલમાં વિદ્યાભ્યાસનું પ્રસિદ્ધ સ્થાન ગણાતું હતું. એની પેહેલી સ્ત્રી લક્ષ્મી સર્પદંશથી મરણ પામતાં એ વિષ્ણુ પ્રિય નામે સ્ત્રી સાથે પરણ્યો હતો.

ચૈતન્યને હરી કીર્તન કૃષ્ણની ઉપાસના પ્રિય હોવાથી ૨૦ વર્ષની વયમાંજ સન્યાસ ગ્રહણ કરી ઉપદેશ કરવા માંડયો, ચૈતન્ય સ્વામી જાતી ભેદ પાળતો નહોતો, તેથી તે પોતાના પંથમાં સર્વ જાતીનાં લોકોને દાખલ કરતો. પ્રથમ ગૌંડની પાસેના 'શામ કાળી' નામે સ્થળના મુસલમાનોને પોતાનાં શિષ્ય બનાવ્યા. ને તે પછી શ્રી ક્ષેત્રમાં જઇ જગન્નાથ દેવની ઉપાસના કરવામાં કાળ ગુજારી પોતાના પંથનો પ્રસાર કર્યો હતો, તે શિવાય શ્રીરંગાપટ્ટણ, રામેશ્વર, ઉડિષ્યા, અટક વગેરે તરફ પોતે ફરી ઉપદેશથી ઘણાક શિષ્યો મેળવ્યા, તે પછી કાશી, પ્રયાગ અને વ્રંદાવનમાં ફરી પોતાનું મ્હોટું શિષ્ય મંડળ કર્યું હતું. ચૈતન્ય સ્વામીનું મરણ યમુનામાં અકસમાતિક રીતે પડી જવાથી નિપજ્યું હતું, આ વેળા ચૈતન્યનું વય ૮૦ વર્ષનું હતું.

**ચૈત્રમાસ**—ચૈત્રશુદ પ્રતિપદાને દિને શાલીવાહન શકનો આરંભ થાયછે. આ વર્ષ પ્રતિપદાને ગુડી પડવો કહેછે, (જુઓ ગુડી પડવો.) તે દિવસે સંકલ્પમાં નવાં વર્ષનો નામોચ્ચારાદિક કરી બારણા સામે ધજા દાટેછે, ને વૈષ્ણવો મંદીરમાં ચૈત્રશુદ પડવાનો ઓચ્છ કરેછે, અને તેને તેઓ લીંબ ઓચ્છવ તરીકે ઓળખેછે, દક્ષિણિ હિંદુઓ ચૈત્રશુદ પડવાથી નવું વર્ષ ગણેછે, અને આ શક પંચાંગ, જ્યોતિષ તથા જન્મ પત્રિકા, બનાવવામાં શાલિવાહન રાજાના શક તરીકે ગણત્રીમાં લેવાયછે. આ વર્ષે થવા આગમજના ૯ દિવસો નવરાત્રીનાં ગણાયછે.

આજ મહિનાની શુદપ્રતિપદાએ 'દેવ નવરાત્ર'નો આરંભ થાયછે. ત્રીજે 'મત્સ્ય જયંતી' આવેછે, જયંતી એટલે અવતારની જન્મતિથી નવમીએ રામજન્મ દિવસ આવે તેને 'રામનવમી' કહેછે.

એકાદશીને દિવસે કૃષ્ણના 'આંદોલનોત્સવ આવે છે. કળી સંબંધી પાતકીનો નાશ કરનાર જે કૃષ્ણ તે હિંદોળે ઝોંકા ખાયછે એમ જે જુવેછે, તે હજારો અપરાધમાંથી મુક્ત થાયછે. ગુજરાતી તથા વૈષ્ણવ પંથી સાધુઓમાં આ ઓચ્છવ મ્હોટા મહત્વનો ગણાઇ પળાયછે.

તેરસે 'અનંગ પૂજન વ્રત' આવે છે. આ વ્રત ઘણુંકરી વેશ્યાઓ પાળે છે. પુનમે 'હનુમંતજયંતિ' આવેછે. આ દિવસે હનુમાનનો જન્મ થયો હતો, તે સંબંધી ઉત્સાહ હનુમાનના મંદીરમાં કરેછે. એજ દિવસથી વૈશાખ સ્નાનને આરંભ કરેછે. આ માસ જનોઇ પેહેરવા માટે યોગ્ય ગણેલો છે.

**ચોઆસપસ**—ખુઝીસ્તાનમાંનું સુસા જે નદી કાંઠે બાંધવામાં આવ્યું તેનું પ્રાચીન નામ. હાલમાં આ નદીને 'કેરાહ' કહેછે. હાલમાં તેના કાંઠાપર સુસા શેહેરનાં ખંડીયરોછે.

**ચૉક**—ચુનખડી અથવા કાર્બોનેટ ઑવ લાઇમની જાત. આ પથ્થર પિળા ઝાંખદાર સફેદ રંગનો અથવા સફેદ રંગનો હોયછે. એ સેહેજમાં ભાગે તેવો અને જીભને સેહેજ વળગી શકે તેવોછે. એમાં સિલીકા અને એલ્યુમીનાનો ભાગ હોયછે. આ પથ્થર અતી નરમ જાતનો હોયછે, છતાં એનીજ કઠણ જાતના ચૅાકના પથ્થની ઇમારતો પણ બાંધી શકાયછે. નરમ ચૅાકનાં સુથારોને નિશાની કરવાના ઉપયોગમાં આવેછે.

એ લગભગ સ્વચ્છ કારબોનેટ ઑવ લાઇમ છે. ચોક જ્યારે બાળવામાં આવેછે ત્યારે તેનો કળીચૂનો બનેછે. સીમેન્ટ બનાવવા માટે એ ઘણો ઉત્તમછે. અને એ પૉલીશ કરવા અને બીજા કામોમાં વપરાય છે. પાતળા સરસની સાથે મેળવેલા ચોકની મેળવણી ઘણી ઉત્તમ બનેછે. તે જ્યારે ઠરેછે ત્યારે લગભગ આરસપહાણ જેવી સખ્ત થઇ જાયછે. એ મેલવણી સિક્કાઓ, પૂતળાં. વગેરેની બારીક છાપ લેવા માટે વપરાયછે. જો આ મેળવણી મોલ્ડનાં દરેક છિદ્રમાં દાબીને ભરવામાં આવે તો તેની આબેહૂબ છાપ તે ઉપર પડેછે.

**કાળો ચૉક** પણ ઉપલીજ જાતમાંનો છે અને તેનો મુખ્ય ઉપયોગ ચિત્રો દોરવામાં કરેછે. એને ડ્રૉઇંગ સ્લેટ પણ કહેછે. આ કાળા જાતનો ચોક મુખ્ય કરી સ્પેન, ફ્રાન્સ, ઇટલી વગેરે દેશોમાં મળેછે; તેમજ સ્કૉટલંડના કોલસાવાલી ખાણોમાં પણ તે જડેછે.

**લાલ ચૉક** ફિક્કા રતાસદાર રંગવાલો હોયછે. તે જર્મનીમાં પુશ્કલ જડેછે. વળી એ ફ્રાન્સની દક્ષિણે 'વોદુલુર' ખાતે પણ મળે છે. ત્યાં તેની ખાસ ખાણોછે. તે તરફ શિયાલામાં વહી આવતાં પાણીને એકઠું કરી રાખેછે, જે માટે ટાંકીઓ બનાવેલી છે. આ પાણી ઉન્હાળામાં સુકાતાં તેની તળીયે લાલ ચૉક બંધાઇ જાયછે; એટલે તેના સરખા ચોસલા કાપી કાઢવામાં આવેછે. ઇ. સ. ૧૯૦૦ માં આ ટાંકીઓમાંથી ૮૦,૦૦૦ ટન લાલ ચૉક મળ્યો હતો. એને આપણે ગેરૂ પણ કહિએ છિયે,

**ચોક-ચેરી**—ચેરીફળને મળતા આ એક જાતનાં ફળઝાડ ઉત્તર અમેરિકામાં ઉગેછે, એના નાહનાં ફળના ઝુમખા 'બર્ડચેરી' જેવાં હોયછે. આ ફળ કોઠો કબજ કરવાનો ગુણ ધરાવે છે. એની છાલ ઔષધિ ઉપચારમાં ઉપયોગી છે.

**ચોકતાસ**—આ એક ઇંડીયન પ્રજા 'એ પાલામેન' પંથમાંની હોઇ, તેઓ આગળ મીસિરીપિના મધ્ય ભાગમાં વસ્તા હતા, પણ હાલમાં ઇંડીયન રાજ્યની દક્ષિણ પૂર્વે વસે છે. આ પ્રજા પણ સારી કેળવાયલી ગણાય છે અને તેમને તાબે ૬૬,૬૮,૦૦૦ એકર જમીન છે. હાલમાં મીશનરીઓની રાહબરીથી તેઓ અચ્છા ખેડુત અને કેળવાયલા બન્યા છે.

**ચોખા**—એને સંકૃતમાં—તંડુલ; કાનડીમાં અક્કી, મરાઠીમાં તાંદુળ અને હિંદુસ્તાનીમાં ચાવલ કહે છે.

ખોરાક તરીકે ચોખાની અગત્યતા અસલના વખતથી સ્વિકારવામાં આવી છે. હિંદુઓ તેને લક્ષ્મી અથવા સારાં નસીબનું ચિન્હ ગણતા આવ્યા છે. તેના એક સંકૃત નામ 'ધાન્ય'નો અર્થ મનુષ્ય જાતને પુષ્ટી આપનાર થાયછે, અને હાલમાં ઘણી ક્રિયાઓમાં તે બળીદાન તરીકે આપવામાં આવે છે. હિંદુઓ તથા પારસી ઓ લગ્નની પવિત્ર ક્રિયામાં ચોખાનો છંટકાવ વરવહુપર કરી આશિરવાદ આપેછે. આ બાબત વિષે સઘળા લખનારાઓ એક અવાજે જણાવે છે કે ચોખા વિષેનો ઇસારો જો સહુથી જુનાં હિંદુ લેખોમાં આવે છે, તોપણ તેની ખેતી વિષેનો ઇસારો સહુથી પુરાણા ચીનાઇ લખાણમાં પણ કરેલો છે. 'સ્ટાનિલાસ જુલીયન'ના જણાવવા મુજબ ઇ. સ. પૂર્વે ૨૮૦૦ વર્ષની વાતપર ચીનાઇ શેહેનશાહ 'ચીન—નતે' દાખલ કરેલી એક ક્રિયામાં મુખ્ય પાંચ જાતનાં અનાજ વાવવાનું હતું, તેમાં ચોખા મુખ્ય હતા.

પ્રાચીનત્વ૦

સખત તાપ અને વર્સાદની ભરમોસમમાં એના છોડ ડુબે તેટલું એને પાણી મળતાં એનો પાક સારો થાયછે. ચીન, જેપાન, હિંદુસ્તાન ચોખાના પાક માટેનાં જાણીતા દેશો છે. સાઉથી, કરોલીના, જ્યૉર્જીયા અને લોઇસાનિયા ના ભિનાસદાર ભાગમાં પુશકળ ચોખા પાકે છે, પણ હાલમાં ત્યાંની તેવી

પરદેશોમાં પાક.



સ્થિતિ નથી. હિંદુસ્તાનની બરાબર નિકાશ વેપાર સિયામ, કોચીન ચીન અને ચીનનોજ છે. ઇટલી દેશમાં પણ ચોખા પાકેછે, તેમજ જાપાનમાંપણ એનો મ્હોટો પાક થાયછે, જાવામાં ચોખા ઠીક પાકેછે. ૧૯મી સદીની શરૂઆતમાં અમેરિકા હિંદુસ્તાનથી ચોખા મંગાવતું હતું, પણ હાલમાં આ દેશ બીજા દેશોને ઉત્તમમાં ઉત્તમ શ્રેષ્ટ જાતીના ચોખા પુરા પાડે છે.

ચોખાના વેપારના સંબંધમાં સિયામ અને સાઇગોન માત્ર યૂરપ, ચીન અને સ્ટ્રેટનાં સંસ્થાનોમાં નહિ પણ બ્રાઝીલમાં પણ હિંદુસ્તાનના હરીફ દેશો થઇ પડયાછે, બ્રાઝીલ દેશ હિંદ માટે ચોખાના વેપારનું સારૂં બંદર છે, જ્યાં ૫૨,૦૦૦ ટન ચોખા દર વર્ષે જાયછે. વળી દક્ષિણ અમેરિકાનાં સઘળા બંદરો ખાતે પણ હિંદી ચોખા જાયછે. યૂરપ તરફ જતા ચોખાનો અર્ધો અરધ ભાગ દારૂ બનાવવાના ઉપયોગમાં વપરાયછે.

ચોખા માહેલા તત્વો.

એનું ભાત, ઘાસ જેવા તણુખલાનાં છેડા પર ચમરી રૂપે થાયછે. ભાતની ચમરી સુકવીને તેને છડી નાખેછે ને ચોખા જૂદા પાડેછે, ચોખામાં ઘઉં કરતાં 'ગ્લ્યુટેન' નો ભાગ ઘણો થોડો છે. ૧૦૦ ભાગ ચોખામાં ૭ થી ૮ ભાગ ગ્લ્યુટેન તથા ૩ થી ૭·૫ ભાગ નાત્રોજન રહેછે. ચોખા ખાઇ રેહેનાર જે તે વજનમાં ઘણા ખાયછે, અને તેનું કારણ એજ કે તેમાં ગ્લ્યુટેનનો ભાગ થોડો હોવાથી શરીરને જોઇએ તેટલું પોષણ મેળવવા માટે ગ્લ્યુટેનનો ભાગ વધારે ચોખા ખાધા વિના મળી શકે નહિ. ચાવલમાં થોડો ચરબીનો પણ ભાગ રહેછે.

ચોખામાં ગુણ.

ચોખા પકાવતી વેળા તેને ખુબ ફૂલાવવા એટલે ચોખા ઉપરનું પતળું પડ ભાગી જઠરમાં તેનું સારૂં પાચન થાયછે. આથી ચોખા ઉકાળ્યા પછી થોડો વખત તેને ધીમા અગ્નિપર તેમજ રહેવા દેતાં તેમાંનું પાણી ધરી જઇ દરેક ચોખો ફુલેછે. ચાવલ પકાવતાં કેટલાકો કાંજી કાઢી નાખેછે પણ તેમ કરવું નહિ, કાંજી સાથે પુષ્ટીકારક જે નાઇટ્રોજન અને ક્ષાર તે નિકળી જાયછે.

નવા ચોખા યાને પાક થયા પછી પેહેલાજ વર્ષનાં ચાવલ રાંધ્યા છતાં બરાબર પચતા નથી, આથી જુના ચોખા ખાવામાં લીધેલા સારા, ચાવલ સાથે તીખાસની જરૂર હોયછે. તીખાસદાર ખોરાક સાથે નહિ લીધાથી જઠરને ઉત્તેજન મળતું નથી, અને તેને ઉત્તેજક ન મળે તો પછી તે બરાબર પચે નહિ.

હિંદુસ્તાનમાં ચોખાનો પાક ૨,૬૮,૧૦૮૦૬ એકર જમીન ઉપર થાયછે. માત્ર બંગાલ પ્રાંતમાંની જમીનનો વિસ્તાર ઉપલી ગણત્રીમાં લીધો નથી. ખરૂં જોતાં બંગાલમાં ચોખાનો ભારે પાક થાયછે, માત્ર અનુમાન ઉપરથી ૧,૨૮,૨૪,૧૯૦ એકર જમીન ચોખાના પાક થકી રોકાયલી કહેવાઇ શકાય. આખા હિંદમાં લગભગ ૪ કરોડ એકર જમીન તો માત્ર ચોખાના પાક માટે રોકાયલી કહેવાય. નીચલા કોઠામાં બંગાલ શિવાયના બીજા દેશોમાં ચોખાની ખેતી માટે રોકવામાં આવેલો વિસ્તાર જણાવેલો છે.

| પ્રાંત. | |
|---|---|
| મદ્રાસ | ૬૨૮૫૮૦૬ |
| મુંબાઈ (સિંધ પ્રાંત સાથે) | ૨૨૩૬૧૯૮ |
| વાયવ્ય પ્રાંત | ૪૩૩૮૫૨૩ |
| અયોધ્યા | ૨૪૩૯૨૨૮ |
| પંજાબ | ૬૯૦૫૬૫ |
| મધ્યપ્રાંત | ૩૭૮૫૫૬૬ |
| બ્રહ્મદેશ નીચલો. | ૧૬૦૫૯૩૭ |
| બ્રહ્મદેશ ઉપલો. | ૪૦૬૭૬૦૬ |
| આસામ | ૧૨૬૨૭૯૧ |
| કુર્ગ | ૭૪૪૯૯ |
| અજમીર મારવાડ | ૭૫૮ |
| બીજા | ૯૦ |

હિંદના ચોખાનો નિકાશ વેપાર ૧૯૦૦ માં ૧૩,૨૧,૯૧,૪૯૧ રૂપ્યાનો ને ૧૯૦૨ માં ૧૩૦૮૬૭૯૩૦ રૂપ્યાનો થયો હતો.

**૧—બંગાલમાં**—૩,૩૨૯૪૭૨૦ એકર જમીન ‘આમન’ (થંડીની ઋતૂમાં પાકતો ચોખો), અને ૮૩૨૩૮૮૦ એકર ‘ભડોઇ’ ચોખાનો પાક થાયછે.

ડૉક્ટર વૉટે કલકત્તાના પ્રદક્ષણમાં બંગાલી ચોખાની **૪૦૦ જાતો** જોવા મેલી હતી. એજ વિદ્વાન જણાવેછે કે આખા હિંદુસ્તાનમાં જેટલી ચોખાની જાતોછે તે એકત્ર કરીએ તો તે ૧૦,૦૦૦ ઉપર થવા જશે.

‘આઉસ’ અથવા ‘ભડોઇ’ ચોખાનો પાક એપ્રેલ, મે મહિનામાં થાયછે. એના માટે રેતાલ જમીન જોઇએ. એનો પાક જુલૈ, આગસ્ટમાં ઉતરેછે. આ જાતનો ચોખો હલકી પ્રતિનો ગણાયછે. બંગાલમાં આ ચોખાનો પાક રૂપ્યે ૩ આના થાય છે.

થંડીની ઋતૂમાં થતા ‘આમન’ ચોખાની બોરન’ અને, ચોટન’ એવી બે જાત છે. તેમાં ‘બોરન’ ચોખા ઉનાળામાં થાય છે. દક્ષિણ કોકણમાં પણ એજ પ્રકાર છે. આ જાતનો પાક વાવણી કર્યા પછી ૧૧ મહિને ઉતરેછે. બંગાલમાં થતા ચોખાની અનેક . જાણીતી જાતોનાં અસંખ્ય પેટા ભેદનાં નામો પણ છે, કે જેનું વર્ણન અત્યંત લંબાણ થતું હોવાથી અત્રે દાખલ કર્યું નથી.

બંગાલી ચોખાના ઘરાક તરીકે સીલોન, યુનાઇટેડ કિંગડમ, મોરીશીઅસ, સૌથ અમેરિકા, વેસ્ટઇંડીજ, અરબસ્થાન, જર્મની, ફ્રાન્સ, આફ્રિકા વગેરે છે.

દર એકરે ૧૦, ૧૫અથવા ૨૦ મણ ચોખા પાકે છે. બંગાલમાં કુલે પેદાશ ૧,૭૦,૦૦,૦૦૦ ટનં ચોખાની થાય છે. ૧૮૮૯માં બંગાલમાંના ચોખાના પાક સંબંધી નીચે મુજબ આંકડા મળે છે.

૪,૨૦,૦૦,૦૦૦ એકર જમીન. **તેનું ઉત્પન્ન ૩૯,૯૫૩૮૨૪૦ મણ** તેમાંથી ૩,૧૫,૦૦,૦૦૦ મણ.

ઉપલા મણમાંથી નિકાશ માલ બાદ ૧૩૫૭૧૯૧૦ મણ. ઉપલા મણમાંથી બાકી ૪,૦૦,૦૦૦૦૦ મણ. ઉપલા મણમાંથી દેશમાં ખપત...૩૧,૪૬૬૩૩૦ મણ.

**હિંદુસ્તાનનાં ચોખાનો વેપાર**—સરાસરી ને અજમાસે હિંદુસ્તાનમાં ૩,૦૦,૦૦૦૦૦ ટન ચોખા પાકે છે. તેનો નિકાશ નીચે મુજબ થાય છે.

૧૮૭૫-૭૬માં રૂ ૫૩૧,૧૦,૦૦૦ રૂપ્યાનો ચોખાની નીકાશ.

૧૮૮૧-૮૨માં રૂ ૮,૩૦,૮૧,૦૦૦ રૂપ્યાના ચોખાની નિકાશ.

૧૮૯૧-૯૨માં રૂ ૧૩,૩૮,૬૭,૦૦૦ રૂપ્યાના ચોખાની નિકાશ-

૧૮૯૩-૯૪માં રૂ ૧૦૩૨૮૬૦૦૦ રૂપ્યાના ચોખાની નિકાશ.

૧૮૯૫-૯૬માં ૧૬૮૬૧૦૦ ટન ચોખાની નિકાશ.

૧૮૯૯-૧૦૦૦ પછી ૧૪૨૧૫૫૦ ટનની ચાલુ નિકાશ છે.

**યૂરપ, એશિયા,** અમેરિકા, આફ્રિકા અને આસ્ટ્રેલીયા તરફ નીચે મુજબ ચોખા મોકલવામાં આવે છે.*

| (યૂરપ) | (મણ) |
|---|---|
| યૂનાઇટેડકીંગડમ | ૨૫૫૮૫ |
| માલ્ટા | ૪૭૬૫૦ |
| ફ્રાન્સ | ૧૦૩૫૦ |
| ઇજીપ્ત | ૩૬૯૯૦ |
| જર્મની | ૮૮૦ |
| બીજા દેશો | ૩૩૦૦ |
| (એશિયા) | |
| સિલોન | ૧૬૩૪૫૦ |
| સ્ટ્રેટસ | ૧૯૫૮૦૦ |
| એડન, અરબસ્તાન | ૫૬૫૫૦ |
| ઇરાન ને બીજા દેશો | ૧૭૩૦૦ |
| (આફ્રિકા) | |
| મોરીસ પૂર્વ કીનારો | ૧૦૭૭૦૦ |
| બીજા દેશો | ૧૨૮૦૦ |
| (અમેરિકા) | |
| વેસ્ટઇંડીજ | ૧૩૪૫૦ |
| દક્ષિણ અમેરિકા | ૭૧૩૦૦ |
| કેનેડા | ૨૬૫૦ |
| આસ્ટ્રેલ્યા | ૨૮૦૦ |
| | ૭,૭૦,૫,૫૫ મણ. |

* તમામ વર્ષ ખેતરમાં રેહનાર ચોખાનો પાક બંગાલમાં થાય છે. અને એક વર્ષમાં એકજ ખેતરમાં પાંચ વખત પાક થનાર પણ બંગાલમાં જાતો છે. (તેને ‘પાંચ હસલી’ કહે છે). તેલંગણમાં ‘દુફસલી’ યાને બે વખત ચોખાનો પાક થનાર જાતો છે.

૧—જુલૈ૦ આગસ્ટ ... આઉસ ચોખો.
૨—અક્ટોંબર, નવેંબર...ચોટન, આમન ચોખા
૩—દીસેંબર,જાનેવારી...બોરન, આમન ચોખા.
૪—એપ્રેલ,મે...બોરો ચોખા.
૫—સ્પટેંબર, અક્ટોંબર...રૈદ ચોખા.



બરમાના ચોખા પરદેશોમાં મુખ્ય કરી દારૂ તથા કાંજી બનાવવા માટે વપરાય છે. માત્ર બંગાલી ચોખા ખાવાના કામમાં વપરાય છે. જર્મની, હૉલંડ, ફ્રાન્સ અને ઇટાલીમાં જનાર ચોખા દારૂ બનાવવા માટે ખપે છે. ઇંગલંડમાં બંગાલી ચોખો ખવાય છે. યૂરપીયન વેપારીઓએ ચોખાના નીચે મુજબ નામો ઠેરવેલા છે.

૧—ગ્લૅટીનસ—બરમાનો ચોખો. આ ચોખો યૂરપમાં મીઠાઇ બનાવવા માટે વપરાય છે.

૨—ટેબલરાઈસ— બંગાલમાંનો, દાણો સફેદ ને ચળકતો; એને રાંધીખાવામાં લેવાયછે.

૩—કઝલ—દારૂ બનાવવા માટે વપરાય છે. એ બંગાલી હોય છે.

૪—કારગોંરાઇસ— બ્રહ્મદેશમાંનો શ્રેષ્ટ ચોખો.

૫—ગટસેંગ અને ગ્યાઉક-એ હલકી જાતનાં ચોખા છે.

પરદેશ રવાના થતા ચોખાપર નખાયલી જકાતની રૂહે વાર્ષિક મેહેસૂલ ૭૫૬૪૯૮૫ રૂપ્યાની ઉપજે છે.

**ચોંગ**—ભૂતાનના ‘લાહોપા’ તરફ આ એક કેફી દારૂ બનેછે. ‘આ દારૂ બાજરી, ઘઉં અથવા ચોખાને ઉકાળી તેમાંથી બનાવેછે, (૨) મિ-કાંગ નદીના પ્રદેશમાં વસ્તી એક પ્રજા. તેઓ બીજા ટોળા કરતાં અર્ધ સુધરેલા છે. તેમના બાલ લાંબા ને નરમ સુવાળાં પણ ગુચ્છવાયલાં હોયછે.

**ચોગા**—આ કાપડ ઉંટના બાલ અથવા ઘેટાનાં રૂવાંમાંથી અફઘાનિસ્તાનમાં બનેછે. ઉંટના બાલથી બનતા કાપડ ને શુત્રી ચોગા કહેછે. ‘બરાકી ચોગા’ બકરાનાં બાલમાંથી બનાવે છે. ‘કુર્કચોગા’ ઉંચ પ્રદેશમાં વસ્તા બકરાના બાલમાંથી બનાવે છે, આ કાપડ હજારા અને હિરાત તરફ બનેછે. બ્રિકીશ ચોગા હરણ યા સાંબરના રૂવાં માંથી બને છે. જે ૬૦ થી ૮૦ પૌંડે વેચાય છે.

**ચોઝ**—કાગડાની જાતને મળતું એક પક્ષી. એની ચાંચ માથા કરતાં લાંબી, મજબૂત અને અણીયાલી હોયછે. પુછડી સ્હેજ ગોળાકાર હોયછે. આ પક્ષી મુખ્ય કરી આલ્પસ પર્વતમાં વસેછે. બ્રિટનમાં ચોઝા પક્ષી સમુદ્ર કિનારા તરફ જણાયછે. એના પગનાં પંજા લાંબા ચાર આંગળાંવાલાં નખદાર હોયછે

**ચોટ**—ઉંચાઈ ઉપરથી પડી જવાથી, અથવા દબાવાથી યા માર પડવાથી, બુઠી ચીજ વાગવાથી ચામડી ફાટે નહિ, પણ તેનો રંગ બદલાઇને ડીબું થાય ને અંદરના ભાગનો ભંગ થાય તેને ચોટ કહેછે; સેહેજ વાગવાથી હેઠળ લોહી ધાઇ આવીને તેથી ડીબું થાય છે. એ ડીબાંનો રંગ પ્રથમ જાંબુડો, તે પછી ધીમે ધીમે લીલો, બલુ અથવા કાળો થાય છે. પણ જ્યારે ચોટ ઘણી જોરમાં લાગે ત્યારે આમડીની હેઠળના મૌસ વગેરે નરમ ભાગો પણ કચડાય છે, અને તેમાંથી લોહી નિકળીને ચામડી તળે એકઠું થાય છે, જેની ઉપર હાથ મેલ્યાથી તે પોચું લાગે છે. જેમ ચામડીની હેઠળનાં ભાગો કચડાય છે તેમ તે પાછળથી વધારે પાકે છે, અને તેમાં સડો લાગુ પડે છે.

ઉપાય—ચામડીને થોડો ધક્કો પોંહોંચ્યો હોય, તો તેનો ઉપાય કરવાની જરૂર રહેતી

નથી. ચામડીની અંદર રક્તશ્રાવ થયો હોય અને તે પોચો લાગતો હોય તોપણ તેને ફોડવો નહિં. થંડુ લોશન (૧ ભાગ સ્પિરીટમાં ૮ ભાગ પાણી.) લગાડવાથી રક્તનું શોષણ થઇ જશે. સોજો અને દૂખારો થતો હોયતો શેક કરવો. જો પાકે એમ દિસેતો પોટીસ કરવી. ત્યાર પછી પાકી નરમ થતાં ફોડવો ને જખમ ભીસાલે તેને રૂઝાવવાની તજવીજ કરવી.

"જોસમાં ચોટ લાગતાં ડીચું મ્હોટું થયું હોય અને પોચું થયું હોય તો તે પર જળો લગાડવી નહિ, અથવા નસતરથી તેને તુરત ચીરવું નહિ, કેમકે જ્યાં સુધી તેમાં ધટકા ભરે નહિ ત્યાં સુધી તેમાંના લોહીને પાછું વિખેરી નાંખવાની તજવીજ કરવાથી તે બેશી જાય છે. પણ જ્યારે તેની આસપાસની ચામડી લાલ થાય, તેમાં દુખારો થાય, ધડકા મારી પાકવાની નિશાની જણાય ત્યારે તેના ઉપર પોટીસ બાંધી નસતરથી ચીરી પરૂ કાઢવું, ને ચાંદુ પડત્તાં તેનો ઇલાજ કરવો."

ચોટ અથવા જરબ સેહેજ હોય અને હાથ પગ ઉપર લાગે તો તેથી જીવને જોખમ પોંહોંચતો નથી. પણ જ્યારે કોઈ ભાગ ઘણો કચડાય છે અથવા ઘણા મ્હોટા ભાગ ઉપર જરબ પડે છે, અથવા પેટ યા છાતી પર ઘણા જોરમાં વાગે છે ત્યારે તે માહેલા કલેજાં તથા ફેફસાં અથવા દિલને નુકસાન પોંહચે છે; આથી તે ભાગોમાં દર્દ પેદા થઇ ખરાબી નીપજે છે.

**ચોત્રા—ફુલ**—નેપાળમાં આ ફિક્કા પિળા રંગનું વૃક્ષ ઉગે છે, જેનું લાકડું ચંદન પ્રમાણે ઉપયોગમાં આવે છે. તેમજ આ લાકડાંને ઘશી સોહાસન સ્ત્રીઓ તેનો લેપ કરે છે.

**ચોથ**—મરાહાઓ જે રાજ્યપર જય મેળવતા તેમની પાસેથી રાજ્યની ઉત્પતિનો ચોથો ભાગ ખંડણી લેતા, તેને ચોથાઇ કહેતા. ચોથાઇ લેવાનો ધારો પેહેલવ્હેલો શિવાજીએ ખાનદેશ પર ચઢાઇ કરી જય મેળવ્યો ત્યારે ૧૬૭૬ માં કાઢયો. ૧૭૩૫ સુધી દિલ્લી પતિ હૈદ્રાબાદના નીજામ પાસથી તથા દખ્ખણના રાજાઓ પાસથી વસૂલ કરતા હતા.

**ચોધારિશિંગ**—એનાં વેલા લાંબા હોય છે. એપર જે શિંગો આવે છે તે આશ્વિનમાં પાકે છે. ચોધારીશિંગ વ્હેંત દોઢ વ્હેંત લાંબી અને ચાર તરફ ધાર વાલી હોય છે. આ શિંગને વચ્ચેથી ચીરીયે તો બરાબર બે ફાડ થાય છે, એનો પાક વર્ષમાં એકજ વેળા થાય છે. એમાં મિઠાસ ઝાઝો હોતો નથી. એ કુમળી હોય ત્યારેજ શાક લાયકની ગણાય છે. ગોવામાં એને 'કર્મલવાળ' કહે છે.

**ચોપ**—બંગાલમાં મોહાની નદીના ખીણ વાલા ભાગમાં આવેલી કોલસાની ખાણ, હજારાબાગ જીલ્લામાં છે. હજારાબાગ શેહેરની ઉત્તર પશ્ચિમે ૮ મૈલ પરછે. સમુદ્ર સપાટીથી ૨૦૦ ફીટ ઉપર છે. ૩$\frac{1}{4}$ ચોરસ મૈલ જમીન કોલસાની ખાણુથી રોકાયલી છે. આ તરફ નીકળતો કોલસો હલકી જાતનો ને થોડા જથ્થામાં નિકળે છે.

**ચોપચીની**—આ ઝાડનાં વેલા ચીન, સીંગાપૂર, બરમાં, ગ્યારો પર્વતના પ્રદેશમાં ઉગે છે. એનું મુખ્ય ઉત્પતિસ્થાન ચીનમાં 'સજીયુએન'ના સંસ્થાનમાં છે. એની જડ ગાંઠવાલી ને મેલા રંગની હોય છે. આ જડ ઔષધિઉપચારમાં ઉપયોગી છે. ચોપચીની શોષક, ઉષ્ણ, દીપન અને વાતહર છે. એનો પાક બનાવી શકાય છે. એ સૂળ ઉપર ઉપયોગી છે.

**ચોપડે**—એજ નામના તાલુકાનુ મુખ્ય ગામ તાપી નદીથી ૮ મૈલપર ધૂળીયાની ઉત્તર પૂર્વે ૫૧ ને ભૂસાવલની ઉત્તર પશ્ચિમે ૩૨ મૈલ ઉપર છે. આગલા હિંદુ રાજકર્તાઓના સમયનો બાંધેલો કિલ્લો હાલમાં ખંડીયર સ્થિતિમાં અત્રે જોવામાં આવે છે. ઇ. સ. ૧૬૦૦ માં ચોપડે એક મ્હોટું શેહેર હતું. ૧૮૨૦ માં આ ગામ સિંધ્યા સરકારને હાથ ગયું હતું. અને ૧૮૪૫ પછી તે બ્રિટીશોને હસ્તગત થયું છે. લોક વસ્તી ૧૩૯૯૨ની તેમાં



૧૧૫૦૦ હિંદુ અને ૨૭૪૦ મોહમેદનો છે. શેહેર ૩૦૫ એકર જમીન રોકે છે.

**ચોપાઈ**—પિંગળશાસ્ત્ર મુજબ ૮ ને ૭ માત્રાની ૨ યતિયો, તેમાં અંતે લઘુ આવે કે ચોપાઇ છંદ બને.

**ચોપીન**—પુરાતમ ઇંગલંડમાં આ અર્ધી પાઈંટ જેટલું માપ ધરાવનાર વજન. સ્કૉલંડમાં $\frac{1}{4}$ ભાગને ચોપીન કહેછે.

**ચોરૂ તસ્ઝ**—આ અતી પ્રસિદ્ધ ચીનાઈ ફીલસુફ અને લેખક ચીનમાં મધ્ય કાળમાં થઈ ગએલા ફીલસુફોમાં મ્હોટી નામના પામ્યો છે. એને કાનફુશિઅસથીજ ઉતરતું માન મળે છે.

**ચોબે**—હિંદમાં વસ્તા એક 'પરદેશી બ્રાહ્મણ'ની જાત છે. એમનું નામ ચાર (ચો) વેદ વાંચનાર ઉપરથી પડયું. દોબે યાને બે વેદ વાંચનાર અને ત્રીવેદી યાને ત્રણવેદ જાણનાર ઉપરથા નામ પડેલાં છે. ચોબે બ્રાહ્મણોની મુખ્ય વસ્તી મુત્રામાં છે, તેઓ કૃષ્ણને પુજ્ય માનેછે. ચોબે બ્રાહ્મણીઓ ઘણી સુંદર હોયછે.

**ચોબોલા**—પિંગળ શાસ્ત્ર મુજબ ૧૬ અને ૧૪ માત્રાઓની ૨ યતિયો તેમાં અંતે ૧ ગુરૂનો આ છંદ બનેછે.

દુર્જન દુષ્ટપણે કરિને પણ, સજ્જનને
મળિ રાજિ રહે.
પર્વતની ઉપર ચડિને પછિ, પામી તલાટી
શાંતી લહે.—ક. હિરાચંદ.

**ચોમહરી**—સીલોનમાં ઉગતું એક વૃક્ષ. આ અતી ટકાઉ લાકડાવાલું ઝાડ ૨૦ફીટ લાંબુ વધે છે. એ ઘેરાવામાં ૧૨થી ૨૦ ઇંચ હોય છે. એનું લાકડું ગાડી બનાવવાનાં ઉપયોગમાં આવે છે. એનાં ફળ ઔષધિ ઉપચારમાં યોજેલાં છે.

**ચોરપૂર**—ઉત્તર હિદુસ્તાનમાં જાણીતા રૂવાંનું નામ. એમાંથી બન્દુસો બનાવવામાં આવે છે. આ રૂવાં ટીબેટના બળદની પુછડી પાસેના ભાગ ઉપરથી મેળવે છે.

**ચોર્લે**—ઉત્તર લેંકેશાયરનું આ ઉદ્યોગી શેહેર પ્રિસ્ટોનની પૂર્વે ૯ મૈલ પર છે. અત્રે રૂ, મજલીન, કાપડ, કાલીકો, કોલસો ખણવા તથા બનાવવાનો ઉદ્યોગ ચાલે છે. ૧૮૫૧ માં વસ્તી ૮૯૦૭ની તથા ૧૮૯૧ માં ૨૩૦૮૭ ની હતી.

**ચોરિયાસી**—સૂરત જીલ્લામાંનું પ્રગણું. ક્ષેત્ર ફળ ૧૧૦ ચોરસ મૈલ છે, તેમાં બે શેહેરો અને ૬૫ ગામડાં છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૧,૫૪,૬૦૮ ની તેમાં ૭૮૦૭૨ પુરૂષો તથા ૭૬૫૩૬ સ્ત્રીઓ હતી, હિંદુ સંખ્યા ૧,૧૨૫૭૪ અને મોહમેદન ૨૭૧૧૮ તથા ૧૪૯૧૬' પરજાત વસે છે. આ જીલ્લાનો સર્વ ભાગ ફદ્રુળપ અને જંગલથી ભરપૂર છે. આ જીલ્લામાં જાણવાજોગ એકે નદી નથી, પણ ઉત્તર તરફ ૧૮ મૈલ સુધી તાપતી નદીની શાખા ફરી વળેલી છે. અત્રે ધાન્ય, ચણા, તેલીબીયાં, રૂ ઘાસ અને પરચુટણ ઉદભિજ પુશકળ ઉગે છે. આ જીલ્લામાં ૪ દિવાની ને ૧૦ ફોજદારી કચેરીઓ છે.

**ચોરીય**—હિંદમાં ચુલિયથી ૧૬૭ મૈલ ઉપર આ ગામ છે. ૭મી સદીમાં હ્યુએન થંસાંગ જ્યારે અત્રે આવ્યો ત્યારે આ પ્રાંતનો ઘેરાવો ૪૦૦ મૈલ નો હતો, ચોરિયા=ચોલિય એ 'ચોલ' હશે (ચોલ મંડળ) એમ 'લાસન માર્ટન' વગેરે જણાવે છે; પણ એ દ્રવિડ દેશની બીજે પારછે. પણ હ્યુએને ચુલિય તેની આણી તરફ જણાવેલો છે, અને તેણે પોતાના નકાશામાં એને દ્રવિડ દેશની ઉત્તરે બતાવ્યોછે.

કર્નુલ પાસે 'ઝોરા' અથવા 'જોરા' નામે શેહેર છે. આજ નામ ઉપરથી હ્યુએને 'જોરિયા' એવું એનું નામ લખ્યું છે. 'ટાલમિએ લખેલું 'સોરા' રેજીઆ, અર્કાટીમાંનો સોરા અને જોરા એ એકજ હશે.

ચોરિયને ચોલ મંડળ માનીએ તો તેમાં હાલનો તંજાવર પ્રાંત ગણી શકાય; એટલે વાયવ્યે સાલેમ પાસેના સંકેરી દુર્ગથી ઇશાન્ય તરફ કાવેરીના મુખ સુધી અને નૈઋત્યે દીંદીગલથી અગ્નિએ 'કાલી મેર ભૂશિર'

સુધીનો પ્રદેશ ગણાશે, એટલાનો ઘેરાવો ૪૦૦ મૈલનો છે.

**ચોલ**—દક્ષિણ માર્ગમાંના પૂર્વ કિનારાના કયા ભાગને ચોલ કહેવું એ વિષે વિદવાનોમાં મત ભેદ છે. માહાભારત સભા પર્વનાં ર૭માં અધ્યાયમાં ચોલનો ઉલ્લેખ કર્યો છે, પણ તે ઉપરથી ફલાણા પ્રાંતને ચોકસ નામ હતું એમ નિશ્ચય પૂર્વક કહેવાઇ શકાતું નથી; માત્ર આ દેશ કઇ દિશાએ હતો એ જણાય છે.

પ્રોફેસર લૅસન અને જનરલ કનિંગ હામે આ દેશની ખોળ કરવા માટે મેહેનત લીધી હતી, પ્રોફેસર લૅસને દ્રવિડ દેશની કાંઇક પશ્ચિમે ચોલદેશ જણાવેલો છે, પણ કનિંગ હૅમનાં કહેવા મુજબ દ્રવિડ દેશની દક્ષિણે ચોલ દેશ છે.

ઉપર જણાવેલા મતમાં ખરૂં કયું તેનો શોધ કરતાં જનરલ કનીંગ હૅમના જણાવવા મુજબ દ્રવિડ દેશની દક્ષિણ તરફનાજ પ્રદેશને ચોલ દેશ કેહેતા એમ ઠરે છે. હ્યૂએનથસાંગ નામના ચીનાઇ મુસાફરે ચોલ દેશને(ચુલીય) ચપા'જુલીય' એમ નામ આપી, ધન્કટકથી ૧૬૭ મૈલ પર છે, એમ લખેલું છે. આ ઉપરથી તે દ્રવિડ દેશની ઉત્તરે આવે છે. પણ 'કાવ્હેલી વ્યંકટરાવ સ્વામિએ, રૉયલ એશિયાટીક સોસાયટી માટે "ભરતખંડમાંના દેશોનું ભૂગોળ કોષ્ટક ભારે શોધ પછી તૈયાર કર્યું છે. તે ઉપરથી જોતાં આર્કોટના ઉત્તર ભાગને દ્રવિડ દેશ કહેતા, અને આર્કોટની દક્ષિણ તરફના ટાપુને ચોલ એવી સંજ્ઞા હતી એમ જણાય છે.

ઉપલા મતો મુજબ આ દેશ માટે જૂદા જૂદા અનુમાનો કરવામાં આવેલા છે. પ્રોફેસર લૅસન અને હ્યુએનનાં જણાવવા મુજબ દ્રવિડ દેશની ઉત્તરે ચોલ દેશ હતો, અને જનરલ કનિંગ હૅમ તથા પંડિત વ્યંકટરામ મુજબ તે દ્રવિડ દેશની દક્ષિણે હતો. ઉપલા ગ્રંથકારોમાંના પંડિતનો શોધ હાલમાં કરેલો હોવાથી તે વિશેષ જાણવા જોગ છે. ચોલ દેશ ઉપરથી પૂર્વ કિનારાને ચોલમંડળ(હાલનું કારોમંડળ)એ નામ પડયું.

આ ભાગ કાવેરી નદીની ઉત્તરે તામીલ દેશમાં સમાય છે. ૧૧મી સદીમાં અત્રેના ચોલના રાજા કેપકોમોરિન સુધી સત્તા ધરાવતા હતા. ૧૩૧૦માં મુસલમાન વિજેતાઓથી આ દેશના કડકા ચુકલા થઇ ગયા હતા.

**ચોલ્યૂલા**—મેક્સિકન રાજ્યનું આ એક સુંદર શેહેર-સમુદ્ર સપાટીથી ૭૦૦૦ ફીટ ઉપર છે, મેકસિકોની પૂર્વમાં ૫૫ મૈલ પરછે. લોક વસ્તી ૯૦૦૦ની છે.

**ચોવિસ પ્રગણાં**—બંગાલ ઇલાકામાં આ નાહનું પ્રગણું ઉત્તરે નડીયા, પૂર્વે જુલના તથા સુંદરબન, દક્ષિણે સુંદરબન, અને પશ્ચિમે હુગલી નદી. ક્ષેત્રફળ ૨૧૦૮ ચોરસ મૈલ છે. વસ્તી ૧૮૯૨,૦૩૩ ની છે. ગામો ૫૭૬૫ છે, ને ભાષા બંગાલી બોલાય છે.

પ્રદેશ ઢોળાવદાર, જમીન કાદવવાળી, દરેક ગામમાં બાગાયત છે. દેશમાં વિદ્યાધરી, પ્યાલી; કાલિંદી, ઇચ્છામતી નદીઓ વહે છે, મુખ્ક પાક, ચોખા, કઠોળ, શેરડી, તંબાકુનો થાય છે. નિકાશ વેપાર ચોખા સાકર, તંબાકુ, ભાજીપાલો, માછલી, કુંભારકામ વગેરેનો ચાલે છે. આયાત વેપાર કડધાન્યો, મસાલો, હળદ, મરચાં, ઘી, કાપડ, કપાસ, સાકર, લોઢું, સાગ, પિત્તળનાં વાસણ, ચુનો વગેરેનો છે.

તાતાગઢ, અર્દાબાદમાં ટાળાંચાવી બનાવવાનાં કારખાનાં છે. કાલીગંજમાં શિંગડાની લાકડી, સાતગાછિયામાં સૂતરાઉ રેસ્મી કાપડ, બનેછે. અગરપારા, વારણાગડ, નૈહાટી, નબાબગંજ, બસૂરહાટ, દક્ષિણદુમદુમ, બદુરિયા, રાજપૂર, બરાસાત, ટાકી વગેરે મુખ્ય ગામોછે.

**ચોસઠ ખંબેહ**—દીલ્લી પાસે નિજામઉદ્દીન ઔલીયાની કબર પાસે આ૬૪ સ્થંભો વાલી ઇમારત છે. આ સ્થંભો સફેદ સંગે મરમરનાં હોઇ છાપરૂં પણ તેજ પથ્થરથી ટેકાવેલું છે, તથા તેપર રંગીન તર્હાં કાઢેલી છે, આ ઇમારત જાણીતા કવિ તથા શાહજાદા અમીર



ખશરૂના માનાર્થે બંધાવવામાં આવી હતી; અનેખુશરૂના મિત્ર નિજામઉદ્દીનની કબર પણ આ ઇમારતની નજદીકજ બાંધેલી છે.

**ચોળા**—એના વેલા થાય છે. એની પર વ્હેંતભર લાંબી શિંગો આવે છે. ચોળાના વેલાના દીંડવાની, કુમળીશિંગની અને દાણાની ભાજી કરવામાં આવે છે. દારચોળા નામે એક ચોળાની જાત છે, તેના છોડ અડદનાં જેવા થાય છે,એ ધાન્ય પણ ચોળા જેવું જછે.

**ચોકીદંગા**—બર્દવાન જીલ્લામાં રાનીગંજના કોલસા વાલા ભાગમાંની એક ખાણ. સીંગારીના ઘાટમાં છે. અત્રે કોલસો ૧૫ ફીટ ૯ ઈંચ તળે, ૧૪ ફીટ ૬ ઇંચની જાડાઇ વાલો છે; આ ખાણ ૧૮૩૪ માં પ્રથમ શોધી કાઢી ખોદવામાં આવી ને ૧૮૬૧ માં આગથી તેની ભારે ખરાબી થતાં બંધ પડી હતી. ૧૮૭૮થી ૧૮૮૩ સુધી આ ખાણ પડત હતી પણ પાછળથી તેનું ખોદકામ ચાલુ થયું છે.

**ચોધારી**—એના છોડ એક હાથ ઉંચા વધેછે. એને ચોધારી કાંડ વેલ જેવી ૪ ધારાઓ હોયછે. આ ઝાડ મુખ્ય કરી ખાનદેશમાં ઉગે છે.

**ચોરાધર**—મધ્ય પ્રાંતમાં નરસિંગપૂર જીલ્લાનો એક ખંડીયર કિલ્લો, સાતપુડાના સપાટ પર્વત ઉપર નર્મદાની ખીણની સપાટીથી ૮૦૦ ફીટ ઉપર છે, અને નરસિંગપૂરની દક્ષિણ પશ્ચિમે ૨૨મૈલ પર છે. આ પહાડની બે ટોંચો પર ૧૦૦ ફીટના ગાળાથી વેંહેંચાયલો છે. એક ટોંચ પર પ્રાચીન ગોંડ રાજાના વખતનાં ખંડીયરો છે. અત્રે અનેક તળાવોછે.

**ચોલ રેવદંડા**—આ ગામ મુંબઇની અગ્નિય ખૂણે ૩૦ મૈલ પર છે. એનું ઉત્તર અક્ષાંસ ૧૮, ને પૂર્વ રેખાંશ ૭૨ છે.

મુંબઈ, વસઇ વગેરે મથકો પ્રસિદ્ધાતામાં આવવા આગમજ ચોલ અંદર ભારે પ્રસિદ્ધતા પામ્યું હતું. ચોલ પ્રાંત વિશેષ કરી જલચર પ્રાણીનું ખાતર, સમુદ્ર માહેલી વનસ્પતિ, જળચર પ્રદેશ અને શંખ વગેરે કીડાઓએ બનાવેલા માળાનો બનેલો હોવાથી ભૂચર શાસ્ત્રવેત્તાઓની નજરે આ પ્રાંતમાંની જમીનના પડ અને તે માહેલા વનસ્પતિ એ અત્યંત ઉપયોગી અને આશ્ચર્યકારક છે.

હાલમાં ચોલ નામે જ્યાં ગામ છે ત્યાં પ્રાચીન કાળમાં ચંપાવતી નામનું મ્હોટું નગર હતું. અને ચંપાવતી શેહેર પરશુરામ ક્ષેત્રનું રાજધાની શેહેર હતું એમ કહેછે. ચંપાવતી એ નામ, તે વેળા ત્યાં ચાંપાનું વન હોવા ઉપરથી પડયું હતું.

કેટલાકોનું કહેવું છે કે વિષ્ણુપુરાણમાં વર્ણન કરેલા ચંપા નામે રાજાએ આ નગરી સ્થાપન કરી, તેથી તેનું નામ ચંપાવતિ પડયું તેમજ ' કથાર્ણવ અને બ્રહ્મોત્તરખંડ (સ્કંદ પુરાણ) અધ્યાંય ૧૬ માં મથુરા, ચંપાવતી સીમંતીની, અને પરમણી એ પ્રાચીન ૪ શેહેરોનું વર્ણન આપેલું છે; પણ તેમાં ચોલમાંના પ્રાચીન ચંપાવતી કયું તેનો પુરતો ખુલાસો આપ્યો નથી.

*રેવદંડા આ નામ સંબંધી અનેક ખાત્રી પૂર્વક પુરાવા મળેછે, રેવદંડામાં 'રેવા' નામની નાહની નદીછે, તે ઉપરથી રેવદંડા એ નામ પડયું હશે, તેમજ બીજી નોંધ છે કે કૃષ્ણ ગુજરાત તરફ રાજ્ય કર્તા હતો ત્યારે તેણે ઉત્તર કોકણમાંનો ભાગ બલરામની સ્રી ' રેવતી' ને ભેટ આપ્યો, આથી રેવતીનાં સંબંધથી આ પ્રાંતને રેવતી ક્ષેત્ર' એ નામ મળયું અને તેનુંજ અર્વાચીન રેવદંડા એ રૂપથયું.

મુંબઇમાં પરેલ તરફના ગવરનરનાં બંગલા પાસે ખોદકામ ચાલતાં ૧૮૩૫માં એક પથ્થરનો સ્થંભ મળી આવ્યો હતો. તેમાં દેવનગરી લિપીમાં T ૧૧૮૧ નો લેખ છે કે " વેપારીઓએ હળીમળી રહેલા 'ખંબાત શેહેરમાં શ્રી વૈજનાથ માટે મંડળી ગામમાંનો બાગ કોકણના રાજા શ્રીમંત 'અપરાદિત્યે' બક્ષેસ આપ્યો છે.

* History and Antiquities of Chaul Vol. 12. No. 33.—T. Vid jour. Bom. Bran. Roy. Asi. Vol. 12. No. 33.

આ પરેલમાં મળેલા સ્થંભ જેવોજ બીજો એક સ્થંભ ચૌલમાં પણ જડેલો છે, તેની ઉપર તે ગામનું 'ખંબત' એવુંજ નામ સ્પષ્ટ લખેલું છે, શિવાય ચૌલ એ પ્રાચીન કાળમાં વેપારથી પ્રસિદ્ધ થએલું હોઇ સ્થંભ ઉપર લખેલા ચૌલમાં શ્રીવૈજનાથ આ નામનું એક દેવમંદીર છે. આ ઉપરથી 'ખંબત' એ શિલાલેખમાંનું નામ અને રેવતી ક્ષેત્ર એ પુરાણમાંનું નામ; એ બેઉ હાલના રેવા અથવા રેવદંડા માટેજ વપરાયલાં છે, એમ સિદ્ધ થાય છે. પ્રો. વિલસને રેવદંડા નામ સંબંધી એવોજ અભિપ્રાય ઉચ્ચારેલો છે. તેના મત મુજબ ખંબત એ રેવતી અથવા રેવતી ક્ષેત્ર એનું પાલી ભાષામાંનુ રૂપ હશે.

ઉપર જણાવેલા પ્રમાણપર કોઇ એવી શંકા બતલાવશે કે ૧૧૮૧માં તગરનાં રાજા કોકણમાં રાજ્ય કર્તા હોઇ આ અપરાદિત્ય નામનો વચમાંજ કોકણનો રાજા અત્રે ક્યાંથી રાજ્ય કર્તા થયો. આ શંકાનો નિર્ણન જરસન, ડી, કન્હાએ' એવું કર્યું છે કે 'જોકે પદમનાલ (પન્હાળ) ના તગર રાજા એઓ કોકણનાં મુખ્ય રાજા હતા તોય જૂદી જૂદી જગ્યાપરનાં તગર રાજ્યનાં સરદારો પોતાનો અમલ નાહના પ્રાંતોપર ચલાવતા હતા, તે મુજબ અપરાદિત્ય એ તગર રાજાનો એક સરદાર હશે અને તેણે પોતાને કોકણનાં અપરાદિત્ય રાજા એમ નામ આશકારા કર્યું હશે, પણ પ્રોફેસર ભાંડારકરનું કહેવું એવું છે કે "આ અપરાદિત્ય થાણાના શિલાહાર વંશમાંનો હોઇ તેનો સંબંધ પન્હાલ અથવા કોલ્હાપૂરના ધરાણા સાથે નહોતો.

ચૌલ શેહેરનો ઉલ્લેખ અને તે સંબંધી વર્ણન આરબ ગ્રંથકારો તથા યૂરપ્યિન વિદ્વાનોનાં ગ્રંથમાંથી પણ મળે છે. ઇ. સ. ૮૦માં 'પેરિપ્લસ'ના કર્તાઓ ચૌલને 'ઝિમોલા' કહેલું છે. તે પછી ઇ. સ. ૧૩૦માં ટૉલેમી' એ ચૌલને 'ચિમોલા' જણાવેલું છે. એજ મુજબનું 'એરીયને' ૧૮૦માં જણાવેલું છે. ૭મી સદીમાં હ્યૂએનથસાંગે કરેલી મુસાફરીના ગ્રંથમાં એને 'ચિમોલા' ને નામે જણાવ્યું છે. શિમોલા, ચિમોલા એ સર્વ રૂપ ચૌલ આ મૂળ શબ્દનાજ છે, એમ 'યૂલ' નું કહેવું છે, અને તે ખરૂં છે; કારણકે જે જે મુસાફરો પરકી દેશમાંથી આવ્યા હતા તેઓએ અત્રેના સ્થળનું વર્ણન કરતાં, મૂળનાં નામમાં થોડો ઘણો ફેરફાર પોતાની ભાષા પદ્ધતિ મુજબ કર્યો હતો. તેજ પ્રકાર ચૌલ સંબંધમાં થયો હતો. યૂરપ્યન ગ્રંથકારો જેમ ચૌલને ચીમોલા તરીકે જણાવે છે, તેજ મુજબ આરબ ગ્રંથકારો' સૈમૂર' એ નામ ચૌલને આપ્યું છે. ઇ. સ. ૯૧૬માં ચૌલમાં આવેલા મસુદીએ લખ્યું છે કે પશ્ચિમ કિનારાપર અને ચૌલ મળ્યું હતું. તે ઠેકાણે બલહાર(શિલાહાર) વંશનો રાજા રાજ્ય કર્તા હતો, હું ત્યાં ગયો ત્યારે ત્યાં 'જંજ' નામે રાજ્ય કરતો હતો." થોડા વર્ષપર ચૌલ પાસે ઇ. સ. ૧૦૧૮ માંનો એક તામ્રપટ જડ્યો હતો, તેમાં 'જજ' રાજા ચૌલમાં હતો એવું વર્ણન છે. આ ઉપરથી મસૂદીએ લખેલા સૈમૂર તેજ ચૌલ હશે એ ખુલ્લું જણાય છે.

મસુદી પછી ૨૫ વર્ષે આયબન મુહલહાલ' તે પ્રાંતમાં ગયો હતો, તેણે પણ ચૌલને સૈમૂર એમ કહેલું છે.

ઇ. સ. ૧૦૩૦ માં અબુરિહાન તે પ્રદેશમાં હશે તેણે ચૌલને 'જેમૂર' એમ નામ આપ્યું છે, અને તે ઠાણાની દક્ષિણે છે. એમ લખેલું છે. ચૌલ રેવદંડાની દિશા અબુરિહાનનાં વર્ણન મુજબ હોવાથી તેનું લખેલું ખરૂં છે.

અબુરિહાન પછીના 'એડ્રિસી' નો ઇ. સ. ૧૧૫૩ નો લેખછે તેમાં તે લખેછે કે 'સિદન' થી પાંચ દિવસના માર્ગ પર સૈમુર નામનું શેહેર છે. તે મજબુત હોઇ ત્યાં નારીયળીનાં ઝાડો પુશકળ નજરે પડે છે. આસપાસનાં પર્વતોપર સુગંધી વનસ્પતિ અત્યંત હોઈ તેને પરદેશમાં રવાના કરવામાં આવે છે. રાજા શિલાહાર વંશનો હતો અને તે અત્યંત શ્રીમંત હોવાથી તેને મ્હોટો કર આપવો પડતો હતો."



ઉપર જણાવેલા જૂદા જૂદા આધાર ઉપરથી જણાશે કે; જો કે સંસ્કૃતમાં ચંપાવતી, ગ્રીશિયન ભાષામાં સિમિલા, અથવા ચિમિલા; ચીનાઈ ભાષામાં ચિમોલા, અને આરબી ગ્રંથમાં જેમૂર, સૈમૂર એવા જૂદાં જૂદાં નામો જે આપેલાં છે તે પ્રાચીન ચંપાવતીને હાલના ચૌલનોજ અપભ્રંશ છે.

ચૌલ સંબંધમાં એક કથા ત્યાંની પ્રજા એવી જણાવે છે કે ચ્યવન નામના ભૃગુ ઋષિનો પુત્ર જે આગળ જતાં ચ્યવન ભાર્ગવ નામે જાણીતો થયો. તે આજ પ્રદેશમાં તપજપમાં બેઠો હતો, તેથી આ દેશનું નામ ચૌલ પડ્યું.

ચૌલમાં ૩૬૦ તલાવ અને ૩૬૦ મંદીરો છે, અને આથી તે પુરાણા વખતથી જાણીતું છે. ત્યાંના કેટલાક મંદીરોનાં કામો જોતાં ચંપાવતીનાં કારીગરો કુશળ, હુન્નરમંદ હતા એમ જણાય છે.

ત્યાંના એક તલાવ પાસે કાલીકા ભવાની નામની દેવીનું મંદીર છે. આ મંદીરનો ઉપલો ભાગ કોઇક ઘૂમટરોકો છે. આ પ્રાંતમાં યવનોનું રાજ્ય થતાં દેવી પાસેના તલાવમાં પડી અદૃષ્ય થઇ એવી દંત કથા છે.

ચૌલમાં ચાલુક્ય, યાદવ, તગર* અને શિલાહાર આ ધરાણાના સિક્કા જડે છે, અને તે શિવાય બીજા રાજાઓનાં પણ નાણાં જડ્યાં છે. આથી ચૌલ ચોકસજ રાજાને તાબે હતું એ કહેવાઇ શકાતું નથી: તોય શિલાહાર વંશના લેખ અને તે રાજ્યનાં નાણા વિશેષ મળે છે, તેથી શિલાહાર વંશે ત્યાં વધારે કાળ રાજય કર્યું હોય.

મી૦ હર્લેને ચૌલમાં એક વડના વૃક્ષ તળે ખોદ કામ કરતાં તેમાંથી 'જૈન લોકોનુ' એક મંદીર જડ્યું હતું. તેમાં જન સાધુઓની મૂર્તીઓ હતી. આ મંદીર પ્રોફેસર વિલ્સનનાં જણાવવા મુજબ રજપુતાનાનાં જૈન કારીગરોએ બાંધ્યું હતું. ઈ૦ સ૦ ૧૩ મી સદીમાં ચૌલમાં યાદવ વંશમાંનો ભિમ રાજા રાજય કર્તો હતો; ત્યારે ચૌલ રેવદંડા (ચંપાવતી અને રેવતીક્ષેત્ર) એ ફરંગી તથા મુસલમાનોને સ્વાધીન થયું હતું. ચૌલમાં હજી પ્રાચીન કાળની જોવા જોગ વસ્તુ અને જાણવાજોગ શોધ થાય તેવાં બાંધકામ છે. હાલમાં આ શેહેરની લોક વસ્તી ૫૩૫૫ની છે; તેમાં ૫૨૮૨ હિંદુ તથા ૩૦ મોહમેદનો છે. ક્ષેત્રફળ ૨૮૭૧ એકર છે.

**ચૌલુક્ય**—'ગુજરાતમાં આ રાજ્ય વંશે ઇ.સ. ૯૬૧થી ૧૨૪૨ સુધી અમલ ભોગવ્યો હતો. દખણના ચાલુકય વંશનાં ચલ્કય, ચાલિકય, ચિરિકમ, ચાલુકય વગેરે પુરાતમ નામ ઉપરથી ચાલુકય એ સંસ્કૃત રૂપ કરવામાં આવ્યું છે. અને તે શબ્દ બનવાનું કારણ એ જણાય છે કે સંધ્યાવંદન કરતી વખતે સૂર્ય ને 'અર્ધ્ય' આપવાના ખોબલા (ચુલુક) માંથી જે વીર ચુલુકય ઉત્પન્ન થયો તેનો વંશ તે ચૌલુકય વંશ. આસંસ્કૃત નામ કવિ ભિલણ (ઈ.સ. ૧૦૫૦) અણહિલવાડના ઇતિહાસ કર્તાએ વાપરેલું છે. પણ ગુજરાતના લોકોમાં તથા ભાટોમાં સાધારણ રીતે વપરાતું નામતો ચૌલુકયથી થએલું અપ ભ્રંશ સોલંકી છે. દખ્ખણ અને ગુજરાતનાં ચાલુકય વંશનું એકજ નામ છે, તે ઉપરથી એમ જણાય છે કે બન્ને ની ઉત્પંતિ એક મૂળમાંથી થએલી હશે. પણ આ વંશની મૂળ રાજ્ય ગાદી ક્યાં હશે અને ક્યાંથી તથા કયે માર્ગે સોલંકી વંશ ગુજરાતમાં અવ્યો તે નક્કી કરવાને પૂરતાં સાધનો નથી. ડૉ૦ બ્યૂલ્હતરનાં મત મુજબ મૂળરાજના વડવાઓ ઉત્તર તરફથી આવ્યા હશે એમ માનવાને કારણ છે. (જુઓ મૂળરાજ) આ રાજ વંશે નિચે મુજબ અમલ કર્યો હતો.

* તગર—એ જુંદું ઘરાણું નથી પણ શિલાહાર ઘરાણાનો તે એક એલકાબ છે. શિલાહારના રાજા પોતાને 'તગર' પુરવરાધીશ્વર કેહતા હતા.—પ્રોફેસર ભાંડારકર.

મૂળરાજ ૧ લો (ઇ. સ. ૯૬૧—૯૯૬)
‖
ચામુંડ (ઈ. સ. ૯૯૭—૧૦૧૦)
‖
વલ્લભરાજ | દુર્લભરાજ (૧૦૧૦—૧૦૨૨) | નાગરાજ
‖
ભીમ ૧ લો (ઈ. સ. ૧૦૨૨—૧૦૬૪)
‖
ક્ષેમરાજ | કર્ણદેવ (૧૦૬૪—૧૦૯૪)
હરીપાળ | સિદ્ધરાજ (૧૦૯૪—૧૧૪૩)
ત્રીભૂવનપાળ
‖
મહિપાળ | કીર્તિપાળ | કુમારપાળ (૧૧૪૩—૧૧૭૪)
જયપાળ (૧૧૭૪—૧૧૭૭)
મૂળરાજ બીજો (૧૧૭૭—૧૧૭૯) | ભિમદેવ (૧૧૭૯—૧૨૪૨)

# છ.

છ—મૂળાક્ષરનો અરાડમો અક્ષર.

છછુંદર—'આ પ્રાણી દુનિયાનાં ઘણાખરા ભાગોમા જણાતું હોવાથી તે દરેકને જાણીતું છે. એની તાળકી લંબાયલી અને અણીદાર હોય છે જેથી તે માથું જમીનમાં ખોસી શકે છે. આગલા પંજાને હાથો કોહાડી જેવું કામ બજાવી શકે છે; પણ તે દેખાતાં નથી. એના પગનાં નખો બહાર નિકળેલાં, લાંબા, ચપટાં ને વાંકા હોય છે. એ જમીન ખોદવામાં માથાનો ઘણો ઉપયોગ કરે છે. એ પોતાનું માથું ગરદન તરફ વળાવી શકે તેવા મ્હોટાં ને મજબૂત સ્નાયુ ધરાવે છે. એની આંખ એટલી બધી રૂવામાં ઢંકાયલી અને નાહની હોય છે કે તે હોયજ નહિ તેમ જણાય છે. તેમજ એના કાન બહાર હોતાં નથી. તેમ છતાં એને જરા સંચારો સંભળાતાં તે તુરત નહાસે છે. કાન નહિ હોવાનું કારણ જમીનમાં ગમે તેમ માથાં વડે દર ખોદવામાં હરકત નહિ થાય એમછે. એના મોઢા તથા પુછડીની ચેતન શક્તિ ઘણી ખીલેલી હોય છે, એના બદનની ચાડી ઘણી ખડતળ હોય છે; બાલ પાસે પાસે ઉગેલા અને ઝીણા રેશમ કરતાં નરમ હોય છે. ચામડીનો રંગ કાળો તેમજ કેટલાક કાથીયલ બદનનાં પણ હોય છે. એની ચામડી મખમલ જેવી હોવાથી તેને મકોડી વલગતી નથી. એના તમામ શરીરની લંબાઇ લગભગ ૪ થી ૫ ઈંચ હોય છે. આ પ્રાણી સૂર્યની રોશની કરતાં અંધારા દરમાં રહેવાનું ઘણું પસંદ કરે છે. આ પ્રાણી સુસ્ત અને બિહીકણ દેખાય છે; છતાં ગરમ થતાં ઘણું ઝનુની બને છે. આ પ્રાણીને પાણીમાં ડુબાડયું હોય તો ભયને લીધે તે પોતાની આંખ ઉઘાડવાની કોશેસ કરેછે, અને ત્યારેજ તેની ઝીણી આંખ જણાય છે. આ પ્રાણી તરવામાં અતી ચપળ છે; તથા એને તરસ પણ ભારે લાગે છે. તેથી તે પોતાના દરમાં પાણીનો જથ્થો મ્હોટો ભરી રાખે છે.

સૂછછુંદરનું શરીર જાડું ને નળીદાર રહે છે, તેના સાંધા ઘણા ટુંકા અને બદનની ચામડીથી ઢંકાયલા છે. સુંઢ કરડવાના દાંતની બહાર નજદીક અર્ધો ઈંચ નીકળી આવેલી હોય છે. આંખો રૂવાંથી ઢંકાયલી અને કદાચજ જણાય છે. એક મનુષ્યનો બાલ જઈ શકે એવું જ્યારે એની ચામડી સુકાયલી હોય છે ત્યારે એની આંખનું છિદ્ર જોવામાં આવે છે. કાન રૂવાંથી ઢંકાઇ ગએલા હોયછે, પુછડી થડમાંથી જાડી અને છેરેથી અણીદાર હોય છે. એ રંગે સફેદ અને ટુકા બાલ વાલું હોય છે. આગલા હાથ નબળા અને પાતળા છે, જે તે રૂવાંથી ઢંકાયલા રહે છે. પાંચ ટુંકાં આંગળાં મ્હોટાં અને સફેદ નખથી જોડાયલા રહે છે. એ ૭ ઈંચ લાંબુ ને પુછડી સાથે ૮॥ ઇંચ લાંબુ હોયછે. આ પ્રાણી કોલંબિયા અને પાસીફિક મહાસાગર આગળ વસે છે. એ ઉપલા સાધારણ છછુંદરને ઘણું મળતું છે.

યૂરપનું છછુંદર મજબુત બાંધાનું હોઇ તે પોતાના રહેવા થકી કિલ્લા જેવું મજબુત મકાન બાંધે છે. એની માદા એકી વેળા ૪ થી ૫ બચ્ચાં જણે છે.

છટાક—૯૧૫ ગ્રેનનો એક છટાક થાય છે.

(૨) આસામમાં સીલહટ જીલ્લામાં આ સૂરમાં નદીને કાંઠેનુ ગામ. અત્રે નદીમાંથી સ્ટીમરો ફરહર કરી શક્તિ હોવાથી આ એક બંદર શેહેર બન્યું છે. બંગાલ ખાતે અત્રેથી ચપેટા, સંત્રા, ચુનખડી, વગેરે રવાના કરવામાં આવે છે, ને તેને બદલે પરદેશથી કાપડકામ, સાકર, ચોખા. હાર્ડવેર વગેરે આવે છે.

છઠ્ઠી—હિંદુઓ બાળક જન્મ થતાં છઠ્ઠા દિવસને છઠ્ઠી કહે છે; અને એ રાત્રે છઠ્ઠી દેવી આવી

તે બાળકનું નસીબ લખી જાય છે. આથી તે રાત્રે બાળકના પાળના પાસે કાગળ, કલમ ને સાહી તથા પૂજાનાં સાહિત્ય મેલે છે.

આ બાળકપર દેવીનો અમલ એ વર્ષ સુધી રહે છે. આ દેવીનો પ્રસાદ તરીકે હિંગનું પાણી માથે ચોપડવામાં આવે છે. આ દેવીની પૂજા એનું જ્યાં થાણું હોય ત્યાં કરવામાં આવેછે, પણ જ્યાં એનું સ્થાનક હોતું નથી ત્યાં પથ્થર ગોઠવી સિંદુર ચોડી પૂજા કરે છે.

**છબી પાડવાની વિદ્યા**—(જુઓ ફોટોગ્રાફી)

**છતનામ**—બંગાલમાં રંગપૂર જીલ્લાનું ગામ. લોક વસ્તી ૯૫૦૧ ની. તેમાં ૭૪૫૮ મોહમેદનો તથા ૨૦૪૩ હિંદુઓ છે. શેહેર ૯૮૧૬ એકર ઉપર છે.

**છતરપુર**—હિંદમાંનુ આ એક દેશી રાજ્યની ઉત્તરે હમીરપૂર, પૂર્વે અજેગઢ સંસ્થાન, દક્ષિણે ઉરચા અથવા તેહેરીનો મુલક અને પશ્ચિમે બેતવા નદી છે. એનું ક્ષેત્રફળ ૧૧૯૬ ચોરસ મેલ છે. ઉપજ ૨૫,૦૦૦ પૌંડની છે. ૧૮૮૧ માં વસ્તી ૧૬૪૩૭૬ ની, ૧૮૯૧ માં ૧૭૦૦૦૦ ની હતી. તેમાં ૧૫૮૧૦૮ હિંદુ તથા ૫૫૧૦ મોહમેદનો હતા. તેમાં ૩૧૫ ગામો છે. વસ્તીનું પ્રમાણ દર ચોરસ મેલે ૧૪૩.૪૧ માનસોનું છે. દેશનો મુખ્ય ભાગ સપાટ અને ફળદ્રુપ છે. માત્ર અગ્નિ ખુણે પાહાડો છે. મુખ્ય નદી કોણ નૈઋત્યે છે, મુખ્ય પેદાશ ઘઉં બાજરી, તેલીબી, ગુળી વગેરેની છે. મુખ્ય ભાષા બુંદેલખંડી છે. રાજ્યને તાબે ૬૨ સ્વાર ને ૧૧૭૨ પ્યાદલ, ૩૫ તોપ અને ૩૮ ગોલંદજો છે. છતરપૂરના રાજ્ય કર્તા પૂવાર જાતના રજપૂત છે. હાલના રાજકર્તા બિસનાથસિંહ છે. બ્રિટીશ છાવણીમાં રાજાને ૧૧ તોપોનું માન મળેછે. છતરપુર રાજ્યની રાજધાનીનું કિલ્લાવાલું શેહેર છે. આ શેહેર મણીપુર રેલવે સ્ટેશનથી ૪૦ મેલ દુર છે.

**છતરપૂર**—ઉપલાનું મુખ્ય ગામ, બંદાની દક્ષિણ પશ્ચિમે ૭૦ ને સાગરની ઉત્તર પૂર્વે ૧૦૦ મેલ ઉપર છે. લોક વસ્તી ૧૩૪૭૪ની, તેમાં ૧૧૧૫૪ હિંદુ તથા ૧૯૬૬ મોહમેદનોની છે. અત્રે કાગળ તથા લોઢાનાં કારખાનાં છે.

**છત્તિસગઢ**—૩૬ ગઢવાલો જીલ્લો. મધ્ય પ્રાંતનો આ દક્ષિણ પૂર્વે ભાગ. ક્ષેત્રફળ ૩૯૭૬૧ ચોરસ મેલછે. લોક વસ્તી ૪૬૧૨૭૦૫ ની છે. બ્રિટીસ જીલ્લાનું ક્ષેત્રફળ ૨૪૨૦૪ ચોરસ મેલ છે. તેમાં ગામો ૧૧૭૨૪ છે ને વસ્તી ૩૧૧૫૯૯૭ નીછે. તેમાં ૧૫૪૬૮૩૭ પુરૂષો તથા ૧૫૬૯૧૬૦ સ્ત્રીઓ હતી. દર ચોરસ મેલે વસ્તીનું પ્રમાણ ૧૨૮૭નું આવેછે.

**છત્રી**—સૂર્યનાં તાપથી તથા વસાદથી અંગનું રક્ષણ કરવા અસલ વખતથી છત્રી વપરાતી આવી છે. પણ પ્રાચીન ઇજીપ્ત, નીનીવેહ અને પારસી પોલીસનાં કોતરકામો ઉપરથી જણાય છે કે પ્રાચીન રાજાઓ પોતાની મ્હોટાઈની નિશાની તરીકે છત્રી માથાપર ઓઢતા હતા. તેમજ ચીન, બરમા વગેરે દેશમાં છત્રી એક મ્હોટાઇની નિશાની ગણાતી આવી છે.

ઇરાનમાં પારસી પોલીસના મેહેલની નકસી ઉપરથા માલમ પડે છે કે ઉગમણુ તરફના દેશોના પાદશાહો પણ કદીમ વખતથી છત્રીઓ વાપરતા હતા. નીબર નામનો નામીચો તવારીખ નવેશ અરબસ્તાનની પોતાની મુસાફરીના ગ્રંથમાં લખે છે કે "તે દેશના એક મ્હોટા પાદશાહાને એક મસીદમાંથી પાછો ફરતાં જોયો ત્યારે સેંકડો સીપાઇઓ તેની આગળ ચાલતા હતા, અને તેના તથા તેના મ્હોટા કુટુંબના દરેક શાહજાદાના હાથમાં એકેક મ્હોટી છત્રી હતી." આ ઉપરથી જણાય છે કે તે વખતમાં છત્રી ઘણી કિમતી તથા નવાઇની ચીજ ગણાતી હતી.

ઇરાનમાં સેકંદરના સમયમાં બંધાયલું પારસી પોલીસ ખાતે એક કોતરકામ હજી કાયમ છે, જેમાં એક શેહેનશાહ સાથે બે મનુષ્યો પાડેલાં છે, જેમાંનો એક શેહેનશાહને છત્રી ઓઢાડે છે. ઇજીપ્તમાં પણ કેટલાક અસલી કોતરકામો હજી સુધી નજરે પડે છે, જેમાં શેહેનશાહો સરઘસના આકારમાં જાય છે અને તેઓના માથાપર છત્રી ઓઢાડેલી જણાય છે.

મોરક્કોમાં છત્રીનો દરજ્જો ભારે છે. ત્યાં રાજા, રાજાના કુંવર અને ભાઇઓ શિવાય કોઇને પણ છત્રી વાપરવાનો હકક નથી. તૂર્કસ્તાનનો સુલતાન પણ કિમતી છત્રી તળે બીરાજે છે.

ગ્રીક અને રોમન લોકોમાં બાનુઓજ છત્રીનો ઉપયોગ કરતી હતી; અને જે કોઇ મરદો તેમ કરતા તો તેમને બાયલા તરીકે ગણતા. મરણ વખતની ક્રિયા વેળા ગ્રીકલોકો સૂર્યના તડકામાં બંચાવ અર્થે છત્રીનો ઉપયોગ કરતા હતા, અને રોમન લડાઇ સમયે તેને ઉપયોગમાં લેતા હતા.

સત્તરમી સદી આગમજ ઈટલીમાં છત્રી ઓઢવાનો રેવાજ ચાલુ હતો પણ ઇંગલંડમાં છત્રી છેક ૧૭મી સદી પછીજ જાણીતી થઇ. રાણી એનના અમલમાં તડકા તથા વસાદથી બચાવ ખાતર છત્રી થોડી વપરાસમાં આવી હતી.

સુધરેલા યૂરપમાં છત્રી ઇ. સ. ૧૭૮૦માં જાનહે નામે મુસાફરે પ્રથમ જાણીતી કરી હતી, પણ તેને છત્રીનો ઉપયોગ દાખલ કરતાં કેવો આવકાર મલ્યો તેને લગતી નીચલી હકીકત મળે છે, "જોનહેનો પિતા હેમ્પશાયર પ્રગણાનાં પોર્ટસમાઉથ બંદરની ગોદીમાં કોઠારીનું કામ બજાવતો હતો. પોતાનાં મા બાપનાં મરણ પછી (જોનસહેનવે) પોર્ટુગલ દેશના રાજધાની લીસબન શેહેરમાં એક વેપારીને ત્યાં કામ શિખવા ગયો હતો. કામ શિખવાની મુદત વિતા પછી તે રૂશિયાના પાયતખત સેંટપીટર્સબર્ગ ખાતે જઇ ત્યાંની એક વેપારી પેહેડી સાથે જોડાયો હતો, અને તે પછી વેપાર આગળ વધારવાના ઇરાદાથી તે ઇરાન ગયો હતો. જ્યાંથી સારી કમાણી કરી તે ઇંગલંડ ફર્યો, તે વેળા ત્યાંથી લાવેલી નવાઈની ચીજોમાં તેની પાસે એક છત્રી હતી. જ્યારે તે પેહેલ વેહેલો છત્રી ઓઢી લંડનનાં મોહલ્લામાંથી ફરવા લાગો ત્યારે લોકો અજાયબીથી તેને ટીકતા, તથા છોકરાઓ તેને ખીજવવા લાગા. પણ તે પછી તેજ દેશનાં લોકોએ વસાદ તથા તડકાથી અંગ ઢાંકવા માટે એનો બોહોળો ઉપયોગ કરવા માંડયો હતો.

ફ્રાન્સમાં સત્તરમી સદીમાં માત્ર ફ્રેન્ચ રાજાની દરબારની બાનુઓજ છત્રીનો ઉપયોગ કરતી હતી.

તુર્કસ્તાનમાં છત્રી ઓઢવાનો હક્ક બાદશાહી કુટુંબ ધરાવેછે, અને બાદશાહી મહેલોની પડોશમાં જો કોઇ છત્રી ઓઢવાની હિમ્મત કરેછે તો સુલતાનને તેથી અપમાન કરેલું ગણાય છે. તોપણ કૉન્સતન્તીનોપલમાં છત્રીનો ઉપયોગ સાધારણ છે. અને સુલતાન તે વિશે કાંઈ પણ નહિ ભણવાનું ડોળ ઘાલેછે. આથી સુલતાનની નજર સામેથી કોઈને પણ છત્રી ઓઢીને પસાર થવા દેવામાં આવતો નથી. ઈંગલંડની રાજ્ય ગાદીપર રાજ્ય રૂઢ તથા રાજ્ય ભિષેકની જે ક્રીયાઓ કરવામાં આવે છે તેમાં પણ એક સોનેરી છત્રી તળે જે ક્રિયા કરવામાં આવેછે તે મ્હોટાઇની નિશાની બતલાવે છે. તે ક્રિયા એવા પાંચ ઉમરાવો ચોકસ વખત સૂધી રાજાને માથે છત્ર ધરી ઉભા રહે છે. એજ ઉમરાવો રાણીને માથે પણ છત્ર ધરી રાખે છે. આ છત્ર કસબી કાપડનું બનાવેલું હોઇ તેને ટેકાવી રાખવા માટે રૂપાનાં ૪ પાટીયાં હોય છે, જેને દરેક ખુણે અકેકી રૂપેરી ઘાંટરડી લટકાવવામાં આવે છે.

નામદાર એડવર્ડ ૭ મો ૧૮૭૨માં જ્યારે હિંદમાં આવ્યો હતો, ત્યારે તેની શેહેનશાહી ઓલાદ બતાવવા માટે, તેના માથાપર એક સોનેરી છત્ર પકડી રાખવામાં આવ્યું હતું. પણ વિદા થતી પ્રસંગે યાદગારીની નિશાની તરીકે ઘણા દેશી રાજા તથા વેપારીઓએ તે નામદારને છત્રીઓની ભેટ કરી હતી. ઈંદોર તરફના એક ગ્રહસ્થે ભેટ આપેલી છત્રી

ગાજર ગોટાના આકારની હતી. લખનોની રાણીએ તે નામદારને ભેટ કરેલી છત્રી બલુસાટીનની હતી, અને તે ઉપર સોનેરી જરીનું ભરતકામ કરવા ઉપરાંત મોતીઓનું એક પડ જડી લેવામાં આવ્યું હતું. બીજી છત્રીઓ ગીલીટ વાળા કાગળ તથા ખુબસુરત પક્ષીઓનાં પિછાંની બનાવેલી હતી, અને તેમનાં હાથા સુનાનાં હતા.

આલપાકાની છત્રી બનાવવાનું પ્રથમ પેટંટ ઇંગલંડમાં મી૦ સોગસ્તરે ૧૮૪૮માં લીધું હતું. બરમીંગહેમમાં અતી ઉત્તમ છત્રી બને છે. ત્યાં હાલમાં રેસમ અને આલપાકા સાથે વોટર પ્રૂફ છત્રી પારદશક કાચ જેવી બનાવે છે. આવી જાતની છત્રીથી તોફાનમાં તે વાપરનારને દેવાલ યા થાંભલા સાથે યા બીજી ચીજ સાથે અથડતાં અટકાવી શકે છે

હાલમાં જેપાનમાં છત્રીનો ઉદ્યોગ બોહોળો ફેલાયો છે, અને તે તરફથી હિંદુસ્તાનમાં આવતી છત્રી ઘણી શોભાયમાન અને બેહદ સસ્તે ભાવે વેચાતી મળે છે, પણ તે તકલીદી કારીગરીની હોવાથી હજી દેશમાં બનતી છત્રીઓ ઉત્તમ ગણાય છે.

**છંદશાસ્ત્ર**—પાંચ છ પાનાનાં આ એક નાહના પુસ્તકમે 'દશગ્રંથમાં ગણેલું છે. અને તે વૈદિક કાળનાં લોકો જાણતા હતા, પણ તે પછી છંદ શાસ્ત્ર પર હજારો ગ્રંથ રચાઇ તેમાં ભારે વધારો થયો છે. કાવ્ય દર્પણ, અલંકાર, રસગ્રંથ એ સર્વે કવિતાનાં પ્રકરણ ઉપર હોઇ તેમાં અનુષ્ટપ, જયંતિ, ત્રિષ્ટુપ, ગાયત્રી ઇત્યાદી છંદને અક્ષરો તથા માત્રા કેટલી હોવી જોઈએ તેનુ નિરૂપણ કર્યું છે. નિબંધ કારો તેને છંદ શાસ્ત્ર અથવા પિંગળ શાસ્ત્ર કહે છે. વેદમાં છંદ અસખ્ય છે. ઋગવેદને તો 'બહુ ઋચ' કહે છે; તેનું કારણ તેમાં ઋચા વિના મંત્ર નથી પણ ઋષિઓએ તર્હેવાર છંદોમાં ઇશ્વરની સ્તુતિ કરી છે. (જુઓ પિંગળ શાસ્ત્ર.)

**છલાલા**—કાઠીયાવાડમાં ભોઇકા થાણાના તાબાનો તાલુકો. ભોઇકાથી નૈઋત્યે ૮ મૈલપર છે. પાસેનું રેલ્વે સ્ટેશન રાણપુરનું ૬ મૈલ દક્ષિણમાં છે. તાલુકદાર ઝાલા રજપુતો લીમડીના ભાયાત પણ જૂદી ખંડણી આપે છે, લોક વસ્તી ૮૫૦ ની છે.

**છાછરૂલી**—એજ નામના તેહેસીલદારીનું મુખ્ય ગામ, 'કલાસીય' રાજ્યમાંનું શેહેર છે, વસ્તી ૫૩૮૯ ની તેમાં ૩૪૪૭ હિંદુ તથા ૧૬૯૯ મોહમેદનો અને ૨૦૮ શીખ ને ૩૫ જૈનો છે.

**છાટેડુંગ**—યુરીટૅલૉયરનાં ફ્રેન્ચ વિભાગમાંનું આ નાહનું ગામ પેરિસની દક્ષિણ પશ્ચિમે ૮૩ મૈલ ઉપર છે. ૧૭૨૩ ની આગથી આ ગામ નાશ પામ્યું હતું. લોક વસ્તી ૬૫૭૬ ની છે.

**છાપાકળા**—આજે દુનિયામાં છાપાકળાને પ્રતાપે મહાન ફેરફાર અને સુધારો વધારો થયોછે, તથા મનુષ્યોનાં જ્ઞાનમાં બોહોળો ફેરફાર તથા વધારો આજ કળા બળે છપાયલા ગ્રંથદ્વારે થતો જાયછે.

છાપાકળાની ઉત્પતિનો ચોકસ સને નથી. આ હુન્નર અતી પ્રાચીન કાળમાં બાબિલોન તથા એસિરીયાના શેહેનશાહતમાં જાણીતો હતો. તે વખતની મળી આવેલી ઇંટો ઉપર જે ચિત્રો તથા લેખો કોતરેલાંછે તે સર્વે અકેક દીબું તેનીપર છાપેલાં હોય તેમ જણાયછે.

એ કળાનો ઇતિહાસ

છાપાકળાની ઉત્પતિ લાકડાં ઉપર કોતરીને છાપવા ( ઉડ એનગ્રેવિંગ ) ના હુન્નરની ઉત્પતિ સાથે થઇ હતી. લાકડાં ઉપર કોત્રેલાં બિબાંથી છાપેલાં સસ્તા ચિત્રો ૧૫ મી સદીમાં જર્મની તથા ઇટલી દેશ મધ્યે વેચાતા હતા. રોમન લોકોએ બનાવેલા ધાતુનાં છાપ કે જેનીપર પુશકળ અક્ષરો કોતરેલાં હોઇ, તેવડે તેઓ જૂદી જૂદી ચીજોપર છાપમારતા હતા, તે બીબાં હાલમાં પણ સંગ્રહસ્થાનોમાં મેળેલા જોવામાં આવેછે. વરજીલ નામનો પ્રસિદ્ધ ઇટાલ્યન કવિ, ઢોરો



ઉપર નિશાન કરવા માટે તે વખતે વપરાતા છાપ માટે લખી ગયો છે.

ચીનમાં ઇ. સ. પૂર્વે ૫૦ વર્ષ આગમજ બિબાં વડે છાપવાનો હુન્નર ચાલુ હતો એમ ડયૂહેડ નામે મિશનરી જણાવેછે, અને આ ચીન દેશમાં બિબાં વડે છાપી પ્રગટ કરવામાં આવેલું પ્રથમ પેકીન ગેઝેટ ઇ. સ. ૯૧૧ માં શરૂ થયું હતું. આ મુજબ જોતાં ચીન દેશમાં ઘણી સદીઓ આગમજ છાપાકળાનો હુન્નર શરૂઆતની સ્થિતિમાં ખીલવા માંડયો હશે એ જણાઇ આવે છે.

યૂરપમાં આ હુન્નર પ્રથમ વેનીસમાં જાણીતો થયો હતો અને ત્યાં ચીનના વેપારીઓએ દાખલ કર્યો હતો.

પ્રાચીન બાબિલોનીયન, યૂનાની અને રોમન પ્રજા જોકે બિબાં બનાવવાનો હુન્નર જાણતી હતી પણ તે વેળા કાગજ સસ્તાં નહિ મળી શકતા હોવાથી તેઓએ આ હુન્નરને ખીલવવાની કદી કોશેસ કરી ન હોતી.

છાપવાના હુન્નરની શોધ થતાં તેનો ઉપયોગ ચિત્રકળા તરફ કરવા પેહેલાં ૬ઠા ચાર્લસની મોજથકી રમવાના પાનાં બનાવવામાં આવ્યા હતા. તે પછી મનુષ્યોનાં ચિત્રોને બિબાં ઉપર કોતરી છાપવાની શરૂઆત થઇ. આવી જાતનું એક દીબું આગ્સબર્ગ ખાતેથી મળી આવ્યું હતું, તેનીપર ઇ. સ. ૧૪૨૩ નો સને લખેલો હતો. આ દીબું અર્લ સ્પેનસર નામે ઉમરાવ હસ્તક છે.

૧૫મી સદીમાં હાલનાં ટાઇપ જેવાં બિબાં બનાવવામાં આવ્યા નહોતા. તે વેળા લાકડાનાં એકજ મ્હોટા પાટીયાં ઉપર સર્વે અક્ષરો, લીટીની લીટીઓ કોતરીને તેનીપર સહી ચોપડી તે છાપતા હતા. તે વખતનું છાપવાનું અગવડ ભર્યું હતુ. પ્રથમ એક આખો સફો ચિતારો ચિતારતો ને પછી તેને કોતરવા માટે લાકડાપર ચોંહટાડતા, આથી તે લખાણ યા ચિતાર લાકડાંપર ચોંહટતા તેના વલણ મુજબ લાકડું કોતરતા. આવી રીતે એકક સફાનાં આખા દીબાંથી છાપેલી ચોપડીમાં ચોકસ "બાઇબલીયા પાપરઊ" (ગરીબ માનસોનું ધર્મ પુસ્તક) નામની ચોપડીનો બોહોળો ફેલાવો કર્યો હતો. આ અસલ ચોપડીની એક પ્રત ૧૯મી સદીમાં રૂ ૨૫૦૦ એ તથા બીજી રૂ ૫૦૦ એ વેચાઈ હતી. આ ચોપડીમાંનાં બિબાં જૂદા જૂદા કોતરેલાં હોવાથી તે એક સરખા કોતરત્તા નહોતાં, અને તેથી એકજ પાનામાં તર્હેવાર અક્ષરો જણાતાં. આ ચોપડીઓ જાણે હાથ દસ્તકથી લખેલી હોય તેવી જણાય છે. આ બિબાંથી પાનાં છાપ્યા પછી તે બીજી તરફ ફુટી નિકળતા હોવાથી છાપેલા અકેક પાનાને એક પાછળ એક ફુટી નિકળેલી બાજુથી ચોંહટાડી પુસ્તક બાંધતા હતા.

ઈંગલંડનો રાજા ૫ મો હેન્રિ જે ૧૪૨૨માં મરણ પામ્યો તેણે આવા બિબાંથી છાપેલા ૩ પુસ્કો મેળવવા માટે પોતાનો ભારે લાગ વગ વાપરી તે મેળવ્યા; ત્યારે તેને જાણે ૩ નવા દેશ જીત્યો હોય એટલી ખુશહાલી ઉત્પન્ન થઇ હતી. પણ જ્યારે તે મરણ પામ્યો તે વેળા તેની અંગત દોલત નહિ લુટાતાં આ ત્રણે પુસ્તકોજ માત્ર ઉઠાવી જવામાં આવ્યા હતા. આથી રાજાને જેઓએ ૩ પુસ્તકો ઉછીના આપ્યા હતા તેઓએ પોતાની તમામ દોલત ખોઇ હોય તેવા દલગીર થયા હતા. ફ્રાન્સ દેશનાં અગીઆરમાં લુઇ રાજાએ એક ચોપડી ઉછીની મેળવવા પોતાના સુના રૂપાનાં ભારે કિંમતનાં વાસણો જામીનગીરીમાં આપ્યાં હતાં, અને તે ઉપરાંત એક મ્હોટા દોલતમંદ ઉમરાવની જામીનગીરી સાથનું લખત, તે ચોપડી સહીસલામત પાછી પોંહચાડવા માટે કરી આપ્યું હતું.

છાપા કળાની શોધનાં માન માટે યૂરપનાં ઘણાં શેહેરો દાવો કરે છે. જર્મનીનું હાર્લેમ તથા ફ્રાન્સનું મેંઝ શેહેર આગેવાન છે. હારલેમમાં લારેન્ટીનસ કસ્ટર નામે શોધકનું માન ખાટે છે. મેંઝમાં જાનફાઉસ્ટ અને તેના જમાઇ 'પીટરસાફર' એ શોધનો દાવો કરી

ગયા છે. આવા છુટાં બિબાંઓને ગોઠવીને પેહેલાએ ૧૪૪૦માં તથા બીજાએ ૧૪૫૦માં પુસ્તકો છાપ્યાં હતાં એવો તે દેશો દાવો કરે છે. આ બંન્ને ગ્રંથો ધર્મ સંબંધી હતાં. જેમાંનુ છેલ્લું 'મેંત્ઝ બાઈબલ' હતું.

આ બિબાં બનાવવાની શોધ એવી રીતે થઇ કે એક દિવસે લૉરેન્ટીનસ હારલેમ નામના જંગલમાં ભટકતો ફરતો હતો, તે વેળા તે પરવારતો હોવાથી એક ઝાડ તળે બેસીને તેની છાલને પોતાપાસની નાહની ચાકુથી થોડાક અક્ષરનાં આકારમાં કોતરી કાહડી. આ પ્રથમ કામ એક પરવારતાનું બચ્ચાંની રમત જેવું હતું, પણ તે ચીજમાંથી છાપાના ઉદ્યોગનો પાયો નખાયો હતો. આ કોતરેલા અક્ષર ઉપરથી તેને વિચાર આવ્યો કે જો કાંઇ રંગ અથવા સાહિ ચોપડીને કાગળ ઉપર દાબ્યે તો તેવાજ અક્ષર તેના ઉપર પડે, અને એ રીતે એક કરતાં વધારે કાગળો ઉપર આવાં અક્ષર પાડી શકાય. આ વિચાર મનમાં આવતાંજ લૉરેન્ટીનસે તે શોધ ખીલવવા માંડી, તે વેળા હાથનાં લખેલા પુસ્તકોની ભારે અછત હતી અને તે મળતાં તો એવી મ્હોટી કિંમત આપવી પડતી કે તે રાજા શિવાય બીજો કોઇ ખરીદી શકતો નહિ. આ સ્થિતિને ધ્યાનમાં લઇને લૉરેન્ટીનસે કમાવાની મ્હોટી ઉમેદથી પ્રથમ છાલનાંજ બિબાં વડે છાપવાની કોશેસ કરવા માંડી; પણ તેમાં મદદનીસની જરૂર હોવાથી તેણે 'ફૅાસ્ટસ' નામના એક પોતાના વિશ્વાસુ શખસને તેનો ભેદ ઉંઘાડો નહિ કરવાના સખત સોગંદ આપી પોતાનો મદદનીશ કર્યો; પણ તે બેઇમાન નિવડયો. તેણે આ શોધથી દોલતમંદ થવાના અભખરાથી લૉરેન્ટીનસનો છાપાકળાનો સર્વ સામાન એક દિવસ ઉઠાવી જઇ રાહિન નદી ઉપરનાં મેંત્ઝ શેહેરમાં જઇ ત્યાં પોતાનું કામ છુપી રીતે ચલાવવા માંડ્યું, ને લૉરેન્ટીનસ ગરીબઇને લીધે આગળ પગલાં નહિ ભરતાં પોતાની શોધનો બદલો મેળવ્યા વિના મરણ પામ્યો.

પણ જૂદા જૂદા હરફનાં અકેક બિબાં બનાવવાની શોધનું માન 'જૉનગટૅનબર્ગ' નામના એક જર્મનને આપવામાં આવેછે, જેણે ૧૪૩૮ માં છાપાખાનાઓમાં એક મ્હોટો સુધારો દાખલ કર્યો. એનો જન્મ મેંત્ઝમાંજ થયો હતો. તે આગમજ ચિત્રોનાં લાકડાનાં સંચા અને તમામ કોરેલા ઠસા પ્રચારમાં હતા, પણ જૂદા જૂદા અક્ષરોના ટાઇપ બનાવી તે વડે છાપવાની યૂક્તિ જાણીતી નહોતી. આગળ અક્ષરોનાં કોતરેલા સંચા બનાવેલા હતા, તેનીપર કાગળ પાંથરી દાબતા, આથી અક્ષરની, આસપાસની લીટીઓ છપાતી અને પછી તે લીટીની વચ્ચે સાહી પુરવી પડતી, (લૉરેન્ટીનસ તથા ફૅાસ્ટરની રીતે), જૉનગટેનબર્ગને જૂદા જૂદા મૂળાક્ષરનાં છાપ બનાવવાની યૂક્તિ સુઝી; પણ તે ઘણો ગરીબ હોવાથી ૧૪૩૫ માં તેણે ૩ જર્મનો સાથે ભાગ કીધો તે એવી બોલીથી કે છાપવાના હૂન્નરની એક છુપી કળા જાહેર કરી તેઓને તદન શ્રીમંત બનાવી દેવા. આથી ભાગલાગનાં લખત કરી કામ આરંભ્યું, ને છાપાખાનું એક ભાગીદારનાં મકાનમાં કાઢ્યું, પણ તેટલાં છાપાખાનાવાલા મકાનવાળો ભાગીયો મરણ પામતાં તેના ભાઇએ ભાગનો દાવો કર્યો, તેથી આ કજીયો ૧૪૩૯માં કોર્ટે ચઢયો. કોર્ટમાં સાક્ષીઓની જબાનીથી પુરવાર થયું કે "હિલતા અને છુટા બિબાંથી પેહેલ વેહેલો છાપનાર ગટેનબર્ગ હતો, અને પોતાના ઉપલા ભાગીયાનાં મરણ સમયે તેણે ફરમાવ્યું હતું કે આ કળા કોઇ જાણી લીયે નહિ તે માટે બિબાંનો નાશ કરવો" આથી કોર્ટે ભાગલાગનું લખત રદ કર્યું.

ઉપલા બનાવ પછી ગટેનબર્ગે મેંત્ઝ જઇ ત્યાં ૧૫ વર્ષની મેહેનત પછી એક ફાઉસ્ટ નામના ઝવેરીની પૈસાની મદદથી ૧૪૫૫ માં મેંત્ઝ બાઇબલ પ્રગટ કર્યું. આ પુસ્તક ૬૩૭ પાનાનું હતું અને તેમાંની કેટલીક નકલો ચામડાંપર છાપેલી હતી, જે નકલો



બર્લિન તથા પારિસના કેતાબખાનામાં છે, તે પછી ગટનબર્ગે ૧૪૫૭ ના સાલનું પંચાંગ પ્રગટ કર્યું, આ રીતે લાંબા વર્ષોની મેહેનત પછી એકુ બે પુસ્તકો પ્રગટ થવાથી ગટેનબર્ગને મ્હોટું કર્જ થયું, તે કર્જ માટે ફાઉસ્ટે ફર્યાદી માંડી છાપાખાનું પચાવ્યું ને ગટેનબર્ગને નિરાધાર કરી મેલ્યો. સેવટે ૧૪૬૫ માં સરકારે તેને પેનશન આપતું કરી કદર બુજી. છતાં તેને લાગેલા ગમથી તે ૧૪૬૮ માં મરણ પામ્યો.

ઉપર જણાવ્યા મુજબ છાપાકળા જાહેર થતાં ૧૪૬૬ માં રોમન અક્ષરનાં 'બિબાં પ્રથમ બનાવવામાં આવ્યા હતા. પેહેલા ગ્રીક અક્ષરનાં બિબાં ૧૪૭૬ માં બન્યા અને તે બનાવવાનું માન વેનીસ, મીલાન તથા ફ્લોરેન્સ એ ત્રણ ઇટાલ્યન શેહેરો દાવો કરે છે. હિબ્રુ અક્ષરનાં પ્રથમ બિબાં ૧૪૮૨ માં બનાવવામાં આવ્યા હતા; જેથી ખ્રિસ્તી ધર્મ પુસ્તકો હિબ્રુ ભાષામાં છપાવા લાગા; જે પેહેલવેહેલાં મિલાનમાં છપાયા હતા. ૧૪૬૭ માં ટુર્સ ખાતે અને ૧૪૬૯ માં પારીસમાં છાપાખાનું નિકળ્યું હતું. રશિયામાં ૧૫૬૦ માં પ્રથમ છાપાખાનું નિકળ્યું હતું. ઇટાલિક અક્ષરો પ્રથમ વેનિશ શેહેરમાં ૧૪૯૬ માં બનાવવામાં આવ્યા હતા. ઈંગલંડમાં ૧૪૭૧ માં વિલ્યમ કેક્સ્ટને વેસ્ટમિન્સટર એબીમાં ૪ થા એડવર્ડનાં અમલમાં કાઢ્યું હતું. સ્કોટલંડમાં ઇ. સ. ૧૫૦૦ માં, આયરલંડમાં ૧૫૫૧ માં અને અમેરિકામાં ૧૬૩૮ માં તથા હિંદુસ્તાનમાં ૧૭૭૭ માં પ્રથમ છાપાખાનું નિંકળ્યું હતું.

છાપાકળાનો હૂન્નર જાહેર થતાં પ્રથમ ધર્મ સંબંધી ગ્રંથોનાં તર્જુમાં થઇ છપાવા માંડયાથી પાદરી લોકોની કેટલીક વેહેમી રીતો જાહેર થતાં લોકોનો તેઓ ઉપરથી વિશવાસ ઉઠતાં પાદરીઓએ તુફાન કરવા માંડયું.

ઇ. સ. ૧૫૨૬ માં 'રીચર્ડ ગ્રાફ્ટ' નામના એક ઈંગ્રેજ લેખકે બાઇબલનો તર્જુમો ઈંગ્રેજીમાં છપાવ્યો; આથી વડા બિશપે હોકમ નામું કાઢયું કે તે કોઇ વાંચે નહિ, અને તે ગ્રંથની તહેંવાર ભૂલો જણાવી લોકોનાં મનમાં વસવસો ઉત્પન્ન કરવાની કોશેસ કર્યા છતાં લોકોપર તેની કશી અસર નહિ થતાં ૧૫૩૫ તથા ૧૫૩૯ માં ફરી ફરી ઈંગ્રેજી ભાષામાં બાઇબલ પ્રગટ થયાં.

ઇ. સ. ૧૬૬૬માં ઈંગલંડમાં મ્હોટી આગ લાગી તેમાં લગભગ ૨૦૦૦૦૦૦ ગ્રંથોનો નાશ થયા છતાં પ્રજાની નાણા સંબંધી મદદ મળવાથી છાપાખાનાઓ ને ઉત્તેજન મળવા માંડયું, અને ઇ૦ સ૦ ૧૬૮૮ માં એ કામ વધી પડતાં; વર્તમાન પત્રો તથા ચોપાન્યાં પ્રગટ થવા માંડયાં; તથા અમેરિકામાં 'એહોનર' શખસે પેહેલું છાપખાનું દાખલ કરી ત્યાં વાંચનનો શોખ ફેલાવા માંડયો.

**હિંદુસ્તાનમાં** પેહેલ વેહેલું છાપાખાનું ઇ. સ. ૧૭૭૭ માં રૂસ્તમજી કેરસાસ્પજી નામના શખસે એક ઈંગ્રેજની મદદથી કાઢી ઈ. સ. ૧૭૮૦ માં પેહેલ વેહેલું ઈંગ્રેજી કેલેંડર પ્રગટ કર્યું હતું. તેમજ કલકત્તામાં પેહલવેહેલ વર્તમાન પત્ર ઇ. સ. ૧૭૮૦ માં ચાલુ કરવામાં આવ્યું હતું. જેમાંથી Hickey's Calcutta journal નામનું એક ઈંગ્રેજી પત્ર પ્રગટ થવા માંડયું હતું. મુબઇમાં પ્રથમ વર્તમાન પત્ર ઇ. સ. ૧૭૮૯ માં 'ધી બોમ્બે હેરલ્ડ' ને નામે છપાવા માંડયું અને ૧૭૯૦ માં 'બોમ્બે કુરિયર' નામનું પત્ર છપાવા માંડયું હતું.

હિંદમાં ગુજરાતી છાપાની શરૂઆત મરહુમ ફરદુનજી મરઝબાનજી નામના એક સાહસીક શખસે ૧૮૧૨ માં કરી, અને આ વેલા ખાસ બનાવવામાં આવેલા ટાઇપ ફરદુનજી તથા તેમનાં કુટુંબની ઉદ્યોગી બાનુઓની મેહેનતનું પરિણામ હતું. આ છાપાખાનું સ્થાપન થતાં તેમાંથી પ્રથમ ખોરદેહ અવસ્તા જીજીભાઇ છાપગરે પ્રગટ કરી, તથા ૧૮૧૪ માં પેહેલ વેહેલું પંચાંગ પ્રગટ થયું, જે હજી ચાલુ નિકળે છે.

તથા એજ સહાસીક નરે ૧૮૨૨માં મુંબાઇ **સમાચાર** પત્ર પ્રગટ કરવા માડયું હતું. જે આજે મ્હોટા ફેરફાર સાથે વગદાર વર્તમાન પત્ર ગણાય છે.

**બિબાની શોધ.** આગળ જણાવ્યા મુજબ ગટમબર્ગને ખરતો કરી ફાઉસ્ટે શોફર નામના કારીગરને છુટા હરફો કોતરી છાપવાનો હુન્નર બતાવી પોતાનો ભાગ્યો કીધો. શોફરસ ઘણો ચંચળ અને કળાબાજ હોવાથી તેણે જોયું કે અકેક બિબું કોતરી તેનો જથ્થો બનાવી પછી છાપતાં કોઇ દિવસ જલ્દી કામ થઈ લાભ થાય એમ નહોતું, તેથી તેણે એક નવી શોધ છાપાને મોલ્ડમાં (સાચામાં) ઓતવાની કીધી. મોલ્ડની, અંદર અક્ષરનો આકાર ઉતારવો અને પછી તેની ઉપર તાવેલી ધાતુ રેડવી, જેથી તે ધાતુ બંધાતાં બિબું બને. આ શોધથી છાપાખાનામાં મ્હોટો સુધારો વધારો થઇ એકાએક ફેરફાર થયો, અને તેજ રૂઢીથી આજે પણ બિબાં બનાવવામાં આવે છે. શોફરસે જર્મન મૂળાક્ષરોનાં બધાં બિબાં બનાવવાથી તેનો વડો ભાગ્યો ફાઉસ્ટ એટલો ખુશી થયો કે તેણે શોફરસને પોતાનો જમાઇ બનાવ્યો. પ્રથમ આ શોધ છુપી રાખી પણ ૧૪૬૨ માં તેમનાંજ કામદારોએ વિખરાઇ તે શોધ જાહેર કરી.

## ‘ મેટરિકસ.’

મૂળાક્ષરનાં બારાખડીનાં વગેરે સર્વ બિબાંને મોલ્ડમાં ઓતીનેજ બનાવવામાં આવે છે; તોય દરેક જાતનાં મૂળાક્ષર યા કાના માત્રાને એક વેળા હાથે કોતરવો પડે છે. હાથે કોતર્યા પછી તે મુજબના અસંખ્ય બિબાં ઓતીને બનાવી શકાય છે. આ હાથે કેતરેલા બિબાંને ઇંગ્રેજીમાં ‘પંચ’ અને ગુજરાતીમાં ‘ખીલો’ કહેછે. તે સાધારણ ખિલાના જેવો લાંબો, એક છેડેથી જાડો, બીજે છેડેથી પાતળો હોયછે. તે પોલાદનો બનાવલો હોય છે, તેના પતલા છેડા તરફ હરફને કોતરે છે. કોતરતી વેળા ધાતુને નરમ કરે છે. ને કોતરાઇ રેહેતાં તેને પાછી સખત બનાવી શકાય છે. પ્રથમ ૧ા ઈંચ લાંબો ને $\frac{1}{8}$ ઇંચ જાડા તથા છાપાની કદ મુજબની પોહળાઇનાં એક ત્રાંબાના કકડા ઉપર એક છેડે ખીલાને ઠોકે છે, જેથી ખીલા પ્રમાણે ડીબાંનો ખાડો તે ત્રાંબામાં પડેછે, અને તે ખાડાની અંદર ખીલા ઉપરનો છાપ કોતરાઈ રહે છે. ખીલા ઉપર કોતરેલો અક્ષર ઉલટો હોય છે; એટલે તે ત્રાંબા ઉપર સિદ્ધો પડેછે.

‘આ ત્રાંબાના કટકાને ઈંગ્રેજીમાં ‘મૅટરિકસ’ કહેછે, ને ગુજરાતીમાં તેને ‘તખતી’ કહેછે. આ તખતીને છાપો ઓતવાનાં ‘મોલ્ડ’માં એવી રીતે ગોઠવેછે કે જ્યારે તાવેલી ધાતુ તેની અંદર રેડવામાં આવે ત્યારે તેનો એક છેડો તે તખતીમાં કોતરેલા ખાડામાં જાય અને તે મુજબનો છાપ તે છેડા ઉપર બંધાય. આ ‘મોલ્ડ’ બાહારથી લાકડાનાં અને માહેથી લોઢાનાં હોયછે, અને તે મુઠીમાં સમાય એટલા નાહના હોયછે. આ મોલ્ડ બે ફાડચાંનો હોયછે.

બિબું ઓતનાર એક ટેબલ તથા એક નાહની ભઠ્ઠી આગળ હાથમાં મોલ્ડ લઇને ઉભો રહેછે, અને કઢાઈમાં સીસું, એન્ટીમનિના ભેળવાલી તાવેલી ધાતુને તે મોલ્ડમાં રેડેછે. કે તે તુરત બંધાઈ જાયછે, અને રેડતાં વારજ મોલ્ડમાં બેઉ ફાડચાં છુડા પાડી તેમાંથી બંધાયલા બિબાંને મોલ્ડ સાથે જોડેલા એક આંકડા વડે બાહેર કાઢે છે. આ બિબાં ઘણી વેળા એક મિનિટમાં ૮ થી ૧૨ બનાવી શકાય છે. મોલ્ડમાંથી કાઢેલા બિબાં આસપાસ લાગેલી ધાતુ કાઢી તેને ગોળ પથ્થરપર ઘસે છે. ને પછી લાકડાની એક પટીપર ગોઠવી રંદા વડે ચપટા કરી તેને ફરી ઘસી સુવાળા બનાવે છે. એક કલાકમાં લગભગ ૪૦૦૦ બિબાં એક માનસ બનાવી શકે છે.

આ બિબું એકજ ઈંચ ઉંચું રહે છે પણ જાડાઇ તેનાં અક્ષર ઉપર આધાર રાખે છે. આ બિંબું ઉભું રહી શકતું નથી તે થકી



તેની તળીએ ખાડો હોયછે; જેની આગલી બાજુએ એક યા વધુ કાપા હોયછે. ફલાનું બિબું ફલાનાં ‘ફાઉંટ’નો છે તે ઓળખાવા માટે આ કાપા હોયછે. અને તે બિબાં સફાઇદાર હોઈ સરખી ઉંચાઇનાં હોયછે.

હાલમાં એકજ મોલ્ડમાં અનેક મેટરિકસો ગોઠવેલી રાખી જેમાંથી જૂદા જૂદા બિબાં એકજ વેળા સામટા બનાવી શકાય છે. આવા મોલ્ડમાં એકજ વેળા ૧૦૦ થી ૧૫૦૦ મૂળા અક્ષરો બનાવી શકાય છે, અને તેથી દર કલાકે બે માણુસ ૩૦ થી ૫૦ હજાર બિંબાં બનાવી શકે છે.

ઈંગ્રેજી, ગુજરાતી છાપાની તખતી ઉપરાંત ચીનાઇ, ફારસી, ઇજીપશિયન, પ્રાચીન એરીયન, હિબ્રુ, પેહેલવી, ખીલારોકી વગેરે દુનિયાંની અસંખ્ય ભાષાની મૅટરિકસો બનાવવામાં આવે છે, અને તેથી દરેક ભાષાના અક્ષરો હવે ટાઇપોથીજ છપાવા માંડયા છે. ઇગલંડમાં પેહેલાં હૉલંડથી મૅટરિકસ બનાવેલી આવતી હતી. પણ ૧૭૨૦ થી મી. કેસલ નામે એક નક્શીકામ કોતરનાર તથા પુસ્તક બાંધનારે નજર દોડાવી કામ માથે ઉઠાવ્યું અને તેમાં એટલી તો ફતેહ મેળવી કે ૧૭૬૦ વેર ઇંગલાંડમાંના પુસ્તકો તેણે બનાવેલી મૅટરિકસ ઉપરથી કાઢેલાં બિબાંથી છપાયા હતા. તેણે ઇંગ્રેજી ઉપરાંત જૂદી જૂદી ભાષાની પણ તખતીઓ કોતરી હતી.

## જૂદા જૂદા ફાઉન્ટ

નાહના મ્હોટા અક્ષરોનાં કદ મુજબ છાપાંના જથ્થા બનાવેલા હોય છે. તે દરેક જથ્થાને ‘ફાઉંટ’ કહે છે. દરેક ફાઉંટમાં જૂદા જૂદા મરોડ નાં અક્ષરનો સરખો જથ્થો હોય છે. અને તેમાં હજારો અક્ષરનાં બિબાં હોય છે.

દરેક ફાઉન્ટમાં સર્વ મૂળાક્ષરો ઉપરાંત ૧ થી ૦ સુધીનાં અંકો, તથા બાકીના પૉઈંટો અથવા ટાંપોના બિબાંથી એક ‘ફાઉંટનો સેટ’ આખો બને છે. પૉઈંટો અથવા ટાંપમાં . ; , ; : ; ' ; — ; - ; ! ' ? ; તથા " ; " ; ( ; ) ; [ , ] ; * ; + ; ‡ ; × ; × ; ÷ ; વગેરે.

દરેકના છુટા બિબાં અકેક ફાઉંટમાં હોય છે. ઇંગ્રેજી ફાઉંટમાં ચાલુ હરફો ઉપરાંત ‘કેપીટલ’ અક્ષરનો પણ એક સેટ હોય છે. ઈંગ્રેજી એકજ ફાઉંટમાં ૧,૦૬,૯૦૦ બિબાં ઉપરાંત બીજા બિબાં હોય છે. અને તે શિવાય કેપીટલ, ઇટૅલીક વગેરેનાં બિબાં મળી ૧,૫૦, ૦૦૦ ‘ ટાઇપ’ હોય છે.

બિબાં દરેક ભાષાના અક્ષરોનાં ખપ મુજબનાં એક ફાઉંટમાં ચોકસ સંખ્યામાં ગોઠવેલાં હોય છે. જેમકે ઈંગ્રેજી ફાઉંટમાં

| | | | | | |
|---|---|---|---|---|---|
| A | ૮૫૦૦ | J | ૪૦૦ | S | ૮૦૦૦ |
| B | ૧૬૦૦ | K | ૮૦૦ | T | ૯૦૦૦ |
| C | ૩૦૦૦ | L | ૪૦૦૦ | U | ૩૪૦૦ |
| D | ૪૪૦૦ | M | ૩૦૦૦ | V | ૧૨૦૦ |
| E | ૧૨૦૦૦ | N | ૮૦૦૦ | W | ૨૦૦૦ |
| F | ૨૫૦૦ | O | ૮૦૦૦ | X | ૪૦૦ |
| G | ૧૭૦૦ | P | ૧૭૦૦ | Y | ૨૦૦૦ |
| H | ૬૪૦૦ | Q | ૫૦૦ | Z | ૨૦૦ |
| I | ૮૦૦૦ | R | ૬૨૦૦ | | |

ગુજરાતી ફાઉન્ટ ઝીણા, જાડા, ટાઇપનો હોય છે, પણ તેમાં જોડાક્ષરો, ૧થી ૦ સુધીનાં અંકો, તથા અજ્જ્ઞૂ, માથે અનુંસ્વાર, માથે મીંડુ (ાં) એવા વધુ અક્ષરો હોવાથી ગુજરાતી ફાઉન્ડ ઇંગ્રેજી કરતાં બમણો મ્હોટો બને છે. ગુજરાતી બિબાં બનાવવાનું પેહેલું માન કેટલાકો જીજીભાઇ બેહેરામજી છાપગરને આપે છે. જેમણે પેહેલાં ગુજરાતી બિબાં કલકત્તેથી બનાવી મંગાવ્યા હતા અને તે બિબાં વડે એમના હાથે ૧૮૦૪માં ખોરદેહ અવસ્તા છપાઇ હતી, તે પછી ફરદુનજી મર્ઝબાને ખાસ મુંબઇમાં પેહેલ વેહેલા બિબાં બનાવ્યાં હતા.

| | | | | |
|---|---|---|---|---|
| અ | ૯૦૦૦ | ાં ૧૦૦૦ | એ ઐ ઓ ઔ. | |
| ઇ | ૩૫૦ | ે | ક | ૫૫૦ |
| ઉ | ૩૫૦ | ૈ | ખ | ૪૦૦ |
| ા | ૩૨૦૦ | ે | ગ | ૩૦૦ |
| ી | ૨૦૦૦ | ૅ | ઘ | ૨૭૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચ | ૩૦૦ | દ | ૪૦૦ | લ | ૬૦૦ |
| છ | ૨૫૦ | ધ | ૨૦૦ | વ | ૬૦૦ |
| જ | ૩૦૦ | ન | ૧૦૦૦ | શ | ૬૦૦ |
| ઝ | ૧૦૦ | પ | ૫૫૦ | ષ | ૩૫ |
| ટ | ૨૭૫ | ફ | ૩૦૦ | સ | ૬૦૦ |
| ઠ | ૨૦૦ | બ | ૩૫૦ | હ | ૪૦૦ |
| ડ | ૨૭૫ | ભ | ૨૦૦ | ળ | ૪૫૦ |
| ઢ | ૧૫૦ | મ | ૮૦૦ | ક્ષ | ૩૫ |
| ણ | ૨૫૦ | ય | ૫૦૦ | જ્ઞ | ૫૦ |
| ત | ૮૦૦ | ર | ૯૦૦ | ઋ | ૩૦૦ |
| થ | ૪૦૦ | | | | |

ઈંગ્રેજીમાં ટાઈપ જૂદા જૂદા પ્રકારનાં આવે છે. તેમાં મુખ્ય ફેરલાઇન, ટુલાઇન, ગ્રેટ-પ્રાઈમર, ટુલાઇન, ઈંગલીશ બ્લેક, ગ્રેટ-પ્રાઈમર બ્લૅક, ઈંગલીશ બ્લેક, પાઇકા બ્લેક, ગ્રેટપ્રાઇમર, ઈંગલીસ, પાઇકા, સ્મૉલપાઇકા, લૉંગ પ્રાઇમર, ડાયમંડ, બ્રિલિઅંટ, પર્લ, રૂબી, નાનપરેલ, બરેવિઅર, મિનિઅન, બરજાઇલ, વગેરે જૂદા જૂદા નામો છાપના કદને આપેલાં છે.

ડબલ પાઇકાની એક ટુક જગ્યામાં જ્યારે ૪૨ લીટી, ત્યારે ડાઇમંડ ટાઇપની ૨૫૦ લીટી સમાય છે. ડાયમંડના એક રતલ ટાઇપમાં ૨૮૦૦ બીબાં હોય છે ત્યારે બ્રિલીઅંટના એક રતલમાં ૫૦૦૦ બિબાં હોય છે. આ ઝીણું બીબાં હાથમાં લઇ જોયા હોય તો તે ટાચણીના માથાં જેવડા દિસે છે. આ બ્રિલીઅંટ ટાઇપ પ્રથમ મીલર અને રીચર્ડ 'બે' બનાવ્યા હતા.

ટાઈપના નામ મુજબ તેના ફાઉન્ટના પણ જૂદા જૂદા નામો હોય છે, તેમજ તેની ઉત્પતિ પણ કોઇના નામ ઉપરથી યા કોઇ બનાવ ઉપરથી હોય છે. સ્મૉલ પાઇકાના બિબાંનું નામ ફ્રાન્સમાં તેના બનાવનારના નામ ઉપરથી પડ્યું હતું. કેટલાક ખ્રિસ્તી ધર્મ ગ્રંથો જે બિબાંથી છપાયા તે ઉપરથી તેનું નામ પડ્યું છે. જેમકે 'પિકા' અથવા 'પીક' નામની રોમન કથોલિકની એક ક્રિયા છાપવા ઉપરથી 'પાઇકા' નામ નિકળયું છે. પ્રાઇમર નામ પરાઇમિરિઅસ નામનો ગ્રંથ છાપવા ઉપરથી નિકળયો હતો. બરેરી-યર, કાનન વગેરે નામોનું મૂળ પણ એજ છે.

ગુજરાતીમાં લગભગ ૧૪ જાતનાં ફાઉન્ટો બનાવી શકાય છે. પણ ઈંગ્રેજી ભાષાનાં મ્હોળા ફેલાવા મુજબ સેંકડો જૂદા જૂદા કદ, મરોડ અને સણગારવાલા અક્ષરનાં બનાવવમાં આવે છે

## બિબાંથી છાપવાની રીત.

બિબાં તૈયાર થતાં તેમને ખાનાદાર કેસો બનાવેલાં હોય છે તેમાં ભરવામાં આવે છે. દરેક અક્ષર માટે અકેક જૂદું ખાતું હોય છે. આ બિબાંની ઉપર નીચે અને હેઠે કેસો ગોઠેવેલાં હોય છે. તેમાં નાહના મ્હોટા બિબાંનો સંગ્રહ રહે છે. બિબાં ગોઠવવા માટે ડાભા હાથમાં 'સ્ટીક' રાખી તેમાં કટકે કટકે 'કંપોઝ' કરવામાં આવે છે, અને તે મુજબ થોડું થોડું ગોઠવેલું લખાણ ચેસપર ગોઠવતાં જઇ 'ગૅલી' બનાવે છે. પછી તેના પેજ પ્રૂફો બાંધવા પેહેલાં તેના ઉપરથી ગૅલી પ્રૂફો કાઢી ભૂલો સુધારવામાં આવે છે; અને પછી પેજ પ્રૂફ બાંધી તેમાં રહેલી ભૂલો સુધારવામાં આવે છે. પેજ પ્રૂફ બાંધવા માટે તેને મ્હોટી ચેસપર મેળી જેટલા પેજી ફૉર્મ, છાપવો હોય તે મુજબ પાનાની 'ગેલીઓ ગોઠવી 'પેજ' બાંધે છે.

૧૬ પેજી ફૉર્મ માટેની ગોઠવણ—

**અંદરનું પડ.**

| | | | |
|---|---|---|---|
| ૭ | ૧૦ | ૧૧ | ૬ |
| ૨ | ૧૫ | ૧૪ | ૩ |

**બાહેરનું પડ.**

| | | | |
|---|---|---|---|
| ૫ | ૧૨ | ૯ | ૮ |
| ૪ | ૧૩ | ૧૬ | ૧ |

જો કોઇ પુસ્તક વારંવાર છાપવાનું હોય તો તેનું ફરી ફરી કંપોઝ કરવાની કડાકુટ મટાડવા ગોઠવેલા કંપોઝ ઉપરથી સ્ટીરિયો ટાઇપીંગ બનાવે છે. એની શોધ ઈ. સ. ૧૭૨૫માં કરવામાં આવી હતી. આ ગોઠવેલા બિબાં ઉપર સુનાર્દું ½ ઈંચ પડ કરી તેને સુકાયા બાદ ઉંચકી લઇ જોતાં તેની ઉપર સ્પષ્ટ અક્ષરોનાં ઠસ્સા વંચાય છે, પછી તેને ભઠીમાં ચોકસ ગર્મી આપી પછી તેને એક 'પેના' રોકા વાસણમાં મેલી તેની ઉપર લોઢા-નુંજ ઢાકણુ હોય છે. અને તેપર એક બે છિદ્ર હોય છે. તેમજ તે વાસણને તળીએ એક સેરવી શકાય તેવી અને ઘણીજ સફાઇદાર પલેટ મેલેલી હોય છે, તેની ઉપર પેલા ઠસ્સાદાર પલાસ્ટર ઉંધો મેલી તેની પર તે ઢાંકણુ મજ-બૂત ઢાંકી તેને સ્ક્રુથી ચપટ કરી તે પેણાને તવાએલી ધાતુની કઢાઇમાં બોળેછે. આ કઢા-ઈમાં શીસૂં, એન્ટીમની, અને બ્લૅકટીન એ ત્રણ ધાતુ હોય છે. પેણો આ ધાતુથી ભરાતાં તેને બાહેર કાઢી તેને થંડો કરે છે, અને પછી તેની ઉપરથી પલાસ્ટર કાઢી લેતાં સીસાંની પલે-ટપર છાપ ઉઠેલો સ્પષ્ટ જણાય છે. આ પલેટ જાડાઇમાં ઘણું કરી એક ઈંચનો ૬ ઠો ભાગ હોય છે. પછી તે પલેટને આસપાસથી સાફ કરવામાં આવે છે. આવી જાતનો સ્ટીરિયો ટાઈપ ગમે તેટલાં બનાવી શકાય છે.

બિબાંને છાપવા માટેનું પેહેલું લાકડાનું યંત્ર ઇ. સ. ૧૫૦૭માં બનાવવામાં આવ્યું હતું. આ લાકડાના 'પ્રેસપર' બિબાં ગોઠવી બિબાં ઉપર કાગળ ગોઠવી લાકડાની પોહોળી પટી ઉપર મેલી તેને સ્ક્રૂથી દાબતા એટલે તે કાગળ છપાતો હતો. આ લાકડાના 'યંત્ર'-માં સુધારો વધારો થતાં ૧૭મી સદીની આખેરીમાં તેમાં સારો સુધારો કરવામાં આવ્યો હતો. ૧૬૮૩માં મેક્સીકન યંત્ર સારા સુધારા સાથે જાહેરમાં મેલાયું હતું; અને તે પ્રેસ અમસ્ટરડમના 'બ્લ્યૂ'નામના શખ્સે પ્રથમ બનાવ્યું હતું. આ પ્રેસ ૧૮મી સદીની આખેરીવેર સુધારા વધારા સાથે વપરાતું હતું.

ત્રીજો અર્લ ઑવ સ્ટાનહોટ જે ચાર્લસ મૅહોનને નામે પ્રસિદ્ધતા પામ્યો હતો, તેણે યંત્રમાં મુખ્ય ત્રણ ફેરફાર કર્યાં હતા. અત્યાર સુધી છાપવાનો સંચો લાકડા-નો બનાવવામાં આવતો, તે તેણે લોહડાનો બનાવ્યો. તેમજ એક તાવનો આખો એક પેજ લાકડાના સંચામાં છપાતો નહોતો પણ આ લોઢાના સંચાને પોહળો બનાવીને તેના બેહદ દબાણુથી તેમાં છાપી શકાતો. અર્લનાં પ્રેસની બનાવટ પછી ગ્રેટબ્રિટન તથા અમેરિકામાં છાપાના યંત્રમાં સુધારો કરવા ઉપર ધ્યાન દોડયું. ૧૮૧૮ માં જ્યૉર્જ કલાઇમન નામના અમેરિકને એક યંત્ર બનાવી તેમાં ડેમી, રૉયલ અને સુપર રૉયલ કદના કાગળો છપાય તેવી યોજના કરી તેનો ફેલાવો કીધો. નાહના કાગળો છાપવાનું હલકું યંત્ર જૉન રૂથવેલે એડીનબરોમાં પ્રથમ બનાવી તેને 'ચેપલ' નું નામ આપ્યું હતું.

લાકડાનાં પ્રેસમાં કલાકનાં ૧૦૦ 'શીટ' બેઉ બાજુએ છપાવવામાં મુશકેલી પડતી, પણ હાથનાં લોઢાના યંત્રથી કલાકના સેંકડો છપાઇ શકવા લાગ્યાં.

**વરાળથી ચાલતો છાપાનો પ્રેસ** પ્રથમ બનાવવાનો ખ્યાલ ૧૭૯૦ના સુમાર-માં 'ફીલૉસોફીકલ જનરલનાં' અધિપતિ મી૦ નીકલસનને આવતાં તેણે આ યંત્રનું પેટંટ મેળવ્યું હતું, પણ તેની આ કળા વિશે તે વેળા શક લઈ જવામાં આવ્યો હતો; અને તેને કોઇ પ્રેસવાલાઓએ મદદ નહિ આપવાથી તેની શોધ આગળ વધી નહિ.

પણ તે પછી આવું યંત્ર બનાવવાની કોશેસ કરી ફ્રેડરિક કોનિંગે ઇ. સ. ૧૮૦૬ માં કરી લંડન આવી પોતાની શોધ જાહેરમાં મેળી, પણ તેમાં ખામી હોવાથી તેપર કોઇએ ઝાઝું લક્ષ આપ્યું નહિઃ પણ તેણે પોતાની કોશેસ ચાલુ રાખી ૧૮૧૧ માં 'સીંગલ સીલેંડર મશીન' બનાવી તેનું 'પેટંટ લીધું.' ઇ. સ. ૧૮૧૪ માં લંડન ટાઇમ્સવાળા મી૦ જૉન વૉલટરે ફ્રેડરિક કોનિંગને આશ્રય આપી 'બે સીલેંડર મશીન' બનાવી એજ વર્ષની ૨૮ મી નવે-બરે ટાઇમ્સ પત્ર પ્રથમ વરાળની મદદથી છપાઇ પ્રગટ થવા માંડ્યું. આ યંત્ર વડે

દર કલાકે ટાઇમ્સનાં ૯૦૦ પાનાં બેઉ બાજુથી છપાઇ શકાતાં હતાં, યાને એકવડા ૧૮૦૦ પાના દર કલાકે છપાતાં હતાં. ઇ. સ. ૧૮૧૮ માં એડવર્ડ કાઉપરે વરાળ-યંત્રથી છાપવાના યંત્રમાં ઘણો સુધારો કરી બતલાવ્યો હતો. ૧૮૬૬ મ ટાઇમ્સના મેનેજર મી૦ જે. સી. મેકડોનલ્ડે તથા ટાઇમ્સના મુખ્યં એનજીન્યર મી૦ કૅલવર્લીએ 'જે. વૉલ્ટર પ્રેસ' ને નામે યંત્રની યોજના કરી તેમાંથી દર કલાકે એક બાજુથી છપાયલા ૨૦,૦૦૦ શીટસ કાઢી શકવા ફતેહ પામ્યા. ૧૮૭૦ માં લીવરપૂલવાલા મેસર્સ જૉર્જડંકન અને અલેકઝાન્ડર વિલસને 'વીક્ટી મશીન' નામનું યંત્ર બનાવ્યું અને છાપાકળામાં મ્હોટો સુધારો કર્યો. તે પછી ન્યૂ-યૉર્ક અને લંડનમાંની મેસર્સ હૅ એન્ડ કુંપની વાલાઓએ જે યંત્રો બનાવ્યાં તેમાંથી દર કલાકે મ્હોટા કદના ચાર અથવા ૭ પેજી કાગળો ૪૮૦૦૦ અથવા દર મિનિટે ૮૦૦ છાપી શકવા શક્તિવાન થયા. ૮ અથવા ૧૦ યા ૧૨ પેજી કલાકનાં ૨૪૦૦૦ અને ૧૬ પેજી કલાકનાં ૧૨,૦૦૦ છાપી શકાય છે.

ઇ. સ. ૧૮૯૨માં 'ક્રિસ્ટર પેટંટ પ્રિંટીંગ મશીન' નામે એક નવું છાપાયંત્ર ક્રીસ્ટર નામે અમેરિકને બનાવી તેમાં બે ઇંગ્રેજ એનજીન્યરોએ મ્હોટો સુધારો કરી તે વડે ચોપડી, ચોપાનિયાં, નાહનાં વર્તમાન પત્રો વગેરેનાં ફૉર્મ અતી ઝડપથી છાપી શકાય છે; એટલુંજ નહિ, પણ તે છપાયલા ફૉર્મોને વાળી પેસ્ટ પડી વળગાવી, કાપીને બાહેર પાડે છે, અને તે નાહના મ્હોટા ઑર્ડરના હરેક કામ માટે ઘણું ઉપયોગી થઇ પડે છે. ઉપલી સર્વે ક્રિયા માટે તેની સાથે નાહના મશીનો જોડેલાં છે, જે સર્વે શરૂઆતથી તે સેવટ સુધીનું પોતાનું કામ નિયમિત રીતે કર્યાં જાય છે. આ યંત્રોનાં છાપવાનાં અને બીજા મળી ૪ સિલેન્ડરો છે; જે પાસે પાસે સંખ્યાબંધ પ્રિંટીંગ પ્લેટો રાખી શકે તથા સિલેન્ડરના દરેક આંટામાં ૩૫ પાના છપાઇ નિકળે, એટલાં પોહોળાં તથા યોગ્ય વ્યાસનાં છે. આ સિલેન્ડરો એક મિનિટમાં ૧૫ થી ૧૮ આંટા ફરે છે, અને મજકુર યંત્રના માલેકો અને પેટંટીઓના જણાવવા મુજબ દરેક આંટાના ફરવા સાથ ૩૨ પાનાની બે થી ચાર ચોપડી છાપી, ચીટકાવી, કવર જડી તથા કાપી સંપૂર્ણ હાલતમાં બાહેર પાડી શકે છે. આ યંત્રની શોધ પછી ભવિષમાં રોજીંદા વર્તમાન પત્રો પણ ચોપાનીયા આકારના નિકળી શકશે એવી આશા રાખવામાં આવે છે.

**છાપવાની સાહી**—આ સાહી બનાવવા માટે રેતીની તળે બાળેલા ગુલમ્હોરની જાતના ઝાડનાં બી ૧½ રતલ, ¾ રતલ તેલમાંથી બનાવેલી મેસ, અને ૧ ઔંસ કાળી ગુલી લઇ, ગુલીને તથા બાળેલાં બીજને થોડા પાણીમાં પીસી તેને સુકવવાં. પછી લોઢાની કઢાઇમાં ૮૦ ઔંસ અલશીનું તેલ રેડી, ઇંગારપર મેલી તેમાંથી ધુમાડો નિકળવા માંડતા તેને સળગાવી ખુલ્લી હવામાં મેલવું અને તે ચીકાસદાર થાય ત્યાંવેર તેને બળવા દઇ પછી તેમાં બે રતલ રાજમ નાખી બળતું ઓલવવું. તે રાજમ પિગળી જાય ત્યાંવેર તેને અંદર હીલવવો, પછી આસ્તે આસ્તે અને ઘણીજ સંભાળથી ½ રતલ વેલાતી બ્રાઉન સાબુનો ભૂકો નાખતાં મેળવણી ઉકળવા માંડશે; એટલે તેને ચુલ્હા પર મેલી તેને ઘુટતાં જઇ ઉપલી મેસ તથા ગુલી અને બાલેલા બીજની મેલવણી મેળવી તેને લાહી જેવુ ઘુંદી બનાવવા બાળવું.

કૉપરપ્લેટ છાપવાની સાહી બનાવવી હોય તો તેને જરા કઠણ બનાવવી. પણ ટાઇપથી છાપવાની સાહિ બનાવવા તેમાં તરપેનટાઇન નાખવું અને ઘુંટીને ઘટ બનાવવું. ઉપલા બીજને બદલે કેટલાકો ખજુરના ઠળીયા, નારીયળીની કાટલી, બાલેલાં હાડકાં વગેરેની મેસ પણ વાપરે છે. આ જાતની મેસમાં ગુલી તથા તેલની મેસ વધારે નાખવી પડે છે, જેથી સાહી રંગદાર બને છે. આસમાની કાળો રંગ બનાવવા ગુલીને બદલે પરશીઅન બ્લુ વાપરવો પડે છે; અને જાંબુડો કાળો રંગ બનાવવા પરશિઅન બ્લુ તથા ઇંડીયન રેડને મેસ સાથે ભેળવી.



**છાપાંરા**—મધ્ય પ્રાંતમાં સીઓન જીલ્લામાંનુ એક સુંદર શેહેર. સીઓન શેહેરની ઉત્તરે ૨૨ મૈલ પર છે. લોક વસ્તી ૨૮૮૧ ની છે, તેમાં ૨૦૬૩ હિંદુ તથા ૬૪૪ મોહમેદ નો છે. આગળ આ એક શેહેર હતું પણ પિંઢારીઓના દોરથી નાશ પામ્યું હતું.

**છાપો અથવા કર**—સોલન નામના પેહેલા ધારા બાંધનારે ઇ. સ. પૂર્વે ૫૪૦માં પોતાની રૈયત ઉપર છાપો નાખ્યો ત્યારથી દુનિયાંમાં કર નાખવાની શરૂઆત થઇ એવું માનવામાં આવે છે.

ઇરાનના પાદશાહ દરાયસે ઇ. સ. પૂર્વે ૪૮૦માં જમીન ઉપર છાપો નાખ્યો હતો. આગલા વખતમાં પૈસાના આકારમાં કર લેવામાં આવતો નહિ, પણ દેશની પેદાશ પાદશાહને આપવામાં આવતી, જે રીત હાલના હિંદુસ્તાનનાં દેશી રાજ્યોમાં ચાલુ છે; પણ ૧૮૮૦થી બ્રિટીશ સરકારે પોતાના ખાલસા મુલકોમાંથી આ રીત તદન કાઢી નાખીછે.

ઇંગલંડમાં ૧૩૭૭ના વર્ષે સુધી ઉન, અનાજ, ચામડાં એ ચીજોમાં છાપો વસુલ કરવામાં આવતો હતો.

દશમી સદીમાં ઇંગલંડમાં એક જાતનો જમીનનો છાપો લેવામાં આવતો હતો, તોપણ આ નામનો ખાસ છાપો ૧૬૮૯-૯૦માં ફ્રાન્સ સામેની લઢાઇ ચલાવવાનો ખર્ચ પુરો પાડવાને માટે નાખ્યો હતો. ૧૬૯૨માં જમીનની વરસ દહાડાની પેદાસ ઉપર ૧૦૦ રૂપ્યે ૨૦ રૂપ્યા લેવાનો દસ્તુર હતો. ૧૫૪૪માં દર એકર દીઠ ૮ આનાને ભાવે જમીન ભાડે આપવામાં આવતી હતી. અને ૧૬૦૦ના વર્ષમાં આખા દેશની જમીનનો જુમલે છાપો રૂ ૬૦૦૦૦૦૦૦ ઉપજતો હતો. ૩૨ વર્ષપર ગ્રેટ બ્રિટનમાં એકંદર જમીનનું ભાડુંજ માત્ર રૂ૧ ૨૭૦૦૦૦૦૦૦ ઉપજતું હતું એવો અડસટો પાર્લામેંટે કાઢ્યો હતો.

**છાયા**—હિંદુ કથા મુજબ, વિવસ્વાન આદિત્યની સ્ત્રી. એને સાવર્ણી અને શની એવા પુત્રો તથા તપતી નામની કન્યા થઇ હતી. તેમાં સાવર્ણી નામે મનુ થનાર છે. અને સનિએ શનિ મંડળનું અધિપત્ય પ્રાપ્ત કર્યું છે, તથા તપતી સવર્ણ રાજાની સ્ત્રી થઇ.

**છાયા**—કાઠીયાવાડમાં પોરબંદરની ખાડીને પશ્ચિમ કિનારે પોરબંદરથી ૨ મૈલ ઉપર છે. જેઠવાઓએ રાણપુર છોડ્યું ત્યારથી તે પોરબંદરમાં ગાદી આણી તે પેહેલાં સુધી એ તેમનું રાજધાની શેહેર હતું. વસ્તી ૧૦૦૦ ની છે.

**છાયાનટ**—સંગીત શાસ્ત્ર મુજબ આ રાગણી ગાવાનો વખત રાત્રીનો, જાતી સંપૂર્ણછે. એટલે ખરજ શુદ્ધ, રિખબ તિવ્ર, ગંધાર તિવ્ર મધ્યમ કોમળ, તથા તિવ્ર છે, પંચમ શુદ્ધ, ધૈવત તિવ્ર, નિખાદતિવ્ર, તથા કોમળ એ, એ મુજબ ૭ સ્વરો આવેછે. પ્રધાન સ્વર ધૈવત છે, ગ્રહસ્વર રિખબ છે, ન્યાસ સ્વર પંચમ છે, અવરોહમાં ગંધાર બાદ છે, તથા નિખાદ પણ બાદ છે; કોઇ ખોડવ પણ કહેછે તેમાં નિખાદ વિર્જ્ય છે.

**છાલીયાર**—ગુજરાતમાં રેવાકાંઠા એજન્સીનું નાહનું દેશી રાજ્ય. ક્ષેત્રફળ ૧૧ ચોરસ મૈલ; તેમાં ૨૪ ગામડાં છે. વાર્ષિક ઉપજ ૧૨૦૦ પૌંડની છે, તેમાં ૩૪૦ પૌંડ ખંડણીનાં ગાયકવાડને ભરવાં પડેછે.

**છાશ**—દુધમાંથી માખણ ડોવતાં જે પાણીનો ભાગ રહેછે તેને છાશ કહેછે. છાશ સ્વાદે ખાટું, મીઠું, છતાં તે ગુણકારક છે. લોહિમાં પણ બગાડો હોય છે તેનો છાશ માહેલી ખટાસનો ભાગ તદન નાશ કરેછે, આથી નસોમાં લોહી એટલું તો સરળતા અને સફાઇથી ફરી શકે છે કે તે કોઇપણ ઠેકાણે ગંઠાઇ જતું નથી, તેથી કરીને પરૂ તથા એવી બીજી ખરાબ વસ્તુનું ગુમડું સાંધા આગળ થવા પામતું નથી; તેમજ મૌસના સ્નાયુઓ કાંઇ ઝેરી અસરથી તવાઇ અથવા ગલાઇ જતાં નથી. નસોમાં લોહી ફરી

જવાથી અને બરાબર ફરી નહિ શકવાથી ઘડપણ વધારે જલ્દી આવેછે, જો છાશ સારી રીતે છુટથી પીવામાં આવે તો ઘડપણની અસર ૧૦ થી ૧૫ વર્ષ મોડેથી આવવા માંડેછે.

'ઓછામાં ઓછી બશેર છાશ રોજીંદી પીવી જોઇએ, જો તે પીવાની તક વધારે મળે તો વધારે પીવી. કાળજું, ચામડી અને પેશાબનો મેલ છાશ પીવાથી વધારે જલ્દી ત્યાગ થઇ શકે છે. તે ઉપરાંત છાશથી પાચન શકિત વધે છે અને તેથી લોહી તદન લાલ રંગતું, ચોખું અને પુશકળ જથ્થામાં થાય છે. જો સંધીવા થાયતો મૌસ, મીઠાઇ, દારૂ, મસાલો, રોટી વગેરે પ્રદાર્થ ખાવાં નહિ જોઇએ. ઇંડા તથા તાજા ફળો તથા તરકારી ગમે તેમ ખાવી. જો શરીરનો કોઇ ભાગ યા સાંધો ઢીલો પડયો હોય તો તેપર છાશ પીવી ફાયદા કારક છે. પણ તે છાશ તરતની વલાવેલી અને સારી હોવી જોઇએ.

ઉચ્ચ વર્ણના હિંદુઓ કે જેઓ મૌંસ જેવો પુષ્ટીકારક ખોરાક બીલકુલ ખાતાં નથી, તેઓ ચાવલ સાથે છાશનો છુટથી ઉપયોગ કરે છે. છાશની કઢી ઘણી સ્વાદીષ્ટ બને છે.

**છીંટ**—અતી સફાઇદાર છપાયલો કાલીકો. તેનીપર તર્હેવાર રંગે છાપવામાં આવે છે. આ કાપડ મેલખાઉ હોવાથી પલંગના છત, સામનના ઢાંકણ, તથા ગરીબ લોકો પેહેરવાના કપડાં તરીકે ઉપયોગમાં લીયે છે. ગ્રેટબ્રિટનમાં છપાતું છીંટ હાલમાં બચ્ચાંઓના પહેરવાનાં સુંદર કાપડ તરીકે ઘણું વપરાય છે. ઇરાનમાં આજ છીંટપર સોનેરી કલાબુત તથા રંગની તર્હા પાડવામાં આવે છે.

મદ્રાસ ઇલાકાનાં કલીકતમાં પુરામત કાળથી છાપેલું છીંટ બનાવવાનાં કારખાનાં હતા, અને છીંટ વેલાતની પ્રજાને ઘણું પંસદ પડવાથી અત્રેથી છીંટ મ્હોટા જથ્થામાં જતું. 'તે વેપારની ત્યાં એટલાં સુધી વૃદ્ધિ થઇ કે ત્યાંના લોકોનો વેપાર પડી ભાગવા લાગો; આથી ત્યાંની સરકારે કલીકતનું છીંટ (કયાલિકો પ્રિંટીગ આ નામે હાલમાં જાણીતું થએલું કાપડ.) પેહેરનારને ૫૦ પોંડ અને વેપાર કરનારને ૨૦ પોંડ દંડ કરવાનો કાયદો પસાર કર્યાથી છીંટનો વેપાર પડી ભાગો છે. આ છીંટને વેલાતના બજારમાંથી હાંકી કાઢતાં કલીકતમાં તેનો વેપાર પડી ભાગો હતો. કલીકતમાં રામરાવણ ચરિત્રનાં ઓઢવાનાં છીંટો બનાવે છે, જે ઘણી શોભાયમાન કારીગરીથી દિપે છે. મુંબઇ ઇલાકામાં અમદાવાદ, ભૂજ, ભાવનગર, ખેડા, ભરુચ, માલેગામ, બડોદા, ઠઠ્ઠા, કરાંચી, બેલગામ જીલ્લામાં બનતું જાજમ, ઓઢણા, રજાઇ વગેરે છાપથી રંગેલું કામ ઘણું વખાણાય છે. મુંબઇમાં છીંટની પાઘડી બાંધે છે તેને 'બંદરી' કહે છે. પણ આ છીંટતો મચ્છલીપટ્ટણમાં બને છે. સૂરતમાં પણ સારૂં છીંટ બને છે.

ત્રીચનાપલ્લી, આર્કાટ, ચીંગલપટ, કડપ્પા, કોકોનાડા, સાલમ, કુંભકોનમ, ગોદાવરી જીલ્લો વગેરે ઠેકાણે છીંટ રંગવાનાં કારખાનાં ઘણાં છે.

પંજાબમાં—મૌંટગૅામરી, કપરથળા, ર[illegible] એઉ જીલ્લા છીંટના કાપડ સંબંધમાં જાણીતાં છે.' લાહોર, મુલતાન, હુસેનાબાદ, સિયાલકોટ, અમૃતસર અને કોટકમાં બનતું છીંટ યૂરપ્યનોમાં મ્હોટે ભાગે ખપે છે. દિલ્લી, રોહતક અને લાહોરમાં સોનેરી વરખથી છાપેલું છીંટ બને છે; તેનો પણ મ્હોટો ઉઠાવ યૂરપ્યનોમાં થાય છે.

વાયવ્ય પ્રાંતમાં પંજાબ પ્રાંત પ્રમાણેજ છીંટનો ઉદ્યોગ ચાલુ છે. તેમાં ફરૂખાબાદ, કનોજ, લખનો, જાંહગિરાબાદ, જફરગંજ એ જાણીતાં ઠેકાણાં છે.

રજપૂતાના તથા મધ્ય હિંદુસ્તાનમાં જયપૂર સંસ્થાનમાં બનતું છીંટ પુશકળ વેચાય છે. સાંગાનેરમાં બનતું છીંટ ઉંચીકારીગરીનું હોય છે. અજમીર સંસ્થાનમાં બનતું છીંટ 'નવાનગરી' ઘણું પ્રસિદ્ધ છે. બનારસમાં



પણ છિંટ બને છે. સાંબર, જોધપુર, ગવાલેર, રતલામ, ઉજ્જની, ઈંદોર, મુંઢાસમાં છીંટ તર્હેવાર બને છે. સંભળપૂરના છીંટનું કાપડ ઓઢીયા પ્રાંતની ઓરતો પેહેરવાના કામમાં વાપરતા હોવાથી તેનો મ્હોટો ઉઠાવ થાય છે. તેને તેઓ લુગા કહે છે. મધ્ય હિંદુસ્તાનમાં ખોટા વરખથી છાપેલું છીંટ બને છે.

મધ્ય પ્રાંતમાં નાગપૂર પાસેનું ઉંબરેમાં છીંટ સારૂં બને છે. બંગાલમાં કલકત્તા, પાટણ, દરભંગા, સારણામાં પણ છીંટ બનેછે.

**છીંદવાડા**—મધ્ય પ્રાંતમાં નર્મદાવાલા ભાગ માંનો એક જીલ્લો. એની ઉત્તરપશ્ચિમે તથા ઉત્તરે નરસીંગપૂર અને હોસંગાબાદ, પશ્ચિમે બીતૂર, પૂર્વે સીઓની અને દક્ષિણે નાગપૂર છે. ક્ષેત્રફળ ૪૬૩૦ ચોરસ મૈલ છે. ૧૮૭૨ માં લોકવસ્તી ૩૧૬૨૨૮ ની, ૧૮૮૧ માં ૩૭૨૮૯૯ ની, ૧૮૯૧ માં ૪૦૭૪૯૪ ની છે. તેમાં ૧૮૫૫ ગામો છે. દર ચોરસ મૈલે ૯૫ માનસોની વસ્તી છે. લોક વસ્તીમાં ૨૦૯૨૮૬ હિંદુ, ૫૫૨૮ કબીરપંથી ૧૧૨૯૮ મોહમેદન તથા પરજાત વસેછે. પ્રદેશ પહાડી ને ઉંચો છે. 'જંગલમાં સાગ, સિસમનાં વૃક્ષો પુશકળ છે. સાતપૂડા, બાલેઘાટ અને મહાદેવ એ મુખ્ય ડુંગરો છે. 'કન્હાન' નામે મ્હોટી નદી અત્રે વહેછે. કોલસો પુશકળ જડેછે.' ખેતી ઘઉં, ચોખા, કઠોળ, શેરડી, કપાસ, તંબાકુ વગેરેની કરવામાં આવેછે. વેપાર—કાપડ સારૂં બનેછે, લોધીખેરા વગેરે ઠેકાણે ત્રાંબા પિત્તળનાં વાસનો બનેછે. બારકોઇ, સિરગોળી, અને બીજે ઠેકાણે કોલસો ઘણો મળેછે. મુખ્ય ગામો છિંદવાડા, મોહગાવ અને લોધીખેરા છે. આ જીલ્લામાં વર્સાદ ૪૩·૨૨ ઇંચ પડેછે.

**છીંદવાડા**—ઉપલા જીલ્લાનું મુખ્ય ગામ, સમુદ્ર સપાટીથી ૨૨૦૦ ફીટ ઉપર છે. લોક વસ્તી ૮૨૨૦ ની; તેમાં ૫૭૭૭ હિંદુ, ૧૬૨ કબીરપંથી, ૧૭૫૭ મોહમેદન ને ૨૨૪ જૈનો છે, અત્રે સરકારી બગીચો, કચેરી, કમીશનરની કચેરી, જેલ ને પોલીસ થાણું છે. તે શિવાય ઇસ્પીતાલ તથા ક્રિમીશન ચર્ચ અને એંગલો વર્નાકયૂલર સ્કુલ છે.

**છીપીયા**—ઔદમાં ગોન્ડ જીલ્લામાંનુ એક ગામ. આ ગામ વેપારી મથક માટે તથા સુંદર મંદીર માટે જાણીતું છે. અત્રે સ્વામિ નારાયણનો જન્મ થયો હતો અને તેણે સ્થાપેલો પંથ આજે હિંદમાં બધે પસરેલોછે. સ્વામિ નારાણનાં માનમાં સ્થાપન કરવામાં આવેલું મંદીર તમામ 'સફેદ માર્બાલ'નું બાંધેલું છે. કાર્તિક માસમાં અત્રે રામનવમીને ટાંકણે મ્હોડી જાત્રા ભરાય છે.

**છીબ્રામુ**—એજ નામના તેહેસીલનું મુખ્ય ગામ ફત્તેહગઢ શેહેરની દક્ષિણે-દક્ષિણ પશ્ચિમમાં ૧૭ મૈલપર છે. લોકવસ્તી ૭૯૯૦ની છે. તેમાં ૬૩૭૬ હિંદુ, ૧૫૯૬ મોહમેદનો વસેછે. શેહેર ૧૩૭ એકર જમીનપર વસાયલું છે. પુરાણા વખતમાં આ એક તદન નાહનું ગામડું હતું. અત્રે રોહિલા નવાબ મોહમદખાને મ્હોટી ધર્મશાળા બંધાવી હતી, જે પછી આ ગામ વસાયું હતું. પણ છેલ્લી સદીમાં આ સરાઈ બ્રિટીશ કલેકટરના મથક તરીકે વપરાય છે. આ શિવાય દીવાની વગેરે કચેરી તથા નિશાળો છે

**છુઈખદન**—મધ્ય પ્રાંતમાંનુ એક દેશી સંસ્થાન રાયપૂર જીલ્લામાં છે. ક્ષેત્રફળ ૧૭૪ ચોરસ મૈલ છે. વસ્તી ૩૨૯૭૯ ની. મુખ્ય ઉત્પતિ ઘઉં, ચણા, કપાસ વગેરેની છે.

**છુંદણા**—અંગપર છુંદણા પાડવાની રસમ અસલી લોકોમાં ઘણી જાણીતી હતી. આ ચાલ જંગલી લોકોમાં જેમ ચાલુ છે તેમ સુધરેલી પ્રજામાં પણ હજી ચાલુ છે. હિંદુઓમાં પુરૂષ કરતાં સ્ત્રીઓમાં આ ચાલ જાએજ છે, કપાળ, ગાલ, હોઠ, હાથપગનાં આંગળા, પાટલી વગેરે જગાપર છુંદણા પડાવેછે. તેમાં ઘણાખરા ટપકાં, તુળસીના પાંદડાનો આકાર તથા જૂદા જૂદા દેવતા અને માનસોનાં આકાર પાડે છે. ગુજરાત પ્રાંત તરફની

સ્ત્રીઓતો શરીરના ઘણા ખરા મુખ્ય ખુલ્લા ભાગપર છુંદણા પડાવે છે. આ ચાલ શોભા માટે યા અસલી રીત ચાલતી આવી છે માટે હજી ચાલુ છે. આ ચાલથી કેટલીક વેળા ભયંકર પરિણામ આવે છે. કેટલાકોને ઘણા છુંદણા પડાવ્યાથી તાપ આવી ધનુર્વા જેવો ભંયકર રોગ લાગુ પડે છે, અને તેથી પ્રાણ હાની પણ થાય છે.

**ક્ષુરી**—મધ્ય પ્રાંતમાં બિલાસપૂર જીલ્લાની ઉત્તર પૂર્વે આવેલી જાહાગીર. ક્ષેત્રફળ ૩૨૦ ચૌરસ મૈલ છે. તેમાં ૨૭૯૦૭ એકર ખેતી વાડી માટે અને ૪૮૫૩૮ એકર ખેતી કરવા લાયક છે. તેમાં ૧૩૪ ગામો છે ને ૧૮૮૧માં લોક વસ્તી ૧૬૦૮૮ની. તેમાં ૮૧૩૯ પુરૂષો તથા ૭૯૪૯ સ્ત્રીઓ છે.

**છેટ્યૂરૉક્ષ**—ઇંદ્રીના ફ્રેન્ચ વિભાગમાંનું ગામ. એજ નામની નદી કાંઠે ઑર્લેયન્સની દક્ષિણે રેલ માર્ગે ૮૮ મૈલપર છે. અત્રે ઉન, લોઢું, ચામડું તથા તંબાકુનાં કારખાનાં છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૧૬૮૫૮ ની હતી. ૧૮૯૧માં ૨૨૫૫૩ની.

**છેલછંદ**—પિંગળ શાસ્ત્ર મુજબ ૬ ગણનો આ છંદ બને છે. તેમાં ૧૧ તથા ૭ અક્ષરે વિસામો આવે છે.

**છોટાઉદેપૂર**—આ રાજ્યનો વિસ્તાર ૮૭૩ ચૌરસ મૈલ છે. એની ઉત્તરે બારિઆનો મુલક, ને અલીરાજપુર. દક્ષિણે કેટલાક ભાગમાં નર્મદા નદી તથા સંખેડા મેવાસના શેહેરો; અને પશ્ચિમે પંચમહાલ જીલ્લો, નારૂકોટ સંસ્થાન ને ગાયકવાડી રાજ્યનાં ડભોઇ તથા સંખેડા નામે પ્રગણાં આવેલાં છે. ૧૮૮૧ માં વસ્તી ૭૧૦૦૦ ની તથા ૧૯૦૧માં ૯૩૬૩૭ ની. વાર્ષિક પેદાશ ૨૫૦૦૦૦ ની થાય છે. દેશ પહાડી અને નાપીક છે, માત્ર સપાટ જમીન ફળદ્રુપ છે. મુખ્ય નદી નર્મદા ને ઓરવ છે. મુખ્ય નિપજ ઘઉં, ચોખા, કોદરા, બાવટો, ચણા, મકાઈ, કઠોળ, તલ, દિવેલ, શેરડી, મહુડા, વગેરે થાય છે. જંગલમાં ઇમારતી લાકડામાં સીસમ, સાગ, સાદડના મ્હોટા વૃક્ષો ઉત્પન્ન થાય છે. રાજ્યને તાબે ૫૮ સ્વાર, ૨૮૭ પ્યાદલ ને પોલીસ તથા બે તોપો છે. અત્રેનો રાજ કર્તા રાજા ચહુઆણ રજપુત છે.

મુખ્ય શેહેર છોટા ઉદેપૂર રાજધાની શેહેર છે. તેમાં રાજાનાં સુંદર મેહેલો જોવા જોગ છે. આ મુલકનું બીજું મુખ્ય શેહેર મોહન છે. જે ઉદેપૂરથી અગ્નિ દિશાએ ૨૦ મૈલ છેટે છે. આગળ મોહનમાં રાજ્યગાદી હતી પણ સત્તરમી સદીમાં 'બાજીરાઓળ' રાજાએ ઉદેપૂર રાજ્યધાની કર્યું. મોહનમાં તે વખતનો બંધાવેલો એક કિલ્લો છે, આ કિલ્લો માહા વિકટ જગ્યામાં હોવાથી ખરા ભોમિયા શિવાય ત્યાં દાખલ થઇ શકાતું નથી.

**છોટાનાગપુર**—બંગાળમાં કમીશનરના કારોબાર તળેનો દેશ, એની ઉત્તરે મિર્જાપુર જીલ્લો, શાહાબાદ અને ગયા, પૂર્વે મોંગીર, સંતાલ પ્રગણા, બંકુદા અને મીદનાપુર; દક્ષિણે ઓરિસાનું રાજ્ય અને પશ્ચિમે સંભલપૂર જીલ્લો, રેવાનું રાજ્ય.

એમાં ૪ બ્રિટીશ જીલ્લા નામે હજારાબાદ, લોહારદગા, સીંગભમ અને માનભમ સમાય છે, તથા બીજા ૭ રાજ્યો, અંગભકાર, કોરે, સરગુજા, છોટાઉદેપૂર, જશપૂર, ગંજપૂર બોનિયા છે, ક્ષેત્રફળ ૪૩૦૨૦ ચૌરસ મૈલ છે, તેમાં ૩૨૭૪૪ શેહેરો તથા ગામડાં છે. જેમાં ૮૬૯૨૨૧ મકાનો અને લોક વસ્તી ૪૯૦૩૯૯૧ ની છે, તેમાં ૨૪૩૮૮૦૭ પુરૂષો, અને ૨૪૬૫૧૮૪ સ્ત્રીઓ છે. તેમાં વસ્તી પ્રજા ૩૮૫૮૮૩૮ હિંદુ, ૨૩૫૭૮૬ મોહમેદન, ૪૦૪૭૮ ખ્રિસ્તી, ૨૪ બુદ્ધિસ્ત અને ૨૪ બ્રહ્મસમાજીક છે. તેમાં ૬૦૧૮૬૬ કોલ્સ અને ૧૦૦૨૫૭ સંતાલી વસ્તી છે.

**છોટા નાગપુરના રાજ્યો**—છોટા નાગપૂરના પશ્ચિમ ભાગમાં તેનાં દેશી રાજ્યો સોની તથા મહાનદીના વચલા પ્રદેશમાં છે, તેની ઉત્તરે રેવાનું રાજ્ય અને મિર્જાપુર જીલ્લો, પૂર્વે લોહારદગા અને સીંગભમ જીલ્લો,



દક્ષિણે ઓરિસા તથા સંભલપૂર અને પશ્ચિમે બિલાસપૂર છે; ૧૮૮૧ ની ગણત્રી મુજબ એમાંના રાજ્યોનું ક્ષેત્રફળ તથા ત્યાંની વસ્તી વગેરે નીચલા કોઠામાં દર્શાવ્યા મુજબ હતાં.

| રાજ્યો | ક્ષેત્રફળ ચૌ. મૈલ. | ગામો | મકાન સંખ્યા | જુમલે | પુરૂષો | સ્ત્રીઓ | દર ચૈ મૈલે વસ્તી |
|---|---|---|---|---|---|---|---|
| ચંગભકાર | ૯૦૬ | ૧૧૦ | ૨૭૩૩ | ૧૩૪૬૬ | ૬૮૨૬ | ૬૬૪૦ | ૧૪.૯ |
| કોરે | ૧૬૨૫ | ૨૪૯ | ૫૭૯૮ | ૨૯૮૪૬ | ૧૫૧૬૨ | ૧૪૬૮૪ | ૧૮.૩ |
| સરગુજા | ૬૦૫૫ | ૧૨૮૬ | ૫૧૧૨૨ | ૨૭૦૩૧૧ | ૧૩૭૩૮૯ | ૧૩૨૯૨૨ | ૪૪.૬ |
| ઉદેપૂર | ૧૦૫૫ | ૧૯૬ | ૬૧૩૫ | ૩૩૯૫૫ | ૧૭૧૧૧ | ૧૬૮૪૪ | ૩૨.૨ |
| જશપૂર | ૧૯૬૩ | ૩૯૦ | ૧૪૭૮૦ | ૯૦૨૪૦ | ૪૫૯૯૯ | ૪૪૨૪૧ | ૪૬.૦ |
| ગંજપૂર | ૨૫૧૮ | ૨૪૦ | ૬૮૪૪ | ૧૦૭૯૬૫ | ૫૬૦૦૯ | ૫૧૯૫૬ | ૪૨.૯ |
| બોરે | ૧૪૪૯ | ૨૫૬ | ૪૩૭૨ | ૨૪૦૩૦ | ૧૨૪૪૫ | ૧૧૫૮૫ | ૧૭.૮ |
| ખારસવાન | ૧૪૫ | ૨૫૫ | ૫૬૨૨ | ૩૧૧૨૭ | ૧૫૪૯૬ | ૧૫૬૩૧ | ૨૧૪.૭ |
| સારેકાલા | ૪૩૮ | ૬૫૧ | ૧૫૦૪૮ | ૭૭૦૬૨ | ૩૮૮૦૧ | ૩૮૨૬૧ | ૧૭૫.૯ |
| જુમલે... | ૧૬૦૫૬ | ૩૬૩૩ | ૧૧૨૪૫૪ | ૬૭૮૦૦૨ | ૩૪૫૨૩૮ | ૩૩૨૭૬૪ | ૪૨.૨ |

આ જીલ્લો ૧૮૦૩માં મહારાજા રાઘોજી ઘોસલા બીજા પાસથી દેવગાંવના લખત રૂહે બ્રિટીશ સત્તા તળે આવ્યો છે. અને તે પછી ૧૮૧૮-૧૮૨૬ તથા ૧૮૬૦માં અનેક ફેરફારો થયા છતાં ત્યાંના રાજ્યકર્તા આબાદાની સાથે બ્રિટીશ છાયા તળે રાજ્ય કરે છે.

**છોટાભાગીર્થી**—ગંગા યાને ભાગીર્થી નદીનો એક પ્રવાહ, બંગાલમાં મલધ્યા જીલ્લામાં વહે છે. વર્સાદની ઋતુમાંજ એ ભરપૂર રહેછે અને ઉન્હાળામાં તદન સુકાઇ જાયછે. મલધ્યા જીલ્લાના દક્ષિણ તરફથી ૧૬ મૈલ સુધી વહે છે, ગંગા પ્રમાણેજ એના કિનારેના પવિત્ર તિર્થ સ્થળોનું માહાત્મ છે.

**છોટાસીનચુલા**—આ સીનચુલા પર્વતની હારમાંનો એક પર્વત. બ્રિટીશ અને ભૂતાન રાજ્યની સરહદ વચ્ચે છે. સમુદ્ર સપાટીથી એની ઉંચાઇ ૫૬૯૫ ફીટની છે. બક્ષાની છાવણીથી એ ૭ મૈલ ઉત્તરે છે.

# જ.

**જ**—મૂળાક્ષરનો ઓગણીસમો અક્ષર.

**જઈરિચ**—જરતોસ્તી દંત કથા મુજબ એક દેવીનું નામ. વંદીદાદમાં તથા બુનદેહેશમાં એની બુરાઇનું વર્ણન આપેલું છે. એ અમરદાદ કે જે અમશાસ્પંદ અમર્ગી તથા ઝાડ પાન ઉપરનો ઇજદ છે, તેના હરીફ તરીકે નાશ અને ભૂખની ઉપરની દેવી છે.

**જઇરિમ્યંહુર**—(જુઓ ઝઈરિમ્યાક )

**જઈરિવઇરી**—(જુઓ ઝરીર )

**જઓતર**—* 'જરતોસ્તી ધર્મ ક્રિયાઓની' 'ઇજશની,' વંદીદાદ, વિસ્પરદ વગેરેમાં જે ભણેલા અથોરનાન 'ઇધોરા' ઉપર બેશી મુખ્ય ભણે છે, તે અર્થ મુજબ ક્રિયા કરનાર (હોતાર). 'આફ્રિનગાનની ક્રિયામાં જે ધણી આફ્રિનગાન માંડે છે તે.' અરવીસગાહમાં એ શખ્સની સામેના ધણીને રાસ્પી અથવા 'આત્રવક્ષી' કહે છે. આફ્રિનગાનમાં એની સામે બેસનાર ધણીને આત્રવક્ષી કહે છે.

'ઉજીરનગેહમાં ક્રિયા કરનારા ધર્મ ગુરૂઓના જે નામો દીધાં છે તેમાં એ 'ઝઓતર' અથવા જોતીને પ્રથમ યાદ કર્યાં છે. એ ક્રિયા કરનારનો દરજ્જો એટલો મ્હોટો ગણેલો છે કે બુનદેહેશમાં અહૂરમજદને પોતાને (સરોશ ઈજદને રાસ્પી તરીકે લઇ) જોતી તરીકે ક્રિયા કરતો જણાવ્યો છે. દાદસ્તાને દીની (બાબ ૪૮–૨) માં એ જોતીની લાયક જગ્યા ઉર્વીસગાહ જણાવી છે.

**જઓથ**—*'હોત્ર. પેહેલવીમાં અને ફાર્સીમાં 'જોર ક્રિયા' માં અર્પણ કરવાની અથવા ભેટ ધરવાની પવિત્ર ચીજ. ઇજશનેની ક્રિયામાં ક્રિયા કરી તૈયાર કરેલાં પવિત્ર પાણીને જોરમાં ખાસ નામથી ખસૂસ કરી ઓળખવામાં આવે છે. બુનદેહેશ આ જોરના પાણીનો ઘણો ગુણ જણાવે છે. તેના જણાવવા મુજબ સ્પેન્તમાન જરતોસ્તે આ જોરનો પાણીથી 'અરગ' મર્વ તથા વેહે નદીનાં બગડેલાં પાણીને ઉપયોગી કર્યાં હતા, આ ફકરામાં એ 'ઝોર' શબ્દ સાધારણ પવિત્ર અથવા સોજા પાણીને અર્થે વાપરેલો દિસે છે, અને તે વર્ણન બાજી કરણની ક્રિયાનું દિસે છે, બહમન યષ્ટ (બા–૨–૫૯)દવાઝદેહ હોમાસ્ત (હમાયસ્ત)માં એ જોરનાં પાણીનો ઉપયોગ જણાવે છે. શાયસ્ત, લાશાયસ્ત જયાં માણસ હક્ક થયું હોય ત્યાંથી જોરનું પાણી તુરત કાઢી લઇ જઇ બીજા પાંણીમાં મેળવી દેવા કહે છે. (બા. ૨–૪૩) જો કોઇએ આતશને બુજાવ્યો હોયતો તેને સજામાં 'જોશ' આતશ બહેરામને સંપુરદ કરવા કહે છે, (બા. ૭–૯,)

* અવસ્તાનાં. વિ૦ ના૦ ફરહંગ પૃષ્ટ ૮૫)

**જંક**—ચીનાઇ ત્રણ ડોલી વહાણ, આ વહાણ ઘણી ઝડપથી ચાલી શકતું હોવાથી અમેરિકા તથા યૂરપમાં પણ વપરાય છે.

**જખમ**—'ચામડી ફાટે અથવા ચીરાય અથવા છુંદાય અને તેની હેઠળના નરમ ભાગોને જોખમ પોંહચવાથી તેબી ચીરા તેને જખમ કહે છે. જખમ પાંચ પ્રકારના છે. કપાયલો જખમ–૨–છુંદાયલો જખમ. ૩–ભોકાયલો જખમ.૪–વિષવાલો જખમ. ૫–બંદુકનો જખમ.

'જખમને લીધે કેટલીક વેળા ચમક, રતવા, પાઇમ્યા અને સ્થાનિક મોહોત નિપજે છે. દર્દી અશકત હોય તથા ઇસ્પીતાલ જેવા ઠેકાણે દર્દી હોય ત્યાં રતવા થાય છે. જખમ પાકવાથી પાઇમ્યા નામનો તાપ લાગુ પડે છે. જે ભાગમાં જખમ હોય તે બહુ છુંદાયો હોય અથવા તેની મુખ્ય લોહીની નળીઓ તુટી હોય કે તુરત મરણ પામે છે.

જખમ રૂઝાવાની પાંચ રીતો છે. ૧–જખમની બેઉબાજુ રહેવાથી એક બીજા સાથે મળી જાય છે; આ બનાવ નાહના જખમમાં બને છે. ૨–જખમવાળા ભાગનો



થોડો વરમ થઇ તેમાં 'લીફ' પેદા થાય છે. તેના સાધનથી બેઉ બાજુ જોડાઇ જાય છે. આ રીતે એક કે બે દિવસમાં જખમ રૂઝાઇ જાય છે. જખમની બેઉ બાજુ ભેગી રહે તથા તેમની વચમાં લોહી, હવા અથવા બીજો કાંઈ પદાર્થ ન હોયતોજ આ બે પ્રકારે કપાયલો જખમ રૂઝાય છે. કપાયલા જખમ શિવાય બીજા પ્રકારના જખમ આ મુજબ રૂઝાતાં નથી. ૩–કેટલીક વેળા જખમ ઉપર 'ખરેટો' વળીને તેની નીચે જખમ રૂઝાઇ જાય છે. જનાવરોનાં ઘણાં જખમ આ રીતે રૂઝાય છે. ૪–જખમ પાકીને તેના ઉપર માસાંકૂર થાય છે તથા તેથી જખમ ભરાઇને રોઠો વળે છે. ૫–માસાંકુરવાળી બેઉ બાજુને ભેગી કરવાથી પણ તેનો સંયોગ થાય છે. ખુલ્લા જખમ; ચાંદા, ગડ ગુમડાં, પાઠાં વગેરે માસાંકુર આવીને રૂઝાય છે. માસાંકુરથી રૂઝાતાં વખત લાગે છે. એમાં જખમ ચામડીની કોર તરફથી રૂઝાતો આવી વચલો ભાગ છેલ્લે રૂઝાય છે.

**કપાયલો જખમ** ઘણું કરી ધારદાર હથિયારથી થાય છે. જેની બેઉ બાજુ સરખી જણાય છે. આવો જખમ નાહનો ફકત ચામડીમાંજ હોય અથવા મ્હોટા સ્નાયુને ભેદે એટલો ઉંડો હોય છે. જખમથી લોહી વહેતાં દુઃખ થાય છે. આવો જખમ થતાં પ્રથમ લોહી બંધ કરવાનાં ઉપાય લેવાં પડે છે. જખમની અંદર કાંકરી, લોહી, કચરો હોયતો તેને થંડા પાણીથી ધોઇ લોહીને સાફ કરવું, અને તે પછી હવા માહે નહિ જાય તેવી રીતે જખમને સીવી લેવો યા પટી બાંધી લેવી. જખમની બાજુ જલ્દી સાંધવા માટે તેને ટાંકા મારવામાં આવે છે. રેસમનાં દોરાથી, ચાંદી અથવા લોઢાનાં, તારથી, અથવા સણના દોરાથી અથવા ઘોડાના બાલથી ટાંકા મારી શકાય છે. ટાંકા જૂદી જૂદી રીતે મારે છે. ચામડી સીવવાની સેહેલી રીત થોડે થોડે આંતરે ટાંકા મારવાની છે. સોયમાં દોરો પોઇ તેને જખમની આરપાર કાઢી તેને બે ગાંઠવાળી તેનાં છેડા કાપી નાખવાં, ચાંદીનો તાર હોય તો તેને માત્ર વળ આપવાથી તે રહે છે. ઘોડાનો બાલ હોયતો બેહેલી ગાંઠ દેતાં તેને બે આંટા દેવા એટલે તે દઢ રહેછે. ૨—જી રીત–કપડું ઓટીએ તેવી રીતે એક દોરાથી ટાંકા લેવાથી શિવાય છે. આ રીત આંતરડાના જખમને લાગુ પડે છે. ત્રીજીરીત–એવી છે કે જખમની બેઉ બાજુમાં એક સોય પોઇ તેને ભેગી કરી ∞ વળની માફક તેના ઉપર વાળો અથવા દોરો લપેટવો. ચોથી રીત–જખમની બન્ને બાજુ કવિલ બરૂ મેલી તેના ઉપર દોરો બાંધે છે, તે જખમની બાજુ બરાબર સંબંધમાં રહે છે. જખમ રૂઝાતાં તરત ટાંકા કાઢી લીએ છે. વધારે વખત અંદર ટાંકા રહેવા દીધાથી માહે પાકે છે, અને પરૂ થાય છે. ચાંદી કરતાં રેશમના ટાંકા જલ્દી પાકે છે. ઘોડાનાં બાલના ટાંકા પાકવાની દેહેશત રહેતી નથી, પણ તે દોરા જેટલા મજબૂત રહેતા નથી.

'ટાંકાને બદલે સોપ અથવા 'રેઝીનપલાસ્તર'ની પટીથી જખમની બે બાજુને ભેગી કરી રાખે તો તેથી પણ રૂઝાવાનું કાર્ય જલ્દી થાય છે. જખમની બાજુને ભેગી રાખવામાં પાટો તથા શરીર સ્થિતિ મદદ કરે છે. પાટો બાંધવાથી જખમની બાજુ ભેગી રહે છે. જખમની બાજુ ભેગી રહે તેવીજ સ્થિતિમાં શરીર અને અવયવ રાખવા.'

જખમને શિવ્યા પછી તે ઉપર તેલની, પાણી અથવા સાદી પટી મુકી પાટો બાંધી લેવો. જો જખમ પાકે તથા માસાંકુરથી રૂઝાય એવું ભાસે તો ટાંકા કાઢી નાખવા અને જખમ રોજ સાફ કરી કાર્બોલિક તેલની પટી મારતા રહેવું.

**છુંદાયલો જખમ** ઘણુ કરી તેની આસપાસનો ભાગ કચરાયલો અથવા તુટેલો હોય છે. આવા જખમો તહેવાર હોય છે. કોઇ જખમ થોડો કચડાયલો તો કોઇ વધુ. એખલી ચામડીજ નહિ પણ તેની પાસે સ્નાયુ તથા સ્નાયુ રજ્જુ તુટી જાય છે. રક્ત નળીયો

તથા અસ્થી કચડાઇ ચુરે થાય છે. આવા જખમને પ્રથમ ધોઇ સાફ કરવો. તુટેલા તથા અર્ધ લટકતા ભાગ જીવ વાળા હોય તે સંધાઇ શકે એમ લાગે તો તેને રહેવા દઇ, સારી રીતે સીવી લઇ બાંધી લેવા. જે ભાગ નિર્જીવ તથા સારા ન થઇ શકે અને પાછળથી જખમ રૂઝવવામાં અડચણ કરે તેવાને કાઢી નાખવા. જખમ પાકવાને સમયે પોટીસ લગાડવી તથા દિવસમાં એક કે બે વાર તેને ધોવો.

**બંદુકની ગોળી** છરો યા દારૂ કામથી જખમ જે થાય છે તે સર્વ એકજ વર્ગનાં હોય છે. પેટ છાતી અથવા મસ્તકમાં ગોળી લાગવાથી ઘણુંકરી મ્હોત નિપજે છે. ગોળી શરીરમાં રહે છે અથવા આરપાર નિકળી જાય છે. આરપાર ગોળી નિકળી જતાં પ્રવેશ, છિદ્ર કરતાં, નિકળી જવાનો ભાગ વધુ છુંદાયલો દેખાય છે. ગોળીના માર્ગમાં આવતાં હાડકાં તેથી છુંદાઈ જાય છે, અગર ફોડી તેના કટકા બહાર કાઢી નાખે છે. ગોળાથી અવયવ તુટી ગયો હોય યા મ્હોટું ભગદળ પડ્યું હોય અને હાડકાં ફાટયાં હોય તો તે અવયવને કાપવાં પડે છે. પણ તેવો જો જખમ નહી હોય તો તેને રીતસર સાફ કરે છે. માહે મળી આવતા હાડકાના કટકા યા ગોળી કાઢી લેવા. માત્ર રકત પ્રવાહને બંધ કરી પોટીસ અથવા પટી નિયમ મુજબ બાંધવી. એવા જખમીને સારો ખોરાક અને પૌષ્ટીક દવા આપવી જરૂરની છે.

'તલવાર બરછી યા ભાલાથી ભોકાયલો જખમ થાય છે. આવા જખમ જેમ વધારે ઉંડા તેમ વધુ જોખમકારક હોય છે.

**જગદ્દેસપુર**—બંગાલમાં શાહાબાદ જીલ્લાનું એક ગામ. ૧૮૭૨માં લોક લસ્તી ૯૪૦૦ની, ૧૮૮૧માં ૧૨૫૬૯ની હતી. તેમાં ૧૦૦૯૨ હિંદુ, ૨૪૭૪ મોહમેદનો હતા. શેહેરનું ક્ષેત્રફળ ૬૫૧૮ એકર છે.

**જગદ્દેસપુર**—સુલતાનપુર જીલ્લામાંના મુઝફ્ફર ખાન તેહેસીલમાંનુ પ્રગણું. ક્ષેત્રફળ ૧૫૫ ચોરસ મૈલ અથવા ૯૯૧૦૪ એકર છે. તેમાંનુ ૫૧૬૫૦ એકર ખેતીવાડીથી અને ૧૯૧૨૫ ખેડી શકાય તેવો ભાગ છે. સરકારને જમીનનું મેહેસૂલ ૧૧૦૫૪ પૌંડ્ઉ ઉપજે છે. ૧૮૬૯માં લોક વસ્તી ૧૦૦૧૦૩ની, ૧૮૮૧ માં ૯૦૧૩૮ હતી, તેમાં ૬૯૯૫૫ હિંદુ તથા ૨૦૧૮૩ મોહમેદન હતા. દર ચોરસ મૈલે લોકવસ્તી ૫૮૧ ની છે. એમાં ૧૬૬ ગામડાં સમાયલાં છે. અત્રે ધાન્ય, કાપડ વગેરેનો વેપાર ચાલે છે.

**જગધરી**—એજ નામના તેહેસીલનું મુખ્ય શેહેર. અંબાલા શેહેરની દક્ષિણ પૂર્વે ૩૭ મૈલ ઉપર છે, અને સિંધ, પંજાબ તથા દિલ્લી રેલ્વેની ઉત્તરે ૩ મૈલપર છે. ૧૮૭૨માં લોક વસ્તી ૧૧૬૭૬ની ને ૧૮૮૧માં ૧૨૩૦૦ ની હતી, તેમાં ૯૨૪૨ હિંદુ, ૨૮૫૩ મોહમેદન, ૧૩૪ જૈન, ૬૦ શીખ અને ૧૧ પરજાતની વસ્તી હતી. અગાઉ એ પડત ગામડું હતું; પણ બુરીયાના શિખરાજા રાયસિંગે એને વેપારી મથક બનાંવી વસાવ્યા પછી, આ ગામ ચઢતી દશાએ પુગું છે. નાદીરશાહે આ ગામનો નાશ કર્યા પછી, ૧૭૮૩ માં રાયસિંગે ફરી બંધાવી વસાવ્યું હતું. ૧૮૨૯ પછી આ ગામ બ્રિટીશ સત્તાતળે કોલકરારથી આવ્યું હતું. એની પાસેની તેકડીઓમાંથી ત્રાંબુ તથા લોઢું નિકળે છે. અત્રે તાંબા લોઢાનાં તર્હેવાર ઓજારો તથા સામાન બનાવવાનાં કારખાનાં છે.

**જગન્નાથપુરી**—ઓરીસાના સમુદ્ર કાંઠાપરનું. આ શેહેર હિંદુઓનું પવિત્ર જાત્રાસ્થાન ગણાય છે. આ શેહેરમાં વસ્તી ૨૨૦૦૦ની હોઇ ત્યાં જગન્નાથનું પુરાણું મંદીર છે. આ શેહેર ઇ. સ. ૩૧૮ માં બુદ્ધિસ્તોનું પવિત્ર સ્થળ ગણાતું હતું તથા ત્યાં બુદ્ધનો એક દાંત હતો. જાત્રા સમયે ત્યાં ૧૦૦૦૦૦ જાત્રાળુઓ એકઠા થાય છે, ત્યાં ૧૨૦ મંદીરો છે. તેમાં પુરાણું પેગોડા ૧૯૨ ફીટ ઉંચું છે, પેગોડાની આસપાસની ૨૦ મૈલ ઘેરાવાવાલી જગ્યા અતી પવિત્ર ગણાય છે. પણ અતી



પવિત્ર અને શ્રેષ્ટત્વ પામેલી જગા માટે ૬૫૦ ચોરસ ફીટ જગા રોકેલી છે. જેમાં ૫૦ દેવમંદીરો છે. આ મંદીરનો બુરજ ૧૮૪ ફીટ ઉંચો અને ૨૮ ચોરસ ફીટ ઘેરાવામાં છે. જેને 'બુરદેવાલી' કહે છે, અને તેમાં સુભદ્રા વગેરેની મૂર્તિઓ છે. એની પાસે બે મિસરી મિનારા રોકાં મંદીરો છે, તેમાંનું એક ૪૦ ચોરસ ફીટ છે અને તેની પાસેનામાં જાત્રાળુઓ માટેનું પકવાન ગૃહ છે. આ મંદીર ઇ. સ. ૧૧૯૮માં ઓરિસાના ભિમદેવે ૫૦,૦૦૦ પૌંડને ખર્ચે બંધાવ્યું હતું. આ મંદીર દેવાલથી ૨૫૦ ચોરસ ફીટથી ઘેરી લીધેલો હોઈ, મુખ્ય દરવાજો પૂર્વ તરફ છે. આ દેવલપર જગેજગ તર્હેજાતી પૂતળાં ગોઠવેલા છે, મુખ્ય દરવાજો પૂર્વ ભણીનો ૩૫ ફીટ ઉંચો છે.

અત્રે વર્ષમાં ૨૦ વખત જાત્રા ભરાય છે. તે વેળા ૪૦ ફીટ ઉંચા અને ૭ ફીટ ઘેરાવાવાલા ચાકના રથમાં મૂર્તિને ફેરવવામાં આવે છે. આગલા વખતમાં આ રથ તળે જાત્રાળુઓ સ્વર્ગ પ્રાપ્તિ થકી કચડાઇ મરણ પામતા હતા પણ હાલ આ રેવાજ બંધ પાડયો છે.

**જગન્નાથરાય**—આ સંસ્કૃત ભાષાનો નામાંકિત કવિ જાતે તૈલંગી બ્રાહ્મણ હતો. બેગીનાડ કુળમાં જન્મેલો પેદુભટ્ટ એનો પિતા અને લક્ષ્મી નામે માતા હતી. એનું જન્મસ્થળ મુગુંડા ગામ હતું. એ ૧૨ વર્ષની ઉમર સુધી કેલવણીથી બેનસીબ હતો, પણ તે પછી કાવ્ય શાસ્ત્રનો અભ્યાસ કરી સંસ્કૃત ભાષાનું જ્ઞાન સંપાદન કરી થોડી મુદતમાં ન્યાય, મિમાસ અને અલંકારશાસ્ત્રનો વિધા અભ્યાસ કર્યો હતો. જગન્નાથ અકબર પાદશાહના સમયમાં હતો, પ્રથમ એણે કર્નાટકના રાજાનો આશ્રા માંગ્યો, પણ ત્યાં તેની કદર નહિ બુજાયાથી જયપૂર જઇ ત્યાં સંસ્કૃતશાળા સ્થાપી, વિદ્વાન મંડળોમાં સાહિત્યની ઘણી ચર્ચા ચલાવી.

જગન્નાથ પંડીત જયપૂરમાં હતો તે વેળા એના સાંભળવામાં આવ્યું કે દિલ્લીમાં એક મહાન વિદ્વાન કાજી પોતાના ઇસલામી ધર્મના પ્રસાર માટે વિદ્વત્તાથી બીજા મતોનું ખંડન કરે છે, આથી જગન્નાથ દિલ્લી જઈ ફાર્સી ભાષાનો અભ્યાસ કરી તેમનાં ધર્મ તત્વ જાણી કાજી સાથે વાદવિવાદ કરી પોતાના હિંદુ ધર્મની શ્રેષ્ટાઇ બતાવી, યવન મતનું ખંડન કર્યું, આથી અકબર પાદશાહે એને પોતાની દરબારમાં બીજા પંડીતો સાથે રાખ્યો.

જગન્નાથ પંડીત જેવો વિદ્વાન હતો તેવોજ તે દેખાવડો પણ હતો. અકબર પાદશાહની એક કુંવરી જૈના (જૈનબ)અથવા લવંગી એની વિદ્વત્તા અને સુંદરતાપર મોહિત થઇ એનીજ સાથે પરણવાનું પણ લઈ બેઠી હતી, અને તેથી પાદશાહની તથા પંડિતની મરજી સંપાદન કરવાની તક શોધતી હતી. એક વેળા તેવી તક હાથ કરી પંડીતનો પોતા તરફનો પ્યાર અકબરની હજુરમાં જાણી ચુપ બેઠી; પણ એના રૂપથી પંડિત મોહિત થએલો હોવાથી તેણે પાદશાહની ખુશ હાલતનો લાભ લઇ જૈના સાથે પરણવા મુસલમાની ધર્મમાં દાખલ થયો, ને જૈના સાથે પરણીને સુખચેનમાં જીંદગી ગુજારી. પણ ઘડપણમાં આપ્યાદિક્ષીતનાં બોધથી એને વૈરાગ્ય પ્રાપ્ત થતાં એ કાશી ગયો; ત્યાં એણે પ્રાયશ્ચિત લઇ પોતાની યવન સ્ત્રી સાથે બ્રાહ્મણ ધર્મમાં દાખલ થવાની ઇચ્છા બતાવી. પણ બ્રાહ્મણોએ એની ઇચ્છા મુજબ પ્રાયશ્ચિત આપવા ના પાડયું. આથી એ ગંગા તીરે જઇ ધ્યાનસ્ત બેઠો ને ત્યાં ગંગાની સ્તુતિમાં શ્લોકો ગાવા માંડતાં ગંગા દરેક શ્લોકે અકેક સીઢી ઉપર ચઢી, એ મુજબ છેલ્લી ઉપલી સીઢી ચઢી જગન્નાથ તથા તેની સ્ત્રીને પાવન કર્યાથી બ્રાહ્મણોએ તેને પ્રાયશ્ચિત આપી પોતાના અસલ ધર્મમાં દાખલ કીધો. એના રચેલા ગ્રંથો નીચે મુજબ છે. રસ ગંગાધર, એ અલંકાર શાસ્ત્રપર મ્હોટો વાદ વિવાદનો ગ્રંથ છે. ત્રીજો ત્રણ શતકનો ભામિની વિલાસ, ત્રીજો કુચમર્દીની, ૪ થો અશ્વધારી અને પાંચમો ગંગા લહરી છે.

**જંગબાર**—આફ્રિકામાંનો આ ટાપુ ૧૮૯૦ થી બ્રિટીશ સત્તા તળે છે. આં ટાપુમાં ઈંગ્રેજો તથા પુશકળ જર્મનો અને થોડા યૂરપીયનો-ની વસ્તી છે. પશ્ચિમ કિનારાપરના શેહેરમાં ૩૦,૦૦૦ની વસ્તી છે. આ શેહેર આફ્રિકાના પૂર્વ કિનારાપરનું મુખ્ય વેપારી મથક છે. અત્રેના આયાત તથા નિકાશ માલ-ની સરાસરી દરેકે ૧૩,૦૦,૦૦૦ પોંડની આવે છે. ઝેંજીબાર= જંગબાર (સ્વાહિલ વંશના ઝેન્જ વંશનો દેશ) નો મુલક આગળ મ્હોટા વિસ્તારમાં હોઇ ૧૦ મી સદીમાં આરબોને તાબે હતો. પોર્ટુગીજોએ ૧૫ થી ૧૭ મી સદી વેર અત્રે અમલ કર્યો હતો. ૧૮૫૬માં મસ્કતના ઇમામનો બેટો જંગબા-રનો સૂલતાન થયો. ૧૮૭૦-૯૦ થી અત્રે સર્વ સત્તા બ્રિટીસ અને જર્મન સરકારની સંમતિથી ચાલે છે.

૧૮૮૭ મુજબ વસ્તી ને વિસ્તાર—

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જંગબાર | ટાપુનું | ક્ષેત્રફળ | ૬૪૦ | ચૌરસ | મૈલ | ને | વસ્તી | —૨૨૦૦૦૦ |
| ,, | પંબાનું | ,, | ૩૮૦ | ,, | ,, | ,, | ,, | — ૧૦૦૦૦ |
| ,, | મેમ્ફી | ,, | ૨૦૦ | ,, | ,, | ,, | ,, | — ૭૦૦૦ |
| ,, | લામુ | ,, | ૫૦ | ,, | ,, | ,, | ,, | — ૨૦૦૦૦ |
| ,, | — નો કિનારો | ,, | ૬૦૦૦ | ,, | ,, | ,, | ,, | —૫૦૦૦૦૦ |
| સોમાલી કિનારાં થાણા | | ,, | ૧૫૦ | ,, | ,, | ,, | ,, | — ૮૦૦૦ |
| | જુમલે | ક્ષેત્રફળ | ૭૪૨૦ | | | જુમલે | વસ્તી | —૭,૬,૫,૦૦૦ |

જંગબારથી ૧૫,૦૮૦૦૦ રૂપ્યાની કિંમ-તના હાથી દાંત તથા કોપરૂં વગેરે માલ હિંદુસ્તાનમાં આવે છે; અને હિંદુસ્તાનથી ૨૦૭૦૦૦૦ રૂપ્યાની કિંમતું દેશી કાપડ અને ૧૧,૦૨,૦૦૦ રૂપ્યાની કિંમતના ચોખા, સાકર, આટો, ઘી, વગેરે પદાર્થ નિકાશ થાય છે.

**જંગબહાદુર**—નેપાલ દેશનો સેનાધિપતિ. જન્મ ૧૮૧૬ના સુમારે કટમાંડુમાં થયો. બચપણથી એ ચંચળ અને શૂરો જણાયો હતો; પણ જુવાનીમાં એણે તર્હેવાર વ્યસનમાં પડી કુછંદી જીંદગી ગુજારવા માંડી હતી. પણ તે વેળા નેપાળના લશકરમાં સુબેદારની પદ્ધિ મેળવી. આ લશકરમાં મુખ્ય અધિકા-રીઓ તેનાજ વડાવાઓ હતા. પછી જંગ-બહાદુરના કાકા રાજ્યના દિવાન થયા, આથી જંગબહાદુર જલ્દાથી લશકરમાં મ્હોટી પદ્ધિ પામ્યો. પછી રાજા અને દિવાન વચ્ચે કુસંપ થયો, આથી રાજાએ દિવાનનુ ખૂન કરાવ્યું. પછી ગગનસિંગ નામે વિદવાન પુરૂષ દિવાન થયો, પણ તેની પર રાજકુંવર કોપ્યાથી તે પણ માર્યો ગયો. આ પ્રસંગે કટમાંડુમાં શંકા ઉપરથી, દવેશભાવથી અને રાજકારસ્તા-નથી રાણી તથા જંગબહાદુરના હાથે કાંઇ એવાં તો ક્રૂર કર્મો થયાં કે તેનું વર્ણન અતી શોકજનક ને ભયંકર છે. ત્યાં એકજ રાતમાં રાજ મેહેલના ચોગાનમાં ૨૦૦ માણસોને કતલ કરવામાં આવ્યા હતા. આવી રીતે જંગબહાદુરે પોતાનો દરોરો બેસાડી રાજાને પુતળા પ્રમાણે ગાદી પર બેસાડયો. તે પછી ૧૮૪૬માં જંગબહાદુર પોતે દિવાન થયો; અને દરબારનું સર્વ કામકાજ પોતાના સ્વા-ધિનમાં રાખ્યું. પણ તે પછી એણે રાજ્ય-વ્યવસ્તા ઘણાજ શાંત અને ડાહપણથી ચ-લાવી ૧૮૫૦ માં તે ઇંગલંડ ગયો; તે વેળા ઇસ્ટઇંડિયા કંપનીએ તેને મ્હોટી મેજબાની આપી. તે પ્રસંગે બ્રિટીશોને સદા મદદ કરે-વાનું અભય વચન આપ્યું અને તે મુજબ તે બળવા સમયે વર્ત્યો હતો.

૧૮૫૭માં લખનૌ શેહેર બંડખોરોએ લીધા પછી ઇંગ્રેજ લશકરે તેઓપર ઘેરો નાખ્યો. પણ શેહેરમાં બંડખોરો પુશકળ હોવાથી ઇંગ્રેજોનું કશું વળયું નહિ. પણ તે પ્રસંગે જંગબહાદુર ૯૦૦૦ના લશકર સાથે ૨૪



તોપો લઇ મદદે આવ્યો, ને શેહેર જીતી આપ્યું. આ મદદના બદલામાં સરકારે જંગ-બહાદુરને બહુ માન આપી ૧૯ તોપોની સલામતી આપવાનો ઠેરાવ કર્યો.

૧૮૭૫માં એ ફરી ઇંગલંડ જવા માટે મુંબઈ આવી રહ્યો પણ એક દિવસે ઘોડે-સ્વારી કરતાં ઘોડો ચમકી નહાઠાથી તે પડી ગયો. તે વેળા તે ઘણો બેમાર પડવાથી પોતાને સ્વદેશ ગયો, પણ તે પછી સારો થઇ ૧૮૭૭ માં ૨૫ ફેબ્રુઆરીએ મરણ પામ્યો હતો.

**જંગમ**—લીંગાઇતોના ધર્મ ગુરૂ. એઓ જે જે ગામમાં વસે છે ત્યાં એક ગુરૂના વડપણ તળે રહે છે. જંગમ ઉપાધ્યાઓના ગુરૂ પાસે ઇનામી જમીન હોય છે, જેપર તેઓ નિર્વાહ કરે છે. ૧૨મી સદીમાં તેમના પંથનો સ્થાપક બસવ થયો, તેણે તેમને ફીલસુફી શીખવી, જેનાં ગ્રંથો હાલમાં એઓ ભણે છે. તેઓ શિવને પૂજ્ય માની 'લીંગમ' ને નામે માને છે.

એમના મત મુજબ માતાજી નિરાકાર નીરંજન જ્યોતી રૂપમાંથી પ્રથમ પ્રગટ થયાં છતાં પોતાનો આત્મા ઇશ્વરનો અંશ છે. સત્ય બોલવું, વેદના જ્ઞાનકાંડને માનવો, પણ શ્રાદ્ધ કર્મ ન કરવાં. ભૂત, પ્રેત, ડાકણ, વગે-રે યોની સાચી છે. ઋતૂકાળ સાચવવો, માંસ મદીરાનો ઉપયોગ નહિ કરવો, ગુરૂની આજ્ઞા ઇશ્વરી આજ્ઞા જેવી માનવી, મૂર્તિ પૂજા સત્ય છે. ઇશ્વર અવતાર લેતો નથી. ગો, બ્રાહ્મણ, સંત સાધુઓની સેવા કરવી. સ્મૃતિ પુરાણને માનવાં નહિ, ગુરૂના ગ્રંથને પૂજ્ય ગણવાં, મ્હોટી ઉમરે લગ્ન કરવાં, ને ધર્મનો નાશ કરવો.

**જગરોન**–પંજાબ માહેલું એક શેહેર. લુધીયાના શેહેરની દક્ષિણ પશ્ચિમે ૨૯ મૈલ ઉપર છે, ૧૮૬૯ માં લોક વસ્તી ૧૫૮૮૧ ની હતી. ૧૮૮૧માં ૧૬૮૭૩ ની હતી. તેમાં ૯૧૦૨ મોહમેદન, ૬૦૯૩ હિંદુ, ૧૩૭૨ શિખ, ૩૦૨ જૈન હતા. અત્રે પોલીસ થાણું, નિશાળ, સરાઇ અને દવાખાનું છે.

**જંગલ**—અતી ઝાડીવાલા ગિચ્છ ભાગને જંગલ કહે છે. હિમાલયની દક્ષિણમાં આવેલું તિરાહનું જંગલ અતી વિશાળ છે, તથા ગંગાના મુખ પાસેનું સુંદરબન જાણીતું છે. આ જંગલોમાં અતી ઉંચા ઘાસનાં છોડ તથા વિશાળ ઝાડ ઉગે છે. આ જંગલવાલા ભાગની હવા સરદ અને તાપ લાવનારી છે. આ જંગલોમાં સાંપ, વાંદરા, ચિત્તા, વાઘ, હરણ અને બીજાં હિંસક પશૂઓની ભારે વસ્તી છે.

**જંગલી કાગડો**—અથવા દ્રોણ. આ પક્ષી લગભગ ૧૪ ઇંચની લંબાઇનો હોય છે. એ રંગે કાળો, જાંબુડી પાંખો, અને તેની કાળી ભૂરી ચાંચ હોય છે. એ બ્રિટીશ ટાપુઓ, તથા યૂરપના દરેક ભાગમાં જણાય છે; તેમજ એશિયા અને ઉત્તર અફ્રિકામાં તથા અમેરિકામાં પણ વસે છે. એનો ખોરાક જીવજંતૂ અને નશોનો હોય છે. એ પોતાના માળા ઝાડ, ખંડીયર અથવા કરાડા-પર બાંધે છે. એની માદા એકી વેળા પાંચ સફેદ કાળી છાંટવાળાં ઇંડા મેળે છે. આ પક્ષીને પાળયો હોય તો તે જલ્દી પલોટાઇ જાય છે. જંગલી કાગડામાં નકલ કરવાની કુદ્રતી બક્ષેસ હોવાથી એને કેળવ્યાથી એ સારી નકલ કરી શકે છે.

**જંગલી જયગઢ**—આ કિલ્લો 'હેલવાક' (પાટણની પશ્ચિમે ૧૩ મૈલ પર છે) નાંમના ગામડાની ઇશાન્યે ૬ મૈલ પર સહ્યાદ્રી કોકણ-પટી બાજુએ ઢલતા પર્વત ઉપરના શિખર પર બાંધેલો છે. કિલ્લા ઉપર જવાનો સેહેલો માર્ગ જોતાં પ્રથમ 'તોરણા' નામના ગામડા સુધી ૩ મૈલ સુધીની ચઢાણ ચઢવી પડે છે. આ ચઢણ સેહેલી છે. ત્યાંથી આગળ ડુંગરાના માથાપર એક પગ વાટ છે. આ માર્ગે બીજા ૩ મૈલ જવું પડે છે. ત્યાં નાવજે (પાટણ તાલુકા માહેલું ગામ) નામના ગામડાથી તોપો વગેરે લઇ જવાનો બાંધેલો માર્ગ મળે છે. ત્યાંથી આગળ એક મૈલ જંગલમાંથી જવું પડે છે, અને પછી બાંબુની ગિચ્છ ઝાડી

જડે છે. તેમાંથી અતી કષ્ટથી રસ્તો શોધવોઃ પડે છે. પછી એક તેકડીના માથાપર આપણે જઈ પુગીએ છિયે, અને ત્યાંથી ૧૦૦ હાથ ઉપર નિચાણમાં કિલ્લો જણાય છે, ત્યાં જવા ફરી ઉતરાણ ઉતરી 'કારવી' નાં ગિચ્છ જંગલમાંથી અતી મેહેનતે જવું પડે છે, અને તે પછીજ માહા મેહેનતે કિલ્લાના દરવાજા પાસે પોંહચાય છે. ત્યાંથી ચારે હાથપગની સંભાળ સાથે એક નાહનો ખડક ચઢવો પડે છે; અને પછીજ દરવાજામાં પ્રવેશ કરી શકાયછે. આ દરવાજો ઉત્તર ભણી હોઈ તેની પાસેનો કોટ પડી ભાગો છે. આ કિલ્લો ચોખૂણો છે અને તે ૧૮૦ ફીટ લાંબો તથા ૧૫૦ ફીડ પોહળો છે. માહે પડી ભાગેલી અનેક ઇમારતો છે; તેમજ બીજાં તલાવો પણ છે, તેમાં બે તલાવો મ્હોટાં છે. આ ઉપરથી જણાય છે કે આગળ આ કિલ્લામાં કાયમની વસ્તી હોવી જોઈએ. કિલ્લાની બહારના કઢણપર અનેક ટાંકીઓ છે. અને તેનું પાણી નિર્મળ છે. પશ્ચિમ તરફ ૧૦૦ ફીટ સુધી ઉતરાણ સાધારણ સેહેલી છે, પણ બીજી કોકણ તરફની બાજુની ઉતરાણ અતી ભયંકર કરાડા રોકી છે. વચલું ગિચ્છ અરણ્ય ભાંગી સાફ કરેલું છે, તેથી નાંવજેથી કિલ્લા પર આવતાં ઝાઝી અડચણ પડતી નથી. ઉપર જવાનો માર્ગ બીકટ અને અતીશય ગિચ્છ ઝાડી વાલો હોવાથી તે કોઇ જોવા જતું નથી, પરંતુ આ કિલ્લા ઉપરથી 'મકરંદ ગઢ' સુધી સહ્યાદ્રિનો જે ભવ્ય સુંદર અને મનોવૃત્તિ તલ્લીન કરનાર દેખાવ નજર સામે આવી ઉભો રહે છે, તેવો અદભુત દેખાવ કોઈજ જગેથી નિહાળવાની તક મળતી હશે.

આ કિલ્લા વિશેના ઇતિહાસ ઉપરથી એટલુંજ જણાય છે કે ઇ. સ. ૧૮૧૦ માં પ્રતિનીધિની આશ્રિત 'તાઈતેલીણ' નામની એક શૂરવીર બાળા હતી, તેના તાબામાં આ કિલ્લો હતો, પણ બીજા બાજીરાવના સેનાંપતિ બાપુ ગોખલાએ તેનો પરાજ્ય કર્યો ને પોતે તેનો માલીક થયો હતો. ૧૮૧૮ ના મે માસમાં કર્નલ હિવેટના લશકરે તે જીતી લીધો હતો.

**જંગલી તંબાકુ**—આ એક તંબાકુના જેવો છોડ છે. તે સહ્યાદ્રી અને મંગળોરનાં માર્ગ પર નિલગીરિ પર્વતના એક શિખરપર 'રેવરંડ હાઇને' પ્રથમ જોઇ તેના ગુણ જાહેર કર્યા હતા. તે પછી ડૉ૦ ગ્રેહામ અને ગિબ્સે તેને ઘાટ પર મ્હોટી સંખ્યામાં જોયાં હતાં. ડૉ૦ પાંડુરંગ ગોપાળ મંત્રીએ આ જાતનાં ઝાડ ખંડાળા તથા માથેરાનની તેકડીનાં નીચલઃ ભાગમાં દીઠાં હતાં. તેમજ મહાબલેશ્વરનાં રેવતા ઘાટ પર દીઠાં હતાં. એના મૂળીયાં પાસેનો ડીરો જાડો હોય છે. પણ ઉપરથી તે પોકળ રહે છે. તેના છેડાપર તંબાકુના ઝુમકા જેવા પાંદડાનો ઝુમકો હોય છે. તેની પર પૌષ અને માઘ માસમાં સફેદ ફુલો આવે છે. એની જાતી ઇંગલીશ Lobelia Inflata ને મલતી છે. એના પાંદડાં તથા ફળમાંના ઝીણાં બીજ આંગળીએ દાબતાં તેમાંથી તિક્ષણ વાસ નીકળતાં આંખમાંથી પાણી આવી છિંકો આવે છે. એના પાંદડા તથા બીજમાં સરસ જેવો સ્નિગ્ધ દ્રવ્ય હોય છે. તેમાં વનસ્પતિનાં મુખ્ય સત્વ હોય છે. એની રસાયનિક પરિક્ષા હજી થઇ નથી. પણ ડૉ૦ પાંડુરંગ ગોપાળે દારૂનાં અર્કમાં એનાં પાંદડાં તથા બિયાનું ટીંકચર હાફ્ણ થયેલા દર્દીને ૧½ ડ્રામ આપી તેનો ગુણ તપાસ્યો હતો. આ દવાથી દર્દીને ઘણો આરામ થયો હતો, એમ ઉપલા તબીબ પોતાના ઔષધિ કોશમાં જણાવે છે.

**જંગલો**—સંગીત શાસ્ત્ર મુજબ આ રાગણી ગાવાનો વખત દિવસનાં ૩ જા પોહેરથી મધ્ય રાત્રી પર્યંતનો છે. જાતી સંપૂર્ણ છે. એટલે અરજ શદ્ધ, રિખવ તિવ્ર, ગંધાર કોમળ તિવ્ર-બે; મધ્યમ કોમળ, પંચમ શદ્ધ, ધૈવતતિવ્ર, નિખાદ કોમળ, એ મુજબ ૭ સ્વરો છે. આ રાગ જીલ્લાને મળતો છે.

**જજજ**—કાશમિરના રાજા જયાપિડનો એ સાળો હતો. જ્યારે જયાપિડ ઇ. સ. ૭૪૫ માં દિગ્વિજયની ઇચ્છાથી પરદેશમાં ગયો, ત્યારે જજજે જયાપિડનું થોડું સૈન્ય તથા સામંતોને વશ કરી પોતે ગાદીએ બેઠો. એણે ૩ વર્ષ સુધી ચિત્તાં ભરી રીતે રાજ્ય કર્યું. આ વેળા જયાપિડે જજજને ગાદીપર બેઠેલો જાણી પોતાના બળમાં વધારો કરવા જયન્ત રાજાની મદદ મેળવી ચઢાઇ કરી. તેમાં શ્રીદેવ નામના એક ગામડીયાના ગોફણના પથ્થર વડે જજજ મરણ પામ્યો. મરણ ૭૪૭ માં નિપજ્યું. કનિંગહામના મત મુજબ જજજે ઇ. સ. ૭૪૮થી ૭૫૧ વેર રાજ્ય કર્યું હતું.



**જંજીપૂર**—એજ નામના 'તાલુકાનું' મુખ્ય શેહેર, ભાગીરથીને કાંઠે છે. ૧૮૭૨માં વસ્તી ૧૧૩૬૧ની ને ૧૮૮૧માં ૧૦૧૮૭ની હતી. તેમાં ૬૦૭૮ હિંદુ, ૩૭૯૦ મોહમેદન છે. શેહેર ૨૬૪૦ એકર ઉપર છે. મ્યૂનિસીપલ મેહેસૂલ ૮૩૪ પૌંડનું ઉપજે છે. આ શેહેર શેહેનશાહ જહાંગીરે સ્થાપન કર્યું હતું. બ્રિટીશ રાજ્યની સ્થાપના વેળા અત્રે રેસમનો મ્હોટો વેપાર ચાલતો હતો, અને અત્રે ઇસ્તઇંડીયા કંપનીનું મુખ્ય વેપારી મથક હતું

**જંજીરગોળો**—એને ઈંગ્રેજીમાં એનશૉટ કહે છે. હિંદુસ્તાનમાં આગળ આ તોપ ખાતામાં વપરાતો ગોળો. એને કડીથી જોડેલો રાખતા, અને તેનો ઉપયોગ વહાણનાં સઢ અને દોરડાંનો નાશ કરવા તરફ કરતા. પણ હાલમાં એનો ઉપયોગ કરવામાં આવતો નથી.

**જંજીરા**—મુંબાઇ ઇલાકામાં કોલાબા જીલ્લામાંનું હબશી રાજ્ય. એની ઉત્તરે રોહાનો કાંઠો, પૂર્વે રોહા અને મહાડ તાલુકો, દક્ષિણે બાનકોટ કાંઠો, અને પશ્ચિમે અરબી સમુદ્ર છે. એનો સમુદ્ર કાંઠો ૪૦ મૈલ સમાંતર લીટીમાં લાંબો છે. ક્ષેત્રફળ ૩૨૫ ચોરસ મૈલ છે. વસ્તી ૧૮૭૨માં ૭૧૯૬૬, ૧૮૮૧માં ૭૬૩૬૧, ૧૮૯૧માં ૮૧૭૮૦ અને ૧૯૦૧માં પણ તેટલીજ વસ્તી હતી. વસ્તીમાં ૮૦·૯ ટકા હિંદુ, ૧૮·૨ ટકા મુસલમાન અને બીજી કોમની જૂજ વસ્તી છે. દરચોરસ મૈલે વસ્તી ૨૩૫ ની છે.

આ રાજ્યનો મુખ્ય ભાગ ૧૦૦૦ ફીટ ઉંચાઇના પહાડોથી છવાયલો છે; અને તે પર્વતો પશ્ચિમ ભણી દર્યા કાંઠે છે. પહાડની તળેટીવાલો ભાગ જંગલી ઝાડીથી છવાયલો છે, તથા ખેતી વાડી માટે પણ રોકાયલો છે. પહાડની તળેટીમાં ચોખાનાં ખેતરો મીઠાનાં અગરો વગેરે પુશકળ છે. નારીયળી અને ખજુરી તથા તાડ ઝાડનાં વનો આ દેશમા પુશકળ છે.

જંજીરાની આબો હવા મધ્મ છે. સમુદ્ર કાંઠેની હવા થંડીછે. થંડી ૭૬ ડીગ્રી પડે છે અને ગર્મી ૯૦ ડીગ્રી પડે છે. જુલૈથી આગસ્ટમાં વર્સાદ વર્સે છે. વર્સાદ સરાસરી ૧૦૦ ઈંચ પડે છે. અત્રેની પ્રજાનો મુખ્ય ધંધો માછીમારનો છે, નારીયેળી, સોપારી, ચોખા, સણનો પણ પાક આ તરફ સારો ઉતરે છે. મુખ્ય ઉદ્યોગ મીઠું પકાવવું, સાડી વણવાનો તથા પાઘડી બનાવવાનો ચાલે છે. જંજીરાના કિલ્લામાં સારાં કાગળો બનાવવાનું કારખાનું છે.

રાજ્યમાં ૨૫ નિશાળો છે, તેમાં ૧૪ મરાઠાઓની અને ૧૧ મોહમેદનોની છે. તેમાં ૮૧૬ અને ૫૫૮ વિદ્યાર્થીઓ ભણે છે. વળી છોકરીઓની ૩ શાળાઓ છે, તેમાં ૧૪૧ બાળકીઓ ભણે છે.

**જંજીરા**—ઉપલા રાજ્યનો મુખ્ય કિલ્લો તથા શેહેર, મુંબાઇની દક્ષિણે ૪૪ મૈલ ઉપર છે. ૧૮૮૧ માં વસ્તી ૧૭૮૪ની હતી. સમુદ્રથી કિલ્લાની દેવાલ ૫૦ ફીટ ઉંચી છે. કિલ્લામાં નવેંબર માસમાં ઓરસ ભરાય છે. તેમાં ૩૦૦૦ લોકો ભેગા મળે છે. કિલ્લાની પશ્ચિમે એ મૈલ ઉપર 'નાનવાલ' નામે દીવાદાંડી છે. જે ૧૫૦ ફીટ ઉંચી છે.

**જંજીરા ગોવા**—એની ઉત્તરે ગોવા નદી, દક્ષિણે અધશી નદી, પૂર્વે હોડે પ્રાંત અને પશ્ચિમે હિંદી મહાસાગર. લંબાઈ ૧૦½ મૈલ અને પોહળાઇ ૮ મૈલની છે. ક્ષેત્રફળ ૪૬ ચોરસ

મૈલ છે. તેમાં ૧૦ ટાપુ હોઇ ૪૦ ગામો છે. મુખ્ય શેહેર પંજી છે. આ જંજીરા ગોવામાંના ટાપુ–ગોવા, ચોડણ, જુવેં, કુંભારજુવે, અખાડા, વાટસા, વાંસી, ડોંગરી, અધશી અને જુવા (જુઓ ગોવા-ગોમાંતક.)

**જઝીયા**—મોહમેદન રાજ્યકર્તા પાદશાહોએ પોતાની પરજાતી પ્રજાપર આ ધર્મી કર નાખવાનો ચાલ શરૂ કર્યો હતો. આઇને અકબરીમાં જણાવવા મુજબ ખલીફ ઓમરે જે પ્રજા મહમદીયાન ધર્મમાં દાખલ નહિ થતી તેનીપર આ કર લાગુ પાડયો હતો. ઉંચ્યા વર્ગના પુરૂષ દીઠ ૪૮ દીરહમ, મધ્યમ સ્થિતિવાલા પાસથી ૨૪ દીરહમ અને ગરીબ હાલતવાલા પાસથી ૧૨ દીરહમ વસૂલ કરવામાં આવતા હતા.

હિંદમાં જઝીયા કર કયારથી હિંદુ પ્રજા પર લાગુ પાડયો તેની તવારીખ ચોક્સ નથી; પણ શેહેનશાહ અકબરના રાજ્યઅમલ નાં ૭ માં વર્ષમાં આ કર પરજાતી પ્રજા પાસથી લેતો બંધ કરવામાં આવ્યો હતો. પણ તે આગમજ અલાઉદ્દીનના સમયમાં આ કર લાગુ પડયો હતો. અકબરના અમલ પછી શહાજહાનના અમલની આખેરી સુધી આ કર બંધ પડયો હતો; પણ ઔરંગજેબે ફરી જઝીયા કર વસુલ કરવા માંડયો હતો. ઔરંગજેબના અમલમાં જઝીયા કર ઉધરાવનાર મુત્સદ્દી ઇનાયત ઉલ્લાહખાન હતો. ૧૨ સૈયદોના અમલમાં આ કર સદનતર કાઢી નાખવામાં આવ્યો હતો.

આ કર પરજાતીપર નાખવાનો સબબ એ બતાવવામાં આવેછે કે "જ્યારે મોહમેદન પ્રજા પોતાના સ્વધર્મિ રાજ્ય માટે લઢતા અને તેની નોકરી બજાવતા, ત્યારે પરજાતી તેવી ફરજથી બાકાત રહેવાને લીધે તેમનીપર આ કર નાખવામાં આવતો; અને તે કર ભર્યાથી રાજ્ય કર્તા તેમનું રક્ષણ કરવાનું વાજબી ધારતા."

પારસી પ્રકાશમાં જણાવ્યા મુજબ "ઇરાનમાં રહેતા જરતોસ્તી ઉપર સર્વેથી મ્હોટો સીતમ જઝીયા કરનો હતો અને તેને લીધે તેઓ માઠી હાલતમાં આવી પડયા હતા, અને તે બહાને ઘણાકો વટલી જતા. તથા આ કર વસૂલ કરતી વખતે ઇરાની અમલદારો જરતોસ્તીઓ પર તહેંવાર જુલમ ગુજારતા હતાં." આ કરનો જુલમ ટાલવા માટે તે વેળાના ઇરાનમાંના મુંબઇના જરતોસ્તી તરફના એલચી માનેકજી લીમજી આંટરીઆએ અત્રેના જરતોસ્તીઓનું ધ્યાન ખેંચવાથી નામદાર ૧ લા સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ તથા શેઠ માનેકજી નશરવાનજી પીટીટે ૧૮૫૭ થી આ કર ઓછો કરવા માટે તહેંવાર અર્જીઓ મારફતે કોશેસો ચાલુ રાખી શાહ નાસરૂલ્લાખાની મહેરબાનગીથી દર સાલ મુંબઇના પાર્સીઓ મારફતે વસૂલ કરવામાં આવેલા ફંડમાંથી રૂ ૪૨૦૦ જઝીયા કર પેટે એક નામે ભરી સર્વ જરતોસ્તી પ્રજાને તેમાંથી મૂક્ત કરવા ગોઠવણ ૧૮૬૨ માં કરી હતી. પણ આ કર હજી ભારે હોવાથી ૧૮૭૩ માં શાહ નાસરૂલ્લાખાન ઈંગ્લંડ આવ્યા તે તકનો લાભ લઇ મહાન નર શેઠ દાદાભાઇ નવરોજીની આગેવાની તળે એક અર્જી તથા માનપત્ર એનાયત કરી શાહનું આ બાબત પર લક્ષ ખેંચવામાં આવ્યા પછી છેક ૧૮૮૧ની આખેરીમાં શાહ નાસરૂલ્લાખાને આ કર લેવાનો માફ કર્યો, અને ત્યારથી ઇરાનના જરતોસ્તીઓ આ કરથી મૂક્ત થયા હતા. આ કર કાઢી નાખવાની મેહેનત અત્રે સ્થાપન કરવામાં આવેલી 'ઇરાનના જરતોસ્તીઓની હાલત સુધારનારી મંડળી' ના ઑ॰ સેક્રટરી શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીન તથા ખાનબહાદુર બમનજી બેહેરામજી પટેલે લીધી હતી.

આગળ આ જઝીયા કર મુંબઇની ઉપલી મંડળી હસ્તકનાં ફંડમાંથી ભરવામાં આવતો હતો. તે મુજબ ૨૧ મી માર્ચ ૧૮૫૮ થી તા. ૨૦ મી માર્ચ ૧૮૮૧ સુધીનાં ૨૩ વર્ષમાં ઇરાનની સરકારને કુલે રૂ ૧૦૯૫૬૪ ભરવામાં આવ્યા હતા.



**જઝોટી**— 'ઉજ્જનીની ઇશાન્યે ૧૬૭ મૈલ પર (Chiehits)નું રાજ્ય ૭ મી સદીમાં હતુ'" એમ એન થસાંગ નામે ચીનાઇ મુસાફર જણાવે છે. અબુરિહાને આ શેહેરનું વર્ણન આપેલું છે, અને તેની રાજધાની 'ખાજુરાહો' હતી એમ જણાવે છે. તે શેહેરમાં ઇબ્નભૂતાત ઇ. સ. ૧૩૩૫માં ગયો હતો, અને તે એનું નામ 'કાજુરા' લખે છે. વળી તે લખે છે કે "ત્યાં એક સરોવર તથા અનેક દેવાલયો હતા." આવીજ સ્થિતિ હાલમાં ખાજુરાહોની છે. આ બેઉનાં લેખ ઉપરથી 'જઝોટી' એ હાલનુ 'બુંદેલખંડ' જણાય છે.

બુંદેલખંડમાં પશ્ચિમ તરફનું બિટવા નદીથી પૂર્વે વિંધાવાસીનના મંદીર સુધી યમુના તથા ગંગાની દક્ષિણ તરફનો પ્રદેશ, દક્ષિણ તરફ નર્મદાના ઉગમ સુધી આવે છે. એમાં ચાંદોરી, સાગર અને બિલ્હારી એ પ્રાંતો સમાયલાં છે.

જઝોટીયાના બ્રાહ્મણી રાજ્યની સિમાં પણ એવીજ હતી. ઉત્તરે યમુના અને દક્ષિણે નર્મદા સુધી, અને પશ્ચિમ તરફનું બિટવા નદી ઉપરના ઉર્ચ્ચથી પૂર્વે બુંદેલ નાળા સુધી પ્રસાર પામેલું હતું. બુંદેલનાળા એ એક નાહનો ઝરો છે; તે બનારસ પાસે ગંગાને મળે છે. કનિંગહામ જણાવે છે કે "હું આ પ્રાંતમાંથી ૨૫ વર્ષ સુધી અનેક વેળા ફર્યો હતો. અત્રે જઝોટીયા બ્રાહ્મણો જ્યાં ત્યાં છે, પણ તે યમુના અથવા બિટવા એમની પેલી તરફ બીલકુલ નથી. ચાંદેરીમાં જઝોટી વાણીયા પણ રહે છે, આ ઉપરથી જણાય છે કે 'જઝોટી' એ દેશનું નામ હશે. દેશ ઉપરથી બ્રાહ્મણોનાં નામ ઘણાં પડેલાં છે. આ ઉપરથી હૂએને ૭મી સદીમાં જે જઝોટી પ્રાંત જણાવ્યો છે તે હાલનું બુંદેલખંડ હતું.

'ખાજુરાહો' માં હાલ લોક વસ્તી ૧૦૦૦ની છે. તેમાં જઝોટીયા બ્રાહ્મણ અને ચાંદેલ રજપૂત રહે છે. ૭ મી સદીમાં એજ રાજયધાની હશે. તેણે દર્શાવેલું અંતર બરાબર મળતું નથી, પણ આ ગામનાં કોસ (બે મૈલનો ૧ કોસ) નાહનાં હોવાથી આ મુજબની ભૂલ થઇ હશે.

**જટલેંડ**—આ યૂરપમાંનું એક દ્વિપકલ્પ. ક્ષેત્રફળ ૯૭૫૪ ચોરસ મૈલ છે. લોક વસ્તી ૧૮૯૦ માં ૯,૨૪૧૨૦ ની હતી. પાંચમી સદીમાં અત્રે જ્યૂ પ્રજાની વસ્તી હતી. જેઓએ ઇંગલંડ ઉપરની સેકસનોની ચઢાઇમાં ભાગ લીધો હતો, અને ડેનીશો ઉપર ફાવ્યા હતા.

**જટા માસી**—આ ઘાસના વર્ગની વનસ્પતિનાં ઝાડ નદી કાંઠે વિશેષ ઉગે છે. આ છોડ વેલાની પેઠે જમીન ઉપર પસરે છે. એને જટાશંકરણ કહે છે. એનાં મૂળ સ્વાદે સ્હેજ કડવાં હોઇ તેનું તેલ ત્થા ઘી કાઢી શકાય છે. જટામાસીનાં મૂળ બિલાડીની પુછડી જેવાં હોય છે અને તેપર સૂક્ષમ બાલ હોય છે. તેમાંથી બાષ્પભવન વડે એક સુગંધીત તેલ કાઢી શકાય છે. મુંબઇનાં મી॰ 'કેમ્પે' ૫૬૨ રતલમાંથી લાલાસ રંગનું ૩ ઔંસ તેલ કાઢયું હતું. તેનું વિશિષ્ટ ગુરૂત્વ ૯૭૪૮. હતું. એ ઉત્તર હિંદુસ્તાનમાંથી આવે છે. એનો વાસ 'ચ પો તથા વ્યાલેરિયનનાં મિશ્રણ જેવો આવે છે. એ કડવો પણ સુગંધી છે, એનો કાવો બનાવવાનું સુશ્રૂતમાં જણાવેલું છે. બાલ રંગવા માટે હાલમાં પણ ઉત્તર તરફનાં મોજીલા લોકો જટામાસીનો ઉપયોગ કરે છે.

**જટાયૂ**—હિંદુ ધર્મ કથા મુજબ 'વિનતા'નો પુત્ર જે 'વરૂણ' તેના બે પુત્રમાંનો બીજો. શ્રી રામ લક્ષમણ સિતાને વનવાસ દરમ્યાન પંચવટી તરફ જતાં એ મળ્યો હતો. જયારે રામ લક્ષમણ મૃગયાએ ગયા તે વેળા રાવણે સાધુ વેશે આવી સિતાનું હરણ કરી ચાલ્યો, ત્યારે જટાયૂએ તેને માર્ગમાં રોકી યુદ્ધમાં ઉતાર્યો હતો, પણ રાવણે યૂક્તિથી એની પાંખો છેદી મરણ તોલ કરી નાખી સિતાને લઇ નાહઠો. તે વેળા જટાયુનું આયુષ્ય ૬૦,૦૦૦ વર્ષનું હતું. જ્યારે રામ લક્ષમણ મૃગ્યાથી આવ્યા ત્યારે સિતાને રાવણ હરણ કરી લઇ જવાની ખબર જણાવી, પોતાનો પ્રાણ ત્યાગ

કર્યો હતો. જટાયૂને કર્ણિકાર, શતગામી, સારસ, રજ્જુબાલ અને ભેરૂંડ એવા પાંચ પુત્રો હતા.

**જટાસુર**—હિંદુ ધર્મ કથા મુજબ એ અંબુ-ક્ષુશાનો પિતા. પાંડવો તિર્થ યાત્રાથી બદ્રિકાશ્રમમાં જઇ રહેતાં તેમની સામે એ મુની વેષે જઇ રહ્યો. જટાસૂરની નેમ એવી હતી કે ભીમસેન આશ્રમમાં નહિ હોય ત્યારે પાંડવોને મારી દ્રૌપદી હરણ કરી જવી. પાંડવોએ એનું કપટ નહિ જાણતાં એની સાથે વિશવાસથી વર્તવા લાગ્યા. એક દિવસે ભિમસેન ફળ ફળાદી લાવવા બાહેર ગયો હતો, અને અર્જુન તો ઇંદ્રલોકમાં જઇ રહ્યો હતો, તે તક સોધી દ્રૌપદી સાથે પાંડવોને ઉચકી ઉડયો. પણ તેટલાં યુધિષ્ટીરે પોતાનું શરીર ભારી બનાવવાથી એને થોભી જવું પડયું. તેટલાં ભિમસેન તેમની શોધમાં આવી ચઢયો ને જટાસૂરને મારી નાખ્યો.

**જડબાં**—મનુષ્યના જડબામાં દાંત સુંદર રીતે ગોઠવાયલાં હોય છે. જડબાના હાડકામાં હારે દોર કાણાં હોય છે. આ છિદ્રમાં દાંતનાં મૂળ મજબુતાઇથી જડાયલાં હોય છે. ઉપલું જડબું કાંઇ હાલતું નથી, પણ માથું હાલે-તોજ તે હાલે છે. નીચલું જડબું માથાની બાજુ ઉપર ખીલી પસીયારાંથી જડાઇ રહેલું છે; ને તે ઉપર નીચે, આગળ, પાછળ હાલી શકે છે. આ નીચલાં જડબાની ગતીથી ઉપલા ને નીચલા દાંત એક બીજા સાથે ઘસાય છે, અને મ્હોમાં લીધેલો ખોરાક તેઓની વચમાં આવ્યાથી તેનો ચવાઇને ચુરો થાય છે.

**જડભરત**—પ્રિયવ્રત વંશોત્પન્ન જે ઋષભદેવ તેના પુત્રોમાંનો એક, વડો ભરત. એ રાજ્ય છોડી અરણ્યમાં તપ કરતો હતો, ત્યારે હરણીના બાળકની મમતાથી અંતકાલે એ આવતાં હરણીને જન્મે ગયો. હરણનાં જન્મ પછી એ અંગિરસ ગોત્રી કોઇ બ્રાહ્મણને ત્યાં જનમ્યો. આ વેળા તેને પોતાનાં પૂર્વ જન્મનું વૃત્તમાંન જણાતાં એણે જડ દેહ ધારણ કરવાથી એ જડ ભરત કહેવાયો. એ એટલા સુધી જડ બુદ્ધિનો થઇ રહ્યો હતો, કે કોઇ ખાવા આપે તો ખાય, નહિ તો તેમજ પડી રહેતો. એક સમે ચોરો એને નરબળી આપવાના વિચારે ઉઠાવી જઇ, દેવી સામે કતલ કરવા જતાં દેવીએ પ્રગટ થઇ ચોરોનો વધ કર્યો હતો. તે પછી એણે રહુગણ રાજાને આત્મ તત્વ બોધ આપ્યો હતો.

**જતી**—જૈન સાધુઓને જતી કહે છે. તેઓ ભિક્ષા માટેજ માત્ર બહાર નિસરે છે. તેઓ મોહમાં જીવજંતૂ પેસે નહિ તે માટે મોહ પર કપડાની પટી બાંધે છે. જયાં બેસે છે, ત્યાં જમીન સાફ કરવા બકરાના બાલની ચમરી રાખે છે. તેઓમાં કોઇ કોઇ સાધુ ચોમાસામાં મરવાનું વ્રત (સંથારૂ) લીયે છે. વ્રત લેનાર સાધુનાં દર્શને પરદેશથી હજારો લોકો આવે છે. તે ખાધા પીધા વિના પડી રહે છે. પંદર દિવસ પછી શક્તિ ક્ષિણ થતાં સુવે છે. સેવકો તે વેળા અન્ન નહિ આપતાં તાઢ-વાળા શરીરને ભીનાં કપડાં લગાડે છે. વ્રત લેવાના દિવસથી તેને અવ્વલ મંજલ પોંહચાડવાની તૈયારી ચાલે છે. મરતી વેળા તેને પાલખીમાં બેસાડે છે, ને મુવા પછી વાંજીંત્ર સાથે લઇ જાય છે. ભાવિકો, સ્ત્રીઓ પોતાની ઇચ્છા પુરી પાડવા તેના શબના વાહાન તળે પગે પડે છે; ને તેના પેહેરેલાં કપડાંના કકડા માટે સેવકો ઘણા માન ધરાવે છે.

**જંદ અવસ્તા**—(જુઓ અવસ્તા.)

**જંદીયાલા**-પંજાબમાં અમરીતસર તેહેસીલ-માંનું ગામ. અમરીતસરની દક્ષિણ પૂર્વે ૧૨ મૈલ ઉપર છે. આ ગામ લાહોર અને દિલ્લી રેલ્વેનું સ્ટેશન છે. જંદીયાલાને જાટે વસાવી પોતાના સરદાર 'જાંદી' ઉપરથી નામ રાખ્યું હતુ. વસ્તી ૬૫૩૫ ની. તેમાં ૩૪૯૦ મોહમેદન, ૨૩૮૦ હિંદુ, ૪૦૨ શિખ અને ૨૫૪ જૈન છે. અત્રે કાંસા તથા ત્રાંબાના વાસણ બનાવવાનાં મ્હોટાં કારખાનાં છે.



ગામમાં પોલીસ સ્ટેશન, સરકારી અને મીશન સ્કુલ, પોસ્ટ ઑફીસ, દવાખાનું છે.

**જનક**—(જુઓ બૃહદ્રથ)

**જનખોરી**—આ એક ટોળો જનખવારની ખીણમાં વસે છે, તેમજ તેઓ હસનખેલ, આદમખેલ, આફ્રિદી પર્વત, તૂતખાઇ અને બરખાઇમાં વસે છે. તેમનાં ૧૫૦૦ લઢાયક પુરૂષો છે. જનકવારી તરફ વસતા આફ્રિદી પણ શ્રેષ્ટ ગણાય છે. તેમજ તેઓ બહાદુર અને ચંચળ હોયછે.

**જન્માષ્ટમી**—અથવા ગોકુળ અષ્ટમી. શ્રાવણ વદી ૮. શ્રાવણ વદિ અષ્ટમીને દિને શ્રીકૃષ્ણજીનો જન્મ થયો, તેથી એને જન્માષ્ટમી કહે છે. આ દિવસે દેવકી પલંગ પર શયન કરેલી હોઇ કૃષ્ણ તેનું સ્તનપાન કરે છે. એવી મૂર્તિ અથવા ભિંતપર કાઢેલા ચિત્રનું પુંજન કરે છે. ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ (વિષ્ણુનો આઠમો અવતાર) આ દિવસે રાતના ૧૨ વાગે મથુરામાં થયો હતો. કંસ નામના દુષ્ટ રાક્ષસનો નાશ કરવાને વિષ્ણુએ આ જન્મ મથુરામાં લીધો હતો. કંસ મથુરાનો રાજા ને દેવકીનો ભાઇ હતો. એને નારદ મૂનીએ ભવિષ વાણી કહી હતી કે "દેવકીનો ૮મો પુત્ર તારો પ્રાણ લેશે. તેથી કંસે કૃષ્ણના માત પિતા દેવકી અને વસુદેવને કારાગૃહમાં પુર્યા હતા, જ્યાં કૃષ્ણ અવતાર થયો. એ રાત્રે જાગરણ કરે છે, તેમાં પુરાણ શ્રવણ, ભોજન, નૃત્ય વગેરે ગાયન ગાઇ ભજન કરે છે. બીજે દિવસે કૃષ્ણ ગોકુળમાં ગયા તેથી તે દિવસને જન્માષ્ટમી કહે છે. આ દિવસનો મ્હોટો ઓત્સવ હિંદુ લોકોમાં પાળવામાં આવે છે. તેમાં દહીની હાંડી ફોડવી એ મુખ્ય છે. તે ફોડયા પછી દહી, દુધ, પાણી વગેરે એક મેકના બદન પર નાખી ગોવિંદા ગોપાળા, બોલતા ભજન કરતા ફરે છે. તેમજ કાન્હોબા તે વખતે કેટલાકના અંગમાં આવે છે. આ કાન્હોબાનો કોકણમાં જેટલો ઓત્સવ થાયછે તેટલી ધામધુમ મહારાષ્ટ્રમાં થતી નથી.

ઉત્તર હિંદુસ્તાનમાં વૈષ્ણવ પંથી લોકો, ગોંસાઇ, વેરાગી આ મોહોત્સવ મ્હોટી ધામ-ધુંમથી પાળે છે. કૃષ્ણના મંદીર સામે એક મ્હોટો ખાડો ખણી તેમાં પાણી, તેલ, દહી, હળદ, મટોડી વગેરે ભેળી તેમાં કુદકા મારે છે, અને કેટલાકો તે વખતે હોળીનાં દિવસોમાં બોલતા વાકયો ઓચરી મોજ મેળવે છે.

**જનમેજય**—(૧) દિષ્ટ કુલોત્પન્ન સૂમતી રાજાનો પુત્ર. એણે ૩ દિવસમાં ભૂમિનો જય કરી તેનું આધિપત્ય મેળવ્યું હતું.

(૨) યયાતી પુત્ર પુરૂતાનો પુત્ર. એણે ૪ યજ્ઞ કરી વાન પ્રસ્થ થયો હતો. એને માધિવ સ્ત્રીથી પ્રાચીનવાન અને પ્રાચીતત નામે પુત્ર થયાં હતા.

(૩) સોમ કુલોત્પન્ન સ્ટંજય રાજાનો પુત્ર. એને માહામના નામે પુત્ર હતો.

(૪) ભારતિય યૂધ્ધમાં પાંડવોનાં પક્ષમાંનો એક રાજા. એને ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્મુખે માર્યો હતો.

(૫) સોમવંશીય પુરૂ કુલોત્પન્ન પંડુ પુત્ર. અર્જુનનો પુત્ર જે અભિમન્યુ તેનો પૌત્ર, અને પરિક્ષિત રાજાનો પુત્ર. એનો પિતા પરીક્ષિત સર્પ દંશથી મરણ પામતાં એણે સર્પ સત્ર કર્યા હતા. એણે કરેલા સર્પ સત્રમાં ૧૫ વાસૂકી નાગના કુળો, ૧૮ તક્ષકનાં કુલો, ૧૦ એરાવતનાં નાગનાં કુળ, ૯ કૌરવ્ય નાગનાં કુળ અને ૩૫ ધૃતરાષ્ટ્ર નાગનાં કુળ દગ્ધ થયાં હતાં. પણ પછી ઘણા સર્પો મારવા માંડયાથી અસ્તિ ઋષિએ સર્પ મંત્ર બંદ કરાવ્યું હતું.

**જનરલ**—અથવા જનરલ ઑફીસર. રણક્ષેત્ર-માં જનરલની સત્તા તળે અનેક તુકડીઓ કામ બજાવે છે. એક ટોળીનો જનરલ, એક વિભાગનો જનરલ તે લેફ્ટનન્ટ જનરલ, અને મેજર જનરલ લશકરની મ્હોટી તુકડીના સરદારને કહે છે. બ્રિટીશ સૈન્યમાં બ્રિગેડીયર જનરલની પદ્વિ સાધારણ મ્હોટી તુકડીની ઉપરની ગણાય છે. ૧૮૮૯માં પાંચ ફિલ્ડ માર્શલ બ્રિટીશ સૈન્યમાં હતા. તેમાં ૧૩

જનરલ, ૪૩ લેફ્ટનન્ટ જનરલ, અને ૧૧૭ મેજર જનરલ. એમાંના કેટલાકો સારી સત્તા ધરાવે છે; પછી પાંચ વર્ષ આ ઓધ્ધો ભોગવ્યા પછી તે તજવો પડે છે. મેજર જનરલને ૬૨ વર્ષની વયે, અને લેફ્ટનન્ટ જનરલને ૬૭ વર્ષની વયે નોકરી તજવી પડે છે.

લઢાઇના સમયમાં જનરલ કમાંડીંગઇન-ચીફને રોજીંદો ૧૦ પૌંડ ૧૫ શિલીંગ દિવસનાં; જો જનરલ મુખ્ય સત્તા પર ન હોય ત્યારે ૮ પૌંડ; લેફ્ટનન્ટ જનરલને ૫ પૌંડ-૧૦ શિલીંગ; મેજર જનરલને ૩ પૌંડ અને બ્રિગેડીયર જનરલને ૨ પૌંડ-૧૦ શિલીંગ મળે છે. જ્યારે તેઓ અર્ધા પગાર પર હોય છે, ત્યારે ફિલ્ડ માર્શલને ૧૩૦૦ પૌંડ વર્ષાન અને બીજાઓને ૮૦૦;૬૫૦ તથા ૫૦૦ પૌંડનું વર્ષાન મળે છે. નોકરીથી દૂર થએલા જનરલને ૧૦૦૦ પૌંડનું વર્ષાન મળે છે; લેફ્ટનન્ટ જનરલને ૮૫૦ પૌંડ, અને મેજર જનરલને ૭૦૦ પૌંડનું વર્ષાન મળે છે.

યૂનાઈટેડ સ્ટેટમાં જનરલની પદ્વિ સૌથી ચઢીયાતી ગણાય છે, અને તેની સ્થાપના ૧૮૬૬માં કૅાંગ્રેસે કરી હતી. વૅાશિંગટન જે સહુથી મ્હોટી પદ્વિ પામ્યો હતો તે લેફ્ટનન્ટ જનરલની પદ્વિ હતી. તે તરફ જનરલને વાર્ષિક પગાર ૧૩૫૦૦ સ્ટરલીંગનો મળે છે. લેફ્ટનન્ટ જનરલને ૧૧૦૦૦ સ્ટરલીંગ, મેજર જનરલને ૭૫૦૦ સ્ટરલીંગ અને બ્રિગેડીયર જનરલને ૫૫૦૦ સ્ટરલીંગ મળે છે.

**જનસ્થાન**—ગોદાવરીને દક્ષિણ કાંઠેનું સ્થળ. એને હાલમાં નાશક કહે છે. અત્રે રામના વખતમાં સૂર્પનખા અને 'ખર' રાક્ષસ વસતા હતા.

**જનાબાઇ**—આ કવિયણ વિષે ભક્તિવિજયમાં વર્ણન આપેલું છે. એ કુંવારી હતી ત્યારે પોતાના માતા પિતા સાથે વિઠ્ઠલ નાથજીની યાત્રાએ ગઇ; તે પાછી ફરીજ નહિ. ત્યારથી એણે પોતાનું આયુષ્ય વિઠોબાના ભજનમાં ગાળ્યું. એનું પાલન નામદેવને ઘરે થયું. ત્યા 'ગોણાઇ તથા રાજાઇ' એઓના સમાગમથી એ ઇશ્વર ભક્તિમાં લીન થઇ અને પ્રેમ ભક્તિથી સંત મંડળીમાં પ્રસિદ્ધ થઇ. એના ભાવિકપણા લીધે ઇશ્વરી સાક્ષાત્કારની વાતો ઘણી વાર લોકોમાં જોવામાં આવી છે. એની રચેલી અભંગ પુશકળ છે.

**જબલઅલજૂદા**—હાલના ભૂગોળ વેત્તાઓ આ પર્વતને અરેરાટ કહે છે. એ એરિવાનના પ્રાંતમાં ૧૬૨૦૦ ફીટ ઉંચો છે. એની પાસેનો દમાવંદ ૧૯૭૧૫ ફીટ ઉંચો છે. કેટલાક લોકો જબલઅલ જુદાને ૧૭૧૧૨ ફીટ ઉંચો જણાવે છે. જનરલ મોન્ટીન્થ આ પર્વતને 'અરેક્ષસ' ની સપાટીથી ૧૬૦૦૦ ફીટ ઉંચો જણાવે છે. તૂર્ક પ્રજાએ આ પર્વતને Axgridagh નામ આપેલું છે. આર્મેનિયન તથા મીશનરીઓ એને અરેરાટ અથવા "મૌન્ટ ઑવ ધી આર્ક' કહે છે. બેરોસસ અને અલેકઝાન્ડર જણાવે છે કે "તેમના સમયમાં ખલીફ અબ્બાસિદ્દીક ઇ. સ. ૭૪૯માં જ્યારે ઉપર ગયો ત્યારે ત્યાં આગલો મેહેરાબ દીઠો હતો. મોહમેદન દંત કથા મુજબ મેહેરાબ વાલી જગ્યા અરેરાટ પર નથી પણ કુર્દીસ્તાનમાંના જબલઅલ જુદામાં છે. જ્યાંથી ખલીફાઓ માટે તે બાંધકામ ભાંજી તેમાંથી મસજીદ બંધાવી હતી. દમાવંદ અરેરાટ કરતાં ૪૦૦૦ ફીટ ઉંચો છે.

**જબલપૂર જીલ્લો**—આ જીલ્લાની ઉત્તરે પન્નાનું રાજ્ય, પૂર્વે રેવાનું રાજ્ય, દક્ષિણે મંદલા, સીયોન અને નરસિંગપૂરનો બ્રિટીશ જીલ્લો, અને પશ્ચિમે દામોહ જીલ્લો.

ક્ષેત્રફળ ૩૯૧૮ ચોરસ મૈલ છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૫૨૮,૮૫૯ ની, ૧૮૮૧ માં ૬૮૭૨૩૩ ની હતી. જેમાં ૯ વર્ષ દરમ્યાન ૧૫૮૩૭૪ નો વધારો થયો હતો. આ વધારો થવાનું કારણ ૧૮૭૨ ના ભયંકર દુકાળથી બ્રિટીશ સરકારે જબલપૂર જીલ્લામાં દુકાળનાં બાંધકામ ખોલ્યાથી આસપાસનાં રાજ્યોમાંથી દુકાળીયાઓ કામપર ઉતરી પડી સ્થાઇવાસ કરી રહ્યાથી વધારો થયો હતો. જીલ્લામાં ૨૩૧૦ ગામડાં તથા શેહેરો



હોઇ, તેમાં ૧,૭૪૫૧૨ રેહવાનાં મકાનો છે. લોક વસ્તીમાં ૩૪૯૨૫૧ પુરૂષો અને ૩૩૭૯૮૨ સ્ત્રીઓની હતી.

આ જીલ્લાનાં ૩૯૧૮ ચોરસ મૈલ વિસ્તાર-માંથી ૧૫૬૩ ચોરસ મૈલ ભાગ ખેતીવાડીથી રોકાયલો છે. તેમાં ૧૧૧૫ ચોરસ મૈલ ખેડી શકાય તેવો અને ૧૨૪૦ ચોરસ મૈલ તદ્દન નાપીક જમીનનો છે. મુખ્ય પાક ઘઉં, કઠોળ, ચોખા, રૂ, તેલી બિયાંનો સારો થાયછે. જંગલમાં ગુંદર, લાખ તથા રેસમ ઉત્પન્ન થાય છે.

જબલપૂર જીલ્લામાં લોઢું તથા કોલસો પુશકળ મલે છે, અને ૧૮૮૨ માં તેની ૪૨ ખાણો તથા ૧૮૯૧ માં ૪૮ ખાણો ચાલુ ખોદકામ તળે હતી. રામઘાટ, ભેરાઘાટ, લમેતાઘાટ, તથા મહાનદી ઉપરના સિંગાપૂર-માં, તથા બીજી જગ્યામાં કોલસો જડે છે. ભેરાઘાટ તરફ ચુનખડી ઊંચા પ્રકારની મળે છે, તેમજ મુરવારા તરફ લીથોગ્રાફના પથ્થર મળી આવેછે, જેનો ભાવ કલકત્તાના બજારમાં સારો ઉપજે છે. લોઢાંની ખાણો માટે જાવળી, અગારિયા, મરોલી, અને પ્રતાપર, જાણીતા છે. મુરવાડામાંથી સંગેમરમર મલેછે.

જબલપૂરમાં તંબુ તથા ગલીચા બનાવવા-નાં કારખાનાં પણ છે. જબલપૂર શેહેર મ્હોટું રેલ્વે જંકશન ગણાય છે. જબલપૂર-ની ઇસ્ટ ઈંડીયા રેલ્વેની લાઇન ઉત્તર પૂર્વે અલાહબાદ સુધી વધે છે. તેની જુમલે લંબાઇ ૨૨૮ મૈલ છે. આ શાખા ૧૮૬૭ માં ૧ લી જુને વેપારના વધારા અર્થે ખુલ્લી મેલવામાં આવી હતી. મુખ્ય રેલ્વે લાઇન ગ્રેટ ઇંડીયન પેનીનસુલાની મુંબાઇથી દક્ષિણ પશ્ચિમે વધે છે, અને તે ૧૮૭૨ માં ખુલ્લી મેલવામાં આવી હતી.

જબલપૂરની આબોહવા તંદરોસ્તી માટે સુખાકારી ભરી છે, અત્રે વર્સાદ ૫૨·૧૩ ઈંચ પડે છે. માત્ર ૧૮૮૨ માં ૬૭·૭૫ ઈંચ પડયો હતો, જે ૧૫·૬૨ નો વધારો બતલાવે છે. થંડીમાં અત્રે સખત થંડી પડેછે.

**જબલપૂર શેહેર**—આ જબલપૂર જીલ્લાનું મુખ્ય શેહેર નાગપૂરની ઉત્તર પૂર્વે ૧૬૫ મૈલ ઉપર સમુદ્ર સપાટીથી ૧૪૫૮ ફીટ ઉપર છે. ૧૮૭૭ માં લોક વસ્તી ૫૫૧૮૮ની, ૧૮૮૧ માં ૭૫૭૦૫, ૧૮૯૧ માં ૮૪૪૮૧ ની અને ૧૯૦૧ માં ૮૯૭૦૮ ની હતી. તેમાં ૫૫૧૪૬ હિંદુ, ૧૬૯૧૬ મોહમેદન, ૬૨ કબીરપંથી, ૬ શીખ, ૨૪૦૦ ખ્રિસ્તી, ૧૦ બુદ્ધિસ્ત, ૧૧૦૦ જૈન, ૫૦ પારસી અને બીજા પરદેશી હતા.

આ શેહેરમાં હાલની સુધરેલી ઢપનાં માર્ગો બાંધ્યા છે. શેહેરના મધ્યમાં એક સુંદર તલાવ કાંઠે મંદીરો બાંધવામાં આવેલાં છે. અત્રે સૂતર, ઉન, ગલીચા તેલ તથા આટાનાં કારખાનાં છે. વાર્ષિક વેપાર ૩,૦૦,૦૦,૦૦૦ રૂપ્યાનો ચાલે છે.

નિકાશ વેપાર—ઘઉં, કાપડ, ધાતૂ, ગુલી ને સાકરનો છે. આયાત વેપાર—વેલાતી કાપડ, ધાતુ, નિમક, ઘી તથા તેલનો છે.

**જબલમૂસા**—મુસાનો પર્વત. આ નામ આર-બોએ હેરનની ખીણમાંના પર્વતની હારને આપેલું છે. અને જે પર્વત ઉપર સેંટકેથેરા-ઇનનો મઠ છે, તેને 'ભૂરસિના' નામ આપેલું છે. જ્યાં સેંટકેથેરાઇનનો મઠ છે તેને જ્યૂલોકોનાં 'સીનાઈ' પર્વત તરીકે ધારવામાં આવે છે. અત્રે મુસાને કાયદા ખુદા તરફથી મળયા હતા.

**જબાલે**—આઇહેમ નામના એક આરબ ખ્રિસ્તીનો બેટો. આઇહેમ 'ધાસેન' ટોળાનો રાજા હતો. જબાલે ઓમર ખલીફના અમલ વેળા મોહમેદન ધર્મમાં દાખલ થયો હતો. એનું મરણ હિજરી સન ૫૩—ઇ. સ. ૬૭૩માં નિપજ્યું હતું

**જબીરૂ**—આ પક્ષીની ૪ જાતો હિંદુસ્તાન, આફ્રિકા, દક્ષિણ અમેરિકા અને આસ્ટ્રિયામાં જણાય છે. અમેરિકન જબીરૂ ઘણું જાણીતું છે, અને તે મેકસિકોમાં અરજનટાઇન રિપબલીકની દક્ષિણ તરફ જણાય છે. આ

પક્ષી ૪થી ૫ ફીટ ઉંચું હોય છે. એના માથા શિવાય બધે સફેદ પીછાં હોય છે, તેમજ ચાંચ લાંબી વાંકદાર હોય છે.

**જંબુદ્વિપ**—પૃથ્વીનાં ૭ દ્વિપમાંનો પેહેલો. એ મેરૂની પશ્ચિમ બાજુએ વર્તુળાકાર હોઇ તેની વચમાં મેરૂ પર્વત છે. એનો વ્યાસ ૧,૦૦,૦૦૦ યોજન છે, અને એની આસપાસ એટલોજ મ્હોટો સમુદ્ર ફરી વળેલો છે. ત્યાં જામવૃક્ષો અતીશય ઉગે છે. હાલના તર્ક ઉપરથી જણાવ્યા મુજબ એ દુનિયાનો મધ્યભાગ હોવો જોઈએ. ભૂગોળ મુજબ હિંદુસ્તાનનો ઉત્તર પશ્ચિમ ભાગ આ દ્વિપમાં આવે છે, તેમાંથી માત્ર અફઘાનિસ્તાન જૂદો ધારવામાં આવે છે.

અત્રેનું આધિપત્ય કલ્પ આરંભમાં પ્રિયવ્રત રાજાનો પુત્ર અગ્નિધ્રને હાથ હતું. તેને ૯ પુત્રો હતાં. તેમને તેમના નાહના ભાગો વેંહેંચી આપ્યા હતા તે આ મુજબ—અજનાભવર્ષ, કીંપુરૂષ વર્ષ, હરિવર્ષ, ભદ્રાશ્વવર્ષ, રમ્યક વર્ષ, હિરણ્ય વર્ષ, કુરૂવર્ષ, કેતુમાલ વર્ષ; અને એ સર્વેની વચ્ચે ઇલાવૃત વર્ષ છે. આ દ્વિપમાં દસ હજાર યોજન ક્ષેત્રફળના પ્રમાણે ૫૭૦૦૦ દેશો છે. એને ભારતમાં સુદર્શન દ્વાપર કહેલો છે

**જંબુસર**—એજ નામના તાલુકાનું મુખ્ય શેહેર. ૧૮૭૨માં વસ્તી ૧૪૯૨૪ની અને ૧૮૮૧માં ૧૧૪૭૯ની હતી. તેમાં ૫૯૨૫ પુરૂષો અને ૫૫૫૪ સ્ત્રીઓ હતી. વસ્તીમાં ૮૭૪૧ હિંદુ, ૨૩૭૮ મોહમેદન અને ૧૨૯ જૈન તથા ૧૬ પારસીઓ હતા. હાલમાં ૧૫૦૦૦ની વસ્તી છે. શેહેર ૩૪૮ એકર ઉપર વસાયલું છે. દર ચોરસ એકરે ૩૨ માનસની રાસ આવે છે. મ્યૂનિસીપાલની ઉપજ '૫૯૫ પોંડ ઉપજે છે. અત્રે નિકાશ ગુલીનો છે. ૧૮૬૧માં અત્રે રેલ્વે લાઇન બંધાતા એના બંદરનો વેપાર પડી ભાગો છે. અત્રે ૧૮૭૪માં ૩ જીનીંગ ફેક્ટરી હતી. તેમજ ચામડાં કેળવવાના કારખાનાં અને કાલીકો પ્રિંટીગ (છિટ)ના કારખાનાઓ છે. તે શિવાય હાથી દાંત, બાંગડી કામ અને રમકડાં બનાવવાનો ઉદ્યોગ ચાલે છે. આ શેહેર બ્રિટીશોએ ૧૭૭૫માં પ્રથમ મેળવ્યું હતું, પણ ૧૭૮૩માં રઘુનાથરાવ પેશવાએ કોલકરાર મુજબ ૧૨,૦૦૦૦ રૂપ્યા ભર્યાથી ફરી મરાઠાઓ હસ્તગત થયું હતું; પણ ૧૮૧૭માં થએલા પુનાના કોલકરાર પછી આ શેહેર બ્રિટીશોને તાબે ફરી આવ્યું હતું. તે વેળા અત્રેની વસ્તી ૧૦૪૭૪ની હતી. ૧૮૧૭માં અત્રે ગુલીનો સારો વેપાર ચાલતો હતો. આગળ જંબુ શેહેરને ફરતો ઇંટરડીનો કોટ હતો, પણ ૧૮૪૯માં તે તુટી પડયો, ને હમણા તેની હસ્તી રહી નથી. શેહેરની ઉત્તરે ૧ મૈલ ઉપર 'આચારજી'ની બેઠક છે. અત્રે મામલતદારનું ઠાણું, પોલીસ ચોકી, સબાર્ડીનેટ જડજની કોર્ટ, મ્યૂનિસીપલ ઑફીસ, પોસ્ટ ઑફીસ, દવાખાનું વગેરે સરકારી મકાનો છે. શેહેરની ઉત્તરે નાગેશ્વરનું તલાવ છે, જેની વચમાં ૪૦ ફીટ ચોરસ ટાપુ ઉપર તર્હેવાર ઝાડો છે. અત્રે ૧૭૭૫થી ૧૭૮૩માં મી૦ કેલેંડરે એક કિલ્લો બંધાવ્યો હતો. આ કિલ્લામાં ખજાનો, દીવાની અદાલત, અને બીજી કચેરીઓ છે.

**જબેતખાનની નેહેર**—આ નેહેર યમુના નદી અને પહાડી પ્રાંતમાંથી નિકળે છે. ત્યાં ફૈજાબાદ પાસે યમુનાને પૂર્વ કાંઠેથી નિકળી ફરી યમુનાને મળે છે. એની લંબાઇ ૨૦૦ મૈલની છે. આ નેહેર ઘણાં વર્ષો ઉપર બુજાઇ ગઈ હતી, પણ ૧૮૨૨માં બ્રિટીશ સરકારે ભારે ખર્ચ કરી, ફરી ખુલ્લી મેલવાથી ખેડુત વર્ગને તે એક આશિરવાદ જેવી થઇ પડી છે.

**જંભાજી**—દિલ્લીમાં 'બીશનો' નામે એક નવો ધર્મ સ્થાપક. એ આગળ વિષ્ણુનો ભક્ત હતો. એઓ શબને બેઠેલી હાલતમાં દાટે છે, અને ઘણું કરી ઘેરમાં અથવા ખેતરમાં દાટવામાં સવાબ સમજે છે. એઓ લગ્ન પ્રસંગે કોરાન તથા હિંદુશાસ્ત્રનાં વાક્યો બોલી ક્રિયા કરે છે.

**જમખર**—અહમદનગર જીલ્લામાંનો એક તાલુકો. અહમદનગર શેહેરની દક્ષિણ પૂર્વે



અને 'સીના' નદીની પૂર્વે છે. ક્ષેત્રફળ ૪૮૨ ચોરસ મૈલ છે. તેમાં ૧ શેહેર તથા ૭૪ ગામડાં છે. ૧૮૭૨માં વસ્તી ૭૨૯૯૪ની અને ૧૮૮૧માં ૬૦૯૬૦ની હતી. તેમાં ૩૦૯૨૫ પુરૂષો, અને ૩૦૦૩૫ સ્ત્રીઓ હતી. વસ્તીમાં ૫૫૯૫૩ હિંદુ, ૩૧૯૬ મોહમેદનો તથા ૧૮૧૧ પરકોમના હતા. જમીનનું મેહેસુલ ૯૭૮૬ પોંડનું ઉપજે છે. તાલુકામાં ૧ દીવાની અને એક ફોજદારી કચેરી છે.

**જમખીન્ડિ**—દક્ષિણ મરાઠા જાગીર. કોલ્હાપુરનાં રાજ્યમાં છે. ક્ષેત્રફળ '૫૫૫' ચોરસ મૈલ છે. ૧૮૭૨માં વસ્તી ૧,૦૨૩૪૬ની હતી. ૧૮૮૧માં દુકાળ પડયા પછી વસ્તી ૮૩૯૧૭ની થઈ હતી. તેમાં ૪૧૪૯૫ પુરૂષો અને ૪૨૪૨૨ સ્ત્રીઓ હતી, ૧૯૦૧ માં વસ્તી ૧,૦૨૧૬૨ની હતી. દર ચોરસ મૈલે ૧૭૨'૬ની વસ્તી છે, વાર્ષિક ઉપજ ૪,૬૨,૧૪૨ રૂપ્યાની ઉપજે છે. રાજ્યમાં ૧ શેહેર તથા ૮૦ ગામડાં છે. તેમાં રહેવાનાં મકાનો ૧૪૮૯૦ છે. મારીગુદી ગામ પાસે અતી નરમ પ્રકારનો પથ્થર જડે છે. મુખ્ય પાક, રૂ, ઘઉં, કઠોળ વગેરેનો થાય છે. ઉદ્યોગ સુતરાઉ કાપડ અને કામળી બનાવવાનો ચાલે છે. ૧૮૮૩માં ત્યાં ૨૪ શાળા તથા ૧૨૨૯ વિદ્યાર્થીઓ હતા. રાજ્યના સરદાર પાસે ..૭ ઘોડેસ્વાર અને ૮૫૨ પાયદળ લશકર છે. બ્રિટીશ સરકારને ૨૦૮૪ પોંડ ખંડણી ભરે છે, સરદારને દત્તકપુત્ર લેવાની સનંદ મળેલી છે.

**જમખીન્ડિ**—ઉપલા રાજ્યનું મુખ્ય ગામ, બેલગામની ઉત્તર પૂર્વે ૭૦ મૈલ ઉપર અને કોલ્હાપૂરની પૂર્વે ૬૮ મૈલ ઉપર છે. ૧૮૭૨માં લોક વસ્તી ૧૨૪૯૩ની અને ૧૮૮૧માં ૧૦૪૦૯ની હતી. તેમાં ૮૪૬૦ હિંદુ, ૧૯૨૧ મોહમેદન હતા, મ્યૂનિસીપાલીટીની ઉપજ ૭૦૦ પોંડની છે.

**જમના**—ગંગાનો આ એક મુખ્ય પ્રવાહ, સમુદ્ર સપાટીથી ૧૦૮૪૯ ફીટ ઉપર જમનોત્રીની ઉત્તરે ૫ મૈલ ઉપર વહે છે; દક્ષિણ તરફ ૯૫ મૈલનો પ્રવાહ વટાવી સિવાલકીની તેકડીમાં પસરે છે, તે પછી દક્ષિણ તરફ હમીરપૂર સુધી વહેતી આગ્રા થઇ પૂર્વે વલાણ લેતી અલાહબાદથી ૩ મૈલપર ગંગાને મળે છે. ત્યાં વેર એની લંબાઈ ૮૬૦ મૈલની છે. એની કાંઠે દિલ્લી, આગ્રા, ફીરોજપૂર, ઇટવા અને અલાહબાદ આવેલાં છે, આ નદીમાંથી બનાવેલી નેહેરોમાંની પૂર્વ નેહેર (૧૮૨૩-૩૦) પૂર્વથી વધતી ૧૬૦ મૈલ વહી જમનાને મળે છે, અને પશ્ચિમ નેહેર (૧૮૧૭-૨૫)એ ફાંટામાં ૪૩૩ મૈલ વેર વહે છે.

**જમદગ્નિ**—વારૂણિભૃગુ કુલોત્પન્ન જે ઋચિક ઋષિની પત્નિ સત્યવતીનો પુત્ર. એને 'આર્ચીક' ને નામે પણ ઓળખવામાં આવે છે. દર આશ્વિન માસે પ્રસ્તુત સૂર્ય સમાગમમાં સંચાર કરવા એ સાથે રહે છે.

એ એટલો તો ક્રોધી હતો કે એક સમયે એની સ્ત્રી રેણુકા નદીપર સ્નાન માટે ગઇ હતી, ત્યાં ચિત્રરથ રાજા પોતાની સ્ત્રી સહ આવી જળક્રિડા કરતો હતો, તેને જોવામાં રેણુકા ગુંતાયાથી ઘેર આવતાં તેને વિલંબ થયો. આથી જમદગ્નિએ તેને શાસન કરવા માટે પોતાના એક પુત્રને આજ્ઞા કરી કે "તારી માતાને બાણુથી છેદી નાખ." પણ તેણે આવી અઘટીત આજ્ઞા સાંભળી તેમ કરવા ના પાડવાથી તે માતા તથા પુત્રને પાશાણ રૂપ બનાવ્યા. જ્યારે પરશુરામ વનમાંથી ઘરે આવ્યો ત્યારે તેને જમદગ્નિએ આગળ મુજબજ તેની માતા તથા ભાઇને મારી નાખવા કહેતાં, તેણે કહ્યા મુજબ તેમને બાણુથી છેદી નાંખ્યાં. આ કામથી સંતૂષ્ટ થઇ તેને ગમે તે માગી લેવા કહ્યું. પરશુરામે પોતાની માતા તથા ભાઇને સજીવન કરવાનું તથા મેં તેમને છેદ્યા તેનું તેમને ભાન નહિ રહે એવું માંગી, આજ પછી ક્રોધ રહિત થવાનું માંગ્યું. જમદગ્નિએ તે મુજબ તેમને સજીવન કરી, તે દિવસથી ક્રોધને મનથી એવો તો નિર્મૂળ કર્યો કે, એક વેળા સહસ્રાર્જુનના પુત્રોએ તેને તર્હેવાર

રીતે છળ્યા છતાં તેણે તેમને કશી ઇજા કરી નહોતી.

કેટલાક કાળ પછી કાર્તિકવિર્યના પુત્રોએ પરશુરામપર વેર લેવા થકી જમદગ્નિને આશ્રમમાં આવી મારી નાખ્યો હતો. આ ઉપરથી પરશુરામે ફરી એને સજીવન કરી પૃથ્વી નિઃક્ષત્રીય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**જમનોત્રી**—ઉત્તર પશ્ચિમ પ્રાંતમાં ધરવાલ રાજ્યમાંનો આ એક ઉષ્ણ ઉદકનો ઝરો, જમનાનાં પ્રવાહ નજદીક છે. આ ઝરો બંદરપંચ નામના ૨૦૭૫૮ થી ૨૧૧૫૦ ફીટ ઉંચ પર્વતની તળેટીમાં, સમુદ્ર સપાટીથી ૧૦૮૪૯ ફીટ ઉપર આવેલો છે. અત્રે હનુમાનનું મંદીર છે. કહે છે કે લંકાને આગ લગાડી હનુમાને પોતાની પુછડી અત્રેનાં ઝરામાં બુઝાવ્યાથી આ ઝરો ગરમ પાણીનો બનેલો છે. પણ ખરૂં કારણતો તેની તળે ગંધકની ખાણો હોવાનું છે. આ ઝરાના પાણીની ગર્મી ૧૯૪·૭ ફેરન હીટ છે. આ ઝરો જાત્રાળુઓમાં ઘણો પૂજ્ય ગણાય છે.

**જમ્બુક**—અથવા બડીમાઇ. એનાં ફળ ઔષધિ ઉપયોગમાં યોજેલાં છે. ઉત્તર હિંદુસ્તાનમાં હરડાને જગે એના ફળનો ઉપયોગ કરેછે, ઇરાનમાં એ ફળમાંથી એક પદાર્થ બનાવેછે તેને 'મ્યાના (Manna) કહેછે. એના વૃક્ષ સિંધ, અફઘાનિસ્તાન અને ઇરાનમાં ઉગેછે, એની બે જાતોછે, અને તેનો ઉપયોગ ચુનાની તબીબો ૫૦૦ વર્ષ ઉપર પણ જાણતા હતા. એની છાલ કડવી હોયછે.

**જંબુકેશ્વર**—(૧) શિવનો એલકાબ (૨) મદ્રાસમાં ત્રીચના પલ્લીમાં શ્રીરંગમ ટાપુમાંનું એક મંદીર. આ મંદીર મ્હોટા શ્રીરંગમની પૂર્વે ૪ મૈલ ઉપર છે. અત્રેનું મંદીર ૧૨ મી સદીમાં બંધાયલું જણાય છે, એનો બહારનો દરવાજો ગંજાવર નથી પણ માહેલા ચોકમાંનુ છત્ર ૪૦૦ સ્થંભોના ટેકાવદાર ટેકાથી ઉઠાવી બાંધેલું છે.

**જમરૂદ**—પંજાબમાં પેશાવર જીલ્લામાંનો કિલ્લો. આ કિલ્લો 'ખાઇબર પાસ' નજદીક તેના મુખ ઉપર છે. ૧૮૩૬માં રણજીતસિંગના સેનાધિપતિ હરિસીંગે જીતી લીધો હતો; પણ ૧૮૩૭ના એપ્રેલમાં અફઘાની સરદાર દોસ્ત મહમદના લશકરે તે ઉપર ચઢાઇ કરી હતી. તેમાં હરીસિંગ માર્યો ગયો હતો પણ શિખોની જીત થઇ હતી. આ કિલ્લો ૧૬૬૦ ફીટની ઉંચાઇ પર છે. ૧૮૭૮–૭૯ માં અફઘાન મામલા સમયે આ કિલ્લો બ્રિટીશ લશકરનું મુખ્ય બચાવનું મથક હતું, અને તેમાં હાલ ૩૫૦નું લશકર હમેશનું રહે છે. આ કિલ્લો ૩ તબક્કા પર છે, અને બે તબક્કા ઉપર તોપખાનું ગોઠવેલું છે. અત્રે ત્રીજો તબક્કો અતી ઉંચાઈવાળો હોઇ આસ પાસના પ્રદેશ પર નજર રાખવાના ઉપયોગનો છે.

**જમશેદ પાદશાહ**—આ મહાન ઇરાની પાદશાહ તેહેમાસ્પના ભાઇ વિવીંગાનનો પુત્ર હતો. એની માતું નામ ગુલનાર હતું. એનો જમાનો તવારીખ નવેશો* ઇ. સ. પૂર્વે ૪૩૫૦ પર જણાવે છે. એના રાજ્ય અમલ વિશે જૂદા જૂદા મતો છે. અવસ્તા મુજબ ૧૦૦૦; બુન દેહેશ મુજબ ૬૧૬; અને ફીરદોસી મુજબ ૭૦૦ વર્ષ રાજ્ય અમલ ભોગવ્યો હતો. એને કેટલાકો 'નૂહ' પેગંબર સાથે સરખાવે છે; કેમકે એના અમલમાં જગરેલ આવી હતી. એણે ઇરાનવેજની ... ૦૦ આબાદ કરી ત્યાંથી નિંદા, ગરૂરી, ... જાઇ ત્રાષ, કંગાલ્યત, ઠગાઇ, અને ૯ ... ારે સુધી મ્હોત બંધ કર્યું હતું. એણે ... ત ૪ વર્ગ કર્યા હતા; તેમાં અથોરનાન, રથૈ... વાસ્તરિઓશ અને હુતોક્ષ એ હતા. પહેલ... વર્ગના ધર્મ ગુરૂ તરીકેનું કામ બજાવતા, બીજા વર્ગના મેહેતા મુત્સદી અને રાજ્ય કારોબાર કરતા, ત્રીજા વર્ગના સીપાહગરીનું કામ બજાવતા હતા, અને ચોથા વર્ગના ખેડુત, કારીગર અને વેપારી હતા.

*બેલી' મુજબ ૩૨૦૯, આકું ટીલ તથા આનકરવીલ મુજબ ઇ. સ. પૂર્વે ૩૫૦૭ થી ૨૯૯૧.



જમશેદે અહૂરમજદની બશારતથી 'વર' નામનું સંસ્થાન સ્થાપી તેમાં ૧૦૦૦ ચુનન્દા જોડકાંઓ વસાવ્યાં હતા. તેમજ અહૂરમજદની બસારતથી ઋતૂના સખ્ત ફેરફારોની સામે નવાં સંસ્થાનનાં લોકોને બચાવ કરવા માટે બીજા બાંધકામો કર્યાં હતાં. અને તે પછી અઇર્યનેમવએજો 'વર' નો ત્રણ વખત વિસ્તાર વધારી મ્હોટો કીધો હનો. તે પછી ખ્વારિઝમ (ગદમનહુમંદ) નામના પહાડ ઉપર ફરોબગ નામનો આતશ સ્થાપન કર્યો હતો. વર સંસ્થાન પર ઉર્વતનર નામના જરતોસ્તના બેટાને પાછલા જમાનામાં વડો સરદાર નેમ્યો હતો. જે આગમજ 'કરસિપ્ત' નામે પક્ષીએ આવી ત્યાં દીન જાહેર કરી હતી.

જમશેદે પોતાના અમલમાં આફતાબી વર્ષ ચાલુ કર્યું હતું. અને જે દહાડે આફતાબ મેશનાં બુરજમાં સપર પેહેલો દાખલ થાય તે દહાડે એક મ્હોટું જશન કરવાનું ફરમાવ્યું હતું.

ફીરદોસી મુજબ એના અમલમાં લઢાઇનાં બખતર, તલવાર, છરા વગેરે હથિઆરોની શોધ થઈ. એણે ખેતીવાડીનો હુન્નર પ્રજાને શિખવી કાપડ વણવાનો ઉદ્યોગ ફેલાવ્યો હતો. એણે પોતાના દેશમાં વિદ્યા હુન્નરનો ફેલાવો પાસે પયને એટલું તો આબાદ કર્યું કે એને લશકર દાવો કરવાની મગરૂરી સુજી. ફીરખંડણીમુજબ તેણે પોતાની બુજોર્ગીભર્યા સનંદ તરફ નજર કરી અને દુનિયામાં જમશેની બરોબરીઓ કોઇને જોયો નહિં. જો ખુદાને પીછાનનાર પાદશાહે મગરૂરી કરી ખુદા તરફથી પીઠ ફેરવી અને મગરૂર બન્યો. તેણે લશકરમાંથી મ્હોટા માનસોને પોતાની પાસે બોલાવ્યા, ને નીચે મુજબ બોલ્યો. "હું મારા શિવાય દુનિયામાં કોઈને પિછાનતો નથી, આ દુનિયામાં હુન્નર મારાથી જાહેર થયો છે. મારી માફક કોઇ નામવર પાદશાહે પાદશાહી તખ્ત દીઠું નથી, આ દુનિયાં ખુબીથી મેં સણગારી છે, આ પૃથ્વી જેમ મેં ઇચ્છી તેવી બની છે. તમારૂં ખાવું, સુવું અને આરામ મારાથી છે. તમારૂં પેહેરવું ઓઢવું અને તમારી સર્વ ઇચ્છાઓ મારાથી છે, બુજર્ગી અને તાજ તથા પાદશાહી મારાં છે, કોણ કહેછે કે મારા શિવાય કોઇ પાદશાહ છે?. દુનિયા દવાદારૂથી દરૂસ્ત થઇ, એવી રીતે કે કોઇને બીમારી અથવા મ્હોતથી નુકસાન થયું નહિ, જો કે દુનિયામાં પાદશાહો થયા હશે તોપણ મારા શિવાય બીજા કોણે મોતને દુર રાખ્યું છે?. જાણો કે મારાથી તમારા તનમાં હોશ અને જાન છે. જે કોઇ અહરેમન હશે તે મારા તરફ નહિ ફરશે, જ્યારે તમો એ મુજબ જાણો છો કે મેં આ સર્વ કર્યું છે ત્યારે તમારે મ્હને દુનિયાંનો પેદા કરનાર ગણવો જોઇએ." આ સર્વ બુદ્ધિ જમશેદને અહરેમને ફરેબથી આપવાથી તે તુંદ ને મગરૂર બન્યો, આથી પ્રજા બેદીલ બની, તેની સામે થઈ. આ વેળા જોહાક નામે આરબ પાદશાહે બળવાખોરોને મદદ કરવાથી જમશેદ નિરાશ થઇ જાબુલીસ્તાન તરફ નહાઠો; ને ત્યાંના પાદશાહ કોરંગની બેટી સમનનાજ સાથે છુપી રીતે પરણ્યો, પણ કોરંગ પાદશાહે જ્યારે જમશેદને પોતાના જમાઇ તરીકે જાણ્યો ત્યારે તેણે જોહાકની બીહીકથી તેને કેદ કરવા ચાહ્યું. આથી જમશેદ ચીનાઈ તારતરી તરફ નહસવા જતાં માર્ગમાં કેદ પકડાયો ને જોહાકના હોકમથી બે પાટીયાં વચ્ચે મેળી તેને જીવતો ને જીવતો કાપી નાખવામાં આવ્યો.

જમશેદ પાદશાહ પાસે એક કરામતી જામ હતી, જેને "જામે જહાંનુમા" નામ આપેલું હતું. આ જામમાં ચોકસ વખતે જોવાથી ભવિષમાં બનનાર બનાવો જણાતા હતાં, પણ જ્યારે જમશેદે ખુદાઇ દાવો કર્યો ત્યારે તે જામની એજમતી અસર ગુમ થવા સાથે જમશેદનું ખોરેહ ગુમ થયું હતું.

**સર જમશેદજી જીજીભાઇ બેરોનાઇટ**—આ ૧ લા માનવંત ઉમરાવ અને સખાવતે

હાતમદિલ નરનો જન્મ ઇ. સ. ૧૭૮૩ માં ૫ જુલૈએ થયો હતો. પણ આ જન્મ સ્થળ વિશે જૂદા જૂદા લેખકોનાં ભિન્ન ભિન્ન મતો છે. ગંજનામુ, મુંબઇનો બહાર, પારસી પ્રકાશ વગેરે પુસ્તકો મુજબ આ નરનો જન્મ મુંબાઇમાં ક્રાફર્ડ માર્કીટ પાછળના 'યથાઅહુવૈરીયો' નામે મોહલામાં થયો હતો. ચુંટી કાઢેલા લખાણો, તવારીખે નવસારી, હિસ્ત્રીં ઑવ પારસી, મરાઠી ત્રીજી ચોપડી (કેળણી ખાતાની), મહાજન મંડળ વગેરે ગ્રંથો મુજબ નવસારીમાં મલેસર ફળીયાનાં વાચ્છા મ્હોલામાં થયો હતો.

સર જમશેદજીનાં માતા પિતા ગરીબ સ્થિતિમાં હોવાથી એમને ટુંક કેલવણી આપી ૧૨ વર્ષની વયે જમશેદજીના માસા ફ્રરામજી નશરવાનજી બાટલીવાલાને ત્યાં મુંબાઈ મોકલ્યા. જ્યાં ગુજરાતી વાંચતા લખતાં શિખી થોડુંક ઈંગ્રેજીનું જ્ઞાન મેળવી બાટલી વેચવાના ધંધામાં પડયા. તેટલાં ૧૭૯૯માં એમના માતા તથા ૧૮૦૦માં પિતા મરણ પામ્યાં. તે પછી એવણે કલકત્તા તથા ચીન મુસાફરીઓ કરી મી૦ તબાકની મેહેતાગીરીમાં રહ્યા હતા. એમના લગન ૧૮૦૩માં ૧૩ મી માર્ચે ફ્રે. ન. બાટલી વાલાની બેટી આવાંબાઇ સાથે થયાં હતાં (જુઓ લેડી આવાંબાઇ). એમના મસીઆઈ ભાઇ તથા શેઠ મેહેરવાનજી તબાકનો નબળો વખત આવવાથી પાછળથી જમશેદજીએ મોતીચંદ અમીચંદ, ફ્રરદુનજી સોરાબજી અને મહમદઅલી વગેરે ગ્રહસ્થો સાથે વેપાર ચલાવી જૂદા જૂદા શેહેરો તથા મુલકોમાં વેપારી આડત બાંધી હતી, અને થોડી મુદતમાં બંગાળ, મદ્રાસ, પીનાંગ, મલાક્કા, સુમાત્રા, સિંગાપોર, સિયામ, મનિલ્લા, ચીન, સુવેઝ, સ્મિર્ના, અલેકઝાન્ડ્રીયા અને ઈંગલંડ વગેરે દેશોમાં તેમણે આડત બાંધીને ત્યાંનો માલ ખરીદી કરવા તથા અંહીનો માલ ત્યાં મોકલવા માંડયો. તેમાં સર જમશેદજીની કુશળતાથી કંપનીને મ્હોટો ફાયદો થયો. ચીનની તેઓ ૪ વાર સફર કરી આવ્યા હતા. ચીનની બીજી સફરમાં તેમને ભારે અડચણ એ નડી કે તેઓ જે વહાણમાં બેસીને આવતા હતા તે ઇસ્ત ઇંડીયા કંપનીમાંનું એક હતું અને તે વખતે ઇસ્ત ઇંડીયા કુંપની તથા ફ્રેન્ચ લોકો વચ્ચે લઢાઇ ચાલતી હતી, તેમાં એકમેકના વહાણુના સીપાહો અથડી પડતા. આ સફરમાં તેમને ફ્રેન્ચ વહાણ સામું મળતાં ત્યાં બન્ને વચ્ચે લઢાઇ થઇ. તેમાં ફ્રેન્ચો હાર્યાથી આ સફરમાં જમશેદજી મુંબઇ પાધરા આવી શકયા પણ ચોથી સફરમાં ચીનથી માલ ભરી મુંબઇ આવતાં ફ્રેન્ચ વહાણે વહાણ અટકાવી લુટયું. તેમાં સઘળો માલ સર જમશેદજીનો હતો. તે પણ લુટાયા ઉપરાંત એમને કેદ કરી કેપ ઑવ ગુડ હોપમાં લઇ ગયા. ત્યાંથી વિટંબણા ખમતા Sessantitz ખાતે મળેલા એક વલંદા વહાણુને રૂ ૧૬૦૦ નું નૂર ભરી ખાધા પિધાની ભારે હાડમાડી ખમી ૧૮૦૩ ની ડીસેંબરે મુંબઈ આવી પુગા. તે આગમજ ૧૭ મી ફેબ્રુવારીએ મુંબઇ કોટમાં લાગેલી ભયંકર આગથી જે ૧૦૦૦ મકાનોનો નાશ થયો હતો તેમાં પણ જમશેદજીને ભારે નુકસાન ગયું હતું. આ મુજબ ૧૮૦૩ માં એમને હાડમારીઓ ઘણી ખમવી પડી હતી. તે પછી એમની હાડમારીનો અંત આવતાં ૧૮૦૭ થી મુંબઇમાં ઠરીઠામ રહી જૂદા જૂદા દેશો સાથે વેપાર કરવા માંડયો. ૧૮૧૪ થી તેવણે વહાણ વટીનો ધંધો શરૂ કરી પાંચ વહાણો પોતાની માલેકી તળે રાખ્યા હતા. ૧૮૨૮ માં દેશીઓને 'ગ્રાંન્ડ' 'પેટી' જુરરનાં હકકો મલ્યા હતા, તેમાં પેહેલા ગ્રાંડ જુરરમાંના સર જમશેદજી એક પેહેલા હતા, ૧૮૩૪ માં જસ્ટીસ ઓવ ધી પીસનું માન મેળવ્યું, ૧૮૫૧ માં મુસલમાનોએ કરેલા હુલડ વેળા બહારકોટના પારસીં વસનારાઓને ઘણું ખમવું પડયું તે વેળા સર જમશેદજીએ ખાધ ખોરાકીની



અમૂલ્ય મદદ કરી હતી. એવણ ૧૮૨૩થી પારસી પંચાતના અકાબરનું માન પામ્યા હતા.

પોતાની જુવાનીમાં માત્ર ૧૨૦ રૂપ્યાની ટુંક પુંજી ઉપર મદારત બાંધી દીર્ઘ દૃષ્ટીએ વેપારમાં પડી બે ત્રણ દાહેકામાં આ નસીબવંત નરે રૂ ૭,૦૦,૦૦,૦૦૦ ની ગંજાવર દોલત મેળવી હતી. જેમ તે દોલત દીર્ઘ દૃષ્ટી, કુશળતા અને સારે નસીબે મેળવી હતી તેવોજ તેનો છુટે હાથે ઉપયોગ સખાવત રૂપે કર્યો હતો, જેનું વર્ણન અને ટીપ આ ચરિત્રની સેવટમાં આપીયાં છે. ઇ. સ. ૧૮૪૨ ના મે માસમાં એમને સર નાઇટનો ખેતાબ મહારાણી સરકાર તરફથી મલ્યો, અને તે એલકાબનો સોનાનો ચાંદ ૧૮૪૨ માં ૧૫ મી ડીસેંબરે મુંબઇના ગવરનર સર જ્યૉર્જ ઑર્થરે જાહેર દરબારમાં એનાયત કર્યો હતો. તે ઉપરાંત એમને ફ્રીડમ ઑવ ધી સિટી ઑવ લંન્ડન'નું વેપારી માન મલ્યું હતું. તે પછી બેરોનેટનો માનવંતો ખેતાબ ૧૮૫૭નાં મે માસ માં આપવામાં આવ્યો હતો. ૧૮૫૬ નાં જુન માસમાં આ દેશના લોકોએ તેમનું પુતળું કોતરાવીને મુંબાઇના ટાઉનહૉલમાં મેલાવ્યું હતું, જે હજી ત્યાં કાયમ છે.

ઇ. સ. ૧૮૫૦ માં સર જમશેદજીની ખાસ મુલાકાત નામદાર વડોદરાના માહારાજા ગણપતરાવ ગાયકવાડે લીધી હતી, તે વેળા રાજા સાહેબને રૂપ્યા એક લાખનું નજરાણું આપ્યું હતું; અને એજ સાલમાં એવણ નવસારી જતાં માહારાજા ગણપતરાવ ગાયકવાડે તેમના માનમાં મ્હોટા પાયાંપર સરકાર તરફથી તૈયારી કરી બાદશાહી માન આપ્યું હતું.

એમના ત્રણ બેટાઓ ખરશેદજી, રૂસ્તમજી અને સોહરાબજી પણ પિતાના નામને જેબ આપે તેવા સખાવતે બહાદુર તથા ભણેલા નિવડયા હતા. સર જમશેદજીનું મરણ ૭૬ વર્ષની બુઝોર્ગ વયે ૧૮૫૯ માં ૧૪ મી એપ્રીલે નિપજ્યું હતું. આ વેળા મુંબાઇ ટાપુમાં તથા પરદેશોમાં એટલી તો દલગીરી ફેલાઇ હતી કે આખા શેહેરે હડતાળ પાડી હતી. તથા મુંબાઇની સરકારી તથા પરજાતી પેઢીઓ તથા ખાતાંઓ બંધ રાખ્યા ઉપરાંત; બંદરમાં પડેલી સઘળી મનવારો અને વેપારી વાહાણો ઉપરથી શોકના વાવટા, ડોલ કાઠી પર અર્ધ ઉડતા કરી શોકની લાગણી બતલાવવામાં ભાગ લીધો હતો.

સર જમશેદજીની જાહેર સખાવત લગભગ ૨૫,૦૦,૦૦૦ રૂપ્યાની હતી ત્યારે બીજી ખાનગી સખાવત સાથે લગભગ ૪૦ થી ૪૫ લાખની તેમની જુમલે સખાવત જણાવવામાં આવે છે. સર જમશેદજીએ ઘણાક દુનિયાની ગીરદેશથી પડી ભાગતા મ્હોટા ખાનદાનોને છુપી રીતે એવીતો ઉદાર મદદો કરી હતી કે તેવી ગંજાવર બક્ષેસની રકમની નોંધ તેવણે કદી જાહેર પડવા દીધી નથી; તેમ તેમના વારેસોએ તેવા નામીચા ખાનદાનીઓની ગરીબાઇમાં તેમના મુરબ્બીએ કરેલી મદદની [illegible] બીના જાહેરમાં નહિ પડવા માટે બંદોબસ્ત કર્યાથી તેવી નોંધો જાહેરમાં છપાએલી નહિ હોવાથી; એમના ખાનદાનની સંપૂર્ણ તવારીખ છેલ્લામાં છેલ્લી જુસ્તેજુ પછી મી૦ રતનજી બેરામજી માંડને પ્રગટ કરેલાં ગ્રંથમાં નીચે મુજબની જાહેર સખાવતની ટીપ આપી છે, તે અત્રે ઉતારી લીધી છે.

## સર જમશેદજીની જાહેર સખાવતની બનતી સંપુર્ણ ટીપ.

| સાલ | વિગત | રકમ |
|---|---|---|
| ૧૮૨૨ | શેઠ ખરશેદજીનાં લગનને દિવસે દેવાદારોને છોડવ્યા... | ૩૦૪૦ |
| ૧૮૨૫ | "નેટિવ એજ્યુકેશન સોસાયટીની" શાળા માટેનાં મકાન બાંધવાનાં ફંડમાં. | ૭૦૦ |
| ૧૮૨૬ | "કલકત્તા હૅરલ્ડના" અધિપતીનાં ફંડમાં | ૩૫૦ |
| ૧૮૨૭ | "નેટિવ એજ્યુકેશન સોસાયટીનાં" ફંડમાં | ૧૧૦૦૦ |
| ,, | "એલ્ફિનસ્ટન પ્રોફેસરશિપ" સ્થાપવા માટે | ૭૦૦૦ |
| ૧૮૨૯ | "એજ્યુકેશન સોસાયટીનાં" ફંડમાં | ૧૦૦૦ |
| ,, | "ઇસ્ટ ઇંડિયન એસોસિએશનનાં" ફંડમાં | ૩૦૦૦ |
| ૧૮૩૨ | મુંબઇ, કોલાબા ઓબઝર્વેટરી આગળનો કુવો બંધાવવા માટે | ૩૨૦૦ |
| ,, | કટક જીલ્લાના દુકાળ ફંડમાં | ૫૦૦ |
| ૧૮૩૩ | શેઠ ખરશેદજીનાં પહેલાં ધણીઆણીનાં ઉઠમણાં વખ્તે પારસી પંચાયતનાં ફંડમાં | ૧૫૦૦ |
| ,, | "રાતા સમુદ્રને" રસ્તે હિંદુસ્તાનનો વેપાર ખિલવવાને ઉભાં કરેલાં ફંડમાં. | ૧૦૦૦ |
| ,, | કારે ગામનો એક કુવો બંધાવવા માટે... | ૬૦૦ |
| ,, | ભાઠાં ગામનો નવો પૂલ બંધાવવાનો ખરચ.... | ૭૩૦૦ |
| ૧૮૩૪ | એ સાલના 'મુકતાદ' તાંકણે સુરતના પારસીઓમાં વહેંચવા માટે | ૧૫૦૦ |
| ૧૮૩૫ | 'કલેર સ્કોલરશિપ' સ્થાપવાનાં ફંડમાં... | ૧૫૦૦ |
| ૧૮૩૬ | બહાદુર કેપ્ટન સૅન્ડને ઇનામ આપવા માટે | ૫૦૦ |
| ,, | મુંબઇના કિલ્લાની "ચર્ચગેટ" અને "એપૉલોગેટ" ભાગલો પોહોલી કરવાનાં ફંડમાં | ૧૫૦૦ |
| ,, | શા. મોતીચંદ અમીચંદની યાદગારી જાળવવાનું ખાસ ફંડ સ્થાપી આપ્યું. | ૩૦૦૦૦ |
| ૧૮૩૭ | સુરતની મોટી આગ વખ્તની જૂદી જૂદી મદદના | ૩૫૦૦૦ |
| ,, | એ સાલના દખણ દેશના દુકાળ ફંડમાં. | ૧૫૦૦ |
| ,, | થાણું શહેરની ખાડીપર પૂલ બાંધવાનાં ફંડમાં | ૧૫૦૦ |
| ૧૮૩૮ | મુંબઈની પારસી અનજ્મેનને બાંધવા ધારેલાં દોખમાં ફંડમાં | ૧૨૨૪૦ |
| ,, | ઉત્તર હિંદુસ્તાનનાં દુકાળ ફંડમાં... | ૧૦૦૦ |
| ૧૮૩૯ | "કરનાક સ્કાલરશિપનાં" ફંડમાં | ૬૦૦૦ |
| ,, | મુંબઇ અને દેશાવરો ખાતે ગહમ્બાર કરવાને "ટ્રસ્ટ ફંડ" સ્થાપ્યું | ૧૬૮૫૦૦ |
| ,, | મુંબઇનો "એલાહિબાગ" બાંધવાનો ખરચ | ૭૦૦૦૦ |
| ,, | ખંડાળાની ધર્મશાળા પાછલ ખરચ્યા | ૨૦૦૦૦ |
| ,, | "સર જમશેદજી જીજીભાઇ ઇસ્પીટાલના" નિભાવ ફંડ માટે સરકારને આપ્યા | ૧૦૦૦૦૦ |
| ,, | તેનું મકાન બાંધવાને સરકારે ખરીદેલી જમીન માટે વધારાના ખરચના આપ્યા | ૪૦૦૦ |
| ,, | એ ઇસ્પીટાલ માટે એક મકાન બંધાવ્યું | ૫૦૦૦૦ |
| ૧૮૪૦ | સર ચાર્લસ ફોરબ્સનાં પૂતળાં-ફંડમાં | ૩૦૦૦ |



| સાલ | વિગત | રકમ |
|---|---|---|
| ૧૮૪૦ | ડયુક-ઑફ-વેલીંગટનને મુબારકબાદી આપવાનાં ફંડમાં | ૨૫૫૦ |
| ૧૮૪૧ | પ્રિન્સ-ઑફ-વેલ્સનો જન્મ થયો, તેની ખુશાલીમાં દેવાદારો છોડવ્યા | ૩૦૦૦ |
| ,, | પૂણાના પારસીઓ માટે અનજ્મેન ફંડ સ્થાપવામાં મદદના | ૧૦૦૦૦ |
| ૧૮૪૨ | અફઘાનિસ્તાનની લડાઇમાં માર્યા ગયલાઓની વિધવાઓને મદદ કરવાનાં ફંડમાં | ૧૦૦૦ |
| ,, | સુરતનાં આંધળાં લુલાંને મદદ કરવાનાં ફંડમાં... | ૫૨૫ |
| ,, | મી૦ જેમ્સ મૅથિસનની યાદગારીનાં ફંડમાં | ૧૦૦૦ |
| ,, | યુરોપનાં હૅમબરગ શહેરનાં આગનિવારણ ફંડમાં | ૬૦૦૦ |
| ,, | સુરત સયદપરાની આગ વખ્તે મદદના મોકલ્યા | ૫૦૦૦ |
| ,, | પૂણા શહેરમાં એક પૂલ બાંધવાનાં ફંડમાં | ૨૫૦૦ |
| ૧૮૪૩ | ઊદવાડાની મુલાકાત વખ્તે ધર્મદાન વિગેરે માટે | ૪૦૦૦૦ |
| ,, | "ગ્રાન્ટ મેડિકલ કૉલેજનાં" ફંડમાં પહેલીવાર ભરયા. | ૧૦૦૦ |
| ૧૮૪૪ | ઑનરેબલ જી. ડબલ્યુ. ઍન્ડર્સનનીયાદગારીનાં ફંડમાં | ૧૦૦૦ |
| ,, | ગણદેવી, બીલીમોરા, અને મહવા ગામને ગહમ્બારો કરવા વાસણો ભેટ આપ્યાં | ૧૪૦૦ |
| ,, | પૂણા શહેરની દરેમહેર બાંધવા પાછલ ખરચ્યા | ૪૫૦૦૦ |
| ,, | એ સાલની મુંબઇ બજારગેટની મોટી આગ વખ્તે સિપાઈઓને ઈનામ આપવા માટે | ૧૦૦૦ |
| ,, | પૂણાનો બંદ બાંધવા માટે સરકારને આપ્યા... | ૭૫૦૦૦ |
| ,, | ઇંગલાન્ડથી તેને માટે સાંચા વિગેરે મંગાવવાનો અને ઇજનેરના પગાર વિગેરેનો બીજો ખરચ... | ૯૮૦૫૦ |
| ૧૮૪૫ | શેઠ જેહાંગીર ખ. તારાચંદનાં ઉઠમણામાં | ૫૦૦ |
| ,, | માહીમ અને વાંદરાની ખાડી વચ્ચે મોટો પૂલ બાંધવાને લેડી જમશેદજી સાથ ખરચ્યા | ૧૫૫૮૦૦ |
| ,, | એ પૂલપર દેખરેખ રાખનાર સરકારી ઇજનેર કેપ્ટન ક્રુકશાન્કને ઇનામના આપ્યા. | ૫૦૦૦ |
| ,, | એ પૂલ બાંધનાર કંટ્રાકટર મી૦ જમશેદજી દોરાબજી નાયગામવાળાને ઇનામના આપ્યા... | ૧૫૦૦૦ |
| ,, | માહિમની બાજુ તરફ "લેડી જમશેદજી રોડ" બાંધવાનાં ખરચના | ૨૨૦૦૦ |
| ,, | ઘોરબંદરનું એક તળાવ ઊંડુ કરી, ફરી બંધાવી અપાવ્યું... | ૬૦૦૦ |
| ,, | મુંબઇ "બેલાસિસ રોડની" ધર્મશાળાનું મકાન બંધાવી આપ્યું... | ૫૭૪૦૩ |
| ,, | એજ મકાન માટે વધારાના ખરચના આપ્યા... | ૮૦૦૦ |
| ,, | એ મકાન માટે જમીન ખરીદવાને ખરચેલા... | ૧૦૦૦૦ |
| ,, | મિત્ર ફરામજી પે. દીવેચાનાં ઉઠમણામાં | ૫૨૫ |
| ૧૮૪૬ | બહેન બાઇ નવાજબાઈનાં પૂણ માટે ધર્મ કર્યો | ૬૧૦૦ |
| ,, | આયરલાન્ડના દુકાળ ફંડમાં | ૧૦૦૦૦ |
| ૧૮૪૭ | દસ્તુર એદલજી દોરાબજી સંજાણાની યાદગારી રાખવાનાં ફંડમાં... | ૧૦૦૦ |

| સાલ | વિગત | રકમ |
|---|---|---|
| ૧૮૪૭ | મુંબઈ "એપૉલો સ્ટ્રીટની" આગ વખ્તે, સેલરોને ઇનામ અપાવ્યું ... | ૧૫૦૦ |
| " | અન્દેરી તરફ એરલા-પારલાનો પૂલ બંધાવ્યો... ... ... ... ... | ૪૦૦૦ |
| " | "ડિસ્ટ્રીક્ટ બેનીવોલેન્ટ સોસાયટીને" નિભાવ ફંડ કરી આપ્યું... ... | ૫૦૦૦૦ |
| " | એજ ખાતાંને લેડી જમશેદજીને નામે આપ્યા... ... ... ... ... | ૨૦૦૦૦ |
| ૧૮૪૮ | મિત્ર શેઠ મનચેરશાહ ધનજીમહેતાનાં ઉઠમણાં વખ્તે ધર્મ કર્યા... ... | ૧૫૦૦ |
| " | બેશી, બાઈ મીઠીબાઇ બરજોરજી માણેકજી વાચ્છાનાં ઉઠમણાં વખ્તે ... | ૨૭૫૦ |
| " | કલકત્તાની "પૅરેન્ટલ ઍકેડૅમિક ઇનસ્ટિટયુશનનાં" ફંડમાં... ... ... | ૨૦૦૦ |
| " | ઈંગલાન્ડની ડૅવનપોર્ટ શહેરની લશકરી સ્કૂલને મદદના ... ... ... | ૧૦૦૦ |
| " | "ગ્રાન્ટ મેડિકલ કૉલેજ" માટે "બુક ફંડ" સ્થાપી આપ્યું... ... ... | ૧૦૦૦૦ |
| " | "ગ્રાન્ટ મેડિકલ કૉલેજ" માટે "પ્રાઇઝ ફંડ" સ્થાપી આપ્યું ... ... | ૫૦૦૦ |
| " | "ગ્રાન્ટ મૅડિકલ કૉલેજ ટૅક્સિકોલૉજી ફંડ."... ... ... ... ... | ૩૦૦૦ |
| " | "સ્ટુડન્ટસ લિટરરી ઍન્ડ સાયનટિફીક સોસયટીને" મદદ... ... ... | ૫૦૦ |
| " | "સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલેન્ટ ઇનસ્ટિટયુશનને" સ્થાપી ચાલુ કરવાને રોકડા રૂપિયા ત્રણ લાખ તથા બંગાલ બેંકના ૨૦ શેરો વિગેરે મળી કરીઆપેલી મોટી થાપણ ... ... ... ... ... | ૪૪૦૦૦૦ |
| ૧૮૪૯ | "ગ્રાન્ટ મેડિકલ કૉલેજ" માટે 'રિડ સ્કૉલરશિપનાં' ફંડમાં ભર્યા... ... | ૫૦૦ |
| " | નવસારી "જમશેદ બાગની" ધર્મશાળા બાંધવા પાછલના સર્વે ખરચના... | ૨૦૦૦૦ |
| " | "યુરોપિયન પેન્શનર્સ ફંડમાં"... ... ... ... ... ... ... | ૫૦૦૦ |
| ૧૮૫૦ | ભાણેજ, બાઇ રતનબાઈ હીરજીભાઇ સરાફનાં ઉઠમણા વખ્તે ... ... | ૫૦૦ |
| " | બાઇ ખરશેદબાઈ રૂસ્તમજી સરાફનાં ઉઠમણાં વખ્તે... ... ... ... | ૫૦૦ |
| " | સાસુ, બાઇ મોતલીબાઇ ફરામજી બાટલીવાલાનાં ઉઠમણાંવખ્તે... ... | ૩૦૦૦ |
| " | ગણદેવીના નસેસાલારોને પગાર આપવાને ફંડ કરી આપ્યું... .. ... | ૫૦૦૦ |
| " | નવસારીની દરેમહેરની ઇમારત બાંધવાનો કુલ્લે ખરચ. ... ... ... | ૮૪૦૦ |
| " | નવસારીની તેમની યાદગાર મુલાકાત વખ્તે છુટક ખેરાતના આસરે રૂપિયા | ૧૦૦૦૦૦ |
| " | "સૂરત ચૅરિટી ફંડ" સ્થાપ્યું તેની થાપણના... ... ... ... ... | ૧૨૫૦૦૦ |
| " | "નવસારી ચૅરિટી ફંડ" સ્થાપ્યું તેની થાપણનાં ... ... ... ... | ૬૨૫૦૦ |
| " | "સર જમશેદજી જીજીભાઈ ઇસ્પીટાલમાં" ટાવરનું એક મોટું ઘડીઆલ મૂકાવવાના... ... ... ... ... ... ... ... ... ... | ૮૫૩૧ |
| ૧૮૫૧ | ઑનરેબલ જે. પી. વિલોબીનાં ફંડમાં... ... ... ... ... ... | ૬૦૦ |
| " | શેઠ ફરામજી કાવસજી બનાજીનાં ફંડમાં... ... ... ... ... ... | ૬૦૦ |
| " | "સ્કૂલ ઑફ-ઇનડસ્ટ્રી"-તે હાલની સાસૂન ઉદ્યોગ શાળાનાં ફંડમાં ... | ૧૭૫૦ |
| " | લાચાર ઇરાનીઓ માટે, ચોપાતીની ધર્મશાળા માટે જોઈતી જગ્યા ખરીદવાનાં ફંડમાં ... ... ... ... ... ... ... ... | ૨૦૦૦ |
| " | મુંબઈ, ભાયખલા તરફ 'ડીકનું તળાવ' ફરી બંધાવવાના ખરચના ... | ૨૩૦૦૦ |
| " | પોતાના દીકરાઓનાં બાળકોની નવજોતની ખુશાલીમાં પારસી પંચાયતને ધર્મખાતે આપ્યા ... ... ... ... ... ... ... ... | ૩૦૦૦ |
| " | 'સર જમશેદજી ઇસ્પીટાલ સાથે" સુવાવડખાનાનું એક મકાન બંધાવવાને સરકારને આપ્યા ... ... ... ... ... ... ... | ૩૦૦૦૦ |



| સાલ | વિગત | રકમ |
|---|---|---|
| ૧૮૫૧ | લેડી જમશેદજી પૂલની વાંદરા કસ્બાની બાજુના બે રસ્તાઓ બાંધવાને ખરચ્યા. | ૬૦૨૪ |
| ૧૮૫૨ | 'સર અર્સકીન પેરીની યાદગારીનાં ફંડમાં ... ... ... ... ... | ૧૦૦૦ |
| " | મુંબઇ 'સેલર હોમનાં' ફંડમાં ... ... ... ... ... ... ... | ૨૦૦૦ |
| " | "બોમ્બે એસોશિએશનનાં" ફંડમાં ... ... ... ... ... ... | ૩૦૦૦ |
| " | મુંબઇની પાંજરાપોળને ઇ. સ. ૧૮૩૫ થી ૧૮૫૨ સુધી "લાગાના" ભર્યા. | ૮૦૦૦૦ |
| " | એજ ખાતાંને ઓછામાં ઓછા બીજા પરચુરણ એ વખ્તપર આપ્યા... | ૨૦૦૦૦ |
| " | પાટણ શહેરની પાંજરાપોળને મદદના... ... ... ... ... ... | ૩૦૦૦ |
| ૧૮૫૩ | મુંબઇ બજારગેટને નાકેનો કુવો બાંધવા પાછલ ... ... ... ... | ૧૩૬૬ |
| " | નવસારીની નિશાળનું મકાન બાંધવાનો ખરચ ... ... ... ... | ૧૨૦૦૦ |
| ૧૮૫૪ | ડયુક-ઑફ-વેલીંગટન મૅમોરિયલ ફંડમાં... ... ... ... ... ... | ૫૦૦૦ |
| " | સુરતની દરેમહેર બંધાવવા વિગેરેના ખરચના... ... ... ... ... | ૧૫૦૦૦ |
| " | ઉપલી દરેમહેરનાં નિભાવ ફંડમાં... ... ... ... ... ... ... | ૫૫૦૦ |
| " | સુરત "એલાહિબાગનું" મકાન બાંધવા પાછલ. ... ... ... ... | ૩૪૦૦ |
| ૧૮૫૫ | "પૅટ્રિઆટિક" ફંડમાં ... ... ... ... ... ... ... ... | ૫૦૦૦ |
| " | શેઠ ખરશેદજીનાં એક દીકરી બાઇ જીવણબાઇ હોમજી. ખ. દાદીશેઠનાં ઊઠમણા વખ્તે... ... ... ... ... ... ... ... ... | ૨૩૦૦ |
| " | મુંબઇનાં મેદાનનાં જૂદા જૂદા કુવાઓ પાછલ... ... ... ... ... | ૭૦૦૦ |
| " | લન્ડન-"ક્લૉક મેકર્સ ઍસોશિએસનનાં" ફંડમાં ... ... ... ... | ૨૦૦૦ |
| " | ઈરાનના જરથોસ્તીઓને સુદરેહ કુસ્તી પૂરી પાડવાને ઈરાન મોકલી આપ્યા. | ૫૦૦ |
| " | નવસારીની ઊતરતી જાતના લોકપર ચાલુ રહેલો "ચુલા વેરો" નામનો કર કાઢી નાંખવાને ગાયકવાડ સરકારને જૂમલે ભરી દીધા... ... | ૧૧૯૦૭ |
| ૧૮૫૬ | સુરતના પ્રખ્યાત કોટવાલ અરદેસર ધનજીશાહ બહાદૂરનાં ઊઠમણાં વખ્તે. | ૧૫૦૦ |
| " | ફ્રાન્સ દેશનાં એ સાલનાં ભયંકર તોફાણ વખ્તે મોકલેલી મદદના ... | ૫૦૦૦ |
| " | મુંબઇ મૅસજીદ બંદર આગળ એક મોટો કુવો બંધાવ્યો... ... ... | ૩૦૦૦ |
| ૧૮૫૭ | એ સાલનાં બળવાથી લાચારીમાં આવી પડેલાંઓને મદદ કરવાના ફંડમાં | ૩૦૦૦ |
| " | બેશી, રતનજી દાદાભાઇ માણેકજી વાચ્છાનાં ઊઠમણાં વખ્તે ... ... | ૫૦૦ |
| " | "સર જમશેદજી જીજીભાઇ સ્કૂલ ઑફ આર્ટના" નિભાવ માટે સરકારને આપ્યા ... ... ... ... ... ... ... ... ... ... | ૧૦૦૦૦૦ |
| ૧૮૫૮ | પ્રખ્યાત લડવૈયા જેનરલ હેવલોકનાં ફંડમાં ... ... ... ... ... | ૭૫૦ |
| " | પોતાનાં બહેન બાઇ બાઇઆઇનાં ઊઠમણાં વખ્તે ... ... ... ... | ૧૮૦૦ |
| " | આબુ શહેરની "લોરેન્સ એસાઇલમ સ્કૂલને"... ... ... ... ... | ૧૦૦૦ |
| " | 'વિકટોરિયા ગાર્ડન્સ" ફંડમાં ... ... ... ... ... ... ... | ૧૦૦૦ |
| " | નવસારીની "વિકટોરિયા ડિસ્પેન્સરી" માટે ... ... ... ... ... | ૭૫૦૦૦ |
| ૧૮૫૯ | મુંબઇના પારસી આંધળાં લુલાંની ખરચસીનાં ફંડમાં મરણ પછી ... | ૧૦૦૦૦ |
| " | મુંબઇની ગોદીના પારસી સુથારોનાં ફંડમાં... ... ... ... ... | ૫૦૦૦ |
| ૧૮૬૦ | મરણ પછી, તેમને ખરચે મુંબઇની "ગોદાવરા પંથના" મોબેદોની અગિયારી તૈયાર થઇ તેના સર્વ ખરચના, આસરે ... ... ... | ૨૦૦૦૦ |
| | જુમલે રૂપિયા ... | ૨૪૮૮૯૬૧ |

**સર જમશેદજી જીજીભાઈ સી. એસ. આઈ. બીજા બેરોનેટ**—(જન્મ નામ ખરશેદજી). જન્મ ઇ. સ. ૧૮૧૧માં ૯મી અકટોબરે મુંબઇમાં થયો હતો. મહાન સખી નરના આ ચંચળ બેટાને બચપણમાં તે વખતના રેવાજ મુજબ ઘટતી ગુજરાતી ઇંગ્રેજી કેલવણી આપી હતી. ૧૮૨૨માં એમના લગ્ન થયા પણ આ બાઇ ૧૮૩૩માં મરણ પામતાં ૧૮૩૫માં બીજીવાર લગ્ન કર્યાં હતાં. ૨૦ વર્ષની જુવાન વયથી પોતાના પિતા સાથે વેપારમાં જોડાઇ જાહેર બાબતોમાં પણ ભાગ લેવા માંડયો હતો. ૧૮૪૫ માં તેવણ જી. આઇ. પી રેલ્વેનાં એક ડિરેકટર નેમાયા હતા. તે ઉપરાંત યૂનિવરસિટીના ફેલોનું માન મેળવ્યું હતું.

૧૮૫૯માં પેહેલા સર જમશેદજીનાં મરણથી એમને બારોનેટનો ખેતાબ મલ્યો, તે પેહેલાં ખરશેદજીના નામથી ઓળખાતા હતા, પણ બેરોનેટ થતાં બીજા સર જમશેદજી તરીકે આશકારા થયા. ઇ. સ. ૧૮૬૦માં બીજા સર જમશેદજીએ ઇંગલંડની મુસાફરીએ જઇ ત્યાં મહારાણી વિકટોરીયાની ખાસ મુલાકાતનું માન મેળવ્યું હતું.

તે પછી એવણ મ્હોટે ભાગે પુને રહેતા હતા. સર જમશેદજીએ તે વેળા પોતાના ભાઇ રૂસ્તમજી સાથે શેરનાં ધંધામાં જીપલાવ્યાથી તેમાં ભારે ખોટમાં ઉતરી પોતાની ગંજાવર દોલતનો મ્હોટો ભાગ માગનારાઓનાં દેણા પટાવવામાં ભરી દીધો હતો. ૧૮૬૭થી ૧૮૭૨ સુધી તેઓ મુંબઇની લેજીસલેટીવ કૌન્સીલના સભાસદ હતા. ૧૮૬૮માં સર જે. જે. ઑસ્પીટલના વધારા માટે રૂ૫૦,૦૦,૦ની બક્ષેસ કરી હતી. તેમજ સર જે. જે. બેનીવોલંટ સ્કુલને રૂ૧૦,૦૦૦ની બીજી બક્ષેસ કરી હતી. ૧૮૭૩માં એમને સી. એસ. આઇનો માનવંતો ખેતાબ મલ્યો હતો. ૧૮૭૬માં હાલના નામદાર શેહેનશાહ એડવર્ડ ૭માં મુંબઇની મુલાકાતે આવ્યા હતા તે વેળા સર જમશેદજીએ તેમની સાથે ઘણા મિત્રભાવ સાથે વખત ગુજાર્યો હતો. ૧૮૭૭માં એવણે દિલ્લી દરબારમાં ખાસ નોતરાથી ભાગ લીધો હતો પણ અલાહબાદ તરફ રેલ્વે ટ્રેનને અકસમાત થવાથી એમને જબરો આવેશ થયો. તે પછી પુને લથડતી દેહ સાથે ફરી એજ વર્ષમાં ૧૧મી જુલૈએ મરણ પામ્યા હતા.

**સર જમશેદજી જીજીભાઇ સી. એસ. આઇ ૩ જા બેરોનેટ**—એમનો જન્મ ઇ. સ. ૧૮૫૧ માં ૩ જી માર્ચે થયો હતો. જન્મ નામ માણેકજી હતું. બચપણમાં ગુજરાતી તથા ઇંગ્રેજી ભાષાનો પુખ્ત અભ્યાસ કરી ૧૮૭૨માં મેટ્રીકયુલેશનની પરિક્ષા પસાર કરી એલ્ફિન્સટન કૉલેજ તથા પૂણાની દખણ કૉલેજમાં ટુંક અભ્યાસ કર્યો હતો. ૧૮૭૨ માં ૭ મી ફેબ્રુવારીએ એમનાં લગ્ન બાઇ જરબાઇ શાપુરજી બાટલીવાલા સાથે થયાં હતાં. ૧૮૭૩ થી એવણે પોતાના પિતા સાથે જાહેર બાબતોમાં ભાગ લેવા માંડયો હતો. ૧૮૭૫ માં જસ્ટીસ ઑાવ ધી પીસ તથા એજ સાલમાં યૂનિવર્સીટીના એક ફેલો સરકાર તરફથી તેમને નેમવામાં આવ્યા હતા. ૧૮૭૭ માં એમના પિતાના મરણથી ત્રીજા બેરોનેટ તરીકે જાહેર થયા; અને એજ સાલમાં પારસી કોમનાં વડા અકાબર તરીકે નેમવામાં આવ્યા હતા. ૧૮૭૯ માં મુંબાઇ સરકારની ધારા સભાનાં એક અધિકારી તરીકે નેમાયા હતા. અને તે પછી ત્રણ મરતબે ઓધો પામી ૧૮૮૫ સુધી તે જાળવ્યો હતો. અને ૧૮૮૬ થી તેઓ કૉરપોરેશનના સભાસદ તરીકે સરકાર તરફથી ચાલુ નેમાયા હતા. ૧૮૮૪ માં તેમને સી. એસ. આઇનો માનવંત ખેતાબ મલ્યો હતો. ૧૮૮૬ માં ઇરાનનાં શાહ નાસરૂલ્લાખાને એમને એક ચાંદ ભેટ કર્યો હતો. તેમજ એવણે નામદાર વાઇસરાય લૉર્ડ રીપન તથા લૉર્ડ ડફરીનની પરોણાગાત મુંબાઇમાં કરી હતી. તે પછી ત્રીજા સર જમશેદજીએ અનેક રાજદુવારી, પ્રજા ઉપયોગી તથા ધર્મિ કામોમાં આગેવાન



ભાગ લઇ મુંબાઇમાં લોક પ્રિય થઇ પડયા હતા. ૧૮૯૩ માં એમના એક પુરા બેટા ખરશેદજીના મરણથી આ ઉમરાવપર ભારે દુઃખ પડયું હતું. ૧૮૯૭ માં મહારાણી વિકટોરીયાની ડાયમંડ જુબીલી પ્રસંગે ઇંગલંડ પધારી ત્યાં મ્હોત્સવમાં ભાગ લઇ નામદાર મહારાણી તથા કુંવરોની બાદશાહી મેહેમાનદારીની મોજ ભોગવી હતી. તે પછી યૂરપનાં જૂદા જૂદા શેહેરોની મુલાકાત લઈ હિંદુસ્તાન પાછા ફર્યા. તે પછી નાતવાન દેહ થવાથી ૧૮૯૮ માં ૧૭ મી જુલૈએ મરણ પામ્યા હતા.

**સર જમશેદજી જીજીભાઈ ૪ થા બેરોનેટ** એમનો જન્મ ઇ. સ. ૧૮૫૨ માં ૨ જી નવેંબરે થયો હતો. જન્મ નામ કાવશજી હતું. બચપણમાં પોતાના વડીલ ભાઇની સાથે સાથે કેલવણી લઇ ૧૮૭૩ માં આર્ટસની પેહેલી પરિક્ષા F. E. A. ની પસાર કરી હતી. એમનાં લગન ૧૮૭૨ માં બાઇ ગુલબાઇ રૂસ્તમજી વહાડીયા સાથે થયા હતાં. એમના વડીલ ભાઇ માણેકજી તે સર જમશેદજીની ત્રીજી પેઢીના વડા ગાદીવારેસ હોવાથી એવણે ૧૮૭૯થી સરકારી નોકરીમાં જોડાઇ નીમક ખાતાના કલેકટરનો ઓધો પામ્યા હતા. આ ઓધો લાંબા વખત સુધી પ્રમાણીકપણે અને બાહોશીથી ચલાવી સરકારની વ્યાજબી પ્રશંસા મેળવી હતી, પણ તેટલાં ત્રીજા સરજમશેદજીના એક પુરા બેટા ખરશેદજીનાં મરણથી એવણ ભવિષનાં ચોથા સરજમશેદજી દેખીતા વારેસ હતા; તેટલાં ત્રીજા સરજમશેદજીનાં મરણથી ૧૮૯૮નાં જુલઈ માસથી એવણ ૪થા સર જમશેદજી તરીકે ઓળખાયા. એજ વર્ષની ૭મી આગસ્ટે પારસીઓની સમસ્ત અંજુમને એમને કોમના વડા અકાબર તરીકે નેમ્યા હતા. "એમની જાહેર જીંદગી હજી ચાલુ છે, તેઓ સુલ્હેના અમલદાર તથા કારપોરેશનના સભાસદ તરીકેનું માન પામ્યા છે, અને તે શિવાય જાહેર સંસારી બાબતોમાં આગેવાની ભર્યો ભાગ લઇ મુંબઈની પ્રજામાં લોક પ્રિય થઇ પડયા છે.

**જમશેદજી ધંજીભાઇ વાહાડીયા ખાન બહાદુર**—આ વાહાડીયા ખાનદાનના છેલ્લા 'માસ્તર બિલ્ડર' તરીકે જાણીતા થએલા નરનો જન્મ ઇ. સ. ૧૮૨૯ માં સૂરતમાં થયો હતો. ૧૮૮૪ થી તેવણ સરકારી ગોદીમાં વાહાડીયાની નોકરી ઉપર જોડાયા. ત્યાર પછી તેવણનો વધારો પદ્વિ પર પદ્વિ જેટલી ઝડપથી થયો તેટલીજ ઝડપથી તેવણને માન તથા ઇનામ પણ મલ્યા હતા. ૧૮૫૫માં સબ એસિસ્ટંટ, ૧૮૭૩ માં એસિસ્ટંટ અને ૧૮૬૬ માં વડા માસ્તર બિલ્ડર થયા હતા. મુંબાઈની ગોદીમાં આવેલા વાહાણોની સઘળી મરામત જમશેદજી વાહાડીયાનાં વડપણ તળે થતી હતી. એટલુંજ નહિ પણ એવણે કેટલાંક નવાં વહાણો ગોદીમાં બાંધી રાખ્યાં હતાં. તોપણ એમના અમલ દરમ્યાન ગોદીમાં વ્હાણ બાંધવાનું કામ બંધ થતું આવ્યું હતું. મરણ ૧૮૯૩ નાં આગસ્ટ માસમાં નિપજ્યું હતું.

**જમશેદજી નશરવાનજી તાતા**—આ ઉદ્યોગી, સાહાસિક વેપારીનો જન્મ ઇ. સ. ૧૮૩૯માં થયો હતો. વધુ કેલવણી સંપાદન કરવા ૧૩ વર્ષની વયે મુંબઇમાં આવી વસી એલફીન્સટન કૉલેજમાં દાખલ થયા હતા, જ્યાં ૪ વર્ષ અભ્યાસ કર્યા પછી 'વેસ્ટ સ્કૉલરશિપ' મેળવી, ૧૯ વર્ષની વયે પોતાના પિતાની પેઢીમાં જોડાઇ વેપારી અનુભવ સારો સંપાદન કર્યો હતો. એવણે પેહેલી ચીન તરફ મુસાફરી ૧૮૫૯માં કરી ત્યાં પોતાની પેઢીની સ્થાપના કરી, કે જે કેટલાક ફેરફારો પછી ઇ. સ. ૧૮૭૧થી મેશર્સ તાતા એન્ડ કુંપનીને નામે ઓળખાય છે; જેની બીજી શાખા જાપાન, હૉંગકૉંગ, શેંગહાઇ, પારીસ અને ન્યૂયૉર્ક ખાતે સ્થાપન કરવામાં આવી છે. ચીનથી જમશેદજી ઇ. સ. ૧૮૬૩માં પાછા ફર્યા હતા, અને બે

વર્ષ રહીને એક હિંદી બેંક સ્થાપવાના વિચારથી ઇ. સ. ૧૮૬૫માં ઇંગલંડ તરફની પેહેલી મુસાફરી કરી હતી; પણ તે વેળા મુંબઇમાં શેર સટ્ટાના પ્રતાપે ભારે ઉથલ પાથલ થઇ પૈસાની થાપણુ રોકવા માટેની મુશકેલી ઉભી થતાં આ યોજના ભાગી પડી હતી. ઇંગલંડમાં બે વર્ષ રહી મુંબઇ આવી પોતાના પિતાની સાથે એબિસિનીયાની લઢાઇના સંબંધમાં સરકારમાંથી જગે જગ રણક્ષેત્રમાં પોતાની ખોરાકીની દુકાનો ખોલવાની પરવાનગી મેળવી; પોતે જાતી મેહેનતે દૂરદરાજ ને લઢાઇના ભયંકર પ્રસંગે વેરાનોમાં રખડી ત્યાંના વેપાર વેહેવારમાં નસીબ અજમાવી પાછા ફરતાં, બીજા કેટલાક પરચુટણ કામોમાં નફાભર્યો ભાગ લીધા બાદ એમનું લક્ષ મીલ ઉદ્યોગ તરફ લાગતાં, મુંબઇમાંની 'ચીચપોકલી ઑઇલ મીલ' ખરીદી ને તેને સુતર કાપડની મીલમાં ફેરવી નાખી હતી; અને તેનું નામ અલેકઝાન્ડ્રા મીલ પાડયું હતું. આ મીલનો કારોબાર લાંબો વખત પોતે ચલાવી સારે નફે કેશવજી નાયકને વેચી નાખી, ફરીથી ૧૮૭૨માં ઇંગલંડની સફરે જઇ, ત્યાંના લેંકેશિયરના મીલ ઉદ્યોગનો સારો અનુભવ મેળવી હિંદુસ્તાનમાં તેવાજ ધોરણ ઉપર મીલ બાંધવાનો એમણે નિશ્ચય કર્યો. આ સાહસ માટે નાગપૂર ગામ પસંદ કરી ત્યાં 'એમ્પ્રેસ મીલ્સ' ૧૮૭૭માં બાંધી ચાલુ કરી. આ મીલ હિંદુસ્તાનમાં પેહેલી પ્રતિની ગણાય છે. તેમાં ૪૦૦૦ કામદારોની રોજી ચાલે છે; અને તેના 'શેર હોલડરો તવંગર બન્યા છે. આ મીલમાં એક પેનશન યોજના કરી છે, જે મુજબ કામદારોનાં પગારમાં પચીસ વર્ષ પછી ચોકસ વધારો થઇ ૩૦ વર્ષ નોકરી કરતાં મજુરોને દર માસે રૂ ૫ નું પેનશન મળી શકે છે. આ મીલની ફત્તેહ પછી જમશેદજીએ ૧૮૮૫-૮૬માં પૅાંડેચરી ખાતે ઉપલાજ ધોરણ ઉપર એવીજ બીજી મીલ બાંધવાનો વિચાર કર્યો હતો, અને તે માટે કંપની ઉભી થઇ હતી, પણ કુરલાવાલી ધરમસી મીલ ખરીદતાં ઉપલો વિચાર પડતો મેલ્યો હતો. આ મીલ હાલમાં સ્વદેશી મીલના નામે ઓળખાય છે. જમશેદજીએ દર રતલે દોઢીયા કમીશનની રૂઢીને ચાલુ નહિ રાખતાં મીલના ફાયદામાંજ પોતાનો લાભ સમાયલો છે એવું જાહેર કરી તેમ મીલ ઉદ્યોગને ચઢતી હાલતે આણ્યો. તેમજ પોતાના બીજા કારોબારમાં પણ અસલી ધોરણ ઉપર કામ નહિ લેતાં નવી નવી જાતનું કાપડ બનાવવા માંડી તેનો ફેલાવો ખુદ દેશમાં કરવા માંડયો છે. આવા ઊંચા માલની વધારે ખપત કરવાના હેતુથી હિંદના જૂદા જૂદા દેશોમાં આ કુંપનીની આડતો તથા દુકાનો રાખી છે.

બારીક સૂતર કાઢવાના ઇરાદાથી તે માટે લાંબા તારનો કપાસ ઉગાડવાનો પ્રયત્ન એવણે કરયો છે. સરકારે ઇજીપશિયન કપાસ ઉગાડવાનો અખતરો કરી જોઇ, તેમાં નિશફળ થતાં તેનો એક રિપોર્ટ ઘડયો હતો; તે સામે મી૰ જમશેદજી તાતાએ થઇ ૧૮૯૬ માં સરકારી ખાતાઓનું ખંડન કરનારૂં એક ચોપાન્યું લખી પ્રગટ કર્યું હતું; અને તેવા અખતરાઓ જાતે કરવાને એવણ આગળ પડયા હતા. તેમણે દેશના જૂદા જૂદા ભાગોમાં એક એક એકરનાં પાંચ છ ટુકડા ઉપર ઇજીપશિયન રૂ વાવવાનો વિચાર કર્યો, પણ પાણીની નેહેરો તથા ભીની હવા નહિ મળવાથી ઘણી મુશકેલીઓ પડવા લાગી. સિંધ કે જ્યાંની જમીન ઇજીપ્તનાં જેવીજ છે. તથા નાઇલની માફક સિંધુમાંથી પાણીનો મ્હોટો જથ્થો મળી શકે છે. ત્યાં કેટલાક લંબાણ અખતરાઓથી ઘણા સારા પરિણામ નિપજાવી શકવાની તેમને આશા હતી, પણ તે પછી વધુ અખતરા કરવા માઇસોર ખાતે ૫૦૦થી ૧૦૦૦ એકર જમીનમાં તેઓ ઇજીપશિયન રૂ ઉગાડવાની યોજના હાથ ધરી હતી.

એવણે જાપાનની નીપોન યૂસેનકેશા કુંપની સાથે મળીને પી.ઓ; રૂબેટીનો તથા



બીજી એક સંપમાં જોડાયલી સ્ટીમર કુંપનીઓની સામે હરીફાઇમાં ઉતરી સૂતર તથા રૂ લઇ જવાનાં દરમાં ઘટાડો કરાવ્યો હતો.

મુંબઇમાં એવણે પોતાની ગંજાવર દોલતને પ્રતાપે જગેજગ ભવ્ય ઇમારતો ઉઠાવી 'બિલ્ડીંગ્સ એસોશિએશન' ની સ્થાપના કરી મુંબઇમાં સંખ્યાબંધ સુંદર ઇમારતો બંધાવી છે. તેમજ એક તાજમાહલ હૅાટેલ' નામે દુનિયામાં પેહેલી પ્રતિનું એક ગંજાવર હૅાટલ પણ પોતાની માલેકી તળે ખુલ્લું મેલ્યું છે. તેમજ અમદાવાદમાં એક મીલ ચાલુ કરી મીલ ઉદ્યોગમાં સારો જશ મેળવ્યો છે.

માઇસોરમાં રેસમની ખેતી દાખલ કરવામાં, લાહોર તથા પેપુલગામમાં લોખંડની ખાણોનું ખોદકામ ચલાવ્યું છે. લાનોલીના મ્હોટા પાણીના ધોધમાંથી વિજળી ઉત્પન્ન કરવામાં અને ૧૯૦૦માં ભયંકર દુકાળ સમયે પોતાના જન્મ વતન નવસારીમાં આર્ટિઝીઅન કુવા બંધાવવામાં એવણે મ્હોટો ભાગ લીધો છે. એવણે વધારે યાદકાર સખાવત હિંદુસ્તાનમાં શોધન પાઠશાળા (રિચર્સયુનિવ્હરસિટી)સ્થાપવા માટે સરકારને રૂ ૩૦,૦૦,૦૦૦ની રકમ બક્ષેસ કરી છે; અને તેનુ બાંધકામ ઘણું કરી માઇસોરમાં શરૂ કરવામાં આવશે. આ પાઠશાળાને હિંદી સરકાર તરફથી પણ ઉદાર ચાલુ મદદ મળવાની ગોઠવણ થઇ છે.

**જમશેદજી નશરવાનજી પીતીત**—આ જાણીતા કવિ તથા વિદવાન લેખકનો જન્મ ઇ. સ. ૧૮૫૬ માં ૨૪ મી જાનેવારીએ મુંબાઇમાં થયો હતો. એમણે ઇંગ્રેજી ભાષાની કેળવણી પ્રોપ્રાયટરી હાઇસ્કુલમાં લઇ મેત્રીક્યુલેશનની પરિક્ષામાં ઇ. સ. ૧૮૭૫માં પસાર થતાં એલફીન્સટન કૉલેજમાં ટુંક મુદત સુધી અભ્યાસ વધારી; પોતાના પિતાના બોહોળા ધંધામાં જોડાયા હતા.

એવણ જ્યારે નિશાળમાં અભ્યાસ કરતા હતા ત્યારથી ગુજરાતી ભાષામાં કવિતા રચવાનો ભારે શોખ હતો, અને તેથી એવણે "માહરી મજેહ" તથા જૂદા જૂદા નામના મથાળા હેઠળ સંખ્યાબંધ કવિતાઓ વિદ્યામિત્ર, જ્ઞાનવર્ધક, ગુલફશાન વગેરે જાણીતા માસીકોમાં જ. ન. પી. નાં ટુંક નામ તળે લખી હતી. કવિતા ઉપરાંત એવનને ગદ્ય લખાણોનો પણ તેવોજ શોખ હતો. એમની કવિતાનો તમામ સંગ્રહ તથા એવણે એકઠી કરેલી કહેવતોનો સંગ્રહ એમના મ્હોત પછી એમના એક મિત્ર મી૰ જીજીભાઇ પેસ્તનજી મિસ્ત્રી એમ. એ.—એ એડીટ કરી પ્રગટ કરાવ્યો હતો. તેમજ એવણ ફારસી તથા ઝંદ ભાષાના પણ એક અભ્યાસી હોવાથી વંદીદાદ મધેની કેટલીક ફરગર્દોનો તરજુમો કરી 'જ્ઞાનવર્ધક' માં છપાવ્યો હતો. તથા ગુલેસ્તાનનો.પણ તરજુમો એવણે કરી તેને 'ગુલફશાન' માં છપાવ્યો હતો; કે જે બન્ને ગ્રંથો એમના ઉપલાજ મિત્ર તરફથી એડીટ કરી છપાવવાની ગોઠવણ અમલમાં મેલાઇ છે. જમશેદજી જેમ કવિ અને ગદ્ય લેખક તરીકે પોતાના જૂદા જૂદા ગ્રંથોથી જાણીતા થયા છે તેમ 'તહેંવારજ્ઞાન' ના મથાળા તળે વિધ વિધ નીતિ બોધક અને જાણવા જોગ વિષયો પણ લખી એમણે પોતાને અથાગ અભ્યાસી તરીકે પુરવાર કર્યા હતા.

જમશેદજી પોતાના પિતા સાથે બોહોળા વેપારમાં ભાગ લેતા હોવાથી બોહોળી રોકાણો છતાં એમણે પોતાના અભ્યાસ ઉપર અને મુખ્ય કરી ગુજરાતી ભાષાની ઉન્નતી પાછળ તન, મન, ધનથી અથાગ મેહેનત જે જે કરી હતી તે તેમના મરણ પછી તેમના ઉપલા મિત્રની કારસાજીથી પ્રજા જાણમાં પુસ્તક આકારે બાહેર પડી છે.

એવણ જેમ એક વિદવાન કવિ તથા લેખક તરીકે નામના પામ્યા છે; તેમ પોતાની છુપી સખાવત તથા સાહિત્યનાં મદદગાર તરીકે પણ નામ મેળવી ગયા છે. પોતાની ટુંક ઉમરમાં એમણે જે જે છુપી સખાવતો અને વિદ્યા અભ્યાસ તથા સાહિત્ય પ્રત્યે દીલાગીરી અને ઉદારતા બતલાવી હતી તે

ભવિષ માટે સારી આશા આપનાર હતી; પણ એમનું મૃત્યુ ઇ. સ. ૧૮૮૮ માં ૧૯ મી માર્ચે નિપજ્યું હતું. એમનાં લગન સર દીનશાહ પીટીટનાં બેટી બાઇ હીરાંબાઇ સાથે થયાં હતાં; પણ તેમને ત્યાં કશાં ફરજંદની વૃદ્ધિ થઇ નહોતી. એવણ વિદ્યા અભ્યાસના શોખ ઉપરાંત તહેંવાર કિસમના કિમતી ચિતારો તથા અસલી સિક્કાઓનો સંગ્રહ કરવાનો પણ ભારે શોખ ધરાવતા હોવાથી જે જે સંગ્રહ કર્યો હતો તે એમના મ્હોત પછી એમના માત પિતાએ સ્થાપન કરેલા ઑરફ્નેજના ખાતાને ભેટ આપ્યો હતો.

એમના મરણથી એમના માત પિતાને ભારે દુઃખ ઉપજ્યું હતું. કેમકે તેમના એવણ એક પુરા બેટા હતા. એમના મ્હોત પછી એમની યાદગીરીમાં શેઠ નશરવાનજી પીટીટ તથા બાઇ દીનબાઇ પીટીટે એમના નામે નીચલા ખાતાંઓની સ્થાપના કરી હતી.—પારસી ઓરફ્નેજ, ફ્રેર્ત રીડીંગ રૂમ એન્ડ લાઇબ્રેરી, કોલાબા લાઇબ્રેરી, ગીરગામ લાઇબ્રેરી, બાહેરકોટ ઇમપૃવમૅન્ત લાઇબ્રેરી, અંકલેશ્વર લાઇબ્રેરી, ભરૂચ પારસી ગરલ્સ સ્કુલ, ખેતવાડી જીમ-નેસ્યમ; ઉદવાડાનું દવાખાનું, વાડામાંનું દવાખાનું, ફીમેલ વોર્દ ઓવ ધી સાદરા ઑસ-પીતલ, પારસી ગાંહમબાર ફંડ, વગેરે અતી અગત્યનાં વિદ્યાજ્ઞાન ફેલાવનારાં, દુઃખી દર્દીનેરાહત આપનારાં ખાતાં, ગરીબ નાવારેસ બાળકોને કેળવણી આપવાનાં ખાતાં તથા બીજા ઉપયોગી ખાતાંઓ લાખો રૂપીયાની ગંજાવર સખાવતથી આજે તેમના નામ તળે ચલાવવામાં આવે છે.

**જમશેદી ટોળો**—આ અતી પ્રાચીન ટોળો 'મુરઘાબ' નદીના ખીણવાલા પ્રદેશમાં ભટકતી સ્થિતિમાં વસાહત કરી પડેલો છે, અને તેઓ પોતાના પુરાતમ ઇરાનીઓનાં વંશજ જણાવેછે. તેમની રીતભાત તૂર્કોમાનોને મળતી હોઇ તંબુમાં વસે છે, અને લુટારા-ઓનો પેશો કરેછે. અલીકુલીખાન જ્યારે રાજ્ય કર્તો હતો ત્યારે જમશેદી ટોળાને ખીવા તરફ હાંકી મેળવામાં આવ્યો, તેથી તેઓ ઑકસસ નદી કાંઠે ૧૨ વર્ષ વેર પડાવ કરી રહ્યા; પણ ત્યાં તૂર્કોમાનોનો દોર વધતાં તેઓ જંગલ માર્ગે હજારસ્પ, ચાર-જુઇ અને મયમિનાથી મુર્ગાબમાં આવી વસ્યા.

પૂર્વ હિંદુસ્તાનમાં આજ એક એવો ટોળો વસેછે કે જે પોતાની જીંદગી ભટકતી સ્થિતિમાં ગુજારે છે. તેઓ પોતાને જમશેદનાં વંશજોમાંથી ઉતરી આવેલા જણાવે છે; પણ પ્રાચીન ઇતિહાસકાળમાં તેઓ સજીસ્તાનથી મુરગાબના કિનારા પર આવી વસ્યા હતા. તેઓ 'સાલોર' અને 'સારીક' તૂર્કોમાન'નાં પ્રદેશ નજદીક વસે છે. તેમનાં રહેવાનાં તંબુ તુર્કોમાનનાં તંબુ જેવાં શંકુકાર હોય છે. તેઓ બીજા ઐમક ટોળા કરતાં શ્રેષ્ટ ગણાય છે, અને તેમનામાંની કેટલીક જાતને પકડી હિરાત તરફ ગુલામ તરીકે વેચવાનો વંધો ચલાવે છે. જમશેદી પ્રજા સભ્યતા-વાલા, પરોણાગતમાં ભલા પણ ખવાસે ઝનુની હોય છે. આ પ્રજા હજી જરતોસ્તી મજહબની રાહ રીતિ પાળે છે. અગ્નિની સનમૂખ ભક્તિ કરે છે અને પોતાના તંબુનો દરવાજો પૂર્વ દિશા તરફ રાખે છે, તથા સૂર્યને માન આપે છે. તેઓ લગ્નનાં પવિત્ર ગાંઠ ચોકસ ક્રિયાથી જોડે છે. આ પ્રજા વિશેની બારીક બીના હજી ચોકસ જાહેર થઇ નથી.

**જમશેદી નરોજ**—ઇરાનીઓનું નવું રાજ-કીય વર્ષ. આ નવા વર્ષથી સરકારી વર્ષની શરૂઆત ગણવામાં આવે છે. અને બ્રિટીશ સલતનતમાં પણ 'મેહેસુલી' સાલ એજ રોજથી શરૂ કરવામાં આવે છે. આ નરોજ સૂર્યની ચાલ ઉપરથી ગણાય છે. એટલે એક અખંડ વર્ષમાં બાર રાશિ ફરીવળીને સૂર્ય પાછો પોતાંની પેહેલી રાશિ મેશમાં આવ્યાથી આફતાબી નવું વર્ષ બેસે છે; અને તેથી તે દિવસને જમશેદી નરોજ કહે છે. (જુઓ જમશેદ) પણ જે વર્ષમાં મેશ રાશિનો સૂર્ય સહવારથી થાય છે તે દિવસે જમશેદી



નરોજ ગણે છે; પણ જે વર્ષે મેશ રાશિનો સૂર્ય બપોર પછી થાય છે, તો તે દહાડે નહિ, પણ બીજે દિવસે સહવારમાં સૂર્ય ઉગતાં જમશેદી નરોજ ગણાય છે. અને એ રીતે ગણતાં કોઇ કોઇ વર્ષે ઇરાનમાં અને હિંદુ-સ્તાનમાં જમશેદી નરોજ એકાદ દિવસનાં હેર ફેરે પડે છે. તેમજ હિંદુસ્તાન તથા ઇરાન વચ્ચે દોઢ કલાકનો ફેર હોવાથી, યાને ઇરાનમાં સૂર્ય દોઢ કલાક મોડો ઉગતો હોવાથી અત્રે બાર વાગતાં ત્યાં ૧૦॥ થાય છે. આથી જે દિવસે બપોર સુધીમાં સૂર્ય મેશ રાશિનો ઇરાનમાં થાયછે, તો અત્રે તે સૂર્ય બપોર પછી ઉપલી રાશિનો થાય છે. આથી અત્રે તે દિવસેજ જમશેદી નરોજ નહિ ગણતાં ઇરાનમાં તેજ દિવસે આ તેહેવાર પાળે છે. ઈરાનમાં આ તેહેવાર પડવાનાં એક પખવાડીયા આગમજથી મોજ શોખનાં મેલાવડા કરવામાં આવે છે, અને ત્યાંનો પાદશાહ તથા આગેવાન દરબારીઓ અને પ્રજા મ્હોટા ઠાઠમાઠથી આ તેહેવારની દર-બાર ભરી તેનો હિંગામ પાળે છે.

ઇરાનમાં આ નરોજનાં હિંગામનાં ખુશ-હાલીભર્યા પ્રસંગે તે રોજે શાહા તરફથી દરબાર ભરવામાં આવે છે, અને તે વેળા જાહેરમાં શાહ પોતે સ્વારીમાં ભાગ લઇ દેશે દેશનાં એલચી અને પોતાના અમીર ઉમરાવોની ભેટ લઇ લાયક રીતે નવાજે છે. તેમજ આ પ્રસંગે તહેંવાર રમત ગમત્તનાં અખાડા કરવામાં આવે છે. ઇ. સ. ૧૮૦૮ માં જમશેદી નરોજનાં હિંગામ ઉપર ટેનકોઇન નામે મુસાફરે દીઠેલા દેખાવનું વર્ણન કરતાં તે જણાવે છે કે "આ પ્રસંગે દેશની પ્રજા કસાયલી છે કે નહિ તેની પરિક્ષા લેતા. તેમાં કેટલાકો ૧૫ થી ૨૦ ફીટ ઉંચી લાકડી ઉપર પગ સીકડી દોડતા આવી શાહાને જણા-વતા કે " અમો બીજી પ્રજા કરતાં ઉંચે ચઢયા છીયે. કેટલાક કસરત કરતાં સમતોલ શરીર રાખી ત્રાજવાનો આકાર બતલાવી દર્શાવતા કે 'રાજ્યમાં ન્યાય બરાબર મળે છે. પછી એક પતલી દોરી ઉપર કસરતબાજ નાચતો આવી એક બીજાના માથા ઉપરની માટલીની ચોર ફોડી તેના તળીએ રહેલી ફુલની માળા માત્ર રહેવા દે છે. જે એવું બતલાવે છે કે " મનુષ્યનું તન મટોડીનું બનેલું છે. એજ મુજબ તે ભાગી જશે પણ તેના નામની સુગંધી તો ફુલ પ્રમાણે રહી જશે. એજ મુજબ અનેક અર્થ સુચક નસિહત આપનારી કસરતો થયા પછી ખેડુત તથા કાજીનો સંવાદ ચાલે છે, અને સેવટે ઇનામ પામી ખુશ ખુશાલીમાં સર્વે છુટા પડે છે." હાલમાં આ હિંગામ શાહ પોતાના દરબારીઓ સાથે ખાસ મ્હોટી દમામદાર દરબાર ભરી તેહેવાર પાળે છે, અને તે પ્રસંગે રમત ગમતનાં તહેંવાર અખાડા કરવામાં આવે છે.

**જમાલઉદ્દીન હુસેન અંજુ**—ફકારઉદ્દીન કાશ્મિરીનો બેટો. એ ફરહંગે જહાંગીરી નામે ફારર્સી કોશના રચનાર તરીકે પ્રસિદ્ધતા પામી ગયો છે. આ ગ્રંથ એણે ૧૬૦૫ માં શેહેનશાહ જહાંગીરને અર્પણ કર્યો હતો. એ અકબરના અમલાં ૩૦૦૦ અને જહાંગી-રનઃ અમલમાં ૪૦૦૦ સ્વારોનો સરદાર હતો.

**જમાલઉદ્દીન અબ્દુલ રઝાક**—એનો જન્મ સમરકંદ ખાતે ૧૪૧૩ માં થયો હતો. એ કાજી શાહરૂખનો બેટો હતો; જેને એને વિજ્યાનગરના રાજા પાસે એલચી તરીકે મોકલ્યો હતો, અને તે પછી ઘીલાન અને ઈજીપ્ત તરફ એજ કામે રવાના કર્યો હતો. (જુઓ શાહરૂખ.)

**જમાલગોટો**—એને ગુજરાતમાં નેપાળો ને હિંદુસ્તાનીમાં જમાલગોટો કહે છે. એનાં વૃક્ષ મોગલીએરંડના ઝાડ જેવાં થાયછે. એનાં પાંદડાં સેહેજ નાહનાં હોય છે. એ ઝાડ કોકણ પ્રાંતમાં પુશકળ થાય છે. એ એરંડા જેવો થાય છે. જમાલગોટો ભારે વિષારી છે. જમાલગોટાને શુદ્ધ કરી અનેક ઔષધિમાં નાખે છે.

જમાલગોટામાંથી જે તેલ નિકળે છે તે આગળ ઝાઝું પ્રસિદ્ધ નહોતું, પણ હાલમાં તેનો ઉપયોગ જણાયલો છે.—આ તેલ ૧ થી બે ઔંસ સુધી આપ્યાથી ૩-૪ કલાકે પિત્ત રેચક થાય છે. સિંહલદ્વિપમાં તેને 'કેકોમિક' તેલ કહે છે. કપડા ઉપરનો રંગ બરાબર બેસાડવા તેનો ઉપયોગ ત્યાંના લોકો કરે છે.

સુશ્રૂત મુનીના સમયમાં હિંદુઓમાં એના તેલની જો કે સમજ નહોતી પણ ભાવમિશ્ર અને ચક્રદત્તે તેનાં બિયાં ઉકાળવાનો પાઠ કહેલો છે. તેજ મુજબ 'મગઝનુન અદ્વિયે' નામના આરબ ગ્રંથમાં તેને દુધમાં પકાવી રાખી દરાખ જેટલું આપવા કહેલું છે. એના ફળનો રેચક ગુણ ૫૦૦ વર્ષ ઉપર હિંદનાં વૈદોને માલમ હતો. યૂરપીયન તબીબોને એના તેલની જાણ ૧૫૭૮ માં થઇ અને તેની સંપૂર્ણ સમજ ૧૮૧૨ માં મી૦ વ્હેટ' યૂરપમાં જાહેર કરી હતી. આ તેલ આપવાનું પ્રમાણ ૧ થી ૨ ટીપાં છે. અને તબીબ શિવાય અંજાણ્યાએ તે આપવાં નહિ. તાપમાં રોગી બેશુદ્ધ થતાં તેની જીભ ઉપર આ તેલનાં ૩ ટીપાં સાકરમાં ચોળી મુકવાં કે દર્દીને જાહાડા થઇ સુદ્ધિ આવે છે. તામીલ વૈદ અને યૂરપ્યન તબીબો જૂના સંધિવામાં અને અર્ધાંગ વાયુવાલા ભાગમાં અને કફક્ષયમાં છાતીપર અને તાપમાં પવન થતાં આ તેલ ૧ ભાગ અને ૩ ભાગ સ્વચ્છ તલનાં તેલમાં મિશ્ર કરી કપાળ ઉપર ચોળેછે. એમાં થોડું કાયાહુટીનું તેલ (૩૦ ટીપાં) નાખતાં બેઉ તેલનું મિશ્રણ જે ભાગને ચોપડે તે ઉપર ફુલ્લા ઉઠેછે.

**જમાલપૂર**—બંગાલમાં મોંગીર જીલ્લામાંનુ ગામ. મોંગીરની તેકડીની તળેટીમાં છે. અત્રે હિંદમાં સર્વેથી મ્હોટું લોઢાનું કારખાનું છે. આ કારખાનું કલકત્તાથી ૨૯૯ મૈલ ઉપર ઈ. આ. પી. રેલ્વે હસ્તગત છે, અને તે ૩૦ એકર જગા રોકે છે. અત્રે ૫૦૦ યૂરોપ્યન અમલદાર અને ૩૦૦૦ દેશી કામદારો કામ કરેછે. ૧૮૭૨ માં વસ્તી ૧૦૪૫૩ની ને ૧૮૮૧ માં ૧૩૨૧૩ ની, તેમાં ૯૬૨૫ હિંદુ, ૩૦૩૮ મોહમેદન અને ૫૫૦ પરકોમના હતા. ગામ ૮૩૨ એકર ઉપર વસાયલુંછે. અત્રે એક લાયબ્રેરી, નાટકશાળા, સ્વિમીંગ-બાથ, ચર્ચ, શાળા, શર્તનું મેદાન, ક્રિકેટનું મેદાન વગેરે મોજશોખનાં મથકો છે. કે જે રેલ્વે કંપની તરફથી નિભાવવામાં આવેછે.

**જમુ**—કાશમિરના રાજ્યમાંનો પ્રાંત, તથા મુખ્ય શેહેર. ૧૮૭૧માં વસ્તી ૪૧૮૧૭ ની હતી. પ્રાંતનો મુખ્ય ભાગ હિંદુઓનો છે.

આ શેહેર તાપી નદીને કાંઠે હોઈ ત્યાં એક કિલ્લો પૂર્વ કાંઠાપર ૧૫૦ ફીટ ઉંચાઇ પર છે. અત્રે શિખ રાજ્યની સત્તા હતી. અને તે રણજીતસિંહના રાજ્યનો એક ભાગ ગણાતો હતો. અત્રેના રાજા ગુલાબસિંગના વખતમાં એ કાશમિર સાથે જોડાઇ ગયું હતું. (જુઓ કાશમિર.)

**જમુના**—અસામમાંની આ નદી ઉત્તર નાગા પર્વતમાંથી નિકળી પ્રથમ દક્ષિણે વહેતી પશ્ચિમે વળી દક્ષિણ પર્વત તળેટીમાં વલાણ લઇ નવાગોંગ જીલ્લામાં બ્રહ્મપુત્રનાં એક પ્રવાહ 'કાપીલીમાં' જમૂમુખ પાસે પડે છે. એના નીચલા ભાગમાં ૪ ટનનાં વાહાણો ફરી શકે છે. એના મધ્ય ભાગમાં કિનારા પાસે કોલસો તથા ચુનખડી મળે છે.

**જમૂય**—એજ નામના તાલુકાનું મુખ્ય શેહેર ઇસ્ટઈંડીયા રેલ્વેના જમૂય સ્ટેશનથી ૪ મૈલ દક્ષિણ પશ્ચિમે છે. વસ્તી ૫૦૦૦ની છે. અત્રે જેલ, દવાખાનું, શાળા, દારૂ ગાળવાનું કારખાનું વગેરે મુખ્ય ઇમારતો છે. ઘી, મહૂઆ, તેલીબિયાં, ધાન્યનો વેપાર ચાલે છે. શેહેરની દક્ષિણમાં એક પડત કિલ્લો છે. આ શેહેર હાલમાં સારી હાલતે પોંહચ્યું છે.

**જમેકા**—અથવા ઝરાવાલી ભૂમી. આ એક બ્રિટીશ વેસ્ટ ઇંડીયન ટાપુઓમાંનુ મુખ્ય હોઇ તે ક્યૂબાની દક્ષિણે ૯૦ મૈલપર છે. આ દેશ ત્રણ કોન્ટીસરે, મીડલ સેક્ષ અને



કૉર્નવાલમાં વેંહેચાયલો છે. એનું ક્ષેત્રફળ ૪૧૯૩ ચોરસ મૈલ છે. એની વધતામાં વધતી લંબાઇ ૧૪૪ મૈલ ને પોહળાઇ ૫૦ મૈલની છે. આ ટાપુના પૂર્વથી પશ્ચિમ ભણી બ્લ્યૂ મૌન્ટનની હાર વધે છે; તેની ઉંચાઇ ૭૪૦૦ ફીટની છે. આ પર્વતમાંથી ૧૨૦ ઝરા વહે છે, પણ તે વહાણનાં જાવઆવ લાયકનાં નથી. ફકત બ્લેક નદી (૩૦ મૈલ વેર વહાણ જઇ શકે તેવી છે.) વહાણ ખેડવા લાયકની છે.

એના મુખ્ય શેહેરોમાં કિંગ્સટન (રાજધાની) અને સ્પેનીશ શેહેર (આગલી રાજધાની) ટાપુની દક્ષિણ પૂર્વ તરફ છે. ધી મેન્ટેગોબે, ફલેમૌથ, અને પોર્ટ મેરિયા ઉત્તરમાં છે. પોર્ટરોય પશ્ચિમ સરહદપર છે, કે જ્યાં ૧૬૯૨માં મ્હોટો ધર્તિકંપ થયો હતો. અત્રેની હવા સાધારણ હોઇ દિવસનો ૭૦ ડીગ્રી અને રાત્રે ૯૦ ડીગ્રી પારો રહે છે. ગર્મી સમુદ્રની હવાથી ઝાઝી પડતી નથી. આ ટાપુની હવા તંદરોસ્તીના સુધારા અર્થે જાણીતી છે. અત્રે વર્સાદની બે મોસમ આવે છે. એક વસંત અને બીજી વર્ષાઋતૂમાં છેલ્લી મોસમમાં વર્સાદ ભારે પડે છે. ૧૮૮૦ અને ૧૮૯૩માં અત્રે મ્હોટા વંટોળીયા થઇ તુફાન થવાથી મ્હોટું નુકસાન થયું હતું.

જેમેકાનાં જંગલમાં મોહોગની, એબની, નારીયળી અને બીજા ઇમારતી ઝાડો પુશકળ ઉગે છે. ઔષધિ છોડ, ભાજી તરકારી, જેમેકા આદુ, કેસ્ટોર ઑઇલ, આરારૂટ, મકાઇ, વેનીલા વગેરેની ભારે ઉપજ થાય છે. આ ટાપુનો ઉત્તર અને પશ્ચિમ ભાગ ઘાસ ચારાથી ભરપૂર છે. અત્રેથી પરદેશ ખાતે ફળફળાદી, ઇમારતી લાકડાં, સાકર, રમ, કૉફી, આદુ અને કોકો વગેરે માલ દોઢથી બે લાખ પૌંડનો રવાના કરવામાં આવે છે. પરદેશથી આ દેશમાં કાપડ, હાર્ડવેઅર, દારૂ, કોલસો વગેરે આવે છે.

૧૮૬૧માં આ ટાપુમાં લોક વસ્તી ૪૪૧૨૫૫ (તેમાં ૧૩૮૧૬ ગોરી ચામડીવાલા), ૧૮૭૧માં ૫૦૬૧૫૪ (ગોરી ચામડીવાલા ૧૩૧૦૧), ૧૮૮૧માં ૫૮૦૮૦૪ (તેમાં ગોરી ચામડીવાલા ૧૪૪૩૨) અને ૧૮૯૧માં ૬૩૯૪૯૧ (તેમાં ગોરી ચામડીવાલાં ૧૪૬૯૨ હતા.) તે શિવાય લોકવસ્તીમાં ૪૮૧ ચીના અને ૧૦૧૧૬ નીચ વર્ણનાં પરદેશી મજુરો વસતા હતા.

આ ટાપુના વતનીઓમાં નીચે મુજબ જૂદા જૂદા પંથની પ્રજાની વસ્તી છે. ૪૦૨૮૮ ચર્ચ ઑફ ઈંગલંડ પંથના, ૩૫૪૨૮ બેપ્ટીસ્ટ, ૨૨૯૯૯ મેથોડીસ્ટ, ૧૧૫૧૪ પ્રેસબિટોરીયન્સો અને ૯૨૯૨ રોમનકેથોલિક છે. અત્રેની શાળાઓમાં ૮૦,૦૦૦ વિદ્યાર્થિઓ અભ્યાસ કરે છે. ટાપુમાં રેલ્વે, બ્રિટીશ લશકર, વૉલી-નટીયર્સ અને બીજા અનેક ખાતાંઓ છે.

જમેકા કોલંબસે ૧૪૯૪માં શોધી કાઢયું હતું. અને ૧૫૦૦માં સ્પેનિઅર્ડોએ તેનો કબજો લીધો હતો.

**જય**—હિંદુ ધર્મ કથાઓમાં આ નામના અનેક પુરૂષો પ્રસિદ્ધતા પામ્યા છે. (૧) વિષ્ણુનાં બે જાણીતા દ્વારપાળોમાંનો એક. (૨) ઉત્તાનપાદ વંશીય ધ્રૂવ પુત્ર વત્સરાજનાં ૬ પુત્રોમાંનો એક. (૩) શ્રૂત નામે જનકના પુત્ર, એનો પુત્ર વિજય નામે હતો. (૪) પુરૂરવા રાજાને ઉર્વશીથી થયેલા ૬ પુત્રમાંનો નાહનો હતો. (૫)સોમ વંશીય આયુકુલોત્પન્ન ક્ષત્ર વૃદ્ધ વંશીય સંજ્યનો પુત્ર. (૬) સોમ વંશીય નહુષપૌત્ર પુરૂ વંશીવ રૌદ્રાશ્વકુલ-માંનો મન્યુ રાજાના પાંચ પુત્રમાંને એક. (૭) શુક્રાચાર્યને પીવરીથી થએલા પાંચ પુત્રમાંનો નાહનો. (૮) સોમ વંશીય યદુ કુલોત્પન્ન સાત્વત વંશના સાત્યકીના ૧૦ પુત્રમાંનો વડો. એ ભારતિય યૂદ્ધમાં મરણ પામ્યો હતો. (૯) ધૃતરાષ્ટ્રનો પુત્ર. એને ભીમસેને યૂદ્ધમાં માર્યો હતો.

**જયગર**—રતનાગીરી તાલુકામાંનું આ એક બંદર શેહેર. મુંબઈની દક્ષિણે ૯૯ મૈલ ઉપર' સંગમેશ્વરી અથવા શાસ્ત્રી નદીના દક્ષિણ ભાગ ઉપર છે. વસ્તી ૧૮૭૨માં

૨૪૪૨ની હતી, ને ૧૮૮૧માં પણ તેટલીજ હતી. અત્રે ચોખા, તથા મીઠાનો મુખ્ય વેપાર ચાલે છે. અત્રેનો કિલ્લો ૪ એકર જમીન ઉપર સમૃદ્ર સપાટીથી ૨૦૦ ફીટ ઉંચો છે. હાલમાં આ કિલ્લો લગભગ પડત હાલતમાં પડેલો છે. પ્રથમ આ કિલ્લો બીજાપૂરના રાજાએ બંધાવ્યો હતો, પણ તે પછી સંગમેશ્વરના નાયકના તાબામાં આવ્યો હતો. ૧૫૮૩ અને ૧૫૮૫માં બીજાપૂર તથા પોર્ટુગીજોની ચઢાઇ સામે આ કિલ્લો બંચાવભરી હાલતમાં હોઇ તે વેળા નાયકે તેનો બચાવ કર્યો હતો. ૧૭૧૩માં આંગ્રે નામે બળવંત ચાંચીયાઓના હાથમાં આ કિલ્લો હતો, અને ૧૮૧૮માં પેશવાની પડતી પછી બ્રિટીશોને હાથ આવ્યો તે હાલમાં પણ તેમનેજ તાબે છે.

**જયચંદ રાઠોડ**—એ બકસારથી કનોજ સુધીના રાજ્યનો અધિપતિ હતો. એ ૧૩૪૩ માં ત્યાં રાજ્ય અમલ ભોગવતો હતો. એનું પ્રિયસ્થળ જોનપુર હતું કે જે એણે ૧૩૫૯ માં બાંધી વસાવ્યું હતું. હાલનું જોનપુર શેહેર ફીરોજશાહે ૧૩૭૦માં વસાવ્યું હતું. કર્નલ ટોડના જણાવવા મુજબ જયચંદ ૧૨ મી સદીમાં થઇ ગયો.

એની પાસે અતી મ્હોટું સૈન્યદળ હોવાથી તે 'દળ પાંગળો, એ નામથી પ્રસિદ્ધતા પામ્યો હતો. આ સૈન્યદળમાં તેની પાસે ત્રણ લાખ પ્યાદળ, બે લાખ તીરકામઠાવાલા, હેંશી હજાર બખતરીયા, ત્રીસ હજાર પાખરીયા અને સેંકડો હાથીઓ હતા. તે વડે એણે ઘણીક ચઢાઇઓ કરી દેશો જીત્યા. પણ દિલ્લીપતી પૃથુરાજ સાથે લઢતાં બન્ને નબળા પડયા; આથી શાહબુદીન ઘોરીએ પૃથુરાજને હરાવી કેદ કર્યો અને કનોજપર ચઢાઈ કરી. શાહબુદીનના બળથી ડરી જયચંદ્રે પોતાના કુટુંબ પરિવાર તથા સ્ત્રીઓ અને ધનમાલને બાળી નાખી પોતાના રજપૂત લશકર સાથે કેસરીયા વાગા પેહેરી સામા થયા, તેમાં લઢતાં જયચંદ હાર પામી નહાશી જતાં નદીમાં ડુબી મરણ પામ્યો.

**જયતક**—પંજાબમાં સરમૂરના રાજ્યમાંનો એક કિલ્લો. ૧૮૧૪ની લઢાઈ વેળા ગુરખાઓએ આ કિલ્લો ૨૨૦૦ માણસોનાં લશકરથી હાથ કર્યો હતો. તેની ઉપર ૧૭૦૦ બ્રિટીશોએ ચઢાઇ કરી હતી પણ તેમાં તેઓ ફાવ્યા નહિ. પાછળથી એજ વર્ષમાં ચઢાઈ કરી તાબે કરી મુકયા હતા. આ કિલ્લો સમુદ્ર સપાટીથી ૪૮૫૪ ફીટ ઉપર છે.

**જયતપૂર**—હમીરપૂર જીલ્લામાંનુ એક સુંદર શેહેર એજ નામના રાજ્યનું પાય તખત છે. ૧૮૭૨માં લોકવસ્તી ૫૧૫૯ની ને ૧૮૮૧માં ૫૪૪૦ની હતી. તેમાં ૪૮૩૦ હિંદુ, ૬૧૦ મોહમેદન છે. ક્ષેત્રફળ ૧૭૨ એકર છે. હમીરપૂર શેહેરની દક્ષિણ પશ્ચિમે ૬૫ મૈલ ઉપર છે. બુંદેલા રાજા છત્ર સાલના કુંવર જગત રાજે ૧૮મી સદીમાં આ ગામ વસાવ્યું હતું, અને તેણે અત્રે એક ગંજાવર કિલ્લો બંધાવ્યો હતો. બુંદેલખંડ બ્રિટીશોને તાબે આવ્યું ત્યાં વેર અત્રે રાજ્યની સત્તા ચાલુ હતી, પણ ૧૮૪૨માં કાબુલની લઢાઇ વેળા અત્રેના રાજાએ બંડ ઉઠાવવાથી તેને પદભ્રષ્ટ કરી કાનપૂર ખાતે કેદમાં રાખ્યો હતો. જ્યાં તેનું મરણ નિપજ્યું હતું. તેની વિધવા હાલમાં ન્યૂગોનમાં રહે છે, તેને વાર્ષિક પેનશન ૨૦૦ પોંડની મળે છે. રાજાના મરણ પછી રાજ્ય ગાદીનો માલેક કોઇ નહિ રહેવાથી દેશ ખાલસા કરવામાં આવ્યો હતો. ગામ એ મૈલ લાંબુ હોઇ તેમાં સુંદર મંદીરો અને સ્કુલો છે. અત્રે દેશી કાપડ રંગવાનાં કારખાનાં છે.

**જયતી**—હિંદી સંગીત શાસ્ત્ર મુજબ, હિંડોલ રાગના આઠ પુત્ર વધૂ પરિવારમાંની એક ભાર્યા રાગનું નામ. આ રાગ ગૌરી તથા લલિતથી મિશ્ર છે. ઠાઠ ભૈરવનો છે.

**જયંતી**—(૧) સ્વયંભૂ મનવંતરમાંના સ્વર્ગાધિપતિ યજ્ઞ નામે ઈંદ્રની કન્યા. ઋષભદેવ રાજર્ષિની સ્ત્રી. એનાજ ભરત વગેરે ૧૦૦ પુત્રો હતા.

(૩) ચાલુ મનવંતરમાં સ્વર્ગાધિપતિ પુરંદર નામે ઈંદ્રની કન્યા. વારૂણી ભૃગુના પુત્રમાંનો



એક જે શૂક્ર તેની કન્યા. આ વૃષપર્વા દાનવોના સમયમાં તેમનો પુરોહિત શૂક્ર તે એ. તેનાથી એને દેવયાની પુત્રી થઇ હતી.

**જયદ્રથ**—સોમવંશીય આયુકુલોત્પન્ન પુરૂ રાજાના અજમીઢ વંશમાંના બૃહદિષુ કુલ'માં જન્મેલાં બૃહત્કાય રાજાનો પુત્ર. એને વિષદ નામનો પુત્ર હતો.

(૨) સોમવંશીય અનુકુલોત્પન્ન રોમપાદ રાજાનો પુત્ર.

(૩)સિંધુ દેશનો રાજા; બૃહદ્ક્ષત્રનો પુત્ર અને ધૃતરાષ્ટ્રની કન્યા દુશલાનો પતિ. એ દુર્યોધન પક્ષમાં હોવાથી પાંડવોનો દ્વેશ કરતો હતો. એના વિષે એવી કથા છે કે, પાંડવો વનવાસમાં હતા તે સમયે એક કાળે એ પોતાના દેશથી નિકળી શાલ્વદેશ તરફ પોતાના ૬ ભાઈઓ તથા બીજા જૂદા જૂદા ૧૨ રાજકુંવરો અને અતી મ્હોટા સૈન્ય સાથે કામ્યવનમાંથી જતો હતો, તેટલાં તેને પાંડવો મલ્યા. જ્યારે પાંડવો મૃગ્યાએ ગ્યા તે વેળા દ્રૌપદીને જોઇ જયદ્રથ તેનીપર મોહિત થઈ એક હજુરીયાને તેનીપર પોતાની પ્રિતિ દર્શાવી મોકલતાં દ્રૌપદીએ તેની માગણી તુચ્છકારી પોતાના પતિઓની મ્હોટાઇ જણાવી. આથી જયદ્રથ પોતે તેના આશ્રમમાં જઇ દ્રૌપદીને મળી પાંડવો માટે કવચનો ઓચરી દ્રૌપદીને પોતાની પ્રિતીમાં લેવાની ઇચ્છા દર્શાવી, પણ દ્રૌપદીએ તેનું માન ભંગ કરવાથી જયદ્રથ કામાંધ થઇને અબળાને એખલી જોઇને પોતાના રથમાં બળાત્કારે બેસાડી ત્યાંથી નહાઠો.

જ્યારે પાંડવોએ આ વર્તમાન જાણ્યું ત્યારે તેઓએ તેની પાછળ દોડી માર્ગમાં જયદ્રથને લશકર સાથે પકડી તેને તથા તેના સૈન્યને હરાવી દ્રૌપદીને છોડવી. પાંડવો જયદ્રથને મારતા હતા તેટલાં યુધિષ્ઠીરે વચમાં પડી કહ્યું કે 'એને મારશો નહિ કારણકે દુઃશલા' દુખી થશે, અને ધૃતરાષ્ટ્ર તથા ગાંધારી પણ તેથી દુખી થશે." આ ઉપરથી તેઓએ એનું માનભંગ કરી હાંકી મેલ્યો.

જયદ્રથ આવી રીતે માન ભંગ થવાથી સ્વયંવરમાં નહિ જતાં લશકરને પાછું 'મોકલી પોતે ગંગા કાંઠે જઇ ઋદ્રનું તિમ તપ કરી પાંડવોને સંપૂર્ણ જીતવાનો વર માંગ્યો. ઋદ્રે અર્જુન નહિ હોય તે વેળા તું સર્વેને જીતશે એવો વર આપ્યો, આથી એને અભિમન્યુના યૂદ્ધ વખતે ચક્રવ્યૂમાં પાંડવોનો પરાજય કર્યો હતો.

અભિમન્યૂ ચક્રવ્યૂમાં પડયો આથી જયદ્રથને સંધ્યાકાળ આગમજ મારી નાખવાની અર્જુને પ્રતિજ્ઞા લઇ બીજે દિવસે લઢાઇ શરૂ કરી, અને સંધ્યાકાળને સમયે જયદ્રથનો (જુઓ અર્જુન) પ્રાણ લીધો. જયદ્રથને દુશલાથી 'સૂરથ' નામે એક પુત્ર હતો.

**જયદેવસ્વામિ**—આ સંસ્કૃત ભાષાનો કવિ જાતે કાન્યકુબ્જ બ્રાહ્મણ મ્હોટો ભગવદ ભક્ત હતો. આ કવિ મહાન કવિ કાળીદાસ અને વિક્રમની આગમ થઇ ગયો હતો. કારણકે એનો રચેલો ગીત ગોવિંદ નામે કાવ્ય વિક્રમની દરબારમાં વંચાતો હતો. એ બાળપણથી ઘણોજ ચંચળ અને બુદ્ધિવાન હતો. એનો જન્મ જગન્નાથ ક્ષેત્ર પાસેના "કીંદુબિલ્વ' નામે ગામમાં થયો હતો. એણે વિદ્યા અભ્યાસ કરી કવિતા રચવાપર લક્ષ લગાડયું હતું. એની કવિતામાં કોમળતા, શૃંગાર અને કરૂણારસ ભરપૂર છે. એનો રચેલો સાતઅંકી નાટક પ્રસન્નરાઘવ નામે છે. આ નાટકમાં સિતા સ્વયંવરથી રાવણ વધ થઇ રાજાને રાજ્યભિષેક થવા સુધીની કથા વર્ણેલી છે. એનો રચેલો બીજો ગ્રંથ ગીત ગોવીંદ ગદ્ય અને પદ્ય રચનામાં રચાયલો છે. આ ગ્રંથનો છેલ્લો ભાગ શ્રીકૃષ્ણે પોતે આવી પુરો કર્યો હતો. એની પત્ની પદમાવતી નામે મહા સતી હતી. એક સમે આ સતાનું સત્ત જોવા; સાત્વિક નામે રાજાની રાણીઓએ જયદેવ જ્યારે રાજા સાથે વનમાં

ગયો હતો ત્યારે સ્વામિના મરણની ખબર એક ખેપીઆ પાસે અચાનક કેહેવાડી. આથી પદ્માવતી ખબર સાંભળી તરતજ મરણ પામી. પણ જયદેવે આવી 'અષ્ટપદીઓ' ગાઇ ફરી સજીવન કરી હતી. એક વેળા સાત્વિક રાજાએ ગીત ગોવીંદનો પ્રચાર થતો અટકાવ્યો હતો. સાક્ષાંત દેવતાએ જયદેવ સ્વામિના ગ્રંથને વધારે ઉત્તમ જણાવતાં પ્રજામાં એજ ગ્રંથ પ્રસિદ્ધતા પામ્યો હતો. જયદેવની અષ્ટપદીઓ કર્ણાટકી ગવૈયા અનેક તાળ અને રાગમાં ગાય છે. આ અષ્ટપદીનો તર્જુમો સરવિલ્યમ જોન્સે ઇંગ્રેજી ભાષામાં કર્યો છે. ઓડિસા પ્રાંતમાં કટક શેહેર પાસે શ્રીકૃષ્ણનો વાર્ષિક ઓત્સવ થાય છે. ત્યારે ત્યાં જાત્રાળુઓ અષ્ટપદીઓ ગાઇ જાગરણ કરે છે.

**જયનગર**—બંગાલના ૨૪ પ્રગણામાંનું શેહેર. ૧૮૭૨માં લોક વસ્તી ૭૭૭૨ની ને ૧૮૮૧માં ૭૬૮૫ની હતી. તેમાં ૭૧૧૨ હિંદુ, તથા ૫૭૩ મોહમેદન હતા. શેહેર ૧૨૦૦ એકર ઉપર છે. મ્યૂનિસીપાલીટીની વાર્ષિક ઉપજ ૪૭૭ પૌંડની છે. અત્રે ગંગા નદીનો એક ફાંટો વળેલો છે અને ત્યાં અનેક દેવમંદીરો આવેલાં છે.

**જયપાળ ૧લો**—લાહોરના રાજા હયતપાળનો બેટો. એનો સરહિંદથી ધીલાન સુધી લંબાઇનો તથા કાશમિરથી મુલતાન સુધી પોહળાઇનો દેશ હતો. એને ગીજનીના સુલતાન સબગ્તગીને સખ્ત હાર આપી હતી. અને બીજી વેળા તેના બેટા સુલતાન મોહમદે ઈ. સ. ૧૦૦૧માં ૨૭ મી નવેંબરે હાર પામી ૧૫ સરદારો સાથે કેદ પકડયો હતો, પણ પાછળથી એ છુટકારો પામ્યો ત્યારે એના બેટા અનંગપાળને ગાદી મળી હતી. જયપાળે કેદ થતાં અગ્નિ પ્રવેશ કરી પ્રાણ મેલ્યો હતો.

**જયપાળ બીજો**—આ લાહોરનો રાજા આનન્દપાલનો બેટો, ઇ. સ. ૧૦૧૩માં ગાદીએ બેઠો. ૧૦૨૨માં એને સુલતાન મહમદે ઘણો હેરાન કર્યો હતો. ને રાવીને કાંઠે એને સખત હાર આપી; તે પછી એને લાહોરના સુબા તરીકે મુસલમાનોએ નેમ્યો હતો.

**જયપૂર**—આ મધ્ય હિંદુસ્તાનમાંનું દેશી રાજ્ય. ઉત્તરે બિકાનેર તથા પતિયાલા, પૂર્વે અલવર, ભરતપૂર અને કોરાવલી; દક્ષિણે ગવાલેર, બુંદી, ટોંક અને મેવાર; અથવા ઉદેપૂર અને પશ્ચિમે કીશનઘર, જોધપૂર અને બિકાનેરનાં રાજ્યો છે.

એનું ક્ષેત્રફળ ૧૪૪૬૫ ચોરસ મૈલ છે. વસ્તી ૧૮૮૧ની ગણત્રી મુજબ ૨૫,૩૪,૩૫૭ ની હતી. તેમાં ૧૩૬૯૧૩૪ પુરૂષો અને ૧૧૬૫૨૨૩ સ્ત્રીઓ હતી. આ રાજ્યમાં ૩૪ શેહેરો તથા ૫૯૩ ગામડાં છે. તેમાં ૫૦૭૬૯૭ રહેવાનાં મકાનો છે. દર ચોરસ મૈલે વસ્તીનું પ્રમાણ ૧૭૫નું છે. લોક વસ્તીમાં ૧૭૦૯૦૭ મોહમેદન, ૨૩,૧૫,૨૧૯ હિંદુ, ૫૫૨ ખ્રિસ્તી, ૪૭૬૭૨ જૈન અને ૭ પારસીઓ છે. વાર્ષિક ઉપજ ૬૦,૦૦,૦૦૦ રૂપ્યાની ઉપજે છે.

દેશનો ભાગ સપાટ તથા પહાડી છે. [illegible]સ, ચંબા, બાણગંગા, અમાનિશાસ, [illegible] બાડી, મોરેલ, ઢુંડી, માશી, ખારી, સાબી એ નદીઓ છે. ડુંગરોમાં અરાવલીનો ભાગ અને બીજી ટેકરીઓ છે. આ રાજ્યમાંનો સંભર નામનો મિઠાનો સરોવર રાજ્યની પશ્ચિમમાં છે. એની ભૂમિમાં વર્ષમાં એકજ પાક ઉતરે છે ને તે અકટોંબર નવેંબરમાં તૈઆર થાય છે. મુખ્ય બાજરી, મગ, મોથ, ઘઉં; દક્ષિણ ભણી જુઆર, કઠોળ, રૂ વગેરે પાકે છે. તે શિવાય વર્ષાઋતુ પુરી થતાં શેરડી, અફીણ, તંબાકુ, દાલ વગેરેના પાક ઉતરે છે. પૂર્વ ભાગમાં ચોખાની પણ ખેતી કરવામાં આવે છે.

મુખ્ય શેહેરો—ચેકન, અમેર, લાલસોત, ડોસા, વાસવા, ગિજગઢ, હિંડા, તોડા, ભીમ, બામણીઅવાસ, ગંગાપૂર, માધવપૂર, સિકાર, માલપૂરા, સાંબર, શ્રી માધવપૂર, ફતેહપૂર, રામગઢ, નવલગઢ, ઝુંઝનુ, ઉદેપૂર,



લક્ષમણગઢ, બિસા, ચિરાવા, સિંઘણા, સૂરાજગઢ, પટ્ટણ, કોટપુતળી, ખાંડેરા, જીલોન (પાટણ), બૈરાત, ખેત્રી, જયપૂર એ મુખ્યછે.

આ રાજ્યમાં માર્બલનાં પુતળાં, સુના ચાંદીનાં ઉત્તમ ઘરેણાં, ઉનનું કાપડ વગેરે શ્રેષ્ટ હુન્નરમંદીથી બનાવવામાં આવેછે. આ રાજ્યમાં નીમકનો સારો પાક ઉત્પન્ન થાયછે, જે દર મણે ૧ થી ૧૨ આને મણને ભાવે મળી શકેછે. અત્રે વેપારના વધારા થકી લાંબી રેલ્વે લાઇન નખાયલી છે, ને તે વડે અલાહબાદ, મુંબઇ તથા ગુજરાત સાથે સિધો વેહવાર રાખી શકાયછે. તેમજ અત્રે રજપુતાના માલવા રેલ્વેની લાઇન પણ પસાર થાયછે. ૧૮૮૧ માં રાજ્યની હદમાં રેલ્વેનાં ૨૨ સ્ટેશનો હતાં. તેમજ રાજ્યમાં ૨૫ પોસ્ટ ઓફીસો છે.

રજપૂતાનામાં જયપૂર રાજ્ય કેળવણીના વધારા માટે જાણીતું હોઇ ખુદ જયપૂરમાં મહારાજાની સ્થાપેલી એક મુખ્ય કૅાલેજ છે. તેમજ આ કૅાલેજમાં ચઢતા પ્રકારની કેલવણી સાથે હૂન્નરમંદીની પણ કલકત્તા યૂનિવ્હરસિટીમાં પરિક્ષા આપી શકાય તેવી ગોઠવણ કરેલી છે. તે શિવાય ઠાકોરનાં બચ્ચાં માટેની નિશાળ, સંસ્કૃતશાળા, વિદ્યા હૂન્નરની શાળાઓ છે. અત્રે ૧૫ કન્યાશાળા, ૪૫ એલીમેન્ટરીશાળા અને ૪૧૦ દેશી નિશાળો છે. આ શાળાઓમાં ૧૦૦૦૦ બાળકો કેળવણી લીયેછે.

અત્રેનો રાજ્ય કારોબાર મહારાજાની સત્તા તળેનાં ૮ કારોબારીનાં મંડળથી ચલાવવામાં આવે છે. તેમાં જુડીશિયલ, રેવેન્યૂ, લશકરી અને પરદેશી રાજ્યોનો કારોબાર કૌન્સીલનાં ૩ સભાસદોની સતા તળે છે. તેમાં એક જયપૂરનો ઉમરાવ, બીજો રજપૂતાનાનો એક સદગ્રહસ્થ અને ત્રીજો હિંદના બીજા ભાગનો કારોબારી હોય છે.

જયપૂરની આબો હવા માફકસરની છે. અત્રે ૮૧·૨૭ ડીગ્રી ગર્મી રહે છે અને થંડી ૩૮ ડીગ્રી પડે છે. અત્રે જાનેવારી અને ફેબ્રુવારીમાં સખત થંડી પડે છે. વર્ષા ઋતૂમાં વર્સાદ સરેરાસ ૨૪ ઇંચ પડે છે. વધારેમાં વધારે ૪૨·૫ ઇંચ (૧૮૭૦માં) ને ઓછામાં ઓછો ૧૨·૬(૧૮૬૮માં) પડયો હતો. ૧૮૮૧માં ૨૨·૮૧ ઈંચ પડયો હતો.

**જયપૂર**—જયપૂરનાં રાજ્યનું મુખ્ય શેહેર અજમેરની ઉત્તર પૂર્વે ૧૪૯ મૈલપર છે. લોકવસ્તી ૧૮૮૧માં ૧૪૨૫૭૮ ની, ૧૮૭૦ માં ૧,૩૭,૮૪૭ ની ને ૧૯૦૧માં ૧,૫૯૫૫૦, ની હતી. વસ્તીમાં ૧૦૭૮૫૦ હિંદુ, ૩૬૯૫૧ મોહમેદન તથા બીજી પરકોમની વસ્તી હતી.

રજપૂતાનામાં આ સર્વોપરી અતી સુંદર શેહેર છે, એનો દક્ષિણ ભાગ સિવાય બધેથી પહાડ ફરી વળેલા છે. આ શેહેર અતી દ્રવ્યવાન ગણાયછે, ત્યાં ૭ શરાફી પેઢીઓ છે. કે જેમનો વેપાર લગભગ ૨૫,૦૦,૦૦૦ પૌંડનો ચાલેછે, અને તે પેઢીઓ હસ્તગત ૬૦,૦૦,૦૦૦ પૌંડની થાપણ છે.

આ શેહેર ઈ. સ. ૧૭૨૦ માં માહારાજા જયસિંહે વસાવ્યું હતું. જેનો નકાશો વિદ્યાધર નામે એક બ્રાહ્મણે બનાવ્યો હતો. આ શેહેરનું બજાર બે મૈલ લાંબુ અને ૧૨૦ ફીટ પોહળું છે, અને તેની બીજી શાખાઓની પોહળાઇ પણ ૧૨૦ ફીટની છે. આ શેહેર ત્રીકોણાકાર વસાયલું છે. તેમાં મધ્ય ભાગે માહારાજાના મેહેલ, બગીચા, અને રાજવંશીને રહેવાનાં મકાનો છે. રાજવાડામાં દિવાનેખાસ અથવા રાજ કચેરી છે, કે જે મકાનો સંગેમરમરના પથ્થરથી બાંધેલાં છે.

માહારાજા જયસિંહે વેધશાળા બંધાવી હતી જે હાલમાં સારી હાલતમાં છે. ત્યાંનો રામનિવાસ નામનો બગીચો ૭૦ એકર જમીન રોકે છે, તેનો નકાશો ડૅા૦ ડીફ્બ્કે બનાવ્યો હતો, અને તેની પાછળ પ્રથમ ૪,૦૦,૦૦૦ રૂપ્યાનો ખર્ચ થયો હતો, આથી આ બાગ હિંદુસ્તાનમાં સર્વોપરી ગણાયછે. તે શિવાય શેહેરમાં મુસાફરખાના, પોલીટિકલ એજંટની છાવણી, તારઑફીસ, પોસ્ટઑફીસ વગેરે અનેક સરકારી ખાતાંઓ છે.

૧૮૮૨માં જયપૂર ખાતે ફત્તેહમંદ પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. જયપૂર કૉલેજ રાજ્યનાં ખર્ચે ચલાવવામાં આવે છે. શેહરમાં ટંકશાળ અને જેલ પણ છે. વરસાદ ૨૪ ઇંચ પડે છે, ગર્મી ૧૧૭ ડીગ્રી પડે છે, અને થંડી ૩૬°૮ ડીગ્રી પડે છે.

જયપૂરની પૂર્વે ૧$\frac{1}{2}$ મૈલ ઉપરની એક તેકડીપર સૂર્ય દેવતાનું ગંજાવર મંદીર છે.

**જયપૂર**—આસામમાં લખમીપૂર જીલ્લામાંનું ગામ, નાગા પર્વતની સરહદ ઉપર છે. એની પાસે કોલસાની ખાણોમાં મ્હોટા મેદાનો આવેલા છે. શેહર પાસેની નદીમાં વર્ષાઋતુમાં સ્ટીમરો ચાલી શકે છે. નિકાશ વેપાર ગુંદર, ચાહ, મીણ અને હાથીદાંતનો લગભગ ૧૬૦૦૦ની કિંમતનો ચાલે છે. આયાત વેપાર ચોખા, મિઠું, તંબાકુ, તેલ, લોઢું, અને કાપડનો લગભગ ૨૦૦૦ પૌંડનો ચાલે છે.

**જયપૂર**—મદ્રાસમાં વિઝગાપટ્ટણ જીલ્લામાંની જમીનદારી. એની ઉત્તરે કાલાહિંદ, પૂર્વે વિઝગાપટણનું મેદાન, દક્ષિણે ગોલકોંડા, પશ્ચિમે બરતાર છે. ક્ષેત્રફળ ૯૩૩૭ ચોરસ મૈલ છે. ૧૮૭૨માં લોકવસ્તી ૪૫૨૪૫૪ની; ૧૮૮૧માં ૬૧૧૬૯૫ની હતી. આ જમીનદારીમાં નીચલા તાલુકા છે. કોરાપત (વસ્તી ૧૫૭૧૭૧ની), નવરંગપૂર (વસ્તી ૯૩૫૦૨ની), મલંગીરી (વસ્તી ૨૨૫૫૮ની), જયપૂર (વસ્તી ૧૧૬૧૧૭ની,)ગુનાપૂર(વસ્તી૧૫૩૮૨૨ની) અને મયાગદા (વસ્તી ૬૮૫૨૫ની) છે. સરકારને વાર્ષિક ખંડણી અત્રેનો જમીનદાર ૧૬૦૦ પૌંડ ભરેછે.

જયપૂર જમીનદારી બે ભાગમાં વેહેંચાયલું છે. મ્હોટો ભાગ રાજાની સત્તાતળે ઍસીસ્ટંટ પોલીટિકલ એજંટની સર્વ સત્તાતળે અને બીજો ભાગ ગુનાપૂર અને રયાગદા વડા મદદનીશ કલેકટરની સત્તાતળે છે, કે જે કલેકટરનું મથક પર્વતીપૂરમાં છે.

અત્રેની પ્રજાનો ધર્મ હિંદુનો છે. પ્રજા આર્યન, કોલારીયન અને દ્રવિડિયન્સોની છે. આર્યન હાલમાં વસેલા વતનીઓ છે, તેઓ રાજ્યકર્તા, લઢાયક અને ધર્મગુરૂ એ વર્ગમાં વેંહેચાયલાછે, ખેડુત વર્ગનો $\frac{2}{3}$ ભાગછે. ઇસ્ટ ઇંડીયા કંપનીના સમયમાં અત્રેના સરદાર વિજયાનગરના રાજાને તાબે હતા, પણ પદ્મનાભની લઢાઇ પછી બ્રિટીશ સરકારે આ જમીનદારી જાગીરમાં આપી અને ૧૮૦૩માં સનદ કરી આપી, ખંડણી ઠેરવી હતી. ૧૮૬૦ પછી બ્રિટીશ સરકારે ન્યાય ખાતું પોતાને હસ્તક લઇ ૭ મદદનીશ મેજીસ્ત્રેટની સત્તાતળે કારોબાર વેંહેંચી આપ્યો હતો.

**જયભટ**—(૧) જયભટ વિતરાગ–ગુજરાતમાં ગુર્જર રાજ્યવંશનો અમલ ઇ. સ. ૫૮૦થી ૮૦૮ સુધી સ્થાયી રહ્યો હતો, તેમાં જયભટ ૧લો બીજો રાજા થયો. એણે ઇ. સ. ૬૦૫ થી ૬૨૦ સુધી રાજ્ય અમલ ભોગવ્યો. આ રાજા ઘણો સદગુણી અને વિજયી થઇ ગયો છે.

(૨) બીજો જયભટનો અમલ ઇ. સ. ૬૫૦ થી ૬૭૫ સુધી હતો, એના વિશે ઝાઝું જણાયું નથી, પણ તે શૂરો હતો એવું લેખોપરથી જણાય છે.

(૩) ત્રીજો જયભટ—આ રાજા ગુર્જર વંશનો છેલ્લો રાજ્યકર્તા. એનો અમલ ઇ. સ. ૭૦૬થી ૭૩૪ સુધી લંબાયો હતો. એ રાજા ચાલુક્ય રાજાઓનો ખંડીયો હોય એમ ધારવામાં આવે છે. એના મળેલા તામ્રપત્રોમાં મોઘમ વખાણ કરેલાં છે. એના અમલમાંનો ઇ. સ. ૬૩૪નો એક તામ્રપત્ર મલ્યો છે; તેમાં જણાવ્યા મુજબ વલભિરાજા હાર પામ્યો હતો એમ જણાવેલું છે. આ વલભી રાજા ઘણું કરી ૪ થો શિલાદિત્ય (ઇ. સ. ૬૯૧) અથવા પાંચમો શિલાદિત્ય (૭૨૨) હશે, પુલકેશિજનાશ્રમે આરબોના જે ટોળાને હરાવ્યું હતું તે ટોળું ૩ જા જયભટનાજ અમલમાં આવ્યું હતું. એના રાજ્ય અમલનો અંત કોણને હાથે આવ્યો તે જણાતું નથી.

**જયશિખર**—ઇસવી સનની નવમી સદીમાં આ રાજા પંચાસરમાં રાજ્ય કરતો હતો. એક સમે એનું બળ તોડવા ભૂવડ રાજાએ તેની-



પર ચઢાઇ કરી. જયશીખરના સાળા શૂરવીર શૂરપાળે દુશમનપર રાત્રીના સમયે હલ્લો કરી મંત્રી મીહિર તથા ભૂવડ સૈન્યનો તદન પરાજય કર્યો; પણ ભૂવડ રાજાએ ફરી લશકર એકઠું કરી પંચાસરને ઘેરો ઘાલ્યો. આ વેળાની લઢાઇમાં ભૂવડ રાજાનો જય થયો, સાંભળી જયશિખરે પોતાના સાળા સાથે ગર્ભવંતી રાણી રૂપસુંદરીને વનમાં મોકલી, પણ શૂરપાળે તેને વનમાં નિર્ભય જગે મેલી રણમાં આવ્યો. આ લઢાઇ દરમ્યાન જયશિખર માર્યો ગયો. તેની સાથે સંખ્યાબંધ રાણી, દાસી, દાસ અને મિત્રો બળી મુંવા. ભૂવડે જયશિખરનું પરાક્રમ નજરો નજર જોઈ ભારે અજબ થયો. જ્યાં તે બળી મુવો તે ઠેકાણે શિવનું મંદીર બંધાવી તેમાં શિવની સ્થાપના કરી, ને તેનું નામ ગુર્જરેશ્વર પાડયું. શૂરપાળ તે પછી બેહેનની શોધમાં નિકળયો. બીજી તરફ રૂપસુંદરીએ વનરાજ ચાવડાનો જન્મ આપ્યો. સૂરપાળે તે બાળકને શોધી કાઢી ૧૪ વર્ષની વય સુધી પોતાના આશ્રય તળે ઉધારી રાજ્ય ચલાવ્યું હતું. (જુઓ વનરાજ).

**જયસ્થ**—મે અને જુન માસમાં હિંદુ સ્ત્રીઓ આ તેહેવાર ૬ પ્રસંગે પાળે છે. એને અરણ્યશાસ્ત પણ કહે છે. આ તેહેવાર સ્ત્રીઓને જો બાળકોની ઇચ્છા હોય તો તે મેળવવા થકી અપવાસપાળી જંગલમાં પૂજા કરવા જાય છે.

**જયસ્થંભ**—પ્રાચીન કાળમાં અતી મહત્વના બનાવની યાદગારી કાયમ રાખવા માટે લોખંડ અને પથ્થરના થાંભલા પર લેખો કોતરી જમીનમાં દાટી ઉભા કરતા હતા. દિલ્લીના મેદાનમાં, પ્રયાગના કિલ્લામાં, અને દિલ્લીની દક્ષિણે ફિરોગશિરની દિલ્લીમાં એવા અકેક સ્થંભ છે. પુરાણી દિલ્લીમાં પણ એવો એક લોખંડનો સ્થંભ છે, તેને કેટલાકો લોઢાનો અને કેટલાકો પંચ ધાતૂનો બનાવેલો કહે છે. આ મુજબ જગે જગ લેખો કાયમ રાખવાની આગલા વખતમાં ચાલ હતી. તેપર બાલબોધ અક્ષર છે પણ તે પ્રાચીન લીપિ હોવાથી તે વાંચી શકાતાં નથી.

**જયસિંહ**—ઉદયપૂરના માહારાણા રાજસિંહ પછી જયસિંહ ૧૬૮૧માં ગાદીએ બેઠો. એણે ગાદીએ આવતાં ઔરંગજેબ સાથે સુલ્હે કરી. આ સુલ્હેમાં એક શર્ત એવી હતી કે જજીયા વેરો ઔરંગજેબે નાખવાથી હાથ ઉઠાવવો. જયસિંહ પોતાના પિતાની હેઆતીમાં યવનો સાથેની વઢાઇમાં ઠીક પાણી બતાવ્યું હતું, પણ રાજ્ય રૂઢ થતાં સ્ત્રી લંપટમાં પડી કુંવર અમ્મર તથા પ્રધાનને રાજ્ય સત્તા સોંપી પોતે એશમાં પડી રહ્યો હતો.

એક સમે કુંવર અમ્મરે ગાંડો હાથી શેહેરમાં છોડી મેલ્યાથી લોકોનું બહુ નૂકસાન થયું; ત્યારે દીવાને તેને ઠપકો આપ્યો, અને તે વેળા જયસિંહ રાજ્યમાં બંદોબસ્ત કરવા આવતાં કુંવર અમ્મર પોતાને મોસાળ જઇ રહ્યો; પછી ત્યાંથી દશ હજાર હાડાઓને લઇ ઉદયપૂર પાછો આવ્યો, પણ રાણાને પોતાના પુત્ર સાથે લઢવું યોગ્ય નહિ લાગવાથી એક સરદારને મોકલી તેને સમજાવ્યો, તે છતાં કુંવરે તેનું માન્યું નહિ, અને કોમલમેરમાં ખજાનો લુટવા ગયો પણ ત્યાંના બહાદુર સરદારો પાસે કશું વળ્યું નહિ. આથી આ તકરારનો અંત આણવા સર્વ સરદારો સિસોદીઆના કુળદેવ એકલીંગના મંદીરમાં એકઠા થઇ ઠરાવ કર્યો કે "રાણો રાજધાનીમાં રહે અને તેની હયાતી સુધી કુંવર અમ્મર રાજધાની બહાર રહે. તે પછી ઇ. સ. ૧૭૦૦ માં જયસિંહ મરણ પામ્યા.

**જયસિંહ**—આ માહારાજા મીરઝાં રાજાને નામે પ્રસિદ્ધતા પામ્યા છે. એણે ઔરંગજેબના રાજ્યમાં સારાંસારાં કામો બજાવી શેહેનશાહ તરફથી મ્હોટા મ્હોટા એલકાબ મેળવ્યા હતા. આ વેળા શિવાજી વિજયી થવા માંડયો હતો, તેને નરમ પાડવા ઔરંગજેબે મારવાડના રાજા જસવંતસિંહને

મોકલ્યો હતો, પણ તેણે ઉલટી શિવાજીને મદદ કરવા માંડતા તેને દક્ષિણમાંથી પાછો બોલાવી લઇ તેની જગાપર જયસિંહને મોકલ્યો. એણે શિવાજીને અલવલ નહિ આવે એવું વચન આપી દિલ્લી મોકલ્યો હતો; પણ ત્યાં ઔરંગજેબે તેને કેદ કરતાં શિવાજીને નહસાડવામાં સાહ્યતા આપી નહસાડી મેલવામાં જયસિંહનો હાથ હતો. ૧૬૮૦ માં ઔરંગજેબના શાહાજાદા અકબરે રજપૂત રાજાઓનો આશ્રય મેળવી બંડ ઉઠાવ્યું. તેનું વેર લેવા ઔરંગજેબે જયપૂર, મેવાડ અને મારવાડનાં રાજ્યોમાં લશકર મોકલી લુટ અને કતલ ચલાવી. આથી સર્વ રજપૂતોએ એકત્ર થઈ મોગલોનાં પ્રગણા લુટી લીધાં, મસજીદો ભાંજી નાખી, અને કુરાનનાં પુસ્તકો બાળી નખાવ્યાં. એમાં જયસિંહનો હાથ હતો. ટૉડના જણાવવા મુજબ "જયસિંહ પોતાનાં ૨૪ સરદારોને દરબારમાં ભેગા કરતો અને બે પ્યાલા સામા ધરતો, તેમાંના એકને સતારા (શિવાજી) અને બીજાને દિલ્લી (ઔરંગજેબ) કહેતો. પછી તેમાંના એકને જમીનપર પછાડી બોલતો, "સતારાના આ હાલ થયાછે, અને દિલ્લીનું ભવિષ્ય આ મારા જમણા હાથમાં છે, અને હુ ધારૂં તો તેટલીજ સેહેલાઇથી જમીનદોસ્ત કરી નાખું." આ બધી વાત ઔરંગજેબને કાને જતાં તેણે પ્રપંચ રમી જયસિંહના નાહના પુત્ર કીર્તિસિંહને પિતાનું ખૂન કરવા ઉશકેરી તેને હાથે ઝેર પાયું. અને તે ઔરંગજેબ પાસે ઇનામ માગવા જતાં તેની માનહાની થઇ હતી.

**જયસિંહ સવાઈ**—ભારતવર્ષિય જ્યોતિષ શાસ્ત્ર સંબંધમાં જયસિંહ એ એક અપૂર્વ પુરૂષ થઇ ગયો છે. આપણી તરફના કેશવ દૈવજ્ઞ અને ગણેશ દૈવજ્ઞ એ શોધક જ્યોતિષ થયા, તેજ સુમારે યૂરપ ખંડમાં કોપરનિકસ જનમ્યો. ત્યાં સુધી બેઉ તરફનું જ્યોતિષશાસ્ત્ર સરખી સ્થિતિમાં હતું, એમ કહીયે તો ચાલે. પણ કોપરનિકસથી યૂરપમાં જ્યોતિષશાસ્ત્રમાં મ્હોટા ફેરફાર થયા, ગ્રહ ગતિ સ્થિતિ સંબંધી તો તેઓ પૂર્ણ અવસ્તાએ પુગા છે. આ હાલતે પુગવાને માટે દુરબીન અને નૌકા ગમનની અવસ્યતા આ બે વાતો વિશેષ કારણ ભૂત થઇ એ ખરૂં છે, અને તે હાલતે પુગવા માટે તે તરફ ભારે ઉદ્યોગી અને બુધ્ધિમાન પુરૂષો થયાં તેવા અત્રે કોઇ થયા નથી. તે માળામાં મુકવા લાયક માત્ર જયસિંહ માહારાજા એક લાયક ગણાયા છે.

આ વિદ્વાન માહારાજા ઇ. સ. ૧૬૯૯માં સવાઇ જયસિંહને નામે જયપૂરની ગાદીએ બેઠા. તેટલાં બાહાદુરશાહે જયપૂર પર ચઢાઇ કરી જયસિંહને તથા મારવાડના રાજા અજીતસિંહને કેદ કરી દક્ષિણમાં સ્વારી કરવા ગયો ત્યાં લઇ ગયો, પણ ત્યાંથી બન્ને છુટી ઉદેપૂરમાં જઇ અમરસિંહના આશ્રયમાં રહી પછી જયપૂરનું રાજ્ય જીતી ત્યાંના સુબાને હાંકી મેલ્યો. પણ આથી વેર વધવા માંડતાં ૧૭૧૦માં સુલ્હે કરી, પણ ફરૂખશિયર પાદશાહના સમયમાં જયસિંહનું દિલ્લીમાં સારૂં માન હતું, પાછળથી પોતાને વતન આવી વિદ્યા હુન્નર તરફ લક્ષ આપવા માંડયું.

જયસિંહ રાણા ખગોળ સંબંધી જ્ઞાનમાં તે વખતનાં સહુથી શ્રેષ્ટ યૂરોપ્યન ખગોળવેત્તાઓ કરતાં ઓછા ઉતરે તેવા નહોતા. જયસિંહે પોતાનું રાજ્યધાની તરીકે જયપૂર શેહેર બાંધી વસાવ્યું. આ શેહેર આખું આરસપાહાણનું બંધાવેલું છે, અને તે એકજ સરખી બાંધણીનું છે.

એણે જયપૂર, દિલ્લી, ઉજ્જની, કાશી, મથુરામાં વેધશાળા સ્થાપન કરી હતી. ધાતુનાં યંત્રો નાહનાં હોય છે અને તે ઘસાય છે, વગેરે કારણોથી એણે વેધોપયોગી એવા પથ્થર અને યૂનાની બાંધકામથી મ્હોટાં મ્હોટાં યંત્રો બનાવી ગોઠવ્યાં હતાં. તેમાં જયપ્રકાશ, યંત્ર સમ્રાટ, ભિત્તયંત્ર, વૃત્તષષ્ટાંશ વગેરે કેટલાક નવા યંત્રો કલ્પી ગોઠવ્યાં હતાં. અને વેધ નોંધવા સારા જ્યોતિષો નોકરીએ રાખી ૭-૮ વર્ષ વેધની નોધો લઇ 'ઝિજમંહમદ' એ નામે



બે એક ગ્રંથ આરબિ ભાષામાં અને સિદ્ધાંત સમ્રાટ' નામનો સંસ્કૃત ભાષામાં લખ્યો. તે વખતે દિલ્લીનો પાદશાહ મહમદશાહ હતો, તેનું નામ પેહેલા ગ્રંથને આપ્યું છે, તેને 'મિજસ્તી' પણ કહે છે. આ ગ્રંથ હિજરી સને ૧૧૪૧ (શકે ૧૬૫૦) નો છે. સિધ્ધાંત સમ્રાટ્ એ ગ્રંથ જગન્નાથ નામે પંડીત પાસે ઇસવીસન ૧૭૩૧માં લખાવ્યો. એમાં ૧૩ અધ્યાય છે ને તેના ૧૪૧ પ્રકરણો છે; તેમાં ૧૯૬ સ્થળોનો વિચાર છે.

જયસિંહની વેધશાળા, વેધ અને ગ્રંથો અને તેમાંની અપૂર્વદ્રષ્ટ વાતોનું સવિસ્તર વર્ણન કરવા એક જૂદો ગ્રંથ જોઇએ. અત્રે એટલું જણાવવું બસ થશે કે "યૂરપ ખંડમાં ગ્રહગતિ સ્થિતિ વખતે જેટલી સૂક્ષ્મ કાઢી શકવાનું જ્ઞાન હતું તે કરતાં પણ વધુ સૂક્ષ્મતા જયસિંહે બતાવી હતી.

આરબી ગ્રંથ જયસિંહે લખ્યો એમ નથી, પણ તેણે પોતાને ત્યાં ઘણાક જાણીતા વિદ્વાનો રાખ્યા હતા, અને તેઓ પાસે તે લખાવ્યો હશે. તોપણ જયસિંહ પોતે વેધ કુશળ, ગણિત શાસ્ત્રી અને જ્યોતિષી હતો. જયસિંહે યોજેલાં નવાં યંત્રોનું વર્ણન સિદ્ધાંત સમ્રાઠ ગ્રંથમાં છે.

યુકલીડની ભૂમિતિના ૧૫ પુસ્તકોનો સંસ્કૃત ગ્રંથ જયસિંહના હુકમથી જગન્નાથે શકે ૧૬૪૧માં રચ્યો હતો. તેનું નામ "રેખા ગણિત" આપ્યું છે. આ ગ્રંથ જયપૂર પ્રાંતમાં જાણીતો છે. જયસિંહે જગન્નાથ શાસ્ત્રીને એક ગામ ઇનામમાં આપ્યું હતું જે તેના વંશજો હાલમાં ભોગવે છે.

'કટર' નામનો એક બીજો ગ્રંથ જયસિંહે 'નયન સુખો પાધ્યાય' ની પાસે લખાવ્યો, તે યૂકલીડનાં ગ્રંથ જેવો પણ તેનાથી તદન જૂદો એવો એક સ્વતંત્ર ગ્રંથ છે. તેનાં ૩ અધ્યાય છે.

૧૭૩૨મા જયસિંહ માળવામાં મોગલોના સેનાધિપતિ તરીકે નેમાયા હતા. તેમજ ૧૭૩૮માં ઇરાના નાદીરશાહે જે ચઢાઇ કરી તેની સામે નહિ થવામાં ડાહપણ વાપરી અલગ રહ્યા હતા. આવી રીતે ૪૪ વર્ષ રાજ્ય ભોગવી ૧૭૪૩માં મરણ પામ્યા.

જયસિંહે આરંભેલું કામ તેના પછી કોઈએ ચાલુ રાખ્યું નથી. તેની બંધાવેલી વેધશાળાઓનો ઉપયોગ કોઇએ કર્યો નહિ અને તેથી તે ઘણીખરી પડત હાલતમાં આવી છે. અજબ જેવું છે કે રજપુતસ્થાનમાં જયસિંહના ગ્રંથોનો કોઈ ઉપયોગ કરતું નથી.

**જયસિંહવર્મા**—ગુજરાતના પ્રાચિન ઇતિહાસ મુજબ 'એ ચાલુક્ય શાખાનો પેહેલો રાજા. ચાલુક્ય રાજાઓનો અમલ ઇ. સ. ૬૩૪ થી શરૂ થયો હતો; પણ પૂળકેશીનાં પૂત્ર વિક્રમાદિત્યને તેનો ભાઇ આ વિજયસિંહે પ્રથમ દક્ષિણ ગુજરાતમાં પોતાનો અમલ ઈ. સ. ૬૬૯-૭૦ માં સ્થાપન કર્યો હતો. એણે કયા રાજાનું રાજ્ય જીતી લીધું હતુ તે ચોકસ જણાયું નથી, પણ તે સમયે ભરૂચની પૂર્વે ૩૫ મૈલ છેટે આવેલી નન્દીપૂરી (નાંદોદ) ગુર્જર રાજાઓની રાજધાની હતી, અને ત્યાંથી ભરૂચ સુધીનાં પ્રદેશ ઉપર રાજાઓનો અમલ હતો. તે ઉપરથી એમ જણાયછે કે તે વખતનાં કોઇ ગુર્જર રાજાને હરાવી જયસિંહવર્માએ ગુજરાતનું રાજ્ય હાથ કર્યું હતું. એનું પાયતખત શેહેર નવસારી હતું, એનો એક પુત્ર બુધવર્મા ખેડામાં રાજ્ય કરતો હતો. એણે ઇ. સ. ૬૯૩ સુધી રાજ્યપદ ભોગવ્યું હતું.

**જયાજીરાવ**—ગવાલીયરનો આ માહારાજા જંકોજીરાવ પછી એક વારેસ તરીકે ગાદીનો માલેક ઠર્યો જયાજીરાવનો જન્મ ઈ. સ. ૧૮૩૪ માં થયો હતો, આથી ૯ વર્ષની બાળવયે રાજ્ય ગાદીના માલેક ઠરતાં તેમની વતી મામા સાહેબ નામે દીવાને રાજ્ય કારોબાર ચલાવવા માંડયો, પણ રાણી તારાબાઇના ખટપટી સ્વભાવથી તેણે દીવાન પદ છોડયું ને તેની જગાપર દાદાજી ખાસગીવાલાને નેમ્યો. આથી બ્રિટીશોએ રેસીડંટની

છાવણી ગવાલીયરમાંથી ઉપાડી લીધી. તે પછી ગવાલીયરનાં રાજ્યમાં અંધાધુંધી ફેલાતાં જગેજગ લુટફાટ થવા માંડી, આથી સર હ્યૂગૉફે ચઢાઈ કરી; તેમાં સિંધ્યાનું લશકર પેહેલી ચઢાઇમાં જીત મેળવી શક્યું અને તે વેળા સિંધ્યાના લશકરે બહાદુરીભરી તલવાર બાજીથી લઢાઇ લઢી નામના મેળવી હતી. આથી જનરલ વાલીઅટે સામી તરફથી આવી મહારાજપુર ઘેરી સિંધ્યાની ૨૮ તોપો લઇ લીધી. આથી તારાબાઇ તથા તેના અમીર ઉમરાવો શરણે આવતાં ૧૮,૦૦,૦૦૦ રૂપ્યાની ખંડણી લેતી કરી, ગવાલીયરમાં બ્રિટીશ સૈન્ય વધારે રાખવાને બંદોબસ્ત કર્યો. તે પછી મહારાજા જયાજીરાવ લાયક ઉમ્મરના થતાં ૧૮૫૪માં રાજ્યાભિષેક કર્યો અને તેમના દીવાન તરીકે સર દીનકરરાવને નેમ્યા. ૧૮૫૭ના બળવા સમયે જયાજીરાવે બ્રિટીશોને યોગ્ય મદદ કરી, પણ બળવાખોરોનું બળ વધતાં દીવાન સાથે નહાશી આગ્રે ગયા. પણ ૧૮૫૮માં સર હ્યૂરોઝે તથા સર કૉલિન કેમ્પબેલના લશકરની મદદથી તાત્યા ટોપી તથા ઝાંસીની રાણીને ફસાવી તથા ગવાલીયર જીતી લીધું. તે ઉપરાંત બ્રિટીશોએ જયાજીરાવને ગવાલીયર ગઢ અને મોરારની છાવણી શિવાયનો સઘળો મુલક તથા ૩ લાખ રૂપ્યાની ઉપજનો મુલક સ્વાધીન કરી જી. સી. એસ. આઇનો ખેતાબ આપ્યો હતો. ૧૮૭૫માં વડોદરાના મહારાજા મલ્હારાવ ગાયકવાડ ઉપર રેસીડન્ટને ઝેર દેવાનું તોહમત મેલાયું, તે કામની તપાસને માટે એક કમીશન નેમાયું તેમાં જયાજીરાવ પણ કમિશનમાં હતા, તેમણે મલ્હારાવને નિર્દોશ ઠેરાવ્યા હતા, પણ એમનું મત કબુલ કરવામાં આવ્યું નહોતું. એજ વર્ષની આખેરીમાં આ ચક્રવતી મહારાજા એડવર્ડ ૭માં ગવાલીયરમાં આવ્યા હતા તે વેળા તેમને ભારે માન આપવામાં આવ્યા ઉપરાંત ૮૦૦૦ માનસના લશકરની રિવ્યૂ કરાવી. આ વેળા એક બાજુના સેનાપતિનો હોદ્દો માહારાજાએ પોતે લીધો હતો, અને બીજી બાજુએ કમાન્ડર ઇન ચીફ હતો. તે વેળા જે કૃત્રિમ લઢાઇ લઢી બતાવવામાં આવી તેથી મહારાજા એડવર્ડ ભારે ખુશી થયા હતા. ૧૮૭૭માં એમને ૧૯ તોપોમાં વધારો કરી ૨૧ તોપોનું માન આપવાનું નક્કી થયું હતું. ૧૮૮૫માં મહારાજાની વફાદારીની સંપૂર્ણ ખાતરી થતાં લૉર્ડ લીટને તેમને મોરારની છાવણી તથા ગવાલીયર ગઢ સ્વાધીનમાં આપ્યા હતા. એમનું મરણ ૧૮૮૬માં નિપજ્યું હતું.

**જયાપીડ**—આ કાશ્મિરના પરાક્રમી રાજાએ કલીયૂગ સને ૩૮૪૬થી ૩૮૭૭ સુધી રાજ્ય અમલ કર્યો હતો, (ઇ. સ. ૭૪૫થી ૭૭૬). સંગ્રામપીડના મરણ પછી એ ભાઇની ગાદીએ બેઠો. એણે ૮૦,૦૦૦નાં સૈન્યસહ વિજય યાત્રા કરવા નિકળ્યો ત્યારે તેનો સાળો જજ્જ જે દેશમાં હતો તેણે એનું રાજ્ય પચાવી પાડયું. આથી રાજાનું લશકરે પણ ફરી બેસતાં એક સમે એખલો ભટકતો પૌંડવર્ધન નગરમાં ગયો, અને ત્યાં એક અતી કુશળકમળા નામે નાયકણીને ઘરે રહ્યો. એક રાત્રે જયાપિડે તે નગરીને ત્રાસ આપતા એક સિંહને એખલે હાથે માર્યો ને તે બીના કોઇને જણાવી નહિ. પણ બીજે દિને તે સિંહ પાસે તેની પડેલી નામવાળી મુદ્રા જયન્ત રાજાના જોવામાં આવતાં જયાપિડની શોધ કરાવી પોતાનાં મેહેલમાં આણી રાખ્યો ને પોતાની પુત્રી કલ્યાણદેવીની સાથે પરણાવ્યો. ત્યારબાદ જયાપિડે ગૌડનાં પાંચ રાજાને વશ કર્યા અને તેમને પોતાના સસરા જયન્ત રાજાનાં ખંડીયા બનાવ્યા.

તે પછી જયાપીડે મંત્રી મિત્રશર્માના પુત્ર દેવશર્માના સેનાધિપતિપણા તળે પોતાનું રાજ્ય જીતવા ગયો. માર્ગમાં એણે કાન્યકુબ્જ રાજાને ઇ. સ. ૭૪૮માં હરાવ્યો, અને જજ્જને હરાવી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું (ઇ. સ. ૭૪૮ માં.)



જ્યાં જયાપીડે પ્રથમ જીત મેળવી ત્યાં રાણી કલ્યાણદેવીએ કલ્યાણપૂર અને રાજાએ મલ્હાણપૂર ગામ વસાવ્યું; અને કમળા નામે ગણીકાએ કમળાપૂર વસાવ્યું. રાજ્યાસનપર આવ્યા પછી એણે પોતાનાં દેશમાં વિધાજ્ઞાનના ફેલાવા થકી વિદ્વાનોને આશ્રય આપી રાજ્ય સુધારણા કરી. એના અમલમાં ક્ષીરસ્વામી (વ્યાકરણ શાસ્ત્રી), થયકિક્ય, ભટ્ટોદભ (અલંકાર શાસ્ત્રી), કુટ્ટીનીમતનાં કર્તા દામોદર પંથ (કવિ) અને તે શિવાય, બીજા કવિ મનોરથ, શંખદત્ત, ચટ્ટક, સંધિમાન, વામન જેવા વિદ્વાન કવિઓ હતા; જેમને આશ્રય આપી સારા ઓધાપર નેમી રાજ્ય વ્યવસ્તા સારે ધોરણે ચલાવી હતી.

એણે લંકાથી પાંચ શિલ્પ શાસ્ત્રીઓને તેડાવી તેઓ પાસે એક તલાવ પુરાવી ત્યાં જયપૂર નામે કિલ્લો તથા મેહેલ બંધાવ્યો હતો (જેનો નાશ ૧૩મો સદીમાં થયો), વળી એણે પોતાનાં અમલમાં દેવ મંદીરોની સ્થાપન કરી હતી.

બીજે પ્રસંગે વિજય યાત્રાએ નિકળતાં એણે પૂર્વમાં વિનયાદીત્ય નામે નગર વસાવ્યું. ત્યાંથી એ એક સમે બિમસેનના કિલ્લામાં છુપે વેશે દાખલ થયો જ્યાં જજ્જનો ભાઇ રહેતો હતો, તેણે એને કેદ કર્યો. પણ તે સમયે તે તરફ 'કરોળીયા'નો રોગ ફેલાયો હતો, જેથી જેને તે રોગ લાગુ પડતો તેને હદપાર કરતા, કે તે ત્યાં સેવટે પિડાઇને મરણ પામતો. આથી જયાપિડે પણ એજ રોગનો ભોગ થઇ પડયો હોય તેવો ઢોંગ કરવાથી એને હદપાર કર્યો. આવી રીતે જયાપીડે છુટકારો મેળવી પોતાનાં લશકરમાં મળીજઇ બિમનો કિલ્લો જીતી લીધો. તે પછી એણે નેપાળનાં રાજા 'આરમુડી'ને નહસાડયો; પણ તે રાજાએ ફરી બીજી વેળા સમુદ્ર માર્ગે લઢાઇ કરી તેમાં જયાપિડ હાર્યો ને કેદ થયો. પણ એના એક મંત્રિ દેવશર્માએ જીવપર ઉદાર થઇ રાજાને કેદમાંથી મુક્ત કરી નેપાળના રાજાને ત્રીજી લઢાઇમાં હાર આપી.

તે પછી જયાપીડે સ્રીયા રાજ્યમાં જય મેળવ્યો. એના રાજ અમલમાં એક નાગના પ્રતાપે એને ત્રાંબાનો ડુંગર મલવાથી એણે એક કરોડ નાણાં પડાવ્યાં હતાં.

અમલની આખેરીમાં જયાપીડને દ્રવ્ય લોભ થતાં એણે પ્રજાને લુંટવા માંડી; તેમાં બ્રાહ્મણોપર ભારે ત્રાસ વરતાવ્યો અને જેઓ સામા થવા લાગા તેમને મારી નાખવા લાગો. પણ એક સમે 'તૂલ' ગામના બ્રાહ્મણો રાજા પાસે દાદ મેળવવા આવ્યા, તેમનું જયાપીડે ભારે અપમાન કર્યું, આથી એક 'ઇટીલ' નામના બ્રાહ્મણે રાજાને શ્રાપ આપતાં દરબારનાં છત ઉપરનો એક સુન્નાનો સળીયો રાજાપર તુટી પડયો, જેથી તેને કારી જખ્મ થતાં રીબીને મરણ પામ્યો. એના પછી એનો પુત્ર લલિતાપીડ ગાદીએ બેઠો.

**જયૂ પ્રજા**—(જુઓ ઇસરાદલ.)

**જયૂંગા**—કટકમાં સીંગભૂમની દક્ષિણમાં વસ્તી પ્રજા. એમનાં પુરૂષો ચંચળ, ૫ ફીટ બે ઇંચ, ને સ્રીઓ ૪ ફીટ ૩ ઇંચ લાંબા હોયછે. આ પ્રજા ચંચળ તથા મજબુત હોઈ તેમના ચેહેરા પોહોળા ને ઝાંખા કાળા રંગના હોયછે. પુરૂષો દેખાવડા હોતા નથી પણ સ્રીયો પ્રત્યાકર્ષક હોયછે. ૧૮૭૧ સુધી તેમની સ્રીઓ પાંદડા વડે અંગ ઢાંકતી હતી. તેઓ દર રોજ તાજાં પાંદડા વડે અંગ ઢાંકે છે. તેઓ દર રોજ આગળ પાછળથી બદન ઢાંકતાં તેથી તેમને "પત્તા" પ્રજા કહેતા. તેઓ માથામાં બટન જેવા પિત્તળ યા ચાંદીનાં ઘરેણાં પેહેરે છે. તેઓ થંડીમાં બદનપર ગરમ કપડાં ઓઢી સુતાં નથી પણ બે બાજુએ આતશ રોશન કરી તેની વચ્ચે સુવેછે. એઓ પાસે જમીન યા માલ મીલકત હોતી નથી. તેઓ ખેડુતોને ત્યાં કોઇ કોઇ મજુરી કરે છે. તેમનો મુખ્ય ધંધો શેકારબાજીનો હોવાથી તેમની પાસે તીરકામઠું તથા કુતરો હમેશાં રેહેછે. ગાયનું

માસ તેઓ ખાતા નથી. તે શિવાય દરેક પ્રાણીને ખાવામાં બાધ જોતા નથી. તેમનો રોજીંદો ખોરાક જંગલી કંદમૂળ અને બિયાં તથા શેકાર છે, તેમનો ચોકસ પૂજ્ય દેવતા નથી, પણ જંગલ યા ગુફામાં દેવતા વસેછે, એમ માની તેને પશુનું બળીદાન તથા ખોરાકનો નૈવેદ આપેછે, તેઓ શબને દાટેછે. તેઓ એક સ્ત્રી પરણે છે અને પોતાની સ્ત્રીનું નામ કદી જબાનથી બોલતા નથી, એમની સ્ત્રીઓ ઘરેણાની ઘણી શોકીન હોયછે; અને તેઓ કાન, બાલ, તથા નાકમાં તહેંવાર જાડાં ઘરેણાં ઓળવેછે.

**જયૂજ**—અર્જેનટાઇનના છેક ઉત્તર તરફનો પ્રાંત; ક્ષેત્રફળ ૨૭,૦૦૦ ચોરસ મૈલ હોઇ તેમાં વસ્તી ૯૦,૦૦૦ નીછે. સેન ફ્રાન્સીસ્કો નદી પર એજ નામનું પાયતખત છે. તે સાલ્ટાની ઉત્તરે ૪૪ મૈલપર છે, અત્રે કૉલેજ અને ખાંડ સાકર કરવાનું કારખાનું છે. શેહેરમાં લોક વસ્તી ૬૦૦૦ નીછે.

**જયૂબિલી**—આ જયુબિલી શબ્દ અતી પુરાણો છે. યાહુદી લોકો પ્રાચીન કાળમાં દર પાંચ વર્ષે એક તહેવાર પાળતા તેને જયૂબિલી કહેતા. આ તેહેવારની ખુશહાલીને દિવસે ગોલામોને છોડી મેલતા તથા જપત કરેલી માલ મીલકત તેમના ધણીને પાછી સોંપતા.

'રોમ શેહેરમાં આગલા વખતમાં દર ૧૦૦ વર્ષની મુદતે અને પાછળથી ૨૫ વર્ષની મુદતે આ મોહોત્સવ કરતા.

રોમન કેથોલિક લોકોનો તેહેવાર. જે પ્રસંગે રોમ શેહેરમાં સેંટપીટર તથા સેંટપાલના દેવળમાં પગે પડવા જનારાઓને પોપ પાદશાહી દસ્તૂર તરફથી અતીશય મોજશોખ ભોગવાની છુટ મેળે છે.

હાલમાં દર ૫૦ વર્ષની મુદત સુધી કોઇ રાજાનો અમલ, જોડાંનાં લગ્ન યા કોઇ જાહેર ખતાની કારકીર્દી લેખાતા તેનો આનંદોત્સવ કરે છે.

૩ જા જયૉર્જની જુબીલી ૧૮૦૯માં થઇ હતી. યૂનાઇટેડ સ્ટેટમાં બોસ્ટન ખાતે સુલ્હેની જયૂબિલી ૧૮૬૯માં તથા ૧૮૭૨માં થઈ હતી. મહારાણી વિક્ટોરીયાની જયૂબિલી ૧૮૮૭માં થઇ હતી.

**જયૂરી**—અથવા પંચની મારફતે તપાસ કરવાની રીત ઈંગલંડમાં ઇ. સ. ૪૫૫–૬૭૦ માં શરૂ થઈ હતી. જે વખતે ખોટો ઈન્સાફ કરવાને માટે જુરરોને પોતાની સઘળી મીલકત સુધાં જવાબદાર ગણવાનો કાયદો હતો. ફોજદારી મુકરદમામાં જયૂરીની મારફતે તપાસ કરવાની રીત ૧૧૮૯–૧૧૯૯મા દાખલ થઇ હતી. જયૂરીમાં બેસનારાઓ જો એકમત થઇને પોતાનો અભિપ્રાય આપે નહિ, તો ન્યાયાધીશની મર્જીમાં આવે ત્યાં સુધી તેઓને અટકાવી મુકવાની તથા ખાના પીનાં તથા રોશની વગર રાખવાની છુટ છે.

જયૂરી અથવા પંચ મારફતે ઇન્સાફ કરવાની રીત હિંદુસ્તાનમાં ઇંગ્રેજ રાજ્ય અમલના ફેલાવા પછી શરૂ થઇ હતી.

**જયેન્દ્ર**—અથવા વિજયમલ્લ. આ કાશમિરના રાજાએ ઇ. સ. પૂર્વે ૫૯થી ૨૨ સધી ૩૭ વર્ષ રાજ્ય અમલ ભોગવ્યો. એ વિજય રાજાનો પુત્ર હતો. એની દરબારમાં સંધિમતિ નામનો એક માહા વિદ્વાન પંડિત મંત્રીપદ પર હતો. તેની વિદ્વત્તા અને ચાતૂર્યથી બીજા દરબારીઓએ રાજાના કાન ભંભેરી તેની ધન દોલત લુટી ભિખારી બનાવ્યો. તેથી ગરીબ સ્થિતિમાં પણ તે સંતોષી રહ્યો. આથી અદેખા દરબારીઓએ તે આખરે રાજ્ય કરશે એવી વાત ફેલાવી, આથી રાજાએ તેને કેદમાં નાખ્યો. જ્યાં ૧૦ વર્ષ પિડા ભોગવી આખરે રાજાનાં અતી અદેખાઇને લીધે ફાંસીએ ચઢયો; અને તેજ ક્ષણે જયેન્દ્ર પણ મરણ પામ્યો. જયેન્દ્રને કોઇ સંતાન નહિ હોવાથી રાજ્ય ધણી વિનાનું થયું પણ સંધિપ્રતિના શબનો લેખ અતી વિચિત્ર લખેલો હતો; કે તે મરણ



પછી ૧૦ વર્ષે ફરી સજીવન થઇ રાજ્ય કરશે, આથી તેના ગુરૂ ઇશાન્યે સંધિમતીના હાડપીંજરની ૧૦ વર્ષ સુધી રક્ષા કરી અને તે પછી સંધિમતી ફરી અદભૂત કૌતકથી જીવંત થઇ કાશમિરનો રાજા થયો (જુઓ સંધિમતી.)

**જયેષ્ટીકાસન**—ચોરીઆશી આસનોમાનું એક આસન એમાં લાકડીની પેઠે હાથ (બન્ને હાથે માથાભણી લાંબાકરી)પગો લાંબા કરીને ચતૂં સુવું તે જયેષ્ટિકાસન કહેવાયછે એને યષ્ટિકાસન તથા દંડાસન પણ કહેછે.

## જયોતિષ શાસ્ત્ર.

**જયોતિષ શાસ્ત્રનો ઇતિહાસ**—સિદ્ધાંત મત મુજબ ગણિત, ભૂગોળ અને ખગોળ આ ત્રણે બાબતોના પૂર્ણજ્ઞાનને જયોતિષ શાસ્ત્ર કહેછે. કે જેની સાહ્યતાથી ખગોળમાંના ગ્રહો તથા બીજા નિરાધાર પદાર્થોનું જ્ઞાન મળેછે. આ શાસ્ત્રથી સૂર્યથી ગ્રહોનું અંતર, બ્રહ્માંડમાંના તેજસ્વિ ગોળા, તેમનો માર્ગ, તેમના ભ્રમણનો માર્ગ, મહત્વ, વેગ, ઋતૂનાં ફેરફાર, ભરતી, ઓટ, ગ્રહણ કેમ અને શાથી થાય છે, ભૂકંપ વગેરે કેમ ને શાથી થાયછે ને થશે તેનું જ્ઞાન જયોતિષ શાસ્ત્ર શિખવે છે. પણ તે જ્ઞાન પૂર્ણ મેળવવા માટે પ્રથમ અંકગણિત, બિજગણિત, ત્રિકોણમિતી, શંકુ છિન્ન, યંત્ર શાસ્ત્ર, ક્ષેત્રફળ, અંતર બિંબ વગેરે જયોતિષ જાણવા માટે શીખવું પડેછે.

હિંદુઓને જયોતિષ શાસ્ત્રનું જ્ઞાન પ્રાચીન કાળથી છે. વૈદીક કાળમાં યજ્ઞ કરવા માટે દિવસ અને મુહૂર્ત જોતા હતા. જયોતિષ નામે જે શાસ્ત્ર છે તે અતી નાહનું છે. તેમાં માત્ર ૩૬ શ્લોકો છે, અને તે ઈ૦ સ૦ પૂર્વે ૩૦૦ ઉપર રચાયું હોય એમ પશ્ચિમ તરફનાં વિદ્વાનો જણાવેછે, તે આગમજ જયોતિષ સંબંધી વૈદીક સૂત્રો જડતા નથી.

પ્રાચીન આર્યનોને જયોતિષ જ્ઞાન કેવું હતું તે વિશે જર્મન પ્રોફેસર 'વેર' જણાવે છે કે "આર્ય લોકોને યજ્ઞકાળ ઠેરવવા પુરતું જયોતિષ જ્ઞાન હતું. તેમને ૨૭ નક્ષત્રો માલમ હતા. તેઓ પોતાનું વર્ષ સૌરમાને (૩૬૦ દિવસનું) ગણતા હતા. અરણ્યક કાળ વેર તેમને ૯ ગ્રહની માહિતી નહોતી. કારણ તેમની પૂર્વના બ્રાહ્મણાદી ગ્રંથોમાં તે નાંમો જણાતાં નથી. કેટલાક ગ્રહોને ઋષિનાં નામો આપેલાં છે, તે ઉપરથી તે ગ્રહો જે ઋષિએ શોધી કાઢયા તેઓએ પોતાનાં નામો તેને આપ્યા હશે. બૃહસ્પતિને અંગિરસ અને શુક્રને ભૃગુ કહેલો છે. પેહેલાં ૭ ગ્રહો માનતા હતા, તેમાં સૂર્ય ચંદ્ર મુખ્ય હતા, તેમના પછી રાહુ તથા કેતૂ ગણવામાં આવ્યા. મનુસ્મૃતિમાં નવ ગ્રહોનાં નામો છે, પણ યાજ્ઞવલ્કય સ્મૃતિમાં તેમની પૂંજા કરવાનું ફરમાવેલું છે. પરાશર અને ગર્ગ એ પ્રાચીન જયોતિષી થઇ ગયા, પણ તેઓ ઋગવેદના કાળમાં થયા નહોતા. હિંદુ જયોતિષ શાસ્ત્રીઓના જણાવત્રા મુજબ આ જયોતિષ વિદ્યા ગ્રીકો તરફથી તેમને વધારે સ્પષ્ટ આકારમાં મળી એમ જણાય છે. જયોતિષ સંબંધી જે પાંચ સિદ્ધાંત ગ્રંથો છે તેમાંના બેનાં નામો 'રોમક સિદ્ધાંત, અને 'પૌલીસ સિદ્ધાંત' એ છે. પછી જેમ જેમ કર્મ માર્ગ વધતો ગયો તેમ તેમ મુહૂર્ત જયોતિષ, ફલ જયોતિષ, પ્રશ્ન જયોતિષ ઇત્યાદી પ્રકાર પણ વધતા ગયા. બ્રહ્મ સિદ્ધાંત, સૂર્ય સિદ્ધાંત, સોમ, ગર્ગ, નારદ સિદ્ધાંત ઇત્યાદી ગ્રંથો તે પછી રચાયાં.

જે દેશમાં આકાશ સ્વચ્છ ત્યાં ગ્રહોનું અવલોકન કરવાનું વધારે સવળ થઈ પડે છે. આવો દેશ એક હિંદુસ્તાન અને ઇજીપ્ત છે; અને ત્યાં તથા ખાલ્ડીયન દેશના લોકોએ સુમારે ૪,૦૦૦ વર્ષ ઉપર એ વિષય પર લક્ષ આપવાનો આરંભ કર્યો હતો. તેઓએ ગ્રહની ગતિની શોધ કરી તે ગ્રહોનો સંબંધ

પૃથ્વી અને મનુષ્યનાં પ્રારબ્ધ સાથે જોડી ભવિષ વર્તવાનું કામ શરૂ કર્યું હતું. પ્રથમ **પારાશર ઋષિએ** ચોકસ વિચાર પ્રગટ કીધાં, પછી વૈરાટ મુનીએ કેટલીક શોધ કરી ગ્રંથો રચ્યાં. તેમજ વ્યાસ નારાયણે પણ કેટલુંક લખ્યું અને તે પછી બૌદ્ધ અથવા જૈન મત સ્થાપન થયો અને તે પછી હિંદમાં સિદ્ધાંતમત, વ્યાસમત અને બૌદ્ધમત એવા ૩ મતો સ્થાપન થયાં, તેમાં કાળાંતરે સિદ્ધાંત મત જીર્ણ થવા માંડયું, પણ તેનો ઉદ્ગાર ભાસ્કરાચાર્યે કર્યો હતો. તે પછી ગ્રીક (યુનાની) લોકોએ જ્યોતિષ વિદ્યાની શોધ કરવા માંડી; તેમાં ૨૫૦૦ વર્ષ પર જે ૭ જ્ઞાની પુરૂષો ત્યાં થયા તેમાં થેલ્સ નામના મહાન પુરૂષે પ્રથમ ગ્રહણ વરત્યું. તેમજ પિથાગોરસે પણ આ શાસ્ત્ર પર લક્ષ આપીયું, અને તે પછી અથેન્સના એક રહીશ 'મીટાને' ૨,૧૦૦ વર્ષ ઉપર વધુ શોધ કર્યો, અને ૨૦૦૦ વર્ષ પર 'ઇરાટોઅસ્થિનીઝે' પૃથ્વીના પરિઘનું માપ કાઢયું, આથી તેની કીર્તિ વધતાં ઇજીપ્તના 'પેટોલ્મી હેવર્ઝમી' નામના રાજાએ તેને અલેક્ઝાન્ડ્રીયામાં તેડાવી ત્યાંની પુસ્તક શાળાનો ઉપરી કીધો. ત્યાં તેણે ખગોળ વિદ્યાને મદદ કરી શકે તેવાં યંત્રો યોજ્યાં, ને ખગોળ વિદ્યામાં વધારો કીધો. હિમારકસે આસરે ૨૦૦૦ વર્ષ ઉપર સર્વ કરતાં વિશેષ શોધ કર્યો, ગ્રહોની કક્ષા લંબગોળ છે, સૂર્યને ચંદ્રનું કોષ્ટક તથા ગ્રહણ થએલા તથા થવાનાં હતાં, તેની ગણત્રી, સૂર્યનું પૃથ્વીથી અંતર, તારાઓની ગણના ઇત્યાદી શોધો કરી. એજ વિદ્વાનના પેટોલ્મી નામે રાજ્ય શિષ્યનાં વંશમાં, એજ નામના રાજાએ ૧૬૦૦ વર્ષ ઉપર ખગોળવિદ્યા સંબંધી જેજે શોધો કરી હતી તેનો ૧૩ ગ્રંથોમાં સંગ્રહ કરી તેને 'આલ્માજેસ્ટ' નામ આપ્યું હતું. જેનું અરેબીકમાં ઇ૦ સ૦ ૮૫૦ માં ભાષાંતર થયું હતું. પણ ખગોળ શાસ્ત્રને ખીલવવાનું સર્વ માન યુરપખંડના વિદ્વાનોએ મેળવ્યું છે. ૧૪૭૩ ના સુમારે પ્રુશિયામાં કોપરનિકસ નામે વિદ્વાન પેદા થયો તેણે પ્રથમ પૃથ્વી સૂર્ય આસપાસ ફરેછે અને આકાશમાં નિરાધાર રહેલી એવી શોધ કરી. ગેલીલિયોએ ૧૬૦૯ માં પ્રથમ દુર્બિનની શોધ કરી, જયોતિષ વિદ્યામાં ઘણો વધારો કીધો અને તે પછી થોડી સદીપર થએલા વિદ્વાનોમાં સર આઇઝેક ન્યૂટન, જેમ્સ ફરગ્યુસન, ડૉ૦ હર્શલ વગેરે વીદ્વાનોએ ખગોળનું અવલોકન કરી તેમાં અસાધારણ વધારો કર્યો હતો. (જુઓ :—ખગોળ વિદ્યા, ગ્રહો, ગ્રહણ, ગ્રહમંડળ. કોપરનિકસ, આઇઝેકન્યુટન.)

**જ્યોતિષ વેદનાં નેત્ર ગણાયછે,** આથી એ સંપૂર્ણ વેદશાસ્ત્રમાં શ્રેષ્ટ ગણાયલું છે. આ શાસ્ત્રનું અધ્યન બ્રાહ્મણનેજ કરવાનું જણાવે છે. એનું બરાબર જ્ઞાન થતાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ, અને કિર્તી એ ફળ પ્રાપ્ત થાયછે.

પ્રાચીનકાળમાં હિંદના બ્રાહ્મણો વિદ્વાન અને ચંચળ બુદ્ધિના હતા; તેથી તેઓએ કેટલીક વિધ્યામાં વધારો કરી અનેક ગ્રંથો રચ્યાં હતાં, પણ તેઓએ દરેક વિદ્યા સાથે પોતાનો સ્વાર્થ જોડી પોતાના નિર્વાહ અર્થે તે તે વિદ્યા સાથે ધર્મનો સંબંધ જોડયો હતો. આવો સ્વાર્થ રાખી પોતાનાં વિચારો વિદ્યા સાથે જોડવાનું કારણ એ ધારી શકાય કે અગાઉના બ્રાહ્મણો માત્ર પોતાનું લક્ષ વિદ્યા અભ્યાસ, કળાકૌશલ્યા અને દેશના કાયદાપર રાખતા અને પોતાનું લક્ષ બીજા કામપર નહિ રાખવાને લીધે પોતાના નિર્વાહ સારૂં કાંઇ ઉત્પન્ન કરવા દરેક શાસ્ત્ર સાથે પોતાના નીર્વાહની યુકતીઓ જોડી હતી, તેથી તેઓએ જ્યોતીષ શાસ્ત્ર સાથે ભવિષ વર્તવાનું જોડી તેની સાથે ગૃહાદિક બ્રહ્માંડમાંના અલૌકિક પદાર્થોનો સંબંધ જોડી આ શાસ્ત્રને ખગોળ, જ્યોતીષ અને ગણિત એ ત્રણમાં વેંહેંચી નાખ્યું; પણ જ્યોતિષ શાસ્ત્રમાં એ ત્રણે સમાતાં હોવાથી આ શાસ્ત્ર અતી બોહોળું બન્યું છે. પણ એ જ્યોતિષ



શાસ્ત્રનો આજે મુખ્ય ઉપયોગ માત્ર ભવિષ વર્તવા માટેજ કરવામાં આવે છે, અને હિંદુ જ્યોતિષ શાસ્ત્ર આજે ધર્મ કર્મ સાથે અને મનુષ્ય સાથે મુખ્ય સંબંધ રાખે છે.

**હિંદુ જ્યોતિષ શાસ્ત્ર** મુજબ જ્યોતિષ કેવો હોવો જોઇએ તે વિષે જ્યોતિ નિબંધમાં જણાવે છે કે સ્પષ્ટ એક લખનાર, પુણ્યવાન કોઇડા, બીજગણિત વગેરે ગણિતશાસ્ત્ર જાણનાર; સૂર્ય સિદ્ધાંત આદિ સિદ્ધાંતો જાણનાર, નમ્ર, ગણિત પ્રકરણમાં પ્રસિદ્ધ, મોહોટો નીતિવંત અને ભૂખ, તરસ, વ્યસન એને જીતનારો એવો જે પુરૂષ તેજ જ્યોતિષી બની શકે.

જ્યોતિષનો ઉપયોગ નીચલા પ્રકરણમાં કરે છે.

**કાલમાન**—એમાં દેવતા તથા મનુષ્યનાં વર્ષોની ગણના કરેલી હોય છે. **સંવત્સર** પ્રકરણ—એમાં સંવત્સરના નામો, યૂગના નામો અને સંખ્યા, ક્ષય તથા વધારે સંવત્સર ઇત્યાદી. અયનાદિ પ્રકરણ ઋતુમાસ એનું જ્ઞાન. **વાર** પ્રકરણ—પાપવાર, શુભ અશુભ વાર વિશે. **નક્ષત્ર** પ્રકરણ—તેમના રૂપો, તે ઉપરથી રાતમાન અને દીનમાન જોવાં ઇત્યાદી. **યોગ** પ્રકરણ, **કરણ** પ્રકરણ, મુહૂર્ત પ્રકરણ, **રાશિ** પ્રકરણ, **લગ્ન** પ્રકરણ, **શુભા શુભક** પ્રકરણ. **દોશ** પ્રકરણ, **ગ્રહણ** પ્રકરણ, **કેતુ** પ્રકરણ ઇત્યાદી **મુહૂર્ત** પ્રકરણ અતી લાંબુ હોઇ તેમાં ૧૦૦ કાર્યોનાં મુહૂર્ત જણાવેલાં છે. **દેવ પ્રતિષ્ઠા** પ્રકરણ, **સંસ્કાર** પ્રકરણ, **વિદ્યારંભ** પ્રકરણ, વિવાહ પ્રકરણ, એ સામાન્ય પ્રકરણ નથી પણ એમાં ૭૫ ઉપર વિષયો છે. **વાસ્તુ** પ્રકરણ—ઘેર બાંધવાનું તથા દ્વારમાં પ્રવેશ કરવાનું. યાત્રા પ્રકરણ, **જાત્રા** પ્રકરણ અથવા ગામ તરફ કયારે જવું તે પ્રકરણ, **સંક્રાંતિ** પ્રકરણ, સંક્રાંતિ ફળ લક્ષણ, **ગોચર** પ્રકરણ, વગેરે અનેક પ્રકરણો જ્યોતિષી પંચાંગમાં આપેલાં છે.

**નવગ્રહો**—સૂર્ય, ચંદ્ર, મંગળ, બુદ્ધ, ગુરૂ, શુક્ર, શની, રાહુ, કેતુ ગ્રહોને હિંદુ જ્યોતિષ શાસ્ત્રમાં પૂજ્ય ગણેલાં છે, અને તે જૂદી જૂદી જાતનાં છે એમ કહે છે. એટલે ગુરૂ, શુક્ર એ બ્રાહ્મણ; મંગળ; રવિ, ક્ષત્રીય; બુદ્ધ, ચંદ્ર એ વૈશ્ય; અને કેતૂ તથા શની એ શુદ્ર છે. (જુઓ નવ ગ્રહ.)

જ્યોતિષ શાસ્ત્રની ફરી સ્થાપના કરનાર વિદ્વાન ભાસ્કરાચાર્ય હતા. તેણે સિદ્ધાંત શિરોમણી, લીલાવતી, તિથી તત્વ, જ્યોતિષ તત્વ વગેરે ઉપયોગી ગ્રંથો રચ્યાં હતાં, તેના પછી વધારે વિસ્તારીને સ્પષ્ટ રીતે કોઇએ ઝાઝું લખ્યું નથી, પણ ક્રમે કરી જ્યોતિષ શાસ્ત્રમાં ગણિત સંબંધથી ઠીક સુધારો થતો ગયો.

**પંચાંગ** રાખવાનો ચાલ ઘણું કરી સઘળાં દેશોમાં છે. પણ હીંદુ શાસ્ત્રીઓ પ્રમાણે ભવિષ્ય વર્તવાને સારૂં વિદ્વાન લોકોને રાખતાં નથી. ઇંગ્રેજીમાં 'આલમેનિક' પંચાંગ જે બનેછે તેની અંદર તારીખ, વાર તથા સૂર્ય ચંદ્રના ભૂકેંદ્રના અક્ષાંસ, રેખાંશ, યોગ અને પ્રતિ યોગકળા વિગેરે બાબતો તેની અંદર લખેલી હોય છે. હીંદુ જ્યોતિષ શાસ્ત્રીઓ પંચાંગનો ઉપયોગ ભવિષ વર્તવા માટે કરેછે. પંચાંગમાં નીચે મુજબ વિષયો હોયછે. તેમાં આરંભમાં વર્ષફળ લખેલું હોયછે. તે પછી વર્ષનાં ૧૨ માસમાંના દરેક માસની તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ, ઇત્યાદી કોષ્ટકો હોયછે. તે શિવાય દિનમાન અને નવી રીત મુજબ—પારસી, ખ્રિસ્તી, મુસલમાની વર્ષના મહિના, અને તારીખો આપેલી હોય છે. તેમજ સૂર્યોદય તથા સૂર્યાસ્તનો કાળ લખેલો હોય છે; તે શિવાય દરેક તિથીનો જે તેહેવાર, પર્વણી, વ્રત, અપવાસ, જયંતી જે હોય તેના નામની સંક્ષીપ્ત નિશાની હોય છે. રાશિની કુંડળી યાને પંદર દિવસમાં કઇ રાશિએ કયો ગ્રહ આવેલો હોય છે તેનું કોષ્ટક આપેલું હોય છે. તે શિવાય તેમાં હિંદમાં થનાર દરેક

ગ્રહણકાળ ચિત્ર સાથે હોયછે. તેમજ મકરસંક્રાંતિનું ચિત્ર અને ફળ હોયછે. જયોતિષ ચક્ર, લગ્ન, જનોઇનાં તિથો અથવા મુહૂર્ત પણ હોય છે.

જન્મોત્રીની અંદર ગ્રહોનું મૈત્રીચક્ર કાઢે છે, કે જેથી ફળાદેશમાં દશાઓ જોવાને વધારે ઉપયોગી પડેછે. આગળ ગ્રહોનું રાશી ચક્ર કાઢેછે, તેમાં જન્મ વખતનાં જે સ્પષ્ટ ગ્રહો હોય છે તે નીચમાંથી બાદ કરીને બાકી રહે તેના અંશ કરીને તેને નવે ભાંજી તેમાંથી થોડોક ફેરફાર કરે છે. એમ નવે ગ્રહોને સારૂં તૈઆર કરી એક એક ગ્રહને સારૂં જે અંકો આવ્યા હોય છે તેને તે ગ્રહના આસન નીચે લખી, આગળ એક આસનમાં તે બધાંનો સર્વાળો લખે છે. જો એ સરવાળો ૨૦ આવેતો તે મનુષ્ય દારિદ્રતા ભોગવે, ૧૦ થી વધુ આવેતો મધ્યમ સ્થિતિ ભોગવે, ને ૩૦ ઉપર આવે તો રાજ્ય યોગ જાણવો.

**દશા** વાલું પ્રકરણ મુખ્ય છે. આરદ્રાથી જન્મ વખતે જે નક્ષત્ર હોય, ત્યાં સુધી જેટલા નક્ષત્રો થાય તેમાંથી પેહેલાં ચાર નક્ષત્રો સુધી સૂર્યની દશા, પછી ત્રણ સુધી ચંદ્રની દશા, ચાર સુધી મંગળની, ત્રણ સુધી બુદ્ધની, ચાર સુધી શનીની, ત્રણ સુધી ગુરૂની, ચાર સુધી રાહુની, પછી ત્રણ સુધી શુક્રની ને ચાર સુધી કેતૂની હોય છે. જેમકે કોઇ મનુષ્યના જન્મ વખતે હસ્ત નક્ષત્ર ત્રીસ ઘડી સુધી ભોગવ્યું છે, તો આરદ્રાથી પેહેલા ચાર અષલેષા સુધી સૂર્યની, પછી ઉત્તરા ફાલગુની સુધી ચંદ્રની, જે હસ્ત જ્યારથી બેઠું ત્યારથી મંગળની દશાનો પ્રવેશ કહેવાય છે; હવે મંગળની દશા ૮ વર્ષની, તેમાં હસ્ત ત્રીસ ઘડી ભોગવ્યું, માટે એક વર્ષ એના જન્મ થતાં પેહેલું ભોગવી ગયું ને બાકી ૭ વર્ષ ભોગવવાનાં રહ્યાં એ મુજબ કહાડે છે.

ગ્રહ = રવી,—ચંદ્ર,—મંગળ,—બુદ્ધ,
દશાનાં વર્ષો ૬ —૧૫ — ૮ —૧૭

ગ્રહ = શનિ,—ગુરૂ,—રાહૂ–શુક્ર,–કેતૂ.
દશાનાં વર્ષો ૧૦—૧૯—૧૨—૨૧–૧૨.

વર્ષફળથી એક વર્ષનું સારૂં નરસું ફળ કહેવાય છે. જન્મ વખતે સૂર્ય જે રાશિના જે અંશ, કળા ને વિકળાએ હોય, તે રાશિના તેજ અંશ, કળા ને વિકળાએ પાછો આવે, ત્યારે વર્ષ પુરૂં થયું કહેવાય છે. જોષિઓ દરેક મનુષ્યને સારૂં નવું વર્ષ કયે દહાડે કેટલી ઘડીએ અને પળે બેસશે તે નકી કરીને તે ઘડી પળ ઉપરથી જન્મ લગ્ન તૈઆર કરે છે* તેમ તે પણ બનાવે છે. તેમજ તેને માટે એવી એક કુંડળી કરીને તેમાં પેહેલા આસનમાં તે આવેલું લગ્ન મુકે છે. આ વર્ષફળની અંદર જન્મોત્રીની માફક ચળીત, નવા માંસ વગેરે લગ્નો કહાડે છે, અને સેવટે માસ ઉપજાવે છે.

જન્મોત્રી અને વર્ષફળ ઉપરથી ભવિષ જોવાય છે. પણ જે માનસના જન્મ કાળની યાદ ન હોય તેની પાસે જોશિઓ **પ્રશ્ન** મુકાવે છે, અને પ્રશ્નના વખતને જન્મનો વખત કલ્પીને જન્મોતરીની માફક બનાવે છે, તેને પ્રશ્નોતરી કહે છે.

દરેક મનુષ્યને પોતાની રાશિથી બારમી રાશિએ શનિ હોય તો **પનોતી,** તેજ રાશિએ (જન્મનો) હોય તો હૈયે અને બીજી રાશિએ હોય તો પગે પનોતી કહેવાય છે. તેમજ ચોથો અને આઠમો શનિ હોય તો હૈયે પનોતી કહેછે; વળી શનિ જે દિવસે બદલાય છે તે દિવસે જેને પનોતી બેસવાની હોયછે તેની રાશિથી ચંદ્ર ૧, ૬, ૧૧ મી

*ચાલતા શકમાંથી જન્મનો શક બાદ કરીને તેને ૧,૧૫, ૩૧ અને ૩૦થી ગુણે છે. એકથી ગુણતાં આવે તે વાર, પંદરે ગુણતાં આવે તે ઘડી, ૩૧ થી ગુણતાં આવે તે પળ, અને ૩૦થી ગુણતાં આવે તે અક્ષર કહેવાય છે. આ આવેલા વાર, ઘડી, પળ અને અક્ષરમાં જન્મનો વાર, ઘડી, પળ અને અક્ષર મેળવે છે, ને તેનો જે સરવાળો આવે છે તે વાર; ઘડી, પળને અક્ષરે નવું વર્ષ બેસસે એમ કહેવાય છે.



રાશિએ હોય તો સોનાને પાયે. તેમજ ૨, ૫, ૯ મી રાશિએ હોય તો રૂપાને પાયે; તથા ૩, ૭, ૧૦ મી રાશિએ હોય તો ત્રાંબાને પાયે અને ૪, ૮, ૧૨ મી રાશિએ હોય તો લોઢાને પાયે પનોતી છે એમ કહેછે. આ પનોતી મનુષ્યને નાહના પ્રકારનાં ભય દેખાડે, છોકરાંને તથા ઢોરને પીડા કરે, હાની તથા મરણ ઉપજાવે, પરદેશ મોકલે અને સુખનો તથા સ્ત્રીનો નાશ કરે.

**માહા દશા તથા અંતર દશા,** જન્મકાળ ઉપરથી હોય છે. પણ તે ન હોય તો તેના નામ ઉપરથી પણ જોવાય છે. જેની દશા જોવી હોય તેને જન્મના સૂર્યના (તેજ રાશિના સૂર્યના) ૨૦ દહાડા સુધી રવીની દશા, પછી ત્રીજા સૂર્યના ૧૦ દહાડા સુધી ચંદ્રની, ચોથા સૂર્યના ૮ દહાડા સુધી શનિની, નવમાંના ૮ દહાડા સુધી બૃહસ્પતિની, દસમાંના ૨૦ દહાડા સુધી રાહુની અને બાકી શેષ દહાડા શુક્રની દશા જાણવી.

દરેક ગ્રહની દશા કેટલા દિવસ રહેછે તે નીચે મુજબ—

ગ્રહ નામ = રવી, ચંદ્ર, મંગળ,
દશાના દિવસ ૨૦, ૫૦, ૨૮;
ગ્રહ નામ =બુદ્ધ, શનિ, ગુરૂ, રાહુ, શુક્ર,
દશાના દિવસ ૫૬, ૨૬, ૫૮, ૪૨, ૭૦.

**મુહૂર્ત** જોવાની ચાલ પ્રાચીન કાળથી ચાલતી આવી છે અને તે મુહૂર્ત ઘણાં પ્રકારનાં છે, તેમાંના બે અત્રે દર્શાવ્યા છે.

પેહેલા પ્રકારનાં અમુક મુહૂર્તને સારૂં તિથી, વાર, નક્ષત્ર વગેરે જોવામાં આવે છે, અને બીજામાં સૂર્યનાં નક્ષત્રથી દિવસના નક્ષત્ર સુધી ગણતાં જેટલાં નક્ષત્ર આવે છે તે દરેક બાબતને જૂદે જૂદે સ્થાને (મુહૂર્તના પ્રકારમાં) કહેવા પ્રમાણે તેમાંથી નક્ષત્ર મુકતાં સારે સ્થાને આવે તો સારૂં મુહૂર્ત એવા અનેક પ્રકાર છે.

***અક્ષત**—જોષિઓ પંચાંગ, જન્મોત્રી, વર્ષફળ, પ્રશનોતરી વગેરે બાબતો ઉપરથી ભવિષ કહે છે. તેમજ કોઈ માંદુ હોય તે ઉપર ઉતારેલા અક્ષત જોઇને પણ કેટલીક બાબતો કહે છે. જોષિ પાસે અક્ષત લઇ જતાં તે વખત ઉપરથી (જન્મ લગ્નની માફક) લગ્ન કહાડે છે, અને લગ્ન આવે તે ઉપરથી જૂદા જૂદા દોષ કહે છે, તથા તે મટાડવા સારૂં જૂદા જૂદા ઉપાય બતાવે છે. જેમકે મેષ લગ્ને પિત્રદોશ, વર્ષે ગોત્રદોષ, મિથૂને દેવીદોશ, કર્કે શાંકણી, સિંહે પ્રેતદોશ, કન્યાએ અંગપિડા તોળાએ ક્ષેત્રપાળ દોશ, વૃશ્ચિકે વૈતાળ દોશ, ધને મહામાયા દોશ, મકરે ક્ષેત્રપાળનો દોશ, કુંભે પ્રેતપિડા અને મીને કર્કશા દોશ કહેલો છે.

**તિથી; કળા**—આપણને ચંદ્ર જે દરરોજ વધતો ઓછો પ્રકાશીત જણાય છે તે કેટલો દેખાય છે એ જાણવા માટે જો આપણે ચંદ્ર બિંબના ૧૫ ભાગ કલ્પિએ તો તે દરેક ભાગને કળા કહે છે. આ દરેક કળા ૨૪ કલાક સુધી દેખાય છે, અને ત્યાર પછી બીજી કળા દેખાવા માંડેછે. શૂદ એકમથી તે શૂદ ૧૫ સુધી લગભગ ૧૫ દિવસ તેની કળામાં વધારો થાય છે, અને પુનમે એટલે પ્રતિયોગ કાળે ચંદ્રની પૂર્ણ કળા (પંદરે ભાગ) એટલે સંપૂર્ણ ગોળો દેખાય છે. તેમજ પુનમ પછી બીજા પંદર દિવસ સુધી તેની કળા ક્ષિણ થતી જાય છે; એટલે તેનો પ્રકાશવાલો ભાગ ઓછો થતો જાયછે, અને આખરે અમાસ અથવા યોગકાળે ચંદ્ર બીલકુલ દેખાતો નથી. એ મુજબ ચંદ્ર યોગ કાળમાંથી ૨૯ દિવસે પાછો યોગ કાળમાં આવેછે, અને એટલી મુદતમાં ઉપર જણાવ્યું તે મુજબ ચંદ્રની ૧૫ ચઢતી ને ૧૫ ઉતરતી મળી ૩૦ કળા દેખાય છે, તેથી દરેક કળા ૬૦ કરતાં ઓછી ઘડી સુધી દેખાય છે; અને એટલો વખત થયા પછી બીજી કળામાં પ્રકાશ માલમ પડેછે. આ જે એક પછી એક બીજી કળા (ભાગ) માં જે પ્રકાશનું દેખાવું તેને તિથી કહે છે. પેહેલી કળાએ પડવો, બીજીએ બીજ, એ મુજબ નામો આપેલાં છે.

*અક્ષતની અંદર ઘઉં, અડદ, અથવા જાર. એમાંથી કોઇ અનાજ તથા માટીનો કાંકરો, લોઢું, કોલસો, પૈસો, મીઠાનો કાંકરો ને સોપારી એટલી ચીજો ઘાણું કરી હોય છે.

ઉપર જણાવ્યું કે કળા ૬૦ કરતાં ઓછી ઘડી સુધી દેખાય છે. તેને લીધે તીથીમાં હમેશાં વધ ઘટ આવે છે. આમ થવાનું કારણ એક દિવસ ૬૦ ઘડીનો હોયછે, અને ચંદ્રની કળા ૬૦ કરતાં ઓછી ઘડી દેખાવાની, તેથી એક દિવસની અંદર એક કળા પુરી થઇને બીજીનો આરંભ થવાનો, અને તેથી જે પેહેલે દિવસે એક કળા જે વખતે પુરી થઇ તે કરતાં બીજે દિવસે બીજી વેહેલી થઇ રહેવાની; અને એમ કરતાં સેવટે લગભગ ૨૯ દિવસમાં ૬૦ કળાઓ પુરી થવાની, તેથી એક દિવસમાં બે કળાઓ જણાઇ ચુકશે; અને આવી રીતે જે બનેછે તેને 'ક્ષયા તીથી' કહેછે. પંચાંગમાં પડવે ને મંગલવાર ૧૮ ઘડીને ૩૨ પળ લખે છે, તેનો અર્થ એટલોજ કે સોમવારને દહાડે પડવે એટલે ચંદ્રની પેહેલી કળામાં ૧૮ ઘડી અને ૩૨ પળે બરાબર પ્રકાશ દેખાઇ રેહશે, અને ત્યાર પછી બીજ થશે, એટલે બીજી કળામાં પ્રકાશ દેખાવા માંડશે. પણ જો પુનમ (પ્રતીયોગ કળા) પછી પડવો હોય તો એમ સમજવું કે ચંદ્રની પૂર્ણ કળામાંથી ઉતરતી એક ઓછી થતી કળામાં એટલી ઘડી સુધી પ્રકાશ રહેશે, એટલે જેને ચઢતી ૧૫ મી કળા કહેતાં તે ભાગમાં એટલી ઘડી સુધી પ્રકાશ રહિને ચઢતી ૧૪ મી કળાની સેવટની હદ આગળ પ્રકાશ દેખાશે, અને પંદરમી કળાનો બધો ભાગ બીલકુલ કાળો દેખાશે.

**રાશિ**—આકાશની અંદરના વચલા ભાગના તારાઓના જથ્થાને રાશિ કહે છે. આ રાશિ આકાશના વચલા ભાગમાં એક ગોળ ચક્રપટાની માફક છે; તેમાં હિંદુ જ્યોતિષ વેત્તાઓએ ચંદ્રની ગતી ઉપરથી ૨૭ ભાગ કરેલા છે. જે દરેક ભાગને નક્ષત્ર કહે છે. સૂર્યને એ રાશિ ચંદ્રની એક જગાએથી નિકળીને ફરી તેજ જગોએ આવવું આસરે ૩૬૫ દિવસે થાય છે. આ વર્ષને સૌર વર્ષ કહે છે. ચંદ્રને એક ચક્રની એક જગાએથી નિકળીને ફરી તેજ જગાએ આવતાં ૨૭ દિવસ લાગે છે. આ ચક્રની ગતિ ઉપરથી તેને યોગ કાળમાંથી નિકળીને પાછો યોગ કાળમાં આવતાં આસરે ૨૯ દિવસ થાય છે. આ માસને ચાંદ્ર માસ કહે છે. હિંદુઓમાં જે ૧૨ મહિનાનું વર્ષ ચાલે છે તે ચાંદ્ર માસ ઉપરથી છે, અને એ મહિનાઓનાં નામ હરેક પ્રતિયોગ કાળે ચંદ્ર જે નક્ષત્ર ઉપર આવે છે તે ઉપરથી પાડવામાં આવેલાં છે. જેમકે કાર્તક મહિનાની* પુનમે ઘણું કરી હમેશાં કૃતિકા હોય છે. માગશર મહિનાની પુનમે મૃગશર હોય છે, અને તેજ પ્રમાણે આ બધાં નામો આપેલાં છે.

યોગ શબ્દ ઉપરથી માલમ પડે છે કે કોઇ ચીજ સાથનો મેળાપ. ચંદ્રની રાશિ તથા અંશોમાં સૂર્યની રાશિ તથા અંશો એઓનો મેળાપ કરવો, એટલે સરવાળો કરવા ઉપરથી યોગ વર્તે છે. ધારો કે ચંદ્ર, મકર અને કુંભ એ રાશિઓની વચ્ચે છે; સૂર્ય કન્યા રાશિ એ છે. એ બેઉનો સરવાળો આસરે ૧૬ રાશિ ઉપર કંઇક અંશો થશે. આ સરવાળાનાં અંશ, કળા કરી તેઓ કેટલાક ફેરફાર કરી ગએલા યોગની ઘડી પળ કાઢેછે. આ દરેક જૂદા જૂદા સરવાળાને યોગ કહેછે, અને તેનાં જૂદા જૂદા ૨૭ નામો પાડેલાં છે. યોગ એ આકાશની અંદર તારા, નક્ષત્ર, અથવા ગ્રહો એમાંનું કાંઇ પણ નથી. ફક્ત ઉપર કહેવા મુજબ એ જૂદા જૂદા સરવાળાનાં નામ છે; અને વિદ્વાનોએ એ સરવાળા વારે વારે યાદ રહેવાની જરૂર ઉપરથી તેનાં નામ પાડયાં છે.

**જ્યૉર્જ ૧ લો**—ઈંગલંડનો રાજા. હાનોવરના ઇલેક્ટોર અર્નેસ્ટ આગસ્ટસ અને સોફીયાનો પુત્ર. સોફીયા જેમ્સ ૧ લાની પૌત્રી હતી. એનો જન્મ હાનોવર ખાતે ૧૬૬૦ ૨૮ મી મેમાં થયો. રાણી એન્નનાં મરણથી

* વખતપર શુદ ચૌદસે કે વદ એકમે તે નક્ષત્ર આવે છે.



એ ૧૭૧૪ નાં સપટેંબરમાં ઈંગલંડનો રાજા થયો. એ ૧૬૯૮ થી હાનોવરનો ઇલેકટોર હતો. એ ૨૯ મી સપટેંબરે બ્રિતનીય ગયો અને ૩૧ અકટોંબરે વેસ્ટમીન્સટર એબીમાં રાજ્યાસને બેઠો.

એને ઈંગ્રેજી ભાષા આવડતી નહોતી, તેમજ ઈંગ્રેજી રીતભાતોથી નાવાકેફ હતો. એણે વિઘ પક્ષને કારોબાર સોંપી ટોરી પક્ષ સાથે સારૂં રાખ્યું. થોડા માસ પછી સ્તુઅર્ટ વંશના મિત્રોએ બંડ કર્યા, ને ત્રીજા જેમ્સને નામે સ્કૉટીશ અર્લ મારની સરદારી તળે ઝુંડો ઉંચકયો ને ૧૭૧૫ માં જેમ્સ સ્કૉટલંડ આવ્યો, પણ હાર પામી ફ્રાન્સ તરફ ૧૭૧૬ માં નહાઠો. આથી જ્યૉર્જે રાજદ્રોહી ઉમરાવોને ઇન્સાફી રીતે દેહાંત દંડની શિક્ષા કરી. ને તે પછી, દર વર્ષે પાર્લામેંટ ભરવાનો કાયદો પસાર કર્યો જે હજી ચાલુ છે. તે પછી જેમ્સે બીજા બળીયા રાજાની મદદથી ૧૭૧૯ માં રાજપદ મેળવવાની તક સાંધી પણ તેટલાં સફર દરમ્યાન તેનું બળ તુફાનથી તુટતાં ૧૭૨૦ માં સુલેહ કરી.

એના અમલમાં 'સૌથસી' નામે કંપનીએ સરકારને ગંજાવર રકમ ધીરી હતી, તે કંપનીનો સટો ભાગતાં અનેકપરપોટા કંપની નીકળી, જે થોડા વખતમાં ભાગી પડતાં ઈંગલંડના ઘણાક લોકોની ખરાબી થઇ. ૧૭૨૪ માં સ્કૉટલંડ ઉપર એક નવો કર નાખ્યાથી તથા આયરલંડમાં ત્રાંબાના નવી તર્હેનાં સિક્કા ચલણ તરીકે ચલાવિયાથી વિઘ પ્રધાન મંડળ તુફાનપર ચઢયું. આ વેળા સ્પેનના રાજાએ જર્મનીનાં અધિરાજ સાથે સંપ કરવાથી ગ્રેટબ્રિટન તથા ફ્રાન્સે સંપ કર્યો, તેમાં સ્વિડન તથા હૉલંડ પણ મળયાં (૧૭૨૫). આ લઢાઇ ૧૭૨૭ માં બંધ પડી તેટલાં ૧૧ મી જુને જ્યોર્જ મરણ પામ્યો. એ ઈંગ્રેજ પ્રજાને રાજી કરી શકયો નહિ અને તે ઘણો ખરો હાનાવરમાં પડી રહેતો.

**જ્યૉર્જ બીજો**—ઉપલાનો પુત્ર. હાનોવરનો ઇલકટોર તથા ગ્રેટબ્રિટનનો રાજા. જન્મ હાનોવરમાં ૩૦ અકટોંબર ૧૬૮૩ માં થયો. ૧૭૦૬ માં એને ડ્યૂક ઑવ કેમબ્રિજનો ખેતાબ મલ્યો અને ૧૭૧૪ માં પ્રિન્સ ઑવ વેલ્સનું પદ પામ્યો. ૧ લા જ્યૉર્જનાં મરણ પછી એ ૧૭૨૭ માં ૪૪ વર્ષની વયે રાજ્ય રૂઢ થયો. એ ઈંગ્રેજી ભાષા સારી જાણતો હતો. એની રાણી ઘણી સ્યાણી અને ચંચળ હોવાથી તે આ રાજાને સારી સલ્હા આપી ઉત્તમ માર્ગે દોરતી. આજ રાણીની સમજાવટથી વૉલપોલને પ્રધાન પદ મલ્યું. ૧૮૩૮ માં સ્પેનજોડે વાંધો પડયો હતો. એમાં સ્પેન પોતે સમુદ્ર અને મહાસાગરોપર પોતાને શ્રેષ્ટ જણાવી બીજી પ્રજાના વાહણોની ઝડતી લેતો આથી ઈંગ્રેજ લશકરે તેમનીપર હલ્લા કરી પોતાનું શ્રેષ્ટત્વ સ્થાપ્યું; પણ જેવી જોઇએ તેવી ફતેહ નહિ મળયાથી વાલપોલના પ્રધાનમંડળ સામે ઉશકેરણી ચાલી. ૧૭૪૧ માં નવી પાર્લામેંટ મળી ને પ્લુટ પ્રધાનપદ પામ્યો. ૧૭૪૨ માં જ્યૉર્જ મેરીઆ થેરીસાનો પક્ષ પકડી જર્મનોને મદદ કરી, આ વેળા પાર્લામેંટે એને પાંચ લાખ પૌંડ રોકડા આપવાને તથા તેની કુમકે ફોજ મોકલવાને ૫૦ લાખ પૌંડ ખરચ કરવાને આપ્યા. વલંદા સરકાર પણ એના પક્ષમાં આવ્યા; આ બે પ્રજાનું લશકર તેમની કુમકે ગયું. જ્યૉર્જ યુદ્ધ કળામાં માહિતગાર હોઈ બહાદુર હોવાથી એણે લશકરની સરદારી લઇ મેન નદીની નજદીક 'ડીટીંગનના રણમાં ફ્રેન્ચ અને બવેરીયન લશકર પર વિજય પામ્યો. (૨૭ જુન) આ બનાવ પછી ઈંગલંડનો કોઈપણ રાજા પોતે લઢાઈમાં ગયો નથી.

૧૭૫૭ માં ઇંગલંડનો પ્રધાન વિલ્યમ પિટ્ટ થયો. તેણે પ્રોશયન રાજા ફ્રેડરીકને વિજયી થએલો જોઇ ૬૭,૦૦૦૦ પૌંડ મદદે આપ્યા અને યૂરપ, આફ્રિકા તથા અમેરિકા અને હિંદુસ્તાનમાં લઢાઈ ચલાવવાનો યત્ન

કર્યો. પીટ્ટે ફ્રાન્સ પર કાફલો મોકલી ફ્રાન્સની નૌકા સૈન્યને હરાવી. ૧૭૫૯માં રૉબર્ટ ક્લાઈવે હિંદુસ્તાનમાં જગે જગ જય મેળવ્યો. જ્યૉર્જનાં રાજ્યમાં અનેક ખટપટો જાગી પણ બાહોશ પ્રધાન મંડળને પ્રતાપે રાજ્યની કીર્તિ વધી. ૧૭૭૦માં ૨૫ અકટોબરે જ્યૉર્જનું મરણ નિપજ્યું. એના અમલમાં ઇંગ્રેજી પંચાંગમાં મ્હોટો સુધારો થયો. વર્ષમાં ૧૧ દિવસની ઘટ હતી તે ભૂલ સુધારી ૧૭૫૨ માં ૩૬૫ દિવસનું વર્ષ ઠેરવ્યું.

**જયૉર્જ ૩ જો**—ફ્રેડરિક લુઇસ પ્રિન્સ ઑવ વેલ્સનો વડો પુત્ર. જન્મ લંડનમાં નૉરફોલ્કહૌસ, સેંટ જેમ્સ સ્કવેરમાં ૪થી જુન ૧૭૩૮માં થયો હતો. ૭ માસ સુધી તો એ અત્યંત નાતવાન હતો. એ ૨૨ વર્ષની વયે ૧૭૬૦માં ગાદી નશીન થયો. ૧૭૬૧ માં એ એક જર્મન રાજ કુંવરી સાથે પરણ્યો. એના અમલની શરૂઆતમાં લઢાઇ ચાલુ હતી, તે વેળા સ્પેન અને નેપલ્સના રાજાઓએ ઈંગલંડને વઢવાને ફ્રાન્સ જોડે સંધી કરી, આથી પિટ્ટે સ્પેન જોડે લઢવાની તૈઆરી કરવાનો અભિપ્રાય આપ્યો; પણ જ્યૉર્જે નામંજુર કરવાથી તેણે રાજીનામું આપ્યું. તે પછી પોર્ટુગલની મદદથી ઈંગ્રેજો સ્પેનની ફોજને હરાવી. કારેબિયન ટાપુઓ, હાવાના તથા ફીલીપાઇનના દ્વિપો સ્પેન પાસથી ઇંગ્રેજ કાફલાએ જીતી લુટયા. પણ ૧૭૬૩માં સુલ્લેહથી નિકાલ થયો. આ વેળા બ્રિટીશ સરકારને માથે ૧૨, ૨૬, ૦૦, ૦૦૦ પૌંડનું કર્જ થયું હતું. ૧૭૬૫માં અમેરિકાનો સ્ટાંપના ધારાનું બીલ ઘડયાથી અમેરિકન ઇંગ્રેજો સામા થયા, ને તુફાનો ઉઠયા. આ વેળા ગ્રાનવિલ્લ ને તેની ટોળીથી જ્યૉર્જ કંટાળેલો હોવાથી વિધ પક્ષના અગ્રેસરોને પ્રધાન પદ આપ્યું. આથી લૉર્ડ રૉકિંગહામ મુખ્ય વજીર થયો. તેણે તે સ્ટાંમ્પ એક્ટ રદ કર્યો ને ઠરાવ કર્યો કે પાર્લામેંટના હાથમાં અમેરિકાનાં સંસ્થાનોપર સંપૂર્ણ અધિકાર છે.

૧૭૬૭માં પીટ્ટને ચેથમના અર્લનો ખેતાબ આપી પ્રધાન પદ આપવા ઠેરવ્યું પણ તે માંદો ચાલતો હતો. એજ વર્ષમાં અમેરિકન સંસ્થાનોનાં બંદરોમાં ઉતરતી ચાહ, કાચ, કાગળ અને રંગ એ માલપર દાણ બેસાડ્યું. આથી અમેરિકામાં તુફાન જાગવાથી ચાહ શિવાય બીજાપરથી દાણ માફ કર્યું. અમેરિકનોની આવી હટીલાઇ જોઇ ત્રીજા જ્યૉર્જે તેમનું તુફાન જબરદસ્તિથી નરમ પાડવાનો નિશ્ચય કર્યો. તેટલાં અમેરીકનોએ 'બાસ્ટન' વગેરે બંદરમાં આવેલી ચાહની પેટીઓ ભાંજી દર્યામાં ઓમાવી ને સામા લઢવા ઉઠયા. ૧૭૭૫માં જ્યૉર્જ વૉશીંગટને લઢાઇની સરદારી લીધી. ૧૭૭૬ના જુલાઈની ૪થી તારીખે અમેરિકનોએ પોતાનું રાજ્ય ઈંગલંડથી સ્વતંત્ર થવાનું જાહેર નામું કાઢ્યું. ૧૭૭૭ માં જનરલ બાર્ગોઇન સારાગોટા તરફ ઘેરાઇ જઇ વૉશિંગટનને શર્ણ ગયો, તે પછી બીજા પાંચ વર્ષો સુધી લઢાઇ ચાલી. ૧૭૭૯માં સ્પેન અમેરિકા જોડે મળી ઈંગલંડ સામે થયું. ૧૭૮૧માં ન્યૂયૉર્ક ટાઉન પાસે લૉર્ડ કાર્નવાલીસની ૭૦૦૦ની સેનાને શરણે આણી. આથી બ્રિટીશ બળ ઘટી ગયું. ૧૭૮૦માં જ્યૉર્જે બોલાવેલી પાર્લામેંટમાં શેરડીન, વીમ્બફોર્સ, વીલ્યમ પીટ જેવા નામીચા નરો હતા. ૧૭૮૨માં ૩૦મી નવેંબરે અમેરિકનો જોડેની લઢાઇનો સુલ્હેથી અંત આણ્યો. ૧૩ સંસ્થાનોનું ઇંગ્રેજોએ સ્વતંત્રપણું કબુલ રાખ્યું, ને તેમને પશ્ચિમ ભણીનો મ્હોટો મુલક આપી દીધો. નોવાસ્કોશિયા વચ્ચેનો મુલક તેટલો ઈંગ્રેજોને તાબે રહ્યો. ૧૮૦૦ની આખેરીમાં નેપોલ્યનનું બળ વધ્યું આથી ઈંગ્રેજોએ મીસરપર એક ફોજ મોકલી ફ્રેન્ચોને હરાવ્યા ને તે દેશ તેમનાં અસલ માલકોને સોંપ્યો, અને ૧૮૦૧ માં નેલ્સને કોપનહેગન ઉપર મ્હોટો જય મેળવ્યો. તે પછી થએલી સુલ્હે ઝાઝા દિવસ ટકી નહિ. ૧૮૦૪માં નેપોલ્યને ઈંગલંડ જીતવા મોટું સૈન્ય જમાવ કર્યું. તે લશકરને



સ્પેનને કાંઠે ટ્રાફલગર નજદીકના લૉર્ડ નેલસનનાં લશકરે સખત હાર આપી. આ લઢાઇમાં લૉર્ડ નેલસનનું મૃત્યુ નિપજ્યું. જ્યૉર્જના રાજ અમલમાં ગુલામી વેપાર બંધ કરવાનો કાયદો નિકળ્યો, ૧૮૧૦ થી જ્યૉર્જને ગાંડાપણાનો રોગ લાગુ પડયો આથી પ્રિન્સ ઑવ વેલ્સે પ્રતિનીધી તરીકે રાજ્ય ચલાવવા માંડ્યું હતું. મરણ ૧૮૨૦ માં ૨૯ જાનેવારીએ નિપજ્યું. એણે ૬૦ વર્ષ રાજ્ય અમલ ભોગવ્યો હતો.

**જયૉર્જ ૪ થો**—ત્રીજા જ્યૉર્જનો બેટો. જન્મ સેંટ જેમ્સ પેલેસમાં ૧૨ મી આગસ્ટ ૧૭૬૨ માં થયો હતો. એ ૧૮૧૦ થી રીજંટ તરીકે પિતાની હૈયાતીમાં રાજ્ય કારોબાર ચલાવતો હતો. ૧૮૨૦ માં ૨૯મી જાનેવારીએ રાજ્યપદ પામ્યો. એ રાજ્ય ગાદીએ આવ્યો ત્યારે મ્હોટી વયે પુગો હતો. એ બોલવે ચાલવે બાહોશ અને વિવેકી હતો, ને વિદ્યા હુન્નરને આશ્રય આપનાર પણ ઉડાઉ, અને દુરાચરણી હતો. ફીટસહર્બર્ટ નામે એક અતી સુંદર વીધવાપર એ મોહિત થઇ ગયો હતો, પણ તેણીએ એની જોડે વ્યભિચાર કરવાની સાફ ના પાડવાથી એ ગુપ્ત રીતે પરણ્યો. એ સ્ત્રી કૅથોલિક પંથની હતી, તેથી એ બીના જાહેર થાય તો તેને રાજ્ય ગાદી નહિ મળે માટે તે છાની રાખવાની ઘણી કોશેસ કરી. ૧૭૯૫ માં એને માથે કરજ થયાથી તે અદા કરવાનું સરકારે માથે લીધું પણ આ સ્ત્રીને તજવાની શરતે કબુલ્યું. આથી એને કારોલાઇન નામે સ્ત્રી સાથે પરણવું પડયું, પણ આ જોડું સુખી નિવડયું નહિ. (જુઓ કારોલાઇન). આ બાનુ સાથે છુટાછેડા કરવા માટે જ્યૉર્જે ઘણા પ્રપંચ રચ્યાં ને તે બાનુને ઘણી હેરાન અને માનભંગ કરી. એણે આયરલંડ અને સ્કૉટલંડમાં મુસાફરી કરી હતી. ૧૮૨૫ માં કોમન્સની સભામાં કૅથોલિક પંથના છુટકારાને માટે એક બીલ પસાર થયું, પણ તે અમીરોએ નામંજુર રાખ્યું. ૧૮૨૮ માં વેલીંગટનનો ડ્યૂક મુખ્ય પ્રધાન અને સર રૉબર્ટ પીલ તેના હાથતળે હોમ સેક્રેટરી હતો. ૧૮૨૯ માં કૅથોલિક પંથવાલાઓને પાર્લામેંટમાં દાખલ થવાનો તથા સરકારી નોકરી લેવાનો અધિકાર પ્રોટેસ્ટંટો જેટલો મલ્યો.

ફકત રાજ પદ્વિ, આયરલંડના સુબાની જગા, લૉર્ડ ચાન્સેલર, અને રિજંટની પદ્વિઓ કૅથોલિક ધર્મ માનનારાઓને મળે નહિ એવું ઠર્યું; તથા રાજા કૅથોલિક સ્ત્રીને પરણે નહિ એટલી બંધી રહી. એનું મરણ વીંડસરના મેહેલમાં ૧૮૩૦ માં ૨૬ જુને નિપજ્યું.

**જયોર્જ નેથેનીયલ બૅરન કરઝન ઑવ સ્કૉટલંડ. (સ્કારસડેલનો ૪થો લૉર્ડ.)**—હિંદનાં આ મહા પ્રતાપી વૉઇસરૉયનો જન્મ ઇ. સ. ૧૮૫૯માં ૧૧ મી જાનેવારીએ ડરબી શાયર મધે કેડલસ્ટન હૉલમાં થયો હતો. ૧૮૭૨માં ઇટનની પાઠશાળામાં જોડાઇ ત્યાં જાતી ચંચળાઇથી અનેક ઇનામો મેળવી ભવિષની ઝળકાટમંદ કારકીર્દીની શરૂઆત કરી હતી. ૧૮૮૦માં ઓકસફર્ડ બેલીયલ કૉલેજમાં જોડાઇ ૧૮૮૩માં એક રેસાલા માટે 'લોધીયન પ્રાઇઝ' મેળવ્યું હતું, અને તે પછી તુરતજ 'ઑલસોલસ કૉલેજ'માં ફેલોશીપ મેળવી ૧૮૮૪માં બી. એ. ની ડીગ્રી મેળવી હતી. તે પછી ચઢતી કેળવણી સંપાદન કરી ૧૮૮૬માં એમ. એ. ની ડીગ્રી મેળવી હતી. કૉલેજમાં લૉર્ડ કરજને તકરાર ચલાવવાની પોતાની બુદ્ધિને માટે ભારે નામના મેળવી હતી અને તેની એ ચાલાકી માટે ઓકસફર્ડ યુનીયનના પ્રમુખ તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતા; પણ તે આગમજ ૧૮૮૫ થી મારકવિસ ઑવ સૉલ્સબરીના ખાનગી મદદનીશ તરીકે કામ બજાવી રાજદ્વારી કારકીર્દિની શરૂઆત કરી હતી; અને તે દરમીયાન દક્ષિણ ડરબીશીયર તરફથી પાર્લામેંટ માટે એક કનઝરવેટિવ ઉમેદવાર તરીકે ઉમેદવારી કરી પણ તેમાં નિષ્ફળતા મળી હતી. તે પછી બીજેજ વર્ષે ગલેસ્ટોન્યન

લીબરલોનાં હાથમાંથી લેંકેશાયરના સાઉથ પોર્ટ ભાગની બેઠક ખુંચવી લેવા શક્તિમાંન થયા પછી, દર ચુટણીમાં વધુ મતે ફતેહમંદી પામી પાર્લામેંટમાં ચાલુ બેઠક મેળવી હતી.

લૉર્ડ કરઝન રાજદ્વારી વિષય પર જેમ શીદા હતો તેમ મુસાફરીનો પણ ભારે શોખ ધરાવતો હોવાથી ઇટન કોલેજ છોડયા બાદ, દુનિયાની મુસાફરી કરી આવ્યા છતાં ૧૮૮૮ માં એશિઆખંડના મુલકોનો પ્રવાસ માથે ઉઠાવી લઇ તેમને વિષે જાતી ખોળ ચલાવવાનું બીડું ઝડપ્યું હતું. આજ સાલમાં મધ્ય એશિઆનો પ્રવાસ પુરો કરી "મધ્ય એશિઆમાં રશિઆ' એવે નામનો એક ગ્રંથ પ્રગટ કર્યો હતો. ૧૮૮૯માં ઇરાનમાં મુસાફરી કરી, 'ઇરાન અને ઇરાનને લગતો સવાલ' એવા નામના બે ગ્રંથો માયાફુલ દલિલ અને રસીક વર્ણનિય બાબતોથી ભરપૂર પ્રગટ કર્યાં હતા. તે પછી જેપાન તથા કોરીયામાં મુસાફરી કરી 'ફારઇસ્ટ' નામે ગ્રંથ રચ્યો હતો. તેમજ 'પામીર' તરફ મુસાફરી કરી તેને લગતું પણ એક સ્વતંત્ર પુસ્તક લખી પ્રગટ કર્યું હતું. આ પ્રવાસના પરિણામમાં હિંદી સરહદ આગળ વધારીયા જવાની રાજ્યનિતીના એવણ એક મજબુત હિમાયતી નિવડયાની શહાદત આપી હતી. અફગાનિસ્તાનના પ્રવાસ દરમિયાન કાબુલના મરહુમ અમીર અબ્દુલ રહિમાનખાન સાથે દોસ્તી પાડી તેની સાથે મિત્રાચારીભર્યો પત્રવેહવાર ચાલુ રાખવાનું માન મેળવ્યું હતું. લૉર્ડ કર્જને આ પ્રવાસ દરમિયાન કરેલી ભૂગોળ સંબંધી શોધ ખોળ માટે રોયલ જીઑગ્રાફીકલ સોસાયટીએ સુવર્ણનો ચાંદ ૧૮૯૫ માં એનાયત કર્યો હતો. અને એજ સાલમાં એક અમેરિકન બાનુ મીસ મેરીલીટર સાથે પરણ્યા હતા. આ બાનુને ૧૮૯૯ માં ઇમપીરીયલ ઑરડર ઑવ ધી ક્રાઉન ઑવ ઈંડીયાનો ખેતાબ નામદાર માહારાણી સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો.

લૉર્ડ કર્જનની પાર્લામેંટમાંની કારકિર્દી પણ ફતેહમંદ નિવડી હતી, અને તેથી થોડી મુદતમાં હિંદુસ્તાન ખાતેના મદદનીશ પ્રધાનનો ઓધો મેળવ્યો હતો. લૉર્ડ સૉલ્સબરી પ્રધાનપદ ઉપર આવતાં પરદેશ ખાતાનાં મદદનીશ પ્રધાનનો ઓદ્ધો પામ્યા હતા. આ વેળા પરદેશ સાથનો મામલો બહુ બારીક થઇ પડયો હતો છતાં તે ઘણી કુન્હે બળથી સાચવી અથાગ મેહેનત અને ભારે વાકચાતુર્યથી પોતાની કીર્તિનો કોટ મજબૂત કર્યો હતો. તે પછી ૧૮૯૮ માં મરહુમ માહારાણીએ હિંદના વૉઇસરાય નેમી, બેરન કરઝન ઑવ કેઠલસ્તનનું આઇરીશ ઉમરાવ પદ બખ્શ્યું હતું. લૉર્ડ કર્જનની ૧૯૦૩ માં વૉઇસરોય તરીકેના ઓદ્ધાની મુદત પુરી થતી હતી પણ એ નામદારે હિંદુસ્તાનમાં પોતાની વખાણવા યોગ રાજદ્વારી બાહોશી અને મક્કમ વિચારથી હિંદને એટલા તો લાભ કર્યા હતા કે તેમની સેવા વધુ વર્ષ જોઇએ એવી હિંદી પ્રજાની ખાહેશને અનુસરી તેમના ઓધ્ધાની મુદતમાં વધુ બે વર્ષનો વધારો ઇંગલંડની સરકારે કરી આપ્યો હતો. લૉર્ડ કર્ઝનના અમલની શરૂઆતમાંજ હિંદ દેશમાં મ્હોટો દુકાળ પડયો હતો, તે પ્રસંગે જાતી દેખરેખ અને અથાગ કાળજીથી દેશ ઉપરના સંકટને ઓછું કરવા માટે જે જેહેમત આ ભલા હાકેમે લીધી હતી તેનો ઉંડો છાપ હિંદુસ્તાનના દરેક વફાદાર જીગર ઉપર મજબૂત પડયો હતો.

ઇ. સ. ૧૯૦૪ માં ટીબેટમાં બ્રિટીશ લાગ વગ વધારવા એક મીશન મોકલાવ્યું હતું. તેમજ એજ સાલની જેપાન રૂસો લઢાઇનાં બારીક પ્રસંગે બ્રિટીશ હિંદુસ્તાનની સરહદનાં બંચાવપર બારીક લક્ષ આપ્યું હતું.

**સર જયૉર્જ ન્યૂન્સ**—લંડનમાં જાણીતા અઠવાડીક રમુજી પત્ર ટીટબીટસનાં સ્થાપક. એનો પિતા એક ધર્મગુરૂ હતો. એ પોતાની ૩૦ વર્ષની ઉમર સુધી માત્ર પરચૂટણ જણસો વેચનાર તરીકેનો ધંધો કરતો હતો, એને પ્રથમ



એક રમુજી ચોપાન્યું કાઢવાનો ખ્યાલ આવતાં ૧૮૮૧માં ટીટબીટસની સ્થાપના કરી ૧૮૮૫ માં મી૦ ન્યુન્સ લીબરલ પક્ષ તરફથી પાર્લામેંટમાં બીરાજ્યો. તે પછી સર જયૉર્જ ન્યુન્સે' સ્ટ્રેંડમેગેઝાઇન અને વેસ્ટ મીન્સટર ગેઝેટની માલેકી પણ મેળવી હતી, જે હાલ તેનેજ હસ્તગત છે. સર જયોર્જ ડેવનશાયર પ્રગણામાં મ્હોટી મીલકતનો ધણી ગણાય છે. વળી એ સેત્રંજના રમતનો જબરો શોકીન છે.

**જરક**—હૈદ્રાબાદ અને ઠઠ્ઠાની પાસે આ એક નાહનું શેહેર સિંધુ પાસેની ટેકડી ઉપર છે. વિચ્ચલો (મધ્ય સિંધ) અને લાર (નીચલું સિંધ) એમની હદ ઉપર એ હાલમાં છે. મનહાબરી અને ફીરપુઝ એટલે ઠઠ્ઠા તથા નિરકોટ એમની વચ્ચે 'બાર' અથવા 'અલબાર' નામે નાહનું પણ મ્હોટી વસ્તીવાલું શેહેર 'એડ્રસી'એ જણાવેલું એજ શેહેર હશે. એની તળીએ ૩ મૈલ પર 'અવશિષ્ટાંશ' છે, તેને લોકો 'કાફરકોટ' કહે છે. અને તે રાજા 'મંજહીર'ના સમયનું હતું. અવશિષ્ટમાં બૌદ્ધ મૂર્તિના કટકા જડયા હતા. પાસેજ એક કોતરેલો લેખ મળ્યો છે; આ ઉપરથી તે બૌદ્ધ સંબંધી છે.

**જર્તદેશ**—(જુઓ કચ્છ)પ્રાચીન કચ્છનું નામ.

**જરતોસ્ત પયગંબર**—જરતોસ્તી ધર્મનો સ્થાપનાર આ માહાજ્ઞાની નરનો જન્મ ઇરાનમાં થયો હતો. જરતોસ્ત જે જમાનામાં થઇ ગયો તે જમાનો એટલો તો લાંબો અને બીજા પેગંબરોની આગમજનો છે કે જેનો સને હજી સુધી ચોક્કસ પુરવાર થયો નથી. દુનિયામાં જૂદા જૂદા દેશોમાં માહાન વિદ્વાનો અને લેખકો થઇ ગયા, તેઓએ જરતોસ્તના જમાનાને જૂદી જૂદી ગણત્રીથી ઇ. સ. પૂર્વે ૪૦૦૦થી ૬૦૦૦ વર્ષ પરનો જણાવેલો છે.

જાણીતા તવારીખ નવેશોએ જણાવેલા સનેની લાંબી ટીપ નીચે દર્શાવી છે.

| જણાવનારાં. | ઈસવી સન પૂર્વે. | આજસુધી થએલાં વર્ષ. (૧૯૦૩) |
|---|---|---|
| યુડોક્સસ ... ... | ૬૧૮૪ | ૮૦૮૭ |
| ડાયોજીનસ ... ... | ૬૧૮૪ | ૮૦૮૭ |
| સિન્કેલસ ... ... | ૬૧૮૪ | ૮૦૮૭ |
| એરિસટોટલ ... ... | ૬૩૪૮ | ૮૨૫૧ |
| યૂદોક્ષીઅસ ... ... | ૬૩૪૮ | ૮૨૫૧ |
| એક્ષેનથસ ... ... | ૬૩૪૮ | ૮૨૫૧ |
| હરમીપસ ... ... | ૬૨૦૯ | ૮૧૧૨ |
| હરમોનદસ ... ... | ૬૨૦૯ | ૮૧૧૨ |
| એગોનિકસ ... ... | ૬૧૮૦ | ૮૦૮૩ |
| રોવૅલરી ... ... | ૩૦૦૦ | ૪૯૦૩ |
| શેહેરીઆરજીદાદાભાઈ ભરૂચા | ૩૦૦૦ | ૪૯૦૩ |
| જમશેદજી. પા. કાપડીયા. | ૩૫૦૦ | ૫૪૦૩ |
| જ્યૉર્જ રૉલીન્સન ... | ૨૬૬૪ | ૪૫૬૭ |
| રાજતરંગિણી ... ... | ૨૬૫૩ | ૪૪૫૬ |
| પાલનજી. બ. દેશાઇ ... | ૨૬૫૦ | ૪૪૫૩ |
| ડૉ૦ માર્તિન હાઉગ ... | ૨૩૦૦ | ૪૨૦૩ |
| બેરોસસ ... ... ... | ૨૨૦૦ | ૪૧૦૩ |
| ક્રેટસિયસ ... ... | ૨૦૬૦ | ૩૯૬૩ |
| પ્લુતાર્ક ... ... ... | ૧૭૦૯ | ૩૬૧૨ |
| સાઇદસ ... ... ... | ૧૭૦૯ | ૩૬૧૨ |
| રેવરંડ; ડૉ૦ એલ. એમ. મીલ્સ ... ... ... | ૧૫૦૦ | ૩૪૦૩ |
| ડૉ૦ ગેલ્ડનર ... ... | ૧૪૦૦ | ૩૩૦૩ |
| ખરશેદજી. રૂ. કામાજી ... | ૧૪૦૮ | ૩૩૧૧ |
| બેરામજી. બી. કાંગા ... | ૧૩૦૬ | ૩૨૦૯ |
| દંકર ... ... ... | ૧૩૦૦ | ૩૨૦૨ |
| જસતીન ... ... ... | ૧૩૦૦ | ૩૨૦૩ |
| તેસીઆસ ... ... | ૧૨૨૦ | ૩૧૨૩ |
| દાયોજીનીસ લેઅરશીઅસ | ૧૦૮૦ | ૨૯૮૩ |
| ઝેનથસ ... ... ... | ૧૦૮૦ | ૨૯૮૩ |
| લેકટેન્સ્યસ ... ... | ૯૦૦ | ૨૮૦૩ |
| મોજીઝ ... ... ... | ૮૦૦ | ૨૭૦૩ |
| ડૉ૦ ઇ. વેસ્ટ ... ... | ૭૦૦ | ૨૬૦૩ |
| ડૉ૦ જેકસન ... ... | ૭૦૦ | ૨૬૦૩ |
| વીરાફ નામું ... ... | ૬૫૦ | ૨૫૫૩ |
| બુનદેહેશ ... ... ... | ૬૩૦ | ૨૫૩૩ |

| | | |
|---|---|---|
| અસુદી ... ... ... | ૬૩૦ | ૨૫૩૩ |
| નવરોજજી ફરદુનજી ... | ૬૩૮ | ૨૫૪૧ |
| સર જૉન માલકમ ... | ૬૨૦ | ૨૫૨૩ |
| વિલ્યમ જોન્સ ... ... | ૬૧૦ | ૨૫૧૩ |
| સર વિલ્યમ ઉજલી ... | ૬૦૯ | ૨૫૧૨ |
| કર્નલ વાન્સ કેનેડી ... | ૬૧૦ | ૨૪૧૩ |
| એપુલ્યસ ... ... | ૬૦૦ | ૨૪૦૩ |
| પાપીરી ... ... | ૬૦૦ | ૨૫૦૩ |
| વીલ્યમ હેટન ... ... | ૫૫૦ | ૨૪૫૩ |
| સેંટ કલેમેં ... ... | ૫૦૦ | ૨૪૦૩ |
| કાવસજી. સો. પટેલ ... | ૩૮૮ | ૨૨૯૧ |

ઉપલા કોઠામાં જણાવ્યા પ્રમાણે જૂદા જૂદા ગ્રંથકારો જરતોસ્તનો જમાનો જૂદી જૂદી ગણત્રી આધારે જણાવી જાય છે.

જરતોસ્ત મીનોચેહેરનાં ખાનદાનમાંથી ઉતરી આવેલો ૧૫ મો પુરૂષ હતો. દીનકર્દ, બુન્દેહેશ, જાદઅસ્પરમ, વજરકર્દેદીન અને મસુદીનાં જણાવ્યા મુજબ એ સ્પિતમના ખાનદાનનો અને મિનોચેહેરથી ૧૫ મી પેઢીમાં જનમ્યા હતા. એમનાં પિતાનું નામ પોઉરૂષસ્પ હતું અને માતાનું દુધદાવો હતું (ફાર્સીમાં દુધ્દ્વ, પેહલવીમાં દુકવવ). ઉપલા ગ્રંથોમાં એમનાં વડવાઓની ટીપ આપી છે, પણ તે હજી સંપૂર્ણ ગણાતી નથી, તોય તે લગભગ ખરી હશે.

જરતોસ્તનાં જન્મ આગમજ તેમની માતાનાં મ્હોપર ખોરેહ જેવો પ્રકાશ છવાયલો જોનારની નજરે પડતો હતો, અને તેથીજ બાનુદોગદો તરફ ખેશીઓમાં ભારે માન બરપા થયું હતું. જ્યારે આ બાનુ પોરૂષસ્પ સાથે પરણી ત્યારે આ જોડું ઘણું ખુશહાલ, આબાદ અને સર્વેનો ચાહ મેળવવા ભાગ્યશાળી નિપજ્યું હતું. અને જ્યારે જરતોસ્તનો જન્મ થયો તે વેળા સર્વ ખુદરત અતી તેજસ્વી બલિહારીમાં ખીલી નિકળી અને મિનોઈ પ્રકાશ જરતોસ્તનાં ઘેર આસપાસ ફરીવળતાં જન્મ થયો. જન્મતાં જરતોસ્ત રડવાને બદલે હસ્યો હતો અને આથી આ અસાધારણ બનાવને પેહેલા ચમત્કાર લેખે ગણેલો છે. જરતોસ્તનાં જન્મથી કીક અને કરપ નામના દેવપરસ્ત લોકોના દિલમાં દહેશત બેઠી હતી અને તેથી તૂરાની કરપ દુરાસ્રોબોએ આ બાળકને કોઈપણ રીતે મારી નાખવાનો કસદ કર્યો. દુરાસ્રોબે પોતાનાં બળ અને સત્તાને પ્રતાપે ૭ વેળા જરતોસ્તનો પ્રાણ લેવા કસદ કીધો, પણ દરેક વેળા નિશફળ થઈ ખતા ખાઈ પાછો હટયો હતો. પણ તે બુરાના ત્રાસથી સેવટે પોરૂશસ્પે એ ગામ તજી બલખ તરફ ગયા. ૧૫ વર્ષની વયે જરતોસ્તે કુસ્તી સુદરેહ પેહેર્યાં હતો.

અવસ્તા મુજબ જરતોસ્તની એક બાઈડી હતી એમ શેઠ ખ૦ રૂ. કામાકૃત "જરતોસ્તનામા"માં જણાવવામાં આવે છે. વજરકર્દેદીની મુજબ તે બાઈડીનું નામ હવોવી હતું. તેમને ત્યાં ૩ દિકરા ને ત્રણ દીકરીની વૃદ્ધિ થઈ હતી.

| | | | |
|---|---|---|---|
| ઉર્વતતનર<br>ખોર્શેદચેહેર<br>ઈસદવાસ્તર | છોકરા. | તીશ્રી<br>ફ્રેની<br>પોઉરૂચીસ્ત | છોકરી. |

જરતોસ્તે ૨૦ મે વર્ષથી ભલાઈનાં કામો પાછળ મંડી પોતાની આસપાસ વસનારાઓમાં માન અને ઇજ્જત પામ્યો. ૩૦ મે વર્ષે ખુદા તરફથી બશારત પામતાં સિવન સરોવર ઓળંગી એકાંત પહાડપર જઈ વસી પોતાનો અભ્યાસ એક ચિત્તે વધારવા માંડયો હતો. ત્યાં જરતોસ્તને બહમન અમશાસ્પંદ સાથે મુલાકાત થતાં તે મહાન ઈજદ મારફતે અહૂરમજદની મુલાકાત લઈ અનેક જવાબ સવાલો કરી પોતાનાં જ્ઞાનમાં બેહદ વધારો કરી કેટલીક શક્તિઓ મેળવી હતી. જે પછી બીજા અમશાસ્પંદોની મુલાકાત લઈ તેમના મારફતે ઉંડુ જ્ઞાન મેળવી તેઓએ સોંપેલી ફરજો બજાવવાનું વચન આપી ગાય, ગોસપંદ, પાણી, જમીન, આતશ વગેરેનું નાપાકીથી રક્ષણ કર્યું હતું.

૪૦ મે વર્ષે પુખ્ત જ્ઞાન મેળવી બલખ જઈ શાહ ગુશતાસ્પની દરબારમાં રોશન આતશ સાથે હાજરી આપી પોતાની દીનની



સચ્ચાઈનો છાપ માર્યો હતો. શાહ ગુશતાસ્પની દરબારમાં ઘણાંક વિટંબના પછી જરતોસ્તે શાહને જરતોસ્તી દીનમાં દાખલ કરી જૂદા જૂદા દેશનાં વિદવાનો સાથે તકરારમાં ઉતરી સર્વ દેશને પોતાની દીનમાં દાખલ કર્યો. જરતોસ્તનાં મુખ્ય મદદગાર શાહ ગુશતાસ્પ, શાહાજાદો અસપંદીયાર, જામાસ્પ વજીર, દસ્તુર પેશુતન અને રાણી હુતોકક્ષી એઓ ધર્મ તવારીમાં ભારે નામના પામી ગયા છે.

જરતોસ્તી દીન ઈરાનમાં ફેલાતાં દેવપરસ્ત શાહ અરજાસ્પે ગુશતાસ્પ સાથે અનેક લઢાઈઓ કરી, પણ તે અસપંદીયાર રૂઈનતનને સાથે અનેક વેળા હાર પામ્યો હતો; પણ એક સમે શાહ ગુશતાસ્પ સીસ્તાન તરફ ગયો હતો, તે વેળા અસપંદીયાર પિતાના ખોફથી કેદખાનામાં હતો, તે તકનો લાભ લઈ અરજાસ્પે બલખપર ચઢાઈ કરી જરતોસ્તને આતશકદેહમાં બંદગી દરમ્યાન મારી નખાવ્યો હતો. જરતોસ્તનું મરણ ૭૭ મે વર્ષે નિપજ્યું જે વેળા, શાહ ગુશતાસ્પને રાજ્યરૂઢ થવા ૬૭ વર્ષો થયાં હતાં.

**જરથુસ્ત્રોતેમ**—જરતોસ્તનો જાએનશીન, વડો ધર્મગુરૂ. એઓને જરતોસ્તના નામ ઉપરથી એ નામ મળેલું છે. જરતોસ્ત પછી રાજ્યમાં વડા ધર્મગુરૂની જગ્યાપર નેમાતા જરથુસ્ત્રોતેમો રાજ્યમાં મ્હોટું માન પામી ગયા હતા. (જુઓ ઝોરાસ્ટર.)

**જરદાળુ**—એના વૃક્ષ કાબુલ, હિમાલય, ઈરાન તરફનાં પ્રદેશમાં ઉત્તમ પ્રકારનાં ઉગી તેપર ફળો સારાં આવે છે, પણ હિંદુસ્તાનમાં થતા જરદાળુનાં ઝાડપર તેવાં ફળો આવતાં નથી. આ ઝાડ થંડી હવાવાલા પ્રદેશમાં જોરથી ઉગે છે. એનાં ઝાડ બીજથી ઉગી શકે છે.

ઈરાની જરદાળુ શ્રેષ્ઠ જાતીનાં છે. જ્યારે એ તાજાં હોયછે ત્યારે કદમાં પેર જેવડાં મ્હોટાં થાયછે. પણ સુકાતાં તે ચીમરાઈ નાહનાં થાય છે. આ જર્દઆળુ ઈરાનમાં એ ત્રણ નામથી ઓળખાય છે. તેમાં જે જર્દઆળુ 'એકતુની' કરી ઓળખાય છે તે અતિશય સ્વાદિષ્ટ હોયછે. આ જાતનાં જર્દઆળુ પુશકળ ખાઈ ઉપર દહી ખાધાથી ઘણું નુકસાન કરે છે. ઈરાનમાં ઈસ્પહાની જર્દઆળુ ઉત્તમ જાતનાં ગણાય છે.

**જરન્જ**—પ્રાચીન કાળમાં સિસ્તાનનાં મુલકનું રાજ્યધાની શેહેર, 'રામ શેહેસ્તાન' હતું, પણ આ શેહેર પાસેથી વેહતી હેલમંદ નદીએ પોતાનો પ્રવાહ છેક દૂરવેર બદલવાથી અસલ 'રામ શેહેસ્તાનથી' ૩ દિવસના માર્ગપર જરન્જ નામે શેહેર અફ્રાસિઆબ નામે તુરાની પાદશાહે વસાવી તેને સિસ્તાનનું પાયતખત બનાવ્યું હતું. પેટોલિમએ આ શેહેરનું નામ 'ઝરંગા' તથા ઈબ્ન હુકકાલ જરંગ તરીકે ઉચ્ચાર કરેછે. હાલમાં આ શેહેર 'દુરાક'ને નામે જાણીતુંછે.

**જરબીર**—ઉત્તર પશ્ચિમ હિંદમાં ઉગતો એક પ્રકારનો છોડ. મુખ્ય કરી એ પંજાબમાં જથ્થાબંધ ઉગેછે. એનો ઉપયોગ ઝાડીમાં તથા તેની છાલ રંગવામાં થાય છે. એની પર લાલ રંગના નાહનાં ફુલો આવે છે.

**જરબીલ**—આ હિંદમાં જણાતું પ્રાણી અનાજના ખેતરોનો નાશ કરે છે. તેઓ અનાજના કણુસલાં બે ધડક પોતાના કોતરોમાં લઇ જઇ સંતાડે છે. પણ જ્યારે ધાન્ય નથી મળતું ત્યારે ઘાસ, મૂળીયાં ઉપરજ ગુજારો કરે છે. એ ખલેરી પ્રમાણે બેશી ખાય છે અને રાત્રેજ ખેતરપર લુટ ચલાવે છે.

હિંદમાં વસ્તી એક 'કંનજીર્સ' નામની જંગલી જાત એનું મૌસ ખાયછે, તથા એના કોતરોમાંથી ચોરાયલું ધાન્ય ખોદી લાવે છે. એને પાળવાથી તે હળીમળી જાયછે. એની આંખો ભરેલી, કાળી, ગોળ અને બોડી હોયછે. એમનો સાધારણ રંગ ચળકતો, લારલનાં જેવો, પીઠ ઉપર કાળા તપકીર્યા રંગના પેનસીલના જેવા કાપા હોયછે; ને નીચેનો ભાગ સફેદ હોયછે. પુછડી ગોળ, ટુંકા બાલવાલી અને છેડેથી

જરાક કાળા તપકીર્યા રંગની ગુચ્છાથી અચ્છાદિત હોય છે.

**જરબોઆ**—એનું ગ્રીક નામ "Dipous" છે. આ પ્રાણી મિસર, ન્યૂબિયા, અરબસ્તાન, બારબરી, તથા તાતરીનાં રેતીના ઉંડા મેદાનમાં કોતરો ખોદી રહે છે. તેમજ તે સાઇબિરીયામાં જંગલોમાં પણ મળી આવે છે. તેઓ સુકી, કઠણ માટી વાલી જમીનમાં તથા સરદીમાં વસવાનું પસંદ કરે છે. આ પ્રાણી ઉપરથી ફિક્કા પિળા અને હરણના રંગનું હોયછે. શરીરની લંબાઇ ૮ અને પુચ્છડીની ૧૦ ઇંચની હોય છે. પુચ્છડીથી તે બાજુ સુધી કાળાસ પર એક પટો નજરે પડે છે, જે પટાનો આકાર ચંદ્રની ધાર જેવો હોય છે. એનું માથું ટુકું ને નાક લાંબુ, વળેલા લાંબા ચેભીયા, પતળા કાન, મોટી આંખો પણ ગોળ ઉપસી આવેલી પણ રંગે કાળી હોય છે, એના આગલા પગ એક ઇંચ લાંબા ને તેને પાંચ આગળાં હોય છે. ત્યારે પાછલા પગમાં ૩ આંગળાં હોય છે, અને તે પાછલા પગો ૬ ઇંચ લાંબા હોય છે. એનાં રૂવાં નરમ ને સુવાળાં હોય છે. તે ભાજી પાલો તથા અનાજ ખાઇ નિર્વાહ કરે છે. એ પોતાનાં દર આગલે દાંતે ખોદે છે, અને તે ઘણાં ઉંડાન હોવા છતાં તેમાં ભરાઇ રહેવાની સારી જોગવાઇ કરેલી હોય છે.

આ પ્રાણી જંગલી છતાં બિહીકણ છે. તેથી એને પકડવા માટે દિવસનાં આરબો એનાં દર બંધ કરી તેને પકડે છે. એ રાતે ખોરાકની શોધમાં બહાર નિકળે છે. એ ૬ થી ૭ ફીટની ઉંચાઇએ કુદે છે અને દોડવામાં કુતરા ઘોડાને પાછળ પાડે છે, તથા તે આડો તીડો દોડે છે. તે છાયા કરતાં તડકામાં રહેવાનું વધારે પસંદ કરે છે. એની પુચ્છડી કાપ્યાથી એની કુદવાની શક્તિ ઘટે છે. ને જો જડથીજ પુચ્છડી કાપી હોય તો તે કુદવાની હિમ્મત કરતું નથી. તેનું કારણ બદન સમતોલ રાખવાની શક્તિ ખોઇ દેવાનું છે. એ પોતાના રહેઠાણ માટે અતી સુકી જમીન પસંદ કરે છે, તેથી તેના પગના તળીયાનાં બંચાવ માટે જાડા કાંટાદાર બાલનું ઢાંકણ હોય છે.

**જર્મન સિલ્વર**—એને નીકલ સિલ્વર પણ કહેછે. એમાં ૪ ભાગ ત્રાંબુ, બે ભાગ નીકલ, અને બે ભાગ જસત હોયછે; આ ધાતુ સુંદર રૂપેરી રંગની બને છે અને તે અતિ ધનવર્ધનીય હોવાથી તેના તહેવારવાસને બનાવવામાં આવેછે.

## જર્મન દેશનો ભૂગોળ, વેપાર ઉદ્યોગ, કેળવણી અને ઇતિહાસ.

**જર્મની**—આ દેશને ઇંગલીશમાં Deutchland અને ફ્રેન્ચ ભાષામાં L' Allemagne કહેછે. જર્મન દેશ તરીકે જર્મન પ્રૉપર, આસ્ત્રીયાનો કાંઇક ભાગ, સ્વિતઝરલંડ, નેધરલેંડ અને તે સર્વેનો ઉપરી પૃશિયાનો રાજા ગણાય છે. જર્મની યૂરપનો મધ્ય ભાગ રોકે છે, એની સિમા જેતાં ઉત્તરે જર્મન ઓશન, ડેનીશ સામુદ્રધુની અને બાલટિક; પૂર્વે રશિયા તથા આસ્ત્રીયા, દક્ષીણે આસ્ત્રીયા તથા સ્વિતઝરલેંડ અને પશ્ચિમે ફ્રાન્સ, બેલજ્યમ તથા નેધરલેંડ છે.

૧૮૭૧ માં લોક વસ્તી ૪.૧૦,૫૮,૭૯૨ની; ૧૮૮૦ માં ૪,૫૨,૩૪,૦૬૧ ની ૧૮૯૫ માં ૫,૨૨,૭૯,૯૦૧ ની ને ૧૯૦૧ મા ૫,૬૦,૦૦,૦૦૦ ની હતી. એનું ક્ષેત્રફળ ૨,૧૧,૧૬૮ ચોરસ મૈલ છે. અથવા યૂરપનો $\frac{૧}{૧૬}$ ભાગ જેટલો દેશ ધરાવે છે, ફ્રાન્સ કરતાં સેહેજ મ્હોટો, પણ ગ્રેટબ્રિટન અને આયરલંડ જેટલો મ્હોટો દેશ નથી. એનો સમુદ્ર કાંઠો ૯૫૦ મૈલ લાંબો છે.

આ રાજ્યની કાયદા બાંધનારી પાર્લામેંટ સભા, ઇંગલંડની માફક બે જૂદી જૂદી સભાઓની બનેલી છે. વડી અથવા ઉમરાવોની સભાનાં (Reichsrath) ૫૮ અને આમની સભા મધે (Reichstag) ૩૮૨ સભાસદો છે. એના દર્યાઇ કાફલામાં ૭૮ મનવારો છે ને લશકર ૨૪,૧૬,૦૦૦નું છે.



રાહિન અને ડેન્યુબ તથા બીજી મ્હોટી નદીઓ અને સમુદ્રની સગવડને લીધે જર્મનીનો વેપાર બોહોળો છે. દેશમાં ૨૭૦૯૦ મૈલ રેલ્વે ફરી વળેલી છે. દક્ષિણ જર્મન સરહદ ૩૦૦૦થી ૪૦૦૦ ફીટ ઉંચી આવેલી છે; જ્યાંની આબો હવા ઘણીજ ખુશનુમાં છે. ઉત્તર કિનારે રેતીના મ્હોટાં મેદાનો છે.

જર્મન શેહેનશાહાત ૨૫ એક સંપી રાજ્યોનું બનેલું છે. આ સર્વ શેહેનશાહાતની લોક વસ્તીની ૧૮૯૫ની ગણત્રી નીચલા કોઠામાં આપી છે. ૧૮૯૦માં ૪,૯૪,૨૮,૮૦૩ ની તમામ શેહેનશાહાતમાં વસ્તી હતી ને ૧૮૯૫માં ૫,૨૨,૭૯,૯૦૧ની હતી.

| રાજ્યો. | ક્ષેત્રફળ-ચો. મૈલ. | લોક વસ્તી ૧૮૯૫ માં. |
|---|---|---|
| **રાજ્યો.** | .. ... | ...... |
| પૃશિઆ ... ... | ૧૩૬૦૭૩ | ૩૧૮૫૫૧૨૩ |
| બવેરિઆ ... | ૨૯૬૩૨ | ૫૮૧૮૫૪૪ |
| સેક્સની ... ... | ૫૮૫૬ | ૩૭૮૭૬૮૮ |
| વર્ટમ બર્ગ ... | ૭૬૧૯ | ૨૦૮૧૧૫૧ |
| **ગ્રૅંડ-ડચીઝ.** | ...... | ...... |
| બેડન ... ... | ૫૮૯૧ | ૧૭૨૫૪૬૪ |
| હેસી ... ... | ૩૦૦૦ | ૧૦૩૯૦૨૦ |
| મેક્લીનબર્ગ ... | ૫૧૯૭ | ૫૯૭૪૩૬ |
| સેક્સવિમર ... | ૧૪૦૪ | ૩૩૯૨૧૭ |
| મેક્લીનબર્ગ-સ્ત્રીલીત્ઝ | ૧૧૪૪ | ૧૦૧૫૪૦ |
| ઓલ્ડન બર્ગ ... | ૨૫૦૮ | ૩૭૩૭૩૯ |
| **ડચીઝ.** | ...... | ...... |
| બ્રન્સવીક ... | ૧૪૪૧ | ૪૩૪૨૧૩ |
| સેક્સ મેનીનગે... | ૯૬૪ | ૨૩૪૦૦૫ |
| સેક્સ અલટનબર્ગ | ૫૧૭ | ૧૮૦૩૧૩ |
| સેક્સ કોબર્ગ ગોથા | ૭૬૫ | ૨૧૬૬૦૩ |
| એનહેલ્ટ... ... | ૯૧૭ | ૨૯૩૨૯૮ |
| **પ્રિન્સપેલીટીઝ** | ...... | ...... |
| સ્વુવર્ઝ બર્ગ ... (સાઉનડરશસન) | ૩૩૭ | ૭૮૦૭૪ |
| સ્યૂવર્ઝબર્ગ (રૂડોલ સ્ટેડ) | ૩૬૭ | ૮૮૬૮૫ |
| વૉલડીક ... ... | ૪૩૮ | ૫૭૭૬૬ |
| રૂસ-ગ્રીઝ ... | ૧૨૩ | ૬૭૪૬૮ |
| રૂસ-સ્લીઝ ... | ૩૨૩ | ૧૩૨૧૩૦ |
| સ્ચમબર્ગ-લિપી... | ૧૩૩ | ૪૧૨૨૪ |
| લીપિ-ડીટમોલ્ડ... | ૪૭૫ | ૧૩૪૮૫૪ |
| **ફ્રિટાઉન.** | ...... | ...... |
| લ્યૂબેક ... ... | ૧૧૬ | ૮૩૩૨૪ |
| બરમન ... ... | ૧૦૦ | ૧૯૬૪૦૪ |
| હમબર્ગ ... ... | ૧૬૦ | ૬૮૧૬૩૨ |
| **રીચીસલેંડ.** | ...... | ...... |
| અલારકાલોરેની... | ૫૬૬૮ | ૧૬૪૦૯૮૬ |
| જુમલે ... | ૨૧૧૧૬૮ | ૫,૨૨,૭૯,૯૦૧ |

આ રાજ્યની લોક વસ્તીમાં મુખ્ય ભાગ પ્રોટેસ્ટંટ ધર્મ પાળનારાઓનો છે; તેથી ઓછા રોમન કેથોલિક અને જયૂ પ્રજાની વસ્તી છે. જર્મનીમાં દરેક પ્રજા પોતાનો ધર્મ છુટથી પાળી શકેછે, ૧૮૯૫ ની ગણત્રી મુજબ નીચે મુજબ વસ્તી હતી.

| જૂદા જૂદા રાજ્યો | પ્રોટેસ્ટંટ | રોમન કેથોલિક | જૂદા ખ્રિસ્તી | જયૂ | પરજાત |
|---|---|---|---|---|---|
| પૃશિયા | ૧૮૨૪૪૪૦૫ | ૯૬૨૧૭૬૩ | ૮૨૦૩૦ | ૩૬૬૫૭૫ | ૩૬૯૭ |
| બવેરિયા | ૧૫૨૧૧૧૪ | ૩૮૩૯૪૪૦ | ૫૭૩૧ | ૫૩૬૯૭ | ૨૧૭ |
| સેક્સની | ૩૦૭૫૯૬૧ | ૮૭૭૬૨ | ૧૦૨૬૩ | ૭૭૫૫ | ૨૬૨ |
| વર્ટમબર્ગ | ૧૩૭૮૨૧૬ | ૫૯૮૩૩૯ | ૫૩૨૨ | ૧૩૧૭૧ | ૧૩૭ |
| બેડન | ૫૬૬૩૨૭ | ૧૦૦૪૩૮૮ | ૩૩૨૨ | ૨૭૧૦૪ | ૧૧૪ |
| હેસી | ૪૪૩૮૮૧ | ૨૭૮૪૫૦ | ૮૦૦૫ | ૨૬૧૧૪ | ૧૬૧ |
| મેકમીલનબર્ગ-ડચીઝ | ૬૬૫૯૪૧ | ૪૨૮૨ | ૩૮૧ | ૨૮૪૪ | ૭૫ |
| ઓલ્ડન બર્ગ | ૨૬૪૩૦૪ | ૭૪૩૬૩ | ૧૧૮૦ | ૧૬૫૦ | ૨૮ |
| થુરીંગન સ્ટેટસ | ૧૧૮૭૫૩૩ | ૨૦૦૭૩ | ૧૪૫૧ | ૩૮૫૨ | ૧૫૪ |
| ફ્રીટોન | ૭૦૧૮૭૭ | ૨૨૫૫૪ | ૩૨૫૨ | ૧૮૩૩૨ | ૫૮૯૧ |
| બીજાં રાજ્યો | ૮૦૭૩૪૭ | ૨૩૯૯૫ | ૯૬૫ | ૫૨૦૨ | ૧૦૦ |
| અલાસ્કાલોરેની ... | ૩૧૨૯૪૧ | ૧૨૧૦૩૨૫ | ૩૭૭૧ | ૩૬૮૭૬ | ૪૪૨ |
| જુમલે સંખ્યા | ૨૯૩૬૯૮૪૭ | ૧૬૭૮૫૭૩૪ | ૧૨૫૬૭૩ | ૫૬૩૧૭૨ | ૧૧૨૭૮ |
| પ્રમાણ | ૬૨°૬૮ | ૩૫°૮૨ | ૦°૨૭ | —૧°૨ | —°૦૩ |

જર્મનીમાં નીચલા મુખ્ય શેહેરોની વસ્તી આ મુજબ છે.

બર્લીન—૧૩૧૫૨૮૭. હમબર્ગ—૩૦૫૬૯, બ્રૂસન ૨૯૯૬૪૦. મ્યૂનીચ ૨૬૧૯૮૧. ડ્રેસડન ૨૪૬૦૮૬, લીપઝીક ૧૭૦૩૪૦.

જર્મનીનાં ૨૧ શેહેરોમાંના દરેક ૧,૦૦,૦૦૦ ની વસ્તી ધરાવેછે. ૨૦,૦૦૦ થી૧,૦૦,૦૦૦ વસ્તી ધરાવનારાં ૧૧૬ શેહેરો છે. ૫૦૦૦ થી ૨૦,૦૦૦ ની વસ્તી ધરાવનારાં ૬૮૩ શેહેરો છે. અને ૨૦૦૦ થી ૫૦૦૦ ની વસ્તી ધરાવતા ૧૯૫૧ ગામો છે.

યૂરપ શિવાય આફ્રિકા તથા પોલેનેશિયામાં જર્મન સરકારનો અમલ નીચે મુજબ છે.

| | ક્ષેત્રફળ ચો. મૈ. | વસ્તી |
|---|---|---|
| **આફ્રિકામાં** | | |
| ટોગોલેંડ, ગુલામી જાત પર ... ... ... | ૪૦૦ | ૪૦,૦૦૦ |
| કેમીરોન ... ... ... ... ... | ૧,૧૫,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| ડૉમેરેલેંડ અને ગ્રેટ નાનાકવેલેંડ ... ... | ૨,૩૦,૦૦૦ | |
| (પૂર્વે આફ્રિકા) યૂસે ગારા વગેરે ... ... | ૬૦,૦૦૦ | |
| જર્મન પ્રોટેકટોરેટ ... ... ... ... | ૨,૪૦,૦૦૦ | |
| માર્શલનાં ટાપુમાં... ... ... ... ... | ૧૫૦ | ૧૦,૦૦૦ |
| **પોલેન્સ્યામાં** | | |
| કયસર વિલ્યમલેંડ ન્યૂગાયનામાં ... ... | ૭૦,૩૦૦ | ૧,૦૯,૦૦૦ |
| બિસમાર્ક આર્ચી પેલેગો (ન્યૂબ્રિટન ઇ૦) ... | ૧૮,૧૫૦ | ૧,૮૮,૦૦૦ |
| સાલોમન ટાપુમાં... ... ... ... ... | ૮,૫૦૦ | ૮૦,૦૦૦ |

જર્મનીમાં **ખનીજ ધાતૂ** પુશકળ મળતી હોવાથી તેનો ઉદ્યોગ ત્યાં બોહોળો ચાલે છે. મુખ્ય ખાણો અને ધાતુ ગાળવાના કારખાનાં રાહિનની નીચલી તરફ સિલેસ્યાને ઉપલા ભાગમાં હર્ઝ તથા સેકસનીમાં છે. ચાંદી ઉપલા હર્ઝ તથા સેકસનીમાં મળે છે. અને સીલેસ્યા તથા રેહેનીશ વેસ્ટફેલીયામાં પણ જડે છે. પ્રૂશિયામાં જસત એટલું તો ઉત્પન્ન થાય છે કે તે દુનિયામાં સર્વોપરી જસત પુરો પાડનાર દેશ ગણાય છે. શીસૂં હર્ઝમાં તથા પ્રૂશિયા અને સેકસનીમાં મળે છે. મેન્સફીલ્ડમાં ત્રાંબાની નાહની ખાણો છે. કલ્હે ઇર્ઝબર્ગમાં, મેંગેનીઝ વાઇસબેડનમાં, પારો વેસ્ટફેલીયામાં, સૂરમો થ્યૂરીંગામાં, મિઠું અનેક જગાપર. જર્મનીમાં ચીકણી જાતની દરેક મટોડી એટલી તો મળે છે કે ત્યાં પોર્સેલીન તથા કુંભાર કામનો મુખ્ય હુન્નર આગળ વધ્યો છે. તેમજ કાચ કામ સિલેસ્યા તથા બલગેરીયાનું જગ પ્રસિદ્ધ છે. ઇમારતી પથ્થરો પણ તમામ દેશમાં ફેલાયલા છે; તેમાં મુખ્ય માર્બલ, સ્લેટ અને અલાબાસ્ટર છે. જર્મનીના 'લીથોગ્રાફિક' પથ્થર જગતમાં મશહૂર થએલા છે. તે શિવાય જર્મનીથી નિકાશ થતો માલ કોબાલ્ટ, સોમલ, ગંધક, સુરોખાર, ફટકી, ધાપાન (ચીરોડી),બિસ્મીથ, વગેરે પાદાર્થોનો મ્હોટો વેપાર ચાલે છે.

૧૮૭૨માં જર્મન દેશનો કુલે વેપાર ૨૭,૯૦,૦૦,૦૦૦ પૌંડનો હતો. ૧૮૯૦માં ૩૭, ૪૦, ૦૦,૦૦૦નો તથા ૧૮૯૯નાં સાલની આખેરીમાં ૪૫,૯૦,૦૦,૦૦૦ પૌંડનો હતો.

આ દેશમાં ઓટ, રાય, પટેટા, ઘઉં બીટ, દ્રાક્ષની ખેતી ચાલે છે. ઉન પણ અત્રે પુશકળ મળે છે, ને તેનો આયાત વેપાર ચાલે છે. આસ્ટ્રેલીયા તથા દક્ષિણ અમેરિકામાંથી આ ઉનનો મ્હોટો ભાગ આવે છે. હેંનિશમાં એનો મ્હોટો વેપાર ચાલે છે. આ દેશમાં રૂનો ૧૨ આના ભાગ હિંદુસ્તાન તથા બાકી અમેરિકાથી આવે છે. હેંનિશમાં મ્હોટી મીલો છે.



એબરફીલ્ડ, બરમેન, ડસેલડ્રાફ, ગ્લ્યાડબ્યાક, બીલફિલ્ડ, આ શેહેરો ઉદ્યોગ માટે જાણીતાં છે. ચેમિન્ઝ, મુલાસેન શેહેરો કાપડના વેપારના મુખ્ય મથકો છે. ક્રેફીલ્ડ રેસમી તથા સૂતરાઉ કાપડના કારખાના માટે જાણીતું છે. આ માલનો ખપ અમેરિકા તથા ઇંગલંડમાં થાય છે. તીનનો ઉદ્યોગ તમામ દેશોમાં પસરેલો છે. યાંત્રીક સામાનનાં કારખાના બર્લિન, ચેમિન્ઝ, મ્યાગડેબર્ગ, બ્રેસલો અને મુલસેનમાં ચાલે છે. અત્રે બનતો લોઢાનો સામાન, રશિયા, હૉલંડ, સ્વિતઝરલેંડ અને હિંદુસ્તાનમાં જાય છે. દારૂકામ માટે બવેરિયા જાણીતું છે. મુખ્ય વેપારી બંદર હેમ્બર્ગ; અલ્ટોના, બ્રેમેન, બ્રેમર, હેવન, કીલ, લ્યૂબેક, સ્ટેટિની, ડ્યાનઝીગ, કોલેગ્સબર્ગ મેમેલ, ગિસ્ટેમંડ તથા સ્વિરિમુંડ છે. વેપારી શેહેરો બર્લીન, ફ્રાંકફોર્ટ, લિપ્ઝીક, મેગડેબર્ગ, અને કોલોન છે.

**કેળવણી**ના બાબમાં આ જર્મન દેશ સર્વોપરી ગણાય છે. ઇ.સ. ૧૯૦૦ના રિપોર્ટ મુજબ આખી જર્મન વસ્તીના છઠા કરતાં પણ વધુ એટલે લગભગ પંચાણુ લાખ વિધાર્થિઓ દર વર્ષે ત્યાંની શાળાઓમાં કેળવણી લીયેછે, પણ તેમાં લશકરી શાળાઓમાં કેળવણી લેતા વિદ્યાર્થીઓની સંખ્યા ઉમેરતાં જર્મન વસ્તીનો પાંચમો ભાગ ત્યાંના જૂદા-જૂદા કેળવણી ખાતાઓમાં દર વર્ષે કેળવણી લે છે. જર્મનીની મૂળ કેળવણી આપનારી શાળાઓનો મ્હોટો ભાગ મુફત કેળવણી આપે છે, અને તેમાં લગભગ ૮૭,૦૦,૦૦૦ બાળકો દર વર્ષે શિક્ષણ મેળવે છે. એ મૂળ કેળવણી આપનારી શાળાઓ માંહેલી ૫૯,૩૦૦ સરકારી શાળાઓમાંજ ૧,૩૭,૫૦૦ પુરૂપ સ્ત્રી શિક્ષકો રોકાયલાં છે; જે ઉપરાંત ખાનગી શાળાઓના શિક્ષકો જૂદા છે. આ સરકારી શાળાઓ પાછળનો વાર્ષિક ખર્ચ ૨૬,૨૫,૦૦,૦૦૦રૂપ્યાનો થાય છે. જેમાંનો ૩૭,૧૮,૦૦,૦૦૦ જેટલો ભાગ સરકાર પોતે આપે છે. બાકીનો ૬૨ ટકા જેટલો ખર્ચ જૂદી જૂદી મ્યૂનિસીપાલીટીઓ અને લોકલ બોર્ડો મળી પુરો પાડે છે. મૂલ કેળવણી આપનારી શાળામાં શીખતા વિદ્યાર્થી પાછળ વર્ષે દહાડે ૧ પૌંડ ૧૯ શિલીંગ ૬ પેન્સનો ખર્ચ થવાની સરેરાસ આવે છે.

'જરમનીમાં વળી દેશની વસ્તીના દર ૯૧૫ રહેવાશીઓએ મૂળ કેળવણી આપનારી અકેક શાળા સ્થાપવામાં આવી છે, અને દર ૧૦,૦૦૦ રહેવાશીઓએ ૨૫ શિક્ષકોની રાસ આવે છે. આ શિક્ષકો સરેરાસ ૬૩ વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. વળી એ શાળાઓમાં શિક્ષક તરીકે કામ કરી શકે તેવી કેળવણી આપનારી અથવા શિક્ષકો તેઆર કરનારી ૧૦૦ શાળાઓ જર્મનીમાં હસ્તી ધરાવેછે.

જે ઉપરાંત પુરૂષો તથા સ્ત્રીઓની મળી ૧૮૮ કૉલેજો ત્યાં સ્થાપવામાં આવી છે. એ કૉલેજોમાં ૧૮૯૮નાં વર્ષમાં ૧૮૯૦૦ પુરૂષો અને ૨૧૦૦ વિદ્યાર્થીઓ ૨૦૦૦ પ્રોફેસરોને હાથ તાલીમ લેતા હતા. શિક્ષક તરીકે ધંધો કરનારા દર ૨૦ જર્મન શિક્ષકે ૧ શિક્ષક ત્યાં દર વર્ષે તેઆર થાય છે. શિક્ષકોને તેમના ધંધાની તાલીમ આપવા પાછળ ૭૫,૦૦૦૦૦ રૂપ્યા દર વર્ષે ખરચવામાં આવેછે.

છોકરાંઓને વચલે વાંધેની કેળવણી આપનારી ૧૧૦૦ શાળાઓ જર્મનીમાં હસ્તી ધરાવેછે, જેમાં ૨,૮૮,૦૦૦ છોકરાઓ કેળવણીની જૂદી જૂદી શાખાઓનું પાકટ જ્ઞાન મેળવે છે. છોકરાઓને એ જ્ઞાન આપવાના કામમાં યૂનિવ્હરસિટી તરફની સનદ ધરાવનારા ૧૬,૮૦૦ લાયક શિક્ષકો રોકાયલા છે. દરેક શાળામાં ૨૬૦ વિદ્યાર્થીની સરેરાસ આવે છે અને દરેક શિક્ષક સરેરાસ ૧૭ છોકરાઓને શિક્ષણ આપેછે. આ વર્ગની શાળાઓ પાછળ વર્ષે દહાડે ૫,૨૫,૦૦,૦૦૦ રૂપ્યા ખરચાય છે, જેનો મોટો ભાગ મ્યૂનિસીપાલિટીઓ તથા છોકરાઓ તરફથી મળતી ફીમાંથી મળેછે. આ વર્ગની શાળા-

ઓના વિદ્યાર્થીઓમાંનો સેંકડે માત્ર ૮ ટકા જેટલો ભાગ મુફત કેળવણી લેછે. દરેક વિદ્યાર્થીને શિખવવા માટેનો વાર્ષિક ખર્ચ ૧૨ પૌંડનો થાયછે. એ વર્ગમાં પ્રાચીન તથા અર્વાચિન સાહિત્ય અને ભાષા શિખવવાના જે બે વર્ગો છે તેમાંના પેહેલા વર્ગની શાળાઓ વધુ કરવા માટે હાલ ત્યાં હિલચાલ ચાલે છે. લોકોની એ પસંદગી એટલા ઉપરથીજ જણાય છે કે દર ૧૦,૦૦૦ માનસે ૩૫ છોકરા જ્યારે પેહેલા વર્ગની શાળાઓમાં જાય છે ત્યારે બીજા વર્ગની શાળાઓમાં માત્ર ૨૫ છોકરાઓ શીખે છે. છોકરીઓ માટેની વચગાળેની કેળવણી આપનારી શાળાઓ મોટે ભાગે સરકાર અને મ્યૂનિસિપાલીટીની દેખરેખ તળે નથી. જર્મનીમાં છોકરીઓ માટેની જાહેર શાળાઓ માત્ર ૩૦૦ છે, જેમાં ૭૫૦૦૦ છોકરીઓ ૨૧૦૦ સ્ત્રી તથા ૧૯૨૫ પુરૂષ શિક્ષકોને હાથે કેળવણી લે છે. એ શાળાઓ પાછળ ૯૦,૦૦,૦૦૦ રૂપ્યાનો વાર્ષિક ખર્ચ બેસે છે.

ઉંચી કેળવણી આપનારી શાળાઓ અને ખાતાંઓ જે પ્રકારનું શિક્ષણ આપે છે તે દુન્યામાં સર્વોપરી ગણાય છે. આ પ્રકારની કેળવણીના વર્ગમાં સઘળી હાઇસ્કુલ, યૂનિવર્સીટીઓ, હૂન્નર ઉદ્યોગને લગતી હાઇસ્કુલો, ખેતીવાડીની શાળાઓ, જંગલખાતાં અને ખાણોને લગતાંઓનું શિક્ષણ આપનારી સ્કુલો, વેટરનરી કૉલેજો અને ચિત્રકળા, કોતરકામ, તથા ગાયનની શાળાઓ સમાઇ જાય છે.

જર્મનીમાં સઘળી મળી ૨૦ યૂનિવ્હરસિટી છે, જેમાં ૨૫૦૦ પ્રોફેસરોને હાથ ૨૨૦૦૦ વિદ્યાર્થીઓ તાલીમ મેળવે છે. એ વિદ્યાર્થીઓનો સેંકડે ૨૨ ટકા જેટલો ભાગ કાયદાનો અભ્યાસ કરે છે, ૨૭½ ટકા તબીબી વિદ્યા શિખેછે; ૧૫ ટકા હિસાબ તથા કુદ્રતિ જ્ઞાન મેળવે છે, ૧૪ ટકા ભાષા શાસ્ત્રીનો અભ્યાસ કરે છે, ૧૦ ટકા પ્રોટેસ્ટંટ પંથની ફીલસુફી શિખે છે અને ૫॥ ટકા રોમન કેથોલિક પંથની ફીલસૂફીનો અભ્યાસ કરે છે.

બર્લીન, ડ્રેસદન, સ્તટગાર્ટ, કાર્લશરૂ, હેનોવર, દાર્મ્તસ્તેટ, એકસલાશાપેલ, ન્યૂરેનબર્ગ, લીપઝીક અને ચેમનીઝ ખાતેની વિદ્યા હૂન્નરની ઉંચી કેળવણી આપનારી ૧૦ શાળાઓમાં લગ ભગ ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓ ૮૫૦ પ્રોફેસરોને હાથ હૂન્નર ઉદ્યોગની કેળવણી પામે છે. આ શાળાઓના નિભાવ માટે દર વર્ષે ૪૫,૦૦,૦૦૦ રૂપ્યાનો ખર્ચ થાય છે.

એ ઉપરાંત હૂન્નર ઉદ્યોગની કેળવણી આપનારી ઉતરતા વર્ગની બીજી ૧૮ શાળાઓ છે, જેમાં ૩૫૦ શિક્ષકોને હાથ ૪૦૦૦ વિદ્યાર્થીઓ રૂ ૩૦,૦૦,૦૦૦ ને ખર્ચે હૂન્નરની કેળવણી મેળવે છે. લશકરી અને દર્યાઇ લશકરને લગતી કોલેજોમાં શિખતા છોકરાઓ બાદ કરતાં જર્મનીની હાઇસ્કુલોમાં ૪૭૦૦૦ વિદ્યાર્થીઓ વર્ષ દહાડે અભ્યાસ કરે છે, જેમની પાછળ લગ ભગ ૨,૪૦,૦૦,૦૦૦ રૂપ્યાનો દર વર્ષે ખર્ચ થાય છે. વળી એ ઉપરાંત લીપઝિક, એકસલાશાપેલ, ફ્રિલબર્ગ અને ફ્રેન્કફૂર્ટ-ઓન-મેન ખાતે વેપારી કેલવણી આપનારી હાઇસ્કુલો આવેલી છે. જર્મનીના એખલા પૃશિયા વાલા ભાગમાં ખેતીવાડીનો અભ્યાસ કરાવનારી ૨૫૯ શાળાઓ છે, જેમાં રૂ ૨,૭૦,૦૦૦નો વાર્ષિક ખર્ચે ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ ખેતી વાડીનો હૂન્નર શિખે છે. એ ઉપરાંત ખેતીવાડી સાથે સંબંધ ધરાવતા ઉદ્યોગોને લગતી કેલવણી આપતારી બીજી ૧૦૦ શાળાઓ અને ૧૦૦૦ રાતની શાળાઓ છે. એ મુજબ ઉંચી કેળવણી પાછળ જર્મની દર વર્ષે ૩૭,૫૦,૦૦૦૦૦ રૂપ્યાનો ગંજાવર ખર્ચ કરે છે.

ચાર્લોટેનબર્ગ ખાતેની શાળા જે પ્રકારની સંપૂર્ણ સામગ્રી વિદ્યા હૂન્નરના શિક્ષણ આપવા માટે ધરાવે છે તેવું સાધન દુન્યાની કોઇજ શાળા ધરાવતી નથી. આ શાળા



લગ ભગ એક સદી આગમજ સ્થાપન કરવામાં આવી હતી, ને તે પછી વખતે વખતે તેની ઇમારતમાં નવા ઓરડા અને વિભાગો વાપરવામાં આવ્યા હતા. પણ આ શાળા હાલ જે સુંદર અને વિશાળ ઇમારત ધરાવે છે તે ૧૮૮૪માં બાંધવામાં આવી હતી. હાલની જબરી ગંજાવ ઇમારત આ શાળા ધરાવ્યા છતાં તેમાં શિખવા માટે જેટલા જણા ઉમેદવાર થઇને આવે છે તે સઘળાઓને એ શાળા રાખી શકતી નથી, આથી ચાલુ સદીની શરૂઆતમાં તેના વિસ્તારમાં વધારો કરવા રૂા. ૧૫,૦૦,૦૦૦ નો ખર્ચ કર્યો હતો. બર્લીન અને ચાર્લોટેન બર્ગની મ્હોટી સડકવાળા માર્ગના મુખડાપર એક ઉંચી તેકડીવાલી અને સુંદર બગીચા સાથની જગા ઉપર એ શાળાની ઇમારત છે. ઇમારતની ઢપ 'જર્મન કલાસિક' છે. હાલની શાળા એક સદીની વાત ઉપર સ્થાપવામાં આવેલી શાળાનું પરિણામ છે, અને તેમાં બર્લીન ખાતેની ઇજનેરી તથા શિલ્પશાસ્ત્રને લગતી બે શાળાઓ જોડાઇ ગઇ છે. ૧૮૪૯ ના વર્ષમાં એ શાળાના કારોબારમાં મ્હોટો ફેરફાર કરવામાં આવ્યો હતો. અને ઇજનેરી તથા શિલ્પશાસ્ત્રને લગતું ચહડતું જ્ઞાન આપવા ઉપરાંત તેમાં વિદ્યા હૂન્નરની કેળવણી આપવાનું પણ ચાલુ કરવામાં આવ્યું હતું. ત્યાં શિખવવામાં આવતી બાબતોનો અભ્યાસ કરવા માટે ૪ વર્ષની મુદત લાગે છે. એ બાબતોને નીચલી ૬ શાખાઓમાં વેંહેંચી નાખવામાં આવી છે. (૧) શિલ્પશાસ્ત્ર, (૨) ઇજનેરી વિદ્યા, (૩) રસાયણી વિદ્યા અને રંગવાનો હૂન્નર, (૪) હૂન્નર ઉદ્યોગનું સામાન્યજ્ઞાન, (૫) સાંચાઓને લગતી ઇજનેરી વિદ્યા અને (૬) દર્યાઇ ઇજનેરી વિદ્યા. આ નાહના જર્મન શેહેરની શાળાએ પોતાના ઉંચી ક્રીસમના શિક્ષણ માટે આખી દુનિયામાં નામ કહાડ્યું છે, અને ત્યાંના ૧૯૦૦ ના રિપોર્ટ ઉપરથી જણાય છે કે નીચલા જૂદા જૂદા દેશોમાંથી ત્યાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે જાયછે—„

| | | | |
|---|---|---|---|
| અમેરિકા | ગ્રેટબ્રિટન | બ્રાઝિલ | સરવિયા |
| આરજેનટીના | ચીલ્લી | બોલીવિયા | સ્વિડન |
| ઇટલી | જેપાન | મેકસિકો | સ્વીટઝરલેંડ |
| ઇરાન | તર્કી | રશ્યા | સાનસાલ્વાડોર |
| ઓસ્ત્રીયા | નોર્વે | રોમાન્યા | સીયામ |
| કોલમબિયા | પોર્ટુગલ | લક્ષેમબર્ગ | હોલેંડ. |

આ શાળાની આસપાસના બગીચાનો વિસ્તાર ૨૫ એકર જેટલો મ્હોટો છે. ઇમારતની લંબાઇ લગભગ ૭૫૦ ફીટ અને પોહળાઇ ૩૦૦ ફીટની છે. ઇમારતનો પલાન E શબ્દને મળતો આવે છે, અને ઇમારતનો મુખ્ય દાખલ થવાનો દરવાજો એ અક્ષર માહેલા વચલા કાપા ભણી છે. ઇમારત ચાર મજલી છે; અને તેમાં રોશનીની ગોઠવણ સંપૂર્ણ છે. આ શાળાની લાયબ્રેરીમાં ૮૦થી ૯૦ હજાર ગ્રંથો વિદ્યાહૂન્નરને લગતાંજ છે. લાયબ્રેરીની પડોશમાં વિદ્યાર્થીઓને વાંચવા માટે સગવડ ભર્યા ઓરડાઓ રાખવામાં આવ્યા છે. આ શાળામાં ભાષણ કર્તા પ્રોફેસર અખતારાઓ સાથે સર્વ સમજણ આપે છે. ભાષણ કર્તાની ટેબલ ઉપર સઘળા હૂન્નરોમાં ઉપયોગની થઇ પડે એવી સામગ્રી જોવામાં આવે છે, અને વિજળી, ગ્યાસ તથા પાણી ભાષણકર્તાને હમેશાં મળી શકે તેવી દરેક સગવડ રાખવામાં આવી છે. ટેબલની પાસેજ 'સ્વિચ બોર્ડ' 'એર પમ્પ' 'રિઝીસ્તનસ કોઇલ્સ' વગેરે વિજળિક શાસ્ત્રમાં ઉપયોગી થઇ પડતા દરેક યંત્રો વગેરે હોય છે, જેથી દરેક બાબતનું જ્ઞાન વિદ્યાર્થીઓ તેના અખતરા સાથે પોતાની નજર આગળ બનતું જોઇને મેળવે છે. વળી શાળાને લગતાં જૂદા જૂદા કારખાનાઓમાં છેલ્લામાં છેલ્લી શોધ મુજબના હથીયારો અને યંત્રો હોય છે. ત્યાં શિખતા દરેક વિદ્યાર્થી દીઠ સરકાર તરફથી ૪૫૦ રૂપ્યાની રકમ વર્ષ દહાડે શાળાને મળે છે. એ રીતે જોતાં સરકાર તરફથી આ શાળા

દર સાલ ૨,૭૦,૦૦૦ રૂપ્યાની મદદ મેળવે છે. આ રકમમાં છોકરાંઓ તરફથી મળતો લવાજમ ઉમેરતાં શાળાની વાર્ષિક આવક ૧૫,૦૦,૦૦૦ રૂપ્યા જેટલી થાય છે.

**જર્મનીનું લશકરી બળ**—એનું શેહેનશાહી લશકર ૧૮ વિભાગમાં વેંહેંચવામાં આવ્યું છે. ૧૮૯૫-૯૬માં શાંતતાના સમયમાં જર્મન લશકરમાં ૨૨૬૧૮ અધિકારીઓ, ૫,૬૨,૧૧૬ લડવૈયા, ૯૭૨૮૦ ઘોડા હતા. આ રાજ્યમાં ૧૭૩ પાયદળ તુકડી, ૧૯ પલટનો પેચની બંદુકવાળી, ૯૩ પલટનો ઘોડેસ્વારોની, ૬૦ પલટનો તોપખાનાની, ૨૩ પલટનો એનજીન્યરોની, અને ૨૧ પલટનો મીલટરી ટ્રેનની હતી. લડાઇ સમયે ૩૦,૦૦,૦૦૦ નું લશકર જર્મન સરકાર એકઠું કરી શકે એવી સ્થિતિમાં છે. ૧૮૯૫-૯૬માં લશકરી ખર્ચ ૨,૩૬,૦૦,૦૦૦ પૌંડનો થયો હતો. દર્યાઇ કાફલો પ્રૃશિયન સરકારે ૧૮૪૮ પછી રાખતાં તેમાં અતી ઝડપથી મ્હોટો સુધારો વધારો કરી ૧૮૮૯માં તેમની પાસે લડાઇનાં ૭૭ બારકસો હતા. જેનું જુમલે વજન ૧, ૮૬, ૧૯૬ ટનનું હતું. ૧૮૮૫મા જર્મન સરકાર પાસે ૮૭ મનવારો હતી, અને તેપર ૨૧૮૯૦ કામદારો હતાં.

જર્મન શેહેનશાહાતની વાર્ષિક ઉપજ ને ખર્ચ નીચે મુજબ છે. ૧૮૮૧-૮૨થી તે ૧૮૮૫-૮૬ સુધી ઉપજ ૩,૦૧,૨૧,૪૭૦ પૌંડ અને ખર્ચનો અડસટો ૩,૦૫,૬૪,૨૦૦ પૌંડ. ૧૮૯૧થી ૯૬ની ઉપજ ૫,૪૫,૭૩,૦૦૦ પૌંડથી તે ૫,૮૯,૧૯,૭૦૦ પૌંડની. ૧૮૯૪-૯૫માં ખર્ચ ૬,૪૩,૨૭,૦૦૦નો થયો હતો. ૧૮૯૪-૯૫માં શેહેનશાહાતનું કર્જ ૩થી ૪ ટકાની લોનપર ૯,૫૭,૮૫,૭૦૦ પૌંડનું. જર્મન લડાઇ ખાતાની તિજોરીમાં ૬૦,૦૦,૦૦૦ પૌંડ સુન્નાના નાણામાં અનામત રાખી મુકવામાં આવ્યું છે.

**જર્મન પ્રજા** યૂરોપમાં એરીયન ટોળાની મ્હોટાઇ તથા કીર્તિ જાળવનારી ગણાય છે. સ્ત્રીઓને પ્રથમ છુટાપણું બક્ષનાર, સ્વતંત્ર રાજ્ય, ચુંટી કાઢેલી રાજ્ય સભા, જૂરીની તપાસ વગેરે રાજ્ય દુઆરી સુધારાનો જન્મ આપનાર એજ પ્રજા છે.

**જર્મન નામ**નાં તહેવાર અર્થો ઉઠાડવામાં આવે છે. આ બોલ એવો છે કે 'જેરમ' નામના આગળા ફ્રેન્ચોના લડાઇના એક પોકાર ઉપરથી નિકળેલું છે. 'જર'નો મૂળ ધાતૂ ફ્રેન્ચ અને સ્પેનીશ ભાષામાં લડાઇને લગાડેલો છે. એટલે તે ઉપરથી જરમન=વૉરમેન યાને લડાયક માનસ એવો અર્થ ઉઠે છે. જર્મનોને ફ્રેંન્ચો 'આલમેને' અથવા આલમેન' કહે છે, અને જૂદી જૂદી પ્રજાઓએ એકત્ર મળીને જર્મનીનું રાજ્ય બનાવ્યું છે, તે ઉપરથી સઘળાં માનસોનું આ નામ નિકળેલું છે. જર્મનો પોતે પોતાના મુલકને 'ડુશચલાંડ' કહે છે, જેનો અર્થ ગૉથીક ભાષામાં લોકોની જમીન થાય છે. એ ઉપરાંત 'ફાધરલેંડ' એ નામથી પણ જર્મનો પોતાના દેશને ઓળખે છે.

બીજી તર્ક મુજબ 'જર્મન' નામ પડવાનું કારણ તેમનાં ભાલા જે મુખ્ય હથિયાર હતું તે છે. જર્મન એ શબ્દ (Spearmen સ્પિયરમેન યાને ભાલાવાલા) સ્પિયરમેન શબ્દથી નિકળે છે; પણ જર્મનો પોતાને 'ડ્યૂટન્સ' કહેવાડતા. તેનું રોમનોએ 'ટ્યૂટન્સ' કર્યું. આ 'ટ્યૂટસેન' શબ્દ 'જનવાચક' એક પ્રાચીન જર્મન શબ્દ ઉપરથી નિકળેલો છે.

જર્મનોનો બાંધો મજબુત, ઉંચી પેશાની ધરાવનાર, ભૂરા બાલના, બલુ આંખવાલા અને ખુબસૂરત લોહીઆર ચેહેરેના છે. તેઓ મેહેનતુ અને શોધક બુદ્ધિ ધરાવે છે.

જર્મન પ્રજા અને ભાષાનાં બે વર્ગ છે. 'હોચડુટ્ચ' યાને ઉંચી જર્મન જેમાં કઠોર ભાષાનો ભેળ છે, ને બીજી 'નીડરડુટ્ચ' જેમાં શીરીન જબાનીની ભેળ છે. ઉપલા ભાગમાં વસનારા શીરીન જર્મન ભાષા બોલેછે. આ મધુર જર્મન ભાષા લ્યૂથરના ભાષણો પછી દેશમાં ફેલાઇ હતી.



**જર્મનીનો ઇતિહાસ**—પ્રાચીન જર્મન પ્રજા ઘણી શૂરી હતી. તેઓ રણસંગ્રામમાં ભાગ લેવા સદા તત્પર રહેતા, અને પોતાની સ્વતંત્રતા જાળવવા ઉલટમંદ હતા. તેઓ ભોલા અને સત્યવાદી હતા. તેઓ ખુશીના પ્રસંગે દારૂપર ખુબ હાથ ચલાવતા. તેઓ પ્રાચીન કાળમાં 'જંબસ' અને 'ઓટ' નામનું ધાન્ય ઉત્પન્ન કરતા. તેમની સંપતિ ઘોડા અને બળદો ગણાતા હતા, જેથી જર્મન દેશમાં હજારો ઢોરો જણાતા હતા. તેઓ ઢોરો માટે પાણીપાવાના વાસણ સિંગડાના બનાવતા, ખેતી તથા સંસારી કામો સ્ત્રીઓ બજાવતી, સ્ત્રીઓપર પુરૂષોનું ઝાઝું ચલણ નહોતું અને તેઓ પોતાના ધણી સાથે લડાઇ કરવા જતી, ત્યાં તેમને તેઓ ઘણી મદદ કરતી અને જખમી થએલાઓની માવજત કરતી, તેમજ તેમનું માન જનસમાજ કજ્યાના ચુકાદામાં પણ જળવાતું હતું.

પ્રાચીન જર્મનદેશ જંગલો તથા ખીણોથી ભરપૂર હતો. ત્યાંની હવા અત્યંત થંડી પડતી, અને તેથી ત્યાં ફળઝાડ જણાતાં નહિ. પ્રજા જંગલી હતી અને તેઓ પોતાના નિર્વાહ હરણના શેકાર ઉપર કરતા. તેઓ ઘોડેસ્વારીમાં એક્કા હતા. તેઓના ઝુપડાં વેગવેગળા બાંધેલા હોવાથી ભયની વેળા રણશિંગડું ફુંકી જાતભાઇઓને ચેતવણી આપી મદદ મેળવતા, જર્મનીમાં તે વેળા અનેક જાતનાં લોકો વસ્તા હતા. તેમાં કેટલીક જાતો ઘણી બળવાન હતી. તે બળવાન જાતનાં 'ફ્રાંક' નામની એક જાત હતી. તેઓ ઘણા શૂરવીર ગણાતા. તેઓ અને રોમનો વચ્ચે વારંવાર લડાઇઓ થતી. ઇ. સ. ૪૮૬ માં તેમનો મુખ્ય સરદાર ક્લોવ્હિસે' ગૉલ (હાલનું ફ્રાન્સ) દેશના રોમન અધિપતિનો પરાજય કર્યો. એજ ક્લોવ્હિસ ફ્રેન્ચ પ્રજાનું રાજ્ય સ્થાપન કરનાર મૂળ પુરૂષ હતો. ગૉલ દેશ જીત્યો ત્યારે તેની વય માત્ર ૧૯ વર્ષની હતી. એણે તેજ સમયે 'પારિસ' શેહેરને પાયતખ્ત બનાવ્યું.

ક્લોવ્હિસ જો કે મૂર્તિ પૂજક હતો તે છતાં તે 'ક્લોતીદા' નામની એક સુંદર ખ્રીસ્તી રાજ કન્યા સાથે પરણ્યો હતો. ક્લોવ્હિસ ક્લોતીદા તરફ ધાડી પ્રિતી ધરાવતો હતો. એના ધર્માંધપણાની એવી વાત જણાવવામાં આવે છે કે એક પ્રસંગે કોઇ જર્મન જાત સાથે લડતાં એ મ્હોટા સંકટમાં આવી પડયો, આથી તેણે દેવતાઓની આરાધના કરવા માંડી. તે વેળા તેની સ્ત્રીએ તેને પોતાના પેગંબરની આરાધના કરવા કહી. તે વેળા તેણે એવું પણ લીધું કે "જો તાહરો પેગ્અરગં મ્હને સાહય થશે તો હું મૂર્તિ પૂજા છોડી તારો ધર્મ સ્વિકારીશ." અજબ સંજોગે ક્લોવ્હિસ જય પામ્યાથી ખ્રિસ્તી ધર્મમાં દાખલ થયો, આથી તેના ૩૦૦૦ સરદારોએ પણ બેપ્ટિઝમ લીધું. એનું મરણ ઇ. સ. ૫૧૧માં નિપજ્યું. ક્લોવ્હિસ પછી તેનું રાજ્ય પડતી હાલતમાં આવ્યું અને રાજ્યમાં અવ્યવસ્તા ચાલી; અને જે જે હાકમો હતા તેઓ અપસમાં લઢી જે બળવાન હતા તેઓ વડપણ મેળવી બેઠા. તેમાં 'ચાર્લસ માર્તલ' ઘણો પરાક્રમિ નિવડયો, તેણે બીજાઓને જીતી તેઓપર પોતાની સત્તા સ્થાપી. પોતાના હાથ તળેના શૂરવીરોને ઇનામો આપી ફ્રાંન્સના ધર્માધિકારીઓની જમીનો જપ્ત કરી, અને તેમનાં વર્ષાસનો બંધ કીધાં, આથી તેના અનેક શત્રૂઓ થયા; તે છતાં તેણે તેમને મચક આપ્યું નહિ. રોમન પ્રાંતોને પોતાના પ્રાંતો સાથે જોડવાનો પ્રયત્ન એણે કર્યો. આરબોએ બળવાન બની સ્પેન દેશ જીત્યો, અને તેઓ ફ્રાન્સ જીતવા માટે લઢાઇ લઇ આયા. તેમની સાથે બળતવારીથી લઢાઇ કરી. ઇ. સ. ૭૩૧માં તેમનો તદન પરાજ્ય કર્યો, અને તેમને નહસાડયા. આથી તેની કીર્તિ વધી, અને તેને ખ્રિસ્તી ધર્મના રક્ષણ કર્તા તરીકે જાહેર કર્યો. મરણ ઇ. સ. ૭૪૧માં નિપજ્યું.

આ મુજબ જર્મન લોકો જેમ ફ્રાન્સમાં સ્થાયી થયા તેમ દક્ષિણ તરફ ગ્રીસ, ઈતલી વગેરે દેશમાં પણ પસર્યા અને તેમનું બળ વધ્યું. તેનું કારણ એ હતું કે તે વેળા રોમનોની સત્તા તદ્દન લય પામી હતી.

ચાર્લસ પછી તેનો કુંવર પેપિન રાજા થયો. તે ઘણો ઠીંગણો હોવાથી તેને બતકો પેપિન કહેતા. એના અમલમાં જર્મનીના મૂળના રાજ્ય કુળમાંના પુરૂષોને રાજાનો ખેતાબ આપવામાં આવતો. તે સર્વે હક્ક ઈ. સ. ૭૫૩ માં એણે છિનવી લીધાં. એની સાથે ઇટલીના પોપને ઘણીમિત્રાચારી હતી.

પેપીન સ્વભાવે ઉગ્ર અને શૂરો હતો. એક સમે મેજબાનીમાં તે ગયો હતો ત્યાં એક સિંહને બળદ ઉપર તરાપ મારતાં જોઇ તે સિંહને મારવા પોતાના સરદારોને કહ્યું, પણ તે છેડાયલા સિંહપર ધસી જવાની કોઇની હિમ્મત નહિ ચાલવાથી પોતે દોડી જઇ તેને તલવારથી મારી નાખ્યો. હતો. પેપીન ઈ. સ. ૭૬૮ માં મરણ પામ્યો.

પેપીનને બે પુત્રો હતા. ચાર્લસ અને કાર્લમેન. તેઓને એણે પોતાનાં રાજ્યના બે ભાગ કરી આપ્યા, આ મુજબ તેઓ રાજ્ય કર્તા હતા તેટલાં ઇ. સ. ૭૭૧માં કાર્લમેન મરણ પામ્યો. ત્યારે તેનું રાજ્ય ચાર્લસે પોતાના રાજ્ય સાથે જોડી નાખ્યું, અને પોતે શાર્લમન નામ ધારણ કરી જરમનીનો રાજા કહેવાયો. શાર્લમેનનો અર્થ વડો ચાર્લસ એવો થાયછે. આ રાજા બુદ્ધિમાન અને કદાવર કદનો હતો. તે ૭॥ હાથ ઉંચો હતો.

શાર્લમન મ્હોટો શ્રીમંત રાજા હતો, તે છતાં તે ખાવાપિવામાં તથા પેહેરવા ઓઢવામાં ઘણી કસર કરતો. તે પોતે જેમ ઉંચા વસ્ત્રો પેહેરતો નહિ તેમ બીજાને પેહેરેલાં જોઇ નાખુશ થતો. જરમનીની અનેક પ્રજા જીતી લીધી, તેમાં સેક્સનોને જીતવા માટે ઘણા શ્રમ ખેંચવા પડ્યા. સેક્સનો એલ્બ નદીના મુખથી 'થ્યુરીંગ' સુધીના પ્રદેશમાં રહેતા હતા. તેમની વસ્તી પશ્ચિમ તરફ રાહીન નદી સુધી પસરેલી હતી. ઇ. સ. ૭૭૨ માં શાર્લમને તેઓપર ચઢાઇ કરી તેમનો પરાજય કરી તેમનો 'ઇરેસબર્ગ' નામે કિલ્લો જીતી લીધો, પણ તે પછી તેઓએ જે લડાઇ શરૂ કરી તે ૩૦ વર્ષ લંબાઇ હતી, આથી શાર્લમેને ક્રોધમાં આવી પરાજ્ય પામેલા ૪૫૦૦ સેક્સનોની એકદમ કતલ કરી. ઇ. સ. ૭૮૨ માં તેમને તદ્દન નબળા બનાવ્યા, અને જુલમ ગુજારી તેમને ખ્રિસ્તી ધર્મમાં દાખલ કીધાં. આ મુજબ તેણે લૉંબર્ડી તથા બવેરિયા પ્રાંત પોતાના અમલ તળે લીધાં.

ઇ. સ. ૮૦૦ માં ખ્રિસ્તમસ ટાંકણે ઇતલીના રોમ શેહેરમાં એ ગયો ત્યાં સેંતપીતરના દેવળમાં પોપે એના માથે રાજ્ય મુકુટ મેલ્યો અને બહુમાન આપ્યું. શાર્લમેનને વળી બોહિમીઅન તથા દેન્સ લોકો સાથે પણ લઢવું પડયું, અને તેઓને તાબે કીધા. એણે પોતાનું રાજ્ય ઉત્તરે બાલ્ટીક સમુદ્રથી એ બ્રોમ નદી સુધી, ઉત્તર સમુદ્ર અને ઈદર નદીથી દક્ષિણે ઇતલીના મધ્ય ભાગ સુધી અને આટલાંટિક મહાસાગરથી ઓડર તથા વિહસ્તુલા નદી સુધી રાજ્યની સિમાં વધારી હતી. તેમાં રાહિન નદીના કાંઠાનો પ્રદેશ અતી મહત્વનો મનાતો હતો. આ રાજ્યમાં રાજધાનીઓ બે હતી એક 'રોમ' ને બીજી 'એકન.' તેમાંનું 'એકન' શેહેર શાર્લમેનનું માનીતું મથક હતું ત્યાં તેણે મ્હોટા મ્હોટા રાજ્ય મેહેલો બંધાવ્યા; એટલુંજ નહિ પણ તે ઠેકાણે અતી ભવ્ય ન્યાય, સભાગૃહ બંધાવ્યું જે 'એકસલા શાપેલ' ને નામે જાણીતું છે.

શાર્લમેનનું રાજ્ય બંધારણ નકલ કરવા જોગ હતું. પોતાના તાબાના સંસ્થાનિકોનો અધિકાર એણે બેસાડી નાખ્યો. તેણે સરહદ ઉપર સૈન્ય રાખ્યું. તેમને પોત પોતાની આસપાસની હદનાં પ્રદેશ જીતવા તથા



પરદેશીઓને માહે દાખલ થતા અટકાવાનું ચેતાવવામાં આવ્યું હતું. તેણે પોતાના રાજ્યમાં કેટલાક ન્યાયાધિશોને ફરતા રાખ્યા હતા. તેઓ વારંવાર ૩ માસ આંતરે દરેક પ્રાંતમાં જતા, અને ત્યાંની હકીકતથી પાદશાહને જાણીતો કરતા. દેશમાંના સામાન્ય અધિકારીઓએ કીધેલા ઇન્સાફની તપાસણી કરી યોગ્ય ફડચો કરવાનો તેમને અધિકાર હતો. તેમના ઇન્સાફથી પણ જો નિકાલ ન થાય તો તે ઇન્સાફ ખુદ પાદશાહ કરતો. વર્ષમાં બે વેળા પાદશાહ વડા અધિકારીઓની બે સભા ભરતો. તેમાં લોક સ્થિતિ અને નવા જુના કાયદા વિશે તકરારો ચાલતી. તેમાં શાર્લમન પ્રમુખ સ્થાને બેસતો અને તેનો ફડચો બહુ મતે થતો હતો. નવા કાયદાની સમજ તાલુકાનાં અધિકારીઓ જાહેરમાં આવી પ્રજાને આપતા. આથી તેમને કોઈ પણ વાતનો સંશય રેહેતો નહિ.

શાર્લમેનનું લક્ષ ધર્મ તરફ ઘણું હતું. તે ધર્મ ઉપદેશકોને બહુ માન આપતો અને દરેક મનુંષ્યને પોતાની કમાણીનો ૧૦મો હિસ્સો ધર્મ કર્મ માટે આપવો એવો સખત નિયમ હતો. તેમજ તેણે ધર્મ અધિકારીઓને સારા હક્ક બક્ષવાથી પ્રજામાં તેનું બહુ માન હતું. શાર્લમેન ૪ વખત જમતો. તે પોતાનો વખત કદી પણ આળસાઇમાં ગુમાવતો નહિ. તે જમવા બેસતો ત્યારે બીજા પાસે ઇતિહાસ વંચાવતો. એ લેટીન તથા ગ્રિક ભાષા જાણતો હતો. તેને ખગોળ વિદ્યાનો ઘણો શોખ હતો. પોતાના દેશમાં વિદ્યાના પ્રસાર થકી પરદેશના વિદ્વાનોને બોલાવ્યા હતા, તેમને તે ઘણું માન આપતો હતો. પીસા શેહેરના 'પીતર' નામના વિદ્વાન પાસે એણે વ્યાકરણ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. આલકુઇન જે ઈંગલંડથી આવ્યો હતો, તેની પાસેથી તર્ક શાસ્ત્ર તથા ખગોળ વિદ્યા શિખ્યો હતો. જ્યારે એ વૃદ્ધ વયે પુગો તે સમયે ફ્રાન્ક લોકોની જૂની લિપિ રદ કરી તેને જગે રોમન લોકોની લિપિ પ્રસાર પામી, ત્યારે તે એને નહિ આવડતી હોવાથી, તે શિખવા માટે તે ભાષાની લિપિનાં એણે અક્ષરો કોતરાવી તે પોતાના બિછાનાપર લઇ સુઇ રહેતો અને જાગૃત થતાં તેને ઓળખવાનો અભ્યાસ કરી તે લિપિ શિખ્યો. એના વખત સુધી જર્મનીમાં એવો ધારો હતો કે કોઇને કોઇથી ઇજા થાય તો તેણે પોતાના ઇજાના બદલામાં તેની પાસે દ્રવ્ય લેવું. અથવા તો કોઇ બીજી રીતે પોતાનું વેર લેવું. આથી પ્રજામાં અનેક કજ્યા થતા. આ ધારો શાર્લમેને બંધ કર્યો, અને ફલાણા અપ્રાધ માટે આરોપીએ અમુક રકમ આપવી એવું ઠેરવ્યું. તેજ મુજબ વળી ત્યાં બીજી એક અજબ ચાલ ચાલુ હતી કે કોઇ જો અપ્રાધમાં સપડાતો તો તે પોતાના તરફથી ચોક્સ મંડળ ઉભું કરી તેમની મારફતે કસમ લેવાડી પોતે બેગુન્હા છે એમ જાહેર કરાવી છુટી જતો. ખુન કીધાથી ૭૨ જણાની સભા મેળવી તેમની મારફતે પોતાને બેગુન્હા જાહેર કરી છુટકો મેળવતો; તેમજ પોતે અપ્રાધી છે કે નહિ તે દર્શાવવા થકી કડાઇમાં ખખળતા તેલમાં હાથ બોળવો, અથવા હાથપગ બંધાવી તલાવમાં નખાવવું, અને તરીને કિનારે આવવું. એવી બીજી વેહેમી રીતો શાર્લમને બંધ કરાવી ખાસ કાયદા બાંધ્યા. વળી તેણે જમાખર્ચના ચોપડા બરાબર રખાવી ખજાનો સદા ભરપૂર રાખ્યો હતો. એનું મરણ ૮૧૪માં નિપજ્યું. એના ૩ પુત્ર હતા; પણ બે પુત્ર હૈયાતીમાં મરણ પામતાં લુઇને રાજ્ય આપ્યું. આ પુરૂષ ધર્મી લુઇને નામે પ્રસિદ્ધતા પામ્યો છે. એ આવું મ્હોટું રાજ્ય ચલાવવા સમર્થ નહોતો, તેણે ઇ. સ. ૮૧૭ માં રાજ્યથી કંટાળી પોતાના ૩ પુત્રોને તે વેંહેંચી આપ્યું. તેમના નામ લ્યૂથમ, પેપીન, અને લુઈ હતા. પણ તે પછી તેને બીજી સ્ત્રીથી એક પુત્ર થયો તેને પણ તેણે તેમનાજ રાજ્યમાંથી હિસ્સો જૂદો કરી આપતાં અપસમાં અનેક કલહ શરૂ થયા.

આ કલહ ૧૦૦ થી ૧૫૦ વર્ષ ચાલુ રહ્યો, તે મુદતમાં અનેક રાજા ગાદીએ આવ્યા અને તેમના હાથે તહેંવાર કામો થયાં. શાર્લમેન પછી રાજ્ય સત્તા ચલાવવા લાયક રાજા ૪ થો હેન્રિ ઇ. સ. ૧૦૫૬માં ગાદીએ આવ્યો, તેનું વય તે વેળા માત્ર ૬ વર્ષનું હતું. તે નાહનો હોવાથી તેનાવતી તેની મા એગનીસ રાજ્ય કરતી. આ રાણી પોતાના જાગીરદારોથી ડરીને ચાલતી હોવાથી તેમનું બળ વધ્યું. તેને પોતાના કુંવરની ઉધ્ધતાઇનો ત્રાસ ભોગવવો પડયો. આ રાજાએ ઇ.સ. ૧૦૬૫માં ઉમરે આવતાં તેણે પોતાનું રાજ્યધાની નક્કી કર્યું. એણે સેકસનો સાથે ઘણી ક્રૂર રીતે વર્તણુક ચલાવી. સેકસનોએ ઇ૦ સ ૧૦૭૩ માં હેન્રિનો પરજય કરી તેને ૩ દિવસ જંગલમાં નહસાડયો. પણ તે પછી ૧૦૭૫ માં "લાઞ્રેનસાલ" નજદીક મ્હોટી લઢાઈ થઇ, તેમાં સેકસનો તદન પરાજય પામ્યા અને તેઓ હેન્રિને તાબે થયા.

ઇતલીના પોપ ૪ થા ગ્રેગરી સાથે એને વેર પડયું, પણ તે મ્હોટો ધર્મ રક્ષક હોવાથી તેની પાસે માફી માંગવા હેન્રિને જવું પડ્યું. તે માટે હેન્રિ પોપ પાસે ઇ૦ સ૦ ૧૦૭૬–૭૭ ની થંડીની ઋતુમાં ગયો. જ્યારે તે પોપ પાસે ગયો ત્યારે સખત થંડી પડતી હતી પણ પોપે તેને ૩ દિવસ સુધી થંડી અને દ્વારમાં ઉભો રહેવાની શિક્ષા કરી, તેને તે પછી ક્ષમા કરી હતી. એનું મરણ ઇ૦ સ૦ ૧૧૦૬ માં નિપજયું. પણ ચોકસ પોપ સાથના કલહને લીધે એનું પ્રેત સંસ્કાર વિના પાંચ વર્ષ વેર પથ્થરની પેટીમાં જેમનું તેમ પડી રહયું હતું. તે પછી ૫ મો હેન્રિ ગાદીનશીન થયો. તે પોતાના બાપ જેવો ખટપટી હતો, આથી તેને રાજ્યાભિષેક કરવા સામે લોકો થયા છતાં એણે જુલમથી રાજ્યભિષેક કર્યો. એને પણ પોપે ન્યાતબહાર રાખ્યો હતો. અને તે પછી તે ૧૧૨૫ માં મરણ પામ્યો.

એને પુત્ર સંતાન કાંઇ નહિ હોવાથી જર્મનીના ડ્યૂકોએ સઘળા ડ્યૂકોને એકઠા કરી તેઓએ સેકસનીના ડ્યૂક લ્યૂથરને જર્મનીની રાજ્યગાદીપર બેસાડયો. તેના પણ અનેક શત્રુ ઉત્પન્ન થયા. આથી તેને નચીંતાઇથી રાજ્ય કરવાનું સુખ મળયું નહિ.

એના પછી જે જે જર્મનીની રાજ્યગાદીપર રાજા બેઠા તેમને પોપ સાથે સંબંધ રાખવો પડયો. તેઓપર પોપનો અધિકાર શ્રેષ્ટ હતો.

ઇ. સ. ૧૨૭૫ માં રૅાદાલ્ફ નામે પુરૂષ જર્મનીનો પાદશાહ થયો. તે મૂળનો સ્વિતઝરલેંડનો રહેવાશી હતો. એ હાલના આસ્ત્રીયાના રાજાનો મૂળ પુરૂષ હતો. રોદાલ્ફ અને બોહિમીયાના રાજા 'ઓતોકાર એમની વચ્ચે કલ્હ થયો, અને તેઓ અપસમાં લઢી પડયા, તે વેળા ઇ. સ. ૧૨૭૮માં દેન્યૂબ નદી કાંઠે માર્ચફીલ્ડ પાસે યૂદ્ધ થયું તેમાં રૅાદાલ્ફને જય મળ્યો અને બોહિમીઅન લોકોનો પરાજય થયો, તેમાં ઓતોકાર મરણ પામ્યો.

રૅાદાલ્ફ પછી બસો સવાબસો વર્ષે મેકસીમિલીયન વગેરે કેટલાક પાદશાહો જર્મનીની ગાદી પર બેઠા. ઇ. સ. ૧૫૧૯માં ૫મો ચાર્લસ ગાદી નશીન થયો. તે પરાક્રમી હતો. તેની કારકીર્દિ ઇતિહાસમાં વાંચવા લાયક વર્ણેલી છે.

યૂરપના ખ્રિસ્તી ધર્મ ઇતિહાસમાં સુધારણા થવા માટે બનેલો એક મ્હોટો બનાવ મ્હોટી જગા રોકે છે. તેમાં મહાન પોપની સત્તાને નબળી બનાવવાના ઉપાયો યોજેલાં છે. પોપ પોતાને પરમેશ્વરનો પ્રતિનિધી કહેવાડતો હતો. તેઓ પોતાની યોગ્તા વધારવા મ્હોટા દમામથી રહેતા. આગળ કરેલા યા હવે પછી થનાર પાપોની મૂક્તિ આપવાનું સામર્થ્ય તેઓ પોતામાં ધરાવતા હતા, અને તેથી પોતાના પાપમાંથી મૂક્તિ મેળવવા જે જે ભાવિકો તેમની પાસે આવતા તેમની પાસેથી તેઓ મ્હોટું દ્રવ્ય લેતા. આ મૂકિત આપવાનો



અધિકાર પોપે પોતાનાં ચોકસ અધિકારીઓને પણ આપેલો હોવાથી તેમનું પ્રાબલ્ય ઘણું વધ્યું હતું.

પોપ તરીકે ૧૦ મો લીયો હતો, તે વેળા તેણે પોતાના અધિકારીઓને હોકમ કીધો કે પ્રાયશ્ચિત આપી ઘણું દ્રવ્ય એકઠું કરવું. આથી જર્મનીમાં તેઓએ પોતાનું જોર ઘણું અજમાવવા માંડયું. આથી ત્યાંના વિદ્વાન ભણેલા લોકોએ તેમનો દોર તોડવાનો વિચાર કર્યો. તેઓમાં માર્તિન લ્યૂથર નાંમે એક પુરૂષ હતો. તે વર્તમબર્ગમાંનો શિક્ષક હતો, અને તેને માન આપનારૂં મંડળ પણ મ્હોટું હતું. આથી તેણે પોપના દોર માટે જે આખ્યાન આપ્યાં તે લોકોનાં મનમાં ઉતર્યાં. માર્તીન લ્યૂથરે ૯૫ કલમનો એક લેખ પ્રગટ કર્યો, તેમાં તેણે સ્પષ્ટ લખ્યું કે મનુષ્યનાં પાપની ક્ષમાં આપવાનો અધિકાર પોપને બીલકુલ નથી. આ ખબર પોપનાં અધિકારીઓને પડતાં તેઓ ક્રોધાયમાન થયા. તેમાં અગ્સબર્ગનાં અધિકારી કાજસ્તનસે માર્ટીનને પોતાનો લેખ રદ્દ કરવા કહ્યું પણ તેણે તેની આજ્ઞા ધિક્કારવાથી ૧૫૨૦ માં દસમાં પોપ લીયોએ ૧૫૨૦ માં ૪૧ કલમનું એક લખાણ પ્રગટ કરી માર્ટીનને નાસ્તિક કહી ધર્મભ્રષ્ટ કર્યો. પણ માર્ટીને પોપના આજ્ઞાપત્રને તુચ્છકારી વર્તમબર્ગમાં સેંકડો લોકો સામે બાળી નાખ્યો. આથી પાંચમાં ચાર્લસને પણ ઘણો ક્રોધ ચઢયો; તેણે ૧૫૨૧ માં રાહિન નદી કાંઠે વર્મનમાં મ્હોટી સભા ભરી, ત્યાં માર્ટીન લ્યૂથરને અભય વચન આપી તેડયો અને પોપ સામે નહિ થવા સમજાવ્યું. છતાં તેણે તકરારથી સર્વેને પોતાનું મત ખરૂં બતાવી પાછો ફર્યો. તે પછી તેણે દિન પર દિન પોતાના મતનો પ્રસાર કરી પોપની સત્તાને નબળી કરવા પ્રજાને ઉશકેરી. લ્યૂથરે ખ્રિસ્તી શાસ્ત્રના નવા કરારનો જર્મન ભાષામાં તર્જુમો કર્યો હતો. એનું મરણ ૧૫૪૬ માં નિપજ્યું; ત્યારે એનું મત યૂરપનાં ઘણાખરા ભાગોમાં પસરી ચુકું હતું.

પાંચમા ચાર્લસનો ફ્રાન્સનો ૧ લો રાજા ફ્રાન્સીસ દુશમન થયો હતો, અને તેથી તેઓ વચ્ચે અનેક લઢાઇઓ થઇ, તેમાં ૧૫૨૫ ની ૨૪ મી ફેબ્રુવારીએ ઇતલીની ઉત્તરે પોવિહઆ ખાતે મ્હોટી લઢાઇ થઇ. તેમાં ફ્રાન્સીસનાં ૧૦ હજાર સિપાહો માર્યા ગયા અને રાજા ચાર્લસને હાથ કેદ પડયો. ચાર્લસે ફ્રાન્સીસને મેદ્રીક ખાતે મજબુત પ્રતિબંધમાં રાખ્યો હતો; અને તેની પછી તે સાથે મનગમતા કરારો કરી તેની છુટકા કરી. પણ ફરીથી તેણે ખટપટ કરતાં વળી લઢાઇ થઇ. તે શિવાય તૂર્કો સાથે તથા લ્યૂથરના અનુયાયીઓ સાથે અનેક લઢાઇઓ કરવી પડી. પણ તે પછી વૃદ્ધકાળે લઢાઇઓ તથા રાજ્યની અનેક જંજાલોથી કંટાળી-જઇ ચાર્લસે ૧૫૫૫ માં હૉલંડ વગેરે દેશનું સ્વામિત્વ પોતાના પુત્ર ફિલીપને સોંપ્યું અને બીજા સંસ્થાનિકોના આગ્રહથી ૧ લા ફર્દીનાન્ડને પોતાનું રાજય આપવું પડયું. રાજ્ય ત્યાગ કરી ચાર્લસ 'એસ્ત્રમેદુરા' ના મઠમાં જઇ રહ્યો. ત્યાં તે ધર્મ પુસ્તકો વાંચવામાં તથા ટાળાં બનાવવામાં વખત ગુજારતો. એ રીતે કેટલાક વર્ષ ગુજાર્યા પછી, એક દિવસે મરણ સમયે પોતાની કેવી હાલત રહે છે તે જોવા જીવમાં જીવ છતાં પોતાને પ્રેત વસ્ત્ર પેહેરાવી કબરસ્તાનમાં લઇ જવાની ગોઠવણ કરાવી. પણ તે વખતનો ગંભીર દેખાવ જોઇ તેના મનપર એવી તો માઠી અસર થઇ કે થોડા દિવસમાં તે મરણ પામ્યો. આ બનાવ ૧૫૫૮ માં બન્યો.

પાંચમો ચાર્લસ પછી ઇતિહાસમાં નામના પામેલો પાદશાહ બીજો ફર્દીનાંન્દ ઇ. સ. ૧૬૧૯ માં રાજ્યાસને આવ્યો. તે પ્રોતેસ્તંત મતનો વેરી હતો. આથી તેના રાજ્યમાં અનેક ફેસાદો થયાં. આથી એણે સ્વિદનના રાજા ગસ્તાવિયસ એદોલૂસને મદદે બોલાવ્યો. તે મ્હોટા સૈન્ય સાથે મદદે આવ્યાથી જય પામ્યો. તેમાં ૧૬૩૨ ની ૧૬ મી નવેંબરે

લુતઝેના (પ્રૂશિયાની દક્ષિણે) માં
યૂદ્ધ થયું. તેમાં સ્વિડીશો જય પામ્યા
રાજા ગસ્તાવિયસ મરણ પામ્યો.
તે પછી જેજે પાદશાહ જર્મનીની ગ
એ બેઠા તેમાં બીજા ફ્રાન્સીસ સુધી જ
જોગ કારકીર્દિ ગુજારવા પામ્યા ન
ફ્રાન્સીસ ઇ. સ. ૧૭૯૨ માં રાજ્યરૂઢ
એ શૂરવીર હતો પણ પોતાના સંસ્થ
સાથે કેમ વરતવું તથા સંકટ સમયે
વરતન રાખવું એ તેનામાં ગુણો ન
અને તેથી સંસ્થાનિકો એની વિરૂધ
તેટલાં ફ્રાન્સનો રાજા નેપોલ્યન બો
જર્મનીપર ચઢી ગયો, આથી ફ્રાન્સીસ
યન પાદશાહની મદદ મેળવી લઢવા
થયો, તેમાં મ્હોટું યુદ્ધ થયું. ૬
૧૮૦૫માં બીજી દીસેંબરે આ યૂદ્ધ આસ્તે
(મોરેવિહયા પ્રાંતમાં) માં થયું, તેમાં ફ્ર
હાર્યો. તે પછી ૨૫ મી તારીખે પ્રે
(હંગેરી પ્રાંતમાંનું) ખાતે કોલકરા
આથી ફ્રાન્સીસને ઘણું ખોવું પડ્યું
વેળા એના સંસ્થાનીકો ફ્રાન્સીસ સા
નેપોલ્યનને મલી ગયા; આથી એણે ૧૮
૬ઠી આગસ્ટે જર્મનીના પાદશાહનો ચ
તજી દઇ પોતે આસ્ત્રીયાના પાદ
એલકાબ ધારણ કીધો. આવી રીતે ન
ની જુની પાદશાહીની આખેરી આવી
જર્મનીની પાદશાહી આવી રી
પામતાં સંસ્થાનીકોએ પોતાને
બનાવ્યા. પણ તેટલાં આસ્ત્રીયાનું
વધતું ચાલ્યું. તે વધારે
સ્વિદન, તુર્કસ્તાન, અને ફ્રા નેપો
થવા લાગું. ૧૮૦૯માં આસ્ત્ર પણ
લ્યન બોનાપાર્ટ સામે લઢાઇ ખાતે
તેમાં નેપોલ્યનની જીત થતાં ઘણું
કોલકરાર થયા, તેમાં ફ્રાન્સને માં
નુકસાન ખમવું પડ્યું. એનું મરણ ૧
નિપજ્યું. તે પછી મહત્વનાં બન્યા
નહોતાં. ૧૮૪૮માં ૧લો ફ્રાંઝ ગાદીએ
બેઠો. તે આસ્ત્રીયા અને ર સત્તા

હોટું
પણ
ાદી-
ણુવા
હોતા.
થયો.
ાનિકો
કેમ
હોતાં,
હતા,
ાપાતં
રશિ-
તૈયાર
ઇ. સ.
ાર્લેટઝ
ાન્સીસ
ેસબર્ગ
ર થયા
આ
મે થઇ
મે ૦૬માં
મેલકાબ
પ શાહનો
હ જર્મની-
લ ો.
તે લય
થ સ્વતંત્ર
હત્વજગા રોક



ભોગવે છે. આસ્ત્રીયાનું રાજધાની શેહેર વિયેના દેન્યૂબને કાંઠે છે.

ઇ. સ. ૧૮૪૯ ના માર્ચમાં ફ્રાંકફોર્ટ ખાતે મ્હોટી સભા ભરાઇ, તેમાં પૃશિયાના રાજા ૪ થા ફ્રેદરિક વિલ્યમને જર્મનીના બાદશાહનું પદ આપવાનું સર્વેએ ઠેરાવ કર્યો, પણ ફ્રેદરિકે રાજાના સર્વે હક્ક વગર અમથો એલકાબ મળેલો નહિ કબુલવાથી તે ગોઠવણ માંડી વળાઇ; પણ ઇ. સ. ૧૮૬૧માં ૧લો વિલ્યમ પૃશિયાનો બાદશાહ થયા પછી ૧૮૬૬માં આસ્ત્રીયા સાથની લઢાઇ અને ૧૮૭૦-૭૧ ફ્રાન્સ સાથની લઢાઇમાં પૃશિયાના પાદશાહની જીત થવાથી ૧લો વિલ્યમ જર્મનીનો પેહેલો શેહેનશાહ કહેવાયો; અને એ રીતે જર્મનની શેહેનશાહાત ઉપર પૃશિયાના રાજાની સત્તા સ્થાપન થઇ.

આથી પૃશિયાના પાદશાહોનો ઇતિહાસ નીચે ટુંકમાં આપ્યો છે તે ઉપરથી જર્મન શેહેનશાહતનો ઇતિહાસ સ્પષ્ટ સમજાશે.

**પૃશિયાનું રાજ્ય** પ્રાચીન છે. દસમ સદીમાં તેનું નામ વટીક કોઇને માલ નહોતું. પ્રાચીન કાળમાં જે લોકો ત્યાં વસ હતા તેઓ પોતાને 'પોરૂશી' કહેવાડતા 'પો' શબ્દનો અર્થ તેમની ભ હતા. રહેનારો થાય છે, અને તેઓ માં પાસે રહેતા હોવાથી 'રૂશ' એ શિયા પાસે પૃશિયન પ્રજા જંગલી લીધો હતો. ધર્મમાં અનેક શ્રી અને તેમના તેમને ખ્રિસ્તી તો પ્રચારમાં હતી. બનાવવા પોલાંડના રનાં વટલાવવા માટે રાજાએ ઘણો યત્ન કર્યો પણ તેમાં જય મળયો નહોતો.

૧૩ મી સદીમાં પૃશિયનોએ મોરેવ્હીયા પ્રાંતમાં દાખલ થઇ લુટ ચલાવી, ત્યારે ત્યાંનો ડ્યૂક તેમની સાથે લઢવા ઉતર્યો, આથી તેણે કેટલાક સરદારો પાસે મદદ માંગી તે તેઓએ કરી, પણ પૃશિયનોને ખ્રિસ્તી બનાવવા થકી તેમનીપર તહેવાર જુલમ ગુજારવા માંડયા. તે એટલા વેર કે ત્યાં વસતી પૃશિયન પ્રજા જાલમ જારતીથી



જડમૂળથી નાશપામી અને ત્યાં જર્મનો વસ્યા, તેઓ પોતાને પૃશિયન કહેવાડવા લાગા.

આ મુજબ પૃશિયામાં જેઓ વસ્યા તેઓપર કેટલાક વર્ષોવેર જર્મન સરકારનો અમલ હતો, પણ તેટલાં તેઓએ બંડ કરી પોલાંડના રાજા ૩ જા કાસિમીરને પોતાનો રાજા ઠેરવ્યો. આથી અનેક લઢાઇઓ થઇ, તેમાં હાની થઇ. ૧૪૩૬માં તેઓ વચ્ચે કોલકરાર થયા. તોય તેમના મનનો મેલ ફિટયો નહિ; આથી ફરી ૧૫૧૯ માં લઢાઇઓ થઇ, તે કેટલાક દિવસ ચાલ્યા પછી 'ક્રાકો' મુકામે તેમના કોલકરાર થયા, તે કોલકરાર રૂહે આલબર્ત નામનો શખસ પૃશિયાનો ડ્યૂક થયો, અને તેની ગાદી વંશપરાએ ચાલવાનો ઠેરાવ સર્વેએ કબુલ કર્યો.

આ ડ્યૂકે પોતાના પ્રાંતમાં સારી સુધારણા કરી, તેણે કૅનિગ્જબર્ગ ખાતે એક પાઠશાળા સ્થાપી. તે પછી પૃશિયન બળ દિનપર દિન વધતું ગયું. ફ્રેદરીક વિલ્યમ ગાદીએ બેઠા પછી, તેણે પોલાંડના રાજા સાથે કોલકરાર કરી પોતાનું શ્રેષ્ટત્વ જાહેર કીધું અને પોતે સ્વતંત્ર રાજા થયો, એનો પુત્ર ફ્રેદરિક રાજ્ય રૂઢ થતાં ૧૭૦૧ ની ૧૧ મી જાનેવારીએ રાજ્ય ભિષેકનો મ્હોટો સમારંભ થયો અને પોતાને બીજા ખ્રીસ્તી રાજાઓ તરફથી રાજા તરીકે કબુલ કરાવ્યો.

તેના પછી ફ્રેદરિક વિલ્યમ ૧૭૧૩ માં ગાદીએ બેઠો. એણે પોતાના રાજ્યોનો ઉત્તમ બંદોબસ્ત કરી પરદેશી પ્રજાને પોતાના દેશમાં વસાવી વેપાર રોજગાર વધાર્યો. એની પાસે સૈન્ય મ્હોટું હતું, અને પોતાના રક્ષણ માટે પણ એક તુકડી હતી; અને તેમાં બધા સિપાહો ૪ હાથ ઉંચાઇના કદાવર રાખ્યા હતા. આ રાજાની બીજી અનેક વિચિત્ર ખાશિયતો હતી. તે પોતાના ફરજંદોને જરા પણ આળસાઇમાં વખત ગુજારતાં જોતો કે તેમને શિક્ષા કરતો. તેમજ બર્લીન પાયતખતમાં ફરવા નિકળતો ત્યારે હાથમાં એક લાંબી લાકડી રાખી માર્ગમાં જે કોઇ આળશી પડેલો જોતો તેને ખુબ ફટકાવી ઉદ્યોગી થવાની શિખામણ આપતો.

આ રાજાનો ફ્રેદરિક નામે કુંવર હતો; તે ઘણો ચપળ ને ચંચળ હતો છતાં પોતાના બાપનો વિચીત્ર દોર નહિ ખમાવાથી પોતાના એક મિત્ર સાથે પાયતખતમાંથી નહાશી પરદેશ ગયો, પણ તેને ફ્રેદરીક વિલ્યમે પકડી મંગાવી મારી નાખવાની શિક્ષા કરી, પણ આસ્ત્રીયાનો રાજા મધ્યસ્ત થવાથી તેના મિત્ર 'કાત'ને તેની સામે ફાંસી આપી મારી નાખ્યો હતો. એનું મરણ ૧૭૪૦ માં નિપજ્યું. તેનો કુંવર બીજો ફ્રેદરિક ગાદી નશીન થયો, તે વેળા તેની ઉમર ૨૯ વર્ષની હતી. એના બાપે એકઠું કરેલુંદ્રવ્ય એની પાસે ઘણું હોવા ઉપરાંત એ વિદ્વાનને ચંચળ હોવાથી એનો રાજ્ય લોભ વધ્યો. તે વેળા હંગેરીની રાજ્યકર્તી રાણી મેરીઆ થૅરિસા હતી તેની સાથે એને વેર હોવાથી તેના મુલકપર ફ્રેદરિકે ૧૭૪૨ માં હુમલો કર્યો.

ફ્રેદરિકનું બળ દિનપર દિન વધવા માંડતાં એને નબળો બનાવવા થકી આસ્ત્રીયા, રશિઆ અને ફ્રાન્સ એ રાજ્યોએ એકત્ર થઇ દૂર કર્યો અને તે પછી જે ૭ વર્ષ વેર લઢાઇઓ થઇ તેમાં અનેક વેળા એકમેકના પક્ષનો જય થયો. એક વેળા તો ફ્રેદરિક તદન પરાજયની અણીપર હતો, તેટલાં રશિયાની રાણી મરણ પામતાં ત્રીજો પાલ ગાદીએ બેઠો, તેણે ફ્રેદરિકનો પક્ષ લીધાથી લઢાઇનો અંત ૧૭૬૩ માં આવતાં કોલકરાર થયાં, તેમાં ફ્રેદરિકની યોગ્યતા વધવા સાથે ઘણાં લાભો થયાં. ૧૭૭૨ માં ફ્રેદરિક તથા આસ્ત્રીયાના તથા રશિયન પાદશાહો એકત્ર થઇ પોલાંડનો કેટલોક ભાગ જીતી લીધો. એને ફ્રેદરિક ધી ગ્રેટનો પણ એલકાબ મલ્યો હતો. એનું મરણ ૧૭૮૬ માં ૭૫ વર્ષની વયે નિપજ્યું.

એના સમયમાં શત્રૂએ દેશને પાયમાલ કર્યાથી એણે પ્રજાને અન્ન મુફત ખાવા પુરૂં પાડયા ઉપરાંત ૬ વર્ષનું જમીનનું મેહેસૂલ

માફ કર્યું હતું. એની પાસે ચાલુ ૧,૬૦,૦૦૦ નું સૈન્ય તૈઆર રહેતું હતું. એ નાસ્તીક મતનો હોવાથી વૃદ્ધ વયમાં દુખી થયો હતો.

તે પછી બીજો ફ્રેદરિક વિલ્યમ (ઉપલાનો પૌત્ર) ગાદીએ બેઠો. એણે ૧૧ વર્ષ રાજ્ય કર્યું. તેના પછી ત્રીજો ફ્રેદરિક વિલ્યમ ૧૭૯૭ માં ગાદીએ બેઠો, ત્યારે તે ૨૭ વર્ષની વયનો હતો. એ બળવાન, સ્મૃધિવાન અને શૂરવીર હોવાથી નેપોલ્યન બોનાપાર્ટ એની અદેખાઇ કરવા લાગ્યો. કલહ માટે કોઇ કારણ મેળવવા માટે નેપોલ્યને હાનોવર પ્રાંત ઈંગલંડના રાજાને પાછો આપવા માટે પૃશિયાના પાદશાહે કહ્યું, તેમજ ફ્રેદરિકની રાણી લુઇ અતી ખુબસુરત હતી, તેની આબરૂને કલંક લાગે તેની વાતો જાહેર કરવાથી નેપોલ્યનને જોઇતું હતું તેમ ફ્રેદરિકે લડાઇ ઉઠાવી. બેઉ પક્ષના ગંજાવર લશકર ઇ. સ. ૧૮૦૦ ના અકટોંબરની ૧૪ મી તારીખે 'ઝેના' મુકામે મલ્યા તેમાં બેઉ તરફનાં શૂરવીરો બળતવારીથી લડયા. પૃશિયનોનાં ૨૦,૦૦૦ સિપાહો માર્યા ગયા અને ૩૦ થી ૪૦ હજાર કેદ પાકડાયા. તે પછી બોનાપાર્તે બર્લીન સર કરી ત્યાંથી એવી તો ગંજાવર લુટ મેળવી કે આગળ તેને તેવી લુટ કદી મળી નહોતી. તે લુટમાં ફ્રેદરિકની એક તલવાર મળી. જેનીજ કિંમત રૂ ૫,૦૦,૦૦,૦૦૦ ની હતી. આથી ફ્રેદરિક પોતાની બાનુ સાથે કૅનિંગજબર્ગ નહાશી ગયો.

તે પછી પૃશિયાના રાજાનું બાકી રહેલું સૈન્ય રશિયન રાજ્યના સૈન્યને જઇ મળ્યું. તે એકત્ર થએલા સૈન્ય સાથે નેપોલ્યન બોનાપાર્ત લઢયો. છેલ્લે ફ્રેંદલાંદ પાસે ઇ. સ. ૧૮૦૭ ના જુન માસમાં લઢાઇ થઇ તેમાં નેપોલ્યન જીત્યો. આથી એઓએ જોયું કે ફ્રેન્ચો સામે કશું ચાલશે નહિ. તે પછી રશિયન શેહેનશાહે નેપોલ્યનની મુલાકાત લઇ કોલકરાર કર્યા. તેમાં પૃશિયન રાજાને ઘણું નુકસાન ખમવું પડયું. તેની પાસેથી એલબ અને રાહિન નદીની વચલો મુલક લીધો. તેને બ્રન્સવિક હાસેન કાસેલ અને હાનેવરનો કેટલોક ભાગ જોડયો. અને તેપછી સર્વ રાષ્ટ્રને વેસ્તફેલિયા નામ આપ્યું, ને ત્યાંના નેપોલ્યને પોતાના ભાઇ જેરૅામને રાજા બનાવ્યો. આ ખટપટથી જેટલો પ્રદેશ નેપોલ્યનને મળ્યો તેમાં ૫૦,૦૦,૦૦૦ ની વસ્તી હતી. તેમજ ફ્રેદરિકે ૪૨,૦૦૦ થી વધુ સૈન્ય રાખવું નહિ એમ કબુલ કરવું પડયું; અને લઢાઇના ખર્ચ બદલે ૧૪,૦૦,૦૦૦ ફ્રાંકનો દંડ આપવો પડયો. આ વેલા પૃશિયાનું શ્રેષ્ટત્વ નષ્ટ થતાં તે ધણી તંગદસ્તીમાં આવ્યું, અને હવે પછી આ રાજ્ય કદી માથું ઉંચકશે નહિ એવું સર્વેને ભાસ્યું. પણ કુદ્રતનો નિયમ કાંઇ ઓરજ છે. તે પછી આ રાજ્ય કેવી મ્હોટી યોગ્યતાએ પુગું તે નીચલા વર્ણન ઉપરથી જણાશે.

ફ્રેદરિક ઉદાર મનનો ને ધર્મી હતો. એણે ધારો કાઢયો હતો કે દરેકના ઘરમાં બાઇબલ રાખવું, તથા કેળવણીનો ફરજીયાત કાયદાનું પેહેલું પગલું એણેજ ભર્યું હતું. એ સ્વતંત્ર રીતે પોતે રાજ્ય ચલાવતો હતો. મરણ ૧૮૪૦ માં નિપજ્યું.

૪ થો ફ્રેદરિક વિલ્યમ સ્વભાવે ભલો હતો. એણે ગાદીએ આવતાં જે ભાષણ આપ્યું તેથી પ્રજાએ એનીપર ઘણી સારી આશાઓ બાંધી, પણ રાજ્યપદ પામતાં તેની મતીમાં ફેર પડયો. આથી પ્રજાએ પોતાની ઇચ્છા મુજબ રાજ્યવ્યવસ્તા રાજા તરફથી કરાવવાનો નિશ્ચય કરી ૧૮૪૨ ની ૧૩ મી માર્ચે બર્લીન શેહેરમાં મ્હોટો બળવો કીધો. રાજાએ તેઓપર સૈન્ય મોકલ્યું. તેઓ વચ્ચે ઝપાઝપી થઇ પણ રાજ્યનું સૈન્ય હાર્યું. આથી બે વેળા પ્રજાપર હલ્લો કર્યો, પણ તેમાં રાજાનું કશું વળયું નહિ. છેલ્લે રાજા પ્રજાની ઇચ્છાને શરણ થયો જેથી બંડ સમાયું.

તે પછી પૃશિયન પ્રજાની ઇચ્છા મુજબનો રાજ્યકારોબાર ચાલવા લાગો; પણ



સર્વ જર્મન દેશનો પરસ્પરથી સંબંધ કેવો જોઇએ તે ઠર્યું નહોતું. તે ઠેરવવા ઈ૦ સ૦ ૧૮૪૯ ના માર્ચ મહિનામાં ફ્રાંકફોર્ટ ખાતે સંસ્થાનના વકીલોની સભા મલી, તેમાં અનેક તકરારો થઇ, જેમાં જર્મનીની બાદશાહિનો એલકાબ પૃશિયાના રાજાને આપવું એવું ઠર્યું. પણ ફ્રેડરિકે જવાબ આપ્યો કે આ વાતમાં જર્મનીના સર્વ સંસ્થાનીકોનું એક મત મલી મને બાંદશાહનાં સર્વે હકો આપ્યા શિવાય ફકત નામનો એલકાબ મને જોઇતો નથી." આથી આ ઠેરાવ ત્યાંજ ઠર થયો. એનું મરણ ૧૮૬૧ ના જાનેવારીની ૨ જી તારીખે નિપજ્યું.

જર્મન શેહેનશાહતને ચઢતી કળાએ આણનાર ૧લો વિલ્યમ તે પછી રાજ્ય પદ પામ્યો. એને કૅાનિગ્જબર્ગમાં ૧૮મી અકટોંબરે રાજ્યભિષેક કર્યો. તેણે રાજ્ય પદ પાંમતાં પોતાનું સૈન્ય સુધારા ઉપર તથા હાલત સુધારવા પર લક્ષ આપ્યું. આવા કામો પાછળ ઘણો ખર્ચ થવા માંડતા પાર્લામેંત તેની સામે થઇ. પણ તે પછી ૧૮૬૨નાં અકતોંબરમાં પ્રિન્સ બીસમાર્કને વજીર બનાવ્યો. તેટલાં આસ્ત્રીયા તથા પૃશિયાના રાજ્ય વચ્ચે જલ્દીજ કલહ શરૂ થયો. ૧૮૬૬માં આ લઢાઇએ ભડકું લીધું. પણ એનું મુખ્ય કારણ જર્મનીના વડપણ માટે બેઉ વચ્ચેની હરીફાઈનું હતું. તે વેળા પૃશિયન સૈન્યમાં ૨,૨૫,૪૦૦૦ સિપાહો અને ૭૭૪ તોપો હતી. ત્યારે આસ્ટ્રીયન લશકરમાં ૨,૬૨,૪૦૦ સિપાહો અને ૭૧૬ તોપો હતી. પૃશિયન લશકરે ઈંઝબર્ગ પસાર કરી આસ્ત્રીયનોને જલ્દીજ નહસાડયા. તે પછી ૩જી જુલૈએ મ્હોટી લઢાઇ થઇ, તેમાં આસ્ત્રીયનોએ જોકે બહાદુરી બતલાવી છતાં પૃશિયનોનાં નવી શોધનાં હથીયારો સામે તેઓ તદન નાઇલાજ થયા. આ વેળા પૃશિયન તરફના ૯૦૦૦ સીપાહો જખમી થયા તથા માર્યા ગયા, અને આસ્ત્રીયનોનાં ૧૬૨૩૫ માર્યા ગયા, તથા ઘાયલ થયા. તે ઉપરાંત ૨૨૬૮૪ પૃશિયનોને હાથે કેદ પકડાયા હતા. આ લઢાઇમાં આસ્ત્રીયાની તરફેણમાં જે નાહના રાજ્યો મળી ગયા હતા. તેમને પણ દંડ આપવો પડયા છતાં તે પછી થયેલા કોલ કરારમાં આસ્ત્રીયાને જોકે ઘણું ખોવું પડયું નહોતું, પણ પૃશિયાના રાજાનું જર્મન રાજયો પર શ્રેષ્ટત્વ વધી પડયું હતું. મેન નદીનાં ઉત્તર તરફના સર્વ સંસ્થાનિકોએ વિલ્યમને પોતાના વડા રાજા તરીકે કબુલ કર્યો, અને તેથી સર્વેનાં લશકરો પૃશિયન રાજાની આજ્ઞામાં રહે એવું ઠર્યું. આવી મ્હોટાઇએ પૃશિયન રાજ્ય ચઢવાથી બીજા રાજયોને અદેખાઇ ઉપજી પણ તેમાં ફ્રાન્સનો ૩ જો નેપોલ્યન તો તેની પર વેર લેવા મથેલોજ હતો.

ઇ. સ. ૧૮૬૬ ના આગસ્ટ મહિનામાં બર્લીનની દરબારમાં ફ્રેન્ચ એલચીએ રાહિન નદીની ડાભી તરફનો દેશ પૃશિયનો પાસે માગ્યો, પણ વિલ્યમે તે આપવા સાફ ના કહી. આથી નેપોલ્યનને માઠું લાગું. એ એક કારણ; અને ઇ. સ. ૧૮૭૦ માં લીયોપોલ્ડ પોતાને સ્પેનના રાજ્યનો ગાદીવારેસ જણાવવા લાગ્યો, તે તેનું કહેવું બીજા રાજયો સાથે મસલહત કીધા વિના વિલ્યમે કબુલ રાખ્યું, આ બે કારણ ઉપરથી નેપોલ્યને લઢાઇ ઉઠાવી.

ફ્રેન્ચ સરકાર એમ ધારણા રાખતી હતી કે પૃશિયાની દક્ષિણ તરફનાં રાજયો વિલ્યમથી સ્વતંત્ર હોવાથી તેને મદદ કરશે નહિ, પણ તેઓએ તેને મદદ આપવાનું કબુલ્યું, આથી પૃશિયન રાજ્યનું બળ બેહદ વધી તેની પાસે ૧૦,૦૦,૦૦૦થી વધારે મ્હોટું સૈન્ય એકઠું થયું, તે સર્વ સૈન્યનું આધિપત્ય વિલ્યમે પોતે લીધું. તેના હાથ તળે જનરલ વ્હાન મોલ્તકે એવા મુખ્ય સરદારો હતા, તેમજ વડા રાજકુંવરે પણ એક મ્હોટું સૈન્ય સરદારી તળે લીધું. ઈ. સ. ૧૮૭૦ ના જુલૈ મહિનાની આખેરીમાં યુદ્ધની સર્વ તૈઆરી થઇ, તે પછી ૪ થી આગસ્ટે બેઉ

રાજ્યો વચ્ચે લઢાઇ થઇ. પેહેલી લઢાઇ થઇ, તેમાં ફ્રેન્ચો હાર્યા, પછી વળી ૬ ઠી તારીખે માર્શલ મૅકમોહન નામના ફ્રેન્ચ સરદાર સાથે જર્મનોએ ઝગડો કીધો, તે લાંબો વખત ચાલ્યો, તેમાં પણ ફ્રેન્ચો હાર્યા, કે જર્મન સૈન્ય ફ્રાન્સમાં આગળ વધ્યું.

તે પછી બેઉ વચ્ચે અનેક લઢાઇઓ થઈ. સપતેંબર ૧લી તારીખે 'સેદન' મુકામે જર્મનોએ હલ્લો કીધો, ત્યાં નેપોલ્યનની સરદારી તળે ફ્રેન્ચોનું મ્હોટું લશકર હતું, તેઓ જર્મન બળથી હાર્યા, એ વેળા નેપોલ્યન તથા ૮૪૦૦૦ સીપાહો, ૫૦ મ્હોટા સરદારો અને ૫૦૦૦ અમલદારો વિલ્યમને શરણે ગયા.

'સેદન'માં આ મુજબ પરાજ્ય થતાં વિલ્યમની આજ્ઞાથી નેપોલ્યન કેસલ શેહેર પાસેના વિલહેમ્મશોકના કિલ્લામાં જઇ રહ્યો. તે વેળા જે જે ફ્રેન્ચ સિપાહોએ ફરી હથીયાર નહિ પકડવાના કસમ લીધા, તેમને છોડી મેલવામાં આવ્યા હતા.

તે પછી જર્મન લશકરે પેરીસ શેહેરને ઘેરો નાખ્યો. આ શેહેરમાં પાર્લામેંતને નેપોલ્યન શરણે જવાનું જણાતાં સભાસદોએ નેપોલ્યનને પદભ્રષ્ટ કરવાનું જાહેર નામું કાઢી જર્મનો સામે લઢવાની તૈયારી કરી, તે વેળા એલસસ અને લૉરેં ફ્રેન્ચો જો જર્મેનોને આપે તો લઢાઈ બંધ કરવામાં આવશે એવું વિલ્યમે 'કહેવાડયું;' પણ ફ્રેન્ચોએ ગમે તેટલા પૈસાના ભોગે જમીનનો એક કડકો પણ નહિ આપવાનો નિશ્ચય કર્યો. આ વેળા જર્મનોએ પારીસમાં દાખલ થવા ઘણો પ્રયત્ન કર્યો પણ તેમાં ફાવ્યા નહિ.

'મેત્ઝ' નામે એક ગંજાવર કિલ્લો ફ્રાન્સ દેશની પૂર્વે છે, ત્યાં માર્શલ બઝેન નામે મ્હોટો સરદાર હતો, તે કિલ્લાપર જર્મનોએ ઘેરો નાખી ૨૭ અકતોંબરે તેમને તાબે કર્યા. આ વેળા ૧,૭૩,૦૦૦ ફ્રેન્ચ સિપાહો, ૩ મ્હોટા સરદારો અને ૬૦૦૦ ફ્રેન્ચ અમલદારો કેદ થયા.

આવો અસાધારણ ફત્તેહમંદ બનાવ બનતાં મેત્ઝ મુકામે જર્મનોએ મોહટો આનંદ-ઓત્સવ કરીને સમારંભ વચ્ચે વિલ્યમને ૧૮ મી જાનેવારી ૧૮૭૧ માં જર્મનીનો શેહેનશાહ એવું માહાનપદ આપ્યું. વિલ્યમે આ પદ મ્હોટા માન સાથે સ્વિકાર્યું.

જર્મનોએ આવી મ્હોટી ફત્તેહો મેળવ્યા છતાં પારીસમાંના સૈન્યને હજી આશા હતી. આથી તેઓએ ઘેરો નાખી બેઠેલા જર્મન સૈન્યપર હલ્લા કર્યા, પણ તેઓ હાર પામ્યા. ફ્રેન્ચો શરણે આવતાં ૨૮ મી જાનેવારીએ વિજયી જર્મનો પારીસમાં દાખલ થયા. તે પછી ૨૭ મી ફેબ્રુવારીએ બેઉ દેશો વચ્ચે કોલકરાર થયા. આ કામમાં ફ્રાન્સ તરફથી એમથાયર્સ અને જર્મનો તરફથી પ્રિન્સ બીસમાર્ક મધ્યસ્થ હતા. આગળ જે બે પ્રાંતોની જરમનોએ માગણી કરી હતી તે ફ્રેન્ચોએ કબુલી, અને તે શિવાય ૩,૧૭૦૦,૦૦,૦૦૦ રૂપ્યા લઢાઇના ખર્ચ માટે શેહેનશાહ વિલ્યમને ફ્રેન્ચ સરકારે આપવા કબુલ્યા, આ કોલકરારપર ૧૦ મી માર્ચે સહી સાખ થઇ.

આગળ ફ્રેન્ચ રાજ્ય જે મ્હોટી મ્હોટાઇની ટોંચે પુગું હતું તેને પૃશિયાના એક રાજાએ એવી તો હાલતે આણી મુકયું કે તેણે ફરી કદી સરકશી કરી નથી; અને પૃશિયાનો રાજા તે પછી તમામ જર્મન રાજ્યોનો વડો ગણાયો, જે હક તેનાં વંશજો આજવેર ભોગવેછે.

શેહેનશાહ વિલ્યમે તે પછી મ્હોટી આબાદાની સાથે રાજ્ય કરી ઇ. સ. ૧૮૮૮ની ૯ મી માર્ચે મરણ પામ્યો. તે વેળા પાટવી કુંવર ફ્રેદરિક ગળાનાં નાસૂરના દર્દથી પિડાતો હતો. તેને શેહેનશાહ તરીકે જાહેર કીધો, પણ તેનું મરણ તેજ વર્ષના જુનમાં નિપજવાથી બીજો વિલ્યમ ગાદીનશીન થયો જે હાલનો જર્મનીનો શેહેનશાહ છે.

**જરમાઇ**—આ વસ્તુ ઝેરી અને કેફી છે. એલ તથા બીર દારૂને વધારે કડવો બનાવવા માટે



આ વસ્તુ તેમાં નાખવામાં આવે છે. માથાના બાલમાં ખોરો થયો હોય અથવા પુશકળ જુ પડી હોય ત્યારે તેની ભુકી અથવા મલમ ઘણોજ અકસીર માલમ પડયો છે. એની પેદાસ સીલોન તથા મલબાર કોસ્ટા ઉપર થાયછે, જ્યાંથી મુંબઇ મારફતે વેલાત તરફ રવાના થાયછે.

**જર્સી**—કેનલના ટાપુમાંનુ મુખ્ય શેહેર. નૉર્મનકોસ્ટાથી ૧૪ મૈલ પર 'એમ્પટન' ની દક્ષિણે ૧૩૩ મૈલ પર છે, અને વેમૌથથી ૯૫ મૈલ પર છે. એનું ક્ષેત્રફળ ૪૫ ચોરસ મૈલ છે. એનો $\frac{2}{3}$ ભાગ ફળદ્રુપ હોવાથી ખેતી વાડી માટે રોકાયલો છે. ૧૮૦૬માં લોક વસ્તી ૨૨૮૫૫ની, ૧૮૫૧માં ૫૭૦૨૦ની અને ૧૮૯૧માં ૫૪૫૧૮ની હતી. એનો કિનારો ખડકથી ભરપૂર છે, પણ દક્ષિણ પૂર્વ કાંઠો ઉંચા કરાડાથી ભરપૂર છે. જર્સીમાં છછુંદર તથા મ્હોટી જાતનાં દાંત વીનાનાં દેડકા પુશકળ જણાય છે. અત્રે પપેટાની મ્હોટી ખેતી થાય છે. અત્રેથી પરદેશ ખાતે દર વર્ષે બપેટા ૬૦,૦૦૦ ટન લગભગ ૨૬૪૦૦૦ પૌંડના મોકલવામાં આવે છે. અને બકરાં તથા ઢોરોની મ્હોટી પેદાશ થાયછે; ને તે પરદેશ ખાતે મોકલવામાં આવેછે. અત્રેના વતની જો કે અસલી નોરમનના વંશજ ઇંગલીશો છે છતાં તેઓની રાજદ્દુવારી ભાષા ફ્રેન્ચ છે.

**જર્સી શેહેર**—ન્યૂ જર્સીનું બીજું શેહેર હડસન કૌન્ટીમાં મુખ્ય છે. જર્સી હડસન નદીને કાંઠે ન્યૂયૉર્ક નજદીક છે. જર્સી શેહેર ઉદ્યોગી છે છતાં તે દેખાવળું નથી. આ શેહેર રેલ્વેનું મુખ્ય મથક હોઇ તે ઇસ્ટોન અને પેન્સાલવાનિયા સાથે નેહેરથી જોડાયલું છે. અત્રે લોઢું, કોલસો અને ખેતી વાડીની પેદાયશનો મ્હોટો વેપાર ચાલેછે. અત્રે મ્હોટા પાયાપર સાકર, આટો, લોઢું, સ્ટીલ, જસત, બૉયલર અને યંત્ર કામ, એન્જીનો, તેલ, રસાયન પદાર્થો, ઓકયૂમ, ડાકડમાલ, રેસમ, ઘડીયાળ અને ઝવેરકામ, સીસાપેન, તંબાકુ, કુંભારકામ, સાબુ, બીર વગેરેના કારખાનાઓ ચાલેછે. આ શેહેરનું હાલનું નામ ૧૮૩૮ માં પાડવામાં આવ્યું હતું. ૧૮૬૦ માં વસ્તી ૨૯૨૨૬ની, ૧૮૭૦ માં ૮૨૫૪૬ ની અને ૧૮૯૦ માં ૧,૬૩૦૦૩ ની હતી.

**જરાસંધ**—સોમવંશીય પુરૂકુલોત્પન્ન બૃહદ્રથ રાજાનો પુત્ર. આ રાજા કયા સનેમાં થઇ ગયો તે વિશે બે જૂદા મત છે. એ મગધદેશનો અધિપતિ હતો, અને એનું રાજધાની શેહેર ગિરિવ્રજ હતું. એની બે કન્યા અસ્તી અને પ્રાપ્તિને તેણે કંસ સાથે પરણાવી હતી. કંસને કૃષ્ણે માર્યાથી એણે કૃષ્ણ સાથે ૧૭ વખત લઢાઇ કરી પણ તેમાં એ બળરામને હાથે દરેક વેળા માહાત થયો હતો.

એ જોકે કૃષ્ણથી હાર્યો હતો તોય મહા બળવાન યોદ્ધા હતો. એના પ્રધાન હંસ અને ડીંભક નામે હતા, અને શિશૂપાળ સેનાધિપતિ હતો. એણે સેંકડો રાજાઓને જીતી કેદમાં પુર્યા હતા, અને તેમને ૧૦૦ વર્ષ પુરાં થતાં રૂદ્રને બળી આપનાર હતો. તેટલાં યુધિષ્ટીર રાજસૂયજ્ઞ કરવાનું ધારી કૃષ્ણને જણાવ્યું. આ વેળા કેદમાં પડેલા રાજાઓને ૮૬ વર્ષો થયા હતાં, ને ૧૪ વર્ષ બાકી હતા, કે જે પછી તેઓ સર્વેને બળી આપવાનાં હોવાથી તેઓએ ગુપ્ત દુત મારફતે કૃષ્ણની મદદ માગવાથી કૃષ્ણે ઇંદ્રપ્રસ્થથી ભીમ અર્જુનને તેડી મગધ દેશમાં ગયો, અને ગિરિવ્રજમાં બ્રાહ્મણ વેશે દાખલ થયો. જરાસંધે તેમને પૂજામાં દક્ષણા આપતાં તે તેઓએ નહિ લેતાં યૂદ્ધ માંગવાથી જરાસંધે તેમને ઓળખી ભીમસેન સાથે લઢવાનું જણાવ્યું. ભિમસેન સાથે લઢતાં ૧૫ મે દિવસે જરાસંધ માર્યો ગયો હતો. જરાસંધ મરણ પામતાં તેનો પુત્ર સહદેવ શરણે આવતાં તેને રાજ્યભિષેક કરી કેદી રાજાઓને મૂક્ત કર્યા હતા.

**જરીમરી**—(જુઓ કૉલેરા.)

**જરોદંધુ**—૭ કેશ્વરોમાંના સ્વહિ કેશ્વરનો

આ વડો દસ્તૂર. પોતાના ડાહપણ માટે અવસ્તાઇ જમાનામાં વખણાઇ ગયો છે.

**જલગાંમ**—ખાનદેશ જીલ્લામાં નસીરાબાદમાંનું શેહેર. મુંબઇની ઉત્તર પૂર્વે ૨૬૧ મૈલ ઉપર છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૬૮૯૩ની ને ૧૮૮૧ માં ૯૮૧૮ ની ને ૧૮૯૧ માં ૧૦૬૯૨ ની હતી. તેમાં ૮૨૩૪ હિંદુ, ૧૨૯૭ મોહમેદનો તથા બીજી પરજાતની વસ્તી હતી. મ્યૂનિસીપાલીટીની ઉપજ ૨૯૬૮ પૌંડની છે. શેહેર ૪૧૭ એકર જમીન ઉપર છે. ૧૮૬૦માં અત્રે રેલ્વે લાઇન નખાઇ હતી. ૭૧ વર્ષ થયાં આ શેહેર કપાસના વેપારનું મુખ્ય મથક ગણાય છે. ૧૮૬૨-૬૫ ના અમેરિકન લઢાઇના હિંગામ વેળા આ શેહેરમાં રૂનો અતી ગંજાવર વેપાર ચાલ્યો હતો. અત્રે કપાસના પ્રેસો, તથા મીલોનો સારો ઉદ્યોગ ચાલે છે. શેહેરમાં મુસાફરનો બંગલો, પોષ્ટઑફીસ, પોલીસનું થાણુ, મ્યૂનિસીપલ ઑફીસ વગેરે મુખ્ય મથકો છે. શેહેરથી બે મૈલ ઉપર આવેલા એક સરોવરમાંથી પાણી નાળવડે પ્રજાને પોંહચાડવામાં આવેછે.

**જલગાંવ**—બીરારમાં આકોલા જીલ્લામાંનો એક તાલુકો, ક્ષેત્રફળ ૩૯૨ ચૌરસ મૈલ છે. તેમા ૩ શેહેરો તથા ૧૬૨ ગામડાં છે. તેમાં ૧૯૪૨૮ રેહેવાનાં મકાનો છે. ૧૮૬૭માં લોક વસ્તી ૮૩૧૧૦ની, ૧૮૯૧માં ૧૦૫૯૩૯ની હતી. તેમાં ૫,૪૪૩૪ પુરૂષો અને ૫૧૩૦૫ સ્ત્રીઓ હતી. વસ્તીમાં હિંદુઓ ૯૮૦૭૧, મોહમેદન ૭૫૨૧, શિખ ૪૦, જૈન ૧૦૦, પારસી ૭ હતા. ખેડુતોની વસ્તી ૭૭૧૫૨ની (સેંકડે ૭૨૯૦) હતી. જીલ્લાની પ્રજાનો મુંખ્ય ઉદ્યોગ ખેતીવાડીનો છે. જાલનાં ગામ ઉપરથી જી. આઇ. પી. રેલ્વે પસાર થતી હોવાથી, તથા ખામગામની પણ રેલ્વે પસાર થતી હોવાથી એ એક રેલ્વે જંકશન છે. તાલુકામાં ૧ દીવાની, બે ફોજદારી કચેરી છે.

**જલગાંવ**—મધ્ય હિંદમાં 'બરવાની' ના રાજ્યમાંનુ પ્રગણું. ક્ષેત્રફળ ૬૭૨ ચૌરસ મૈલ છે. તેમાંથી ૧૧૩૨૪ એકર જમીન ખેતીવાડી ખાતે રોકાયલી છે, ને ૧૦,૫૫૦૦ ખેડી શકાય તેવી જમીન હજી પડતળ છે. બાકીનો ભાગ પહાડી ને ખડક વાળો છે. વાર્ષિક મેહેસૂલ ૮૨૮ પૌંડની ઉપજે છે. ૧૮૮૧માં વસ્તી ૪૧૯૬ની, તેમાં ૮૮૩ રહેવાના મકાનો હતા. પ્રગણામાં ખીટા અને મીલાન નામે બે ગામડાં છે.

**જલગાંવ જમ્બોદ**—બીરારમાં આકોલા જીલ્લામાંનુ ગામ. આકોલાની ઉત્તર પશ્ચિમે ૪૪ મૈલ પર અને સાતપુડા પર્વતની દક્ષિણે ૮ મૈલ ઉપર છે. એની પાસે આવેલા નનદુરા ગામ પાસથી જી. આઇ. પી. રેલ્વે પસાર થતી હોવાથી એનું તે ગામ સ્ટેસન ગણાય છે. ૧૮૬૭માં વસ્તી ૮૭૬૩ની ને ૧૮૮૧માં ૧૦૩૯૨ની હતી. તેમાં ૫૨૬૭ પુરૂષો અને ૫૧૨૫ સ્ત્રીઓ હતી. વસ્તીમાં ૮૬૪૯ હિંદુ તથા ૧૭૧૫ મોહમેદન, ૧૦ શિખ, ૧૧ જૈન, અને ૮ પારસી હતા. શેહેર ૧૪૨ એકર ઉપર વસાયલું છે.

**જલતરંગ**—એક પ્રકારનું વાધ. કાચના નાહના મ્હોટા પ્યાલાં વજન પ્રમાણથી પાણીએ ભરી તેના કાંઠા પર લાકડી ફેરવા તેમાંથી રાગો કાઢી શકાય છે.

**જલંદર**—પંજાબનું આ અતી પુરાણું શેહેર સતલજ અને બિયાના દુઆબ વચ્ચે છે. અત્રે અંબાલાથી અમરીતસરની રેલ્વે પસાર થાય છે. લોક વસ્તી ૧૮૯૧માં ૬૬૨૦૨ની હતી.

**જલાલપુર**—સૂરત જીલ્લાનું એક પ્રગણું. એની પૂર્વે બરોદાનું મહુઆ પ્રગણું, દક્ષિણે અંબિકા નદી ને પશ્ચિમે અરબી સમુદ્ર છે. એ ૨૦ મૈલ લાંબુ અને ૧૬ મૈલ પોહળું છે. ક્ષેત્રફળ ૧૮૯ ચૌરસ મૈલ છે. ૧૮૮૧ માં વસ્તી ૭૪૦૧૬ની હતી. દર ચૌરસ મૈલે ૩૯૨ ની છે. તેમાં ૬૩૬૦૮ હિંદુ, ૫૪૨૮ મોહમેદન અને ૪૯૮૦ પરદેશી છે. એમાં ૯૧ ગામડાં સમાય છે. આ ભાગ ફળદ્રુપ



હોવાથી તથા સમુદ્ર કાંઠાપર હોવાથી ત્યાં ઇમારતી લાકડાં અને ફળફળાદી સારી ઉત્પન્ન થાયછે. મુખ્ય પાક જુવાર, બાજરી અને ચોખાનો થાયછે. અત્રેની આબોહવા તંદરોસ્ત છે. વર્સાદની રાસ ૪૫ ઈંચની પડેછે. જમીનનું મેહેસૂલ ૩૩૭૯૫ પૌંડનું ઉપજેછે. આ ભાગમાં બે ફોજદારી કચેરીઓછે.

**જલાલપુર**—પંજાબમાં ગુજરાત તેહેસીલમાંનું ગામ. ગુજરાત શેહેરની ઉત્તર પૂર્વે ૮ મૈલ ઉપર છે. લોકવસ્તી ૧૮૬૮માં ૧૫૫૨૬ની, ૧૮૮૧માં ૧૨૮૩૯ની હતી. તેમાં ૯૪૯૬ મોહમેદન, ૩૩૩૧ હિંદુ અને ૧૨ શિખ હતા. આ શેહેર અતી ફળદ્રુપ ભાગઉપર તથા શિયાલકોટ જેહેલમ અને જમુના જંકશન ઉપર છે. અત્રે શાલ વણવાનો મ્હોટો ઉદ્યોગ ચાલે છે.

**જલાલપુર**—પંજાબમાં જેહેલમ તેહેસીલમાં એજ નામની નદીઉપર આ પુરાણું ખંડીયર શેહેર છે. અલેકઝાન્ડર ધી ગ્રેટનો એક સરદાર પોરસ સાથે લઢતાં માર્યો ગયો હતો. તેની અત્રે યાદગારી કાયમ રાખેલી છે. પર્વત ઉપર આ યાદગારી તળેટીથી ૧૦૦૦ ફીટ ઉપર છે. જેની હાલમાં માત્ર દેવાદ્ય. બાકી રહેલી છે. પુરાણા વખતનાં જલા-આ ખંડીયરમાંથી જડી આવે છે. ય વર્ષની અકબરના સમયમાં પણ આ શેહે) ઇલ્મને કરતાં ચારઘણું આબાદ હતું. ની નિશાની-

**જલાલાબાદ**—આ શેહેરનું ાંકી સમજણના નગરહાર હતું. હુએનત્સાઓમાં પોતાની ચીનાઇ મુસાફર જણાવે રાંગી. પહેલાં થોડા નિકળી ૧૭ મૈલ અગ્નિ અને આરમેનિયામાં લાબાદ) માં ગયો હતો.માં વસવા પછી બહા-જલાલાબાદ પાસે 'નાઇનરમાં આવેલા લૉરિ-ટાલમીએ વર્ણન રનીક કૉલેજના પ્રીન્સીપૉલ સંસ્કૃત નામ એકનવામાં આવ્યો અને ત્યાં આ પ્રાંતનો ધેરાગ્રીન કે જે આટલા સમયમાં આ ઉપરથી પમિા પવિત્ર, બુદ્ધિશાળી અને બેબરઘાટ, ઉત્ત શિક્ષણ નીચે મોટો થતો હતો સફેદકોહ પર્વત



જલાલાબાદની પશ્ચિમે બે મૈલ ઉપર બેગ્રામ' છે, તે એની રાજધાની હશે. તે ગામ'હિડા'ની વાયવ્ય પશ્ચિમે ૫, ૬ મૈલ ઉપર છે. હિડા એજ હુએને જણાવેલું 'હેલો' હશે એમ ઘણાકોનું મત છે. ત્યાં બૌદ્ધની એક તુમડી એક સ્તુપમાં હતી એમ હુએન લખે છે. હિડા જલાલાબદની દક્ષિણે ૫ મૈલપર છે. ત્યાંથી 'માનસને' સ્તૂપ વગેરે શોધી કાઢયાં હતાં. આ ઉપરથી હિડા એજ હશે એમ નિર્વાદ છે. અને રાજધાની બેગ્રામ જે જણાવી છે તે એજ હશે. ત્યાં જુના ખંડીયર ઘણાં જણાય છે. ઈ. સ. ૬૩૦માં આ પ્રાંત કાપિસેનના તાબામાં હતો. અને કાપિસેન પ્રમાણે તે ત્યાર પછી કાબુલના બ્રાહ્મણી રાજ્યના તાબામાં અને તે પછી મુસલમાનોને તાબે ગયું હતું.

હાલમાં આ જીલ્લો કાબુલ પ્રાંતમાં કાબુલ નદીની ઉત્તર અને દક્ષિણ ભાગપર ફરીવળેલો છે. પૂર્વેથી પશ્ચિમ આ દેશ ૮૦ મૈલ લાંબો અને ૩૫ મૈલ ઉત્તર દક્ષિણ પોહોળો છે. પૂર્વ તરફ આ જીલ્લો પશ્ચિમ પર્વત ખાઇબર અને બાઝારપર વધે છે. એની દક્ષિણે સફેદકોહ પર્વતની હાર અને પશ્ચિમે કરકાચાછે.

આ જીલ્લો ઘણો ખરો પર્વતની હારથી ઘેરાયલો છે. જલાલાબાદ રાજ્ય વ્યવસ્તા થકી ૮ ભાગમાં વેંહેંચી નાખવામાં આવ્યો છે, અને ત્યાંની સરકાર જમીનની ઉપજનો ૧/૩ ભાગ ઉત્પતિમાંથી મેળવે છે. આ જીલ્લામાં અનેક મોહમેદન ટોળાઓ વસેછે; અને હિંદુઓ માત્ર વેપાર અર્થે ગયેલા વસે છે. લોકોની ભાષા 'પૂસ્તૂ' છે. પણ ઘણા ખરા ટોળાઓ ફારસી શદ્ધ રીતે બોલી શકે છે. આ દેશમાં બે માસ સુધી ગર્મી પડે છે, પણ વર્સાદ પુશકળ વસે છે. થંડીની ઋતુમાં આ તરફ કોઇ વેળા ધર્તિકંપ પણ થાય છે.

આ જીલ્લામાં ફળ ફળાદી મ્હોટા જથ્થામાં ઉગેછે, તે શિવાય બાજરી, અફીણ, રાઇ, કોળ, લીનસીડનો મ્હોટો પાક થાય છે. ગેંહુજ રૂ, જુવાર, ચોખા પણ પાકે છે.

અત્રે કાબુલની દરબાર તરફથી હાકેમ નેમાય છે, જેનો પગાર નાહનો હોય છે; પણ દંડ, કર અને બીજા ઉપાયોથી તે પોતાનું લવાજમ વધારે વસૂલ કરી શકેછે. ઇનસાફનું કામ મુલ્લાં અથવા કાજીને હસ્તક હોય છે.

હાલનું જલાલાબાદ ગામ મહાન અકબરે કાબુલથી હિંદુસ્તાન આવતાં ઈ. સ. ૧૫૭૦ માં સ્થાપન કર્યું હતું; અને ત્યાં શાહાજહાને એક કિલ્લો બાંધ્યો હતો. જલાલાબાદનો કબ્જો બ્રિટીશ લશકરે ૧૮૩૯ થી ૪૨ તથા ૧૮૭૯ થી ૮૦ સુધી લીધો હતો.

**જલાલાબાદ**—ઉપલા જીલ્લાનું મુખ્ય શેહેર, કાબુલ નદીવાલા મેદાનથી ૧૯૪૯ ફીટ ઉપર છે. પેશાવરથી ૯૧ મૈલપર અને કાબુલથી ૧૦૦ મૈલ ઉપર છે. ૧૮૪૦ માં અત્રે ૩૦૦ રહેવાનાં મકાનો હોઇ ૨૦૦૦ ની વસ્તી હતી. હાલમાં ૩૦૦૦ ની વસ્તી છે. અત્રે ગામની આસપાસ પડત કોટ છે.

**જલાલાબાદ**—ઉત્તર પશ્ચિમ પ્રાંતમાં મુઝફ્ફર-નગર જીલ્લામાંનુ ગામ, કૃષ્ણા નદીની પાસે મુઝફ્ફર નગરની ઉત્તર પશ્ચિમે ૨૧ મૈલ ઉ[illegible] છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૬૯૦૪ ની માંનો ૧૮૮૧ માં ૬૫૯૨ ની હતી. તેમાં ૩૦૬ મૈલ હિંદુ, ૪૪ જૈન અને ૩૪૮૩ મોહમેદનો [illegible]ાં છે. મુખ્ય વસ્તી પઠાણોની છે. શેહેર ૧૨ છે. એકર ઉપર છે. અત્રે દર શુક્ર અને આદિ[illegible]૧માં વારે મ્હોટું બજાર ભરાય છે. રોહિલુરૂષો નવાબખાને અત્રે ગંજાવર કિલ્લો 'ઘોરગ[illegible]હિંદુ- નામે બાંધ્યો હતો. આ શેહેરને મરા[illegible] ૪૦, એના હુમલાથી ઘણું ખમવું પડયું હ[illegible]વસ્તી તે પછી શિખ લઢવૈયાઓએ ગામને ઉ[illegible]લાની બનાવ્યું ત્યારથી અત્રેનો કિલ્લો તદન ઉ[illegible] છે. હાલતમાં છે. ૧૮૫૭ માં અત્રેના પઠાણો[illegible] રેલ્વે વખાણવાલાયક વર્તણુક ચલાવી[illegible]. [illegible] પણ

**જલાલાબાદ**—વાયવ્ય પ્રાંતમાં [illegible] રેલ્વે પૂરમાંનું એક દક્ષિણ તરફનું તે[illegible], એ ગાના ઉત્તર કિનારા ઉપર છે. [illegible] ૩ ભાગમાં વેંહેંચાયલું છે. [illegible] ના

રેતાળ ભાગનું ક્ષેત્રફળ ૪૦ ચૌરસ મૈલ છે, તેમાં ઘઉં, વગેરે પાકેછે, અને બાજરી વર્ષા ઋતૂમાં પાકે છે.

( ૨ ) મધ્યમાં 'તારાઈ' ભાગ, રામ-ગંગા અને ભાગુલવાલા ભાગમાં છે. તેમાં ઘઉંની ઉત્તમ ખેતી થાય છે. તેનું ક્ષેત્રફળ ૧૮૧ ચૌરસ મૈલ છે.

( ૩ ) બંકાની ભાગ રામગંગાથી ગંગાના ભાગ સુધી વધે છે. જેનું ક્ષેત્રફળ ૧૪૦ ચૌરસ મૈલ છે. આ ભાગમાં મ્હોટું જંગલ ફરી વળેલું હોવાથી ઘાસની સારી પેદાયશ થાય છે.

૧૮૭૨માં અત્રે વસ્તી ૧૬૫૭૬૩ની હતી. ૧૮૮૧માં ૧૪૫૯૧૫ ની હતી, તેમાં ૭૯૯૯૦ પુરૂષો અને ૬૫૯૨૫ સ્ત્રીઓ હતી. તેમાં ૧૩૩૪૩૫ હિંદુ, ૧૨૪૭૭ મોહમેદન હતા. જમીનનું મેહેસૂલ ૨૧૧૩૨ પૌંડનું ઉપજે છે. તેહેસીલમાં બે ફોજદારી અને એક દીવાની કચેરી છે.

**જલાલાબાદ**—ઉપલાનું મુખ્ય શેહેર. રામ-ગંગા નદીની ઉત્તરે બે મૈલ ઉપર છે. ને શાહાજહાનરપુની દક્ષિણે ૧૯ મૈલ ઉપર છે. ૧૮૭૨માં લોક વસ્તી ૭૧૨૭ની તથા ૧૮૮૦ ૮૦૨૫ની હતી. તેમાં ૪૦૭૭ હિંદુ, તે[illegible] મોહમેદનો હતા. શેહેર ૧૧૭ એકર જલ[illegible]ાયલું છે. કાનપૂરથી અત્રે નદી સતલ[illegible]ણો વેપાર અર્થે આવ જાવ કરે અત્રે આ[illegible]મ તથા ગુરૂવારે બજાર ભરાય છે. થાય છે. લે[illegible]ખોરાસાનના પાદશાહ સુલતાન હતી. [illegible]ા તેનો બેટો ગાદી નશીન

**જલાલપુર**—સુઝખાનનો મુદ્દઇ હોવાથી એની પૂર્વે બરોદાલ કર્યો હતો. એણે અંબિકા નદી ને જય મેળવી પૂર્વ તરફ એ ૨૦ મૈલ લાંબુ તી. એ છેલ્લી લઢાઇ છે. ક્ષેત્રફળ ૧૮૯ [illegible] નજદીક બાનુ પાસે માં વસ્તી ૭૪૦૧૬ની લશકરનો મ્હોટો ૩૯૨ ની છે. તેમાં ૬ હિને બીજે પાર મોહમેદન અને ૪૯૮૦૨૦ સીપાહો મેળવી ૯૧ ગામડાં સમાય છે. સ્વારોનું લશકર



મેળવ્યું; પણ મોંગોલો સામે તેઓ લઢવા ડરતા હોવાથી એ દિલ્લી તરફ અલ્તમસ પાસે મદદ માટે ગયો, પણ ત્યાં કશું વળ્યું નહિ. તેટલાં તેણે સાંભળ્યું કે મોંગોલોએ ઇરાન પરથી પાછા ફર્યા છે, આથી તે પોતાનું રાજ્ય ફરી મેળવવા ત્યાં લઢવા ગયો, તેમાં લઢતાં મેસોપોટેમિયા ખાતે ૧૨૩૧ માં મરણ પામ્યો.

**જલાલુદ્દીન રૂમી, મવલાના***—આ મહાન ફારસી સુફી કવિનો જન્મ તાઃ ૩૦ સપ્ટેંબર ૧૨૦૭ ઇસ્વી(૬૦૪ હી. સ. ૬ઠી રબ્બીઉલ-અવ્વલ)માં ખોરાસાનમા આવેલા બલખમાં જ્યાં એનું કુટુંબ લાંબા કાળ સુધી સારી શ્રીમંત સ્થિતિ, જાહેર કીર્તિ અને નામવરીમાં રહ્યું હતું ત્યાં થયો હતો.

હ. પૈગમ્બરના અસહાબ અને મશહૂર ખલિફા અબુબકરના વંશમાંથી એ ઉતર્યો હતો. જલાલુદીનનો પિતા મહોમ્મદ કે જે સાધારણ રીતે બહાઉદ્દીન વલદ તરીકે ઓળખાતો હતો અને બલખનો એક મશહૂર હકીમ હતો તે, તે વેળાના ત્યાંના સુલતાનની નજરમાં, એના વગ વસીલાએ જે અદેખાઇ ઉપજાવી હતી તેથી બચવા, ઇ. સ. ૧૨૧૨માં બલખ ન્હાઠો. જવાન જલાલુદ્દીનની વય તે વેળાએ ફક્ત પાંચ વર્ષની હતી, પણ રૂહાની (આત્મિક) ઇલ્મને લગતા એના ભવિષ્યની મોટાઇની નિશાનીઓ એના બાળવયમાંના પાકી સમજણના જ્ઞાન, ઉન્માદ અને સ્વપ્નાઓમાં પોતાની હાજરી જાહેર કરવા લાગી. પહેલાં થોડા વખત સુધી માલાતિયેહ અને આરમેનિયામાં આવેલા અરઝિનજાનમાં વસવા પછી બહાઉદ્દીનને એશિયા માઇનરમાં આવેલા લૉરિન્દેહમાં ત્યાંની સ્થાનીક કૉલેજના પ્રીન્સીપૉલ તરીકે તેડાવી લેવામાં આવ્યો અને ત્યાં જવાન જલાલુદ્દીન કે જે આટલા સમયમાં પોતાના પિતાના પવિત્ર, બુદ્ધિશાળી અને સંભાળ ભર્યા શિક્ષણ નીચે મોટો થતો [illegible]

તે વયમાં આવી પુગ્યો અને ઇ. સ. ૧૨૨૬ માં સમરકંદના લાલા શરફઉદ્દીનની પુત્રી જવહર-ખાતુન સાથે પરણ્યો. આ પછી એના પિતા બહાઉદ્દીનને તે વેળાના એશિયા-માઈનર અથવા જેને ત્યાંના લોકો રૂમ કહે છે, ત્યાંના સુલતાન અલાઉદ્દીન કયકોબાદે કોનિયાહમાં તેડાવ્યો, કે જે ભૂમીને લીધે આજે જલાલુદ્દીને 'રૂમી'નું ઉપનામ મેળવ્યું છે.

ઇ. સ. ૧૨૩૧માં બહાઉદ્દીનના ગુજરવા પછી જલાલુદ્દીન એલેપ્પો અને દમસકસ ટૂંક કાળના શિક્ષણ માટે ગયો, પણ, ફક્ત વાસ્તવિક વિદ્યાઓ કે જેમાં મુખ્ય કરી એને કેળવવામાં આવ્યો હતો તેથી એને સંતોષ ન મળવાથી, એના કોનિયાહ પાછા વળવા પર, કે જ્યાં તે રફતે રફતે એક પછી એક એમ ચાર કૉલેજોનો પ્રૉફેસર થયો, ત્યાં, નવ વર્ષ શુધી પોતાના રૂહાની (આત્મિક) ઉસ્તાદ તરીકે એણે પોતાના પિતાના એક શિષ્ય સૈયદ બુરહાનુદ્દીન હુસેનીને અંગીકાર્યો, અને તે પછી તે ભટકતો સુફી સંત શમ્સુદ્દીન તબ્રિઝ જે કોનિયાહમાં ઇ. સ. ૧૨૪૪ ના ૨૯ નવેંબરે આવ્યો અને જેણે તરતજ જલાલુદ્દીનના મનપર પોતા સંબંધી એટલી બધી અસર કીધી કે પછવાડેથી જલાલુદ્દીને પોતાની ગઝલોમાં એનું નામ તખલ્લુસ તરીકે ધારણ કર્યું, અને તેના પાઠો ગ્રહણ કરવા લાગ્યો. શમ્સુદ્દીન કંઇક વઢકણા સ્વભાવનો હોવાથી કોનિયાહના લોકોનો ગુસ્સો એની સામે ઉસ્કેર્યો, અને એક હુલ્લડ કે જેમાં જલાલુદ્દીનનો વડો પુત્ર અલાઉદ્દીન માર્યો ગયો તેમાં એને (શમ્સને) પકડવામાં આવ્યો અને ઘણું કરી એને મારી નાખવામાં પણ આવ્યો, કારણ તે પછી તે ફરી કદી દેખાયોજ નહિ. પોતાના ઉસ્તાદ અને મિત્રનો આ ફેજ, વળી સાથે પુત્રનું અકાળ મરણ, આ સઘળાએ જલાલુદ્દીનને ભારે શોકમાં નાખ્યો અને લોકોના કેહેરના આ બોગની યાદમાં એણે મવલવી દરવિ-

* લા૦-મી૦ હાજીમહમદ અલારખીયા શિવજી.

શોની મંડળી યોજી કે જેઓ પોતાની પવિત્રતા તેમજ જુદીજ તરાંહના પહેરવાસ માટે પ્રખ્યાત છે. આ મંડળી હજી સુધી અસંખ્ય ન્હાની શાખાઓ તુર્કી સલતનતમાં ધરાવેછે, અને જેનું વડપણ આજે છસો વર્ષ થયાં વગર ખાંચે કોનિયામાં જલાલુદ્દીનના કુટુંબમાં રહ્યું છે. તેણે મવલાનાના કાવ્યના જુસ્સાને નવી શકિત અને ઉત્સાહ આપ્યાં; અસંખ્ય આખ્યાનો કુરઆનની આયતો અને હ. પેગમ્બરની હદિસો ઉપરના વિવેચન સાથે ગુંથેલા **મસનવિના** નીતિ ઉપદેશના ગંજાવર સંગ્રહનો વિચાર કવિને પહેલાં તેના માનીતા શિષ્ય **હુસન** કે જે **હિશામુદ્દીનના** નામે વધુ જાણીતો છે અને જે ૧૨૫૮ ઇ. સ. માં જલાલુદ્દીનનો મુખ્ય મદદગાર થઇ પડયો હતો તેણે આપ્યો હતો, કે જે પુસ્તકનું મનન કરવું અવિનાશી આનંદ મેળવી આપેછે, એવું ઉગમણની દુનિયા આ મહાન ભકિતભાવવાળા લેખ તરફ માનેછે. હિશામુદ્દીને વારંવાર જોયું કે મૌલવી બંધુ સમાજના સભાસદો **સિનાઇ** અને **સત્તારની** ભેદભરી **મસનવિ** મોટા આનંદ સાથે વાંચે છે, તેથી તેણે પોતાના ઉસ્તાદને મોટા પાયાપર આવીજ કવિતા રચવાને લલચાવ્યો. જલાલુદ્દીને તરતજ આ સુચનાને ઉપાડી લીધી. પોતાની જીંદગીના બાકીના વર્ષો દરમ્યાન **મસનવિનું** આખું પુસ્તક હિશામુદ્દીનને કહેવું શરૂં કીધું અને તે કામ પુરૂં થયા પછી તરતજ **જલાલુદ્દીન** ૧૭ ડીસેંબર ૧૨૭૨ (હી. સ. ૫ મી જમાદીલ આખર) ના ઉંચ અને નીચ સર્વે પાસેથી એક ઔલીયા સમાન પૂજાઇ મરણ પામ્યો હતો. એના પછવાડે એના બંધુ–સમાજના ઉપદેશી અધિકારપર આવનાર હિસામુદ્દીન પોતે હતો, જેના ઇ. સ. ૧૨૮૪મા ગુજરવા પછી જલાલુદ્દીનનો ન્હાનો અને બાકી રહેલો પુત્ર **શેખ બહાઉદ્દીન અહમદ** કે જે સાધારણ રીતે **સુલતાન વલદના** નામે ઓળખાઇ ગયો છે, અને ભેદભરી મસનવિ "રૂબાબ–નામેહ"ના રચનાર તરીકે અચ્છો પંકાયો છે તેને મંડળીના સર્વેથી વડા અધિકાર પર કાયમ કરવામાં આવ્યો.

**જલાલુદ્દીન મહમદ અકબર**—(જુઓ અકબાર શેહેનશાહ.)

**જલુસ**—(અરબી શબ્દ.) મુખ્ય અર્થ રાજયાસન પ્રાપ્તિ. દક્ષિણ કોકણમાં જલુસ સને ઇ. સ. ૧૬૫૬ માં સ્થાપન થયો અને તે આફતાબી રીતે ચાલુ છે. આ સને બીજાપૂરના સુલતાન અદીલશાહ બીજાના ગાદી નશીન થતાં શરૂ થયો હતો.

દિલ્લીના દરેક પાદશાહ પોતાના રાજયનું બેસતું સાલ ૧ લું ગણી પોતાના અમલના અંત સુધી જે શક ગણતા તેને જલુસ શક કહેતા. દરેક પાદશાહનો જલુસી શક જૂદો છે. બાબરશાહ ઇ. સ. ૧૪૯૬માં ગાદી નશીન થયો તે પેહેલાં જલુસ શક એટલે હીજરી સન ૯૦૦ શરૂ થયો.

| | | | | |
|---|---|---|---|---|
| બાબરનાં | જલુસ | વર્ષો | ... | ૩૬ |
| હુમાયુન | ,, | ,, | ... | ૨૭ |
| અકબર | ,, | ,, | ... | ૫૦ |
| જહાંગીર | ,, | ,, | ... | ૨૪ |
| શહાજહાન | ,, | ,, | ... | ૩૦ |
| ઔરંગઝેબ | ,, | ,, | ... | ૫૧ |
| જહાનદારશાહ | ,, | ,, | ... | ૧ |
| ફરૂખશિઅર | ,, | ,, | ... | ૭ |
| મહમદશાહ | ,, | ,, | ... | ૩૦ |
| અહમદશાહ | ,, | ,, | ... | ૭ |
| મહમદ આલમગીર | ,, | ,, | ... | ૫ |
| શાહ આલમશાની | ,, | ., | ... | ૪૫ |

ઇ. સ. ૧૮૦૩માં ઈંગ્રેજોએ દિલ્લી લઇ પાદશાહને પેનશન આપતું કર્યું, તે આગમજ આ પાદશાહ ૧૦ વર્ષ સુધી માહાદજી સિંધેના કબજામાં હતો.

**જલોક**—ભૂલોકથી સત્યલોક સુધી ઉર્ધ્વ ભાગમાં રહેનારા લોકો, તેમાંના પાંચમા. અત્રે બ્રહ્મ માનસપુત્ર સનકાદિકો રહેછે.

**જલૌક**—આ કાશમિરનો મહાપ્રતાપી રાજ્યકર્તા કળીયૂગ સને ૧૭૬૯માં ગાદીએ બેઠો.



એને કેટલાકો મહાન અશોક રાજાના પિતા તરીકે જણાવે છે; પણ કલહણકૃત રાજતરંગીણિ મુજબ એ અશોકનો પુત્ર હતો. એ યૂધિષ્ટર શક ૧૭૯૧માં ગાદીનશીન થયો ને ૩૦ વર્ષ રાજ્ય અમલ ભોગવ્યો હતો. એની રાણી ઇશાનદેવી નામે હતી, તે પણ એનાજ જેવી બુદ્ધિમાન અને ધર્મી હતી. એના અમલ સુધી કાશમિરમાં જાતિ–વર્ણ નહોતી, તે એણે જૂદી પાડી અને ૭ જાત ઠરાવી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, ચાંડાળ, સંકર ને વિવૃત.

એના રાજ્ય અમલમાં સીથિયન પ્રજાએ ચઢાઇ કરી તેમને એણે સખત હાર અપાવી હતી; અને કાન્યકુબ્જ દેશ જીતી ત્યાંના કારીગરો તથા વિદ્વાનોને તેડી પોતાના દેશમાં વસાવ્યા હતા. વળી એ કિમિયાનો હૂન્નર જાણતો હોવાથી "કોટીવેધી" નામે રસ બનાવી સુન્નું બનાવી કાશમિરને તવંગર કર્યું. આ રાજા પુણ્યશિળ હોવાથી તે તહેંવાર ચમત્કારો કરી બતાવતો હતો; જેનું વર્ણન રાજતરંગિણીમાં આપેલું છે. વળી એણે યવન રાજ યૂથિદેયૂકસ સાથે યૂદ્ધ કર્યું. તેમાં તેને હાર ખવાડી હતી. તેમજ એન્ટિઓકસ સાથે એને સુલ્હેના કોલકરાર કરવાં પડયા હતા. એણે શ્રી નગરની ઉત્તરે આવેલા પર્વતપર બુદ્ધ ધર્મનું મંદીર બંધાવ્યું હતું, (આ શિખરને હાલમાં તખ્તે સુલેમાન કહેછે. આ મંદીરને ઇ. સ. ૧૦૧૫ માં મુસલમાનોએ કાશમિરપર ચઢાઇ કરી ત્યારે તેને મસજીદમાં ફેરવી નાખ્યું હતું.) આ રાજા શંકર ભકત હતો, તે છતાં એ બૌદ્ધ ધર્મ તરફ માન ધરાવતો હતો. એનું મરણ ચિરમોચન તિર્થમાં નિપજ્યું હતું.

**જવ**—આ ધાન્ય ઘઉંનાં જાતીનું પણ સ્વાદમાં તથા આકૃતિમાં ભિન્ન છે. કોઇ દેશમાં એને 'સાતૂ' પણ કહે છે. આ ધાન્ય છેક નિરસ હોવાથી ઘણું કરીને બળદ, ઘોડા, હાથી તથા બીજા જાનવરોના ખાધામાં આવે છે. જવની ઉપર ભાતના જેવી જાડી છાલ થાયછે; તેને છડીયાથી યા દળીયાથી નિકળી જાયછે. એનો પાક ગુજરાત, તથા મારવાડમાં મ્હોટો થાય છે. યૂરપમાં પણ એ પાકે છે. બીર નામની દારૂ જવમાંથી બનાવવામાં આવે છે. આ ધાન્ય કનિષ્ટ પ્રતિની જમીનમાં ઉગી શકે છે. એની યોજના ઔષધિમાં પણ યોજેલી છે.

**જવખાર**—આ ખાર જવમાંથી કાઢેછે. જવની લીલી ડાંખળીઓને બાળીને તેની રાખને પાણીમાં ચોળી પાણી ગાળી લેવું. તે પાણીને ઉકાળીને બાળવાથી જવખાર નિકળેછે. તેનો ભુકો જરા ખટાશપર હોયછે. તેમાં કાર્બોનેટ ઑવ પોટાશ આદિ ખાર છે. એની પાતળી પત્રીઓ હોયછે, અને તે રંગે સફેદ રહેછે. એ ગુણમાં ઉષ્ણ, દીપન, કફેદન છે. કફ, ખાંસી, શૂળ, ગુલ્મ, ઉદરરોગ, અરૂચિ, અજીર્ણ, બરાળ તથા મૂત્રરોગ ઉપર તે અપાયછે. ખાંસી ઉપર સાધારણ પાનના બિડા સાથે ખાય છે. દમ અથવા ઉધરસ ઉપર મધમાં ખાય છે. મૂત્ર રોગ ઉપર જવખાર ઢોઢમાસા ચોખાના ધોવરામણમાં આપે છે.

**જવલન**—( = કમ્બશચન.) રસાયન સંયોગ અતી ત્વરાથી અને ઘસારાથી થતાં ઉષ્ણતા તથા પ્રકાશ બહાર પડેછે ત્યારે તેને જવલન થયું એમ કહે છે. હવા કરતાં ઑકસિજનમાં જવલન જોરથી થાય છે, પરંતુ તે એમાં જવલનને પ્રવૃત કરનાર કહિયે તો ઑકસિજન છે; આથી ઑકસિજનને 'જવાલાપ્રવર્તક' કહેલું છે. એટલે તે પોતે નહિ સળગતાં બીજા પદાર્થોને સળગવા દીયે છે.

બીજા પદાર્થો એવા હોય છે કે તે થોડી ઉષ્ણતાથી સળગે છે, તેમને 'જવાલાગ્રાહી' કહે છે. ત્રીજી જાતનાં પદાર્થ એવાં છે કે તે પોતે સળગતાં નથી, અથવા બીજાની પણ જવાલાને ઉત્તેજક બનાવી શકતાં નથી; જેમકે રેતી, લોઢાનોકાટ વગેરે. આ પદાર્થ ઘણું કરી તેમનું પ્રથમ જવલન થઇ ઉત્પન્ન થએલાં હોય છે.

જવાલાગ્રાહી પદાર્થ ઑકસિજન જેવા

જવાલા પ્રવર્તક પદાર્થ સાથે જોરથી સંયોગ પામતાં જે ઉષ્ણુતા અને પ્રકાશ બહાર પડે છે તેજ જવલન છે. આ ક્રિયામાં જવાલાગ્રાહિનો ઑકસાઇડ ઉત્પન્ન થાય છે.

જવાલાગ્રાહી પદાર્થ તરીકે લાકડું એ સિદ્ધાંતમાં પકડીએ. તેમાં બે જવાલાગ્રાહી પદાર્થો છે; એક કાર્બન અને બીજો હાઇડ્રોજન. આ બેમાંથી દરેક ઑકસિજનથી સંયોગ પામી કાર્બોનિક ઍસિડ અને પાણી એ બે ભિન્ન ધર્મના ઑકસાઇડ ઉત્પન્ન થાય છે. તેમજ ગંધકના જવલનથી ગંધક અને ઑકસિજન એમના સંયોગથી સલ્ફ્યૂરિક ઍસિડ ઉત્પન્ન થાય છે. ફૉસફૉરસ અને ઑકસિજનથી ફૉસફૉરિક ઍસિડ ઉત્પન્ન થાય છે. લોઢું અને ઑકસિજનના સંયોગથી બ્લૅક ઑકસાઇડ ઑવ આયર્ન ઉત્પન્ન થાય છે. એવા આ જવલનથી થએલા જૂદાજૂદા ઑકસાઇડને જૂદજૂદા ધર્મ પ્રાપ્ત થાય છે.

ઑકસિજનમાંના અને સાધારણ હવામાંના જવલનનાં ચમત્કારો એક સરખાંજ છે. કારણ હવામાં ઑકસિજન જવાલા પ્રવર્તક હોય છે. પણ તે ચાર વણો નાઇટ્રોજન સાથે મળી પાતળો થએલો હોય છે, આથી હવામાં જવલન અતીમંદ અને ઓછું થાયછે. હવામાં અને ઑકસિજનમાં પદાર્થ બળતો હોય ત્યારે જે અજાયબીઓ દેખાય છે, તેમની ઝડપમાં માત્ર ઓછું વધતું બને છે, પણ તહીં એકજ છે. ઉષ્ણુતા અને પ્રકાશ એમનું પ્રમાણુ જેટલા ઑકિસજનમાંના જવલનથી ઉત્પન્ન થાય છે તેટલુંજ હવાથી પણ પેદા થાય છે; પરંતુ ઑકસિજનમાં થોડા વખતમાં અતી જોરથી સંભળાય છે, અને હવામાં ઘણો વખત રહેતાં મંદ રહે છે.

જવલનથી જો કે જ્વાલાગ્રાહી પદાર્થનું રૂપાંતર બને છે તોય પદાર્થનો નાશ થતો નથી.

ઑકસિજનનો સંયોગ થતાં ઉષ્ણુતા અને પ્રકાશ કાં બહાર પડે છે એ કહી શકાતું નથી. ઘણાક પ્રયોગમાં જણાઇ આવે છે કે, અતી જોરથી રસાયન સંયોગ થતાં ઉષ્ણુતા તથા પ્રકાશ બહાર પડે છે, પછી ત્યાં ઑકસિજન હોય યા નહિ.

દાખલા તરીકે ક્લોરિન ગ્યાસમાં એંટીમની ધાતુ નાખતાં તે તેવુંજ બને છે. અત્રે પણ રસાયન સંયોગ જોરથી થાય છે. આ ઉપરથી જણાય છે કે જ્યાં રસાયન સંયોગ અતી જોરથી થાય છે ત્યાં ઉષ્ણુતા અને પ્રકાશ એ તેની બરાબર પ્રગટ થાય છે. ઑકિસજનના જવલનમાં આથી પણ કાંઇક અજાયબ અજાયબી છે, એમ અનુમાનો ઉપરથી જણાતું નથી.

ઑકસિજનનેજ જવાલા પ્રવર્તક કેહવાની પધ્ધતિ ચાલુ છે. તેનું કારણુ એ છે કે તેના યોગે આપણે સદા હવામાં આતશ સળગાવી આપણે જોઇએ ત્યારે પ્રકાશ અને ઉષ્ણુતા ઉત્પન્ન કરી શકિયે છિયે. આથી ઑકિસજનનો જે જવલનથી સંબંધ છે, તે બીજા જવાલા પ્રવર્તક પદાર્થ કરતાં આપણને દર રોજ દેખાય છે, અને ઉપયોગમાં આવે છે.

**જવ્વાર**—ઇરાનમાં આ એક જાતના કાફ્લાનું નામ. આ કાફ્લો ૨૦ થી ૨૦૦ ટોળાનો બનેલો હોય છે. તેમાં દરેકજન પોતાનો સામાન પોતાના ખચ્ચરપર લાધી તેપર બેસે છે. આ જવવારમાંના દરેક શખસ હથિયારબંધ હોય છે.

**જવાલા મુખી**--(જુઓ બળતા પર્વત.)

**જવાલા મુખી**—પંજાબમાં કાંગ્રા જીલ્લામાં દેહેરા તેહેસીલમાંનું પ્રાચીન ગામ. આ ગામ કાંગ્રાથી નાદૌનના રસ્તા ઉપર છે. વસ્તી ૨૪૨૪ની છે, તેમાં ૨૨૧૭ હિંદુ, તથા ૧૯૬ મોહમેદન અને ૧૧ જૈન છે. આ શેહેર પ્રાચીન કાળમાં અતી મ્હોટી કીર્તિની ટોંચે પુગેલું હોવાથી તે વખતના બાંધકામોનાં હાલમાં ભવ્ય ખંડીયરો જોવામાં આવે છે. અત્રે ૭મી સદી આગમજ એક દેવીનું મંદીર બાંધવામાં આવ્યું હતું તે હાલમાં કાયમ છે



અત્રે દર સપટેંબર તથા અકટોબરમાં જાત્રા ભરાય છે. તે વેળા ૫૦૦૦૦ જાત્રાળુઓ તેમાં ભાગ લીયે છે. અત્રેનો આયાત વેપાર અફીણનો છે. ગામમાં પોલીસ થાણુ, પોસ્ટ ઑફીસ, સ્કુલ, સરાઈ વગેરે છે.

**જવ્હાર**—અથવા જોહાર યા જઉહારનું દેશી રાજ્ય ઠાણા જીલ્લામાં છે. ક્ષેત્રફળ ૫૩૪ ચોરસ મૈલ હોઇ તેમાં ૧૧૬ ગામડાં છે. ૧૮૮૧માં લોક વસ્તી ૪૮૫૫૬ની, ૧૮૯૧માં ૫૨૮૩૧ની. તેમાં ૨૭૮૨૫ પુરૂષો અને ૨૫૦૦૬ સ્ત્રીઓ હતી. ૧૯૦૧માં ૪૭૨૬૪, તેમાં ૨૪૪૬૬ પુરૂષો અને ૨૨૭૯૮ સ્ત્રીઓ હતી. વાર્ષિક મેહેસૂલ ૧૦,૦૦૦ પૌંડની ઉપજે છે.

કોકણુના મેદાનથી આ રાજ્યની ભૂમિ ૧૦૦૦ ફીટ ઉંચાઇ પર છે. એની પૂર્વમાં સૈહ્યાદ્રિ પર્વત પસાર થાય છે. આ રાજ્યમાં ભૂપતગઢ નામે એક કિલ્લો જવ્હારની દક્ષિણુ પૂર્વે ૧૦ મૈલ ઉપર છે. રાજ્યમાં ૬ નિશાળો છે. અત્રેનું પાણી તંદરોસ્તી બગાડનારૂં છે અને પરદેશી મુસાફરોના પિવામાં આવતાં તે ઇજા કરે છે.

આ રાજ્યમાં ઇ. સ. ૧૨૯૪માં કોલી સરદારે પ્રથમ પોતાના વંશની સ્થાપના કરી. અત્રેના સરદારને પેહેલાં પોર્તુગીજ સાથે ને પછી મરાઠાઓ સાથે ઝગડામાં ઉતરવું પડ્યું હતું. હાલમાં ત્યાંનો રાજા પતંગશાહ નામે ૧૮૮૪માં ગાદીએ બેઠો. તેમને દત્તક લેવાની સનદ છે. ૫૫૦ વર્ષ ઉપર ‘જયાસુકનાય’ નામે લુટારાએ અત્રે પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. તેના બેટા નીમશાહને ૧૩૪૧ માં દિલ્લી પતિએ રાજાનો ખેતાબ આપ્યો હતો. તે દિવસના માનાર્થે હાલમાં જવ્હારમાં તેહેવાર પાળવામાં આવે છે; તથા તે દિવસે નિમશાહ ગાદી નશીન થયો તે દિવસથી રાજ્યકર્તા પોતાના રાજ્યનું વર્ષ શરૂ કરે છે.

**જશરેશ્વરી**—શાહાનશાહ અકબરના અમલમાં આ રાણી મ્હોટી પ્રસિદ્ધતા પામી ગઇ છે. જેસોરના રાણા પ્રતાપાદિત્યની આ શૂરવીર અને સદગુણી રાણી હતી. પ્રતાપાદિત્ય શૂરવીર હોવા છતાં તેમાં અદેખાઇ અને કપટીપણાનો દુષ્ટ ગુણુ હતો, આથી તેની આ ચાલ સુધારવા જશરેશ્વરીએ ઘણા યત્ન કર્યા પણ તેણી તેના દુર્ગુણ સુધારી શકી નહિ. પ્રતાપાદિત્યે પોતાના કાકા બસંતરાય તથા તેના કુટુંબનું કાંસલ કાઢવાનો પ્રપંચ રચ્યો હતો, તે જશરેશ્વરીના જાણુમાં આવતાં બસંતરાયનો બંચાવ કરવા તેણીએ ભરદરબાર વચ્ચે તેના રક્ષણુની ચેતવણી આપી રાજાના દુષ્ટ વિચારોને અમલમાં મેલતાં અટકાવ્યાં હતાં, પણ પાછળથી બસંતરાયને પ્રતાપાદિત્યે ફરેબથી મારી નખાવ્યો, ત્યારે તેના કુંવરને જશરેશ્વરીએ બહાદુરીથી બચાવી લીધો હતો. આથી અકબરે રાજા માનસિંહને જેસોરપર ચઢાઇ કરવા મોકલ્યો. તેમાં રાણા પ્રતાપાદિત્ય કેદ થયો પણ રાણી જશરેશ્વરીએ એક લશકરની સરદારી લઇ માનસિંહ સામે થઇ. પણ બેઉ બાજુની સમજુતીથી સુલ્હે થતાં તે પોતાના ભર્તાર પ્રતાપાદિત્ય સાથે દિલ્લી જવા તૈઆર થઇ; પણ માર્ગમાં બનારસ પાસે પ્રતાપાદિત્ય મરણુ પામતાં જશરેશ્વરી તેના શબ સાથે બળી મુઇ.

**જષ્કપૂર**—આ હિંદનું પ્રાચીન શેહેર કાનિષ્ક અને હુષ્કના ભાઇ જષ્કે સ્થાપ્યું હતું. જુક અથવા ઝુકૂર નામે એક શેહેર રાજ્યધાનીની ઉત્તરે ૪ મૈલ ઉપર છે. તે જષ્કપૂર હશે એમ બ્રાહ્મણો જણાવે છે. અત્રેની મુસલમાનોની જુની ઇમારતો તથા મસજીદો મળે છે

**જસ્ટીની**—અટક ‘માર્ટર’. સેમિરીયામાંના ફ્લેવિયા નેપોલીયસમાં ઇ. સ. ૧૦૦ માં જનમ્યો. એનો પિતા મૂર્તિપૂજક હતો, અને તેથી એને તે પંથનું શિક્ષણુ મલ્યું હતું. એણે તે પછી સ્ટોઇક શાળામાં અભ્યાસ કર્યો. પણ તે પછી એણે જ્યૂ ધર્મનો અભ્યાસ કર્યો અને તેટલાં એણે ખ્રિસ્ત ધર્મનો ચૂસ્ત ધર્મ ઉપાધ્યા અને તેમનો ધર્મ તરફનો દ્રઢ નિશ્ચય જોઇ તે

ધર્મમાં દાખલ થઇ ધર્મ ઉપદેશકનો વેશ પેહેરી દેશેદેશ ઉપદેશ કરવા લાગો. તેમાં ઇરીસસ અને રોમમાં એણે મુખ્ય વ્યાખ્યાનો આપ્યાં. ધર્મ માટે એને પ્રાણ ત્યાગ કર્યો તે બનાવ ઇ. સ. ૧૪૮ માં યા ૧૬૫ માં બન્યો હતો, જે વિશે ચોક્સ નોંધ મળતી નથી. એના રચેલા ગ્રંથો મ્હોટા નથી, પણ થોડાં છે તે ઘણાં ઉપયોગી અને વાંચવા લાયક છે.

**જસ્ટીનીઆ**—આ અતી નાહનું ફુલ ઝાડ બગીચામાં ગમે ત્યાં ઉગાડી શકાય છે. નવાં ઝાડ કલમ રોપ્યાથી ઉગેછે. એની 'કોક-સિનીઆ જસ્ટીનીઆ' નામની જાત અતી શોભાયમાન હોઇ તે ૪ ફીટ ઊંચા વધે છે. એનાં ફુલો રંગે લાલ અને બે ઈંચ લાંબાં હોયછે. કારનીયાપતીનાં ઝાડ ૩ ફીટ વધે છે, તેનીપર ગુલાબી રંગના ફુલના ઝુમખા આવે છે. કાલીઓટીઆ નામના ઝાડપર લીંબુના રંગના ફુલો આવે છે.

**જસ્ટીનીયન ૧ લો—ફ્લેવિયસ એની સીયસ.** જન્મ ઇ. સ. ૪૮૨ અથવા ૪૮૩ માં ઇલેટીયામાના ટુરેસિયમના ગામડામાં થયો. એનું પેહેલું નામ 'યુપ્યુડા' પડ્યું હતું. એણે કોન્સટન્ટીનોપલમાં વિદ્યા-અભ્યાસ કર્યો હતો. ૫૧૮માં એના કાકા શેહેનશાહ જસ્ટીને એને એશિયાના લશકરના સરદારનો ઓધો આપ્યો. ૫૨૧માં એ એલચી તરીકે નેમાયો, અને પોતાના કાકાના અમલમાં મ્હોટી નામના પામ્યો. ૫૨૭માં શેહેનશાહ જસ્ટીનને રાજસભાએ ભલામણ કરવાથી એને રાજ્યનો ચોક્સ ભાગ સોંપ્યો, પણ ૪ માસ પછી એણે પોતાને શેહેનશાહ તરીકે જાહેર કરી રાણી થિઓગેરા સાથે રાજ્યાભિષેક પામ્યો.

જસ્ટીનીયન રાજ્યરૂઢ થયો ત્યારે ૪૫ વર્ષનો હતો. એણે ૩૮ વર્ષ રાજ્ય અમલ ભોગવ્યો, જે કારકીર્દિ ઘણીજ ઝલકાટમંદ નિવડી. એ જો કે ઘણો શૂરવીર યોધ્ધો નહોતો તોપણ એનામાં પોતાના સરદારોની ચુટણી કરવાની સારી કુન્હે હોવાથી એણે મ્હોટી નામના મેળવી હતી. એણે પોતાનો અમલ પૂર્વથી પશ્ચિમ સુધી એક છત્ર તળે ચલાવવામાં ઘણી બાહોશી વાપરી હતી. એણે પોતાની સત્તા આફ્રિકા, રોમ, ઉતર ઇટલી અને સ્પેનમાં સ્થાપી હતી. વળી એનું રાજ્ય એક જબરી કિલ્લેબંદીના કામથી મજબુતી પામ્યું હતું, તેમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વની સરહદ ભણી મજબુત બનાવી હતી, એનું મરણ ૫૬૫માં ૧૪ નવેંબરે નિપજ્યું હતું.

**જસત**—ઉત્પત્તિ–ક્યાલમાઈનસ્ટોન (જસતનો કાર્બોનેટ) અને બ્લેંડ જસતનો સલ્ફાઇડ આ બે રૂપથી મુખ્ય કરી જસત પૃથ્વીમાં ઘણો મળે છે; અને તેમાંથી જસત કાઢે છે. પેહેલો પથ્થર પ્રાચીન કાળથી જાણીતો હતો અને તેને ત્રાંબામાં મેળવી પિત્તળ બનાવતા હતા. ક્યાલમાઇનસ્ટોન, સેલિશ્યા, બેલજીયમ, સાર્ડિનિયા, અને ઈંગલંડ દેશમાં મળે છે. ત્રીજી જાતનાં જસતનાં પથ્થર સિલેકેટના રૂપે આસ્ટ્રીયા અને બેલજ્યમ દેશમાં મળે છે. હિંદુસ્તાનમાં મદુરા, પંજાબ અને રજપૂતા-નામાં 'બ્લેંડ' નામની અશુદ્ધ ધાતૂ કેથે કેથે મળે છે, પણ જસત બનાવવાના કારખા-નાં આગળ યા હાલમાં કેથે હોવા વિશેનું વર્ણન મળતું નથી. યૂનાઈટેડ કીંગડમમાં ૧૮૯૧ આગમજનાં પાંચ વર્ષમાં ૨૩૦૦૦ ટન કાચું જસત ખણી (૧૦૦૦૦૦ પૌંડનું) કાઢવામાં આવ્યું હતું. તેમાં ૯૦૦૦ ટન નરમ જાતનું હતું, કે જેની કિંમત ૧૬ પૌંડથી ૨૪ પૌંડ દર ટને ઉપજી હતી. ઉપલા જથ્થાથી અર્ધો જથ્થો વેલ્સની ખાણોમાંથી ખણી કાઢવામાં આવ્યો હતો. એજ મુદતમાં દર વર્ષે પરદેશથી આવેલા માલની રાસ ૭૬૦૦ ટન જસત અને ૨૮૦૦૦ ટન કાચી ધાતુ આવી હતી. કે જેની દર વર્ષે કિંમત ૧૭,૦૦૦૦૦ પૌંડ ઉપજી હતી. હાલમાં યૂનાઇટેડ સ્ટેટમાં જસત દિન પર દિન વધુ મળતું જાય છે. ૧૮૮૯માં ઉપજ ૫૮૮૬૦ (કિંમત ૧૧,૫૮૩૬૫ પૌંડ) અને ૧૮૯૦માં



૬૩૬૮૦ ટન (૧૨,૫૩૨૮૧ પૌંડ) મળ્યું હતું. મુખ્ય કરી અમેરિકામાં આ ધાતૂ ઇલીનોઇસ, કેનસાસ, અને મિસોરીમાંથી મળે છે; પણ તે શિવાય એની મ્હોટી પેદાયશ માટેનાં જાણીતા દેશોમાં જર્મની છે. અને તેથી ઉતરતી પેદાયશ બેલ્જીયમ તથા અમેરિકામાંના સંયૂક્ત સંસ્થાનમાં થાય છે. યૂનાઇટેડ કીંગડમમાં આ ધાતૂના ગંજાવર કારખાનાં છે. અશુદ્ધ ધાતૂ બહાર દેશાવરથી આયાત થાય છે. ઇટલી તથા ગ્રીસમાં આ ધાતુની સારી પેદાયશ છે. આસ્ત્રીયા, સ્વિડન અને સ્પેનેમાં પણ આ ધાતુ મળે છે. હિંદુસ્તાનમાં જસતનો આયાત વેપાર નીચે મુજબ હતો.

| | | |
|---|---|---|
| ૧૮૭૬માં | ૮,૨૬,૦૦૦ | રૂપ્યાનો |
| ૧૮૮૨માં | ૧૩,૫૨,૦૦૦ | ,, |
| ૧૮૯૨માં | ૧૯૪૬૦૦૦ | ,, |
| ૧૮૯૪માં | ૧૯૨૮૦૦૦ | ,, |

દુનિયાંમાં જૂદા જૂદા ભાગમાં ૧૮૯૮–૯૯ માં થએલી જસતની ઉત્પત્તિનો કોઠો નીચે મુજબ છે.

| | ૧૮૯૮માં– | ૧૮૯૯માં |
|---|---|---|
| દેશો | ટન | ટન |
| રાહિન પ્રૉવિન્સ, બેલ-જયમ અને નેધરલેંડ | ૧૯૧૮૩૬ | ૧૯૨૯૯૪ |
| યૂનાઇટેડ સ્ટેટસ | ૧૦૩૫૧૪ | ૧૨૩૧૯૪ |
| સિલેશ્યા | ૯૯૨૩૩ | ૧૦૦૧૬૦ |
| ફ્રાન્સ તથા સ્પેન | ૩૨૬૪૯ | ૩૩૪૮૨ |
| ગ્રેટબ્રિટન | ૨૮૨૮૭ | ૩૨૨૩૩ |
| યૂરપનાં બીજા દેશો | ૫૭૬૪ | ૬૩૧૫ |
| આસ્ત્રીયા | ૭૨૨૯ | ૭૩૦૫ |
| જુમલે— | ૪૬૮૫૧૨ | ૪૯૫૬૮૩ |

**જસતની બનાવટ**—ક્યાલમાઇન સ્ટોનને ખુબ ભૂંજે છે આથી તેમાંનું પાણી અને કાર્બોનિક ઍસિડ ઉડી જાય છે, અને જસ-તનો ઑકસાઈડ પાછળ રહેછે. પછી તેનો ભૂકો કરી તેમાં કોલસો અથવા કોકની ભૂકી મિશ્ર કરે છે. પછી તે મિશ્રણ એક જાતની મટોડીની મ્હોટી મૂસ અથવા રિટાર્ટમાં નાખી તેને ભઠ્ઠીમાં ગરમ કરે છે, તે વખતે મૂસ ઉપર મજબૂત ઢાંકણુ બેસાડે છે; અને તેના તળીયામાં છિદ્ર પાડી તેમાંથી લોઢાની નળી નાખી તેનો એક છેડો મુસના પૃષ્ટ ભાગ સુધી લઇ જઇ બીજો છેડો પાણીનાં વાસણ-માં મુકે છે. તેમાં ગર્મીને યોગે ક્યાલમાઇન માહેલો કાર્બોન ઍસિડ ઉડી જાય છે. જસ-તનાં ઑકસાઇડમાંનો ઑકસિજન કોલસાથી સંયોગ પામી કાર્બોનિક ઍસિડને રૂપે ઉડી જાય છે. બાકી રહેલું જસત વરાળ રૂપે ઉડી લોઢાની નળી દવારે પાણીમાં ઠરે છે. જસતનાં રસમાં હવા નહિ જવા દેતાં જસ-તની વરાળને એકઠી કરવી જરૂરની છે. અતી ઉષ્ણુમાન ઉપર જસત સળગે છે, અને જસ-તનો ઑકસાઇડ બની તે પણ બળે છે; આથી મૂસ તદન બંધ રાખી તેમાં હવા નહિ દાખલ થાય તેમ કરી નળીદ્વારે પાણીમાં જસતની વરાળ લઇ જવાની ગોઠ-વણ કરવી પડેછે.

૧—ઝીંક બ્લેંડ પથ્થરને પ્રથમ હવાના પ્રવાહમાં ભૂંજેછે. તેથી કરી તેમાંનુ ગંધક બળી જઇ પાછળ જસતનો ઑકસાઇડ રહે છે. તેમાં કોલસો મિશ્ર કરી તેમાંથા ઉપરનું જસત કાઢેછે.

**શુદ્ધ જસત બનાવવાની રીત.** બજારમાં જે જસત વેચાતું મળેછે તેમાં શિસું, લોઢું કલ્લઇ, કાર્બોન, ત્રાંબુ, ક્યાડમિઅમ, અને આર્સેનિકની ભેળ હોયછે. તેઓથી તેને અર્ક રૂપે ઉડાવી એકઠું કરી શુદ્ધ કરવું પડે છે. તદન શુદ્ધ જસત તૈઆર કરવાની સેહેલ રીત એ છે કે જસતનાં સલ્ફેટનાં જાડા રસમાં સેહેજ ઍસિડ મિશ્ર કરી તેમાં સલ્ફ-યૂરેટેડ હૈડ્રોજન ગ્યાસ છોડવી; આથી કાંઇક થરો બેસતાં તેમાંથી શુદ્ધ ગાળી લઇ તે રસ કાઢેછે, એટલે તેમાંનો સલ્ફયૂરેટેડ હૈડ્રોજન ઉડી જાયછે, પછી તેમાં સોડિયમ કાર્બોનેટ મેળવવો, એટલે જસતનાં કાર્બોનેટનો થરો તળીયે બેસે છે, તેને ખૂબ ધોઇ સલ્ફ-

યૂરિક ઍસિડમાં પિગળાવેછે. આ રસમાં વિજળિક પ્રવાહ છોડયાથી જસત બેટેરી માહેલા ત્રાંબાના જોડેલા તારપર એકઠો થાયછે. અથવા કાર્બોનેટ ગરમ કરી તેમાંના કાર્બોનિક ઍસિડને ઉડાડવો એટલે જસતનો ઑકસાઇડ સેહેજ રહેશે. તેને ચીનાઈ મટોડીનાં રિટાર્ટમાં ગરમ કરી જસતને અર્કરૂપે એકઠો કરવો.

જસત એ બહુ સફેદ રંગની ધાતુ છે, એની ગોળ સળીને આડી તોડી હોય તો તેની સુંદર સ્ફટીકાકાર રચનાં ભાંગેલી જગાપર નજરે પડશે. સાધારણ ઉષ્ણુમાન ઉપર જસત બરડ હોયછે, પણ ૨૧૨° ફેરન ઉષ્ણુમાન ઉપર એ ઘન વર્ધનીય અને પ્રસરણશિલ હોઇ પાતળાં પત્રાં અને ઝીણી તારો બનાવવા લાયકતું થાયછે. તે પછી જસતને થંડો પાડતાં તેનાં અંગે આ ગુણો રહેછે, અને જસતનાં પત્રાં પણ એમજ બનાવેછે. ૪૧૦° ફેરન ઉષ્ણુમાન ઉપર એ ફરી બરડ બને છે. આ સ્થિતિમાં તેની ખાંડણીમાં ભૂકી બનાવી શકાય છે. અજમાસે ૭૭૩° ફેરન ઉષ્ણુમાન પર જસત પિગળે છે, અને આરકતોષ્ણથી તે ઉડી જાયછે. એની વરાળ ખુલ્લી હવામાં જવા દીધી હોય તો તે સળગી ઉઠેછે, અને સુંદર લીલાસફેદ રંગની જ્યોત ઉત્પન્ન થઇ જસતના ઑકસાઇડનો સફેદ કપાસ જેવો ધૂમાડો નિકળે છે; તેને જસતનું ફુલ કહે છે. સરદ હવામાં જસત બહારના અંગથી જલ્દી તપે છે. પણ તેનું ઉપલું અંગ એક વખત કાટ ખાતાં તેના તળેનું અંગ કદી કાટ ખાતું નથી. આ એના ગુણને લીધે એનો વેપારમાં બોહોલો ઉપયોગ થાય છે. પાણીથી તેને થંડો કર્યાથી ક્લોરિન, બ્રોમિન અને આયોડિનથી સાધારણ ઉષ્ણુમાન ઉપર સંયોગ પામે છે. શૂદ્ધ પાણીમાં જસતને મેળતાં તેનીપર પાણીની અસર થતી નથી; પણ તેમાં કાર્બોનિક ઍસિડ અને હવા એ ગ્યાસ હોય તો જસત જલ્દી ઑકસાઇડજ બને છે. સાધારણ ઉષ્ણુમાન ઉપર મંદ અથવા જલ્લદ મિશ્રીત ઍસિડમાં જસત જલ્દી પિગળીને પાણીનું પૃથકકરણ કરે છે. હાઇદ્રોજન ગ્યાસ બનાવવા એનોજ ઉપયોગ કરેછે. કાસ્ટિક પોટાશનાં જલ્લદ રસમાં જસતને નાખી તેનો રસ ઉકાળે છે, તેથી હાઇદ્રોજન જુદું પડી તેની જગા જસત લેછે. શૂદ્ધ જસત ઉપર જળમિશ્રીત સલ્ફયૂરિક ઍસિડની ક્રિયા થતી નથી, પણ અશૂદ્ધ જસત તેમાં તુરત પિગળે છે. આ ઉપરથી શૂદ્ધ જસતની પરિક્ષા કરી શકાય છે.

કેટલીક ધાતુનાં ક્ષારનાં રસમાં જસતને નાખતાં તેમાંની ધાતુ જસતપર એકઠી થાય છે, અને જસતનો અંશ ધાતુની જગ્યા લીયે છે. મોરથૂથૂનાં રસમાં જો જસતને નાખ્યે તો તે ત્રાંબાને જૂદું પાડે છે, એટલુંજ નહિ પણ તે જો ગરમ કર્યું હોય તો પાણીનું પૃથક્કરણ કરી હાઇદ્રોજનને જૂદો પાડે છે.

**જસતનો ઉપયોગ** દુનિયામાં બોહોળો થાય છે. ટકાઉપણું, સસ્તી કિમતે અને હલકાપણાને લીધે એના છાપરાં બનાવે છે. તેનો જલ્દી ઑકસિડાઇજ થવાના ગુણ ઉપરથી વિદ્યુચક્રમાં જસતનો ઉપયોગ કરે છે. છાપરાપરનાં લોઢાનાં પત્રાં જસતનું પાણી આપીને બનાવે છે. એને ગ્યાલ્વ્હનાઇજડ લોઢાનાં પત્રાં કહે છે. શૂદ્ધ જસત ઘણું નરમ અને બળી ઉઠે એવું હોયછે. લોઢું મજબૂત હોવાથી તેને જસતથી મઢી લીધાથી તેપર કાટ ચઢતો નથી, અને તે કદી બળતું નથી. લોઢાનાં સ્વચ્છ પત્રાંને પિગળાવેલા જસતના પિપોમાં બોળી તેની કલ્લઈ ચઢાવે છે. જસતના પૃષ્ટ ભાગ ઉપર નવસાગર ચોપડે છે. જસત તેના ઑકસાઇડને પિગળાવે છે, આથી લોઢાપર જસત મજબૂત ચઢે છે. જસતના રસને થંડા પાણીમાં નાખ્યાથી તે બરડ બને છે. તેને ગ્રૅન્યુલેટેડઝીંક કહે છે. મેગેનિસ્યમ કરતાં જસતની વરાળ સળગવા અતી ઉષ્ણતા જોઈએ, આથી પ્રકાશ પાડવા માટે પણ એનો ઉપયોગ કરેછે.



**જસતની હલકી ધાતુ**—જસત બીજી ધાતૂ સાથે મિશ્ર થતાં ઘણી ધાતુઓ બને છે. બે ભાગ ત્રાંબુ અને એક ભાગ જસત એના મિશ્રણથી પિત્તળ બને છે. જર્મન સિલ્વર અને કોપરબ્રાસ પિત્તળમાં થોડું નિકલ ધાતુ મિશ્ર કરવાથી બને છે, અને આ નવી ધાતુથી તેને સફેદ રંગ પ્રાપ્ત થાય છે. દુર્બિનના કાચ બનાવવા માટે સિંદુરને (રેડ લેડ )જગે જસતનાં ઑકસાઈડનો ઉપયોગ કરે છે. કલ્લઇ અને ત્રાંબા સાથે જસત મિશ્ર થતાં બ્રૉન્ઝ નામની કઠણ ધાતૂ બનેછે.

**વૈદક શાસ્ત્રમાં** જસતનાં ગુણ કલ્લઇ જેવાં ગણેલાં છે; અને કલ્લઇની માફક તેની ભષ્મ બનેછે. જસતની ભષ્મ ઝીંક ઑાસાઇડ' ને અનુસરે છે. જસતનાં ફુલને 'ઝિન્ક સલફાઇડ કહે છે.

જસતને પાતળું કરી દુધમાં ૨૧ વખત ઉકાળીયાથી તે શૂદ્ધ થાય છે. એની ભષ્મ બનાવવા થકી ખાપરીયામાં નાખી રસ કરે છે; અને લીંબુના કાષ્ટ વડે છુંદે છે. નીચે તિવ્ર અગ્નિની આંચ આપવી, એટલે ભસ્મ થાય છે.

જસત કઢાઇમાં નાખી લોખંડની કડછીથી છુંદવું એટલે તેની ભષ્મ થાય છે, તેને જસતનાં ફુલ કહે છે. આંખોપર છારી બંધાઇ હોય ત્યારે જસતનાં ફુલ અને ખડીસાકર એનો ખલ કરી તે ભૂકી રાત્રે ઉંઘતી વેળા આંખમાં નાખવી, અથવા એક ભાગ ફટકી અને તેનો ચોથો હિસ્સો જસતનાં ફુલ એનો સારો ખલ કરી તે ભૂકી બે ગુંજ લઇ તેમાં ૧ા તોલો પાણી નાખી, દિવસમાં બે વખત પિછી વડે આંખમાં નાખવું એટલે આવેલી આંખો, ગળ, પિળા અને લાલી એની શાંતી થાય છે.

**જસદણ**—કાઠીયાવાડમાં આ ત્રીજા વર્ગનું એક સંસ્થાન. જસદણ શેહેર કોટડા પીઠાની ઉત્તરે ૬ મૈલ, ને બાબરાની વાયવ્યે ૧૬ મૈલ ઉપર ભાદરવા નદીને પશ્ચિમ કાંઠે છે. આ સંસ્થાનમાં ૬૨ ગામો છે. ૧૮૭૨માં લોકવસ્તી ૩૦૧૩૪ની, ૧૮૮૧માં ૨૯૦૩૭ની ને ૧૯૦૧માં ૩૫૦૫૭ની હતી. વાર્ષિક ઉપજ ૧,૨૫૦૦૦ રૂપિયાની છે. સંસ્થાનનું ક્ષેત્રફળ ૨૮૩ ચોરસ મૈલ છે. મુખ્ય પેદાશ રૂ અને ધાન્યની છે. કાઠીયાવાડમાં એ ૩ જે નંબરનું ગામ છે. અત્રેના રાજા ૧૮૦૭થી બ્રિટીશના આશ્રીત છે. જસદણના રાજ્ય કર્તા બ્રિટીશ, ગાયકવાડ અને જુનાગઢ સરકારને ૧૦૬૬ પૌંડની ખંડણી ભરે છે. લશકર ૩૪૨ માનસોનું છે. રાજ્યમાં ૬ શાળા, ને ૩૮૨ વિદ્યાર્થિઓ છે. પોલીસમાં ૬૦ સવારો ને ૩૪૮ પાયદળ છે.

ઇતિહાસ મુજબ ઠાકોર 'અલાચેલા' ખાચર કાઠીઓની લખાણી શાખાના છે. જસદણ પુરાણું શેહેર ગણાય છે. એનું નામ ઘણું કરીને ક્ષત્રીય વંશના સ્વામિ ચષ્ટન ઉપરથી પડયું હશે. એ વંશનો એક લેખ જસદણની ઇશાન્યે ૭ મૈલ ઉપરથી જડી આવ્યો હતો. જુનાગઢમાં ઘોરી વંશનો અમલ હતો, તે વેળા અત્રે એક મજબૂત કિલ્લો બાંધ્યો હતો, અને તે વેળા ગામ ઘોરીગઢને નામે ઓળખાતું હતું. તે પછી કેટલેક વર્ષે એ ખરેડીના ખુમાણોને હાથ ગયું, ને જસા ખુમાણ પાસેથી ઈ. સ. ૧૬૬૫ માં લખાણી ખાચરોના મૂળપુરૂષ લખાખાચરના પૌત્ર વિકાખાચરે જીતી લીધું. વિકાખાચર ઇ. સ. ૧૬૮૫ માં મરણ પામ્યો, એટલે તેની ગાદીએ તેનો બીજો કુંવર માણીયો થયો. માણીયો ખુમાણોની સાથે લઢતાં નિઃસંતાન મુવો, ત્યારે તેનો નાહનો ભાઇ ચેલા અને તેના પછી તેનો દિકરો ઓધને, તે પછી વાજસૂર ગાદીપતિ થયો. ખાચરની સતા જબરી હતી, ને તેણે છેક ધંધુકા સુધી પાલ બેસાડયો હતો; પણ એને ભાવનગરના ઠાકોર વખતસિંગજીએ નમાવી જસદણ લુટયું હતું. તે પછી જસદણ નવાનગરે લીધું ને ત્યાં ફોજ મુકી, પણ જામજસાજીનું લગ્ન થયું તે વખતે વાજસૂર ખાચરે જામને આટકોટ આપી જસદણ

પાછું લીધું. કર્નલ વાકરની સાથે જસદણ તરફથી વાજસૂર ખાચરે ઠરાવ કર્યો હતો. વાજસૂર પછી તેનો કુંવર 'ચેલા' થયા, તેણે બ્રિટીશ સરકાર પાસથી દર વર્ષે ૩૨૪૭૫ ની રકમ લઇ બ્રિટીશ મુલકમાં પાલ લેવાનો પોતાનો હક્ક જતો કર્યો. એમણે ૧૮૫૨ સુધી રાજ્ય કર્યું. તે પછી હાલનાં ઠાકોર 'ચેલા' ગાદીપર આવ્યા.

આ સંસ્થાનમાં ૬ શાળા હોઇ તેમાં ૩૮૨ વિદ્યાર્થીઓ છે, પોલીસમાં ૬૦ સવારો ને ૩૪૮ પાયદળ છે.

**જસદણ**—ઉપલાનું મુખ્ય શેહેર, કોટરા પીથાની ઉત્તરે ૬ મૈલ પર છે. જુનાગઢના વૈરી વંશના અમલમાં અત્રે ગોરગઢ નામે કિલ્લો બાંધવામાં આવ્યો, ૧૮૭૨ માં વસ્તી ૩૬૬૩ની ને ૧૮૮૧ માં ૩૮૭૩ ની તથા ૧૯૦૦ માં ૩૯૦૦ની હતી.

**જસમા**—હિંદમાં આ સ્ત્રી પોતાના પતિવ્રતપણા માટે ઘણી પ્રસિદ્ધતા પામી ગઇ છે. ઈસવી સનની અગીઆરમી સદીની આખેરીમાં અણહિલપૂરમાં સિધરાજ જેસીંગ રાજ્ય કરતો હતો, તેણે તલાવ કુવા ખોદાવવા માટે ઓડ જાતના મજુરોને લગાડયા હતા, તે વેળા તેણે એ જાતની એક અતિ ખુબસુરત જસમા નામની માળવામાં રહેતી સ્ત્રીની વખાણ સાંભળી. તે સ્ત્રીને હાથ કરવા માટે રાજાએ પાટણમાં તલાવ બાંધવાનું કામ આરંભ્યું. તે કામ માટે રાજાએ પોતાના ભાણેજ દુધમલને માલવામાંથી ઓડ મજુરોને લાવવાનું કામ સોંપ્યું, અને જસમાને પણ તેમાં તેડી લાવવાનું છુપી રીતે જણાવ્યું. માળવા પુગતાં જસમાને ઘેર જઇ દુધમલે પાટણમાં તલાવ ખોદવાનાં કામ માટે મજુરો જોઇએ છે એમ જસમાને જણાવ્યું. આથી જસમા તથા તેના ભર્તારે પોતાના જાતીલાઓને એકઠા કરી તેમને લઇ જસમા પાટણ ગઇ. ત્યાં સિધ્ધરાજે તેને પોતાના મેહેલમાં ઉતારો લેવા કહી, તેના જાતીલાઓને ગામ બહાર નાખેલી છાવણીમાં રહેવા કહયું, પણ જસમાએ તે માટે પોતાને નાલાયક જણાવી પોતાના સાથીઓ સાથે જઇ રહી. રાજાએ તેની ખુબસૂરતી જોઇ વધારે રીદા થઇ તેને તર્હેવાર રીતે સમજાવી પણ તે પતિવ્રતા સ્ત્રીએ તેની માગણી તુચ્છકારી કાઢી.

તલાવનું કામ પુરૂં થતાં બધા મજુરોને તેમની મેહેનતની મજુરી ચુકવી આપી, પણ જસમાને થોડા દહાડા થોભી જવા કહ્યું, પણ તે પતિવ્રતા ઓરત તેની ઈચ્છા જાણી, પોતાના જાતભાઇઓ સાથે મજુરી લીધા વિના જવા નિકળી. આ ખબર સાંભળી સિધ્ધરાજે એક હથિયારબંધ તુકડી તેમની દુંબાલે મોકલી. આ તુકડીએ મજુરોની તુકડીને 'મોઢેરા' નજદીક પકડી તેમની સાથે ઝપાઝપી થતાં ઘણા મજુરો મરણ પામ્યા. આથી જસમાને ઘણું લાગી આવ્યું. પોતાના માટે પોતાના જાતભાઇઓ નાહક માર્યા જતા જોઇ પોતે પેટમાં કટારી મારી મરી ગઇ. અને એ રીતે રાજાની બદનિષ્ટા ઉંધી વળી હતી.

**જસાસિંહ**—કપરથલાના રાજ્યનો સ્થાપક મૂળ પુરૂષ. એ જાતે જાટ જાતનો કલાલ હતો. એના સમયમાં પંજાબમાં શીખ લોકોએ તુફાન મચાવ્યું. તે દરમ્યાન દુઆબમાં કેટલીક જગ્યા પચાવી પાડી. ઇ. સ. ૧૭૮૦માં તેનો માલેક થયો, અને તે પછી તેના વંશજોએ સત્તા સ્થાપન કરતાંજઈ ચઢતી કળાએ પુગા હતા.

**જહાંગીર પાદશાહ**—સલીમ અથવા નુરૂદીન મોહમદ જહાંગીર. જન્મ શીખરીમાં ૧૩ આગસ્ટ ૧૫૬૯ માં થયો. (હિજરી સન ૯૭૭, ૧૭ મી રાબી). એની માતા રાજા બિહારીમલ કચ્છવાની બેટી હતી, જેને મરીયમ ઝમાન નામનો એલકાબ આપેલો હતો. એ ૧૬૦૫ માં ૧૬ અકટોંબરે ગાદી નશીન થયો. એનો અમલ શરૂ થતાં અકબરના અમલના જે હિંદુ મુસલમાન વચ્ચેની એકત્રતા હતી તેની વચ્ચે તડાં પડયાં, અને નાણાપર મોહમદી ધર્મના ફકરા છપાયા, તથા



અફીણ, દારૂ વેચવાની બંધી નિકળી ગઇ. ૧૬૦૬ના માર્ચમાં જહાંગીરના વડા શાહાજાદા ખુશરૂએ લાહોર જઇ ત્યાં સામે થયો, પણ હાર પામી કાબુલ નહાઠો; માર્ગમાં પકડાતાં દિલ્લી દરબારમાં લાવવામાં આવ્યો. તે પછી ખુશરૂને સદા તકેદારી તળે રાખવામાં આવ્યો હતો. ૧૬૦૭ માં જહાંગીરે મોહબતખાનને લશકર આપી ઉદેપુર ઉપર ચઢાઈ કરવા મોકલ્યો, અને બીજું લશકર ખાનખાનાનની સરદારી તળે આવ્યું. પણ મલીકઅંબર અબેસિનીયા, નીઝામશાહ, અને અદલશાહીનાં વંશજો તથા મરાઠાઓએ જેહાંગીરના અમલમાં જગેજગ બખેડા અને ફેસાદો ઉઠાવી પોતાની ચઢતી દશા બતાવી હતી. ઇ. સ. ૧૬૧૧ (હિ. સ. ૧૦૨૦) માં જહાંગીર શેર અફ્ઘનખાનની વિધવા નૂરજહાન સાથે પરણ્યો હતો. (જૂઓ નૂરજહાન). નૂરજહાનની બાહોશી અને પાદશાહપર તેનો કાબુ એટલો હતો કે પાદશાહી નાણાપર તેના નામની કવિતા કોતરવામાં આવી.

નુરજહાનના પિતા ગયાસુદ્દીનને વડો વઝીર બનાવી તેના ભાઈ આસેફજાહને મ્હોટી પદ્વિ આપી હતી.

જહાંગીરે પોતાના બેટા ખુરરમને શાહાજહાનનો ખેતાબ આપી ૧૬૧૬ ના અકટોંબર (હિ. સન ૧૦૨૫) માં ગાદીવારેસ જાહેર કીધો. આ વેળા પેહેલા જેમ્સ તરફથી સર થોમસરો એલચી તરીકે જહાંગીરની દરબારમાં આવ્યો હતો.

૧૬૨૧ માં જહાંગીર કાશમિર તરફ ગયો ત્યારે નૂરજહાને ફરી પોતાના જમાઇ શેહેરીયાર (એ જહાંગીરની પેહેલી સ્ત્રીનો પુત્ર અને નૂરજહાનને શેરઅફઘનથી થએલી બેટીનો પતી) ને ગાદીનો વારેસ બનાવવાની પેરવી કરી. આથી શાહાજહાને ફરી દખણમાં ગડબડ મચાવી. તે પછી બાપ બેટા વચ્ચે લઢાઇ જાગી, જે ૧૬૨૫ સુધી લાગટ ચાલી. સેવટે શહાજહાનને જહાંગીરના બળ પાસે નમવું પડયું, અને તેણે પોતાની ચાલ સુધારવાની જામીનગીરીમાં પોતાના બે બેટા દારાશેકો અને ઔરંગજેબને દિલ્હી દરબારે મોકલ્યા.

એક પ્રસંગે જહાંગીર કાબુલ જતાં જેહલમ કાંઠે મોહબતખાનને હાથે કેદ પકડાયો, ત્યારે શૂરવીર નૂરજહાંને ઘણીજ અસાધારણ તદબીરથી જહાંગીરનો તથા પોતાના લશકરનો છુટકો કરાવ્યો હતો.

જહાંગીરનું મરણ ઇ. સ. ૧૬૨૭ માં ૨૮ અકટોંબરે (હિજરી સન ૧૦૩૭-સફર ૨૮ મી) એ નિપજ્યું. એની કબર લાહોરથી ૩ મૈલ પશ્ચિમે શેખદારા તરફ છે.

જહાંગીર રાજા માનસિંગની બેહેન સાથે પરણ્યો હતો, પણ જ્યારે તેના બેટા શેહેરીયાર અને શાહાજહાન સાથે ચાલુ ઝગડા ચાલ્યા તે વેળા તેણીને ઝેર પાઈ મારી નાખવામાં આવી હતી.

જહાંગીર અઠંગ દારૂબાજ હતો. તેનો દારૂપીવાનો જામ એક માણેકમાંથી બનાવવામાં આવ્યો હતો. આ પ્યાલું પંચપાત્ર આકારનું હતું, અને તે એકજ ૩ ઈંચ લાંબા માણેકનું બનાવેલું હતું. આ જામ લખનૌનાં પદભ્રષ્ટ નવાબ પાસે જળવાઇ રહ્યો હતો. જેને તે નવાબે કલકત્તાનાં એક જાણીતા ઝવેરીની દુકાને વેચવા મેલ્યો હતો. આ જામ ઉપર જહાંગીરનું નામ સોનેરી અક્ષરે કોતરેલું હતું.

જહાંગીરના અમલમાં દરબારી ભાષા ફાર્સી હતી, અને પ્રજામાં ઉર્દુ ભાષા બોલાતી હતી. પણ શેહેનશાહ તથા દરબારીઓ તુર્ક ભાષા બોલતા.

**જહાંગીર**—તૈમુરના પૌત્ર પીરમોહમદનો એલકાબ. એ હિંદુસ્તાનમાં ઇ. સ. ૧૩૯૮ માં ગીજની માર્ગે દાખલ થઇ તૈમુરના લશકર સાથે જોડાયો હતો. ને તે પછી મુલતાન લીધું. તૈમુરે હિંદનું પોતાનું સર્વે રાજ્ય આપ્યું, પણ તેટલાં ૬ માસમાંજ તૈમુર મરણ પામતાં ૧૪૦૪ માં એ શેહેનશાહી પદ પામ્યો હતો.

**જહાંગીરાબાદ**—બુલંદ શિહેર જીલ્લામાં અનુપ શેહેર તેહેસીલમાંનુ ગામ. બુલંદ શિહેર શેહેરની પૂર્વે ૧૨ મૈલ ઉપર છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૯૪૦૮ ને ૧૮૮૧ માં ૧૦૩૧૯ ની હતી. તેમાં ૭૭૨૨ હિંદુ, ૨૫૯૭ મોહમેદને હતા. શેહેર ૧૨૧ એકર ઉપર વસાયલું છે. અત્રે કાપડ વણુવાનાં કારખાના છે, તેમજ મસજીદો, સીરાઇ, પોલીસ થાણું અને પોસ્ટ ઑફીસ પણ છે. દર બુધવારે અત્રે મ્હોટું બજાર ભરાય છે.

**જહાંગીરજી બેહેરામજી મર્ઝબાન**—આ જાણીતા ગુજરાતી લેખક તથા 'જામે જમશેદ' પત્રનાં માલેક અને પરોપકારી નરને જન્મ ઇ. સ. ૧૮૪૮માં ૨ જી સપટેંબરે થયો હતો. મુંબઇ ઇલાકામાં પેહેલું ગુજરાતી વર્તમાન પત્ર સ્થાપનાર ફરદુનજી મરઝબાનજીના એવણ પૌત્ર થાય છે. બચપણમાં એલફીન્સટન હાઇ સ્કુલમાં કેળવણી લઇ મેટ્રિક્યૂલેશનની પરિક્ષા આપી એલફીન્સટન કોલેજમાં ટુંક મુદત અભ્યાસ વધારી "રાસ્તગોફતાર" પત્રના મદદનીશ અધિપતિ દાખલ "જર્નાલિસ્ટ" તરીકેની પોતાની કારકીર્દીનું મંડાણ કરી, પાછળથી 'ટાઇમ્સ ઑવ ઈંડીયા'નાં મેનેજર તરીકેના ઓધ્ધો મેળવ્યો હતો; જ્યાં એવણે ચાલાકીથી પોતાનો ઓધ્ધો જાળવી પોતાના માલેક મી૦ મેથ્યૂસમલ જનરલ નાસુલીઝ તથા મી૦ ગ્રેટનગિયરીની વ્યાજબી શાબાસી મેળવી. આ આગેવાન પત્રના પ્રતાપે મુંબઇના આગેવાન વર્ગમાં સારો વગ વસીલો અને માન મેળવ્યું હતું. જ્યારે મી૦ ગ્રેટનગીયરીએ 'મુંબઇ ગેઝેટ' ખરીદયું ત્યારે ત્યાં પોતાના આ ચંચળ અને માનીતા મદદનીશને સાથે રાખી વડા મેનેજર તરીકેના ઓધ્ધો સોંપ્યો હતો. આ ઓધ્ધા દરમીયાન એવણે પોતાના પત્ર માટે અનેક વેળા ખાનગી બાતમીઓ સહુથી પેહેલાં મેલવી આપવાથી પત્રની ઘણી નામના વધારી હતી; મી૦ ગીયરીનો એમની ઉપર એટલો તો વિશ્વાસ હતો કે તેવણ જ્યારે એશિયાની મુસાફરીએ ગયા ત્યારે "બોમ્બેગેઝેટ" નો સર્વ કારોબાર જહાંગીરજીને સોંપી ગયા, એટલુંજ નહિ પણ પોતાના વસિહતના વહીવટદાર તરીકે પણ એવણનેજ નેમ્યા હતા. મુંબઇગેઝેટથી સબંધ છુટો પડતાં એવણે 'એડવોકેટ ઑવ ઇંડીયા' ખરીદી કાવશજી શરાફ સાથે જોડાઈ 'જહાંગીર એન્ડ શરાફની પેઢી' ને નામે 'જામે જમશેદ' છાપાખાનાનો વહીવટ ચલાવવા માંડયો, જે આજે જામે જમશેદ પ્રેસ તથા પત્રને સ્વતંત્ર માલેકી તળે એક આગેવાન અને પેહેલી પંક્તિનું બનાવ્યું છે.

**રમુજી લેખક** તથા **નવલકથાના રચનાર** તરીકે એવણે આજે આગેવાની ભરી નામના મેળવી છે. ગુજરાતી વાર્તા લખનાર તરીકે એવણે મેળવેલી લોકપ્રિયતા એવણનાં ૧૮ પુસ્તકો સાબેત કરી આપે છે. એવણે પોતાની જુવાની દરમ્યાન તેજી કલમ દરાજીનાં જોશમાં લખેલા પેહેલા પુસ્તક "કૌતકસંગ્રહ" થી ગુજરાતી સાહિત્યની એક નવીજ શાખા ઉત્પન્ન કરી, ગુજરાતી લેખકોનું ધ્યાન રમુજી લખાણો તરફ ચંચળ બનાવ્યું હતું. આ ગ્રંથે મી૦ જહાંગીરને એક રમુજી લેખક તરીકે મ્હોટી પ્રસિધ્ધતા આપી છે. તેમજ એમની રચેલી એક બીજી નવલકથા "તારા બાઇ"એ તેનાં લખનારની 'નોવૅલિસ્ટ' તરીકેની કીર્તિનો પાયો નાખ્યો હતો, અને 'જીલુગોરાણી'ની જાણીતી કથા 'સ્કૅાટ'ની બીકટ નવલકથા "હાર્ટ ઑવ મીડલોથીઅન ઉપરથી પારસી જીંદગીને અનુસરતો ફેરફાર કરીને પારસી સંસારી ચિત્ર ઝમકદાર ભાષામાં રજુ કરવાની શક્તિનો વાંચક વર્ગને ઉમદા ખ્યાલ આપ્યો હતો.

એવણે પોતાની ફરજની રૂહે અનેક કથાઓ રચ્યા ઉપરાંત 'જામે જમશેદ' ની કટારોમાં નાહની મ્હોટી સંખ્યાબંધ વાર્તાઓ લખી હતી. તે ઉપરાંત એમના હાથનાં લખાયલા સ્કેચો, સંસારી ચિત્રો, મર્મવચનો, નિર્દોશ રમુજી ટાહુકા ટુચકા, આજે રસીક



લેખક વર્ગમાં હોશથી વંચાય છે. ગપસપ નામે એક પખવાડીક ચોપાનીયાનો પાયો પણ એમણેજ નાખી, ચાલુ રમુજી લખાણોનો ભંડાર આ ચોપાન્યાદ્વારે વાંચક વર્ગને પુરો પાડે છે.

**જાહેર શેહેરી તરીકે**ની કારકીર્દી દરમિયાન એવણ સુલ્હેના અમલદાર તરીકે (જે. પી.), આગલી અંડરગ્રેજ્યૂએટ એસોશિએશનના એક સેક્રેટરી તરીકે, જરતોસ્તી નિશાળ મંડળીના એક સેક્રેટરી તરીકે, પારસી ચીફ મેટ્રેમોનીયલ કોર્ટના એક ડેલીગેટ તરીકે; સર. જે. જે બેનિવોલંટ ઇન્સ્ટીટયૂટનાં એક ટ્રસ્ટી તરીકે અને ટુંક મુદત સુધી મ્યુનિસિપલ કોરપોરેશનનાં એક સભાસદ તરીકે ઉપયોગી સેવાઓ બજાવી છે.

પારસી કોમમાં ઘણીજ નાચાર હાલતમાં સબડતા ગરીબોને જાતી તપાસ અને શોધ ખોળથી શોધી કાઢી તેમનાં દુઃખમાં સાહાય્ય થવા માટે પ્રજાનાં સખીવજુદ ભાગને ઉશકેરી, સ્વજાતી મેહેનત અને દેખરેખથી વર્ષો થયાં પ્રજા ફંડમાંથી એક સખાવત ખાતું એવણ ચલાવે છે.

ઉપલું જાતી મેહેનત અને સ્વતંત્રપણે પરોપકારી કામ બજાવ્યા ઉપરાંત, એવણે બીજાં પણ હમકોમ માટે ઉપયોગી ખાતાં હસ્તીમાં આણ્યા છે. ખંડાળાની સિતળ તેકડી ઉપર સખી વજુદ જરતોસ્તી નરનારીઓએ એમને હસ્તક સોંપેલા નાણામાંથી, લગભગ ૧૩ સુંદર બંગલા સુખ શાંતિગૃહના ધોરણ ઉપર બંધાવીયાં છે. આ ગરીબ તથા વચલે વાંધાનાઓ માટે હવા ખાવાનું તથા તંદરોસ્તી સુધારવા લાયકનું મુકામ પોતાની જાતી તપાસ અને સંભાળ તળે જાળવે છે. તેમજ ખહીથી પીડાતા દરદીઓની સારવાર કરવા માટે દેવલાલી ખાતે એક સેનિટરીયમ સ્થાપવાની યોજના એવણની સુચકબુદ્ધિને આભારી હોઇ ડૉ૦ બહાદુરજીની યાદમાં, આ કામોપયોગી ખાતું ઉભું કરાવવામાં એવણેજ આગેવાની ભર્યો ભાગ લીધો હતો, અને આ અમુલ્ય ખાતાનાં જહાંગીરજ પ્રમુખ છે.

ઇ. સ. ૧૯૦૩ માં "વલસાડના ધુણવાના મુકદમા" નામે લાયબલ'ના કેસમાં એવણે જાહેર હિમ્મત બતલાવી, સુરતના મેજીસ્ટ્રેટ મી૦ બ્રાઉનની તપાસ તળે વલસાડમાં ધુણવાના સાહ્યા તળે ચાલતી ગેરરીતીઓ સ્પષ્ટપણે પુરવાર કરી પારસીઓની એક સારી સેવા બજાવી હતી. આ 'કેસ' દરમ્યાન એમને ભારે ખર્ચમાં ઉતરવું પડયાથી મુંબઇના અગ્રેસર વર્ગે જાહેર ફંડ ઉભું કરી જામેના અધિપતિ તથા માલેક મી૦ જહાંગીરજીને સર જમશેદજી જીજીભાઇ બારોનાઇટનાં પ્રમુખપણા હેઠલ જાહેર ખાણું આપી એક ચાંદીનું વૉઝ સેવાની યાદગારીમાં કોતરકામ સાથે આપ્યા ઉપરાંત, રૂ ૪૫૦૦ ની એક પર્સ ભેટ કરી હતી. આ 'પર્સ' લાગણી સાથ સ્વિકારી એવણે તે નાણાનો અંગત ઉપયોગ નહિ કરતાં 'ખંડાલા સેનેટરીયમ" માટે જાથુકતું 'એનડાઉમેંટ ફંડ' સ્થાપન કરવામાં તે નાણા ભેટ આપ્યા હતા.

**જહાનઆરા બેગમ**—શહાજહાન તથા મુમતાજ મહાલની આ બેટીનો જન્મ ઇ. સ. ૧૬૧૪માં ૨૩ માર્ચે થયો હતો. (હિજરી સન ૧૦૨૩, ૨૧ મી સફરે). આ બાનુ પોતાની ખુબસુરતી અને બાહોશી માટે તે વખતના ઇતિહાસ તથા ગાયનોમાં વખાણુ પામી છે. ઇ. સ. ૧૬૪૪ માં ૨૬ મી માર્ચે તે પોતાના પિતાના દીવાનખાનામાંથી પોતાના જનાનામાં જતી હતી, તે વેળા તે તરફના સર્વ માર્ગ ભભૂકદાર રોશનીથી દીપી રહ્યા હતા. તે વેળા જેહાનઆરાના અંગપર ઉત્તમ પ્રતિની મસલીનનો પોશાખ હતો, તેટલાં અચાનક એક બત્તીની ઝાળથી તેનો તમામ પોશાખ સળગી ઉઠયો. આ વેળા તે તરફ જાણીતા અમીર ઉમરાવોનો જમાવ હોવાથી એણીએ જરાએ ધભરાટ નહિ બતલાવતાં જીવ લઇ પોતાનાં ઓરડા તરફ દોડી, પલંગ પર બળતાં સાથે ઓઢીને સુઇ જવાથી

બળતું ખુજાયું ખરૂં, પણ તેણી સખત દાઝી ગઇ. આથી સૂરતના ઈંગ્રેજ તબીબ ડૉ૰ બૅાગટનને બોલાવી તેના ઇલાજોથી એને સારી કરવામાં આવી હતી. આથી ડૉ૰ બૅાગટને શેહેનશાહની પ્રિતી સંપાદી પોતાના દેશીઓને તમામ મોગલ રાજ્યમાં સ્વતંત્રપણે વેપાર કરવાની છુટનું હોકમનામું મેળવ્યું હતું. આગ્રા નજદીક ત્રીપોલી પાસેની (હાલમાં પડત છે) લાલ મસજીદ ૩૫,૦૦,૦૦૦ ને ખર્ચે ૧૬૪૮ માં એણે બંધાવી હતી. એનું મરણ ૧૬૮૦માં ૫ સપટેંબરે નિપજ્યું.

**જહાનદારશાહ**—અટક-મુઇઝદીન. આલમગીરનો પોત્ર અને શેહેનશાહ બાહાદુરશાહનો પુત્ર. જન્મ દખ્ખણમાં ઇ. સ. ૧૬૬૩માં ૮ એપ્રેલે થયો હતો. ૧૭૧૨ ના ફેબ્રુવારીમાં એનો પિતા મરણ પામતાં રાજ્યગાદી માટે ભાઇઓ વચ્ચે ટંટો જાગ્યો. તેમાં જહાંદારશાહ, ફરખુંદ અખતર અને રાફી અસશાન સાથે લઢાઇ થઇ, તેમાં ૧૦મી એપ્રેલે જહાંદારશાહની જીત થઇ, ને એ રાજ્યપદ પામ્યો. જહાંદારશાહ નબળા મનનો અને રાજ્યકારોબારમાં ટુંક બુદ્ધીનો હોવાથી એનો અમલ ફતેહમંદ નિવડયો નહિ. ૯ મહિના પછી આગ્રા પાસે થયેલી લઢાઇમાં એ કેદ થયો, ને ફરૂખશિયરના હોકમથી ૧૭૧૩ ની જાનેવારીમાં માર્યો ગયો.

**જહાન્સી**—(જુઓ ઝાંસી.)

**જહાનશાહ તૂર્કોમાન**—કારાયૂસુફ તૂર્કોમાનનો પુત્ર. ઈ. સ. ૧૪૩૭માં શાહારૂખમિર્ઝાએ એને આઝરબીજાનની હાકમીપર નેમ્યો હતો. એણે તે હાકમી ૧૪૪૭ વેર ભોગવી; અને પોતાની સત્તા ઇરાનમાં વધારી દયરે બિકારવેર સત્તા ફેલાવી, પણ ૧૪૬૭માં ઉઝુન હસન સાથની લઢાઇમાં માર્યો ગયો. એણે ૩૦ વર્ષ સુધી રાજ્ય અમલ ભોગવ્યો હતો.

**જહાનુસપ્તમિ**—વૈશાખ માસની ૭ મે આવતો તેહેવાર. આ તેહેવાર જહાનવીના પિતા જહાનુનાં માનાર્થે હિંદના કેટલાક ભાગમાં પાળવામાં આવે છે.

**જળંદર**=જળોદર. પેટની અંદર પાણી જેવો પ્રવાહી એકઠો થવાથી તે સ્હુજીને મ્હોટું થાય છે, અને તે સાથે કેટલીક વખતે હાથ, પગ તથા મ્હોડું પણ સ્હુજી આવે તેને જળંદર કહે છે. આ પ્રવાહિ લોહીના માહેથી આવે છે. મગજની અંદર પાણી ભરાય તેને મસતકનું જળંદર કહે છે. પેટ અને છાતીની અંદર પાણી ભરાય છે તેને છાતીનું જળંદર કહે છે. પુરૂષની ગોળીમાં પાણી ઉતરે છે તેને અંતરગળ કહે છે. હિંદુ વૈદો જળંદરની મુખ્ય ૩ જાતો જણાવે છે. ૧લોં પાણીનો જળોદર, ૨જો કઠોદર અથવા માસનો જળંદર, અને ૩ જો 'વાતોદર' યાને વા અથવા વાયુ પેટમાં ભરાયાથી રોગ થાય છે તે. પણ ખરૂં જોતાં જળથી જે દર્દ બને છે તે જળંદર; આથી કઠોદર અને વાતોદર જળંદર એ જૂદા છે.

'જળંદર થવાના અનેક કારણો હોય છે. એક તો શરીરમાં સ્વાભાવિક રૂધિર રહે છે, તેને કોઈ જાતની અડચણ થવાથી જળંદર થાય છે. બીજો લોહીમાં બીગાડ થવાથી, એટલે તેમાં બીજાં ઝેરી અને ખરાબ વિકારોનું મિશ્રણ થવાથી દર્દ ઉત્પન્ન થાય છે. એ બે જાતનાં કારણો રૂધિરાભિસરણને અડચણ તથા રક્ત દોષ, કેટલીક વાર સાથેજ હોય છે. જેમકે રકતાશયનાં દર્દને લીધે પેહેલાં લોહિ બરાબર ફરી શકતું નથી તેથી તે બરાબર સ્વચ્છ થતું નથી, એટલે રક્ત દોષ ઉત્પન્ન થાય છે. એક ઠેકાણે રકત પ્રવાહ અટકાવ થાય તો તેની પાછળની શિરા અને કેશવાહિનીઓમાં લોહીનો વધારે જમાવ થાયછે, અને તેથી તેમનાં પડમાહેથી રકત માહેલું પાણી બહારના ભાગોમાં ઝરેછે. જળંદરનાં છુટક કારણોમાં રકતાશયનાં દર્દ, તેના પડદાનાં દર્દ, ફેફસાનાંદર્દ, મૂત્રપિંડ, કલેજું તથા બરોળનાં દર્દ આવી જાયછે. રકત નળી ઉપર કોઈ ગાંઠનું દબાણ થાય, જેમકે હમેલના વખતમાં ગર્ભસ્થાનનાં દબાણથી સ્ત્રીનાં પગ કોઇવાર સ્હુજી આવેછે. રકત દોષ જેમકે



પાંડુ રોગમાં સોજો ચઢી આવેછે. તાવની વખતે થંડી અથવા સર્દીને લીધે સોજો ચઢી આવે છે, શિળી અને ઓરીમાં ગર્મી બહાર ફુટી નિકળતાં અંદર સમાઇ જવાથી, ઘણું લોહી જવાથી, તથા કેવળ થંડીને લીધે જળંદર થાય છે.

કલેજાનાં રોગથી જળંદર ઉઠે છે, તેમાં ઘણું કરીને પેટ સ્હુજેલું અને મ્હોટું થાય છે, પણ હાથ પગ સ્હુજેલા હોતાં નથી; પણ ચેહેરો લેવાયલો હોય છે. આ દર્દમાં કોઇ વેળા કમળાની અસર જણાય છે. આ પ્રકારનાં દર્દ પેહેલા દર્દીને પેટની જમણી પાંસળી આગળનાં ભાગમાં દુખારો થાય છે. તે થતાં ઘણા દિવસ અજીરણ થઇ ખોરાક પચતો નથી; ને પેટ ધીરે ધીરે મ્હોટું થઈ તેપર બલુ રંગો જણાય છે. સોજો વધવા સાથે દર્દીને દમ લેવામાં હરકત થાય છે, ને છાતીમાં ધપકારા થઇ જીવ ફરે છે. આ રોગ દારૂના હદ બહારના વ્યસનથી હુમલો કરે છે. એના ઇલાજ તેના હુમલા મુજબ ભણેલા તબીબો પાસે કરાવવા.

ગુરદાના રોગથી થતું જળંદર બે પ્રકારનું હોયછે. એકતો ગુરદાના તિક્ષણ વરમને લીધે, તથા બીજું દીર્ઘ વરમમાં પણ જળંદર થાય છે. આ જળંદર કોઇ વેળા જોરાવર તાવ આવીને દેખાય છે, તો કોઇ સમે તાવ વિના દેખાય છે, અને કોઈ વેળા તાવ આવતો નથી, એટલુંજ નહિ, પણ આખું અંગ સુહજી આવવાને બદલે પેહેલે સેહેજ આંખના પોપચાં ઉપર ફુગાવો હોય છે, અને ઘણો લાંબો વખત સુધી આખા અંગમાં જળંદરની નિશાની જણાતી નથી. આ ગુરદાના રોગથી થતો જળંદર બીજી જાતોની પેઠે જાતે અસલ દર્દ નથી, પણ બીજા દરદ અથવા રોગની એક નિશાની તરીકે થાય છે.

દિલના રોગથી થતા જળંદરની આગમજ છાતીમાં ડાબી તરફ અથવા અંતઃકરણની જગા ઉપર બહુ ધબકારો થયા કરેછે, તથા છાતી માહેથી ઉડયા કરે. છાતીમાં ઘભરાટ થાય, જરા ચાલવાથી અથવા સેહેજ મેહેનત લીધાથી દમ ભરાઇ આવે અને હાફણ થાય, નાડી ઉતાવળી અને બેકાયદાસર ચાલે, કોઇ વેળા ખાંસી સાથે લોહી પડે, આજારી દેહેશતનાક બને યા બેતાબ મારે, ઉંઘે નહિ ને ખાધેલું પચે નહિ, આ મુજબની અવસ્તા લાંબો વખત ચાલ્યા પછી પોપચાં સુહજે છે, ને ફરી ઉતરી જાય છે. તેમજ શરૂઆતમાં પગની પાટલીપર સોજો ઉતર ચઢ કરે છે, અને પછી ધીમે ધીમે જાંગ તરફ વધતો જઇ આખા બદનને સુજાવી મેલે છે. આ જળંદરમાં પેટ થોડું સ્હુજેલું હોય છે, તો કોઇ વેળા તદન સુકું જેવું હોય છે.

જ્યારે કાળજાનો અથવા ગુરદાનો અથવા દિલનો રોગ થયા વિના ફકત નબળાઇથી જળંદર થાય છે, તેને નબળાઇનો જળોદર કહે છે. કોઇ વેળા તાપ, તલ્લીથી નબળાઇ થઇને જળંદર થાય છે, તે પણ આ જાતમાં સામેલ કરવામાં આવે છે.

**જળો**—આ પ્રાણીને સોજા વેળા લોહીવાળા ભાગ ઉપર તથા દુખાવા અને ચસકાને ઠેકાણે લગાડવામાં આવે છે. એ બગડેલું લોહી ખેંચી લીયે છે, એટલે દરદ નરમ પડેછે. જળો નાહની મ્હોટી થાય છે, તે દરેક પોતાના કદ પ્રમાણે અડધાથી તે બે ત્રણ તોલા સુધી લોહી ખેંચી લે છે. નાહની જળો ૧ દરામ, મધ્યમ કદની ૨ થી ૩ દરામ અને મ્હોટી જળો ૪ દરામ લોહી ચુસી લીયે છે. અથવા તેને તોલી લગાડીએ તો તેના વજન કરતાં બમણું લોહી ખેંચી કાઢેલું માલમ પડે છે.

જળોને બેઉ છેડે ચોંહટી રહેવાને સાધન હોય છે, તેને મોઢાને ઠેકાણે ૩ દાંત હોય છે, તેથી તેનો દંશ ત્રિકોણાકાર દિસે છે, અને દંશનો ડાઘ હમેશાંપર્યંત રહે છે. જળો ચોંટયા પછી ૧૫ મિનિટમાં લોહીથી ભરાઇને ખરી પડે છે. જો તે ખરી નહિ પડે તો તેના પર મીઠાનું પાણી નાખવાથી તે તરત છુટી પડે છે. જળો લગાડતી વેળા લગાડ-

વાના ભાગ ઉપર જરા પાણી અગર માટી ચોપડવી, એટલે તે તુરત વળગેછે. જળો છુટયા પછી તેના ડંખમાંથી લોહી વહેછે તેના ઉપર હળદર, બાળેલો કપાસ, અથવા થંડુ પાણી ચોપડવાથી તે તરત બંધ થાયછે.

દાંતના પારા ઉપર જળો મેળવા સારૂં તેને માટે કાચની નળી આવેછે, તેમાં અથવા જાડાં કુવિલની નળી બનાવી તેમાં જળો મેળવી, કે તે પેટમાં ચાલી નહિ જાય. જો જળો પેટમાં ચાલી જાય તો તરત નીમકનું પાણી સારીપેઠે પાવું કે જેથી જળો મરી જશે.

ઘટતે પ્રસંગે જળો મેળવાથી અતીશે ફાયદો થાયછે. મધ્યમ કદની જળો મેળાવવી અને ઘણી મ્હોટી અથવા ભેંસીયા જળો કેહવાયછે તે કદી મેળાવવી નહિ. નાહનાં બચ્ચાંને જળો મેલાવવામાં બહુ ચોકાશી રાખવી અને ૧ વર્ષનાં બચ્ચાંને ૨ થી ૩ અને બે વર્ષના બચ્ચાંને ૩ થી ૪ જળો મેલાવવી સારી. આંખના પોપચાં અને ગોળીની ચામડી ઉપર કદી જળો મેલાવવી નહિ, કેમકે એ ભાગમાંથી લોહી ઘણું ઝરપીયા કરેછે, તે જલ્દીથી બંધ કરી શકાતું નથી, જેથી ખરાબ પરિણામ નીપજેછે.

**જાઇ**—હિંદુસ્તાનમાં આ ફુલનો વેલો સાધારણ છે. એની પર સફેદ રંગના સુગંધમય ફુલો આવેછે, નવાં ઝાડ કલમ રોપ્યાથી ઉગે છે. એની એક પિળા ફુલવાલી પણ જાત છે. એના પાંદડાનો રસ વર્ણ શોધક છે. મૂળમાં ગજકર્ણ વગેરે દર્દ દફે કરવાનો ગુણ છે. ફુલમાંથી સુગંધમય તેલ નિકળે છે. માલતીના એક અમેરિકન જાતીના મૂળ (Geleseminum Sempervirens or Jasminum) હાલમાં મગજનાં રોગ પર અને વિશેષ કરી દંતશૂળ વગેરે વિકાર ઉપર આપે છે. પ્રાચીન કાળમાં એના ફુલ હિંદમાં ખુબસૂરતીની નિશાની ગણાતી હતી.

**જાકુન**—આ ઝતુની પ્રજા મલાયા, સુમાત્રા અને તેની આસપાસના ટાપુમાં ત્રણ તડાંવાલી વસેછે; અને તે દરેક તડામાં સંખ્યાબંધ તડાં છે. ૧ લી ભાટપ્રજા સુમાત્રામાં તથા પાસેના ટાપુમાં રહે છે. બીજી 'સોમાંગપ્રજા', કેદ, ત્રીંગાનુ, પેરાક અને સાલેંગોનાં જંગલમાં વસે છે. ત્રીજો ટોળો જાકુન મલાયાના પશ્ચિમ કિનારાવાલા ભાગમાં વસે છે, અને તે સીંગાપુર સુધી ફેલાયલી છે.

જોહોરી તરફના જાકુનો દેખાવળા અને ઉચા બાંધાના હોય છે. પણ તેમના નાક અને ચેહેરાનો ઘટમ ચીનાઓને મળતો છે. તે તરફ જુલૈ અને આગસ્ટ માસમાં પુશકળ ફળફળાદી ઉત્પન્ન થતી હોવાથી તે હિંગામ ઉપર લગ્ન સમારંભ કરે છે. તેઓ એકજ સ્ત્રી સાથે પરણી શકે છે, પણ પુરૂષ તેને ગમે ત્યારે તલાક આપી બીજી પરણી શકે છે. જ્યારે કોઇ પુરૂષ મરણ પામે છે ત્યારે તેની સાથે તીર, ચાકુ વગેરે પદાર્થ દાટે છે. તેમજ ખોરાકી તરીકે પાણી, ચોખા અને તંબાકું પણ મેલે છે. તેઓ જૂદા જૂદા ટોળામાં એક સરદાર જેને 'બાટીન' કહે છે તેની સરદારી તળે સર્વ વેહવાર ચલાવે છે. તેઓ ઝુપડામાંજ વસે છે.

**જાકેકૂર**—એ એક ફ્રાન્સ દેશમાં પ્રસિદ્ધ વેપારી થઇ ગયો છે. એણે ફ્રાન્સ દેશના પૂર્વ તરફનાં દેશો સાથે પ્રથમ વેપાર શરૂ કર્યો હતો. એનો પિતા પણ જાણીતો તવંગર વેપારી હતો. ૧૪૩૬માં ૭ માં ચાર્લસ રાજાએ એને પારિસમાં તેડી પોતાની ટંકસાળમાં મુખ્ય અધિકારી નેમ્યો. આ અધિકાર તેના હાથમાં આવતાં તેણે રાજ્યમાંનુ હિણ ધાતુનું ચલણ બદલી તેની ખરી કિંમત પ્રમાણેનાં નાણાં પડાવ્યાં, તે પછી રાજાએ તેને પોતાનો ખજાનચી બનાવ્યો. એ મ્હોટો તવંગર વેપારી હોઇ એના વહાણો હતાં. તેણે જૂદા જૂદા દેશોમાં ૩૦૦ વખારો તથા પેઢીઓ સ્થાપી હતી. ફ્રાન્સમાંના મુખ્ય શેહેરોમાં એની મ્હોટી પેઢીઓ હતી. એણે અનેક ધર્મશાળા અને દેવળો બંધાવ્યાં હતાં. તેમજ લોકોને કેળવણી અર્થે મ્હોટી મ્હોટી પાઠશાળાઓ પોતાને ખર્ચે



ચલાવવા માંડી હતી; ફ્રાન્સ દેશનો ઘણોખરો વેપાર તેને હાથ હતો. આ ત્હેની મ્હોટાઇ અને ચઢતી જોઇ ઘણા વેપારીઓ તેની અદેખાઇ કરવા લાગા, અને તેનો નાશ કરવાની બાજી રચવા માંડી. ચાર્લસ રાજાને તે વેળા પૈસાની ભારે અગત પડી હતી. આથી એના દુશમનોને પોતાની ઇચ્છા બર લાવવાની સવળતા થઇ. ઇ. સ. ૧૪૪૯ માં ચાર્લસ રાજાની રાખેલી "આગનેસોરેલ" નામે સ્ત્રી મરણ પામતાં પ્રજામાં એવી અફવા ઉઠી કે રાજાનો શાહજાદો તેના અચાનક મ્હોતનું કારણ છે, અને તેના પ્રપંચમાં જોકેકૂર મીલાશી છે એવું તેનીપર તોહમત મેલ્યું. તે પછી એનીપર સરકારી પૈસા વાપરવાનું અને બીજા જૂદા જૂદા ગુન્હા કરવાનો આરોપ મેલી પકડવાનો હૂકમ આપ્યો; અને તેની સર્વ સંપતી જપ્ત કરી. રાજાએ તેમાંનો ઘણોક ભાગ લઢાઇના કામ માટે રાખી બાકીનું દ્રવ્ય તેના દુશમનોને વેહેંચી આપ્યું. પછી જૉકેની તપાસ ચાલી, તેમાં તેણે આ બનાવટી ઉભા કરેલા ગુન્હાનું પોકળપણું સિદ્ધ કરી આપ્યું; પણ તેનું કશું વિરોધી સામે ચાલ્યું નહિ. પછી તેને ૨૨ માસ સુધી જૂદા જૂદા પાંચ તૂરંગોમાં કેદ કરવામાં આવ્યો, અને જૂદે જૂદે ઠેકાણે પોતાનાં અપરાધ માટે પ્રાયશ્ચિત કરવાની ફરજ પાડી. આ શિક્ષા કર્યા પછી તેને દસ લાખ પૌંડનો દંડ કીધો. અને તે દંડ ભરાયો ત્યાં સુધી તેને તુરંગમાં રહેવું પડ્યું. આ મુજબ તે ૩ વર્ષ સુધી કેદમાં હતો. પણ ૧૪૫૫માં તે કેદમાંથી નહાશી રોમ ગયો, ત્યાં પોપે તેનો સારો આદરસત્કાર કર્યો. પછી તે પોપ તરફથી તૂર્કો સાથે લઢવા જતાં ૧૪૫૬માં મરણ પામ્યો.

**જાંગાલ**—કુરૂદેશની પશ્ચિમે તદન પાસેનો પેહેલો દેશ, એનું કુરૂ જાંગલ એ પ્રસિદ્ધ નામ છે.

**જાગીર**—હિંદુસ્તાનના રાજાઓ પોતાના સરદારોને તેમની સેવાના બદલામાં કોઇ પણ કરાર વિના ભેટ આપેલી જમીન તથા શેહેરોને જાગીર કહે છે. પોતાની જાગીર ઉપર-તેને મેળવનાર સરદાર રાજાના વડપણ તળે દરેક રાજકીય હક્ક ભોગવી શકતા. ઇસલામી રાજ્ય અમલ દરમ્યાન જાગીરો આપવાનું ચેટક ઘણું ફેલાયું હતું, આથી મોગલ રાજ્ય ઘણું નબળું પડ્યું. તેનો સબબ એ હતો કે, જાગીર મળતાંજ જાગીરદાર સરદારો સ્વતંત્ર બની સ્વઇચ્છા મુજબ કારોબાર ચલાવી બળીયા થતાં આસપાસના મુલકો જીતી પોતે જાગીરદારપરથી રાજ્ય વૈભવ પ્રાપ્ત કરતા હતા.

ઈંગલીશ ઇસ્ત ઈંડીયા કંપનીને આવી જાગીર નવાબ મોહમદ અલીએ કર્નાટકમાં પુલાકાત સરોવરની ઉત્તરે અને અલાપ્રાની દક્ષિણ વેર તથા દક્ષિણે કાંજીવરમથી પણ આગળ ૧૨૦ મૈલ આપી હતી, એના પોહળા ભાગમાં ૪૭ ટાપુઓ હતા, આ જાગીર હાલનાં ચીંગલપટના કલેક્ટરની સત્તા તળે છે.

**જાટ**—હિંદુસ્તાનમાં આ પ્રજાની મ્હોટી વસ્તી છે. તેઓ ખેતીવાડીનો ધંધો કરેછે. તેમની જુમલે સંખ્યા ૪,૫૦,૦૦૦ની ગણાઇ છે. ઇતિહાસકર્તાઓના જણાવવા મુજબ તેઓ હિંદપર ચઢાઇ લાવનાર પેહેલા સીથિયનોનાં વંશજો છે, ત્યારે બીજા અભ્યાસીઓ તેમને જીપસીઓના સંબંધથી ઉત્પન્ન થએલી પ્રજાનાં વંશજો જણાવે છે.

**જાટિવા**—સ્પેનમાંનુ શેહેર, વેલીન્સ્યાથી રેલમાર્ગે દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં ૩૫ મૈલ ઉપર છે. જાણીતો ચિતારો રિબેરો ઇ. સ. ૧૫૮૮ માં અત્રે જનમ્યો હતો, લોક વસ્તી ૧૪૦૭૧ ની છે.

**જાડેજા**—આ પ્રજા સિંધના સમા રજપૂતમાંથી ઉત્પન્ન થએલી છે. તેઓ પોતાને જાદવકુળના જણાવે છે. ગેઝીટીયર મુજબ 'જાડેજા' એ શબ્દ જાૈડેજા ઉપરથી નિકળ્યો હશે, અને 'જાૈડેજા' એ 'યોધેં' ઉપરથી થયું હશે. યોધે લોકો આહીર લોકોની પાસે હતા એમ ક્ષત્રપ રાજાઓનાં મળેલા શિક્ષા

ઉપરથી જણાય છે. વલ્લભિવંશની પડતી થયા પછી યોધૈ લોકો કચ્છમાં આવી વસ્યા અને આહિર લોકો કાઠીયાવાડમાં આવી વસ્યા, અને પછી બન્નેએ પ્રદેશ જીતી લઇ પોતાનું રાજ્ય સ્થાપન કર્યું.

મધ્ય એશિયાંના તાતાર લોકોની સત્તા-ધણીથી તેઓ દક્ષિણ ભણી નહાશી કચ્છમાં જઇ વસ્યા અને પછી ગુજરાત તથા કાઠી-યાવાડમાં સ્થાઇ વાસ કરી રહ્યા. આગલા વખતમાં જાડેજા પોતાની પુત્રીને મારી નાંખતા. આ ચાલ નિકળવાનું કારણ એવું બતાવે છે કે "સમા જાતના એક રજપૂત સરદારને એકની એક દીકરી હતી, તે ઘણી સુંદર અને ભણેલી હોવાથી તેના લાયકનો વર નહિ મળવાથી તેના પિતાએ કુળગોરની સલ્લાહથી તેનો વધ કર્યો, ત્યારથી એ ચાલ નિકળયો હતો. જ્યારે બ્રિટીશ સરકારે ગુજ-રાત કાઠીયાવાડપર સત્તા સ્થાપી, ત્યારે એ દુતપીતીનો ચાલ ત્યાં હતો, પણ મી૦ વિલોબી નામે પોલીટીકલ એજંટે તેઓને તહેંવાર રીતે સમજાવી પુત્રીના લગન સમયે મદદ કરવાના ફંડ સ્થાપી આ રેવાજ નિર્મૂળ કર્યો હતો.

**જાતા**—પંજાબમાં કોહત્ત જીલ્લામાં સરકારને તાબેની નિમકની ખાણ. એને કોહતની પાહાડી ખાણ કહે છે. એ તેરીતોય નદીની ઉત્તરે 'માલગીન' ખાણની પશ્ચિમે ૯ મૈલ ઉપર છે. એનું ક્ષેત્રફળ ૧ થી ૧$\frac{1}{2}$ ચોરસ મૈલનું છે. ૧૮૮૧-૮૨ માં અત્રેથી ખણી કાઢેલું મીઠું ૧૩૯૨૮૯ મણ હતું. તેની ડયૂટી સરકારને ૩૪૮૨ પોંડ ઉપજી હતી. દર વર્ષે સરકારને એની ઉપજ ૩૧૦૩ પોંડ ની મળે છે.

**જાતી ભેદ**—દુનિયામાં હિંદુસ્તાનની હિંદુ પ્રજા શિવાય કોઇપણ પ્રજામાં જાતી ભેદ પણું જણાતું નથી અને તેથી હિંદુસ્તાનની પ્રજાના જાતીભેદપણાથી જૂદી જૂદી પ્રજામાં તડાં પડયાં છે તેનું વર્ણન અત્રે આપવામાં આવ્યું છે.

હિંદુઓમાં હાલ જે જાતી ભેદ જણાય છે તેની ઉત્પતિ વિશે પ્રાચીન વેદમાં કશું વર્ણન મળતું નથી, કારણ કે તે વેદીક કાળમાં જાતી ભેદ જેવો અંતર નહોતો. પ્રાચીન હિંદુઓ પોતાને રાષ્ટસંબંધથી ઘણા કાળ સુધી **આર્ય** કહેવાડતા, અને આ આર્ય શબ્દનો મૂળ અર્થ દેશ ઉપરથી છે. જે દેશ માંથી આ આર્યનો આવ્યા તે હાલનો ઇરાન દેશ છે, તેને પ્રાચીન પેહેલવી ભાષામાં ઈરાનવેજ અને અવસ્તા ભાષામાં 'અઇર્યન વએજો, એ નામ હતું. હિંદમાં આ શબ્દનું **આર્ય** એવું રૂપાંતર થયું અને તેનો અર્થ 'શ્રેષ્ટ' એવો થયો.

આર્ય શબ્દનો અર્થ વેદના ભાષાન્તર કરનારાઓએ અનેક કર્યા છે:—ઉત્તમ વર્ણ-વાલા, કર્મયુકત, કર્માનુષ્ટાન યોગે શ્રેષ્ટત્વ પામેલા, ઇશ્વર પુત્ર વગેરે. આ શબ્દમાં આર્ય પ્રજા આવવા આગમજ અત્રે જે પ્રજા વસ્તી હતી અને તેમની સાથે આર્યજનોને વેર હતું તેમનાં નામો મળેછે. તે દસ્યુ, દાસ, પિશાચ, રાક્ષસ, અસૂર એવા હતા. જો કે 'અસૂર' એ નામ પ્રથમ દેવતાઓને લગાડ-વામાં આવતું, પણ પાછળથી ખરાબ અર્થે આ શબ્દ વપરાયોછે. (જુઓ શબ્દ-(અસૂર). આ ઉપલા નામો અત્રેની પ્રાચીન પ્રજાના પોતાના આપેલાં હતાં કે આર્ય પ્રજાએ તેમને પ્રસિદ્ધ કીધાં એ ચોકસ જણાયું નથી.

આ આર્ય પ્રજામાં હાલનાં હિંદુઓમાં જે જાતી ભેદ છે તે નહોતો; તેમાં બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈષ્ય, એવા ૩ વર્ગો હતાં. બ્રાહ્મણ શબ્દની ઉત્પતિ પ્રાર્થના શબ્દ ઉપરથી થઇ છે; "પ્રાર્થના અર્પણ કરનારો" તે બ્રાહ્મણ એવો વિદવાનોએ અર્થ કર્યો, એઓજ ઉપા-ધ્યા અથવા પુરોહિત કહેવાતા. ક્ષત્રીય શબ્દ બળદર્શક માન્યો હતો, આ અર્થથી તેઓ ઇંદ્ર, મિત્ર અને વરૂણ એ દેવતાઓને પણ ઓળખતા. ક્ષત્રપતિ આ શબ્દ તેઓ ખેતરના માલેક માટે વાપરતા. એજ શબ્દનો 'ક્ષત્રીય'



એ સમાનાર્થક શબ્દ છે. વૈષ્ય એ શબ્દ 'વિશ' શબ્દનું વિશેષણ છે. એનો અર્થ ગૃહસ્થનો, ઘરધણીનો, અથવા સામાન્ય પ્રજાનો એવો થતો હતો. આ ત્રણ વર્ણના લોકોને આર્ય કહેતા. શૂદ્ર નામ વેદના પ્રાચીન ભાગમાં કયાંય જડતો નથી, તેમજ વેદમાં જાતી મિશ્રણ વર્ણેલું નથી. તોય આ ચારે જાતી બ્રાહ્મણ-વેદીક કાળમાં ભિન્ન ભિન્ન થઇ હતી.

'શતપથ બ્રાહ્મણ' મુજબ "પેહેલાં બ્રહ્મ એજ વિશ્વ હતું. એણે પેહેલાં 'ક્ષત્ર' ઉત્પન્ન કર્યા. ઈંદ્ર, વરૂણ, સોમ, રુદ્ર, પરજન્ય, યમ, મૃત્યુ એઓ ક્ષત્ર હતા. આથી ક્ષત્ર કરતાં કોઇ શ્રેષ્ટ નથી." રાજ-સૂયન્નમાં "બ્રાહ્મણ ક્ષત્રીઓની પાસે ઉપાસના કરે છે. ક્ષત્રીજ તેને યશ આપેછે. તેણે વિષ ઉત્પન્ન કર્યું, તેણે શૂદ્ર વગેરે ઉત્પન્ન કર્યા, આથી પૃથ્વી એ પૂષણ છે." તૈતિ-રિય બ્રાહ્મણ મુજબ "બ્રાહ્મણની જાત દેવ-તાથી ઉત્પન્ન થઇ અને શૂદ્ર જાત અસુરથી થઇ છે."

ઉપલાજ ગ્રંથ મુજબ "પ્રજાપતી એ પોતે જગત હતી. તેણેજ પ્રથમ "મ્હને પ્રજા થવાદે અને શકિત આપ" એવી ઇચ્છા કરી. તેણે પોતાના પ્રાણથી પશૂ ઉત્પન્ન કર્યાં, પોતાના આત્માથી (મન) મનુષ્ય (પુરૂષ), નેત્રથી ઘોડો, શ્વાસથી (પ્રાણ) બળદ, કાનથી મેંઢો, વાણીથી બકરો ઉત્પન્ન કર્યાં. તેણે પોતાનાં પ્રાણથી પશૂ નિર્માણ કર્યા. આથી 'પ્રાણ પશૂ છે' એમ કહેછે.

આત્મા (મન એ પેહેલો પ્રાણ છે, તેણે પોતાનાં આત્માથી મનુષ્ય (પુરૂષ) ઉત્પન્ન કર્યા આથી પુરૂષ પેહેલ્લો અને બળવંત (વિર્યવાન) પશૂ છે એમ કહે છે. આત્મ એ મનુષ્યનો સર્વ પ્રાણ ગણાય છે; અને તેનીપર મનુષ્ય જીવનનો આધાર છે."... "આ પુરૂષને તે વખતે સૂખ નહોતું, કારણ કે તે વેળા તે એખલો હતો. આથી તેણે કોઇ સોહોબતીની ઇચ્છા કરી. તે પેહેલાં એકમેકને જોડાયલા સ્ત્રી પુરૂષ જેવો હતો, આથી તેણે પોતાનાં બે ભાગ કર્યા અને તેથી સ્ત્રી પુરૂષની ઉત્પતિ થઇ."

જૂદા જૂદા શાસ્ત્રો તથા પુરાણોમાં નીચે મુજબ વર્ણન મળે છે. 'હરીવંશ' મુજબ બ્રહ્માથી યોજેલો જે વિષ્ણુ તે ૧૦ પ્રજાપતિ બની અસંખ્ય પ્રાણી ઉત્પન્ન કર્તા થયો. અક્ષરમાંથી તેણે સુંદર બ્રાહ્મણો ઉત્પન્ન કર્યા. ક્ષર અથવા બુંદમાંથી ક્ષત્રીય ઉત્પન્ન કર્યા. વિકારથી વ્યાસ, અને ધૂમાડાના વિકારથી શૂદ્ર ઉત્પન્ન કર્યા. વિષ્ણુ વર્ણનું ચિંતન કરતા હતા તેથી બ્રાહ્મણ ગોરા, લાલ, પિળા અને જાંબુડા રંગના થયા. આથી જગતમાં ૪ વર્ણની ઉત્પતિ થઈ, તે એકજ રૂપથી થઇ, પણ તેમનાં ધર્મ જૂદા જૂદા થયા. વેદમાં ત્રણ જાતી માટે ક્રિયા કહેલી છે. શૂદ્ર શૂન્ય-તાથી ઉત્પન્ન થયા તેથી તેઓ કર્મહિન છે. તેમને સંસ્કાર કરવાનો અધિકાર નથી. તેમજ બ્રહ્મવિદ્યા શિખવાનો અધિકાર નથી.

મહાભારત આદિપર્વ મુજબ "મનુનો વંશજ એ મનુષ્ય છે. બ્રાહ્મણ ક્ષત્રીય અને બીજા મનુષ્યો મનુથીજ ઉત્પન્ન થયા. મનુથી થએલા બ્રાહ્મણ વેદનાં રક્ષક છે.

મહાભારત શાંતિપર્વ, મોક્ષ ધર્મમાં જણા-વ્યા મુજબ 'ભૃગુ રૂષિ' કહે છે કે "જૂદી જૂદી જાતો નથી. આ સર્વ જગત બ્રહ્માની છે. તેણે મનુષ્ય ઉત્પન્ન કર્યા પછી દરેકના કર્મ મુજબ તેની જાતીઓ થઇ. જે બ્રાહ્મણ તિવ્ર બુદ્ધિનાં, ક્રોધી, સાહાસી અને કામી હતા, તેઓ સ્વધર્મ ત્યાગ કરી ક્ષત્રીય અવ-સ્તામાં આવ્યા. જે પિળા વર્ણનાં બ્રાહ્મણો ગાય તથા ખેતી ઉપર નિર્વાહ કરતા તેઓ વૈશ્ય થયા. જે બ્રાહ્મણ કૃષ્ણ વર્ણી હતા, તેઓએ પોતાની પવિત્રાઇ ગુમાવી હિંસક, ઘાતકી, લોભી બન્યા ને શૂદ્ર થયા. એ મુજબ પોતપોતાનાં કર્મથી બ્રાહ્મણો ભિન્ન, ભિન્ન જાતીનાં બન્યા, શૂદ્રને ધર્મ ક્રિયા અને યજ્ઞ કરવાની સખત મનાઇ છે.

લીંગપુરાણ મુજબ "મહાદેવના લલાટ-

માંથી બ્રાહ્મણ, ભૂજમાંથી ક્ષત્રીય, રૂધય-માંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્ર જાતીની ઉત્પતિ થઇ. શૂદ્ર વર્ણ ઇંદ્રનો અંશરૂપી છે. એઓ શિવાય પાંચાલ બ્રાહ્મણ (મનુ, મયા, ત્વષ્ટા, શિલ્પકામ કરનાર, દૈવજ્ઞ=લોહાર, સુથાર, પથ્થર ફોડા, સોની.) પંચ મુખી પરમેશ્વરથી થયા, તેમને માથે ચોટલી, જનોઇ તથા 'સંધોપાસના' કરવાનો અધિકાર મળેલો છે.

**મિશ્ર જાતો** કેમ ઉત્પન્ન થઇ તે વિષે હિંદુશાસ્ત્રમાંથી કેટલુંક વર્ણન મળી આવે છે. બ્રહ્માએ માત્ર ૪ જાતો ઉત્પન્ન કરી હતી. પણ વખતના ફેરફારોમાં ઉંચ નીચ જાતીનાં સંબંધથી જે પ્રજા ઉત્પન્ન થઇ તે ઉપલી ૪ જાતોથી જૂદી ગણાઇ. જાતી વિવેક, બૃહજ્જાતી વિવેક વગેરે ગ્રંથકારો એવું જણાવી ગયા છે કે "કળીયુગ'માં જાતી ઉત્પંતિનો નિર્ણય કોઇ પણ સંપૂર્ણ કરી શકશે નહિ."

આ ગ્રંથકારોનાં જણાવ્યા મુજબ **અનુલોમ, પ્રાતલોમ, વ્રાત્યસંતતિ** અને **સંકરજાતી** એવા વર્ગો બન્યા છે. પેહેલા બ્રાહ્મણ, ક્ષત્રી, વૈષ્યોમાં પરસપર લગ્ન સંબંધથી (પોતાથી ઉતરતી, એટલે બ્રાહ્મણને ક્ષત્રી જાતીની સ્ત્રીથી, અને ક્ષત્રીને વૈષ્ય સ્ત્રી વગેરેથી ) થએલી જે સંતતી તે '**અનુલોમ.**' ઉંચ જાતની સ્ત્રીને નીચ જાતીના પુરૂષથી થએલી સંતતીને **પ્રતિલોમ.** જનોઇ નહિ પેહેરનારા એવા સાથે ઉત્તમ જાતી સ્ત્રી સાથે વ્યભિચાર કરવાથી ઉત્પન્ન થએલી જે સંતતી તે **વ્રાત્ય-સંતતિ.** અને મૂળની ૪ જાતોનાં ભેળમ ભેળથી ઉત્પન્ન થએલી પ્રજા તે **સંકરજાતિ.**

પ્રતિલોમથી ૬ જાતી થઇ, અનુલોમથી ૬, વ્રાત્ય અને સંકરથી ૩૬, અને તે શિવાય બીજી કેટલીક મળી એકંદર ૧૩૨ જાતો થઈ. પરંતુ હાલમાં હિંદુસ્તાનમાં એકંદર જાતોકેટલી છે તે કોઇ ચોકસ જણાવી શકતું નથી. ગુજરાતમાં ફકત બ્રાહ્મણોમાં ૮૪ જાતી છે. ક્ષત્રી તરીકે કહેવાડનારા રજ-પૂતોમાં ૯૯ જાતી છે અને વાણીયાઓમાં ૮૪ જાતી છે.

ગંગાધર શાસ્ત્રી કૃત "હિંદુ ધર્મ તત્વ" નામે ગ્રંથમાં જણાવ્યા મુજબ નીચે મુજબના સંબંધથી જે જાતો ઉત્પન્ન થઇ તે જૂદે જૂદે નામે ઓળખાઇ છે.

| વર્ગ. | બાપ. | માય. | ઉત્પન્ન થએલી પ્રજા. |
|---|---|---|---|
| **અનૂલોમ** | બ્રાહ્મણ | ક્ષત્રી | મૂર્ધાવસિક્ત |
| | બ્રાહ્મણ | વૈષ્ય | અંબષ્ટ |
| | બ્રાહ્મણ | શૂદ્ર | પારસવ |
| | ક્ષત્રી | વૈષ્ય | માહિષ્ય (રજપૂત) |
| | ક્ષત્રી | શૂદ્ર | ઉગ્ર |
| | વૈષ્ય | શૂદ્ર | કરણ |
| **પ્રતિલોમ** | ક્ષત્રી | બ્રાહ્મણ | સૂત |
| | વૈષ્ય | બ્રાહ્મણ | વૈદેહક |
| | શૂદ્ર | બ્રાહ્મણ | ચાંડાળ |

ઉપલા અનૂલોમ, મૂર્ધાવસિકત, અંબષ્ટ, માહિષ્ય અને રથકાર એમને વેદનાં મંત્રથી સંસ્કાર છે. એઓ સર્વે પરણેલી સ્ત્રીથી થએલાં છે.

**જાતી અભિમાન અને તડાં.** હિંદુ-સ્તાનમાં સર્વત્ર નજરે પડશે. ઉંચી જાત-વાલા નીચ જાતને હલકી ગણે છે; ત્યારે નીચ જાતવાલા પોતાની જાત માટે અભિ-માન ધરાવે છે. સોની, કંસાર એ જાતવાલા પોતાને ' પાંચાળ બ્રાહ્મણ ' કહેવાડે છે. નાગ-રોને બીજા બ્રાહ્મણો કબુલ કરતા નથી, પણ તેઓ પોતાને બ્રાહ્મણ જાત કરતાં ઉંચા કહેવાડે છે. તેમજ ગોકર્ણા, અનાવલા આ જાતો કણબી જાતથી ઉત્પન્ન થઇ છે. પરભૂ, સુંથાર, પાંચકળશી, ભાટીયા, ખત્રી, ભંડારી એઓ પોતાને ક્ષત્રી કહેવાડે છે. પોતાને વૈષ્ય તરીકે જણાવનારી કેટલીક જાતો છે. તે સઘળી જાતોને બ્રાહ્મણો શૂદ્ર જાતીમાં ગણે છે, અને તેમના ઘેરે થતા સર્વે ધર્મ કર્મ શૂદ્ર જાતીને મળતાજ કરે છે. શૂદ્ર



જાતીમાં પણ અનેક ભેદ છે, અને તેઓ પોતામાં વટીક અન્ન વેહવાર રાખતા નથી.

ચમાર પોતાને મહાર, માંગ એઓથી શ્રેષ્ટ દર્શાવે છે, અને તેમના હાથનું પાણી વટીક પીતાં નથી. તેમજ મહાર લોકો પણ પોતાને માંગ વગેરે જાતીથી ઉંચ સમજી તેમના હાથનું ખાતા નથી.

હિંદુ જાતીભેદ વિશે કેટલાક ગ્રંથોમાં ખાસ વર્ણન આપેલું છે. વાણીઆઓના જે ઉપાધ્યાય કર્હાડ બ્રાહ્મણો તેમને ત્યાં પુરાણ વગેરે વાંચે છે, તેમનાં વિષે સહ્યાદ્રિખંડમાં ઘણી નિંદા કરેલી છે. તેમાં આપેલા ત્રીજા અધ્યાયઆંના શ્લોકમાં લખે છે કે "કર્હાડ બ્રાહ્મણનો સ્પર્ષ થતાં વસ્ત્ર સાથે સ્નાન કરવું. તેમનાંથી ૨૪ મેલ છેટે રેહેવું, કે જેથી તેમનો શ્વાસ વટીક આપણને સ્પર્ષ કરે નહિ."

ચિત્તપાવન (કોકણસ્થ) બ્રાહ્મણો વિષે એજ ગ્રંથમાં એક ઠેકાણે લખે છે કે 'પ્રહર દહાડો થાય ત્યાં સુધી તેમનું મુખ જોવું નહિ,' એવો પરશરામે શ્રાપ આપ્યો છે. (સં. ખં. અ. ૮૧)

દરેક જાત પોતાનું મહત્વ વધારવા માટે ઉપાયો યોજે છે. જેઓ નીચ કરતાં ઉંચ જાતીનાં જણાવે છે તેઓ પોતાંનું મહત્વ વધારવા જમતી વેળા અબોટીયું પેહેરે છે; વિધવા વિવાહ કરતા નથી, બ્રાહ્મણોને પૈસા આપી પોતાને ઘરે હોમ, યજ્ઞ પુરાણ, કિર્તન વગેરે કરાવે છે; અને કેટલાકો તો પોતાને ઘેર બ્રાહ્મણોને તેડી બ્રાહ્મણ હાથે રસોઈ કરાવી ખવાડે છે. કેટલાકો સગાઇથી ઉંચી જાતમાં મિશ્ર થઇ શકે છે. તે શિવાય કેટલીક જાતીનાં મહત્વ વિશે પુરાણો લખાયલાં છે.

સામાન્ય આચાર ઉપર જોતાં મંત્ર સંસ્કાર અધિકાર જેમને મળેલાં છે, એવી અનુલોમ જાતી સ્નાન કર્યા શિવાય યા અબોટીયું પેહેર્યા શિવાય ધર્મકર્મ તથા ભોજન કરતા નથી. તેમજ સ્નાન આગમજ હજામત વગેરે કરી લીયે છે, અને ભોજન લીધા પછી કદીપણ હજામત કરાવતા નથી. તેમજ તેમનું ભોજન પકાવવું વગેરે પણ સ્નાન કરીનેજ કરવામાં આવે છે. આવી પવિત્ર સ્થિતિમાં હોય તે વેળા શૂદ્ર જાતનો જો કોઇ તેમને અડકે તો તુરત સ્નાન કરવું પડેછે.

સાધારણ પવિત્રાઈ માટે સ્નાન કર્યા પછી દેવપૂજા તથા ભોજન કરતી વેળા રેસમ અથવા ઉતનું વસ્ત્ર પેહેરે છે. આ વસ્ત્રમાં મુગટ, પિતાંબર વગેરે રેસમી વસ્ત્ર યોજેલાં છે. જો ઉપલાં વસ્ત્રો ન હોય તો સૂતરાઉ કાપડને ધોઇ તદન એલાહેદી જગ્યામાં તેમને સૂકવે છે. ઘણું કરી સ્નાન કરી સૂતરાઉ ભિનું વસ્ત્ર પેહેરે છે, અને પછી સૂતરનાં કોઈ પણ સૂકાયલા વસ્ત્રને અડકતા નથી. પીતાં-બર અથવા ધાનળી પેહેરેલો બીજા કોઇને અડકે તો તેમાં કશી બાધ રહેતી નથી, પણ સૂતરેનું વસ્ત્ર પેહેર્યુ હોય ને તે જો કોઇને અડકે તો તેને સ્નાન કરવું પડે છે. આવા પવિત્ર કપડાં પેહેર્યાં પછી બીજા માણુસને હાથે તે તેનીપર પાણીનાં છાંટા પડે યા કોઇ ચીથરાંપર તેનો પગ પડે છે તો તેને ફરી સ્નાન કરી વસ્ત્ર બદલવાં પડેછે.

બ્રાહ્મણાદિકને કાગડો, કુતરો, ખલીર, ગધેડો, ડુક્કર વગેરે પશુ પક્ષી અડકે છે તો તેમને સ્નાન કરવું પડે છે. તેમજ તેઓ ધોબી, હજામ વગેરે શૂદ્રને અડકતા નથી. મહાર, માંગ, કાથોરી વગેરેને અડકવાથી પણ તેમને સ્નાન કરી વસ્ત્ર બદલવાં પડે છે.

ઉંચ જાતના સ્ત્રીઓ રજસ્વલ દરમ્યાન ત્રણ દિવસ છેટે બેસે છે. પેહેલો દિવસ શૂદ્ર, બીજો વૈષ્ય, ત્રીજો ક્ષત્રી અને ચોથો દિવસ બ્રાહ્મણનો ગણી તે દિવસે સ્નાન કરેછે.

**ખાનપાનમાં ભિન્નભિન્ન જાતી નિયમો** પણ ઠેરવેલાં છે. બ્રાહ્મણ માંસ ખાતા નથી, દારૂ પીતા નથી, અને કોઇ પણ જાતના હાથનું પકાવેલું ખાણું ખાતા નથી; પણ તેઓમાંનો જો કોઇ અફીણ, ભાંગ, ગાંજો વગેરે કેફી વ્યસનમાં પડે તો તેને જાતિભ્રષ્ટ કરતા નથી.

કેટલાક દક્ષણી બ્રાહ્મણ ગુજરાતી બ્રાહ્મણોને હાથનું પકાવેલું અન્ન ખાતા નથી; પરંતુ ગુજરાતી બ્રાહ્મણ દક્ષણી બ્રાહ્મણના હાથનું ખાનપાન લીયે છે. હિંદુસ્થાની બ્રાહ્મણ બીજા બ્રાહ્મણોનાં હાથનું ખાતા નથી, અને તેઓ પોતાના ચુલા પાસે કોઇને આવવા દેતા નથી. કદાચ જો કોઇ ત્યાંવેર જઇ લાગેછ તો તે સર્વ અન્ન અભડાયલું ગણે છે, ને નાખી દીયેછે. પણ તે તેના ચુહલા પાસેના 'ચૌકા' ની બહાર કોઇ પાણી લાવી આપે યા લોટ મસલી આપે તો તેમાં તેમને કશી બાધ નથી.

મલબારી 'બોરી' બ્રાહ્મણ કોઇને અડકતા નથી, પણ મુસલમાનોને ત્યાંની રોટલી ખાવામાં બાધ ગણાતા નથી. નેપાળી બ્રાહ્મણો પોતા માટે પકાવેલું અન્ન મુસલમાનને હાથનો સ્પર્ષ નહિ કરતાં જો તે અન્નને લાકડીના છેડાપર બાંધી લાવે તો તેમાં કશી અભડછેડ ગણાતી નથી. ગુજરાતા બ્રાહ્મણ અને બીજી જાતના બ્રાહ્મણોમાં ઝાઝી અભડછેડની સુગ નથી. કેટલાક સિંધી ગુજરાતી બ્રાહ્મણો ચામડાની પખાલમાં પાણી પીયે છે. હિંદુસ્તાની બ્રાહ્મણો શુદ્રનાં ઘેરનું અન્ન ખાવામાં બાધ રાખતા નથી. પંજાબ, સિંધ અને બંગાલી બ્રાહ્મણો મૌસ, મચ્છ, દારૂ ખાવા પિવામાં હરકત જોતા નથી.

જે જાતોમાં મૌસ ખાવાની બાધ નથી તેઓમાં પણ અનેક પ્રકાર છે. સંસ્કાર અને કર્મો કરનારો સુનાર, પરભૂ વગેરે પ્રજા બકરો, જંગલી ડુક્કર, હરણ વગેરે ખાયછે. કોઇ કબૂતર ખાય છે તો કોઈ મરઘી ખાતા નથી. ત્યારે કેટલીક જાત મરઘીનાં ઈંડા ખાય છે પણ મૌસ ખાતાં નથી. મહાર જાત શિવાય કોઇપણ જાત ગૌમાસ ખાતી નથી.

બ્રાહ્મણો કદીપણ પરજાતના હાથનું જળ પીતા નથી. પણ કેટલીક વેળા મોટવડે કાઢેલું પાણી યા નાળાનું પાણી પ્રાશન કરે છે. કેટલાક ગામમાં બ્રાહ્મણો માટે તદન વેગળા કુવાઓ બનાવેલા હોય છે, અને ત્યાંથી કોઇપણ પરજાત પાણી ભરી શકતી નથી; ત્યારે કેટલેક ઠેકાણે એકજ કુવામાંથી બ્રાહ્મણ મુસલમાન વગેરે પાણી ભરે છે પણ તે કુવામાંથી ઘેડ, ચમાર, માંગ એમને પાણી ભરી લેવા દેવામાં આવતું નથી.

**ન્યાત બહાર** કાઢવા માટે ચોકસ નિયમો ઠેરવેલાં છે. પરજાતીથી અથવા પોતાથી ઉતરતી જાત અથવા પરાઇ જાતને હાથનું અન્ન ખાવું, પરજાત સ્ત્રીથી લગ્ન સંબંધ કરવો, પરજાતનો પુત્ર દત્તક લેવો, અથવા પોતાના કુટુંબમાં પરજાતનાં ફરજંદ પાળવાં, જનોઇ અને ચોટલી કાઢી નાખવી, સ્નાન સંધ્યા એટલાનો ત્યાગ કરવો, સમુદ્ર પર્યટન કરવું, નીચ જાતના ઘેરમાં ભોજન પકાવી ખાવું, અભડછેડ નહિ પાલવી, ગૌહંત્યા કરવી, ગોમાસ ખાવું, દારૂ પીવી (બ્રાહ્મણાદિક), અતીસૂદ્રાદિ જાતની સ્ત્રી સાથે વસવું વગેરે રીતે ચાલનારને ન્યાત બહાર મેલવામાં આવે છે. શુદ્ર અને મુસલમાન સ્ત્રી સાથે વસે અને તેના હાથનું ખાણું લીયે તો તેને ન્યાત બહાર મુકાઈ શકાતો નથી.

આવી રીતે નીયમનો ભંગ કરનારને ન્યાત બહાર કર્યા પછી તેની સાથનો ભોજન વ્યબ્હાર રહેતો નથી. તેમના ઘરે બ્રાહ્મણ ધર્મ કર્મ માટે જતો નથી. તેને કોઇ જનોઇ પેહેરાવતું નથી; તેમજ પુત્ર પુત્રી આપવાનો વેહેવાર રહેતો નથી. તેને મંદીરમાં જવાનો અધિકાર રહેતો નથી. તે મરણ પામતાં તેનું પ્રેત ઉંચકવા તેના ન્યાતિલાઓ કદી જતા નથી. પણ એવે સમયે જો તેનો ન્યાતિલો તેને મદદ કરે છે તો તે પણ શિક્ષાપાત્ર ઠરે છે. શુદ્ર લોકોમાં વટીક ન્યાતબહાર કાઢવાનો તથા હુક્કા પાણી બંધ કરવાનો નિયમ છે. એટલુંજ નહિ પણ મહાર જેવી નીચ જાતમાં પણ ન્યાત બહાર કાઢવાનો કાયદો છે.

ન્યાતમાં દાખલ થવા માટે ચોકસ ક્રિયામાંથી પસાર થવું પડે છે. તેઓને ન્યાતિ-



લાઓને શરણે જઇ પ્રાયશ્ચિત લેવું પડે છે, મુછ મુંડાવવી પડેછે, અનેક જપતપ કરી દાનધર્મ કરવું પડે છે, ન્યાતને જમણ આપવું પડે છે, બ્રાહ્મણોને ભોજન આપવું પડે છે, તેમજ અનુષ્ટાન કરવાં પડે છે; ન્યાતને ( જો પ્રચારમાં હોય તો ) દારૂ પાવી, મીઠાઇ ખવાડવી, દંડ આપવો, સાષ્ટાંગ નમસ્કાર કરવાં, એટલે પતિત જાતીપાવન થાય છે.

ન્યાતબહાર થવામાં આગલા વખતમાં ઘણો ભય અને નામોશી સમજતા. જાણીતા મહાન કવિ જ્ઞાનેશ્વરના માતપિતાને બ્રાહ્મણોએ ૧૨ વર્ષ સુધી ન્યાતબહાર રાખ્યા હતા આથી તેઓએ છેલ્લે જોયું કે ન્યાતીલા કોઇપણ રીતે ન્યાતમાં લેતા [illegible] ત્યારે દુઃખી થઇ પોતાના ૪ પુત્રોને તજી પ્રયાગ જઇ ત્રીવેણી નદીમાં પડી આપઘાત કરી પ્રાણ તજ્યો હતો ( જ્ઞાનેશ્વર ચરિત્ર પૃષ્ટ ૪૦ ).

**જાતી કર્મ.**—જાતી વિભાગ થતાં આ વિભાગ કાયમ રાખવા, દરેક ન્યાતને તેના અધિકાર આપવા, તેમનાં કર્મો યોજવાં અને આચાર કાયમ કરવા, એ કામો હિંદુ ધર્મ શાસ્ત્રીઓએ પ્રથમ હાથ ધર્યા. આ બંધારણ વેદ કાળમાં ઠેરવેલા નહોતાં પણ જાતી વર્ગ થતાં આ કાયદા બંધાયા છે.

આ કારણ માટે સ્માર્તસુત્ર નામે ગ્રંથ રચાયો છે. તેના ગુહ્યસુત્ર અને 'સામ્યાચારિક' એવા બે ભાગ કરેલા છે. અને તે બેઉ ધર્મ શાસ્ત્રની આગમજ રચાયલાં છે. આ સુત્ર બ્રાહ્મણી અને ઉપનિષદો જેવાંજ દરેક વેદના જૂદા જૂદા છે. દાખલાં તરીકે ઋગવેદના આશ્વલાયન અને સાંખ્યાયન એવા સુત્ર છે. જે બ્રાહ્મણ જે વેદનો અનુયાયી હોય છે તે વેદના સુત્ર મુજબ તેના આચાર વિચારો હોયછે. આશ્વલાયન ગુહ્ય સુત્રમાં પેહેલાં લગન સંબંધી કર્મનું વર્ણન આપેલું છે. કારણ ગૃહસ્થાશ્રમનો લગ્નથી આરંભ થાયછે, અને તેના પછી સંસ્કાર ગણેલાં છે.



**બ્રાહ્મણોનાં**—ઠેરવેલા કર્મમાં અધ્યાપન (વેદનું અધ્યન કરવું) અધ્યન (જાતે પોતે વેદ પઢવું), યજ્ઞ કરવાં અને કરાવવાં, દાન આપવું અને લેવું એવા ૬ કર્મો બ્રાહ્મણો માટે ઠેરવેલાં છે.

**ક્ષત્રીનાં** કર્મોમાં પ્રજાનું રક્ષણ કરવું, દાનધર્મ કરવું, યજ્ઞ કરવાં, અધ્યન કરવું એ યોજેલાં છે.

**વૈષ્ય** કર્મમાં પશુનું રક્ષણ કરવું, દાનધર્મ કરવું, યજ્ઞ કરવાં, અધ્યન કરવું, સ્થળ તથા જળ માર્ગે વેપાર કરવો, વ્યાજથી દ્રવ્ય મેળવવું, અને ખેતીવાડી કરવી.

**શુદ્રનાં કર્મ**—બ્રાહ્મણો એ શુદ્રો માટે એકજ કર્મ ઠેરવેલું છે. તેઓએ બ્રાહ્મણ ક્ષત્રી અને વૈષ્ય આ ત્રણ જાતની સેવા કરવી (મનુ ૧°૮૮—૯૧.)

**જાદવ**—એ ચંદ્ર વંશની એક શાખા, યદુ કુળની છે. ચંદ્ર વંશમાં પાંચમો યયાતિ રાજા થયો. તેની સ્ત્રી દેવયાનીથી યદુ પુત્ર થયો. તેપરથી તેના વંશજો યાદવો કે જાદવો કહેવાય છે. એ યદુ કુળમાં એક 'ભજમાન' રાજા થયો, તેના પછી તેનો પુત્ર પૃથીકુ, પછી તેનો પુત્ર વિદુરથ ને તેનો છોકરો સુરસેન રાજા થયો. સુરસેન પછી તેનો વડો પુત્ર વસુદેવ ને વસુદેવના પુત્ર શ્રી કૃષ્ણ થયા. એવું કહે છે કે કૃષ્ણના વખતમાં દ્વારિકાનાં મૂલકમાં ૫૬ કરોડ જાદવોની સંખ્યા હતી. કૃષ્ણ આ સર્વે જાદવો સાથે લઇને એક વેળા પ્રભાસ પાટણની જાત્રા કરવા ગયા. એક જગાપર દુર્વાસા ઋષિ તપ કરતા હતા. ત્યાં જાદવોએ તેમની મશકરી કરવા ધારી, તેમના પેટે તાસળું બાંધી ઋષિ પાસે ગયા, ને કપટથી પુછ્યું કે "મહારાજ આને શું અવતરશે?" ઋષિને તેમના ચિન્હ ઉપરથી માલમ પડ્યું કે મારી મશકરી કરવા કપટ કરી આવ્યા છે. તેથી શ્રાપ દીધો કે એમાંથી તમો સર્વનું મોત નિપજશે. આથી તેઓ સંતાપ પામ્યા, ને ધાર્યું કે આપણે એને નદીમાં ઘસી નાખ્યે

એટલે શું નિપજનાર છે?. પણ ઘસવાથી તેના પરમાણુની પાન ઉગી. પછી કોઇ દિવસ જાદવો દારૂ પીને અંદર રમવા પડયા, ને દારૂની ઘેનમાં એજ પાન વતી અકેકના પ્રાણ લીધા. આ સમયે જાદવોનો તમામ નાશ થયો હતો.

**જાદુન**—આ પ્રજા તોરૂબલા પાસે હિમાલય તરફથી વહેતી ઈંડસ નદીને કાંઠે વસે છે. એ પ્રજા જાતે પઠાન હોઈ પસ્તૂ ભાષા બોલે છે.

**જાદુમંત્ર**—દુનિયાંના દરેક ભાગમાં વસ્તી પ્રજામાં જાદુ મંત્રનું ચેટક ફેલાયલું જણાય છે. હિંદમાં હિંદુ મુસલમાન વગેરે પ્રજામાં પણ તે ઘણું જાણીતું છે. હિંદુઓમાં શૂદ્ર દેવતાઓની ભક્તિ સંબંધથી, ભૂતોના ભયથી, દેવઋષિ અથવા પંચાક્ષરી અને જાદુગરી એ ઉત્પન્ન થયું. દેવતાઓને પ્રસન્ન કરવાં, તેઓ પાસેથી વર પ્રાપ્ત કરવા, તેમનો ક્રોધ શાંત કરવો, અનર્થ ટાળવા, અથવા તેમનો નાશ કરવો એ સર્વ દેવઋષિપણાનો ઉદ્દેશ છે. જાદુગરીમાં મંત્ર સામર્થનો વિશેષ જોર જણાય છે. આ બેઉ પ્રકાર હિંદુઓમાં ચાલતા આવ્યા છે, અને તેને મુસલમાનોના **બીરમંત્રથી** મજબુતાઇ મળેલી છે.

દેવઋષિપણામાં કેટલાક પુરૂષો તથા સ્ત્રીઓ પણ શામેલ હોય છે. કોઇના ઘરે દેવી, કોઇને ઘરે ખંડોબા, હનુમાન, ભૈરવ, વેતાળ, પીર આટલા દેવતાઓમાંનું એખાદ સ્થાનક રાખેછે. તેમાં જે દેવતામાં સત્ય વિશેષ જણાય છે, તેનીપર લોકો વધારે ફીદા થાયછે. આ દેવતાઓનો ધૂણવાનો દિવસ મંગળ યા શનિવાર, અમાવાસ્યા, પૌર્ણીમાં એવા દિવસ હોય છે. આ દિવસે જે મનુષ્ય પોતાના દેવતા પાસે બેસી ધૂણે છે, તેને લોકો બહુ માન આપે છે. ધૂણવાના જૂદા જૂદા પ્રકાર છે. ભૂમિપર-આસન માંડી, લોબાન બાળી, પછી ધૂણવા માંડે છે. આ શક્તિ શરીરમાં પ્રવેશ કરતાં તે બોલવા માંડે છે; કેટલાક જમીનપર નમે છે, યા આળેટયા કરે છે. કોઇ ગુસ્સામાં આવી કોરડો મારે છે, તો કોઇ પોતાના હાથ કરડે છે, પછી તે ધૂણનાર પાસે જેવો અરજદાર તરીકે આવી બેસે છે તેઓ લીંબુ, નારીયળ, કપૂર, સોપારી, લોબાન તેને અર્પણ કરે છે. પછી તે કેટલાક લીંબુ કાપે છે અને તેમની મનોવાસના પુરી કરેછે. "કોઇ આજારી પડતાં કેટલાક લોકો વૈધને ત્યાં, તેમજ દેવઋષિને ત્યાં (ભગત) જાય છે અને તે બેઉના ઉપાયો કરે છે. તેમાં જાદુ કોટળ કરનારા ભગતો તેને તાવીજ, કંકુ વગેરે મંત્રી આપી પૈસા લીયે છે. બાળકની પિડા દુર કરવા માટે મરઘી, એક નારીયળ, એક રોટલી ઉપર ઘી ચોપડી તેપર કંકુ છાંટી, તે છોકરા ઉપરથી ઓવાળી નાખી તે ઉતારો ૪ રસ્તા વચ્ચે જઇ મેલે છે. કોઇ લીંબુને ૧૧ સોય ભોંકી તેનીપર મેસની ત્રણ લીટીઓ ખેંચી, અડદ સાથે તેને તલાવ કિનારે જઇ મેલે છે. કેટલાક ભગતો ભૂત પિશાચ એને બાટલીમાં કેદ કરી તે દાટેછે. યા કેટલાક તેને પાણીમાં દુબાડેછે.

**બીરમંત્ર** શિખવવા ગુરૂ પોતાના ચેલાને કંકુ, લોબાન લાવવા કહી, તેની પાસેથી સવ્વા રૂપ્યો, સવ્વા પાવલો અથવા સવ્વા આનો લઈ એકાંત સ્થાનમાં સાથે લઇ જાય છે. પછી એક સ્વચ્છ જગાપર કંકુથી વેતાળની આકૃતિ પાડી મોહડેથી મંત્ર બોલી વેતાળ આકૃિત પર હાથ મુકાવી તેની પાસે કસમ લેવાડે છે, કે "આ મંત્ર હું કોઇને કહીશ નહિ, યા શિખવીશ નહિ." પછી તેને નીચલો મંત્ર પઢવા કહેછે; યા મોહડે કરવા માટે કાગળ ઉપર લખી આપેછે.

"ॐ નમો આદેસ ગુરૂકુ આવ બીર ભવાની સંગવાસો જીન્નસ (અત્રે આપણને જે પદાર્થોની સિદ્ધતા કરવી હોય તેનાં નામો બોલેછે) લાવે, અબીર લાવે, પીંજર લાવે, ગુલાબકા ફુલ લાવે, પેઠે લાવે, બર્ફી લાવે (વગેરે), જલ્દી લાવે, ફુલ ગુલાબ કિસ્સે હુકૂમસે કરકરી ભવાની કાની કરિતાં દ્રાહિ છપ્પન કોટકા મુંન્ત નિકાલ પીંપલસે ફુલ મંતર ચલો મંતર ઈશ્વરી બાચા ગુરૂકા સબદસ સચ્ચા આછા."



આ ઉપલો મંત્ર વગર ભુલે એકજ દમમાં દરરોજ ૨૧૦૦૦ વખત બોલે છે, અને એ મુજબ ૧૫ દિવસથી મહિના સુધી બોલવો પડે છે. આ મંત્ર સિદ્ધી મેળવનાર માટે નીચલાં નિયમો પાળવાં પડેછે.—માસીક માંદગીમાં બેઠેલી સ્ત્રીનો અવાજ આ મંત્ર જપ કરતી વેળા અથવા જમતી વેળા સાંભળવો નહિ. શૂદ્ર જાતીનો હોય તો મંત્ર સિદ્ધ થાય ત્યાં વેર તેણે મૌસથી દૂર રહેવું, તેમજ દારૂ પિવો નહિ, એવા નિયમો પાળવાં પડેછે. આ જપ બરાબર પાળયા પછી તે મંત્ર સિદ્ધ થયો કે નહિ તેની પરિક્ષા કરવા જપ જપી રહેતાં હાથમાં મટોડી લઇ દાબતાં તેમાંથી સુગંધી આવવી જોઈએ, પણ સુગંધ નહિ આવે તો નીયમ પાળવામાં અથવા જપ કરવામાં ભુલ થએલી જાણવી.

તે પછી બીજો મંત્ર શિખવવામાં આવે છે તે નીચે મુજબ છે.

"લે જાવ આવ મહમદા બીર, મનક્રોધીર એક લાખ અકરા હન્દર બંગાલકા પીર ચલો બંગાલકી ભવાની, ચલો મસાનકા બેતાલ, નરસીંગભવાની, ઉઠાવ મારો ટાલ્યા ઉઠાવ ભૈરીકા ભૈરી ઉઠાવ, જંગલકા ઉઠાવ, પિંપલકા મુંન્ત્યા ઉઠાવ, બહાત્તર ક્રોટીંગ ઉઠાવ, બાજારકા જીન્નસ નહિ ઉઠાવે તો સિતાબાઈકી આણ, રામ ચંદ્રજીકી આણ, નહિ કામ કરે તો નર્ક કુંડમે પડે, સબદસ સાચ્ચા, ફુલમંતર ચલો, મંતર ઇશ્વરી બાચા ગુરૂકા સબદસ સાચ્ચા અછા."

ઉપલો મંત્ર એક દમમાં બોલાય એવો મોઢે કર્યા પછી નદી કીનારે જઇ સ્નાન કરી હોમ કરવો પડે છે. આ હોમક્રિયામાં ચેલાને જૂદી જૂદી એટલી તો ક્રિયામાંથી પસાર થવું પડે છે કે કેટલીક વેળા તે મેળવવાથી હારી ખાવું પડે છે.

**મુઠ મારવાની વિદ્યા**—આ જાદુ ટોણા શિખેલા ભગતો જાણે છે. આ મુઠ મારવા માટે પ્રથમ બીરમંત્રી અડદ, સીંદુર, લીંબુ, સોય, ટાચણી એક માટલીમાં નાંખે છે અને તેમાં એક બત્તી મેલે છે, પછી તે માટલીને મંત્ર સામર્થ્યથી આકાશ માર્ગે ઉડાવી જેની પર મંત્ર પ્રયોગ કરવો હોય તેના બારણાપર ઉતારે છે. એટલે માટલીમાંની સોય, ટાચણીઓ ઉડી પેલા દુશમનનાં કાળજામાં ભોંકાય છે. પછી તે લોહી ઓકવા માંડી મરણ પામે છે; પણ મુઠ ઉતારનાર મળતાં તે બચી જાય છે. મુઠ મારનારને મુઠ પાછી કોઇ વાળશે એવો ભય રહેતો હોવાથી તે પોતાના ઘેરમાં બકરો અથવા મરઘો રાખેછે અને મુઠ પાછી ફરતાં તેને તે અર્પણ કરેછે. મુઠ મારનારને મુઠ માર્યા પછી એટલી તો બીહિક રહે છે કે તે કામે કાજે જતી વેળા પાસે છરી રાખે છે, અને જેવી મુઠ પાછી આવી કે તે છરી વડે પોતાની આંગળીમાંનુ લોહી કાઢી તેને તૃપ્ત કરે છે. મુઠની માટલીમાં આટાની મૂર્તી મુકવામાં આવે છે અને તેના બદન ઉપર સોયો ટાંચવામાં આવે છે. મુઠ માટે બીજી પણ એક વાત જાણીતી છે, કે કોઇ મંત્રી આકાશ માર્ગે મુઠ નિહાળી જતાં જોઇ તેને હેઠે ઉતારી ભોગ આપી જમીનમાં દાટી બેઉના હક્કમાં ભલું કરે છે. આ મુઠને ઉતારવા માટે મંત્ર સામર્થ્ય ઘણું જોઇએ.

**મુઠનો મંત્ર**—ॐ નમો કાલા ભૈરૂ મસાન વાસા ઉડદકી મુઠ રકતા બાણ ચલીરે ભૈરૂં કચિયા મસાનમેં કહૂં તો સો સમન્નય સવાપહરમે ધૂની દીખાયા મૂવા મુરદા મરઘટવાસમાતા છોડે પુત્રકી આસ જલતી લકડી ધ્રુકે સમાન ભૈરૂ મેરા ભૈરી તેરા ખાન સેલી સીંગી રૂદ્ર બાણ મેરા ભૈરીને નહિમારેં તો રાજા રામચંદ્ર લક્ષમણજીકી આન ॥.

**જાનવેલ**—એના વેલા ચોમાસામાં ઉગે છે. એ વેલાનાં પાંદડાં લાંબાં હોઈ ખાંચાદાર હોય છે. આ વેલી બીજાં ઝાડ ઉપર ચઢેલી હોય છે. પાણીના કિનારા ઉપર થનારી વેલી માત્ર ઉન્હાળામાં જીવતી રહે છે. એ ઔષધિમાં ઘણી ઉપયોગી છે.

**જાનીના**—તૂર્ક આલબાનીયામાંનુ આ શેહેર ૧૨ મૈલ લાંબા ને ૩ મૈલ પોહળા સરોવર કાંઠે કૉરફ્યૂથી ૫૦ મૈલ પર છે. અત્રે અલીપાશાનો એક પડત કિલ્લો છે. અત્રે સોનેરી

લેસ, મોરક્કો ચામડું અને રેસમનાં કારખાનાં છે. ૧૮૦૦ માં અત્રે લોક વસ્તી ૪૦૦૦૦ ની હતી. હાલમાં માત્ર ૨૦૦૦૦ ની છે. તેમાં ટ્રુ થીકો છે. આ શેહેર ૧૪૩૦ થી તુર્ક સરકારને તાબે છે.

**જાનેવારી**—ઈંગ્રેજી વર્ષનો પેહેલો મહિનો. રોમનોએ આ નામ 'જુનો' દેવી ઉપરથી આપ્યું છે. અને આ નામ પંચાંગમાં ન્યૂમાએ ફેબ્રુવારી સાથે લખ્યું હતું. ૧૮ મી સદીમાં આ મહિનો યૂરપ્યનોએ વર્ષના પેહેલા માસ તરીકે ઠેરવ્યો હતો, પણ રોમનો જણાવે છે કે તેઓ છેક ઇ. સ. પૂર્વે ૨૫૧ થી એ માસ ગણતા આવ્યા છે.

**જાફ**—આ એક અતી મ્હોટી જાણીતી પ્રજા તુર્કસ્થાનમાં દીલા નદી કાંઠેના 'કાનાફી'ના પ્રદેશમાં ૨૫૦૦૦ કુટુંબોવાલી વસે છે. ચંડોમાં તેઓ સુલેમાનીયા અને ઝોહાબમાં તથા ગર્મીમાં આર્દીલાનના પર્વત ઉપર વસે છે. આ પ્રજા દેખાવે ખુબસૂરત, મજબુત અને બહાદુર, પણ રીતભાતમાં તદન જંગલી છે.

**જાફર અલબરમકી બીનયાહ્યા**—એનો દાદો બરમકી જરતોસ્તી હતો, પણ તે મુસલમાની ધર્મમાં વટલી મ્હોટો મરતબો પામ્યો હતો. તેના પછી ખાલીદ અબુલ અબ્બાસ સાહીનો વજીર હતો. તેના પછી યાહ્યા અને તે પછી પિતા તથા બપાવાની હઈઆતીમાં જાફર ૧૭ વર્ષની વયે ખલીફ હારૂન અલ રશિદની દરબારમાં નોકરી મેળવી દરજ્જે બ દરજ્જે મ્હોટી પદ્ધિ પામી વડો વજીર બન્યો હતો. જાફરપર ખલીફ્ મેહેરબાન થઇ પોતાની બેહેન અબાસા સાથે એવી શર્તે લગન કરી આપ્યાં કે તેઓ કદી પણ સંસારી હક્ક ભોગવી શકે નહિ; પણ કુદ્રતી કાયદાને બેઉ વહાલાં શરણ થતાં ખલીફ્ હારૂને તેઓપર ગુસ્સે થઇ જાફર તથા તેના ભાઈ અલ ફ્જલ તથા પિતા યાહ્યાને કેદમાં પુર્યા. જ્યાં તેઓ રીબીને મુવા. તથા જાફરને પુલના છેડાપર ઇ. સ. ૮૦૩ માં ૨૯ જાનેવારીએ (હજરી સન ૧૮૭, ૧ લી સફેર) ફાંસીએ ચઢાવ્યો.

**જાફરઅલીખાન**—એ મીરઝાફરને નામે પ્રસિદ્ધતા પામ્યો છે. એને ઈંગ્રેજોએ બંગાલના નવાબ તરીકે નેમ્યો હતો. પાછળથી નવાબ સૂરાજઉદૌલા ૧૭૫૭ માં મરણ પામતાં બીહાર તથા ઓરીસાના નવાબ તરીકે એની નેમણુક થઈ હતી. પણ ૧૭૬૦ માં સરકારી દરબારી કામમાં ગફ્લત કરવાથી જાફરઅલીખાનને પેનશનપર જવું પડ્યું હતું. તે પછી એનો જમાઇ મીરકાસીમ અલીખાન એની જગાપર નેમાયો હતો; પણ મીર કાસીમે ઈંગ્રેજોને કલકત્તામાંથી હાંકી કાઢવાનો પ્રપંચ રચવાથી ઉદવાનાળા તરફ ૨ જી આગસ્ટ ૧૭૬૩ માં થએલી લઢાઇમાં એની હાર થઇ અને બ્રિટીશોએ મીરકાસમને દેશનિકાલ કરી જાફર અલીખાનને ફરી આગલી જગાપર નેમ્યો હતો. એનું મરણ ૧૭૬૫ માં ૫મી ફેબ્રુવારી; હિ. સ. ૧૧૭૮, ૨૪ શાહાબાને નીપજ્યું હતુ. એના પછી એનો બેટો નીજામઉદ્દીન ગાદીનશીન થયો. જાફરઅલીની કબર મુરશીદાબાદમાં છે, જ્યાં એની બેગમ તથા મીરન નામના બેટાને દાટેલાંછે.

મુરશીદાબાદના નવાબોનો વંશ :—

જાફર અલીખાન ૧૭૬૫ ૫મી ફેબ્રુવારીએ મરણ પામ્યો). નિજામઉદ્દૌલા (ઉપલાનો પુત્ર) ૧૭૬૬ ૩ જી મેએ મરણ પામ્યો). સફઉદ્દૌલ (જાફરનો બીજો પુત્ર) ૧૭૭૦ ૧૦ મી માર્ચે મરણ પામ્યો. મુબારીક ઉદ્દૌલા (જાફરનો ૩ જો પુત્ર) ૧૭૯૩ ના સપ્ટેંબરમાં મરણ પામ્યો. નાઝીરઉદ્દૌલા (ઉપલાનો પુત્ર) ૧૮૧૦ ના એપ્રેલમાં મરણ પામ્યો. જૈનુદ્દીન અલીખાન. ............ સૈયદ મહમદ અલીખાન ૧૮૨૪ માં ૩૦મી અકટોંબરે મરણ પામ્યો. હુમાયુન જહાન. ............ મનસૂર અલીખાન નસરતજહાન ૧૮૫૮ માં ગાદીએ બેઠો.

**જાફરખાન**—એ ઉમાદત ઉલમુલ્કને નામે પ્રસિદ્ધ થયો છે. સાદીખાન મીર બક્ષીનો



બેટો અને યમીનદ્દીનનો જમાઇ. એ શાહાજહાનનાં લશકરમાં ૫૦૦૦ સ્વારોનો સરદાર હતો. ૧૬૬૨ માં આલમગીરનો વજીર હતો. મરણ ૧૬૭૦ માં દિલ્લી ખાતે નિપજ્યું. એના મરણ પછી એનું શબ આગ્રા મોકલી જમના કાંઠે દટાવ્યું હતું; જે કબર હજી કાયમ રહેલી છે.

**જાફરખાન**—એનુ જન્મ નામ મુરશીદ કુલીખાન હતું. શેહેનશાહ આલમગીરે એને બંગાલના હાકમ તરીકે ઇ. સ. ૧૭૦૪ માં નેમ્યો હતો. એણે પોતાનું પાયતખ્ત મુરશીદાબાદને બનાવી ત્યાં પોતાના વંશજોની સ્થાપના કરી હતી. એનું મરણ ૧૭૨૬માં નિપજ્યું. તેના પછી નીચલા ગાદીપતિ થયા.

મુરશીદ કુલીખાન ઇ. સ. ૧૭૦૪. શુજાઉદ્દીન (ઉપલાનો પુત્ર) ઇ. સ. ૧૭૨૬. અલાઉદ્દૌલા સર્ફરાજખાન ઇ. સ. ૧૭૩૯. અલીવર્દીખાન મોહબતજંગ ઇ. સ. ૧૭૪૦ સૂરાજઉદ્દૌલા (ઉપલાનો પૌત્ર) ઇ.સ. ૧૭૫૬. જાફરઅલીખાન (પદભ્રષ્ટ થયો ૧૭૬૦ માં)· ઇ. સ. ૧૭૫૭. કાસીમ અલીખાન (ઉપલાનો જમાઇ) ૧૭૬૦. જાફર અલીખાન ઇ.સ. ૧૭૬૩. નીજામઉદ્દૌલા (ઉપલાનો પુત્ર) ઇ. સ. ૧૭૬૪. સયફઉદ્દૌલા (ઉપલાનો ભાઇ) ઇ. સ. ૧૭૬૬. નીજામ ઉલમુલ્ક વજીરઉદ્દૌલા (મરણ ૧૮૧૦ ૨૮મી એપ્રેલ) ઇ સ. ૧૭૯૬. સૈયદઝયન ઉદ્દીન અલીખાન (ઉપલાનો પુત્ર)- ઇ. સ. ૧૮૧૦. સૈયદ મહમદ અલીખાન. હુમાયુનજાહ. મનસૂર અલીખાન નસરતજાન.

**જાફરખાન**—ઇરાનના પાદશાહ સાદીકખાનનો બેટો. ૧૭૮૫ માં અલીમુરાદખાનના મોત પછી ફાર્સના ઉમરાવોએ એને પાદશાહ તરીકે સ્વિકાર્યો, પણ એના દુશમન અકા મોહમદખાન કે જે ઇસ્પહાન ઉપર ચઢાઇ લઇ જતો હતો તેની સામે માથું ઉંચકી શકયો નહિ. જાફરખાનને ૧૭૮૮ માં પ્રપંચથી મારી નાખવામાં આવ્યો હતો. એના માથાને શેહેરના દરવાજા ઉપર ટાંગવામાં આવ્યું હતું.

**જાફર જતાલે-મીર**—આલમગીરના બેટા અજીમશાહની નોકરીમાં એ હતો. એ અતી રમુજી કવિ હતો. એની કવિતા ફાર્સી અને ઉર્દુની ભેળવાલી છે. એણે રેખતામાં શાહાનામું રચ્યું હતું. શેહેનશાહ ફરૂખશીયર રાજ્યરૂઢ થયો ત્યારે નિંદાત્મક કવિતા રચવાના અપ્રાધને માટે એને ઇ. સ. ૧૭૧૩ માં મારી નાખવામાં આવ્યો હતો.

**જાફર સાદીક**—મોહમદ બાકીનો વડો પુત્ર, અને ઇમામહુસેનનો પૌત્ર. એને ૬ ઠા ઇમામ તરીકે માનવામાં આવેછે. એનો જન્મ મદીના ખાતે ઇ. સ. ૭૦૨ માં (હિજરી સન ૮૩) થયો હતો. મરણ એજ શેહેરમાં ઇ. સ. ૭૬૫માં નીપજ્યું. એની વિદ્વત્તા તે જમાનામાં વખણાઇ હતી; અને એ અલીમનસૂરની દરબારમાં માન પામ્યો હતો. એણે ફાલનામું રચેલું છે.

**જાફરાબાદ**—કાઠીયાવાડમાં બાબરીયાવાડ પ્રાંતનું મુખ્ય ગામ તથા રાજ્ય. હિંદી મહાસાગર ઉપર એ આબાદ બંદર છે. એ અહમદાબાદની દક્ષિણે ૧૭૦ મૈલપર અને બરોદાની દક્ષિણ પશ્ચિમે ૧૬૫ મૈલ ઉપર છે. ક્ષેત્રફળ ૪૨ ચોરસ મૈલ છે. તેમાં ૧૨ ગામો છે. ૧૮૭૨ માં વસ્તી ૧૦૨૫૧ ને ૧૮૮૧ માં ૯૪૦૫ ની છે. વાર્ષીક ઉપજ ૪૫૦૦ પૌંડની ઉપજે છે. અત્રે રૂ તથા ઘઉંનો સારો પાક થાય છે. રાજ્યમાં ૧૨૩ માનસોની ફોજ તથા ૫' નિશાળો છે.

મુખ્ય ગામ જાફરાબાદમાં ૧૮૭૨માં વસ્તી ૪૯૦૩ ની ને ૧૮૮૧ માં ૪૭૪૯ ની હતી.

એનો કિલ્લો વગેરે ગુજરાતના સુલતાન મુઝફરે બંધાવ્યો, તેથી એ મુઝફરાબાદ કહેવાયું. મુઝફરાબાદનું ટુંકુ નામ 'ઝફરાબાદ' ને તેનો અપભ્રંશ જાફરાબાદ એ હાલ જંજીરાના સીદી નવાબને તાબે છે, ને તે અહીં બીજા વર્ગની સત્તા ચલાવે છે. ઇ. સ. ૧૭૩૧ માં જ્યારે મોગલોની ગુજરાત પ્રાંતમાં સત્તા નબળી પડી હતી ને સોરઠના ફોજદારનો અમલ દર્યાકાંઠાના પ્રદેશમાં માત્ર

નામનોજ હતો, ત્યારે જાફરાબાદના મુસલમાન થાણુદારો સ્વતંત્ર થઇ બેઠા હશે એમ સંભવે છે. એ થાંણુદારો તથા મુસલમાની લશકરનાં સીપાઇઓ તથા કોળીઓ મળી ચાંચયાપણું કરતા ને સૂરત સાથે ચાલતા વેપારને હરકત કરતા. જંજીરાનો સિદ્દીહિલોલ જે તે વખતે સૂરતમાં હતો તેણે તેમના ઉપર હલ્લો કર્યો, તેમનાં વહાણો ભાંજી નાખ્યા, ઘણા કોળીઓને કેદ પકડયા ને તેમની પાસે દંડ માંગ્યો. થાણુદારથી દંડ આપી શકાયો નહિ, તેથી તેણે જાફરાબાદ સીદી હિલોલને વેચ્યું. સીદ્દીએ ત્યારથી ત્યાં પોતાના લશકરની તૂકડી રાખવા માંડી. પણ પાછળથી પ્રાંતમાં અવ્યવસ્તા ઘણી ચાલતાં હિલોલે જંજીરાના નવાબને ઇ. સ. ૧૭૬૨માં જાફરાબાદ વેચ્યું. જંજીરાના નવાબે સીદીને ૧૭૦૦૦ રૂપ્યા આપ્યા ને સાંમું લશકર આપી તેનેજ અમલ કરવા મોકલ્યો. ત્યારથી સીદી હીલોલ જાફરાબાદમાં જંજીરાના નવાબના હાકેમ તરીકે રહ્યો. આ વખતે એ તાલુકામાં માત્ર જાફરાબાદ ગામ તથા તેની પડોસનો થોડોક પ્રદેશ એટલુંજ હતું. પણ તેમાં જાફરાબાદના હાકમોએ ધીમે ધીમે વધારો કર્યો. હાલમાં આ તાલુકામાં જાફરાબાદ સાથે ૧૨ ગામો છે. જે જંજીરાના નવાબ તરફથી એક મામલતદાર રહેછે, તેને દીવાની તથા મુલ્કી બન્ને અધિકાર છે.

**જાફા**—આ શેહેરને હાલમાં 'આર્ફા' કહે છે. એ મેસોપોટેમિયા પ્રાંતમાંનું મુખ્ય શેહેર છે. ખ્રિસ્તી ધર્મમાં જે પ્રજા પ્રથમ દાખલ થઇ તેમાં આ શેહેરની પ્રજા હતી. બાલ્ડવીન નામે ગૉડફ્રેના ભાઇએ અત્રે પોતાનો અમલ સ્થાપન કર્યો હતો. ધર્મ યુદ્ધકારીઓએ પેહેલું ખ્રિસ્તી રાજ્ય અત્રે સ્થાપન કર્યું હતું; પણ પાછળથી આ શેહેર તૂર્કોને તાબે ગયું. ૧૮૯૭ માં અત્રે રેલ્વેલાઇન ખુલ્લી મેળાઇ હતી. કૉન્સટેનટાઇનના સમયમાં અત્રે બીશપનું મુખ્ય મથક હતું. આ શેહેર મુસલમાનો પાસથી ખ્રિસ્તીઓએ અને પછી મુસલમાનોએ જીતી લીધું હતું. ૧૭૯૯ માં નેપોલ્યને એનીપર ચઢાઇ કરી હતી. ૧૮૩૨ માં મહમદ અલીજાહએ જીતી લઇ બ્રિટીશોની મદદથી તૂર્કોને તાબે આપવામાં આવ્યું હતું. અત્રે સંત્રા અતી ઉત્તમ થતા હોવાથી યુનાઇટેડ કીંગડમમાં અસંખ્ય મોકલવામાં આવે છે. ૧૮૮૩ માં તેનાં ૧૧૩૦૦ બારકસો ભરી રવાના કર્યાં હતાં. પણ ૧૮૯૩ પછી ૩૬૦૦૦ સંત્રાં ભરેલા બારકસો દરસાલ પરદેશ રવાના થાય છે. અત્રેની વસ્તી ૪૨૦૦૦ની છે.

**જાંબ**—કેટલેક ઠેકાણે જામફળને અને કાજુનાં ફળને જામફળ કહે છે. પણ એ ઝાડ તે કરતાં જૂદું છે. જાંબની બે જાતી છે. એકને ખાટાં જાંબ અને બીજાને મખાલી જાંબ કહે છે. ખાટાં જાંબનાં ઝાડ ઉંચા હોયછે, તેનાં ફુલો રાતાં હોયછે, ફળો સફેદ અને મ્હોટાં હોય છે. તેપર માર્ગશીર્ષ અને પૌષ માસમાં ફળો આવે છે. મખાલી જાંબના ઝાડ ઘણુંકરી મલાકાના ટાપુમાંથી લાવેલાં હોવાં જોઇએ. આ ઝાડ ઉંચાં વધતાં નથી. તેપર સફેદ ફુલો આવેછે. એનાં ફળો રંગે પિળા ને મીઠાસદાર સ્વાદમાં હોય છે. જાંબ વર્ષમાં બે વાર પાકે છે. તે શિવાય જાંબની બીજી જાતો એ મુજબ છેઃ—

ગુલાબ જાંબનું ઝાડ—સાધારણ ઉંચાઇનું હોયછે. તેનાં પાંદડા નાહનાં હોય છે. એનીપર ફેબ્રુવારીમાં લીલા સફેદ રંગના ફુલો આવેછે, અને તેનાં ફળો વર્સાદમાં પાકે છે. એનાં ફળનો આકાર નાહના સફરચંદ જેવો હોય છે, અને તે દેખાવમાં સુંદર હોય છે. તે પાકયા પછી તેનો રંગ પિળો બને છે. અને તેપર કીંચીત લાલ રંગની છાંટ હોય છે. ફળમાં એક મ્હોટું બી હોય છે. એને ગુલાબીવાસ આવતો હોવાથી તે ગુલાબી જાંબને નામે જાણીતું છે. મુંબઈ વગેરે ઠેકાણે એનાં ઝાડ છે. એનાં નવાં ઝાડ બીથી યા કલમથી ઉગાડી શકાય છે. એના ઝાડ લાલ



જમીનમાં સારાં ઉગે છે, અને તેને પાંચ દિવસ આંતરે પાણી પાવું પડે છે.

સફેદ જાંબ—એ સાધારણ ઉંચાઇનું ઝાડ છે. એના પાંદડાં અતી સુંદર હોઇ તે કાળા લીલા રંગનાં હોય છે. વર્સાદની મોસમપર એપર ફળો આવતાં તેનો અતી મનોહર દેખાવ ખિલી નિકળે છે. એનાં ફળો નાહનાં પેર જેવડાં પણ રંગે મીણ જેવાં સફેદ ચળકતાં હોય છે. ઝાડ બિયામાંથી ઉત્પન્ન કરી શકાય છે. એનું ઉત્પંતિ સ્થાન ઈંડીયન આર્ચિપેલેગો છે, પણ એ મુંબઇમાં પુશકળ ઉગે છે.

લાલજાંબ—એનાં ઝાડ અતી વિશાળ ઉગે છે. એનાં પાંદડા મ્હોટાં ને લાંબા તથા કાળા લીલા રંગના હોઈ અતી શોભાયમાન હોય છે. એનીપર માર્ચ માસમાં મોહોર આવે છે અને ફળો મે અથવા જુન માસમાં આવે છે. ફળોથી આ ઝાડ ઘણું શોભાયમાન દિસે છે. એના ફળ નાહના સફરચંદ જેવડાં ને રંગે ગુલાબી હોય છે. એનાં નવાં ઝાડ બીયાં વાવીયાથી ઉગે છે. લાલ જમીનમાં એ જોરથી વધે છે, એને આંઠ દિવસ આંતરે પાણી સીપવું પડે છે.

મલાકીજાંબ—આ અતી સુંદરતા ધરાવનાર વૃક્ષપર ફુલો ગર્મીની મોસમમાં આવે છે. ફુલો મ્હોટાં ને કીરમજી રંગના હોયછે. એનીપર ફળો થંડીની મોસમની શરૂઆતમાં આવે છે, તે લીંબુ જેવડાં હોઇ તેવાજ રંગના યા તેપર કીરમજી રંગની ઝાંખ હોય છે. આ ઝાડનું ઉત્પંતિસ્થાન મલાકાના ટાપુ છે. નવાં ઝાડ બી અથવા કલમથી ઉગે છે. એના માટે લાલ જાતની જમીન જોઇએ. આ ઝાડને પાંચ દિવસ આંતરે પાણી સીપવું પડે છે, અને તે ઘણે લાંબે વખતે વધે છે.

**જાંબવંતી**—જાંબવનની કન્યા ને શ્રીકૃષ્ણની સ્ત્રી. એને સાંબ વગેરે ૧૦ પુત્રો હતાં.

**જાંબવન**—બ્રહ્મદેવતાથી ઉત્પન્ન થએલો વાનર. એ મ્હોટો પરાક્રમી હતો. રામઅવતારમાં એણે ઘણી મદદ કરી હતી. એ કૃષ્ણ અવતાર થતાં સુધી હૈયાત હતો. એના એક વંશજ સાથે સ્યમંતકમણી માટે યૂદ્ધ થતાં એની પુત્રી સાથે કૃષ્ણે લગ્ન કર્યો હતા.

**જાંબુ**—એક પ્રજા. એઓ પોતાને યાજ્ઞવલ્કયના વંશજ જણાવે છે. તામ્રલેખ મુજબ તેઓ ઈ. સનની ૪થી સદીમાં જબુંસરમાં પ્રથમ જઇ વસ્યા. આગળ તેમની મ્હોટી સંખ્યાના પ્રમાણમાં તેઓ મ્હોટા વિદ્વાન પણ હતા. પણ હાલમાં માત્ર કુળગોર તથા જોષિ તરીકે કામ કરે છે. તેમની મુખ્ય વસ્તી ગુજરાતમાંછે.

**જાંબુ**—એના વૃક્ષ સર્વત્ર ઉગે છે, અને તે અતી ઉંચાઈએ પોંહચે છે. એના પાંદડાં બકુલીનાં પાદડાં જેવાં હોય છે. જાંબુડીના ઝાડને વૈશાખ, જેષ્ટમાં ફળો આવે છે. આ ફળોનો રંગ બહારથી કાળો અને માહેથી રાતો હોય છે. જંગલમાં થતા વૃક્ષોનાં ફળો ઝીણા ને ખાટાં હોય છે. પણ બાગાયત જાંબુ મ્હોટાં ને મીઠાં હોય છે. બાગાયત જાંબુને રાયજાંબુ કહે છે. જાંબુડીની છાયા અતીશય થંડક આપનારી છે. એનું લાકડુ ચીવટ હોવાથી તે જલ્દી કોહતું નથી, તેથી તે ઇમારત બાંધવામાં વપરાય છે. તલાવ, કુવામાં શેવાલ થઇ હોય તો તેમાં જાંબુડીની ડાંખળી નાખવાથી પાણી એકદમ સ્વચ્છ થાયે છે.

જાંબુનું નવું ઝાડ બીયાંથી ઉત્પન્ન થાય છે. બીયાં વર્સાદની શરૂઆતમાં રોપે છે, ને રોપા ૧૨ માસના થતાં તેને બીજે જગે કાયમનાં રોપે છે. પાણી પાસેની જમીનમાં એનાં ઝાડ જોરદાર ઉગેછે. એ કઠણ જાતનું ઝાડ હોવાથી તે મ્હોટું થતાં તેની માવજત કરવાની અગત રહેતી નથી.

જાંબુની છાલ, પાંદડા તથા બીજનો ગુણ ગ્રાહી છે. આ બીજ દવા સાથે જાહડા તથા ગ્રહણી ઉપર અપાય છે. એના પાંદડાંની પોલ્ટીસ વિંછીના દર્દપર અકસીર છે. જાંબુ ફળ ખાધાથી પથરીનો નાશ થાય છે અને તેનાં બીજ ખાધાથી જાહડો કબ્જ થાય છે.

તે શિવાય એના ઓષધિમાં સંખ્યાબંધ ઉપાયો યોજેલા છે.

**જાંબુલિસ્તાન**—આ શેહેર પુરાણા જમાનામાં જાલ અને તેના વંશજ રૂસ્તમની હાકમી તળે હતું. હાલમાં ભૂગોળમાં જાંબુલીસ્તાનનો મુલક કેથે જણાતો નથી. પ્રાચીન ભૂગોળ મુજબ આ પ્રાંત બલખ તથા કાબુલની દક્ષિણે હોઇ સીસ્તાન તથા ગીઝનીનું પાયતખ શેહેર હતું. ક્ષત્રોઇહાને અઇરાન મુજબ જાંબુલિસ્તાનનું શેહેર સીસ્તાનનાં પાદશાહ રૂસ્તમે સ્થાપ્યું હતું.

**જામનેર**—એજ નામના જીલ્લાનું મુખ્ય શેહેર, ધુળીયાની પૂર્વથી દક્ષિણે ૬૦ મૈલ ઉપર છે ૧૮૭૨ માં વસ્તી ૫૩૦૯ની હતી. તેમાં ૪૨૬૨ હિંદુ તથા ૧૨૫૯ મોહમેદનો હતા. શેહેર ૧૦૨ એકર ઉપર છે. આગળ આ ગામ આસપાસ કોટ હોઈ બચાવનો કિલ્લો હતો, પણ હાલમાં તે નથી. ગામ બહાર રામ મંદીર, અને પોસ્ટ ઑફીસ તથા સરકારી શાળા ગામમાં છે.

**જામફળ**—એનાં ઝાડ સર્વત્ર ઉગે છે, તેમાં હિંદુસ્તાન મુખ્ય ઉત્પતિ સ્થાન છે, એમાં સફેદ અને ગુલાબી એવી બે જાત છે. આ ફળ થંડુ છે. જામફળની કોશિંબરી સારી બને છે. જામફળ ઘણા ખાવે તાવનો ઉપદ્રવ થાયછે. જામફળીનાં જુના લાકડા બંદુકના કામમાં આવે છે. એનું લાકડું ચીકણું ને કઠણ હોય છે.

**જામાસ્પ**—અઇરાન વેજમાં પ્રાચીનકાળમાં પાદશાહ ગુશતાસ્પનાં જમાનામાં આ વિદવાન પ્રસિદ્ધતા પામી ગયો છે. એ દે-જામાસ્પ યાને વિદવાન જામાસ્પને નામે માન પામ્યો હતો. એ ફ્રશઓસ્ત્રનો ભાઇ અને હવોવનો પુત્ર યા કુટુંબી હતો. એને ગાથામાં 'જામાસ્પ હવોગ્વ' કહેલો છે. એ પોતાની બાહોશી, પાકીજગી અને ખાનદાનીયતપણાથી ગુસ્તાસ્પ પાદશાહની વઝીરાત પામ્યો હતો જ્યારે સ્પેન્તમાન જરતોસ્ત પેગંબરે પોતાની અહુરમજદી દીન આશકારા કરી ત્યારે તેના ચેલાઓમાંનો એ પણ એક હતો. એણે જરતોસ્તી દીનના કાનુનનો અભ્યાસ કરી તે દીન આશકારા કરવામાં તનમન અને ધનથી દરેક મહેનત કરી હતી, તેમાં અસપંદીયાર ફ્રઓસ્ત્ર તથા જરીર સાથે જોડાઇ જઇ ઇરાનમાં જરતોશ્તી મજહબ ફેલાવવાની ઘણી મેહેનત કરી અશો જરતોસ્તનો માનીતો થયો હતો, અનેતેથી તે પેગંબરે એને પોતાની બેટી સાથે પરણાવ્યો હતો. જરતોસ્તે દરૂન ઈજી ચાર શખસોને જૂદી જૂદી બક્ષેસો કરી હતી, તેમાં જામાસ્પને ઇજેલું ફુલ આપયું હતું, જે સુંઘવાથી જામાસ્પ વધુ દાનાવ અને ભવિષ કહેવાને શક્તિવાન થયો હતો. જામાસ્પનો 'ગેરામ' નામનો બહાદુર બેટો અરજાસ્પ સાથની દીન દુશમનાઇની લઢાઇમાં ધર્મ ખાતર માર્યો ગયો હતો, અને તેથી ગુશતાસ્પની હાર થઇ હતી. તે વેલા અસપદીયાર રૂઇનતન પાદશાહ ગુશતાસ્પના ઓફથી બંદીખાને પડયો હતો તેને જામાસ્પ વઝીરે બંદ મુકત કરી અરજાસ્પ જેવા દીન દુશમન સામે લઢવા ઉશકેરી દુશમનોને પરાગંદે કરયા હતા. દબેસ્તાન મુજબ જરતોશ્તે જામાસ્પને સફરજલનું ફળ ઇજીને ખાવા આપ્યું જેથી તે ભવિષ જાણનાર થયો હતો. પણ જામાસ્પ પોતે પોતાને જરતોસ્ત તરફથી ગુલાબનું ઈજેલું ફુલ સુંઘાડીયાથી એજમતી બુદ્ધિ મળેલી જણાવે છે. શાહાનામામાં એને મોબેદાન મોબેદ તથા શાહનો સલ્હાકાર વઝીર જણાવેલો છે. જામાસ્પને ભવિષવાણી કહેવાની શકિત હોવાથી તે બનતા બનાવોની આગાહી કરતો હતો, અને તેથી ગુશતાસ્પ પાદશાહ તે યોગે ઘણા લાભ મેળવતો.

**જામાસ્પ આશા***—આ વિદ્વાન દસ્તુરનો જન્મ ઇ. સ. ૧૬૯૩ માં નવસારીમાં થયો હતો. બચપણમાં ફાર્સી ભાષા શિખી એવણને જ્યોતિષ તથા સંસ્કૃત ભાષાની તાલીમ

* જામાસ્પ આશાનું ચરિત્ર નવસારી પ્રકાશ ૩૩૨ પાનેથી લીધું છે.



આપનાર સંભૂરામ નામનો એક પંડીત હતો. એવણે 'સારસ્વત' અને 'રત્નમાલા' નામની બે સંસ્કૃત ચોપડીઓ સંવત ૧૭૬૪ માં લખી હતી. જંદ અને પેહેલવી શીખવા પોતે ઇ.સ. ૧૭૧૨ માં ભરૂચ ગયા. જ્યાંના વડા દસ્તુર જમશેદજી કામદીનજીનાં જંદ અને પેહેલવીનાં એવણ શાગેર્દ થયા; વળી તેજ શેહેરમાં એક સરકારી અમલદાર અબદુલ્લા ઇબ્ને હાજેબની સાગેર્દી કરી, આરબી ભાષાનું જ્ઞાન મેળવ્યું. એવણને ઇ. સ. ૧૩૨૩ યજદેજર્દી ૬૯૨ માં ખંબાતવાલા એરવદ મેહેરબાન કેખશરૂની કલમથી લખાયલી પેહેલવી તર્જુમા સાથની યજશનેની કિમતી કેતાબ મેળવી હતી, જે હાલમાં ઑક્ષફર્ડની બોડલીઅન લાયબ્રેરીમાં મોજુદ છે. ૭ વર્ષ સુધી દીનદારી એલમ હાંસલ કરી ૧૭૧૯ માં નવસારી જઇ પાંચ ગેહો અને યસ્તોનો ગુજરાતી ભાષામાં તર્જુમો કર્યો હતો.

તે પછી જામાસ્પજીએ દિલ્લીપતી શાહમહમુદ ઉપર ફાર્સી જબાનમાં એક અર્જી કરી તેની દરબારમાં દાખલ થવાની ઉમેદવારી કરી. આ અર્જી પર પાદશાહે લક્ષ આપી સુરતના નવાબ તેગબેગખાન ઉપર પાદશાહી ફરમાન મોકલી એવણને દિલ્લી દરબારના મીરમુનશીના ઓદ્ધાપર મોકલી આપવા ફરમાવ્યું. આ વેળા જામાસ્પ સૂરત હતા, અને તેથી એવણ તુરત દિલ્લી રવાના થયા પણ એમના પિતાની ઇચ્છાથી પાછા ફર્યા હતા.

૧૭૧૯ માં નવસારી પાછું ફરતાં જરતોશ્તી મજહબ વિશે જૂદી જૂદી બાબતો ઉપર કેટલાક સવાલો ઇરાનના દસ્તૂરો ઉપર લખી મોકલી તેઓ પાસેથી ખુલાસો મેળવ્યો હતો. જે રેવાયતે દસ્તુર જામાસ્પ'ના નામથી આજે મશહૂર છે. યૂરપનાં પ્રોફેસરો બોપ અને બર્ન્ફ જેવા વિદ્વાનોએ જબાન શનાસીનો કાયદો અવસ્તાને છેક પાછલથી લાગુ કર્યો, પણ ખુદ હિંદમાં ઘણા વર્ષો અગાઉ દસ્તુર જામાસ્પજીને પોતાને આ કાયદાની સમજ હતી.

૧૭૨૧ માં દસ્તુર જામાસ્પજીનાં સવાલોનાં જવાબ ઇરાની દસ્તુર જામાસ્પ વેલાતી લઇ આવ્યો. તેમજ તે વિદવાન દસ્તુર આ વેળા હોમસલી, પેહેલવી, ફ્રવશી, નીરંગસ્તાન અને બીજી કેટલીક નજુમને લગતી ચોપડીઓ હિંદમાં પ્રથમ લાવ્યો. આ ઇરાની દસ્તુરે કદમીને શેહેનશાહી એવા બે તડાં પડનારા ફતવા ફેલાવ્યા હતા. (જુઓ કદમી.) જે પ્રસંગે દસ્તુર જામાસ્પ આશાએ તેમાં મુખ્ય આગેવાન ભાગ લઇ જાહેરમાં મ્હોટી પ્રસિદ્ધતા પામ્યા હતા.

"એવણ એક ખબરદાર દસ્તૂર, ફીલસુફ, શાએર અને નજુમી હતા, એમના ઘણાક બ્રાહ્મણ તથા મુસલમાન ચેલાઓ હતા. એવણે 'દીવાને જામાસ્પ' નામે એક ગ્રંથ રચ્યો છે. એમની પાસે એક ગંજાવર કિમતી કેતાબખાનું હતું જેની નામના છેક યૂરપ વેર થઇ છે. એમનું મરણ ઈ. સ. ૧૭૫૩ માં ૧૯ જુલૈએ નિપજ્યું હતું.

### જામાસ્પજી મીનોચેહેર દસ્તુર જામાસ્પ આશાના એમ. એ. પી. એચ. ડી. ડી. સી. એલ; (ઓક્ષન).

આ વિદ્વાન દસ્તુરનો જનમ તા૦ ૨૨ મી નવેમબર ૧૮૩૦ ઇસવીને દિને મુંબઇમાં થયો હતો. સંવત ૧૮૯૯ના રોજ ૨૯ માહ ૫ ને દિને એરવદ થયા હતા. એવણે ગુજરાતી, જંદ, પેહલવી ફારસી તથા ઇંગ્રેજી ભાષાની સારી કેળવણી લીધી હતી.

"સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલન્ટ ઇન્સ્તીત્યુશન" માં વિદ્યાર્થીઓને મજહબની તાલીમ આપવા માટે એક વર્ગ ઉઘાડવામાં આવ્યો હતો, જ્યાં એવણે એક શીક્ષાગુરૂ તરીકે કામ કર્યુ હતું. એવોજ એક વર્ગ એવણે તા૦ ૧ લી અકતોંબર ૧૮૫૯ ને દિને નોશેરવાનજી મનચેરજી

કામાની નીશાળમાં ઉઘાડયો હતો. જે ઇ. સ. ૧૮૬૧ સુધી ચાલુ રાખ્યો હતો.

તા૦ ૨૨ મી અકતોબર ૧૮૬૧ ને દિને પોતાના પિતાના ઉઠમણાની મીજલસમાં તેવણની જગા ઉપર એવણને શેહનશાહી પંથના દસ્તુર ઠેડવવામાં આવ્યા. ઇ.સ. ૧૮૬૧ માં પોતાના પિતાની જગા ઉપર એવણને "પારસી લો એશોસીએશનના" એક અધીકારી ઠેડવવામાં આવ્યા હતા. ઇ. સ. ૧૮૬૩ ના મે માસમાં આફ્રીનગાનમાં "તાણીમીન માને" અને "યાવિસાદ" પઢવાની બાબદમાં મોબેદોમાં મોહટી તકરાર જાગી હતી, જેમાં એ દસ્તુરજીએ મુખ્ય ભાગ લીધો હતો. એજ વરસના યાને ઇ. સ. ૧૮૬૩ ના દીસેમબર માસમાં મુંબઇ સરકારે જરથોસ્તી ધર્મને લગતાં જુનાં પુરાંણા દફ્તરોની શોધખોળ કરવા માટે દોકતર મારટીન હાઉ અને સરદાર દસ્તુર હોશંગ જામાસ્પ જામાસ આશાનાની નેમણુક કરવાથી તેઓએ મારચ ૧૮૬૪ માં આએ દસ્તુરજીના કિમતી કેતાબખાનાની ભેટ લીધી હતી, જેમાં ૫૦૦) વરસ ઉપરની લખેલી સંસ્કૃત તરજુમા સાથની ખોરદેહ અવસ્તા, પહેલવી તરજુમા સાથની યઝશને અને પહેલવી શાહનામા વીગેરે કેટલીક પુરાંમત કેતાબો જોઇ હતી.

તા૦ ૩જી જુલાઇ ૧૮૬૬ને દિને એવણે કેનેરીના ગુફાઓમાંની પહેલવી તખ્તીઓ ઉકલાવીને તેના ગુજરાતી તરજુમાઓ વર્તમાન પત્રોમાં છપાવ્યા હતા.

ઇ. સ. ૧૮૭૫માં એવણ "જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડળી"ના સરનશીન ઠડયા હતા. એ મંડલીની બેઠકોમાં એવણે ઇ. સ. ૧૮૭૫માં "ગયોમર્દ" અને "જૂદી જૂદી જાતના આતશો" અને ઇ. સ. ૧૮૭૬માં "લાશની પુઠે તમામ મીજલસ ઘર આગળથી થોડેક રસ્તે બાજ લીધા વીના જાએ છે તે વિષે" એ બાબદો ઉપર રેસાલાઓ વાંચી તકરારો ચલાવી હતી.

ઇ. સ. ૧૮૭૬માં રૂવાનની પાછલ બાજ ધરી મોબેદની એક જોડ ચલાવવા પછી પોતે તથા તમામ મીજલસને ચાલવાનો એવણે રીવાજ પાડયો હતો. એ ઉપર જાહેરમાં ઘણી તકરાર ચાલી હતી. ઇ. સ. ૧૮૭૬માં મહારાણી વીકટોરિયાના વડા બેટા અને હાલના શેહનશાહ એડવર્ડને એવણે પેહલવીમાં લખેલો દુઆનો કસીદો ભેટ આપ્યો હતો. ઇ.સ. ૧૮૮૦માં ખેતવાડીના જરથોસ્તીઓએ એવણનીઆગેવાની હેઠળ "જરથોસ્તી ધર્મ અને ક્રીયા ઉપર એતેકાદ વધારનારી મંડલી" ઉભી કીધી, તેના એવણ પોતાની હૈયાતી સુધી સરનશીન તથા એક ત્રસ્ટી હતા.

ઇ. સ. ૧૮૮૨ માં ખુરશેદજી નશરવાનજી કામાજી તથા નવરોજી નશરવાનજી વાહડયાજીની આગેવાની હેઠલ કેટલાક જરથોસ્તીઓએ મજગામ ખાતે વસ્તા પારસી ખુનથી જુદદીન ઓરતોને પેટે અવતરેલા અને જરથોસ્તી ધર્મ અને રેવાજ મુજબ ચાલનારા પણ સુદરેહ કુસ્તી વગરના નવ જણાને આપણી દીનમાં લાવવા માટે એક ફંડ ઉભું કીધું હતું અને તેઓને ૨૬ મી જુન ૧૮૮૨ ને દિને માણેકજી શેઠની વાડીમાં સુદરેહ કુસ્તી પેહડાવી જરતોસ્તી દીનમાં લીધા હતા; તેની સઘળી આગેવાની એ દસ્તુરજીએ પોતે કરી હતી. એ બાબદ ઉપર પારસીઓમાં મોહટી તકરાર જાગી હતી અને મરહુમ દસ્તુરજી પેશોતન બેહરામજી સંજાણાએ "નીરગે જવીત દીનાન" નામનું ચોપાન્યું છપાવ્યું હતું. એના રદ જવાબમાં એ દસ્તુરજીએ "પાસાખે નીરંગે જવીત દીનાન" નામનું ચોપાન્યું સપતેમબર ૧૮૮૩ માં છપાવી બહાર પાડયું હતું. એ દસ્તુરજીના દસ્તુરી અમલ દરમ્યાન એવણની આગેવાની અને ઉપરીપણા હેઠલ મુંબઇ તથા દેશાવરોમાં જૂદે જૂદે પ્રસંગે બધી મલી ૧૫ દરેમેહરો પરઠાઇ હતી.

ઇ. સ. ૧૮૮૪ માં મુંબઇ મધે અનજુમનના પૈસાથી સેહનશાહીનું એક આતશ-



બેહરામ બાંધવાની હીલચાલ થવાથી મરહુમ દસ્તુર પેશોતન બેહરામજી સંજાણાએ "એક શેહરમાં એક તડાંને માટે દીનની સરતે એકથી વધારે આતશબેહરામ થઇ શકે નહીં એવો વાંધો ઉઠાવી વર્તમાન પત્રોમાં લખાણો કર્યાં હતાં, એના રદ જવાબમાં એ દસ્તુરજીએ લખાણો કરી "એક શેહરમાં એક તડાંને માટે એકથી વધારે આતશબેહરામ થઇ શકે" એવું દીન તથા તવારીખની કેતાબો તથા મુંબઇના બે મોજુદ દાખલાઓ ઉપરથી સીદ્ધ કરી આપ્યું હતું. એ બાબદ ઉપર મુંબઇમાં મોહટી તકરાર જાગી હતી. તા૦ ૨૩ મા મેએ ૧૮૮૬ ને દિને અનજુમનના આતશબેહરામનો પાયો નાખવાની ક્રિયા એવણે જરથોસ્તીઓના મોહટા મેલાવડા હજુર કરી હતી. સ. ૧૮૮૭ માં મહારાણી વીકટોરયાની ૫૦)મા વરસની જુબીલી અને ઇ.સ. ૧૮૯૭માં તે નામદારની ૬૦મા વરસની "ડાયમંડ જુબીલી એ બન્ને ટાંકણે જંદ પહેલવીમાં લખેલો દુઆનો કસીદો તે નામદાર શેહનશાહબાનુ ઉપર મોકલી આપ્યો હતો.

ઇ. સ. ૧૮૯૨માં કોલમબસે અમેરીકાખંડ શોધી કહાડયો તેને ઇ. સ. ૧૮૯૨માં ચાર સદી પુરી થવાથી એવણે તે બનાવની યાદમાં કેટલુંક લખાણ કરી અમેરીકાખંડ ખાતે મોકલ્યું હતું. ઇ. સ. ૧૮૯૨ના સપતેમબર માંસમાં લંડન ખાતે ભરાયલી "ઓરીએંટલ કોંનગ્રેસ" માં યૂરપ તથા અમેરિકાના જંદ-પહેલવીના અભ્યાસીઓ તરફથી પ્રોફેસર દારમેસતેતરે એવી દરખાસ્ત કરી હતી કે "મુંબાઇવાલા દસ્તુર સાહેબો પેસોતન બેહરામજી સંજાના તથા જામાસ્પજી મીનોચેહેરજીએ ઓક્ષફ્રર્ડની બોદલ્યન લાઇબ્રેરીને અવસ્તાના કિમતી હસ્ત લેખો ભેટ આપ્યા છે તે માટે એ દસ્તુર સાહેબોનો ઉપકાર માનવાની દરખાસ્ત મેલી પસાર કરાવી હતી. ઇ. સ. ૧૩૨૩માં ખંબાતવાલા એરવદ મેહરબાન કેખુશરૂની કલમથી લખાયલી પહેલવી તરજુમા સાથની યઝશનેની મોતેબર કેતાબ જે એ દસ્તુરજીએ ઓક્ષફર્ડની બોદલ્યન લાઇબ્રિરીને ભેટ આપી હતી તેની ૨૦૦) નકલો ડૉકટર મીલ્સે આગસ્ટ ૧૮૯૩ માં "ફોલોતાઇપ" કરાવીને છપાવી હતી.

રોજ ૩ માહ ૩ સને ૧૨૬૭ યઝદજરદી તા૦ ૧૭ મી અકતોબર ૧૮૯૭ ને દિને અનજુમનના આતશબેહરામને પરકી તખ્તનશીન કરવાની સઘલી ક્રીયા એવણની આગેવાની અને ઉપરીપણા હેઠળ કરવામાં આવી હતી. એ આતશબેહરામની કારસાજીમાં, તેનું ફંડ ભરાવામાં, તેના ક્રીયા કામોમાં ભારે મેહનત, ઝેહમત, ખંત, કાલજી એવણની એકલાની હોવાથી એવણને એ મકાનના વંશપરંપરા વડા દસ્તુર ઠેડવવામાં આવ્યા હતા. જામાજીએ કેટલાક ગ્રંથો રચી યૂરોપ, અમેરિકા અને હિંદના વિદ્વાન મંડલોને પોતાની વિદ્વતાની સાબેતી પુરી પાડી આપી હતી. એવણના રચેલાં ગ્રંથમાંથી એવણનાં કાબેલ્યત અને ઊંડા દીનદારી જ્ઞાનની ગવાહીઓ મલે છે. ઇ. સ. ૧૮૬૭ના આગસ્ટ માસમાં એવણે "રદીએ ફરમાને દીન" નામનું પુસ્તક એક લંબાણ દીબાચા તથા ખુલાસા સાથે છપાવી બહાર પાડયું હતું. ઇ. સ. ૧૮૭૩માં એવણે ખુરદેહ અવસ્તા શુદ્ધ જોડણીમાં અને તેની સાથ તાલુકો ધરાવનારી ક્રીયાઓની સમજણ સાથ છપાવી પ્રગટ કરી હતી; ઇ. સ. ૧૮૭૪ માં એવણે જૂદે જૂદે પ્રસંગે કીધેલી ૮) વાએજોનો સંગ્રહ છપાવી બહાર પાડયો હતો. ઇ. સ. ૧૮૭૫ માં એવણે "યજદાંપરસ્તી" ની વાઅજ છપાવી હતી.

ઇ. સ. ૧૮૭૯ માં એવણે "નીરંગ ઉપર વાઅજ," "અહુરમઝદને ખુશનુદ કેવી રીતે કરવો" અને "આતશ ઉપર વાઅજ" નામના ત્રણ ચોપાન્યાંઓ છપાવ્યાં હતાં. ઇ. સ. ૧૮૮૧ માં એવણે "સદદર બેહરેહતવીલ"નો ગુજરાતી તરજુમો પુશકળ નોટો અને વધારા સાથ બીજીવાર છપાવી બહાર

પાડયો હતો. એ ઉપરાંત એવણે કીધેલી ઘણીક વાઅજોના ચોપાન્યાંઓ છપાઇ બહાર પડયાં છે. એવણના રચેલા ગ્રંથોમાં સૌથી અગત્યનો ગ્રંથ તે એવણનો ઈ. સ. ૧૮૭૭ માં છપાવી બહાર પડેલા પહેલવી શબ્દકોષ છે, જે યૂરપના વિદ્વાન મંડલોમાં ઘણો વખણાયો છે.

ઈ. સ. ૧૮૯૭ ના જુન માસમાં "અઇઆદગારે જરીરાંન" નામના પહેલવી શાહનામાનો તેક્ષ્ત છપાવી બહાર પાડયો હતો. એ દસ્તુરજીને યૂરપની યુનીવરસીટીઓ તરફથી મલેલા ખેતાબો અને ઘણાક વિદ્વાન મંડલો સાથે એવણના જોડાએલા સંબંધો ઉપરથી એવણની વિદ્વતાની બીજી ગવાહી મલે છે. તા૦ ૩૧મી આગસ્ટ ૧૮૬૫ ને દિને એવણને મુંબઈની "પારસી ચીફ મેટરીમોન્યલ કોર્ટ"ના એક દેલીગેત નેમવામાં આવ્યા હતા. ઈ. સ. ૧૮૬૬ માં એવણ "બોમ્બે બ્રાંચ ઓવ ધી રોયલ એસીઆટિક સોસાયટી"ના સભાસદ નેમાયા હતા. ઈ. સ. ૧૮૭૭માં મુંબઇ સરકારે એવણને યુનીવરસીટીના "ફેલો" ઠેરવી માન આપ્યું હતું. ઈ. સ. ૧૮૭૮ માં એવણને મુલ્લાં ફીરોઝ મદરેસાની કારોબાર મંડલીના એક અધીકારી ઠેરવવામાં આવ્યા હતા. તા૦ ૭ મી જાનેવારી ૧૮૮૪ ને દિને એવણને જરમનીની "ઓરીએંટલ સોસાયટી"ના એક મેમબર તરીકે ચુંટી કહાડવામાં આવ્યા હતા. એ દસ્તુરજીને પોતાના જંદ પહેલવી ઝબાનોના પુખ્ત જ્ઞાનની કદરશનાસીમાં જરમનીની ત્યુબીનગન યુનીવરસીટી તરફથી તા૦ ૮ મી જાનેવારી ૧૮૮૪ ને દિને "ડૉકતરે ઓવ ફીલોસોફી" (P. H. S.) અને માસ્તરે ઓવ આર્ટસ" (M. A.)ની માનવંતી પદવીઓ મલી હતી, કે જે માન પારસી ધર્મ ગુરૂઓમાં પેહલ વેહલું એવણને મળ્યું હતું.

તા. ૧૯મી નોમબર ૧૮૮૯ને દિને એવણને ઓક્ષફર્ડ યુનીવરસીટી તરફથી "ડૉકતર ઓવ સીવિલ લોઝ (D. C. L.)ની માનવંતી પદવી મલી હતી.

એમનું મરણ તા૦ ૨૬મી સપતેમબર ૧૮૯૮ને દિને ૬૮ વરસની ઉમરે મુંબાઇમાં નીપજ્યું હતું.

**જામી**—આખું નામ નુરૂદીન અબ્દુલરહીમાન. એ ફાર્સી શાએર તરીકે મ્હોટી પ્રસિદ્ધતા પામ્યો છે. જન્મ હિરાતમાંના જામ ગામડામાં ૭ નવેંબર ૧૪૧૪ માં થયો હતો. એ પોતાના વખતમાં તમામ ઈરાનમાં ફાર્સી શાએર તરીકે જાણીતો થયો હતો. તે વખતના રાજા તથા શાહજાદાઓ આ કવિને અત્યંત માન આપી નવાજતા હતા. એને હિરાતના સુલતાન અબુસૈયદ મિર્ઝા સાથે મિત્રાચારી હતી. તેના મ્હોત પછી શાહજાદા સુલતાન હૂસેન મિર્ઝા તરફથી પણ આ નામીચા શાએરને ભારે માન મલ્યું હતું. જામીએ ૪૪ કરતાં વધુ ગ્રંથો રચ્યાં છે. એણે રચેલી યૂસુફ જુલેખાં નામની વાર્તા ૪૦૦૦ બયતોની બનેલી છે. તે શિવાય નફાહત ઉલઇન્સ, નામે સુફી તત્વનો એક ઉત્તમ ગ્રંથ રચ્યો હતો. એનું મરણ ૧૪૯૨માં ૯ નવેંબરે નિપજ્યું હતું.

**જાયફળ**—એના વૃક્ષનું મુખ્ય ઉત્પત્તિ સ્થાન જમેકા અને મલાકાનાં ટાપુઓ છે, પણ હિંદમાં તે કેટલેક ઠેકાણે ઉગે છે. તેમાં મદ્રાસ ઈલાકો અને ગોવા પ્રાંતમાં ઝાઝાં જણાય છે. બીજે ઠેકાણે બગીચાઓમાં સુંદરતા થકી એનાં ઝાડ રોપે છે, પણ તેપર ફળો આવતાં નથી. જાયફળનું ઝાડ ૨૦ ફીટ ઉંચું વધે છે. મલાકા તથા બાંડા ટાપુમાં એના ઝાડો પ્રાચીન કાળથી હસ્તી ભોગવે છે. મલ્લાકામાં વર્ષો થયાં તેના ઝાડ મ્હોટા વિસ્તારપર રોપવામાં આવે છે. મલાકા અને બાંડા ટાપુનાં જાયફળનાં ઝાડ કરતાં જમેકાના ટાપુમાંના ઝાડ વધારે જોરદાર વધે છે. ત્યાં અકેક જોરદાર ઝાડ ઉપરથી દર વર્ષે ૪૦૦૦ ફળો કાઢવામાં આવે છે; એક રતલ વજનમાં ૯૦ જાયફળો



ચઢે છે એમ પકડીએ તો જમેકા ટાપુમાંના એક સારા ઝાડ ઉપરથી એક વર્ષમાં ૪૪ રતલ વજનનાં જાયફળો મળે છે. બીજે ઠેકાણે એક ઉત્તમ ઝાડ ઉપરથી ૧૦ થી ૧૪ રતલ ફળો નિકળે છે.

જાયફળનાં ઝાડની મુખ્ય ત્રણ જાતો છે. નર, રાય અને માદા તેમાંથી પેહેલાં બે જાતનાં ઝાડનાં ફળો ઘણા મ્હોટાં હોઇ તે ઇંડા કૃતિ હોયછે. ત્રીજી જાતનાં ઝાડનાં ફળો તદ્દન ગોળાકાર હોઈ નાહનાં હોયછે. એના ફળોપર જે વેષ્ટન હોયછે તે જાવંત્રી. તદ્દન ગોળાકાર જાયફળ ઉત્તમ પ્રતિનાં ગણાય છે. સારા જાયફળને જો છિદ્ર પાડીએ તો તેમાંથી તેલ જેવો પદાર્થ નિળવો જોઇએ, નાહનાં જાયફળ ૧ પૌંડમાં ૧૨૦ હોય છે.

મધ્ય આફ્રિકાથી જે જાયફળ આવેછે, તે જંગલી જાયફળો હોયછે. ત્યાં જાયફળોની મ્હોટી ગીચ્છ ઝાડીઓ બનેલી છે. આ જાયફળ લંબોચાં હોઇ ખરા જાયફળ જેવાં સ્વાદદાર હોતાં નથી.

જાયફળનું ઝાડ બેહદ ડાખલી અને પાંદડાથી શોભાયમાન દિસે છે. ડાંખળીઓપર ઝીણા ઝીણા સફેદ ફુલના ઝુમખા આવેછે, જે પછી તે ફુલમાંથીજ જાયફળ બને છે. જાયફળ ૩ પડ તળાયે છુપાયલી હોયછે. પ્રથમ એક ગોળ ફળ ઉગે છે, જેનો પ્રથમ રંગ લીલો, ને તે પાકપર ચઢતાં લાલ થાય છે. જ્યારે આ ફળ પોખાઇ તૈઆર થાયછે, ત્યારે તેના નરમ ભાગમાં એક ઉભો ચીરો પડેછે, અને માહેથી ખુશનુમાં રાતા રંગનું પડ, અને તેની તળીયે કાળા રંગના કોટલાનું ફળ જણાય છે. આ કોટલામાંનું બીજ તે જાયફળ. તેના ઉપરનું રાતું પડ તે જાવંત્રી; ને ઉપરની છાલ તેટલી નકામી ગણાય છે. જાવંત્રી લીલી હોય છે ત્યારે તે લાલ ચણોઠી જેવી દેખાય છે. પણ સકાતાં તો ફિક્કો રંગ પકડે છે.

જાયફળની ઉપરનું છેલ્લું કોટલું કાઢવા આગમજ તેને ૩ દિવસ સુધી તડકામાં સૂકવે છે; તથા ૩ માસ સુધી ધુમાડામાં મેળે છે; તે પછી ઉપરનું કોટલું ભાંજી માહેથી જાયફળ નિકળે છે, તેને મીઠા તથા ચુનાના પાણીમાં ૨ થી ૩ વાર બોળે છે, ને ફરી તેને બે મહિનાં સુધી સુકવે છે. એની ઉપર એવડી ક્રિયા કરવાનું કારણ જાયફગ વર્ષો સુધી ટકી શકે તે માટે છે. જાયફળનાં ઝાડપર આખું વર્ષ આફળ ઉગે છે, પણ તે ફળો વર્ષમાં ૩ વખત તોડવામાં આવે છે. તે મોસમ એપ્રેલ, જુલૈ તથા નવેંબરની છે. પેહેલા પાકનાં ફળ ઉત્તમ પ્રકારનાં ગણાયછે. બીજો પાક મ્હોટો નિકળે છે.

કેટલેક ઠેકાણે જાયફળને પ્રથમ ચુનાના પાણીમાં બોળી સૂકવે છે. જેથી તેનાં બી લાંબો વખત ટકેછે. જાયફળ પ્રમાણે જાવંત્રીનું પણ તેલ કાઢવામાં આવેછે. તેનો ઔષધિમાં ઉપયોગ થાયછે. જાયફળને બાફીયાથી તેમાથી સેંકડે બે તોલા તેલ નિકળે છે. કેટલાક વેપારીઓ પ્રથમ તેને બાફી તેલ કાઢી લઇ વેચવા મોકલેછે, તે ફળો રૂચીમાં કડવાં હોય છે. મલાકા ટાપુમાં જાયફળને ગરમ કરી ઘાણીમાં નાખી પીળી તેલ કાઢેછે, તેને જાયફળનું માખણ કહેછે.

જાયફળ તથા જાવંત્રીમાંથી જે તેલ નિકળે છે તે ઘાસના રંગનું પતળું હોયછે, તે સ્વાદે તીખું ને ઉષ્ણ છે. યૂરપ્યન તબીબો જાયફળના તેલનો ઉપયોગ અંગ દુખવા પર અને પક્ષ ઘાતમાં બીજા તેલો સાથે મિશ્ર કરી કામમાં લિયે છે. જાયફળ વિર્યવર્ધક છે.

જાયફળની ખેતી કરવા પ્રથમ તેના પાકાં ફળોને ચરમાં બબે ફીટ આંતરે રોપી બે દિવસ આંતરે પાણી પાય છે. પછી મહિને દોઢ મહિને તેને ફણગા ફુટેછે. રોપા ત્રણથી ચાર ફીટ ઉંચા થતાં તેને ૫૦ ફીટ આંતરે કાયમની જગ્યાપર રોપે છે. રોપા કરવાની જગ્યા છાયાવાલી જોઈએ. એને ઉત્તમ પ્રકારની રસાળ જમીન સારી. ઝાડો મ્હોટાં થતાં સુધી

તેને બપોરનું સખત તડકું લાગે નહિ તેમ કરવું. એને મધ્યમ સુકી હવાની જરૂર હોય છે.

**જારોસલાવ.**—રશિયન સરકારને તાબે કોટારોસ્ટથી વોલગા પાસે છે. માસ્કોની ઉત્તર પૂર્વે ૧૭૩ મૈલ પર છે. અત્રેના પોહોળા માર્ગ, ડંકા, તથા ૫૦ દેવળો. કાયદાની કૅાલેજ, તથા ખુદ્રતી જ્ઞાનશાસ્ત્રની કૅાલેજો છે. અત્રે આર્ચ બીશપનું મથક પણ છે. અત્રે રૂ, ઉન અને રેસમના કપડા વણુવાના કારખાનાં છે. ૧૮૯૧માં લોક વસ્તી ૭૯૨૦૧ની હતી. એની સ્થાપના ૧૦૨૬માં થઇ હતી. ૧૪૭૧ સુધી સ્વતંત્ર રાજ્યનું એ મુખ્ય શેહેર હતું, અને તે પછી માસ્કો રાજધાની બન્યું. અત્રેની સરકારને તાબે ૧૩૭૫૧ ચોરસ મૈલ જમીન હોઇ તેમાં (૧૮૯૧માં) ૧૧૯૮૨૬૯ની વસ્તી છે.

**જાલંધર**—પંજાબમાંનો આ એક પ્રાંત. એજ નામના પ્રાંતનો દક્ષિણ છેડા તરફનો ભાગ રોકે છે. એની ઉત્તર પૂર્વે હુશિયારપૂર, ઉત્તર પશ્ચિમે કપરથલાનું રાજ્ય, દક્ષિણે સતલજ છે. જાલંધર જીલ્લો ૪ તેહેસીલમાં વેંહેચાયલો છે. એનું ક્ષેત્રફળ ૧૩૨૨ ચોરસ મૈલ છે; ૧૮૫૫માં વસ્તી ૬૯૮૧૬૯ની, ૧૮૬૮માં ૭૯૪૪૧૮ની ને ૧૮૮૧માં વસ્તી ૭૮૯૫૫૫ની હતી. દર ચોરસ મૈલે ૫૯૭ માનસની રાસ છે. જીલ્લામાં ૫૯૭ ગામ છે.

પ્રાચીન કાળમાં જાલંધર પર ચંદ્રબન્સી રજપતોની રાજ્ય સત્તા હતી. જેમના વંશજો હાલમાં કાંગ્રા તેહેસીલમાં જાગીરો ભોગવે છે. આ ચંદ્રબન્સી રજપૂતનો મૂળ પુરૂષ સુસાર્મચંદ્રાએ મહાભારતની લડાઈ પછી મુલતાનમાં આવી આ તરફ સ્થાઇ વાસ કરી રાજ્ય સ્થાપન કર્યું હતું. હુએનથસાંગ મુજબ ૭ મી સદીમાં જાલંધરના રાજ્યમાં હુશિયારપૂર, કાંગ્રાની તેકડીઓ. ચંબાનું રાજ્ય મંદી અને સરહિંદ એ શેહેરો હતાં. તે વેળા જાલંધર પાયતખ્ત હતું અને કાંગ્રા મજબૂત કોટવાલો ભાગ હતો. (જુઓ કાંગ્રાનો કોટ).

પદ્મપુરાણ મુજબ જાલંધર રાજાએ આ ભાગની સ્થાપના કરી હતી. મોહમેદન રાજ્ય અમલ પછી જાલંધર લાહોરમાંનો એક પ્રાંત ગણાતો હતો. ૧૭૬૬ માં શીખ સરદારને હાથ જાલંધર આવ્યું. ખુદ્ધાસિંગે અત્રે એક કિલ્લો બંધાવ્યો હતો, અને તે પછી અનેક સરદારોએ કિલ્લેબંદી કરી હતી. ૧૮૧૧ માં રણજીતસિંગે ખુદ્ધાસિંગને સતલજ તરફ નહસાડી જાલંધર મેળવ્યું હતું. તે પછી લાહોરનું જાલંધર મુખ્ય શેહેર ગણાયું. પેહેલી શીખ લડાઇ પુરી થયા પછી ૧૮૪૮ માં જાલંધર ઉપર બ્રિટીશ સરકારની પૂર્ણ સત્તા સ્થાપન થઇ તે હાલમાં પણ કાયમ છે.

આ જીલ્લામાં રૂ, ચોખા, ઘઉં, ધાન્ય, શેરડી, તંબાકુ, તેલીબીયાં, ચણા, બાજરી, જુઆરનો મુખ્ય પાક થાય છે, તથા શેરડીના રસમાંથી ખાંડ બનાવવાનો ઉદ્યોગ પણ ચાલુ છે. તે શિવાય આ દેશમાં બળદ, ગાય ઢોર, ટટ્ટુ, ખચ્ચર, ગધેડાં, મેઢાં, બકરા વગેરેની મ્હોટી પેદાશ થાય છે. ખેડુતો તરફથી સરકારને જમીનની મેહેસૂલ ૨૭૫૮૭૨ પોંડની ઉપજે છે. આ જીલ્લામાં વર્સાદ ૨૮·૪૯ ઇંચ પડે છે.

**જાલંધર**—એજ નામના જીલ્લા તથા તેહેસીલનું મુખ્ય ગામ. આ ગામ અતીપ્રાચીન કાળથી હસ્તી ધરાવે છે. મહાભારતની લડાઇ વેળા તથા અલેકઝાન્ડરની ચડાઈ વેળા આ ગામ મ્હોટી યોગ્યતાએ પુગેલું હતું. હુએનથસાંગ નામના ચીનાઇ મુસાફરના જણાવવા મુંજબ ૭ મી સદીમાં આ શેહેર બે મૈલ ઘેરાવામાં હોઇ ત્યાં જૂદા જૂદા રાજ્યોના એલચીઓ રહેતા હતા. ગઝનીનાં ઇબરાહિમ શાહે શેહેર કબ્જે કરી અત્રે મ્હોટો ફેરફાર કરી શેહેરને મજબુતાઇ આપી હતી. મોગલ શહાનશાહત વેળા સતલજ અને બીયાના પ્રદેશમાં આ મુખ્ય મથક ગણાતું હતું. શાહા કરીમબક્ષીએ અત્રે બાંધેલી સરાઇ હજી બચી રહેલી છે. ૧૮૭૮ માં વસ્તી ૫૦૦૬૭ ની ને ૧૮૮૧ માં ૫૨૧૧૯ની હતી. તેમાં ૩૧૩૨૬ મોહમેદન, ૧૮૫૧૪ હિંદુ, ૩૬૩ શિખ અને ૩૭૫ જૈન હતા. અત્રે અમેરીકન મીશનરીઓએ ઉઘાડેલી શાળાઓમાં ૭૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કર છે; તથા સ્ત્રી કેળવણીનો પણ દિનપર દિન પ્રસાર કરવા માંડયો છે. અત્રે કેમ્પ તથા શેહેરમાંથી રેલ્વે લાઇન પસાર થતી હોવાથી બે સ્ટેશનો છે. શેહેરથી છાવણી ૪ મૈલ ઉપર છે. કે જે ૧૮૪૬ માં બાંધવામાં આવી હતી. છાવણીનું ક્ષેત્રફળ ૭$\frac{1}{4}$ ચોરસ મૈલ છે, ને તેમાં ૮૪૬૮ની વસ્તી છે.



**જાલના**—નિઝામ હૈદ્રાબાદમાં ઐારંગાબાદ જીલ્લામાંનું ગામ. કાદીરાબાદ નજદીક ઐારંગાબાદની પૂર્વે ૩૮ મૈલપર તથા સિકંદ્રાબાદની ઉત્તર પશ્ચિમે ૨૪૦ મૈલપર છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૬૨૫૮ ની હતી. શેહેરની પૂર્વે લશકરી છાવણી છે. તેમાં લોક વસ્તી ૯૯૩૩ ની છે. આ ભાગ ૧૮૨૭ માં બાંધવામાં આવ્યો હતો. આ ભાગ દક્ષિણ પૂર્વથી ઉત્તર પશ્ચિમે બાંધી તેમાં ઘોડેસ્વાર દેશી પાયદળ લશકર તથા તોપખાનું છે.

પ્રાચીન કાળમાં શ્રી રામચંદ્રજીની સ્ત્રી સીતાએ અત્રે મુકામ કર્યાથા એને જાનકીપૂર પણ કહે છે. અકબર શેહેનશાહના સમયમાં આ ગામ એક મોગલ સરદારની જાગીરી હતું. ૧૮૦૩માં મરાઠા લડાઇ સમયે કર્નલ સ્ટીવન્સે આ શેહેર કબજે કર્યું હતું. અત્રે બે હિંદુ મંદીરો છે, તેમજ સુતર કાપડનાં અને સોનેરી રૂપેરી કસબ બનાવવાનાં કારખાનાં છે. અત્રેનો કિલ્લો ઇ. સ. ૧૭૨૫ માં બાંધવામાં આવ્યો હતો. હાલમાં તેમાં તેહેસીલદારનાં સ્વારો રહે છે. જાલનાનાં કિલ્લાની ઉત્તરે આવેલો બગીચો દખણમાં જાણીતો છે. જે બગીચામાં ઉગતાં ફળફળાદી હેદ્રાબાદ અને મુંબઇ તરફ રવાના કરવામાં આવે છે. જાલનાની પશ્ચિમે આવેલા મોતી તલાવનું પાણી પ્રજાની હાજત જાળવે છે.

**જાલ**—સામ નરીમાન નામના જાણીતા પેહેલવાનનો એ બેટો. જન્મથી એના બાલ સફેદ હોવાથી સામે વેહેમાઇ એને એક પર્વતપર મોકલ્યો; જ્યાં વસતા એક શાહામુર્ગે તેને માયાથી પાળી ઉછેર્યો. પણ થોડી મુદત પછી સામને એક અજાયબ સ્વપનું આવ્યા ઉપરાંત લોકો તેના વેહેમી પણા માટે હસવાથી તે જાલની શોધમાં પહાડેપહાડ ભટક્યો ને જાલને એક શાહમુર્ગ પક્ષીની પનાહમાંથી શોધી કાઢયો. શાહામુર્ગે જાલને સામના કબજામાં આપતાં પોતાનું એક પીછ આપી જણાવ્યું કે "કોઇ પણ આફત આવતાં આ પીછ આતશમાં મેળવે હું મદદે આવીશ."

જાલનાં લગ્ન કાબુલના હાકેમ મેહેરાબની બેટી રોદાબે સાથે થયાં હતાં. પ્રથમ આ લગ્ન સામે પાદશાહ મિનોચહેર હતો પણ સામની સમજાવટથી આ લગ્ન જોડાયાં હતાં. જાલને ત્યાં જેહાંપેહેલવાન રૂસ્તમ નામે જગ આશકાર પરાક્રમી બેટો અવતર્યો હતો. જાલે અફ્રાશિઆબ જેવા દુશમન સામે અનેક મરતબે લડાઈઓમાં નામદારી મેળવી હતી. એણે પોતાની બુજેર્ગીનાં દિવસો સીસ્તાનમાં ગુજાર્યા હતા. એનો પરાક્રમી બેટો રૂસ્તમ તથા એના પૌત્રોની કતલ બહમન પાદશાહના અમલમાં એની નજર સામે થવાથી એ ઘણા દુઃખી હેડાં સાથે મરણ પામ્યો હતો.

**જાલપ**—મેકસિકો તરફ ઉગતી એ નામની જડી. એ રંગે કાળી અને ઘણી સખત હોય છે. એની ભૂકીનો તિક્ષણ વાસ આવે છે; જે ઐાષધિમાં વપરાય છે.

**જાલાપા**—મેકસિકન વેરાક્રૂઝાનાં રાજ્યમાંનુ મુખ્ય શેહેર. વેરાક્રૂઝાની ઉત્તર પશ્ચિમે ૬૦ મૈલ ઉપર છે. આ શેહેર સમુદ્ર સપાટીથી ૪૩૩૦ ફીટ ઉપર છે. લોક વસ્તી ૧૪૦૦૦ ની છે.

**જાલુન**—વાયવ્ય પ્રાંતનો એક જીલ્લો. એની ઉત્તરે ઝાન્સી, ઉત્તર પૂર્વે જમના નદી, પશ્ચિ-

મે ગવાલેર અને પૂર્વે એઓનીતું રાજ્ય છે. ક્ષેત્રફળ ૧૪૬૯ ચૌરસ મૈલ છે. મુખ્ય પાયતખત શેહેર ચૂરાય છે, પણ જીલ્લાનું મુખ્ય વસ્તીવાલું શેહેર 'કાલ્પી છે.' ૧૮૬૫ માં વસ્તી ૪૦૫૬૦૪ ની હતી, અને ૧૮૭૨ માં ૪૦૪૪૪૭ ની હતી; ૧૮૮૧ માં ૪૧૮૧૪૩ ની વસ્તી હતી.

જીલ્લામાં ૮૭૫ ગામડાં ને તેમાં ૬૬૭૩૪ રહેવાના મકાનો છે. વસ્તીમાં ૨૧૬૧૪૫ પુરૂષો અને ૨૦૧૯૯૭ સ્ત્રીઓ છે. પુરૂષોતું પ્રમાણ 'પર' ટકા હતું. વસ્તીમાં ૩૯૨૬૩૨ હિંદુ (સેંકડે ૯૩°૮ ટકા), મોહમેદન ૨૫૬૬૬ (સેંકડે ૬°૦ટકા) અને જૈન ૧૩૦ તથા ખ્રિસ્તી ૧૪ હતા. બુંદેલખંડનો ઉત્તર સપાટ પ્રદેશ આ જીલ્લો રોકતો હોવાથી એ અતિ ફળદ્રુપ ગણાય છે. જીલ્લાની સરહદમાંથી વહેતી જમના નદી ચાલુ મોસમમાં વહાણના જાવ આવ માટે અતિ ઉપયોગી ગણાય છે. આ દેશનો ઘણો ખરો ભાગ જંગલ રહિત હોવાથી ત્યાં ખેતીવાડી સારા પાયાપર ચાલે છે. આ દેશમાં ખરીફ્નો પાક જુન અને આગસ્ટ મહિનામાં ઉગે છે, તેમાં રૂ પાકે છે. રબ્બીનો પાક વસંત ઋતુમાં ઉગે છે. નવેંબરથી ડીસેંબરમા અત્રે ચણા અને ઘઉંનો પાક ઉતરે છે: જીલ્લાના કુલે ક્ષેત્રફળમાંનો ૯૫૨ ચૌરસ મૈલ ભાગ ખેતીવાડી ખાતે રોકાયલો છે. તેમાં ૨૫૧ ચો. મૈ. ખેડી શકાય તેવો અને ૨૫૯ ચો० મૈ० નહિ ખેડી શકાય તેવો પડત ભાગ પડી રહેલો છે. મુખ્ય નિકાશ વેપાર રૂ અને ચણાનો છે. કાલ્પી જીલ્લાનું મુખ્ય વેપારી-શેહેર એ હોવાથી ત્યાંથી ઉત્તર પશ્ચિમ તરફ કાનપૂર માર્ગે વેપાર ચાલે છે, અને દક્ષિણ પૂર્વે મીર્ઝાપૂર અને કલકત્તા માર્ગે ચાલે છે. જાલુનની વાર્ષિક મેહેસુલ ૧૨૦૬૨૪ પૌંડની ઉપજે છે. તેમાંની ૯૦૯૪૨ પોંડ જમીનની મેહેસુલ હોય છે. જીલ્લામાં એક ડેપ્યૂટી કમીશનર, બે એસીસ્ટંટ કમીશનર, ૩ વધારાના મદદનીશ કમીશનર, પાંચ તાલુકદારો, ૨૫ પોલીસનાં થાણા છે.

જાલુનની હવા સુકી ને ગરમ છે, જેથી તે તંદરોસ્તીને માફક છે. ગર્મી ૮૧·૯૦ ડીગ્રી પડે છે. વર્સાદ ૨૯·૮૨ ઈંચ પડે છે પણ ૧૮૮૦ માં માત્ર ૧૫° ઇંચ વરસ્યો હતો.

**જાલુન**—ઉપલા જીલ્લાનું મુખ્ય ગામ. આગળ એ દેશી રાજ્યનું પાયતખત શેહેર હતું. આ શેહેર મ્હોટા મેદાનમાં અતી સુંદર મકાનોથી વસાયલું છે. તેમાં એક આગલા વખતનો ખંડીયર કિલ્લો છે. આગળ મરાઠો સરદાર આ કિલ્લામાં વસતો હતો; કે જે કિલ્લાને ૧૮૬૦માં તોડી-પાડવામાં આવ્યો હતો. મુખ્ય વસ્તી મરાઠા, બ્રાહ્મણ (દક્ષણી પંડીત) ની છે. એની આસપાસનો પ્રદેશ સરદ અને રોગીષ્ટ હોવાથી જીલ્લાનું મુખ્ય મથક 'ઉરાય' બનાવવામાં આવ્યું છે. ૧૮૮૨માં વસ્તી ૧૦૦૫૭ ની હતી. તેમાં હિંદુ ૮૬૦૪; મોહમેદન ૧૪૫૩ હતા.

**જાલોર**—મારવાડ અથવા જોધપૂરમાંનું ગામ. પરમાર રાજાઓએ વસાવ્યું હતું. અત્રેનો કિલ્લો ૮૦૦ યાર્ડ લાંબો, ૪૦૦ યાર્ડ પોહોળો અને ૧૨૦૦ ફીટ ઉંચાઇ પર છે: તેમાં દાખલ થવાનો મુખ્ય દરવાજો ઉત્તરે હોઇ બચાવના તોપખાનાં સાથનાં અતિ મજબૂત બાંધકામો છે. કિલ્લામાં પાણીનાં બે તલાવો છે.

**જાવડ**—કાંપિલ્યપુરમાં પ્રાચીન કાળમાં જાવડ અને ભાવલા નામે સ્ત્રી પુરૂષ રહેતા હતા. બે યતિઓની મેહેરબાનીથી જાવડ ઘોડાનો વેપારી બની વિક્રમાદિત્યની કૃપાથી સોરઠમાં મધૂમાવતી ગામ જાગીરમાં મેળવ્યું; જ્યાં જાવડનો જન્મ થયો. એક સમે ગુજરાતપર મોગલોએ સ્વારી કરી સ્ત્રી પુરૂષોને કેદ કરી પોતાને દેશ લઇ ગયા, તેમાં જાવડ પણ કેદ પકડાયો. ત્યાં એણે વેપારી તરીકે સારી પ્રતિષ્ઠા મેળવી દ્રવ્ય મેળવ્યું; અને જૈન ધર્મના પ્રસાર થકી મંદીર બંધાવ્યું. એણેજ શેત્રૂંજપર દેવ મંદીરો બંધાવી ઋષભદેવની સ્થાપના કરી; પણ રાક્ષસોનાં ત્રાસથી તેમનાં પ્રયત્ન વ્યર્થ જવા માંડ્યા; આથી જાવડ ઇ. સ. ૫૨ માં અગ્નિ પ્રવેશ કરી મરણ પામ્યો.



**જાવંત્રી**—જાયફળ ઉપરની પતરી. ઘણી ખુશબોદાર અને તીખા સ્વાદવાલી હોય છે. તેનો રંગ ઑરેંજ તથા પિળાસપર હોય છે. એની પેદાયશ મલાઇ કોસ્ટા તરફ થાય છે. (જુઓ જાયફળ.)

**જાવરા**—મધ્ય હિંદુસ્તાનમાં પશ્ચિમ માળવા એજન્સીમાંનુ દેશી રાજ્ય. ક્ષેત્રફળ ૮૭૨ ચૌરસ મૈલ છે. એની ઉત્તરે ઇંગ્રેજ સરકારના તાબેનો મંદીસર જીલ્લો, તથા હોલકરનો મુલક; પૂર્વે કાળી સિંધ નદી; દક્ષિણે રતલામનું રાજ્ય; અને પશ્ચિમે રજપૂતાના છે. ૧૮૮૧માં વસ્તી ૧,૦૮૦૩૪ની અને ૧૮૯૧ માં ૧૧૭૬૫૦ની હતી. મુખ્ય વસ્તી હિંદુઓની છે. વાર્ષિક ઉપજ ૯,૬૦,૦૦૦ રૂપ્યાની ઉપજે છે. આ રાજ્યમાં આગળ ચાંદીની ખાણો મળી આવી હતી. આ રાજ્ય બ્રિટીશ સરકારના અમલ તળે અત્રેના રાજ્યકર્તા રોહિલા જાતના પઠાણ છે, ને તેઓ નવાબને નામે ઓળખાય છે. દેશનો ભાગ સપાટ તેમજ પહાડી છે. આ દેશની હવા અનીયમીત છે. રાત્રે તડાડ ને દિસે તાપ પડે છે. જમીનમાં ઘઉં, ચણા, તેલનાં બિયાં, કઠોળ વગેરે ઉત્પન્ન થાય છે. દેશમાં ભાષા હિંદી બોલાય છે. આ દેશમાં રેલ્વેનો જે ભાગ છે તે અજમેરથી નસીરાબાદ થઇને દક્ષિણે 'સિંધ્યા નીમચ સ્ટેટ રેલ્વે' લાઇનને નામે ઓળખાયછે. રાજ્યનાં લશકરમાં ૧૨૧ સ્વાર, ૬૯૭ પ્યાદલ પોલીસ, ૧૫ તોપ અને ૬૯ ગોલંદાજ છે. તે શિવાય ૨૦૦ અનિયમિત પ્યાદલ લશકર પણ છે.

**જાવરા**—ઉપલાનું મુખ્ય શેહેર. વસ્તી ૧૯૯૦૨ ની ને ૧૮૯૧માં ૨૧૮૪૪ ની હતી. તેમાં હિંદુ ૧૦૫૪૭; મોહમેદન ૮૮૯૨ હતા. અત્રે અફીણની વખાર, પોસ્ટ-ટેલીગ્રાફ ઑફીસ, શાળા, દવાખાનું વગેરે સરકારી મથકો છે. ગામ સમુદ્ર સપાટીથી ૧૪૫૦ ફીટ ઉપર છે.

આ રાજ્યની સ્થાપના કરનાર જાણીતો પીંઢારો અમીરખાનનો સાળો ગફુરખાન હતો. તેને ૧૮૧૮ માં બ્રિટીશ સરકારે નવાબ તરીકે સ્વિકારી, તેણે ૬૦૦ સ્વારોથી બ્રિટીશ સરકારની સેવા બજાવવી એવો ઠરાવ થયો હતો. ગફુરખાન ૧૮૨૫માં મરણ પામતાં દોસ્તમહમદ ગાદીએ બેઠો. તેણે ૧૮૫૭માં બળવા સમયે બ્રિટીશોને સારી મદદ કરી હતી. ૧૮૬૫માં તે મરણ પામતાં ઇસ્માઇલ ગાદી નશીન થયો તે હાલમાં રાજ્યકર્તા નવાબ છે.

**જાવા**—આ ડચ ઇસ્ટ ઇંડીયનોનો એક ટાપુ બોર્નિયોથી જાવાના સમુદ્રને લીધે જૂદો પડે છે, અને સૂમાત્રાથી સન્ડાની સામુદ્રધૂનીથી જૂદો પડે છે. એની લંબાઇ ૬૦૦ અને પોહળાઇ ૪૦થી ૧૨૫ મૈલની છે. એનું ક્ષેત્રફળ ૪૯,૦૦૦ ચોરસ મૈલ છે. ટાપુના એકથી બીજા છેડા સુધી પર્વતની હાર લંબાયલી છે. આ પર્વતની ઉંચામાં ઉંચી ટોંચ ૧૨૦૦૦ ફીટની છે; તેમાં ૪૩ જવાળામુખી પર્વતો છે, જેમાંના કેટલાક હજી ચપળ છે. સમુદ્ર કાંઠેની આબો હવા ગરમ અને તંદરોસ્તીને નૂકસાનકારક છે. પણ પહાડી ભાગમાંની હવા તંદરોસ્ત છે. જાવાની લોક વસ્તી દિન પર દિન વધતી જાય છે. ૧૮૫૦ માં ૯૫,૭૦,૦૦૦ ની હતી, ૧૮૯૧માં (મદુરા સાથે) ૨,૩૮,૬૨,૮૨૦ ની હતી. તેમાં ૪૨૫૦૪ યૂરપીયન, તથા હાફકાસ્ટ; ૨,૪૩,૦૦૬ ચીના, ૧૪,૦૪૭ આરબો અને ૩૫૩૬ હિંદુઓ હતા. ત્યાંના દેશીઓ મલાઇ જાતનાં છે; તેમાં ૧૨,૦૦૦ દેશીઓ ખ્રિસ્તી ધર્મ પાળે છે.

આ ટાપુમાંના જવાળામુખી પર્વતોને લીધે ત્યાં વર્સાદ પડતાં જવાળામુખમાંથી ધૂમાડાના ગોટે ગોટા નીકળે છે. જાવાની આખી લંબાઇ સુધીનો એક લશકરી માર્ગ વલંદાઓએ બાંધ્યો છે, જેમાં જંગલો કાપવાથી નિકળેલી ખરાબ હવાથી ૧૨૦૦૦ દેશીઓ મરી ગયા હતા. અત્રે બે ચોમાસાં બેસે છે. ઉગમણુ તરફનું સારૂં છે, જે એપ્રેલ તથા મે માસમાં શરૂ થઇ સ્પટેંબરમાં

પુરૂ થાય છે. ખરાબ ચોમાસું ડીસેંબરમાં શરૂ થઇ માર્ચની શરૂઆત સુધી રહે છે. આ ચોમાસામાં જબરો પવન ફુંકી ભારે વસાદ પડતો હોવાથી જાન માલની ખરાબી થાયછે.

જાવામાં ઉદભિજ પદાર્થની ઉત્પંતિ સારી છે. ત્યાં વાઘ, રીંછ, જંગલી હંસ વગેરે પ્રાણી જોવામાં આવે છે, તેમાં સાંપો પુશકળ મળે છે. ધાતૂમાં સોનું તથા ચાંદી જૂજ મળે છે. ત્યાંની સરકાર નીમક દર્યાના પાણીમાંથી બનાવે છે. જાવામાં કોલસો તથા માર્બલ પુશકળ મળે છે. ૧૮૩૦ માં જાવાની ડચ સરકારે ફરજીયાત ખેડવાનો કાયદો બાંધી દેશને સુધાર્યો હતો. શેરડી, કાફી, ગુળી, ચાહે, તંબાકુની ત્યાં મુખ્ય ખેતી થાય છે. ડચ ઇસ્ટ ઇંડીયાનું જાવા વેપારનું મુખ્ય અને મધ્ય મથક ગણાય છે. મુખ્ય આયાત વેપાર રૂ, પરચુટણ સામાન અને સ્પીરીટનો છે. જાવામાં રેલ્વે લાઇન ૭૫૦ મૈલ વેર ફેલાયલી છે. જાવા દેશને ૨૧ પ્રગણામાં વેંહેંચી નાખવામાં આવ્યો છે, જેમાંના બે પ્રગણા ત્યાંના દેશી રાજાને તાબે છે.

જાવાની તવારીખ ઇસવી સનની પાચમી સદીથી શરૂ થાય છે. ઇ. સ. ૮૦૦ માં હિંદુઓની જાવા ઉપર રાજ્ય સત્તા ચાલતી હતી. તે પછી બુદ્ધિસ્ત સત્તા સ્થાપન થઇ, પછી શિવપંથી અને ૧૫મી સદીમાં મુસલમાનોએ જાવાપર પૂર્ણ કાબુ મેળવ્યો. ૧૬મી સદીમાં યૂરપીયન મુસાફરોએ ત્યાં કોઠી બાંધી વેપાર કરવા માંડયો; અને ડચોએ ૧૬૧૦ થી જાવાપર પોતાનો કાબુ મેળવી અનેક વેળા ત્યાંના દેશીઓ સાથે ખટપટમાં ઉતરી ઇ. સ. ૧૬૧૧ માં પોતાની પૂર્ણ સત્તા સ્થાપન કરી. ૧૮ મી સદીની આખેરીમાં નેપોલ્યન બોનાપાર્ટે હૉલંડ જીત્યાથી જાવા ફ્રેન્ચોને તાબે થયું. અને તેઓએ ત્યાંથી હિંદુસ્તાનપર નજર રાખી હિંદમાં રાજ્યસત્તા સ્થાપવાની નેમ રાખ્યાથી ઇંગ્રેજોએ તે પોતાને તાબે લીધું અને ૧૮૧૪ના કોલકરારથી આ ટાપુ હૉલંડને તાબે ગયો; ત્યારથી તે હૉલંડનો એક અતીફળદ્રુપ દેશ ગણાય છે. ત્યાં હૉલંડની સરકાર રાજ્યકારોબાર ચલાવે છે.

**જૉસ્ઝબર્નિ**—હંગેરીમાંનું આ શેહેર બુદાપેસ્તથી પૂર્વે ૩૯ મૈલપર છે. લોક વસ્તી ૨૪,૩૩૧ની છે.

**જાસપર**—આ કિમતી પથ્થર જૂદી જૂદી જાતનાં આવે છે. તેમાં પિળો, લીલો, ભૂરો સફેદ અથવા કાળો રંગ જાણીતા છે, અને થોડીક જાતનાં જાસપર તર્હેવાર રંગબેરંગી રંગનાં હોય છે. આ કિમતી પથ્થર અનેક ખડકોમાં જથ્થાબંધ મળી આવે છે. 'પોર્સીલીનજાસપર' નામનો કિમતી પથ્થર કવચિતજ મળે છે.

જાસપરની ખાણ માટે ખંભાત તથા દખણ જાણીતું છે. પિળો જાસપર ટેનાસરીઅમમાં મળે છે. બરમાનાં પ્રાંતોમાં લીલો જાસપર જડે છે.

**જાસવેણ**—(જુઓ જાુઈ.)

**જાસવંદ**—બાગમાંના સુંદર ઝાડોમાં આ એક અતિ સુંદર ઝાડ ગણાય છે. એની અનેક જાતો છે, અને તે દરેક ઝાડપર જૂદા જૂદા પ્રકારનાં પાંદડાં આવે છે. એ ઉત્તમ પ્રકારની કાળી જમીનમાં ઉગે છે. નવાં ઝાડ ડાંખળીની કલમ રોપ્યાથી ઉગે છે. એનીપર બિયાં કદાચજ આવે છે.

સીંગલ લાલ જાસવંદનાં ફુલો મ્હોટાં હોઇ તેનો રંગ લાલાસપર હોય છે. ડબલ લાલ જાસવંદના ફુલો લાલ રંગનાં હોઇ તેને ઘણી પાંખળીઓ હોય છે. આ ઝાડ ઉપલી જાતનાં ઝાડથી ન્હાહનું હોય છે.

ગુલાબી જાસવંદનાં ફુલ ગુલાબી રંગના હોય છે. આ ઝાડ સુમારે ૩ ફીટ ઉંચુ વધે છે. સફેદસીંગી જાસવંદપર સફેદ રંગનાં એકેરી ફુલો આવે છે.

સફેદ દબલ જાસવંદપર દબલ સફેદ ફુલો આવે છે. જાંબુલા રંગના જાસવંદપર જાંબુલાં ફુલો આવે છે, અને તે જુના થતાં રંગ પકડે છે.

સફેદ ગુલાબી જાસવંદપર સફેદ ફુલો આવે છે, આસમાની જાસવંદપર આસમાની રંગનાં ફુલો આવે છે. ચિત્ર વિચીત્ર પાંદડાંવાલી જાસવંદના પાંદડાં અજાયબ જેવાં હોયછે,



**જાહડો**—'મનુષ્ય જે ખોરાક રોજ ખાયછે તે પેટમાં પચ્યા પછી તેમાંનો કચરો જાહડાવાટે બહાર નિકળે છે. સારી તંદરોસ્તીમાં દરરોજ ૪ થી ૬ ઐાંસ જાહડો આવે છે. તે જરા પિળા રંગનો અને બંધાયલો હોય છે. જાહડામાં $\frac{3}{4}$ ભાગ પાણી, $\frac{1}{4}$ ભાગ બીજી ચીજો આવે છે. તેમાં નીમખ, ચુનો અને મૅગનિશીઆનાં તથા બીજા ખાર અને પિત્ત, વનસ્પતિનો ભાગ હોય છે.

જાહડો હમેશાં પતળો આવે તો તે સંગ્રહણીની નિશાની, અને અજીરણની નિશાની છે, પણ જો ખાણું હજમ થતું નહિ હોય તો તેમાં ખોરાકની ચીજનો ભાગ પણ પડે છે. આવો જાહડો બચ્ચાંને ઘણી વેળા થાય છે, તે ઉપરથી બાળકનો નબળો કોઠો સમજાય છે. કેટલીક ખોરાકીની વસ્તૂથી પણ પાતળો જાહડો થાય છે. કોલેરાના રોગમાં પાણી જેવા જાહડા આવે છે.

હમેશાં કરતાં વધારે સખત જાહડો આવે તો તે કબજીઆતની નિશાની ગણાય છે. આવા રીતનો સખત જાહડો મરડાની શરૂઆતમાં આવેછે.

આવો જાહડો થતાં કાળજાનું કામ બરાબર ચાલતું નથી, અને પિત્ત બરાબર પેદા થતું નથી; અથવા આંતરડાંમાં તંગ ઢીલાં થવાની શકિત જોઇએ તેટલી હોતી નથી.

જાહડાનો રંગ સફેદ હોય તો તે ઉપરથી એમ જણાય છે કે પીત્ત જોઇએ તેટલું પેદા થયું નહિ હશે. કમળા તથા પિત્તાની અને કાળજાની કેટલીક બિમારીમાં એવો જાહડો આવે છે. સફેદ કાંજી જેવો અથવા 'ચોખાની પતળી કાંજી જેવો જાહડો ઘણું કરી કોલારાનાં મરજમાં આવે છે. કાળો અથવા લીલો જાહડો આવે તો કાળજાનું દરદ અને પિત્ત વિકાર બતાવે છે. 'કાલોમેલ' અને પારાની દવાથી પણ જાહડાનો રંગ લીલો થાય છે. માટે એ દવાઓ આપવાથી એવો જાહડો આવે તો ફીકર કરવાનું કામ નથી. લોઢાની બનાવટની દવાઓ ખાધાથી પણ પેટનો રંગ કાળો આવે છે.

જાહડામાં લોહી યા સીમીટ અથવા લોહી સીમીટ બેહુ પડે તો તે ઉપરથી જાણવું કે મરડાનો મરજ થયો છે. વખતે લોહી જાહડા સાથે મળેલું પડે છે, વખતે લોહીની છાંટ આવે છે અને વખતે જૂદું પડે છે. લાલ લોહી મરડામાં ઘણું પડે અને ઘણું કરી લોહીની ધાર પડે તો હરસના મસાનો રોગ થએલો જાણવો. કાળજાનાં વરમમાં જો જાહડા વાટે ઘણું લોહી અને પરૂ એકદમ પડે તો તે ઉપરથી કાળજાંનો પાકેલો ભાગ આંતરડામાં ફુટયો એમ જણાય છે. જો ધોએલા માંસના પાણી જેવો જાહડો આવે ને તેમાં જરા લોહી હોય યા મુદલ નહિ હોય પણ કાળાં છિછડાં જેવો હોય અને બહુ વાસ હોય તો આંતરડું કોહવા અથવા સડવા લાગું છે એમ જાણવું."

**જાક્ષરેટસ**—પશ્ચિમ એશિયામાંની એક નદી. ઇસ્કકુલના સરોવરની દક્ષિણે ૩૦ મૈલ ઉપર ૧૨૦૦૦ ફીટ ઉપર ટીનશાન પર્વતમાંથી વહે છે. એ પશ્ચિમે અને દક્ષિણ પશ્ચિમે વહેતી ખોજંદની પશ્ચિમથી ઉત્તર પશ્ચિમે વહેતી ૮૫૦ મૈલ વહે છે. એ એરલ સમુદ્રમાં ત્રણ મુખે કરી ડેલ્ટા આકારે મળે છે. એની જુમલે લંબાઇ ૧૫૦૦ મૈલની છે. એનું ક્ષેત્રફળ ૩૨,૦,૦૦૦ ચોરસ મૈલ છે. આ નદીના પાણીથી તેના કાંઠે નેહેરો વાટે ભૂમિ ફળદ્રુપ બનાવવામાં આવી છે.

**જીંગીની**—આ વન ઔષધિ છોડની છાલ ઔષધિ ઉપયોગમાં યોજેલી છે. મોહમાં પડેલા ચાંઠા ઉપર તેની છાલનો કાહવો બનાવી તેના કોગળા કરવાથી તે સારાં થાયછે.

**જીગર**—એક પ્રકારની માખ. આ માખ આફ્રિકા ખંડમાં મેડાગાસ્કર તરફના ભાગમાં

ભારે ઉદ્રવ આપે છે. આ જીવડા તે તરફ ઉડતા રોગ માફક ઉભરી નિકળે છે. એ એક જાતની નાહની માખ છે; અને ઘણું કરી તે જંગલમાં મળી આવે છે. ધૂળવાલી સુકી જગ્યા અને અકસર કરીને ત્યાંના ઝુપડાઓની પાસે જમાવ થતી રાખ અને કચરાના ઢગલામાં વસવાનું તે વધારે પસંદ કરે છે. તે તક મળવે મનુષ્ય અથવા જાનવર પર હુમલો કરે છે. આ જીવડાની માદા ગર્ભવંતી હોય ત્યારે મનુષ્યના પગની ચામડીમાં ઝીણું છિદ્ર પાડીને ત્યાં ભરાઈ જાય છે, અને ત્યાં તેનો ગર્ભ મજબુતી પકડે છે. થોડા વખત પછી તે ઇંડા તૈયાર થાય છે, અને જો વહાડકાપ કરીને તે માદાને બાહાર કાઢી નહિ નાખી હોય તો ચામડી ફાડી તે બહાર પડે.છે. જમીનપર પડતાંને વાર તેનું પેટ ફાટી જાય છે અને ઇંડાં નિકળી પડે છે. ૮ દિવસમાં તે ઇંડા સેવાય છે, અને તેમાં થોડો ફેરફાર થતાં બીજી ઓલાદ ઉત્પન્ન થાય છે.

**જીતેલ**—એનાં ઝાડ દોઢ હાથ જેવડાં ઉંચા વધે છે. એના નાહનાં પાંદડાં ખરખરાં હોય છે. એનીપર ઝીણાં ગોળાકાર ફળો આવે છે, તેનીપર સેંકડો ફુલો આવે છે. એનું મૂળ હગારમાં ઘશી ગરગુમડાપર ચોંટાડવાથી તે ફાટી જાય છે. શસ્ત્રનો ઘાવ પડ્યો હોય તો ત્યાં જીતેલનો રસ ચોપડે છે.

**જીદ્દા**—હજાઝનું આ બંદર શેહેર લાલસમુદ્ર ઉપર મક્કાની પશ્ચિમે ૬૫ મૈલ ઉપર છે. આ શેહેરની આબો હવા તંદરોસ્તી બગાડનારી હોઇ ત્યાં પાણીની ઘણી તાણ પડે છે. અત્રે દર વર્ષે ૧,૦૦,૦૦૦ હાજીઓ હજ્જ અર્થે આવે છે. અત્રે વેપાર બોહોળો ચાલે છે, જે લગભગ ૧૦,૦૦,૦૦૦ પૌંડનો હોય છે. આયાત વેપાર ધાન્ય, સાકર, ધાતૂ, માટીના વાસણો અને ધાતૂના હથિઆરો વગેરેનો છે. ને નિકાશ વેપાર કાફી, બાલસમ, ચામડાં, ખજૂર, ગલીચા વગેરેનો ચાલે છે. ૧૮૯૧માં લોકવસ્તી ૪૬૯૫૦ ની હતી.

**જીન**—એ નામનો એક ઇંગ્રેજી દારૂ-જે જવ, બારલી અને બીજા અનાજમાંથી અથવા મેહોવડાના જેવા ફળમાંથી બનાવવામાં આવે છે. ઈંગલીશ જીન ઉત્તમ હોય છે.

(૨) એક જાતનો સાંચો. જેથી કપાસમાંથી કપાસીયાં અને રૂ છુટો પાડી શકાય છે. એના કારખાનાં હિંદુસ્તાનમાં જ્યાં જ્યાં રૂનો પાક થાયછે તેના આસપાસનાં ગામોમાં ઉભા કરવામાં આવે છે. ને તે જીનમાં રૂ સાફ કરી પરદેશ રવાના કરે છે.

**જીન્સી**—પેન્સીલવાનિયામાંથી નિકળતી આ એક નદી. ૨૦૦ મૈલ ઉપર ઉત્તર તરફ વહેતી રોચેસ્ટરની ઉત્તરે ૭ મૈલપર ઑનટેરિયો સરોવરમાં પડે છે. એના ૧$\frac{1}{2}$ અંતરમાં ૩ ધોધ આવે છે. તે ૬૮ થી ૯૦ ફીટ ઉંચા છે; અને પોર્ટેજ ધોધ ૧૧૦ ફીટ ઉંચો છે.

**જીનસીંગમૂળ**—આ એક જાતના વનઔષધિ છોડની ૧૦૦ ઉપર જાત ઉત્તર તરફનાં દેશોમાં ઉગે છે. એ આદાંના ઝાડને લગતી જાતમાંનું છે, અને તેની જડ આદાં પ્રમાણે ઉપયોગમાં આવે છે. એ ઘણું કરી પહાડી અને ભિનાસવાલી જગામાં ઉગે છે. તેપર બલુ તથા પિળાં સુંદર ફુલો આવે છે. આલ્પસ તરફનાં ખેડુતો પિળી જીનસીંગ મૂળ એકઠાં કરી તેને જ્વર આદિ રોગો માટેના ઔષધિ માટે ઉપયોગમાં લે છે. ઉત્તર અમેરિકામાં જીનસીંગ મૂળની ખેતી કરે છે અને તે તરફ એનાં ફુલો અતિ સુંદર ઉગે છે. એ ચીન, તારતરીના મુલકોમાં પણ ઉગે છે. અમેરિકાથી આ મૂળીયું ચીન તરફ મ્હોટા જથ્થામાં મોકલવામાં આવે છે.

**જીનાઝેનો**—આ શેહેર રોમની પૂર્વે ૨૭ મૈલ ઉપર છે. અત્રે પુરાણા વખતનો એક મજબુત કિલ્લો બાંધેલો છે. લોકવસ્તી ૪૦૦૮ની છે.

**જીનેટ**—આ પ્રાણી દક્ષિણ ફ્રાન્સથી તે કેપ ઑવ ગુડ હોપ સુધી અને કોન્સટન્ટીનોપલના પ્રદેશમાં હોઇ એને તૂર્ક લોકો બિલાડી માફક પાળે છે. આ પ્રાણી નાજુક અને શોભીતા કદ માટે જાણીતું છે. એની ગરદન લાંબી, માથું સાકડું અને મ્હોડું અણીદાર છે. એના સાંધા ટુંકા, ગાલ ટુંકા, કાન પોહળાં, પુછડી લાંબી અને આંખની કીકી ઉભી હોય છે. એ પોતનાં નખ બિલાડી પ્રમાણે અંદર ખેંચી શકે છે. એ રંગે કાબરચિત્રો તથા પુછડી કદ જેવડી લાંબી અને ૧૧ કાળી લીટીઓથી ભરાયલી હોયછે, આંખનાં ભવાં, અને ગાલ તથા નાકની દરેક બાજુએ સફેદ ડાઘા હોય છે.



**જીનીવા**—એક જાતનાં અનાજમાંથી બનાવેલો દારૂ. જેની અંદર જુનીપર નામનાં ચોક્સ ફળોનો રસ ભેળવામાં આવે છે. આ ફળના વાસથી તે દારૂ ઓળખાઇ આવે છે.

**જીનોવા**—દક્ષિણ પશ્ચિમ સ્વિતઝરલેંડમાંનો જીલ્લો. એની દક્ષિણ પૂર્વે તથા પશ્ચિમે ફ્રાન્સના રાજ્યની સરહદ છે. ક્ષેત્રફળ ૧૦૮ ચોરસ મૈલછે. ૧૮૮૮માં વસ્તી ૧,૦૫,૫૦૯ ની હતી. તેમાં $\frac{1}{2}$ ભાગ કેથોલિક હતા અને ૮૫ ટકા ફ્રેન્ચ ભાષા બોલનાર હતા. આ ભાગ પહાડી છતાં એ નદીઓથી ફળદ્રુપ છે.

એનું મુખ્ય શેહેર જીનોઆ પેરીસની દક્ષિણ પૂર્વે ૩૮૮ મૈલ ઉપર છે. જીનોવા સરોવર પાસે છે. પ્રાચીન કાળમાં એ ગૅલીક શેહેર હતું. ઇ. સ. પૂર્વે ૧૨૦માં અત્રે રોમન સત્તા હતી, અને તે પછી બર્ગંડીને તાબે ગયું. ૪ થી સદીમાં એ બિશપનું મુખ્ય મથક હતું. ૧૫૩૫માં કાલવિન અત્રે આવી રહી પ્રોટેસ્ટંટ મતનો પ્રસાર કરવા, સ્વતંત્રતા મેળવવા તથા રાજદુવારી બાબતોની ઉશકેરણી કરવા લાગ્યો હતો. આગળ જીનોવા આસપાસ કોટ હતો, પણ ૧૮૪૭માં સુધરેલી ટોળીની રાજ્યનીતિ ચાલતાં હાલની ઢબપર બાંધવામાં આવ્યું હતું. આ ગામમાં જાણીતા ફ્રેન્ચ રાજદુવારી ખુદ્રતિજ્ઞાન શાસ્ત્રી અને વિદ્વાનોનો જન્મ થયો હતો. ૧૫૫૯માં કાલવિને પાઠશાળા સ્થાપી હતી. અત્રેની લાયબ્રેરીમાં ૧,૧૦,૦૦૦ પુસ્તકો છે; અને ૧૮૭૩ માં લાયબ્રેરીને યૂનિવરસિટીમાં ફેરવી નાખી હતી. તેમાં ૭૦૦ વિદ્યાર્થિઓ છે. તે શિવાય ૧૮૭૯માં બાંધેલી નાટકશાળા, ૧૮૨૪-૨૬ નું રૅથમ્યૂઝીયમ, ફ્રૅાલ મ્યુઝીયમ વગેરેની જોવાજોગ ઇમારતો છે. શેહેરમાં ઘડીયાળ, વાજીંત્રો અને હીરા સાફ કરવાનાં કારખાનાં છે. ૧૮૭૦ માં વસ્તી ૬૧૪૮૬ ની ને ૧૮૯૧ માં ૭૮૭૭૭ ની હતી.

**જીનોવા**—ન્યૂયૅાર્કનું આ શેહેર યૂબર્નની પશ્ચિમે ૨૬ મૈલ ઉપર છે. અત્રે આટાની મીલો તથા એન્જીન બૉયલરનાં કારખાનાં છે. અત્રે હોબર્ટ કૉલેજ છે. લોક વસ્તી ૭૫૫૭ ની છે.

**જીનોવા**—આ ઇટાલ્યન શેહેર મેડીટરેનીયન ઉપર એજ નામના અખાતની ઉપર એપીનીયન્સ પર્વતની તળેટીમાં છે; અને તે પ્રાંતનું મુખ્ય શેહેર તથા બંદર છે. પેરીસની દક્ષિણ પૂર્વે ૮૦૧ મૈલ ઉપર માર્સેલની ઉત્તર પૂર્વે ૧૭૧ મૈલ ઉપર મીલાનની દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં ૯૩ મૈલ પર છે. લોક વસ્તી ૧૮૯૨માં ૨૧૨૫૦૦ ની હતી. એનું બંદર લગભગ ૧ મૈલ લાંબુ છે. ૧૮૮૯માં મુખ્ય ગોદીનું કામ પુરૂં થયું હતું. ઉત્તર ભણી એનું દર્યાઇ કાફલાનું મથક તથા તોપખાનું છે; અને પૂર્વ ભણી વખારો છે. આ બંદર રાજ્યમાં એક અગત્યનું વેપારી મથક છે. એનો નિકાશ વેપાર ચોખા, દારૂ, ઑલીવ તેલ, રેસમી કાપડ, પરવાળાં, કાગળ, સેવ અને માર્બલનો બોહોળો ચાલે છે. આયાત વેપાર રૂ, ઘઉં, સાકર, કોલસો, ચામડું, કાફી, ઇમારતી લાકડું, માછલી, કેરોસીન તેલ, લોઢું, યંત્રો અને રૂ તથા ઉનના કાપડનો ચાલે છે. દર સાલ એના બંદર મધે ૫૮૦૦ વહાણો ૨૯,૭૦,૦૦૦ ટન વજનનાં દાખલ થાય છે. શેહેરમાં મુખ્ય ઉદ્યોગ લોઢાંનો સામાન, કાપડ, ચામડાં, કેળવવાનાં કારખાનાં, સાકર સાફ કરવાનાં કારખાનાં અને મેચીસ તથા કાગળની મીલો ચાલે છે. અત્રેની પુરાણી પાઠશાળા ૧૬૨૩ માં બાંધવામાં આવી હતી, તેને ૧૮૧૨ માં

વધારી સુધારી હતી, તેમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓ ભણે છે; ને તેની લાયબ્રેરીમાં ૧,૧૬૦૦૦ પુસ્તકો છે. કોલંબસનો જન્મ એજ શેહેરમાં થયો હતો અને તેનું એક પુતળું ૧૮૬૨માં લેન્ઝીઓએ બનાવી ખુલ્લું મેળયું હતું.

**જીનોવા સરોવર**—એને પ્રાચીન રૂમીઓ 'લેમન' સરોવર કહેતા હતા. આ સરોવર સ્વિતઝરલેંડમાં સર્વથી મ્હોટો છે. લંબાઇ ૫૬ મૈલ ને ૧½ થી ૯ મૈલ પોહળાઇમાં છે. એની ઉંડાઇ કોઇ જગે ૧૦૦૦ ફીટ છે. એનો વિસ્તાર ૨૨૫ ચોરસ મૈલ છે. સમુદ્ર સપાટીથી એની ઉંચાઇ ૧૨૩૦ ફીટની છે. એનો આકાર અર્ધ ચંદ્રરોકો છે, ને પાણીનો રંગ ઉંડા આસ્માની જેવો છે. આ સરોવર સખત થંડીમાં વટીક બંધાતો નથી. એમાં નહિ સમજ પડે તેવી રીતે ભરતી ઓટ થાય છે. તેમજ તેમાં પાણીના મજબૂત પ્રવાહ સાથે પાણીનાં વંટોળયા થઇ આવે છે. એની આસપાસ સંખ્યાબંધ ગામો તથા ઝાડો છે.

**જીપસમ**—આ ક્ષાર નિર્જલ એવો ચાલુ મળતો નથી, એને 'આનહેદ્રાઇટ' કહે છે. અને એની સળીઓ બનાવે છે. સજલ સ્થિતિમાં એને જીપસમ કહે છે. આ સ્થિતિમાં તેમાં પાણીનાં બે અણુ હોયછે. એના ઉંચા અને પારદર્શક જાતનાં પુતળાં બનાવે છે. તેને કારીગર લોકો અલાબાસ્ટર કહે છે. (જુઓ અલાબાસ્ટર તથા ચિરોડી.)

**જીપસી**—એક ભટકતી પ્રજા. આ પ્રજા હિંદમાં ઇ. સ. ૧૦૦૦ આગમજ કદી જણાઇ નહોતી. તેઓ યૂરપમાં ઇ. સ. ૧૩૨૨ પછી દાખલ થઇ હતી. ઇ. સ. ૧૩૪૬ માં તેઓ 'કારફ્યૂ' ખાતે અને ૧૩૭૦ માં 'વાલાચીયા' ખાતે ભટકતી જણાઇ હતી. આ પ્રજાની વસ્તી દુનિયામાં ૫,૦૦,૦૦૦ ની ધારવામાં આવે છે. તેમાંથી ૫૦,૦૦૦ યૂરપમાં વસે છે; પણ મુખ્ય ભાગ ઉત્તર આફ્રિકા અને મધ્ય, દક્ષિણ અને પૂર્વ એશિઆમાં તે જગેજગ ટોળાં થઇ ભટકતી જણાય છે. તેઓ કંસાર, લોહાર, નાળબંધ વગેરેનો ધંધો કરે છે. ઘોડેસ્વારી અચ્છી કરી જાણે છે, તથા કુટુંબ કબિલાવાલા હોય છે. એમનો કોઇ ચોકસ એક ધર્મ નથી. એમનો પેશો ચોરીનો તથા સ્ત્રીઓ ભવિષ કહેનારી કહેવાય છે. તેઓ ખુદ્રતી મ્હોતે મરણ પામેલા જાનવરો ભક્ષ કરે છે, ઉડતા પક્ષી પણ ખાય છે, ખાંધીયાનો ધંધો કરે છે, સાદડી, ટોપલી તથા લાકડાની તર્હેવાર ચીજો બનાવવાનો ધંધો કરે છે. તેઓ નાચવાનો, ગાવાનો તેમજ કસરત બાજીનો હુન્નર જાણે છે.

ઓખારા તરફના જીપસી તેમજ ઝરફશાનના કાંઠાપર વસ્તા જીપસીઓ મુખ્ય કરી મેદાનોમાં તંબુ મારી પડી રહે છે. ઉત્તર ઇરાનમાં પણ આ પ્રજા ભટકતીજ જીંદગી ગુજારે છે, અને ત્યાં તેઓ કારાચી, કારા=કાળા ને નામે ઓળખાય છે. તે તરફ તેઓ કંસાર અને ઘોડાના વૈદનો ધંધો કરે છે. કેરમાનશાહ તરફ તથા કુર્દીસ્તાનમાં અતી કંગાળ રફીયન જીંદગી ગુજારે છે. તેમની સ્ત્રીઓ ઇરાની મજલેસમાં નાચનારી અને પુરૂષો વાજીંત્ર વજાડવાનો ધંધો કરે છે. ઇરાનમાં જીપસી પ્રજાનાં ૧૫૦૦૦ કુટુંબો વસે છે ને તેઓ સરકારને ભારે કર ભરે છે.

મુખ્ય કરી આ પ્રજા ઇરાન, આરમેનિયા, ગ્રીસ, રોમેનિયા, હંગેરી અને બોહેમિયામાં ફરતી જર્મની, પોલાંડ, રશિયા, સ્કેન્ડેનેવિયા, ઇટલી, સ્પેન, ઈંગલંડ અને સ્કૉટલંડમાં ભટકે છે.

**જીબ્રાલટર**—* આ પહાડી કિલ્લાવાલું શેહેર સ્પેનમાં બ્રિટીશ સત્તા તળે છે. અત્રે બ્રિટીશ મનવારો તથા લશકર સદા જાથુકનું પડી રહેલું હોય છે. ભૂમધ્ય સમુદ્ર અત્રેથી અટલાનટિક માહાસાગર સાથે જોડાય છે. અને આફ્રિકા તથા યૂરપ અત્રેજ જૂદાં પડે છે. જીબ્રાલટરનો પર્વત એક નાહના ભૂસ્કાલા સમાન સમુદ્રમાં ૩ મૈલની લંબાઇ સુધી ફેલાયલો છે, જેની પોહળાઇ ½ થી ¾ મૈલની છે, અને

* મી૦ હાજી સુલેમાન શાહમહમદ કૃત પૃથ્વીની પ્રદક્ષિણા. પૃષ્ઠ ૧૭૮.



ઉંચાઈ ૧૪૩૦ ફીટની છે. આ તમામ ખડક શરૂઆતના માર્બલ પથ્થરનો બનેલો છે, તેમાં અનેક ગુફાઓ પણ છે. હરક્યુલીસે અત્રે એક પગ મેળી બીજો પગ આફ્રિકાના એટલાસ નામના પ્રસિદ્ધ ખડક ઉપર મેળયો હતો, જે ૨૦૦૦ ફીટ ઉંચો છે.

જીબ્રાલટરમાં લોક વસ્તી ૨૫,૭૭૫ ની છે. તેમાં ૬૦૦૦ બ્રિટીશ સિપાહો છે, જેઓ અત્રેના બ્રિટીશ કિલ્લાનું રક્ષણ કરે છે. અત્રે માર્શલ લૉ ચાલે છે, અને દરવાજો રાત્રે ૯ વાગે બંધ કરવામાં આવે છે. આ ગામમાં વસવા થકી ગવરનરની રજા લેવી પડે છે. ભૂમધ્ય સમુદ્રમાં શત્રૂઓનાં બારકસોને દાખલ થતાં અટકાવવા માટે આ કિલ્લો બ્રિટીશ સરકારની ચાવી ગણાય છે. આથી તેના દરવાજા ઉપર એક ચાવીનો ચિતાર ચિતાર્યો છે.

જીબ્રાલટરનો કિલ્લો 'તારિક' નામના 'મૂર' સરદારના વખતનો બાંધેલો છે, જેને પાછળથી સ્પેનના રાજાએ મજબુત કિધો હતો, પણ ૧૭૦૪ માં 'એડમીરલ સર જ્યૉર્જ રૂક' નામના બ્રિટીશ સરદારે આ કિલ્લાનો કબજો સ્પેન્યર્ડ લોકો પાસથી લીધા પછી, ૧૮૦૦ ની આખેરીમાં એને ઘણોજ મજબુત બનાવવામાં આવ્યો છે.

જીબ્રાલટર નામ મજકુર મૂર સરદારનાં નામ ઉપરથી પડ્યું છે. તે વેળા આ ખડકને 'જબલ તારિક'નું નામ મળ્યું હતું, જેને સ્પેનનાં લોકે પાછળથી જીબ્રાલટર નામ પાડ્યું હતું.

'તારીક' નામે એક આંખે કાણો બરબરી મોહમેદન સરદાર હતો. જેણે સ્પેન ઉપર પ્રથમ હુમલો અત્રેથી શરૂ કરી ૭૧૧ માં ૩૦મી એપ્રેલે આ જગા જીતીને તે બનાવની યાદગારીમાં આ ખડકને પોતાના નામથી ઓળખાવ્યો. ૧૭૦૪ માં ઈંગ્રેજ કાફલાએ સ્પેનના રાજા પાંચમા ફીલિપ સામે આસ્ત્રીયાના આર્ચદયૂક ચાર્લસનો પક્ષ તાણી તેનો દાવો મુસ્તકીમ કરવાનાં કામમાં મદદ આપતાં તેને નામે જીબ્રાલટર સર કર્યું. ૧૮મી સદીમાં ૩ વેળા આ જગ્યા ફરી હાથ કરવાની સ્પેને તજવીજ કરી હતી; પણ તેમાં તેઓ હાર્યા હતા. આ ખડક ઉપરના કિલ્લા પાછળ બ્રિટીશ સરકારને સુલ્હેના વખતમાં ૬૦૦૦ જાથુક રાખેલા સિપાહોનાં નિભાવ પાછળ ૨,૫૯,૦૦૦ પૌંડ આપવા પડે છે. આ કિલ્લાનાં બંચાવનાં બાંધકામ પાછળ જુમલે ખર્ચ ૫,૦૦,૦૦,૦૦૦ પૌંડનો થયો હતો. કિલ્લામાં મીઠું પાણી તથા ૧૫૦૦૦ માણસોને બે વર્ષ સુધી ચાલી શકે એટલી ખોરાકી ભરી રાખવામાં આવે છે.

આ ટાપુનાં બે ભાગ બનેલા છે. ઉત્તર ભાગનું શેહેર એક સાંકડી રેતાળ જમીન ઉપર વસાયલું છે, ને બીજો ભાગ દક્ષિણ તરફનો છે. ખડક મથાળેથી નીચે સુધી બકારાવાળો છે, જે દરેકમાંથી તોપનું મોઢું દેખાય છે. આ ખડકની 'યૂરોપા પૉઇંટ' ઉપર એક દીવાદાંડી અને તોપોની બેટરી છે.

**જીભ**—એ કેવળ સ્નાયુની બનેલી મ્હોડાનાં તળીયામાં મુકાયલી છે. એ સ્વાદ લેવાની ઇન્દ્રી છે. તેની ઉપર શ્લેષ્મા વર્ણનું અસ્તર હોય છે. તેનો આગલો છેડો છુટો હોય છે. તેની અંદરનો છેડો 'હાઇયોડ' નામના ગળાના અસ્થિ તથા નીચલા જડબાની અંદરની બાજુએ વળગેલો છે. જીભમાં પુષ્કળ સ્નાયુ છે. પાછળથી તે પોહોળી અને મોહડાનાં પાછલા ભાગ સાથે તથા હવાની નળીનાં ઢાકણુ સાથે સંબંધ જોડેલી રહે છે. ઉપરથી તે જરાક ગોળ અને મધ્ય ભાગમાં કાપો પડેલી હોયછે. જીભના આગલા ભાગ ઉપર ઝીણા દાણા અથવા કણોથી તે ખરબચડી રહે છે. એ કણોમાં જીભની સાથે ભેજાનાં તંતુઓ આવે છે તેથી આપણે સ્વાદ પારખીએ છિયે. જીભ સ્વાદ ઈંદ્રી છે, એટલુંજ નહિ પણ ચાખવા, ઉચ્ચાર કરવા તથા ગળવાના ઉપયોગમાં પણ કામ આવે છે. જીભ માસના સાકાના પડની બનેલી હોવાથી તે ગમે તેમ ફરે છે ને આડી અવળી કરવાથી તે મ્હોનાં દરેક ભાગને અડકી શકેછે.

જીભની ત્વચા અતિ તિક્ષણ સ્પર્શજ્ઞાન ધરાવે છે. તેની ચામડીમાં લોહી તથા જ્ઞાન તંતુની નસો અતિ ઘણી ભેગી થએલી છે. જીભ ઉપર જે કરચો હોય છે તેમાં સ્વાદ લઇ જવાની શકિત નથી. આ કરચો પડા રોકી છે, જેની મારફતે સ્વાદની લાગણી ભેજાંને મળેછે. જીભના આગલા ભાગ પર આ ચાખવાની કરચો સાદી આંખે દેખાય છે, અને તે ચોક્સ દર્દોપર ફુલી મ્હોટી બને-છે. 'સ્કૉરલેટ ફીવર' ઉપર આ કરચો લાંબી થઇને જલદ રાતો રંગ પકડે છે, કેમકે નળીઓમાં લોહીથી ઉપસે છે. તાપ નરમ પડતાં તે કરચો બેશી જઇ ભૂરો તપકીર્યો રંગ પકડે છે. આ કરચને ઉંટના બાલની બનાવેલી પીછી વડે સરકો ચોપડતાં તે લાંબા થતી જણાય છે.

ખોરાકનો સ્વાદ તથા ચાવવામાં જીભ મુખ્ય મદદગાર છે. તેને છુટી અને રમતી રાખવાથી મોહડાનાં દાબડામાં તે દરેક બાજુ ફરી શકે છે અને ખોરાકના જે ભાગને જે દાંત તળે લઇ જવો જોઇએ તેને તે દાંત તળે જીભ લઇ જાય છે. સઘળા દાંતથી સઘળુ કામ થતું નથી (જુઓ દંત વિદ્યા) કોઇ કરડનાર, કોઇ તોડનાર, કોઇ ભાંજનાર, કોઇ દળનાર દાંત છે. સઘળો ખોરાક એકદો ચવાતો નથી. એક ભાગ ચાવે છે ત્યારે બીજો ભાગ કરડવો પડે છે, તે સઘળા ખોરાકનાં જૂદા જૂદા ભાગને જૂદા જૂદા દાંત તળે મેળવાનુ કામ જીભનું છે. ખોરાકની સેવા બજાવવા ઉપરાંત અવાજની પણ તે સેવા બજાવે છે. ઘાટી-માંથી નીકળતા અવાજને જૂદી જૂદી ઢપે, જાડાઇ અથવા ચઢ ઉતર સાથ આપીયે છિયે તે હોટની સાથે જીભની મદદથી આપી શકાય છે.

જીભ ઉપરથી મનુષ્યનાં દર્દની પરિક્ષા નીચે મુજબ કરે છેઃ—

સાજા માણુસની જીભ સાફ, ઝીણી અને ભીની હોય છે, જે મોહમાં ફર્યા કરે છે.

તાવમાં જીભ સુકી ખભરાયલી થાય છે.

જીભપર જો સફેદ થરો બાઝેલો હોય તો એમ જાણવું કે હોજરીનો બગાડો થયો છે.

જો જીભ ભીણી અને પીલી હોય તો જાણવું જે કલેજું પોતાનું કામ બરાબર કરતું નથી.

ટાઇફોઇડ અને મર્કીની ઝેરી તાપમાં જીભ ભૂરી અને સુકી પડી જાય છે.

લાલ અણીઆલી જીભ થઇ હોય તો સમજવું જે ભેજાં પર કોઇ અસર થઇ હોવી જોઇએ.

**જીમના સોફી**— પ્રાચીન તવારીખ ઉપરથી જણાય છે કે અલેકઝાન્ડરે જ્યારે હિંદપર ચઢાઇ કરી ત્યારે આ નામની પ્રજા અત્રે વસતી હતી. તેઓ દેહને કષ્ટ આપી ઇશ્વર ભક્તિમાં નિગમ્ન રહેતા. ઘણું કરી નહિ જેવાં અંગ ઉપર વસ્ત્ર રાખી, યા અંગને રાખ ચોપડી થંડી, તડકા યા વસાંદની દરકાર નહિ કરતાં ખુલ્લી જગ્યામાં પડી રહેતા. આ પંથકના સાધુઓનો દાખલો લઇ તે પછી થએલા જીમનાસોફી સન્યાસી યા વેરાગીને નામે હાલમાં હિંદમાં ઓળખાય છે.

**જીમેના**—આ સ્પેનીશ શેહેર જીબ્રાલટરની ઉત્તરે ૨૧ મૈલ ઉપર છે. અત્રે જોવાજોગ ખુદ્રતી ગુફા તથા મુર લોકોએ બાંધેલો કિલ્લો છે. લોક વસ્તી ૮૬૭૭ ની હતી.

**જીયાપોતો**—એનાં મ્હોટા વૃક્ષ થાય છે. એનાં વૃક્ષ કોકણ અને ઘાટ પર ઉગે છે. એને પુત્રવંતી પણ કહે છે. મ્હેસૂરમાં એના ઘણાં ઝાડ ઉગે છે. એના બીયાંની માળા બનાવી સ્ત્રીઓ તેને પુત્ર પ્રાપ્તિ થકી પેહેરે છે.

**જ્યૉર્જ**—કેપ કાલોનીના પશ્ચિમ પ્રાંતનો ભાગ, અને કેપટૌનના દક્ષિણ કિનારાપરનો ભાગ. ક્ષેત્રફળ ૨૬૦૦ ચોરસ મૈલ છે. લોક વસ્તી ૧૧૦૦૦ની છે. એનું મુખ્ય શેહેર જ્યૉર્જ કિનારાથી ઉત્તરે ૬ મૈલ ઉપર ૨૦૦૦ની વસ્તીવાળું છે.



**જ્યૉર્જટૌન**—કોલંબિયાના જીલ્લામાંનું આ એક બંદર શેહેર; વૉશિંગટનથી ૨ મૈલ ઉપર છે. આ શેહેરમાં અનેક કેળવણીનાં ખાતાંઓ છે. લોક વસ્તી ૧૮૮૦ માં ૧૨૫૭૮ ની ને ૧૮૯૦માં ૧૪૦૪૦ ની હતી.

**જ્યૉર્જટાન**—બ્રિટીશ ગાયનાનું રાજધાની શેહેર. આ શેહેરમાંના માર્ગો સીધી લીટીમાં બાંધેલા છે. તેમજ ત્યાંના રંગબેરંગી મકાનો લાકડાનાંજ બાંધેલાં છે. આ શેહેરમાંના કેટલાક રસ્તા વચ્ચે પાણીની નીખો હોઈ તે પુલો યા બોટ મારફતે પસાર કરવી પડે છે. અત્રેની જાહેર ઇમારતોમાં સરકારી ઈમારત, કેથીડ્રલ, કવિન્સ કૉલેજ અને મ્યૂઝિયમ તથા લાયબ્રેરી છે. એ બંદર શેહેર હોવાથી ત્યાં દીવાદાંડી પણ છે; અને બંદર-પર બંચાવની કિલ્લેબંદી છે. ૧૮૫૧માં લોક વસ્તી ૨૫૫૦૮ ની ને ૧૮૯૧માં ૫૩૧૭૬ ની હતી.

**જ્યૉર્જીયા**—અમેરિકન યૂનીયનનાં દક્ષિણમાં-ના આગલા જાણીતા ૧૩ રાજ્યોમાંનું એક. એની આસપાસ, ઉત્તર અને દક્ષિણ કેરોલીના, ઍટલાનટિક ઓશન, ફ્લોરિડા અને અલાબામાં છે. એનું ક્ષેત્રફળ ૫૯૪૭૫ ચોરસ મૈલ છે. ૧૭૯૦ માં વસ્તી ૮૨૫૪૮ ની; ૧૮૬૦ માં ૧૦,૫૭,૨૮૬ ની ૧૮૮૦ માં ૧૫,૪૨,૧૮૦ ની ને ૧૮૯૦માં ૧૮૩૭૩૫૩ ની હતી. અત્રેની પ્રજાનો ૧/૨ ભાગ ગોરા-ઓનો છે. જ્યૉર્જીયા નામ બીજા જ્યૉર્જનાં નામ ઉપરથી પડયું છે. એની સ્થાપના ૧૭૩૩ માં જેમ્સ ઑાગલથ્રોપે કરી હતી. અત્રે ખનીજ પદાર્થમાં સોનું, રૂપું, કોલસો, લોહું, સીસું, માર્બલ, ગ્રેનાઇટ, સ્લેટ, જીપસમ, ચુનખડી વગેરે પુશકળ મળે છે. પ્રજાનો કેટલોક ભાગ ખેતીવાડી અને વેપારમાં ગુંતાયલો છે. હાલમાં શરૂ થએલો ઉદ્યોગ સ્ટીલ, લોહું, રૂ, ઉન અને બીજી બનાવટોનાં કારખાનાંનો ચાલે છે. જ્યૉર્જીયામાં દર વર્ષે લગભગ ૧૦,૦૦,૦૦૦ રૂની ગાંસ-ડીઓ ઉત્પન્ન થાય છે. ચોખા, ઇંડીયન ધાન્ય, ઘઉં, ઓટ, પપેટા, સાકર, તંબાકુ, મુખ્ય પેદાયશ છે. એનું મુખ્ય શેહેર 'એટ-લાન્ટા' છે, અને સેવ્હાના મુખ્ય વેપારી મથક છે. તે શિવાય મેકૉન, આગસ્ટસ, કોલંબસ અને અથેન્સ એમાં મુખ્ય શેહેર છે.

**જ્યૉર્જીયા**—આ નામ હાલના રશિયન ટ્રાન્સ-કૉકેશિયાનું પ્રાચીન નામ છે. એની સીમા જોતાં ઉત્તરે કોકેસસ પર્વત, દક્ષિણે આર્મીનિયન પર્વત છે. એને ઇરાનીઓ 'ગુરજીસ્તાન' ને નામે ઓળખતા, જે ઉપરથી પ્રચારમાં જ્યૉર્જીયા નામ આવ્યું. સેકંદરના વખતથી આ એક સ્વતંત્ર રાજ્ય તરીકે જાહોજલાલી ભોગવતુ આવ્યું છે. પણ હાલનું જ્યૉર્જીયા રશિયન રાજ્યમાં ૧૭૯૯ થી ૧૮૨૯ સુધીમાં ભેળાઇ ગયું છે. હાલમાં આ રાજ્ય રશિયન સત્તા તળેના સંસ્થાનોમાંનુ એક છે. અત્રેની આગલી પ્રજાની વસ્તી લગભગ ૧,૦૦,૦૦૦ ની છે.

**જ્યૉર્જીયન આખાત**—આ એક પેસી-ફીકનો ફાંટો છે. તે ૨૫૦ મૈલ લાંબો ને ૩૦ મૈલ પોહળો છે.

**જ્યૉર્જીસ વાલ્ડી**—બોહિમીયાનું આ એક શેહેર પેરૂગુઆની ઉત્તરે ૧૧૨ મૈલ ઉપર ખનીજ ઝરા માટે વખાણાય છે. વસ્તી ૫૬૦૪ ની છે.

**જીરાફ**—આ આફ્રિકન પ્રાણી ત્યાંના મેદાન, જંગલ ઝાડીમાં પાંચથી છનાં ટોળામાં ફરે છે. આ પ્રાણીની ગરદન અતિ ઘણી ઉંચી હોવા-થી તે ખરીથી સીંગડાં વેર ૧૫ થી ૨૦ ફીટ ઉંચું હોય છે, અને પાછળનો ભાગ માત્ર ૧/૩ ઉંચો હોય છે. તેનું માથું શોભઇતું પણ નાહનું હોય છે; તેપર બે નાહનાં સીંગડાં હોઇ મખમલ જેવી ચામડી હોઇ તેપર બાલનું ગુચ્છું હોય છે. તેનું મ્હોડું નાહનું, આંખ ચળકતી અને ભરેલી હોય છે. એના મોહમાં ૧૬ દાંત હોય છે, તેની જીભ લાંબી, ખરબચડી અને સાંકડી હોય છે. જીરાફનો રંગ ઝાંખો, પિળો અને ડાઘવાલો કાબર-ચિત્રો હોય છે. એની ખરી ફાટેલી તથા પુછડી ઝુમખાદાર હોય છે. આ પ્રાણી અતિ ઝડપથી દોડવાની શકિત ધરાવે છે.

**જીરૂં**—એનાં છોડ અજમાનાં છોડને મળતાં હોય છે. તેપર જીરૂ, અજમાં પ્રમાણેજ આવે છે. હિંદનાં ઘણાં પ્રાંતોમાં જીરૂં ઉત્પન્ન થાય છે. જીરૂં પાંચ પ્રકારનું થાય છે. એક સાધારણ, બીજું શાહજીરૂં, ત્રીજું ઓથમી જીરૂં, ચોથું કાળું જીરૂં, અને પાંચમું શંખ જીરૂં. શાહજીરૂં બારીક ને કાળાસપર હોય છે, તેનાં ગુણ જીરાને મળતાજ રહે છે. એનો મુખ્ય ઉપયોગ મસાલા તથા ઔષધિમાં થાય છે. જીરૂ હિંદ તેમજ યૂરપમાં પણ ઉત્પન્ન થાય છે. તેમાંથી તેલ કાઢવામાં આવે છે અને તેની બે જાતો છે. એક હિંદુસ્તાન તથા બીજી યૂરપ તરફની. આ બેઉમાંથી તેલ નિકળે છે. જીરાનાં ગુણ તેલમાં પણ રહે છે. મુંબઇ ઇલાકામાં એનો થોડો પાક થાય છે, પણ ઉત્તર હિંદુસ્તાનમાં તેની ખેતી થાય છે. કાનપૂરથી મુંબઇ ઈલાકામાં જીરૂં આયાત થાય છે.

**જીરોન**—બાર્સિલોનની ઉત્તર પૂર્વે ૬૫ મૈલ ઉપરનું સ્પેનીશ શેહેર. અત્રે કાગળ, નળીયાંનાં કારખાનાં છે. લોક વસ્તી ૧૬૫૬૪ની છે. એજ નામના એના પ્રાંતનું ક્ષેત્રફળ ૨૨૭૭ ચૌરસ મૈલ છે. તેમાંની વસ્તી ૧૮૮૭ મુજબ ૩૦૫૫૩૯ ની હતી.

**જીલ્ફ**—આ રાગણી અમીર ખુશરોએ શોધી કાઢી હતી. એનો ગાવાનો વખત ત્રીજા પોહોર પછીનો છે. જાતિ સંપૂર્ણ છે. એટલે ખરજ શુદ્ધ, રિખવ કોમળ, ગંધાર તિવ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિખાદ તિવ્ર એ મુજબ ૭ સ્વરો છે. ગ્રહસ્વર ધૈવત, ને ન્યાસ સ્વર ખરજ છે.

**જીલૅાગ**—વિક્ટોરિયાનું આ શેહેર મેલબોર્નની દક્ષિણ પશ્ચિમે રેલમાર્ગે ૪૫ મૈલ ઉપર છે. અત્રે ૧૮૧૫માં સુવ્રાની ખાણની શોધ થઇ હતી. ૧૮૪૯માં અત્રેનો વેપાર વધી તે ઉનના વેપાર માટે વખણાયું હતું. અત્રે પેહેલી ઉનની મીલ વિક્ટોર્યા બાંધવામાં આવી હતી. અત્રે મુખ્ય ઉદ્યોગ ઉનનું કાપડ, કાગળ, કેળવેલાં ચામડાં, દોરડાં, માછલી વગેરેનો વેપાર ચાલે છે. શેહેરમાં બે પાર્ક છે; ઝાડપાનની વિદ્યા શિખવવાનો બગીચો, સરકારી ઇમારત, ટૌન હૉલ અને પોસ્ટ ઑફીસ છે. અત્રે ઇસ્પીતાલ તથા વેપાર સમાજની ઇમારત છે. ૧૮૭૧માં વસ્તી ૨૨૬૧૮ની ને ૧૮૯૧માં ૨૪૨૮૩ની હતી.

**જીલ્લો**—સંગીત શાસ્ત્ર મુજબ આ રાગણી ગાવાનો વખત ત્રીજા પોહોરથી મધ્ય રાત્રી સુધીનો છે. જાતી સંપૂર્ણ છે. એટલે ખરજ શુદ્ધ, રિખવ તિવ્ર, ગંધાર કોમળ તિવ્રબે, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તિવ્ર, નિખાદ કોમળ, એ મુજબ ૭ સ્વરો આવે છે. આ રાગ કાફી અને સિંધી મળીને બનેલો છે.

**જીવનજી જમશેદજી મોદી-શમશુલ ઓલમા**—આ જાણીતા વિદ્વાન તથા છટાદાર વકતાનો જન્મ ઇ. સ. ૧૮૫૪માં ૬ ઠી અકટોંબરે મુંબઇ–કોલાબામાં થયો હતો. એમના પિતા શેઠ જીજીભાઈ દાદાભાઇવાલી અગીયારીનાં પંથકી હોવાથી તેમના પછી એવણ ત્યાંના પંથકી નેમાયા હતા. એવણે ઇ. સ. ૧૮૬૮ માં એલફીન્સટન હાઇ સ્કુલમાં દાખલ થઇ ૧૮૭૧ માં મેટ્રિક્યૂલેશનની પરિક્ષા પસાર કરી ૧૮૭૨ માં એલફીન્સટન કૉલેજમાં દાખલ થઇ ૧૮૭૪ માં પેહેલી આર્ટસની પરિક્ષા પસાર કરી હતી, ને ૧૮૭૫ માં બી. એ.ની ડીગ્રી મેળવી હતી. ૧૮૭૩ માં એવણ મરાતબ થયા હતા, કૉલેજનો અભ્યાસ પુરો કરી ૧૮૭૮ માં કાયદા સંબંધી "જ્યૂરીસપ્રુડન્સ" ની પરિક્ષા પસાર કરી અભ્યાસ આગળ કરવાનો બંધ કર્યો હતો.

ઇ. સ. ૧૮૭૨ માં એવણ સર જમશેદજી મદરેસામાં દાખલ થઇ ૧૮૮૬ માં એજ મદરેસામાં 'લેડી આવાંબાઇ ફેલો' તરીકે નેમવામાં આવ્યા હતા, કારણકે એવણે ડૉ૦ વેસ્ટ અને ડારમેસ્ટરે લીધેલી પરિક્ષામાં પેહેલી પદ્વિ મેળવી હતી. ૧૮૮૯ માં મુંબઇ સરકારે "મુંબઇ યૂનિવ્હરસિટી"નાં એક "ફેલો" તરીકે એમને નેમ્યા હતા. તે પછી



બીજેજ વર્ષે યૂનિવ્હરસિટિ તરફથી મુંબઇ મ્યૂનિસીપલ કારપોરેશન"નાં એક સભાસદ નેમાયા હતા. અને ૧૮૮૯માં એવણ 'સ્ટોકહોમ' ખાતેની ૮ મી ઓરિઍંટલ કૉનગ્રેસમાં હાજર થવા યૂરપ ઉપડી ગયા હતા, જ્યાં સ્વિડનના રાજા તરફથી "લિટેરિસ્ટ એટફ્રિટૅબસ"નો 'ડીપલોમા' એમને મલ્યો હતો, જેની સાથે એક સોનાનો ચાંદ પણ એમની વિદવત્તાઇની કદરશનાશીમાં એનાયત કરવામાં આવ્યો હતો. આ વેળાની યૂરપ તરફની મુસાફરી દરમ્યાન એવણે રોમના વડા પોપની ખાસ મુલાકાત લઇ સારૂં માન મેળવ્યું હતું; તથા ઇજીપ્ત તરફનાં બાંધકામોમાં પીરેમીડોની જાતી તપાસ કરી તે વિશે મુંબઇ આવતાં અનેક રસીલાં ભાષણો આપ્યાં હતાં ઇ. સ. ૧૮૯૦ માં એમને જસ્ટીસ ઑાવ ધી પીસ તરીકે નેમવામાં આવ્યા હતા. અને એજ સાલમાં "એનથ્રોલૉજીકલ સોસાયટી'નાં ઉપપ્રમુખ નેમાયા હતા. એવણ અસલી પેહેલવી અવસ્તા ભાષાનાં એક બાહોશ અભ્યાસી હોઇ એવણે અનેક કિંમતી ગ્રંથો જાતી શોધખોળ અને અભ્યાસથી પ્રગટ કર્યા હતાં, એમની બાહોશીની કદરશનાશી પ્રત્યે સરકારે એમને ૧૮૯૩ માં 'શમશુલ ઓલમાં' નો ખેતાબ એનાયત કર્યો હતો, અને એજ વર્ષમાં એવણ પંચાયતનાં સેક્રેટરી તરીકેના હોદ્દા ઉપર નેમાયા હતા. એમને ૧૮૯૮માં ફ્રાન્સની સરકારે "ઑફીશિએ ડાકાડેમીનો ખેતાબ બક્ષેસ કરી, ૧૯૦૩ નાં સાલમાં એથી ચઢતો ઑફીસડેલાઇસ્ટ્રેટયૂ પબલિક"નો ખેતાબ બક્ષેસ કર્યો હતો, એવણે સ્વજાતી ધર્મ સંબંધી વાએજો તથા સાહિત્ય અને વિધાજ્ઞાન સંબંધી અને મુસાફરીનાં અનુભવ સંબંધી લગભગ ૨૦૦ ભાષાણો તથા વાએજો જૂદી જૂદી મંડળી તથા ખાતાંઓ તરફથી આપ્યાં છે. આવાં ભાષણોને એકત્ર કરી "જ્ઞાનપ્રસારક વિષયો"નામે એક ભાષણમાળા તથા જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો તથા વાએજો" નામે બે દલદાર ગ્રંથો પ્રગટ કર્યા છે. એમની સર્વે વાએજોમાં "મોત" ઉપરની વાએજ ઘણી પ્રસિદ્ધતા પામી હતી. આ મુજબ સંખ્યાબંધ ભાષણો ઉપરાંત એવણે ગુજરાતી, પેહેલવી, ઈંગ્રેજી, ફારસી, તથા ફ્રેન્ચ ભાષામાં અનેક ગ્રંથો લખી પ્રગટ કર્યા હતા. દસ્તુર મેહેરજીરાણાની મ્હોટાઈ તથા વિદવત્તા ઉપર એક સમે શક લઇ જવાની ચર્ચા ઉઠતાં એવણે જાતી શોધખોળ અને અથંગ અભ્યાસ પછી આ બાબતપર અનેક ભાષણો આપી સેવટે "શાહ અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહેરજી રાણા"—ઇંગ્રેજી અને ગુજરાતી વિષયો દસ્તાવેજો (ફારસી) સાથે" એક ગ્રંથ છપાવી પ્રગટ કર્યો હતો. એવણેજ મરહુમ અરદેશર સોરાબજી દસ્તુર કામદીન તરફનાં ૩૭૦૦ માટે અવસ્તાની વિશેષ નામોની ફરહંગ"ના ઇનામની હરીફાઇમાં ફતેહમંદી મેળવી, તે ગ્રંથ છપાવ્યો હતો, તેમજ પેહેલવી તથા ઇગ્રેજી જામાસ્પી, વાયુ ચક્ર શાસ્ત્ર, શત્રોઈહાને ઇરાન, શાહનામું, ઈરાની વિષયોનાં જૂદા જૂદા ભાગો, અને તે ઉપરાંત બીજાં સંખ્યા બંધ ગ્રંથો જૂદી જૂદી ભાષામાં એવણે રચ્યાં છે.

**જીવદામા**—ગુજરાતમાં પ્રાચીન કાળમાં ક્ષત્રપ રાજાઓનો અમલ ઇ. સ. પૂર્વે ૭૦ થી૩૯૮ સુધી હતો, તેમાં જીવદામા રાજા ઈ. સ. ૧૭૮ માં દામાજડ શ્રી પછી એ ગાદીએ બેઠો. એણે ૧૮ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. એના વિશે જુના સિક્કાઓ ઉપરથીજ માત્ર તુટક હકીકત મળે છે. તે ક્ષત્રપ વંશનો ૬ઠો રાજા હતો.

**જીવન ધનનો કિલ્લો**—આ કિલ્લો સમુદ્ર સપાટીથી ૩૦૦૦ ફીટ ઉપર, પુનાની વાયવ્યે ૬૫ મૈલ ઉપર જુન્નરની પશ્ચિમે ૧૬ મૈલ ઉપર એક ઉંચા ખડક પર છે. તેની લંબાઈ ૧૦૦૦ યાર્ડ અને પોહળાઇ ૫૦૦ યાર્ડની છે. આ કિલ્લો 'ઘાટઘર' ના ગામમાં છે. એની આસપાસ તુટેલો કરાડો છે, અને કોકણની બાજુવાલો ભાગ તો અતી ઉંડો છે.

જીવનધન કિલ્લો લગભગ શિવનેરી કિલ્લા જેવો છે. જુન્નરથી કિલ્લા સુધી જવાનો માર્ગ ઘોડેસ્વારીથી કાપી શકાય છે. કિલ્લાની ચઢણ બીકટ અને તે ૧ મૈલ લંબાઇની છે. આ કિલ્લો ઇ. સ. ૧૮૨૦ માં ઇંગ્રેજોએ લીધો. કિલ્લાના માથા પર હાલમાં જઇ શકાતું નથી. કિલ્લાનો દરવાજો પશ્ચિમ ભણી હતો. ઉપર પાણીની પાંચ ટાંકીઓ છે. આ કિલ્લામાં બૌદ્ધ ધર્મિઓએ કેટલીક ગુફાઓ હુન્નરમંદીથી બનાવેલી છે. તેમજ ત્યાં મુસલમાની ઢપની એક ઇમારત છે. ઇ. સ. ૧૮૧૮ માં જ્યારે આ કિલ્લો ઇંગ્રેજોએ જીતી લીધો ત્યારે, તે ગુફામાંથી ધાન્યના કોઠાર જડયા હતા. આ કિલ્લો ઇ. સ. ૧૪૮૯માં અહમદનગરના નિજામશાહના મૂળ પુરૂષ મલિક અહમદે જીતી લીધો. ઇ. સ. ૧૬૩૭ માં પુના પ્રાંતમાંના જે પાંચ કિલ્લા શાહાજી ભોંસલેએ મોગલોને આપ્યા તેમાંનો એ એક હતો. ઇ. સ. ૧૮૧૮ ના મેની ૩ જી તારીખે મેજર એલડ્રીજે આ કિલ્લાનો કબજો તેના દારોગા પાસે માંગ્યો, પણ તેણે કિલ્લો સ્વાધીન નહિ કરવાથી તે-પર તોપોનો મારો ચલાવી જીતી લીધો ને માહેલા મરેઠા શિપાઇઓના હથિયારો છિનવી લઈ તેમને હાંકી મેલ્યા.

**જીસૂટબાર્ક**—કવિનાઇનનું બીજું પ્રાચીન નામ. આગળ પીરૂ દેશમાંથી કવિનીનની શોધ થતાં ખ્રિસ્તી પંથના જીસૂટ ધર્મ-ગુરૂઓ તેનો બોહોળો ઉપયોગ કરવા માંડતાં એને જીસૂટબાર્ક કહેતા હતા. આંતરીયા તાવમાં એનો પ્રથમ ઉપયોગ ઇ. સ. ૧૬૪૦માં કરવામાં આવ્યો હતો. એનાં ઝાડ પીરૂ, બોલીવિયા, વેનઝુલા, ન્યૂગ્રાનેડા તથા દક્ષિણ અમેરિકામાં મળે છે. (જુઓ કવિનાઇન.)

**જીહૂન**—(જુઓ ઝેકઝારટીસ.)

**જુ પાદશાહ**—( જુઓ ઉજવ.)

**જુ**—માથામાં યા બાલવાલા ભાગમાં જે અતિ નાહનું પ્રાણી ઉત્પન્ન થાય છે તેને 'જુ' કહે છે. જુમાં નર અને માદા હોય છે. તેની માદા મ્હોટી હોય છે. તે ઈંડાં મુકે છે તેને 'લીખ' કહે છે. લીખમાંથી આઠ દિવસમાં નાહની જુ અથવા 'ઈંતવો' નિકળે છે, અને એથી ત્રણ અઠવાડીયામાં મ્હોટી જુ બને છે.

જુ ત્રણ પ્રકારની હોય છે. એક જાતની જુ માથા ઉપરનાં બાલમાં, બીજી જાતની કાખ તથા કેશભૂના ખાનગી ભાગ પર થાય છે, અને ત્રીજા પ્રકારની જુ બીજા ભાગો પર થાય છે, અને ઘણુંકરી કપડાંમાં રહે છે. આ ત્રણ જાતની જુના રંગ અને આકારમાં થોડો ફેર રહે છે. કપડાપરની જુનું પેટ બીજી જાતની જુ કરતાં વિશેષ મ્હોટું હોય છે. અને તેનો રંગ સફેદ હોય છે. મસ્તકની જુનો રંગ કાળો હોય છે. કાખની જુનું કદ નાહનું હોય છે.

જુ નું મ્હોડું ત્રીકોણાકારમાં હોય છે. તેના મ્હોડાને સુંઢ હોય છે, તે પોકળ ને ઝીણી હોય છે, તેથી ચામડીમાં ડંખ મારે છે. તેને આંખો બે હોય છે, ને છાતીનો ભાગ પેટ કરતાં નાહનો હોય છે; તેના છાતીના દરેક બાજુએ ત્રણ પગ હોય છે. પગનાં આંકડા વડે તે બાલને પકડે છે. જુનો વંશવેલો ઘણો જલદી વધે છે. ઘણી વેળા એક જોડામાંથી એક અઠવાડીયામાં ૫૦ જુ નિકળે છે. કાખમાં જે જુ થાય છે તે ચપટી હોવાથી તેને 'ચામ' જુ કહે છે. જુ ગંધકી તથા મેલાં કપડાં પેહેરવાથી થાય છે, તેમજ નહિ નાહવા ધોવાથી પરસેવો એકઠો થઇ મેલ થતાં તેમાં જુ ઉત્પન્ન થાય છે. જુને દૂર કરવાનો મુખ્ય એલાજ સ્વચ્છતા છે. સ્વ-ચ્છતા જાળવ્યાથી, 'જુ' કદી થતી નથી. જુ થઇ હોય તો બાલને સાબુ તથા અરિઠાથી ધોઈ અથવા સરકાથી ધોઇને ઝીણી કાંસ-કીથી ઓરવાથી તે દૂર થાય છે. પારાનો મલમ, 'વ્હાઇટ પ્રેસી પીરેટ' મલમ અથવા કયામેલ લગાડવાથી જુનો નાશ થાય છે. પારાની બાફ લેવાથી પણ જુ દફે થાય



છે. રસકપૂરના પ્રવાહીથી બાલ ધોતાં જુ મરે છે. કેટલાકો ગંધક અથવા ગંધકનો મલમ ચોપડે છે તેથી જુ મરે છે.

**જુઈ**—એના વેલાનો વિસ્તાર જાઇનાં વેલા કરતાં વધારે હોય છે. એનાં પાંદડાં ત્રિદળાં હોય છે અને ફુલો સુગંધમય રહે છે. જુઇનો ચમેલીના ફુલ કરતાં વધારે વાસ આવે છે, ફુલ આગસ્ટ માસમાં આવે છે. નવાં ઝાડ કલમનાં કટકા રોપ્યાથી થાય છે. (જુઓ જાઇ-જાસવેલ્ય.)

**જુજરબીસ**—એક જાતની ટાંકળી, કે જે સરકમ, ઢાંસા વગેરે દુઃખ ઉપર અકસીર ગણાય છે. આ ટાંકળી ગુંદર, સાકર, વગેરેની મેળવણીથી બનાવવામાં આવે છે. યૂરપમાં એજ નામના એક ઝાડ પર ફળો પણ થાય છે.

**જુજીખાન**—જંગીજખાન તાતારનો વડો પુત્ર. એને ભાગે કેપચીકનું ગંજાવર રાજ્ય આવ્યું હતું, પણ એ થોડા માસ પછી ૧૨૨૬ માં એના પિતાના મ્હોત આગમજ મરણ પામવાથી એના બેટા 'બતુખાન'ને તે હિસ્સો મલ્યો હતો, અને તેણે રશિયા તથા બલગેરીયા, મોરેવિયા તથા દાલમેટીયા પર સત્તા સ્થાપી હતી.

**જુડાસટ્રી**—દક્ષિણ યૂરોપમાં ઉગતું ઝાડ. આ ઝાડ એશિયામાંના ગરમ દેશોમાં પણ ઉગે છે. એની પર ગુલાબી રંગના ફુલો આવે છે. એના પાતરાં સાલીડ તરીકે અને ફળો અચાર ભરવા માટે ઉપયોગી છે. એનું લાકડું ઘણું સુંદર હોય છે. એની-પર પૉલીશ કરતાં તે ઘણું સુંદર બને છે. એના છોડમાંથી રંગ બને છે.

**જુડીત**—આ એક જ્યૂ જાતમાં પ્રસિદ્ધતા પામેલી શૂરવીર બાનુ પોતાના બેથૂલિયા દેશના રક્ષણ માટે જાણીતી થઇ ગઈ છે. એણે નેબુખદનેઝારના સરદાર હોલોફર-નીસના તંબુમાં દાખલ થઇ તે સરદારને પોતાની મોહિનીથી વશ કરી દારૂની નિશા-માં નાંખી તેનું માથું તલવારે કાપી તે સાથે લઇ પોતાના વતનીઓ પાસે ગઇ. જે પછી તેઓએ રાત્રે એકાએક હલ્લો કરી દુશમનનાં સર્વે લશકરનો પરાજ્ય કર્યો હતો.

**જુન**—ઇંગ્રેજી પંચાંગનો ૬ ઠો મહિનો ને રોમન પંચાંગનો ૪ થો મહિનો. આગળ આ મહિનો ૨૬ દિવસનો હતો, પણ રોમ્યૂલસે તેમાં ૪ દિવસ ઉમેરી ૩૦ દિવ-સનો કર્યો; પણ ન્યૂમાએ તેને ૨૯ નો બના-વ્યો; પણ ફરી જુલીયસ સીઝરે તેને ૩૦ નો મુકરર કર્યો, જે હજી ચાલુ છે. આ માસમાં લંડનમાં ઉષ્ણતા ૬૧ ડીગ્રી, ડબ-લીનમાં થંડી ૫૮° ડીગ્રી, વિયેનામાં ૬૭ ડીગ્રી, રોમમાં ૭૧ ડીગ્રી, મુંબઇમાં ૯૨ ડીગ્રી, જેકોબાબાદમાં ૧૨૦ ડીગ્રી, હૈદ્રાબાદમાં ૧૧૩ અને રાવળપીંડીમાં ૧૦૪°૦ અને સીમલામાં ૭૮°૪ હોય છે.

**જુન્નર**—( જુઓ તગર. )

**જુન્નર**—પુનાનું એક પ્રગણું. ક્ષેત્રફળ ૬૧૧ ચૌરસ મૈલ છે. એમાં એક શેહેર તથા ૧૫૩ ગામડાં છે. વસ્તી ૧૦૨૨૭૩ ની તેમાં ૫૦૬૬૬ પુરષો અને ૫૧૬૦૭ સ્ત્રી-ઓ છે. હિંદુ સંખ્યા ૯૫૭૪૮, મોહમેદન ૫૦૦૬ અને ૧૫૧૯ પરજાતી છે. ઉપજ ૧૪૭૧૮ પૌંડની છે. જીલ્લામાં ૧ દીવા-ની ને બે ફોજદારી કચેરીઓ છે.

**જુન્નર**—ઉપલાનું મુખ્ય શેહેર. વસ્તી ૧૮૭૨ માં ૧૦૨૯૮ ની ને ૧૮૮૧ માં ૧૦૩૭૩ ની, તેમાં ૫૦૪૩ પુરષો અને ૫૩૩૦ સ્ત્રીઓ છે. હિંદુ ૭૯૫૩, મોહમે-દન ૨૦૦૬ અને જૈન ૪૧૫ છે. શહેર ૨૩૩ એકર ઉપર છે. એમાં સબ જડજની કાર્ટ, પોસ્ટ ઑફીસ અને દવાખાનું છે. મોહમેદન રાજ્ય સત્તા સમયે સારી હાલ-તમાં હતું, પાછળથી આ ગામ પડી ભાગું છે; પણ મરાઠા અમલ વેળા પુના સરકારનું એક અગત્યનું મથક હતું. આગળ અત્રે કાગળ બનાવવાનાં કારખાનાં હતાં, પણ યૂરપીયન કાગળો હિંદમાં દાખલ થતાં આ

ઉદ્યોગ તદ્દન પડી ભાગો છે. અત્રેનો કિલ્લો ૧૪૩૬ માં મલીક ઉલતૂજારે બંધાવ્યો હતો, પણ ૧૫૫૭ નાં મે માસમાં શિવાજીએ અત્રે જીત મેળવી આ ગામ લુટી ૩૦૦૦,૦૦૦ પોંડની ગંજાવર લુટ મેળવી હતી.

ગામની દક્ષિણ પશ્ચિમે ૧½ મૈલપર શિવનેરી કિલ્લો છે કે, જે શિવાજીના બપાવાને ૧૫૯૯ માં બક્ષેસ મળ્યો હતો. જ્યાં શિવાજીનો જન્મ ૧૬૨૭ માં થયો હતો. (જુઓ શિવનેરી)

**જુનાગઢ**—આ દેશી રાજ્યનું ક્ષેત્રફળ ૩૨૮૩ ચોરસ મૈલ છે. તેની ઉત્તરે ગોંડલનું રાજ્ય, પૂર્વે જેતપૂર તથા બગસરાં, પશ્ચિમે પોરબંદરનું રાજ્ય, અને દક્ષિણે અરબી સમુદ્ર. લોક વસ્તી ૧૮૭૨ માં ૩,૮૦,૯૨૧ ની, ૧૮૮૧ માં ૩,૮૭,૪૯૯ ને ૧૮૯૧ માં ૪,૮૪,૧૯૦ ની હતી. એ રાજ્યમાં ૭ શહેરો અને ૮૫૦ ગામડાં છે. તેમાં ૬૫૭૮ મકાનો છે. ઉપજ ૨૦૦૦૦૦ પોંડની છે. વસ્તીમાં ૩૦૬,૨૯૫ હિંદુ ૭૬૪૦૧ મોહમેદન અને બીજા પરજાતી છે. અત્રેની સરકાર બ્રિટીશ તથા ગાયકવાડની સરકારને ખંડણીનાં ૬૫૬૦ પોંડ ૮ શિલીંગ ભરે છે. લશકર ૨૬૮૨ માનસોનું છે.

આ દેશ પહાડી અને જંગલી છે, પણ કેટલીક જગ્યા સપાટ હોઇ ફળદ્રૂપ છે. એમાં ઉંચો પર્વત ગિરનાર આવેલો છે, તેનું સર્વથી ઉંચુ શિખર ગોરખનાથ ૩૬૬૬ ફીટ ઉંચું છે. (જુઓ ગીરનાર) આ પર્વતમાં ઇમારતી લાકડાનાં જંગલો છે. આ મુલકના માધવપૂરથી ઉના સુધીનો કાંઠો પ્રદેશ અતિ ફળદ્રુપ છે. અહીંની જમીનમાં એક એકરે ૩૦૦ મણ ગોળ બને છે. મુખ્ય નદીઓ ભાદર, ઉબેણા, ઓઝત, હિરણ, સરસ્વતી, મછુંદ્રા, સીંગવડો, મેગળ, વ્રજની અને રાવળ એ મુખ્ય છે. નદીઓને લીધે તેના કાંઠાનો પ્રદેશ ફળદ્રુપ છે. અહીંની હવા સરદ અને ભેજવાળી છે, ને ત્યાં રબારી તથા ચારણ લોકો વસે છે. સમુદ્ર કાંઠેના પ્રદેશની હવા ઉત્તમ છે, દેશમાં અડદ, ચણા, મગ, જુવાર, દીવેલ અને રૂ પાકે છે. મુખ્ય લોક વસ્તી હિંદુ, મુસલમાન તથા ભાટ, અહિર, કોળી, ખુમાણ, વાળા, કાઠી, મેર, મઇઆ, રજપૂત, લુઆણા, વાણીઆ, બ્રાહ્મણ વગેરેની છે. મુખ્ય ભાષા ગુજરાતી બોલાય છે. મેમણ તથા લુઆણા કચ્છી સિંધી બોલી બોલે છે. આ દેશમાં રેલવે:—ભાવનગર ગોંડલ રેલ્વેના જેતલસર જંકસન નામે રેલ્વે સ્ટેશનથી ચોકી અને વાડબ ઉપરથઇ જુનાગઢ અને પોરબંદર સ્ટેટ રેલ્વે જે જુનાગઢ સુધી રેલ્વે જાય છે તે લાઇનનો મ્હોટો ભાગ આ દેશમાં છે.

જુનાગઢના રાજ્યનાં રાજકર્તા વાડાસીનોર અને રાધનપૂરના રાજ્યકર્તાના ભાયાત પ્રખ્યાત બાબી કુંટુંબના મુસલમાન છે. તથા તે પણ નવાબ કહેવાય છે. આ રાજ્યને માટે પાછળ કોઇ વારસ ન હોય તો વગર નજરાણે દત્તક લેવાની સનદ છે.

**જુનાગઢ શહેર**—ઉપલા રાજ્યનું મુખ્ય શહેર. ૧૮૭૨ માં લોક વસ્તી ૨૦૦૨૫ ની, ૧૮૮૧ માં ૨૪૯૭૯ ની, ૧૮૯૧ માં ૩૧૬૪૦ ની હતી. તેમાં ૧૨૯૯૦ હિંદુ ૧૧૪૦૦ મોહમેદન અને બીજી પરજાતીની છે.

જુનાગઢ ગીરનાર અને દાંતાના પર્વતની તળેટીમાં છે. આ હિંદમાં એક અતિ મોટા શહેરોમાંનું એક ગણાય છે. ઉપલા ભાગમાં બુદ્ધિસ્ત ગુફાઓ અને મૂર્તીઓનો મ્હોટો સમુદાય છે. ચુડાસમના વખતમાં અત્રે બંધાયલી બે સુંદર વાવો કાયમ છે. તેમજ સુલતાન મહમદ બેગડાએ બાંધેલી મસજીદ છે, જેની પાસે એક ૧૭ ફીટ લાંબી અને ૭½ ફીટ ઘેરાવાવાલી તોપ છે જેનો ગોળો ૯½ ઈંચ ઘેરાવાનો છે. બીજી મ્હોટી તોપ કિલ્લાના દક્ષિણ ભાગમાં ૧૩ ફીટ લાંબી અને તેનો ગોળો ૧૪ ઈંચ ઘેરાવાવાળો છે. આ શહેરમાં સરકારી ઇમારતો તથા



રાજ મહેલ અતિ સુંદર બાંધણીનાં તેમજ એક ઘડીઆલનો મિનારો છે. ઉપલું જુનાગઢ પુરાણું છે ત્યારે, હાલનું જુનાગઢ મહમદ બેગડાએ બંધાવી તેને મુસ્તાહાબાદ નામ આપ્યું હતું.

**જુનીપર=ચંદ્રસ**—આ એક પ્રકારનું બારેમાસી ઝાડ. આ ઝાડ નર અને નારી જાતી એવા બે વર્ણમાં વહેંચાયલું છે. તેપર ત્રણ ફળ સામટાં ઉગે છે. એના પાંદડાં સિદ્ધા, સાથે મળેલાં ને કઠણ હોય છે. આ ઝાડ થંડા મુલકનું છે. એ મુખ્ય કરી યૂરપ એશિયાના થંડા દેશો, હિંદમાં કાબુલ અને હિમાલયનો પ્રદેશ, આફ્રિકા અને અમેરિકામાં પણ છે. સાધારણ જુનીપરનું ઝાડ યૂરપ, ઉત્તર એશિયા, અને ઉત્તર અમેરકાના ઉત્તર ભાગમાં મળે છે. એનું ઝાડ તેને મળતા આબો હવાનાં પ્રમાણમાં વધે છે; કેયે તે ૧૫, ૨૦ અને ૩૦ ફીટ ઉંચા વધે છે. પણ એની ઝાડી ૨ થી ૬ ફીટ ઉંચી હોય છે. એના ફળને પાક પર ચઢતાં બે વર્ષ લાગે છે. આ ફળ ગોળ દડા જેવા, બહુ કાળા રંગના અને તે પર સફેદ ઝમક પણ હોય છે.

જુનીપર તેલ તેના ઝાડમાંથી કાઢી શકાય છે. એના પાકેલાં ફળમાંથી ટરપેનટાઇન અને લીલા ફળમાંથી તેલ નિકળે છે. એનું લાકડું પિળાસદાર, લાલ અને ગાભામાં ભૂરા રંગનું હોય છે. કંતારીઓના કામ માટે આ લાકડું ઘણું ઉપયોગી છે. વળી એનાં ફળને ઈંગલાંડ તથા હૅાલંડમાં જીનીવા તથા જીન દારૂ બનાવવામાં વાપરે છે. એનું તેલ અનેક ઔષધિ ઉપચારમાં ઉપયોગીછે.

એનું તેલ જલંદર તથા પેશાબના રોગ ઉપર સાધારણ છે. આ દવાઇ યુનાની છે, અને તેનું યુનાની નામ અરકોનાસ, તથા 'બરતી' છે. એના ઝાડમાંથી વેપારને લગતો એક જાતનો ગુંદર નિકળે છે, જેને ચંદ્રરસ કહે છે અને હિંદમાં જુનીપર વૃક્ષને પણ ચંદ્રસ કહે છે. (જુઓ ચંદ્રસ.)

**જુનો**—એ જ્યૂપીટરની બાઇડી અને સર્વ દેવતાઓની રાણી તરીકે ગણાય છે. આગળ એનો અમલ મ્હોટો ગણાતો હતો, ને તે અધિકાર અને રાજ્યની દેવતા ગણાય છે. એના જમણા હાથમાં સુવર્ણદંડ અને માથે મુગટ હોઇ સિંહાસન પર બેઠેલી ચિતારવામાં આવે છે.

**જુનો**—એક ગ્રહ. એની પ્રથમ શોધ ઈ. સ. ૧૮૦૪ માં ૧ લી સપતેંબરે મી૦ હાર્ડીંગે બ્રેમિનની વેધશાળામાં કરી હતી, આ ગ્રહ લાલાસદાર રંગ પર છે. એનું તેજ એક સરખું અને ઝળકાટમંદ છે.

**જુબલ**—પંજાબમાંનું એક પહાડી રાજ્ય. આગળ એ સરમૂરનું ખંડીયું હતું, પણ ગુરખા લઢાઇ પછી એ સ્વતંત્ર થયું, પણ રાણાએ બરાબર રાજ્ય નહિ ચલાવવાથી ૧૮૮૨ માં બ્રિટીશ સરકારની ઇતરાજી થવાથી તેને ૪૪૦ પોંડનું વર્ષાન આપતું કરી દૂર કર્યો. પણ તેણે પોતાની ચાલ સુધારી સરકારને તે માટે અર્જી કરી તેટલાં ૧૮૪૦ માં બ્રિટીશે રાજ્ય ખાલસા કરવાનું ધાર્યું, તેટલાં રાણા મરણ પામતાં તેના બેટા ટીકા કરમચંદને રાજ્ય ગાદીએ બેસાડયો, ને ૧૮૭૬ માં તે મરણ પામ્યો. જેના પછી કરમચંદ ગાદીએ બેઠો, જે હાલનો રાજા છે. રાણા જાતે રાઠોડા રજપૂત છે. રાજ્યનું ક્ષેત્રફળ ૨૮૮ ચોરસ મૈલ છે; તેમાં ૪૭૨ ગામડા ને વસ્તી ૨૧૪૧૨ ની છે. મુખ્ય વસ્તી હિંદુઓની છે. રાણાને બ્રીટીશ પરવાનગી વીના મ્હોતની સજા કરી શકાતી નથી, બાકી બીજી શિક્ષાનો અધિકાર છે.

**જુમા મસજીદ**—હિંદુસ્તાનનાં મ્હોટા શેહેરોમાં દર શૂક્રવારે સુન્ની મોહમેદન પ્રજા બંદગી કરવા માટે આ નામની મસજીદમાં એકત્ર થાય છે.

દિલ્લીની જુમા મસજીદ ૧૦,૦૦,૦૦૦ રૂપ્યાને ખર્ચે ૬ વર્ષે બાંધી હતી. આ મસજીદ શાહાજહાનનાજ અમલ દરમ્યાન બંધાઇ તૈઆર થઇ હતી. મુંબઇની જુમા

મસજીદ ૧૮૩૬ માં મહમદ અલી રોગેએ બંધાવી હતી જેની પાછળ રૂ૧,૦૦,૦૦૦ નો ખર્ચ થયો હતો, આ મસજીદની મીલકતોનું વાર્ષીક ભાડું રૂ ૩૦,૦૦૦ નું ઉત્પન્ન થતું હોવાથી તેમાંથી તેનો ખર્ચ ચાલેછે.

અમદાવાદમાં ૧૪૨૪ માં ૪થી જાનેવારી-એ સુલતાન મહમદે જુમા મસજીદ બંધાવી ખુલ્લી મેળી હતી, આ મસજીદને માહેથી હુન્નરમંદીની કારીગરીથી સણગારી છે અને તે જુના વખતમાં જોવાલાયક બાંધ-કામમાંનું એક છે. બંદગી કરવાની જગ્યા ૨૧૦ ફીટ લાંબી ને ૯૫ ફીટ પોહળી છે.

**જુરત**—કલંદર બક્ષનું કવિતાઇ તખલ્લુસ. એને નવાબ મ્હોબત ખાન તરફથી આશ્રય મળયો હતો, પણ ૧૮૦૦માં એને લખનૌના સુલેમાન શેકુએ આશ્રય આપ્યો. એ વૃદ્ધ વયે અંધ બન્યો હતો છતાં તે ગાયણકાર તથા સીતાર વાજીંત્ર વગાડવામાં અતિ પ્રવિ-ણ ગણાયો હતો. એનું મરણ ૧૮૧૦ માં નિપજ્યું હતું.

**જુરા**—પૂર્વ ફ્રેન્ચ ભાગનો પ્રાંત, એની પૂર્વે સ્વિતઝરલેંડછે. ક્ષેત્રફળ ૧૯૨૮ ચોરસ મૈલ છે. ૧૮૮૧માં વસ્તી ૨૮૫૨૬૩ની ને ૧૮૯૧ માં ૨,૭૩૦૨૮ ની હતી,

**જુરીબ**—અથવા જારીબ. ખેતીની મોજણી કરવાનું એક દોરડું. અકબરનાં રાજ્ય અમ-લમાં આ એક દોરીનું બનાવવામાં આવતું હતું. બ્રિટીશો જમીનની મોજણી માટે લોઢાની સાંકળ વાપરે છે. જુરીબને ૩૦ કડી અથવા ૨૦ ગાંઠ હોય છે. પણ ઉપલા હિંદમાં આ પાંચ સાંકળના ગાળાની બનેલી ૧૧ યાર્ડ લાંબી હોય છે. દરેક સાંકળનો ગાળો ૪ ગાંઠ બરાબર હોય છે. એક ચોરસ જારીબનો ૧ બીઘો થાય છે (જુઓ ચેન).

**જુરેનિયમ**—આ અતી સુંદર ફુલનું ઝાડ જ્યાં વર્સાદ ઓછો વર્સે છે ત્યાં ઉગે છે. એને માટે ઉત્તમ જાતની નરમ જમીન જોઇએ. એની કલમના કટકા થંડીની ઋતૂમાં જમીનમાં દાટે છે. પ્રથમ તેને કુંડામાં ઉગાડી પછી કાયમની જગ્યે લઇ જઇ રોપે છે. એનાં મૂળ ઘણાં નાજુક હોય છે. એની અનેક જાતો છે. આ ઝાડ જુનું થતાં તે કોહવા માંડે છે, અને તે-પર સારાં ફુલો આવતાં નથી. જ્યારે આ ઝાડ રોગીષ્ટ બને છે ત્યારે તેના પાંદડાં પિળાં રંગના દેખાય છે. એનીપર જૂદી જૂદી જાતનાં સીંગલ ને દબલ ફુલો આવે છે.

સુગંધી જુરેનિયમનાં ઝાડનાં પાતરાં કાતરે કાપ્યાં હોય તેવાં દિસે છે, અને તેમાંથી સુગંધી આવે છે. એનીપર ફુલો આવતાં નથી. એનાં ઝાડ કલમથી ઉગી શકે છે.

**જુલ્ફા**—ઇરાનમાંનો એક ખૂશનુમાં કસબો. એમાં મુખ્ય આરમેનિયનોની વસ્તી છે. તેમાં ઇસલામીઓની જૂજ વસ્તી છે. આ આર-મેનિયનોને આબાસ શાહે જુલ્ફા ગામ ખાસ વસાવી આપી ત્યાં તેમને પોતાનો ખ્રિસ્તી ધર્મ પાળવાની છુટ આપી હતી. શાહા અબ્બાસનાં સમયમાં આ ગામમાં ૩૦,૦૦૦ આરમેનિયનોની વસ્તી હતી, પણ તે શાહાનાં મોત બાદ પડી ભાગ્યું હતું. હાલમાં આ ગામમાં અનેક ખ્રિસ્તી દેવળો હોઇ આરમેનિયનોની મ્હોટી વસ્તી છે.

**જુલીયન**—આ રોમનો શેહેનશાહ ઇ. સ. ૩૬૧ થી ૩૬૩ વેર શેહેનશાહી પદ પામ્યો હતો. જન્મ કોન્સટન્ટીનોપલમાં ઇ. સ. ૩૩૧ નાં જુનમાં થયો હતો. એ જુલીયસ કોન્સટેનટીયસનો સહુથી નાહનો પુત્ર હતો; અને કાન્સટનટીન ધી ગ્રેટનો સાઉકો ભાઇ હતો. એનું આખું નામ 'ફ્લેવિયરી કલેડીઅસ જુલીયાનસ' હતું. ઇ. સ. ૪૩૭ નાં મે માસમાં કૅાન્સટીનના મોત પછી તેના ત્રણ પુત્રોનાં અમલ દરમ્યાન કૅાન્સટેનટીયસ કલોરસ અને તેની બીજી સ્ત્રી થિયોડોરાનાં ફ્લેવિયસ વંશનાં પુરૂષ દાવાદારોની એકસરખી કતલ ચાલુ થઇ હતી. તેમાં એનો પિતા, વડો ભાઇ, વડો



કાકો અને ભત્રીજા એઓ માર્યા ગયા પણ એ માત્ર છટકી બંચી ગયો. એણે નીકો-મીડિયામાં પોતાનો વિદ્યા અભ્યાસ શરૂ કર્યો. ઇ.સ. ૩૫૫માં એણે અથેન્સમાં થોડા માસ ગ્રીક ફીલસુફીનાં અભ્યાસ દરમ્યાન તથા પોતાના સાથીઓ સાથે ઘણા ખુશ દિવસો ગુજાર્યા. તેમાં એને બીશપ બેસીલ અને ગ્રેગરી સાથે મિત્રાચારી બાઝી હતી. ઇ. સ. ૩૫૫માં ગેલીયસ માર્યા જતાં એને મીલેનની રાજ્ય ગાદીપર બેસી સિઝરનામ ધારણ કરી શેહેનશાહની બેહેન હેલીના સાથે લગ્ન કરવાની માંગણી કરી. ત્યાં ઠર પડતાં એણે પાંચ વર્ષની કારકીર્દિમાં શૂરવીર સિપાહ તથા વિદ્વાન તરીકેની લાયકાત બતાવી હતી. એણે તે પછી સ્ટાર્સબર્ગ તરફ જીત મેળવી ફ્રેન્ચ ટોળાને તાબે કરી રાહિન ઉતરી થંડીની મોસમમાં પેરીસમાં મથક કર્યુ. એણે પ્રજા ઉપયોગી કામોપર લક્ષ આપી પોતા-ના શૂરવીર સિપાહોની યોગ્ય કદર બુજી લઢાઇમાં જીત મેળવવાથી, એને પોતાની રેહેણી કરણીનાં મધ્યમપણાથી લોક પ્રિય થયો. ઇ. સ. ૩૬૦ માં એણે ઇરાનપર પોતાનાં લશકરનો કેટલોક ભાગ ચઢાઇ કરવા મોકલવાનું વિચાર્યું; પણ એના સિપાહોએ બંડ ઉઠાવી એને આગસ્ટસ તરીકે જાહેર કર્યો. પણ એણે પોતાના કારોબારની વ્યવસ્તા બરાબર કરી પોતાનું એક લશકર હૅટીયા અને નૅારીકમ તરફ અને બીજું ઇટલીની ઉત્તર બાજુએ મોકલ્યું, અને પોતે ૩૦૦૦ ચુંટેલા સ્વારો સાથે લઇ બ્લેકરોસેસ્ટ તરફ ગયો, અને ત્યાં પોતાને મૂર્તિપૂજક તરીકે જાહેર કીધો. તેટલાં ૩ જી નવેંબર ૩૬૧માં એનાં ભત્રીજાનાં મરણની ખબર અયન ઘડીએ સાંભળી. તે પછી એણે શેહેનશાહી પદ ધારણ કરી રાજ્ય કારોબારમાં સુધારો કર્યો. ૩૬૧નાં જુલઇ માસમાં એણે એશિયા માઇનરથી એન્ટીઓક સુધી મુસાફરી કરી. એણે ખ્રિસ્તી અને જ્યૂ ધર્મ વચ્ચે મત ભેદ ગણ્યો નહિ, અને મૂર્તિપૂજક તથા ખ્રિસ્તીઓ વચ્ચે અંતર રહેવા દીધો નહિ. ઇ. સ. ૩૬૩ માં એણે જેરૂસલેમનું દેહેરૂં પાછું બંધાવ્યું. ઈ. સ. ૩૬૩ નાં માર્ચ માસમાં જુલીઅને ઇરાની પાદશાહ શાહાપૂર ઉપર ચઢાઇ કરી. એણે ટાઇગ્રીસ નદી પસાર કરી કેટીસપોનની નજદીક પુગો. ત્યાં તેને એક ઈરાની લઢવૈયો પોતાનાં દેશ તરફ બેવફા બનીને જુલીયનને મળી જવાનો ઢોંગ કરી એનાં લશકરને એવાતો વેરાન ભાગમાં લાવી મેલ્યું કે જ્યાંના સખત તાપ અને ભૂખમરા વચ્ચે એનું લશકર પસાર થતું હતું, તેટલાં ઇરાની લશકરનાં ટોળેટોળાંએ તેને ઘેરીને લઢાઇ કરી. તેમાં જુલીયન ઘાયલ થઇ પડી ગયો અને ઇ. સ. ૩૬૩ નાં ૨૬ મી જુને મરણ પામ્યો. મરતી વેળા જુલીયને આપેલું બોધકારક ભાષણ નીચે મુજબ હતું.

"મારા મીત્રો તથા મારી સાથે લડનારા સેપાહો.—આ દુનિયા છોડી જવાનો મારો વખત આવી લાગ્યો છે, તથા હું ખુશીથી કુદરતના કામને શરણ થાઉં છું. આપણો આતમાં આપણા શરીર કરતાં ઘણો ચઢી-યાતો છે, તથા આપણો ઉમદા આત્મા શરીર છોડી જાય તેથી દિલગીર થવાને બદલે ખુશી થવું જોઇએ, તે હું ફીલસુફી ઉપરથી શીખયો છું. ધરમ મને શીખવે છે કે એક ધરમી માણસને પોતાની ધાર્મિક લાગણી માટેના બદલા તરીકે તેની નાની ઉમરમાંજ મોત મોકલવાની તેની ઉપર વારેઘડીએ મેહેરબાની કરવામાં આવે છે. મારી નેક ચાલચલણ જે મારા સદ્ગુણ તથા હિમતથી ટકી રહી છે, તેને કલંક લાગતો અટકે તે મતલબથી મારૂં આટલું જલદી મોત આવ્યું છે, તે દેવતાએ એ મારી ઉપર કીધેલી નવાજેશ તરીકે હું જાણું છું. મેં કાંઇ પણ ગુનાહ કરવા વગર જીંદગી ગુજારેલી હોવાથી હું કાંઇ પણ પશ્ચાતાપ કરવા વગર મરૂં છું. મારી ખાનગી

જીંદગી મેં બેગુનાહ ગુજારી છે, તેની યાદથી મને મોટી ખુશાલી ઉપજે છે, તેથી હું ખાત્રીથી જણાવી શકું કે જે ચઢયાતી સત્તા કુદરત તરફથી મારા હાથમાં મુકવામાં આવી છે તે સત્તા સ્વચ્છ રીતે તેમજ તેને કાંઇ પણ કલંક લાગવા વગર મેં જાળવી રાખી છે. આપખુદ અમલના ખરાબ તથા નાશકારક નીયમોને ધીકકારી મેં મારા લોકોનું સુખ સાચવવામાં મારાં રાજ્યની બધી મતલબ સમાયલી સમજી છે. ડાહાપણ, ઇનસાફ તથા મધ્યમપણાથી કામ લઇ મેં મારાં કામનું સેવટ ખોદાની મરજી ઉપર છોડયું હતું. વગર જરૂરે હું કદી લઢાઇમાં ઉતરયો નથી. કારણ કે હું સુલેહસંપજને ચાહનાર છું, પણ જયારે મારા સ્વદેશનાં ભલાં ખાતર લઢાઇમાં ઉતરવાની મને જરૂર પડી ત્યારે લઢાઇના મેદાનમાં મારૂં મરણ નીપજવાની મને અગમચેતી થઇ હતી તે છતાં હું જંગભૂમિમાં ઉતરયો હતો. મારી પછી કોણને શેહેનશાહ તરીકે નેમવો તેના સંબંધમાં હું કાંઇ પણ એશારો કરીશ નહિ, કારણ કે મારી પસંદગી વખતે ડાહાપણ ભરેલી નહિ હોય અને લશકર હું જેને પસંદ કરૂં તેને શેહેનશાહ તરીકે સ્વીકારવાને ના પાડે તો જેને હું પસંદ કરૂં તેનો જાન ફોકટનો જોખમમાં આવી પડે. હું હવે સેવટે એટલીજ ઉમેદ બતાવીશ કે તમો એક સદગુણી શહેનશાહનું સુખ ભોગવવા પામો."

**જુલીયસ સીઝર**—એનો જન્મ રોમમાં ઇ. સ. પૂર્વે ૧૦૦ માં ૧૨ મી જુલૈએ થયો. એ ૧૭ વર્ષની વયે એક અમલદારની પુત્રી સાથે પરણ્યો હતો. એનો સસરો પ્રજા તરફથી બાથ ભીડતો. આથી કેટલાકોએ જુલીયસને પોતાની સ્ત્રી તજવા કહી પણ એણે સાફ ના પાડી. પાદરી થવા માટે નામ નોંધાવ્યું આથી એની ટુંક ઉમર છતાં આવી બેઅદબી કરવા માટે દેહાંતદંડની શિક્ષા કરવાનું રાજસભાએ ઠેરવ્યું, પણ એ પરદેશ નહાશી ભરાયો, છેલ્લે સિલ્લાએ એને ક્ષમા કરી, પણ જુલીયસ સીઝરે એશિઆમાં જઇ લશકરી નોકરી મેળવી. ઇ. સ. પૂર્વે લઢતાં એક મિત્રનો જીવ બંચાવી ઇનામ મેળવ્યું. તેટલાં એ વર્ષ પછી સિલ્લા મરણ પામેલો જાણી રોમમાં જઈ રાજસભામાં બેઠક મેળવી વકતા તરીકે નામના મેળવી. તે પછી વકતા તરીકેની વધુ કુશળતા મેળવવા રોહડસ ટાપુ શહેર જવા નિકળ્યો, પણ માર્ગમાં ચાંચીઆઓને હાથે કેદ પકડાઇ ૩૨ દિવસ કેદખાનું ભોગવી ૧૨,૦૦૦ રૂપ્યા આપી છુટકો પામ્યો, પણ પછી તેઓ ઉપર ચઢાઇ કરી તેમને મારી નાખી રેહાડસ ટાપુમાં ગયો.

તે પછી પૂર્ણ અભ્યાસ કરી એણે રોમમાં આવી પ્રજા પ્રિતિ મેળવી અને ઈ. સ. પૂર્વે ૬૩ માં વડા પાદરીનું પદ પામી શ્રેષ્ટત્વ મેળવ્યું. તે પછી સીઝરે એક મરતબે સ્પેન ઉપર હાકમી કરી, પાછો દેશ આવી ક્રિસસ અને પોમ્પીને પોતાના પક્ષમાં લઇ રાજસભા પોતાને હાથ કીધી અને ક્રિસસને એશિયા, પોમ્પીને સ્પેન આપી પોતે (સીઝરે) ફ્રાન્સ લીધું.

ઇ. સ. પૂર્વે ૫૯ માં સીઝરે પોતાનો સ્વાર્થ સાધવા ઘરડા પોમ્પી સાથે પોતાની બેટી પરણાવી અને પછી ફ્રાન્સમાં ગયો. એના અમલની મુદત ૧૦ વર્ષની થતાં એણે સર્વ ફ્રાન્સ જીત્યું. એ વખત રાહિન નદી ઓળંગી અને બે વાર ઇંગલંડમાં જઇ આવ્યો. પેહેલીવાર ઈંગલંડ જોવા ગયો. પણ બીજી વેળા અનેક લઢાઇઓ લઢી બ્રિટીશોને હરાવ્યા. સીઝરે આ રીતે ઉપરા ઉપરી જય મેળવ્યાથી પોમ્પી અદેખો પડયો; તેટલાં તેની સ્ત્રી મરણ પામવાથી સીઝર સાથનો પોમ્પીનો સંબંધ તુટયો.

ક્રિસસ એશિઆમાં મરણ પામતાં પોમ્પીએ પોતાનો લાગવગ સભામાં વધારી મેલ્યો. સીઝરે મુખ્ય અમલદારની પદ્વિ



માંગી પણ વગર લશકરે આવવા કહેતાં મીનાકેસો જાગ્યો; સર્વે પોમ્પીને મળી ગયા પણ તૈઆરીમાં કોઇ નહિ હોવાથી સીઝરે એકદમ લશકર સાથે રોમ પર ચઢી આવી જીત મેળવી. પોમ્પી ગ્રીસ તરફ નહાશી ગયો. સીઝરે સ્પેન જઇ પોમ્પીના સરદારોને હરાવ્યા. પછી રોમ આવતાં 'ડીકટેટર' ની પદ્વિ મેળવી. તેણે ૧૧ દિવસ તે ભોગવી ગ્રીસ ગયો, ત્યાં પોમ્પીના મોટા લશકર સાથે લઢતાં પ્રથમ હાર્યો, પણ બીજી મરતબે ઇ. સ. પૂર્વે ૫૮ ની ૯ મી આગસ્ટે હાર્સેલીયાનાં મેદાનમાં પોમ્પીનો પૂર્ણ પરાજય કર્યો. પોમ્પીનાં લશકરમાં ૪૫,૦૦૦ પાયદળ અને ૭૦૦૦ ઘોડે સ્વાર હતા. સીઝરનાં લશકરમાં ૨૧,૦૦૦ પાયદળ ને ૧૦૦૦ ઘોડે સ્વાર હતા. પોમ્પી ઇજીપ્ત નહાઠો, તેની પાછળ સીઝર ગયો તેટલાં પોમ્પીને કોઇએ મારી નાખ્યો.

ઇજીપ્તમાં રાજ્ય થકી ક્લીયોપેત્રા તથા તેનો ભાઇ ટૉલેમી લઢતા હતા. સીઝર ક્લીયોપેત્રા પર આશક હોવાથી બેઉને રાજ્ય વેંહેચી અમલ કરવાનો ચુકાદો આપ્યો, આથી ટોલેમીના મોટા લશકરમાં સીઝર ઘેરાયો. સીઝરે ચતુરાઇ વાપરી કિલીયોપેત્રાને ગાદીએ બેસાડી સીરિયામાં થઇ એશિઆમાં ચાલ્યો. અત્રે પોંટસ રાજાએ રોમના અમલદારોને હરાવ્યા પણ સીઝરે તેને તરત તાબે કર્યો. પછી તે રોમ થઈ આફ્રિકા ગયો ને પોમ્પીના બાકીના લશકરને હરાવ્યું. પછી રોમ આવી દુશમનોને ક્ષમા કરી સર્વ સત્તાધિકારીમાં શ્રેષ્ટ ગણાયો, તેટલામાં પોમ્પીના દીકરાઓ સામે થતાં તેની સામે લઢી ઇ. સ. પૂર્વે ૪૫ માં ૧૭ મી માર્ચે જય મેળવ્યો, એમાં પોમ્પીનો વડો બેટો માર્યો ગયો.

સપટેંબરમાં એ રોમ આવ્યો અને પ્રજા ઉપયોગી કામો ઉપર લક્ષ આપી મંદીરો તથા કેટલાંક નવાં શેહેરો બંધાવ્યાં, અને રાજ્યના કેલંડરને સુધારી પ્રગટ કરાવ્યું. આથી તેના દુશ્મનો અદેખા બન્યા. એના મિત્રો એને તાજ પેહેરાવવા ચાહતા હતા, પણ પ્રજામાં તડાં હોવાથી તેમ બન્યું નહિ. તેટલાં એના અનેક જાત ભાઇજ દ્રેશિ થયા. સીઝર સામે રચાયલા પ્રપંચમાં ૬૦ જણા શામીલ હતા તેમાં કેશિયસ મુખ્ય હતો. સીઝરને તેના સામેના પ્રપંચની જાણ કરવામાં આવી છતાં તે નિર્ભય રહ્યો અને ઈ. સ. પૂર્વે ૪૪ માં ૧૫ મી માર્ચે રાજ્ય સભામાં જવા નિકળ્યો; માર્ગમાં તેના મિત્રોએ તેની પર વિતનાર આફતની જાણ કરવાની કોશેસ કરી, પણ કમનશીબે તે જાણી શકયો નહિ. આસન પર બીરાજતાં સભાસદોએ તેનો ઝબો ખેંચી નીચે પાડયો અને ત્યાં જખમી કર્યો. સીઝર ૨૩ ઘાથી વિંધાઇ પોમ્પીના પુતળા પાસે મરણ તોલ થઇ પડયો.

**જુલીયા**—રોમન શેહેનશાહ આગસ્ટસની આ એકપુરી બેટી. તેની બાનું સ્ક્રીબોનિયાને પેટે ઇ. સ. પૂર્વે ૩૯ માં અવતરી હતી. તે પોતાની ખુબસૂરતી, ચંચળ બુદ્ધિ માટે વખાણાઇ હતી. એનાં લગ્ન ઇ. સ. પૂર્વે ૨૫ માં પોતાના ફુઈના બેટા માર્કસ કલ્યૂ ડીયર મારસેલ્સ સાથે થયાં હતા. પણ આ ભર્તારનાં મરણ પછી તેણી માર્કસ વિપસેનિયસ એગ્રીપા સાથે પરણી; જેનાથી એને ત્યાં ૩ બેટા ને '૨' બેટીની વૃદ્ધી થઈ હતી. પણ આ ધણી ઇ. સ. પૂર્વે ૧૨ માં મરણ પામતાં એનાં લગ્ન ટીબેરિયસ સાથે થયાં. પણ આ લગ્ન એણીની સાવકી માતાનાં કાવતરાંને લીધે સુખી નિવડયાં નહિ, અને ઇ. સ. ૧૪ માં મરણ નિપજ્યું. એણીનો બેટો એગ્રીપા પોસ્ટયૂમસ ટીબેરીયનને હાથે માર્યો ગયો અને બેટીઓ બચપણમાં મરણ પામી.

**જુલૈ**—ઇંગ્રેજી પંચાંગ મુજબ ૭ મો મહિનો પણ રોમન પંચાંગમાં પાંચમો મહિનો, જેને તેઓ કવિન ટીલીયસ (પાંચમો) કહે છે. આગળ એ

૩૬ દિવસનો હતો, તે પછી ૩૧ ને પછી ૩૦ દિવસનો ગણવામાં આવ્યો, પણ જુલીયસ સીઝરે તેને ફરી ૩૧ દિવસનો બનાવ્યો, (જુઓ ઇસવી સન) (લેટીન જુલીયસ). આ માસની ૧૨ મી એ જુલીયસ સીઝરનો જન્મ દિવસ આવેછે, આ માસમાં શિતોષ્ણ પ્રમાણ જૂદા જૂદા દેશોમાં નીચે મુજબ હોય છે, લંડનમાં ૬૪° અંશ, ડબલીનમાં ૬૧° આર્ચે ગલમાં ૬૦°, બર્લીનમાં ૬૬°, રોમમાં ૭૬°, ન્યૂયૉર્ક ૭૨°, સેનફ્રાન્સીસ્કો ૫૮°૦૪.

**જુવાર**—આ પુષ્ટિકારક ધાન્ય બુંદેલખંડ, માળવા, ગુજરાત, ખાનદેશ, વરાડ, કૃષ્ણગીરિ, વાલેઘાટ, ધારવાડ, સિંધ, મદ્રાસ વગેરે પ્રાંતોમાં પાકે છે. એના સાંઠા ૩, થી ચાર હાથ ઉંચા વધે છે. જુવારીનાં લીલાં કણસલાં શેકી તેને ખાય છે. જેને પુંખ કહે છે. એ મીઠો અને પૌષ્ટિક છે. જુવારના લીલા સાંઠા શેરડી જેવા સ્વાદિષ્ટ લાગે છે અને તે ઢોરોનો મુખ્ય ખોરાક છે.

આ ધાન્યનું ઉત્પતિ સ્થાન હિંદુસ્તાન હશે. કારણ બીજી તરફ કેથે તેના વિશેની માહિતી મળતી નથી. ફારસીમાં એને જવાર-ઇ-હિંદી કહે છે. સંસ્કૃતમાં 'યવન' એવું આ ધાન્યનું નામ છે, તે ઉપરથી ગ્રીક અથવા મુસલમાનોની કારકીર્દીમાં એ હિંદમાં દાખલ થયું હશે એમ જણાય છે; પણ આ ધાન્ય બીજા કોઇ દેશમાં નજરે પડતું નથી; આથી એનું મૂળ સ્થાન તવારીખની શહાદતની ગેરહાજરીમાં હિંદુસ્થાનજ હશે.

જુવાર ધાન્ય નિકાશ થનાર માલ નથી અને વેલાતમાં તેનો ખપ પણ નથી, આથી હિંદુસ્તાનની સરકારે તેની નોંધ બરાબર રાખી નથી. જુવાર, બાજરી અને દાળ એ એકત્રજ નોંધવામાં આવે છે; આથી એની ઉત્પતિ હિંદમાં કેટલી થાય છે તેની ચોક્સ નોંધ મળતી નથી.

અનુમાન ઉપરથી હિંદમાં જુવારીની ખેતી માટે ૨,૫૦,૦૦,૦૦૦ એકર જમીન રોકાયલી છે. દર એકરે જુવારીનો પાક ૭ મણ ગણતાં એનું ઉત્પન્ન ૧૫,૦૦,૦૦,૦૦૦ મણ અથવા ૫૩૫૭૧૪૨ ટન થાય છે.

જૂદા જૂદા પ્રાંતમાં તેની જાતી જૂદે નામે ઓળખાય છે. પણ ખરીપ અને રબ્બી એ બે મુખ્ય જાતી જાણીતી છે. વાવણીના વખત ઉપરથી આ જાત ઠેરવેલી છે. તે શિવાય રંગ ઉપરથી એટલે સફેદ, પિળો, લાલ એવી જાતો છે તે જૂદી.

હિંદુસ્તાનમાં ગરીબ વર્ગ આજ ધાન્ય ઉપર નિર્વાહ કરે છે. મ્હેસૂર અને કુર્ગ પ્રાંતમાં ચામડાં રંગવાના કામમાં એનો ઉપયોગ કરે છે. બકરાના ચામડાને લાલ મોરક્કો જેવા બનાવવા માટે ત્યાંના મોચીઓ જુવારીનો ઉપયોગ કરે છે. જુવારમાંથી કેથે કેથે દારૂ પણ બનાવવામાં આવે છે. દાણા કાઢી લીધા પછીનાં કણસલાં વેલાતમાં બિછાનાં સાફ કરવાના ઉપયોગમાં વપરાતા બ્રશને ઠેકાણે વપરાય છે. એના કુમળા સાંઠા શેરડી જેવા સ્વાદિષ્ટ હોય છે.

આ ધાન્ય સર્વ જાતની જમીન અને હવામાં હિંદુસ્તાનમાં પાકે છે. રબ્બી અને ખરિપ એવી બે સ્વભાવિક જાતીને લીધે એનો પાક ક્યાંય થાય છે. જેષ્ટ અને આશ્વિન માસ એવા બે પેરણીનાં હિંગામ બે જાતીના જુવાર માટે છે. કપાસ તથા ઘઉં પાકનારી ઉત્તમ જમીન તથા ખડકવાળી પણ મરોડાવાલી જમીન ઉપર પણ એની ખેતી થઈ શકે છે.

એના પાકને ચાર હરકતોથી નુકશાન પોંહચે છે. ૧—હવામાં ફેરફાર. ૨—પંખી, કીડા, ઉંદર, વગેરેનો ઉપદ્રવથી. ૩—ખરાબ ઝાડી ને છોડનું વચમાં ઉગવું. ૪—રોગ. તે માટે નીચલું થોડુંક વર્ણન આપીશું.

૧—હવામાં ફેરફાર, વર્સાદની અગત, બેહદ ભિનાસ, વાદળ થયા કરે, બેહદ ગર્મી. જુવાર ખરીપ અને સપાટ જમીન ઉપર પાકે છે માટે તેને જોઈએ તેટલો વર્સાદ અને ગર્મી મળવાથીજ પાક સારો થાય છે.



તેમાં જરા ઓછું વધતું થાય છે તો પાકમાં ફેર પડે છે. વાદળ થઇ આવતાં તેના ફુલમાં કીડા થાય છે.

૨—પંખેરા તેમાં ઘણા થતાંજ તે ખાવાની શરૂઆત કરવા માંડે છે. ઉંદર કણસલાં યા સાંઠા કરેડે છે. ડુકરો માહે તુટી પડી પાકનો નાશ કરે છે. ઇ. સ. ૧૮૭૮માં ભયંકર દુકાળના આગલે વર્ષે ઉંદરોનો ભારે ઉપદ્રવ વધવાથી સરકારે ખાસ પૈસા ખર્ચી કરોડો ઉંદરો મારવાની તજવીજ કરી હતી.

૩—જુવારના પાકને તર્હેવાર જૂદી જૂદી વનસ્પતિ અને ઘાસના ઉગવાથી નુકસાન પોંહોચે છે. એના લીધે જુવારનાં મૂળીયાં માહે દાખલ થવા પોષણ કરનાર દ્રવ્ય શોષી લેવામાં અડચણ કરે છે. દુર્વા વગેરે તો જુવારને વધવામાં હરકત કરનાર હોવાથી સંભાળથી તેનો નાશ કરવો પડે છે.

૪—રોગ.▪કાણી નામે રોગ એને લાગુ પડે છે અને તેજ મુજબ બીજા પણ છે. તેથી રોપા સુકાઇ જઈ દાણા ભરાતા નથી. આથી રોગથી પછાડેલું ધાન્ય બીજા વર્ષના બિ તરીકે વાપરવામાં આવતું નથી.

બંગાલમાં—એનો થોડો પાક થાય છે. ત્યાં માત્ર અવારનવારના પાક ઉતારવા માટે વચગાળે એની ખેતી કરે છે. વૈશાખમાં રોપણી કરી કાર્તીકમાં પાક ઉતારે છે. સરાસરી અજમાસ મુજબ તે તરફ દર એકરે ૧૨ થી ૧૪ રૂપ્યા ઉપજે છે.

વાયવ્ય પ્રાંતમાં તથા અયોધ્યામાં—જનાવર તથા મનુષ્ય માટે એની ખેતી કરવામાં આવે છે.

પંજાબમાં—૩૮,૦૦૦ એકર જમીન એની ખેતી માટે ગુંતાયલી છે. બેલા, તેલિયા, અને ગુમ્મા જુવારીની જાતો આ પ્રાંતમાં જાણીતી છે. દેરાગાઝીખાન તથા દેરાઇસમાઇલખાન આ જીલ્લામાં જુવાર મુખ્ય પાકે છે.

મધ્ય પ્રાંતમાં—નાગપૂર, વર્ધા, નેમાડ, ચંદામાં એનો સારો પાક થાય છે. અત્રે ખરીપ અને રબ્બી એવી બે જાતની જુવાર પાકે છે.

વર્હાડ અને હૈદ્રાબાદમાં—સેંકડે ૩૫ થી વધારે જમીનમાં જુવારી પાકે છે. કપાસ અને જુવાર વારા ફરતી વાવીયાથી એનો પાક સારો ઉતરે છે.

હૈદ્રાબાદ તરફ જુવારનો પાક સારો છે.

મદ્રાસમાં—ઘણે ઠેકાણે તેની ખેતી ચાલે છે.

મુંબઇ અને સિંધમાં—૮૨૮૨૮૭૬ એકર જમીન જુવારના ખેતર પાછળ રોકાયલી છે. સેંકડે ૯૦ થી વધારે લોકોનું ગુજરાન જુવારી ઉપરજ થાય છે. ખરીપ અને રબ્બી એવા બેઉ પાક અત્રે થાય છે.

**જુવેલન -જુનીયસ**—આ અતિ પ્રસિદ્ધ ઉપહાસ કાવ્યના રચનારનો જન્મ ઇ. સ. ૫૫ માં થયો. એ કવીનીયનમાં રહેતો હતો. એનો પિતા એક જમીનદાર હતો. એણે નીરો, ડોમીરીયન, ટ્રેજન અને હેદ્રીયનનાં અમલમાં નામના મેળવી હતી.

એની રચેલી કવિતા માત્ર ૧૬ છે, પણ તે રોમન વિદ્વાનોમાં ઘણી જાણીતી છે. એની કવિતાનો તર્જૂમો ડ્રાયડને તથા જોનસને કર્યો હતો. તે વીરરસથી ભરપૂર છે. એની જીંદગીના વૃત્તાંત વિષે ઝાઝું જણાયલું નથી.

**જે**—ઈંગ્રેજી મૂળાક્ષરનો ૧૦ મો અક્ષર. ગુજરાતીમાં જ, ફાર્સીમાં જીમને ઠેકાણે વાપરી શકાય તેવો મૂળાક્ષર છે. આ અક્ષર ઈંગ્રેજી મૂળાક્ષરમાં ગઇ ૧૮ મી સદી આગમજ તુરતનો દાખલ થએલો છે. આગલા વખતમાં j અક્ષરને બદલે i અક્ષર વપરાતો હતો. આ મૂળાક્ષર ડચ છાપગરોએ સુધારી દાખલ કર્યો હતો.

**જેક**—ઇસ્તઈંડીયામાં આ જાતનાં ઝાડ ઉત્પન્ન થાય છે. એનાં ઝાડ વિશાળ હોઇ તેપર ફળો પણ મ્હોટાં આવે છે.

(૨) આ ઇગલીશ જૉનનું ટુંક નામ. આ નામ ફ્રેન્ચ jacque, લેટીન jacolus

અને ગ્રીક jakobos જે હિબ્રુ yauqob, jacob. કેટલાકો એને 'જેનકીન' નું ટુંક નામ જણાવે છે. આ શબ્દ મશ્કેરીમાં બોલવામાં આવે છે.

**જેકબ**—એબ્રહામનો પૌત્ર. આયએનો યાકુબ, ઇસરાઇલોનો પેટ્રીયાર્ક. એને ૧૨ પુત્રો હતા; જેઓએ હિબ્રુઓનાં ૧૨ ટોળા સ્થાપન કર્યા હતા. યાકુબ ઇ. સ. પૂર્વે ૨૭૪૭–૪૬ માં ઇજીપ્તમાં ગયો હતો.

**જેકમાર્શ**—આ અતિ સુંદર પક્ષી અમેરિકાના 'એન્ડસ' ની પૂર્વે ઉષ્ણ કટીબંધના જંગલમાં જણાય છે. આ પક્ષી દેખાવમાં સુસ્ત અને નભરવશ હોય છે. એની ચાંચ લાંબી પણ સિધી હોય છે. એના પગો ટુંકા ને નાજુક હોય છે. એ કીડા ખાઇને તેપર નિર્વાહ કરે છે. આ પક્ષી પોતાના સફેદ ઇંડાં જોડમાં રેતી તળે મેળે છે.

**જેકસન**—મીચીગનનું આ વેપારી શેહેર ગ્રાંટ નદીને કાંઠે, ડીટ્રોઇટની પશ્ચિમે ૭૬ મૈલ ઉપર છે. અત્રે કાગળ, આટાની મીલો, લોઢાના કારખાના ને યંત્રકામનાં ઓજારો, રેલ્વે એન્જીનો, ગાડીનાં કારખાનાં, સાબુ, બુટનાં અનેક કારખાનાં છે. આ ગામમાં વડી જેલ છે. શેહેર નજદીક કોલસાની અનેક ખાણો છે. જેકસન શેહેરની સ્થાપના ઈ. સ. ૧૮૩૦ માં થઇ ને ૧૮૫૭ થી શેહેર તરીકે ગણાયું. ૧૮૬૦ માં વસ્તી ૪૭૯૯ ની, ૧૮૭૦ માં ૧૧૪૪૭ ની અને ૧૮૯૦ માં ૨૬,૭૯૮ ની હતી.

(૨) મીસીસિપિના પ્રદેશમાંનુ મુખ્ય શેહેર પર્લ નદી ઉપર 'વેકસબર્ગની' પૂર્વે ૪૫ મૈલપર છે. અત્રે રૂનો વેપાર ચાલે છે. લોક વસ્તી ૫૯૨૦ ની છે.

**જેકસન એનડ્રયૂ જનરલ**—આ અમેરિકાના ૭ મા પ્રેસીડંટનો જન્મ વેક્ષહોમાં (કેરોલિનાના દક્ષિણ કાંઠાપર) ૧૭૬૭ માં ૧૫ મી માર્ચે થયો હતો. એનો પિતા એક આયરીશ હતો અને તે એના જનમના થોડા દિવસ આગમજ મરણ પામ્યા પછી એનો જન્મ થયો હતો. એણે પોતાના ભાઈની મદદથી વિદ્યાભ્યાસ કરી સેલીસબરીના કોર્ટમાં કાયદા શાસ્ત્રી તરીકે રહ્યો. ૧૭૯૧ માં એ પરણ્યો હતો. આ બાનુ કર્નલ જૉન ડૉનલસનની બેટી અને મી૦ રૅચલ રૉબર્ટસ નામે ખેડુતની બાનુ હતી. આ સ્ત્રીને ૧૭૯૩ વેર છુટા છેડા મલ્યા નહોતાં, તે છતાં જેકસન ૧૮૯૧ માં તેની સાથે પરણ્યો હતો. આથી જેકસનને અનેક વેળા દ્વંદ યૂદ્ધમાં ઉતરવું પડયું હતું, અને છેલ્લે એણે પોતાના હરીફને મારી નાખ્યો હતો. તેનીસીના નવા રાજબંધારણમાં જેકસન આગેવાન હતો. ૧૭૯૬ માં એ એક કૉંગ્રેસમાં આગેવાન થયો. ૧૭૯૭ માં યૂનાઇટેડ સ્ટેટના સેનેટોર તરીકે નેમાયો. અને ૧૭૯૩ માં વડી હાઇ કોર્ટનો ન્યાયાધીશ થયો હતો, જ્યાં ૧૮૦૪ સુધી કાયમ રહી તે પછી રાજીનામું આપ્યું હતું. ૧૮૧૨ માં ગ્રેટબ્રીટન સામે લઢાઈ જાહેર થઇ ત્યારે જેકસનને રાજ્યના લશકરમાં મેજર જનરલનો ઓધ્ધો આપી ૨૫૦૦ નું સૈન્ય આપ્યું હતું. તે પછી અનેક લઢાઇમાં ભાગ લઇ ૧૮૧૪ માં દક્ષિણ તરફનાં લશ્કરનું વડપણ મેળવ્યું હતું. ૧૮૧૫ માં ૮મી જાનેવારીએ જેકસને લઢાઇમાં ભાગ લીધો હતો, તેમાં બ્રિટીશોનાં જ્યારે ૨૬૦૦ માણસો માર્યા ગયા ત્યારે અમેરિકનોનાં ૮ માર્યા ગયા અને ૧૩ જખમી થયા. આવી નામદારી ભરેલી બાહાદુરી બતાવ્યાથી એનું નામ ઘણી પ્રસિદ્ધતા પામ્યું.

૧૮૧૮ માં ફ્લોરીડા જઇ ત્યાં બંદોબસ્ત કરી ત્યાંનો પેહેલો ગવરનર નેમાયો અને ૧૮૨૩ માં તે ઓદ્ધો છોડી સેનેટની સભામાં ફરી ચુંટાઇ દાખલ થયો. બીજે વર્ષે જેકસન પ્રેસીડંટ તરીકેની ચુંટણીમાં ઉમેદવાર થયો પણ હરીફથી ઓછા મતોને લીધે ફાવ્યો નહિ. તે પછી ૧૮૨૮ માં જેકસનને ૧૭૮ બહુ મતે ચુંટી કાઢવામાં આવ્યો હતો. પોતાના અમલ દરમ્યાન જેકસને રાજદ્વારી કામોમાં ઉલટમંદ ભાગ લઈ



અનેક પ્રજા ઉપયોગી કામો કીધાં હતાં. ૧૮૩૭ માં રાજદ્વારી જીંદગી તજી એકાંતવાસ સ્વિકાર્યો હતો. મરણ હરમીટેજ ખાતે ૧૮૪૫ માં ૮ મી જુને નિપજ્યું હતું.

**જેકાના**—આ પક્ષી ઉંચા બાંધાવાલું હોઇ તેની લાંબી ચાંચ, પહોળા અણીયાલાં પંજા, અને પાતળા તથા લાંબા પગો હોય છે. એ પાણીમાં તરી શકે છે, નદીમાં તથા દર્યા કાંઠે રહી માછલીપર નિર્વાહ કરેછે. આ પક્ષી દુનિયાનાં ઘણા ખરા ભાગોમાં મળે છે, તો પણ તેનું મુખ્ય રહેઠાણ દક્ષિણ અમેરિકા, ગાયના અને બ્રાઝીલ દેશ છે. હિંદ તથા સિલોનમાં આ પક્ષીની ઉંચી જાતો આવે છે, પણ બ્રાઝીલ તરફ તે કેટલીક વેળા ૧૦ ઇંચ ઉંચા, રંગે કાળા, રાતી છાંટથી ભરપૂર અને તેની આંખો લીલા રંગની હોય છે.

**જેકીંથ**—આ એક પ્રકારનો કિમતી પથ્થર ભૂરો અથવા રંગ રહિત હોય છે. પુરાતન વખતમાં આ કિમતી પથ્થર અતિ મોઘે દામે મળતો હતો. આ પથ્થર ચકમકના પથ્થરના વર્ગનો છે. જેકીંથ મુખ્ય કરી રાહિનના અંકલ તરપ, બોહિમીયા, સેકસની, ટાઇરોલ, નોર્વે અને ઉરલ્સ, ગ્રીનલેંડ, વગેરે ઠેકાણે ખડકમાંથી મળે છે. તેમજ સીલોન તરફના ચોકસ ઝરામાંથી પણ મળે છે.

**જેકો**—કાંચડાના વર્ગનું એક પ્રાણી. એની ૨૦૦ ઉપર જાતો છે. આ જીવડું કદે નાહાનું, રંગે મેલું ને તેની ચામડી ઝીણી ગુમડાવાળી હોય છે. તેના પગ ટુંકા, નખદાર પંજા હોવાથી તે ગમે ત્યાં ચ્હોંટી જઇ શકે છે. અને તે ગમે ત્યારે સુંવાળી ભીંત સીલીંગ વિગેરેને ચ્હોંટી ચાલી શકે છે. એ જીવ જંતૂ ખાઈ તે ઉપર નિર્વાહ કરે છે. તેમાં રાત્રેજ પોતાનો ખોરાક શોધવા નિકળે છે. આ પ્રાણી ગરમ દેશનું વતની છે. એ ઘણું કરી ઇંડીયન અને આસ્ટ્રેલીયન દેશમાં ઘણા મળે છે. એની બે જાતો દક્ષિણ યૂરપમાં જણાઇ છે. પણ હિંદુસ્તાન તથા ઇજીપ્તમાં તેની ઘણી જાતો છે. આ પ્રાણી ઝેરી હોવાથી જે અનાજને તે અડકે છે તે ઝેરી થએલું ગણાય છે. ઇજીપ્તમાં તો એને 'રગતપિત'નો પિતા કહે છે.

**જેકોબ્સ**—પેહેલા જેમ્સના અમલમાં પાડેલા ૨૫ શિલીંગની કિંમતનો એક સુન્નાનો સિક્કો.

**જેકોબ્સ લેડર**—દક્ષિણ તથા મધ્ય યૂરપમાં ઉગતો એક જાતનો રોપો, કે જે એશિયા તથા ઉત્તર અમેરિકાના થંડા પ્રદેશમાં મળી આવે છે. એનું થડ સુવાળું ને ૧½ થી ૨ ફીટ ઉંચુ વધે છે. એનીપર બલુ ફુલો ગોળાકાર આવે છે. આ છોડની યોજના ઔષધિમાં યોજેલી છે.

**જેકોબાબાદ**—સિંધના ઉપલા સરહદી ભાગમાંનો એક તાલુકો. ક્ષેત્રફળ ૪૫૫ ચૌરસ મૈલ છે. તેમાં ૫૧ ગામો છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૩૫૫૪૫ની ને ૧૮૮૧ માં ૩૭૩૨૪ ની હતી. તેમાં ૨૧૮૯૧ પુરૂષો તથા ૧૫૪૩૩ સ્ત્રીઓ હતી. વસ્તીમાં ૪૧૮૬ હિંદુ, ૩૦૫૬૬ મોહમેદન, ૧૯૦૮ શિખ, ૩ જ્યૂ, ૨૨૨ ખ્રિસ્તી ને ૯ પાર્સીઓ હતા. વાર્ષિક મેહેસુલ ૨૧૯૧૦ પૌંડના ઉપજે છે. તાલુકામાં પાંચ ફોજદારી કચેરીઓ છે.

અત્રે વસાદ ૧·૫૬ ઈંચ પડે છે. વધુમાં વધુ ગર્મી ૧૨૦·૦ અંશ અને થંડી ૩૨·૫ અંશ પડે છે.

**જેકોબાબાદ**—એજ નામના તાલુકાનું મુખ્ય શેહેર. ૧૮૭૨ માં લોક વસ્તી ૧૦૯૫૪ ની ને ૧૮૮૧ માં ૧૧૩૫૩ ની હતી. મુખ્ય વસ્તી મોહમેદનોની છે. ૧૮૪૭ માં આ શેહેર જનરલ જૉન જેકોબે જીતી લીધું હતું; જે સિંધમાં ઘોડેસ્વાર લશકરનો લાંબી મુદતથી વડો સરદાર હતો. શેહેર બે મૈલ લાંબુ ને ૧ મૈલ પોહળું છે. અત્રે સિંધની ઘોડેસ્વાર પલટણ તથા બલુચી પાયદળ લશકરનું મથક છે. અત્રેની કેમ્પમાં દીવાની તથા ફોજદારી કચેરી, જેલ, પોસ્ટઓફીસ, ટેલીગ્રાફ ઑફીસો છે. અત્રે જનરલ જેકોબની યાદગારીમાં બાંધેલી તેની કબર છે, કે જે સરદાર ૧૮૫૮ માં અત્રેજ મરણ પામ્યો હતો.

અત્રે ડીસ્ટ્રીકટ જડજ, ડેપ્યૂટી કલેકટર અને સબૉર્ડીનેટ જડજની કચેરી છે. અત્રેથી રેલ્વે લાઇન પસાર થાય છે. અત્રે ઘી તથા ચામડાંનો સારો વેપાર ચાલે છે.

**જેઘસ**—એઝોવ સમુદ્રની ઉત્તરે વસ્તી એક પ્રાચીન પ્રજા. ૧ લી સદીમાં આ પ્રજા પશ્ચિમ તરફ જઇ વસી, અને તેઓએ પોતાનો વાસ હંગેરીના મેદાનોમાં 'થીઇઝ' અને 'ડેન્યૂબ'ના પ્રદેશમાં કર્યો. તેમાંનો એક ટોળો કારપેથીયનની ઉત્તરે જઇ વસ્યો, જેમને ગૉથ્સના રાજાએ ૪થી સદીમાં હરાવ્યા. આ ટોળાની દક્ષિણ ભાગ તરફની પ્રજા રોમ ડાડેન્યૂબીયન પ્રાંત સામે ચાલુ ઝગડામાં ઉતરી હતી, પણ ૧૭૨માં 'મરકસ યૂરીલક્ષ, તથા 'કારસ'ને હાથે ૨૮૩ માં સખત હાર પામ્યા, પણ તેમનો દોર હન્સ અને ગોથ ટોળાએ સદાનો તોડયો હતો. આ પ્રજા બહાદૂર, લઢાયક અને સ્વારીમાં ચંચળ છે.

**જેજૂરી**—પુના જીલ્લામાં પુરંદર તાલુકામાંનુ શેહેર. વસ્તી ૩૨૪૫ ની છે. મ્યૂનિસીપલ ઉપજ ૩૦૩ પોંડની છે, આ ગામ યાત્રા-સ્થાન છે, અત્રે ખંડોબાની મૂર્તિ સ્થાપન કરી તેના ખર્ચ તથા નિભાવ થકી વાર્ષિક ૫૦,૦૦૦ની ઉત્પંતિ મળે છે, આ દેવતાની સેવામાં ઘોડા, હાથી, વગેરે પુશકળ છે, આ મૂર્તિને ગંગા જળથી સ્નાન કરાવવામાં આવે છે. અત્રે જાનેવારીમાં જાત્રા ભરાય છે, તે વેળા ૧,૦૦,૦૦૦ જાત્રાળુઓ એકઠા થાય છે. આ જાત્રા સમયે ૨૦,૦૦૦ બકરા બળીદાન આપવામાં આવે છે. કે જે કોઇ વેળા ૩૦ હજાર ઉપર પણ કપાય છે.

**જેજેવંતી**—રાગ દીપકનાં ૮ પુત્ર વધુ પરીવાર માંની આ ભાર્યા રાગનું નામ. એનો ગાવાનો વખત પાછલી રાત્રીનો છે. જાતી સંપૂર્ણ છે, ખરજ શુદ્ધ, રિખબ તિવ્ર, ગંધાર તિવ્ર, અને કોમળ બે, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તિવ્ર, નિખાદ તિવ્ર, અને કોમળ બે એ મુજબ ૭ સ્વરો એમાં આવે છે. આ રાગણી દેશ અને ખમાચની મીલાવટથી બનેલી છે. કોઇ સોરઠ, ધોલશ્રી અને બિલાવલથી મિશ્ર છે એમ પણ કહે છે. કોઇ ગુજરી અથવા ગૌરી બિહાગડા અને નટથી મિશ્ર છે એમ પણ જણાવે છે.

**જેસુઇટ**—આ પંથ 'ઇગલેશિયલ લાયલા'એ ઇ. સ. ૧૫૪૦ માં સ્થાપન કર્યો. જેસુઇટ એટલે જીઝસ (ખ્રાઇસ્ત) નાં અનુયાયી. આ લોકો દ્રવ્ય તરફ બેદરકાર, શુદ્ધ આચરણ, આજ્ઞા પાળવી અને ઉપદેશ કરવાં, પ્રવાસ કરવા એવી તેમને ૪ બાબતો માટે કસમ લેવા પડતા. આગળ બે પંથો વચ્ચે મજબુત લઢાઇઓ ચાલતી હોવાથી તેમની મજબુતી માટે આ પંથની સ્થાપના થઇ. આ પંથવાલા ઘણી ગરીબઇમાં વસી અતી શુદ્ધ આચરણ રાખે છે.

**જેટ**—એક જાતનો કાળો ચળકતો પથ્થર. આ નામ ગેગસ અથવા ગેજસ ઉપરથી પડયું, કે જે ગામ એશિયામાઇનરમાં હતું અને ત્યાં એ પથ્થર મળતા હતા, એમ 'પ્લિની' જણાવે છે. તે વેળા ત્યાં એને ગાગાટસ કહેતા, જેનું અપભ્રંશ 'ગગાટ' અને હાલનું જર્મન નામ જેટ પડયું છે. ઇરાની અંબરના વેપારીઓ એને કાળુ અંબર કહે છે. પ્રાચીનકાળથી આ પથ્થર એક સણગારનાં પદાર્થ તરીકે જાણીતો છે.

વિટબે તરફ આ પથ્થર ચોકસ જથ્થામાં મળે છે. સ્પેનથી પણ ઉત્તમ જાતનાં જેટ પરદેશ રવાના થાય છે. સ્પેનમાં એસ્ટુરીયસના પ્રાંતમાં જેટ જથ્થાબંધ મળે છે. અને તેનું મુખ્ય કારખાનું 'ઑવિડો'માં છે. એના ઘરેણા ઘણાખરા 'શોક' વેળા પેહેરવામાં આવે છે અને તે વિધવા સ્ત્રીઓ ઘણાં પસંદ કરે છે. જેટના જેવાંજ નકલીયાત ઘરેણાં ઇંડીયા રબરમાંથી પણ બનાવવામાં આવે છે.

**જેઠીમધ**—એના વેલા હિંદના ઘણા ભાગોમાં ઉગે છે. દક્ષિણ યૂરપમાં પણ આ વનસ્પતિ ઉગે છે. આ વનસ્પતિ ઉગાડવાની જમીન ડુંગરાળ અને લીલોતરીવાળી જોઇએ અને



હવાનું માન ઉષ્ણ જોઇએ. જેઠીમધની બીજી જાતી છે. તેના ક્ષુપ હોય છે. તે ક્ષુપની ઉંચાઇ સુમારે બે હાથ હોય છે. એના પાંદડા લાંબા હોય છે, અને પાંચ પાંચ આંગળા ઉપર નસો રહે છે. થાણા જીલ્લામાં આહુલીનાં ડુંગરપર એનાં પુશકળ ઝાડ ઉગે છે. એ ઉન્હાળામાં ઘણાં સુકાઇ જાય છે. તેમજ પાણીમાં થનારી જેઠીમધની એક જૂદી જાત છે. તેને સંસ્કૃતમાં 'મધૂલીકા' કહે છે. આ વનસ્પતિનાં મૂળને જેઠીમધ કહે છે. જેઠીમધ સ્વાદે મીઠાસદાર હોય છે.

એના વેલા હિમાલયા પ્રાંત તથા કોચીન-ચીનમાં પુશકળ થાય છે. પરદેશીઓ એના મૂળનો અર્ક કાઢી તેની સળીઓ બનાવે છે.

એ ગુણમાં શિતવીર્ય, કફ્ઘ્ન, અને પૌષ્ટિક છે. એનો ઉપયોગ તાવ, પિત્ત, દાહ, ઉનવા, તણખીયો, પ્રમેહ, ખાંસી, દમ વગેરે ઉપર થાય છે.

જેઠીમધનો શીરો નીચલી રીતે બનાવવામાં આવે છે—

જેઠીમધનું મૂળીયું ચાર પાંચ વર્ષનું થયા શિવાય અર્ક કાઢવાને યોગ્ય થતું નથી. સુમારે ૧૦૦ રતલ વજનના મૂળીયામાંથી ૧૬ રતલ અર્ક નિકળે છે. જેઠીમધનાં મૂળીયાં લાવીને તેનાં બે ચાર આંગળ લંબાઇના કટકા કરી તે પાણીમાં નાખી ખૂબ ધોઇ ખાંડણીમાં ખાંડે છે. એ ભોટ થએલાં મૂળીયાં એક વાસણમાં નાખી ૨૪ કલાક સુધી ધીમી આંચપર પકાવવું. પછી તેને યંત્રમાં નાખી દાબથી સર્વ રસ કાઢી લેવો. એ બાફવાની તથા રસ કાઢવાની ક્રિયા તે મૂળીયાં ઉપર બે ચાર વાર કરવી પડે છે; અને જે રસ નિકળે છે તેને ગાળી ફરી ચુહલે ચહડાવવો. ઘણીવાર બાફીયા પછી આ કાહવો કથરોટમાં નાખી ફરી ચુહલાપર મેળવો, અને ઉપર ઉપર હલાવી રસ ઘટ્ટ કરવો. પછી વાસણ ચુહલાપરથી ઉતારી તેને સંચામાં રેડી તેની સળીયો બનાવવી. આ સળી ઢાંસા ઉપર અતી અકસીર છે.

**જેડ**—એક પ્રકારનો લીલો કિમતી પથ્થર. પ્રથમ આ કિમતી પથ્થર યૂરપમાં મેકસિકોથી આવેલા સ્પેનિયર્ડોએ આણ્યો હતો. ખરા જેડ પથ્થરમાં લીલો, પીળી ઝાંખ, લાલાસદાર અને સફેદ લીલા ઝાંખવાલો પણ હોય છે. આ પથ્થર અતિ કઠણ હોય છે; પણ જ્યારે તે પથ્થરમાંથી મળે છે તે વેળા પથ્થર સેહેજ નરમ રહે છે, પણ તે પછી એકદમ કઠણાઇ પકડે છે. આ કિમતી પથ્થર ઇરાન, ટર્કી અને કોરસિકામાં મળે છે. જેડ યૂરોપીયનોથી લાંબા જમાનાઓ સુધી અંજાણો હતો. એ મુખ્ય કરી ચીન,. સાઇબિરિયા, ન્યૂ-ઝીલેંડ અને બીજા પેસીફીકના દક્ષિણ તરફના ટાપુમાં તથા બ્રિટીશ કોલંબિયા અને અલાસ્કામાં મળી આવે છે.

જોકે આ પથ્થર યૂરપમાં પ્રથમ સ્પેનિયર્ડો મધ્ય અને દક્ષિણ અમેરિકાથી લાવ્યા તે છતાં એ કાંઇ ત્યાં ઝાઝો મળી આવતો નથી. સ્પેનિયર્ડો લાવેલા જેડ ખરા હશે એ પર શક નાખવામાં આવે છે. ન્યૂઝીલેંડમાં જે જેડ મલે છે તે ત્યાં 'લીલા પથ્થરને' નામે જાણીતો છે. ન્યૂ કેલેડોનિયામાં મળતો જેડ 'ઓસેનિયા જેડ'ને નામે જાણીતો છે. ન્યૂઝીલેંડનો જેડ પથ્થર એશિયાઇ જેડથી તદન વેગળીજ જાતનો હોય છે.

ચીનમાં જેડ મ્હોટા પ્રમાણમાં પુશકળ મળે છે, તેના જેટલો જથ્થો દુનિયાના બીજા કોઇ ભાગમાં મલતો નથી. આ જેડમાં ઍલ્યૂમિના અને સોડિયમ ઉપરાંત બીજાં તત્વો હોવાથી ચીનાઇ જેડ કિમતી ગણાતો હોવાથી તે સાચ્ચો કહેવાય છે. ચીનમાં એને 'યૂસ્ટોન' અથવા યૂચી' કહે છે. આ પથ્થર ત્યાં 'કીનલુન' પર્વતમાંથી મળે છે. તથા કેન્ટોન પ્રાંતનાં દક્ષિણ ભાગના પર્વતોમાં મળે છે. ચીનમાં જેડ પથ્થર બે હજાર વર્ષો થયાં જાણીતો છે.

કાળા રંગની ઝાંખવાલા જેડ પથ્થર સાઇબિરીયાના 'બાટુ ગૉલ'માં મળે છે. તેમજ બરમામાં 'બાહામો' પાસે મળે છે;

કે જેના ઘરેણાં આગલા મેકસીકન તથા મેક્ય અમેરિકનો બનાવી પેહેરતા હતા. ચીનાઇ તુર્કસ્તાનમાં જેડની ખાણોમાં ચાલુ ખોદકામ થતું હોવાથી ત્યાંથી એ ઘણાં મલે છે. જ્યાં એક પર્વતમાં 'ટનલ' ખોદી તેમાં ૧૦૦ ઉપર ગેલેરીઓથી માર્ગો બનાવી એનું ખોદકામ ચાલુ કર્યું છે. આ પથ્થર ખડકની અંદર રહેતો હોવાથી તે કાઢતી વેળા તેનાં ચોસલાં કદી પણ મળતા નથી પણ થોડી ઈંચની જાડાઇના કટકા મળે છે. આથી મ્હોટા કટકા બેહદ કિમતી ગણાય છે; તે માત્ર શેહેનશાહને નજર કરવા માટેજ રાખવામાં આવે છે.

કનતાનમાં જેડનું ખાસ બજાર છે. જ્યાં જેડ છુટક તેમજ તેની બનાવટો પણ વેચાતી મલે છે. એનાં મુખ્ય ઘરેણાં બ્રોચ, એરીંગ, વીટી અને બાલમાં ખોસવાની પીનો બનાવેલી હોય છે. અને તે હીરાના જેટલીજ કિમતે વેચાય છે.

લીલા જેડનો એક ઉત્તમ નેકલેસ ૧૦૦૦ પૌંડથી ઓછો વેચાતો નથી, માત્ર બે કૉલર બટનની કિંમત ૩૦ પૌંડ ઉપજે છે. સાધારણ કદના કટકા ૫૦૦ થી ૬૦૦ પૌંડે વેચાય છે. પૉલીશ કીધા વગરના જેડની એક બ્રસલેટ ૨૦થી ૩૦ પૌંડે ઓછામાં ઓછી કિંમતે મળે છે.

**જેડબર્ગ**—રૉક્સબર્ગ શાયરનું આ મુખ્ય શેહેર એડીનબર્ગની દક્ષિણ પૂર્વે છે. અત્રે ૧૮૨૩ માં એક જેલ રૉયલકેસ્ટલની જગ્યાપર બાંધવામાં આવી છે. અત્રેનો કિલ્લો ૧૪૦૯ માં સુધારી બાંધવામાં આવ્યો તેમાં ત્રીજા અલેકઝાન્ડરનું હાડપીંજર તેમજ ત્યાં બીજી યાદગારીઓ મેરીસ્ટુઅર્ટ, પ્રિન્સ ચાર્લસ એડવર્ડ, બર્ન, સ્કૉટ અને વર્ડસવર્થની જોવામાં આવે છે. અત્રે ઉનનાં કાપડ વણવાનાં કારખાનાં ૧૭૨૮ થી ચાલુ છે. ૧૮૪૧ માં લોક વસ્તી ૩૨૭૭ ની અને ૧૮૮૧ માં ૩૩૯૭ ની હતી.

**જેડવિલ્યમ**—સ્ટીરિયોટાઇપના આ શોધકનો જન્મ ઇ. સ. ૧૬૯૦ માં થયો. એ એડીનબર્ગમાં સોનીનો ધંધો કરતો હતો. ૧૭૨૫ થી એણે પિતળનાં બિબાં બનાવવા પાછળ પોતાનું લક્ષ રોકયું હતું. એક લંડનના સાહુકારની પૈસાની મદદથી પોતાની શોધ આગળ વધારી એને કેમબ્રિજ યુનિવ્હરસીટિએ થોડીક બંદગીની ચોપડી તથા બાયબલ છાપવા રોકયો હતો. એણે બંદગીનાં પુસ્તકો છાપ્યાં તેટલાં એના મદદગાર તથા માનસોની દગલબાજીથી એને ઘણું ખમવું પડ્યું હતું. તે પછી એ એડીનબર્ગ જઇ રહ્યો. જ્યાં ૧૭૪૯ માં ૧૯ અકટોબરે ગરીબ સ્થિતિમાં મરણ પામ્યો.

**જેતપૂર**—દક્ષિણ કાઠીયાવાડમાં રાજકોટની દક્ષિણે ૪૦ મેલ ઉપર અને પોરબંદરની ઉત્તર પૂર્વે ૬૩ મેલ ઉપર ફિલ્લેબંદીવાલું ગામ છે. આ વેપારી શેહેર છે. અત્રે ભાવનગર ગોંડલ રેલ્વેની ધોરાજી રેલ્વે લાઈનનું સ્ટેશન છે. શેહેરની દક્ષિણ પૂર્વે ૧ મૈલપર રેલ્વે સ્ટેશન છે. શેહેરમાં મુસાફરોનો બંગલો, ધર્મશાળા, દવાખાનું, પોસ્ટ ઑફીસ, ટેલીગ્રાફ ઑફીસ, શાળા અને દરબાર છે. ઉપજ ધાન્ય અને કપાસની છે. વસ્તી ૧૧૨૧૩ની, તેમાં ૬૧૧૪ પુરૂષો અને ૫૬૯૯ સ્ત્રીઓ છે. વસ્તીમાં ૬૩૧૮ હિંદુ અને ૪૫૧૨ મોહમેદનો, ૯૭૯ જૈન અને ખ્રિસ્તી છે.

**જેતપૂર બીલખા**—કાઠિયાવાડના દક્ષિણ ભાગમાંની એક ઠકરાત. તેમાં ૨ શેહેર તથા ૧૪૨ ગામો છે. ને ૧૮૨૯૨ રહેવાના મકાનો છે. ક્ષેત્રફળ ૭૩૩ ચૌરસ મૈલ છે. વાર્ષિક ઉપજ ૭,૬૭,૦૦૦ રૂપ્યાની છે. લોક વસ્તી ૧૮૮૧ માં ૯૨૫૫૩ ની ને ૧૯૦૧ માં ૧,૧૧,૫૪૯ ની હતી. એ એકજ ઠાકોરને તાબે નથી પણ જૂદે જૂદે હાથ વેહેંચાયલું છે. રાજ્યમાં ૨૫ શાળા ને તેમાં ૧૨૭૪ વિદ્યાર્થીઓ ભણે છે. ઠાકોરના તાબે ૪૮ ઘોડેસ્વાર, ૧૮૫ પાયદળ લશકર હોઇ ૯૮૫ પોલીસ સિપાઈઓ છે. આ રાજ્યની ઉપજમાંથી ૫૦૨૬ પૌંડ, ૪ શિલીંગ બ્રિટીશને તથા ૫૧૬ પૌંડ ૬ શિલીંગ ગાયકવાડને અને ૩૭૯ પૌંડ ૧૨ શિલીંગ જુનાગઢ સરકારને ખંડણીના આપવા પડે છે.

વાળા કાઠીઓ ઘણી સદી આગમજ આ પ્રાંતમાં આવ્યા હતા. તેમનું પહેલું થાણું 'દેવળીઆ મ્હોટા' એ હતું. તે પછી ચિતલ ને તે પછી જેતપૂર લીધું હતું. જેતપૂર હાલમાં ૧૬ તાલુકદારને હાથ છે. ભાવનગર અને ધોરાજીની વચ્ચેની રેલ્વે લાઇન ઉપર જેતપૂર એક સ્ટેશન છે. જેતપૂરથી રાજકોટ, ધોરાજી, જુનાગઢ, ને માણેકવાડ સુધી સડકો બાંધેલી છે. જેતપૂર રાજકોટની નૈરૂત્યે ૪૦, ગોંડલીની નૈરૂત્યે ૧૮ મૈલપર છે.

**જેનમેનલેંડ**—આર્ટિક ઓશનમાંનો એક જવાળા મુખી વાલો ટાપુ. ઇ. સ. ૧૬૧૧માં જે ધણીએ શોધી કાઢયો તેનાજ નામે તે ઓળખાય છે. આ ટાપુ આઇસલેંડ અને સ્પીટ્ઝબર્ગની વચમાં ૩૬ મૈલ લાંબો છે. એનો સર્વથી ઉંચો પર્વત બ્રિનબર્ગ ૮૩૫૦ ફીટ ઉંચો છે, ને તે જવાળા મુખીથી ઉભાય છે. એના ઉત્તર તથા પૂર્વ કાંઠાપર વસંત ઋતૂમાં માછલી મારવાનો ઉદ્યોગ ચાલે છે.

**જેનર એડવર્ડ**—સહીઅડના અટકાવ માટેની રસીનાં આ શોધકનો જન્મ ગલોચેસ્ટર શાયરમાં બ્રેકલી ખાતે ૧૭મી મે ૧૭૪૯માં થયો હતો. એ રેવરંડ સ્ટીફન જેનરનો ત્રીજો બેટો હતો.

સાધારણ કેળવણી લઇ એ બ્રિસ્ટલ પાસેના સૉડબરીમાં રહેતા મી૦ લૂડલૉ તબીબનાં હાથ તળે શિખાઉ તરીકે રહ્યો. તે પછી ૨૧ વર્ષની વયે એ લંડન જઇ જૉનહંટરના શિક્ષણ તળે અભ્યાસ કરવા રહ્યો, જ્યાં તેના કુટુંબમાં એ બે વર્ષ સુધી રહ્યો. ત્યાં એણે ચંચળ જેહેનથી અભ્યાસ કરી શારરિક વાઢાડકાપ શાસ્ત્ર, રોગ પરિક્ષા શાસ્ત્ર અને ખુદ્રતી શાસ્ત્રનો બારિક અભ્યાસ કર્યો. ૧૭૭૩માં એ પોતાના વતનમાં ધંધો ચલાવવા લાગો. ૧૭૮૮માં એણે "નેચરલ હિસ્ત્રી ઑવ કફૂ" નામે ગ્રંથથી નામના મેળવી. ૧૭૯૨માં સેંટ એન્ડ્રુ તરફથી એને એમ. ડી. ની ડીગ્રી મળી હતી.

એણે ૧૭૭૬થી ૧૭૯૬ સુધી શિતળા આવતા અટકાવવાની રસીની શોધ કરી. આ શોધનો એને પેહેલો વિચાર ૧૭૭૦માં આવ્યો. એક દિવસે કોઇ દર્દી ગોવાલણ એની પાસે આવી કહેવા લાગી કે મ્હને ગાયની રસી લાગવાથી સહિઅડ ઉઠતાં, હવે શિતળા આવવાનો જરાએ ભય નથી. આ ઉપરથી ડૉ૦ જેનરને શોધ કરતાં જણાયું કે ગાયના આંચળ ઉપર તથા તેની પાસે કાતરા નજદીક ઝીણી ફોલ્લી ઉઠી તેમાંથી જે રસી નિકળે છે તે મનુષ્યના બદનમાં આમેજ કરતાં શિતળા આવશે નહિ. આથી પ્રથમ જેનરે ૧૭૭૫થી ૧૭૮૦ સુધી શિતળાના દર્દનો અભ્યાસ કરી શોધ જાહેર કરી.

ઘણાક અખતરા પછી ૧૭૯૬માં ૧૪ મેએ જાહેરમાં શોધ મેલી.

૧૭૯૮માં એણે ગોશિતળા સંબંધી શોધનો એક ગ્રંથ પ્રગટ કર્યો. આ એની શોધ સામે પ્રથમ ઘણા વિદ્વાનો થયા, પણ એક વર્ષ પછી લંડનનાં ૭૦ વિદ્વાન તબીબોએ તેની ખાતરી કરી પોતાનું જાહેર મત દર્શાવ્યું. આ શોધ જાહેર થયા પછી, જેનર પર યૂરપની જૂદી જૂદી દરબારો તથા મંડળીઓ તરફથી માનની ઘણીક નવાજેશો થઇ.

૧૮૦૨માં પાર્લામેંટે ૧૦,૦૦૦ પૌંડની બક્ષેસ આપી અને ૧૮૦૭માં બીજા ૨૦,૦૦૦ પૌંડ બક્ષેસ કર્યા. ૧૮૫૮માં લંડન ખાતે એનું પુતળું બનાવી ખોલ્લું મેલવામાં આવ્યું. એણે પોતાની જીંદગી બ્રેકલી તથા ચેલ્થનહેમમાં ગુજારી હતી. મરણ ૧૮૨૩માં ૨૬ જાનેવારીએ મગજે લોહી ચઢી જવાથી નિપજ્યું હતું.

**જેનશીયન**—એ નામની એક ઝાડની જડ જે ઔષધિમાં ઉપયોગી છે. એ ઉત્તર અમેરિકા, સ્વિતઝરલેંડ, આરટ્રેલિઆ અને પીરી-

નીસના તથા આલ્પાઇનના પહાડો તરફ થાય છે.

**જેન્સવેલી**—વાંઇસ કૉન્સીયાનું આ શેહેર રૉક નદી કાંઠે ચીકાગોની ઉત્તર પશ્ચિમે ૯૧ મૈલપર છે. અત્રેની નદીના પ્રવાહનાં બળથી આટાંની મીલો, રૂની મીલો અને ઉનની મીલો ચલાવવામાં આવે છે. લોક વસ્તી ૧૦૮૩૬ ની છે.

**જેના**—સેક્સવિમરને લગતું આ એક શેહેર વીમરની દક્ષિણ પૂર્વે રેલ માર્ગે ૧૪ મૈલપર છે. આ શેહેર સમુદ્ર સપાટીથી ૫૧૮ ફીટ ઉપર છે. અત્રેની પાઠશાળામાં ૮૫ પ્રોફેસરો, ૬૦૦ વિદ્યાર્થિઓ છે અને ત્યાંની લાયબ્રેરીમાં ૨,૦૦,૦૦૦ પુસ્તકોનો સંગ્રહ છે. ૧૮૭૫ માં લોક વસ્તી ૯૦૨૦ ની અને ૧૮૯૦ માં ૧૩૪૪૯ ની હતી.

**જેનીઝેરીસં**—તુર્કસ્તાનનું પેહેલું કવાયદ પામેલું લશકર. સુલતાન ઓરખાને ૧૩૩૦ માં કેદ થએલા ખ્રિસ્તી સીપાહોને જબરીથી મોહમેદન ધર્મ કબુલાવી તેમના બાળકોને મુસલમાન તરીકે ઉછેરી લઢાયક કેળવણી આપી હતી. પણ આ લશકરનું ચોકસ બંધારણ ૧૩૬૨ માં ઓરખાનના બેટા ૧ લા અમુરથના વખતથી બંધાયું. જેનીઝેરીસનાં તે વેળા બે વર્ગ કરેલા હતા. તેમાંનો એક ભાગ કોન્સતન્તીનોપલની બરાખમાં વસતો, જેનો બીજો ભાગ બીજા ભાગમાં વસતો; જેમની સંખ્યા ૧,૦૦,૦૦૦ ની રહેતી, અને બીજું બંધારણ વિનાનું લશકર ૩,૦૦,૦૦૦ થી ૪,૦૦,૦૦૦ નું રહેતું. આ તમામ લશકરના વડા સરદારને આગા કહેતા. તેને મોતની સજા કરવા જેટલો અધિકાર રહેતો. સુલ્હેના સમયમાં આ લશકર પોલીસ સીપાઇ તરીકે કામ બજાવતું. લઢાઇમાં પાયદળ લશકર તરીકે કામ કરતા. સુલતાનના બૉડી ગાર્ડો પણ એજ ટોળાના રેહેતા. આગળ જતાં આ લશકરીઓની સત્તા એટલી વધી કે તેઓ મ્હોટા ઓહ્દેદારો બની સુલતાનને પરદેશી દુશમનો કરતાં પણ વધુ દબાવનારાં થયા.

છેલ્લા સુલતાન મહમદ બીજાના સમયમાં ૧૮૨૬ માં જેનીઝેરીસોના ખળભળાટથી લઢાઇ ઉઠી તેમાં સુલતાને તેમને બરાખ તરફ હટાવી મેલી તેમાંના ૮૦૦૦ ને તો બળતામાં હોમાવ્યા અને ૧૫,૦૦૦ ને કતલ કર્યા. તથા ૨૦,૦૦૦ ને દેશનિકાલ કર્યા હતા. ૧૮૨૬ માં ૧૭ મી જુને બાહેર પાડેલા જાહેરનામા પછી જેનિઝેરીસોનું લશકર સદાનું વિખેરી નાખ્યું અને 'નિજામી' લશકરની સ્થાપના થઇ.

**જેનોફાનીસ**—એનો જન્મ એશિઆ માઇનરના કાલોફાન શેહેરમાં ૪૦ માં ઓલીંપિયડમાં થયો હતો. કાલોફાન શેહેર કવિઓના માટે ઘણું જાણીતું હતું અને ત્યાંજ જેનોફાનીસે પોતાની જુવાનીના દિવસો કવિતા રચવામાં ગુજાર્યા હતા.

કોઇ નહિ જણાયલા કારણ માટે એને દેશનિકાલ કરવામાં આવ્યાથી એ કવિ તરીકે સિસિલીમાં ફર્યો. પલુટાર્ક મુજબ એને આ ધંધામાં કશી કમાણી થતી નહિ હોવાથી એ ગરીબઇમાં સબડતો હતો.

એના વખતમાં એની બયતોની તે વખતના વિદ્વાનો પર સારી અસર કરી હતી. એણે 'કોલોફાન' તથા લીઆના સ્વસ્થાન બાબે ૨૦૦૦ બયતો લખી હતી. એની કવિતામાં આપેલા વિચારો ઘણીજ અઘડી ફીલસુફીથી દર્શાવેલા હોવાથી તે કવિતા હોમરના કાવ્ય પ્રમાણે ઝાઝી પસરી નથી. એણે ૧૦૦ વર્ષની લાંબી ઉમર ગુજારી હતી.

**જેનોલનના ગુફા**—ન્યૂ સૌથ વેલ્સમાં બ્લુમૌન્ટમાં (સીડનીથી પશ્ચિમે ૧૬૦ મૈલ ઉપર) આ કુદ્રતી હુન્નરમંદીના ગુફાઓ છે. એની શોધ ૧૮૪૧ માં જાહેર થઈ હતી, અને ૧૮૬૬માં તે પ્રજા માટે ખુલ્લા મેલાયાં હતા.

**જેપાન**—એશિઆના પૂર્વે કાંઠાપરના આ ટાપુવાલી શેહેનશાહત ૪ મ્હોટા ટાપુઓથી બનેલી છે. હૉનશૂ, શિકૉકફ, કયૂસ્યૂ અને



જેસ્સો. જેપાનની શેહેનશાહાતનું ક્ષેત્રફળ ૧,૬૨,૦૦૦ ચૌરસ મૈલ અથવા યૂનાઇટેડ કીંગડમ કરતાં ૩૪૦૦૦ મૈલ મ્હોટું છે. તેમાં ૪૦૦૦ નાહના ટાપુઓ છે. ૧૮૯૨ માં ત્યાંની લોક વસ્તી ૪,૦૭,૧૮,૬૭૭ ની હતી. તે નીચે મુજબ વેંહેંચાયલી હતી. હૉનશૂમાં ૩૧૨૪૬૬૦૯, શિકૉકફમાં ૨૮,૮૭,૩૯૭, કયૂસ્યૂમાં ૬૨,૭૦,૮૬૩, વેઝોમાં ૩,૧૪,૧૦૮ ની લોક વસ્તી છે. ૧૯૦૧ માં લોક વસ્તી ૪,૭૦,૦૦,૦૦૦ ની હતી.

જેપાનમાં ધર્તીકંપ સાધારણ હોવાથી ત્યાંની ઇમારતો લાકડાની ઝાઝી બાંધવામાં આવે છે. પણ પશ્ચિમ સપાટ ભૂમિપર ઝાઝા ધર્તીકંપ થતા નથી. જેપાન દુનિયામાં સર્વથી વધારે પહાડી દેશ છે. આ દેશની ખીણો અને સપાટ ભૂમિ ફળદ્રુપતા માટે વખાણુય છે. અત્રેનાં જવાલા મુખી ૧૨૩૬૫ ફીટ જેવડા ઉંચા છે. તેમાં ૮૦૦૦ થી ૧૦૦૦૦ ફીટની ઉંચાઇના ૬ પર્વતો છે. તેમાં 'હૉનંશૂ' નામનો ચપળ જવાળા મુખી છે. વેઝોમાં ૮ જવાળા મુખી છે. આ ટાપુમાં જગેજગ ખનીજ ઝારાઓ વહે છે. પહાડની તળેટીની સપાટ ભૂમિ ફળદ્રુપ બનાવવામાં આવે છે.

જેપાનના જૂદા જૂદા ભાગમાં હવામાં અચોકસ ફેરફાર રહે છે. ટોકીયોમાં ચાલુ ગરમી ૫૭-૭૦ ફેરન હોય છે. ત્યારે થંડીમાં પારો ૧૬°૨° ડીગ્રી ઉપર ઉતરે છે. ગર્મીમાં ૯૬° ડીગ્રી પર ચઢે છે. નેગાસ્કીમાં થંડીની ઋતુમાં ૨૩° ૫૨° પારો ઉતરે છે. ટોકીયોમાં થંડી દરમ્યાન બરફ પાંચ ઇંચ જાડો ઠરે છે. અને 'કાગાની' અપરવેલીમાં ૧૦ અંશ પારો ઉતરી ત્યાં ૧૮ થી ૨૦ ફીટ જાડો બરફનો થરો બાઝે છે. વર્સાદનું પડવું પણ અચોકસ છે પણ તેની સરેરાસ ૧૪૫ ઇંચની આવે છે. આ દેશમાં ફર્ન, બાંઉ, કેળા, નારીયળી, ઓક, બીચની અનેક જાતી ઉગે છે. તેમજ ચીન પ્રમાણે અત્રે પણ હિંસકપશૂ તથા પક્ષીઓની વસ્તી છે. તેમાં જેપાનીજ બિલાડી જાણીતી છે.

જેપાનીજો ખેતીવાડી ઉપર ઘણું ચોકસ લક્ષ આપતા હોવાથી તેઓ ઉત્તમ ખેડુત ગણાય છે, અને તેઓએ પોતાની પહાડી જમીનને વટીક ખેતીવાડી લાયકની બનાવી ત્યાં ઉત્તમ જાતના ધાન્યો વાવે છે. મુખ્ય અનાજ ચોખા, બાજરી, ઘઉં, મીલેટ, મકાઇ અને બીજાંનો સારો પાક થાય છે. જેપાનમાં ચાહની ખેતી ઇ. સ. ૭૭૦ માં ચીનાઓએ દાખલ કરી હતી. રૂ, સણની ખેતી પણ મ્હોટા પાયા પર કરવાની શરૂ કરી છે. સાકર, તંબાકુ, ત્રાંબુ, લોઢું, જસત, એન્ટીમની, કલ્લઇ, ગંધક, કોલસો, બાસાલ્ટ, ગ્રીનસ્ટોન, ગ્રેનાઇટ (લાલ અને ભૂરો), અકીક, અંબર, સ્કોરિઆ, અબરખ, કાફી પુશકળ મળે છે.

વેઝોના જંગલી જેપાનીજો શિવાય તમામ ટાપુ એકજ કોમથી વસાયલો છે, છતાં તેમની બોલીમાં થોડો થોડો ફેરફાર રહેલો છે. આ ટોળો પરદેશી અજીંક્ય ટોળાના સમાગમથી ઉતરેલો છે. તેમાં મુખ્ય તારતરો કે જેઓ કોરીયન સામુદ્રધૂનિ તરફથી દાખલ થયા, તેમજ મલાઇ દક્ષિણમાં અને એનોઇના ભેળ ભર્યા સંબંધથી ઉત્પન્ન થએલી કોમ છે. જેપાનીજ ચેહેરામાં બે જાતનાં ઘાટ સ્પષ્ટ જણાઇ આવે છે. તેમનું કપાળ, માથું અને ચેહેરો, ઉઠાવદાર કપાળ અણીદાર નાક, નાહની આંખ, રંગે સેહેજ પિળી ને ગુલાબી હોય છે. તેમના પુરૂષોનાં ચેહેરાપર બહુ થોડા બાલ હોયછે. ઉત્તર તરફના જેપાનીજો મ્હોટા માથાના, ચપટા નાક, મ્હોટી આંખોવાલા જણાય છે, તેમની સ્ત્રીઓ ઘણા સુંદર મુખડાવાલી ગણાય છે. જેપાનીજ છોકરીઓનાં સુંદર ચેહેરા ઉત્તમ રીતભાત, સુંદર પોશાખથી ઘણી ખેંચાણકારક જણાય છે. તેમાં જેપાનીજ બાળકો પોતાની સુંદરતા માટે ઘણું ધ્યાન ખેંચે છે. જેપાનીજો માયાળુ,

રીતભાત જાણુનારા, કાયદાસર વર્તનારા, પેહેરવેશમાં સ્વચ્છતા જાળવનારા છે. તેમજ તેઓ કરકસરૂ હોઈ પોતા માટે માન ધરાવી-જાળવનારા છે. જેપાનીજોમાં ૫૦૦૦ કુટુંબો અસલી શરાતમ ધરાવનારાં જાણીતાં છે.

જેપાનીજ ભાષા આલતાઇ ભાષામાંની કોરીયન અને માનચુરીયનને મલતી છે. તેમની ભાષા શિખવી જોકે ઘણી અઘરી છે, પણ તે સેહેલજમાં ઉચ્ચારી શકાય તેવી અને મધુર છે. ૬ ઠી સદીથી જેપાનમાં ચીનાઇ સુધારાએ પગપેસારો કર્યો હતો.

જેપાનમાં કેળવણી લેવાનો ફરજીયાત કાયદો હોવાથી કેળવણીના બાબમાં આ દેશ થોડા વર્ષોમાં ઘણો આગળ વધી સુધારાની ટોંચે પુગો છે. ત્યાં રોજીંદા પત્રો સંખ્યાબંધ નિકળે છે. ૧૮૬૮—૭૨ થી જેપાનીજોએ યૂરપીઅન લશકર પદ્ધતિએ પોતાનું લશકર વધારી કેળવ્યું છે. જાપાનનું જાથુક લશકર ૧૯૦૪ માં ૧૫૦૦૬૦ માણસ અને ૩૦૦૦૦ ઘોડેસ્વારનું હતું, તેમાં લડાઇથી કવાયતી માણસો ૫૦૦૦૦૦ સૈનિકો અને ૧૦૦૦૦૦ ઘોડાનો વધારો કરી શકાય એવી ગોઠવણ કરી છે; તેમ અણિધીક વખતે અનામત લશકર તરીકે તેમાં બીજાં પાંચ લાખ માણસો વધારી શકાય એવી ગોઠવણ કરી હતી.

જેપાનીજ નૌકા ખાતામાં ૭ પેહેલા નંબરનાં લડાયક બારકસો, ૧૪ બીજા નંબરની ક્રૂઝરો, તેની સાથેનાં નાહના લડાયક વહાણો અને છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણેનાં હથીયારો વાળી અને છેલ્લી શોધ પ્રમાણેની ટોરપીડો બોટો છે. તેની ઉપર ૩૮૬૪૬ સૈનિકો છે, જેમાંનાં ૩૧૩૯૭ તુરતજ લઢવા માટે તૈયાર હાલતમાં છે. અને ૧૮૯૦ માં રેલ્વે લાઈન ૧૯૦૦ મૈલ ખુલ્લી મેળાઇ હતી. આ દેશની કુલે ઉપજ ૨૮૮૩૦૦૦૦ પૌંડની અને ખર્ચ ૨,૮૭,૫૦,૦૦૦ પૌંડનો છે. જાહેર કરજ ૧૮૯૨માં માત્ર ૫,૮૯,૬૦,૦૦૦ પૌંડનું હતું. જેપાનનું રાજ્ય બંધારણ બ્રિટીશ રાજ્ય બંધારણને ધોરણે ચાલે છે.

યૂરપીયન લોકોમાં સર્વેથી પેહેલા પોર્તુગીજો ઇ. સ. ૧૫૪૨ માં જેપાનમાં ગયા; અને તેમનાં મીશનરી પાદરીઓએ ત્યાંના ઘણા-એક લોકોને ખ્રિસ્તી ધર્મમાં વટલાવ્યા; પણ તેઓ રાજકારોબારની બાબતમાં વચમાં પડવા માંડયાથી તેમને ત્યાંના વતનીઓએ કાપી નાખ્યા, ને જીવતા રહેલાઓને દેશનિકાલ કીધા; અને ત્યારથી જેપાનીજોએ ડચ શિવાય બીજા યૂરપીયન લોકો સાથે વેહેવાર બંધ કીધો. પણ ઇ. સ. ૧૮૫૪–૫૫ માં ઇંગ્રેજ, અમેરિકન, તથા રૂશિઅન લોકોએ નાંગાસાકિ ઉપરાંત સિમોદા તથા હોકોદાદિ બંદરો ખાતે તેમનાં વાહાણો મરામત કરવાની તથા ખોરાકી લેવાની પરવાનગી આપી હતી; અને ત્યારપછી સને ૧૮૫૮માં જેપાનની સરકાર સાથે તેઓએ નવો બંદોબસ્ત કરી ત્યાં વેપાર ચલાવવાનો હક્ક મેળવ્યો હતો.

**ઇતિહાસ**—અસલનાં વખતમાં ચીનમાં ધર્મ અને રાજકારોબાર ચાલુ હતો તે વેળા જેપાન સાથે ચીનાઓએ વેહવાર ચાલુ રાખ્યો હતો. પણ ૧૩ મી સદીમાં મોંગોલોએ ચીન સર કર્યું, અને જેપાનને તાબે કરવા ચાહ્યું ત્યારે જેપાનીજોએ ચીન સાથનો સંબંધ તોડી નાખ્યો હતો; પણ મોંગોલ વંશની સમાપ્તિ થતાં મીંગ વંશ ગાદીએ આવ્યું ત્યારથી જેપાનીજોએ ફરી ચીન સાથે સીધો વેપાર ચલાવવા માંડયો હતો.

દુનિયાની ઉત્પત્તિ અને પેહેલા મનુષ્ય માટે તેઓમાં એવી દંતકથા છે કે જ્યારે પૃથ્વી કે ગ્રહો, આસમાન કે સૂર્ય ઉત્પન્ન થએલાં નહોતાં, ત્યારે ઇશ્વર પોતાની મેળે ઉત્પન્ન થયો અને તેણે આકાશ બનાવી ત્યાં પોતાનું મથક કર્યું. તેને રાજ્ય કરવા ગમતું નહિ હતું તેથી ૮૦,૦૦,૦૦૦ દેવોને ઉત્પન્ન કર્યા અને તેમની સરદારી પોતાની વ્હાલી બેટી સૂર્યને ૨,૫૦,૦૦૦ વર્ષ વેર કરવાનું વરદાન આપ્યું. તેણીના અમલ પછી ૪ ઇશ્વરો ઉત્પન્ન થયા, અને તેઓએ ૨૦,૦૦,૦૦૦ વર્ષ વેર રાજ્ય કર્યું. તેમાંનો



છેલ્લો આ પૃથ્વી ઉપર આવી એક મનુષ્યરૂપી કન્યા સાથે પરણ્યો, જેને ત્યાં એક પુત્રની વૃદ્ધી થઇ જેના વંશજો હાલના જેપાનનાં મિકાડો છે.

આ સર્વ દેવતાઓમાં સર્વથી મ્હોટું માન સૂર્ય દેવીને આપે છે. તે એટલા સુધી કે મીકાડા અથવા બીજા દેવતાઓનીજ મારફતે જેપાનીજો તેની બંદગી કરી શકે છે. જેપાનીજોનો મ્હોટો ભાગ બુદ્ધને માને છે. આ ધર્મ જેપાનમાં ઇ. સ. ૬૦૦ માં હિંદુસ્તાન અથવા કોરિયાથી દાખલ થયો હતો.

જેપાનનું રાજ્ય ઇશ્વરનું હોવાથી આગલા શેહેનશાહને મીકાડો કહેતા અને તેને ઇશ્વરી અવતાર માની તેને રાજ્યનો તથા ધર્મનો વડો ગણતા. આગળ તેની ઇશ્વર તરીકેની પુંજા કરવામાં આવતી, અને તેને દેવતા માની મેહેલમાંથી બહાર નિકળે ત્યારે તેને પગે કદીજ ચાલવા દેતા નહિ. તેમજ તેના શરીરનો એકે એક ભાગ એટલો તો પવિત્ર ગણુતા કે બાલ તથા નખ પણ કદી કાઢવામાં આવતા નહિ. તેમજ તેને બામદાદમાં રાજ્ય ગાદી પર કેટલાક કલાક વેર સ્થિર હાલતમાં બેશી રહેવું પડતું, અને તે વેળા તેનાથી હાથ, પગ, કે માથું યા પાંપણ વટીક જરા હિલાવી શકાતી નહિ. પણ જો કમનશિબે કોઇ અવયવ હિલ્યો તો તે વર્ષે લડાઇ યા દુકાળ પડશે એમ માનતા. આથી કેટલાક મીકાડો કંટાળી આ ગાદીપરનો હક્ક વટીક છોડી નહાશી ગયા હતા; આથી તે પછી ગાદીપર તેનું તાજ મેળવાનો રેવાજ ચાલુ થયો. આ મીકાડો તરફથી સર્વ રાજકારોબાર રાજસભા ચલાવતી અને મીકાડો તો માત્ર એક પુંજા કરવાનોજ પાદશાહ ગણાતો.

૧૨મી સદીમાં આ ઇશ્વરી મીકાડોની સત્તા તુટી. તેના તાબેદાર શાહજાદા તેની સામે થયા અને મીકાડોને માત્ર પવિત્રાઇ તથા બીજા થોડા હક્ક સોંપી સઘળી સત્તા લશકરી સરદારોને હાથ કરી. તેઓમાં "ડકોસા" નામે એક કડીયારો શૂરવીરપણાથી આગળ વધ્યો હતો. તેણે પોતાના બળથી ધર્મ-ગુરૂનો અને રાજ્ય ચલાવનાર પ્રજાનો એવા બે પાદશાહી ભાગ કર્યા, તેમાં મીકાડોને માત્ર ધર્મનો પાદશાહ કીધો, અને પોતે રાજ્યકારોબાર ચલાવવા લાગો; જે ધારો આજ વેર ચાલુ છે.

જેપાનીજોમાં ૮ વર્ગ છે. ૧ લા વર્ગમાં શાહજાદા; ૨ જામાં ઉમરાવો; ૩જામાં સઘળી વર્ણના ધર્મગુરૂઓ; ૪ થામાં લશકરી સરદારો, તથા ઉમરાવો; ૫ તથા ૬ઠા વર્ગમાં વૈદો, સરકારી અમલદારો અને ધંધાદારીઓ; ૭મા વર્ગમાં છુટક વેપારી, નાહના દુકાનદાર અને રંગારી તથા ચિતારાઓ. અને ૮મા વર્ગમાં ખેડુત તથા મજુરો.

જેપાનના આગલા મીકાડો 'મસ્તુહીતો' નો જન્મ ૧૮૫૨માં કિયાટોના મેહેલમાં થયો હતો. તે ૧૮૭૬ના ફેબ્રુવારીમાં ગાદીનશીન થયો. તે દુનિયા સંબંધી કશું જ્ઞાન ધરાવતો નહિ હોવાથી, તે જલ્દીજ એકાંત વાસમાં જઇ રહ્યો હતો.

૧૮૬૮ સુધી જેપાનનાં શહેનશાહને ત્યાંની પ્રજા દેવતા તરીકે માન આપતી અને તેઓ દરબારમાં પોતાના અમલદારોને બોલાવતા તે વખતે પોતાનાં મ્હોપર બુરખો નાખતા, અને અમલદારો તખ્તથી ઘણે છેટે ઉભા રહેતા. એક વખત પહેરવામાં આવેલો લેબાશ શહેનશાહથી પાછો પહેરાય નહિ; તેમજ એક વખતમાં ખાવામાં આવેલો ખોરાક પાછો તેનાથી ખાવામાં લઇ શકાય નહિ. એવો વેહેમ ત્યાં ચાલતો.

હાલનો મીકાડો—શેહેનશાહ ૧૮૬૮ માં ગાદી નશીન થયો ત્યારે તેણે જૂદા જૂદા દેશનાં એલચીઓની મુલાકાત પોતાના મહેલમાં લીધી હતી. રાજદરબારમાં બેસનાર આ રાજા પહેલો હતો. તે નાહની ઉમરનો હતો તે વખતે તેણે દરબારમાં અમીરો સનમુખ એવાં સોગંદ લીધા હતા કે તે

પોતાની રૈયતનો એક ખરો રાજા થશે, વળી તેને એવું વચન આપ્યું હતું કે, રાજ્યને લગતા સર્વ સવાલોનો વિચાર ચલાવવા માટે એક સભા ઉભી કરવામાં આવશે, અને જુના વખતના અજ્ઞાનીથી ભરેલા રીવાજોને નાબુદ કરવાના જોઇતા ઉપાયો લેવામાં આવશે; તેણે તે ઉપરાંત એમ જણાવ્યું હતું કે "રાજ્યનો પાયો મજબુત નાખવા માટે વિદ્યા હુન્નરની શોધ આખી દુનિયામાંથી કરવી." રાજસભા બોલાવ્યા પછી તે કિયોટો શહેરથી ટોકયો ખાતે ગયો હતો. એ વખતે તે સુંન્નાની પાલખીમાં બેઠો હતો. આવી પાલખી ત્યાં માત્ર રાજવંશીઓજ વાપરી શકે છે. પણ સાધારણ પંકતીના માણસો માટે 'કાગા' નામની પાલખી વાપરવામાં આવે છે.

૧૮૬૯માં હાલનો શેહેનશાહ 'હરૂકો' નામની સ્ત્રી સાથે પરણ્યો હતો. આ સ્ત્રી 'ઇચી-જોદયફાડી' નામના એક મ્હોટા પદ્ધિ ધરાવનારા ઉમરાવની દિકરી છે. પરણવા આગમજ સ્ત્રી સાથે મ્હોબત બાંધવાની શેહેનશાહને તક આપવામાં આવે છે. રાજા પાંચ ઉમરાવજાદીઓમાંથી એકને પસંદ કરે છે, ને તેની સાથે પરણી બીજી ૧૧ ઉમરાવજાદીઓને પણ રાખી શકે છે, પણ પહેલી પટરાણી તરીકેનું પદ પામી તે સર્વોપરી હક્ક ભોગવી શકે છે, ત્યારે બાકીની ૧૧ જણીઓ તેનાથી ઉતરતો દરજ્જો ઉંચા હક્કો સાથે ભોગવે છે.

જેપાનમાં પ્રથમ ૧૮૭૦માં શેહેનશાહ તથા શેહેનશાહબાનુ જાહેર રસ્તા ઉપર સાથે જોવામાં આવ્યા હતા. તોપણ તેઓ જૂદી જૂદી ગાડીમાં બેઠા હતા. તેમાં રાણીની ગાડી શેહેનશાહની ગાડીની પાછળ દૂર ચાલતી હતી. ૧૮૯૦ના સાલમાં ત્યાંના રાજ્ય કુટુંબમાં સુધારાનો પગપેસારો એટલો બધો થયો હતો કે શેહેનશાહ અને તેની બાનુ એકજ ગાડીમાં સાથે બેઠેલાં જોવામાં આવ્યાં હતાં અને પ્રજાની ખુશહાલીને નમન કર્યું હતું.

શેહેનશાહ પોતાના મેહેલમાં કેવી રીતે જીંદગી ગુજારે છે તે ઝાઝું જણાયું નથી. તેની બાનુઓ માટે મેહેલમાં કુશાદે જગ્યા આપવામાં આવે છે. જયાં તેઓ ભારે દમામ સાથે વસે છે.

**જેપાનીજોની પ્રેત સંસ્કારની** રીત.—તેઓ પ્રેતને ઘણું કરી બાળે છે, અને કોઇજ દાટે છે. બાળવું હોય તો શબને એક નાહનાં લાકડાનાં પીપમાં સીકડી બેસાડે છે, અને દાટવું હોય તો મટોડીની બરણીમાં દાબીને બેસાડે છે. તે બેસાડવાની જગ્યા એટલી તો સંકોચિત હોય છે કે તે પ્રેતને માહે પુરવા ઘણી મેહેનત પડે છે. તે પ્રેતને માહે બેસાડયા પછી તેનીપર ઢાંકણું વાલે છે અને પછી તે પાત્રને પાલખીમાં બેસાડી સ્મશાનમાં લઇ જાય છે. સ્મશાનમાં ઇમારત બાંધેલી હોય છે, અને તેમાં જોગવાઇ મુજબ બબે, ત્રણત્રણ, લાકડાંની ચિત્તા તૈયાર કરી રાખેલી હોય છે. તે ચિત્તાપર માનથી પેલું પીપ મેળી તેનીપર ચટાઇઓ ઢાંકે છે, પછી તેને સળગાવી દે છે. આ ચિત્તા દરેક જૂદા જૂદા ઓરડામાં હોય છે, અને શબ બાળતી વેળા તે ઓરડાનું બારણું બંધ કરી લેવામાં આવે છે; ત્યારે ધુમાડો ધુમાડીયા વાટે નિકળી જાય છે. ત્રીજે દિને સગાવાહલાં રાખ જોવા તે જગે જાય છે. તેઓ તેનાં દાંત અને પીઠના કરાડાનાં હાડકાને એકઠાં કરી તેને એક પેટીમાં બંધ કરી તેના જન્મ ઘેરમાં મોકલે છે; અને ત્યાં તેની પેટીને દેવતાની સામેની અભરાઇપર મેળે છે. દાંત વગરના વૃદ્ધ મનુષ્યો પોતાનાં પડેલા દાંત એકઠા કરી રાખે છે કે જે મરણ પછી તેની યોગ્ય જગાએ રાખ સાથે મેલવા કામ આવે છે.

જેપાનમાં ઉદ્યોગ **હૂન્નર—વેપારનો** ફેલાવો ભારે છે.—જેપાનમાં માફકસરનાં





મ્હોટા પાયાપર ચાલતા જૂદા જૂદા ઉદ્યોગનાં '૨૭૬૭' ખાતાંઓ અને કારખાનાં છે. ૪૯૩ સ્તીમથી, ૨૪૭ પાણીના; જેઓમાંના ૨૪૭ પાણી અને સ્તીમના ભેગા બળથી અને બાકીનાં ૧૭૮૦માં હાથે કામ લેવામાં આવે છે.

ઉપલા ૨૭૬૭ ખાતાઓમાંના ૨૮૫ દરેક ૧૦૮૦૦ પોંડથી વધુની, ૨૨૭ દરેક ૫૦૦૦ પોંડની અને ૧૧૬૪ દરેક ૧૦૦૦ પોંડની થાપણ સાથે કામ કરે છે. જ્યારે ૧૦૦ પોંડની ઓછી થાપણવાળા કારખાનાઓની સંખ્યા ૧૨૧૮ ની છે.

આ દેશની ૪૯ કોલસાની ખાણોમાંની દરેક દર વર્ષે ૧૦૦૦૦ ટન કોલસો ઉત્પન્ન કરે છે. વળી આ દેશમાં લોખંડની સારી ખાણો હાથ લાગી છે. જેમાંથી ઇંગલીશ જેવું સારૂં સ્તીલ તથા પીગ-આયર્ન બનાવવામાં આવે છે. એક કંપની રેલ્વે અસબાબ, રેલ્વે ગાડીઓ અને એનજીનો વઠીક બનાવેછે.

હૂન્નર ઉદ્યોગનાં કારખાનાં ચલાવવા માટે પાણીનાં બળનો જેપાનમાં 'ઓસ્કા' શેહેરમાં વિશેસ ઉપયોગ થાય છે. આ બળથી કરીને ૧૫૦૦૦ હૉર્સ પાવર જેટલું કામ લેવામાં આવે છે.

જેપાનીજ બનાવટનો રેસમી માલ માટે 'ફુકુઇ' શેહેર જાણીતું છે. ત્યાં ૧૫૦૦૦ લુમો ઉપર જેપાનીજ સ્ત્રીઓ દિવસના ૧૨ થી ૧૪ કલાક કામ કરે છે. અને તેઓ દરેક એક માસમાં ૫ થી ૬ તાકા બનાવી શકે છે.

નાહના મ્હોટાં ઘડીયાલ બનાવવાનો ઉદ્યોગ જેપાનમાં ઘણો આગળ વધ્યો છે. એખલા ઓસ્કા શેહેરમાં ઘડીયાળ બનાવવાનાં ૩ કારખાનાં છે.

૧૮૯૬માં જેપાને ૩,૧૫,૪૩૧૯૫ પોંડની કિંમતનો વેપાર કીધો હતો. જેમાં ૧,૮૭,૭૬,૮૯૬ પોંડની કિંમતનો આયાત અને ૧,૨૭,૬૬,૨૯૯ પોંડનો નિકાશ વેપાર હતો. સને ૧૯૦૩માં આયાત વેપાર-૨,૭૭,૫૦,૦૦૦ પોંડનો ને નિકાશ વેપાર-૨,૬૨,૫૦,૦૦૦ પોંડનો હતો. નવી રેલ્વે, બેંકો, તથા જૉઇંત સ્ટોક કંપનીઓ વગેરે જૂદા જૂદા ઉદ્યોગમાં જેપાને એજ વર્ષમાં ૯,૩૯,૬૪,૯૫,૦૦૦ ડાલરની થાપણ રોકેલી હતી આ દેશના આયાત વેપારમાં સર્વથી વધુ રૂ, અને રૂની બનાવટોની આયાતનો હતો. જેપાનમાંથી આયાત જકાત કાઢી નાખવાથી તેમજ ત્યાંની સૂતર કાપડની મીલો ફતેહમંદ રીતે ચાલતી હોવાથી રૂની આયાતને ઉત્તેજન મળતું રહે છે, અને તેથી રૂની મ્હોટી ખરીદી કરે છે. ૧૮૯૬ માં ત્યાંની ૬૧ મીલોમાં ૨૧,૦૦,૦૦,૦૦,૦ રતલ રૂ ખપ્યો હતો, જેમાં ફકત ૧૩,૫૬,૮૧૨ રતલ જેપાનીજ ઉત્પંતિનો રૂ હતો, જ્યારે બાકીનો હિંદી, ચીનાઇ, તથા અમેરિકન હતો અને તેમાં વળી સર્વથી વધુ યાને ૧૩,૦૦,૦૦,૦૦૦ રતલ રૂ હિંદુસ્તાનનો હતો. આ દેશનું કર્જ ઇ. સ. ૧૯૦૩ માં ૫,૫૨,૦૦૦૦૦ પોંડનું હતું. એના જમીન ઉપરનાં લશકરનો ખર્ચ ૩૭૦૦૦૦૦ પોંડનો ને દરિયાઇ લશકરનો ખર્ચ ૨૮,૮૫,૦૦૦ પોંડનો ચાલુ થનો હતો. એના ખુશકી લશકરમાં ૨૬૫૦ તોપો ને દરિયાઇ લશકરમાં ૧૨૨૦ તોપો હતી.

**જેપાન દેશમાં કેળવણીનો પ્રસાર**—* એશિયા ખંડમાં ટુંક મુદત દરમ્યાન સુધારા વધારામાં જેપાન દેશ જે વધીને આજે યૂરપીયન દેશો સાથે હરીફાઇમાં ખડું છે, તે બધા સુધારાનું મૂળ સંગીન કેળવણીની પધ્ધતિ છે. ત્યાંના રાજ્યતંત્રીઓના અધિકાર નીચે ૧૦ ખાતાં છે, તેમાંનું એક કેળવણી ખાતું છે. આ ખાતું ૩ મુખ્ય અધિકારિઓ, કેટલાક જાણીતા વિદ્વાનો, અને એક પ્રધાન ચલાવે છે. પ્રધાનને એ મંડળનો પ્રમુખ નેમવામાં આવે છે. તેના હાથ નિચે ૪ ઉપમંત્રિ, ૮ સલાહકારો અને ૯ ઇન્સ્પેક્ટરો હોય છે. ઉંચા પ્રકારની કેળવણી એટલે કૉલેજોમાં અપાતી કેળવણી એ મંડળીના અધિકાર નીચે છે. એ મંડળીમાં ૮

* ગુજરાતી શાળા પત્ર આધારે.

વિદ્વાનો હોય છે. શાળાઓનું આરોગ્ય તપાસનારૂં એક બીજું મંડળ હોય છે, તેમાં ૮ ગ્રહસ્થો હોય છે.

૧—ખાસ કેળવણીનો અધિકારી–એને વિદ્યાની પ્રાપ્તિ સૂચવનારી પદ્વિ ( ડિગ્રી ) આપવાની તેમજ વિદ્યાર્થીઓને વિદ્યા સંપાદન કરવા માટે પરદેશ મોકલવાની સત્તા હોય છે. યુનિવર્સિટિઓ, હાઇસ્કૂલો, ખાસ સ્કૂલો, પુસ્તકાલયો, સંગ્રહસ્થાનો, ખગોળ અને વાયુચક્રશાસ્ત્રનાં વેધ સ્થળો, ભૂસ્તર વિદ્યા અને ધરતિકંપ વિષે શોધ ચલાવનારી શાખાઓ, ટોકિઓનું મહા વિદ્યાલય અને વિદ્યાના વિષયમાં શોધ કરનારૂં મંડળ એ સર્વે આ પહેલા અધિકારીની સત્તા નીચે છે.

૨—સામાન્ય કેળવણીનો અધિકાર અને ટ્રેનિંગ સ્કૂલો, માધ્યમિક સ્કૂલો, સાધારણ શાળા, કિન્ડર્ગાર્ટન સ્કૂલો, ઉંચી સ્ત્રી શાળાઓ, આંધળા ને મુગાની શાળાઓ, કેળવણીનાં સંગ્રહસ્થાનો અને સાધારણ કેળવણીનાં મંડળો ઉપર અધિકાર હોય છે.

૩—યાંત્રિક કેળવણીનો અધિકારી.–એને શિલ્પ શાળાઓ, ખેતીની શાળાઓ, ઔદ્યોગિક શાળાઓ,, દરિયાઇ વ્યાપારની કેળવણીની નિશાળો, યાંત્રિક કેળવણીની નિશાળો અને શિલ્પ શાળાના શિક્ષકોને કેળવવાના ટ્રેનિંગ સ્કૂલો ઉપર સત્તા હોય છે.

જેપાનમાં કિન્ડરગાર્ટનનું શિક્ષણ શ્રીમંતોનાં બાળકોનેજ આપવામાં આવેછે. સાધારણ પ્રાથમિક શાળાનો અભ્યાસ ક્રમ ૪ વર્ષનો છે. આ શાળામાં અભ્યાસ થઇ રહ્યા પછી ઉંચી પ્રાથમિક શાળામાં દાખલ થાય છે. ત્યાંનો અભ્યાસ બે વર્ષ પોંહોંચે છે. આ ઉંચી પ્રાથમિક શાળાઓ બે પ્રકારની છે. માધ્યમિક શાળા માટે તૈઆર કરનારી, અને પ્રાથમિક કેળવણીજ જેમને લેવી હોય અને આગળ અભ્યાસ ન કરવો હોય તેમને માટેની પેહેલીમાં અભ્યાસ ક્રમ બે વર્ષનો છે અને બીજીમાં ૪ વર્ષનો છે. અત્રે સુધી પ્રાથમિક કેળવણી ફરજીઆત છે, અને છોકરાંની ઉમ્મર ૬થી૧૪ વર્ષ સુધીની હોયછે. આટલી પણ કેળવણી પોતાના બાળકોને નહિ આપી શકનાર ગરીબ માબાપોને ચોકસ [illegible]ડળી પોતે ખર્ચ પુરો પાડે છે.

પ્રાથમિક શાળાની ફરજીઆત કેળવણી પુરી થયા પછી તરતજ માધમિક શાળા ( અભ્યાસ ક્રમ પાંચ વર્ષનો ), સ્ત્રીઓ માટે ઉંચી શાળા ( અભ્યાસ ક્રમ ૪ વર્ષનો ) અને ટ્રેનિંગ સ્કૂલો ( જ્યાં છોકરાઓનો અભ્યાસ ક્રમ ૪ વર્ષનો અને છોકરીઓને ૩ વર્ષનો હોય છે ) ની કેળવણી શરૂ થાય છે. અમુક ઉમ્મર સુધી છોકરાં અને છોકરીને સાથે કેળવણી અપાય છે અને ત્યાર પછી તેમને માટે જૂદી જૂદી શાળાઓ હોય છે. ઉંચા પ્રકારની કેળવણીમાં નીચેની શાળાઓનો સમાવેશ થાય છે :—

યુનિવર્સીટિની કેળવણી માટે તૈઆર કરનારી હાઇ સ્કૂલો (અભ્યાસ ક્રમ ૩ વર્ષનો), જેમને આગળ અભ્યાસ ન કરવો હોય તેમને માટેની હાઇ સ્કૂલો ( ૪ વર્ષના અભ્યાસ ક્રમ વાળી ), ઉંચા પ્રકારની ટ્રેનિંગ સ્કૂલો (છોકરાનો અભ્યાસ ક્રમ ૪ અને છોકરીઓને ૩ વર્ષનો), અને સ્ત્રીઓ માટે કૉલેજો. આ પછી યુનિવર્સિટિ કૉલેજમાં ૩–૪ વર્ષ અભ્યાસ કરી ફત્હેમંદ થાય તેને કાયદા, સાહિત્ય, કે વિદ્યાનાં વિષયમાં 'ગ્રૅજ્યુએટ'ની પદ્વિ મળે છે. જેપાનમાં ગ્રૅજ્યુએટને 'ગકુક્ષિ' કહે છે. યુનિવર્સિટિ હૉલમાં છેવટે પાંચ વર્ષ અભ્યાસ કરવાથી 'ગકુક્ષિ'ને 'હકુક્ષિ'ની અતિ માન્ય પદ્વિ મળે છે.

ઉપર મુજબ જેપાનમાં પ્રાથમિક શાળાનો અભ્યાસ ક્રમ ૪ વર્ષનો, માધ્યમિક શાળાનો પાંચ વર્ષનો અને હાઇસ્કૂલનો ૩ કે ૪ વર્ષનો હોય છે. આસ્કૂલોમાં નીચે લખેલા વિષયો શિખવવામાં આવેછે:—

નીતિનાં પાઠો.
જાપાનીજ ચાઇનીજ ભાષા.
ઇતિહાસ.



ગણિત શાસ્ત્ર (અંકગણિત, અક્ષરગણિત, ભૂમિતિ અને ત્રિકોણમિતિ.)
પર ભાષાઓ.
ખેતીવાડી.
ભૂગોળ.
પ્રાણિ વિજ્ઞાન.
વનસ્પતિ વિજ્ઞાન.
પદાર્થ વિજ્ઞાન.
રસાયન શાસ્ત્ર.
જાપાનીજ અને ચાઇનીજ લેખનકળા.
ચિત્ર કામ.
ગાયન.
દેશિ હિસાબ.
કસરતશાળા.

ટોકિયોની યુનિવર્સિટીમાં ૬ કૉલેજો છે, તેમાંની ખેતીની કૉલેજ સિવાયની બધી એકજ જગે છે. આખી યુનિવર્સિટિનો ૧ પ્રમુખ હોય છે તેમજ દરેક કૉલેજપર એક ડિરેક્ટર હોય છે, કૉલેજોમાં એક કાયદાની કૉલેજ, બીજી વૈદકશાસ્ત્રની કૉલેજ, ત્રીજી ઇજનેરી કૉલેજ, ચોથી સાહિત્ય કૉલેજ, પાંચમી વિદ્યા કૉલેજ અને છઠ્ઠી ખેતીની કૉલેજ છે. એમાં પેહેલી બેનો અભ્યાસ ક્રમ ૪ વર્ષનો અને બાકીનાનો ૩ વર્ષનો છે.

જાપાનમાં બે યુનિવર્સિટી છે, એક ટોકીઓની અને બીજી કાયોટોની. બંને શીખવવાનું અને પરીક્ષા લેવાનું કામ બજાવે છે. પેહેલામાં આસરે ૩૦૦ અને બીજીમાં ૧૮૦ પ્રોફેસરો રહે છે. યુનીવરસિટિમાં સાહિત્ય, કાયદા, 'વૈદકશાસ્ત્ર', ઇજનેરી કળા અને વિદ્યા પર દેખરેખ રાખી વ્યવસ્થા કરનારી મંડળીઓ છે. પ્રોફેસરો ઘણે ભાગે જાપાનીસો છે, અને તેઓએ પોતાના વિષયોમાં જર્મની, ફ્રાન્સ, ઑસ્ટ્રિયા કે અમેરિકામાં અભ્યાસ કરી ઉંચી પદ્વિ મેળવેલી હોય છે. કેટલાક પ્રોફેસરો યૂરપીયન અને અમેરિકનો પણ હોય છે, પણ બધા પ્રોફેસરો જુવાન, ચપળ, આગળ જતાં અતિ કુશળ નીવડે એવાજ રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને ફ્રેન્ચ કે જર્મન શીખવું પડે છે.

હિંદુસ્તાનનાં વિદ્યાર્થીઓ માટે જાપાનમાં ખાસ ગોઠવણ છે. તેમના લાભને માટે ઇંગ્રેજીમાં ભાષણો અપાય છે અને ત્યાંની ટેકનિકલ કૉલેજમાં પાસ થાય તે હિંદુસ્તાનના વિદ્યાર્થીઓને જાપાનના વિદ્યાર્થીઓના જેટલોજ હક મળે છે.

સ્ત્રીઓ માટેની જાપાનમાં પ્રથમ યુનિવર્સિટી મી૦ નરૂસના પરમાર્થિક પરિશ્રમથી થઇ છે. તેણે અમેરિકામાં જઇ ત્યાં સ્ત્રીઓને કેવું શિક્ષણ અપાય છે તે જોયું. જાપાન પાછો આવ્યા પછી તેણે લોકોનાં મન પર સ્ત્રી કેળવણીની અગત્ય ઠસાવી અને જૂના વિરૂદ્ધ વિચાર તેમના મનમાંથી કાઢી નાંખ્યા.

સ્ત્રીઓની યુનિવર્સિટિ વ્યવસ્થાપક મંડળમાં ૪૬ સભાસદો છે, તેમાં કેટલીક સ્ત્રીઓ પણ છે. અભ્યાસ ક્રમમાં ૩ વિષયો છે, ૧—ગૃહવ્યવસ્થા શાસ્ત્ર, ૨—જાપાનીસ સાહિત્ય અને ૩—ઇંગ્રેજી સાહિત્ય. દરેક વિષયમાં અઠવાડીક ૨૧ કલાકનો અભ્યાસ અવસ્યક છે અને ૭ કલાકનો અભ્યાસ ઐચ્છિક છે. સ્કુલનું કામ દરરોજ સવારે ૮ થી ૧૨ વાગા સુધી અને કેટલાક વર્ગને બપોરે ૧ વાગાથી ૪ વાગતા સુધી ચાલે છે. પહેલા વિષયની બાબતમાં ઘણો વખત ગૃહવ્યવસ્થાની અનુભવિક કેળવણી આપવામાં જાય છે. નીતિ શાસ્ત્ર, માણસ શાસ્ત્ર અને બાળકની પ્રકૃતિનો અભ્યાસ આવસ્યક છે. અને ચિત્ર કામ, ગાયન કળા અને શિક્ષણ પદ્ધતિનો અભ્યાસ મરજી ઉપર છે.

**જેફરસનથૅામસ**—યૂનાઇટેડ સ્ટેટનો આં ૩ જા પ્રેસીડંટનો જન્મ વરજીન્યામાંના શાડવેલ ખાતે ૧૭૪૩ની ૧૩ મી એપ્રેલે થયો. એનો પિતા પીટર જેફરસન એક વેલ્સમેન હતો. એને વિલ્યમ અને મેરી કોલેજમાં શિક્ષણ લઈ ૧૭૬૭ માં કાયદા શાસ્ત્રી

તરીકે કામ બજાવવા લાગો. ૧૭૬૯ માં એ હૌસ ઑાવ બરગસીસમાં ડેલીગેટ નેમાયો. ૧૭૭૫ માં ફિલાડેલ્ફીયા ખાતે ભરાયલી બીજી કૉંગ્રેસમાં સભાસદ થયો. ફરી ૧૭૭૬ માં પણ કૉંગ્રેસમાં ચુંટાઇ દાખલ થયો ને પ્રમુખપદ પામ્યો. ફરી ૧૭૮૩ માં કૉંગ્રેસમાં દાખલ થયો હતો. ૧૭૮૪ માં ફ્રેંકલીન તથા એડમ્સ સાથે જઇ એણે પૃશિયા તથા મોરક્કો સાથે કોલકરાર કરી નવો સંબંધ જોડયો. બીજે વર્ષે એ ફ્રાન્સમાં એલચી તરીકે ગયો. ૧૭૮૯ માં વૉશિંગટને એને સેક્રેટરી ઑાવ સ્ટેટ તરીકે નેમ્યો, પણ ૧૭૯૦ ના માર્ચ સુધી એણે તેનો અખત્યાર લીધો નહોતો. પણ ૧૭૯૪ ની ૧ લી જુનથી જેફરસને જાહેર જીંદગીમાંથી દૂર થઈ પોતાની જમીનો પર દેખરેખ રાખવાનું તથા અભ્યાસ પર લક્ષ લગાડવાનું શરૂ કર્યું. પણ ૧૭૯૭ માં એને વાઇસ પ્રેસીડંટ તરીકે ફરી નેમવામાં આવ્યો અને ૧૮૦૧માં ખુદ પ્રેસીડન્ટ થયો. એના આઠ વર્ષના પ્રમુખપદ દરમ્યાન એની ટોળી ઘણી ચઢતી કળાએ પોંહચી હતી; પણ ૧૮૦૯માં લગભગ ૪૦ વર્ષ સુધીની લાગટ રાજદ્વારી જીંદગીથી એકદમ દૂર થયો અને પોતાનું લક્ષ ખેતીવાડી પર રોકયું. આ એકાંત જીંદગી દરમ્યાન કેળવણી ખાતાંપર મુખ્ય લક્ષ આપી ઘણોક સુધારો કરાવ્યો હતો. મરણ ૧૮૨૬ માં ૪થી જુને નિપજ્યું.

**જેફ્લ.**—આ સ્વિડીશ શેહેર ઓસેનિયાના અખાત પર છે. ૧૮૬૯ માં લાગેલી આગથી નાશ પામતાં ફરી બાંધવામાં આવ્યું છે. અત્રે કિલ્લો, વહાણ બાંધવાની ગોદી, રેશમી કાપડ સૂતરની મીલો, તંબાકુ વિગેરેનાં કારખાનાં છે. સ્વિડનનાં વેપારી શેહેરમાં આ ૩ જા દરજાનું શેહેર છે. અત્રેનો નિકાશ વેપાર ઇમારતી લાકડું, તાર, લોઢું ને આયાત વેપાર ધાન્ય, નીમકનો ચાલે છે. ૧૮૭૪ માં લોક વસ્તી ૧૬૭૮૭ ની ને ૧૮૯૧ માં ૨૪૩૩૭ ની હતી.

**જેબીલ ઇમેન્યૂઅલ વૅાન**—આ જાણીતા જર્મન કવિનો જન્મ લ્યૂબેકમાં ૧૮૧૫-૧૮ અકટોબરે થયો હતો. બોનમાં પ્રથમ અભ્યાસ કરી એ બર્લીન જઇ વસ્યો અને તે વખતના જાણીતા કવિઓના મંડળમાં ભેળાયો. ૧૭૩૮ માં એ અથેન્સ તરફ રશિયન એલચીના કુટુંબમાં શિક્ષક તરીકે નેમાયો; ત્યાંથી બે વર્ષ બાદ એ લ્યૂબેક ગયો ને ત્યાં ઇટાલ્યન તથા સ્પેનિશ સાહિત્યનો અભ્યાસ કરવા માંડયો. ૧૮૪૩ થી એને પૃશિયન સરકાર તરફથી વાર્ષિક પેનશન મળવા લાગ્યું; તે પછી એણે સેંટ જ્યૉર્જ, હૅનોવર તથા બર્લીનમાં વસવા માંડયું. ૧૮૫૩થી એ મ્યૂનિચની પાઠશાળામાં બવેરીયાનાં રાજા તરફથી એશિયાટિકનો પ્રોફેસર થયો હતો. આ ઓદ્ધાપર એ ૧૮૬૮ સુધી હતો. એનું મરણ ૧૮૮૪ માં ૬ ઠી એપ્રેલે નિપજ્યું હતું. એની રચેલી કવિતાઓ ચાલુ જમાનામાં જર્મનીમાં ઘણી વખણાય છે.

**જેમ્સ**—પ્રાચીન કાળમાં પ્રથમ ખ્રિસ્તી દેવળો બાંધવામાં જેઓએ મુખ્ય ભાગ લીધો હતો તેમાં ૩ જેમ્સ જાણીતા થઇ ગયા છે.

૧—જેમ્સ ધી એલડર. એ 'ઝેબીડ' નામે એક માછીમારનો પુત્ર અને સેંટ જૉનનો ભાઇ હતો. એ ૧૨ દુતમાંનો એક હતો. એ સેંટ જેમ્સ તરીકે પ્રસિદ્ધતા પામ્યો છે. એનું મરણ ઇ. સ. ૪૪ માં હેરોડ એગ્રીપાની તલવારથી નિપજ્યું હતું. એનો વાર્ષિક દિવસ જુલૈની ૨૫ મીએ આવે છે; અને ગ્રીક પંથીઓ ૩૦ મી એપ્રેલનો દિવસ માને છે. એણે સ્પેન તરફ મુસાફરી કરી હતી. એની માતા મેરી અથવા 'સાલોન' ને નામે જાણીતી થઇ હતી, અને તે ખ્રાઇસ્તની માતા સાથે સગપણ ધરાવતી હતી.



(૨) નાહનો જેમ્સ. અલફીયસનો પુત્ર. એ પણ એક 'સેન્ટ' તરીકે માન પામ્યો છે. એનો વાર્ષિક દિવસ ગ્રીક ચર્ચમાં ૯મી અકટોંબરે પકડે છે.

(૩) સેંટ જેમ્સ. એનું મરણ ઇ. સ. ૬૨ માં નિપજ્યું હતું. એનો વાર્ષીક દિવસ ૨૩ મી અકટોંબરે પડે છે.

**૧ લો જેમ્સ**—સ્કૅાટલંડનો રાજા. એ ૩ જા રૅાબર્ટનો બેટો હતો. જનમ ઇ. સ. ૧૩૯૪ માં ડનફર્મલીનમાં થયો હતો. સેંટ એન્ડ્રુના બીશપ વૉર્ડલૉના શિક્ષણ તળે એણે કેળવણી લીધી હતી. એનો વડો ભાઇ ડયૂક ઑાવ રૅાન્સવે, ફાલ્કલેંડમાં મરણ પામ્યો હતો. એ ૧૪૦૬ થી ૧૪૩૭ વેર સ્કૅાટલંડના રાજા તરીકે પદ પામ્યો હતો. પણ ૧૪૦૫ માં એને ફ્રાન્સ ખાતે મોકલવામાં આવ્યો હતો, તેટલામાં એને ઇંગલંડના ૪ થા હેન્રિએ કેદ કરી ૧૮ વર્ષ વેર નજર કેદ રાખ્યો હતો; પણ ૧૪૨૪ માં એ છુટકો પામી ખરી રીતે રાજ્યભિષેક પામ્યો હતો. છુટકો કરતી વેળા એના પાછળ થએલા ખર્ચના ૪૦,૦૦૦ પૌંડ સ્કૅાટલંડ તરફથી ઇંગલેંડને આપવા પડયા હતા. એનાં લગ્ન અર્લઑાવ સોમરસેટની બેટી જેન લ્યૂફોર્ટ સાથે ૧૪૨૪ માં ૧૨ મી ફેબ્રુવારીએ થયાં હતા. એનું ખૂન ૧૪૩૭ માં ૨૧ મી ફેબ્રુવારીએ રાજદ્વારી પ્રપંચને લીધે થયું હતું.

**જેમ્સ ૨ જો**—આ સ્કૅાટલંડનો રાજા પોતાના પિતાના ખૂન વેળા માત્ર ૬ વર્ષનો હતો. આથી એની માતાએ એડીનબર્ગના કિલ્લામાં જઇ આશ્રય લીધો. પણ તે કિલ્લાનો ઉપરી સર વિલ્યમ ક્રિસ્ટોન જે 'ચેનસેલર' હતો તેણે રાણીને શાહજાદા ઉપરથી હક્ક તજવાની ફરજ પાડી. આથી રાણી સ્ટરલીંગના કિલ્લામાં જઇ ભરાઇ. પણ ક્રિસ્ટોને તેને કેદ કરી તાબે લીધી, અને રાજા ઉપરનો તેનો હક્ક તજાવી ૧૪૪૯ માં જેમ્સને રાજ્યભિષેક કીધો. ત્યાં સુધી લિવીંગસ્ટોનને ક્રિસ્ટોન રાજ્ય કારોબાર ચલાવતા હતા, પણ જેમ્સ રાજા પોતાના વયમાં આવતાં લિવીંગસ્ટોનને તેની માતા તરફ ચલાવેલી ક્રૂર વર્તણુક માટે તેને સજા કરી હતી. ૧૪૪૯માં જેમ્સ આરનોલ્ડ નામની ઉમરાવ બાનું સાથે પરણ્યો હતો ૧૪૬૦માં રોકસબર્ગનો કિલ્લો ઇંગલીશો પાસેથી જીતી લેતાં લડાઇમાં માર્યો ગયો હતો.

**જેમ્સ ૩ જો**—આ સ્કૅાટલંડના રાજાનો જન્મ ઇ. સ. ૧૪૫૨માં થયો હતો. ૧૪૬૦માં એ ગાદીનશીન થયો. એ બાળવયનો હોવાથી એની તરફથી એની માતા તથા સેંટ એન્ડ્રુનો બીશપ કૅાન્સીલર નેમાયા હતા. આ રાજા ગાયન કળા, ગણિત શાસ્ત્ર, તથા હૂન્નર મંદીમાં કુશળ તથા વિદ્વાન હતો, પણ તે વખતના સ્કૅાટલંડના અસ્વસ્થ હાલત તરફ જોતાં રાજ્ય કરવાની કુન્હે જેમ્સમાં નહોતી. જેમ્સ મોજીલો હોવાથી એ પોતાનો ઘણો ખરો વખત હૂન્નરમંદો, ચિતારા અને ગાયનકારોની સોહબતમાં ગુજારતો હતો. પણ એના રાજ્યમાં ઉઠેલા બળવા દરમ્યાન એનું મ્હોત ૧૪૮૮માં ૧૮મી જુને નિપજ્યું હતું.

**જેમ્સ ૪ થો**—આ સ્કૅાટલંડના રાજાનો જન્મ ૧૪૭૩ માં થયો હતો. જયારે એનો પિતા બળવામાં માર્યો ગયો ત્યારે એ ૧૭ વર્ષનો હતો, તેમજ એને બળવા ખોરોએ પોતાનાં એક હથિયાર તરીકે આગેવાન બનાવ્યો હતો; પણ એણે બળવો સમાધાનીપર આણી દેશમાં વિદ્યા હૂન્નરનો વધારો કરવા ઉપર તથા ખેતીવાડીના સુધારાપર લક્ષ આપ્યું હતું. ૧૫૦૭ માં જેમ્સ ૭ માં હેન્રિની બેટી માર્ગરેટ સાથે પરણ્યો, જેમ્સે પોતાની ચાલાકી તથા બાહોશીથી પરદેશી રાજ્યો વચ્ચે દોસ્તીનો ગાંઠ મજબુત કર્યો હતો. એણે ફ્રાન્સની મદદમાં રહી ઇંગલંડપર ચઢાઇ કરતાં ફ્લોડન ફીલ્ડની લડાઈમાં એ ઇ.સ. ૧૫૧૩ માં માર્યો ગયો હતો, અને તેમાં ઘણાક અમીરો પણ માર્યા ગયા હતા.

**જેમ્સ ૫ મો**—આ સ્કૉટલંડના રાજાનો જન્મ ઇ.સ. ૧૫૧૨માં થયો હતો. ૧૫૧૩માં ૪થો જેમ્સ માર્યો જતાં એ ગાદીવારિસ ઠર્યો, તે વેળા એની માતા રાજ્ય કારોબાર ચલાવવા લાગી. તેણે ૮ માસ પછી એક બીજા પુત્રનો જન્મ આપ્યો જે ૪ માસનો થઈ મરણ પામ્યો. આથી રાણી ડગલાસ કુટુંબના વડા અર્લ ઑવ એંજ્યૂ સાથે પરણવાથી રાજા ઉપરની તેની સત્તા પડી ભાગી, અને ડ્યુક ઑવ આલબની રાજ્ય કારોબારી વડો થયો. ૧૭ વર્ષની વયે એ રાજ્યાસન પર બેઠો. એનાં લગ્ન મેરી ઑવ લોરેની સાથે થયાં અને ત્યાં મેરીસ્ટુઅર્ટનો જન્મ થયો હતો (સ્કૉટલંડની રાણી મેરી). જેમ્સે ૧૫૨૮ માં રાજ્ય ગાદીનો પૂર્ણ એખ્તયાર લેતાં રાજ્ય ધોરણ મજબુત હાથે ચલાવવા માંડ્યું. ૧૫૩૬ માં જેમ્સે ફ્રાન્સ તરફ મુસાફરી કરી હતી. ૧૫૪૧ માં ૮ માં હેન્રિએ જેમ્સને યૉર્ક ખાતે મુલાકાતે તેડ્યો; ને પોતે તેની વાટ જોતો ૬ દિવસ વેર થોભ્યો પણ જેમ્સ હેન્રિનો ઉદ્ધત સ્વભાવ જાણતો હોવાથી તેની મુલાકાતે નહિ ગયો; આથી ૧૫૪૨ માં ૩૦,૦૦૦ સૈન્ય સાથે ડ્યુક ઑવ નૉરફોલ્કે સ્કૉટલંડ પર ચઢાઇ કરી; પણ તેટલાંમાં જેમ્સ ૧૩ મી ડીસેંબર ૧૫૪૨ માં ૩૧ વર્ષની વયે મરણ પામ્યો.

**જેમ્સ ૧ લો**—આ ઈંગલંડનો ૧ લો જેમ્સ તથા સ્કૉટલંડનો ૬ ઠો જેમ્સ રાજા તરીકે પ્રસિદ્ધતા પામ્યો છે. એ મેરી ક્વિન ઑવ સ્કૉટલંડનો પુત્ર હતો. એનો જન્મ ૧૫૬૬ માં ૧૯ મી જુને એડીનબર્ગ કેસ્ટલમાં થયો હતો. મેરી રાણીના મોતબાદ ને ઇલીઝાબેથના લાંબા રાજ્ય અમલ ને તેના મરણ પછી જેમ્સ ઇ. સ. ૧૬૦૩ માં ઈંગલંડની ગાદીએ આવ્યો. એ ભણેલો છતાં, ગર્વીષ્ટ, પતરાજીખોર અને બેઢંગી રીતભાત વાલો હતો. એને રાજ્યભિષેક ઇ. સ. ૧૬૦૩ નાં જુલૈમાં ૨૫ મીએ વેસ્ટમિન્સટરનાં દેવળમાં થયો. આ વર્ષમાં ઈંગલંડમાં મર્કી ફેલાયલી હોવાથી પાર્લામેંટની સભા ભરાઇ નહોતી. આ વેળા પ્રજામાં ૩ પક્ષ પડ્યા હતાં. ૧–ઇપિસકોપિલીયન, ૨–પ્યુરીટન, અને રોમન કેથોલિક, આ બે વિભાગ ધર્મ સંબંધી મત ઉપરથી થયાં હતા. ધર્મ સંમાજનો ચાલતો સંપ્રદાય ચાલુ રાખવો એ અભિપ્રાય વાળાને ઇપિસ્કોપીલીયન કહેતા. એમાં સુધારો કરવાને સઘળા ઉપાધ્યા એક પદ્ધિનાં રાખવા એવો મત પ્યૂરિટન માર્ગવાળાનો હતો. પોતાનાં પક્ષકારો રોમન કેથોલિક હતા. કેટલાક કારણોસર એમાંનો દરેક પક્ષ જેમ્સના માનીતા થવાની આશા રાખતો. જેમ્સે ઇપિસ્કોપિલીયન પંથ સ્વિકાર્યો અને પોતાના આખા રાજ્યમાં તે સ્થાપવાનો નિશ્ચય કર્યો. સરવૉલટર રાલીએ જેમ્સ સામે પ્રપંચ કરવા જતાં પકડાયો. તેને ૧૨ વર્ષ વેર 'ટાવરગઢ'માં કેદ રાખ્યો જેમાં તેણે જગતની તવારીખ લખી. કેથોલિકે જેમ્સ રાજા તથા તેના ઉમરાવોને દારૂ ગોળાથી ઉરાડી નાખવાનો પ્રપંચ રચ્યો. તેઓએ ઉમરાવોની સભાના ભોયરામાં સુરંગ વાટે ૩૬ દારૂગોળાનાં પીપો આણી મેલ્યા હતાં, આ સુરંગ વગેરે ખોદકામ પાછળ ૧½ વર્ષ થયું હતું, તોય તે વાત છેલ્લા દિવસ વેર છાની રહી. ૧૬૦૫ માં ૫ મી નવેંબરે પાર્લામેંટ સભા મળવાની હતી તેના ૧૦ દિવસ આગમજ જેમ્સ રાજાને નનામી ગુપ્ત ચીઠી મળી, આથી તપાસ કરતાં કાવત્રું પકડાયું. આથી કેથોલિકો ઉપર રાજાનો ભારે કેહર ઉતર્યો, તેમના ઉપર ઘણાંજ સખત કાયદા બાંધ્યા, લંડનમાં કોઇપણ કેથોલિકને રહેવાની તથા વકીલ કે બારિસ્ટર થવાની તથા ડૉક્તરનો ધંધો કરવાની મનાઇ થઇ ને તેમને કાયદાના રક્ષણની બહાર મેલ્યા, જેમ્સે ઇંગલંડ અને સ્કૉટલંડને ગ્રેટબ્રિટનનું નામ આપવાની મેહેનત કરી પણ તેમાં તે ફાવ્યો નહિ. એના અમલમાં સ્પેન સાથે ઈંગલંડનાં વહાણવટીઓને અમેરિકામાં વેપાર કરવા માટે ઝપાઝપીમાં ઉતરવું પડતું હતું, પણ ૧૬૧૦ વેર જેમ્સે તેમને કશી દાદ નહિ આપતાં સ્પેનીશ દરબાર સાથે મિત્રાચારી ચાલુ રાખી હતી. એણે ગમે તેમ જકાત ઉઘરાવવા માંડીયાથી આમની સભા સામે થઇ હતી. ૧૬૧૧ માં રાજાનો કુંવર હેન્રિ મરણ પામ્યો ને લૉર્ડ સાલ્સબરી ૧૬૧૨ માં મરણ પામતાં રાજ્ય કારોબાર વધુ બગડ્યો હતો. ૧૬૧૩ માં રાજાએ પોતાની કુંવરી ઇલીઝાબેથને જર્મનીનાં એક નાહના રાજા ફ્રેદરીકને પરણાવી, (આજ રાજકુંવરીની ઓલાદ હાલમાં ઈંગલંડની રાજ્ય ગાદીપર છે.)



૧૬૦૭ માં જેમ્સટાઉન ઉત્તર અમેરિકાના વર્જીનિઆ પ્રાંતમાં વસાવ્યું. ૧૬૧૦ માં ન્યૂફાઉન્ડલેંડમાં વસવાની સનદ જેમ્સે કરી આપી, ૧૬૨૦ માં જેમ્સના જુલ્મથી કેટલાકો 'માસાચુસેટ' અખાતને કાંઠે જઇ વસ્યા, જે આજે બળવંત રાજ્ય બન્યું છે. ૧૬૧૫ માં જેમ્સે સર ટૉમસરોને દિલ્લી દરબારમાં એલચી તરીકે મોકલ્યો. જેમ્સે બારોનેટનો ખેતાબ સ્થાપી, તે ખેતાબ લેનારને ૧૦૦૦ પૌંડ રાજાને ભેટ કરવા પડતાં હતા. જેમ્સ રાજાએ પૈસાની તંગીને લીધે તવંગરો પાસથી નાણા ઉધારવવા માંડયાં, આથી લૉર્ડ કોક હિમ્મતથી પોતાના સ્હોબતીઓ સાથે સામો થયો. જેમ્સે પાર્લામેંટની દરકાર નહિ કરી, તેમના સભાસદોનાં હક્ક ઉપર તરાપ મારવા જતાં 'આમની' સભાનાં સભાસદો સામે થયા અને તેઓએ પોતાનાં બુલંદ હક્કોનો લેખ લખ્યો ને પોતાનું શ્રેષ્ટત્વ કાયમનું કર્યું. જેમ્સ તે પછી ૧૬૨૫ માં ૨૭ મી માર્ચે મરણ પામ્યો.

**જેમ્સ ૨ જો**—ઇંગલંડનો બીજો જેમ્સ તથા સ્કૉટલંડના ૭ મા જેમ્સનો જન્મ ૧૫ મી અક્ટોબર ૧૬૩૩ માં થયો હતો. એના પિતાના માર્યા જતાં એ નહાશીને હૉલંડ ગયો અને, ત્યાંથી થોડી મુદત બાદ ફ્રાન્સ ગયો. ત્યાં પ્રથમ એણે લશકરમાં સરદારી મેળવી, પણ ૧૫ માં લુઇ અને ઇંગ્લંડ સાથે સુલ્હેના કોલ કરાર થતાં એને ત્યાંથી નોકરી છોડવી પડી. ત્યાંથી એ સ્પેન ગયો અને લશકરી નોકરીમાં જોડાયો. ૧૬૬૦ માં જેમ્સ ડ્યૂક ઑવ યૉર્કને નામે જાણીતો થયો અને લંડનમાં લૉર્ડ હાઇ ચેનસેલરનો મ્હોટો ઓધો પામ્યો. ૧૬૫૯ માં જેમ્સ અર્લ ઑવ કલેરેનડનની બેટી એનાહાઇડી સાથે પરણ્યો હતો. પણ આ બાનુ ૧૬૭૧ માં મરણ પામતાં જેમ્સે જાહેરમાં રોમન કેથોલિક પંથ સ્વિકાર્યો હતો. ૧૬૭૩ માં જેમ્સને 'ટેસ્ટ એક્ટ' પાસ કરવાથી લૉર્ડ હાઇ એડમીરલનો ઓધો છોડવો પડ્યો હતો. તે પછી એણે ડ્યૂક ઑવ મોડીનાની બેટી મેરી સાથે લગ્ન કર્યા હતાં.

૧૬૮૫ માં ચાર્લસ મરણ પામતાં જેમ્સે મંત્રી મંડળને સારી સારી ઉમેદો આપી રાજ્યપદ મેળવ્યું, પણ તેણે આપેલી કબુલાતો પાળી નહિ. માજીરાજા ચાર્લ્સનો અનૌરસ પુત્ર 'ડ્યૂક મનમૌથ' હતો તેણે ગાદી મેળવવાની કોશીસ કરી. તેની મદદે આર્ગાઇલે સ્કૉટલંડમાં ફીતૂર મચાવ્યું. આર્ગાઇલ હારતાં તે પકડાયો ને ૧૬૮૫ નાં જુનમાં રાજદ્રોહની સજા પામ્યો. સ્કૉલંડમાં કાંવેનતેન્ટર લોકોપર આ રાજ્યમાં ભારે જુલમ થયો. ડ્યૂક મનમૌથ દોરસ્ટ પ્રગણાંમાં ઉતરી ૨૦૦૦ ની ફોજ મેળવી પશ્ચિમ તરફનાં લોકોનું મન જીતી ટાન્ટન શેહેરમાં રાજ્યપદ મેળવી જેમ્સની જુલ્મી વર્તણુક સામે થયો; પણ ૬ ઠી જુલૈએ બ્રિજવૉટર પાસેનાં સેજમોર રણમાં જેમ્સની ફોજે તેને હરાવ્યો; એને કેદ કરી ૧૫ મી જુલૈએ મારી નખાવ્યો. ને કર્નલ કર્ક તથા જેફ્રીસ નામે જડજને પશ્ચિમ તરફ મોકલી મન્સથ તરફ બળેલા ગામોમાં ભારે ત્રાસ વર્તાવ્યો. એજ વર્ષનાં નવેંબર માસમાં પાર્લામેંટની બીજી બેઠક થઇ. ટેસ્ટ ઍક્ટ

(એટલે ધર્મની પરિક્ષાનાં ધારા) થી ફોજનાં અમલદારોને છુટા રાખવાની પરવાનગી જેમ્સે પાર્લામેંટ પાસે માંગી, પણ મળી નહિ. ત્યારે પાર્લામેંટ વિસરજન કરી.

૧૬૮૭ થી કેથોલિક ધર્મ સ્વિકારનારને મ્હોટા ઓદ્ધા મળવા માંડયા, ને લશકરની છાવણી લંડન પાસે કરી. સિપાઇઓ તથા અમલદારોને કેથોલિક કરવાની મેહેનત કરી પણ આથી પ્રજા નાખુશ થઇ. જેમ્સની બે બેટીઓ તો પ્રોટેસ્ટંટ ધર્મ પાળતી હતી, આથી પ્રોટેસ્ટંટને ભવિષમાં પોતાના પંથની ચઢતી આશા હતી તેટલાં ૧૬૮૮ માં જેમ્સની રાણીએ એક પુત્ર પ્રસવ્યો. આથી કેથોલિક પંથની ચઢતી થઇ, પણ તેથી પ્રોટેસ્ટંટોએ ઑરેન્જનો શાહાજાદો વિલ્યમ હોલંડમાં અમલ કરતો હતો તે જેમ્સનો ભાણેજ તથા જમાઇ હતો, તેની મદદ માંગી. વિલ્યમે ૧૯ અકટોબરે ૫૦૦ વહાણોમાં ૧૪૦૦૦ નું લશકર લઇ સામો આવ્યો, માર્ગમાં પવન નડતાં તે યૉર્કમાં ઉતરી શકયો નહિ પણ 'ટારબે'ના બંદરમાં ઉતર્યો. આ વેળા એનો બીજો જમાઇ ડેનમાર્કનો શાહાજાદો જ્યૉર્જ પણ વિલ્યમને મળયો તથા એની કુંવરી 'એના' પણ વિલ્યમનાં મતને મળવા ઉપરાંત એનાં ઉમરાવ તથા સરદારો જેમ્સ સામે થયા. આથી જેમ્સ નિરાસ થયો. ૧૬૮૮નાં ૩૦મી નવેંબરે એણે કોલકરાર કરવા ઇચ્છયું. ને પોતાની રાણીને બાળક સાથે વાહીટહૉલ' મોકલી ત્યાં વહાણો તૈઆર રખાવી રાતો રાત પોતે નહાટો ને રાજ્યની મ્હોટી મોહોરને થેમ્સ નદીમાં નાખી, શિઅર્સને બંદરે વહાણમાં બેઠો. તે પછી ૨૫માં લુઇએ એને પેનશન આપતું કરી ફ્રાન્સમાં રાખ્યો. એજ વર્ષમાં એણે એક નાહની ફ્રેન્ચ ટુકડી લઇ આયરલંડમાં ચઢાઇ કરી રાજ્ય મેળવવાની કોશેસ ફાવી, પણ તેમાં ફાવ્યો નહિ. તે પછી એ સેંટ જરમાન્ઇસ જઇ રહ્યો. જ્યાં ૧૭૦૧ માં ૬ઠી સપટેંબરે ૬૮ વર્ષ ની વયે મરણ પામ્યો.

**જેમ્સ જ્યૉર્જ પેઇન રેન્સ ફ્રૉર્ડ**—આ અદભૂત-કલ્પિત લેખકનો જન્મ લંડનમાં ૧૮૦૦માં થયો હતો. એનો પિતા એક જાણીતો તબીબ હતો. અને એણે ખ્યૂટની તથા ફ્રાન્સમાં કેળવણી લીધી હતી. ૧૭ વર્ષની વયે એણે પૂર્વ તરફની વાર્તા રચી પ્રગટ કરી; જેપર વૉશિંગટન એરવીંગનું લક્ષ જતાં તેને ઘણી પસંદ પડી, અને તેણે એને પ્રજાની જાણમાં આણ્યો. જેમ્સે ૭૭ વિષયોપર ૧૯૮ દફતરો લખી કાઢયાં હતાં. તેમાં ઇતિહાસીક અદભૂત કથાનો મ્હોટો ભાગ હતો. તે શિવાય જન્મવૃત્તાંતો તથા કવિતાનાં પણ ગ્રંથો રચ્યાં હતાં, એનાં ઉત્તમ ગ્રંથોમાં નીચલા ગ્રંથો વધુ જાણીતાં થયાં છે. ૧૮૨૯માં Richelicu, ૧૮૩૨માં Henry masterton; ૧૮૫૨થી ૧૮૫૮ સુધી જેમ્મ રીચમંડ તથા વરજીન્યામાં બ્રિટીશ કોનસલ હતો, અને તે પછી વેનીસમાં કોનસલ તરીકે હતો, જ્યાં ૯મી જુન ૧૮૬૦ માં મરણ પામ્યો

**જેમ્સટોન**—ન્યૂયૉર્કને લગતું આ શેહેર બફેલોથી રેલ માર્ગે દક્ષિણથી. પશ્ચિમે ૭૦ મૈલ ઉપર છે. અત્રે ઉન, આલપકા, પીયાનો અને ફરનીચરનાં કારખાનાંઓ છે. ૧૮૮૦માં લોક વસ્તી ૯૩૫૭ની અને ૧૮૯૦માં ૧૬૦૩૮ ની હતી,

**જેમ્સ રીવર**—વરજીન્યાની પશ્ચિમમાં જેકસન અને કાઉપાસ્ચરનેઝરો સાથે મળી આ નદી બને છે. એનો ૪૫૦ મૈલનો ફાંટો રાજ્યમાંથી વહે છે. આ નદી પૂર્વ-દક્ષિણ પૂર્વમાં વહેતી રીચમંડ અને લીચબર્ગ પરથી વહેતી આટલાંટિકમાં કારપીયનના અખાતની દક્ષિણમાં પડે છે. આ નદીમાંથી મ્હોટી સ્ટીમરો સફર કરી શકે છે. આ નદીના ઉત્તર કાંઠા પર જેમ્સટોન પડત હાલતનું ગામડું છે. કે જે અમેરિકામાંનું ઈંગ્રેજનું ઇ. સ. ૧૬૦૭ માં પેહેલું મથક હતું.

**જેમ્સવાટ**—આ જાણીતા વરાળ યંત્રના શોધકનો જન્મ ઇ. સ. ૧૭૩૬ માં ૧૯ મી



જાનેવારીએ સ્કૉટલંડના ગ્રીનોકમાં થયો હતો. એણે બચપણમાં ટુંક કેળવણી સંપાદન કરી ૧૭૫૪ માં લંડનમાં આવી એક ગણિત યંત્ર ઘડનારને ત્યાં નોકરીએ રહ્યો. ત્યાં ઉપલા કામમાં કુશળતા મેળવી સ્કોટલંડ જઇ ગલાસગો શેહેરમાં ગણિત યંત્ર ઘડવાનો ધંધો કરવા માંડયો. ૧૭૬૨ ને સુમારે એણે જનરલ ઇજનેર ને નામે નહેર, બંદર, પૂલ ને તેવાં બીજાં કામોનાં નકાશાનાં એસ્ટિમેટ કરી આપવાનો ધંધો શરૂ કર્યો હતો. તે વખત દરમ્યાન એણે વરાળ યંત્ર બનાવવા પાછળ મ્હોટો વખત ગુમાવવા માંડી એક શ્રીમંત પાસથી નાણાની મદદ મેળવી યંત્ર બનાવવામાં ફતહે મેળવા સરકારમાંથી સનદ મેળવી; પણ એનો ભાગીયો છુટો પડવાથી ૧૭૭૫ માં બીજા ભાગીયા સાથે વરાળ યંત્રનો ધંધો કરવા માંડયો. પાર્લામેટે વરાળ યંત્ર વડે દેશને ફાયદો થશે એવું જાણી એને બીજા ૨૫ વર્ષની સનદ કરી આપી, આથી તે પછી એણે ઘણી મહેનત અને ખંતથી તેમા મ્હોટા સુધારા વધારા કર્યા હતા. ૧૭૮૫ માં એને રૉયલ સોસાયટીનો ફેલો કરવામાં આવ્યો; ગલાસગોની પાઠશાળાએ તે પછી ડૉકતર ઑવ લાઝનો એલકાબ આપ્યો ને ૧૮૦૮ માં ફ્રેન્ચ ઇન્સ્ટિટયૂટનો સભાસદ બનાવવામાં આવ્યો. એનું મરણ ૧૮૧૯ માં ૨૫ મી આગસ્ટે નીપજ્યું હતું.

**જેમીસનએના**—આ બાનુ લેખક તથા હુન્નરની ટીકાકારનો જન્મ ડબલીન ખાતે ૧૭૯૪ માં થયો હતો. એનું બચપણ ઉત્તર ઈંગલાંડમાં ગુજર્યું હતું. ને તે પછી ૧૨ વર્ષ વેર 'ગવરનેસ' તરીકે નોકરીએ હતી. પણ ૧૮૨૩ માં મી૦ રૉબર્ટ જેમીસન નામના બેરિસ્ટર સાથે પરણી હતી. તે ૧૮૨૯ માં ડોમીનીકામાં જડજ તરીકે નેમાયો હતો. ત્યાં એણીએ પોતાના ભર્તારના શિક્ષણ અને પોતાની ખુદ્રતી જેહેનથી થોડા વખતમાં લેખક તરીકે પ્રસિદ્ધ થઇ. પેહેલું પુસ્તક ૧૮૩૧ માં Memoirs of Female sovereigns નામે પ્રગટ કર્યું. તે પછી ૧૮૩૩, ૧૮૩૮–૪૫–૪૬ અને ૧૮૪૮ માં તેવાજ બીજા ઉપયોગી ગ્રંથો લખી પ્રગટ કર્યા હતા. એણે ધર્મ વ્યાખ્યાપર પણ કેટલાક વિશયો લખ્યાં હતા. એનું મરણ ૧૮૬૦ માં ૧૯ માર્ચે એલગીનમાં નીપજ્યું હતું.

**જેમેકા પેપર**—જમેકા તરફ થતા એક જાતનાં મરી જેવાં લાલ ફળ. એનો વાસ ઘણો તિક્ષણ આવે છે. એ પણ ઔષધિમાં ઉપયોગી છે.

**જેરાબલસ**—યૂફ્રેટીસના પશ્ચિમ કાંઠા પર અલેપ્પોથી ૯૦ મૈલ ઉપરનું ખંડયું ગામ. એ પ્રાચીન 'કારચેમીસ' હીતીસટસનું પાય તખત હતું. એનું ખંડીયર ૩૦૦૦ યાર્ડ ઘેરાવામાં છે. એના ખંડયરમાંથી હિરાપોલીસ નામે રોમન શેહેર બાંધવામાં આવ્યું છે.

**જેરામ પ્રેગનો**—જન્મ ઇ. સ. ૧૩૬૫; મરણ ૧૪૬૧ માં નિપજ્યું. એ જાણીતો ફ્રેન્ચ ધર્મ સુધારક અને વીર પુરૂષ જૉનહૂસનો શિષ્ય હોઇ તેનો જાની મિત્ર હતો. પ્રેગની પાઠશાળામાં વિદ્યાભ્યાસ કરી તે ઑકસફર્ડમાં દાખલ થયો, ત્યાં એણે જૉન ઉઇકલીફનાં મત અને લેખોનો અભ્યાસ કર્યો. જ્યારે એ સ્વદેશ પાછો ફર્યો ત્યારે તેણે પોતાનાં દેશીઓમાં તે મત ફેલાવવાની ખટપટ કરી. તેની વિદ્વત્તા, વાક ચાતૂર્ય અને ઉલટ જોઇ પોલાંડ અને હંગેરીના રાજાઓએ તેને મ્હોટો આશ્રય આપ્યો. હંગેરી પ્રાંતમાં હતો ત્યારે લોકોમાં ભાષણો આપતો હતો, તેટલાં ત્યાં જણાવ્યું કે એ ઉઇકલીફનાં મતને મળતાં ભાષણ આપે છે, આથી પ્રજા ઉશકેરાતાં એને નાહસવું પડયું. ત્યાંથી તે વિયેના શેહેર તરફ ગયો પણ તેના શત્રૂઓએ તેનો પિછો છોડયો

નહિ, અને તેને કેદ કરી બંધીખાનાંમાં પૂર્યો. ત્યારે પ્રેગ ખાતેના તેના મિત્રોએ વચમાં પડી તેનો છુટકો કર્યો. તે પછી જૉન હુસના મત સ્વિકાર કરવાનો તેની ઉપર આરોપ મુકવામાં આવ્યો. આ વેળા શત્રૂઓએ એનાં એટલાતો હાલ કર્યા કે તેનાથી તે દુખ શહન ન થઇ શકવાથી તેણે કબુલ કર્યું કે પોતાના ચાલુ ધર્મથી જૂદાં પડતાં મતો તદ્દન ખોટાં છે. પણ તેના દુશમનોએ આ કબુલાત છતાં તેને છોડયો નહિ. આથી તેણે પોતાના જીગરમાં જે ખરો મત હતો તે નિશ્ચય પૂર્વક ખુલ્લી રીતે જાહેર કીધો. તેણે પોતાનું મત કેથોલિક પંથના વિરૂદ્ધ છે એવો એકરાર જાહેરમાં કર્યો. આથી તેને મ્હોતની શિક્ષા કરવામાં આવતાં જીવતા જીવત થાંભલા સાથે બાંધી બાળી નાખવામાં આવ્યો. આ શિક્ષા જેરોમે અતિ ખુશહાલ ચેહેરો રાખી ખમી હતી. આ તેની હિમ્ત જોઈ તેની પાછળથી ભારે વખાણ થઇ હતી.

**જેરીચો**—પેલેસ્ટાઇનનું આ એક પુરાણુ રૈનકદાર શેહેર જૉરડનની પશ્ચિમે બે કલાકના માર્ગપર અને જેરૂસલેમની ઉત્તર પૂર્વે ૬ કલાકનાં માર્ગ પર છે; હાલમાં આ શેહેર તદ્દન ખંડીયર સ્થિતિમાં છે.

**જેરૂક**—કરાંચી જીલ્લાનું મુખ્ય પ્રગણું. ઉત્તરે શેવાન, બારાન નદી અને કોહિસ્તાન; પૂર્વે અને દક્ષિણે ઇંડસ, પશ્ચિમે કરાંચી તાલુકો. ક્ષેત્રફળ ૨૯૯૭ ચોરસ મૈલ છે. તેમાંથી ૯૬૮૪૭ એકર ખેતીવાડીથી રોકાયલો છે; ૧૨૧૮૫૦ એકર ખેડી શકાય તેવો અને બાકીનો ખેડીયા વીનાનો છે. એમાં ૪ શેહેરો, ૧૪૨ ગામડાં છે. ૧૮૭૨ માં વસ્તી ૯૨૯૦૨ ની અને ૧૮૮૧ માં ૯૨૮૨૧ ની હતી. તેમાં ૫૨૪૫૧ પુરૂષો અને ૪૩૩૭૦ સ્ત્રીઓ છે. મુખ્ય વસ્તી મોહમેદનોની છે.

પ્રગણાનો ઉત્તર ભાગ પહાડી છે. દેશમાં ૬ નદી વહે છે. જંગલમાં હિંદમાં વસતા સર્વ જાતનાં હિંસક પ્રાણીઓનો વાસ છે. પક્ષીઓમાં તરહે જાતીનાં બતકો, રાજહંસ, બગલાં, સારસ, ક્રોંચ વગેરે પક્ષિઓ છે. અત્રે ઇંડસનાં ડેલ્ટા તરફનાં શેકારી કુતરા મ્હોટા કદનાં હોય છે. અત્રેની મધમાખનું મધ જાણીતું છે. આ તરફ જંગલી બિલાડી પુશકળ મળે છે, જે કોઈ વેળા ખેતીવાડીને પણ નુકશાન કરે છે. જંગલમાં બાબુલના વૃક્ષો પુષ્કળ છે. જંગલનું ક્ષેત્ર ફળ ૨૫,૦૭૪ એકર છે. તાલુકામાં ૮ ફોજદારી કચેરી, ૨૪ પોલીસ મથકો છે. દેશમાં ખેતીવાડી માટે ૧/૩ ભાગ ચોખાની ખેતીથી રોકાયલો છે. અત્રેનો આયાત વેપાર સૂતરાઉ કાપડ, ધાતૂ કામ, ફળફળાદી, સાકર, ધાન્યનો ચાલે છે. નિકાશ વેપાર ચામડાં અને ઉદ્‌ભિજ પદાર્થ છે. અત્રેનું કુંભાર કામ ઘણું વખાણાય છે. તાલુકામાં ૪૦ મેળાઓ ભરાય છે. આ દેશમાંથી સિંધ રેલ્વે ૬૩ મૈલ પસાર થાય છે, ને તેના ૬ સ્ટેશનો છે. આ જેરૂક ૭ મી સદીથી પ્રસિદ્ધતા પામેલું છે. અત્રે ૧૪ મી સદીની 'મારી' નામની ઇમારત પડત હાલતમાં છે. તેમજ કલાનકોટ નામે ૧૫ મી સદીનો કિલ્લો છે.

**જેરૂસલેમ આર્ટીચોક**—( જુઓ આર્ટીચોક. )

**જેરૂસલેમ**—હિબ્રુમાં યરૂસલેમ, અને મુસલમાનો એને 'અલકદસ' કહે છે. જ્યૂ, ખ્રિસ્તી, અને મુસલમાનો તરફથી આ પવિત્ર શેહેર તરીકે વપરાતું આવ્યું છે. એ પેલેસ્તાઇનનું પાયતખત ગણાતું હતું. પોર્ટજાફાની દક્ષિણ પૂર્વે ૩૭ મૈલ ( રેલ માર્ગે ૫૭ મૈલ ) ઉપર અને સિરીયાના મેડીટરેનીયનના કિનારા પર છે. શેહેર સમુદ્ર સપાટીથી ૨૩૬૪ થી ૨૫૮૪ ફીટ ઉપર છે. આ બે ચોરસ ટેકરીઓની ઉપર ખીણોથી ઘેરાયલો બે ભાગમાં વેહેંચાયલો છે. હાલમાં શેહેરનો વિસ્તાર '૨૦૯' એકરનો છે. જેમાં ૩૫ એકર જમીન તો 'હરમઅલ શરીફની' જાણીતી ઇમારતથી રોકાયલી છે, અને બાકીની ખ્રિસ્તી, આરમાની, યાહુદી અને મહમદીઆન લત્તાઓમાં



વહેંચાઇ ગઇ છે. શેહેરનો ઘેરાવો ૨ ૧/૪ મૈલ છે. આ શેહેર એક સપાટ પર્વતના ઢાળપર બંધાયલું છે, તેની આસપાસ ૩૫ ફીટ ઉંચી જબરી દેવાલ અથવા કોટ છે. જેને ફરતા ૩૪ બુરજો અને ૮ ભાગોળો છે.

જેરૂસલેમ ૩૫૦૦ વર્ષ ઉપરની તવારીખ ધરાવે છે. તેમાંના ૫૦૦ વર્ષની તવારીખ ઝાઝી જણાયલી નથી. પણ ૩૦૦૦ વર્ષ ઉપરની તવારીખ કાયમ છે. ૫૦૦ વર્ષ વેર જેરૂસલેમ તદ્દન સ્વતંત્ર હોઇ રાજ્યનું મુખ્ય શેહેર તથા ધર્મનું મધ્યબિંદુનું શેહેર ગણાતું હતું. તે પછી ૬૦૦ વર્ષ સુધી ઇસરાઇલીસ્ટોને તાબે હતું, છતાં તે તદ્દન તેમને તાબે સ્વતંત્ર પણે નહોતું. ડેવીડની આગમજ ૫૦૦ વર્ષ વેર એનો સ્થાપના થએલાનું એક તવારીખમાં જણાવે છે. જોશેના મરણ પછી જેરૂસલેમ ઇ. સ. પૂર્વે ૧૪૦૦ માં પરતંત્ર થયું હતું. ઇ. સ. પૂર્વે ૧૦૪૬ માં ફરી ડેવીડે જીતી લીધું હતું. જોહાકીને ઇ. સ. પૂર્વે ૫૯૭ માં જીતી લીધું હતું. ઇ. સ. પૂર્વે ૫૮૬ માં ઝેડીકા પાસથી ફરી જીતી લેવામાં આવ્યું હતું; જે વેળા તેનો તમામ નાશ કરવામાં આવ્યો હતો, તે પછી ઇ. સ. પૂર્વે ૫૩૬ માં સાયરસે ત્યાંના મંદીરને ફરી બંધાવ્યા હતા. ઈ. સ. પૂર્વે ૪૫૭ માં ઇઝરે લીધું, અને નેહમા ઇ. સ. પૂર્વે ૪૪૫ માં આવ્યો. તે પછીનાં ૫૦૦ વર્ષ વેર જેરૂસલેમમાં શાંતતા જેવું કશું રહ્યું નહિ. તે વેળા આ શેહેર ઇરાની, મેસીડોનીયન, સિરીયન, ઇજીપશીયન અને રોમનોની સભા તળે આવ્યું હતું. ઇ. સ. ૫૪ થી ૬૮ વચ્ચે આ શેહેર ફરી નાશ પામ્યું હતું. ઇ. સ. ૭૦ માં 'ટીટ્યૂસે, શેહેર જીતી લઇ તેનો ફરી નાશ કર્યો હતો. તે પછી એડ્રીઅન બાદશાહની કારકીરદિમાં ( ઇ. સ. ૧૧૭–૧૩૮ માં ) જુડીઆ પ્રાંતનાં ખ્રિસ્તીઓને ત્રાસ આપવામાં આવ્યો. તે વેળા ૫,૮૦,૦૦૦, ખ્રિસ્તીઓની કતલ થઇ હતી.

ખ્રિસ્તી ધર્મની શરૂઆતમાં આ શેહેરમાં મઠ, દેવળો વગેરે પુશકળ હતાં. તે પછી શેહેરમાં ખ્રિસ્તી દેવળો ઠામે ઠામ બંધાયાં હતાં અને તેમાં કૉન્સટનટાઇને બાંધેલું પવિત્ર દેવળ હુન્નરમંદીનો નમુનો થઈ પડયું હતું. ઇરાનીઓએ ઇ. સ. ૬૧૪ માં ચઢાઇ કરી શેહેરમાંના દેવળોનો નાશ કરી શેહેરને પાયમાલ કર્યું હતું.* ઇસલામી અમલ દરમ્યાન ( ઇ. સ. ૬૩૭ થી ૧૦૯૯ ) અત્રે 'અલ–અકશા' નામની મસજીદ વગેરે બાંધવામાં આવી. જસ્ટીનાઇને બંધાવેલું સેંટમેરીનું દેવળ અતિ સુંદર છે. ખલીફ હાકેમ બ અસર ઉલ્લાહે પવિત્ર દેવળોને ફરી ભંજાવ્યાં હતાં, ૧૦૯૯ થી ૧૨૪૪ વેર એ રોમન સત્તા તળે આવ્યું. પણ છેલ્લા દાહેકામાં ફરી મુસલમાનોનો અમ્મલ ( ૧૨૪૪) ત્યાં શરૂ થયો હતો. ઈ. સ. ૧૫૧૭ માં તુર્કસ્તાનના સલીમે જેરસલેમ જીતી લીધું તે પછી અનેક થોડા ફેરફાર પછી ઇસલામી રાજ્યનેજ તાબે છે.

હાલમાં જેરૂસલેમમાં ૨૮,૦૦૦ ની લોક વસ્તી છે. તેમાં ૧/૨ જ્યૂ, ૧/૪ મુસલમાન અને બાકીના ખ્રિસ્તીઓ છે. અત્રે ઝાઝો વેપાર ઉદ્યોગ નથી. અત્રે જાનેવારી તથા ફેબ્રુવારીમાં બરફ વર્સે છે. અને વરસાદ અકટોંબરથી શરૂ થઇ, અવાર નવાર થોભી એપ્રેલ સુધી ચાલુ પડયા કરે છે. હાલમાં ત્યાં બેંકો તથા હૉટલો બંધાયાં છે. તથા જાફાથી રેલ્વે લાઇન ૧૮૯૦-૯૩માં નખાઇ તૈઆર થઇ છે.

ખ્રિસ્તીઓ માટેનું હાલમાં આ શેહેર પવિત્ર કબરવાળું ગણાયછે. જે સ્થળ કૉન્સટનટાઇનની માતા 'હેલીના' એ બંધાવ્યું હતું. તે ૩૦૦ ફીટ લાંબુ અને ૨૦૦ ફીટ પોહળું એક સુંદર મકાન છે. જેમાં જ્યૂજસ

* આ શેહેર માહેલા ઇસલામી અમલ દરમ્યાનના 'બાંધ કામોનો રસીક હેવાલ જગતનાં જાણીતા મુસાફર મી૦ હાજી સુલેમાન શાહ મહમદ કૃત ગ્રંથમાંથી મળે છે.'

કાઇસ્તની યાદગારીનાં સઘળા બનાવોની જગ્યાઓ છે. કબરવાલા ભાગમાં રાત દિવસ બત્તી બળે છે. આ કબરવાલી જગ્યાનો કબજો લેવાની મારામારી જૂદા જૂદા ખ્રિસ્તી પંથો વચ્ચે લાંબો વખત ચાલ્યા બાદ તે હાલમાં આરમાની પંથવાલાઓના હાથમાં છે. અત્રેજ આદમની કબર છે, એવી દંત-કથા આશકારા છે.

**જેરેઘ**—અવસ્તા જમાનામાં જાણીતો થએલો એક પર્વત. આ પર્વત ઇસ્પહાનની નજદીક કારન અને ઝીન્દે રૂદ નદીઓના મૂળ આગળછે.

**જેરોમ સેન્ટ**—એનો જન્મ ઇ.સ. ૩૩૩થી ૩૪૫ની વચમાં સ્ટ્રેડોનમાં થયો. જે ગામ ક્યાં આવેલું હતું તે વિશે મતફેર છે. એના માતપિતા ખ્રિસ્તી હતા. એણે પોતાના પિતા પાસે વિદ્યા અભ્યાસ સંપાદન કર્યો હતો, ને પછી ગ્રીક તથા લેટીન ભાષાનો અભ્યાસ કરી રોમજઇ 'એલીયસ ડૉનેટસ' પાસે શિક્ષણ લીધું, જ્યાં એણે બેપટીઝમ આપવાની વિધીનો અભ્યાસ કર્યો હતો. ગૉલમાં થોડીક મુદત સુધી રહી, ફરી રોમની મુલાકાત લીધી અને ૩૭૦ માં એકવિલ્યામાં પોતાનો મિત્ર રૂહિનસ સાથે જઇ રહ્યો. તે પછી કોઈ નહિ જણાયલા કારણથી એ એકદમ પૂર્વ તરફ ગયો, અને એન્ટીઓકમાં થોડી મુદત મંદવાડમાં કાઢી ૩૭૪માં ચેલીસનાં જંગલ તરફ ગયો, ને ત્યાં હિબ્રુભાષાના અભ્યાસમાં ૪ વર્ષ ગાળયા, ૩૭૯માં એ એન્ટીઓકમાં પાદરી તરીકે નેમાયો. અને તે પછી ૩ વર્ષ એણે કૉન્સટન્ટી નોપલમાં ગુજાર્યાં. ૩૮૨ પછી એ રોમ જઇ પોપ ડામાસસ નો સેક્રેટરી થયો. ત્યાં એ પોતાની પવિત્રાઇ, વિદ્વત્તા અને સાધુપણા માટે ઘણો જાણીતો થયો. ૩૮૬માં લેડી પૉલાએ ૪ મઠો બેથલહેમમાં સ્થાપ્યા, તેમાંના ૩ નન્સો માટે અને ૧ સાધુઓ માટે હતું. તેનું ઉપરીપણું જેરોમનેજ સોપ્યું હતું. ૪૧૮માં એ બેથેલહેમથી રોમ પાછો ફર્યો ને માંદો પડી ૪૨૦માં ૩૦ સપટેંબરે મરણ પામ્યો. એને ખ્રિસ્તી ધર્મ સંબંધી અનેક ગ્રંથો રચી પોતાના પંથમાં મ્હોટી નામના મેળવી હતી.

**જેરૉલ્ડ ડગલાસ વિલ્યમ**—લેખક, નાટકકાર અને લહુઆ તરીકે જાણીતો થએલો આ પુરૂષ ૩જી જાનેવારી ૧૮૦૩ માં જનમ્યો. એનું બચપણ વેલ્સએમાં ગુજર્યું. એનો પિતા પણ એક નાટકકાર હતો, અને તે ૧૮૦૭ માં શેરનિસની નાટકશાળાનો માલેક થયો. ૧૮૦૯ માં એ નિશાળે બેઠો. ૧૮૧૩ માં દર્યાઇ ખાતામાં નોકરીએ રહ્યો, પણ લઢાઇ સંપતા એ ૧૮૧૬ માં લંડનમાંજ વસી ત્યાં પ્રિન્ટરના હાથ તળે કામે રહી પોતાના ધંધાની શરૂઆત કરી. ૧૮૧૯ માં એ 'સન્ડેમૉનીટર' પત્રના કંપોઝીટર તરીકે રહ્યો, અને ત્યાંજ સાહિત્યપર શોખ વધ્યો.

તે પછી એનું ચિત્ત સાહિત્ય તરફ વળતાં એણે ફ્રેન્ચ, ઇટાલ્યન અને લેટીન ભાષાનો અભ્યાસ કરવા માંડયો. તે પછી એણે મોનિટર પત્રમાં નાટકોના ટિકાકાર તથા કંપોઝીટર તરીકે કામ બજાવવા માંડયું. ૧૮૨૪ માં એ મીસ મેરી સાથે પરણ્યો. લગન આગમજ એને નાટકના લેખક તરીકે થોડી નામના મેળવી હતી. ૧૫ વર્ષની વયે એણે More Frightened than Hart નામે નાટક લખ્યો, જે ૧૮૨૧ માં ભજવી બતાવવામાં આવ્યો. ૧૮૨૫ માં એને નાટકો લખવા માટે અઠવાડીક પગારે રોકવામાં આવ્યો. ૧૮૨૯ માં સરે નાટક મંડળીએ એક અઠવાડીઆના પાંચ પૌંડને પગારે રોકયો; જ્યાં Blackeyed susan નામે ખેલ ભજી બતાવવામાં આવ્યો. તે પછી એનાં સંખ્યા બંધ ખેલો ભજી બતાવવામાં આવ્યા હતા. ૧૮૫૪ માં The Heart Gold નામે નાટક પ્રિન્સેસ થીએટરમાં ભજી બતાવવામાં આવ્યો જે નાટકથી એની નામના વધી. નાટકો લખવા ઉપરાંત તે જૂદા જૂદા ચોપાન્યામાં પણ લખાણો કરતો હતો. એનું મરણ કીલબર્ને



આતે ૧૮૫૭ માં ૮ મી જુને નિપજ્યું. એના જૂદા જૂદા લખાણોનો સંગ્રહ એની હૈઆતીમાંજ ૮ દફતરોમાં પ્રગટ કરવામાં આવ્યો હતો.

**જેલપ**—આ વનઔષધિ છોડનાં મૂળીયાં ઉપયોગી ગણાય છે, અને તે રેચક છે. એનું મૂળ વતન મેક્સીકો હોઇ ત્યાં એ ૬૦૦૦ ફીટ ઉંચ પ્રદેશમાં ઉત્પન્ન થાય છે. એનું નામ જેલપ "જેલાપા" નામના ગામમાં એનો છોડ ઉગતો હોવાથી પડયું છે. એ બારે માસ રહેનાર છોડ છે. એનીપર મ્હોટા ફુલો આવે છે. તેનું મૂળીયું હેઝલટન જેવું હોયછે. જ્યારે એ મૂળીયું તાજું હોય છે ત્યારે સફેદ હોઇ તેમાં દુધ જેવો રસ હોય છે. આ મૂળીયું સુકાતાં ભૂરો રંગ પકડે છે. ઈંગલંડમાં ઔષધિ ઉપચારમાં જાલપ મૂળીયું પ્રથમ ૧૭ મી સદીની શરૂઆતમાં જાણીતું થયું. સાધારણ રીતે એનો એક ભાગ ૩૦ ગ્રેન સુધી પણ ચોકસ દર્દોપર અપાય છે. નાહના બાળકોને બેથી પાંચ ગ્રેન આપાય છે.

**જેલીત્ઝ**—અથવા ઇલીત્ઝ. આ રશિયન શેહેર ઓરલની પૂર્વેથી દક્ષિણ પૂર્વે ૧૨૦ મૈલપર છે. અત્રેથી ઘઉં, આટો મોટા જથ્થામાં પરદેશ મોકલવામાં આવે છે. અત્રે ઢોરો ઉછેરવાનો વેપાર મ્હોટા પાયા પર ચાલે છે. અત્રે ચામડું, સાબુ અને મીનબત્તી બનાવવાનાં કારખાનાં છે. લોક વસ્તી ૩૬૩૪૬ ની હતી.

**જેવાર**—ઉત્તર પશ્ચિમ પ્રાંતમાં બુલંદ શિહેર જીલ્લામાંનું ગામ. લોક વસ્તી ૧૮૭૨ માં ૭૩૯૯ ની ને ૧૮૮૧ માં ૬૨૧૯ ની હતી. તેમાં ૪૨૭૭ હિંદુ તથા ૧૮૬૮ મોહમેદન હતા. શેહેર ૯૩ એકર જમીન ઉપર વસાયલું છે. ૧૮૩૬ માં બેગમ સમરૂનાં મરણ પછી બ્રિટીશોને હાથ શેહેર આવ્યું હતું; અત્રે સુતરાઉ બરનુશ અને ગલીચા બને છે. ભાદરવામાં અત્રે મ્હોટી જાત્રા ભરાય છે.

**જેષ્ટ માસ**—હિંદુઓના ચૈત્ર માસ પછીનો ત્રીજો મહિનો. આ માસમાં અનેક તેહેવારો આવે છે. જેમકે દશહરાવ્રત, રંભાવ્રત, ઉમાપૂજન, નિર્જળા એકાદશી, વટસાવિત્રી વગેરે. તેનું વર્ણન નીચે વર્ણેલું છે.

જેષ્ટ વદ ૧૦ મે '**દશ હરાવૃત**' આવે છે. તેની કથા એવી છે કે ગંગા નદી પેહેલાં સ્વર્ગમાં હતી, અને પછી ત્યાંથી શિવની જટામાંથી અને ત્યાંથી હિમાલય ઉપર થઇ પૃથ્વી ઉપર વેહેવા લાગી. આ ઉપલી મીતિએ ગંગા સ્વર્ગમાંથી નીચે આવી, અને તેજ કારણથી તે દિવસે ગંગા સ્નાન કરી દાન કરવાનું પુન્ય વર્ણેલું છે. કાયિક, વાચિક, અને માનસિક વગેરે મનુષ્યથી થતાં ૧૦ જાતનાં પાપો ગંગા સ્નાનથી નાશ પામે છે. આથી તે નદીને 'દશહરા'નું નામ આપ્યું છે. ઉપલે દિવસે ગંગાજી તથા ગવરી પૂજન કરવામાં આવેછે.

એજ માસમાં શુકલ પક્ષે જે (શુદ ૧૧ સ) એકાદશી આવે છે તેને **નિર્જલા** કહે છે. આ એકાદશીને આચમનાદિ ઉદક શિવાય ઉદકપાન વર્જ્ય કરી અપવાસ કાર્યથી ૧૨ એકાદશીનાં અપવાસનું ફળ મળે છે. આ એકાદશી માટે એવી કથા છે કે ભિમસેન શિવાય બાકીનાં ચારે પાંડુ ભાઇઓ તથા દ્રોપદી અગીઆરસ વગેરે વ્રતો કરતા, પણ ભિમનો આહાર ઘણો અને ભૂખની પિડા બહુ તેથી તેનાથી તેમ બનતું નહિ. ચારે ભાઇઓ તથા સ્ત્રી તેને તે માટે ટોંકતા અને તેથી તેણે બ્યાસજીને અત્યંત પૂન્યવાન એવી એકાદશી પુછી. ત્યારે જેઠ શુદ ૧૧સ ને બતાવતા કહ્યું કે તે અગિયારસને દિવસે કાંઇ ખાવું નહિ, એટલુંજ નહિ પણ એક માસો સુન્નું ડુબે તેટલું પાણી વગીક પીવું નહિ, તેથી તેનું નામ નિર્જલા કિંવા ભિમ અગીયારસ પડયું, અને તે મુજબ કરવાથી બધા તિર્થનું ફળ ભીમસેનને મળ્યું.

**વટસાવિત્રી** વ્રત જેઠ શુદ ૧૫ મે આવે છે. આ વ્રત સ્ત્રીઓનું છે. આ દિવસે સ્ત્રીઓ વડનાં ઝાડ તળે અથવા તેની ડાંખળીની પુંજા કરે છે. તેના વિશે એવી કથા છે કે એક રાજાને પુત્ર સંતાન નહિ હોવાથી તેણે

સાવિત્રીની આરાધન કરવાથી તેને એક પુત્રી થઇ, તેનું નામ સાવિત્રી રાખ્યું. પછી તેનું લગ્ન સત્યવાન નામે રાજપુત્ર સાથે થયું. લગ્ન થયા પછી તેણીનો પતિ સત્યવાન એક વર્ષની દરમ્યાન મરણ પામનાર છે એવું તેણીને નારદ ઋષિએ કહ્યું. સત્યવાનનાં પિતાને શત્રુઓએ આંધળો કરી તેનું રાજ્ય છિનવી લીધું હતું. આવા દુઃખી અવસ્તામાં સાસુ સસરાની તથા ભરતારની સેવા પરમ સંતોષથી કરી, એક દિવસે તે પતિસહ અરણ્યમાં લાકડાં વિણવા ગઇ ત્યાં સત્યવાન વડના ઝાડની ડાંખળી ભાંજવા જતાં, એક લાકડું તેના માથામાં વાગતાં તે મરણ પામ્યો. ત્યારે યમે આવી તેનો આત્મા લઇ જવા માંડયો. ત્યારે સાવિત્રીએ તેની અત્યંત વિનંતી કરી પોતાના સાસુ સસરાને રાજ્ય, આંખ અને પતિનું આયુષ આ વ્રત પાળી મેળવ્યું હતું

**જેયષ્ટી પૌર્ણીમા**—આ દિવસે 'તળદાન, આપ્યાથી અશ્વમેધનું ફળ મળે છે. આ પુજને જગન્નાથ પુરીમાં સ્નાન જાત્રા થાય છે, તેમાં જગન્નાથની મૂર્તિ દેવળમાંથી કાઢી પાસે એક મંડપ બાંધી તેમાં સ્થાપન કરે છે; અને હજારો લોકો સામે તેને સ્નાન નાખે છે.' કૃષ્ણને તેની માતાએ એજ દિવસે 'અન્નપ્રાશનનો સંસ્કાર કર્યો હતો, આથી હિંદુઓ પોતાના બાળકને તે સંસ્કાર કરવા પેહેલાં ( ૭ અથવા ૮ મહિને) એ દિવસે સ્નાન નાખે છે.

**જેસ્ક**—અથાવા ઇસ્ક. આ શેહેર રશિયન પ્રાંત ક્યૂબાનમાં સીઑવ ઍઝોવ પાસે એઝોવની દક્ષિણ પશ્ચિમે ૬૫ મૈલ પર છે. એની સ્થાપના ૧૮૪૮ માં થઇ હતી, તે પછી અત્રે ધાન્ય અને ઉનનાં કારખાંનાં ચાલુ થયાં હતા, લોક વસ્તી ૩૪૨૮૮ ની છે.

**જેસનિશ**—અતિ નાહની જાતનુ શોભાયમાન ફુલ ઝાડ. એની ગાંઠો મે માસમાં ફુટવા માંડતા છાલકા કુંડામાં બે ભાગ પાંદડાનું ખાતર, એક ભાગ કાળી મટોડી અને એક ભાગ નળીયાનો ભૂકો એકત્ર કરી તેમાં રોપી તેને દરરોજ પાણી સીપવું પડે છે. એના કુંડા થંડી જગ્યામાં રાખવા. એની પર વર્સાદમાં રંગબેરંગી ફુલો આવે છે. થંડીની શરૂઆતમાં ઝાડ સુકાવા માંડતાં પાણી સીપવું નહિ પણ ગાંઠો સુકાતાં બીજા મે માસ વેર તેને રેતીમાં જાળવી રાખે છે.

**જેસમીન**—( જુઓ જાઇ=જુઇ ) આ શબ્દ ફાર્સી યાસમીન ઉપરથી નિકળેલો છે, તેમજ જાસવેણ પણ ઉપલાજ શબ્દ આધારે બન્યો છે. આ ફુલ ઝાડ યૂરપમાં તથા એશિયાના ઘણા ખરા ભાગોમાં ઉગે છે. એના ફુલનું તેલ તથા અત્તર બનાવવામાં આવે છે ઇસ્ટઇંડીજનાં જેસમીન અતિ સુગંધીમય હોયછે. એનાં પીળાં અથવા સફેદ એવા બે પ્રકારનાં ફુલ ઝાડ છે.

**જેસલમીર**—રજપુતાનાનું આ એક દેશી રાજ્ય. એની જુમલે લંબાઇ પૂર્વેથી પશ્ચિમ ૧૭૨ મૈલની ને પહોળાઇ ઉતર દક્ષિણ ૧૩૬ મૈલની છે. ક્ષેત્રફળ ૧૬૪૪૭ ચોરસ મૈલ છે. ૧૮૭૨ માં અત્રેની વસ્તી ૭૨,૦૦૦ ની, ૧૮૮૧ માં ૧૦૮,૧૪૩ ની ને ૧૮૯૧ માં ૧૧૫૭૦૧ ની હતી. દર ચોરસ મૈલે ૬૦૫૮ ની રાસ પડે છે. દેશમાં ૪૧૩ ગામડાં ને ૧ શેહેર છે. વસ્તીમાં ૫૭૪૮૪ હિંદુ ( સેંકડે ૫૩·૧ ટકા ); મોહમેદન ૨૮૦૩૨ ( સેંકડે ૨૫·૯ ટકા ) જૈન ૧૬૭૧ ( સેંકડે ૧·૫ ટકા ) અને પરકોમની વસ્તી ૨૦૯૫૫ ની છે.

આ દેશની આબો હવા સુકી ને તંદરોસ્ત છે. જુનમાં સખત તાપ પડે છે અને ગરમ પવન ફુંકી તુફાન ઉઠે છે. ડીસેંબરથી ફેબ્રુવારી વેર અત્રે થંડી પડે છે. અત્રે જુન, જુલઇ, અને આગસ્ટમાં સહેજ વર્સાદ વર્સે છે.

મુખ્ય પાક બાજરી, જુવાર, મોથ અને તલનો થાય છે. વસંતમાં ઘઉં પાકે છે. વર્ષાઋતુ બેઠીકે અત્રે હળને ઉંડો જોડી રેતાળ



જમીન ખેડવામાં આવે છે. અત્રે ખેડુતો પાસેથી સરકારી મેહેસુલ ધાન્ય લઈનેજ ઉપજાવે છે. જો ઘઉં અથવા ચણા વાવ્યા હોય તો પાકનો ૪ થી ૬ ઠો ભાગ વસુલ કરેછે, અને બીજા પાકમાંથી ૭ મો ભાગ વસૂલ કરે છે.

જેસલમીરમાં બકરાનાં ઉનમાંથી બરનુસ બનાવવાનો ઉદ્યોગ બહોળો ચાલેછે. ઉંટના હાડકાં; શીંગડા વગેરેનો પણ સારો વેપાર ચાલે છે. તેમજ ઘી, ઉન, ઉંટ, બકરાં વગેરેનો ગુજરાત તથા સિંધ સાથે વેપાર ચાલે છે.

જેસલમીરમાં એકજ દીવાની કચેરી છે. જે દીવાની ફોજદારી ગુન્હાનો ઇન્સાફ કરે છે. જીલ્લામાં હાકેમો નેમેલાં હોય છે. મહારાવળને મ્હોત સુધીની ચઢતી સજા કરવાનો અધિકાર છે.

વાર્ષિક મેહેસુલ ૧૦,૦૦૦ પોંડ ઉપજે છે. રાજ્યમાં ૪૦૦ માનસોનું લશકર છે અને ૫૦૦ ઘોડેસ્વાર છે.

અત્રેનો નિકાસ વેપાર–ઉન, ઘી, ઉંટ, ગાય, ભેંસ, બકરાનો છે ને આયાત વેપાર ધાન્ય, સાકર, દેશી તથા વેલાતી કાપડ અને પરચુટણ જનસોનો છે.

આ રાજ્યમાં મુખ્ય શેહેર જેસલમીર, કિશનગઢ, બીકમપુર, એન, સોબરા અને શાહગઢ એ જાણીતાં છે.

**જેસલમીર**—શેહેર. ઉપલા રાજ્યનું પાયખત. સમુદ્ર સપાટીથી ૮૦૦ ફીટ ઉપર છે. ઈ.સ. ૧૧૫૬માં ભાટીરાજા રાવલ જયસાલે સ્થાપન કર્યું. અત્રેની ઇમારતો પિળા રેતીના પથ્થરની બાંધેલી છે. ગામ પાસે ટેકડીપર એક પુરાણો કિલ્લો છે. આ કિલ્લો ૨૫૦ ફીટ ઉંચો ને ૩૫૦ યાર્ડ લાંબો છે. કિલ્લાની દેવાલ બેવડી બાંધણીની છે. તે ૨૫ ફીટ ઉંચી છે કિલ્લામાં આગલી ઉત્તમ કારીગરીનાં જૈન મંદીરો છે. પુરાણું મંદીર ૧૩૭૧માં બંધાયલું છે. લોકવસ્તી ૧૦૯૬૫ની છે.

**જેસી**—રોમાનિયાના ઉત્તર ભાગમાંના મૉલ્ડેવિયાનું મુખ્ય શેહેર; પથની પશ્ચિમે ૫ મૈલ પર અને ઓડીસાની ઉત્તર પશ્ચિમે ૨૦૫ મૈલ પર છે. ૧૮૨૭ માં આ શેહેર આગથી તદન નાશ પામ્યું હતું; પણ તે પછી પહોળા રસ્તા બાંધી અકેક માળનાં લાકડાનાં ઘરો બાંધી વસાવવામાં આવ્યું છે. ત્યાં ૪૦ ગ્રીક ચર્ચ અને ૬૦ જ્યૂ લોકના એબાદતખાનાં છે. આ શેહેરમાં એક નાહની પાઠશાળા છે. વેપાર દારૂ, ધાન્યનો મ્હોટો ચાલે છે. લોક વસ્તી ૯૦,૦૦૦ ની છે.

**જેસૂઈટ**—આ પંથનો ફેલાવો એજ નામના શખશે ફેલાવ્યાથી તેના નામ ઉપરથી ઓળખાય છે. એ પોતે રોમન કેથોલિક ટોળાનો એક પંથ જે 'ઇગનેશિઅસ લામોલાએ' ઇ. સ. ૧૫૩૪ માં સ્થાપ્યો હતો અને જે ઇ. સ. ૧૫૪૦ માં 'ધી સોસાઇટી ઑવઝસ ' ને નામે કબુલ રાખવામાં આવ્યો હતો, તે ટોળામાંનો એ એક હતો.

**જેસોર**—બંગાલમાંનો જીલ્લો. એની ઉત્તરે અને પશ્ચિમે નદીયા જીલ્લો. દક્ષિણે કુલ્લાના જીલ્લો અને પૂર્વે ફરીદપૂર. ક્ષેત્રફળ ૨૯૨૫ ચોરસ મૈલ છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૧૪૫૧,૫૦૭ ની ૧૮૮૧માં ૧૫,૭૭,૨૪૯ની ૧૮૯૦ માં ૧૮,૮૮,૮૨૭ ની હતી. મુખ્ય વસ્તી હિંદુઓની સેંકડે ૪૦ ટકા, મુસલમાનોની ૫૯·૯ ટકા છે. જીલ્લામાં ૭ મીશન સ્કૂલો અને બ્રહ્મસમાજીક ૩૯ છે. એના મુખ્ય શેહેર જેસોરની વસ્તી ૮૪૯૫ ની, કસાબપૂરની ૬૪૦૫ ની, અને કોટચંદપૂરની ૯૨૩૧ ની છે. જીલ્લામાંના ૨૩૫ શેહેરોમાં ૧૦૦૦ થી ૫૦૦૦ ની વસ્તી છે, ૭૬૧ માં ૫૦૦ થી ૧૦૦૦ ની, ૨૯૮૮ માં ૫૦૦૦ ની છે, કોટચંદપૂર જીલ્લામાં મ્હોટું શેહેર હોઇ કસાબપૂર બીજું શેહેર છે. આ શેહેરમાં ખાંડ બનાવવાનાં કારખાનાં, પિતળ કામના કારખાનાં અને કુંભારકામના કારખાનાં છે. આ જીલ્લાપર

બ્રિટીશ અમલ ઇ. સ. ૧૭૮૧ માં પૂર્ણપણે સ્થાપન થયો હતો.

મુખ્ય પાક ચોખા, તેલીબિયાં, બાજરી ચણાનો થાયછે. આ પાક માટે ૧૩,૮૧,૮૦૦ એકર જમીન રોકાયલી છે. આ ખજુરીનાં ઝાડ ૭ વર્ષનાં થયા પછી ઉપયોગમાં લેવાય છે, અને તે ૩૦ વર્ષ સુધી ફળ આપે છે. તેનો રસ નવેંબરથી ફેબ્રુવારી વેર એકઠો કરે છે એક એકર જમીનમાંના ઝાડમાંથી ૩ ટન સાકર બને છે. જેની કિંમત ૫૦ થી ૬૦ પૌંડની થાય છે. જેસોર જીલ્લામાં ૩૧૩૩૩ એકર જમીન ગુળીના ખેતરો માટે રોકાયલી છે. જેમાંથી ૨૦૩ ટન ગુળી બને છે; જેની કિંમત ૧૧૪૦૦ પૌંડની ઉપજે છે. આ જીલ્લામાં ૫૦ ગુળીનાં કારખાનાં યૂરપીયન માલેકી તળે અને ૫૫ દેશી માલેકી તળે ચાલે છે.

મુખ્ય નિકાશ વેપાર સાકર (અર્ધી સાફ અને તદન સફેદ બે જાતની) ગુળી, ચોખા ચણા ને સુંદરબન તરફથી ઇમારતી લાકડાં મધ અને સીપનો ચાલે છે. આયાત વેપાર મીઠું, ઇંગલીશ સામાનનો છે, જીલ્લામાં સેંટ્રલ રેલ્વે સર્વ તરફ ફરી વળેલી છે. વાર્ષિક મેહેસૂલ ૧૧૭૧૮૫ પૌંડથી વધુ ઉપજે છે. ૧૮૮૩ માં આ જીલ્લામાં ૧૧ મેજીસ્ટ્રેટ કોર્ટ, ૧૧ દીવાની કોર્ટ, ૧૧ પોલીસ થાણા સરકારી તથા ખાનગી ૭૦૯ શાળા હોઇ તેમાં ૨૩૮૨૩ વિદ્યાર્થીઓ ભણેછે. તેમાં છોકરા છોકરીઓને પણ કેલવણી આપવામાં આવે છે. એપ્રેલ, મે અને જુનમાં ૨૩°૬૦ ડીગ્રી તાપ પડે છે; નવેંબરમાં ૭૨ ડીગ્રી અને ડીસેંબરમાં ૬૪·૯° ડીગ્રી થંડી પડે છે. વર્ષા ઋતુમાં વર્સાદની રાસ ૭૦૮° ઇંચની છે.

**જેહેલમ**—પંજાબમાં છેક પશ્ચિમમાંથી જે પાંચ પ્રવાહ વધે છે, ને જેની ઉપરથી આ જીલ્લાનું નામ પડયું છે તે નામની નદી, એને 'બિતાસ્તા' પણ કહે છે. સંસ્કૃતમાં વિતાસ્તાને પેટોલ્મી મુજબ 'બિદાસ્તા' નામે ઓળખાતી છે. જેહલમ નદી કાશમિરનાં રાજ્યમાંથી વહેતી શ્રીનગર થઇ વાલર સરોવરમાં દાખલ થવા આગમજ અનેક નદીના પ્રવાહ પોતા સાથે જોડતી વધે છે. મુઝફ્ફર આબાદ પાસે એ બ્રિટીશ મુલકમાં દાખલ થઇ કીશન ગંગાને મળે છે. તે પછી એ કાશમિર અને બ્રિટીશ જીલ્લા, હજારા તથા રાવળ પિંડી વચ્ચે હદ બાંધે છે. આ ઠેકાણે નદીનો પ્રવાહ અતિ વેગ વાલો હોવાથી તેમાંથી વહાણો સલામતી સાથે ફરી શકતાં નથી; પણ કાશમિર તરફનાં પ્રવાહમાં ઇમારતી લાકડાં પુશકળ મળે છે. હજારામાં કોહાલા પાસે જેહેલમ નદી ઉપર એક ઉત્તમ પુલ બાંધેલો છે. રાવલપીંડીની પૂર્વે ૪૦ મૈલ ઉપર જેહેલમ વહાણ ખેડવા લાયક છે. ને પછી જેહેલમ જીલ્લામાંથી વહેતી જેહેલમ શેહેરમાંથી દાખલ થાય છે. (પોતાનાં મુખથી ૨૫૦ મૈલ ઉપર) ને પછી દક્ષિણ પશ્ચિમ તરફ પ્રવાહ વળી ૧૦૦ મૈલ દોડે છે. જે દરમ્યાન જેહેલમ જીલાના ગુજરાત અને શાહાપૂર એવા બે ભાગ કરે છે. આ ઠેકાણે નદીની પોહલાઇ ૮૦૦ યાર્ડની છે. તે પછી જેહેલમ નદી 'જેહાંગ' જીલ્લામાંથી અતિ પોહલા મેદાનમાંથી વેહેતી જમ્મૂ પાસે ચીનાબને મળે છે. આ નદી ૪૫૦ મૈલ લાંબી છે, અને તેમાં ૨૦૦ મૈલ બ્રિટીશ રાજ્યમાંથી વહે છે. પાણીનો વેગ દર કલાકે ૪ મૈલની દોડનો છે. એના કાંઠે મુખય શેહેરો કાશમિર અથવા શ્રીનગર, જેહલમ, પીંડી, દાદનખાન, મીયાની, બેહરા અને શાહાપૂર છે.

**જેહેલમ**—શેહેર—જેહેલમ જીલ્લાનું મુખ્ય છાવણીવાલું શેહેર, જેહેલમ નદી કાંઠે છે. શેહેરમાં વસ્તી ૧૮૮૧ માં ૨૧૧૦૭ ની હતી. તેમાં ૧૧૩૬૯ મોહમેદન, ૭૯૬૬ હિંદુ, ૧૪૬૦ શિખ અને ૩૧૨ પરજાત છે. મ્યુનિસીપલ આવક ૧૮૪૩ પૌંડની ઉપજે છે. હાલનાં જેહેલમ શેહેરની પાસેજ પુરાણું જેહેલમ શેહેર છે. શિખ રાજ્ય સમયે આ



એક નાહનું ગામડું હતું. બ્રિટીશ સત્તા પછી એ છાવણીનું મથક થતાં વધ્યું છે. થોડાં વર્ષો સુધી એ કમિશનરનું મુખ્ય મથક હતું; પણ ૧૮૫૦ માં મુખ્ય સરકારી ખાતું રાવલપીંડીમાં સ્થાપન થયું. આ શેહેર જીલ્લામાંથી ખણી કાઢવામાં આવતા મીઠાનું વેપારી મથક ગણાય છે. શેહેરમાં સરકારી કચેરી, જેલ, પોલીસ ચોકી, ખજાનો, દવાખાનું, મ્યુનિસીપલ ઑફીસ, સરાઇ વગેરે સુંદર મકાનો છે. શેહેર પાસે જેહેલમ નદી ઉપર પંજાબ સ્ટેટ રેલ્વે લાઈનનો પૂલ બાંધેલો છે. શેહેરની દક્ષિણ પશ્ચિમે છાવણી છે. છાવણીમાં વસ્તી ૪૪૭૩ ની છે.

**જેહાદ**—મોહમેદનોમાં ઉઠાવવામાં આવતી ધર્મ સંબંધી લઢાઇ. મુખ્યકરી પરધર્મી સાથે ઉઠાવવામાં આવતી ધર્મ સંબંધી લઢાઇને પણ એ નામ લાગુ પડે છે. આરબો એને "ખુદાના માર્ગપરની લઢાઇ કહે છે. આવી ધર્મ સંબંધી લઢાઇ યજદેજર્દ શેહેરિયારનાં અમલમાં ઇરાનમાં ધર્મ ફેલાવા સંબંધી લઢવામાં આવી હતી. તે પછી ખલીફ હારૂન અલ રશિદના જમાનામાં શેહેનશાહ નીશીફોરસ સામેની, તથા સલાદીને ક્રૂઝેડ સામે લઢેલી લઢાઈઓ, તથા ૧૮ મી સંદીમાં અરબસ્તાનમાં વાહાબીઓએ ઉઠાવેલી લઢાઇઓ માત્ર જેહાદના નામ તળે ખરી રીતે મુકાઇ શકાય તેવી છે. આ છેલ્લી લઢાઇ કાંઇ પરદેશીઓ સાથની નહોતી પણ પોતાનાજ જાતભાઇઓ કે જેઓ પરદેશી રીતો એખત્યાર કરવા લાગા હતા તેમની સામે જેહાદ ઉઠાવી મદીના અને મક્કાને વટીક તે માટે ખમવું પડયું હતું.

**જેહેર**—જે ચીજ ખાધાથી, શરીરને મસળવાથી, સ્વાસમાં લેવાથા, સફરાને ચોપડવાથી અથવા પીચકારી વડે શરીરમાં દાખલ કરવાથી પ્રાણઘાત કરે છે તે જેહેર છે.

કેટલાક જેહેરો ધીમેથી મારી નાંખે છે; પણ બીજા ઝડપથી અસર કરે છે. કાતેલ જેહેર ઘણી જલ્દી અસર કરી પ્રાણ લીયે છે.

જેહેર ચઢેલું જૂદી જૂદી રીતે પરખાય છે, તેમાં ખાધેલાં જેહેર તેની કંઈક અસર ઉપરથી પરખાય છે. તે તેજ નામના જેહેર વર્ણનમાં આપેલું છે. પણ પ્રાણી ડંશ ચોકસ રીતે ઓળખાય છે. જેમકે—

બીડી પીવાનાં પાદડાં છુંદી દંશ ઉપર ચોળતાં જો જેહેર ચઢયું હોય તો દંશવાળો ભાગ કાળો પડશે. (૨) કાળી મટોડી ખાતાં તે તીખી લાગે તો જાણવું કે સર્પ દંશ અને મીઠાસદાર લાગે તો ઉંદરનું ઝેર ચઢેલું જાણવું. (૩) આ ઝેર ઊપર કરમદાંના પાતરાંને પાણીમાં ઉકાળી પાતાં જેહેર નહિ ચઢયું હશે તો ઉલટી થશે ને ચઢયું હોય તો થશે નહિ. (૪) મીઠું, કડવા લીંબના પાતરાં, સુકા મર્થાં ખાવા આપતાં તે તીખા નહિ લાગે તો જાણવું કે સર્પ દંશ. દંશની : : આવી નીશાનો જણાય તો તે સાંપ ઝેર વગરનો ને : આવી નિશાની જણાય તો તે ઝેરી સમજવો.

**સોમલનું** જેહેર ઘણું પ્રસિદ્ધ છે. સોમલમાં સ્વાદ નહિ હોવાથી તે ખોરાકમાં આપવામાં આવે છે. ઉંદર વગેરે જીવડા મારવામાં સોમલ વાપરે છે. હરતાળ પણ સોમલ છે, પણ તેના રંગને લીધે તે દગો કરવા માટે વાપરવી મુશકેલ છે. એ બન્ને ખનીજ પદાર્થ છે. એ લોખંડ, જસત, ત્રાંબુ વગેરે ધાતુ સાથે હોય છે.

સોમલ પાણીમાં બહુ ગળતો નથી. દ્રવ રૂપમાં, અથવા ભૂકી રૂપમાં ખાધાથી તેનાં ચિન્હો જલ્દી જણાવા માંડે છે, અને દર્દી બચવો મુશકેલ થઇ પડે છે. પણ જો સોમલનો કટકો ખાધો હોય તો તે બચે છે. તે તુકડો ઝાડો ઉલટી થતાં નિકળી પડે છે. સોમલ ખાધા પછી એક કલાકે તેનાં ચિન્હ જણાવા માંડે છે. પ્રથમ પેટમાં દુખી ઉલટી થાય છે. પેટના કોઇ પણ ભાગને હાથ લગાડતાં મ્હોટું દર્દ થાય છે, પેટ છુટી જાય

છે અને ચુકો થઇ કપાતું દર્દ થઇ જાહાડો આવે છે. પેશાબ થોડી થાય છે, તેમાં અગન બળે છે, તો કોઇ વેળા પીશાબ અટકી તે વાટે લોહી પડે છે. તરસ બહુ લાગે છે, આંખમાં અગન બળે છે ને લાલચોળ થઈ પાણી ગળે છે, માથામાં દર્દ થાય છે, નાડી જલ્દી ચાલે છે ને નાહની બને છે, છાતીમાં ધપકારો થઇ સ્વાસ જલ્દી અને ગુંચવાચલો ચાલે છે. આજારી બેચેન બની દરદ અને અગનને લીધે બુમો પાડે છે, હાથ પગમાં આંકડાં આવી તાણુ થાય છે, નાડી બેશી જાય છે, તથા ચેહેરો સોહરાય છે; જે પછી દિલનો ધપકારો બંધ થઇ મ્હોત નિપજે છે. કોઇ વેળા એવું બને છે કે ઉલટી જાહડો વગેરે નિશાની જણાયા વિના એકદમ આજારી થંડો થઇ જાય છે, તેની નાડી બેસી જાય છે, અને સેહેજ બેસુદ્ધ થઈ મરણ પામે છે. સોમલ ખાનારની બુદ્ધી સેવટ સુધી નિર્વીકાર રહે છે. કોઇ વેળા સોમલ લીધા પછી પાંચ, સાત કલાક પછી ચિન્હો જણાય છે.

સોમલનાં ઓછામાં ઓછા બે ગ્રેનથી મરણ નિપજે છે. સોમલ લીધા પછી ૧૦ થી ૧૫ કલાકમાં મરણ નિપજે છે. કોઇવાર બેત્રણ કલાકમાં નિપજે છે અને કવચિત પાંચ દિવસ પછી મ્હોત નિપજે છે.

ઉલટી અને જાહડો થઇ સોમલ નિકળી જાય તો સારૂં, તેથી આ બેઉ ક્રિયાને ઉત્તેજન આપવું. ઉલટી થવા માટે ગરમ પાણી અને દુધ આપતાં રહેવું. ગળામાં આંગળી ઘાલી ઉલટી કરવી. ઇપીકાકયુના અને પાણીમાં મીઠું નાખી તે પીને ઉલટી કરવી. ઉલટી નહિ થતી હોય તો સ્ટમક પંપ વાપરવો અને તેનાથી હોજરી ધોઇ નાખવી. ઝાડો થવા માટે એરંડીયું અને દુધ આપવું. તરસ લાગે છે માટે પુશકળ પાણી, સરબત અને ચુનાનું નીતરૂં પાણી પાવું તથા ઑલિવ્હ ઑઇલ વાપરવું.

**હડતાલ અને મનશીલ**—આ બન્ને પદાર્થોમાં સોમલ હોય છે. એના જેહેરનાં સોમલના વિષ પ્રમાણેજ લક્ષણુ જણાય છે. એના ઉતાર માટે કોળાનો રસ પાય છે, કોઇ જીરૂં અને સાકર ૭ દિવસ ખાવા આપે છે. ધમાસો, રાજહંસ, જુઇ, કરીયાતું, એમાંથી એકનો કાઢો પીવા આપે છે.

**અફીણનું ઝેર**—( જુઓ અફીણુ વાળો વિષય. )

**એન્ટીમનીનું જેહેર**—ટાવટરઈમેટિક અને કલોરાઇડ ઑવ એન્ટીમની પ્રમાણુ બહાર લીધાથી જેહેર જેવી અસર કરે છે. ટાર્ટરઇમેટિક ઔષધમાં વપરાય છે, તેની ગોળી $\frac{૧}{૮}$ થી $\frac{૧}{૨}$ ગ્રેન છે. બે ગ્રેન અથવા વધારે લીધાથી મૃત્યુ નિપજે છે. તેમાં ગુણ ઉલટી આણુવાનો છે. માટે થોડો વધારે લે તો તે ઉલટીમાં નિકળી જતાં દર્દીપર કશી અશર થતી નથી. એના ચિન્હ સોમલનાં જેહેર જેવાંજ જણાય છે. તે જૂદા ઓળખવા મુશકેલ છે. એમાં ઉલટી, જાહાડો ને પેટમાં વેદના થાય છે; મ્હોડું તથા ગળું રહુજી આવે છે. એના ઉતાર માટે સિંકોના ટીંકચર આપે છે. તે શિવાય માયાફળ, હરડાં, બેહેડાં અથવા કાથાની ચાહ અથવા અગર દાડમની છાલ આપે છે. તે શિવાય, દુધ, ગુંદરનું પાણી પાય છે.

**રસકપૂરનું જેહેર**—રસકપૂર તથા પારાની કેટલીક ચીજો વિષારી છે. ચોખું રસકપૂર, હિંગળોક, રેડ ઑકસાઇડ ઑવ મરકયૂરી વગેરે પારાની વિષારી દવા છે.-રસકપૂર લીધાથી મોઢું, ગળું અન્નનાળ અને પકવાશયની ચામડી વળી જાય છે. તેથી મોઢામાં કડવાસ ને ધાતુનો સ્વાદ લાગી ગળું અમળાઇ જઇ ઉલટી ઝાડો થઇ તેમાંથી લોહી પડે છે. આતરડામાં દાહ અને ચાંદા થાય છે. આખા પેટમાં દુખારો થાય છે, તે દાબવાથી વધારે લાગે છે. પેટ ફુલી નાડી જલ્લદ ચાલે છે ને તાવ આવી શ્વાસ વધારે ચાલે છે. દાંતના પારા ચઢી મોઢું અકડસાટ પકડે છે, પછી આંકડા અને તાણ થઇ ગુંગળાટ થતાં



દર્દી મરણુ પામે છે. ત્રણુ ચાર ગ્રેનથી કમી પ્રમાણુમાં રસકપૂર લીધાથી ઝાઝું ધાતક થતું નથી.

મોઢું લાવવા માટે જૂદા જૂદા મનુષ્યને પારાની દવા વધારે ઓછી લાગે છે. પારા શિવાય ત્રાંબુ, સોનું, સોમલ, એન્ટીમની, બીઝમથ, ડીજીટેલીસ, અફીણ, હઇડ્રોસૅનિક ઍસિડ વગેરેથી મ્હોડું આવે છે.

સઘળા પારાના જેહેરનો ઉપાય ઇંડાની સફેદી છે. ૧૨ થી ૧૫ તાજાં ઇંડાની સફેદી લઇને ૨ પાઈંટ થંડા પાણી સાથે મેળવવી અને તેમાંથી ત્રણુ ચાર ગલાસ ભરીને દર બે ત્રણુ મિનિટે પીયા કરવું. જેથી ઉલટી થઈ ઠીક લાગશે. મોઢું ચઢી આવે અને થુક ઘણી નિકળે તો બે દ્રામ ફટકીના પાણીના કોગળા કરવા.

**વનસ્પતિનાં જેહેર** તરીકે ભિલામો, ચિત્રક, ઇંદ્રવરણું, નેપાળો, થોર, વગેરે કારી જેહેર છે. અફીણુ, ધંતૂરો, ગાંડોડીજીટેલીસ, કોનાયમ વગેરે ઘેન આણુનાર જેહેર છે. વનસ્પતિ ક્ષોભક ઝેર દગો કરવા માટે વપરાતા નથી, પણુ કોઇ વાર ભૂલ ચુકથી ખાધામાં આવતાં જાહડો ઉલટી વગેરે થાય છે.

**ચિત્રક**—૩ જાતનો થાય છે; રાતો, કાળો, અને સફેદ. તેના ફુલના રંગ પ્રમાણે તેના એવા ૩ ભાગ પાડયા છે. તેના મૂળીયાં ઘશીને ચોપડીયાથી ફોલ્લો થાય છે. ગર્ભપાત માટે તેને યોનિમાં મેલવામાં આવે છે.

**ભિલામો** ખાધાથી, ગર્મી થઇ જાહડો પેશાબ વાટે લોહી પડે છે. ને શરીરમાં અગન ઉઠી લાલ ચાંદા થઇ ફોલ્લા ઉઠે છે. બહાર ચોપડતાં બિલીસ્ટર માફક ફોલ્લા થાય છે.

**થોરનું** દુધ પેટમાં જવાથી જાહડો તથા ઉલટી થઈ બેમારી વધે છે. આંખે લાગતાં આંખનો વરમ થાય છે. શરીરે લાગતાં ત્યાં દાહ અગર ફોલ્લો થાય છે.

**નેપાળો, ઇંદ્રવરણી, એળીઓ**—વગેરે દવામાં વપરાય છે, પણુ વધુ પ્રમાણુમાં લેતાં જાહડો થઈ ઉલટી થાય છે. ને કોઇ વેળા તે પછી મરણુ નિપજે છે.

**ત્રાંબાનું જહેર, મોરથુથુ**—ત્રાંબાના કાટથી પીપડી તથા પેટમાં દુખારો થાય છે ને જોરમાં ઉલટી થઇ જાહડો થઇ હાથ પગમાં ગોટલાં બાઝે છે. તાણુ થઇ કમળો પણુ થાય છે. એનો એલાજ રસકપૂર જેવોજ છે. એમાં ઉલટી ઘણી થાય છે. દેશી વૈદો ઇડલીંબુનો રસ સાકર નાખી પાય છે.

**સીસાનું જેહેર**—કલ્લઇ સફેદો, મુરદારસીંગ, સીંદુર, શુગર ઓવ લેડ એ સર્વ સીસાની બનાવટો જેહેરી છે. એમના જેહેરથી મોહમાં મીઠો પણું ધાતુનો સ્વાદ આવી ગળું ચીમલાઇ જઈ ઉલટી આવી લોહી પડે છે. જાહડો બંધ થઇ પેટ દુખી હાથ પગમાં આંકડાં આવી હાથ પગ રહી જાય છે.

**મધમાખ, મકોડાનાં** વિષ ઉપર રેતીમાંની કાળી મટોડી અને ત્રિફળને ગોમૂત્રમાં ઘશી તેનો લેપ કરે છે.

**ધોત્રાના** જેહેર પર પાશેર દુધમાં ૧ તોલો સાકર નાખી પાય છે. લાલ એરંડીના મૂળ પાણીમાં ઓગળાવી પાવું. ૩–ગાયનું દુધ, મધ, ખાંડ અને ઘી એકત્ર કરી પાય છે.

**હિંગળાનાં** જેહેર પર $\frac{૧}{૨}$ શેર ચીચોડા, ૪ શેર પાણીમાં ઉકાળીને તેનાં ૭ દિવસ કોગળા કરાવે છે.

**બછનાગના** વિષ ઉપર ગરમ દુધ પેટ ભરી પાવું. ૨–ઉંબરની છાલનો રસ બે તોલા અને બે તોલા ઘી ગરમ કરી પાય છે. કોઇ ચોખાનાં રસમાં ગાયનું દુધ પાય છે.

**દેડકાનો** દંશ લાગતાં તેના દાંત બેસી જાય છે. તે જગે પિળો સોજો ચઢે છે. ચસકા, ઉલટી, તરસ અને ઉંઘ એ તેના લક્ષણો અનુભવમાં આવે છે. તેના જેહેર પર આંબાહળદ, શુંઠ, કલ્લી જીરી અને પિત્તપાપડો એ દરેક $\frac{૧}{૨}$ તોલો લઇ અર્ધા શેર પાણીમાં મેળવી પાશેર પાણી રહેતાં તેને ગાળી તેમાં સ્વચ્છ મધ અર્ધા તોલો મેળવી પાય છે.

**કુચલાનાં** જેહેરપર કાળી પાનવેલના પાંદડાની ડાંખળીનો રસ પાશેર ત્રણ દિવસ પાય છે.

**માછલીનું** જેહેર ચઢતાં દાહ બળે છે. સોજો ચઢી શૂળ ઉઠે છે. એના ઉતારા માટે મોરની પીછીની ધૂંઇ આપે છે.

**મધમાખ,** માખ, વનમાખ, વગેરેના દંશ ઉપર ફીડીના દરમાંની કાળી મટોડી અને ત્રિફળા એકત્ર કરી ગોમૂત્રમાં મેળવી લેપ કરવો: મધમાખીનો દંશ થતાં તેના ડંખમાં કાંટો ભોકાયલો હોય તો તે કાઢવો. અને તેનીપર તપકીર પાણી ચોપડવું અથવા તંબાકુને પાણીમાં ઉકાળી ચોપડવું.

**ભાંગની** કેફ ઉપર છાસ ને ચોખા ખવડાવવામાં આવે છે, અથવા દહી ખવાડે છે.

**વિછુંનો** ડંખ થતાં ડંખવાલી જગાપર પ્રથમ અગન બળી જાણે ત્યાં અગ્નિ અડકાડયો હોય તેવી ભારે અગન બળે છે. અને તે પછી શરીરમાં વેદના થવા માંડે છે. રૂધય, નાક, જીભ, એ જગોએ વિંછી કરડયાથી, તથા માસ ગળી જઇ અત્યંત વેદના થવા માંડતાં મનુષ્ય મરણ પામે છે. આ પ્રાણીના ઝેરના ઉતાર માટે ઘણાક જાણકારો નીચલો મંત્ર પણ વાપરે છે. જેમકે “ બિસમીલ્લા રહિમાન રહિમ! પીરપૈગંબર રસૂલકે માહ્યાડર? ઇશ્વર કહે યે ઉતારાવ, વિછું ઉતારો રાજા રામકી દુહાઇ, ગુરૂકી સંગત, મેરી ભગત સ્ફુરો મંત્ર ઇશ્વરી બાધા” ઉપલો મંત્ર ગ્રહણને દિવસે ગંગામાં અથવા સમુદ્રમાં ગળાંવેરનાં પાણીમાં જઇ ૨૭ વખત ઉચ્ચારવો અને એ રીતે સિદ્ધ કરવો. જેને વિંછી કરડયો હોય તેનો ઉતાર કરતી વેળા મંત્રથી મંત્રીને, તે રખીયા દંખ ઉપર ચોપડવી એટલે ઝેર ઉતરે છે.

દેશી વૈદો એ દંખપર, ૧—આંકડાનો પાલો અને રાઈ વાટીને તેનો અથવા વછનાગનો લેપ ચોપડે છે. ૨—કોઇને પાલો પાણીમાં વાટી તેનો લેપ કરે છે, એટલે તતકાળ ઝેર ઉતરી જાય છે. ૩—નવસાગર અને હડતાળ પાણીમાં વાટી લેપ કરવો એટલે તતકાળ વિષ ઉતરી જાયછે. ૪—મોરથુથુ દહિમાં ઘશી ચોપડવું, અને શેકવું.

**કાળો વીંછી** કરડવાથી શરીર ઉપર રોમાંચ ઉભાં થાય છે, આથી ભારે વેદના થઇ સર્વાંગપર બરફ પડયા જેવું લાગે છે. એની વેદના મટાડવા આંકડાનું લાકડું ઘસી લેપ કરવો. અથવા આંકડાનાં પાંદડા, વછનાગ અને રાઇ વાટી લેપ કરવો.

**ઉંદરનું** જેહેર ચઢતાં દંશમાંથી લોહી વેહે છે, તે સફેદ હોય છે; તે શરીર પર ગલીચીથી થાય છે અને તાવ, અરૂચી, અંગે દાહ એ લક્ષણો થાય છે. એના ઉપાય તરીકે ૧.—આમલીનાં રસમાં ૨ તોલા ઘેરોસાને જુના ઘીમાં પલાળી ૭ દિવસ ખવાડવું. ૨.—પારો, ગંધક, કપૂર, ઘેરોસા, શીરસ એમને રૂનાં ચીકમાં મેળવી તેનો લેપ કરવો. ૩.—આઘાડાનાં બીજો મધમાં મેળવી પાવું. ૪.—ખોરાં કોપરાંને મૂળાનાં રસમાં ઘશી તેનો લેપ કરવો.

**ગરોળીનું** જેહેર ચઢતાં અગન બળે છે, સોજો ચઢે છે, સુઇયા ભોકાયા જેવું થાય છે, પરસેવો પડે છે અને શરીરપર રાતા રંગની ફોડકીઓ ઉઠે છે. એના ઉતાર માટે ‘કટોલી’ નાં કાંદા પાણીમાં ઘશી પાય છે.

**સાંપના** જેહેરપર જ્યાં દંખ માર્યો હોય ત્યાં અગ્નિ મુકી તે જગા બાળવી. ૨.—દંશ થએલી જગાની આસપાસ મજબુત દોરીએ બાંધવી ને વિષારી જગાને કાપવી અથવા તે પર ચોબા મુકી લોહી કાઢવું. આથી ઝેર ઉતરે છે. ૩.—મહાળુંગનાં બી પોણો તોલો લઇ છુંદી તે ખવાડવાં અને તેનેજ પા તોલો છુંદી ખખળતાં પાણીમાં ભીંજવી, તે થંડું પડતાં પાવું. ૪.—ઘી, મધ, માખણ, પીંપળી, આદુ, મરી, સૈંધવ એ એકત્ર કરી ખવાડવું. ૫.—અરીઠાનું અંજન કરવું અથવા અરીઠાનું પાણી પાવું.



**કુતરાંનું** જેહેર (જુઓ કુતરો). એનું જેહેર ચઢતાં પ્રાણી જ્ઞાનહિન થાય છે, ધાતુ ક્ષોભક રેહછે, તે યોગે મોહમાંથી લબ પડે છે. તે આંધળો અને બેહેરો થઇ દોડીયા કરે છે, તેનાં પગ, ખાંધ, ડોક, વગેરે લુલાં થાય છે, અને ડોક નિચી નમી પડે છે, એ હડખાયલા કુતરાંના લક્ષણ છે.

કુતરાનો દંશ થતાં મ્હોનો ચેહેરો બદલાઇ કાળું લોહી વહે છે. તેથી માથામાં દુખારો થાય છે, તાવ આવે છે, અંગ ધ્રૂજે છે, તરસ લાગે છે, મૂર્ચ્છા આવે છે, બુદ્ધિ ભ્રંશ, સંતાપ, શ્વાસ, આંખોમાં પિળાસ, મૂત્રમાં કીડા, ઉન્માદ, કુત્રાના જેવું ભસવું, બીજા માનસને કરડવા જવું ઇત્યાદી લક્ષણો થાય છે. ચોમાસું આવતાં તેની હાલત વધુ બગાડી નાખે છે. તે પાણીના શબ્દ, યા સ્પર્શ અથવા અવલોકનથી ભયભીત થાય છે. આહદ સુધી રોગી પોંહચતાં તે કદી બચતો નથી.

કુતરાના જેહેરપર ૧–અઘાડાનું મૂળીયું, એક તોલો છુંદી એક તોલા મધ સાથે ખવાડવું અને દંશ ઉપર કોરફડ અને સૈંધવ બાંધવું; આ મુજબ ૩ દિવસ કરવું. ૨–બાવળનાં પાંદડાનો રસ ૪ તોલા ને ૧ તોલા ઘીમાં મેળવી ૩ દિવસ પાવું. ૩–મરઘીની વિષ્ટાનો તેપર લેપ કરવો. હડખાયલા કુતરાના જેહેરપર ૧–ઉંદરની લીંડી પાણીમાં મેળવી તેની સુકી ભુકી બનાવી તેને જખમ ઊપર બાંધવી. ૨–સુન્તું તપાવી તેનો ડામ ડંખપર આપવો. ૩–સાબરસીંગના ભૂકાને ૩ તોલા સુધી બશેર પાણીમાં ઉકાળી તે $\frac{1}{2}$ શેર રહે કે તેને પાવું.

**કાંતરણનું** જેહેર ચઢતાં દંશવાલી જગા સડે છે અને તેમાંથી લોહી વહે છે, તથા તાપ, દાહ, અતિસાર અને ત્રિદોષ રોગ, તહેંવાર કોહોડ, અને તહેંવાર સોજા ચહડે છે. એનું જેહેર કમકમાટ ઉપજાવનાર રીતે ફુટી નિકળે છે. એનીપર કાળી અને ધોળી ગોકરણી, ભોંકર, કાળીપાટ, રાતી અને શ્વેત મટોડી, કોઠ અને સરસવના છોડના બીજ એ વાટી તેનો લેપ કરે છે.

**ઢોરોને** જેહેર ખવડાવ્યું હોય તો તેના ઉતાર માટે ‘ઢોરગુંજના મૂળીયાને ઘાસમાં છુંદી તેમાં શીકેકાઈનાં બિયાનું ચુર્ણ મેળવી ખવડાવે છે.

**ભમરાના** ડંખપર ભેંસના દુધનું માખણ ચોપડે છે.

**મુરદારસીંગનાં** જેહેરપર ગાયનું દુધ, ખાંડ મેળવી પાય છે.

**ગુંજના** જેહેરપર ચોખાનાં રસમાં ખાંડ પલાળી પાય છે (જુઓ ગુંજ.)

**નખ, દાંતનાં** જેહેરપર કડવો લીંબડો, શમી અને વડની વડવાઇઓ એમનાં કલ્કમાં ગરમ પાણી નાખી તેનો દંશ ઉપર લેપ કરે છે.

**સરડાના** દંશથી શરીર લાલ, કાળું, લીલું વગેરે રંગ પકડી રોગીને ભ્રાંતિ, અત્તેસાર વગેરે થાય છે. તેના ઉપાય તરીકે આંકડાનાં મૂળને થંડા પાણીમાં છુંદી પાય છે.

**કાચની** ભૂકી પેટમાં જવાથી જેહેર જેવી અસર કરે છે. કાચના કટકાઓને ઘણીજ તિક્ષણ ધાર હોય છે. તે પેટમાંના આતરડામાં વાગવાથી તેને ઇજા થાય છે. ઉલટી, જુલાબ, પેટ ચહડી દુખવું, તાવ, તરસ વગેરે વિકારો થાય છે. એનીપર એરંડનાં મૂળ પાયાથી આરામ થાય છે.

**જેહેર મોહુર**—જૂદીજ જાતનાં ઇરાની બકરાંઓની હોજરીમાં પેદા થતો પદાર્થ. તે અતિ સુવાળો અને ઘેરા લીલાં રંગનો હોય છે. બીજાં જાનવરોના માથામાંથી મળતા બીજા ઉપયોગી પદાર્થો એજ નામે ઓળખાય છે.

**જેહેરી કચુરો**—હિંદમાં ઉગતું એક જાતનું ફળઝાડ. એનું ફળ ઑરેંજ જેટલું અને પીલી છાલનું આવે છે. આ ફળનો ગર તથા બીયાં ઘણાં જેહેરી હોય છે, અને તે માત્ર ઔષધિ ઉપચારમાં કામ આવે છે.

**જૈતશ્રી**—દેશી સંગીત શાસ્ત્ર મુજબ માલકોશ રાગનાં ૮ પુત્રવધુ તરીકે ધનાશ્રી, માલશ્રી, સુઘરાઇ દુર્ગા, ગંધારી, ભીમપાલી; કામોદી વર્ણેલાં છે. તેમાં જૈતશ્રી પણ એક છે.

એ જાતી સંપૂર્ણ છે. એટલે રિખબ કોમળ અને બાકીનો સ્વર તિવ્ર છે. ગ્રહસ્વર ખરજ, અથવા ગંધાર છે. વાદી સ્વર પણ ખરજ, પંચમ સ્વર અને ન્યાસ સ્વર પણ છે. ધૈવત અને નિખાદ અનુવાદી સ્વર છે. એનો ગાવાનો વખત દિવસના ૩ જા પહોરનો ઠરવેલો છે. એ ભાર્યા, વૈલ, એરારી અને દેશકારથી મિશ્ર છે. એને કોઇ ખોડવ કહે છે. તેમાં ગાંધાર બાદ છે.

**જૈતરાગ**—દેશી સંગીત શાસ્ત્ર મુજબ આ રાગણી ગાવાનો વખત દિવસના ૩ જા પહોરનો છે. જાતી સંપૂર્ણ છે–એટલે ખરજ શુદ્ધ, રિખબ કોમળ, ગંધારતિવ્ર, મધ્યમ 'તિવ્ર,' કોમળએ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિખાદ તિવ્ર એ મુજબ ૭ સ્વરો આવે છે. ગ્રહસ્વર નિખાદ અને ન્યાસ સ્વર ગંધાર છે. સંગીત કળાધરમાં જણાવ્યા મુજબ એને કોઇ કલ્યાણના ઠાઠમાં આપે છે. તેમાં તમામ સ્વર તિવ્ર આવે છે, અને મધ્યમ કોમળ પણ આવે છે.

**જૈનપંથી**—આ કોમની વસ્તી બ્રિટીશ હિંદુસ્તાનમાં ૧૨૨૨૮૯૬ની છે. આ પંથનો સ્થાપક ઋષભદેવ હતા. આ પ્રજા મુખ્ય કરી મેવાડ, અને મારવાડ તથા ગુજરાતમાં વસે છે, બંગાલ પ્રદેશમાં, કલકત્તા તથા મલબાર કોસ્ટાના ઉત્તર ભાગમાં પણ એમની મ્હોટી વસ્તી છે. આ કોમનું મુખ્ય મથક ગુજરાત તથા માયસોરમાં છે,

એમનાં ૨૪ તિર્થંકર નીચે મુજબ થઇ ગયા છે.

| તિર્થંકર નામ. | ચિન્હ. | જન્મ સ્થળ. | મરણ સ્થળ. |
|---|---|---|---|
| વૃષભ અથવા આદિ નાથ. | વૃષ. | અયોધ્યા. | ગુજરાત. |
| અજીતનાથ. | હાથી. | ,, | પારસનાથ. |
| સંભૂનાથ. | ઘોડો. | સાવઠ્ઠી | શીખર. |
| અભિનન્દનાથ. | વાંદરો | અયોધ્યા યા વિનતા. | ,, |
| સુમતીનાથ. | કૌંચપક્ષી. | કૌશન. | ,, |
| પદ્મનાનાથ. | રાતું કમળ. | કૌશાંબી. | ,, |
| સુપ્રાશ્રવ નાથ. | સાથીઓ. | બનારસ. | ,, |
| ચંદ્ર પ્રભુ. | ચંદ્ર. | ચંદ્રપૂરી. | ,, |
| સુવિધીનાથ. | મછ–મગર. | કાકીન્દ્રાપુર. | ,, |
| શિતળનાથ. | ફુલ. | ભદીલપૂર. | ,, |
| શ્રી યાસનાથ. | ગેંડો. | સિંધ–સિંહપૂર. | ,, |
| વાસુપાધ્યા. | પાડો. | ચંપાપૂરી. | ચંપાપૂરી. |
| વિમળનાથ. | રાની ડુક્કર. | કંપીલપૂર. | શીખર. |
| અનન્તનાથ. | સાહુડી. | અયોધ્યા. | ,, |
| ધર્મનાથ. | વિદ્યુલ્લેખા. | રતનપૂર. | ,, |
| શાન્તિનાથ. | હરણ. | હસ્તીનાપૂર | ,, |
| કુન્યુનાથ. | બકરો. | ,, | ,, |
| આરનાથ. | માછલી. | ,, | ,, |
| મલ્લીનાથ | કળશ. | મીથીલાં | ,, |
| મુનીસુવ્રત. | કાચબો. | રાજગીરી | ,, |
| નમિનાથ. | | મહીલા. | ,, |
| નેમિનાથ. | શંખ. | દ્વારકા | ગીરનાર. |
| પારસવનાથ. | સાંપ. | બનારસ. | શિકારપૂર. |
| માહવિર અથવા વર્ધમાન. | સિંહ | ચિત્રકોટ (ચિત્રકુંડ) | પાવાપુરી. |



* એ ધર્મ પાળનારી સંસારી વસ્તીનો મોટો ભાગ મૂર્ત્તિપૂજક છે. તેનું નિત્ય કર્મ આવું—સવારે પથારીમાંથી ઉઠી એક ઠેકાણે બેસી દિવસમાં પાળવાનો નિયમ આદરવો; પછી દેહેરે જઇ ગરમ પાણીથી નાહી તીર્થંકર પ્રભુને ચંદન ફુળ ફળ ચઢાવવાં ને ધર્મ સંબંધી વ્યાખ્યાન થતું હોય તે સાંભળવું; પછી ઘેર આવી દાતણ કરી જમવું. વળી પાછલે પહોરે દહેરે જઇ પૂજન દર્શન કરી આવી સાંજ પહેલાં જંમવું ને રાતે ધ્યાન સ્મરણ કરી સૂવું.

મૂર્ત્તિ નિત્ય પૂજાતી તે અમુક તીર્થંકરની હોય છે. ને બીજી કેટલીક તે દેવતાઓની ને કોઇં કોઇ સાધુની હોય છે. કોઇ શ્રીમંત વળી પોતાને ઘેર મૂર્ત્તિ પૂજા રાખે છે, પણ ઘણું કરીને સૌએ દહેરે જવાનોજ ચાલ છે. પદ્માસનવાળી બેઠેલી એવી મૂર્ત્તિ આરસ. પાહણની હોય છે. તેને વસ્ત્ર પહેરાવતા નથી પણ કોઇ કોઇ ઠેકાણે સવારે આંગી ચોઢે છે; ઘરેણાં પહેરાવવામાં આવે છે. પૂજારી ઘણે ખરે ઠેકાણે ભોજક છે ને કોઇ કોઈ દહેરે બ્રાહ્મણ કે શ્રાવક વાણિયા પણ હોય. જાત્રાના ઠેકાણામાં પાલીતાણા પાસે શેત્રૂંજાની ડુંગરી ઉપર આદીનાથના દર્શનનું છે; ત્યાં બીજાં દહેરાં પણ છે. ગીરનારના ડુંગર પર દહેરાંઓ છે તેમાં નેમિનાથનું અવશ્ય દર્શન કરવાનું છે. પારકરમાં (રણની પશ્ચિમે) ગોડી પાર્શ્વનાથ ને તારંગ ઉપર અજિતનાથ છે. આબુ ઉપરે આઠ ને અંબાજીની ડુંગરી ઉપર પાંચ દહેરાં છે. જંબુસર પાસે કાવીમાં ત્રણ દહેરાં, અમદાવાદથી ચાર કોશ ઉપર નેરવાડામાં એક દહેરૂં ને અમદાવાદમાં ઝવેરીવાડામાં ભોંયરામાં દહેરાં છે; જામનગરમાં કેટલાંક દહેરાં છે. ગૂજરાતની બહાર તે કેસરીઆજીની જાતરાએ જાય છે; બંગાલમાં સપેત શિખરના દહેરાંની ને દક્ષિણમા આંત્રી પારસનાથની છે.

* ગુજરાત સર્વ સંગ્રહ પૃષ્ટ ૧૩૭થી. અત્રેથી વર્ણન લીધું છે.

**વ્રત.**—પુરૂષ તથા સ્ત્રી બંનેએ કરવાનાં તે આવાં: દાતણ કરવા સંબંધી–નવકારસી તે બે ઘઢી દિવસ ચઢયા સૂધી હમેશ દાતણ ન કરવું, બે ઘડી પહોર દહોડ પહોર દિવસ ચઢે બે હાથ જોડી નોકાર ત્રણ ગણી દાતણ કરવું; ખાવા પીવા સંબંધી, એક ટંક જમવું, મોળું જમવું, દિવસના નવ વાગેથી પાંચ વાગતા સૂધી ઉનું પાણી પીવાની છૂટ વગેરે. આગલા દિવસના પાંચ વાગેથી તે ત્રીજા દિવસના સવારના નવ વાગતાસૂધી કંઇ પણ ખાવું પીવું નહિ, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત આઠ દિવસ અપવાસ કરવાનાં વ્રત. લાગલાગટ પંદર કે તીસ દિવસ અપવાસનાં વ્રત. એક દિવસ આંતરે આંતરે અપવાસ ચાર માસ કે છ માસ કે વર્ષસૂધી કરવાનાં વ્રત. બીજનું તે દર માસની સુદ બીજે તેવીઆર અપવાસ કરે, એમ બે વર્ષ સૂધી કરે ને ઉજમણામાં શ્રીફળનું લાણું કરે. **પાંચમનું** * વ્રત તે પાંચ વરસ ને પાંચ માસનું, દરેક માસની સુદ પાચમે તેવીઆર અપવાંસ કરવો. **આઠમ** વ્રત તે આઠ વર્ષ સૂધી દરેક માસે સુદ આઠમે અપવાસ કરવો. **એકાદશી** વ્રત તે અગિયાર વર્ષ ને અગિયાર માસનું, દર માસની સુદ ૧૧ નો અપવાસ. **પુનેમનું** વ્રત એક વર્ષનું. પુનેમ અમાસના ચોવીઆર અપવાસ

* એ નવ શિષ્યોમાં એક ભટ્ટાર્કજી હતા ને તેઓએ જે સંપ્રદાય ચલાવ્યો તે દિગંબરી કહેવાય છે. તે મતે મૂર્તિઓને સણગાર રહિત રાખવામાં આવે છે; સાધુઓ કાથા રંગનું વસ્ત્ર રાખે છે. ને ઓઘો મોરપીછનો રાખે છે—સાધુઓને પાળવાના નિયમ વધારે સખત છે. ગૂજરાતના જૈન ધર્મનો મોટો ભાગ તે શ્વેતાંબરી છે, સાધુઓ સફેદ વસ્ત્ર ને ઓઘો રાખે છે. શ્વેતાંબરી ગચ્છોમાં લોંકાગચ્છના અથવા ઢુંઢિયા તે મૂર્તિ પૂજતા નથી, ને મૂર્તિ પૂજક તે તપા ગચ્છના કહેવાય છે. પાછળથી જગા તથા આચાર્યો ઉપરથી ચોરાસી ગચ્છ કહેવાયા પણ તેમાંના હાલ થોડાકજ રહ્યા છે.–નર્મદાશંકર.

કરે. **પાંખી ચોદસ**—દર માસની સુદ તથા વદ ૧૪એ ચોવીઆર અપવાસ કરે ને સાધુ વૃત્તિથી દિવસના ૮ થી રાતના ૮ સૂધી એક સ્થાને બેશી રહેવું. **સ્થાનકની ઓલી**—સુદ તથા વદની ૫,૮,૧૧,૧૪ એવા જ્યારે ૨૦ અપવાસ કરે ત્યારે એક ઓલી કહેવાય. ૨૦ ઓલી તે ૪૦૦ અપવાસની. એ ઉપરાંત પુનમે તથા અમાસના અપવાસ ૫૦ મેળવતાં ૪૫૦ થાય ત્યારે ૨૦ સ્થાનની ઓલી થઇ કહેવાય વગેરે. સ્ત્રીએ કરવાનાં ખાસ વ્રતમાં દશ પચકાણ નાના તે શ્રાવણ સુદ ૫થી ૧૫ સુધીના. પેહેલે દિવસે અપવાસ ચોવીઆર, બીજે દિવસે એકાસાણું, ત્રીજે દિવસે એક ટંક લૂખું ખાવું, ૪થે રસકસ વિના એક ટંક ખાવું, પાંચમે એક કોળીઓ જમી પછી ચોવીઆરવાળી બંધ રહેવું, ૬ઠે એક ટંક ખીર ખાવી, ૭મે તળીતાવી પકવાન વગેરે ખાવું, ૮મે ધઉંની ચીજ એક ટંક ખાવી, ૯મે અંગ હલાવ્યા વિના એક ટંક ખાવું, ફકત એક હાથ જમણો હાલે, ૧૦મે ચોવીઆર અપવાસ. દશ પચકાણ મોટામાં વધારે અપવાસ વધારે નિયમો છે. કલ્યાણિક-વ્રત, પાંચ વર્ષનું તેમાં ૧૫ના અપવાસ. હમેશ માગશરની ૧૧ થી આરંભ એ મુંન અગિયારસ કહેવાય. એ એક વર્ષ કરે અથવા પાંચ કરે તો કલ્યાણિક વ્રત પુરૂં થાય. પા ઘડીઆ ચાર દિવસનું, રોજ બપોરે પા ઘડીમાં જમી પાણી પીઇ પછી બંધ કરી ચોવીઆર વાળી રહેવું. ઘડીઆ, સોળ દિવસનું, રોજ બપોરે એક ઘડીમાં જમી, ઉપર પ્રમાણે નિયમે રહેવું. બે ઘડીઆ બતરીસ દિવસનું, બપોરે બે ઘડીમાં જમી ઉપર પ્રમાણે રહેવું.

ઓચ્છ વટાણા—શ્રાવણ વદ ૧૧ થી તે ભાદરવા સુદ પાંચમે સુધી પચૂસણ ચાલે છે.

ધર્મ બ્યવસ્થા—રાખનારા તે આચાર્ય શ્રીપૂજ તથા યતિ સાધુ અને ત્યાગીઓ છે તીર્થંકર મહાવીરને ૧૧ શિસ્ય હતા. તેઓએ પોતપોતાના વાડા કીધા, જે ગચ્છ કહેવાયા. ત્રણ શિષ્ય એક મતે રહ્યા ને બીજા આઠના આઠ મળીને નવ ગચ્છ બંધાયા. શ્રીપૂજ પરણતા નથી પણ ગાદી પતિ દાખલ મોટો ઠાઠ રાખે છે; તે પોતાના જથાના સર્વ યતિ ઉપર સત્તા ચલાવે છે ને એ યતિયોમાંથી એકાદો જે વીસા પોરવડ કે ઓસવાળ હોય તે ચેલાને પોતાની ગાદીનો વારસ ઠેરવે છે. યતિયો અપાસરામાં રહી પોતાનાં ધર્મ કર્મ કરે છે ને શ્રાવકોને ધર્મનાં વ્યાખ્યાન સંભળાવે છે. તેઓ કોઇ પણ જાતના છોકરાને નાની વયે ખરીદ કરે છે ને પછી દશ અગિયાર વર્ષે વિધિએ પોતાનો ચેલો વારસ કરે છે. સાધુવૃત્તિયે રહેનારી સ્ત્રી આર્જા તે યતિની પેઠે વરતેછે ને સંસારી સ્ત્રી શ્રાવકીઓને ધર્મ બોધ કરે છે. ત્યાગી સાધુઓ મનના વિકારથી રહિત થવાનો અભ્યાસ કરે છે ને કેટલાક નિયમ પાળે છે, જેવા કે હમેશ પાણી ગરમ કરેલું ઠારીને પીવું, રાત્રે ખાવાનું પીવાનું કાંઇપણ ખપે નહિ, જમીન ઉપર પથારી તેમાં ધાબળીના ત્રણ પડવાળી પથારી કરી તે પર સૂવું, ઉઘાડે પગે હમેશાં ચાલવું, રસ્તામાં કે પરદેશ જવામાં કોઇપણ જાતના વાહનપર બેસવું નહિ, ચોમાસામાં સ્થલાંતર કરવું નહિ.

**સિદ્ધાંત**—(૧) જગતને કાંઇ કર્તા નથી પણ તે અનાદિકાળથી છે; તેનો નાશ નથી. (૨) તેના દરેક પરમાણુંમાં જીવ છે; કેટલાકને ગતિ કરવાની શકિત હોય છે ને કેટલાકને નથી હોતી; કોઇને થોડી ને કોઇને ઘણી ઇંદ્રિઓ હોય છે. (૩) જીવ મુખ્યત્વે પાંચ ગતિયે હોયછે—તિર્થંક, નારકી, મનુષ્ય, દેવતાને સિદ્ધ. (૪) જીવ માત્ર કર્મને વશ છે એટલે સારાં નરસાં કર્મ પ્રમાણે ગતિ પામે છે; દેવતાઓ પણ કર્મના નિયમને આધિન છે; ઉપર કહી તે પાંચ ગતિમાં પહેલી બે તે નઠારાં કર્મથી છે. (૫) સિદ્ધ પદ ઘણું ઉંચુ ને આદ્યું છે તેથી તેને મનુષ્યના કામ સાથે સંબંધ નથી; સિદ્ધ અમર છે ને એ પદ જીવ પામે એ તેની જન્માંતરના ફેરાથી મુકિત ને પૂર્ણ સુખરૂપ મોક્ષ છે. (૬) કોઇ પણ મનુષ્ય ધર્મના દેહકષ્ટાદિ નિયમ પાળવાથી સિદ્ધ જેવો કે સિદ્ધ થાય; મનુષ્યજ સિદ્ધનું પદ પામે. (૭) કોઇપણ જીવજંતુને પીડા ન થાય પણ સુખ થાય તેવું કરવું, વ્રત નિયમે અપવાસ કરવા અને પુણ્યશાળી દેવતા તીર્થંકર સિદ્ધ સાધુની ભકિતઓથી જીવનું પરમ કલ્યાણ છે[1].



**જૈમિની**—આ મહાન ઋષિ શકતાયનનો પુત્ર અને કોત્સ કુલોત્પન્ન કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનો શામ શાખાનો શિષ્ય, એ મ્હોટો વિદ્વાન હતો. એણે ‘अथातो धर्म जिज्ञासा’ અને ‘अथातो ब्रह्म जिज्ञासा’ એ બે સુત્ર લખ્યાં હતા, તેમાંના બીજા સુત્રનું મત વ્યાસે સ્વિકારી પેહેલા સુત્રનું મત એને સ્વિકારવા કહ્યું હતું, તે ઉપરાંત પૂર્વોત્તર મિમાસ એવા બે ગ્રંથો રચ્યાં હતાં. તેમાં વ્યાસે એના પક્ષનું ખંડન કર્યું હતું. એણે પણ એક ભારત ગ્રંથ રચ્યો હતો, પણ તેમાંના અશ્વમેધ શિવાય બાકીના પ્રકરણનો નાશ કરવામાં આવ્યો હતો. જૈમિનુંનું મુકામ ‘નિલવટ’ મુળ પાસે યોગી વેશે હતું. એમનું પૂર્વ મિમાસ આર્ય પ્રજામાં ઘણું પ્રસિદ્ધ છે. (જુઓ અશ્વમેધ.)

**જૈયાની વંશ**—સીપાસી એત્તેકાદ મુજબ પ્રાચીન ઇરાનમાં મેહ આબાદી વંશે લાંબો કાળ રાજ્ય અમલ ભોગવ્યો તેમાં મેહેઆબાદનાં મરણ પછી જીઆફ્રરામે જૈયાની વંશની સ્થાપના કરી હતી. એણે મહેઆબાદનો પૂરાણો ધર્મ ચાલુ કર્યો હતો. દસાતીર મુજબ જૈયાની વંશના સ્થાપક જીઆફ્રરામ ઉપર ઉતરેલી ખોદાઇ કેતાબમાં નીચે દર્શાવ્યા મુજબનું ફરમાન હતું–

“ઓ જીઆફ્રરામ, આબાદ આરાદના બેટા ? જ્યારે તારા પિતાએ રાજ્ય તજ્યું ત્યારે હવે તું પાદશાહી લે, અને ‘ફરસંદાજ,’ જે મેહાબાદનો મજહબ છે, તેને તું આરાસ્તા કરી સણગાર આપ.’ મેં તને પેગંબરીમાં પસંદ કર્યો છે અને ફરસંદાજના મજબહથી તને શોભા આપું છું અને સણગારૂં છું. એ મેહેઆબાદનાં તરીકાને સારા તરીકાથી રાખ, કેમકે તે અહુરમજદી દીન છે અને એ મજહબ ખોદા પરસ્તોમાંથી નારાજ નહિ થશે...... જ્યારે આગલા વખતમાં લોકોએ બદ કામ કીધાં ત્યારે આબાદ આરાદ તે લોકોમાંથી ઉઠી ગયો, અને તેના નિકળી ગયાથી જ્યાં સુધી તેની જગાપર મેં તને બેસાડયો ત્યાં સુધી લોકોએ દુઃખ ભોગવ્યું છે.”

એના વંશમાં થએલા પાદશાહો એનો જી બોલ પ્રથમ વાપરતા. આ વંશનો છેલ્લો પાદશાહ જીઆલાદ હતો, ને રૈયતથી કંટાળી ગોફ્રેનશીન થયો હતો. આ ટોળાના પાદશાહોએ ઇરાનમાં ‘અસ્પાર યાને ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષની બેહદ લાંબી મુદત સુધી રાજ્ય અમલ કર્યો હતો, એવું દબેસ્તાનવાળો કહે છે.

**જોઅંગવીલે, જીન સાયરડી**—જન્મ ૧૨૨૪ માં થશે, મરણ૧૩૧૯ માં નિપજ્યું. એ જુની ફ્રેન્ચ ભાષાનો બીજો તવારીખ નવેશ. ફ્રેન્ચ રાજ્યના ત્રણ વિભાગ કરતાં પેહેલા

[1] શ્વેતાંબર મતે સ્ત્રી કે હરકોઇ નીચ જાતનો તે તપ તથા સુકૃતથી મુકિત પામે છે; દિગંબર મતે સ્ત્રીને મોક્ષ નથી, ધર્મ ક્રિયા કરવાનો કે મૂર્તિને અડકવાનો સ્ત્રીને અધિકાર નથી. કર્મ તે જીવ સાથે દૂધ પાણી પેઠે મળેલું છે, પણ દિગંબર કહે છે કે જીવના આઠ અંશને કર્મ સાથે સંબંધ નથી. એક મતે ધર્મના યુદ્ધમાં સામે થનારને મારી નાખવામાં ધર્મ છે પણ બીજે મતે યુદ્ધમાં પણ માણસને મારી નાખવો નહિ. એક મતે સાધુને ઘણી ભૂખ લાગી હોય તો ઉદભિજ ખાય, ટાઢું પાણી પીએ; બીજા મતે મરવું બહેતર પણ ઝાડેથી તોડી ફળ ખાવું નહિ. એક મતે તીર્થંકર સર્વોપરિ દેવતા છે ને બીજે મતે તે દેવતા નથી પણ પરમગુરૂ છે. એક મતે સાધુ ચેલાના કાન વીંધે છે પણ બીજે મતે નહિ. શ્વેતાંબરમાં કેટલાક તે ૪૫ ને કેટલાક તે ૩૨ સૂત્રને માને છે પણ દિગંબર તે માત્ર ૧૦ મૂળ સૂત્રને માને છે.

કાળમાં 'વિલેહાર્ડુઅંગ;' બીજા જમાનામાં જોઅંગવિલે અને ત્રીજા કાળમાં ફ્રોયસારે થઈ ગયા. આ કાળમાં ફ્રેન્ચ તવારીખ નવેશો થઈ ગયા તેવા બીજી કોઇપણ પ્રજામાં થયા નથી. આ જોઅંગવીલને ૧૨૪૧ માં રાજ્ય આશ્રય મળયો હતો. પછી ૭ વર્ષે સેંટલુઇ ક્રુઝેડ માટે નિકળ્યો, ત્યારે એ પણ સાથે જોડાયો હતો. આ લઢાઇમાં એણે રાજ્યસેવા સારી બજાવી. આજ લઢાઇની મુદત દરમ્યાન એને તવારીખ લખવાનું સુજ્યું અને સેંટલુઇ ઉપર એ તદન ફીદા હતો. બીજી ક્રુઝેડની લઢાઇવેળા એ સેંટલુઇ સાથે નહિ જતાં તવારીખ લખવા પાછળ મંડયો અને તે ઇતિહાસ ૧૩૦૯ માં લખી પૂરો કર્યો.

**જોકજેકર્તા**—જાવાનું મધ્ય સંસ્થાન. ક્ષેત્રફળ ૧૧૯૧ ચોરસ મૈલ છે. લોક વસ્તી, ૪,૭૪,૫૧૯ ની છે. મુખ્ય શેહેર એજ નામનું હોઇ તેમાં ૪૪,૯૯૯ ની વસ્તી છે. અત્રેનાં સુલતાનનો મેહેલ તથા પુરાતમ ખંડીયરો જોવાજોગ છે.

**જોકતાન**—આરબ તવારીખ નવેશોએ આરબ પ્રજાને બે વિભાગમાં વેંહેંચી નાખી છે, તેનું નામ. તેમાં જોકતાન અથવા ખાતન આરબો હેબરના પુત્રો છે અને તેઓ અસલ આરબ ગણાય છે. તેમજ અદનાન પ્રજા ઇસમાઇલનાં વંશજો છે, તેઓ આરબ તથા પરજાતની ભેળથી ઉત્પન્ન થએલાં છે.

**જોકોપીન**—એ સ્વિડીશ કૌન્ટીનું મુખ્ય શેહેર (ક્ષેત્રફળ ૪૪૩૮ ચોરસ મૈલ ને લોક વસ્તી ૧૮૯૨ માં ૧૯૩૩૮૯ ની) વેટર સરોવરની દક્ષિણમાં સુંદર જગ્યા પર વસાયલું છે. ગોથેનબર્ગથી રેલ માર્ગે પૂર્વમાં ૧૧૫ મૈલ પર છે. અત્રે 'સેફ્ટી મેચીસ,' કાગળ, ગલીચા અને તંબાકુનાં કારખાનાં છે. ૧૮૭૫ માં વસ્તી ૧૩૧૪૨ ની ને ૧૮૯૨ માં ૧૯૯૦૨ ની હતી.

**જોગ**—દેશી સંગીત શાસ્ત્ર મુજબ આ રાગ ગાવાનો વખત મધરાત પછીનો છે. જાતિ સંપૂર્ણ– ખરજ શુદ્ધ, રિખવ કોમળ, ગંધાર તિવ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિખાદ તિવ્ર. એ મુજબ ૭ સ્વરો આવે છે.' સંગીત કળાધરમાં જણાવ્યા મુજબ આ રાગ કાળિંગડાને મળતો છે. પરંતુ તેમાં તિવ્ર મધ્યમ આવતો નથી તથા તેના ઢંગમાં ફરક છે.

**જોગની**—ફ્રેન્ચ વિભાગનું આ કિલ્લે બંદીવાળું શેહેર પેરિસની દક્ષિણ પૂર્વે ૯૦ મૈલ ઉપર છે. અત્રે કાપડ, સણ અને બંદુકનાં કારખાનાં છે. લોક વસ્તી ૫૯૭૧ ની છે.

**જોગી ગોપા**—આસામમાં ગોલપારા જીલ્લામાંનું એક યાત્રા સ્થળ. બ્રહ્મપુત્રા નદીના ઉત્તર કિનારાપર છે. બ્રિટીશોએ આસામ લીધા આગમજ આ એક મુખ્ય વેપારી શેહેર ગણાતું હતું., પણ તે પછી પડી ભાગું છે. અત્રે દુધનાથનું મંદીર હોઇ પાસે પર્વતમાંથી કોતરેલા અનેક ગુફાઓ છે, અને તેથી અત્રે દર વર્ષે અસંખ્ય જાત્રાળુઓ આવે છે. ગોલાપારા જીલ્લાનું આગળ એ એક મુખ્ય શેહેર હતું. અત્રે 'બીજની' રાજાનો મહેલ છે.

**જોગીપંથ**—હિંદુસ્તાનમાં આ ટોળો લાંબા કાળથી જાણીતો છે. તેઓ પોતાના મૂલ પુરૂષ શિવને જણાવે છે. તેમના આચાર્ય તરીકે આદિનાથ, ચોરંગીનાથ, મચ્છંદ્રનાથ, મીનનાથ, ગોરખનાથ, નિત્યનાથ, આનંદનાથ, નિરંજનનાથ, ભૈરવનાથ, ખુદ્ધનાથ, વગેરે જાણીતા થયા. આ સર્વનાથ વિશેનો ખાસ જૂદો ગ્રંથ છે. આ નાથોનાં મથક જગેજગ છે. પૈઠણમાં શિવદીનનાથનું મંદીર છે. નાથ પંથીઓ જોતપૂરના રાજાના ગુરૂ કહેવાય છે.

**જોગીયા**—દેશી સંગીત શાસ્ત્ર મુજબ એક રાગણી. એની બે જાતી છે. એક શૂદ્ધ જોગીયા, ૨ મંગલી જોગીયા. તેમાં શૂદ્ધ જોગીયા સંપૂર્ણ છે, એટલે ખરજ શૂદ્ધ, રિખવ કોમળ, ગંધાર તિવ્ર, મધ્યમ કોમળ, પંચમ શૂદ્ધ, ધૈવત કોમળ, નિખાદ તિવ્ર એ મુજખ ૭ સ્વર આવે છે. ગાવાનો વખત પોહોર દિવસ ચઢયા પછીનો છે. આ રાગણી દીલગીરીભરી છે.



**જોગીઆ અસાવરી**—એક રાગણી. જાતી સંપૂર્ણ. એટલે–ખરજ પંચમ શૂદ્ધ, રિખવ ધૈવત કોમળ, મધ્યમ પણ કોમળ, ગંધાર અને નિખાદ તિવ્ર, એ પ્રમાણે ૭ સ્વર સમાયલા છે. એનો ગાવાનો વખત સહવારનો છે. એ જોગીયા તથા અસાવરીની બનેલી છે (જુઓ અસાવરી.)

**જોચીમસ્ટલ**—બોહેમિયાનું ખાણોવાળું શેહેર. એ ઇગ્રબર્ગ અને કાર્લબેડની ઉત્તરે ૧૦ મૈલ ઉપર દક્ષિણ ઉતરાણ પર ૨૪૦૦ ફીટ પર છે. અત્રેની ખાણોમાંથી ચાંદી, નીકલ, બીસ્મિથ અને યૂરેનિયમ મળે છે. લોક વસ્તી ૬૬૨૮ ની છે.

**જોડાક્ષર**—વ્યાકરણ શાસ્ત્ર મુજબ જ્યારે 'બે' કે વધુ વ્યંજનોનો ઉચ્ચાર એવો સાથે આવે કે તેમની વચ્ચે કોઇ સ્વર સંભળાતો નથી ત્યારે યૂકતાક્ષર (જોડાક્ષર) લખીયે છિયે. જેમકે અન્ન આ શબ્દનો ઉચ્ચાર કરતાં 'અ' અને 'ન' આ બે અક્ષરની વચ્ચે કોઇ સ્વર સંભળાતા નથી માટે તેને જૂદાં લખતા નથી પણ એકત્ર કરીને લખિયે છિયે. જેમકે:—

કીરતન નહિ પણ—કીર્તન.
કુતસિત ,, ,, —કુત્સિત.
કુપથય ,, ,, —કુપથ્ય.
પુતર ,, ,, —પુત્ર.
કલપ ,, ,, —કલ્પ.
ઇશવર ,, ,, —ઇશ્વર.

ગુજરાતી ભાષામાં જોડાઅક્ષર સેહેલથી લખાય એવાં રૂપો યોજેલાં છે. જેમકે 'શ' ને વાસ્તે શ્; ર ને વાસ્તે ૅ, ્ર; એઓ એ રીતે લખાય છે. શ્વ=શવ; સર્વ=સરવ, ચક્ર=ચકર, શ્, ૅ, ્ર, આ રૂપો વેપારના ધસારામાં બહુ સંક્ષેપ થએલા શ તથા ર ના જૂના આકારના કકડા કહેવાય છે.

ઉપરની રીતીએ ગોઠવણી સેહેલી નહિ આવે તો વ્યંજન ચિન્હે કરીને અક્ષરને ખોડિયે છિયે; જેમકે ઉદગાર=ઉગ્ધાર ઉતથાન=ઉત્થાન.'

જોડાક્ષરોને વાંચવાનો અનૂક્રમ એ છે જે ડાબી બાજુએ લખાય છે તે પેહલો બોલવો. શબ્દ;=શબદ; હસ્ત=હસત. અથવ અઉપની બાજુએ જે લખાય તે પેહેલો, અને નીચેનો તે પછી બોલાય. જેમકે સમાપ્ત = સમાપત ; શ્વ=શવ; સર્વ = સરવ; શાસ્ત્ર=શાસતર. છેલ્લાં વ્યંજનની સાથે સ્વર ન લખેલો હોય તેને છેલ્લો બોલવો. દ્ર=દર.

**જોડા**—ઘણું કરી જોડા ચામડાનાંજ બનાવવામાં આવે છે, શોખીનો રેસમી, અથવા કંતાનના જોડા પેહેરે છે. જોડાનો મુખ્ય ઉપયોગ કહીયે તો પગનો બચાવ કરવાનો છે. પગને કાંટાં, અથવા કાંકરાથી ઇજા નહિ થાય, તેમજ થંડી અને વરસાદથી બંચાવ થાય એટલોજ તેનો ઉપયોગ છે. આથી જોડા સારા કેળવેલા નરમ ચામડાનાં પેહેરવાં જોઇએ. તળીયું નરમ અને વળે તેવું હોઇ તેની સીવણમાંથી માહે પાણી નહિ જાય તેવા પેહેરવાં. તેમજ આંગળા ખુલ્લા નહિ રહેતાં પગના ભાગપર દબાણ થાય નહિ તેવા જોઇએ. જોડા જોઇએ તે કરતાં તંગ અથવા માહેલું અસ્તર નરમ અને લીસું નહિ હશે તો ચાલતાં ત્રાસ પડે છે એટલુંજ નહિ પણ પગને આંટણ થાયછે, જેથી કેટલીક વેળા વેદના થાયછે.

જોડાનાં અસંખ્ય પ્રકાર છે, પણ જેમાં ઉપર જણાવ્યું તેવા ગુણો જોઇએ. જલ્દી ચાલવા માટે જોડો પગમાં બંદ બેસ્તો ને પાટલી સુધી ચઢાઉ જોઇએ, અને તે હલકો હોઈ ટુંકી ચાંચવાલો હોય તો તેથી જલ્દી ચાલી શકાય છે; તેમજ તેનાથી ચાલતાં સમતોલપણું જળવાઇ પગ મોરચાવાનો ભય રહેતો નથી.

જોડો એ એશ આરામી અને નાજુકતા સાચવવા માટેનું સાધન છે. એમ સમજવું ભૂલભર્યું છે. શરીરના ઉપલા ભાગ કરતાં પગ તરફનાં ભાગમાં રૂધિરાભિસરણ ઓછું હોવાથી તે થંડી હવાથી જલ્દી સરદ થાય છે; અને તેને ઇજા થતાં તે જલ્દી સારી થતી નથી. આથી પગના બંચાવ માટે જોડા જેવું રક્ષણ ( કવચ ) રાખવાની બીજા ભાગો કરતાં પગને વધારે

જરૂર છે. જોડા નહિ પહેનારના પગને ચીરા પડી પગ બેડોળ બને છે. તથા તેને આંટણો પડે છે. એટલુંજ નહિ પણ થંડી અને વર્સાદમાં સરદ જમીનમાં ઉઘાડે પગે ફરવાથી તહેંવાર દર્દો લાગુ પડે છે. કેટલીક વેળા તળીયાનાં ચિરામાંથી ખરાબ જંતુઓ દાખલ થઇ રોગ લાગુ પડે છે.

પ્રાચીન કાળથી જોડા પેહેરવાનો રેવાજ તે દેશોમાં ચાલુ છે; પણ દરેક દેશની કતને અનૂકુળ તથા જોડા પેહેરવા માટે જૂદા જૂદા દેશ જાણીતા છે. થંડીના મુલકોમાં ગુઠણવેરનાં જોડા પેહેરે છે ત્યારે ગરમ દેશમાં માત્ર તળીયાં ઢંકાય તેવા જોડા પેહેરે છે. તેમાં હિંદુસ્તાનમાં પગમાં ચર્મ રાખી દેવ દર્શન નહિ થાય એવો ધર્મ બાધ હોવાથી પગમાંથી ઝટ કાઢી શકાય તેવા છાલકા જોડા પેહેરે છે.

પ્રાચીન લોકો ચામડાનાં, કપડાનાં, એક જાતના ઝાડના પાંદડાનાં અથવા લાકડાનાં પેહેરતા હતા. પિથાગોરસ પોતાના ચેલાઓને ઝાડની છાલનાં બનાવેલાં જોડા પેહેરાવતો હતો. તે વેળા સ્ત્રીઓ એક જાતના ચંપલ પેહેરતી હતી. રોમન લોકો બીજના ચંદ્રના આકાર, હાથી દાંતના બનાવી તે પોતાના જોડા ઉપર જડતા હતા. 'કેલીગ્યૂલા' પાદશાહ પોતાના જોડાને કિંમતી પથ્થરોથી સણગારતો હતો. આગલા ઇંગલંડ દેશમાં એટલી તો લાંબી ચાંચવાલા જોડા પેહેરતા હતા કે તેથી ચાલવામાં ઘણી અડચણ પડી, આથી તેઓ તેની ચાંચને ગુઠણ સાથે બાંધી લેતા હતા. તેમાં શ્રીમંત તથા મોજીલા એસ્કી લોકો તો ચાંદી સુનાની સાંકળથી તે ચાંચ બાંધી લેતા. આ નવાઇ જેવી રીત છેક ૧૪૬૭ સુધી ચાલુ હતી.

હિંદુસ્તાનમાં તહેંવાર પ્રકારના જોડા બને છે (જુઓ ચામડાનો વિષય.) તેમાં કેટલાક કિંમતી કસબ કામથી ભરેલો હોય છે. આગલા રાજવંશીઓ જે જોડા પેહેરતા તે હજારોની કિંમતના ગણાતા. અને તેને સાચવવા માટે સદા એક હજુરીયો રાખવામાં આવતો. જ્યારે પાદશાહ યા રાજા તખ્તે બેસે ત્યારે તેઓ જોડા કાઢી બેસતા અને તે વેળા જોડા સાચવનાર દરબારી તેની રખવાળી કરતો.

**જોધપુર**—એને મારવાડનું પણ રાજ્ય કહે છે. આ રાજ્યનું ક્ષેત્રફળ ૩૭૪૪૫ ચોરસ મૈલ છે. ૧૮૯૧ માં લોક વસ્તી ૨૫,૨૧૭૨૭ ની હતી. મુખ્ય શેહેર જોધપુર પાયતખત ગણાય છે.

એની ઉત્તરે વિકાનેરનું રાજ્ય, દક્ષિણે ગુજરાત પ્રાંતનો પાલણપુર ઇલાકો અને કચ્છનું રણ. ઇશાન્યે જયપૂરનું રાજ્ય; પૂર્વે કિશનગઢ, અગ્નિએ સિરોહીનું રાજ્ય; પશ્ચિમે સિંધ પ્રાંત તથા વાયવ્ય ખુણે જેસલમીરનું રાજ્ય છે. રાજ્યની વાર્ષિક પેદાશ ૨૫,૦૦,૦૦૦ રૂપ્યાની છે. આ રાજ્ય બ્રિટીશ સરકારનું ખંડીયું છે.

આ મુલક સપાટ અને અતિ વિસ્તીર્ણ હોવાથી રેતીના મેદાનોને લીધે તેમાં ઝાઝો પાક થતો નથી. પૂર્વ તથા ઇશાન્ય તરફનો ભાગ પહાડી હોવાથી રસાળ છે. આ દેશમાં ઉંટ, બળદ અને ગધેડાની વિશેષ પેદાશ થાય છે. ત્યાં ઉંટ વડે રેતીના રણમાં હળ ખેડી ખેતી કરે છે. દેશમાં લુણી નામે એકજ નદી વહે છે. તેમજ સંભર નામના ખારા સરોવરમાંથી મોટા જથ્થામાં મીઠું પાકે છે. આ દેશમાં વર્સાદ અતિ થોડો વર્સે છે. તથા દિસે તાપ અને રાત્રે તહાડ પડે છે. મુખ્ય પાક ઘઉં, બાજરી, મીઠું, કપાસ, શેરડી અને અફીણનો છે. ખનીજ પદાર્થમાં માત્ર ઇમારતી પથ્થરો નિકળે છે. મુખ્ય લોક વસ્તી રજપૂત, મેરા રબારી, ચારણ, વાણીયા, બ્રાહ્મણ, અને મુસલમાનોની છે. તેમની ભાષા મારવાડી છે. 'રતલામ માળવા રેલ્વે' આ દેશના થોડા ભાગમાંથી પસાર થાય છે. આ રેલ્વે લાઇન જોધપૂર જંક્શન નામે સ્ટેશનથી વાયવ્ય તરફ ૬૪ મૈલ સુધી વધે છે. આ મુલકમાં મુખ્ય શેહેર જોધપૂર,



પાલી, નાગોર, પોકર્ણા, વાલોત્રા, ઝાલોર, બાલમેર અને ચોતન એ મુખ્ય છે. તેમાં જોધપુર મારવાડનું કિલ્લે બંદીવાલું શેહેર છે. અત્રેનાં રાજ્ય કર્તા સૂર્યવંશી રાઠોડ જાતના રજપૂત છે. અને તે મહરાજાના એલકાબથી ઓળખાય છે. આ રાજ્યનાં લશકરમાં ૩૫૪૫ સ્વાર, ૫૦૨૦ પ્યાદળ., ૨૭૦ તોપ અને ૨૪૦ ગોલંદાજો છે. હાલનાં રાજ્ય કર્તા મહરાજા જસવંતસિંહજી છે. જેવણ ૧૮૭૩ માં ગાદીએ બેઠા હતા.

**જોધપૂર**—ઉપલા રાજનું મુખ્ય શેહેર. લોક વસ્તી ૬૦૪૩૭ ની છે. ઇ. સ. ૧૪૫૯ માં રાવ જોધાએ વસાવ્યું અને અને ૧૪૬૧ થી તે રાજધાની તરીકે વપરાસમાં આવ્યું ત્યારથી તે હજી પાયતખત તરીકે છે. આ ગામ પહાડીહારના દક્ષિણ ઢોલાવપર વસાયલું છે. એની પાસે મ્હોટો કિલ્લો, રેતાળ પથ્થરના પહાડી શિખરપર છે કે જે ૮૦૦ ફીટ ઉંચો છે; ને તેમાં રાજ્ય મેહેલો છે. શેહેર આસપાસ ૬ મૈલ લાંબો કોટ ફરીવળેલો છે; ને તેમાંથી દાખલ થવાના ૭ દરવાજા છે. શેહેરમાં રાજાનાં મેહેલો, ઠાકોર તથા અમીરોનાં મેહેલો' તલાવો અને સંખ્યાબંધ મંદીરો છે. ઇમારતો શુદ્ધ પથ્થરની બાંધેલી હોઇ તે ઉપરનું નકશી કામ હુન્નરમંદીભર્યું છે. જોધપૂરની ઉત્તરે ૩ મૈલ ઉપર 'માનદોર'નું પુરાણું પરિયાર રાજ્ય સમયનું ખંડીયું શેહેર છે. (જુઓ જોધા.)

**જોધબાઈ**—માલદેવ રાજાની આ બેટી અને જોધપૂરનાં રાજા ઉદેસીંગની બેહેન. એનાં લગ્ન અકબર સાથે ઇ. સ. ૧૫૬૯ માં થયાં હતાં. આ રાણી સાથે અકબરને ઘણી પ્રિતી બાઝી હતી. તેઓ અજમેરના મુઇઝદ્દીનની જીઆરતે પગે ચાલીને ગયા હતા. તેઓ દરરોજ ૬ મૈલ પગે મંજલ કાપતા ગયા હતા. ત્યાં જઇ પુગતાં મુઇઝદ્દીને સ્વપનામાં આવી અકબરને ભવિશના ગાદીવારેસના સગન ભર્યા સમાચાર આપ્યા હતા. તે પછી જોધબાઇએ જે બાળક પ્રસવ્યો તેનું નામ મીરઝાંસલીમ રાખ્યું. જે જહાંગીરને નામે ઇતિહાસ પ્રસિદ્ધ થયો. જોધબાઇ ઇ. સ. ૧૬૦૦ માં મરણ પામી. એ બાઇની કબર આગ્રા નજદીક ફતેહપૂર શિક્રીના તોપખાનાની ભૂમીપર ૧૮૪૦ સુધી કાયમ હતી.

**જોધા**—મારવાડના આ રાણા રણમલ્લ પછી ગાદીનશીન થયા. એ હિમ્મતવાન અને જ્ઞાની હતો. એણે નાના ટંટા બખેડામાં નહિ પડતાં દેશની વ્યવસ્તામાં કાળ ગાળ્યો હતો. ૧૪૫૯માં કોઇ યોગીની સલ્હાથી એક નવા શેહેરનો પાયો નાખી તેનું નામ જોધપૂર રાખ્યું (સંવત ૧૫૧૫ માસ જેષ્ટ) અને ઇ. સ. ૧૪૬૧ માં 'મંડોર'થી રાજ્યગાદી ઉઠાવી જોધપૂર આણી. રાવ જોધાનો વડો કુંવર સાંતલ બુંદીના એક કુંવરીનો કુંવર હતો. તે જેસલમીરમાં રહેતો; તેણે પોકર્ણિથી પાંચ મૈલ અંતરે કિલ્લો બાંધી તેનું નામ સાંતલમેર પાડ્યું હતું. ચોથો કુંવર કુદો મેરતીઆના મેદાનમાં જઇ વસ્યો, તેના વંશજો મેરતીઆ કહેવાયા. તેઓ મારવાડમાં પ્રખ્યાત તલવારીઆ ગણાય છે. આ કુદાની કુંવરી મીરાંબાઇ મેવાડના રાણા કુંભા સાથે પરણી હતી. ૬ ઠા કુંવર વિકાએ પોતાના કાકા 'કંદાલ' સાથે ઉત્તરમાં જઇ વિકાનેર વસાવ્યું. રાવ જોધો ૧૪૮૯ માં ૬૧ વર્ષની વયે મરણ પામ્યો. એના ૧૪ કુંવરો હતા.

**જોન**—ઇંગલંડનો રાજા. બીજો હેન્રિ ને રાણી એલીનોરનો સહુથી નાહનો પુત્ર. જન્મ ઑકસફર્ડ ખાતે ૨૦ ડીસેંબર ૧૧૬૭ માં થયો. ૧૧૮૫ માં એને આયરલંડનો ગવરનર નેમ્યો હતો. તે પછી એનો વડો ભાઇ રિચર્ડ ક્રૂઝેડની લડાઇથી પાછા ફરતાં આસ્ત્રીયાના ડયૂકને હાથ પકડયો હતો, તેનો લાભ લઇ જોને ઇંગલંડના રાજ્યનો કબજો કરવા માંડયો; પણ તેટલાં રીચર્ડ ૩૦ લાખ રૂપ્યા આપી છુટકો મેળવી ૧૧૯૪ માં ઇંગલંડ આવ્યો. તેટલાં જોને તેની માફી પગે લાગી મેળવી. તે પછી રીચર્ડ ૧૧૯૯ માં લડાઇમાં

ા તીરથી માર્યો જતાં જૉન ૨ જી મેએ ગાદીનશીન થયો. એણે રાજા થતાં પોતાની ીને તલાક આપી એક ઉમરાવની બાતુ ામેલા સાથે પરણ્યો. તે પછી પોતાના ત્રેજા આરથર સાથે લઢી તેને કેદ કરી રી નાંખ્યો, આથી જૉને નૉરમંડી પ્રાંત યો.

જોનનાં અમલની શરૂઆતમાં પોપ તરીકે ત્રીજો ઇન્નોસેંટ મહા સત્તાવાન ગણાતો હતો. તે લોભી પણ પરાક્રમી ગણાતો હતો. ૧૨૦૫માં 'કાન્ટેબરી' કસ્બાના ઈંગલંડના પ્રમુખ બીશપની જગ્યા પોતાના માનીતાને આપવાનું નક્કી કર્યું. આથી પોપ વચ્ચે ફેસાદ જાગ્યો, તેથી જોને પાદ્રીઓના વજીફા જપ્ત કરી તેમને દેશનિકાલ કર્યા. આથી ૧૨૦૮ માં પોપે ઈંગલંડનો નિષેધ કરાવ્યો. જેથી દેશમાંની ધર્મ ક્રિયા બંધ પડી, ને મરણ ક્રિયા થઈ શકી નહિ, તેથી મુર્દા ધર્મ વિધી વીના દટાતાં, યા સમુદ્રમાં નાખવાં પડતા; આથી પ્રજા ભય પામી, પણ જૉને જેઓ ધર્મ વિધી કરવા ના પાડતા તેમની મીલકત ઝુંટાવી લઇ દેશ નિકાલ કરતો. તેમની રાખેલી ગુપ્ત સ્ત્રીઓને જાહેરમાં આણી કેદ કરી રોમન કેથોલિક પાદરીઓની અનીતી ઉઘાડી પાડતો. આથી ઘણાક પાદરીઓએ પોપની આજ્ઞા નિરૂપાયે તોડી; જેથી પોપે ૧૨૦૯ માં જૉનને નાત બહાર મેલયો. આથી જૉને પ્રથમ પ્રજાના ખાસો આમ વર્ગ ઉપર ભારે જુલમ ગુજારવા માંડતાં ઘણાં લોકો પરદેશ જઇ વસ્યા, આથી જૉન પોપને શરણે જવાની મરજી લૉંગટનને જણાવી પણ જૉન તેમની શરતો કબુલ કરી શકયો નહિ. એ પછી પોપે ત્રીજો હુકમ કાઢી જૉન સાથે વેહેવાર રાખનારને પણ ન્યાત બહારની સજા કરી. તે પછી જૉનને પદભ્રષ્ટ કરવાનું જાહેરનામું કાઢી ફ્રાન્સના રાજા ફીલિપને તેનાં રાજ્યનો કબજો લેવાનો હુકમ કરતાં ફીલિપે ૧૭૦૦ વહાણોનો કાફલો ભેગો કરી સામો થયો. આ વેળા જૉને ૬૦,૦૦૦ થી મ્હોટું લશકર જમા કર્યું પણ તેને પતિત જાણી ઘણાકો ઉચ્ચાટ મનથી તેની નોકરી કરતા. આ વેળા પાનડોલ્ફ નામે પોપનો એક પ્રતિનિધિ પોપ તરફથી આવ્યો હતો. તેને જૉન શરણે ગયો ને પોતાનું તાજ તેને ચરણે મેલ્યું. પાનડોલ્ફે પોપને નામે તે સ્વિકારી ઈંગલંડના રાજા પાસથી સદાકાળ રૂ. ૨૦૦૦૦ ની વાર્ષિક ખંડણી પોપને મળે એમ ઠેરવ્યું. તે પછી જૉન ૧૨૨૩ માં શુદ્ધિ પામ્યો.

આ વેળા ફીલિપને પોપે પાછો જવા કહ્યું. પણ તે ગુસ્સે થઇ 'નુકસાની' માગવા લાગો તેટલાં જૉન તેના રાજ્ય પર ચઢાઇ કરી લઢવા લાગો; છેલ્લે ૧૨૧૪ માં સુલ્હે થઇ. પણ જૉને પોતાની જુલ્મી રાજનીતિ ચલાવવાથી તાલુકદારોમાંના કેન્ટરબરીના બિશપ લાંગટન તથા પેમબ્રોકના અર્લ વિલ્યમની સરદારી તળે લશકરે જોન ઉપર ચઢાઇ કરી જોનને નહસાડયો. સેવટે નિરૂપાયે જૉને મેગનાચાર્ટા ઉપર ૧૨૧૫ માં ૧૫ મી જુને સહિ કરી. પણ તે પછી જોને ગુપ્ત રીતે પોપની મદદ મેળવી પરદેશી લશકરનાં બળે પોતાનાજ દેશને ઉજડ કરવા માંડયો. આથી તાલુકદારોએ ફીલિપનાં કુંવર લુઈની મદદ મેળવી. લુઈ ૧૨૧૬ માં ૧૨ જુને લંડનમાં આવી રાજા કહેવાયો. તે વેળા જોને ફોજ એકઠી કરી સમુદ્ર કાંઠે જતાં માર્ગમાં તેનું સર્વસ્વ તુફાનમાં ડુબી જવાથી તે નાસીપાસ થઇ એજ વર્ષની ૧૭ અકટોંબરે મરણ પામ્યો-

**જોન ૨ જો**—ફ્રાન્સનો રાજા. ૬ ઠા ફીલિપનો બેટો, જન્મ ૧૩૧૯ માં થયો. ૧૩૫૦ માં ગાદીએ બેઠો. ૧૩૫૬ માં એડવર્ડ ધીબ્લેક પ્રિન્સે એને પોયટીયર્સ ખાતે કેદ કરી ઈંગલંડ લઇ ગયો. ૧૩૬૦ માં બ્રિટીગનીના કોલકરાર પછી એ ફ્રાન્સ ગયો ને પોતાની બદલી પોતાના બેટા ડયૂક ઑાવ અન્જુને કોલકરાર પુરા થાય ત્યાં સુધી જામીનગીરીમાં ઈંગલંડમાં રાખ્યો; પણ તે શાહજાદો ઈંગલંડથી નહાશી ફ્રાન્સ આવ્યો. જોન કરાર પુરા કરવા અશકત થવાથી પોતાના વચનને ખરો નિવડી પાછો ૧૩૬૪ માં ઈંગલંડ ગયો; જ્યાં તે તેજ વર્ષમાં ૮ મી એપ્રેલે મરણ પામ્યો, તેના પછી તેનો બેટો પાચમો ચાર્લસ ગાદીનશીન થયો.



**જોન ઑાવ આસ્ટ્રીયા**—પાંચમા ચાર્લસ શેહેનશાહનો એ અનૌરસ પુત્ર. જન્મ ૧૫૪૭ માં ૨૪ ફેબ્રુવારીએ થયો. એના પિતાના મોત પછી એનો સાવકો ભાઇ ફીલિપ બીજો ગાદીએ બેઠો. તેણે એને વર્ષાસન આપતું કરી માન સાથે પ્રિન્સ ઑાવ ૫ મા સાથે અભ્યાસ કરવા રાખ્યો. એની બચપણથી વલણ લઢાયક હુન્નર તરફ હોવાથી ૧૫૭૦માં એને ગ્રાનેડામાં મૂરોએ ઉઠાવેલા બળવા સામે લઢવા મોકલેલા લશકરના સરદારની જગા આપી. આ વેળા જોને અદભૂત પરાક્રમ બતાવી મૂરોને જડમૂળથી ઉખેડી નાખ્યા હતા. ૫ મી અકટોંબર ૧૫૭૧ માં એણે લીપેન્ટોની લઢાઇમાં તૂર્કોને સખત હાર આપી હતી. એણે તે પછી ઉત્તર આફ્રિકામાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનું ધાર્યું પણ ફીલિપ અદેખો થઈ એને મીલાન મોકલ્યો, ને તે પછી ૧૫૭૬ માં નેધરલેંડના ગવરનર જનરલ તરીકે મોકલ્યો, ત્યાં એણે પ્રજાની અત્યંત પ્રિતિ સંપાદન કરી, આથી ફીલિપે એનીપર વેર લેવાનું ધારી ૧૫૭૮ માં ૧ લી અકટોંબરે ગુપ્ત રીતે ઝેર ખવાડી મારી નખાવ્યો; કારણકે જોન કદાચ નેધરલેંડનો રાજા થઇ બેસે એમ તેને ભય હતો.

**જોન કવિલ**—આ છોડ દક્ષિણ યૂરોપમાં ઉગે છે. એના કાંદા જેવા કંદ હોય છે. એની પર બે થી ૬ પિળાં ફુલો આવે છે. એના ફુલમાંથી તહેંવાર સુગંધી મેવો બને છે.

**જોન ઑાવ આર્ક**—આ વીર સ્ત્રીનો જન્મ ઈ. સ. ૧૪૧૨ માં ૬ ઠી જુને લૉરેન્સમાં આવેલા ડોમરીમેના ગામડામાં થયો હતો. આ સ્ત્રી બચપણમાં ઘણી ચપળ અને ખડતળ કામ કરનારી હતી. એણીએ ... કેળવણી લીધી હતી. એણી જ્યારે પોતાન ઉમરમાં આવી તે વેળા એક બનાવ એના દેશમાં બન્યાથી એણીનું નામ પ્રસિદ્ધતા પામ્યું હતું.

ઇંગ્લાંડના રાજા ૬ ઠા હેન્રિએ ૧૪૨૩ માં ફ્રાન્સનું રાજ્ય હરણ કીધા પછી ત્યાં પોતાની પાર્લામેંટ બોલાવી તે છતાં ફ્રાન્સના મધ્ય પ્રાંતોમાં કેટલાક ફ્રેન્ચ લોકો હજુ હતા જેઓ પોતાનાં પાદશાહી વંશના પુરૂષને ગાદી ઉપર જોવા ઇચ્છતા હતા. એ વેળા ફ્રાન્સના પદભ્રષ્ટ રાજાનો બેટો ચાર્લસ પોતાનાં હાથમાં રાજ્ય કારોબાર લેવાને ઘણી તજવીજ કરતો હતો. તેણે અર્લ ઑાવ ડગલાસ નામના સ્કૉટલંડના એક ઉમરાવને મોટી લાંચ આપી તેના ૬૦૦૦ હાઇલંડરોનું લશકર પોતાની મદદે બોલાવ્યું હતું, પણ પોઇટીઅર્સની મોટી લઢાઇમાં તેઓની હાર થઇ અને ચાર્લસને નાશી જવું પડયું.

ફ્રાન્સનો આ શાહજાદો મોજમઝામાં હમેશાં રહેતો હતો. તેણે પોતાની હજુરમાં ઘણાંક હલકા લોકોને રાખ્યા હતાં, અને પોતાનાં હક માટે ઝાઝી મેહેનત કરતો નહોતો, પણ તેના હાથ તળેના વફાદાર ઉમરાવો તેને માટે પોતાનો પ્રાણ આપવા તૈયાર હતા. આખરે ૧૪૨૯ માં ઈંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે મોટી લઢાઈ થઇ તેમાં ઇંગ્રેજોની જીત થઇ. આ સઘળું છતાં ચાર્લસની અઇઆશી સૂધે ઉડી નહિ.

ફ્રાન્સનો સઘળો ઉત્તર ભાગ ઈંગ્રેજોને શરણ થઇ ગયો અને સઘળાઓની આશા તુટી ગઇ. ઈંગ્રેજોએ આરલીઅન્સ શેહેરને ઘેરો ઘાલ્યો હતો, તે માંહેલું લશકર તથા પ્રજા ભૂખે મરવાની તઇયારીમાં હતી, પણ આ સઘળી ફતહેનો દેખાવ એક નાની ખેડુતની બેટી જોન ઑાવ આર્કે ફેરવી નાખ્યો.

આ સ્ત્રીને રોજ રાત્રે તરેહવાર સ્વપના-
આવતાં હતાં. એક રાત્રે તેણીએ
ટ માઇકલને સ્વપ્નામાં જોયો. એ ફરેસ્તો
થા ઉપર હીરાનું તાજ પેહેરી તેણીની
સે આવ્યો અને બસારત કરી કે તેણીએ
ડાઇમાં ઉતરવું. આ વેળા તે શેમપેન
મમાં રેહેતી હતી અને ઘણીવાર ત્યાંના
જીસ્ટ્રેટ નામે બોડીકાર્ટ પાસે જવાનો યત્ન
કર્યો પણ ત્યાંથી તેણીને હાંકી કાઢવામાં
આવી. છેલ્લે મેજીસ્ટ્રેટને દયા આવીયાથી
તેણીનો વિચાર પુછયો. જોઆને જણાવ્યું
કે "મારા દેશને દુશમનના હાથે છોડવવાને
મને ઇશ્વરે આગાહી કરી છે." આ ઉપ-
રથી મેજીસ્ટ્રેટે તેણીને હસી કાઢી અને
તેણીના કાકાને ભલામણ કરી કે નેતરના
મારથી તેણીની સૂધ ઠેકાણે લાવવી. આખરે
મેજીસ્ટ્રેટના મનમાં દયા આવીયાથી તેણે
તેણીને ચાર્લસ ઉપર ભલામણ પત્ર આપ્યું,
અને એક તલવાર તથા મરદનો લેબાસ
આપી ૭ માણસો સાથે ૪૫૦ માઇલની
મુસાફરીએ લઢાઇના હિંગામ વચ્ચેથી
મોકલી.

ચાર્લસ આ વેળા સીનાના શેહેરમાં
રેહેતો હતો, ત્યાં ઘણાંક ધક્કા ખાવા પછી
જોન આવ આર્કને દાખલ કરવામાં આવી.
ચાર્લસે રમુજને ખાતર સાદો સીપાહનો
લેબાસ પેહેર્યો અને દરબારમાં પોતાના
અમીરોની વચ્ચે ભરાઇને બેઠો. જોન
ઑવ આર્ક જેવી ત્યાં દાખલ થઇ કે ચોકસ
રીતેજ ચાર્લસ પાસે જઈ ગુઠણ ઉપર પડી
અરજ કરી કે "આરલીઅન્સ શેહેરનો
ઘેરો ઉઠાડવાને આકાશ તરફથી તેણીને
બશારત થઈ છે, માટે તેણીને લઢાઇમાં
મોકલવી. જોકે જોઆને ચાર્લસને કોઈવાર
અગાઉ જોયો નહોતો તોએ આ રીતે
શોધી કાઢવાની વાત દેશમાં વિજળી માફક
ફેલાઇ ગઇ.

જેવે આરલીઅન્સ ઉપર જનાર લશ-
લઢાઇમાં જવા અગાઉ એક ઉમરાવે તેણી
સાથે પરણવા માંગ્યું પણ 'ફ્રાન્સને છોડ-
વવા થકી ઇશ્વરને અર્પણ થઇ છું' એવું
કહી તેને ના પાડી. રાજાએ આ વેળા
તેણીને એક બખતર ભેટ આપ્યું અને
જોઆન ઑવ આર્કના માંગવા મુજબ એક
અસલી મૂર્તિની પછવાડેથી આગલા જમા-
નાની દાટેલી ઢાલ તલવાર કાઢી આપી.
તે ઉપરાંત એક ભપકાદાર વાવટો તૈયાર
કીધો કે જે ઉપર ઇશુખ્રિસ્ત ઇનસાફ
કરવા બેઠેલો હોય એવું એક ચીત્ર પાડેલું
હતું. તેણીએ એક નાનો છરો ગળે લટ-
કાવેલો હતો. આરલીઅન્સ શેહેર આગળ
આવી પોંહચતા દુશમનપર હુમલો કરી
શેહેરમાં દાખલ થઇ. તેણીએ બબેવાર
ઇંગ્રેજોને હિમ્મતથી મારી હટાવ્યાં. બીજી-
વાર તેણીને ગળામાં એક સખત તીર
વાગ્યો પણ તેણીએ પોતાને હાથે તે તાણી
કાઢયો. ફક્ત ત્રણ કલાકમાં ઇંગ્રેજોના
૬૦૦૦ માણસોનો ઘાણ વાળ્યો. આખરે
કાંઇ ઉપાય નહિ જોવાથી ઇંગ્રેજોને હટી
જવું પડયું. જોકે જોન આવ આર્ક
જેણીનું નામ હવે 'મેડ ઑવ આરલીઅન્સ'
યાને 'આરલીઅન્સ શેહેરની નાજનીન'
એવું પડયું હતું, તેણીએ આંઠ દિવસ
લશકર ઉપર સરદારી ચલાવી આઠ મહિ-
નાનો ઘેરો ઉઠાવી નાખ્યો. ત્યાંથી જ્યારે
તે ટુર્સમાં દાખલ થઇ ત્યારે તેણીને મોટું
માન આપવામાં આવ્યું. ત્યાંથી રાજા
ચાર્લસના હોકમથી તેણીએ બીજા સરદા-
રોની મદદ લઇ બીજાં કેટલાંક શેહરો
હાથ કીધાં.

આ જીતથી હલટમાં આવી જઇ રાજા
ચાર્લસે જોન ઑવ આર્કને પોતાની સાથે
લઇ 'રિહીમસ' શેહેર તરફ ગયો. માર્ગમાં
જોન ઑવ આર્કનું નામ સાંભળી જૂદા
જૂદા શેહેરો તાબે થયાં. ત્યાર બાદ ચાર્લ-
સને ગાદીએ બેસાડવાની ક્રિયા થઇ, જે



સ્વદેશ જવાની રજા માંગી પણ રાજા
તથા અમીરોની આજીજીથી તેણીને લશ-
કરમાંજ જોડાઇ રેહવું પડયું. ઈંગ્રેજ લશ-
કરે હવે પાછા હલ્લા કરવા માંડયાં. આ
વેળા એની હિમ્મત આગળ જેવી નહોતી,
કારણ કે તેણીને સ્વપના આવતાં હતાં કે
હવે લઢાઇમાં જવું નહિ, પણ અઇઆશી
ચાર્લસે તેણીને રજા આપી નહિ. તેજ
વેળા તેણીની માનીતી તલવાર લડતાં ભાંગી
ગઇ અને બીજી દુશમનના હાથમાં ગઇ.
આ બનાવોથી તેણીની ઉલટ મરી ગઇ
અને ઘણીવાર જખમી થવાથી તેણી ના-
કુવત થઇ પડી. એકવાર કોપનહેગન
ઉપર હૂમલો કરી તે પાછી ફરતી હતી
તેટલાં સામેથી એક ઇંગ્રેજ તુકડી આવી,
જેને જોતાંજ જોન સાથના સીપાહો ના-
હાસી ગયા અને એ સ્ત્રી એખલી પડી
જવાથી કેદ થઇ. કેદ પકડાવા પછી
ત્રીજેજ દહાડે 'ઇનકવિઝીશન' કોર્ટે તેણીને
ડાકણ તરીકે તપાસ કરવા માટે ડયુક
ઑવ બરગંડી પાસેથી માંગી લીધી.
તેણીએ બંદીખાનામાંથી નાહાશી જવાની
કોશેસ કરી પણ તેમાં નીશફળ થઇ.
ચાર્લસે તેણીના છુટકારા માટે બાદશાહી
રકમ આપવા માંગી પણ તે કબુલ નહિ
કરતાં, તેણીની છુપી વાત જાણવા માટે
તર્હેવાર તદબીરો રચાઇ. ઘણો જુલમ
ગુજરવાથી તેણીએ જડજો પાસે કબુલ
કર્યું કે 'મને ફરેસતાઓની બશારત છે એ
બધું ખોટું છે.' જડજોએ તેણીને દેશ-
નીકાલની સજા આપી પણ તે વડા બીશ-
પને ગમી નહિ. તેણીપર કેદખાના મધે
ઘણા દુઃખો પાડવામાં આવ્યાં. તેણીને
વધારે અપરાધમાં ઘસડવા માટે કોઇએ
તેણીના કેદખાનામાં મરદનો પોશાખ મેળીયો
જે તેણીએ પેહેરીયાથી પાછી તવાઇ આવી.
સેવટે તેણીની તપાસ થઇ તેમાં બાળી
નાખવાની ઘાતકી ટેપ મારવામાં આવી.
ઈ. સ. ૧૪૩૧ માં ૩૦ મી મેએ અઠવારમાં

જાહેર મારકીટમાં લઇ જઈ ત્યાં તેને
બાળી નાખવામાં આવી હતી.

**જોન ઑવ ગ્રાન્ટ**—ડયૂક ઑવ લેંકેસ્ટર ૩
જો. એડવર્ડનો ૪ થો બેટો. જન્મ ૧૩૪૦
માં ૨૪ જુને થયો હતો. ૧૩૫૯ માં એનાં
લગન લેંકેસ્ટરની ડચેસ સાથે થયાં. ૧૩૬૨
માં એને ડયૂકનો ખેતાબ મળ્યો. પણ એની
પેહેલી બાનુના મરણ પછી એ ૧૩૭૨ માં
ફરી પીડ્રો(ધી ક્રૂલ) ઑવ કેસ્ટીલની બેટી સાથે
પરણ્યો; અને કેસ્ટલનાં રાજાનો ખેતાબ
પામ્યો. પણ તે પછી તે દેશ ટ્રૂસ્ટેમરના
હેન્રીને કબજે હતો. જોને જ્યાં જ્યાં લઢાઈ
માં ભાગ લીધો તેમાં ઝાઝો ફતેહમંદ થયો
નહિ. પોતાના પિતાના અમલમાં જોન આગે-
વાન મંડળમાં સારી નામના પામ્યો હતો.
એ પણ પાદ્રીઓની સામેની ટોળીમાં મળી
વિકલીફની ટોળીમાં મળી ગયો હતો; અને
તેથી એ આમ વર્ગમાં લોકપ્રિય નહોતો.
વૉટ ટેલર્સનાં બળવા સમે પ્રજાએ લંડનમાંનો
સેવોય નામે જૉનનો મેહેલ બાળી નાખ્યો.
જોને હેન્રિ ઑવ ટ્રેસ્ટેમર સાથે સુલ્હે કરી.
૨ જા રિચર્ડના અમલમાં એને ડયૂક ઑવ
એકિવટીનો ખેતાબ મળ્યો. ૧૩૯૬ માં એ
પોતાની બીજી સ્ત્રીના મરણથી તેની એક
સેહેલી કેથેરાઇન સ્વાનફોર્ડ સાથે પરણ્યો.
એનું મરણ ૧૩૯૯ માં ૩ જી ફેબ્રુવારીએ
નિપજ્યું હતું.

**જોનપૂર**—વાયવ્ય પ્રાંતનો એક જીલ્લો. એ
અલાહબાદનો ઉત્તર પૂર્વનો ભાગ ગણાય છે.
એને ઉત્તર પશ્ચિમે અને ઉત્તરે ઔદ, પ્રતાપ-
ગઢ, અને સૂલતાનપૂર, ઉત્તર પૂર્વે અઝીમઘર,
પૂર્વે ગાઝીપૂર દક્ષિણે અને દક્ષિણ પશ્ચિમે
બનારસ; મિર્ઝાપૂર અને અલાહબાદ છે. ક્ષેત્ર-
ફળ ૧૫૫૪ ચોરસ મૈલ છે. ૧૮૫૩માં વસ્તી
૧૧૪૩૭૩૯ની. ૧૮૬૫માં ૧૦,૧૫૪૨૭ની;
૧૮૭૨ માં ૧૦,૨૫,૯૬૧ ની; ૧૮૮૧ માં
૧૨,૦૯૬૬૩ની. દર ચોરસ મૈલે ૭૭૮માનસોની
રાસ આવે છે. એમાં ૩૧૨૦ ગામડાં અને

વસ્તીમાં ૯૦·૬ ટકા હિંદુ અને ૯૦·૪ ટકા મુસલમાનો છે.

મુખ્ય પાક રૂ, બાજરી, જુવાર, મોથ, ઘઉં, ઓટ, ચણા, અને કઠોળનો છે. આ દેશમાં બ્રિટીશ સત્તા સ્થાપન થયા પછી ગુળીની મ્હોટા પાયાપર ખેતી કરી તે માલ બનાવવામાં આવેછે. તેનાં ૭મ્હોટા કારખાનાં છે, અને ૧૪૦૦૦ એકર જમીન ગુલીની ખેતી માટે રોકાયલી છે. અત્રે ખસખસ વાવી અફીણ મેળવે છે.

**જોનપૂર**—ઉપલા જીલ્લાનું મુખ્ય શેહેર. ગોમતી નદીના ઉત્તર કાંઠા પર છે. ૧૮૭૨માં વસ્તી ૩૫૦૦૩ ની ને ૧૮૮૧ માં ૪૪૮૪૫ ની હતી. તેમાં ૨૫૯૨૦ હિંદુ, ૧૬૮૩૨ મોહમેદન, ૯૬ ખ્રિસ્તી હતા. આ શેહેર પ્રાચીન કાળથી જાણીતું છે. મોહમેદન રાજ્ય અમલ વેળા એ જાણીતું શેહેર થયું હતું. અત્રે આગલા વખતમાં અનેક જોવા-જોગ બાંધકામો છે. તેમાંના કેટલાક પહાન અમલ સમયનાં છે, જ્યારે અત્રેના રાજ્ય-કર્તાએ દિલ્લી પર ફત્તેહ મેળવી ત્યારે ગોમતી કાંઠે 'ફીરોઝ' નામે એક કિલ્લો બાંધ્યો હતો. તેના બાંધકામ માટે ૩ બુધ્ધિસ્ત દેવળનો નાશ કરી તેમાંના પથ્થરા કિલ્લાના બાંધકામના ઉપયોગમાં લીધાં હતાં. ૧૮૫૭ના બળવા પછી અત્રેના કિલ્લાનો તદન નાશ કરી નાખવામાં આવ્યો છે. આ કિલ્લો લગભગ ૧૩૬૦ માં બંધાવ્યો હતો; એવું અનુમાન કરવામાં આવે છે: ૧૪૨૦ માં અત્રેના સુલતાન ઇબરાહિમે બંધાવેલું હમામખાનું હાલ કાયમ છે. એજ સુલતાને ૧૪૧૮માં 'અતાલા મસજીદ' બંધાવી હતી, કે જેની હાલમાં ઝાઝી નિશાની રહી નથી. ૧૪૫૦ માં મહદી બેગમ બાબીરાજીની લાલ દરવાજાવાલી બાંધેલી ઇમારત કાયમ છે. ૧૪૭૮ માં બાંધેલી જામે મસજીદ જોવા લાયક હાલતમાં કાયમ છે. ૧૫૬૯-૭૦ માં અત્રે થઇ ગએલા મોમીનખાન હાકેમે ગોમતી નદીપર ચાર ગેહેરાબવાલો ૭૧૨ ફીટ લંબાઈનો પથ્થરનો બંધાવેલો પુલ હજી અસલ હાલતમાં કાયમ છે, આ બાંધકામ પાછળ ૩૦૦,૦૦૦ પૌંડનો ખર્ચ થયો હતો.

જોનપૂર હાલમાં વટીક વેપારી મથક ગણાય છે, ત્યાં અત્તર બનાવવાનાં કારખાંના મ્હોટા પાયાપર ચાલે છે. આગળ અત્રે ઉત્તમ પ્રકારનાં કાગળ બનાવવામાં આવતા હતા, પણ હાલમાં તે ઉદ્યોગ પડી ભાગો છે, અત્રે મેજીસ્ટ્રેટ, જડજ વગેરેની કોર્ટ છે.

**જોનપુરી**—એક રાગણી, એનો ગાવાનો વખત ૧૦ વાગે દિવસનાં છે, એની જાતિ સંપૂર્ણ છે. એનો દાદ સિંધ ભૈરવીનો છે, જે ગંધારનાં સ્વર છે તેજ સ્વર જોનપૂરીનાં છે, (જુઓ ગંધાર.)

**જોનફીક્સ**—આ અમેરિકન ફીલસુફનો જન્મ ઇ. સ. ૧૮૪૨ માં હાર્ટફર્ડમાં થયો હતો. એનું બાપીકું નામ એડમંડ ફીકસ-ગ્રીન હતું, પણ તેની માતાએ સેંટપીટર્સ-બર્ગ ખાતેનાં અમેરિકન એલચી મી૦ સ્તાઉત્ન સાથે બીજીવાર લગ્ન કર્યા, ત્યારથી તેને પોતાનું નામ બદલી જોનફીકસ રાખ્યું.

એની યાદદાસ્ત શકિત અજાયબી પમાડનારી હતી. માત્ર ૧૧ વર્ષની વયે ચોપડીઓની મદદ વિના તેણે ઈ. સ. પૂર્વે ૧૦૦૦ થી ઇ. સ. ૧૮૨૦ સુધીની તવારીખનો એક દળદાર પોથો લખી કાઢ્યો હતો, તે દરરોજનાં ૧૨ કલાક અભ્યાસમાં ગાળતો હતો. અને ૧૬-૧૭ વર્ષની વયમાં ૮ પારકી ભાષામાં પ્રવિણ થઇ તેમનું સાહિત્ય વાંચી કાઢયું હતું; જેમાં હિબ્રુ અને સંસ્કૃત સાહિત્ય મુખ્ય હતું. મરણ ઇ. સ. ૧૯૦૧ ના જુલૈમાં સખત તાપ પડવાથી માથે લોહી ચઢતાં નિપજ્યું હતું.

**જોન લુઈસ બરખાર્ડ**—આ જાણીતા આફ્રિકા તથા અરબસ્તાનના મુસાફરનો જન્મ ઇ. સ. ૧૭૮૫ માં સ્વિતઝરલૅંડમાં થયો હતો. એણે લિપઝીક તથા ગૉટિન-ગનની પાઠશાળામાં અભ્યાસ કરી ૧૮૦૬ માં



લંડન ગયો. ત્યાં આફ્રિકામાં મુસાફરી કરવા મોકલવાને મંડળી સ્થાપન થઇ; તે મંડળી તરફથી જૉનલુઇસ મુસાફરીએ જવા માટે તૈયારી કરવા લાગો. તેણે પ્રથમ અરબી ભાષાનો અભ્યાસ કરી અરબસ્તાન તરફની બીજી ભાષાઓનો અભ્યાસ કર્યો, અને તડકા, તહાડ તથા ભાજી તરકારીપર જીવી શકાય એવી ટેવ પાડવા માટે પોતાપર તહેંવાર સખ્તિ ખેંચી. ૧૮૦૯ ની જાનેવારીમાં તે ઇંગલંડથી નિકળી ૪ મહિને માલ્ટાના ટાપુમાં જઇ પુગો, અને માલ્ટાથી સિરિયા જઇ કોરાન વગેર ગ્રંથોનો અભ્યાસ કરી પોતાનું નામ 'ઇબરાહિમી અબ્દલ્લા' રાખ્યું. ૧૮૦૯ ના સપટેંબરમાં તે એલેપ્પો ગયો. સિરિયામાં ૨ા વર્ષ ગુજારી પાલમાઇરા, દમાસ્કસ વગેરે ભાગોમાં ફર્યો. ૧૮૧૨ ની ફેબ્રુવારીમાં અલેપ્પોથી તુર્કસ્તાનમાં જઇ ત્યાં ૭ માસ ગુજાર્યા, અને ત્યાં એરોનની કબરવાલી 'પિટરા' નામના નાખીચા દટાઇ ગએલા શેહેરની પેહેલી શોધ કીધી; ને સપ્ટેંબરમાં કેરો ગયો, ત્યાં પોતાની મુસાફરીનો એક ઉત્તમ ગ્રંથ રચી પ્રગટ કર્યો હતો.

કેરોમાં એણે ઇજીપશિયન અને આફ્રિકન ભાષા શિખી 'એસની' શેહેરમાં જઈ નાઈલ નદીના મુલકોમાં ફરી ન્યૂબિયાની ઉત્તર સરહદ ઉપર પાછો વળ્યો. 'એસની'થી કોઇ વંજાર આગળ જતી હતી તે સાથે જોડાવા માટે તેને ત્યાં એક વર્ષ વેર થોભવું પડ્યું. છેક ૧૮૧૪ નાં માર્ચમાં 'દરાઉ' ખાતેથી મળેલી વંજાર સાથે બેહદ હાડમારી અને પૈસાની તથા પાણીની તંગી ભોગવી રાહ કાપી. આ મુશકેલ મુસાફરી કરી છેલ્લે એ 'શેંડી'ના કસબામાં પુગો, જ્યાં ગુલામી વેપાર અતિ બહોળા વિસ્તારમાં ચાલુ હતો. અને ત્યાં દર વર્ષે ૫૦૦૦ ગુલામો વેચાય છે, ત્યાંની પ્રજા બદનપર માખણ ચોપડે છે, સ્ત્રીઓ માત્ર લંગોટ પેહેરે છે ત્યારે મર્દો નગ્ન હોય છે.

ત્યાંથી જોન બરખાર્ડ મસોવા જવા ચાહતો હતો, પણ કારવાન વિખરાઇ જવાથી તે સુઆકીનનાં બંદરે ગયો. આ વેળા જૉન બરખાર્ડ પાસે માત્ર ૪ ડૉલર હોવાથી તે ભીખ માગી ગુજરાન કરતો. તેટલાં ત્યાંના આગાએ એને મારી નાખવા કાઢતાં એણે ઇબ્રાહિમ પાશાનું ભલામણ પત્ર બતલાવતાં તેણે એની સારી બરદાસ્ત કરી, નવાજી અરબસ્તાન મોકલ્યો. ત્યાંથી એણે મક્કા તથા મદીનાની હજ્જ કરી જાતી અનુભવ લેવાનો ઠેરાવ કરી ૧૮૧૪ની જુલાઇમાં હાડજીદા ગયો. ત્યાં એની હુંડી વેપારીઓએ સ્વિકારી નહિ; પણ ઈબરાહિમ પાશાના હકીમે એને ૧૦૦૦ રૂપ્યા ધીરી મદદ કરી હતી. ૯મી સપટેંબરે હાજીના વેશમાં બરખાર્ડ મક્કે ગયો, ત્યાં મસજીદમાં જઇ કાબાના પથ્થરને બોસા લઇ જમજમના કુવાનું પાણી પી દરેક ક્રિયાનો અનુભવ મેળવ્યો; અને પછી મદીના જઇ ૧૮૧૫ના જુનમાં કેરો-ખાતે પાછો ફર્યો. જ્યાં પોતાની તમામ મુસાફરીનાં ગ્રંથો લખી ઇંગલંડ મોકલાવી દીધાં, અને બીજી મુસાફરીએ જવાનો ઠેરાવ કરી નવી વંજારની વાટ જોતો થોભ્યો તેટલાં ૧૮૧૭માં ૧૫મી અકટોંબરે કેરોમાંજ મરણ પામ્યો.

**જોન્સટન**—પેનસાલવાનિયાનું આ શેહેર પીટર્સબર્ગથી રેલ માર્ગે પૂર્વથી દક્ષિણે ૭૮ મૈલપર છે. અત્રે લોહું, સ્ટીલ, ચામડાં કેળવવાનાં, તથા ઉનના કારખાનાં છે. ૧૮૮૯માં અત્રેનું પાણીનું બાંધકામ ફાટવાથી મ્હોટી રેલ આવી હતી. ૧૮૮૦માં વસ્તી ૮૩૮૦ની અને ૧૮૯૦માં ૨૧,૮૨૫ની હતી,

**જોન્સટન અલેકઝાન્ડર**—કિથ એલ. એલ. ડી. એફ. આર. એસ. ઇ.—આ ભૂગોળ વિદ્યા સંબંધી ગ્રંથો પ્રગટ કરનાર તથા નકાશા બનાવનારનો જન્મ એડીનબર્ગમાં ૨૮ ડીસેંબરે ૧૮૦૪ માં થયો. એણે ૧૮૧૩ માં પેહેલા નકાશા બનાવી પ્રગટ કરેલા ગ્રંથનું નામ-National-

Atlas આપ્યું હતું. આ નકાશા ઉપરથી તેની કદર બુજી સ્કૉટલંડમાં ભૂગોળવેત્તા તરીકે નેમ્યો. તે પછી એને જર્મની, વગેરે ઠેકાણે ફરી પોતાના Physical Atlas માટે ઘણીક બાબતો એકઠી કરી (૧૮૪૮–૧૮૫૬. આ એના કામથી યૂરપની ભૂગોળ સંબંધી મંડળીઓએ તેને નવાજ્યો. ૧૮૫૦ માં એણે 'ભૂગોળ કોશ' રચી પ્રગટ કર્યો. ૧૮૫૧ માં એણે એક પૃથ્વીનો ગોળાર્ધ બનાવ્યો. જે અતિ શ્રેષ્ટ કારીગરીનો નમુનો હતો. ૧૮૬૧ માં Royal Atlas of Geography નામે ગ્રંથ પ્રગટ કર્યો; જે ગ્રંથ ઘણાજ સુંદર બનાવટથી બનાવ્યો હતો, તેમજ તે પછી એણે ખગોળ તથા ભૂસ્તર વિદ્યાના નકાશા પ્રગટ કર્યા, તેમજ એલીસનની યૂરપની તવારીખ માટે એક લશકરી નકશો તે પછી બનાવ્યો હતો. અને તે પછી એણે અનેક વિદ્યાર્થીઓ માટેનાં નકાશાનાં અનેક પુસ્તકો પ્રગટ કર્યા હતા. એનું મરણ ૧૮૭૧ માં ૧૦ મી જુલૈએ નિપજ્યું.

**ડૉ૦ જોનસન સેમ્યૂઅલ**—આ મહાન વિદ્વાનનો જન્મ સ્ટાફર્ડ શાયરમાં લિચફીલ્ડ ગામમાં ૧૮ મી સપટેંબર ૧૭૦૯ માં થયો હતો. એના માત પિતા ગરીબ સ્થિતિનાં હતા. એના પિતાની પુસ્તકો વેચવાની દુકાન હતી. બચપણમાં જોનસનને 'સ્કાફ્યૂલા'નું દર્દ લાગુ પડ્યું હતું. બચપણમાં પોતાનાજ ગામની નિશાળમાં શિક્ષણ લઈ લૅટીન તથા ગ્રીક ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. એ બચપણથી સ્વછંદી અને તુફાની હોવાથી અભ્યાસપર જેવું જોઇએ એવું લક્ષ આપતો નહિ, પણ તેથી ચાલુ મહેતાજીના હાથના ઝપેટા ખાતો. પણ બુદ્ધિ તિવ્ર હોવાથી અભ્યાસનાં પાઠ એક વખત વાંચતાંજ તે મોઢે કરી શકતો. ૧૯ વર્ષની ઉમરે પેંબ્રોક કૉલેજમાં દાખલ થયો, પણ પૈસાની જોગવાઇ નહિ હોવાથી એ વધુ અભ્યાસ કરી શકયો નહિ. એણે પોતાનો અભ્યાસ પોતાના પિતાની દુકાનમાંના જૂદા જૂદા ભાષાનાં ગ્રંથો વાંચી બેહદ વધારો કર્યો હતો, અને તેજ અભ્યાસે આગળ એને મ્હોટી કીર્તિએ પહોંચાડયો.

જ્યારે એનો પિતા મરણ પામ્યો ત્યારે તેની પુંજી માત્ર ૨૦ પૌંડની નિકળી, અને ધંધા રોજગારપર જૉનસનનું ચિત્ત નહિ હોવાથી એણે પોતાની મા તથા ભાઇને દુકાન સોંપી પોતે નોકરી માટે પરદેશ જઇ એક નિશાળમાં શિક્ષક તરીકે નોકરીએ રહ્યો. પણ ત્યાં નહિ બનવાથી બર્મિંગહૅમ ગયો, ત્યાં એક ફ્રેન્ચ ગ્રંથનું ભાષાન્તર કરવાનું કામ એને સોંપ્યું. આ ગ્રંથ એબિસિનીયા દેશની સફર સંબંધી હતો. આ ફ્રેન્ચનું ઇંગ્રેજીમાં તર્જુમો કરી આપતાં ૫ પૌંડ જોનસનને મળ્યા.

થોડી મુદત પછી પોતા કરતાં ૨૨ વર્ષે મ્હોટી ઉમરની એક વિધવા સાથે પરણ્યો. લગ્નમાં તેને ૮૦૦ પૌંડ મલ્યા. આ રૂપ્યાની મદદથી એણે પોતાના ઘેરમાં બોર્ડીંગ સ્કુલ સ્થાપન કરી; પણ વિદ્યાર્થીઓ નહિ મલવાથી તેણે લંડન જઇ નિર્વાહ કરવાનું ઠેરવ્યું. આ વેળા તેની સાથે માત્ર ગ્યારિક (પાછળથી મ્હોટો નાટક લખનાર તે થયો) હતો. ૧૭૩૭ માં લંડનમાં તેઓ દાખલ થયા. પણ ત્યાં જોનસનની ગરીબીની બીજી શરૂઆત થઇ. લંડનમાં જો કે એણે કીર્તિ મેળવી પણ એના ૨૦ થી ૨૫ વર્ષ તો તદન દારિદ્રતામાં ગુજર્યા, લંડનમાં આવ્યો ત્યારે એની પાસે માત્ર બે ગીની હતી. અને તે એક ઘેરના પાંચમે માળે કાતરિયાંપર જઇ રહ્યો હતો. બે વખતે એને બેલીફોએ પકડયો ત્યારે જાણીતો વાર્તા લખનાર રિચર્ડસને એને પાંચ પૌંડ આપી છોડવ્યો હતો. આ વેળા એને સેવેજ નામે શખસ સાથે મિત્રાચારી થતાં તેના દુરગુણો જોનસનમાં આમેજ થયાં. જેની સાથે આખી રાત જાગી ભટકવું અને બપોરે સુઇ રહેવાની આદત જે પડી તે એને જન્મ સુધી કાયમની પડી.



જૉનસને લંડનમાં જૂદા જૂદા લૅટીન, ગ્રીક ગ્રંથોના તર્જુમાં, કવિતા, નાટક, નિબંધ વગેરે જે કોઇ કામ સોંપે તે કરી નિર્વાહ કરતો. ૧૭૩૮ માં એણે લંડન નામે કાવ્ય રચ્યું જે પોપ જેવા માહાવિદ્વાનને પણ ગમ્યું અને તેથી તેની કિર્તિ વધી. પણ પુસ્તક પ્રગટ કરનાર તરફથી જૉનસનને માત્ર ૧૦ ગીની મળી, અને બીજા કાવ્યની ૧૫ ગીની મળી હતી. તે પછી જૉનસને 'એરીન' નામે કરૂણારસીક નાટક રચી ગ્યારિકને આપ્યો, જેણે પોતાની રંગભૂમિ પર સુધારા સાથે ભજવી બતાવ્યો, પણ પ્રજાના શોખ મુજબનું તેનું લખાણ નહિ હોવાથી તે જલ્દીજ બંધ થયો.

જૉનસન પદ્ય લખાણમાં નહિ ફાવવાથી તેણે તે પછી ગદ્ય લખાણોપર લક્ષ આપ્યું. અને જેંટલ મૅન મેગેઝીનમાં લખવાનું શરૂ કર્યું ! એનો મિત્ર સેવેજ જે પાછળથી વેલ્સમાંની એક તુરંગમાં મરણ પામ્યો તેનું ચરિત્ર રચી જૉનસને પ્રજાને અજબ કરી હતી.

૧૭૪૭ માં કેટલાક પુસ્તક પ્રગટ કરનારાઓએ જોનસનને ઇંગ્રેજી ભાષાનો કોશ રચવાનું કામ સોંપી તેની લખામણીનાં ૧૫૭૫ ગીની આપવા કબુલ્યા. આથી જોનસને એચાર લ્હેયાઓને રોકી પોતાનું કામ આરંભ્યું. લૉર્ડ ચેસ્ટફીલ્ડ તે વેળા વિદ્યાજ્ઞાનને ઉત્તેજન આપનારો ગણાતો હતો, તેની સાથે જોનસનને આ કામથી મિત્રાચારી થઇ, પણ જોનસનના વિચિત્ર સ્વભાવને લીધે બે ચાર વેળા લૉર્ડથી અપમાન મળતાં એણે તેનું કદી નામ લીધું નહિ; પણ જ્યારે જોનસને કોશ તૈઆર કર્યો ત્યારે પોતાને તે અર્પણ કરે એવી ઇચ્છાથી વર્લ્ડપત્રમાં જોનસનની ભારે તારીફ કરી, પણ જોનસને તેના ઉત્તરમાં લૉર્ડ ચેસ્ટફીલ્ડને માર્મિક શબ્દોમાં પત્ર લખી તેને ગ્રંથ અર્પણ નહિ કરવામાં આવશે એવું જણાવી પોતાની પડતીમાં હિણનાર તરફનો તૂચ્છકાર બતલાવ્યો.

'જોનસનની ડીક્ષનરી'નું કામ ચાલુ હતું તેની સાથે એણે બીજા બે ગ્રંથો રચ્યાં તે 'રેંબલર' અને 'એડલર' નામે હતાં, એમાં સ્પેકટેટર પ્રમાણે જૂદા જૂદા વિષયોપર લખેલાં નિબંધો છે. જોનસન ૧૭૪૮ થી ૧૭૫૮ સુધી ફ્લીટ સ્ત્રીટમાંનાજ એક ઘેરમાં રહેતો હતો, અને એણે ત્યાંજ પોતાનો યાદગાર કોશ રચ્યો હતો. તે પછી જૉનસને 'રાસેલસ' નામે કથા રચી. આ કથાં રચવાનું કારણ એ હતું કે ૧૭૫૯ માં એની માતાના મરણથી મ્હોટો ખરચ આવ્યાથી આ ગ્રંથ રચવો પડયો હતો.

૧૭૬૦ માં ત્રીજો જ્યૉર્જ ગાદીએ આવ્યો, તેણે જૉનસનની કદરબુજી દર વર્ષે ૩૦૦ પૌંડનું વર્ષાસન બાંધી આપી તેની વિદ્વત્તાની કદર બુજી.

૧૭૬૪ માં જોનસને વિદ્વાનોની મંડળીની સ્થાપના કરી, જેમાં બર્ક, ગિબન, ગ્યારિક, ગોલ્ડસ્મિથ, રેનોલ્ડસ, ફોકસ, વિલ્યમ, જોનસન વગેરે મહાન વિદ્વાનો સભાસદ હતા. આ સભામાં જુના તથા નવા ગ્રંથોપર ચર્ચા ચાલતી અને તે પ્રજામાં જાહેર થતાં પ્રજાનું તેપર લક્ષ ચોહોંટતું, અને તેથી સારાં ગ્રંથોનો મ્હોટો ઉઠાવ થતો હતો. આ મંડળીનો જોનસન પ્રમુખ હતો. ૧૭૬૩ માં એને બોસવેલ નામે એક જુવાન વિદ્વાન સાથે ઓળખાણ પડી. જેની જોનસન તરફની પૂજ્ય બુદ્ધિથી બેઉ વચ્ચે ભારે મિત્રાચારી બાઝી હતી, અને બોસવેલે જોનસનનું અતિ રસીક ચરિત્ર રચી પ્રસિદ્ધતા મેળવી હતી. વળી 'બોસવેલ' સાથે જૉનસને કરેલી મુસાફરી પછી બોસવેલ સાથે જૉનસન સ્કોટલંડની પશ્ચિમે આવેલા હાઇબ્રેડીજના ટાપુમાં જઈ એડીનબરો શેહેરમાં ફરી પોતાને દેશ આવી મુસાફરીનો ગ્રંથ પ્રગટ કર્યો. તે પછી જૉનસને સેકસપીયર નાટકગુરૂનાં નાટકો ઉપર ટીકા તથા તેની ટીપ સાથની નવી આવૃતિ કાઢવાનો જે ૧૦ વર્ષે થયાં વિચાર જાહેર કર્યો હતો તે પાછળથી વર્ષાસન મળતાં આળસાઇથી ગ્રંથ રચવાનું બાજુ મેલ્યું

હતું. પણ પ્રજાના આગ્રહને લીધે એણે એક વર્ષમાં તે ગ્રંથ મહા વિદ્વત્તાએ લખી પ્રગટ કર્યો. આ સમયે અમેરિકન લઢાઇ ઉઠી. અમેરિકનોએ સ્વતંત્રતા જાહેર કરવાનું જાહેર નામું પ્રગટ કરતાં જોનસને તેની સામે સરકાર તરફથી વિદ્વત્તાભરી લઢત ચલાવી નામના મેળવી હતી.

જોનસને ત્રીજા જ્યૉર્જ રાજા તરફથી ૩૦૦૦ રૂપ્યાનું સાળીયાણું મળતું હતું જેથી તે પોતાનો દરજ્જો નિભાવી શકતો.

૧૭૭૭ માં લંડનના ૪૦ ગ્રંથ પ્રગટ કરનારાઓએ એકત્ર થઇ આગલા નામીચા કવિઓનાં ચરિત્રો તથા કાવ્યોનો એક ગ્રંથ લખાવી પ્રગટ કરવાનો વિચાર કીધો. અને તે કામ જોનસનને ૨૦૦ પૌંડ લખામણીનાં આપી સોંપ્યું. આ વેળા જોનસનનું વય ૭૦ વર્ષનું હતું. ઉપલો ગ્રંથ જોનસને ૧૭૮૧માં લખી તૈઆર કરી આપ્યો.

તે પછીનાં જોનસનનાં છેલ્લા દિવસો મિત્રોનાં મરણ શોકથી દુખી નિવડયાં. તે સુમારે ગોલ્ડસ્મિથ (૧૭૭૪); ગ્યારીક (૧૭૭૯) જેવા વિદ્વાન મિત્ર મરણ પામ્યા.

તેટલાં વળી તેની સ્ત્રી ૧૭૮૨ માં એક ઇટાલ્યન ગવૈયાનાં પ્યારમાં પડી, અને તેની સાથે ૧૭૮૪નાં જુનમાં પરણી, આથી પ્રજા લાગણી ઉશકેરાઇ; જેથી તેઓ પરદેશ નહાશી ગયા, અને લાંબો વખત જીવ્યાં. પણ આથી જૉનસનને માહ દુઃખ લાગું. તે દિલગીરીમાંજ નવેંબરમાં મરણ પામ્યો.

આ વેળા તેની સાવકી બેટી તેની પાસે હતી. જોનસન પાસે જે ૧૫,૦૦૦ની જીંદગાની હતી તે પોતાના વફાદાર સિદ્દી નોકરને તેની નિમકહલાલીના બદલામાં ભેટ કરી ગયો. એના શબને વેસ્ટમિન્સટર એબીમાં પુરવામાં આવ્યું હતું.

**જૉન્સ સરવિલ્યમ**—એક ઇંગ્રેજ પૂર્વ દેશનો ભાષા શાસ્ત્રી. આ વિદ્વાનનો જન્મ ૨૮ સપટેંબર ૧૭૪૬ માં થયો હતો. એનો પિતા ન્યૂટનનો મિત્ર અને વિદ્વાન ગણિત શાસ્ત્રી હતો. એણે હારો ખાતે ઠક્રી તથા સુમનરથી કેળવણી લઇ ઑક્સફર્ડ યૂનીવરસિટી કૉલેજમાં ૧૭૬૪ માં દાખલ થયો. એક વર્ષ પછી કૉલેજ છોડી એ અર્લ સ્પેનસરના વડા પુત્રનો શિક્ષક થયો. જ્યાં એણે પાંચ વર્ષ ગુજાર્યાં. ૧૭૭૪ માં એ કાયદા શાસ્ત્રી થયો. બે વર્ષ પછી એને 'કમીશનર ઑફ બેંક્રપ્ટ'માં નેમવામાં આવ્યો. ૧૭૭૦ માં ડેનમાર્કનાં રાજાના આશ્રયથી નાદીરશાહ પાદશાહનું જન્મ વૃતાંત ફારસીમાંથી ફ્રેન્ચ ભાષામાં તર્જુમો કરી પ્રસિદ્ધ કર્યું. ૧૭૭૨ માં ફારસી વ્યાકરણ રચ્યું; ૧૮૮૦ માં એણે પુરાણી અરબીક કવિતાનો તર્જુમો કરી પ્રગટ કર્યો. ૧૭૮૩ ના માર્ચમાં બંગાલની હાઇકોર્ટના વડા જડજની જગા મળી. અને તેજ વેળા એને નાઇટનો ખેતાબ મલ્યો. ત્યાં એણે સંસ્કૃતનો અભ્યાસ કરી હિંદુ મુસલમાન કાયદા સંગ્રહ રચવાનો વિચાર કર્યો. ત્યારે રૉયલ એશિયાટિક સોસાયટી'ની સ્થાપના કરી અને તે મંડળનો સરજૉન્સ પેહેલો પ્રમુખ નેમાયો. ૧૭૮૯ માં એણે કાળીદાસકૃત શકુન્તલાનાં નાટકનો તર્જુમો કર્યો અને તે પછી મનુના કાયદાનો તર્જુમો પ્રગટ કર્યો. ૧૭૯૦ માં ૨૭ એપ્રેલે એ માંદો પડી મરણ પામ્યો.

એના મરણ બાદ ઇસ્ત ઇંડીયા કંપનીએ એની યાદગારીમાં સેંટપોલ કેથીડ્રલ સ્થાપ્યું, તથા બંગાલમાં એનું પુતળું ઉભું કર્યું હતું. ૧૭૯૯ માં લૉર્ડ ટીંગટ મૌથે એના લખાણોનાં સંગ્રહના ૬ દફતરો પ્રગટ કર્યાં હતા, અને બીજા બે વધારાનાં દફતરો ૧૮૦૧ માં પ્રગટ કર્યા હતા. ૧૮૦૪ માં એની જીંદગીનો વૃતાંત રચાઇ પ્રસિદ્ધ થયો.

**જૉન્સહેવન**—કીનકરડીન શાયરનું આ માછી મારનું ગામડું, મૉનટ્રોસની ઉત્તરે ઉત્તર પૂર્વમાં ૯¾ મૈલ ઉપર છે. લોક વસ્તી ૧૦૪૭ ની છે.



**જૉનહંટર**—આ શારરિક વિદ્યા જાણનાર વિદ્વાનનો જન્મ ઇ.સ. ૧૭૨૮માં થયો હતો. એ એના ૧૦ ભાઈઓમાં સહુથી નાહનો હોવાથી ઘણા લાડમાં ઉછેર્યાથી ૨૦ વર્ષની ઉરમ વેર તેણે કેળવણી વટીક લીધી નહોતી. એ ૧૦ વર્ષનો હતો ત્યારે એનો પિતા મરણ પામ્યો, પણ એ રમતીયાળ હોવાથી ભણવાપર લક્ષ આપતો નહિ. મ્હોટી ઉમરે આખરે નાસીપાસ થઇ પોતાનાં બંધેવી જે સુથાર હતો તેને ત્યાં એ નોકરીએ રહ્યો. પણ તે કામથી એ જલ્દીજ કંટાળી ગયો. છેલ્લે એણે વિચાર કીધો કે પોતાનો ભાઇ જે લંડનમાં ડૉકટર હતો તેના હાથ તળે કામ કરવું. તેના ભાઇએ એને પોતાના હાથ તળે શિખવા રાખ્યો ત્યાં જોનહંટરે વહાડકાપમાં એવી તો ચાલાકી બતાવી કે ભવિશમાં એ શારરિક શાસ્ત્રી તરીકે નામ કાઢે એવું જણાયું. એણે ત્યાં ૧ વર્ષમાં એવી તો કુશળતા બતલાવી કે, એ બીજાઓને વહાડકાપ કરવાનું વટીક શિખવવા લાગો. એણે તે પછી પ્રતિષ્ટા મેળવતો જઇ જાનવરોપર અખતરા કરતો રહ્યો, અને એ રીતે એણે પોતાનો અભ્યાસ એટલો તો વધાર્યો કે રાત દિવસનો મ્હોટો ભાગ તે અભ્યાસ અને જૂદે જૂદે ઠેકાણે એજ કામ બજાવવામાં વખત ગુજારવા લાગો. એણે પોતાનાં શોખ મુજબ એક ખાસ જાનવરખાનું સ્થાપી તર્હેવાર જાનવરોનો સંગ્રહ કરી તેમની ઉપરથી પોતાનો અભ્યાસ વધાર્યો હતો. એ ૬૬ વર્ષની ઉમર ગુજારી ૧૭૯૩માં મરણ પામ્યો.

**જોનહૂસ**—આ બોહિમીયન ધર્મ સુધારકનો જન્મ ૧૩૬૧ માં થયો, ને મરણ ૧૪૧૫ માં નિપજ્યું, એણે પ્રેગ ખાતે અભ્યાસ કર્યો હતો. એ ઉકલીફનો મત સ્વિકારી તેના ગ્રંથ આધારે પ્રજા સામે ભાષણો કરવા લાગો. એણે નાહના મ્હોટા અનેક ગ્રંથો રચી પુરવાર કરી આપ્યું કે ધર્માધીકારીઓએ રચેલી ચમત્કારિક વાતો તદન બનાવટી છે, આ રીતે તેણે ધર્મગુરૂઓનો દો[illegible] બતલાવ્યાથી એની પર તેઓ કોપ્યા, અને તેનીપર ધર્મ વિરોધી તરીકેનો આરોપ મેળી તપાસ ચલાવી, ત્યારે પોપે તેને દોષીત ઠેરવી ઉઇકલીફનાં મતો એને તજવાં એવો હોકમ કર્યો, અને તેના મતનાં જોનહૂસ પાસેનાં ૨૦૦ ગ્રંથો બાળી નખાવ્યાં. પોપનાં આ કૃત્યથી પ્રેગની પ્રજા પોપ સામે થઇ, અને તેઓએ જોનહૂસનો પક્ષ પકડયો. આથી પોપે તે શેહેરની ધર્મ સંબંધી વિધી બંધ કરાવી, જોનહૂસને કેદ કરી તેનાં સર્વ લખાણો બાળી નખાવ્યાં. જોનહૂસે પોતાના મતનાં ખરાપણા સારૂં મક્કમપણે જાહેરમાં વાએજીઓ આપવા માંડી, પણ આથી ઉઠેલા તુફાનથી એને ઘણી પીડા ભોગવવી પડી; છતાં એણે પોતાનું મતજ ખરૂં છે એવું બતલાવવા લાગો. આથી એને મ્હોતની શિક્ષા થતાં જીવતાં જીવત થાંબલાને બાંધી બાળી નાખવામાં આવ્યો. આ ક્રૂર શિક્ષા એણે અતિ ધીરજ અને શાંતપણે ખમી પ્રજાને અજબ કરી.

**જોપ્લેન**—મિસોરીનું આ શેહેર કેન્સારી શેહેરની દક્ષિણે રેલ માર્ગે ૧૬૭ મૈલ ઉપર છે, અત્રે શીસું તથા જસતની ખાણો હોઇ તેને શુદ્ધ કરવાની ભઠીઓ પણ છે, વસ્તી ૯,૯,૯૩ ની છે.

**જોફ્રે**—એ અન્જૂ સંસ્થાનનો ડયુક હતો, ઈંગલંડનો બીજો હેન્રિ રાજા એનો બેટો હતો. આ જોફ્રેને ઈંગલંડના પેહેલા હેન્રિ રાજાની મેટીલ્ડા નામે છોકરી સાથે પરણાવી હતી, પછી સ્ટીફન રાજાની પુત્ર થઇ મરણ પામ્યો, ત્યારે મેટીલ્ડાનો આ પુત્ર ઈંગલંડનો ગાદીવારેસ થયો, એના વંશને પ્લૅંટેજનેટ રાજવંશ કહે છે, આ વંશના રાજાઓએ ૧૧૫૪ થી ૧૧૯૯ સુધી ઈંગલંડનું રાજ્ય કર્યું.

**જોબનાથ**—હાલમાં આ ગામ 'ભેડા' નામે જેહલમનાં ડાભા કાંઠાપર છે, પણ તેની સામે જમણા કાંઠાપર ખંડીયરો છે, તેને જુનું જોબનાથ અથવા 'જુના ભેડાર કહે છે. આ રાજ્ય જોબનાથ અથવા ચોબનાથ

નામે નગર હતું. અત્રે મીઠું લઇ જવાનાં બે મ્હોટા માર્ગો છે, એક લાહોર તરફ જવાનો ને બીજો મુલતાન તરફ જવાનો, આ ઉપરથી પ્રાચીન કાળમાં ત્યાં રાજ્યધાની હશે.

સીકંદરના સમયમાં અત્રે 'સોફીટી' નામે રાજા હતો, તેની રાજ્યધાની એ હશે. આ હાલનાં પિંડદાદનખાન શેહેર પ્રસિદ્ધતામાં આવ્યા પેહેલાં મ્હોટું શેહેર હતું. બાબરે પેહેલી સ્વારી એની પરજ કરી. આ 'સોફીટ' રાજાનો પ્રાંત કયો તે વિશે ગ્રીક ગ્રંથકારોનું એક મત નથી. સ્ટ્રેબો લખે છે કે "ત્યાં મીઠાનો ડુંગર છે, તેમાંથી એટલું તો મીઠું નિકળે છે કે—તે સર્વે હિંદુસ્તાનને પુરૂં પડેછે," આ ઉપરથી 'બેહાત' અને 'ચિનાબ'ની વચમાંનો દુઆબ તેની તરફ હતો એમ નહિ, પણ સિંધ સાગર દુઆબની ઉપરનો ભાગ પણ હતો. એટલે હાલનું પિંડદાદન શેહેર અને શાહાપુર એ પ્રાંત સિંધુથી ચિનાબ વેર હતા.

આ રાજ્યની અનેક કથાઓ ગ્રીકોએ વર્ણેલી છે, "અત્રેનો રાજા ૬ ફીટ ઉંચો હતો, તેની પ્રજા પણ ઘણી સુંદર હતી, તેઓ કદરૂપી સંતતિને મારી નાખતા અને સારાં ફરજંદોને ઉછેરતાં. તેણે સિકંદરને એક કુત્રો ભેટ આપ્યો હતો કે જે હાથી અને સિંહ સાથે રમતો હતો.

**જોર**—(જુઓ જઓથ.)

**જૉર્જ વૉશિંગટન**—આ સ્વદેશ અભિમાન કુશળ રાજદુવારી નરનો જન્મ અમેરિકાના વેસ્ટ મોરલેંડમાં ૧૭૩૨ માં થયો. એ ૭મે વર્ષે નિશાળમાં ભણવા ગયો. ત્યાં તે પોતાની ઉમર જેવડા છોકરાઓની પલટણ બનાવી લઢાઇની રમતો રમતો. તે ભારે ઉદ્યોગી, સત્યશિળ, અને નિર્લોભી હોવાથી તેની પ્રસિદ્ધતા થતાં તેને ૨૦ મે વર્ષે લશકરમાં એક નાહના અમલદારની પદ્વિ મળી, તે પછી થોડેજ દહાડે ફ્રેન્ચો સાથે લઢાઇનો પ્રસંગ આવ્યો. તેમાં આ જુવાન શૂરવીરનું ચાતુર્ય જણાયું. અને તેની કીર્તિ ચોગર્દમ પસરી. પછી ઈંગલંડની સરકારે અમેરિકાનાં ઇગ્રેજોપર કર નાખ્યો. પણ જે પક્ષનાં લોક પાર્લમેંટમાં નથી તે પક્ષનાં અમો કર આપીશું નહિ એવું તે લોકોએ જણાવયું. આથી મ્હોટી લઢાઈ થઇ. ઈંગ્રેજ સરકારને જર્મનીએ મદદ કરી, અને અમેરિકાને ફ્રેન્ચોએ મદદ કરી, તેમની લઢાઇઓ ૮ વર્ષ વેર ચાલી, તેમાં જ્યૉર્જ વૉશિંગટને અનેક પરાક્રમ કીધાં. છેલ્લે તે મુખ્ય સેનાધિપતી થયો અને એણે બ્રિટીશ લશકરનો તદન પરાજ્ય કર્યો. ૧૭૭૬ મા અમો ઈંગલંડથી તદન સ્વતંત્ર છિયે એવું જાહેરનામું પ્રગટ કીધું, અને તે તેમની સ્વતંત્રતા ૧૭૮૩ માં બીજા સર્વ રાજાઓએ કબુલ કીધી. પછી વૉશિંગટને પોતાના ઓધાનું રાજીનામું આપ્યું.

એ રીતે અમેરિકામાંના સર્વ સંસ્થાનો સ્વતંત્ર થયાં. તેનો રાજ્યકારોબાર ચલાવવા કેટલાક કાળ સુધી કોઇ મ્હોટા રાજ્યધિકારી પુરૂષને નેમવો એવું ઠર્યું. તે મુજબ વૉશિંગટનને ૧૭૮૯ માં પ્રેસીડંટ તરીકે ચુંટી કાઢવામાં આવ્યો. આ પદ્વિ ૧૭૯૬ સુધી જોર્જ વૉશિંગટને મ્હોટી બુદ્ધિબળે જાળવી. પછી પોતાની જીંદગી પોતાના વતનમાં ખેતીવાડી કરી ગુજારી. ત્યાં એ ૧૭૯૯ માં ૬૭ વર્ષની વયે મરણ પામ્યો.

જોર્જ વૉશિંગટન અતિ સદગુણી અને ધર્મશિળ હતો. તે તદન નિર્લોભી હતો. મુખ્ય સેનાધિપતિ અને પ્રમુખના પદ પર હતો ત્યારે તેણે પોતાની સરકાર પાસથી ખાવાપિવા તથા કપડાં પેહેરવા ઓઢવાનો જેટલો ખર્ચ લાગે તેટલોજ માત્ર લીધો હતો; પણ મોજમઝા માટે કાંઇ લીધું નહિ, તેણે તન મન ધનથી પોતાના દેહનું સારૂં કરવાનું ધારી તે પર ચિત્તચોંટાડી ભારે કષ્ટ વેઠી પોતાની મુરાદે પોંહચ્યો હતો.

**જોરડન**—પેલેસ્તાઇનની આ પ્રસિદ્ધ અને મુખ્ય નદી ઉત્તરથી દક્ષિણ સુધી ફેલાયલી છે. એનો મુખ્ય પ્રવાહ 'હસબની' નામે હરમન



પર્વતની પશ્ચિમ બાજુમાં હસબીયાના ડ્રૂસિ શેહેર પાસેથી નિકળે છે.

જોર્ડન દક્ષિણ તરફ ૧૦૦ મૈલ વહેતી અને વચમાં બીજા સરોવરને મળતી ડેડસીમાં મેડીટરેનિયનની નીચે ૧૨૯૨ ફીટ ઉપર જઈ મળે છે. એનો પ્રવાહ મેડીટરેનીયનની ઉપર ૧૭૦૦ ફીટ ઉપરથી આવે છે. એની જુમલે ઉંચાઇ ૩૦૦૦ ફીટ ઉપરથી નીચે આવે છે. આ નદી પહોળાઇનાં ૩૦ થી ૫૦ યાર્ડ છે, નદી ઉત્તર ભાગમાં ખેતરોને ફળદ્રુપ બનાવે છે પણ નીચાણમાં ઉજડ ભાગમાંથી પસાર થાય છે.

**જોરાત**—આસામમાં સબસાગર જીલ્લાનું પ્રગણું. વસ્તી ૧૪૩૯૮૫ ની છે. ઉપજ ૨૩૮૨૧ પૌંડની છે. અત્રે ચાહેની ખેતી મ્હોટા પાયાપર ચાલે છે, જેમાં ૧૦૦ બગીચા છે.

**જોરાત**—ઉપલાનું મુખ્ય શેહેર. ડીસોય નદીની દક્ષિણે છે. વસ્તી ૧૯૮૪ ની છે. આ ગામ શ્રેષ્ટ ચાહનાં બગીચાવાલા ભાગમાં છે. અત્રે રૂ, તથા મીઠાનો વેપાર ચાલે છે. તેમજ નિકાશ વેપાર રેસમ, રૂ, રાઇ અને ઇમારતી લાકડાનો ચાલે છે. અત્રે જોરાત ટી કુંપની મ્હોટી જગ્યા ધરાવે છે. ગામમાં દવાખાનું અને શાળા છે.

**જોરૂલા**—મેકસિકોના રાજ્યમાંનો આ જવાળામુખી પર્વત સમુદ્ર સપાટીથી ૪૩૧૫ ફીટ ઉપર અને તેના મેદાનથી ૧૬૪૦ ફીટ ઉંચો છે. મેકસિકો શેહેરની પશ્ચિમે દક્ષિણ પશ્ચિમથી ૧૫૦ મૈલપર છે. ઇ. સ. ૧૭૫૯ માં ૨૯ મી સપટેંબરે ઘણા માસ સુધી ધડાકા થયા પછી ફાટયો હતો.

**જોવેટ બેનજામીન**—પલેટોનાં લખાણોનો તર્જુમો કરનાર, વિદ્વાન લેખક. જન્મ ૧૮૧૭ માં થયો. એણે સેંટપાલ સ્કુલમાં કેળવણી લીધી ને તે પછી બેલીયલ કોલેજમાં વધુ અભ્યાસ સંપાદન કરી ૧૮૩૭ માં 'સ્કૉલરશિપ' મેળવી અને ૧૮૩૯ માં પેહેલું ઇનામ મેળવ્યું, તથા ૧૮૪૧ માં લેટીન નિબંધમાં ઈનામ મેળવ્યું. ૧૮૪૦ થી ૧૮૭૦ સુધી એ કૉલેજનાં શિક્ષક તરીકે રહ્યો. ૧૮૫૫ માં એ ઑકસફર્ડમાં ગ્રીક પ્રોફેસર તરીકે નેમાયો હતો. ૧૮૭૫ માં લીડન તરફથી ડોકતરની ડીગ્રી મેળવી. એડીનબર્ગ તરફથી ૧૮૮૪ માં અને કેમબ્રિજ તરફથી ૧૮૯૦ માં ઉપલા એલકાબ મેળવ્યા હતા, અને ૧૮૮૨ થી ૧૮૮૬ સુધી એ વાઇસ ચેનસેલર તરીકે નેમાયો હતો. ૧૮૬૦ માં એણે કુદ્રતી જ્ઞાન શાસ્ત્રનાં લખાણો કર્યાં હતાં. એણે પલેટોના પ્રશ્નોતરનો તર્જુમો કરી ૧૮૭૧ માં તેનાં ૪ દફતરો અને ૧૮૭૬ માં તેની બીજી આવૃતિનાં પાંચ દફતરો પ્રગટ કરી ભારે નામના મેળવી હતી. ૧૮૮૫ માં એરીસટોટલના 'પોલીટીકસ' નો તર્જુમો પ્રગટ કર્યો હતો, મરણ ૧૮૯૩ માં ૧લી અકટોંબરે નિપજ્યું.

**જોશેહ**—જુડાનો એક રાજો, એ એમોન તથા જેદીધાનો પુત્ર, એ ૮ વર્ષની વયે ઇ. સ. પૂર્વે ૬૪૧ માં ગાદીનશીન થયો, એણે ધર્મ સંબંધી સુધારણા કરી જેરૂસલેમમાંથી મૂર્તિ પૂજા દુર કીધી હતી, પણ પાછળથી એણે 'જોહાવા'ની પૂજા કરવાની રીત ચાલુ કરી હતી, એનું મરણ ફેરોટા નિકોસાથની લઢાઈમાં ઇ. સ. પૂર્વે ૬૦૯ માં નિપજ્યું હતું'.

**જોસીફાઇન મેરીયા રોઝા**—ફ્રાન્સની શેહેનશાહ બાનુ. જન્મ ૨૩ જુન ૧૭૬૩માં થયો. ૧૫ વર્ષની વયે તે ફ્રાન્સ ગઈ અને ૧૭૭૯માં વાઇકોન્ટ અલેકઝાન્ડર હૉસ્ટેનસ સાથે પરણી. હૉનેનસ હૉલંડની રાણી હતી, અને તેનો પુત્ર ૩જો નેપોલ્યન થયો હતો. જોસેફાઇનનો ધણી ટેરોરના રાજ્યમાં માર્યો ગયો અને જોસેફાઇન નહાશી બચવા પામી. તે પછી ૧૭૯૬માં ૯મી માર્ચે નેપોલ્યન બોનાપાર્ટ સાથે તેણીનાં લગ્ન થયાં. જોસેફાઇને નેપોલ્યનને તેના બારીક વખતમાં અનેક વેળા ચંચળ જેહેનથી મદદ કરી હતી. પણ જોસેફાઈનને પુત્ર સંતાન નહિ થવાથી ૧૬મી ડીસેંબર ૧૮૦૯ માં નેપોલ્યનથી છુટા છેડા કરવા પડયા.

તે પછી એ એવરેક્ષમાં જઇ રહી, મરણ ૧૮૧૪માં ૨૯મી મે એ 'માલમેસન'માં નિપજ્યું.

**જોહન્સબર્ગ**—બ્રિટીશ ત્રાન્સવાલનું આ ખાણોવાળું મુખ્ય શેહેર, સમુદ્ર સપાટીથી ૬૦૦૦ ફીટ ઉપર કિંબર્લીની ઉત્તર પૂર્વે ૨૯૮ મૈલપર અને કેપટૅાનની ઉત્તર પૂર્વે ૮૩૮ મૈલપર છે. આ બેઉ શેહેરો સાથે ૧૮૯૨થી રેલ્વે સંબંધથી જોડાયું છે. અત્રેથી પ્રિટોરિયા ૩૦ મૈલપર છે. ૧૮૮૮ પછી અત્રેથી સુન્નું ઘણું નિકળવા માંડ્યું હતું. ૧૮૮૮માં ૨૩૦૬૪૦ ઔંસ, ૧૮૯૦માં ૪૯૪૩૯૧ ઔંસ અને ૧૮૯૧માં ૭, ૨૯, ૨૯૮ ઔંસ સુન્નું નિકળ્યું હતું. અત્રે અનેક બેંકો, હૅાટલ, કલબો વગેરે સુંદર મકાનો થોડી મુદતમાં બંધાયાં છે. અત્રેની આબો હવા ઘણી તંદરોસ્તીને ફાયદાકારક છે. ૧૮૯૧માં વસ્તી ૪૦૨૧૫ ની હતી; ૧૯૦૦ની ત્રાંન્સવાલની લઢાઇ પછી આ શેહેર બ્રિટીશોના તાબામાં પૂર્ણપણે આવ્યું હતું.

**જોહાક**—ઇરાનમાં અતિ પ્રાચીન કાળમાં થઇ ગએલા આ પાદશાહ માટે તહેંવાર મતો છે. કેટલાકો એને જમશેદનો ભાણેજ જણાવે છે. ફરદુનજી મર્ઝબાનના શાહનામાં મુજબ તે 'મિરદાસ' મરદાસતાજીનો બેટો હતો. અરદેશર કામદીનકૃત ઇરાનની તવારીખ મુજબ એ અલવાનનો બેટો હતો. જેહાનઆરા ગ્રંથ મુજબ એ ગયોમર્દના બેટા શિયામકનો વંશજ હતો. યાહુદીઓ મુજબ એ નીમરૂદ હતો. એણે દુજહુખ્ત કંગ નામે એક મ્હોટો મેહેલ બંધાવ્યો હતો.

ઇતિહાસીક કથા મુજબ એણે ૧૦૦૦ વર્ષ મુલ્કી રાજ્ય અમલ ભોગવ્યો હતો. અહરેમને પલીદ ખાણું ખાવા આપ્યું જેથી એણે ખુશીમાં આવી તે જે માગે તે આપવા જણાવ્યું. પણ શેહેતાને એના ખભાંપર ચુમી લેવાની માંગણી કરી જે બહાલ રહેતાં તેણે તેપર બોસા લીધા ને અનદીઠ બન્યો, કે તે જગા ઉપર બે નાગ પેદા થયા. આ નાગોપર તહેંવાર દવાઓ પડયા છતાં તે દફે નહિ થવાથી કાપી નાખવામાં આવ્યા, પણ તેઓ પાછાં ઉગી નિકળી પાદશાહનું ભેજું ખાવાની તલબ કરવા લાગા, આથી અહરેમને હકીમને વેશે આવી બકરાનાં ભેજાનો તેમને ખોરાક આપી શાંત પાડયા, પણ તેમને ચુપ રાખવા માનસનાં ભેજાં ખવાડવાનું ફરમાવ્યું, આથી જોહાકે દરરોજ બે માનસોનાં ભેજાં તેમને ખવડાવવા માટે રોજીંદી કતલ ચલાવી. આજ સમયે પાદશાહ જમશેદ જોહાકના માનસોને હાથે માર્યો ગયો. તે સમયે આબતીન નામના સખસની ઓરતને હમેલ રહેવાની ખબર જોહાકને પડી. એ ખબર એમ પડી કે એક રાત્રે તેને સ્વપનું આવ્યું કે "ત્રણ શખસો તેના મેહેલમાં ધશી આવ્યા અને તેમાંના એક નાહના સરદારે જોહાકના માથામાં ગુરજ મારી તખ્તપરથી તેને નીચે તોડી પાડયો." તેવોજ એ પાદશાહ ઘણો બેચેન હાલતમાં જાગી ઉઠી તે સ્વપનાની તાસીર નજુમીઓથી પુછી. નજુમીએ જણાવ્યું કે "શાહા જમશેદની ઓલાદથી એક જણ પેદા થશે તે તને કેદ કરશે ને પોતે પાદશાહ થશે." આથી જોહાકે આબતીનની હમેલદાર બાનુને કેદ કરાવી તેને મારી નાખવાનો હોકમ કીધો, પણ દસ્તુરોએ તેને મારી નાખવાને બદલે બંદીખાને નખાવી. જોહાકે તે વેળા હોકમ કીધો કે તેણીને બંદીખાને નાખ અને દરરોજ તેના પેટ ઉપર લાકડીનાં ૧૨ ફટકા માર્યા કરે કે જેથી તેણીનાં હમેલ તુટી પડે. પણ તેટલાં ચોકીબાનનાં મેહેરબાનીથી તે બાનુ નહાશીને 'શરૂશ'નાં રહેઠાણ તરફ ગઇ, ત્યાં સરોશ ઇજદે તેને પેટે ફરજંદ ફરેદુન અવતરશે એવી અગાહી કરી કહ્યું કે "કાવેઅહંગાર નામનો લુહાર વગર ખજાને લશકર સાથે તારા બેટાને મળશે, માટે તને હું બે પેટીઓ બતાઉછું તેમાં પોશાખ તથા હથિઆરો અને બે લગામો છે તે વજાડજે કે તુરત બે ઘોડા ઉત્પન્ન થશે, પછી તેપર સ્વાર થઇ તે બેટો ઇરાનપર ચઢાઇ કરી શકશે."



આ સર્વ બનાવ સરોશ ઇજદની આગાહી મુજબ બન્યો, (જુઓ કાવે) બીજી તરફ કાવેઅહંગાર નામના લોહારના ૭૨ બેટાઓમાંના ૭૦ ફરજંદોને જોહાકે પોતાના સાપો માટે મારી નખાવ્યા અને બાકી રહેલા બે બેટાઓનાં પણ તેજ હાલ કરવા ધાર્યું. આથી કાવે તેની સામે થયો અને પ્રજાની મદદથી મ્હોટું લશકર એકઠું કરી સરોશ ઇજદની બસારતથી ફરેદુનનું મુકામ શોધી કાઢી તેને લેવા માટે સામો ગયો. ફરેદુનને એ બીનાની ખબર પડતાં તે પોતાની માતા સાથે સામો ગયો, ને લશકર સાથે જોડાઇ જોહાકને ગોશઇજદની મદદથી જેર કરી મારી નાખવા લાગો. ત્યારે સરોશઇજદે આવી જણાવ્યું કે આખર હજારાનાં વખતમાં એની ૧॥ દિવસની પાદશાહી બાકી રહી છે. ને એનું મ્હોત જેહાં પેહેલવાન કેરસાસ્પ બીન અશરતના હાથે થવાનું છે. માટે જોહાકને તેના હોકમથી દમાવંદના પાહાડપર બાંધી પીંજરામાં પુરી ઉંધો લટકાવ્યો ને ઉપર પોતાનો ગુરજ મેલ્યો, પણ તે પહાડ કમકમ્યો. ત્યારે દાદર અહૂરમજદે કોલ આપ્યો કે "હું તથા જરતોસ્ત પેગંબર કયામત પુરી થયા પછી ઘાં ઇજશને કરીને તેને પાક કરશું." તે પીંજરાને મથાળે એક મુરગ છે. જ્યારે જોહાક તે લોઢાની બેડી ચાટી ચાટીને દરરોજ દોરા જેવી પાતળી કરે છે ત્યારે પેલો મરઘો વાસે છે કે, તે લોઢાની સાંકળ જેવી ને તેવીજ થઇ જાય છે. જ્યારે એ જોહાકની પાદશાહીનો વખત આવશે ત્યારે તે મરઘો વાસસે નહિ, ને પીંજરૂ ગુરજથી ભાંગી જઈ જોહાક બહાર નિકળશે ને ૧॥ દિવસ પાદશાહી કરશે. પણ તેટલાં કેરસાસ્પ તેને ગુરજ મારી નાબુદ કરશે.

**જોહોર**—હિંદુસ્તાનની દક્ષિણ પૂર્વે આવેલા દ્વિપકલ્પમાંનું એક સ્વતંત્ર રાજ્ય. અત્રેનો રાજ્ય કર્તા સુલતાનના એલકાબથી ઓળખાય છે. એના રાજ્યમાં ૨,૦૦,૦૦૦ ની લોક વસ્તી છે. ૯૦૦૦ ચોરસ મૈલ જમીન ખેતીવાડીથી રોકાયલી છે. આ દેશમાં કાફી, મરી, ચાહ વગેરે પદાર્થોની ખેતી પરદેશો મુજબ હાલમાં કરવામાં આવે છે. આગળ અત્રે માત્ર સાબુ ચોખા, ટેપચોકા, નાળીએરી, અનીનાસ, ગેમબીયર, મસાલાનો અને ગુંદરની મ્હોટી ઉત્પત્તિ થતી હતી. પણ હાલમાં ત્યાં ચાહે એવી તો ઉત્તમ ઉગાડવામાં આવે છે કે તે આસામ તથા સિલોનની ચાહે કરતાં ચહડતા પ્રકારની ગણાય છે. આ રાજ્યમાં ચાહેના બગીચા ૮૦૦ એકર જમીન રોકે છે. જે મધેનાં ૧૬૫ એકર ભાગ ઉપર ચાહેની ખેતી કરવામાં આવે છે. બગીચા વર્ષમાં ત્રણ વેળા ખેડવામાં આવે છે. અને દરવર્ષની મુદતમાં ૧ વખત ખાતર પુરે છે. આવી રીતે ખેડાયલી જમીનમાંથી એકર દીઠ સરાસરી ૫૦૦ રતલ ચાહે ઉત્પન્ન થાય છે.

## ઝ.

**ઝ**—વીસમો મૂળાક્ષર.

**ઝઇરિમ્યાક**—જરતોસ્તિ દંતકથા મુજબ આ એક ખુરા દેવનું નામ છે. આ દેવ હોશનગેહના વખતથી સૂરજ ઉગે છે ત્યાં સુધી પોતાનો દોર ચલાવી ભલી પેદાયશનાં અસંખ્ય જીવતાં પ્રાણીઓનો નાશ કરે છે, પણ એથી ઉલટું આ વખતપર 'વંધાપર' કુતરો જે મિનોની પેદાયશ છે તે ભલી પેદાયશનું રક્ષણ કરે છે. અવસ્તાના વિશેષ નામોની ફરહંગમાં જણાવ્યા મુજબ મધરાત પછીનાં અતિ અંધકારમાં ખેતરો મધે નુકસાન કરનારૂં એ કોઇ ઉંદરની જાતનું જાનવર હોય, કે જેનો એ વખતે જાગૃત રહેતો 'વંધાપર' નામનો કુતરો નાશ કરતો હોય.

**ઝનીમ**—મોરેવિયાનું આ શેહેર વિયેનાની ઉત્તરથી પશ્ચિમે ૬૩ મૈલ ઉપર છે. લોક વસ્તી ૧૨૨૫૪ ની છે.

**ઝંગારીયા**—આ નામ ઝંગાર ઉપરથી નિકળેલું છે; કે જે કાલમક અથવા પશ્ચિમ માંગોલ્યન પ્રજાની શાખા છે. તેમનું રાજ્ય 'હમી' ની પૂર્વે પશ્ચિમથી બલખારા રસોવર વેર ફેલાયલું હતું. ૧૭૧૭ માં તેઓએ તીબેટપર હુમલો કરી તેમનાં પાયાતખતને નુકસાન પોંહચાડીયું હતું, અને ૧૭૫૭ માં ચીનના તમામ દેશમાં ત્રાસ વર્તાવ્યો હતો.

ઉપલો ભાગ 'ઇલખીણને' કુલજા કહે છે અને તે ભાગ અતિ ફળદ્રુપ છે. ત્યાં રશિયનોએ ૧૮૭૧ થી પોતાની સત્તા સ્થાપન કરી. ૧૮૮૦ માં ત્યાં ૧,૦૦,૦૦૦ ની વસ્તી હતી.

**ઝંબુરૂક**—ઉંટપર લાધીને લઢાઇમાં વાપરવા લાયક તોપ. આગળ આ તોપ લઢાઇ દરમ્યાન ઉંટપર ગોઠવી તે વડે લઢતા હતા.

**ઝમઝમ**—મક્કામાં આ અતિ પવિત્ર કુવો ૭ ફીટ ૮ ઇંચ ઘેરાવામાં અને તે ૫૬ ફીટ ઉંડો છે. આ કુવાનું પાણી મુસલમાનો ઘણું પવિત્ર ગણે છે. તેને હાજીઓ બંદગી કર્યા પછી પીયે છે, અને બાટલી યા દાબડામાં ભરી દૂર દેશ વેર ઉમદા ભેટ તરીકે લઇ જાય છે; અને આ પાણીથી ધોએલા ઝબા મુસલમાનો પોતાના 'કફન'ને ખાતર સંભાળથી જાળવી રાખે છે.

૧૮૮૩ માં મી૦ ઇ૦ ફ્રેકલેંડે આ પાણીનું પૃથકરણ કરી જોયું હતું, ત્યારે તેને આ પાણી તંદરોસ્તીને નુકશાન કરનારૂં જણાયું હતું.

**ઝમબાબ્વિ**—સૅલ્સબરીની દક્ષિણ પૂર્વમાં ૧૫ મૈલ ઉપરનું આ એક પુરાણું ખંડીયર, સમુદ્ર સપાટીથી ૩૩૦૦ ફીટ ઉપર છે, અત્રે એક ઇમારતવાલો કિલ્લો ૨૮૦ ફીટ લાંબો, ૩૫ ફીટ ઉંચો ને ૧૬ ફીટ જાડી દેવાલવાલો છે

**ઝમાનેહ**—ગાઝીપૂર જીલ્લાનું દક્ષિણ તરફનું તેહેસીલ, ગંગા નદીના દક્ષિણ ભાગમાં છે. ક્ષેત્રફળ ૩૭૯ ચૌરસ મૈલ છે, તેમાં ૨૯૦ ચૌરસ મૈલ ખેતીવાડી ખાતે, ૨૨ ચૌરસ મૈલ ખેડવાલાયક અને ૬૭ ચૌરસ મૈલ નાપીક જમીનનો ભાગ છે. લોક વસ્તી ૨૨૫૯૪૯ નીં છે, તેમાં ૧૦૯૯ પુરૂષો ને ૧૧૬૦૦૬ સ્ત્રીઓ છે, તેમાં ૧૯૮૦૦૨ હિંદુ, ૨૭૭૦૩ મોહમેદન, અને ૨૪૪ ખ્રિસ્તીઓ છે. તેહેસીલમાં ૩૩૪ શેહેરો તથા ગામો છે. સરકારને જમીનની મેહેસૂલ ૨૪૧૨૮ પૌંડની ઉપજે છે, ને ખેતીવાડીની મેહેસૂલ ૫૦,૬૩૫ પૌંડની ઉપજે છે.

એનું એજ નામનું મુખ્ય શેહેર ગાઝીપૂરથી ૧૦ મૈલ ઉપર છે, વસ્તી ૫૧૧૬, તેમાં ૩૧૨૯ મોહમેદનો તથા ૧૯૮૭ હિંદુઓ વસેછે. અત્રે ધાન્યનો મ્હોટો વેપાર ચાલેછે, ગામમાં કોર્ટ, પોલીસ થાણું અને સ્કુલ છે.

**ઝમિનોગોરસ્ક**—આ સાઇબિરિયન શેહેર ટોમાસ્કની દક્ષિણ પશ્ચિમે ૩૫૦ મૈલપર છે, લોક વસ્તી ૬૦૦૦ ની છે.



**ઝ્યૂલેનરોડ**—રયૂસગ્રીઝનું આ શેહેર લીપઝીકની દક્ષિણથી દક્ષિણ પશ્ચિમે ૫૧ મૈલ ઉપર છે. લોક વસ્તી ૭૯૭૦ ની છે.

**ઝેર**—દક્ષિણ પશ્ચિમ ફ્રાંન્સનું એક સંસ્થાન. એ ઓફ બિસ્કેથી એ વેગળો પડે છે. ક્ષેત્રફળ ૨૪૧૫ ચૌરસ મૈલ છે. ૧૮૬૧ માં વસ્તી ૨૯૮૯૩૧ ની ને ૧૮૯૧ માં ૨૬૧૦૮૪ ની હતી.

**ઝરઅફ્શાન**—બોખારાની એક મુખ્ય નદી. એને કોહિક પણ કહે છે. સમરકંદની પૂર્વે ૧૭૫ મૈલ ઉપરથી એ નિકળે છે. એનો એક પાટ ૩૫ મૈલ સુધી ખીંડમાં વધેલો હિમ ક્ષેત્રથી ભરપૂર છે; જ્યાં તેને "મકા દરીયા" કહે છે. પછી એ પશ્ચિમે સમરકંદ તરફ વહે છે; અને તે પછી ઉત્તરે થોડી મૈલ વહેતી, ચોબનાથ પર્વત પાસે એ નેહેરમાં વેંહેંચાઇ ફરી બોખારાની રૂશિયન સરહદપર સાથે મળી જાય છે. આ રીતે બેઉ તરફની નદી ફરીવળવાથી મધ્ય ભાગ ટાપુ બની રહ્યો છે તેને 'મયનકાળ' કહે છે. આ ભાગ રશિયન તૂર્કસ્તાનમાંનો સૌથી ફળદ્રુપ જણાય છે. હિસાર અને ઉરમિતાન પાસે સુન્નાની રજકણો મળે છે.

**ઝરખ**—આ મૌંસહારી પ્રાણી દક્ષિણ હિંદુસ્તાનમાં તરસ, ઉત્તર હિંદમાં લકકડ વાઘ કે જીરાક અને ગુજરાતમાં ઝરખ કહે છે. એ પ્રાણી વર્ગની જાતીના માથા મ્હોટા અને લંબોચાં, પુછડી ટુંકી, અવયવો સેહેજ લાંબા, પંજા અંગુઠા વગરનાં અને બાલવાલા હોય છે. આ પ્રાણી અનેક પ્રકારનાં જણાય છે. ટપકાંવાળા અને ચટાપટાવાળાં ઝરખની એ રીતે બે જાતો છે. ટપકાંવાળી જાત આફ્રિકા ખંડમાં છે અને ચટાપટાવાળી જાત હિંદુસ્તાનમાં વસે છે. આફ્રિકન ઝરખના ઉપલા જડબાની પાછલી દાઢો સ્હેજ નાહની, નીચલા જડબાની પાછલી દાઢો છેક ટુંકી અને ગરદન બાલ વગરની હોય છે. ઝરખનાં ઉપલા જડબામં દરેક તરફ આગલા દાંત ૬, રાક્ષસી દાંત ૧, આગલી દાઢો ૪, અને પાછલી દાઢ ૧ મળી કુલે ૧૨ એટલે ઉપલા આખા જડબામાં ૨૪ દાંત છે. તેના નીચલા જડબામાં દરેક તરફ આગલા દાંત ૧૬, રાક્ષસી દાંત ૧, આગલી દાઢ ૩, અને પાછલી દાઢ ૧ મળી કુલે ૧૧ એટલે આખા નીચલા જડબામાં કુલે ૨૨ દાંત હોય છે. આગલા દાઢમાંના વચલા દાંત ઘણા લાંબા તેમજ રાક્ષસી દાંત અને આગલી દાઢો પણ લાંબી હોય છે.

'ચટાપટાવાળા તરસનાં શરીરની માથા સાથે લંબાઇ ૩½ ફીટ અને પુછડીની લંબાઇ ૧½ ફીટની છે, તેની પુછડી પર લાંબા બાલ ઉગેછે. તેની ગરદન અને પીઠપર પણ બાલ લાંબા હોય છે તેથી તેને યાળ હોય તેવું દેખાયછે. આગલા પગ કરતાં પાછલા ટુંકા અને ઘણા વાંકા વળી ગએલા છે, તેથી ઝરખ જ્યારે ચાલે છે ત્યારે તેના પાછલા પગ જાણે ઘસડાતા હોય તેમ લાગે છે, તેમ છતાં પણ તે ઝડપથી દોડી શકેછે. તેના આગલા પગના કરતાં પાછલા પગનો પંજો ટુંકો છે. બધાં પ્રાણીઓ કરતાં ઝરખ ઘણુંજ બદશિકલ દેખાય છે. તેના શરીરનો રંગ ઝાંખો ભૂરો છે, તેમાં બદામી અગર કાળા સાંકડા ચટાપટા પડેલા હોય છે.

હિંદના ઘણાખરા ખુલ્લા પહાડી ભાગોમાં તેની વસ્તી વધારે જણાયછે. ઘાડા જંગલોમાં તે ભાગ્યેજ વસેછે. મધ્ય પ્રાંતો અને વાયવ્ય પ્રાંતોમાં તેમજ ગુજરાતમાં પણ તેની વસ્તી ઘણી છે. એશિઆ ખંડના નૈઋત્ય ખુણાના ભાગોમાં તથા ત્યાંથી ફેલાઇને છેક ઉત્તર આફ્રિકા ખંડમાં પણ તેની વસ્તી છે, બંગાલી ઉપસાગરથી પૂર્વ તરફ અને સીલોનમાં તે જણાતાં નથી.'

'હિંદુસ્તાનનાં ગરમ ભાગોમાં તેની વસ્તી વધારે છે. પથ્થરના ખડકો, અને ઉંડા કોતરોમાં તે વસે છે, કોઇક વેળા મ્હોટા થએલા ઘાસનાં બીડ અને શેરડીના ખેતરોમાં પણ જો ઉંડા ખાડા કે કોતર જેવું રહેવાનું મળી આવે તો તેમાં પણ તે રહેછે, દિવસે

તે ખોડમાં પડી રહે છે, અને રાત્રે શેકાર ખોળવા બહાર નિકળે છે. પોતાની રહેવાની જગાથી ઘણે દુર સુધી તે ભટકે છે, અને તમામ રાત દોડવામાં ગુજારે છે. એઓ ટોળાબંધ વસતા નથી, માત્ર બે સાથે ફરે છે. એઓ મુખ્ય કરી મુવેલાં પ્રાણીનો ભક્ષ સોધતા ફરેછે. તેઓ બળવંત જડબાને યોગે ભારે શેકાર સેહેલથી ઘસડી જાયછે. એઓ મડદાંને ઘોરમાંથી ખોદી કાઢી તેને હાડકાં સુધાં ખાઇ જાયછે. વળી એ બીજા પ્રાણીએ તજેલાં હાડકાંને પણ ખાઇ જાયછે.

આ પ્રાણી ક્રૂર, જબરૂં છતાં તે બિહકણ છે. શેકારીથી તે જીવ લઇ નહાસે છે, એનો શેકાર ભાલાથી કરવામાં આવે છે, તે સામું થતું નથી પણ પગ વચ્ચે પુછડી ઘાલી નાહસે છે. એને નાહનપણથી પાળતાં હળી મળી જાય છે. એની માદા દર વેતરે ત્રણ ચાર બચ્ચાં જણેછે, આ પ્રાણીની ચરબી માનસનાં દુખતા સાંધાપર ચોપડવામાં આવે છે, તેમજ સંધીવાના રોગમાં પણ તે અકસીર છે.

**ઝ્યૂં**—આ દેશનું ક્ષેત્રફળ ૬૬૬ ચોરસ મૈલ છે. તેમાં વસ્તી પ્રજા જર્મન ભાષા જાણનારા તથા પ્રોટેસ્ટંટોની છે. ૧૮૭૦ માં વસ્તી ૨૮૪૭૮૬ ની ને ૧૮૯૦ માં ૩૩૯૦૧૪ ની હતી. ઝ્યૂં સરોવર સમુદ્ર સપાટીથી ૧૩૪૧ ફીટ ઉપર છે, ને તેની લંબાઈ ૨૫ મૈલ ને પોહળાઇ $2\frac{1}{2}$ મૈલની છે.

એનું મુખ્ય રાજધાની શેહેર ઝ્યૂં, સ્વિટઝરલેંડમાં મુખ્ય વેપારી કારખાનાવાલું શેહેર છે. આગલા વખતનાં નાહનાં ઘરો ને સાંકડા માર્ગો હાલમાં પણ કાયમ છે. ૧૮૩૨ માં અત્રે સ્થાપન કરેલી પાઠશાળામાં ૧૦૦ શિક્ષકો તથા ૬૦૦ વિદ્યાર્થીઓ હતા. તેમજ ૧૬૯૯ માં બાંધેલો ટોનહૉલ, બૉટેનિક ગાર્ડન, ૬ પુલો અને શેહેરની પુસ્તકાલય ( ૧૦૦૦૦૦ છાપેલાં ગ્રંથો ને ૩૦૦ હસ્તલેખો ) જોવા લાયક ઇમારતો છે. વસ્તી ૫૬૬૯૫ ની ને ૧૮૯૦ માં ૯૦૦૦૮ ની હતી.

**ઝરસ**—એનાં ઝાડ હરયાળી જેવા ખેતરની જમીનમાં અને વાડીમાંની સરદ જમીનમાં ઉગે છે, એની ભાજી વૈશાખ જેષ્ટ માસમાં ઘણી ઉત્પન્ન થાય છે. એનાં પાંદડા ઝીણા મેદી જેવાં હોય છે, પણ સ્વાદે તે કડવાં રહે છે. આ ભાજી વાયુ નાશ કરે છે.

**ઝરીનમંદ**—હમાદનમાં એક આવેલો સરોવર. આ સરોવર 'સઓકત' પર્વત નજદીક છે, એને અવસ્તામાં વખાણેલો છે.

**ઝરીદ**—એ પાદશાહ લોહરાસ્પનો બેટો, અને ગુશતાસ્પનો ભાઇ હતો. એ એક ચુસ્ત જરતોસ્તી જાંનેસારોમાંનો એક હતો. એણે અરજાસ્પ સાથની દીન કુશમઇની લઢાઈમાં મ્હોટો ભાગ લીધો હતો, તથા જરથોસ્તી દીનને એશિઆ માઇનર (રૂમ) તથા હિંદુસ્તાન તરફ ફેલાવવા માટે અસપંદિયારે માથે ઉઠાવેલા કામમાં મુખ્ય મદદ કરી હતી. જયારે પાદશાહ ગુસતાસ્પ પોતાના પિતાથી નારાજ થઇ રૂસાઇ ગયો હતો, ત્યારે ઝરીરે તેને પાછો સમજાવી આણી રાજ્યગાદી પિતાની હૈયાતીમાં સોંપી હતી.

અરજાસ્પ સાથની લઢાઇમાં ઝરીર બિદરફશ નામના અરજાસ્પના સરદારને હાથે માર્યો ગયો હતો, એનો બસ્તૂર નામે એક બેટો હતો.

**ઝવેરાત**—પ્રાચીન કાળથી હિંદુસ્થાન, ઇરાન, વગેરે દેશનાં શ્રીમંતો ઝવેરાતનો ઉપયોગ કરતા આવ્યા છે. મોતી શિવાયનાં દરેક ઝવેરાત તેની અસલ હાલતમાંથી જૂદા સફાઇદાર રૂપમાં લાવવા તેને અનેક ક્રિયામાંથી પસાર થવું પડે છે. મોતી માત્ર એવું એક ઝવેરાત છે કે તેને અસલ હાલતમાંથીજ પેહેરી શકાય છે. તેની માળા વગેરે બનાવવા તેને છિદ્ર પાડવાં પડેછે, બાકી હિયા, યાકુત, લાલ, જેડ, જેટ, પાના, જમરૂદ, ફીરોજ, અકીક, સંગેઇસબ, મુરજાન, પાવ જેહર વગેરે ઝવેરાત તેની અસલ હાલતમાં તહેવાર કટકાના આકારમાં મળી આવે છે, જેને કારીગરો જૂદી જૂદી કૃતિઓથી જૂદા



જૂદા આકાર આપી સણગાર ઉપયોગનાં બનાવે છે.

માહા ભારત અને શાહાનામા ઉપરથી જણાય છે કે પ્રાચીન ઇરાની તથા આર્યન રાજવંશીઓ તથા શ્રીમંતો ઝવેરાત વાપરતા આવ્યા છે, અને આ દેશમાં ઘરેણાં કાંઇક સેંકડો પ્રકારનાં બનેછે, જે જૂદી જૂદી પ્રજા જૂદા જૂદા આકારનાં પેહેરે છે તથા તેના આકાર મુજબ તેનાં નામો આપેલાં છે. (જુઓ ઘરેણાં)

ખરા ખોટા ઝવેરાતની પરિક્ષા અનુભવ અને ચોકસ નજરથીજ થઇ શકેછે, ઝવેરાતની પરિક્ષા કરનાર વર્ગ ઝવેરીને નામે ઓળખાય છે, અને તેનાં ઘરેણા બનાવનારા પંચીગરને નામે જાણીતા છે. ઝવેરાતની પરિક્ષા લાંબા અનુભવ પછી તેના રંગરૂપ, તેજ, પ્રકાશ અને વજન ઉપરથી કરી શકાય છે.

**મોતી.** સીપની અંદરથી મળે છે, મોતી પ્રાચીનકાળથી સીલોન અને એદન તરફના સમુદ્રમાંથી મળે છે. મોતીઓ કાંદાની છાલ પ્રમાણે એક ઉપર એક પડોથી બંધાયલાં હોય છે. મોતીની પરિક્ષા, રંગ, રૂપ અને વજન ઉપરથી થાય છે. સફેદ અને આબદાર મોતી કિમતી ગણાયછે, અને ગાદરા રંગનું મોતી હલકી જાતનું ગણાય છે; તેને જરસા (ચુનાના રંગનું) કહેછે, જે મોતીમાં પિલાસદાર રંગ હોયછે તે આબદાર સફેદ કરતાં વધારે શ્રેષ્ટ ગણાય છે. આ મોતી શ્રીમંતો ઘણું પસંદ કરે છે. જે મોતીનું પેહેલું પડ ઝાંખુ લીલાસદાર હોય છે તે પણ વખણાય છે. પણ જો તે પડ લીલા રંગનું હોય છે તો તેનું તેજ ઘણું વખણાય છે; કારણ કે તેનું તેજ હમેશાં કાયમ રહે છે. જે મોતી ખાલેસ સફેદ રંગનું હોય છે તેને ફાર્સીમાં 'ખુશઆબ' અને "નજમ" કહે છે. આ મોતીનો ચમકાટ તેજદાર હોવાથી એ પણ શ્રેષ્ટ જાતી ગણાય છે. દુધના રંગના મોતીને 'સીરફામ' કહે છે; પણ જો લગાર પિળાસપર હોય છે તો તેને 'તનબી' કહે છે. જે મોતીમાં પિળો રતાસ સાથે આમેજ થએલો હોય છે તેને 'વર્દી' કહે છે. ઝાંખા ગુલાબી રંગનું મોતી ઘણું કિમતી ગણાય છે પણ તે કોઇ કદાચજ મળતું હોવાથી તેની અસાધારણ કિંમત ઉપજે છે. એક પ્રકારનું મોતી સફેદી સાથે લગાર લીલાસપર હોય છે, જેને રોશનીમાં રાખવાથી ધનૂષ્યાકાર કમાન પડે છે. એને 'રસાસી' કહે છે. આ મોતીનો રંગ જલ્દી ઉડી જાય છે. મોતીનો ઉપયોગ સૂરમો બનાવવામાં તથા કુવત આપનારી દવા બનાવવામાં કરે છે. (જુઓ મોતી.)

**હીરા**—(જુઓ હિરો.)

**જમરૂદ**—અનેક જાતનાં આવે છે. 'જમરૂદે સલકી' લીલાસદાર, જંગારીનો રંગ. જંગારના જેવો લીલો; જબાબીનો રંગ માખની પાંખમાં જેમ લીલાસ માલમ પડે છે તેવો હોય છે. હીરાની જાતના જમરૂદનો રંગ રીહાનનાં પાંદડા જેવો ગદલો, લીલો હોય છે. તે શિવાય 'અસી' અને 'કરાસી' નામના જમરૂદો ઉપલા જમરૂદો કરતાં સફાઇમાં વજનમાં, કઠણાઇમાં અને કિંમતમાં શ્રેષ્ટ હોય છે.

ઉત્તમ જાતના જમરૂદને 'જવરજદ' કહે છે; પણ કેટલાક ઝવેરીઓ જમરૂદ અને જબરજદ એ બે જૂદા જૂદા જવાહેર ગણે છે. જમરૂદ કરતાં જબરજદ ચઢતા પ્રકારનું ગણાય છે. જમરૂદનાં નંગો જેમ મ્હોટાં મળી આવતા નથી તેમ તે એક રંગના પણ ઘણાજ જૂજ મળે છે. જમરૂદનું નંગ પાસે રાખવાથી ખરાબ સ્વપના આવતાં નથી તેમ તેને ફીફરાં વગેરેનો મરજ હોય છે તો તે દફે થાય છે. તબીબોએ જમરૂદને ઔષધિ ઉપચારમાં યોજેલું છે. અને તેના ગુણ થંડા દર્શાવેલાં છે. ઝાડા વાટે પડતું લોહી વગેરે ઉપર જમરૂદનું ચૂર્ણ ખાવા આપે છે.

**ફીરોજાની** ખાણો તીબેટ, નિશાપૂર, ખોરાસાન, ગીજની, કેરમાન અને તૂસ

તરફ અનેક છે. ઉત્તમ જાતનો ફીરોજા નિશાપૂર તથા ખુરાસાનનાં પ્રાંતમાંની ખાણો-માંથી મળે છે. અબુલ સહકી નામનો ફીરોજા ચઢતા દરજ્જાનો ગણાય છે. સુલેમાન અથવા સબજક્ષં નામનો ફીરોજો શ્રેષ્ટ જાતનો હોય છે. સુનેરી છાંટવાલા ફીરોજાને 'જરગુના કહે છે. તે શિવાય પિળા, આસમાની રંગના ફીરોજા' પેહેલી જાતના ફીરોજાથી ઓછા કિમતી ગણાય છે. ફીરોજાનો રંગ તથા તેજ ગર્મી, ચીકાસ અને ગંધથી ઉડી જાય છે; પણ ચરબી તેનો ચળકાટ વધારી શકે છે. ફીરોજાનો રંગ ખુશદાયક હોવાથી તે આંખોને આનંદ પમાડે છે.

**અલમાસ** હિંદુસ્તાનમાં બુદેલખંડ તરફની એક ખાણમાંથી તથા પૂર્વ તરફનાં ટાપુઓમાં પણ એની ખાણો મળી આવી છે. અલમાસ સફેદ, નિર્મળ, સ્વચ્છ કાચ જેવું, સફેદ પણ લગાર પિળાશદાર જીતી નામનું, પારાના રંગનું શિઆબ નામનું; તથા લીલા રાતા અને કાળાસદાર રંગના અલમાસ જાણીતાં છે. અલમાસ અત્યંત સખત જાતનું જવાહેર છે. અલમાસની રજકણ ખાવામાં આવ્યાથી મનુષ્ય મરણ પામે છે.

**અકીક**—(જુઓ અકીક.)

**લાજવર્દ**—નામનો કિમતી પથ્થર બદખશાનના જીલ્લાના પડોસમાંના પર્વતોમાં મળે છે. આ પથ્થર નિતળ થોડી છાંટવાળો હોય છે, આ પથ્થર સફાઇદાર અને ખુશ રંગનું હોય છે. ઘણું કરી આ પથ્થરનાં પ્યાલાં કુજા, વીટી, આંખની દવા અને પેટના મરજની દવાઓ બનાવવામાં આવે છે.

**સંગેઈસબ** નામના કિમતી પથ્થરની ખાણ ચીન દેશમાં આવેલી છે. આ ઝવેરાત સફેદ અને કાળા રંગનું હોય છે. આ ઝવેરાતમાંથી વાસણ બને છે. એને તબીઓએ ઔષધિ ઉપચારમાં પણ યોજેલું છે.

**મુરજાન** નામનું કિમતી પથ્થર, લાલ, ઘેરો લાલ અને સેફેદ રંગના હોય છે. આ પથ્થર સમુદ્રને તળીએ મળે છે. એનું મુખ્ય ઉત્પતિ સ્થાન 'ફરંગીસ્તાન' (યાને યૂરપ) જણાવવામાં આવે છે. એ સમુદ્રમાં જ્યારે હોય છે ત્યારે નરમ અને સફેદ રંગનું હોય છે; પણ બહાર કાઢતાં તે સખત બની લાલાસ રંગનું બને છે, તબીબો એને છાતીમાંથી પડતા લોહિ માટે ઉપયોગી ગણે છે, આ કિંમતી પથ્થર ઘણું કરી ઔષધિ ઉપચારમાં દેશી વૈદોએ યોજેલું છે.

**પાવજેહેર**—ચીનના પ્રાંતોમાંથી મળી આવે છે, એ પીલા, સફેદ લીલા અને ખાકી રંગનું આવે છે. એમાંથી તલવારની મુઠ, વગેરે શોભીતી ચીજો બનાવવામાં આવેછે ખરાં પાવજેહેરને ઘશી દુધમાં નાખતાં દુધ બંધાઇ જાય છે, કેટલાકો એને સાંપનાં ડંખના ઉતાર તરીકે અકસીર જણાવે છે,

**યાકુત** એની ખાણો સિંહલદ્વિપના ટાપુમાં છે, તેમજ જંગબાર તરફ લાલ યાકુતની ખાણોવાલો એક પર્વત છે. યાકુત ૪ કિસમનાં હોય છે, લાલ અગર જર્દ, અને સફેદ, યાકુતકામાં પણ સર્વથી સરસ યાકુત લાલ ગણાય છે. (જુઓ યાકુત)

**લાલ**ની ઉત્પતિ બદખશાનના માર્ગપર વિલાયતે ખોતલાનના પર્વતોમાં છે, પ્રાચીન કાળમાં ત્યાં લાલ જણાયા નહોતાં, પણ એક પ્રસંગે ધર્તિકંપ થતાં પહાડની ફાટમાંથી લાલનાં કટકા મ્હોટા જથ્થામાં મળી આવ્યા પછી દુન્યામાં લાલની જાણ થઇ હતી. લાલ રંગે લાલ, પિળા અને જમરૂદ જેવા લીલા રંગના પણ આવે છે, કેટલાક હુન્નરમંદો લાલ બનાવટી પણ બનાવે છે, તેની પીછાન એ છે કે કુદ્રતી લાલ 'મસનુઇ' નાં લાલ કરતાં વજનમાં ભારી અને સખતાઇમાં મજબુત હોય છે, બીજી પરિક્ષા કરવાની એ રીત છે કે બનાવટી લાલને સૂર્યના કીરણ સામે મેલતાં કેટલાક લાલ અને કેટલાક સફેદ રંગના માલમ પડેછે.



**ઝાગાઝીગ**—આ ઇજીપશિયન ડેલ્ટામાંનું શેહેર રેલ્વેનું મુખ્ય મથક હોઇ કેરોની ઉત્તર પૂર્વે ૯૦ મૈલ ઉપર છે, અને પાસેથી ઇસમાલીયા અને નાઇલનાં મીઠા પાણીની નેહેર વહે છે, તીલ અલકીબરની લઢાઇ પછી બ્રિટીશોએ ઝાગાઝીગ તાબે કર્યું હતું. વસ્તી ૧૯૦૪૬ ની છે.

**ઝાડપાન વિદ્યા**—(જુઓ ઉદભિજ પદાર્થ.)

**ઝાડ શેવાલ**—એનાં ઝાડ વેહેળામાં ઉત્પન્ન થાય છે. એ ૧ હાથ જેવડાં ઉંચા વધી શકે છે. આ ઝાડને કાંદાના ભોથાં જેવાં પાંદડાં હોઇ તે પોહળાં હોય છે. આ ઝાડ ઘણાક પ્રાંતોમાં ઉગેછે. એ બારેમાસ મળેછે.

**ઝાનદમ**—આ ડચ શેહેર ઝાના નદી ઉપર અમસ્ટરડમની ઉત્તર પશ્ચિમે ૫ મૈલ ઉપર છે. અત્રે ધાન્ય, તેલ, લાકડાની અનેક મીલો છે. તેમજ કાગળ, રંગ, કાંજી, તંબાકુ અને સરસનાં કારખાનાં છે. ૧૬૯૭ માં અત્રે પીટર ધી ગ્રેટ વહાણ બાંધવાનો હૂન્નર શિખવા માટે અત્રેનાં કારખાનામાં છુપા વેશે ચાકરીએ રહ્યો હતો. જે ઝુંપડામાં પીટર ધી ગ્રેટ જેવો મહાન નર રહેતો હતો તે ઝુંપડાની મુલાકાત તેના વંશજ ઝાર અલેકઝાન્ડરે ૧૮૧૪ માં લીધી હતી. લોક વસ્તી ૧૪૫૪૫ ની છે.

**ઝાનીદેહ**—બંગાલમાં જેસોર જીલ્લાનું પ્રગણું. ક્ષેત્રફળ ૪૭૫ ચોરસ મૈલ છે; પ્રગણામાં ૮૨૪ શેહેર તથા ગામો છે. વસ્તી ૧૮૭૨ માં ૨૮૬૪૬૧ ની ને ૧૮૮૧ માં ૩૨૬૮૩૫ ની હતી. તેમાં ૧૧૫૮૯૭ હિંદુ, ૨૧૦૮૯૫ મોહમેદન, ૪૩ ખ્રિસ્તીઓ છે. પુરૂષ સંખ્યા ૧૬૦૭૫૪, અને સ્ત્રીઓની સંખ્યા ૧૬ ૬૦૮૧ ની છે. દર ચોરસ મૈલ વસ્તી ૬૮૮ ની છે. પ્રગણામાં એક મેહેસુલી અને મામલતદારની કચેરી, ૧ દીવાની ને ૧ ફોજદારી કોર્ટ છે. એના મુખ્ય શેહેર ઝાનીદેહમાં વસ્તી ૨૦૦૦ ની છે.

**ઝાફર**—કેટલીક ધાતુઓની ખાણમાંથી મળતા કચરાને બાળીવા પછી તેમાંથી ગંધક અને જસદ નિકળી જવા પછી એક પદાર્થ બાકી રહે છે, તેને આ નામ આપેલું છે. આ પદાર્થને રેતી સાથે તાપમાં નાખતાં એક જાતની તેની બલુ ભૂકી થાય છે. જે કાચ અને કોરી કામને રંગ આપવાના કામમાં આવે છે.

**ઝાફરવાલા**—પંજાબમાં શિયાલકોટ જીલ્લાનું ઉત્તર પૂર્વનું તેહસીલ. ક્ષેત્રફળ ૩૦૨ ચોરસ મૈલ છે. તેમાં ૪૮૨ ગામડાં, ૧૯૪૨૮ મકાનો અને ૩૨૪૫૪ કુટુંબો છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૧૬૩૧૯૦ ની, તેમાં ૮૫૯૧૫ પુરૂષો અને ૭૭૨૭૫ સ્ત્રીઓ છે. તેમાં મુખ્ય વસ્તી મોહમેદનોની છે.

ખેતીવાડી ખાતે ૧૮૭૭ થી ૮૨ સુધી ૧,૪૪૬૪૮ એકર અથવા ૨૨૬ ચોરસ મૈલ રોકાયલી છે. તેમાં ધાન્ય, ચોખા, જુવાર, શેરડી, રૂ, વગેરેનો મ્હોટો પાક થાય છે. વાર્ષીક મેહેસૂલ ૧૯૧૩૭ પોંડનું ઉપજે છે.

**ઝાબ**—આં તુર્કીશ કુર્દીસ્તાનમાંની નદી. લીગવીનની ખીણમાં એનો મુખ્ય પ્રવાહ વધે છે, અને એ અસેરીયાના મેદાનમાં વધે છે. ઉપલા ઝાબના મુખ પાસે ઍથુર નામે ખંડીયર શેહેર આવેલું છે, જે હાલમાં નીમરૂદને નામે જાણીતું છે. આરબ ભૂગોળ વેત્તા તેને અશહૂર તરીકે જણાવે છે.

**ઝાબુઆ**—એક દેશીરાજ્ય. ઉત્તરે ખુશાલગઢ, રાતામ અને સેલાનાનું રાજ્ય, પૂર્વે ધાર અને અમ્જહિરા, દક્ષિણે અલીરાજપૂર, જોબત અને પશ્ચિમે પંચમહાલનું ઝાલોદ પ્રગણું. ક્ષેત્રફળ ૧૩૩૬ ચોરસ મૈલ છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૫૫૦૦૦ની ને ૧૮૮૧ માં ૯૨૯૩૮ની, તેમાં ૪૭૯૪૩ પુરૂષો અને ૪૪૯૯૫ સ્ત્રીઓ હતી. તેમાં ૭૮૫ ગામો છે. વસ્તીમાં ૪૦૦૯૪ હિંદુ (સેંકડે ૪૩ ટકા), મોહમેદન ૨૨૭૫, જૈન ૨૦૨૭, શિખ ૧૦ અને ભીલ જાતની ૪૮૫૩૧ ની છે. દેશમાં ચણા અને ઘઉં, અડદ, બાદલી, રૂ, ખસખસ અને શેરડીનો પાક થાયછે, બગીચામાં આદુ વગેરે ઉદભિજ પાકેછે.

ત્રણ સદી ઉપર ઝાબુનાયક નામે એક ભીલ લુટારાએ અત્રે વસાહત કરી એક નાહનો કિલ્લો બાંધ્યો, પછી આ તરફના સર્વ ભાગનું નામ તેના નામ ઉપરથી પડ્યું છે. હાલનો ઠાકોર રાઠોર રજપૂત જોધપૂરનાં રાઠોર રજપૂત ટોળાનાં છે, તેમના એક આગલા વડવા કિશનદાસે મોગલ પાદશાહની સારી સેવા બજાવવાથી અને અત્રેના આગલા ભીલ સરદારે ગુજરાતના હાકેમનું ખૂન કર્યાથી કિશનદાસને આ રાજ્ય બક્ષેસમાં આપ્યું હતું. તે પછી મરાઠા હોલકરે રાજ્ય પર સત્તા સ્થાપી, ત્યાં સુધી અત્રેના રાજા સ્વતંત્ર હતા, અત્રેના રાજાની ઉપજ ૧૪૭૧૦ પૌંડની છે, તેમને ૧૧ તોપનું માન મળે છે. રાજા પાસે ૫૦ ઘોડેસ્વાર અને ૫૦૦ પાયદળ લશકર છે.

**ઝાબુઆ.**—ઉપલા રાજ્યનું મુખ્ય શેહેર મઉની પશ્ચિમે ૮૨ મૈલ પર અને ઝાલોદની દક્ષિણ પશ્ચિમે ૩૬ મૈલ ઉપર છે. શેહેર આસપાસ મટોડીની દેવાલ, ઉત્તર તરફ મહારાજાના મેહેલો છે.

**ઝામરો**—બ્લિસ્તરનાં જેવડો જે મોટો ફોલ્લો થાયછે, તેને ઝામરો કહેછે, એને ઈંગ્રેજીમાં 'પેમફીગસ' કહેછે, એ શરીરનાં ઘણા ભાગ પર થાયછે. જ્યાં એ થાયછે ત્યાં આસપાસની ચામડી રહુજેલી તથા કેટલીક વાર તેનાં સંબંધનો ભાગ સડી જાય છે. ફોલ્લો નાહનો અથવા મ્હોટો અને એક અથવા વધુ થાય છે. તેની અંદરનો રસ પ્રથમ પાણી જેવો હોય છે, પણ પાછળથી પરૂ મિશ્રિત થાય છે. ને તે ફુટતાં ઘારૂં પડે છે. ઝામરો થતાં જવર આવે છે. એ એક બે અઠવાડીઆમાં મટે છે. એ નબળી તબીયતપર હુમલો કરે છે. એમ થતાં એને સોય અથવા શસ્ત્રથી ફોડવામાં આવે છે. ઝામરો ફુટતાં તે પર 'મૃતમાસ' હોય તો તે છુટું પાડવા માટે પોટીસ કરી રૂઝ લાવવા આયોડોફાર્મ, કાર્બોલિક તેલ, બોરાસિક મલમ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.

**ઝામા**—આ શેહેર તથા કિલ્લો નૂમિદીયામાં કાર્થેજની દક્ષિણ પશ્ચિમે ૧૦૦ મૈલ ઉપર છે. ઇ. સ. પૂર્વે ૨૦૧ માં હૅનીબાલ અત્રે હાર પામ્યો હતો.

**ઝામી**—ટૅનાસરીયમમાં અમહર્સ્ટ જીલ્લામાંની આ નદી ત્રણ પેગોડા પાસે યૉમાસ પર્વતમાંથી ૮૦ મૈલ સુધી ઉતરે ઉત્તર પશ્ચિમમાંથી વેહેતી 'વાઇનરા' નદીને મળે છે. તે પછી આ નદી અતારાનને નામે મોલમીનમાં 'સાલવી' તરફ પડે છે.

**ઝારા**—ડેલમેટિયાની રાજ્યધાનીનું શેહેર, ટ્રીસ્ટીની દક્ષિણ પૂર્વે ૧૩૦ મૈલ ઉપર છે. અત્રે આગલા રોમન રાજ્યની અનેક એંધાણીઓ છે. અત્રે કાચ કામનાં કારખાનાં છે. લોક વસ્તી ૧૧૮૬૧ ની છે. મુખ્ય પ્રજા ઇટાલ્યન છે.

**ઝારા ગોઝા**—( જુઓ સારાગોસા. )

**ઝારીયા**—બંગાલમાં માનભૂમ જીલ્લામાંનું કોલસાની ખાણોવાલું મેદાન. પારસનાથની ટેકરીની દક્ષિણ અને દક્ષિણ પૂર્વે છે. આ મેદાન કલકત્તાથી ૧૭૦ મૈલ ઉપર છે.

**ઝારૂમા**—ઇક્વેટોરમાંનું શેહેર. એન્ડસ પર્વતના પશ્ચિમ ઢોળાવ ઉપર છે. અત્રે સુન્નાની તથા પારાની અનેક ખાણ છે. લોક વસ્તી ૬૦૦૦ ની છે.

**ઝાલાવાડ**—આ દેશી રાજ્યનું ક્ષેત્રફળ ૩૦૪૩ ચૌરસ મૈલ છે. તેમાં ૧૪૫૫ ગામડાં ને બે શેહેરો છે. વસ્તી ૧૮૭૫માં ૨,૨૬,૦૦૦ની, ૧૮૮૧માં ૩૪૦૪૮૮, ૧૮૯૧માં ૩૪૩૬૦૧ ની છે. તેમાં રહેવાના ૬૩૦૦૧ મકાનો છે. વસ્તીમાં ૩૧૯૬૧૨ હિંદુ (સેંકડે ૯૩ ટકા), મોહમેદન ૨૦૮૬૩ છે.

આ રાજ્યની ઉતરે તથા પશ્ચિમે કોટાનું રાજ્ય, દક્ષિણે ગવાલીયરનાં રાજ્યનો કેટલોક ભાગ, પૂર્વે ગવાલિયરનાં રાજ્યનો મુલક. દેશમાં કાળીસિંધ અને પાર્વતી નામે નદીઓ વહે છે. તેથી જમીન ફળદ્રુપ બનેલી છે. તેમાં ઘઉં, બાજરી, ચણા, ચોખા, કપાસ, જુવાર, મકાઇ, તંબાકુ, અફીણ, કસુંબી



તથા તમામ જાતનાં કઠોળનો પાક થાય છે. મુખ્ય વસ્તી રજપૂત, ભીલ, વાણીયા, મુસલમાન અને પરકોમની છે. તેમની ભાષા માળવી છે. રાજ્યને તાબે ૪૨૫ સ્વાર, ૪૪૦૦ પ્યાદળ અને ૯૫ તોપો તથા ૧૫૦ ગોલંદાજો છે. રાજ્ય કર્તા ઝાલા રજપૂત છે, અને તેઓ મહારાજ રાણાના એલકાબથી ઓળખાય છે. મુખ્ય રાજધાની શેહેર ઝાલરા પાટણ કિલ્લાબંદીવાલું કાળીસિંધને કાંઠે છે.

રાજ્યનું એકંદર મેહેસુલ ૧૫૨૫૨૩ પૌંડનું ઉપજે છે, તેમાંના ૧૧૮૩૯૭ પૌંડ જમીનની મેહેસુલનાં ઉપજે છે. આ મેહેસુલમાંથી ૧૩૨૪૮૦ પૌંડ ખજાના ખાતે અને ૨૦૦૪૩ પૌંડ જાગીરદારો તથા ધર્મ સ્થાનકોના ઉપજ ખાતે નોંધાય છે. રાજ્યમાં ૨૨ નિશાળો છે, તેમાં ૧૧૩૯ વિદ્યાર્થીઓ ભણે છે, ઝાલાવાડની આબો હવા તંદરોસ્ત છે, પણ ગર્મીમાં ગર્મી સખત પડે છે, વર્સાદ ૩૦ થી ૪૦ ઇંચ પડે છે.

**ઝાલેરાપાટન**—ઝાલારનાં દેશી રાજ્યનું મુખ્ય શેહેર. આ ગામ પહાડની તળેટીમાં છે, શેહેરની પાસે ચંદ્રભાગા નદી વહે છે. શેહેર પાસેના ૧૫૦ ફીટ ઉંચી ટેકડી પર કિલ્લો બાંધેલો છે. હાલનાં શેહેરની દક્ષિણમાં પુરાણું ઝાલાર શેહેર છે; ઇ. સ. ૧૭૯૬ માં જાલમસિંહે આ શેહેર વસાવી શેહેરની ૪ મૈલ ઉત્તરે 'ચોઆની' નામે છાવણીવાલું શેહેર વસાવ્યું હતું. જાલમસિંગે એક પથ્થર શેહેરની મધ્યમાં મેળાવી તેની પર એક એવો લેખ કોતરાવ્યો હતો કે જેબી કોઈ અત્રે રાજ્ય કર્તા થાય તેણે કસ્ટમ ને કર માફ કરવા અને ગમે તેવા ગુન્હા માટે રૂ. ૧–૪ દંડ કરવો. આ કાયદો રાજ આજ્ઞાથી ૧૮૫૦ પછી રદ કરવામાં આવ્યો છે. રાજ મેહેલો તથા કચેરી છાવણીમાં છે, અત્રે રાજ્યની ટંકશાળ પણ છે. વસ્તી ૧૧૪૬૯ ની છે, તેમાં ૬૦૪૨ પુરૂષો અને ૫૪૨૭ સ્ત્રીઓ છે, તેમાં ૯૩૭૮ હિંદુ, ૨૦૯૧ મોહમેદન છે, ચોહાનીમાં વસ્તી ૨૦૩૦૩ની છે, તેમાં ૧૪૨૧૨ હિંદુ અને ૬૦૮૦ મોહમેદન છે.

**ઝાલોદ**—પંચમહાલ જીલ્લામાંનો તાલુકો. એની ઉત્તરે ચીચકારીનું રાજ્ય, પૂર્વે ખુશહાલ ગઢનું રાજ્ય, દક્ષિણે દાહોદ તાલુકો, પશ્ચિમે બારીયા. એની પૂર્વે તરફ અનાર નદી વહે છે. ક્ષેત્રફળ ૨૬૭ ચૌરસ મૈલ છે. વસ્તી ૩૬૭૮૫ ની હતી.

**ઝાલોદ**—ઉપલાનું મુખ્ય શેહેર. વસ્તી ૫૫૭૯ ની તેમાં ૨૬૫૯ હિંદુ, ૧૦૬૧ મોહમેદન, ૬૯ જૈન અને ૧૭૯૦ પરજાત હતી. શેહેર ૯૪ એકર જમીનપર વસાયલું છે. મુખ્ય વસ્તી ભીલ અને કોળીઓની છે. શેહેરમાં ધાન્ય, કુંભારકામ અને કાપડ તથા હાથી દાંત બાંગડીનો ચાલે છે.

**ઝાંસી**—ઉત્તર પશ્ચિમ પ્રાંતના કમીશનરના તાબાનો ભાગ, એમાં ઝાન્સી, જાલુન અને લલીતપૂર જીલ્લા સમાયલાં છે. આ ભાગમાં બુંદેલખંડનો પણ મ્હોટો ભાગ સમાય છે. ક્ષેત્રફળ ૪૯૮૩૬ ચૌરસ મૈલ છે. વસ્તી ૧૮૭૨ માં ૯૩૪૯૩૪ ની ને ૧૮૮૧ માં ૧૦૦૦૪૫૭ ની હતી. તેમાં ૧૨ શેહેરો તથા ૨૧૪૦ ગામડાં છે, તેમાં ૧૫૫૩૧૯ રહેવાનાં મકાનો છે. વસ્તીમાં ૫૧૮૮૨૮ (૫૧.૮ ટકા) પુરૂષો અને ૪૮૧૬૨૯ (૪૮.૨ ટકા) સ્ત્રીઓ છે. વસ્તી દર ચૌરસ મૈલ ૨૦૦.૭ ની છે. વસ્તીમાં ૯૪૨૩૯૭ હિંદુ, (સેંકડે ૯૪.૨ ટકા), મોહમેદન ૪૪૭૯૨, જૈન ૧૨૪૪૭, શિખ ૧૦૦, ખ્રિસ્તી ૭૧૪ અને ૭ પારસી છે.

આ દેશમાં વસ્તા ૬૪૦૨૭૯ ખેતીવાડી પર નિર્વાહ કરનાર પ્રજામાં, ૩૨૦૧૧ જમીનદાર, ૯૫૧ જમીનના એજન્ટ, ૨૯૯૦૬ ખેડુત અને ૭૮૩૧૧ મજુરો છે.

ખેતીવાડી માટે રોકાયલી જગ્યા ૨૧૪૮.૮ ચૌરસ મૈલ છે. તેમાંની ૧૯૯૭.૨ ચૌરસ મૈલ ગવર્નરમેંટ મેહેસુલ ભરનારી છે. એમાં ૩ મુખ્ય શેહેરો છે. મઉમાં લોક વસ્તી ૧૫૯૮૧૦ ની, કાલ્પીમાં ૧૪૩૦૬ ની અને

લલીતપૂરમાં ૧૦૬૮૪ ની. એમાં દીવાની અને મેહેસુલી કોર્ટ ૩૧ છે, ફોજદારી ૩૨ અને ૭૮ પોલીસ થાણાં છે.

**ઝાંસી**—વાયવ્ય પ્રાંતમાંનો એક જીલ્લો. એની ઉત્તરે ગવાલીયર અને સમથારનું રાજ્ય, પૂર્વે દેહસાન નદી, જે હમીરપૂરથી અને જૂદો પાડે છે, દક્ષિણે લલીતપૂર અને ઉર્ચાનું રાજ્ય; અને પશ્ચિમે દાતીયા, ગવાલેર તથા ખાનીયા ધાનાનું રાજ્ય, આ જીલ્લો આસપાસનાં રાજ્યોથી ઘણો જાણીતો છે. ક્ષેત્રફળ ૧૫૬૭ નું છે. એનું મુખ્ય રાજ્યધાની શેહેર ઝાંસીનો-આબાદ ઝાંસી શેહેર પાસે છે, પણ મુખ્ય વસ્તીવાલું શેહેર મઉ છે.

લોક વસ્તી ૧૮૬૫ માં ૩૫૭૪૪૨ ની, ૧૮૭૨ માં ૩૧૭૮૨૬ ની અને ૧૮૮૧ માં ૩૩૩૨૨૭ ની હતી. એમાં ૬૨૫ શેહેર તથા ગામડાં છે. તેમાં ૫૪૪૭૪ મકાનો છે. દર ચોરસ મૈલ '૨૧૨'ની વસ્તી છે. વસ્તી ૧૭૨૮૮૪ પુરૂષો અને ૧૬૦૩૪૨ સ્ત્રીઓની છે. પંથવાલાઃ—૩૧૬૪૨૯ હિંદુ (સેંકડે ૯૪°૯૬ ટકા), મોહમેદન ૧૩૭૫૮ (સેંકડે ૪°૧ ટકા).

ઝાંસી જીલ્લો બુંદેલખંડનો પહાડી મુલક ધરાવે છે. દક્ષિણ તરફ વિંધ્યાની તળેટીથી ઢોળાવદાર અને ઉત્તરે જમનાના ભાગ તરફ સપાટ છે. દક્ષિણ તરફ નાહાની ટેકરીઓની હારો લંબાએલી છે, અને તે ઉત્તર પૂર્વ તથા દક્ષિણ પૂર્વ તરફ વધે છે. જીલ્લામાં મુખ્ય પહાડી ટોંચ ઉપર 'કેરાર'નો કિલ્લો છે. એ 'ગોરાથા' પ્રગણામાંથી નિકળી બાટવા નદી સુધી લંબાય છે. ઝાંસીની ઉત્તરે ૧૨ મૈલ ઉપર બરવાસાગર છે, અને બરવા સાગરની પૂર્વે ૮ મૈલ ઉપર અરજાર સરોવર છે.

ઝાંસીનો ઉત્તર ભાગ સપાટ છે.; અને ત્યાં કપાસની ઉત્તમ ખેતી થાય છે. એમાં પાહુજ, બટવા, દેહસાન નદી વહે છે. અત્રે ૨૩૦૦૦ એકર જમીન સરકારી જંગલ ખાતાને તાબે છે, જંગલોમાં ઈમારતી લાકડાં ઉત્તમ પ્રકારનાં મળે છે.

**ઈતિહાસ.** ઝાંસીમાં પ્રથમ આવી વસનારા પરિહાર રજપૂતો હતા, કે જેમના વંશજોને હાથ હજી આ જીલ્લામાં ૨૪ ગાંમડાં છે. પણ ૧૧ મી સદી આગમજની અત્રેની તવારીખ કશી જણાઈ નથી. પ્રથમ મોહબા વંશના રાજ્ય પછી ચંદાનું રાજ્ય સ્થાપન થયું કે જેઓએ કેરારનો પુરાણો કિલ્લો ઉંચા પહાડ ઉપર બંધાવ્યો હતો. ૧૪ મી સદી પછી બુંદેલા રજપૂતોએ અત્રે સત્તા સ્થાપી મહુને પાયતખત બનાવ્યું હતું, અને તે પછી કેરાર કિલ્લો જીતી ઝાંસીનો સર્વ મુલક પોતાની સત્તા તળે લઈ તેના દક્ષિણ ભાગને બુંદેલખંડ નામ આપ્યું. બડા બુંદેલા રૂદ્રા પ્રતાપના હાલમાં વંશજો આ ખંડમાં છે, તેમના વંશજોમાંના એકે ઉર્ચારનું રાજ્ય સ્થાપ્યું (જુઓ ઉરચા.) ૧૭ મી સદીમાં ઉર્ચામાં બીરસીંગદેવ રાજ્ય કર્તા હતો, તેણે ઝાંસીનો કિલ્લો બાંધ્યો, પણ બીરસીંગે જહાંગીરની ઉશકેરણીથી અબુલફૂજલનું ખુન કર્યું. આથી અકબર ક્રોધે ભરાયો (જુઓ અબુલફજલ) ને ૧૬૦૨ માં લશકર મોકલી ઝાંસી ઉજડ કર્યું, પણ બીરસીંગ નાહાસી ગયો. ૧૬૦૫ માં જહાંગીર ગાદી નશીન થયા પછી બીરસીંગે તેની મર્જી સંપાદન કરી પોતાનો હક્ક મેળવ્યો, પણ શહાજહાન ગાદીએ બેસતાં એણે બંડ કર્યું; પણ તે પછી સમાધાની કરી છતાં આગલી સ્વતંત્રતા રહી નહિ. આ મુદત દરમ્યાન ઉર્ચા અનેક વેળા મોગલોને હાથ ગયું, તેમ કેટલીક વેળા બુંદેલા સરદારોને હાથ આવ્યું, તેમાં ચંપતરાય તથા છતરસાલ મુખ્ય હતા. પણ ૧૭૦૭ માં બહાદુરશાહે ઝાંસી બક્ષેસ કર્યું. ૧૭૩૨ માં મોગલોની ચઢાઈ લીધે છતરસાલે મરાઠાઓની સાહ્યતા મેળવી, જેઓએ મધ્ય પ્રાંતપર બાજીરાવની સરદારી તળે ચઢાઈ કરી. મરાઠાઓએ આ વેળા પોતાનો હક્ક



મેળવવામાં ઘણી ચતૂરાઈ વાપરી, રાજ્યનો $\frac{1}{3}$ ભાગ મેળવ્યો કે જે ભાગ ૧૮૩૪ માં ઝાંસીવાલો હતો. ૧૭૪૨ માં તેઓએ ઉર્ચા પણ ખાલસા કરવાનું ધાર્યું પણ કશું વળ્યું નહિ.

પેશવાને તાબે ઝાંસી જીલ્લો ૩૦ વર્ષ વેર હતો. પણ પાછળથી ત્યાંના રાજ્યકર્તા સરદારોએ સ્વતંત્રતા મેળવી, જ્યારે બ્રિટીશોએ બુંદેલખંડમાં પ્રથમ હાથ નાખ્યો, ત્યારે ઝાંસીપર 'સીયોરાવ ભાઉ' સુબેદાર હતો. ૧૮૦૪ માં ૮ મી ફેબ્રુવારીએ તેણે બ્રિટીશ વડપણ કબૂલી સનદ મેળવી; અને તેના કોલકરાર ૧૮૦૬ માં થયા. સીરોરાવભાઉ ૧૮૧૪ માં મરણ પામ્યો. જે પછી તેનો બેટો રામચંદરાવ ગાદીએ બેઠો. ૧૮૧૭ માં બ્રિટીશ સત્તા સર્વ પેશવાઈ રાજ્યપર સ્થાપન થઈ, અને ૧૮૩૨ માં રામચંદ્રરાવને રાજાનો ખેતાબ બ્રિટીશોએ આપ્યો. પણ એનો અમલ નબળો નિવડયો; મેહેસુલ બરાબર વસુલ થતી નહોતી તથા રાજ્યમાં જ્યાં ત્યાં લુટફાટ ચાલતી હતી. રામચંદ્ર ૧૮૩૫ માં મરણ પામ્યો, તે પછી તેનો કાકો રઘુનાથરાવ ગાદીએ બેઠો. પણ આ રાજા કુછંદી અને બેદરકાર હોવાથી કરજ વધ્યું. તેમાં ગવાલેર તથા ઉર્ચાના રાજાનું દેવું ભારે હતું. એનું મરણ ૧૮૩૬ માં કર્જેદાર હાલતમાંજ નિપજ્યું.

આ વેળા ફરી રાજ્યપર ૪ દાવાદારો ઉઠયા. આથી તેમની તપાસ માટે કમીશન નેમાયું, તેમાં ગંગાધરરાવનો હક્ક કબુલ રાખી તેને ગાદીએ બેસાડયો, પણ તેનામાં બાહોશી નહિ હોવાથી બ્રિટીશ સરકારે કારોબાર પોતાના હાથ રાખી મેહેસૂલ આગળ કરતાં બમણું વધારી, ૧૮૪૨ માં સર્વ સત્તા રાજાને સોંપી, પણ ગંગાધરરાવ તે પછી ૧૮૫૩ માં નિપુત્ર મરણ પામ્યો. આ વેળા ઝાંસીનું રાજ્ય અને જાલન તથા ચંદેરી જીલ્લો બ્રિટીશ સત્તા તળે જોડી રાણીને રૂ. ૫૦૦૦૦ નું પેનશન આપવું કર્યું. અને રાણીને બીજો દત્તક પુત્ર લેવાનો હક્ક આપ્યો નહિ; આથી ૧૮૫૭ના બળવાના સમયે બ્રિટીશ સરકારને તેનાં માઠાં પરિણામ ભોગવવાં પડયાં (જુઓ લક્ષ્મી બાઈ—ઝાંસીની રાણી). ૧૮૫૭ માં ઝાંસી તરફ બળવાનો પ્રથમ ભડકો થયો. મે માસમાં અત્રેની પ્રજા તથા લશકર બેદીલ બની, અને જુનમાં ૧૨ મી દેશી પલટણે કિલ્લો જીતી ખજાનો લુટયો તથા તે વેળા અનેક યૂરપ્યન અમલદારોને મારી નાખ્યાં; પણ બચેલાં ૯૯ યૂરપ્યન સિપાહોને કિલ્લામાં કેદ રાખી, કસમ લઇ વગર હરકતે છોડી દેવાનું જણાવી તેમનાં હથિયારો મુકાવી સર્વેની કતલ કીધી. આ વેળા લક્ષ્મીબાઈએ બળવાખોરોની સરદારી લીધી હતી; પણ બીજી તરફ ઉર્ચાના સરદારોએ ઝાંસીના મુલકપર ચઢી લુટો ચલાવી દેશને પાયમાલ કીધો. ૧૮૫૮ માં ૫ મી એપ્રેલે કિલ્લો અને દેશ સર હ્યુજ રોઝે જીતી લીધો અને કાલ્પી તરફ ચઢાઈ લઈ ગયો. આ વેળા માત્ર ઉત્તર તરફનાં સરદારો બ્રિટીશોને વફાદાર રહ્યા હતા. આ લઢાઈમાં રાણી લક્ષમીબાઈ કતલ થઈ હતી. આ વખત પછી ઝાંસી બ્રિટીશ જીલ્લા તરીકે સદાનું જોડાઇ કાયમ રહ્યું છે.

જીલ્લાનો ૧૦૦૨૭૩૪ એકર જમીનમાંનો ૪૨૮૩૪૮ એકર ભાગ ખેતીવાડી ખાતે ૧૮૬૬ માં રોકાયલો હતો. અને ૧૮૮૧ માં ૪૫૦૫૬૦ એકર હતો. મુખ્ય પાક કપાસ, બાજરી, તલ, કઠોળ, તેલીબીયાં, ઘઉં, ચણા વગેરેનો થાય છે.

દેશમાં ખેતીવાડી વર્સાદની અછતને લીધે સારી ખીલતી નથી. ત્યાં સરાસરી વર્સાદ ૩૫ ઇંચ ૨૪ દોકડા પડે છે. આ જીલ્લામાં અનેક વેળા દુકાળ પડયો છે, તેમાં ૧૭૮૩, ૧૮૩૩, ૧૮૩૭, ૧૮૪૭ માં સખત દુકાળ પડયા હતા. તે પછી ૧૮૬૮–૬૯ માં પણ ભારે દુકાળ પડયો હતો. ૧૮૯૭–૧૮૯૯ માંનો છેલ્લો દુકાળ તેવોજ ભારે હતો.

આ જીલ્લાની વાર્ષિક મેહેસુલ ૭૭૧૪૬ પૌંડની ઉપજે છે. ઝાંસીની આબો હવા સુક્કી પણ સખત છે. ગરમી ૮૦ ડીગ્રી પડે છે અને સખત તાપ ૧૧૬°૩° ડીગ્રી મે તથા જુનમાં પડે છે. અને થંડી ૪૨°૩° ડીગ્રી પડે છે.

**ઝાંસી**—ઝાંસી જીલ્લાનું પશ્ચિમ તેહેસીલ. ક્ષેત્રફળ ૩૭૯ ચૌરસ મૈલ છે, તેમાંથી ૧૮૬ ચૌરસ મૈલ ખેતીવાડી ખાતે છે. વસ્તી ૧૮૭૨ માં ૭૨૮૬૧ ની અને ૧૮૮૧ માં ૮૦૯૭૧ ની હતી; તેમાં ૪૩૨૨૩ પુરૂષો અને ૩૭૭૪૮ સ્ત્રીઓ હતી. મુખ્ય વસ્તી હિંદુઓની છે. તહેસીલમાં ૧ દીવાની, ૧ ફોજદારી કચેરી અને ૧૧ પોલીસ થાણાં છે.

**ઝાંસીનો આબાદ**—ઝાંસી જીલ્લામાંનું મુખ્ય ગામ. જીલ્લાના તદ્દન પશ્ચિમ ભાગમાં ઝાંસી શેહેરની દેવાલથી ઘેરાયલું છે. હાલમાં તે ગવાલેરના સરકારને તાબે છે, અને કિલ્લો પણ સિંધ્યાને તાબે છે. લોક વસ્તી ૨૪૭૩ ની છે. આ ગામમાં ૧૦૮° ડીગ્રી ગરમી પડે છે, વર્સાદમાં બટવા નદીમાં રેલ આવતાં આવજાવનો વેહેવાર બંધ પડે છે. આ ગામ છાવણીનું મુખ્ય મથક હોવાથી અત્રે સરકારી અમલદારોનાં જૂદાં જૂદાં ખાતાંઓ છે.

**ઝીંઝરૂટ**—એના ઝાડ ત્રણથી ૪ હાથ ઉંચા વધે છે. એના પાંદડા નાહનાં હોઇ તે કાંઇક એરંડના પાંદડાં જેવાં હોય છે. એ ઉપર ગુલાબી રંગનાં ઝીણાં ફળો આવે છે. તેમાં ચાર પાંખડીઓ હોય છે. આ ફળ જૂદાં થઇ સુકાવા માંડતાં તે પાખડીઓ જૂદી જૂદી બને છે. કુતરાના ઝેર ઉપર ઝીંઝરૂટીનાં બી, કડવું કોળું, જુનો ગોળ, અને હોકાનું પાણી એ સઘળું ખાંડી પાય છે.

**ઝીંઝુંવાડ**—કાઠીઆવાડમાં ઝાલાવાર પ્રગણાનું દેશી રાજ્ય. ક્ષેત્રફળ ૧૬૫ ચૌરસ મૈલ છે. વસ્તી ૧૫૭૬૬ ની. એમાં ૧૭ ગામડાં અને તેમાં ૯ ખંડણી ભરનારા સ્વતંત્ર છે. ઉપજ ૮૦૦૦ પૌંડની છે. ખંડણી ૧૧૦૭ પૌંડ ૭ શિલીંગ બ્રિટીશ સરકારને ભરે છે, મુખ્ય વસ્તી કોળીઓની છે.

અમદાવાદના સુલતાનોના આરંભમાંજ ઝીંઝુંવાડ સુલતાનોના તાબામાં આવ્યો. પછી જ્યારે અકબરે ગુજરાત જીતી લીધું ત્યારે અત્રે મોગલ થાણું સ્થાપ્યું. અઢારમી સદીમાં મોગલ રાજ્ય પડી ભાગ્યું ત્યારે કોળીઓએ આ તાલુકો જીતી લીધો ને તેમની પાસેથી હાલના તાલુકદારોનાં પૂર્વજ કુંભોજીએ ઝુંટી લીધું. આ તાલુકદારો કોળી ઠાકરા છે. તેમના જણાવવા મુજબ તેઓ ધ્રાંગધ્રાના પેહેલા કુળના ઝાલાઓ છે, પણ ઘણા વર્ષો ઉપર તેમના પૂર્વજમાંથી કોઇ કોળી કન્યા સાથે પરણ્યાથી તેને ન્યાત બહાર કાઢ્યો હતો. આ તાલુકદારોની બે શાખા છે.—રાસાણી અને મેલાણી. મૂળ પુરૂષ કુંભોજીના પૌત્ર રાયસિંગજી તથા મેલોજી ઉપરથી એ શાખાઓનાં નામ પડયાં છે. ઝીંઝુંવાડના કુળમાં એ શાખાઓના ઘણા વંશજો છે. ધ્રાંગધ્રાના રાજા સાહેબ અમરસિંગજીએ ૧૮૧૪ માં તે જીતી લીધું ને તેનો બે વર્ષ વહિવટ ચલાવ્યો. ઇ. સ. ૧૮૧૬ માં ગાયકવાડને ખંડણી આપી નહિ શકવાથી સરકાર તરફથી એનો વહિવટ એક વહિવટદાર તરફથી ૧૮૧૫ વેર ચલાવ્યો. ૧૮૨૦–૨૧ માં ઇજારે આપવામાં આવ્યો. ૧૮૨૧ થી અમદાવાદના કલેકટરે તે પર જપ્તિ મુકી. ૧૮૩૯ માં કાઠીઆવાડ એજન્સીની હુકુમતમાં સોંપ્યો ત્યારથી તે આજ સુધી રહ્યું છે.

આગળ આ તાલુકામાં ઝીંઝુવાડા, ફત્તેહેપૂર ને ઓડું એ ૩ ગામોમાં મીઠાનાં અગર હતાં, પણ હાલમાં તે બંધ કરી તાલુકદારોને તેના બદલામાં બ્રિટીશ સરકાર ચોકસ રકમ આપે છે. ઝીંઝુંવાડમાં સૂરોખાર થાય છે.

**ઝીંઝુંવાડ**—ઉપલાનું મુખ્ય ગામ. વસ્તી ૧૮૭૨ માં ૩૦૫૮ ની ને ૧૮૮૧ માં ૩૭૭૦ ની હતી. આ અતિ પુરાણું ગામ હોઇ તેમાં એક કિલ્લો તથા તલાવ આગલા



વખતનો બાંધેલો છે. કિલ્લાના દરવાજા આગલા વખતના હિંદી હુન્નરમંદીના ઉત્તમ નમુના છે. સિદ્ધરાજ જેસિંગનાં પ્રધાન ઉદલે અત્રેનો કિલ્લો તથા તલાવ બંધાવ્યાં હતા, અને સિદ્ધરાજનો જન્મ પણ અત્રેજ થયો હતો. અમદાવાદના સુલતાનના વખતમાં અત્રેનો કિલ્લો તેમનું મુખ્ય મથક ગણાતું હતું; પણ અકબરના સમયમાં મોગલોનું અત્રે થાણું હતું.

બીજી કથા મુજબ અત્રેનો કિલ્લો તથા તલાવ સિદ્ધરાજે બંધાવ્યો હતો અને ઉદલ તેનો મંત્રી હતો. કરણની રાણી મીલનદેવી ગર્ભવંતી હતી ત્યારે ઝુંઝો રબારી જેણે ઝીંઝુંવાડ વસાવ્યું તેણે રાણીને ઝીલાનંદના બાવાની સાહ્યતા માંગવા કહ્યાથી તેના પ્રતાપે સિદ્ધરાજનો જન્મ થયો હતો. આથી જ્યારે સિદ્ધરાજ પાટણની ગાદીનો માલેક થયો ત્યારે ઝુંઝા રબારી ઉપર તેની ઘણી મેહેરબાની હતી. ઝીંઝુવાડ એ નામ પડવાનો સંભવીત ખુલાસો એ લાગે છે કે આ ગામ રણને મોખરે આવવાથી અહીં ઝાંઝવા (=મૃગજળ) ઘણાં થાય છે.

ઝીંઝુંવાડનો પુરાણો કિલ્લો સમચોરસ છે. તેની અકેકી બાજુ સુમારે ૮૦૦ યાર્ડ છે. તેની ભિંતો નક્કર ગચ્છીની હોઇ તે ૫૦ ફીટ ઉંચી છે. દરેક બાજુની મધ્યમાં દરવાજો છે. તેના ઉપર માળ છે, તે બન્ને બાજુની કોંસાકાર હારો જે ટોંચે મળે છે અને તે કમાનોનું કામ સારે છે તેઓને આધારે રહેલો છે. કિલ્લાની ભીંતની જાડાઇમાં કોંસાકાર ૬ હારો દરવાજામાં આવેલી છે, અને તેઓની ઉપર પથ્થરની ગચ્છી છે. કિલ્લાનાં અકેક ખૂણામાં અકેકો બુરજ છે, તેનો સામાન્ય આકાર તો સમચોરસ છે. વચલો દરવાજો તથા ખૂણાનાં દરેક બૂરજની વચ્ચે ચચ્ચાર સમચોરસ હાથાણિયો અથવા વપ્ર છે. એના દરવાજા એટલી તો બારીક નક્ષી કામથી કોતરેલાં છે કે તેનો ચિતાર ફોટોગ્રાફથીજ લેવાઇ શકાય.

કિલ્લાની અંદર દક્ષિણ તરફનાં દરવાજાની સામે એક ગોળાકાર '૩૦૦' યાર્ડ ઘેરાવાનો કુંડ છે, તેની આસપાસ પગથિયાંનો વાટ છે, અને નિયમિત અંતરે ખંડિયાટ છે; ત્યાં આગળ થઇને ઢોર અથવા પયડાંવાલી ગાડી તલાવના પાણી સુધી જઇ શકે છે. આ કિલ્લાનાં ૪ દરવાજા છે. તે જૂદા જૂદા ખંડેરના આકારમાં હજી સુધી રહેલાં છે, અને તેઓ માહેલાં બે દરવાજાને ખૂણાની હાથણી સહિત જે ભીંત સાંધેલી છે તે ઘણી સંપૂર્ણ છે. આ જે સમચોરસનું વર્ણન આપ્યું છે તે કિલ્લાની અસલ સ્થિતિના ક્ષેત્રફળનો ૪ થો ભાગ છે. તેની આસપાસ એક હલકી જાતનો કિલ્લો ફરીને કરી લેવામાં આવ્યો છે; અને ગોળાકાર હાથણિયો ચણીને તેને મજબુતી આપી છે, તથા વચ્ચે કમાનદાર દરવાજા કર્યા છે. આ ભાગમાં હાલનું ગામ વસાયલું છે. પણ અસલના કિલ્લામાં જે ઇમારતો હતી તે તમામનો નાશ થયો છે, અને એ ઠેકાણે છેક જંગલ બની ગએલું છે.

**ઝીંઝોટી**—સંગીત શાસ્ત્ર મુજબ આ રાગણી ગાવાનો વખત ત્રીજા પોહોરથી મધ્યરાત્રી સુધીનો છે. જાતી સંપૂર્ણ—ખરજ શુદ્ધ, રિખવ તિવ્ર, ગંધાર તિવ્ર, મધ્યમ કોમળ તિવ્ર બે, પંચમ શુદ્ધ, ધૈવત તિવ્ર, તથા કોઇ તિવ્ર કોમળ બે પણ લગાવે છે. આ રાગણીની બે જાતિ છે દેશી ઝીંઝોટી ને પહાડી ઝીંઝોટી.

**ઝીંઝોટી પહાડી**—આ રાગણી ગાવાનો વખત શાસ્ત્ર મુજબ દિવસના ત્રીજા પોહોરનો છે. જાતિ ખોડવ છે; નિખાદ વર્જ્ય છે અને ખરજ શુદ્ધ, રિખવ તિવ્ર, ગંધાર તિવ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તિવ્ર, એ મુજબ છ સ્વર આવે છે. મધ્યમ સ્વર વાદી સ્વર આવે છે. ધૈવત ન્યાસ સ્વર છે. આ રાગ પંજાબમાં ઘણો સારો જગેજગ ગવાય છે.

**ઝીટ્યૂ**—સેકસનીનું આ શેહેર નાઇવ પાસે લીબ્યૂની દક્ષિણે દક્ષિણ પૂર્વમાં ૨૧૧ મૈલ-

પર છે. આ શેહેર અતિ ફળદ્રુપ ભાગપર છે. તેમજ આ શેહેર સેકસનીમાં સણ અને કુમાસના કાપડના ઉદ્યોગ માટે જાણીતું છે. લોકવસ્તી ૧૮૭૫ માં ૨૦૪૧૭ ની ને ૧૯૦૦ માં ૨૫૩૯૪ ની હતી.

**ઝીટાન**—માર્શલની ઉત્તર પશ્ચિમે ૨૫ મૈલ ઉપરનું આ શેહેર એલેપ્પો પ્રાંતમાં છે. અત્રે લોઢાની ખાણો પુશકલ છે. લોકવસ્તી ૨૦,૦૦૦ ની છે, પ્રજાનો મુખ્ય ભાગ ખ્રિસ્તી આરમેનિયનોનો છે.

**ઝીટામીર**—રશિયન સરકારને તાબેનું મુખ્ય શેહેર. ડીનપર નદીના પ્રદેશમાં કીફની પશ્ચિમે ૮૦ મૈલપર છે. વસ્તી ૫૬૭૮૨ ની છે.

**ઝીત્ઝા**—પ્રૃશિયન સેકસનીનું આ કિલ્લે બંદીવાળું શેહેર; લીપઝિકની દક્ષિણ પશ્ચિમે રેલમાર્ગે ૨૩ મૈલપર છે. અત્રે ઉન, દુર્બીનનાં કાચ, રૂ, કાલીકો, સાકર, મીણ કાપડ, પ્યાનાફોર્ટ વગેરેનાં કારખાનાં છે. લોક વસ્તી ૨૧૩૮૦ ની છે.

**ઝીંદ**—સત્તલજ નદીના પશ્ચિમ તરફનું દેશી રાજ્ય, પંજાબ ઇલાકામાં છે. એની ઉત્તરે કરનાળ, પૂર્વે પાણીપત, દક્ષિણે રૂહતક, પશ્ચિમે સરસા તથા હિસ્સર જીલ્લો આવે છે. ક્ષેત્રફળ ૧૨૬૮ ચોરસ મૈલ છે.

દેશનો સપાટ ભાગ ફળદ્રુપ છે. જમીન રસાળ હોવાથી તેમાં ઘઉં, બાજરી, જુવાર, ચોખા, શેરડી, તંબાકુ, કપાસ, વગેરેનો સારો પાક થાય છે. મુખ્ય વસ્તી શીખ, જાટ, રજપૂતની હોઇ તેમની ભાષા હિંદુસ્તાની છે.

અત્રેના રાજ્યકર્તા પતિયાલાના રાજાના એક કુટુંબી છે, આ રાજ્ય ઇ. સ. ૧૭૬૩ માં ગજપતિસિંહે સ્થાપ્યું હતું. તેમના પછી બગાસિંહ રાજ્યપદ પામ્યા. એઓ રણજીતસિંહના મામા હતા. એણે મરાઠાઓની હાર થતાં લોર્ડલેકને હોલકર સામે લઢવામાં મદદ કરી મ્હોટો લાભ મેળવ્યો હતો, અને બ્રિટીશ રાજ્ય સાથે સંબંધ જોડયો હતો. ૧૮૧૯ માં ફતેહસિંહ ગાદીએ બેઠો, તે પછી જગતસિંહના પુત્ર મરણ પામતાં રાજ્ય ખાલસા કર્યું, પણ સિરપસિંહે પોતાનો દાવો રજુ કરવાથી તેને રાજ્યનો અર્ધો ભાગ આપી ૧૦૦૦ ની ઉપજનો વધુ મુલક આપ્યો હતો. પણ ૧૮૫૭ નાબળવા સમયે સારી મદદ કરવાથી બ્રિટીશ સરકારે રૂ ૧, ૧૬, ૮૦૦ ની ઉપજનો મુલક એનાયત કર્યો, આ રાજા ૧૨૬૪ માં મરણ પામતાં રઘબિરસિંહ ગાદીનશીન થયો. હાલમાં ઝીંદના એ રાજ્યકર્તા છે.

લોક વસ્તી ૧૮૮૧ માં ૨૪૯૮૬૨ ની ૧૮૯૧ માં ૨૮૪૫૬૦ ની હતી. તેમાં ૧૩૬૯૦૯ પુરૂષો ને ૧૧૨૯૫૩ સ્ત્રીઓ હતી. રાજ્યમાં ૮ શેહેરો તથા ૪૧૫ ગામડાં છે; ને ૫૧૩૯૨ રહેવાના મકાનો છે. દર ચોરસ મૈલે વસ્તી ૨૦૩ ની છે. હાલમાં વાર્ષિક મેહેસૂલ ૭૦૦૦૦૦ રૂપ્યાની છે. રાજ્યનાં લશકરમાં ૧૨ તોપો, ૨૩૪ તોપખાનાનાં માનસો ને ૩૯૨ ઘોડેસ્વાર લશકર ને ૧૬૦૦ પાયદળ લશકર છે. રાજા તરફથી બ્રિટીશ હદની સેવા માટે ૨૫ ઘોડેસ્વારો રોકાયલા હોય છે.

**ઝીંદ**—ઉપલા રાજ્યનું મુખ્ય શેહેર. વસ્તી ૭૧૩૬ ની છે. તેમાં ૪૦૯ હિંદુ, ૨૮૨૩ મોહમેદન, ૬૫ શિખ અને ૧૫૫ જૈનો છે. અને રાજાનાં મેહેલો છે.

**ઝીનો**—આ વિદ્વાનનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૦૦ માં એલિઆમાં થયો હતો. એ પરમિનાઇડીશનો સાગેર્દ હતો, અને પોતાના શિક્ષક સાથે એથેન્સ આવી રહ્યો હતો. એની જીંદગીનાં પેહેલાં વર્ષો ફીલસુફીના અભ્યાસમાં અને એકાંતવાસમાં ગુજર્યા હતા. એને પોતાના દેશ વિષે બેહદ દાઝ હતી. તે જ્યારે છેલ્લે આથેન્સમાં આયો ત્યારે તેણે પોતાના દેશને ('નિઅરકસના') હાથમાં ગયેલું જોયું આથી તે ઘણો દુઃખી થયો, અને તેણે નિઅરકસનો નાશ કરવાનો ઉપાય સોધ્યો. તેમાં પકડાતાં તેને ઇન્સાફ માટે પાદશાહ પાસે લાયા. ત્યારે તેણે પોતાના મદદગાર તરીકે તમામ દરબારી અને પ્રજાને જણાવી બોલ્યો કે



"માહરા ઉપર હાલ જે મુસીબત ગુજરે છે તેથી જો કરીને તમો એના ગોલામ થશો તો હું તમારૂં આ હિચકારાપણું જોઇ બેહદ દલગીર થઇશ." એટલું બોલી તેણે તરત પોતાની જબાન કરડી અને તેનો એક કટકો પેલા નીઆરકસપર ફેંક્યો. આ દેખાવ જોઇ લોકો ઉશકેરાઈ ગયા અને ઝનુની બની નીઆરકસને ત્યાંને ત્યાંજ કતલ કર્યો.

કેટલાક તવારીખ નવેશો કહે છે કે જીનોને એક મ્હોટી ખળમાં નાખી છુંદી મારી નાખવામાં આવ્યો હતો.

**ઝીનો ૨ જો**—ઇ. સ. પૂર્વે ૩૪૨ થી ૨૭૦ માં એસ્ટોઇક ફીલસુફીનાં સ્થાપક તરીકે જાણીતો થયો. એ સાઇપ્રસમાંના સીટીયમનો વતની હતો. એ ૨૨ વર્ષની વયે અથેન્સ આવી રહ્યો હતો, ત્યાં એણે પોતાના વિદ્યાભ્યાસથી લાંબો વખત પ્રજા પ્રિતી મેળવી હતી.

**ઝીવંગ્લિ**—આ વિદ્વાન ધર્મ જ્ઞાની પુરૂષનો જન્મ ઇ. સ. ૧૪૮૪ માં થયો હતો. એ સ્વિતઝરલેંડનો સુધારક ગણાયો છે. એ ભરવાડનો પુત્ર હતો, પણ બર્ન, વ્હિએના તથા બૅાલ શેહેરમાં અભ્યાસ કરી ઝયૂરીચમાં એ ધર્મ ઉપદેશક તરીકે નેમાયો હતો. ત્યાં એણે કેથોલિક ધર્મમાં દુરાચાર થતો જોઇ તેમના વિરૂધ ભાષણો આંપવા માંડી, સર્વે સ્વિતઝરલેંડમાં ધર્મ સુધારાનો ઝુંડો ઉઠાવ્યો. બેપતિઝમ અને પ્રભૂભોજન એ ધર્મ સંસ્કાર માન્ય છે પણ તેમાં પ્રભૂભોજન સંબંધી એના મતો લ્યૂથરથી જૂદાં હતાં. એ લ્યૂથર કરતાં વધારે ધૈર્યવાન હતો, તેવોજ એ વિદ્વત્તા પણ વધારે ધરાવતો હતો. એણે જુના ધર્મ સંસ્કારનાં વેહેમો તોડી પાડયા હતા. ઇ. સ. ૧૫૨૪ માં ઝયૂરિચ પ્રગણાનાં લોકોએ પોપનો અધિકાર તૂચ્છકારી ઇ. સ. ૧૫૨૮ માં બર્ન, બાલ, શૅાફ હૅાસેન અને ગ્રીસનનો કેટલોક ભાગ તથા ગ્લારસ અને અપેનઝીલ શેહેરના લોકોએ પણ તેમનું અનુકરણ કીધું, છેલ્લે કેથોલિક લોક સાથે લઢાઇ થઇ, તે લઢાઇમાં એણે ઘણુ પ્રાક્રમ કર્યું; પણ લ્યૂસર્નની લઢાઇમાં ઇ. સ. ૧૫૩૧ માં માર્યો ગયો. એના ગ્રંથોમાં વાદ વિવાદની પુશકળ બાબતો છે.

**ઝીસ્કા**—આ પ્રસિદ્ધ બોહેમીયન સરદારનો જન્મ ઇ. સ. ૧૩૬૦ માં થયો હતો. એ હૅસાઇટ પ્રજાની લઢાઇ દરમ્યાન ઘણી પ્રસિદ્ધતામાં આવ્યો હતો. એની જીંદગી લઢાઇમાંજ પુરી થઇ હતી, અને તેમાં એ ઘણી વેળા જીત્યો હતો. એણે ૧૦૦ ઉપર લઢાઇઓ જીતી, તેમાં જુલ્મીપણું ઘણું વાપર્યું હતું. બોહિમીયન પ્રજાએ ઝિસ્કાને સરદારી આપતાં એણે પ્રેગ શેહેર ઉપર હુમલો કરી ત્યાંના દારોગા અને મંત્રિલોકોને હેઠળ ઉભેલા પોતાના ભાલાદાર સિપાઇઓ ઉપર ફેંકી તેમને ચીરી નાખ્યા હતા. 'કયાલીકસ્ટાઇન' મતવાલાઓ વચ્ચે બે તટ પડતાં એક મતવાલા 'મોલ્ડો ટાપુ'માં જઈ રહ્યા. ત્યારે ત્યાં જઇ ઝીસ્કાએ સર્વેની કતલ કરી. તે પછી ઝિસ્કા પોતાના સૈન્ય સાથે જર્મનીમાં દાખલ થઇ સર્વત્ર ત્રાસ વર્તાવવા લાગો. એણે અનેક શેહેરો ઘેર્યા, અનેક કિલ્લા જીત્યા અને કેદ થએલા સર્વ લોકોની એકદમ કતલ કીધી. બ્રૅાડ શેહેરમાં એકઠા થએલા ૨૦૦ લોકોને જીવતા બાળી નાખ્યા. પ્રેગમાંના ધર્માધિકારીના ક્રારકુનની ચામડી કાપી તેને કકડતા ડાંમરમાં બોળી કાઢયો. સેકસની પ્રાંત તથા ડ્રેસડન શેહેરનો નાશ કર્યો. આલ્ટેનબર્ગનું સ્વતંત્ર શેહેરપર હલ્લો કરી ત્યાં ભયંકર કતલ કીધી, અને બાળક તથા સ્ત્રીઓને દેવળમાં લટકાવી જીવતાં બાળ્યાં હતાં. જર્મની, બવ્હેરિયા, સેકસની અને ફ્રેકોનિયાના ફળદ્રુપ દેશ એણે વેરાન કીધાં. તે પછી એની બીજી આંખ પણ ફુટી ગઇ હતી તે છતાં એણે સીજીસ્મંડ પાદશાહ સાથે જે વેર બાઝયું હતું તે લેવા માટે અનેક પરાક્રમો કીધાં. એક કેથોલિક પાદરીએ એની બેહેનને બગાડયાથી એ કેથોલિક

ધર્મગુરૂઓનો વેરી થઇ તેમનો છલ કરવા લાગ્યો. છેલ્લે એના ત્રાસથી બોહિમીયન પ્રાંતના હાકેમ સિજીસ્મંડે પોતાની બેહેન એને લગનમાં આપવા કબુલી, તેટલામાં એ મરકીથી ઇ. સ. ૧૪૨૪ માં મરણ પામ્યો.

**ઝીસ્ત**—આ ડચ ગામડું યૂટ્રીસ્ટની પૂર્વે છે. ઉદ્યોગ, સાબુ, મીણબત્તિ, પોર્સિલેન વગેરેનો ચાલે છે. વસ્તી ૬૩૭૨ ની છે.

**ઝુંગારી**—ચીનાઇ સરહદ ઉપરની પહાડી હારતું નામ. આ પર્વત ટીનશાન, અને પશ્ચિમ આલતાઇ પર્વત તરફ વધે છે. પ્રાચીનકાળમાં આ પર્વત વાળો દેશ ઝુંગારી અને કાલમક પ્રજાનો હતો. હાલમાં આ પ્રદેશમાં ડુગન્સ, કાલમકસ, ચીનાઇ અને કીરગીઝો વસે છે.

**ઝુરિચ**—'સ્વિતઝરલેંડમાંનું' આ શેહેર, લોક ૯૦,૦૦૦ ની છે. એનું પુરાણુ નામ 'ટુરિકમ' હતું, પણ હાલમાં ઝુરિચના નામે પ્રસિદ્ધ છે. એ સમુદ્ર સપાટીથી ૧૩૫૦ ફીટ ઉંચે છે, અને તે પહાડી ખીણમાં 'લિમર' નામની નદી ઉપર વસાયલું છે. એનાં રક્ષણ માટે આસપાસ કોટ બાંધી લઇ ખાઇ ખોદેલી છે. મ્હોલ્લા સાંકડા અને મકાનો પુરાણી બાંધણીનાં છે. ૧૮૭૨ માં અત્રે યૂનિવરસિટી સ્થાપવામાં આવેલી કાયમ છે. ગરીબ તંગદસ્ત તથા અપંગ અને લંગડાઓ માટેનાં અત્રે આશ્રય સ્થાનકો છે. ૧૬૨૦ માં સ્થાપેલું કેતાબખાતું હાલમાં કાયમ છે, જેમાં ૮૦,૦૦૦ પુસ્તકો, હસ્તલેખો અને ૪૦૦૦ સિક્કાઓનો સંગ્રહ છે.

શેહેરની નજદીક અગ્નિ ખૂણે ઝુરિચ નામનો સરોવર ૨૫½ મૈલ લાંબો ને ૨½ મૈલ પોહોળો આવેલો છે. તેનાં પાણી અતિ નિર્મળ છે. તેના કાંઠાપર આલ્પસ પર્વતના પહાડની હાર લંબાઇલી હોઇ, તળેટીમાં અનેક ગામો છે. શેહેર તરફનો સરોવરનો કાંઠો સફેદ ફરસબંદીથી બાંધેલો છે. શેહેરની પાસેનો વિટલીબર્ગના પહાડ ઉપરથી સુંદર મનોહરતા નિહાળવા રલ્વે મારફતે ચઢાણ ચઢવામાં આવે છે. આ પહાડના મથાળાપર હવા ખાવાનાં મથકો છે.

**ઝુલુ દેશ અને પ્રજા**—ઉત્તર નેટેલમાં આ બ્રિટીશ પ્રોટેક્ટોરેટમાંનું ૮,૯૦૦ ચોરસ મૈલનો દેશ. આ દેશ ખેતીવાડી તથા ઢોરો ઉછેરવા માટે લાયક ગણાય છે. તેમજ અત્રે ત્રાંબુ, ચાંદી, સુન્નુ, જસત, ટીન, એસબેસ્ટોસ અને કોલસો ઘણો મળે છે. લોક વસ્તી ૧,૬૦,૦૦૦ ની ઝુલુ પ્રજાની છે; તેમાં ૬૦૦ ગોરી પ્રજા છે. અત્રે ઝુલુ અને કાફીર સરદારોની હાકમી ચાલે છે. ૧૮૮૭ પછી આ દેશ બ્રિટીશ સત્તાને માન આપે છે.

ઝુલુ પ્રજા હજી જંગલી સ્થિતિમાં છે. તેઓમાં પુરૂષોનાં ૩ વર્ગ કરેલા છે. 'અપાંગની' યાને કસાયલા શિપાઇઓ; 'ઇસીમપોર્થેલો' અને ઇઝીનસીઝવા, એટલે જુવાન સીપાઈ અને આમાબુટ એટલે છોકરાઓ, જેઓ લઢાઇમાં નહિ ગએલા. ઉપલા બે વર્ગમાં ઝુલુઓ પોતાનાં માથા ઉપરના બાલ ગોલ કુંડાળા જેવાં રાખે છે, તેથી તે ઓળખાય છે; અને છોકરાઓના માથા ઉપરના બાલ કદી બોડવામાં આવતાં નથી. દરેક કસબામાં લઢાયક ટોળીઓ વસે છે. તેઓમાં નાહની ઉમરે લગન થતાં નથી, પણ મ્હોટી ઉમરે થાય છે. આગળ તેઓમાં એવો રેવાજ હતો કે જ્યાંસુધી એક પુરૂષ કોઇ પણ લઢાઇમાં ભાગ લીયે નહિ ત્યાં વેર તેનાથી લગ્ન થઇ શકતાં નહોતાં, તોપણ લગ્ન માટે રાજકર્તાનો હોકમ લેવો પડે છે. તેઓ મ્હોટી ઉમરે લગ્ન કરે છે. લગ્ન કરવાની પસંદગી સ્ત્રીપર આધાર રાખે છે, અને તેજ પોતાનો પતિ ખોળી લીયે છે.

તેઓમાં એવો વેહેમ છે કે કન્યાના બાપને ૧૦ ગામોની ભેટ કરે તો કન્યા મળે. આ રીતની ભેટ કરીને જે ધણીએ ૪ ઓરતો મેળવી હોય તેને 'ગોશ'નો ખેતાબ અને માન મળે છે. આ 'ગોશ' પોતાની સ્ત્રીઓની મેહેનત ઉપર ગુજરાન કરી સ્વસ્થ જીંદગી ગુજારે છે. ઝુલુઓની મુખ્ય દોલત તેમની ગાયો છે.



પુરૂષોના ૩ વર્ગ છે, તેમ સ્ત્રીઓનાં પણ છે. કુમારી ઓરતને 'ઇંતોમેબી' કહે છે, પરણેલી ફરજંદ વિનાની ઓરતને 'અમફાઝ' કહે છે, અને સંસારી છોકરાંવાલી 'એનીનાંના' નામે ઓળખાય છે. લગ્ન માટે સ્ત્રી જ્યારે પુરૂષ સામે માગણી કરવા જાય છે ત્યારે તે પોતા સાથે કેટલીક પરણેલી સ્ત્રીઓને રાખે છે, જે તેનાથી થોડે છેટે ચાલે છે. મરદ પરણવા રાજી થતાં પેલી પરણેલી ઓરત પાસે આવી ગીત ગાવા માંડે છે. બીજે દીને એક ઢોરને હલાલ કરવામાં આવે છે, જેનો નાસ્તો તેના બેશ કુટુંબીઓ કરે છે. તે પછી 'ઉંગાઝીસોની' ક્રિયા, અને મણકાથી નાહવાની ક્રિયા શરૂ થાય છે. તે ક્રિયામાં પાણીમાં મણકા ભેળી તે પાણીવડે સ્ત્રી પુરૂષ એકમેકને નહવાડે છે; જે પછી તે દાણા સ્ત્રી પુરૂષનાં પગ પાસે વેરે છે. જે તે એકઠા કરી પોતા પાસે રાખે છે. રીતમાં તેઓ ગાય, બળદ આપે છે. તવંગર માબાપની બેટી ૨૦ થી ૨૫ ગાય બળદ અને તેથી પણ વધુ આપે છે.'

'તેઓમાં જનાકારી, ભૂતપિશાચ અને રાજા માટે બુરૂં બોલવું એ અજીમ ગુન્હા ગણાય છે. આવાં કર્મ કરનારનું ઘેર તારાજ કરી ગુન્હેગારને સોટાવડે મારી નાખવામાં આવે છે. જે સોટા અને ગુન્હેગારના કપડાંનો તદન નાશ કરવામાં આવે છે.

તેમના પોશાખમાં પુરૂષો માત્ર રૂવાંની લટકતી પટીઓની તોરણરોફી ઘાઘરી પેહેરે છે. બાકી તેમનાં સણગારમાં પીછાં અને રંગ હોય છે. સ્ત્રીઓ ઝાડનાં મૂળીયાનાં રેશાનું બનાવેલું વસ્ત્ર પહેરે છે અને કોઈવાર ગુઠણવેરનો લટકતો ઘાઘરો પેહેરે છે.

પરણેલા પુરૂષો માથું બોડાવતી વેળા માથા ઉપર બાળની ગોળ કડી જેવું કુંડળું રાખે છે, અને ઓરતો પણ તેનેજ મળતી ચોટલી જેવો ગુચ્છો રાખે છે. તેમની સ્ત્રીઓ વટીક મરદ જેવું માથું બોડાવે છે. આ માથાપરની ગોળ 'કડી'ને તેઓ 'ઇસ્તગોકો' કહે છે. અને ચોટલીને 'ઇમબીટી' કહે છે. આ 'ઇમબીટી'ને લાલ ગેરૂથી રંગે છે.

ઝુલુ મરદોનો બાંધો મધ્યમ, દેખાવડો ને ચંચળ હોય છે. તેઓ ચાલવા તથા દોડવામાં ઘણા ચપળ અને બહાદુર હોય છે. તેઓ નાહના ઝુપડામાં વસ્તા હોવાથી ગંદીલા રહે છે.

તેઓ સાધારણ લેબાસ કરતાં લઢાઇના લેબાસમાં ઘણા ચોકસ હોય છે. આ લેબાસ સ્કૉટીશ હાઇલેંડર્સ જેવો એક ટુંકો બીલાડીની ચામડીનો જાડો ઘાઘરો પહેરે છે, જે ગુંઠણ વેરજ હોય છે. ખભાં તથા શરીર ઉપરનો ભાગ બળદના ચામડાંથી સણગારે છે. તેમજ ચામડાંથી માથું પણ ઢાંકે છે. આ ટોપ 'ઓટર' નામની જલ બિલાડીની ચામડીની બનાવે છે. તેઓનાં હથિયારોમાં ઢાલ તથા ભાલા મુખ્ય હોય છે. ઢાલ બળદના ચામડાની બનાવે છે. જેની વચ્ચેથી એક લાકડી જડી લીધેલી હોય છે; અને તેને એક છેડે ચિત્તા તથા વાઘના રૂવાંનો સણગાર કરેલો હોય છે. આ ઢાલ મનુષ્યના કદ જેવડી મોટી હોય છે, તેથી દોડતી વેળા યા પવનમાં તે ઘણી અગવડભરી થઈ પડે છે, તેઓ પોતા સાથે ભાલા પાંચથી છ રાખી તે વડે સામસામાં લઢે છે. તેમની લશકરી તુકડી જૂદા જૂદા રંગથી રંગેલી ઢાલ ઉપરથી ઓળખાય છે. તેમાં સફેદ ઢાલવાલું લશકર કેળવાયલું ગણાય છે.

ઝુલુ ભાષા કાફીર ભાષાને મળતીજ છે. તેમની ભાષા બુલંદ પણ કર્કશ છે.

**ઝેકઝારટીસ**—આરબો એને જીહૂન કહે છે; તેમજ "સયરે દર્યાને" નામે પણ ઓળખાવે છે. આ નદી ૧૨૦૦ ફીટની ઉંચાઇ ઉપરથી ઇસાએલ સરોવરની દક્ષિણે ૩૦ મૈલ ઉપરથી 'ટીનશાન' પર્વત ઉપરથી વહે છે. એ 'ટીનશાન'ના પ્રવાહ સાથે પણ જોડાય છે. એ ઉપલા પ્રવાહને 'નારીન' કહે છે, એ પશ્ચિમ ભણી ૪૦૦ મૈલ વહેતી ખાકંદના ખનાતમાં દાખલ થઇ દક્ષિણ

પશ્ચિમે ૩૦૦ મૈલની વલાણ લીયે છે. વળી ફરીને રશિયન હદમાં દાખલ થઇ તુરત ઉત્તરે ૪૦૦ મૈલ વધે છે. તે પછી આ નદી સર્પાકાર ગતીથી ઉત્તર પશ્ચિમે વધતી એરલ સરોવરને ઉત્તર પૂર્વેથી ત્રણ મુખે મળે છે. એની જુમલે લંબાઇ ૧૫૦૦ મૈલની છે. એના પાટનું ક્ષેત્રફળ ૩૨૦૦૦૦ ચોરસ મૈલ છે, અને એ ૮૫૦ મૈલ વેર સફરી વહાણ લાયકની છે. એરલ સરોવરથી ૪૦૦ મૈલ સુધી એમાં અનેક ટાપુઓ આવે છે. આ નદી માટે તવારીખ નવેશો, કવિ, ખગોળવેત્તા, રાજદ્વારી નરો, લઢવૈયા, સરદારો વગેરે અનેક લખાણો કરી ગયા છે. અગાઉ આ નદીને 'જેકતાસ' કહેતા હતા, પછી 'તારાજી' અને 'નાયણી' પણ નામ આપેલું હતું.

**ઝેકટીકસ**—મેકસિકોના રાજ્યનું રાજધાની શેહેર (ક્ષેત્રફળ ૨૪૭૫૭ ચોરસ મૈલ છે ને લોકવસ્તી પર૬૯૬૬ ની) મેકસિકોનાં રાજ્યમાંનો ઝેકેટીકસના આસપાસનો મુલક ચાંદીની ખાણો માટે જાણીતો છે. ત્યાંની ખાણોમાં ૧૫૦૦૦ માનસો કામે લાગેલાં છે. ૧૫૪૦ માં ખાણો ખોદવા માંડયા પછી તેમાંથી કાઢેલી ચાંદી લગભગ ૧,૦૦૦,૦૦૦,૦૦૦ સ્ટરલીંગની કાઢવામાં આવી હતી. લોક વસ્તી ૬૦,૦૦૦ ની છે.

**ઝેટલેંડ**— (જુઓ શૅટલેંડ)

**ઝેડકીલ**—રિચર્ડ જેમ્સ મૅારીસને ૧૮૩૦થી જ્યોતિષ સંબંધી દર વર્ષે પંચાંગ કાઢવા માંડયું તેનું નામ. આ ઝેડકીલનાં પંચાંગની દર વર્ષે ૧,૦૦,૦૦૦ થી ૨,૦૦ ૦૦૦ નકલો ખપે છે. એનો જન્મ ઇ.સ. ૧૭૯૪માં થયો હતો, અને ૧૮૭૪માં ૫મી ફેબ્રુવારીએ એ મરણ પામ્યો હતો. એ દર્યાઇ ખાતાનો કમાન્ડર હતો. એ પોતે હિબ્રુ ભાષાનો વિદ્વાન ગણિત શાસ્ત્રી અને જ્યોતિષ શાસ્ત્રી તરીકે જાણીતો થયો છે

**ઝેડેનોસ્ક**—આ રશિયન શેહેર ડૅાનનદી ઉપર વૅારોન્જની ઉત્તરે ૭૦ મૈલ ઉપર છે. આ મહોનું મુખ્ય સ્થળ છે. વસ્તી ૯૮૦૦ની છે.

**ઝેનઓટો**—આ પ્રસિદ્ધ પ્રાચીન વિદ્યાશાસ્ત્રી તથા ફીલસુફનો જન્મ કીલ ખાતે ૧૮૧૩માં ૧૬ જુને થયો હતો. એણે અભ્યાસ કીલ, લીપઝીક, તથા બર્લીન ખાતે કર્યો હતો. તે પછી એણે ઇટલી તથા ફ્રાન્સમાં મુસાફરી કરી હતી, અને રોમમાં લાંબોકાળ રહ્યો હતો. ૧૮૩૯માં કીલ ભાષણ કર્તા તરીકે કામ બજાવતો હતો. તે વેળા ગ્રીકસવોલ્ડ ખાતે તેડવામાં આવ્યો. ૧૮૪૭માં એણે લિપઝીકમાં પ્રાચીન વિદ્યા શાસ્ત્રીનો ઓધો સ્વિકાર્યો હતો, અને ત્યાં એણે પ્રાચીન વિદ્યાશાસ્ત્રીની એક મંડળી ઉભી કરી હતી. ઝેનઓટો અનેક પ્રાચીન વિદ્યાના મ્યુઝીયમનો ડીરેકટર હતો. ૧૮૫૫માં એ 'બોન' ના હૂન્નર ઉદ્યોગના મ્યૂઝીયમનો ડાયરેકટર થયો હતો, અને ત્યાંથી ૧૮૬૭માં બર્લીન ખાતેની પાઠશાળામાં નેમાયો હતો, પણ નવા ઓધાપર જવા આગમજ ૧૮૬૯માં ૯મી સપટેંબરે ગોટીંગ ખાતે મરણ પામ્યો હતો.

**ઝેનજાન**—આ ઇરાની શેહેર તાઇબ્રિઝથી તેહેરાનના માર્ગમાં છે. લોકવસ્તી ૧૫૦૦૦ની છે.

**ઝેન્ટ**—આયોનિયાના ટાપુમાંનો એક મોરિયાના કાંઠાંથી ઉત્તર પશ્ચિમે ૯ મૈલપર અને સિફાલોનીયાની દક્ષિણે ૮ મૈલ ઉપર છે. એ ૨૪ મૈલ લાંબો ને ૧૨ મૈલ પોહળો છે. લોકવસ્તી ૪૪૫૨૨ની છે. એનો મધ્ય ભાગ અતિ ફળદ્રુપ છે. ૧૮૯૩માં ત્યાં ભારે ધર્તિકંપનો આંચકો લાગો હતો. એનું મુખ્ય શેહેર ઝેન્ડ આયોનીયન ટાપુમાં સર્વેથી મ્હોટો ટાપુ છે. લોક વસ્તી ૧૬૬૦૩ની છે.

**ઝોનીઆ**—આ અતિ સુંદર વર્ષાય ફુલ ઝાડ છે. એની અનેક જાતો છે. તેનીપર જૂદી જૂદી જાતનાં એકવડા ને બેવડા ફુલો આવે છે. ડબલ ફુલનાં ઝાડપર પ્રથમ ઝીણાં ફુલો આવતાં તેને ખીલવા આગમજ તોડી નાખે છે, અને ઝાડ બે ત્રણ ફીટ ઉંચું વધતાં તેને સારાં ફુલો આવે છે. ડબલ ફુલ અને સીંગલ ફુલનાં રોપા જ્યારે પાસે



પાસે રોપ્યા હોય છે ત્યારે ઘણું કરીને સીંગલ ફુલનો પરાગ પવનથી ડબલ ફુલમાં દાખલ થઇ તેમાંથી જે બીજ ઉત્પન્ન થાય છે તેને સીંગલ ફુલ કહે છે. આથી બનતાં સુધી આ બે જાતને દૂર દૂર રોપે છે. એનાં બીજ જુલૈથી અકટોંબર સુધીમાં રોપે છે, અને બીજી વેળા ફેબ્રુવારીથી માર્ચ સુધી રોપે છે. રોપો કુંડામાં ચાર ઇંચ લાંબો થતાં તેને કાયમની જગ્યાએ રોપી ત્રણ દિવસ આંતરે પાણી સીંચે છે.

**ઝેનોબિયા સેપતેમિયા**—ઇસવી સનની ત્રીજી સદીમાં અરબસ્તાન મધ્યે 'પાલમીરા' નામનું એક આબાદ શેહેર હતું, અને તે યૂરપ તથા એશિયા ખંડ વચ્ચેનું વેપારી મથક ગણાતું હતું. ઝેનોબિયા મરૂ નામના સરદારની બેટી હતી. બાળપણામાં વિધવા થયા પછી એના ફરી લગ્ન બીદઉનસેપતેમિયસ ઓડીનેટસ નામના સરદાર સાથે થયાં.

આ બાનુ બચપણથી સારી કેળવણી લઇ 'લૅટીન, ગ્રીક, સીરિઆક' તથા મીસરી ભાષા ભણેલી હતી. એણે પોતાની કેળવણીનો રૂડો ઉપયોગ કર્યો ઉપરાંત લઢાઇના હુન્નરની પણ કેળવણી મેળવી, તેમાં ભાગ લેવા લાગી હતી. એનો ભર્તાર પ્રથમ રોમન શહાનશાહોના આશ્રય તળે હતો, તેથી ઇરાનીઓ સામેની લઢાઇમાં ઝેનોબિયા પોતાના ભર્તાર સાથે અવાર નવાર ભાગ લેતી હતી; અને ઓડીનેટસની બાહાદુરીને લીધે તેને રોમન હકુમત તળેના અનેક ગામોની હકુમત મળી હતી; પણ તેટલાં ઓડીનેટસના ભાણેજે પોતાના મામાને ઇ. સ. ૨૬૬ માં મારી નાખી હકુમત મેળવવાનો લોભ કર્યો; આથી ઝેનોબિયાએ તે નિમકહરામ ભાણેજને ઘટતી સજા કરી પોતે રાજ્ય ચલાવવા લાગી.

પણ ઓડીનેટસને રાજ્ય ચલાવવાની રોમન શેહનશાહે જે આગળ પરવાનગી આપી હતી તે સેનેટે તથા ગાલીએનસ શેહનશાહે આપી નહિ; આથી ઝેનોબિયા રોમનો સામે થઇ, શેહનશાહાત તરફથી આવેલા લશકર ઉપર જીત મેળવી રાજ્ય ચલાવવા લાગી. એણે પોતાના ભર્તારના હકુમત તળેનાં યૂફ્રેટીસ નદીથી તે છેક બિથૅનિઆના મુલક સુધીના દેશપર હકુમત ચલાવવા માંડી, પોતાના 'ઝબદસ' સરદારને મીસરપર મોકલી તે દેશ તાબે કીધો. અને પાલમીરામાં અનેક ઇમારતો બંધાવી આબાદાની સાથે સ્વતંત્ર રાજ્ય ચલાવવા માંડયું. તેટલાં આરલીઅન્સ શેહેનશાહે એની સત્તા નબળી કરવા માટે આલમીરાપર મ્હોટા સૈન્ય સાથે ચઢાઇ કરી, તેમાં ઝેનોબિયા શિકસ્ત ખાઇ 'ઇમીસા' તરફ જઇ ત્યાં નવું લશકર જમાવવા લાગી, ને પછી ફરી રોમનો સામે થઇ, પણ તેમાં નહિ ફાવવાથી પાલમીરાના કિલ્લામાં ભરાઇ સામે થવાનો વિચાર કર્યો; ને ઇરાનના પાદશાહ શાહપૂરની મદદ મેળવી. પણ તેટલાં શાહપૂર મરણ પામવાથી ઘેરો નાખી બેઠેલા રોમનોને વધુ જોર આવ્યું. આથી નિરાશ થઇ પોતે જાતે ઇરાનીઓની મદદ મેળવવાની આશાથી રાતોરાત સાંઢણીપર બેસી ઇરાન તરફ નહાઠી, પણ ૬૦ મૈલપર રોમન સરકારે આવી તેને કેદ કરી. આ બનાવ ઇ. સ. ૨૭૫ માં બન્યો. તે પછીની જીંદગી ઝેનોબિયાએ રોમમાંજ ગુજારી હતી.

**ઝેબર્ન**—નીચલા અલાસેસનું મુખ્ય શેહેર સ્ટાર્સબર્ગની ઉત્તર પશ્ચિમે ૨૨ મૈલ ઉપર છે. લોક વસ્તી ૬૬૦૫ ની છે.

**ઝેબરો**—આ ચોપગું પ્રાણી દેખાવામાં ખચ્ચરને મળતું છે. પણ તેના બદનપર કાળા પટાઓ હોય છે. એનું ઉત્પંતિ સ્થાન દક્ષિણ આફ્રિકાનો પહાડી પ્રદેશ છે. એ પાળી શકાય તેવું પ્રાણી છે, ને તે ખડતળ તથા ઘણું ઝડપથી દોડી શકે છે. એનો અવાજ બ્યૂગલ જેવો નિકળે છે. જંગલોમાં એ ટોળેટોળાં થઈ એક પોતાનાજ જાતભાઇના ઉપરીપણા તળે ફરવા નિકળે છે.

**ઝેબીદ**—યામિનમાંનું આ અરૅબિયન સુંદર શેહેર મોખાની ઉત્તરે ૬૦ મૈલ ઉપર છે. લોક વસ્તી ૭૦૦૦ ની છે.

**ઝૅમ્બેસી**—પૂર્વ આફ્રિકાની નદી. એ પશ્ચિમ કિનારામાંથી નિકળે છે. એ ૩૦૦ મૈલ સુધી સફરી વહાણુ લાયકની છે. એની પાસેનો પ્રદેશ આબો હવાની બાબમાં નુકસાનકારક છે. એ ૧૫૫૦ અને ૧૬૦૦ મૈલ સુધીની લંબાઇ ધરાવે છે. એનો પાટ લગભગ ૫૦૦૦૦ મૈલના ઘેરાવાવાળા રાજ્યમાં ફરીવળેલો છે, ને તેને કાંઠે અનેક રાજ્યો તથા શેહેરો છે. સમુદ્રથી ૫૫૦ મૈલપર પોર્ટુગીજોનો ઝુમ્બો પાસે $\frac{2}{3}$ એની લંબાઇનો પાટ બ્રિટીશ સંસ્થાનોમાં ફરી વળેલો છે. સમુદ્રથી ૯૦૦ મૈલ ઉપર વિક્ટોરિયાના ધોધ સુધી વહાણો જઇ શકે છે. આ ધોધ ૧૮૫૦ માં ડૉ૦ લીવિંગસ્ટોને શોધી કાઢયો હતો. આ ઠેકાણે નદી ૧૦૦૦ વાર પહોળી છે. ઝેમ્બેસીના ડેલ્ટાનું ક્ષેત્રફળ ૨૫૦૦ ચોરસ મૈલ છે.

**ઝેમોરા**—સ્પેનનું આ અતિ પ્રાચીન શેહેર મેડ્રીડથી રેલ માર્ગે ઉત્તર પશ્ચિમે ૧૫૦ મૈલ પર છે. અત્રે આગલા રોમન દેવળ તથા ઊનના કારખાનાં છે. લોક વસ્તી ૧૪૫૭૭ ની છે. એજ નામના પ્રાંતનું ક્ષેત્રફળ ૪૧૩૫ ચોરસ મૈલ છે. લોક વસ્તી ૨૭૦૦૭૨ ની છે.

**ઝેમોરીન**—કલીકટના આગલા અધિપતિનો રાજ્યકીય એલકાબ. હાલમાં આ ઝેમોરીનના વંશજો મલબારમાંના કેટલાક પ્રાંતમાં જણાય છે. ઝેમોરીન એલકાબ સેમીરામ ( સેમીરામીસ ) અથવા સમુદ્રી યા તામુદ્રી, દર્યાઇ રાજા ઉપરથી નિકળેલો છે. ૧૮ મી સદીમાં ૧૭૯૨માં ૧૮ આગસ્ટે ઝેમોરીને ઇસ્ટઈંડીયા કંપની સાથે કરેલી શર્તો મુજબ વરત્યો હતો. ૧૭૯૪ નાં સપ્ટેંબર અને ૧૮૦૬ માં ૧૫ મી નવેંબરે ઝેમોરીનને વર્ષાસન આપી બાંધી લીધો હતો. ૧૫૧૩માં ઝેમોરીને એક એલચી ખાતું પોતાના એલચી મારફતે પોર્ટુગલ મોકલાવ્યું હતું, જે એલચી ત્યાં ગયા પછી ખ્રિસ્તી ધર્મમાં દાખલ થવાથી ૩ જા જૉને તેને નાઇટ બનાવી જૉન ઑફ ક્રૉસ, નામ આપ્યું હતું. પણ તે હિંદુસ્તાન પાછો આયો ત્યારે તેને ઝેમોરીનની દરબારમાં મારી નાખવામાં આવ્યો હતો. ૧૫૩૨ માં આ ઝેમોરીનની પ્રજાનો મ્હોટો ભાગ ખ્રિસ્તી ધર્મમાં દાખલ થયો હતો, અને તે વેળા મોહમેદનોથી રક્ષણુ મેળવવા થકી પોર્ટુગીજોનાં કાફલાની ઝેમોરીને જ્યારે મદદ માંગી ત્યારે તેઓના ૨૦,૦૦૦ માનસોએ એક દિવસમાં બેપ્તિઝમ લીધું હતું; અને તેથી તેઓ માટે એક દેવળ તુરત બાંધવામાં આવ્યું હતું.

**ઝેમોસ્ક**—રશિયન પોલાંડનું આ કિલ્લે બંદીવાલું શેહેર વૉરસોની દક્ષિણુ પૂર્વે ૧૫૪ મૈલ ઉપર છે. લોક વસ્તી ૭૭૨૫ ની છે.

**ઝેરકોચલાં**—સૈંહ્યાદ્રિ પર્વતના પ્રદેશમાં એનાં વૃક્ષ ઉગે છે. આ વૃક્ષનાં ફળ, પાંદડાં અને સર્વ ભાગ ઝેરી હોય છે. એના પાંદડાં ઉપર કાંઇ પદાર્થ ખાતાં વિકાર થાય છે. આ ઝાડનાં ફળનાં બીજને ઝેરકોચલાં કહે છે. તે દવામાં વપરાય છે. અફીણુ તથા ભાંગની માફક કેટલાકને ઝેરકોચલાનું વ્યસન હોય છે.

ઝેરકોચલાં ચપટાં, ગોળ ને કઠણુ હોય છે. તેનું ખાસ સત્વ 'સ્ત્રીકન્યા' નામે છે. ઝેરકોચલાં દેશી અને ઈંગ્રેજી ઔષધીમાં ઘણું વપરાય છે. તે અતિ કડવું હોય છે. તે કેટલાક પશુ અને કિડાને મારવાનાં ઉપયોગમાં પણુ આવે છે.

ઝેરકોચલાનાં વિષનાં ચિન્હ ધનુર્વા જેવાજ હોય છે. વિષ લીધા પછી થોડી મિનિટમાં અગર એક બે કલાકમાં ચિન્હ શરૂ થાય છે. તેમજ દાંત ખીલી બેસે છે અને આખા શરીરમાં તાણુ આવે છે. એનું વિષ ચઢતાં તાણુ રહિ રહીને આવે છે. આથી દર્દી બે ચાર કલાકમાં મરણુ પામે છે; યા ઉપાય થતાં સારો થાય છે. ઝેરકોચલાંના ભૂકીના અર્ધા દ્રામથી સ્ત્રીકન્યાના $\frac{1}{2}$ ગ્રેનથી, એસટ્રાકટનાં ૩ થી ૪ ગ્રેનથી પ્રાણુ હાની થાય છે.

આ ઝેરનાં ઉતાર માટે ઉલટી કરાવવી; જુલાબ આપવા. ઝેર કોચલાનાં ચિન્હ શરૂ થતાં ક્લોરાફૉર્મ સુંઘાડે છે. અથવા ક્લોરલ હાઇડેડ આપે છે. ઝેર કોચલાપર ક્લોરલ હાઇડેડ વિષ છે, તેના અથવા ક્લોરો ફાર્મના ઘેનમાં દર્દીને રાખે છે. તેપર પ્રાણિજ કોલસો, ટાનીક ઍસિડ, વગેરે અપાય છે.

ઝેર કોચલાને ઘસીને ખીલ, ગુમડાં તથા સોજા ઉપર ચોપડાય છે. તેને ઘીમાં તળીને પેટની ચુંક, દુખારો, કરમ, ઝાડો તથા ઉલટી ઉપર ખાવામાં આપે છે. જનાવરોને વિષાબાધ થતાં એનાં મૂળ અથવા બીયાં ઘશીને ચોપડવાથી વિકાર દૂર થાય છે.

**ઝેલમ**—( જુઓ જેહેલમ. )

**ઝેલેંડ**—આ ટાપુ ડેનમાર્કમાં કેટગેટ અને બાલ્ટીક વચ્ચે છે. લંબાઇ ૮૦ મૈલની, ને પોહલાઇ ૬૦ મૈલની છે. ક્ષેત્રફળ ૨૬૭૦ ચોરસ મૈલ છે. લોકવસ્તી ૭૨૧૭૦૩ ની છે. મુખ્ય શેહેરો કોપેનહેગન, એલ્સીનોર અને કૉરસોર છે.



**ઝેશી હોઆનું કાંગીચો ચોંગચેંગ શોકંગ ચીનહીન ચંગશી**—ચીનની આ અતિ બાહોશ શેહેનશાહ બાનુનો જન્મ ઇ. સ. ૧૮૩૦ ની આખેરીમાં થયો હતો. એનો મંચુ જાતનો પિતા એક નાહનો અમલદાર હતો. તે ઘણી ગરીબાઇને લીધે ૧૮૩૫ માં કંતાન જઈ રહ્યો, પણ ત્યાં કશું પેટ પુરતું પણ નહિ મળતું જોઇ પોતાની પ્રિય બાળકી ઝેશીને વેચવા કાઢી, અને એ રીતે એક તવંગર ચીનાને ત્યાં ઝેશીને ગોલામડી તરીકે વેચી હતી.

ઉપલી હકીકત આ મહાન બાનુના બીજા જન્મ વૃત્તાંત લખનાર ખોટી બતાવી એવી હકીકત રજુ કરેછે કે, આ બાનુ 'શેનકુઇ' નામના નામીચા અમલદારની બેટી હતી; અને તેની માતા રાજ્યવંશી ખાનદાનની હતી. ઝેશી મંચુ જાતની હોવાથી એઓમાં પગ ટુંકા કરવાનો રેવાજ નહિ હોવાથી ઝેશી રાણી આ ઘાતકી રેવાજથી તદ્દન સલામત રહી યોગ્ય વિદ્યાભ્યાસ કરવા નશીબવંત નિવડી હતી.

ચીનનો શેહેનશાહ 'હીતકુંગ'ને પેટે કશાં સંતાન નહિ થવાથી તેણે નવી રાણી કરવાનો વિચાર ૧૮૪૮ માં કર્યો, અને ૧૫ થી ૧૮ વર્ષની મંચુ જાતની કુલીન કન્યાઓને પસંદગી માટે દેશો દેશથી તેડી. આ સંખ્યાબંધ ઉમેદવાર કન્યામાં ઝેશી પણુ દાખલ થઈ. તેમાં પરીક્ષા લેતાં ૧૦ ચુંટી કઢાઈ, જેમાં ઝેશી પણુ હતી. એ મુજબ ઝેશી રાણીપદ પામતાં બુલંદ નશીબે ૩ વર્ષ પછી ૨૦ મે વર્ષે એને ગર્ભ રહ્યો, અને એક પુત્ર પ્રસવતાં તે ભવિષના શેહેનશાહની માતા ગણાઈ. આથી બીજી પટરાણીઓમાં અદેખાઈ ઉત્પન્ન થવી જોઇએ, પણુ ઝેશીએ પોતાની બેહદ દાનાઈ અને કાબેલ્યતથી શેહેનશાહ તથા બીજી વડી રાણીઓનું એવું તો મન જીતી લીધું કે તે અદેખાઇની ભોગ થવાને બદલે સર્વેની પ્રિય બની.

આ વેળા ઈંગ્રેજો તથા ફ્રેન્ચો જોડે ચીનને વાંધો પડતાં યૂરપ્યનોએ તાકુનો કિલ્લો તાબે કરી પેકીનપર ચઢી જઈ શેહેનશાહી મેહેલ તારાજ કર્યો. આ વેળા શેહેનશાહ તથા ઝેશી પોતાના ૬ વર્ષના બાળકને લઇ 'જેહો' નામના શેકાર ગાહમાં ભરાયો ને ત્યાંજ ૧૮૬૧ માં દહેશત ખાઇ મરણુ પામ્યો. આથી 'તુંગાચીંગ' ૧૨ વર્ષની બાલ વયે ચીનનો શેહેનશાહ કહેવાયો. પણુ આ વેલા રિજન્સી કૌન્સીલ નેમી રાજ્ય વહિવટ ચલાવી વડી રાણી સાથે પોતે શેહેનશાહની બરદાસ્ત લેવા લાગી. પણુ ઝેશીને સ્વતંત્ર રાજ્ય ચલાવવાની ઉલટ હોવાથી શેહેનશાહના ભાઈ (પોતાનો દીયર) પ્રિન્સ કુંગને પોતાની મસલહતમાં લઇ રિજન્સીકૌન્સીલનાં બીજા બે અમલદારો ને 'શેહેનશાહની મરણુ ક્રિયા મોભા મુજબ નહિ કરવાના તોહમતથી પકડી ફાંસીએ ચઢાવ્યા. અને એ રીતે ઝેશી તથા

વડી રાણીએ સર્વ સત્તા હાથ કરી કુંગને વડો વજીર નેમ્યો. પણ ૧૮૬૩માં કુંગને બરતરફ કરી ફરી પાછળથી પોતાના વિશવાસમાં લઈ વજીર બનાવ્યો હતો.

૧૮૭૨માં બાળક શેહેનશાહ ૧૮ વર્ષની લાયક ઉમરે પોંહચતા અસલી રેવાજ મુજબ કુલીનકન્યાઓની પરિક્ષા લઇ 'પ્રિન્સ ચંગ' ની પુત્રી 'એલાઉતે' ને પસંદકરી. તે પછી શેહેનશાહ લાયક ઉમરનો થતાં ઝેશીને સર્વે કરોબાર સંપૂરદ કરવાનું વડી રાણીએ ઝેશીને સુચવ્યું. અને શેહેનશાહે મરતી વેળા આપેલો ચોકસ એખત્યાર નામું ઝેશીને બતલાવ્યું; પણ હવે તેની કશી જરૂર નહિ જોઇ ઝેશી સામે બાળી નાખ્યો. પણ ઝેશીને આથી પોતાને મરહૂમ પતિના અવિશવાસી પણાપર ભારે ગુસ્સો ચઢયો, અને તે પછી તેણી સ્વતંત્ર પણે વર્તવા લાગી. તે એટલા સુધી કે ઘણી વેળા શેહેનશાહની પણ મરજી વિરૂધ હુકમ બજાવવા લાગી. ૧૮૭૪માં શેહેનશાહે પ્રિન્સ કુંગને વજીરાત ઉપરથી દુર કર્યા છતાં ઝેશીએ તેને વજીરાતપર કાયમરાખી પોતાની સત્તા બજાવી બતાવી હતી. પણ ૧૮૭૫માં શેહેનશાહ મરણ પામ્યો. આ વેળા જુવાન શેહેનશાહ બાનુને હમેલ હોવાથી તે જો પુત્ર પ્રસવે તો ઝેશીની સત્તા નિરમૂળ થઇ, જુવાન વહુ રીજંટ થાય, એમ હોવાથી ઝેશી તથા વડી રાણીએ મળી જુનો રેવાજ નો એક કાયદો અમલમાં મેળી વહુનો હક ડુબાડી પોતાના દીયર પ્રિન્સ ચંગનો બેટો ૪ વર્ષનો હતો તેને રાજ્યપદ આપ્યું અને પોતે રીજંટ થઇ. તે પછી પ્રિન્સ કુંગે ૧૮૮૪માં રાજીનામું આપ્યું. ને તેથી પ્રિન્સ ચુંગ નેમાયો. જેના વહિવટમાં ઝેશીએ સર્વ સત્તા હાથ રાખી પોતાની બાહોશીથી પ્રજાપ્રિતી સંપાદન કરી. શેહેનશાહ કવાંગશુ જરા કડક અને સ્વતંત્ર ખવાસનો તથા સુધારા તરફ વળેલો હોવાથી તે ઉમરે પુગ્યા છતાં ઝેશીએ તેની કુલ સત્તા ૧૮૯૪માં પોતાને હાથ લીધી. પણ ૧૮૯૬માં 'ટવાંગ ચુની' નામના વિદ્વાન શિક્ષા ગુરૂના સુધરેલાં વિચારપર દોરવાઇ શેહનશાહે રાજ્યમાં યૂરપ્યન સુધારા દાખલ કરવાનાં કાયદા ઘડવાનો નિશ્ચકર્યો, અને સામાથનાર અધિકારીઓને દેશ નિકાલ કર્યા. તે પછી વધુ આપખુદ સત્તા ચલાવવા જતાં ઝેશીએ તેને એકદમ નજરકેદ કર્યો. ૧૮૯૯માં ૨૦મી સપટેંબરે ઢંઢેરા મારફતે શેહેનશાહને વહિવટમાંથી દુર કરેલો જણાવી સર્વ સત્તા હાથ કરી, સુધારાવાલાઓને તેમને ફેજે પોંહચાડયા હતા.

આ શેહેનશાહબાંનુ ગાયનની ભારે શોખીન છે, ૬૦ વર્ષની ઉમર થઇ ત્યાં સુધીતે પરદેપોશ હતી અને સર્વ વહિવટ તથા વજીરો સાથની મુલાકાત એક પરદા આડે બેશીને વાતચીત કરી ચલાવતી. ઝેશીએ ટુંકી પગવાલી સ્ત્રીઓને મેહેલમાં દાખલ થતી બંધ કરવાથી આ રેવાજ ચીનાઓમાંથી દિનપર દિન નાબુદ થવા માંડયો છે. ૧૯૦૧માં 'બોક્સરો' ના બળવા સમયે ચીનમાં મિશનરી તથા ખ્રિસ્તી અમલદારોની ભારે કતલ ચાલી, તે વેળા યૂરપ્યન રાજ્યોનાં સામટા લશકરી હુમલાથી પેકીન જીતીલેતાં ઝેશી ખજાના સાથે દૂર નહાશીગઇ પણ પાછળથી કોલકરાર થતાં ૧૯૦૨ ની જાનેવારીમાં પેકીનમાં આવી રાજ મેહેલમાં વસવાટ કર્યો હતો, હાલમાં સર્વ કારોબાર ઝેશીને તાબે હોઇ શેહેનશાહ માત્ર નામનો છે.

**ઝેહાન**—ટારમાનિયાના પશ્ચિમ કાંઠા ઉપરનું ખાણોવાળું શેહેર. સ્ટ્રેહાનનાબંદરથી રેલ માર્ગે ૨૯ મૈલ ઉપર છે. શેહેરની વસ્તી ૧૮૯૧ માં ૬૦૦૦ની હતી. ૧૮૮૪ માં આ શેહેર નજદીકથી ઉત્તમ પ્રકારની ચાંદીની ખાણો જડી આવતાં તે ચઢતી કળાએ પુગું છે.



**ઓનિયસ**—આ માછલી ૨ ફીટ ૯ ઈંચ લાંબી હોય છે. એ પિનાંગમલાયાની સામૂદ્રધૂનિ, સીંગાપોર, મલબાર, કારોમાંડળ, બંગાલનો આખાત, તેનાસરીયમ, કંતાન, ચાયના સમુદ્ર, મદુરા અને જાવાના સમુદ્રમાં મળે છે. આ માછલી ખાવામાં પુશકળ સ્વાદીષ્ટ હોવાથી તે ઘણી પકડવામાં આવે છે.

**ઑબ**—અફઘાનિસ્તાનમાંની આ નદી (અથવા ઉત્તર બલુચીસ્તાન) ઉત્તર પશ્ચિમમાં ગોમુ· અને મળી, સુલેમાન પર્વતમાં વહેતી ડેરાઈસમાઇલખાન પાસે ઈંડસને મળે છે. એની આસપાસનો દેશ ૧૮૮૯ માં બ્રિટીશોને તાબે આવ્યો હતો.

**ઓમબૉર**—હંગેરીનું આ શેહેર બકસ જીલ્લાનું મુખ્ય શેહેર છે. ઇરકથી રેલ માર્ગે ઉત્તર પૂર્વમાં ૪૨ મૈલ ઉપર છે. વસ્તી ૨૬૪૩૫ ની છે.

**ઓરાસ્ટર**—બાબિલોનમાં જે પહેલા રાજ્ય વંશે ઇ. સ. પૂર્વે ૨૨૩૫ થી ૨૦૧૧ (૨૨૪ વર્ષ) સુધી રાજ્ય કર્યું હતું તેનું નામ. આ સવાબે સદીના અમલ દરમ્યાન ૭ રાજાઓ થયા હતા. યૂસેબસની આરમેનિયન ગ્રંથમાં જણાવેલી બેરોસસના ખાલદીયનોની ટીપમાં ઓરારટરનું નામ એક રાજવંશનું આપ્યું છે. એપરથી એમ જણાય છે કે બાબિલોનપર જે મીદીયન રાજ્ય સ્થાપ્યું તે હશે.

ઇરાનીની તવારીખ મુજબ આ વંશ જરથોસ્ત્રેતેઓએ સ્થાપન કરેલો હશે. કેમકે ગુશતાસ્પના અમલ પછી દસ્તુરો તથા મોબેદોનું જોર વધતાં તેઓએ પોતાની સત્તા જગેજગ મુસ્તકીમ કરતા જઇ તેમનો એક ટોળો બલ્ખથી બાબીલોન જઇ ત્યાં રાજ્ય જીતી ઠરી ઠામ થયો હતો, અને તેઓએ ૨૨૪ વર્ષની મુદત અમલ ભોગવ્યો તે દરમ્યાન તેમના ૮ જાએનશીન પાદશાહ થયા હતા.

**ઓલા એમીલી**—આ જાણીતા ફ્રેન્ચ વાર્તા લખનાર તથા વિદવાનનો જન્મ ૨ જી એપ્રેલ ૧૮૪૦ માં એક્ષ ખાતે થયો હતો. ૭ વર્ષની વયે એનો પિતા મરણ પામતાં તે પોતાની દાદીનાં આશ્રય હેઠલ જઇ રહ્યો. પણ આ દાદી ૧૮૫૭માં મરણ પાંમતાં ગરીબ હાલતે પુગો, પણ એના પિતાનાં મિત્રોએ મદદ કરવાથી એણે પોતાનો અભ્યાસ વધારી ૨૦ વર્ષની વયે માર્સેલ ખાતે એક ઓફીસમાં કલાર્ક તરીકે રહી ત્યાં કવિતા રચવાનો શોખ ખીલવ્યો, પણ તે પછી ૧૮૬૨ માં એક બુકસેલરને ત્યાં નોકરીપર રહી વાર્તા લખવાની શરૂઆત કરી. પેહેલી વાર્તા સ્યુરડીપૉવર્સ, લે મીસ્ત રીઝડી મારસેલ્સ અને થેરીસ્ત ફેકવીન નામની વાર્તાઓ લખી બહાર પાડી, આ વાર્તાઓમાં તેણે મનુષ્ય જાતનાં સ્વભાવનાં આબેહુબ ચીત્રો દોર્યાં હતાં. તે પછી 'લાસોમરી' નામની વારતાઓ લખી, જેની ૫૦ આવૃતિઓ બહાર પડી હતી. તે સિવાય એણે લાટેરી, લાબેટીહ્યૂમેન, લાડી બેકલી, ડૉક્તર પાસ્કલ, પારીસ, રોમ, વગેરે વાર્તા તથા જ્ઞાનના ગ્રંથો છપાવી પ્રગટ કર્યા હતાં. ૧૮૯૭-૯૮ માં કેપટન ડરેફુસનો કજીયો ચાલતાં તેમાં આગેવાનીભર્યો ભાગ લઇ સરકાર સામે થતાં તેને એક વર્ષના કેદખાનાની તથા ૩૦૦ ફ્રાંકના દંડની સજા થઇ પણ તે ઇંગલાંડ યુક્તિથી નાહાસી ગયો. તે અરસામાં 'ફેકનડીટી' નામની કથા લખી. જે ૧૮૯૯ માં છપાઈ. ડરેફુસનો છુટકો થતાં એ પેરીસ આવી રહયો હતો. ૧૯૦૨ માં અકસમાતિક સુવાના ઓરડામાં કોલ ગ્યાસથી ગુંગળાઇ મરણ પામ્યો હતો.

**ઓવરિન્ક**—બોસેનિયાનું આ કિલ્લે બંદીવાલું શેહેર ડ્રીના નદી કાંઠા પર છે. 'સારા જીવા' ઉત્તર પુર્વે ૬૦ મૈલ પર છે. વસ્તી ૩૫૦૦ ની છે.

**ઓવિક્યૂ**—સેકસનીનું આ અતિ સુંદર શેહેર, ડ્રેસડનની દક્ષિણ પશ્ચિમે રેલદવારે

૮૨ મૈલપર છે. અત્રેના પુરાણા કિલ્લાને હાલ જેલમાં ફેરવી નાખવામાં આવ્યું છે. ૧૮૭૫ માં વસ્તી ૩૧૪૯૧ ની ને ૧૮૯૧માં ૪૪૧૯૨ ની.

**ઝોસી**—અલાહબાદ જીલ્લામાંનું ગામડું. આ શેહેર અતિ પ્રાચીન કાળનું ગણાય છે. ઈ. સ. પૂર્વે ૨૨૦૦ માં અત્રે પ્રતિસ્તાનનું રાજ્ય હતું, અને પુરૂરવા અત્રે પ્રથમ રાજા થયો હતો. અકબરનાં અમલ દરમ્યાન આ અગત્યનું ગામ હતું. હાલમાં આ શેહેર નવા ને જુના એવા બે ભાગમાં વેંહેચાયલું છે. જુનામાં ૨૨૭૭ ની, ને નવામાં ૧૪૦૪ ની વસ્તી છે.

પુસ્તક ૫ મું સમાપ્ત.

રતનજી ફરામજી શેઠના—કૃત.

# જ્ઞાનચક્ર

યાને

# ગુજરાતી સાઇક્લોપીડિયા

પુસ્તક ૫ માંનાં

ગ્રંથ તૈયાર છે. | વિષયાનુક્રમણિકાઃ— | કિમત રૂ ૩–૦–૦

## વિષયાનુક્રમણિકાનું સામટું સાંકળિયું.


**વિદ્યા તથા શાસ્ત્રો** (સંગીત, પિંગળ, રસાયન, ગણિત, જ્યોતિષ, નાટ્યકળા, ખગોળ, વાયૂચક્ર વગેરે) ... ... ... ... ... ... ... ... ૪૦૪
વૈદક અને શારિરિક શાસ્ત્ર તથા દવાઓ... ... ... ... ... ... ૪૦૪
ખનીજ પદાર્થ અને ધાતુ તથા મંત્રશાસ્ત્ર સંબંધી ... ... ... ... ૪૦૪
પ્રાણી વર્ણન ... ... ... ... ... ... ... ... ૪૦૫
વિદ્યા હુન્નર, કળા કૌશલ્યા અને બનાવટ ... ... ... ... ... ૪૦૫
ભાષા, ગ્રંથો, રમત ગમત અને વાજીંત્રો વિષે. ... ... ... ... ... ૪૦૫
રાહ રસમ, તેહેવારો, ખેતાબો અને ઓહ્દા. ... ... ... ... ... ૪૦૫
વિવિધ જ્ઞાનસંગ્રહ ... ... ... ... ... ... ... ૪૦૬
ઇતિહાસ સંબંધી ... ... ... ... ... ... ... ... ૪૦૬
**વનસ્પતિ શાસ્ત્ર સંગ્રહ.** ... ... ... ... ... ... ... ૪૦૬
**જન વર્ણન** (જૂદી જૂદી કોમોનાં પંથ, મત, ટોળા ઈત્યાદિ વિષયો... ... ... ૪૦૭
**જન્મ ચરિત્રો** (જૂદી જૂદી કોમોનાં સ્ત્રી પુરૂષોનાં) ... ... ... ... ૪૦૮
**સર્વ ધર્મ જ્ઞાન વિષયો** ... ... ... ... ... ... ૪૧૦
ભૂગોળ વર્ણન (નદી, નાળાં, સરોવરો વગેરે ... ... ... ... ... ૪૧૦
" " (પહાડો કિલ્લા, અને કુદ્રતી અદ્દભૂતતા અને ગુફા ... ... ... ૪૧૦
" " (ખંડ, રાજ્ય, ઇલાકા પ્રાંતો, ટાપુ, શેહરો વગેરે ... ... ... ૪૧૧

## વિદ્યા તથા શાસ્ત્રો સંબંધી.

[ સંગીત, પિંગલ, રસાયન, ગણિત, જ્યોતિષ, નાટ્યકળા, ખગોળ, વાયૂચક્ર વગેરે. ]


ધેંડસ ... ... ૫
ચક્ર ... ... ... ૧૩
ચક્રપદછંદ ... ... ૧૪
ચંચરીછંદ ... ... ૧૭
ચંચળાછંદ ... ... ૧૭
ચંડવૃષ્ટિછંદ ... ... ૧૮
ચતરંગ ... ... ૨૦
ચંદ્રછંદ ... ... ૨૦
ચંદ્ર ... ... ... ૨૨
ચંદ્રગુપ્તનો કાલ ... ૨૭
ચંદ્રરેખા ... ... ૨૯
ચંદ્રવર્તમ ... ... ૨૯
ચંદ્રલેખાછંદ ... ... ૨૯
ચંદાના ... ... ૩૦
ચંદ્રીકા... ... ... ૩૧
ચંપકછંદ ... ... ૩૩
ચર્ચરી ... ... ૪૦
ચામરછંદ ... ... ૭૦
ચાવરછંદ ... ... ૮૬
ચોપાઇ ... ... ૧૬૭
ચોબોલા ... ... ૧૬૭
ચોપદીછંદ ... ...
છંદશાસ્ત્ર ... ... ૧૭૬
છાયાનટ ... ... ૧૮૫
છેલછંદ... ... ... ૧૮૮
જંગલો-રાગણી ... ૧૯૬
જયંતી-રાગણી ... ૨૨૨
**જયોતિષ શાસ્ત્ર ... ૨૩૩**
જયોતિષનો ઇતિહાસ ૨૩૩
જયોતિષનો હિંદુ ધર્મ સાથનું—... ... ૨૩૪
તમામ વર્ણન... ૨૩૫
જવલન (ક્રમ્મશયન.) ૨૫૯
જીલ્હ—રાગણી ... ૩૧૪
જીલ્લો—રાગણી ... ૩૧૪
જુનો—ગ્રહ ...
જેજેવંતી—રાગણી ... ૩૨૮
જૈતશ્રી—,, ... ... ૩૫૭
જૈત—રાગ ... ... ૩૫૭
જોગ—,, ... ... ૩૬૨
જોગીયા—રાગ ... ૩૬૨
જોગીયા અસાવરી ... ૩૬૩
જોનપુરી રાગણી ... ૩૭૦
ઝીંઝોટી—રાગણી ... ૩૯૧
ઝીંઝોટી પહાડી ... ૩૯૧


### વૈદક તથા શારીરિક શાસ્ત્ર અને દવાઓ.


ઘેરીનસ ... ... ૧૧
ચપા-રોગ ... ... ૩૩
ચરબી... ... ... ૪૧
ચસકા... ... ... ૪૨
ચાંદી ... ... ... ૫૫
ચાંદુ ... ... ... ૫૫
ચાંપા ... ... ... ૫૯
**ચામડી ... ... ૫૯**
ચુંકો ... ... ... ૧૪૦
ચેહેરો ... ... ... ૧૫૭
ચોટ ... ... ... ૧૬૫
**જખમ ... ... ૧૯૧**
જડબાં... ... ... ૨૦૦
જરીમરી ... ... ૨૬૩
જળંદર ... ... ૨૮૦
જાહેરો ... ... ૩૦૭
જીભ ... ... ... ૩૧૧
જુજર બીસ ... ... ૩૧૭
જેહેરો ને તેમનું વર્ણન ૩૫૩
જેહેર— સોમલનું ... ૩૫૩
,,—હડતાલનું ... ૩૫૪
,,—અફીણનું ... ૩૫૪
,,-એન્ટીમનીનું ... ૩૫૪
,,—રસકપુરનું ... ૩૫૪
,,—ચિત્રકનું ... ૩૫૫
,,—ભિલામાનું ... ૩૫૫
,,—થોરનું ... ૩૫૫
,,—નેપાળાનું ... ૩૫૫
,,—ત્રાંબાનું ... ૩૫૫
,,—મોરથુથુનું ... ૩૫૫
જેહેર—સીસાનું ... ૩૫૫
,,—મધમાખનું ... ૩૫૫
,,—હિંગળાનું ... ૩૫૫
,,—બછનાગનું ... ૩૫૫
,,—દેડકાનું ... ૩૫૫
,,—કુચલાનું ... ૩૫૬
,,—ઉંદરનું ... ૩૫૬
,,—ગરોળીનું ... ૩૫૬
,,—સાંપનું ... ૩૫૬
,,—કુતરાનું ... ૩૫૭
,,—કોતરણનું ... ૩૫૭
,,—ભમરાનું ... ૩૫૭
,,—સરડાનુ ... ૩૫૭
,,—કાચનું ... ૩૫૭
જેહેર મોહોર... ... ૩૫૭
ઝામરો... ... ... ૩૮૬


### ખનીજ પદાર્થ અને ધાતુ તથા યંત્ર શાસ્ત્ર સંબંધી.


ચકમક... ... ... ૧૩
**ચાંદીની** ઉપજ ... ૪૯
,, કૃતિ... ... ૪૯
,, બનાવટ ... ૪૯
**ચાંદીની** ગાળવાની રીત ૫૦
,, મિશ્રધાતુ ... ૫૨
,, કસોટી ... ૫૨
,, ગીલીટ ... ૫૩
**ચાંદીના** ગુણ ધર્મ ... ૫૪
,, ઉપયોગ ... ૫૪
ચિરોડ ... ... ... ૧૦૪
ચીમની ... ... ૧૩૭





ચોક ... ... ... ૧૬૧
જર્મનસિલ્વર ... ... ૨૪૬
**જસત ... ... ૨૭૨**
જસતની બનાવટ ... ૨૭૩
જસતને શુદ્ધ બનાવવાની રીત ... ૨૭૩
જસતનો ઉપયોગ ... ૨૭૪
જસતની હલકી ધાતુ ૨૭૫
જીપસમ ... ... ૩૧૦
જેકીથ... ... ... ૩૨૭
જેટ ... ... ... ૩૨૮
જેડ ... ... ... ૩૨૯


### પ્રાણી વર્ણન.


ઘોડામાખી, ... ... ૬
ઘોડો ... ... ... ,,
ચકનાસ ... ... ૧૩
ચકોર ... .. ... ૧૫
ચક્ષુઃશ્રવા ... ... ૪૩
ચાસ ... ... ... ૮૬
ચિમ્પાન્ઝી ... ... ૧૦૪
ચીગોય ... ... ૧૦૯
ચીનચીલા ... ... ૧૨૭
ચીપમંક ... ... ૧૩૭
ચીકચીક ... ... ૧૩૭
ચીલીવા ... ... ૧૩૯
ચેટ ... ... ... ૧૪૩
ચેટરર ... ... ... ૧૪૩
ચેરીન્ચ ... ... ૧૪૭
ચેમિરા ... ... ૧૦૪
ચોઝ ... ... ... ૧૬૫
છછુંદર ... ... ૧૭૩
જંગલી કાગડો ... ૧૯૫
જબીરૂ... ... ... ૨૦૩
જરબીલ ... ... ૨૪૫
જરમોઆ ... ... ૨૪૬
જળો ... ... ... ૨૯૦
જીગર ... ... ... ૩૦૭
જીનેટ ... ... ... ૩૦૯
જીરાફ ... ... ... ૩૧૩
જુ ... ... ... ૩૧૬
જેકમાર્સ ... ... ૩૨૬
જેકાના ... ... ૩૨૭
જેકો ... ... ... ૩૨૭
ઝરખ ... ... ... ૩૮૧
ઝોબરો ... ... ૩૯૭
ઝોનીયસ ... ... ૪૦૧


### વિદ્યા હૂન્નર, કળા કૌશલ્યા ને બનાવટો.


ચટાઇ ... ... ... ૧૭
ચરગાખાર ... ... ૪૦
**ચામડાનો હૂન્નર ... ૬૦**
,,-તેની હિંદમાં કળા ૬૦
ચામડાનો વેપાર ... ૬૨
ચામડા કેળવવાની કળા ૬૩
ચામડાં રંગવાની રીત ૭૦
**ચાહની તવારીખ વેપાર, ખેતી, ગુણ-દોષ અને બનાવટનું વર્ણન** ... ... ૮૭
ચાહ હિંદમાં... ... ૮૮
ચાહ સિલોનમાં ... ૮૯
ચાહ ચીનાઇ... ... ૯૦
ચાહની ખેતીનો ઉદ્યમ ૯૧
ચાહ ગ્રીન ... ... ૯૧
ચાહનું રસાયણ પૃથક્કરણ ૯૩
ચાહના નામોની ઉત્પતિ ૯૫
ચાહનું તેલ ઔષધિ ક્રિયામાં ૯૬
**ચિત્ર રેખન કળા .. ૧૦૦**
**ચીનીકામ ... ... ૧૩૧**
,, જેપાનમાં ... ૧૩૨
,, ઇરાનમાં ... ૧૩૨
,, યૂરપમાં ... ૧૩૩
,, ઇટલીમાં ... ૧૩૩
,, ફ્રાન્સમાં ... ૧૩૪
,, જર્મનીમાં ... ૧૩૫
ચુવિંગ—ગમ ... ૧૪૨
છટાક ... ... ... ૧૭૩
છબી પાડવાની વિદ્યા ૧૭૪


### ભાષા, ગ્રંથો, રમત ગમત અને વાજીંત્રો વિષે.


ચકમા... ... ... ૧૩
ચાચનામે ... ... ૪૬
ચારતાર ... ... ૭૨
ચિક્કાર... ... .. ૯૬
ચુધાન... ... ... ૧૪૦
જંદ અવસ્તા ... ૨૦૦
જલતરંગ ... ... ૨૬૪
**છાપાકળા .. ... ૧૭૬**
,, નો ઇતિહાસ ૧૭૬
,, હિંદમાં ... ૧૭૯
,, બીજાંની શોધ ૧૮૦
,, મેટરિકસ ... ૧૮૦
છાપાકળાના જૂદા જૂદા ફાઉંટ ... ૧૮૧
,, છાપવાની રીત ૧૮૨
,, નાં યંત્રો ... ૧૮૩
,, છાપવાની સાહી ૧૮૪
**છીંટ ... ... ... ૧૮૬**


### રાહ રસમ—તેહેવારો તથા ખેતાબો ને ઓદ્ધા.


ચક્રવતિ ... ... ૧૪
ચાંદ ... ... ... ૪૭
ચાંદલો... ... ... ૪૮
ચાન્સેલર ... ... ૫૬
ચેપલેન ... ... ૧૪૬
ચેમ્બરલેન ... ... ૧૫૦
ચેસ્યુસ ... ... ૧૫૫
છુંદણા... ... ... ૧૮૭
**જઝીયા વેરો ... ૧૯૮**
જનરલ ... ... ૨૦૧
જ્યૂબિલી ... ... ૨૩૨

| | |
|---|---|
| ચક્ષુશાસ્ત્ર ... ... | ૧૪ |
| ચંગ ... ... ... | ૧૫ |
| ચપાતી ... ... | ૩૫ |
| ચમરી ... ... ... | ૩૭ |
| ચસમા ... ... ... | ૪૨ |
| ચાંદ ... ... ... | ૪૭ |
| ચાંદ્રમાસ-વર્ષ ... | ૪૭ |
| ચાન્સેરી ... ... | ૫૬ |
| ચારકોલ ... ... | ૭૧ |
| ચુંદરી ... ... ... | ૧૪૧ |
| ચેન ... ... ... | ૧૪૫ |
| ચેમ્બર્સ ઓફ્ કોમર્સ | ૧૪૯ |
| ચેહેલમિનાર ... ... | ૧૬૦ |
| ચોંગ ... ... ... | ૧૬૫ |
| ચોગા ... ... ... | ૧૬૫ |
| ચોથ ... ... ... | ૧૬૬ |
| ચોપીન ... ... | ૧૬૭ |
| ચોરપૂટ ... ... | ૧૬૭ |


## વિવિધ જ્ઞાન સંગ્રહ.


| | | | |
|---|---|---|---|
| છાપાકળા ... ... | ૧૭૬ | જીનીવા ... ... | ૩૦૯ |
| છાપવાની સાહી ... | ૧૮૪ | જુન ... ... ... | ૩૧૭ |
| છાપો ... ... ... | ૧૮૫ | જુરીબ ... ... | ૩૨૦ |
| છાશ ... ... ... | ૧૮૫ | જુલૈ ... ... ... | ૩૨૩ |
| જંક ... ... ... | ૧૯૦ | જે ... ... ... | ૩૨૫ |
| જંગલ ... ... ... | ૧૯૫ | જેક ... ... ... | ૩૨૫ |
| જંજીરગોળો ... ... | ૧૯૭ | જેકીંથ ... ... ... | ૩૨૫ |
| જયસ્થંભ ... ... | ૨૨૭ | જેકોબ્સ ... ... | ૩૨૭ |
| જયૂરી ... ... | ૨૩૨ | જેટ ... ... ... | ૩૨૮ |
| જલુસ ... ... ... | ૨૬૮ | જેડ ... ... ... | ૩૨૯ |
| જવાલામુખી ... ... | ૨૭૦ | જોડાઅક્ષર ... ... | ૩૬૩ |
| જાતા ... ... ... | ૨૮૯ | જોડા ... ... ... | ૩૬૩ |
| જાદુમંત્ર ... ... | ૨૯૦ | ઝંબુરક ... ... | ૩૮૦ |
| ,, બીરમંત્ર ... | ૨૯૦ | ઝમઝમા ... ... | ૩૮૦ |
| ,, મુઠમારવાના મંત્ર | ૨૯૧ | ઝવેરાત ... ... | ૩૮૨ |
| જાનેવારી ... ... | ૨૯૨ | ઝાફર ... ... ... | ૩૮૫ |
| જાસપર ... ... | ૩૦૬ | | |
| જીન ... ... ... | ૩૦૮ | | |


## ઈતિહાસ સંબંધી.


| | | | | | |
|---|---|---|---|---|---|
| ચીનનો ઇતિહાસ ... | ૧૧૮ | જર્મનીનો ઇતિહાસ ... | ૨૫૩ | જેપાનનો ઇતિહાસ | ૩૩૪ |
| ચાંપાનેરનો ,, ... | ૫૭ | જેનીઝેરીસ ... ... | ૩૩૨ | ઝુલુઓનો ઇતિહાસ ... | ૪૭૪ |
| ચૌલ રેવદંડાનો ,, ... | ૧૬૯ | | | | |


## ઝાડપાન, વનસ્પતિ, ખેતીવાડી, મૂળીયાં, ફળફુલ, પાન, મેવા, અનાજ અને જડીબુટ્ટી વગેરે.


| | | | | | |
|---|---|---|---|---|---|
| ઘાસ ચીનાઈ ... ... | ૧ | ચંદ્રુસ ... ... ... | ૩૧ | ચાહનો ઇતિહાસ ... | ૮૭ |
| ઘાસગંજી ... ... | ૪ | ચંદેલી ... ... ... | ૩૨ | ,, વેપાર ... | ૮૯ |
| ઘાસ પિત્ત પાપડો ... | ૪ | ચંપ્પૂતી ... ... | ૩૩ | ,, ,, હિંદમાં ... | ૮૯ |
| ઘેંડસ ... ... ... | ૫ | ચંબેલી ... ... | ૩૭ | ,, ચીનાઈ ... | ૯૦ |
| ઘેવડો ... ... ... | ૫ | ચંબોગમ ... ... | ૩૭ | ,, ખેતી ... | ૯૧ |
| ઘોટી ... ... ... | ૬ | ચમેલી ... ... ... | ૩૮ | ,, બનાવટ ... | ૯૨ |
| ઘોટીવેલ ... ... | ૬ | ચ્યૂલાન ... ... | ૩૯ | ,, ઔષધિ તત્વ | ૯૩ |
| ઘોડાકાતરી ... ... | ૬ | ચલોરેન્યસ ઓફ્ ... | ૪૧ | ,, નું પૃથુકરણ | ૯૩ |
| ઘોડાવચ ... ... | ૬ | ચવેણી ... ... ... | ૪૧ | ,, ચાહ લીલી ... | ૯૬ |
| ઘોલીકા ... ... | ૧૨ | ચાઇના રૂટ ... ... | ૪૩ | ચાહોંગ ... ... ... | ૯૬ |
| ઘોળ ... ... ... | ૧૨ | ચાઇવ ... ... ... | ૪૩ | ચિકુ ... ... ... | ૯૬ |
| ચક્રિકા ... ... ... | ૧૫ | ચાંએ ... ... ... | ૪૩ | ચિકોરી ... ... | ૯૭ |
| ચંગાલ ... ... | ૧૬ | ચાંએમૂગ ... ... | ૪૪ | ચિત્રક ... ... ... | ૯૯ |
| ચણા ... ... ... | ૧૮ | ચાકવત ... ... ... | ૪૫ | ચિત્રો ... ... ... | ૧૦૩ |
| ચણોઠી ... ... | ૧૯ | ચાંપો ... ... ... | ૫૮ | ચિમડ ... ... ... | ૧૦૩ |
| ચંદન બટવો ... ... | ૨૧ | ચારૂ ... ... ... | ૮૪ | ચિરાટા ... ... | ૧૦૪ |
| ચંદ્ર પુષ્પા ... ... | ૨૯ | ચારોળી ... ... | ૮૪ | ચીકરાસી ... ... | ૧૦૬ |





| | | | | | |
|---|---|---|---|---|---|
| ચીકવિડ ... ... | ૧૦૭ | ચોળા ... ... ... | ૧૬૯ | જીયાપોતો ... ... | ૩૧૨ |
| ચીગેરીટ ... ... | ૧૨૭ | ચૌધારી ... ... | ૧૬૯ | જીરૂં ... ... ... | ૩૧૪ |
| ચીનઝો આય ... ... | ૧૨૮ | જંગલી તંબાકુ ... | ૧૯૬ | જીસ્ટબાર્ક ... ... | ૩૧૬ |
| ચીનબ્રૂમ ... ... | ૧૨૮ | જટામાસી ... ... | ૧૯૯ | જુઇ ... ... ... | ૩૧૭ |
| ચીનાઇ ઘાસ ... ... | ૧૨૯ | જમ્બુક ... ... | ૨૦૬ | જુડાસટ્રી ... ... | ૩૧૭ |
| ચીનાય ... ... | ૧૩૧ | જમાલગોટો ... ... | ૨૧૯ | જુનીપર ... ... | ૩૧૯ |
| ચીભડું ... ... | ૧૩૭ | જરદાળુ ... ... | ૨૪૫ | જુરેનીયમ ... ... | ૩૨૦ |
| ચીરબોર ... ... | ૧૩૮ | જરબીર ... ... | ૨૪૫ | જુવાર ... ... | ૩૨૪ |
| ચીવેન્ડી ... ... | ૧૪૦ | જરમાઇ ... ... | ૨૬૨ | જેક ... ... ... | ૩૨૫ |
| ચુકા ... ... ... | ૧૪૦ | જવ ... ... ... | ૨૬૯ | જેકોબ્સલેડર ... ... | ૩૨૭ |
| ચુવિંગ—ગમ ... | ૧૪૨ | જવખાર ... ... | ૨૬૯ | જેઠીમધ ... ... | ૩૨૮ |
| ચેર ... ... ... | ૧૫૩ | જસ્ટીનીઆ ... ... | ૨૭૨ | જેનશીયન ... ... | ૩૩૧ |
| ચેરન્યસ ચેરી ... | ૧૫૩ | જાઇ ... ... ... | ૨૮૨ | જેમેકાપેપર ... ... | ૩૪૫ |
| ચેરવીલ ... ... | ૧૫૩ | જાનવેલ ... ... | ૨૯૧ | જેરૂસલેમ આર્ટીચોક | ૩૪૬ |
| ચેરી ... ... ... | ૧૫૪ | જાંબ ... ... ... | ૨૯૪ | જેલમ ... ... ... | ૩૪૯ |
| ચેરીમેલી ... ... | ૧૫૪ | જાંબુ ... ... ... | ૨૯૫ | જેસનિરા ... ... | ૩૫૦ |
| ચેરીમોયા ... ... | ૧૫૫ | જામફળ ... ... | ૨૯૬ | જેસમીન ... ... | ૩૫૦ |
| ચેરૂપુના ... ... | ૧૫૫ | જાયફળ ... ... | ૩૦૦ | જેહેરીક્યુરો ... ... | ૩૫૭ |
| ચેસ્ટનટ ... ... | ૧૫૬ | જાલપ ... ... ... | ૩૦૩ | જોનકવિલ ... ... | ૩૬૭ |
| ચોકચેરી ... ... | ૧૬૨ | જાવંત્રી ... ... ... | ૩૦૫ | ઝરસ ... ... ... | ૩૮૨ |
| ચોખા ... ... | ૧૬૨ | જાસવેણુ ... ... | ૩૦૬ | ઝાડપાન વિદ્યા ... | ૩૮૫ |
| ચોત્રા-ફુલ ... ... | ૧૬૬ | જાસવંદ ... ... | ૩૦૬ | ઝાડશેવાળ ... ... | ૩૮૫ |
| ચોધારીશિંગ ... ... | ૧૬૬ | જીગની ... ... | ૩૦૭ | ઝીંઝરૂટ ... ... | ૩૯૦ |
| ચોપચીની ... ... | ૧૬૬ | જીતેલ ... ... ... | ૩૦૮ | ઝેનીઆ ... ... | ૩૯૬ |
| ચોમદરી ... ... | ૧૬૭ | જીનસીંગ મૂળ ... | ૩૦૮ | ઝેરકોચલાં ... ... | ૩૯૮ |


## જન વર્ણન.

### જુદી જુદી કોમોનાં પંથ, મત, ટોળાં ઈત્યાદી વિષયો.


| | | | | | |
|---|---|---|---|---|---|
| ચકમા ... ... ... | ૧૩ | ચાબ ... ... ... | ૫૯ | ચેપાંગ ... ... ... | ૧૪૭ |
| ચંગ ... ... ... | ૧૫ | ચરિન ... ... ... | ૭૧ | ચેરૂકી ... ... | ૧૫૫ |
| ચંગલો ... ... | ૧૬ | ચાહિરા ... ... | ૯૬ | ચેરોકીસ ... ... | ૧૫૫ |
| ચંગાર ... ... ... | ૧૬ | ચિતા-મિના ... ... | ૯૭ | ચોકતાસ ... ... | ૧૬૨ |
| ચધતાઇ ... ... | ૧૭ | ચિકવિટોઝ ... ... | ૧૦૭ | ચોએ ... ... ... | ૧૬૭ |
| ચંચારૂ ... ... | ૧૭ | ચીકાસા ... ... | ૧૦૮ | ચૌલુક્ય ... ... | ૧૭૧ |
| ચતુર ઉપાધ્યા ... ... | ૨૦ | ચીનસૂર ... ... | ૧૨૯ | જંગમ ... ... ... | ૧૯૫ |
| ચંદ્રગુન્દા ... ... | ૨૯ | ચીન્સૂકારી ... ... | ૧૨૯ | જનખોરી ... ... | ૨૦૧ |
| ચંદ્રસેન કાયસ્થ ... | ૨૯ | ચીપવે ... ... ... | ૧૩૭ | જંબાજી ... ... | ૨૦૪ |
| ચનામિયા ... ... | ૩૩ | ચીરૂમર ... ... | ૧૩૯ | જમશેદીટોળો ... ... | ૨૧૮ |
| ચપૂંગ ... ... ... | ૩૬ | ચીસ્તી ... ... ... | ૧૪૦ | જયૂ ... ... ... | ૨૩૧ |
| ચંબાગુદે ... ... | ૩૭ | ચુડાસમ ... ... | ૧૪૧ | જસમા ... ... ... | ૨૩૧ |
| ચમાર ... ... ... | ૩૮ | ચુલી ... ... ... | ૧૪૨ | જલોક ... ... ... | ૨૬૮ |
| ચમિહા ... ... ... | ૩૮ | ચેરો ... ... ... | ૧૪૨ | જવવાર ... ... | ૨૭૭ |
| ચયબારા ... ... | ૩૯ | ચેઝાસ ... ... | ૧૪૩ | જાકુન ... ... ... | ૨૮૨ |
| ચર ... ... ... | ૪૬ | ચેદીવંશ ... ... | ૧૪૩ | જાટ ... ... ... | ૨૯૩ |

જાડેજા ... ... ૨૮૩
**જાતીભેદનો ઈતિહાસ ૨૮૪**
જાતિમિશ્રણ ... ... ૨૮૬
જાતિઅભિમાન ... ૨૮૬
જાતી ખાન પાન નીયમ ૨૮૭
જાતી બહાર... ... ૨૮૮
જાતી કર્મ ... ... ૨૮૯
જાફુન ... ... ... ૨૯૦
જાદુ ... ... ... ૨૯૨
જાંબુ ... ... ... ૨૯૫
જીપસી... ... ... ૩૧૦
જીમનાસોફી ... ... ૩૧૨
જેધસ ... ... ... ૩૨૮
જેઝુઈટ ... ... ૩૨૮
જેનીઝેરીસ ... ... ૩૩૨
જેસ્યુઇટ ... ... ૩૫૧
**જૈન** ... ... ... ૩૫૮
જોકતાન ... ... ૩૬૨
જોગીપંથ ... ... ૩૬૨
ઝંગારીઆ ... ... ૩૮૦
ઝુલુપ્રજા ... ... ૩૯૪
ઝોરાસ્ટર ... ... ૪૦૧


## જન્મ ચરિત્રો.

### જૂદી જૂદી કોમોનાં સ્ત્રી પુરૂષોનાં જન્મ ચરિત્રો.


ઘોષા ... ... ... ૧૨
ચક્રધ્ય ... ... ... ૧૪
ચક્રવર્મા ... ... ૧૪
ચકવક ... ... ... ૧૫
ચકૂણુ ... ... ... ૧૫
ચંગીઝખાન ... ... ૧૬
ચગ્રતીખાન ... ... ૧૭
ચતૂરંગ ... ... ૨૦
ચતૂરભુજ ... ... ૨૦
ચંથ ઉવરસ્પ... ... ૨૦
ચંદનાવતી ... ... ૨૧
ચંદબારોટ ... ... ૨૧
ચંદ્રકાંત ... ... ૨૬
ચંદ્રગુપ્ત ... ... ૨૭
ચંદ્રગુપ્ત બીજો ... ૨૮
ચંદ્રગોપાલ ... ... ૨૮
ચંદ્રાપિડ ... ... ૨૯
ચંદા ... ... ... ૩૦
ચંદા સાહેબ... ... ૩૧
ચંદેલવંશ ... ... ૩૨
ચ્યવન... ... ... ૩૯
ચરનદાસ ... ... ૪૦
ચાઇલ્ડ સર જોશિયા... ૪૩
ચાઇલ્ડ ફ્રાન્સીસ ... ૪૩
ચાંગદેવ ... ... ૪૬
ચાણકય ... ... ૪૭
ચાંદબીબી ... ... ૪૮
ચામરાજ ... ... ૭૦
ચામુડ... ... ... ૭૧
ચામુડ—સોલંકી ... ૭૧
ચામુંડા... ... ... ૭૧
ચાર્લ્સ ધી ગ્રેટ ... ૭૨
ચાર્લસ ૧ લો... ... ૭૨
ચાર્લસ ૨ જો .. ... ૭૪
ચાર્લ ૪ થો ... ... ૭૬
ચાર્લસ ૫ મો ... ૭૬
ચાર્લસ ૭ મો ... ૭૭
ચાર્લસ ૯ મો ... ૭૮
ચાર્લસ ધી બોલ્ડ ... ૭૮
ચાર્લસ કાર્લ લુડવીક જોહાન ... ... ૭૯
ચાર્લસ ચૉમસ... ... ૭૯
સર-ચાર્લસ મેટકાફ... ૮૦
ચાર્લસ બ્રાડલો ... „
ચાર્લસ ડાર્વિન ... ૮૧
ચાર્વાક... ... ... ૮૨
ચાર્વાક... ... ... ૮૩
ચાલુકય ... ... ૮૪
ચાવડાવંશ ... ... ૮૬
ચીંગવાંગ ... ... ૯૭
ચિત્રકેતૂ ... ... ૯૯
ચિત્રગુપ્ત ... ... ૯૯
ચીઓપસ ... ... ૧૦૫
ચીકદેવ ... ... ૧૦૬
ચીલીંગવર્થ વિલ્યમ ... ૧૩૯
ચેક સર જોન ... ૧૪૨
ચેડવીક સર એડવીન ૧૪૩
ચેથેમ વિલ્યમ પીટ... ૧૪૪
ચેન્ટ્રી સર ફ્રાન્સીસ... ૧૪૫
ચેનીર મેરાય... ... ૧૪૬
ચેબ્રેરા ગેબ્રેલો ... ૧૪૮
ચેમ્ફોર્ટ નીકોલસ ... ૧૪૮
ચેપ્પેની હેસ્ટર ... „
ચેમ્બરલેન જોસફ ૧૫૦
ચેમ્બર્સ વિલીયમ ... ૧૫૧
ચેમ્બર્સ રૉબર્ટ ... „
ચેમિન્થઝ ... ... ૧૫૨
ચેમીસો એડીલબર્ટ ... ૧૫૨
ચેમેરા... ... ... „
ચેરબનીમેરિયા ... ૧૫૩
ચૈતન્યસ્વામી ... ... ૧૬૧
ચોપુતરઝ ... ... ૧૬૭
ચૌલુકય ... ... ૧૭૧
છાયા ... ... ... ૧૮૫
જગન્નાથરાય... ... ૧૯૩
જંગબહાદુર ... ... ૧૯૪
જજજ... ... ... ૧૯૬
જટાયુ... ... ... ૧૯૯
જટાસુર ... ... ૨૦૦
જડભરત ... ... ૨૦૦
જનક ... ... ... ૨૦૧
જનમેજય ૧-૨-૩-૪-૫. ૨૦૧
જનાબાઇ ... ... ૨૦૨
જબાલે... ... ... ૨૦૩
જમદગ્નિ ... ... ૨૦૫
જમશેદ પાદશાહ ૨૦૬
સર જમશેદજી જીજીભાઇ બારોનેટ ... ... ૨૦૭
સર જમશેદજી બીજા ૨૧૪
„ „ ત્રીજા ૨૧૪
„ „ ચોથા ૨૧૫
જમશેદજી વાહાડીયા... ૨૧૫
જમશેદજી તાતા ... ૨૧૫
જમશેદજી પાતીત ... ૨૧૭
જમાલુદ્દીન અંજુ ૨૧૯
„ રફાક ... „





જય ... ... ... ૨૨૧
જયચંદરાઠોડ ... ... ૨૨૨
જયંતી... ... ... ૨૨૨
જયદ્રથ... ... ... ૨૨૩
જયદેવસ્વામી ... ... ૨૨૩
જયપાળ ૧ લો ... ૨૨૪
જયપાળ ૨ જો ... ૨૨૪
જયભટ ... ... ૨૨૬
જયશિખર ... ... „
જયસિંહ ... ... ૨૨૭
જયસિંહ સવાઇ ... ૨૨૮
જયસિંહ વર્મા ... ૨૨૯
જયાજીરાવ ... ... ૨૨૯
જયાપીડ ... ... ૨૩૦
જયેન્દ્ર... ... ... ૨૩૨
જ્યૉર્જ ૧ લો ... ૨૩૮
જ્યૉર્જ ૨ જો ... ૨૩૯
જ્યૉર્જ ૩ જો ... ૨૪૦
જ્યૉર્જ ૪ થો ... ૨૪૧
જ્યૉર્જનેથેનીયલ કર્જન ૨૪૧
જ્યૉર્જ ન્યૂન્સ ... ૨૪૨
જરતોસ્ત પેગંબર ... ૨૪૩
જરાસંધ ... ... ૨૬૩
જલાલુદ્દીન ... ... ૨૬૬
જલાલુદ્દીનરૂમી, મવલાના ... ... ... ૨૬૭
જલાલુદ્દીન મહમદ અકબર ... ... ૨૬૮
જલૌક... ... ... ૨૬૮
જશરેશ્વરી ... ... ૨૭૧
જસ્ટીન ... ... ૨૭૧
જસ્ટીનીઅન ૧લો ... ૨૭૨
જસમા ... ... ૨૭૬
જસાસિંહ ... ... ૨૭૬
જહાંગીર પાદશાહ ... ૨૭૬
જહાંગીર ... ... ૨૭૭
જહાંગીરજી. એ. મર્જબાન ... ... ૨૭૮
જહાનઆરા બેગમ ... ૨૭૯
જહાનદારશાહ... ... ૨૮૦
જહાનશાહ તુર્કોમાન... ૨૮૦
જાફેફૂર... ... ... ૨૮૨
જાડેજા ... ... ૨૮૩
જાદવ ... ... ... ૨૮૯
જાફરઅલી બરમકી... ૨૯૨
જાફરઅલીખાન ... ૨૯૨
જાફરખાન, ઉલમુલ્ક... ૨૯૨
જાફરખાન ... ... ૨૯૩
„ પાદશાહ ... ૨૯૩
જાફરજતાલે ... ... ૨૯૩
„ સાદીક... ... ૨૯૩
જાંબવંતી ... ... ૨૯૫
જાંબવંન ... ... ૨૯૫
જામાસ્પ વજીર ... ૨૯૬
જામાસ્પ આશા ... ૨૯૬
જામાસ્પજીમિનોચહેરજી ૨૯૭
જામી-શાએર... ... ૩૦૦
જાલંધર ... ... ૩૦૨
જાલ ... ... ... ૩૦૩
જાવડ ... ... ... ૩૦૪
જીવનજી. જ. મોદી ૩૧૪
જીવદામા ... ... ૩૧૫
જુ-પાદશાહ ... ... ૩૧૬
જુજીખાન ... ... ૩૧૭
જુડીત... ... ... ૩૧૭
જુરત ... ... ... ૩૨૦
જુલીયન ... ... ૩૨૦
જુલીયસ સીઝર ... ૩૨૨
જુલીયા ... ... ૩૨૩
જુવેલન-જુનીયસ ... ૩૨૫
જેકબ ... ... ... ૩૨૬
જેકસન એનડ્રયૂ ... ૩૨૬
જેડવિલ્યમ ... ... ૩૩૦
જેનર એડવર્ડ... ... ૩૩૧
જેનોફાનીસ ... ... ૩૩૨
જેફરસન થોમસ ... ૩૩૯
જેબીલ ઇમેન્યુઅલ... ૩૪૦
જેમ્સ ... ... ... ૩૪૦
જેમ્સ ૧લો સ્કૉટલંડનો ૩૪૧
જેમ્સ ૨જો „ ૩૪૧
જેમ્સ ૩જો „ ૩૪૧
જેમ્સ ૪થો „ ૩૪૧
જેમ્સ ૫મો „ ૩૪૨
જેમ્સ ૧લો ઈંગલંડનો ૩૪૨
જેમ્સ ૨જો „ ૩૪૨
„ જ્યૉર્જ „ ૩૪૪
„ વૉટ ... ... ૩૪૪
જેમીસન એના ... ૩૪૫
જેરામગ્રેગનો ... ... ૩૪૫
જેરેમસેન્ટ ... ... ૩૪૮
જેરૉલ્ડ ડગલાસ ... ૩૪૮
જેમીની ... ... ૩૬૧
જેયાની ... ... ૩૬૧
જોઅંગવીલે ... ... ૩૬૧
જોધબાઇ ... ... ૩૬૫
જોવા ... ... ... ૩૬૫
જોન ... ... ... ૩૬૫
જોન બીજો ... ... ૩૬૬
જોન ઑવ આસ્ટ્રીયા... ૩૬૭
જોન ઑવ આર્ક ... ૩૬૭
જોન ઑવ ગ્રાન્ટ ... ૩૬૯
જોન ફીક્સ ... ... ૩૭૦
જોન લુઇસ બરખાર્ડ ૩૭૦
જોનસ્ટન અલેકઝાન્ડર ૩૭૧
ડૉ૦ જોનસન... ... ૩૭૨
જોન્સ સરવિલ્યમ ... ૩૭૪
જોન હંટર ... ... ૩૭૫
જોનહૂસ ... ... ૩૭૫
જોફ્રે ... ... ... ૩૭૫
જોર્જ વૉશિંગટન ... ૩૭૬
જોવેટ બેનજામીન ... ૩૭૭
જોશેહ... ... ... ૩૭૭
જોસીફાઇન ... ... ૩૭૭
જોહાક... ... ... ૩૭૮
ઝરીદ ... ... ... ૩૮૨
ઝીનો ... ... ... ૩૯૨
ઝીનો બીજો ... ... ૩૯૩
ઝીવંગ્લિ ... ... ૩૯૩
ઝીસ્કા... ... ... ૩૯૩
ઝેડકાલ ... ... ૩૯૬
ઝેનઓટો ... ... ૩૯૬
ઝેનોબિયા સેપતેમિયા ૩૯૭
ઝેમારીન ... ... ૩૯૮
ઝેશી-ચીનની શેહેનશાબાનુ ... ... ૩૯૯
ઝોલાએમીલી ... ... ૪૦૧

૮૨ મૈલપર છે. અત્રેના પુરાણા કિલ્લાને હાલ જેલમાં ફેરવી નાખવામાં આવ્યું છે. ૧૮૭૫ માં વસ્તી ૩૧૪૫૧ ની ને ૧૮૯૧માં ૪૪૧૯૨ ની.

**ઝૂસી**—અલાહબાદ જીલ્લામાંનું ગામડું. આ શેહેર અતિ પ્રાચીન કાળનું ગણાય છે. ઇ. સ. પૂર્વે ૨૨૦૦ માં અત્રે પ્રતિસ્તાનનું રાજ્ય હતું, અને પુરૂરવા અત્રે પ્રથમ રાજા થયો હતો. અકબરનાં અમલ દરમ્યાન આ અગત્યનું ગામ હતું. હાલમાં આ શેહેર નવા ને જુના એવા બે ભાગમાં વેંહેચાયલું છે. જુનામાં ૨૨૭૭ ની, ને નવામાં ૧૪૦૪ ની વસ્તી છે.

પુસ્તક ૫મું સમાપ્ત.



## સર્વ ધર્મજ્ઞાન વિષયો.

( જ=જરતોસ્તી. હિં=હિંદુ. મો=મોહમેદન. ખ્રી=ખ્રીસ્તી—વિષયો સમજવાં. )


| | | | | | |
|---|---|---|---|---|---|
| ઘોરકલ્પ | ૧૧ | ચૈત્રમાસ-હિં૦ | ૧૬૧ | જરથુસ્ત્રોતેમો-જ૦ | ૨૪૫ |
| ચતુરદશી-હિં. | ૨૦ | છઠ્ઠી-હિં૦ | ૧૭૩ | જરોદંધુ-જ૦ | ૨૬૩ |
| ચતુર ભુજ-હિં. | ૨૦ | જઇરિય-જ૦ | ૧૯૦ | જહાનુસપ્તમી-હિં૦ | ૨૮૦ |
| ચંપાછઠ-હિં. | ૩૫ | જઇરિમ્યધુર-જ૦ | ૧૯૦ | જુનો-ખ્રી. | ૩૧૯ |
| ચમરૂપ-જ૦ | ૩૭ | જઈરિવઇરિ-જ૦ | ૧૯૦ | જુમામસજીદ-મો | ૩૧૯ |
| ચમહેરાઇલ-ખ્રી૦ | ૩૮ | જઓતર-જ૦ | ૧૯૦ | જેષ્ટમાસ-હિં૦ | ૩૪૯ |
| ચાન્સેલ-હિં૦ | ૫૬ | જઓથ્ર-જ૦ | ૧૯૦ | જેષ્ટી પૌર્ણીમા—હિં | ૩૫૦ |
| ચામુડા-હિં૦ | ૭૧ | જતી-હિં૦ | ૨૦૦ | જેહાદ-મો. | ૩૫૩ |
| ચારયારી-મો૦ | ૮૪ | જન્માષ્ટમી-હિં૦ | ૨૦૧ | જોર-જ૦ | ૩૭૬ |
| ચીન્વત પૂલ-જ૦ | ૧૨૮ | જમશેદીનરોજ | ૨૧૮ | ઝઇરિમ્યાક-જ૦ | ૩૮૦ |
| ચીસ્તી-જ૦ | ૧૪૦ | જયસ્થ-હિં૦ | ૨૨૭ | ઝમઝમ-મો. | ૩૮૦ |
| ચેપલ-ખ્રી | ૧૪૭ | જયોતિષ-હિં૦ | ૨૩૩ | ઝોરાસ્ટર જ૦ | ૪૦૧ |


## ભૂગોળ વર્ણન.

### નદી, નાળાં, સરોવર, તલાવ વગેરે.


| | | | | | |
|---|---|---|---|---|---|
| ચોઘરા | ૫ | ચેમ્પલેન | ૧૪૮ | જેમ્સ રીવર | ૩૪૪ |
| ચએચરતે સરોવર | ૧૩ | ચોઆસપસ | ૧૬૧ | જેહેલમ | ૩૫૨ |
| ચંબલા | ૩૬ | છોટાભાગીર્થી | ૧૮૯ | જોરડન | ૩૫૬ |
| ચમભ્રમબકાર | ૩૭ | જબ્બેતખાના નેહેર | ૨૦૪ | ઝરઅફશાન | ૩૮૧ |
| ચર્મણવતી | ૪૧ | જમના | ૨૦૫ | ઝરીનમંદ | ૩૮૨ |
| ચાડ | ૪૭ | જમનોત્રી | ૨૦૬ | ઝાબ | ૩૮૫ |
| ચીનચેકોચી | ૧૨૮ | જમુના ૧-૨ | ૨૨૦ | ઝામી | ૩૮૬ |
| ચીનાઇ સમુદ્ર | ૧૨૯ | જાક્ષરેટસ | ૩૦૭ | ઝેકઝારટીસ | ૩૯૫ |
| ચીનાબ | ૧૨૯ | જીન્સી | ૩૦૮ | ઝેંબેસી | ૩૯૮ |
| ચીનારીથ | ૧૩૧ | જીનોવા સરોવર | ૩૧૦ | ઝેલમ | ૩૯૯ |
| ચીલ્કા સરોવર | ૧૩૮ | જીહૂન | ૩૧૬ | ઝોબ | ૪૦૧ |
| ચેનલ ધી ઈંગલીશ | ૧૪૬ | | | | |


### પહાડો—કિલ્લા—અને કુદ્રતી અદભૂતતા ને ગુફા.


| | | | | | |
|---|---|---|---|---|---|
| ચક્રધર | ૧૪ | ચિતારકોટ | ૯૭ | જબ્બલઅલજુદા | ૨૦૨ |
| ચંગસીલ | ૧૬ | ચિતોરગઢ | ૯૮ | જબ્બલમૂસા | ૨૦૩ |
| ચંદનગઢ | ૨૦ | ચિત્રકૂટ | ૯૯ | જમરૂદ | ૨૦૬ |
| ચંદ્રગઢ | ૨૬ | ચીલનનો કિલ્લો | ૧૩૮ | જયતક | ૨૨૨ |
| ચંદ્રાધૂરી | ૨૯ | ચુનારગઢ | ૧૪૧ | જીવનધનનો કિલ્લો | ૩૧૫ |
| ચંદેરીગઢ | ૩૨ | ચેહેલતન | ૧૫૯ | જેનોલનના ગુફા | ૩૩૨ |
| ચાકણનો કિલ્લો | ૪૪ | ચેહેલદુખતર | ૧૬૦ | જેરેથ | ૩૪૮ |
| ચામુંડીબેતા | ૭૧ | ચોપ | ૧૬૬ | જોરલા | ૩૭૭ |
| ચારબાગ | ૭૨ | છોટાસીન્ચુલા | ૧૮૯ | ઝીંઝુવાડનો કિલ્લો | ૩૯૧ |
| ચાવડનો કિલ્લો | ૮૫ | જંગલી જયગઢ | ૧૯૫ | ઝુંગારી | ૩૯૪ |
| ચાહેમૂર્તજાઅલી | ૯૬ | | | | |

NOT TO BE ISSUED
SMT. HANSA MEHTA LIBRARY, BARODA. UNIVERSITY LIBRARY.
RARE BOOK COLLECTION
NOT TO BE ISSUED
ENTERED
SHML
G24748
G. 24748.
NOT TO BE ISSUED.
7 AE
74
.J6-5
G. 24748